" यूयमपि भो भव्या ! इदं संसारिजीवचरितमनुभवागमसिद्धमवबु-
" ध्यध्वं, भवबोधानुरूपं चाचरत, विरहयत कषायान्, स्थगयताश्रवद्वाराणि,
" निराकुरुतेन्द्रियगणं, दलयत सकलं मनोमलजालं, पोषयत सद्भूतगुणगणं,
" मुञ्चत भवप्रपञ्चं, यात तूर्णं शिवालयं, येन यूयमपि सुमतयो भव्यपुरुषा
" भवथ। अथ नास्ति भवतां तादृशी लघुकर्मता ततो यथा सुललिता भूयो
" भूयः प्रचोदिता सप्रणयं मुहुर्मुहुर्निर्भर्त्सिता बहुविधमुपालब्धा पुनः पुनः
" स्मारिता सती गुरुकर्मिकापि प्रतिबुद्धा तथा बुध्यध्वम्......यथा स्वदुश्च-
" रितपश्चात्तापेन सद्भूतगुणपक्षपातसारो निखिलकर्ममलविलयकारी सदा-
" गमबहुमानस्तस्याः सुललितायाः प्रतिबोधकारणं संपन्नः तथा भवद्भिरपि
" तथैव स विधेयो येन संपद्यते भवतामपि विशिष्टस्तत्त्वावबोध इति।

सिद्धर्षिगणि—

આ ગ્રંથ શ્રી મુંબઈમાં નિર્ણયસાગર પ્રેસમાં રામચંદ્ર યેશૂ શેડગેએ
મુદ્રિત કર્યો અને શ્રી જૈન ધર્મ પ્રસારક સભા (ભાવનગર)ના
પ્રમુખ શેઠ કુંવરજી આણંદજીએ પ્રસિદ્ધ કર્યો.



પૂજ્ય શ્રી ગિરધરલાલ આણંદજી.

વડીલશ્રી ગિરધરલાલ આણંદજી.

તીર્થસ્વરૂપ પરમ પૂજ્ય પિતાશ્રી!


આપે મને અનન્ય વાત્સલ્યભાવે ઉછેર્યો; મારામાં નીતિ, ધર્મ અને અધ્યાત્મનાં બીજ રોપ્યાં; આધુનિક શિક્ષણનાં સર્વ સાધનો મને સુલભ્ય કરી આપ્યાં; આપના નિર્મળ ચારિત્ર અને ધર્મપરાયણ જીવન વડે આદર્શ જીવનની મને ઝાંખી કરાવી; મારી પ્રસંગોપાત થતી સ્ખલનાઓ સુધારી ધર્મમાર્ગે સ્થીર રાખવા આપે નિરન્તર પ્રયત્ન સેવ્યો; અનુકૂળ સુલભતા છતાં સંતતિપરના વાત્સલ્યભાવે અને આત્મહિતાર્થે ભર યૌવનમાં બ્રહ્મચર્યનો આદર કર્યો-આવા મારી ઉપરના અગણિત ઉપકારોનાં સ્મરણોની ઋણબુદ્ધિથી નમ્ર બનતું મારૂં હૃદય આપને ભક્તિભાવે નમન કરેછે.

'ઉપમિતિ ભવપ્રપંચ' મૂળ ગ્રંથ આપના વાંચવામાં આવતાં તે તરફ આપે મારૂં ધ્યાન ખેંચ્યું, તેમાં રહેલી અલૌકિક ઘટનાનો આપે મને પરિચય કરાવ્યો અને તેનું ગુજરાતી ભાષામાં અવતરણ કરવા આપે મને પ્રેરણા કરી તેના પરિણામે ઉક્ત અનુવાદનો પ્રથમ ભાગ આપને અર્પણ કરી હું મારી જાતને એથી કૃતકૃત્ય માનું છું. આશા છે કે એકભાવે મારૂં આ નૈવેદ્ય આપ સ્વીકારશો અને આત્મશ્રેયનાં અનેક કાર્યો સાધવાનું આંતર બળ અને સવિવેક પ્રાપ્ત થાય એવા આપના શુભ આશિર્વાદથી મને કૃતાર્થ કરશો.

આપનો સેવક
બાળ મૌક્તિક.

જબ લગ ઉપસમ નાહિ રતિ, તબ લગ જોગ ધરે ક્યું હોવે,
નામ ધરાવે જતી. જબ. ૧
કપટ કરે તું બહુ વિધ ભાતે, ક્રોધે જલે છતી,
તાકો ફલ તું કયા પાવેગો, જ્ઞાનવિના નાહિ બતી. જબ. ૨
ભૂખ તરસ ઓર ધૂપ સહતું હે, કહેતુ બ્રહ્મવ્રતી,
કપટ કેલવે માયા મંડે, મનમે ધરે વ્યકતી. જબ. ૩
ભસ્મ લગાવત ઠાઢો રહેવત, કહત હૈ હું વસતી,
જંત્રમંત્ર જડી બૂટી ભેષજ, લોભ વશ મૂઢમતી. જબ. ૪
બડે બડે બહુ પુરવધારી, જિનમે સકતિ હતી,
સોભી ઉપસમ છોડી બિચારે, પાયે નરક ગતી. જબ. ૫
કોઉ ગૃહસ્થ કોઉ હોવે વૈરાગી, જોગી ભગત જતી,
અધ્યાતમ ભાવે ઉદાસી રહેંગો, પાવેંગો તબહી મુકતી. જબ. ૬
શ્રી નયવિજય વિબુધ વર રાજે, જાને જગ કીરતી,
શ્રી જસવિજય ઉવઝાય પસાયે, હેમ પ્રભુ સુખસંતતી. જબ. ૭

જસવિલાસ.



ઉપદેશ આપવાનું પ્રબળ સાધન કથાનુયોગ છે. કથાવાર્તા કરનાર લેખકમાં જ્યારે વિવિધવિષયગ્રાહી લોકોત્તર આદર્શોથી નિયંત્રિત અદ્ભુત બુદ્ધિચાતુર્ય, અસાધારણ પ્રતિભા, ઉત્તમ કાવ્યકુશળતા અને અપૂર્વ રસપોષકતા જોડાયલા હોય ત્યારે જે કાર્ય કથાનુયોગ સાધી શકે છે તે શુષ્ક ઉપદેશ કદિ પણ સાધી શકતો નથી એ નિઃસંદેહ છે. ભારતવર્ષના કથાસાહિત્યમાં જૈન કથાનુયોગ અગ્રપદ ભોગવે છે એમ ઘણા વાંચન અને વિવેચનને પરિણામે જણાતાં અને સમગ્ર સમાજપર એ સાહિત્યની એકસરખી અસર નીપજાવી શક્ય છે એમ નિર્ણય થતાં આ ગ્રંથ વાંચવાનો પ્રસંગ બન્યો. વધારે તપાસ કરતાં જૈન અને જૈનેતર વિદ્વાનો પાસેથી એમ પણ જણાયું કે કથાની અદ્ભુત સંકલના સાથે આંતર ધ્વનિમાં ઉપદેશનું અસાધારણ ગૌરવ ધરાવનાર આ ગ્રંથ આખા સંસ્કૃત સાહિત્યમાં પ્રથમ સ્થાન ધરાવે છે એટલે તે વારંવાર વાંચ્યો અને વાંચતા ઉક્ત નિર્ણયની સાર્થકતા અને સત્યતા સમજાણી.

કથાસાહિત્ય બાળકથી માંડી વૃદ્ધ પર્યંત સર્વને ઉપકારી બને છે. દરેક પ્રાણી પછી તે સામાન્ય બુદ્ધિમાન હોય કે વિશેષ અભ્યાસી હોય તે સર્વને એ સાહિત્ય અભ્યાસ ગ્રાહકતા અને શીઘ્રવેદિત્વના પ્રમાણમાં ઓછો વધતો લાભ કરે છે; એટલા માટે આ ઘણા મોટા ગ્રંથનું ભાષામાં અવતરણ કરવા વિચાર થયો અને એ કાર્ય સંવત્ ૧૯૭૧ માં શરૂ કર્યું. એ પ્રયત્નના પરિણામનો પ્રથમ વિભાગ આજે જાહેર પ્રજા સમક્ષ ધરવામાં આવે છે. એ પ્રયત્નના શુભ પરિણામ કે લોકપ્રિયતા માટે જરા પણ શંકા નથી, કારણ કે એક અવાજે મૂળગ્રંથની વિશિષ્ટતા એનો લાભ લેનાર ગાઇ રહ્યા છે. માત્ર જો ભાષાઅવતરણમાં કાંઈ ક્ષતિઓ આવી ગઈ હોય, તદ્દન સરળ ભાષા રાખવાનો ઇરાદો રાખવા છતાં કોઇ જગોએ તે અઘરી થઇ ગઇ હોય તો તે દોષ મારો છે. મારી ભાવના ગુજરાતી પાંચ ચોપડી ભણેલી સ્ત્રી પણ આ ગ્રંથ સમજી શકે તેટલો

સરળ બનાવવાની હતી તે કેટલે દરજ્જે સફળ થઇ છે તે વિચારવાનું કાર્ય હવે તો વાંચકોનું છે.

આ ગ્રંથના કર્તા ક્યારે થયા, એમનું જીવનવૃત્ત કેવું હતું, એમનો આદર્શ કેટલો શુદ્ધ હતો, એમણે ગ્રંથકર્ત્તા તરીકે કેટલું બુદ્ધિચાતુર્ય બતાવ્યું હતું, એમનો અનુભવ કેટલો સર્વગ્રાહી હતો, એમનું જ્ઞાન કેટલા વિષયોમાં વ્યાપી રહેલું હતું અને એમનો જનસમાજનો અભ્યાસ, માનસશાસ્ત્રની ઊંડાઇએ ઉતારવાની શક્તિ અને ભાષાપરનો કાબુ કેટલા મજબૂત હતા તે ઉપર એક સવિસ્તર ઉપોદ્ઘાત ત્રીજા ભાગમાં આપવામાં આવશે. એમના સમયના સંબંધમાં ઘણો મતભેદ છે; પ્રો. જેકોબી સાથે આ વિષયમાં ઘણો પત્રવ્યવહાર થયો હતો તે આખો પત્રવ્યવહાર શ્રી જૈન કોન્ફરન્સ હેરલ્ડના ખાસ અંકમાં બહાર પાડવામાં આવ્યો છે; ત્યાર પછી મને એ વિષયપર વધારે અજવાળું પાડે તેવાં અનેક સાધનો મળ્યાં છે, તે પર સવિસ્તર વિવેચન ત્રીજા ભાગમાં થશે. ગ્રંથ સમજવા માટે તેની ઉપયુક્તતા તો ગણાય, પણ તે સિવાય પણ ગ્રંથ સમજવામાં અગવડ નહિ આવે અને હજુ ઉપોદ્ઘાત લખાયેલ નથી, તેથી આ પ્રથમ વિભાગ માત્ર સાદી પ્રસ્તાવના સાથે જ બહાર પાડવામાં આવેલ છે. અહીં એટલું જણાવી દેવાની જરૂર છે કે આ ગ્રંથમાં બતાવી છે તેવી સરળ ભાષામાં માનસ શાસ્ત્રના ઊંડામાં ઊંડા ભાવો બતાવવાની અપૂર્વતા અન્યત્ર પ્રાપ્ત થવી મુશ્કેલ છે. આ અતિ મહત્વની બાબતપર ઉપોદ્ઘાતમાં વિવેચન કરવાનું છે તેથી અત્ર માત્ર તેનો નિર્દેશ જ કર્યો છે.

શ્રી સિદ્ધર્ષિગણિનો ઇરાદો ઉપમિતિ દ્વારા સંસારનો સર્વ પ્રપંચ બતાવવાનો છે. એક વાર્તા કહી તેની અંદરના રહસ્ય તરીકે સંસારનો મનોવિકારો, દોષો અને ઇંદ્રિયો કેવી રીતે કામ કરે છે તે સ્પષ્ટ બતાવી તે દ્વારા સંસારપરથી ચિત્તને ફેરવી એના યોગ્ય માર્ગે દોરી લાવવાનો છે અને તે કાર્ય તેઓ બહુ સફળ રીતે કરી શક્યા છે. વિષયને ખીલવવાની તેમની શક્તિ અદ્ભુત છે અને પોતાના હૃદયનો આશય તેઓ બહુ સુંદર અને સચોટ રીતે કહી શક્યા છે. મનોવિકારોનું જો માત્ર વર્ણન કરવામાં આવે તો વાંચ-

નાર કે શ્રોતાને તેમાં મજા આવતી નથી અને વિષય તદ્દન લુખ્ખો લાગે છે. આથી તેમણે કથાદ્વારા મનોવિકારો વર્ણવ્યા છે; અને સાથે એમણે અંદર એવા એવા પાત્રો રજુ કરી દીધા છે કે તેમનો કહેવાનો આશય તેઓ બહુ સારી રીતે વ્યક્ત કરી શક્યા છે.

આધુનિક પદ્ધતિએ આપણે જેમ પ્રસ્તાવના અને ઉપોદ્ઘાત મોટા ગ્રંથમાં લખીએ છીએ તેમ તેમણે પણ કર્યું છે. આખા ગ્રંથમાં આઠ પ્રસ્તાવ રાખ્યા છે તે આઠ પ્રસ્તાવમાં આવનારી હકીકતનો ટુંકો સાર પ્રથમ કહી દીધો છે. આવા પ્રકારની ગ્રંથશૈલી આગમ-પ્રમાણયુક્ત છે તેમ બતાવ્યું છે. ગ્રંથભાષા સંસ્કૃત રાખવાનું કારણ કહી દીધું છે અને સર્વ વાતનો મેળ આઠમા પ્રસ્તાવમાં મળી જશે એમ જણાવ્યું છે. આટલી પ્રસ્તાવના કરી પ્રથમ પ્રસ્તાવમાં પોતાનું ચરિત્ર કહ્યું છે અને તેના પ્રત્યેક શબ્દમાં રહેલ ઊંડો આશય બતાવ્યો છે. આ સર્વ હકીકત કથાના ટુંકા સારમાં સાથે આપી છે તેથી અત્ર તેનું પુનરાવર્તન કરવાની જરૂર નથી. અત્ર વક્તવ્ય એ છે કે તેઓએ આ રીતે આધુનિક પ્રદ્ધત્તિ પ્રમાણે ઉપોદ્ઘાત લખ્યો છે અને પોતાની લઘુતા પોતાને 'નિષ્પુણ્યક' તરીકે બતાવી જણાવી દીધી છે; સાથે તેઓશ્રીએ આ ગ્રંથને લાકડાની પેટીમાં મૂકવા યોગ્ય ગણાવ્યો છે એટલે સોના રૂપા કે બીજી મૂલ્યવાન વસ્તુઓની પેટીને યોગ્ય ગ્રંથો તો પૂર્વાચાર્યરચિત જ હોય એમ જણાવી દીધું છે. તેમના મનની કેટલી વિશાળતા હશે તે આ પ્રસંગે વિચારવા જેવું છે. આવો અપૂર્વ ગ્રંથ રચી જાહેરને અર્પણ કરતા તેઓ વાંચવા માટે આમંત્રણ કરે છે અને તે પણ તેમના ઉપર ઉપકાર કરવા સારૂ વાંચવા પ્રેરણા કરે છે. અહીં નમ્રતા ગુણ પરાકાષ્ઠાને પામે છે! પ્રથમ પ્રસ્તાવમાં આવી રીતે તેઓ પ્રસ્તાવના અને ઉપોદ્ઘાત પૂરા કરે છે. એની રચના ચોક્કસ પ્રકારની હોવાથી મારાથી તેના પ્રકરણો પાડી શકાયા નથી અને ઉપોદ્ઘાતને પ્રકરણ લેઈ શકે પણ નહિ.

બીજા પ્રસ્તાવમાં ખરી વાર્તા શરૂ થાય છે. કર્મપરિણામ રાજા અને કાળપરિણતિ દેવીને ચીતરી તેમને ત્યાં સુમતિ નામના પુત્રને ઉત્પન્ન કરે છે; પ્રજ્ઞાવિશાલા જેવી બુદ્ધિશાળી ધાત્રીને

તેને [illegible] સોંપે છે અને અગ્રહીતસંકેતા જેવી સખીને ભોળી બનાવે છે, મહાન્ ચક્રવર્તીને ચોરનો આકાર આપી વધ્યસ્થાનકે લઈ જઈ તેને સદાગમ પાસે લાવી તેની પાસે ચરિત્ર કહેવરાવે છે અને તેનું ચરિત્ર આઠમા પ્રસ્તાવ સુધી ચાલે છે. બીજા પ્રસ્તાવમાં [illegible] નિગોદ નામના વિભાગમાંથી નીકળી વિકાસક્રમમાં તેને મનુષ્યની ગતિ સુધી ઉપર લઈ આવે છે. એ રચનામાં નિગોદ વિગેરે સ્થાનોનું અદ્ભુત વર્ણન આવે છે અને તે સર્વ શાસ્ત્રો- [illegible] છે.

ત્રીજા પ્રસ્તાવમાં એજ સંસારીજીવ રાજપુત્ર **નંદિવર્ધન** બને છે, તેના ઉપર ક્રોધ નામનો મનોવિકાર કેવું કાર્ય કરે છે અને [illegible] તેને કેવી ભયંકર સ્થિતિમાં મૂકે છે તેનું આબેહૂબ વર્ણન છે. એક મનોવિકાર અથવા દોષ પ્રાણીને કેટલો અ- [illegible] તેનો વિસ્તારથી ખ્યાલ અત્ર આપ્યો છે. અંતર [illegible] આણીને કેટલો ત્રાસ આપે છે અને [illegible] કેવી ઉચ્ચ સ્થિતિપર મૂકે છે તે પર [illegible] અને [illegible]ની વાર્તા એક રાજપુરૂષના મુખમાં મૂકી છે. [illegible] એક મિથુનદ્વયની કથા પણ કહી નાખી છે [illegible] પ્રયત્ન કર્યો છે. એક પ્રસંગે ચાર [illegible] વિસ્તારથી વિવેચન કર્યું છે અને ખાસ પ્રસં- [illegible] નામના આચાર્યના મુખમાં ખાસ ઉ- [illegible] છે. એમાં અનેક [illegible] અને સ્થાનો આવે છે તે સર્વ [illegible] જણાય છે. ક્રોધનાં ભયંકર [illegible] કથાદ્વારા જ બતાવ્યા છે.

[illegible] પ્રસ્તાવની કથાનો ઉપનય બતાવ્યો [illegible] કરી છે કે દરેક વાંચનાર [illegible] આચાર્ય સમજી જ [illegible] મનપર અસર [illegible] હૃદય- [illegible] છે.

[illegible] પ્રસ્તાવથી અંતરંગ અને બાહ્ય

રુચિના પ્રકારો શરૂ થાય છે, તેનો તફાવત ગ્રંથકર્ત્તાએ સારી રીતે બતાવ્યો છે અને તે બહુ મુદ્દાસરનો છે. અંતરંગ રાજ્યને સમજવાનું છે અને તે માટે હજુ આગળના પ્રસ્તાવોમાં બહુ વિવેચન થવાનું છે. આ બાહ્ય અને અંતરંગ રાજ્યને અલગ રાખવા, સ્પષ્ટ રીતે જુદા રાખવા અને તેનો પ્રત્યેકનો અવકાશ ક્યાં અને કેટલો છે તે સમજવું એટલે જનસ્વભાવનો ઊંડામાં ઊંડો અભ્યાસ થઈ જશે. આ અતિ મહત્વની બાબત છે.

ગ્રંથકર્ત્તાએ ઉપદેશના પ્રસંગો એવી સુંદર રીતે યોજ્યા છે કે એ મગજ ઉપર દબાણ ન કરતાં શાંતિ પાથરે અને પોતાનું કાર્ય બરાબર કરી આપે.

કથા ઘણી લાંબી છે અને પાત્રો તથા સ્થાનો ઘણાં છે તેથી જરૂર પડે ત્યારે સંક્ષેપમાં પૂર્વનો ભાગ યાદ કરી લેવાય તેવી સરળ યુક્તિ માટે કથાનો સાર શરૂઆતમાં આપ્યો છે. એ બહુજ જરૂરી છે જે કથા વાંચતાં જણાશે.

સંસ્કૃત ભાષાપરનો અસાધારણ કાબુ, હકીકત કહેવાની સ્પષ્ટતા, વક્તવ્ય પદાર્થની પ્રતીતિ અને હકીકત, પાત્રો અને સ્થાનોને જરૂર પડે ત્યાં કાવ્યચાતુર્યથી અને સાહજિક વર્ણનથી શોભાવવાની કર્ત્તાની અદ્ભુત ખૂબી ખાસ ધ્યાન ખેંચે તેવાં છે. આથી પણ વધારે ચમત્કાર ચોથા પ્રસ્તાવમાં આવનાર છે. એમાં મામા ભાણેજ નગરચર્ચા જોવા નીકળે છે ત્યાં કંઈ કંઇ અદ્ભુત આશ્ચર્યો તેમણે જોયેલાં વર્ણવ્યાં છે. જો આ પ્રથમ વિભાગમાં રસ પડે તો આગળના ભાગો વાંચવા તૈયાર થઇ રહેવું. આગળ હજુ પણ વધારે આશ્ચર્યો અને હૃદયદ્રાવક પ્રસંગો આવનાર છે. આ ગ્રંથમાં પ્રકરણો મેં પાડ્યા છે, મથાળાંઓ મેં બાંધ્યાં છે. એ માત્ર વાંચનારની સગવડ ખાતર છે. પાત્રો ઘણાં આવ્યાં છે અને હજુ ઘણાં આવનાર છે તેથી દરેક પ્રસ્તાવની શરૂઆતમાં તેનું પત્રક આપ્યું છે. ભાષા જેમ બને તેમ સાદી રાખવા પ્રયત્ન કર્યો છે, જૈનેતર વાંચનાર પણ સમજી શકે તેથી બને તેટલી જરૂરી જગોએ પારિભાષિક શબ્દોપર નોટ આપી છે અને શ્લેષો સામાન્ય વાંચનારની માહિતી માટે છોરી બતાવ્યા છે. અક્ષરશઃ ભાષાંતર નથી કર્યું; ભાષાસૌષ્ઠવ

જળવાય અને કર્ત્તાનો આશય બરાબર બન્યો રહે તેવી લખાણમાં છૂટ લીધી છે.

આ ગ્રંથના આઠ પ્રસ્તાવો પૈકી આ વિભાગમાં પ્રથમના ત્રણ પ્રસ્તાવોનું ભાષાંતર આપવામાં આવ્યું છે. એક બુક ઘણી મોટી થઇ જાય તેથી ત્રણ વિભાગે બહાર પાડવા ધાર્યું છે.

ગ્રંથ અદ્દભુત છે, શાંતિ આપે તેવો છે, ઘણીવાર વાંચવાથી દરેક પ્રસંગે નવું નવું વધારે અજવાળું પાડે તેવો છે, આખા સંસ્કૃત સાહિત્યમાં અદ્વિતીય છે અને વાંચતા મનને વિચારમાં પાડી નાખે તેવો છે. એના પર વિસ્તૃત વિવેચન હાલ મુલતવી રાખી વાંચનારને એકજ વિજ્ઞપ્તિ કરવાની છેવટે રહે છે અને તે એ છે કે આ ગ્રંથમાં જ્યાં જ્યાં સ્ખલના જણાય, જ્યાં જ્યાં ક્લિષ્ટતા જણાય ત્યાં ત્યાંથી તારવીને તે તે મને લખી જણાવવા જેથી તેનો દ્વિતીયાવૃત્તિમાં ઉપયોગ થાય.

મારા કાકાશ્રી કુંવરજી આણંદજીએ આખું અવતરણ વાંચી સુધારી આપ્યું છે તેમજ ભાઇ પરમાનંદ કુંવરજી કાપડીઆએ પ્રુફ તપાસવામાં સહાય કરી છે અને શ્રી જૈનધર્મ પ્રસારક સભાએ આ ગ્રંથ જાહેરમાં મૂકવા ઇચ્છા દર્શાવી છે તે સર્વનો આભાર માની સ્ખલના માટે ક્ષમા યાચી વાંચકને ગ્રંથમાં પ્રવેશ કરવા વિજ્ઞપ્તિ કરી અત્ર વિરમીશ.

સેવક

વીલાપારલા, વસંતવિહાર.
સંવત ૧૯૭૭, અક્ષયતૃતીયા. } મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.





પ્રથમ પ્રસ્તાવ–કથાસાર.

ગ્રંથકર્ત્તાની પ્રસ્તાવના. આદિ મંગળ, (પૃ. ૧). હેય, કર્તવ્ય, શ્લાઘ્ય અને શ્રોતવ્યની વિચારણા (૩). શ્રોતવ્યમાં સર્વજ્ઞવચન (૪). કથાના ચાર પ્રકાર-ધર્મ, અર્થ, કામ અને સંકીર્ણ (૫). ચાર પ્રકારના શ્રોતાઓ (૬). સંકીર્ણ કથાની સાર્વજનિક આકર્ષક શક્તિ (૭). સંસ્કૃત ભાષા અને સર્વમનરંજન (૮). ગ્રંથ રચનાનું કથાશરીર (૮). અંતરંગ કથાશરીર (૯). આઠ પ્રસ્તાવની આંતર કથાનો ટુંક સાર (૯–૧૧). સૂત્રમાં રૂપકો (૧૧). બહિરંગ કથાશરીર (૧૨). આ કથાના અધિકારી (૧૨). પૃ. ૧ થી ૧૪

ઉપોદ્ઘાત રૂપે દષ્ટાન્ત કથા.

અદૃષ્ટમૂલપર્યન્ત નામના નગરમાં **નિષ્પુણ્યક** નામનો એક ભીક્ષુક રહે છે, તેને શરીરે અનેક વ્યાધિઓ છે, શરીરે ફાટેલાં તટેલાં કપડાં છે, અને ભીખ માટે આખા નગરમાં ફરે છે તે વખતે તોફાની છોકરાઓ તેને ત્રાસ આપે છે. એકંદરે એ ભીખારી સજ્જનને દયાનું પાત્ર બની રહ્યો છે. ઘેર ઘેર ભીખ માગવા છતાં એને ઠુકડાઓ મળતાં તે વરત જ ખાઇ જતો તેથી તૃપ્તિ થતી નહિ, ભૂખ ઉલટી વધારે લાગતી અને પેટમાં દુઃખાવો થતો હતો. આખા નગરમાં ફરતાં અને રખડતાં તેનો ઘણો કાળ ચાલ્યો ગયો (૧૮). સાતમે માળ રાજભુવનમાં સુસ્થિત મહારાજ બેઠેલા છે તેના હુકમથી એ રખડતા ભીખારીને **સ્વકર્મવિવર** નામના દ્વારપાળે રાજમહેલમાં દાખલ કર્યો. રાજમંદિરમાં અનેક યોદ્ધાઓ, વૃદ્ધાઓ, નિયુક્તો, ગાયકો અને લલનાઓ હતાં. મંદિરમાં દાખલ થયા પછી નિષ્પુણ્યકને થયેલ આહ્લાદ અને જિજ્ઞાસા. તે વખતે સુસ્થિત રાજાએ તેના ઉપર નજર કરી તે નજર **ધર્મબોધકર** નામના રસોડાના ઉપરીએ પડતી જોઇ અને તે પર તર્ક કરી તેણે ભીખારીને ભીક્ષા આપવા ઇચ્છા જણાવી એટલે તોફાની છોકરાઓ જે નિષ્પુણ્યકની પછવાડે પડ્યા હતા તે નાસી ગયા. નિષ્પુણ્યકને દાન આપવાનો ધર્મબોધકરે હુકમ આપ્યો (૨૩). ધર્મબોધકરની **તદ્દયા** નામની દીકરી હતી, તે **મહાકલ્યાણ** નામનું સુંદર ભોજન ભીખારી પાસે લઇ આવી, પણ ભીખારીને વિચાર થયો કે 'પરાણે ભોજન આપવા આ કન્યા આવી છે તેથી તેની અંતર ભાવના જરૂર મલીન હશે, પોતાનું (મારૂ) ભીક્ષાનું અન્ન લઇ લેવા સારૂ એ તેની યુક્તિ હશે.' આ પ્રમાણે તે તો વિચારમાં પડી ગયો તેથી તદ્દયા ભોજન લેવાનો આગ્રહ કરે છે તે તરફ તે જરા પણ ધ્યાન આપતો નથી (૨૪). આવો અઘટિત બનાવ જોઇ વિચાર કરી ધર્મબોધકરે જોરાવરીથી તેની આંખમાં **વિમળાલોક** અંજન આંજી દીધું અને **તત્ત્વપ્રીતિકર** પાણી પાઇ દીધું. વ્યાધિઓ દૂર કરવાનો આ અદ્ભુત પ્રયોગ હતો. તે બન્ને વસ્તુથી ભીખારીને વળી શાન્તિ થઇ, પણ

પોતાના ઠીકરાને છોડવાનું હજુ એને મન થયું નહિ તેમજ તેનું ઠીકરૂં ધર્મબોધકર લઇ લેવા પ્રયત્ન કરી રહ્યો છે એ શંકા પણ દૂર થઇ નહિ (૨૭). ધર્મબોધકરે ભોજન લેવાનો આગ્રહ કરવાનું કામ ચાલુ રાખ્યું અને તેના ખરાબ અન્નને તજી દેવાની સમજાવટ પણ ચાલુ રાખી. નિષ્પુણ્યક છેવટે એક શરતે ભોજન સ્વીકારવા તૈયાર થયો અને તે શરત એ હતી કે 'પોતાનું તુચ્છ ભોજન પોતાની પાસે રહે અને ધર્મબોધકરનું સુંદર ભોજન પણ થોડું થોડું તે લે.' ધર્મબોધકરે તેને સમજાવ્યું કે 'તેના શરીરમાં સર્વ વ્યાધિઓ એ ખરાબ ભોજનને અંગે થયેલા છે અને તે તદ્દન તજી દેવા યોગ્ય છે.' ભીખારીની દરેક શંકાઓનો જવાબ ધર્મબોધકરે આપ્યો, પણ નિષ્પુણ્યક એકનો બે થયો નહિ. આખરે ધર્મબોધકરે વિચાર કર્યો કે એ શરતે પણ એને ભોજન લેવા દેવું; આગળ જતાં એ ભોજનનો લાભ સમજશે ત્યારે સર્વ સારાં વાનાં થશે. પછી તદ્દયાને સંજ્ઞા કરતાં તેણે [illegible] ભોજન-મહાકલ્યાણક આપ્યું. એ ભોજન ખાતાં ભીખારીને [illegible] શાંતિ થઇ (૩૧). ધર્મબોધકરે ત્યાર પછી ભોજનનો મહિમા [illegible] અને તદ્દયા પાસેથી વારંવાર ભોજન લેવા સૂચના કરી; અને ભોજને, [illegible] તેના વ્યાધિનાશ માટે કેટલો અસરકારક છે તે જણાવ્યું. નિષ્પુણ્યક પોતાના તુચ્છ ભોજનનો આગ્રહ કોઇ રીતે તે વખતે છોડી શક્યો નહિ [illegible] જવાબ આપવા લાગ્યો એટલે ધર્મબોધકરે એને ખાતરી આપી કે [illegible] (ખરાબ) અન્ન લઇ લેવા માંગતા નથી.' આટલી ખાતરી [illegible] નિષ્પુણ્યકે કહ્યું કે 'આખી વાત દરમ્યાન તેની વિચારશ્રેણી પોતાના (તુચ્છ) ભોજન [illegible] તરફ હતી તેથી તે ધર્મબોધકરની વાત સ- [illegible] પોતાના કર્તવ્યની સૂચના કરવા ધર્મબોધકરને વિજ્ઞપ્તિ [illegible] ઔષધોનો મહિમા ફરીવાર વિસ્તારથી કહ્યો, ઔષધના [illegible] વિભાગો પાડ્યા, સુસ્થિતરાજના આદેશો કહી બતાવ્યા, [illegible] ઔષધ લેનારને સુસાધ્યની કક્ષામાં મૂક્યા, ધીમે ધીમે ઔષધ વા- [illegible] કષ્ટસાધ્યના વિભાગમાં મૂક્યા, અને ઔષધ વાપરનાર પર દ્વેષ કર- [illegible] અસાધ્યની કોટિમાં મૂક્યા. નિષ્પુણ્યકને તેમણે વચલા વર્ગમાં મૂક્યો અને [illegible] કરવાનું કહી વારંવાર ઔષધોનો ઉપયોગ કરવા સૂચવ્યું અને [illegible] બનાવી (૩૬). નિષ્પુણ્યકે સર્વ વાત કબૂલ કરી, પણ તે [illegible] અને ખરાબ ભોજન વધારે લેતો હતો. આથી તેના [illegible] તે સાથી થાય છે તે તે સમજી શક્યો નહિ. [illegible] ભોજનના પ્રતાપથી ઓછા થતા ગયા, પણ [illegible] તદ્દન [illegible] વ્યાધિઓ તદ્દન [illegible] 'ઔષધ વાપરવાનું એ [illegible] ભોજનનો ત્યાગ કરવા [illegible] સૂચના કરી. તદ્દયા [illegible] કરતા રહ્યા, છતાં [illegible] લાગી [illegible] નિષ્પુણ્યકે [illegible] અને

સલાહ આપી શકે એવી એક સદ્બુદ્ધિ નામની પરિચારિકા તેને આપી. સદ્બુદ્ધિની હાજરી પછી નિષ્પુણ્યકમાં બહુ ફેર પડી ગયો અને તુચ્છ ભોજનપરની આસક્તિ ઘટી ગઇ. ત્રણે ઓષધોનો પ્રયોગ એણે મોટા પ્રમાણમાં કરવા માંડ્યો અને તેને પરિણામે એના વ્યાધિઓ ઓછા થતા ગયા. પછી તો એણે સદ્બુદ્ધિ સાથે વાતો કરવા માંડી. સદ્બુદ્ધિએ વ્યાધિના કારણોમાં ભીખારીનું તુચ્છ ભોજન અને તેનો ઉપયોગ જણાવ્યો એટલે તુરત નિષ્પુણ્યક ઠેકાણે આવ્યો અને તુચ્છ ભોજનનો સર્વથા ત્યાગ કરી દેવા ઇચ્છા જણાવી. (૪૨). સદ્બુદ્ધિએ એને જણાવ્યું કે 'સર્વથા ત્યાગ કરવા પહેલાં પાકો નિર્ણય કરવાની જરૂર છે, એક વાર ત્યાગ કર્યા પછી તેના પર મન જાય તો બેવડું નુકશાન થાય.' એટલે વળી નિષ્પુણ્યક વિચારમાં પડી ગયો. છેવટે એણે કુભોજન ત્યાગ કરવાનો પાકો નિર્ણય કર્યો ત્યારે તેને મક્કમ જોઇને સદ્બુદ્ધિએ તે સંબંધમાં ધર્મબોધકરનો અભિપ્રાય લેવાની સલાહ આપી (૪૩). સદ્બુદ્ધિ અને નિષ્પુણ્યક ધર્મબોધકર પાસે ગયા, ધર્મબોધકરે સંમતિ આપી પણ નિશ્ચય પાકો કરવાની જરૂરીઆત પર વધારે ભાર મૂક્યો. આખરે ભીખારીનું ઠીકરું ફેંકાવી દીધું અને તેનામાં સુંદર પરમાન્ન સારી રીતે ભર્યું. તે દિવસે ધર્મબોધકરને ઘણો આનંદ થયો, તદ્દયા હરખઘેલી થઇ ગઇ, સદ્બુદ્ધિ રાજી થઇ ગઇ અને આખું રાજમંદિર ખુશી થઇ ગયું. તે દિવસથી તેનું નામ ફેરવીને સપુણ્યક કરવામાં આવ્યું. (૪૪). પછી સપુણ્યક રાજમંદિરમાં જ રહેવા લાગ્યો, તદ્દયા અને સદ્બુદ્ધિના પ્રતાપ અને પરિચયથી આખો વખત ત્રણે ઔષધોનો ઉપયોગ કરતો રહ્યો અને તેની અસર તેની તંદુરસ્તી પર ઘણી સારી થઇ, તેના વ્યાધિઓ ઘટી ગયા અને તેનો આકાર સુંદર થયો (૪૫). સદ્બુદ્ધિને પૂછતાં એને જણાયું કે 'ત્રણે ઔષધો કે જેના ઉપયોગથી પોતાને ઘણો લાભ થયો હતો તેનું પણું દાન દેવાને પરિણામે તે દરરોજ મળ્યા કરશે' એટલે જે માગે તેને ત્રણે ઔષધોનું દાન કરવાનો તેણે નિર્ણય કર્યો. એ સપુણ્યક જેવા ત્રણે ઔષધનો ઉપયોગ કરનાર અને દેનાર તે મંદિરમાં ઘણા હોવાથી તેની પાસે કોઇ ઔષધ લેવા આવતું નહિ, તેથી વળી તેણે સદ્બુદ્ધિને પૂછતાં તેણે જણાવ્યું કે 'જાહેર રીતે તેણે જણાવવું કે જે માગે તેને ઔષધો આપવામાં આવશે.' તેણે તે પ્રમાણે ઘેર ઘેર ફરી આઘોષણા કરી, પણ પૂર્વનું તેનું દરિદ્રીપણું યાદ કરી કોઇ તેની પાસે લેવા આવતું નહિ (૪૬). પોતાની ભાવના ઘણાને દાન આપવાની હતી તે આ રીતે ભગ્ન થતી જોઇ તેણે સદ્બુદ્ધિને પૂછ્યું એટલે જવાબમાં તેણે ત્રણે ઔષધો લાકડાની પેટીમાં ઠાંસી ઠાંસીને ભરી વગર નામે બજારમાં તે પેટી મૂકી દેવા જણાવ્યું અને કહ્યું કે જ્ઞાનમય પાત્ર તારા ઔષધનો ઉપયોગ સ્વયમેવ કરશે. સંક્ષિપ્ત ઉપનયમાં દરેક સ્થાન અને પાત્રનો સાર પછી નિર્દેશ કરવામાં આવ્યો છે. પૃ. ૪૮થી ૪૯.

દાર્ષ્ટાન્તિક યોજના અને કથાનો ઉપનય. પૃષ્ઠ ૫૦

પૃષ્ઠ ૫૨ થી ઉપરની કથાના દરેક શબ્દનો વિસ્તારથી ઉપનય બતાવવામાં આવ્યો છે, આખું પોતાનું ચરિત્ર સર્વ પ્રાણીને લાગુ પડે તેવા આકારમાં સમજાવવામાં આવ્યું છે, એમાં નીચેની ખાસ બાબતો લક્ષ્ય ખેંચવા યોગ્ય છે.

અદૃષ્ટમૂલપર્યંત નગરપર વિવેચન (૫૨). નિષ્પુણ્યક દરિદ્રી (૫૩). તોફાની છોકરાઓ (૫૫). ચાર ગતિનાં દુઃખો (૫૭). રોગોનાં ઉપાદાન કારણો (૬૦).

ભીખારીની વિવિધ પાત્રતા (૬૨). ભીખારીના ફાંફાં (૬૪). ભીખારીનો આંતર ભાવ. રૌદ્ર ધ્યાનનાં દૃષ્ટાન્તો (૬૫). ભિક્ષાભોજનના સાદૃશ્યો (૬૯). ભીખારી શા-માટે અને કેમ? (૭૧). સામાન્ય જીવનપ્રસંગો અને ભીખારીપણું (૭૨). ધન-વાનની ખરી દશાનું વર્ણન (૭૬). સ્ત્રીઆસક્તની ચેષ્ટાઓ (૭૮), તૃપ્તિનો અભાવ (૭૯). પેટનો દુઃખાવો (૮૦). અનંત કાળથી રખડપાટો (૮૧). પુદ્ગલપરાવર્ત-પર નોટ (૮૨). સુસ્થિત મહારાજ અને સ્વકર્મવિવર દ્વારપાળ (૮૫). યથાપ્રવૃત્તિ-કરણપર નોટ (૮૬). બાર અંગપર નોટ (૮૯). શીલાંગપર નોટ (૯૨). મંદિરમાં રાજા, મંત્રી, યોદ્ધા, કામદાર, કોટવાળ, વૃદ્ધ, સુભટો, રમણીઓ, વિષયો (૯૭). મંદિરદર્શનની અસર (૧૦૭). સુસ્થિતરાજની નજર (૧૦૯). ધર્મબોધકરની તેપર વિચારણા (૧૧૨). ભિક્ષાદાનપર વિચારો અને તત્ત્વાનુસંધાન (૧૧૬). ધર્મનો ઉપદેશ (૧૧૯). તદ્દયા (૧૨૦). ઉપદેશકપર વહેમ (૧૨૨). ઉપદેશકની નિઃસ્પૃહતા (૧૨૫). ત્રણે ઔષધોની વિચારણા (૧૨૭). ઠીકરા ઉપર અદ્ભુત પ્રેમ (૧૩૪). અર્થપુરૂષાર્થ (૧૩૭). કામપુરૂષાર્થ (૧૩૮). ધર્મપુરૂષાર્થ (૧૪૧). સમ્યગ્દર્શનસ્વરૂપ (૧૪૩). ઉપદેશકની મહાનુભાવતા (૧૪૬). કુવિકલ્પના પ્રકારો (૧૫૧). મૂર્છા અને ધ્યાનની વૃદ્ધિ (૧૫૩). ઉપદેશકનો અસરકારક ઉપદેશ (૧૫૬). આસક્તનો વિષ-યોપર દૃઢ પ્રેમ (૧૫૮). પ્રતીતિમાટે ખાસ પ્રયાસ (૧૬૦). રસીઆની શરત અને સ્વીકાર (૧૬૫). ઉપદેશનો સર્વ અથવા દેશત્યાગને અંગે ક્રમ (૧૬૬). ઉપદેશકની ગંભી-રતા (૧૭૧). ઠીક સરળતાથી કરેલી કબુલાત (૧૭૨). ત્રણ પ્રકારના અધિકારી (૧૭૫). અલ્પ સ્વીકારમાં પણ મોટો લાભ (૧૮૦). રોગો અને સ્થિરીકરણ (૧૮૪). ચિત્તશુદ્ધિ (૧૮૮). પોતાના પર આધાર રાખવામાં વિશિષ્ટતા (૧૯૧). સર્વત્યાગ (૧૯૫). નિષ્પુણ્યક સપુણ્યક (૨૦૦). વૈરાગ્યના પ્રસંગો (૨૦૧). આત્મભાવરમ-ણતા (૨૦૬). ભેદ ઉત્પત્તિ પ્રસંગ (૨૦૭). અંતિમ પ્રાર્થના (૨૧૪). અને આત્મલઘુતા (૨૧૫). ઉપસંહાર (૨૧૬).

દ્વિતીય પ્રસ્તાવ–કથાસાર.



પ્રકરણ ૧ લું–મનુજગતિ નગરી. સર્વ મનોરથ પૂરનાર અનેક આશ્ચર્યો અને બનાવોથી ભરપૂર મનુજગતિ નામની અદ્ભુત નગરીનું વિસ્તારથી વર્ણન કરવામાં આવ્યું છે. એ નગરીના મહોલ્લા પરા વિગેરે વિસ્તારથી બતાવવામાં આવ્યા છે અને છેવટે એ નગરીની અદ્ભુતતા વર્ણવી છે. પૃ. ૨૫૨–૨૫૭

પ્રકરણ ૨ જું–કર્મપરિણામ અને કાળપરિણતિ. એ મનુજગતિ નગરીનો રાજા કર્મપરિણામ નામનો છે. એનો હુકમ ત્રણે લોકમાં ચાલે છે, એ ઘણો બળવાન છે અને એનું શાસન પ્રચંડ છે. એને નાટકો જોવાનો ઘણો શોખ છે અને લોકોને (જીવોને) તેથી તે નવા નવા વેશો લેવરાવે છે અને અનેક પ્રકારના ચાળા તેમની પાસે કરાવે છે. એનું સંસારનાટક અતિ વિચિત્ર પ્રકારનું છે અને એના નાટકનો સાજ આખો સમજવા યોગ્ય છે. રાજકાર્યમાં સલાહ આપનાર, લાવણ્યનો નમુનો અને રાજાની અત્યંત પ્રીતિ સંપાદન કરનાર કાળપરિણતિ નામની તેની રાણી છે, તે પતિની બાજુમાં રહી નાટકના હુકમો આપે છે અને લોકો મુંગે મ્હોઢે રાણીના હુકમો અમલમાં મૂકે છે. પૃ. ૨૫૮–૨૭૦

પ્રકરણ ૩ જું–ભવ્યપુરૂષ સુમતિજન્મ. રાણીને પુત્ર નથી તે બાબતનું દુઃખ થાય છે. પતિનો મત ગળતાં પુત્ર જરૂર થશે એમ રાણીની ખાતરી થાય છે. શુભ સ્વપ્ન આવ્યા પછી યોગ્ય કાળે પુત્રનો જન્મ થાય છે, જન્મનો સુંદર મહોત્સવ આખા નગરમાં થાય છે અને ત્યાર પછી તેનું ભવ્યપુરૂષ નામ પાડવામાં આવે છે; રાણી તેને સુમતિ (ડાહ્યો) એવું હુલામણું નામ આપે છે. પૃ. ૨૭૧–૨૭૪

પ્રકરણ ૪ થું–અગૃહીતસંકેતા અને પ્રજ્ઞાવિશાલા. એજ નગરીમાં અગૃહીતસંકેતા નામની બ્રાહ્મણી રહેતી હતી. તેણે પોતાની સખી પ્રજ્ઞાવિશાલાને પૂછ્યું કે રાજા અને રાણી વંધ્ય કહેવાય છે છતાં તેને પુત્ર કેમ થયો? પ્રજ્ઞાવિશાલાએ જણાવ્યું કે રાજાની નિર્બીજતા તો તેના અવિવેક વિગેરે મંત્રીએ હેતુપૂર્વક જાહેર કરી છે, બાકી તો સર્વ પ્રાણીઓ તેનાજ પુત્ર છે. છતાં પુત્રજન્મનો આવડો મહોત્સવ થવાનું કારણ પૂછતાં પ્રજ્ઞાવિશાલાએ જણાવ્યું કે આ નગરમાં એક સદાગમ (શુદ્ધ જ્ઞાન) નામનો ડાહ્યો પુરૂષ છે, તે રાજા રાણીના મર્મ જાણનાર છે, તેણે એ વાતનું રહસ્ય પોતાને કહ્યું છે; તેમાં રાણીના ખાસ આગ્રહથી વંધ્યાપણાનું મ્હેણું ટાળવા પુત્રજન્મ થયો છે એમ તેમનું કહેવું થયું છે. એ પુત્રના જન્મથી સદાગમ પણ રાજી થયા છે. બજારમાં સદાગમે એના જન્મથી આનંદ જણાવ્યો તે વાત અગૃહીતસંકેતાએ સાંભળી હતી તેથી તેણે પણ તે વાતમાં સંમતિ બતાવી. વળી અગૃહીતસંકેતાએ જણાવ્યું કે લોકો એના જન્મથી બહુ રાજી થયા છે. સદાગમ કોણ છે તેના સમાચાર મેળવવાની અને રાજપુત્રના જન્મથી તેના આનંદનું કારણ જાણવાની તેને ઘણી ઇચ્છા હતી તે સબંધી તેણે પછી પ્રજ્ઞાવિશાલાને સવાલ કર્યો. પૃ. ૨૭૪–૨૮૦

પ્રકરણ ૫ મું–સદાગમપરિચય. પ્રજ્ઞાવિશાલા જવાબમાં સદાગમનો

ઓળખાણ આપતાં બોલી કે તે મહાપુરૂષ છે અને સર્વ ભાવને કહેનારા છે. સદાગમ સાચો ઉપદેશ આપનાર છે છતાં લોકો તેને બરાબર ઓળખતા નથી. હાલ જન્મેલ રાજપુત્ર તેને બરાબર ઓળખશે અને અનુસરશે તેવા જ્ઞાનથી સદાગમને આનંદ થયો છે. સદાગમનું માહાત્મ્ય જબરૂં છેઃ ઘણાને તેણે કર્મપરિણામ રાજાની જાળમાંથી છોડાવ્યા છે. બધાને કેમ છોડાવ્યા નથી? તેના વિસ્તારથી તેઓ કારણે બતાવે છે. સદાગમના સ્વરૂપનો અદ્ભુત હેવાલ સાંભળતાં અગૃહીતસંકેતાને પણ તેના દર્શન કરવાનું મન થાય છે.

પૃ. ૨૮૦-૨૯૨

પ્રકરણ ૬ ઠું-સંસારીજીવતસ્કર. ઉપરની વાતને પરિણામે **મહાવિદેહ** બજારમાં સદાગમ મહાત્મા અનેક જનોથી વેષ્ટિત બેઠા હતા ત્યાં બન્ને સખીઓ આઇ. તેને નજરે જોતાં અગૃ૦ રાજી થઇ ગઇ અને પોતાને ત્યાં લઇ આવવા માટે સખીનો આભાર માન્યો અને તેને પણ સદાગમની આરાધના કરવા તીવ્ર ઇચ્છા થઇ. ત્યાર પછી સખીઓ અવારનવાર સદાગમ પાસે આવવા લાગી. **સદાગમે** એક દિવસ પ્રજ્ઞાવિશાલાને રાજપુત્રની ધાવ થવાનું કહ્યું તે તેણે કબુલ કર્યું. ત્યારપછી તે રાજપુત્રને સદાગમ પાસે લાવી અને અધ્યાપક તરીકે તેમની નિમણુક કરી. રાજકુમાર સદાગમ પાસે અભ્યાસ કરે છે. એક વખત અગૃહીતસંકેતા સદાગમ પાસે આવી અને પ્રજ્ઞાવિશાલાના કુશળ પુછયા તેવામાં રસ્તાપર મોટો કોળાહળ થયો અને જણાયું કે કોઇ ચોરને ફાંસી દેવા લઇ જાય છે. ચોરે સદાગમનો આશ્રય લીધો. સદાગમે તેને અભય આપ્યું, એટલે તે છૂટો થઇ ગયો. અગૃહીત સંકેતાએ ચોરને પૂછ્યું કે ક્યા ગુન્હાને અંગે તેને ફાંસીની સજા થઇ હતી? જેના જવાબમાં ચોર પોતાના ગુન્હાની વાર્તા વિસ્તારથી કહે છે જે અગૃહીતસંકેતા, પ્રજ્ઞાવિશાલા સુમતિ અને સદાગમ સાંભળે છે. હવે પછીની આખી વાર્તા ચોરે (જેનું નામ સંસારીજીવ છે તેણે) કહેલી છે.

પૃષ્ટ ૨૯૩ થી ૨૯૯

પ્રકરણ ૭ મું-અસંવ્યવહાર નગરે. અસંવ્યવહાર નગરમાં મહારાજા કર્મપરિણામના તાબાનો અત્યંતઅબોધ નામનો સેનાપતિ અને તીવ્રમોહોદય નામનો સરસુબો રહે છે. ત્યાંના લોકોને તેઓ તદ્દન અંધકારમાં રાખે છે, નિગોદ નામના ઓરડામાં તેમને ભરી રાખે છે. ત્યાં **સંસારીજીવ** પણ વસતો હતો. એક વખત તત્પરિણતિ પ્રતિહારીએ કર્મપરિણામ રાજાના દૂત તન્નિયોગને પેલા બે અધિકારીઓની રાજસભામાં દાખલ કર્યો. તેણે જણાવ્યું કે 'મહારાજાની બહેન લોકસ્થિતિ જેનું કામ સદાગમે નિવૃત્તિનગરીએ મોકલેલા લોકોની ખાલી પડેલી જગા પૂરવાનું હતું તેણે મને અહીં મોકલ્યો છે.' તીવ્રમોહોદયે પોતાના નગરની વિશાળતા અને [illegible] બતાવવા સારૂ દૂતને નગરમાં ફેરવ્યો અને મહારાજાને ભય દૂર કરવાનું કહેવા જણાવ્યું. અનેક ગોળાઓ અને પ્રાસાદોમાં ઠાંસી ઠાંસીને ભરેલા [illegible] અને સદાગમની મશ્કરી કરી. પછી ત્યાંથી કોને મોકલવો તે કાર્ય ભવિતવ્યતા કે સંસારીજીવની સ્ત્રી થતી હતી તેને સોપ્યું. ભવિતવ્યતાનું વિસ્તા- [illegible] તેણે સંસારીજીવને એકાક્ષનિવાસનગરે મોકલવાની ભલામણ કરી.

પૃષ્ટ. ૩૦૦-૩૧૨

પ્રકરણ ૮ મું-એકાક્ષનિવાસનગરે. ભવિતવ્યતા પણ સંસારીજીવ ને લઇ એકાક્ષનિવાસનગરના પહેલા પાડા 'વનસ્પતિ'માં પ્રથમ તે પો-

ણીના પતિને લઇ ગઇ ત્યાં સાધારણ અને પ્રત્યેક-બંને વિભાગોમાં ખૂબ ફેરવ્યો. પ્રત્યેક થયા પછી એક એક ગોળી આખા ભવ સુધી ચાલે તેવી આપવા માંડી. ગોળીની અસરથી આખા ભવમાં સંસારીજીવને અનેક નાટકો કરવા પડતા. ગોળી પૂરી થાય ત્યારે ભવિતવ્યતા નવી ગોળી આપી નવો વેશ કઢાવતી. પછી તેને પૃથ્વીકાય નામના બીજા પાડામાં લઇ ગઇ, ત્યાં તે પથ્થર આદિ પાર્થિવ ઘણીવાર થયો. ત્રીજા અપ્કાય નામના પાડામાં અપ્કુટુંબીના ઘણા વેશો તેણે લીધા. ચોથા તેજસ્કાય પાડામાં અગ્નિનાં રૂપો અનેક લીધાં અને પાંચમા વાયુકાય પાડામાં પવનનાં રૂપો લીધાં. આ દરેક પાડામાં વારંવાર નવી નવી ગોળીઓ તેને ભવિતવ્યતા આપતી રહી. પૃ. ૩૧૩-૩૧૦

પ્રકરણ ૯ મું-વિકલાક્ષનિવાસનગરે. ત્યાર પછી ભવિતવ્યતા સંસારીજીવને વિકલાક્ષનિવાસ નગરે લઇ ગઇ. ત્યાં તેને ત્રણ પાડામાં ખૂબ ફેરવ્યો અને તેની પાસે નવાં નવાં રૂપો લેવરાવ્યાં. પ્રથમ દ્વિહૃષીક (બેઇંદ્રિય) પાડામાં કૃમિ બનાવી મૂત્રમાં નાખ્યો. આ આખા નગરના સુબા ઉન્માર્ગોપદેશે અને તેની સ્ત્રી માયાદેવીએ તેને ઘણો રંજાડ્યો. બીજા ત્રિકરણ (તેઇંદ્રિય) પાડામાં માંકડ જૂ થયો. ત્રીજા ચતુરક્ષ (ચૌરિંદ્રિય) પાડામાં માખી ડાંસ વિગેરે થયો. આમ તેને ખૂબ રખડાવ્યો. પૃ. ૩૨૦-૩૨૩

પ્રકરણ ૧૦ મું-પંચાક્ષપશુસંસ્થાને. પછી ભવિતવ્યતાએ સંસારીજીવને પંચાક્ષપશુસંસ્થાનનગરે આણ્યો. ત્યાં ગર્ભજસમ્મૂર્છિમપણે તેને જળચર, સ્થળચર અને ખેચર બનાવ્યો, અનેક રૂપો આપ્યાં. ઉંદર હરણ બનાવ્યો, ચીનો સંભળાવ્યાં. પછી હાથી બનાવ્યો અને દાવાનળ વખતે કુવામાં પાડ્યો. ત્યાં કર્મની (અકામ) નિર્જરા થઇ, પુણ્યોદય નામનો મિત્ર પ્રગટ થયો અને દેવીએ તેને વધારે સારી નગરીમાં લઇ જવાનું વચન આપ્યું. (અહીં સંસારીજીવ સંબંધી કેટલાક જરૂરી ખુલાસા અગૃહીતના પૂછવાથી પ્રજ્ઞાવિશાલા કરે છે.) ઉપસંહાર. પૃ. ૩૨૪-૩૩૧

નિગોદ સ્વરૂપ-પરિશિષ્ટ પૃ. ૩૩૨-૩૩૫

તૃતીય પ્રસ્તાવ-કથાસાર.

પ્રકરણ ૧ લું-નંદિવર્ધન અને વૈશ્વાનર. હવે સંસારીજીવ નવી ગોળી લઇને મનુજગતિ નામની નગરીના ભરત નામના મહોલ્લામાં જયસ્થલનગરે પદ્મરાજા અને નંદારાણીને ત્યાં પુત્રપણે ઉત્પન્ન થયો. તેનું નંદિવર્ધન નામ પાડ્યું. પુણ્યોદય તેનો સહચારી મિત્ર થયો. અસંવ્યવહાર નગરથી સંસારીજીવ આવ્યો ત્યારથી તેની સાથે અંતરંગ અને બાહ્ય એમ બેવડો પરિવાર હતો. અંતરંગ પરિવારમાંથી અવિવેકિતા બ્રાહ્મણીએ તે જ દિવસે વૈશ્વાનર નામના પુત્રને જન્મ આપ્યો. તેનું આખું શરીર અનેક દુર્ગુણોથી જ ભરેલું હતું. વૈશ્વાનર અને નંદિવર્ધનને ઘણી દોસ્તી થઇ-જેઓને જોઇ પુણ્યોદયને ઘણો ખેદ થયો. એ દોસ્તીને પરિણામે નંદિવર્ધન તેના પિતાને પણ ઘણો ભારે થઇ પડ્યો. પિતાએ તેને અભ્યાસ કરવા

બુદ્ધિસમુદ્ર નામના કળાચાર્યે પાસે મૂક્યો જ્યાં તેના રાજમિત્રોને પણ તે સતાવતો રહ્યો અને ગુરૂ ઉપર પણ તેણે પોતાનો ધાક બેસાડી દીધો. વૈશ્વાનર ઉપર તેનો પ્રેમ વધતો જ ચાલ્યો એટલે વૈશ્વાનરે એને ક્રૂરચિત્ત નામનાં વડાં ખાવા આપ્યાં અને જરૂર પડે ત્યારે પ્રસાદ આરોગવા જણાવી દીધું. રાજાએ એક વખત વિદુર નામના વફાદાર સેવકને કુમારના અભ્યાસ સંબંધી ખબર લાવવા આજ્ઞા કરી. વિદુર તો કુમારનો ધમધમાટ અવલોકી આભો જ બની ગયો અને પદ્મરાજાને બધી હકીકત જણાવી. રાજાએ કળાચાર્યને બોલાવ્યા અને સત્ય હકીકત જણાતાં વૈશ્વાનરનો સંગ મૂકાવવાના ઉપાયની ચિંતવના કરી. કળાચાર્યે જિનમતજ્ઞ નામના નિમિત્તિઆની એ બાબતમાં સલાહ લેવા સૂચના કરી, તે રાજાએ સ્વીકારી.

પૃષ્ઠ, ૩૪૪-૩૬૦

પ્રકરણ ૨ જું-ક્ષાંતિકુમારી. જિનમતજ્ઞ નિમિત્તકને ઉપાય પૂછતાં તેણે જણાવ્યું કે 'ચિત્તસૌંદર્ય નામના અતિ પવિત્ર નગરમાં એક બહુ ભલો શુભપરિણામ નામે રાજા રહે છે, તેને અતિ પવિત્ર **નિષ્પ્રકંપતા** નામની રાણી છે, એ રાણીને ગુણોનું ધામ **ક્ષાંતિ** નામની દીકરી છે, એની સાથે જો **નંદિવર્ધન**ના લગ્ન થાય તો તેને **વૈશ્વાનર**નો સંગ મટે-' રાજાને તે વાત ગળે ઉતરી એટલે કન્યા માટે કહેણ મોકલવા વિચાર કર્યો. નિમિત્તિએ જણાવ્યું કે 'એ નગર, રાજા અને પુત્રી અંતરંગ છે, ત્યાં આપણો પ્રવેશ નથી, ત્યાં તો કર્મપરિણામ રાજા જે સર્વનો ઉપરી છે તેનું જોર ચાલે છે અને તે પોતાની બહેન **લોકસ્થિતિ**, ભાર્યા **કાળપરિણતિ** અને **સ્વભાવ** તથા **ભવિતવ્યતા**ની સલાહ પ્રમાણે કામ કરે છે. તે રાજા જ્યારે પ્રસન્ન થઇ ઉક્ત કન્યા પરણાવશે ત્યારે **નંદિવર્ધન** ઠેકાણે આવશે.' રાજા તે વાત સાંભળીને નિરાશ થયો પણ કળાચાર્યનો અને નિમિત્તિઆનો આભાર માન્યો. રાજાએ આમ છતાં પણ બનતો પ્રયત્ન કરવા **વિદુર**ને ફરી કુમાર પાસે મોકલ્યો. **વિદુર**ને કુમારે એક દિવસ વચ્ચે ન આવવાનું કારણ પૂછતાં પોતે સાંભળેલી વાત કહેવા માંડી. તે વાર્તા ઘણી લાંબી છે. નીચેની વાર્તા **વિદુર** કહે છે અને **સંસારીજીવ** (**નંદિવર્ધન**) સાંભળેછે.

પૃ. ૩૬૧-૩૭૩.

સ્પર્શન-કથાનક.

પ્રકરણ ૩ જું-મનીષી અને બાળ. ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં **કર્મવિલાસ** નામનો રાજા હતો, તેને **શુભસુંદરી** અને **અકુશળમાળા** નામની રાણીઓથી અનુક્રમે **મનીષી** અને **બાળ** નામના પુત્ર થયા હતા. **સ્વદેહ** નામના બગીચામાં બન્ને ભાઇઓ એક વખત રમતા હતા ત્યાં કોઇ પુરૂષ ફાંસીએ લટકવાની તૈયારીમાં દેખાયો. બાળે ઝટ દોડીને દોરડું કાપી નાખ્યું અને આપઘાત કરવાનું કારણ પૂછ્યું. તે પુરૂષે જણાવ્યું કે તેનું નામ **સ્પર્શન** હતું, તેને એક **ભવજંતુ** નામનો મિત્ર હતો, તેનાપર બહુ પ્રીતિ રાખતો હતો અને પોતે કહે તેમ કરતો

તો, પણ તેને એક **સદાગમ** નામના માણસે બ્હેકાવ્યો; પછી તો સર્વજ્ઞસુએ નો પરિચય ઓછો કર્યો અને આખરે તેનો સંગ તદ્દન છોડી દઇને તે નિર્વૃત્તિ નગરીએ ચાલ્યો ગયો. તેના વિરહે પોતે આપઘાત કરે છે. સ્પર્શનને બાળે દિલાસો આપ્યો અને પોતાની સાથે મૈત્રી જોડવા કહ્યું. સ્પર્શને તે વાત કબૂલ કરી. વાતચીત દરમ્યાન મનીષી તો વિચાર જ કર્યા કરતો હતો પણ લોકરૂઢિ ખાતર તેણે પણ સ્પર્શન ઉપર પ્રેમ દેખાડ્યો. ત્રણે જણા નગરમાં પાછા ફર્યા અને સ્પર્શનની ઓળખાણ થવાની વાત કરવા લાગ્યા. તે હકીકતથી કર્મપરિણામ રાજા રાજી થયા, અકુશળમાળા પણ ખુશી થઇ પણ શુભસુંદરી તો વ્યાકુળ થઇ ગઇ. પૃષ્ઠ ૩૭૪-૩૮૩

પ્રકરણ ૪ થું-સ્પર્શનમૂળશુદ્ધિ. સ્પર્શન તો હવે બન્ને રાજપુત્રોનો મિત્ર થયો, પણ મનીષીને તેની સાથે બરાબર ઘાટ બેઠો નહિ. પછી એ સ્પર્શન કોણ છે તેની બરાબર બાતમી મેળવવા પોતાના અંગરક્ષક બોધને મનીષીએ આજ્ઞા કરી. બોધે પોતાના માણસ પ્રભાવને આજ્ઞા કરી એટલે તેણે પરદેશમાં ફરી તપાસ કરી આવી નીચે પ્રમાણે અહેવાલ કહ્યોઃ—

અંતરંગમાં રાજસચિત્ત નગરે રાગકેશરી રાજા રાજ્ય કરે છે. તેને વિષયાભિલાષ નામનો અમાત્ય છે. તે નગરે હું ગયો. ત્યાં મોટો ખળભળાટ જોયો. ત્યાં વિપાક નામના એક રાજપુરૂષને તેનું કારણ પૂછતાં તેણે કહ્યું કે 'અમારા રાજાને આખી દુનિયાપર જય મેળવવાની ઇચ્છા થઇ છે, તેથી મંત્રીએ પોતાના સ્પર્શન વિગેરે પાંચ પુત્રોને બધે મોકલી આપ્યા છે. તેઓ વિજય મેળવતા ચાલ્યા પણ માર્ગમાં એક સંતોષ નામનો તેમનો દુશ્મન મળ્યો તે કેટલાકને નિર્વૃત્તિપુરીએ મોકલી આપે છે. રાગકેશરીરાજાને એ વાતની ખબર પડતાં પોતે લડાઇમાં જવા તૈયાર થયા. ચાલતી વખત પોતાના વૃદ્ધ પિતા **મહામોહને** પગે પડવા ગયા. એ મહામોહ બહુ જબરો સત્તાધારી છે પણ ઘડપણને લઇને તેણે પુત્રને રાજ્ય સોંપ્યું છે. તેણે રાગકેશરી પુત્રની વાત સાંભળી એટલે પોતે પણ લડવા તૈયાર થઇ ગયો. અંતે એમ ઠર્યું કે પિતા અને પુત્ર બન્નેએ સાથે લડવા જવું-તેનું લશ્કર લડવા જવાનું છે તેની તૈયારીનો આ અવાજ છે, એમ કહી વિપાક વિદાય થયો. આ પ્રમાણે સ્પર્શનનું ઉત્પત્તિસ્થાન જાણીને પ્રભાવે બોધને જણાવ્યું અને બોધે તે વાત મનીષીને કહી બતાવી. પૃષ્ઠ ૩૮૩-૩૯૬

પ્રકરણ ૫ મું-સ્પર્શનની યોગશક્તિ. વાતનો મેળ મેળવવા એકવાર મનીષીએ સ્પર્શનને પૂછ્યું કે 'ભવજંતુ સાથે કોણ હતું?' તેના જવાબમાં કેટલીક આનાકાની પછી સ્પર્શને જણાવ્યું કે 'તેની સાથે સંતોષ હતો.' મનીષીએ તે વખતે મનમાં નિર્ણય કર્યો કે 'સ્પર્શનનો વિશેષ પરિચય સારો નથી, ઉપર ઉપરથી સ્નેહ કરવા યોગ્ય જ તે છે.' એકવાર સ્પર્શને ચાલાકી કરવા માંડી, સુખ આપવાને બ્હાને યોગશક્તિનો આવિર્ભાવ કર્યો અને સમાધિનો ડોળ કરી બન્નેના શરીરમાં પ્રવેશ કર્યો. બાળ તો સ્પર્શસુખમાં રાચી ગયો, ઊંડો ઊંડો ઉતરતો ચાલ્યો અને તેમાં સુખ માનવા લાગ્યો. મનીષી તો પ્રથમથી ચેતેલો હતો તેથી ઉપરથી હેત બતાવે પણ સ્પર્શનને મચક આપે નહિ. બાળ સ્પર્શન ઉપર વધારે આસક્ત થતો ગયો, પણ મનીષી તો તેની ગૂઢ રીતે મશ્કરી જ કર્યા કરતો હતો. બાળની

મૂર્ખાઇમાં તેની માતા અકુશળમાળાએ વધારો કર્યો અને સ્પર્શનની સોબત વધારે કરવા સૂચના કરી. વિચક્ષણ શુભસુંદરીએ પોતાના પુત્ર મનીષીને તેનાથી સાવધ રહેવા ભલામણ કરી અને વખત આવ્યે તેનો સંબંધ તદ્દન તોડી નાખવા ભલામણ કરી. બાળનો વિલાસ દરરોજ વધતો ચાલ્યો અને તેથી શિખામણને તે અવગણવા લાગ્યો.

પૃ. ૩૯૭–૪૦૭

પ્રકરણ ૬ ઠું–મધ્યમબુદ્ધિ. કર્મવિલાસ રાજાને ત્રીજી **સામાન્યરૂપા** નામની રાણી હતી, તેનો પુત્ર **મધ્યમબુદ્ધિ** પરદેશ ગયો હતો. તે પાછો આવતાં તેનાપર સ્પર્શને જાળ પાથરવા માંડી, પણ **મનીષીએ** તેને ચેતાવ્યો. તેથી પોતાની માતા **સામાન્યરૂપાને** પૂછતાં તેણે કહ્યું કે 'એવી સંશયવાળી બાબતમાં કાળક્ષેપ કરવો સારો.' તેનાપર તેણે એક નાની વાર્તા કહી તે આ પ્રમાણે—

મિથુનદ્વય અંતરકથા–તથાવિધ નગરમાં **ઋજુ** રાજા અને **પ્રગુણા** રાણી હતા. તેને **મુગ્ધ** નામનો પુત્ર હતો. તેની સ્ત્રીનું નામ **અકુટિલા** હતું. મુગ્ધ અને અકુટિલા એકવાર બગીચામાં ક્રીડા કરવા ગયા. ફુલની છાબડી પ્રથમ કોણ ભરે છે તે પર હોડ કરતાં બન્ને જૂદી જૂદી દિશાએ ગયા. હવે તે વખતે આકાશમાં કાળજ્ઞ અને **વિચક્ષણા** નામના વ્યંતર અને વ્યંતરી આવ્યા. તેમને અનુક્રમે **અકુટિલા** અને મુગ્ધ કુમાર તરફ રાગ થયો. પરસ્પર એક બીજાથી તે હકીકત છાની રાખવા ખાતર બ્હાના કાઢી બન્ને છૂટા પડ્યા. કાળજ્ઞે મુગ્ધકુમારનું રૂપ લીધું અને અકુટિલા પાસે ગયો, ત્યારે **વિચક્ષણાએ** અકુટિલાનું રૂપ લીધું અને મુગ્ધકુમાર પાસે ગઇ. બનાવ એવો બન્યો કે લતામંડપમાં બન્ને જોડલાં એકઠાં થઇ ગયાં. બન્ને જોડલાંને ઘણું આશ્ચર્ય થયું અને મુગ્ધકુમારે તો માન્યું કે દેવકૃપાથી પોતે અને ભાર્યા એકના બેવડા થઇ ગયા છે. ત્યાંથી પિતા પાસે ગયા, વાત કરી, એટલે સર્વને આશ્ચર્ય ઉત્પન્ન થયું. કાળજ્ઞને પોતાની સ્ત્રીનું બેવફાપણું જોઇ ઘણો ગુસ્સો થયો પરંતુ પોતાનો પણ દોષ હોવાથી તે મૌન રહ્યો. **વિચક્ષણા** પણ એવા નિર્ણય ઉપર આવી, ઘણું શરમાણી, પણ મનને સમજાવી ત્યાંજ રહી.

પૃષ્ટ ૪૦૮–૪૧૧

પ્રકરણ ૭ મું–અંતરકથા ચાલુ–પ્રતિબોધકાચાર્ય. **તથાવિધ** નગર બહાર **મોહવિલય** નામના ઉદ્યાનમાં **પ્રતિબોધક** નામના આચાર્ય પધાર્યા. ઋજુ રાજા આખા પરિવારને અને બન્ને પુત્ર તથા પુત્રવધૂઓને લઇને વંદન કરવા ગયા આચાર્યે મોક્ષસુખપર દેશના આપી તે વખતે કાળજ્ઞ અને **વિચક્ષણાને** ઘણો પસ્તાવો થયો અને તે વખતે તેમના શરીરમાંથી એક કદરૂપી સ્ત્રી બહાર નીકળ દૂર જઇને બેઠી. કાળજ્ઞે બહુ પસ્તાવો કર્યો એટલે ભગવાને એના કારણ રૂપે પેલી કદરૂપી સ્ત્રી જેનું નામ ભોગતૃષ્ણા હતું તેને ઓળખાવી અને તેનું સ્વરૂપ વિસ્તારથી કહ્યું, તેમજ તેને સર્વ પાપોનું કારણ જણાવી. એના પાસમાંથી છૂટવાનો ઉપાય પૂછતાં આચાર્યે સમ્યગ્દર્શનરૂપ મુદ્ગરનો ઉપયોગ કરવા સૂચવ્યું. આ વાત સાંભળતાં રાજા રાણી અને કુમાર તથા વધૂને બહુ ખેદ થયો, અકાર્ય થઇ જવા માટે પશ્ચાત્તાપ રહ્યો. તે વખતે તેમના શરીરમાંથી એક સુંદર બાળક બહાર નીકળ્યું અને ભગવાન્ સામે બેસી ગયું, તેની પછવાડે બીજું કાળું બાળક બહાર નીકળ્યું. તેજ બાળકમાંથી ત્રીજું ઘણું ખરાબ બાળક બહાર નીકળતું અને વધતું જતું

જણાવ્યું. પેલા પ્રથમના રૂપાળા બાળકે વધતા જતા ત્રીજા બાળકનાં મ્હાંમાં મૂઠી મારી વધતું અટકાવી દીધું એટલે બન્ને બૈરાં બાળકો સભામાંથી બહાર નીકળી ગયાં. આચાર્યે જણાવ્યું કે પ્રથમનું સુંદર બાળક આર્જવ હતું, બીજું અજ્ઞાન હતું અને ત્રીજું પાપ હતું. આર્જવ પાપને વધતું અટકાવી અજ્ઞાનને પકડી દે છે. આ સર્વ ગોટાળો કરનાર અજ્ઞાન છે. પોતાના કર્તવ્યનો યથાર્થ ઉપદેશ સાંભળી ચારેએ આચાર્ય પાસે દીક્ષા લીધી, વ્યંતરવ્યંતરીએ તેમના શરીરમાંથી નીકળી જઇ પ્રગટ થઇ સમ્યક્ત્વ આદર્યું અને અરસપરસ ખુલાસા કર્યાં અને કાળવિલંબથી કેટલો લાભ છે તે પર વિચાર કર્યો. (અંતરકથા સંપૂર્ણ.)

આ વાત કહીને સામાન્યરૂપા મધ્યમબુદ્ધિ પુત્રને કહે છે કે એવી મુંઝવણ થાય ત્યારે વખત કાઢવો, હકીકત તપાસવી અને પછી નિર્ણયપર આવવું. મધ્યમબુદ્ધિએ માતાની આજ્ઞા માથે ચઢાવી. પૃ. ૪૧૭-૪૩૧.

પ્રકરણ ૮ મું-મદનકંદળી. બાળ તો સ્પર્શનના સંબંધમાં વધતો જ ચાલ્યો. એટલામાં પૂરું એની માતાએ એને પોતાની યોગશક્તિ બતાવી એના શરીરમાં પ્રવેશ કર્યો અને જ્યારે ઇચ્છા થાય ત્યારે યોગશક્તિ બતાવવા વચન આપ્યું. ત્યાર પછી હલકી જાતની સ્ત્રીઓને પણ બાળ ભોગવવા લાગ્યો, વિવેકભ્રષ્ટ થયો અને લોકમાં મોટા અપયશને પાત્ર થયો. મધ્યમબુદ્ધિની સલાહ એણે અવગણી નાખી. અન્યદા વસંતસમય આવ્યો. લીલાધર ઉદ્યાનમાં લોકો ક્રીડા કરવા ગયા. બાળ પણ મધ્યમબુદ્ધિને સાથે લઇ બગીચામાં ગયો. તેરસનો દિવસ હતો. કામદેવના મંદિરમાં દાખલ થયો. બાજુમાં વાસભુવન હતું તેમાં અતિ કોમળ કામદેવની શય્યા હતી તે પર સુતો. દેવશય્યા ઉપર આળોટી સ્પર્શનું સુખ અનુભવવા લાગ્યો. હવે તેજ નગરમાં બહિરંગ રાજ્યમાં શત્રુમર્દન રાજા હતો, તેની મદનકંદળી નામની અત્યંત સૌંદર્યવાળી રાણી હતી, તે ત્યાં કામદેવની પૂજા કરવા આવી. તેને બાળનો સ્પર્શ થઇ ગયો. બાળને તેનાપર અત્યંત મોહ થયો. રાણી વિદાય થઇ ગઇ, પણ બાળ તો વિરહના નિઃશ્વાસો નાખતો રહ્યો. મધ્યમબુદ્ધિ મંદિરના દ્વારપર અત્યાર સુધી ઊભો હતો તે હવે અંદર આવ્યો, બાળને કામશય્યાપર જોયો, તેને ઠપકો આપ્યો, પણ બાળે તેને જવાબ ન આપ્યો. તે વખતે મંદિરનો આધષ્ઠાયક વ્યંતર ત્યાં આવી પહોંચ્યો, તેણે બાળને ખૂબ ફટકાવ્યો, બહાર ધકેલી મૂક્યો અને તિરસ્કર્યો. લોકોમાં તેની ગેરઆબરૂ થઇ. મધ્યમબુદ્ધિ વચ્ચે પડ્યો ન હોત તો બાળના આજે બાર વાગી જાત. બાળે મધ્યમબુદ્ધિ પાસેથી એ સૌંદર્યવાન સ્ત્રીનું નામ જાણ્યું અને તેની પાછળ ગાંડો થઇ ગયો. મધ્યમબુદ્ધિએ એને ઘણી સલાહ આપી પણ બાળ તો મદનકંદળી પાછળ ઘેલો જ થઇ ગયો. પૃ. ૪૩૨-૪૪૨

પ્રકરણ ૯ મું-બાળમધ્યમમનીષી અને સ્પર્શન. મદનકંદળીપર આસક્ત થયેલો બાળ તેજ રાત્રે તેના મહેલમા જવા નીકળ્યો. મધ્યમબુદ્ધિ બંધુપ્રેમથી તેની પછવાડે ગયો. રસ્તામાં કોઇ આકાશચારી પુરૂષ બાળને અદ્ધર ઉપાડ્યો. મધ્યમબુદ્ધિ જમીનપર તેની શોધ માટે તેજ દિશાએ ગયા, સાત દિવસ ફર્યા પણ બાળનો પત્તો લાગ્યો નહિ. આખરે બંધુસ્નેહથી કુવામાં પડી આપઘાત કરવાનો તેણે નિર્ણય કર્યો. ત્યાં નંદન નામના વણિકે તેને તેમ કરતાં અટકાવ્યા અને બાળનો

પત્તો આપ્યો. ત્યાંના રાજા હરિશ્ચંદ્રનો તે નોકર હતો. તે રાજાએ વિદ્યા સાધવા રતિકેલિ વિદ્યાધર મારફત બાળનું હરણ કરાવ્યું હતું અને તેના લોહી માંસથી સાત રાત હવન કર્યા અને હવે બાળ તો તદ્દન શુષ્ક અને લોહી માંસવગરનો નિર્બળ થઇ ગયો છે. બાળને ખાંધપર ઉપાડી મધ્યમબુદ્ધિ રાજભયથી જંગલોમાં ચાલ્યો. બાળને જે દુઃખનો સાત રાત અનુભવ થયો હતો તે તેણે ઘરે આવ્યા પછી વિસ્તારથી કહી સંભળાવ્યો, મનીષી પણ લોકાચાર અનુસાર ખબર પૂછવા આવ્યો. તેણે બાળને સ્પર્શનનો સંગ મૂકવા કહ્યું. બાળે સલાહ માની નહિ. મધ્યમબુદ્ધિએ ત્યાર પછી મનીષીની વાત વિચારી, બાળની અધમ દશાના કારણ તરીકે સ્પર્શનનો સંગ જાણી લીધો અને લોકોમાં તેની કેટલી માનહાનિ થઇ છે તે સમજતાં બાળનો સમાગમ તજી દેવાનો નિર્ણય કર્યો. પૃ. ૪૪૩–૪૫૫

પ્રકરણ ૧૦ મું–બાળના હાલહવાલ. માતા અકુશળમાળા બાળ ઉપર પોતાની ખરાબ અસર જમાવતી રહી. આગલું દુઃખ બાળ તે અસરમાં ભૂલી ગયો. રાત્રે ચોરીથી મદનકંદળીના વાસભુવનમાં દાખલ થઇ ગયો. શયનગૃહમાં જઇ શય્યા ઉપર સુતો. સભા વિસર્જન કરી થોડી વારમાં શત્રુમર્દન રાજા તે તરફ આવ્યા. સત્વહીન બાળ શય્યામાંથી જમીનપર પડી ગયો, અવાજ થયો, પકડાઇ ગયો. વિભીષણ નામના સેવકે રાજાના હુકમથી તેને આખી રાત બહુ ત્રાસ આપ્યો. તેના આક્રંદથી લોકો સવારે આવી પહોંચ્યા, તેને ઠાર કરવાની માગણી કરી. રાજાએ બાળને ફાંસીએ ચઢાવવાનો હુકમ કર્યો. ગધેડે બેસાડી નગરમાં ફેરવી તેને ફાંસીએ લટકાવ્યો. દૈવયોગે ફાંસીનું દોરડું તૂટી ગયું અને બાળ લંપાતો છુપાતો ઘેર આવ્યો અને ગુપ્તપણે રહ્યો. મધ્યમબુદ્ધિએ દયાથી તેને આશ્રય તો આપ્યો પણ તેનો પરિચય છોડી દીધો. પૃ. ૪૫૬–૪૬૨

પ્રકરણ ૧૧ મું–પ્રબોધનરતિ આચાર્ય. હવે તે વખતે નગર બહાર નિજવિલસિત ઉદ્યાનમાં પ્રબોધનરતિ નામના આચાર્ય પધાર્યા. ત્રણે ભાઇઓ –મનીષી, મધ્યમબુદ્ધિ અને બાળ–પણ ઉદ્યાનમાં જોવા આવ્યા અને આચાર્યની નજીક ગોઠવાઇ ગયા. શત્રુમર્દન રાજા પોતાના સુબુદ્ધિ મંત્રી અને રાણી મદનકંદળી સાથે ત્યાં વંદન કરવા આવ્યા. નજીકમાં આદિનાથનો પ્રાસાદ હતો તેમાં સુબુદ્ધિએ પૂજા કરી અને શુદ્ધ ભાવે અદ્ભુત સ્તુતિ કરી. પછી સર્વ આચાર્યની દેશના સાંભળવા બેઠા. આચાર્યશ્રીએ કર્મબંધનાં કારણો અને નિર્વાણપર વિદ્વત્તાભરેલું વિવેચન કર્યું. પૃ. ૪૬૩–૪૭૩

પ્રકરણ ૧૨ મું–ચાર પ્રકારના પુરૂષો. સામાન્ય ધર્મદેશના થઇ રહ્યા પછી રાજા શત્રુમર્દનના સવાલના જવાબમાં આચાર્યશ્રીએ ધર્મઆચરણ અને સુખનો સંબંધ બતાવ્યો. ધર્મારાધનને અંગે ઇંદ્રિયજયની મુખ્યતા બતાવી અને ઇંદ્રિયનું સ્વરૂપ બતાવતાં તેનું દુર્જયપણું બતાવ્યું. પછી પાંચમાંથી એક સ્પર્શેન્દ્રિયનો વિષય લઇ તેને અંગે ચાર પ્રકારના પુરૂષોનું વર્ણન કર્યું. ઉત્તમોત્તમ ઇંદ્રિયસંગ ત્યાગ કરી સંતોષની સાથે સંબંધ કરે છે, દીક્ષા લે છે અને નિર્વૃત્તિનગરીએ જાય છે. આવા જીવો બહુ જ થોડા હોય છે. મનીષી સમજી ગયો કે આ કક્ષામાં મૂકવા યોગ્ય તો ભવજંતુ જણાય છે અને જે ઇંદ્રિયનું વર્ણન કર્યું તે સ્પર્શન જણાય છે.

મધ્યમબુદ્ધિને તેણે આ સર્વ સુચવી દીધી. બાળ તો આચાર્યની વાત પણ સાંભળતો ન હોતો, તે તો મદનકંદળીને શાંતદષ્ટિથી નીહાળી રહ્યો હતો. વિચારની આકુળતામાં તે તો મૂઢ જેવો થઇ ગયો. બીજા વિભાગમાં ઉત્તમ પુરૂષો હોય છે, તેઓ સ્પર્શ-દ્રિયથી ચેતતા રહેછે, તેની જાળમાં ફસાતા નથી એમ આચાર્યશ્રીએ જણાવ્યું. આ વિભાગનું વર્ણન મનીષીને ગમતું આવ્યું. ત્રીજા વિભાગના પ્રાણીઓને આચાર્યશ્રીએ મધ્યમ કહ્યા: તેવા પ્રાણીઓ કાળક્ષેપ કરે છે, મોટાં પાપ કરતા નથી અને સંદેહમાં રહે છે; વળી કોઇ સત્ય શિખામણ આપે છે ત્યારે બોધે છે, હલકાની સોબત કરે છે તેથી સુખદુઃખ પામ્યા કરે છે, પ્રસંગ મળતાં તેઓ ઠેકાણે પણ આવે છે. મધ્યમબુદ્ધિને લાગ્યું કે આ વર્ણન પોતાને લાગુ પડે છે. ચોથા જઘન્ય પ્રકારના પુરૂષો તે ઇંદ્રિયને તાબે રહે છે, સર્વ પ્રકારનાં પાપો કરેછે, ઉપદેશ આપનાર તરફ કાન પણ આપતા નથી, સંસારમાં ઉંડા ઉતરતા જાય છે. આવો પ્રાણી બાળ છે એમ સમજાવવામાં આવ્યું.

ચાર પ્રકારના પ્રાણીઓ જૂદા જૂદા વિભાગમાં કર્મની વિચિત્રતાથી આવે છે. પ્રથમ સિવાયના ત્રણે વિભાગના પ્રાણીઓની માતા તેમને તે પ્રકારે પ્રેરે છે. પ્રથમના વર્ગવાળા તો પોતાના સ્થાનમાં સ્થિર રહે છે. બાકીના ત્રણે વિભાગવાળા સંયોગ પ્રમાણે એક બીજા વર્ગમાં જાય છે અને આવે છે. પ્રાણી પોતાના વીર્યથી જ પ્રથમ વર્ગમાં સ્થિત થાય છે. એના ઉપાય તરીકે આચાર્યશ્રીએ દીક્ષા બતાવી. મનીષી તે માટે તૈયાર થઇ ગયો, મધ્યમબુદ્ધિ તેની રીત પ્રમાણે કાળક્ષેપ કરતો રહ્યો અને ગૃહસ્થધર્મ આદરવાના વિચારવાળો થયો. પૃ. ૪૭૪-૪૯૨

પ્રકરણ ૧૩ મું-બાળનું અધમ વર્તન-તેપર વિચારણા. આચાર્યના આખા ઉપદેશ દરમ્યાન બાળ તો મદનકંદળી સામું જ જોઇ રહ્યો હતો. એણે દેશનાનો એક શબ્દ પણ સાંભળ્યો નહિ. સર્વની સમક્ષ સ્પર્શનની અસરતળે આવી બાળે મદનકંદળીપર સભામાં જ ધસારો કર્યો. એને જોઇ ઓળખી રાજાએ હોકારો કર્યો એટલે બાળનો મદનજ્વર ઉતરી ગયો અને તે પાછે પગે પાછો હડ્યો. સ્પર્શન તેના શરીરમાંથી બહાર નીકળી દૂર બેઠો. રાજાને એનાપર દયા આવી. આચાર્યે જણાવ્યું કે સ્પર્શન અને અકુશળમાળાએ બાળની એ દશા કરી હતી. કેટલાંક કર્મો એવાં આકરાં હોય છે કે જે મહાત્મા પુરૂષોની હાજરી છતાં પણ દબાઇ જતાં નથી, તેઓ તો ખુદ તીર્થંકર ઉપર પણ ઉપદ્રવ કરે છે. 'બાળનું શું થશે?' તેના જવાબમાં ભગવાને કહ્યું 'અહીંથી નાશીને દૂર એક સરોવર પાસે જશે, તેમાં ન્હાવા પડશે, અંદર ચંડાળની સ્ત્રીનો સ્પર્શ થશે, તેના ઉપર તે લંપટ થશે, તેનાપર બળાત્કાર કરશે, કાંઠાપર રહેલો ચંડાળ બાળને બાણથી વીંધશે અને મરીને નરકમાં જઇ ત્યાં અને ત્યાર પછી બીજી ગતિઓમાં મહા દુઃખ પામશે.' પૃ. ૪૯૩-૫૦૦

પ્રકરણ ૧૪ મું-અપ્રમાદયંત્ર-મનીષી. શત્રુમર્દન રાજાએ પછી આચાર્યને પૂછ્યું કે એ સ્પર્શન અને અકુશળમાળાની શક્તિ બાળપર જ ચાલતી હશે કે બીજા પ્રાણી ઉપર પણ ચાલે છે? તેના જવાબમાં આચાર્યે કહ્યું કે એની શક્તિ સર્વ પ્રાણીઓપર ચાલે છે; એટલે રાજાએ સ્પર્શન અને અકુશળમાળાને દેહાન્ત કરવાનો હુકમ કર્યો. ત્યારે આચાર્યે જણાવ્યું કે એ બન્ને તો અંતરંગ નગરના રહે-

વાશી છે તેથી તેની ઉપર તમારો હુકમ ચાલતો નથી એટલે રાજાએ તેના નાશનો ઉપાય પૂછતાં આચાર્યશ્રીએ તેના નાશ માટે અપ્રમાદયંત્રનું વિસ્તારથી વિવેચન કર્યું અને છેવટે **મનીષી**ને જણાવ્યું કે 'અપ્રમાદયંત્ર અને ભાવ દીક્ષા એક જ છે.' એટલે **મનીષી**એ પોતાને દીક્ષા આપવા આચાર્યશ્રીને વિજ્ઞપ્તિ કરી. આચાર્યે કર્મવિલાસના રાજ્યનો પરિચય કરાવ્યો અને એના અખંડ સામ્રાજ્યનો વિસ્તાર બતાવ્યો. **મધ્યમબુદ્ધિ**ને રાજાની ઇચ્છાથી આચાર્યે ગૃહસ્થધર્મ બતાવ્યો અને તેની પાસે તે સ્વીકારાવ્યો.

પૃ. ૫૦૧-૫૧૨

પ્રકરણ ૧૫ મું-શત્રુમર્દનાદિનો આંતર પ્રમોદ. શત્રુમર્દન રાજાએ ઉત્સવ કરવા નિમિત્તે **મનીષી**ને જરા ઢીલ કરવા વિજ્ઞપ્તિ કરી. દીક્ષા લેનાર **મનીષી**એ દાક્ષિણ્યથી તે માગણી સ્વીકારી. રાજાએ દેવવિમાનની જેવી ઉત્તમ અદ્ભુત રચના કરાવી. સ્નાન કરીને મનીષીને અગ્રસ્થાન આપી શ્રી જિનબિંબને મહા અભિષેક તેની પાસે રાજાએ કરાવ્યો. રાજાએ **મનીષી**ના પ્રભુતાસ્થાનની ઉદ્‌ઘોષણા કરાવી અને મોટા આડંબર સાથે તેને નગરમાં પ્રવેશ કરાવ્યો. આખા નગરમાં ચોમેર આનંદ પસરી રહ્યો. **મનીષી**ના સ્નાન, ભોજન વિગેરે માટે બહુ સુંદર વ્યવસ્થા થઇ, પણ **મનીષી**નું મન એમાં જરા પણ આસક્ત બન્યું નહિ. રાજાએ આજનું કાર્ય સુંદર કરી આપવા માટે અને આચાર્યનો યોગ સાધી આપવા માટે સુબુદ્ધિમંત્રીને અભિનંદન આપ્યું.

પૃ. ૫૧૩-૫૨૩

પ્રકરણ ૧૬ મું-નિજવિલસિત ઉદ્યાનપ્રભાવ. હવે સુબુદ્ધિ મંત્રીને ઘરે સ્નાનાદિ કરી **મધ્યમબુદ્ધિ** પણ રાજા પાસે આવી પહોંચ્યો અને રાજા સાથે પોતાની મધ્યમ રૂપતાપર વિચાર ચલાવી રહ્યો. રાજાને મંત્રીએ **પ્રમોદશેખર** ચૈત્યનો અને **નિજવિલસિત** ઉદ્યાનનો પ્રભાવ કહી સંભળાવ્યો; બાળ જીવોપર ક્ષેત્રની અસર થતી નથી તે વાત પણ તેણે જણાવી દીધી; ક્ષેત્રપ્રભાવમાં સહકારી કારણો ક્યાં ક્યાં છે તે પર વિવેચન કર્યું અને કર્મવિલાસ રાજાના આખા પરિવારપર દૃષ્ટિપાત કરી નાખ્યો. **મનીષી**પર રાજાને બહુ પ્રેમ થયો, એને દીક્ષા સમય લંબાવવા ફરી માગણી કરી પણ સુબુદ્ધિએ જવાબ આપ્યો કે દીક્ષાની મહત્તા અદ્ભુત છે અને તે લેવાની ઇચ્છાવાળા આ સંસારના કીચડમાં રગદોળાતા નથી. રાજાએ દીક્ષાનો પ્રભાવ વિચારી અવસરયોગ્ય મહોત્સવ કરવા નિર્ણય કર્યો. પૃ. ૫૨૪-૫૩૪

પ્રકરણ ૧૭ મું-નિષ્ક્રમણોત્સવ- દીક્ષા-દેશના. **મનીષી**ની દીક્ષાનું મુહૂર્ત જોવરાવ્યું, આઠ દિવસ સુધી તન્નિમિત્તે મોટો ઉત્સવ કરવામાં આવ્યો. મોટી સવારી અને આખા રાજ્યના સરંજામની સાથે **મનીષી** બહાર નીકળ્યા. નગર નરનારીઓ ટોળાબંધ જોવા આવ્યા. સવારી **નિજવિલસિત** ઉદ્યાન તરફ ચાલી. એક પણ આનંદ કે આકર્ષણ પ્રસંગની અસર **મનીષી**ના ઉદાત્ત મનપર થઇ નહિ. રાજા પણ આ વાત ધારી ધારીને જોયા કરતો હતો, તેને વિર્યોલ્લાસ થયો અને અરસપરસ સંભાષણ થઇ ગયા પછી યોગ્ય વિચારણાને પરિણામે **શત્રુમર્દન** રાજા, **મદનકંદલી**, **સુબુદ્ધિ** મંત્રી અને અનેક નગરજનો દીક્ષા લેવા તૈયાર થઇ ગયા. રાજપુત્ર સુલોચનને રાજ્યચિહ્નો આપી સર્વ આચાર્ય પાસે આવ્યા. આચાર્યે પણ અવસરોચિત દેશના આપી. પછી શુભસુંદરીના છોકરાઓને ઓળખાવ્યા, **મધ્યમબુદ્ધિ**

...વા ઘણા બાળકો છે એમ જણાવ્યું અને છેવટે કર્તવ્યનો ઉપદેશ કર્યો; દુર્જનની સોબત ન કરવા ખાસ વિવેચન કર્યું. સર્વેએ દીક્ષા લીધી. મનીષી તેજ ભવે મોક્ષે ગયો, રાજા આદિ મધ્યમ જીવો દેવલોકે ગયા. પૃષ્ઠ ૫૩૫-૫૪૭

(સ્પર્શન કથાનક સંપૂર્ણ.)

પ્રકરણ ૧૮ મું-કનકશેખર. હવે અસલ વાર્તા આગળ ચાલે છે. પ્રકરણ ૩ જા સાથે સંબંધ છે. વિદુરે અંતર કથા કરી છે. વિદુર વાર્તા કહી રહ્યા પછી તેનો સાર કહેતાં કુસંગતિથી દૂર રહેવા કુમાર નંદિવર્ધનને ભલામણ કરતો આપણે હવે જોઇએ છીએ. નંદિવર્ધન સમજ્યો પણ જ્યાં વૈશ્વાનરની સંગતિ મૂકવાની વાત વિદુરે કહી ત્યાં તે ચમક્યો અને તતડાવીને વિદુરને એક તમાચો ખેંચી કાઢયો. વિદુર ગમ ખાઇ ગયો પણ પદ્મરાજાને તેણે જણાવ્યું કે નંદિવર્ધનને કુસંગત છૂટવી મુશ્કેલ છે.

નંદિવર્ધન હવે યુવાન થયો. તેને રહેવા માટે તેના પિતા પદ્મરાજાએ જૂદું વાસભુવન આપ્યું. ત્યાંથી તે દરરોજ પિતાને નમન કરવા સવારે જતો હતો. એક વખત પિતાને નમીને આવ્યો ત્યાર પછી તુરત જ ધવળ નામનો સેનાપતિ તેને પાછો તેડવા આવ્યો અને જણાવ્યું કે 'કુશાવર્તપુરના રાજા કનકચૂડનો પુત્ર નગર બહાર વનમાં આવ્યો છે તેને તેડી લાવવા રાજા સાથે કુમારે પણ સામે જવાનું છે.' કુમારે આજ્ઞા માથે ચઢાવી અને તપાસ કરતાં જાણ્યું કે કનકશેખર પોતાના મામાનો છોકરો થાય છે. કનકશેખરને ઉતારો નંદિવર્ધનના વાસભુવનમાં આપવામાં આવ્યો. પૃ. ૫૪૮-૫૫૩

પ્રકરણ ૧૯ મું-ખટપટી દુર્મુખ અને કનકશેખર. નંદિવર્ધન અને કનકશેખરને બહુ સારી મિત્રતા થઇ. એક વખતે નંદિવર્ધને કનકશેખરને આવવાનું કારણ પૂછ્યું એટલે કનકશેખરે પોતાની વાત નીચે પ્રમાણે કહી—

એક વખત દત્ત નામના જૈન સાધુ મારા નગર બહાર આવ્યા. તેમનો ઉપદેશ મને ઘણો સારો લાગ્યો. તેમને મેં ધર્મનો સાર પૂછતાં તેમણે અહિંસા, ધ્યાનયોગ, રાગાદિપર અંકુશ અને સાધર્મીપર પ્રેમ—એ ચાર વાત કહી. મને સાધર્મીપર પ્રેમની વાત ઘણી રૂચી અને કર્તવ્યરૂપે થઇ શકે તેવી લાગી. પિતાને જણાવીને સાધર્મીપર—જૈનીઓપર કર કાઢી નાખ્યો અને તેમને અનેક રીતે સહાય કરવા માંડી. લોકો પણ એથી ધર્મસન્મુખ વધારે થયા. અમારે ત્યાં એક દુર્મુખ નામનો ખટપટી કારભારી હતો તેણે રાજાના કાન ભંભેર્યાં, મારા બાળપણનો કેટલાક લોકો ગેરલાભ લેછે એમ જણાવ્યું, સરળ પિતાને એ ખટપટીએ ખોટે માર્ગે દોરવ્યા. પછી એ મારી પાસે આવ્યો અને સ્વામીવાત્સલ્યના ગેરલાભ કહેવા લાગ્યો. મેં તેના મુદ્દામ જવાબ આપ્યા. મારી મક્કમતા જોઇ દુર્મુખે બાજી બદલી નાખી પણ મને તેમાં ભેદ જણાયો એટલે મારા સેવક ચતુરને મેં તપાસ કરવા કહ્યું. તેણે તપાસ કરી જણાવ્યું કે દુર્મુખ તો જૈનો પાસેથી પણ કર લેછે અને પિતાશ્રીની તેને સંમતિ મળી છે. એ વાત જાણતાં મને ઘણો ખેદ થયો અને હું કુશાવર્તનગર છોડી અપમાન થવાને લીધે અહીં ચાલ્યો આવ્યો. પૃ. ૫૫૪-૫૬૩

પ્રકરણ ૨૭ મું-વિમલાનના અને રત્નવતી. ઉપરની વાત થયાને દશ દિવસ થયા ત્યાં તો કનકશેખરને તેડવા તેના પિતાના માણસો આવ્યા. નંદિવર્ધન અને કનકશેખર પદ્મરાજા પાસે આવ્યા. ત્યાં તો સુમતિ, વરાંગ અને કેશરિ [illegible] કનકશેખરના પિતાના પ્રધાનો બેઠા હતા તે કનકશેખરને નમ્યા. પછી વાત ઉપરથી સમજાયું કે કનકશેખરના વિદાય થયા પછી રાજા કનકચૂડ બહુ દુઃખી થયા, ચતુ- [illegible] કુમાર ગયાના સમાચાર જાણ્યા અને અનુમાનથી તે જયસ્થળે ગયેલ હશે એમ [illegible]. માતાએ ભોજનનો ત્યાગ કર્યો. રાજાએ દુર્મુખને દેશવટો આપ્યો. ને [illegible] બીજી વાત બની. વિશાળાનગરીના નંદનરાજા તરફથી એક દૂત [illegible] આવ્યો. એ નંદનરાજાને બે રાણીઓ હતી. તેમાં પ્રભાવતીથી વિમલાનના પુત્રી થઇ અને બીજી પદ્માવતીથી રત્નવતી પુત્રી થઇ. એ પ્રભાવતી [illegible] પ્રભાકર નામનો ભાઇ હતો જે કનકપુરનો રાજા હતો. એ ભાઇ બહેને સંતતિ [illegible] કર્યો હતો કે જો તેમને પુત્ર પુત્રી થાય તો તેમને વિવાહ સંબંધથી [illegible] વિમલાનના અને વિભાકર (પ્રભાકરના પુત્ર)નો સંબંધ થયો. [illegible] એમ કે વિમલાનનાએ કનકશેખરનું નામ જાણ્યું ત્યારથી તેનાપર [illegible] અને તેને જ વરવાનો નિશ્ચય કરી બેઠી હતી. તેના પિતાએ જોયું કે [illegible] પતિને વર્યા સિવાય જીવે તેમ નથી તેથી તેણે વિમલાનનાને [illegible] તેની સાથે તેની બહેન રત્નવતી પણ ત્યાં આવી. ત્યાં તો [illegible] કુમારના પિતા કનકચૂડને ચિંતા થઇ. તેથી પોતાના ત્રણે [illegible] તેડવા સારૂ જયસ્થળ નગરે મોકલ્યા હતા.

[illegible] આ વાત ત્રણે પ્રધાનોએ કરી હતી અને કનકશેખરને [illegible] તેની સાથે નંદિવર્ધનને પણ રત્નવતીનું પાણિગ્રહણ કરવા માટે [illegible] કરી. [illegible] સંમતિ લઇ પદ્મરાજાએ એ વાત સ્વીકારી અને [illegible]

પૃ. ૫૬૪-૫૭

પ્રકરણ ૨૮ મું-રૌદ્રચિત્તે હિંસા લગ્ન. નંદિવર્ધન ચાલ્યો ત્યારે તેની [illegible] ગયા. હવે રૌદ્રચિત્ત નગરમાં દુષ્ટાભિસન્ધિ [illegible] નામની રાણીથી હિંસા નામની પુત્રી થઇ હતી [illegible] માતા અવિવેકિતા હતી તે દ્વેષગજેન્દ્રની સ્ત્રી થાય [illegible]. નંદિવર્ધન કહે છે કે એ મારા મિત્રની માતા [illegible] રૌદ્રચિત્તપુરે થોડા વખતને માટે આવી હતી. [illegible] હિંસાદેવી સાથે રસ્તામાં લગ્ન અવિવેકિતા [illegible] વધારવાના હેતુથી વૈશ્વાનરે નંદિવર્ધનને સલાહ [illegible] મારી નાખવામાં સંકોચ ન કરવો જેથી હિ- [illegible] આ સલાહ નંદિવર્ધને માન્ય કરી અને [illegible] શરૂઆત કરી.

પૃ. ૫૭૧-૫૭૮

પ્રકરણ ૨૯ મું-[illegible] બહારવટીઆનો નાશ અને લગ્ન. નંદિવર્ધન [illegible] કનકશેખરના [illegible] કુશાવર્તપુરના સિમાડામાં એમ- [illegible] મોટી લડાઇ થઇ. તેમનો આગેવાન પ્રવરસેન

આખરે નંદિવર્ધન સાથે લડતાં પડ્યો અને એ વિજયનું માન પુણ્યોદયને ઘટતું હતું છતાં નંદિવર્ધને તો એ સર્વ માન દેવી હિંસાને આપ્યું. બન્ને કુમારો આનંદ પૂર્વક કુશાવર્તનગરમાં દાખલ થયા. વિમલાનનાનું લગ્ન કનકશેખર સાથે થયું અને રત્નવતી નંદિવર્ધન સાથે પરણી. પૃ. ૫૭૬-૫૮૨

પ્રકરણ ૨૩ મું-વિભાકર સાથે મહાયુદ્ધ. ઉપરના બનાવને ત્રણ દિવસ ગયા પછી વિમલાનના અને રત્નવતી નગર જોવા માટે બહાર નીકળ્યા. બગીચામાં ફરતા બન્નેનું કોઇએ હરણ કર્યું. મોટો શોરબકોર થઇ રહ્યો. નંદિવર્ધન અને કનકશેખરનું લશ્કર તેની પુંઠે પડ્યું. જણાયું કે એ કન્યાઓને હરી જનાર પ્રભાકર રાજાનો પુત્ર વિભાકર છે. વળી તેની સહાયમાં કલિંગ દેશનો રાજા સમરસેન અને વંગદેશનો રાજા દ્રુમ છે. બન્ને લશ્કર ભેગાં થતાં ભયંકર લડાઇ થઇ, કનકચૂડના લશ્કરમાં ભંગાણ પડવાની તૈયારી હતી તે વખતે નંદિવર્ધન ધુમ્યો, સમરસેનને શક્તિવડે ઠેકાણે પાડી દીધો, દ્રુમને અર્ધચંદ્ર બાણવડે ઠાર કર્યો અને બીજી બાજુએ કનકશેખરે વિભાકરને હરાવ્યો પણ જીવતો પકડી લીધો. વિજયનું આખું માન નંદિવર્ધનને મળ્યું. નંદિવર્ધને તે માન હિંસાદેવીની ક્રૂરતાને અને વૈશ્વાનરને આપ્યું અને મોટા વિજયના ભવ્ય દેખાવ સાથે તેનો નગરપ્રવેશ થયો. પૃ. ૫૮૨-૫૮૮

પ્રકરણ ૨૪ મું-કનકમંજરી. નગરપ્રવેશપ્રસંગે જ્યારે નંદિવર્ધનનો રથ રાજમહ પાસે આવ્યો ત્યારે તેણે ઝરૂખામાં કનકચૂડરાજાની પુત્રી-કનકશેખરની બહેન-કનકમંજરીને જોઇ અને જોતા જ તે તેના ઉપર આસક્ત થઇ ગયો. ચતુર સારથિ ચેતી ગયો-સમજી ગયો અને લોકની ફજેતી ન થાય માટે રથને હંકારી ગયો. નંદિવર્ધન મુકામે પહોંચ્યો અને એણે આખી રાત બહુ વ્યાકુળપણે ગુજારી. કનકમંજરીની સૌંદર્યલાવણ્યમય મૂર્તિ એના હૃદયપર ચોંટી રહી અને તેણે એને ગાંડો બનાવ્યો. સવારે સારથિ આવ્યો અને નંદિવર્ધને ઘણા ગોટા વાળ્યા પણ એણે ચતુરાઇથી નંદિવર્ધન પાસેથી વાત કઢાવી. તેણે છેવટે કહ્યું કે એ દુઃખનું ઔષધ તે જાણે છે એટલે નંદિવર્ધનની આતુરતા વધી પડી. સહજ મશ્કરી કરીને પછી સારથિએ વાત કરી કે જ્યારે તે કુંવર પાસે આવતો હતો ત્યારે તેને એક વૃદ્ધ દાસી કપિંજલા મળી, તેની પાસેથી તેની શેઠાણી દેવી મલયમંજરી અને કુંવરી કનકમંજરીના સંબંધમાં ગઇ રાત્રે શું બન્યું હતું તે પોતાના જાણવામાં આવી ગયું. વાત એમ બની કે સવારી પૂરી થતી વખત તે દાસીએ કનકમંજરીને તદ્દન સુંની અને એકાગ્ર ધ્યાનસ્થ સ્થિતિમાં જોઇ તેને બોલાવવા પ્રયત્ન કર્યો. આખરે થાકીને તેણે દેવી મલયમંજરીને ત્યાં બોલાવ્યા. અનેક બાહ્ય ઉપચારો કર્યા પણ કનકમંજરીની સ્થિતિ વધારે બગડતી ચાલી, એનો દાહજ્વર વધતો જ ચાલ્યો અને એ વધારે દુઃખી થતી જણાઇ. છેવટે એને ઠંડક માટે અગાશીમાં લઇ ગયા પણ એની સ્થિતિ વધારે વધારે બગડતી ચાલી રાણીએ કનકમંજરીની આ પ્રકારની સ્થિતિનું કારણ શોધવા માંડ્યું. નંદિવર્ધનને જોયા પછી એ સ્થિતિ કુંવરીની થઇ ગઇ છે એમ તેને બીજી દાસીએ કરેલા અવલોકનની વાતથી જણાયું હવે તેજ વખતે ત્યાં કનકમંજરીની મોટી બહેન મણિમંજરી આવી પહોંચી, તે હરખાતી દેખાઇ અને હરખનું કારણ પૂછતા જણાયુ કે તે તે વખતે કનકચૂડમહારાજા અને ભાઇ કનકશેખર પાસેથી આવી હતી, પિતાપુત્રે વાતચીત દરમ્યાન ગઇ કાલે નંદિ-

ર્ધનનો જયસ્થળ નગરમાં પ્રવેશ થયો અને તે બનાવથી વૈશ્વાનરહિંસાપર નંદિ૰નો પ્રેમ વધ્યો. પુણ્યોદયનો ખરો પ્રતાપ નંદિવર્ધને ઓળખ્યો નહિ. પૃ. ૬૧૮-૬૨૪

પ્રકરણ ૨૭ મું-દયાકુમારી. જયસ્થળ નગરમાં નંદિવર્ધન આવ્યો, વિદુરના કહેવાથી પદ્મરાજાને ખબર પડી કે હિંસાને પરણ્યા પછી કુમાર શિકારને વ્યસને ચઢી ગયો છે અને આખો વખત જીવને મારવામાં મજા માને છે. વૈશ્વાનર સાથે હિંસા પણ આવી છે એ જાણી રાજાને ખેદ થયો અને એનો ઉપાય શોધવા સારૂ ફરીવાર જિનમતજ્ઞ નિમિત્તિઆને બોલાવ્યો. તેણે કહ્યું કે ચિત્તસૌંદર્યનગરે શુભપરિણામ રાજા છે, તેની એક બીજી ચારૂતા રાણી છે, તેની દયા નામની દીકરી છે, તેની સાથે કુમારના લગ્ન થાય તો હિંસાની અસર જાય, પણ સાથે જણાવ્યું કે એ સર્વ અંતરંગ રાજ્યના પાત્રો છે અને લગ્ન તો જ્યારે કર્મપરિણામરાજાની કૃપા થાય ત્યારે થાય તેમ છે. કમને રાજાએ મૌન ધારણ કરવાની અને થાય તે જોયા કરવાની સલાહ માન્ય કરી. પૃ. ૬૨૫-૬૩૨

પ્રકરણ ૨૮ મું-વૈશ્વાનર હિંસાની ભયંકર અસરતળે. કેટલાક દિવસ પછી પદ્મરાજાએ નંદિવર્ધનને યુવરાજપદે સ્થાપવાનો નિશ્ચય કર્યો. શુભ દિવસે સર્વ તૈયારીઓ થઇ રહી. બરાબર તેજ વખતે એક દૂત આવ્યો. તેણે જણાવ્યું કે શાર્દૂલપુરના અરિદમન રાજાને મદનમંજૂષા નામની દીકરી છે તેના નંદિવર્ધન સાથેના વેવીશાળનું કહેણ દેવા તે આવ્યો હતો. રાજાએ મંત્રીઓની સલાહથી કહેણ સ્વીકાર્યું. ત્યાં નંદિવર્ધન અને દૂત સ્ફુટવચન વચ્ચે જયસ્થળ અને શાર્દૂલપુરના અંતરની વાત થઇ. સ્ફુટવચને ૨૫૦ યોજન કહ્યા અને નંદિવર્ધને એક આક ઓછું કહ્યું. દૂતે જાતે અંતર માપ્યું હતું તેથી તે મક્કમ રહ્યો. નંદિવર્ધનને એથી અપમાન લાગ્યું. પોતે તો કોઇ પાસે સાંભળ્યું હતું તે વીસરી ગયો અને વૈશ્વાનરની અસર તળે આવી ગયો. તે વખતે પુણ્યોદય રીસાઇ ચાલ્યો ગયો. નંદિવર્ધને તરવારના એક ઝટકાથી દૂતના બે કટકા કરી નાખ્યા, પિતા વચ્ચે પડ્યા તેને પણ તરવારથી મારી નાખ્યા, રડતી માતાપર તેજ તરવારનો ફટકો મારી તેને દેવલોક પહોંચાડી દીધી, મણિમંજરીને તેના પતિ શીલવર્ધનને અને દેવી રત્નવતીને એક પછી એક વચ્ચે પડવા માટે ઠાર કર્યાં અને છેવટે દેવી કનકમંજરીનું પણ ખૂન કર્યું. રંગમાં ભંગ પડ્યો, યૌવરાજ્ય મહોત્સવ તો દૂર રહ્યો પણ બીજાં અનેક ખૂન કર્યાં, લોકોએ પકડી તેને આખરે કેદખાનામાં નાખ્યો. એક માસ ત્યાં રહ્યો, ભૂખ્યા તરસ્યા દિવસો કાઢ્યા, રાત્રે અકસ્માત્ બંધ ઉંદરવડે તૂટ્યા, બહાર આવી આખા નગરને સળગાવી મૂક્યું અને ચોતરફ કળકળાટ રાડો અને બૂમો વચ્ચે નંદિવર્ધન ભાગ્યો.

પૃ. ૬૩૩-૬૪૧.

પ્રકરણ ૨૯ મું-ખૂની ક્રોધીનો રખડપાટો. નંદિવર્ધને નાસતાં નાસતાં જંગલમાં આગળ ચલાવ્યું. ભૂખથી થાકથી આખરે તે પડ્યો, બેભાન થયો, ભીલ લોકોએ તેને હૃષ્ટપુષ્ટ જાણીને વેચવા માટે ઉપાડ્યો અને કનકપુર નજીકની પલ્લીમાં તેને ઉપરી પાસે આણ્યો. ઉપરીએ તેને એક ભીલને સોંપ્યો અને તેને સારી રીતે ખવરાવી પીવરાવી વેચવા સારૂ જાડો બનાવવા કહ્યું. તે ભીલ તેને ઘરે લઇ આવ્યો. એટલે પાછો એ (નંદિવર્ધન) તો ગાળો કાઢવા લાગ્યો. પરિણામે ખૂબ માર ખાધો.

પ્રકરણ ૩૨ મું-ત્રણ કુટુંબો. ક્ષમા માનત્યાગ વિગેરે પ્રથમ અંતરંગ કુટુંબ છે, ક્રોધ, રાગદ્વેષાદિ બીજું અંતરંગ કુટુંબ છે અને બાહ્ય માતપિતાદિનું ત્રીજું બાહ્ય કુટુંબ છે. પ્રથમ કુટુંબ સ્વાભાવિક છે, બીજું આગંતુક છે પણ દોર એવો ચલાવે છે કે સામ્રાજ્ય પ્રાપ્ત કરી બેઠો છે અને ત્રીજું કુટુંબ તો તદ્દન અસ્થિર છે. પ્રથમ કુટુંબ દબાયલી સ્થિતિમાં રહે છે ત્યાં સુધી પ્રાણી ઊંચો આવતો નથી, બીજાને હઠાવી પ્રથમનો જય થાય ત્યારે પ્રાણી પ્રગતિ કરે છે અને આખરે સિદ્ધ થાય છે. બન્ને અંતરંગ કુટુંબના ગુણદોષના જ્ઞાનની અત્યંત જરૂર છે અને તે જ્ઞાન સાથે વર્તન હોય ત્યારે સાધ્ય સાધી શકાય છે. બન્ને અંતર કુટુંબો વચ્ચે અનાદિ કાળથી યુદ્ધ ચાલ્યા કરે છે, તેમાં નિર્દય સંહાર ચાલે છે અને પરિણામો જાણવા જેવા નિપજાવી શકાય છે. બીજા અંતર કુટુંબને ઓળખી તેનો નિર્દયપણે નાશ કરવાની ખાસ જરૂર છે. ત્યાગ પહેલા તૈયારી કરવાની જરૂર છે અને પોતાની શક્તિ માટે બરાબર ખ્યાલ રાખવાની જરૂર છે. બીજા કુટુંબના વિજય વગર બાહ્ય કુટુંબનો ત્યાગ નકામો છે.

પૃષ્ઠ ૬૭૦-૬૭૯.

પ્રકરણ ૩૩ મું-અરિદમનનું ઉત્થાન. ત્રણ કુટુંબની વાત સાંભળી અરિદમન રાજાને તો વિચાર થઇ પડયો. તે સહૃદય હતો. આચાર્યે પણ વખત જોઇને વાત આગળ ચલાવતા રહ્યા હતા. તેઓશ્રી પ્રથમ કુટુંબનો સ્વીકાર, બીજા પરનો વિજય અને ત્રીજાના ત્યાગની વાત નવા નવા આકારમાં કરતા ચાલ્યા. પછી તેમણે તત્ત્વજ્ઞાનની જરૂરીઆત સવિશેષપણે કરી અને તે વગર ત્યાગ કે વિજયની અશક્યતા જણાવી. રાજા અરિદમન જાગ્યો, દીક્ષા લેવા ઉધુક્ત થયો, સાથે બુદ્ધિશાળી પ્રધાન વિમળમતિ પણ તૈયાર થઇ ગયો અને અંતઃપુરની સન્નારીઓ, અન્ય રાજપુરૂષો અને જનસમાજનો કેટલોક ભાગ પણ ત્યાગ કરવા-દીક્ષા લેવા તૈયાર થઇ ગયો. પ્રસંગાનુરૂપ આત્મમહોત્સવ થયો અને અનેક લઘુકર્મી જીવો સાથે રાજાની દીક્ષા થઇ.

પૃ. ૬૮૦-૬૮૩

પ્રકરણ ૩૪ મું-નંદિવર્ધન મરણ-ઉપસંહાર. નંદિવર્ધન-સંસારીજીવ હો તે નો તે જ રહ્યો. એને તો વિવેક કેવળીની વાતો ટાયલા જેવી લાગી, પોતાની વગોવણી કરનાર આચાર્ય તરફ ઘૃણા ઉત્પન્ન થઇ અને સભા વિસર્જન થતાં તે ત્યાંથી વિજયપુરને માર્ગે નિકળ્યો. રસ્તે વિજયપુરનો રાજકુંવર ધરાધર મળ્યો. તે પણ ક્રોધી હતો. બન્નેને નજીવી બાબતમાં બોલાચાલી થતાં લડાઇ થઇ, પરસ્પર ઘા માર્યા અને આખરે કપાઇ મુઆ. નંદિવર્ધન અને તે મરીને છઠ્ઠી નરકે ગયા. ત્યાં પણ ખૂબ લડ્યા. પછી નંદિવર્ધન સર્પ થયો, પાંચમી નરકે ગયો. પછી સિંહ થયો, ચોથીએ ગયો. પછી બાજ થયો, ત્રીજી નરકે ગયો. નોળીઓ થયો, બીજી નરકે ગયો. અને દરેક સ્થાને અને ખાસ કરીને નારકી તરીકે બહુ દુઃખ પામ્યો. હિંસાવૈશ્વાનરના વિપાક અનુભવી આખરે શ્વેતપુરે આહેર થયો, ત્યાં કાંઇક અકામ નિર્જરા થઇ અને ગુણપ્રાપ્તિ થઇ ગઇ. હેવી ભવિતવ્યતાએ આખરે સંસારીજીવને સિદ્ધાર્થપુરે જવા આદેશ આપ્યો અને પુણ્યોદયને તેનો સહચર બનાવ્યો. સિદ્ધાર્થપુરનું તેનું જીવન ચોથા પ્રસ્તાવમાં વિસ્તરાશે.

પૃ. ૬૮૪-૬૯૨.




પ્રસ્તાવ પ્રથમ.

પ્રસ્તાવ બીજો.

પ્રસ્તાવ ત્રીજો.

ઇતિ સ્પર્શન કથા



किं हारैः किमु कङ्कणैः किमसमैः कर्णावतंसैरलं,
केयूरैर्मणिकुण्डलैरलमलं साडम्बरैरम्बरैः ।
पुंसामेकमखण्डितं पुनरिदं मन्यामहे मण्डनं,
यन्निष्पीडितपार्वणामृतकरस्यन्दोपमाः सूक्तयः ॥

"ગળાના હારથી શું અને હાથના કંકણોથી શું? નાનાં મોટાં
"કાનનાં ઘરેણાંથી શું અને બાજુબંધથી શું? હીરાના કુંડળથી શું અને
"ભારે ભારે કપડાઓથી શું? એ સર્વથી સર્યું! અમારી માન્યતા પ્રમાણે
"તો પુરુષોનું અખંડ ઘરેણું એકજ છે અને તે અમૃતકિરણથી ભરેલા
"પૂર્ણચંદ્રને દાબીને કાઢેલા રસના ઝરણા સાથે સરખાવી શકાય તેવી
"પંડિતની ઉક્તિ (વાણી) છે.

—સુભાષિત.

खिन्नं चापि सुभाषितेन रमते स्वीयं मनः सर्वदा,
श्रुत्वान्यस्य सुभाषितं खलु मनः श्रोतुं पुनर्वाञ्छति ।
अज्ञाञ्ज्ञानवतोऽप्यनेन हि वशीकर्तुं समर्थो भवेत्,
कर्तव्यो हि सुभाषितस्य मनुजैरावश्यकः सङ्ग्रहः ॥

"મન ગમે તેટલું નારાજ થયેલું હોય કે થાકી ગયેલું હોય પણ
"સુભાષિતવડે તે રમવા–આનંદ કરવા મંડી જાય છે; અન્ય સુંદર વાત
"કરે તો વારંવાર સાંભળવા ઇચ્છા થયા કરે છે; એનાથી જ્ઞાની અને
"અજ્ઞાની વશ થઇ જાય છે; તેટલા માટે માણસે સુભાષિત (સારા
"લેખ કે કાવ્ય)નો જરૂર સંગ્રહ કરવો.

—સુભાષિત.

सत्यं तपो ज्ञानमहिंसता च, विद्वत्प्रणामं च सुशीलता च ।
एतानि यो धारयते स विद्वान्न केवलं यः पठते स विद्वान् ॥

"જે પ્રાણી સત્ય બોલે છે, તપ આચરે છે, જ્ઞાન ધારણ કરે છે,
"અહિંસા પાળે છે, વિદ્વાનને (નમ્રતાથી) નમે છે, ઉત્તમ વર્તન રાખે
"છે તે **વિદ્વાન** છે, માત્ર જે ભણી બોલી જાય તે ખરો વિદ્વાન નથી.

—પ્રાચીનાઃ

मानुष्यं विफलं वदन्ति हृदयं व्यर्थं वृथा श्रोत्रयो-
र्निर्माणं गुणदोषभेदकलनां तेषामसंभाविनी ।
दुर्वारं नरकान्धकूपपतनं मुक्तिं बुधा दुर्लभां,
सार्वज्ञसमयो दयारसमयो येषां न कर्णातिथिः ॥

"સર્વજ્ઞ આગમ જે દયા રસથી ભરપૂર છે તે જેના કર્ણગોચર
"થતો નથી તેનો મનુષ્યજન્મ ડાહ્યા માણસો નકામો ગણે છે, તેના
"કાનો નિરર્થક છે, તેવાને સારા ખરાબનો વિવેક અસંભવીત છે,
"તેઓને નરકના અંધ કુવામાં પડવું અનિવાર્ય છે અને મુક્તિ તેઓને
"માટે દુર્લભ છે."

—સિંદુરપ્રકર.

શ્રી

ઉપમિતિ ભવપ્રપંચા કથા.

પ્રથમ પ્રસ્તાવ.

અવતરણ.

જયજયવંતી (રાગ)

ધર્મકે વિલાસ વાસ, જ્ઞાનકે મહા પ્રકાસ
દાસ ભગવંત કે, ઉદાસભાવ લગે હૈ.
સમતા નદી તરંગ, અંગહી ઉપંગ ચંગ;
મજજન પ્રસંગ રંગ, અંગ ઝગમગે હૈ. ધર્મકે. ૧
કર્મકે સંગ્રામ ઘોર, લરે મહામોહ ચોર;
જોર તાકો તોરવેકું, સાવધાન જગે હૈ.
શીલકો ધરી સન્નાહ, ધનુષ મહા ઉત્સાહ,
જ્ઞાન ધ્યાન કે પ્રવાહ, સબ વેરી ભગે હૈ. ધર્મકે. ૨
આયોહે પ્રથમ સેન, કામકો ગયો હે રેન,
હરિ હર બ્રહ્મ જેણે, એકલેને ઠગે હૈ.
ક્રોધ માન માયા લોભ, સુભટ મહા અખોભ;
હારે સોચ છોડ થોભ, સુખ દેઇ ભગે હૈ. ધર્મકે. ૩
નોકષાય ભયે ખીન, પાપકો પ્રતાપહીન;
ઉરભટ ભયે દીન, તાકે પગ ડગે હૈ.
કોઉ નહિ ભયે ઠાઢે, કર્મ જો મિલે તે ગાઢે;
ચરનકો જીહાં કાઢે, કરવાલ નગે હૈ. ધર્મકે. ૪
જગત્રય ભયો પ્રતાપ, તપત અધિક તાપ;
તાતે નહિ રહી ચાપ, અરિ તગતગે હૈ.
સુજસ નિસાન સાજ, વિજય વધાઇ લાજ;
ઐસે મુનિરાજ, તાકું હમ પાય લગે હૈ. ધર્મકે. ૫

શ્રી યશોવિજય.

અવધુ નટ નાગરકી બાજી, જાણે ન બાંભણ કાજી. અવધુ.
થિરતા એક સમયમેં ઠાને, ઉપજે વિણસે તબહી;
ઉલટ પુલટ ધ્રુવ સત્તારાખે, યા હમ સુની ન કબહી. અવધુ. ૧
એક અનેક અનેક એક કુની, કુંડળ કનક સુભાવે;
જલતરંગ ઘટ માટી રવિકર, અગનિત તાહી સમાવે. અવધુ. ૨
હૈ નાંહિ હૈ વચન અગોચર, નયપ્રમાણ સતભંગી;
નિરપખ હોય લખે કોઇ વિરલા, કયા દેખે મતજંગી. અવધુ. ૩
સર્વમયી સરવંગી માને, ન્યારી સત્તા ભાવે;
આનંદઘન પ્રભુ વચન સુધારસ, પરમારથ સો પાવે. અવધુ. ૪

યોગી આનંદઘન.

ॐ परमात्मने नमः

ઉપમિતિ ભવપ્રપંચા કથા.*

ગુજરાતી અવતરણ.

સિદ્ધર્ષિ ગણિની પ્રસ્તાવના.

†નમસ્કાર અને મંગળાચરણ.

"જે પરમાત્માએ મહામોહની સર્વ ઠંડી[1] પીડાઓનો નાશ કર્યો છે અને જે લોકાલોકનાં વિશુદ્ધ દર્શન કરાવવા માટે સૂર્ય સમાન છે તે પરમાત્માને નમસ્કાર થાઓ. જે પરમાત્મા શુદ્ધ ધર્મમાં રત છે, જેઓ સ્વરૂપસ્વભાવની પરાકાષ્ઠાએ પહોંચી ગયા છે અને જે મહાસત્ત્વોની મૂર્તિ સાંસારિક [2]વિકારના વિસ્તારથી દૂર થઇ ગયેલી છે એટલે કે જેમના સર્વે વિકારો નાશ પામી ગયા છે તે પરમાત્માને નમસ્કાર થાઓ.

"નાભિ રાજાના પુત્ર શ્રી આદિનાથ ભગવાન્ (ઋષભદેવ સ્વામી) જેઓએ સ્વર્ગ, મૃત્યુ અને પાતાળના જીવોને ત્રાસ આપનાર

---

* જે કથામાં સંસાર (ભવ)ની ઘુંચવણોનો અંદરથી રહસ્ય તરીકે સમજાવટ નીકળે છે તે કથા. પ્રથમ પ્રસ્તાવ ઉપોદ્ઘાત રૂપે છે, તેમાં પણ પ્રથમનો ભાગ પ્રસ્તાવના જેવો છે. ભાષાન્તર અક્ષરે અક્ષર કર્યું નથી, પણ અવતરણરૂપ છે. આ સંબંધી વિશેષ હકીકત માટે જુઓ અવતરણકારનો ઉપોદ્ઘાત.

† ગ્રંથની નિર્વિઘ્ન સમાપ્તિ માટે મંગળાચરણ કરવાનો સંપ્રદાય પ્રથમથી ચાલ્યો આવે છે.

1 મોહની પીડાને ઠંડી પીડા ગણવામાં આવી છે, કારણ કે પ્રેમથી ત્યાં પીડા થાય છે. પરિણામે પીડામાં સો ઉકળાટજ થાય છે, પણ તેનું કારણ ઠંડું છે. યાદ રાખવું જોઇએ કે ઠંડી પીડા હમેશાં વધારે સખ્ત હોય છે અને તે બહુ ત્રાસ આપે છે. ગરમીના હજારો ઉપાય છે, શરદીનો ઉપાય નથી.

2 મોક્ષમાં જવા પછી-પરમાત્મસ્વરૂપ પ્રાપ્ત થયા પછી ઇંદ્રિયના કે મનના કોઇ પણ પ્રકારના વિકારો રહેતા નથી એ ભાવના હૃદયમાં સ્થિત કરવા જે પરમ પુરુષોએ પોતાના વિકારો દૂર કર્યા છે તેમને શરૂઆતમાં નમસ્કાર કર્યો છે.

[illegible] કેસરી સિંહનો નાશ કરી નાખ્યો છે અને જેઓ શાંતરસ [illegible] તૃપ્ત થયેલા છે તેઓશ્રીને મારો નમસ્કાર હો.

[illegible] શ્રી અજિતનાથથી ત્રેવીશમા શ્રી પાર્શ્વનાથ પર્યંતના [illegible] જેઓએ દ્વેષ નામના હાથીરૂપ શત્રુનાં [illegible] છે તે સર્વને નમસ્કાર થાઓ.

[illegible] શ્રી વીર પરમાત્મા જેમણે પોતાના સર્વ દોષ [illegible] મિથ્યા દર્શનને કાપી નાખ્યું છે, જેમણે [illegible] વિજય મેળવ્યો છે અને જેમના શ- [illegible] નમસ્કાર થાઓ.

[illegible] (જેનું વર્ણન આ ગ્રંથમાં આગળ બહુ [illegible] પ્રાણીઓને સંતાપ આપનાર થાય છે [illegible] મહાત્માએ હણી નાખ્યું હોય [illegible]

[illegible] જ્ઞાનની વાણી જે સર્વ વસ્તુઓ (પદાર્થો)ના

[illegible] 'રસ'—[illegible] મુખ્ય આવિર્ભાવ છે. [illegible] તે વાત મુખ્યપણે બતાવવા આ [illegible]

[illegible] ઉપસર્ગો હોતાં નથી આવતા [illegible] શત્રુ-એનો અર્થ કરીએ [illegible] અન્યત્ર પણ આપેલી છે.

[illegible] મિથ્યા દર્શન દૂર કરવાથી અનેક [illegible] સર્વથી વધારે મુશ્કેલ [illegible]

[illegible]

વિચાર કરી શકે છે. અને જે વસ્તુસમુદ્રના બન્ને કાંઠા સુધી પહોંચી જાય છે તેમજ જે સર્વ પાપોને ધોઇ નાખે છે તેને હું નમસ્કાર કરૂં છું.

"સરસ્વતી દેવી જે[1] પોતાના ચંદ્ર જેવા સુંદર અને ગોળ મુખનાં કિરણોથી વિકસિત થયેલ કમળને અચિન્ત્ય તેજથી હાથમાં ધારણ કરે છે તેને નમસ્કાર કરૂં છું.

"મારા જેવો (સામાન્ય મનુષ્ય) પણ જે ગુરુ મહારાજના[2] પ્રભાવથી અન્યને ઉપદેશ દેવા તત્પર થઇ જાય છે તે ગુરુ મહાત્માને ખાસ કરીને નમસ્કાર થાઓ."

આવી રીતે નમસ્કાર-મંગળાચરણ કરવાથી ગ્રંથ પૂર્ણ કરવામાં આવતી મારી મુશ્કેલીઓ શાંત થઇ ગઇ છે. હવે હું આકુળતા રહિત થઇ સ્વસ્થપણે મારે કહેવાની વસ્તુનો પ્રસ્તાવ જણાવું છું.

* * *

આમુખમાં ઉપદેશ.

અતિ મુશ્કેલીથી પ્રાપ્ત થઇ શકે એવું દુર્લભ મનુષ્યપણું પામીને તેમજ શુભ કર્મોના ઉદયથી કુળ વિગેરે સારી [3]અનુકૂળતાઓ પ્રાપ્ત કરીને ભવ્ય પ્રાણીએ તજવા યોગ્ય ભાવોનો ત્યાગ કરવો જોઇએ, કરવા યોગ્ય કર્મો કરવાં જોઇએ, પ્રશંસા કરવા યોગ્ય બાબતો અથવા ભાવોનાં વખાણ કરવાં જોઇએ અને સાંભળવા યોગ્ય બાબતો સાંભળવી જોઇએ. (આ પ્રમાણે હેય, કર્તવ્ય, શ્લાઘ્ય અને શ્રોતવ્ય એ ચાર બાબત પર ધ્યાન આપવાનું કહ્યું તે ચારનું કાંઇક વિશેષ વર્ણન કરે છે. આ ચારે બાબતો મુમુક્ષુએ બરાબર વિચારવા યોગ્ય છે.)

જે કાંઇ ચિત્તની સહજ પણ મલિનતા કરે તેવું હોય અને મોક્ષને અટકાવે તેવું હોય-પછી તે મન સંબંધી હોય, વચન સંબંધી હોય કે શરીર સંબંધી હોય-તે સર્વને જે પ્રાણી પોતાનું હિત કરવા ઇચ્છતો હોય તેણે તજી દેવું જોઇએ. (આ હેય ભાવ વિચારણા થઇ.)

---

૧ સરસ્વતીને વાણીની દેવી ગણવામાં આવેલ છે, તેના હાથમાં પદ્મ-કમળ આપવામાં આવેલ હોય છે. ચંદ્ર જેવા ગોળ અને આકર્ષક મુખમાંથી તે દેવીનું તેજ હાથમાં રહેલ કમળ પર પડે છે તે ભાવ અત્ર બતાવ્યો છે.

૨ આવી રીતે તીર્થંકર મહારાજ, સિદ્ધના જીવો, વાગ્દેવી અને ગુરુને નમસ્કાર કરી ગ્રંથની શરૂઆત બહુ સારી રીતે કરવા માટે પ્રથમ મંગળાચરણ કરે છે. આ શિષ્ટાચાર બહુ આકર્ષણીય અને અનુકરણીય છે.

૩ અનુકૂળતાઓ અનેક પ્રકારની છે. આર્યક્ષેત્ર, ઉત્તમ કુળ, શરીર નીરોગ, પંચેન્દ્રિયપટુત્વ, બુદ્ધિ, શ્રદ્ધાનુશક્તિ, સદ્ગુરુનો જોગ, તત્ત્વ શ્રવણેચ્છા, આળસાદિ કાઠિયાનો નાશ વિગેરે વિગેરે.

જે કર્મ કરવાથી મન [1]મોતીની માળા, બરફ, ગાયનું દુધ, ડોલ રનું પુષ્પ કે ચંદ્ર જેવું નિર્મળ થાય તેવું કર્મ બુદ્ધિવાન્ માણસોએ કરવું જોઇએ (આ કર્તવ્ય વિચારણા થઇ.)

વિશુદ્ધ અંતરાત્માવડે ત્રણ લોકના નાથ, તેમનો બતાવેલો સદ્ધ અને તેને આદરનાર મહાસત્ત્વોનાં નિરંતર વખાણ કરવાં, તેઓન વારંવાર પ્રશંસા કરવી. (સુદેવ,[2] સુગુરુ અને સુધર્મની પ્રશંસા કરવાન અત્ર જરૂર બતાવી શ્લાઘ્ય વિચારણા કરી.)

સર્વ દોષોનો નાશ કરવા માટે શ્રદ્ધાથી શુદ્ધ થયેલ બુદ્ધિપૂર્વક સર્વજ્ઞ મહારાજનાં કહેલાં વચનો ભાવપૂર્વક સારી રીતે સાંભળવાં (અત્ર શ્રોતવ્ય વિચારણા થઇ.)

આ ચારમાંથી શ્રોતવ્ય હકીકત સાંભળવી જોઇએ, કારણ કે તેથી જગતના પ્રાણીઓનું હિત થાય છે, તેથી સર્વજ્ઞ મહારાજનું વચન અત્ર શ્રોતવ્ય વિભાગમાં પ્રસ્તુત ગણવામાં આવ્યું છે. એ પ્રમાણે હોવાથી મહામોહ વિગેરે અંતરંગ શત્રુનો નાશ કરનારી અને આ સંસારનો વિસ્તાર બતાવનારી આ કથા કહેવામાં આવે છે.

શ્રોતવ્યમાં સર્વજ્ઞવચન.

શ્રોતવ્ય વિભાગમાં સર્વજ્ઞવચન કેવા ભાવ બતાવે છે તેનો વિચાર કરતાં જણાશે કે તે પાંચ આશ્રવના[3] મહાદોષો, પાંચ ઇંદ્રિયો,[4] મોહના આવિર્ભાવરૂપ ચાર કષાયો[5] તથા મિથ્યાત્વ અને રાગદ્વેષરૂપ અંતરંગ લશ્કરના દોષોને બતાવે છે. એ આશ્રવ ઇંદ્રિય, કષાય વિગેરે અંતરંગમાં રહી આ પ્રાણીને કેટલો સંસારમાં રખડાવે છે તેનું સ્વરૂપ 'સર્વજ્ઞ-

---

૧ मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः સંસારબંધન અને મોક્ષનું કારણ મન હોવાથી તે બહુ અગત્યનો ભાગ કર્તવ્ય વિચારણામાં બજાવે છે. એને પવિત્ર કરવાની અને તેના પર અંકુશ રાખવાની બહુ જરૂર છે અને તેને જ્યાં ત્યાં ચંચળપણે ભટકતું અટકાવવાની ખાસ આવશ્યકતા છે.

૨ સમ્યક્ત્વની યોજનામાં સુદેવ, સુગુરુ અને સદ્ધર્મની જરૂરીઆત મુખ્યપણે છે. એને બરાબર ઓળખવા, આદરવા અને સદહવા એ સમ્યકત્વ છે કે જે યોગમાં બહુ આગળ પડતો ભાગ લે છે.

૩ અન્ય જીવને દુઃખ ઉપજાવવું, તેનો પ્રાણનાશ કરવો તે પ્રાણાતિપાત; અસત્ય વચન બોલવું તે મૃષાવાદ; પારકી વસ્તુ લઇ લેવી તે અદત્તાદાન; પર સ્ત્રીમાં વિષયાસક્તિ તે મૈથુન અને વસ્તુ, ધન, હવેલી પર મૂર્છા તે પરિગ્રહ. આ પાંચ આશ્રવ કહેવાય છે અને તેથી બહુ દોષો ઉત્પન્ન થાય છે. કર્મ ગ્રહણ કરવાના માર્ગો-પ્રણાલિકા-નરનાળોને આશ્રવ કહેવાય છે.

૪ સ્પર્શન, રસ (જિહ્વા), નાસિકા, ચક્ષુ અને શ્રોત્ર-એ પાંચ ઇંદ્રિયો છે અને તેના વિષયો કેટલા અને કેવી રીતે કામ કરનારા છે તે સર્વજ્ઞવચન બતાવે છે.

૫ ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયો છે, સંસારને વધારનાર છે અને બહુ રીતે ત્રાસ આપનાર છે. આ પાંચ આશ્રવ પાંચ ઇંદ્રિય અને ચાર કષાય પર બહુ વિસ્તારથી [illegible] આ ગ્રંથના આવતા

વચન' સ્પષ્ટ રીતે બતાવે છે. તેમજ જ્ઞાન, દર્શન, ચારિત્ર, સંતોષ, પ્રશમ, તપ, સંયમ, સત્ય વિગેરે કરોડો લડવૈયાવાળું બીજું અંતરંગ લશ્કર છે તેના ગુણસમૂહની શ્રેષ્ઠતા પણ 'સર્વજ્ઞવચન' પગલે પગલે બતાવે છે. એક બાજુએ જ્યારે તે વચન મોહ મિથ્યાત્વરૂપ અંતરંગ લશ્કરના દોષો બતાવે છે ત્યારે બીજી બાજુએ શમ સંયમરૂપ અંતરંગ લશ્કરના ગુણો બતાવે છે. આ ભવ (સંસાર)નો પ્રપંચ એકેંદ્રિય આદિ જાતિમાં કેવા પ્રકારનો થાય છે, તે કેવી રીતે દુઃખરૂપ છે અને કેવી રીતે અનંત કાળ સુધી ચાલ્યા કરે છે તે સર્વ હકીકત પણ સર્વજ્ઞવચન બહુ સારી રીતે બતાવે છે. આવી મહાન્ મહાન્ ભીંતનો સુંદર ટેકો મેળવીને મારા જેવો કાંઇ બોલે (લખે) તે સર્વજ્ઞસિદ્ધાન્તનાં નિઝરણાં છે એમ સમજવું. (આ વાર્તા શ્રોતવ્યમાં સમાય છે એમ અત્ર બતાવ્યું.)

* * *

'કથા' સંબંધી વિચારો.

લોકમાં અર્થ સંબંધી, કામ સંબંધી, ધર્મ સંબંધી અને સંકીર્ણ (અર્થ, કામ અને ધર્મ મિશ્ર) એમ ચાર પ્રકારની કથા કહેવાય છે. સામાદિ[1] નીતિ સંબંધી, ધુસ્તર વિદ્યા ને કૃષિ વિદ્યાના વિષયોને બતાવનારી અને ધન ઉપાર્જન કરવાની બાબતોથી ભરેલી કથાને અર્થકથા કહેવામાં આવે છે; એ કથા મનને ખરાબ કરનારી હોવાથી પાપ સાથે સંબંધ કરાવનારી છે અને તેટલા માટે તેને દુર્ગતિના માર્ગ પર લઇ જનારી ગણવામાં આવે છે. વિષયનું ગ્રહણ થાય એવો અર્થ જેમાં સમાયલો હોય તે, વય[2] અને દાક્ષિણ્યનું સૂચવન કરનારી અને પ્રેમ તથા ચેષ્ટાથી ઉત્પન્ન થતી કથાને કામકથા કહેવામાં આવે છે; એ કથા પણ અત્યંત મલિન વિષયો ઉપર રાગને વધારનારી અને વિપર્યાસ (ઉલટાપણું) કરાવનારી હોવાથી દુર્ગતિની હેતુ થાય છે. જે કથા, દયા, દાન, ક્ષમા આદિ ધર્મનાં અંગોમાં ખ્યાતિ પામેલી હોય છે અને જેમાં ધર્મ

---

૧ વ્યવહારમાં ફતેહ મેળવવા માટે કેટલીક નીતિઓ ઉપયોગી ગણવામાં આવી છે. મુખ્ય ચાર નીતિ ગણાય છે. સામ (અન્યને મીઠાં વચને સમજાવવું), દામ (પૈસા સંબંધી લાલચ આપવી), દંડ (શિક્ષાનો ભય બતાવવો-દમ આપવો) અને ભેદ (શિક્ષા કરવી).

૨ વય-ઉમર સ્થાને પાઠાંતરે વચન શબ્દ પણ છે. વચન અથવા વયને કામકથા સાથે ખાસ સંબંધ શું છે અને તે વયનું દાક્ષિણ્ય બતાવે છે કે અન્ય અર્થમાં ગ્રંથકારે એ વાક્ય વાપર્યું છે તે બરાબર સ્પષ્ટ થતું નથી.

કેવી રીતે આદર કરવા યોગ્ય છે તે હકીકતનો સમાવેશ કરવામાં આવ્યો હોય છે તે કથાને ડાહ્યા માણસો ધર્મકથા કહે છે; આ કથા ચિત્તને નિર્મળ કરનારી હોવાથી પુણ્યનો બંધ અને કર્મની નિર્જરાને[1] કરે છે, તેથી તેને સ્વર્ગ અને મોક્ષના કારણભૂત સમજવી. જે કથા અનેક પ્રકારના [2]રસ યુક્ત ધર્મ, અર્થ, કામ એ ત્રણે વર્ગના સાધનભૂત ઉપાયોનું પ્રતિપાદન કરનારી હોય છે તેને સંકીર્ણ કથા કહેવામાં આવે છે. વિચિત્ર પ્રકારના અભિપ્રાયને બતાવનાર આ કથા અનેક પ્રકારનાં જૂદાં જૂદાં ફળ આપનારી છે અને પ્રાણીઓને વિદ્વાન્ બનાવવામાં હેતુભૂત થાય છે.

* * *

શ્રોતાના પ્રકાર.

આ કથાઓના સાંભળનાર શ્રોતાઓ પણ ચાર પ્રકારના મનુષ્યો હોય છે તેનું લક્ષણ ટુંકામાં કહું છું તે સાંભળો: માયા, શોક, ભય, ક્રોધ, લોભ, મોહ અને મદથી યુક્ત જે પ્રાણીઓ 'અર્થકથા' સાંભળવા ઇચ્છે છે તેને તામસી પ્રકૃતિવાળા અધમ મનુષ્યો જાણવા. જે પ્રાણીઓનું મન રાગમાં રાચી માચી રહેલું છે અને જેઓ વિવેકથી રહિત છે તેવા રાજસી પ્રકૃતિવાળા પુરુષો 'કામકથા' સાંભળવા ઇચ્છે છે તેને **મધ્યમ** મનુષ્યો સમજવા. જે સાત્ત્વિક પ્રકૃતિવાળા મહા પુરુષોની ઇચ્છા મોક્ષ મેળવવા માટે એક તાન થઇ રહી હોય છે અને તે સારૂ જેઓ અંતઃકરણપૂર્વક શુદ્ધ 'ધર્મકથા'જ સાંભળવાને ઇચ્છે છે તેને **ઉત્તમ** પ્રાણીઓ જાણવા. જેઓ આ લોક અને પરલોક બન્નેની અપેક્ષાવાળા હોય છે અને કાંઇક સત્ત્વવાળા (તેજી) હોય છે તે 'સંકીર્ણ કથા' સાંભળવા ઇચ્છા રાખે છે તેવા પ્રાણીઓને 'વર મધ્યમ' મનુષ્યો ગણવા.

રાજસી અને તામસી પ્રકૃતિવાળા પ્રાણીઓ ધર્મશાસનને ચલાવનાર અને કામ અને અર્થકથાનું નિવારણ કરનાર મહાપુરુષોની અવગણના કરીને પોતે અર્થ અને કામકથા કરવામાં આનંદ માને છે. એવા પ્રાણીઓનો રાગ, દ્વેષ અને મહામોહરૂપ અગ્નિ અર્થ કામકથારૂપ

---

૧ પુણ્ય વિશિષ્ટ દૃષ્ટિએ સોનાની સાંકળ છે, તેનાથી સ્વર્ગ મળે છે, સુખ મળે છે, સગવડ મળે છે. ભોગવ્યા વગર કર્મને બારોબાર દૂર કરી દેવાં તેને નિર્જરા કહેવામાં આવે છે. તે બાહ્ય અને અભ્યંતર તપથી થાય છે. એ તપ ધર્મકથાનો વિષય છે, તેથી ધર્મકથા પુણ્ય અને કર્મનિર્જરા કરે છે એમ અત્ર કહ્યું.

૨ રસ નવ છે. શૃંગાર, હાસ્ય, કરૂણ, રૌદ્ર, વીર, ભયાનક, બીભત્સ, અદ્ભુત અને શાંત. સંકીર્ણ કથામાં આ નવે રસ હોય છે.

ઘૃતની[1] આહુતિથી ઘણો વૃદ્ધિ પામે છે. જેમ મયૂરના ટહુકા શરીરના રોમરાયને વધારે વિકસિત કરે છે તેમ કામ અને અર્થકથા પાપકાર્યમાં ઉત્સાહની વૃદ્ધિ કરે છે. તેટલા માટે કામકથા અને અર્થકથા કદાપિ પણ કરવી નહિ. ક્યો ડાહ્યો માણસ [2]ક્ષત ઉપર ક્ષાર નાખવાનો વિચાર કરે? પરોપકાર કરવામાં તત્પર વિચક્ષણ પ્રાણીઓએ સર્વ પ્રાણીઓનું ભલું થાય તેવું કામ કરવું જોઇએ કે જેથી પોતાનું ભલું પણ આ ભવ અને પરભવમાં જરૂર થાય. આ પ્રમાણે હોવાથી લોકોને કામકથા અને અર્થકથા સારી લાગે છે તોપણ સમજુ પ્રાણીએ તેનો અવશ્ય ત્યાગ કરવો ઉચિત છે, કારણ કે તે બન્ને પ્રકારની કથાઓ જો કે કરતી વખતે જરા ઠીક લાગે છે, પણ પરિણામે બહુ ભયંકર છે. પરિણામે દુઃખ આપનારી વસ્તુ કોઇ પણ રીતે આદરવી ઉચિત ગણાય નહિ. આ પ્રમાણે હકીકત સમજીને ભાગ્યવાન પ્રાણીઓ આ લોક અને પરલોકમાં સર્વ પ્રાણીઓનું હિત કરવાની ઇચ્છાથી અમૃત જેવી શુદ્ધ ધર્મકથા કરે છે.

સંકીર્ણ કથાનો આશય.

કેટલાક આચાર્યો ધર્મ-અર્થ-કામ મિશ્ર સંકીર્ણ કથા આકર્ષણ કરનારી હોવાથી અને માર્ગ પર લઇ આવનારી હોવાથી તેને પણ સારી માને છે. જે કોઇ પ્રકારે પ્રાણીને બોધ આપી શકાય તે પ્રકાર આદરીને તેને ઉપદેશ આપવાનો પ્રયત્ન હિતેચ્છુઓએ કરવો યોગ્ય છે. સંસારરસિક મોહાસક્ત મુગ્ધ પ્રાણીઓનાં મનમાં શરૂઆતમાં ધર્મ ભાસમાન થતો નથી, ઝળકતો નથી, તેના તરફ આકર્ષણ થતું નથી અને તેમ હોવાથી કામ અને અર્થ સંબંધી વાતો કરીને તેઓનાં મનનું આકર્ષણ કરી શકાય છે. એક વખત આવી રીતે કામ અને અર્થની કથા દ્વારા તેઓને ધર્મકથા તરફ દોર્યા હોય તો પછી તેઓ ધર્મ ગ્રહણ કરવાને શક્તિવાન થાય છે. આવી રીતે [3]વિક્ષેપદ્વારથી સંકીર્ણ કથાને પણ સત્કથા કહેવામાં આવે છે. તેટલા માટે

1 અગ્નિમાં ઘી પડવાથી જેમ તે વધારે જોરથી બળવા માંડે છે, પ્રજ્વલિત થાય છે તેમ કામ, દ્વેષ ને મોહરૂપ અગ્નિ ઉપદેશક કથાઓ જે ઘી જેવું કામ કરે છે તેનાથી બહુ પ્રદીપ્ત થઇ વધારે આકરો થઇ પડે છે

2 ક્ષત=ઘા, ગુમડું. ક્ષાર=ખાર, મીઠું. ઘા ઉપર મીઠું નાખવાથી બળતરા બહુ વધી જાય છે.

3 વિક્ષેપદ્વારથી એટલે આડકતરી રીતે, ઉપચારથી પરિણામે સુંદર હોવાથી ભાવિ ધ્યાનમાં રાખી વિશિષ્ટ હેતુને અંગે ઉપચારથી સંકીર્ણ કથાને શુદ્ધ કથા ગણવામાં આવે છે. પણ જ્યાં તેવો હેતુ ન હોય ત્યાં સંકીર્ણ કથા સત્કથા બનતી નથી એ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

આ (ઉપમિતિ ભવપ્રપંચા કથા) શુદ્ધ ધર્મકથાજ છે, પણ કોઇ કોઇ જગોએ તે સંકીર્ણ રૂપ લે છે ત્યાં ત્યાં તે ધર્મકથાના ગુણની અપેક્ષા રાખે છે એમ સમજવું.

* * *

[illegible]

સંસ્કૃત અને પ્રાકૃત બન્ને ભાષાઓ પ્રાધાન્યને યોગ્ય છે. તેમાં પણ દુર્વિદગ્ધ મનુષ્યોનાં હૃદયમાં સંસ્કૃત ભાષા તરફ પક્ષપાત વધારે હોય છે. પ્રાકૃત ભાષા જો કે બાળજીવોને સુંદર બોધ કરનારી અને કાનને સુંદર લાગે તેવી છે, છતાં દુર્વિદગ્ધ પ્રાણીઓને તે (પ્રાકૃત) ભાષા બહુ સારી લાગતી નથી. ઉપાય જો વિદ્યમાન હોય તો સર્વનાં મનનું રંજન કરવું યોગ્ય છે તેટલા માટે તેઓની ખાતર આ કથા સંસ્કૃત ભાષામાં રચવામાં આવી છે. અહીં સંસ્કૃત ભાષા વાપરવામાં આવી છે, પણ તે મોટાં મોટાં વાક્યો અને અપ્રસિદ્ધ અર્થથી અતિગૂઢ બનાવવામાં નથી આવી અને તેથી તે સર્વ પ્રાણીઓને ઉપયોગી થાય તેવી (સર્વોપયોગી) છે.

હવે આ કથાના વિષયો પર ટૂંકામાં વિવેચન પ્રસ્તાવનારૂપે કરૂં છું. આ કથા બે પ્રકારની છેઃ અંતરંગ અને બહિરંગ. આ બે પ્રકારમાંથી અંતરંગ કથાશરીર શું છે તે પ્રથમ કહું છું.

અંતરંગ કથાશરીર.

આ કથાના આઠ પ્રસ્તાવો (વિભાગો) સ્પષ્ટ રીતે પાડવામાં આવશે. તે પ્રત્યેકમાં જે હકીકત કહેવામાં આવશે તેનો સાર આ પ્રમાણે છે તે ધ્યાનમાં રાખશો. પ્રથમ પ્રસ્તાવમાં જે હેતુથી આ કથા આ પ્રકારે અને આ આકારમાં રચવામાં આવી છે તે હેતુનું સ્પષ્ટપણે પ્રતિપાદન કરવામાં આવશે. આખો પ્રથમ પ્રસ્તાવ ઉપોદ્ઘાત જેવોજ છે.

બીજા પ્રસ્તાવમાં એક 'ભવ્યપુરુષ' સુંદર મનુષ્યપણું પામીને આત્મહિત કરવા તત્પર થઇ 'સદાગમ'ની સોબત મેળવે છે અને તેની પાસે રહે છે. સદાગમના સૂચવવાથી 'અગૃહીતસંકેતા'ને ઉદ્દેશીને તેના બહાનાથી સદાગમની સમક્ષ રહીને એક સંસારીજીવ પોતાનું ચરિત્ર કહે છે અને 'પ્રજ્ઞાવિશાલા'[1] સહિત ભવ્યપુરુષ તે સાંભળે છે. આ બીજા પ્રસ્તાવમાં 'તિર્યંચ[2] જાતિમાં બનેલા સંસારીજીવના અનેક ભાવો પ્રતિપાદન કરવામાં આવ્યા છે, તે સર્વ પર તે વિચાર કરે છે તેનું અત્ર પ્રતિપાદન કરવામાં આવશે.

ત્રીજા પ્રસ્તાવમાં હિંસા અને ક્રોધને વશ થવાથી તેમજ સ્પર્શેન્દ્રિયમાં મૂઢ થવાથી અનેક દુઃખો પ્રાપ્ત થવાને લીધે અત્યંત પીડા પામવાથી સંસારી જીવ મનુષ્યજન્મથી ભ્રષ્ટ થઇ જાય છે તે સર્વ હકીકત સંસારી જીવના[3] મુખથીજ નિવેદન કરવામાં આવશે. અહીં

૧ 'સદાગમ' શબ્દ શ્રુતજ્ઞાન. 'અગૃહીતસંકેતા'–ભોળા લોક, દીર્ઘ વિચાર વગરના, ગતાનુગતિક વ્યવહાર પ્રાણીને બતાવનાર પાત્ર. 'પ્રજ્ઞાવિશાલા' તીવ્ર દીર્ઘ વિચાર કરનાર વિચક્ષણ પાત્ર. આ સર્વ પાત્રો બીજા પ્રસ્તાવમાં આવશે ત્યારે તેનું સ્વરૂપ બરાબર સમજાશે. એ બીજા પ્રસ્તાવથી ખરેખરી ભવપ્રપંચની કથા ચાલે છે. પ્રથમ પ્રસ્તાવમાં ઉપોદ્ઘાત છે.

૨ એકથી ચાર ઇંદ્રિયવાળા સર્વ જીવો તથા જળચર, સ્થળચર અને ખેચર જનાવરો, પશુઓ, પક્ષીઓ અને પ્રાણીઓને જૈન પરિભાષામાં **તિર્યંચ** કહે છે. એકેન્દ્રિયપણાથી ઉત્ક્રાંતિમાં પાંચ ઇંદ્રિયવાળા તિર્યંચ થતાં સુધી કેવી સ્થિતિ થાય છે તે બીજા પ્રસ્તાવમાં બતાવે છે. ત્રીજા પ્રસ્તાવથી મનુષ્યગતિની ઉત્ક્રાન્તિ બતાવે છે અને અંતિમ ઉત્ક્રાન્તિ આઠમા પ્રસ્તાવમાં બતાવે છે.

૩ પાઠ છાપેલ બુકમાં તથા પ્રતમાં છે તે પ્રમાણે અર્થ આ પ્રમાણે થાય છેઃ તે સર્વ સંસારીજીવ સુખથી જણાવે છે' મુખેન એવો પાઠ જોઇએ એમ સંબંધ પરથી મને લાગે છે. બા. ક.

પ્રથમ અવ્રત હિંસા, પ્રથમ કષાય ક્રોધ અને પાંચ ઇંદ્રિયમાંથી પ્રથમ ઇંદ્રિય સ્પર્શ ઇંદ્રિય પર સ્પષ્ટ વિવેચન થશે અને તેનો પ્રપંચ બતાવવામાં આવશે.

ચોથા પ્રસ્તાવમાં માન, જિહ્વા ઇંદ્રિય અને અસત્યમાં આસક્ત થઇ સંસારીજીવ કેવો દુઃખથી પીડા પામે છે અને અનેક દુઃખોમાં ડુબેલો તે અપાર, અનંત સંસારમાં કેવી રીતે વારંવાર રખડે છે તે સર્વ બતાવવામાં આવશે. અહીં દ્વિતીય અવ્રત અસત્ય, દ્વિતીય કષાય માન અને પાંચ ઇંદ્રિયમાંથી બીજી ઇંદ્રિય રસેંદ્રિય પર સ્પષ્ટ વિવેચન થશે અને તે સર્વનો પ્રપંચ બતાવવામાં આવશે.

પાંચમા પ્રસ્તાવમાં ચોરી, માયા તથા ઘ્રાણેંદ્રિયનો વિપાક સંસારી જીવ વિસ્તારથી કહેશે. અહીં ત્રીજા અવ્રત સ્તેય, ત્રીજા કષાય માયા અને પાંચ ઇંદ્રિયમાંથી ત્રીજી નાસિકા ઇંદ્રિય પર સ્પષ્ટ વિવેચન થશે અને તે સર્વનો પ્રપંચ બતાવવામાં આવશે.

છઠ્ઠા પ્રસ્તાવમાં લોભ, મૈથુન અને ચક્ષુ ઇંદ્રિયનું પરિણામ સંસારી જીવ કહેશે. અહીં ચોથા અવ્રત મૈથુન (સ્ત્રીસંગ), ચોથા કષાય લોભ અને પાંચ ઇંદ્રિયમાંથી ચોથી ચક્ષુ (આંખ) ઇંદ્રિય પર સ્પષ્ટ વિવેચન થશે અને તે સર્વનો પ્રપંચ બતાવવામાં આવશે.

સાતમા પ્રસ્તાવમાં મહામોહનો પરિગ્રહ અને શ્રવણ ઇંદ્રિયને લઇને કેવો પ્રપંચ થાય છે તે બતાવવામાં આવશે. અહીં પાંચમા અવ્રત પરિગ્રહ (વસ્તુઓ પર માલીકપણું) અને પાંચ ઇંદ્રિયમાંથી છેલ્લા શ્રવણેન્દ્રિય પર સ્પષ્ટ વિવેચન થશે અને તે બન્નેનો પ્રપંચ બતાવવામાં આવશે.

આ પ્રમાણે ત્રીજાથી સાતમા મળીને પાંચ પ્રસ્તાવમાં હિંસા, અસત્ય, ચોરી, મૈથુન તથા પરિગ્રહ એ પાંચ આશ્રવોથી તથા શરીર, જિહ્વા, નાસિકા, ચક્ષુ અને કાન એ પાંચ ઇંદ્રિયોથી અને ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયોથી તથા મહામોહના વશવર્તીપણાથી સંસારી જીવ ઉપર અનેક દુઃખો પડે છે તેનું વર્ણન કરવામાં આવશે. એ સર્વ હકીકતમાંની કેટલીક સંસારીજીવે પોતે અનુભવેલી છે અને તેને પોતાને તેવીજ રીતે પ્રાપ્ત થયેલી છે અને કેટલીક બીજાઓએ તેની પાસે નિવેદન કરેલી છે. પણ તે સર્વ તેણે પોતે સ્વીકારેલી હોવાથી તે સર્વ સંસારીજીવની પોતાની છે એમ અત્ર કહેવામાં આવશે.

આઠમા પ્રસ્તાવમાં પૂર્વે સૂચવેલી સર્વ હકીકતનો મેળ મળે છે અને સંસારી જીવ પોતાના આત્માનું હિત કરે છે. તેમજ ત્યાં કહેવામાં

આવશે કે સંસારીજીવનું સંસાર પર અત્યંત વિરાગ ઉત્પન્ન કરે તેવું ચરિત્ર સાંભળીને ભવ્યપુરુષ બોધ પામે છે. સંસારીજીવે વારંવાર પ્રેરણા કરેલી અગૃહીતસંકેતા ઘણી મુશ્કેલીથી બોધ પામે છે એમ પણ ત્યાં જણાવવામાં આવશે. કેવળજ્ઞાનરૂપ સૂર્યથી ભાસમાન નિર્મળાચાર્યને પૂર્વ ભવમાં મળેલ તે વખતે સંસારીજીવે પોતાનો સર્વ વૃત્તાંત પૂછીને સારી રીતે સમજી રાખ્યો હતો અને સદાગમે સંસારીજીવને વારંવાર સ્થિર કરવાથી તેનો અવધિજ્ઞાન ઉત્પન્ન થયું હતું, તેથી આ સર્વ વાત તેણે પ્રતિપાદન કરી છે.

*   *   *

આરૂપકકથાનો આગમથી બચાવ.

આ કથામાં અંતરંગ લોકોનાં જ્ઞાન, અરસ્પરસ બોલચાલ, ગમન આગમન, વિવાહ, સગપણ વિગેરે સર્વ લોકસ્થિતિ કહેવામાં આવી છે, તેને કોઇ પણ પ્રકારે ગેરવાજબી ન ધારવી; કારણ કે ગુણાન્તરની અપેક્ષા રાખીને ઉપમા દ્વારથી બોધ કરાવવા માટે તેનું નિવેદન કરવામાં આવ્યું છે. વિદ્વાનો કહી ગયા છે કે 'પ્રત્યક્ષથી કે અનુભવથી જે સિદ્ધ થતું હોય અને યુક્તિથી જેમાં કોઇ પણ પ્રકારનો દોષ આવતો ન હોય તે [1]સત્કલ્પિત ઉપમાન કહેવાય છે અને સિદ્ધાન્તમાં પણ એવાં ઉપમાન ઘણી જગોએ કરેલાં જોવામાં આવે છે. દાખલા તરીકે શ્રીઆવશ્યક સૂત્રમાં મગશેળીઆ પાષાણ અને પુષ્કરાવર્તકના વરસાદની સ્પર્ધા-હરીફાઇ બતાવવામાં આવી છે અને તેજ સૂત્રમાં નાગદત્તના ચરિત્રમાં ક્રોધ વિગેરેને સર્પનું ઉપમાન આપવામાં આવ્યું છે. તે ઉપરાંત પિંડૈષણા અધ્યયનમાં માછલાએ પોતાનું ચરિત્ર કહ્યું છે અને શ્રીઉત્તરાધ્યયન સૂત્રમાં સૂકાં (ખરી જતાં) પાંદડાંઓએ સંદેશો કહ્યો છે. મૂળ સિદ્ધાન્તમાં આ પ્રમાણે હોવાથી આ કથામાં જે હકીકત કહેવામાં આવશે તે યુક્તિયુક્ત છે એમ સમજવું અને ઉપમાનથી સર્વ કહેવામાં આવેલ છે એમ જાણવું.* આ પ્રમાણે અંત-

---

૧ કલ્પના પર આધાર રાખનાર સુંદર અનુમાન ઉપમાન દ્વારા આ કાર્ય બહુ સહેલાઇથી થાય છે.

* ઉપમા દ્વારા ઉપદેશ આપવાની પદ્ધતિ આગમસંમત છે તે બતાવવા આ ચાર દાખલાઓ ગ્રંથકર્તાએ આપ્યા છે. આ ચારે દાખલાઓ ઘણા સુંદર છે, મૂળ સૂત્રમાંથી છે. અત્ર નોટમાં તે લખતાં નોટ બહુ લાંબી થઇ જાય તેથી તે ચારે પરિશિષ્ટમાં આપ્યા છે. મતલબ આ પ્રકારની કથા કરવી તે શાસ્ત્રસંમત છે એમ બતાવવાનો કહેનારનો આશય છે. વિસ્તાર માટે પુસ્તકને છેડે આપેલ પરિશિષ્ટ જુઓ.

રંગ કથાશરીર આ ગ્રંથનું શું છે તે કહેવામાં આવ્યું, હવે બહિરંગ કથાશરીર કહીએ છીએ.

* * *

બહિરંગ કથાશરીર.

મેરૂ પર્વતની પૂર્વે દિશાએ આવેલા મહાવિદેહ[1] ક્ષેત્રમાં સુકચ્છ નામનો એક વિજય છે. તે વિજયમાં **ક્ષેમપુરી** નામની એક નગરી છે જે તે વિજયની રાજધાનીનું શહેર છે. આ વિશાળ નગરમાં સુકચ્છ વિજયના પ્રભુ **અનુસુંદર** નામે ચક્રવર્તી ઉત્પન્ન થયા. એ અનુસુંદર ચક્રવર્તી પોતાના આયુષ્યના છેવટના ભાગમાં પોતાનો દેશ જોવાની ઇચ્છાથી આનંદ કરતા બહાર નીકળી પડ્યા. એ પ્રમાણે ફરતાં ફરતાં તે એક વખત **શંખપુર** નામના નગરમાં આવી પહોંચ્યા. તે નગરની બહાર મનને અત્યંત આનંદ ઉપજાવે તેવું **ચિત્તરમ** નામનું ઉદ્યાન-સુંદર બગીચો છે. તે સુંદર બગીચાની વચ્ચે **મનોનંદન** નામનો એક સુંદર જૈન પ્રાસાદ છે. આ બગીચામાં આવેલા સુંદર પ્રાસાદમાં એક વખત **સમન્તભદ્ર** નામના મહા ધુરંધર આચાર્ય પધાર્યા. તેમની પાસે **મહાભદ્રા** નામની પવિત્ર સાધ્વી, **સુલલિતા** નામની અતિ ભોળી અને પવિત્ર રાજકુંવરી, **પુંડરિક** નામનો રાજપુત્ર અને બીજા અનેક લોકોની મોટી સભા મળી છે. અનુસુંદર ચક્રવર્તીએ મહાપાપ કર્યું છે એમ જ્ઞાનદૃષ્ટિવડે જોઇને તે વખતે તે વિદ્વાન્ સમન્તભદ્ર સૂરિએ આ પ્રમાણે કહ્યું. "બહાર લોકોમાં જેનો મોટો કોળાહળ અત્યારે સંભળાય છે તે **સંસારીજીવ** નામનો ચોર છે અને તેને [2]વધ્ય સ્થાનકે લઇ જવામાં આવે છે." આચાર્ય મહારાજનું આવું વચન સાંભળીને મહાભદ્રા સાધ્વીએ વિચાર કર્યો કે જે જીવનું સૂરિ મહારાજે આવી રીતે વર્ણન કર્યું તે કોઇ નરકગામી જીવ હોવો જોઇએ. આવા વિચારથી તે સાધ્વીને તે જીવ ઉપર કરૂણા ઉત્પન્ન થઇ, તેથી તે વધ્ય સ્થાનકે લઇ જવાતા તે જીવની પાસે ગયા. સાધ્વીના દર્શનથી તે જીવને સ્વગોચર જ્ઞાન[3]

૧ જૈન ભૂગોળ પ્રમાણે મેરૂ પર્વત પાસે મહાવિદેહ ક્ષેત્ર શ્રીજંબૂદ્વીપમાં આવેલ છે. તે ક્ષેત્રમાં સર્વદા ચોથા આરાના ભાવો વર્તે છે. તેના ૩૨ વિભાગ પાડવામાં આવ્યા છે, જેને વિજયના નામથી ઓળખવામાં આવે છે. ચક્રવર્તી આખા વિજય પર જય મેળવી તેના પર સામ્રાજ્ય ચલાવે છે.

૨ મારી નાખવાનું સ્થાન, ફાંસી દેવાની અથવા શૂળીએ ચઢાવવાની જગાને વધ્ય સ્થાન કહેવામાં આવે છે.

૩ જાતિસ્મરણજ્ઞાન. આ જ્ઞાન મતિજ્ઞાનનો ભેદ છે, એનાથી પૂર્વ ભવનો વૃત્તાંત યાદ આવે છે.

થયું. પછી તેણે સાધ્વી પાસેથી આચાર્ય મહારાજે કહેલી હકીકત સાંભળી એટલે વૈક્રિય લબ્ધિથી[1] તેણે ચોરનો વેષ ધારણ કર્યો અને સાધ્વી સાથે આચાર્ય મહારાજ સમક્ષ તે આવ્યો.[2] રાજપુત્રી સુલલિતા જે આચાર્ય સમક્ષ બેઠી હતી તેણે આ નવા આવનાર તસ્કર (ચોર)નો અને તેની કુલ ચોરીનો વૃત્તાંત પૂછ્યો. સૂરિ મહારાજે તેને તે જણાવવા કહ્યું, તે ઉપરથી તે ચોરે આ રાજપુત્રીને બોધ થવા માટે તીવ્ર સંવેગ ઉત્પન્ન થાય તેવું પોતાનું ભવસ્વરૂપ ઉપમા દ્વારવડે કહી બતાવ્યું. રાજપુત્ર લલિતાંગ જે બાજુએ બેઠો બેઠો પ્રસંગને લઇને આ અહેવાલ સાંભળતો હતો તે લઘુકર્મી હોવાથી તુરત બોધ પામી ગયો. પેલી ભોળી રાજપુત્રી સુલલિતામાં પૂર્વનો અજ્ઞાન (કર્મ) દોષ બહુ હતો, તેથી વારંવાર તેને ઉદ્દેશીને વાત કહેવામાં આવતી હતી તોપણ તે બોધ પામતી નહોતી, તેને વિશેષ પ્રેરણા થતાં આખરે ઘણી મુશ્કેલીએ તે પણ બોધ પામી; ત્યારપછી તે સર્વેએ તેઓના આત્માનું હિત કર્યું અને આખરે સર્વ મોક્ષે ગયા. આ કથાશરીર મનમાં બરાબર ધારણ કરી રાખવું, લક્ષ્યમાં રાખવું. આ સર્વ બાબતનો વિગતવાર ખુલાસો અને સ્પષ્ટીકરણ આઠમા પ્રસ્તાવમાં થશે.

* * *

આ ગ્રંથના અધિકારી.

સર્વજ્ઞ મહારાજના નિરૂપણ કરેલા સિદ્ધાન્તરૂપ સમુદ્રના બિન્દુ તુલ્ય આ કથા તે મહાસમુદ્રમાંથી ખેંચીને બહાર કાઢવામાં આવી છે એમ સમજવું. દુર્જન માણસ તેટલા માટે આ કથા સાંભળવાને યોગ્ય નથી. અમૃતબિન્દુ અને કાળકૂટ ઝેરનો સંયોગ કોઇ પણ રીતે પસંદ કરવા લાયક નથી. દુર્જન-અધમ મનુષ્યના દોષોની વિચારણા પણ કરવી નહિ. એવી પાપને પેદા કરનારી પાપી મનુષ્યોની કથા કરવાની પણ શી જરૂર છે? કદાચ દુર્જનની સ્તુતિ કરવામાં આવી હોય તોપણ તે કાવ્યમાંથી તે દોષોજ શોધી કાઢશે અને તેને વિશેષ જાહેરાત આપશે અને તેઓની નિંદા કરવામાં આવી હોય તો ઉલટો વિશેષે કરીને તે પ્રમાણે કરવા પ્રયત્ન કરશે. આ પ્રમાણે હોવાથી એવા પ્રાણીઓ તરફ બેદરકારી રાખવી એજ ઉચિત છે.

૧ આ એક એવા પ્રકારની લબ્ધિ છે કે તેનાથી મનુષ્ય મનમાં ઇચ્છે તેવું રૂપ કરી શકે છે. (Power of Personation).

૨ કોલાહલ જેનો સંભળાતો હતો અને ચોરનું રૂપ લઇ ગુરૂ પાસે આવ્યો તે સાધ્વી પોતે છે એમ સમજવું.

"અધમ દુર્જન પ્રાણીની નિંદા કરવામાં પોતામાં કાંઇક દુર્જનપણું આવે છે અને તેઓની સ્તુતિ કરવામાં અસત્ય ભાષણ થાય છે, માટે તેઓના સંબંધમાં તો આંખ આડા કાન કરવા તેજ વધારે યોગ્ય છે." તેટલા માટે ક્ષીર સમુદ્ર જેવા નિર્મળ અને વિશાળ મનવાળા, ગંભીર હૃદયવાળા, લઘુકર્મી, ભવ્ય સજ્જનો આ કથાના અધિકારી છે. આવા અધિકારી સજ્જન પ્રાણીઓની નિંદા કરવી નહિ, તેમજ તેની પ્રશંસા કરવાની જરૂર નથી, તેઓના સંબંધમાં મૌન ધારણ કરવું તે હિત કરનાર છે. એનું કારણ એમ છે કે એવા અનેક ગુણોથી ભરેલા ભલા પુરુષોની નિંદા કરવી એ તો મહા પાપ છે અને મારા જેવો જડબુદ્ધિ તેઓનું યોગ્ય સ્તવન કરી શકે, તેઓની પૂરતી પ્રશંસા કરી શકે એ તદ્દન અશક્ય છે. આવા સજ્જન પુરુષોની આકૃતિજ એવી હોય છે કે તેઓની સ્તુતિ કરવામાં આવી ન હોય તોપણ તેઓમાં જે ગુણ હોય છે તો તે તેઓ પોતાની જાતે જોઇ શકે છે, સમજી શકે છે અને કોઇ દોષો હોય તો તેને ઢાંકી દે છે, એટલે પ્રકૃતિથી જ તેઓ દુર્ગુણ ગ્રહણ કરી પાણીને ફેંકી દેનારા હોય છે અને એમ કરવામાં પોતાની પ્રશંસાની તેઓ રાહ જોતા નથી. તેઓની સ્તુતિ કરવાની તેટલા માટે ખાસ જરૂર નથી, માત્ર આવા વિશાળ બુદ્ધિવાળા સજ્જનોને વિજ્ઞપ્તિ કરવાની છે કે તેઓએ આ કથા ધ્યાન દઇને સાંભળવી અને એટલી વાત કરવા માટેજ આટલી હકીકત અહીં કહેવામાં આવી છે.

"હે ભવ્ય પ્રાણીઓ! તમારે મન સ્થિર કરી કાન દઇ મારા ઉપર કૃપા કરી હું જે કહેવા માગું છું તે થોડી વાર બરાબર સાંભળશો."[1]

ગ્રંથકર્તાની પ્રસ્તાવના.



[illegible]



ઉપોદ્ઘાતરૂપે દૃષ્ટાન્ત [1]કથા.

અદૃષ્ટમૂલપર્યંત નગર.

લોકમાં અનંત પ્રાણીઓથી ભરેલું અને સનાતન[2] એક અદૃષ્ટમૂલપર્યન્ત નામનું નગર છે. એ નગર આકાશ જેટલાં ઊંચાં અને મનોહર શ્વેત ઘરોની હારોથી વ્યાપી રહેલું છે; જેની શરૂઆત કે છેડો મળી શકે નહિ એવાં અનેક બજારોથી તે સુશોભિત છે; અપાર અને અતિ વિસ્તારવાળા જૂદા જૂદા પ્રકારનાં [3]કરિયાણાંથી તે ભરેલું છે અને કરિયાણાંને ખરીદી શકાય એવા મહામૂલ્યવાળાં કરોડો રત્નોથી ભરપૂર છે. તે નગરીમાં અનેક દેવાલયો સુંદર રીતે શોભી રહ્યાં છે, એ દેવાલયોમાં અનેક પ્રકારનાં જૂદી જૂદી જાતનાં ચિત્રો ચિતરવામાં આવ્યાં છે અને તેને એવી સુંદર રીતે આળેખવામાં આવ્યાં છે કે બાળકો તેના ઉપર આંખો નિશ્ચળ કરીને તેને જોયાંજ કરે છે. ક્રીડામાં કલકલ કરતા વાચાળ બાળકોના સુંદર અવાજથી તે નગર ગાજી રહ્યું છે, અલંઘ્ય[4] અને તુંગ[5] કિલ્લાઓથી તે વીંટાયેલ છે. તે શહેરની રચના એવી છે કે તેનો મધ્ય ભાગ અતિ ગંભીર હોવા સાથે પ્રાપ્ત થઇ શકે નહિ એટલે એને મેળવવો અતિ મુશ્કેલ પડે તેવો છે અને તે નગરની ચોતરફ મોટી ખાઇઓ હોવાથી તે નગર [6]દુર્ગમ છે.. તે નગરમાં અવાજ કરતાં ચપળ કલ્લોલવાળાં અનેક નાનાં મોટાં સરોવરો છે તેનાથી તે સર્વને વિસ્મય પમાડે છે. તે નગરના કિલ્લાની બાજુમાં

---

૧ આખો પ્રથમ પ્રસ્તાવ ઉપોદ્ઘાત જેવો છે. આ દૃષ્ટાન્તના દરેકે દરેક વાક્યનો ઉપનય ગ્રંથકર્તાએ પોતે કર્યો છે અને તે આગળ વિસ્તારથી બતાવવામાં આવશે. ગ્રંથ સમજવાની ચાવી જેવો આ વિભાગ છે. દરેક વિશેષણ બે અર્થવાળાં હોવાથી ભાષાન્તરમાં અસલ શબ્દ રાખી નોટમાં તેનો અર્થ આપ્યો છે. તેના શ્લેષ અર્થો ઉપનય પ્રસંગે વિચારવામાં આવશે. શબ્દો અને તેના અર્થ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

૨ હાયમી, નિરંતરનું, નિત્ય. ૩. વેપાર કરવાની સર્વ વસ્તુઓ, પણ્ય. ૪ ઓળંગી ન શકાય તેવા. ૫ ઊંચા. ૬ અતિ મહેનતે જઇ શકાય તેવું.

કે તેના જોરથી તે મુંઝાઇ ગયો હોય એમ લાગતું હતું. તેને ઠંડીની, ગરમીની, ડાંસની, મચ્છરની, ભુખની, તરસની-એમ અનેક પીડાઓ થતી હતી અને તેથી હેરાન થતો, દુઃખ પામતો, ત્રાસ પામતો નારકીના જીવોના જેવી વેદનાઓ તે સહન કરતો હતો.

એ નિષ્પુણ્યક દરિદ્રીને જોઇને સજ્જન પુરુષોને મોટી દયા આવે તેવું હતું, અભિમાની પુરુષોને તે મશ્કરી કરવાનું સ્થાન થઇ પડ્યો હતો, બાળકોને તે રમત કરવાનું રમકડું થઇ પડ્યો હતો અને પાપ કરનારાઓને એક દાખલો પૂરો પાડે તેવો થઇ ગયો હતો.[1]

આ અદૃષ્ટમૂલપર્યન્ત નગરમાં બીજા પણ ઘણા દરિદ્રીઓ વસતા હતા, પણ એ નિષ્પુણ્યક એટલો દુઃખી હતો કે તેના જેવો નિર્ભાગી બહુધા તે આખા શહેરમાં બીજો કોઇ નહિ હોય એમ લાગતું હતું.

ભિખારીનાં હવાંતીઆં.

તે નિષ્પુણ્યક મનમાં અનેક સંકલ્પ વિકલ્પ કર્યા કરતો હતો, રૌદ્રધ્યાન[2] ધ્યાતો હતો અને વારંવાર વિચારતો હતો કે 'મને આ ઘરમાંથી ભિખ મળશે, ત્યાંથી મળશે' એવી રીતે આખો વખત દુર્ધ્યાન કર્યા કરતો હતો. એ પ્રમાણે કરવા છતાં તેને કાંઇ પણ મળતું નહિ, માત્ર પરિતાપજ પામતો હતો. કોઇ જગોએ માગતાં ભિખતાં જરા એઠું જુઠું અન્ન મળી જાય તો જાણે પોતાને રાજ્ય મળી ગયું હોય એમ માની તે મનમાં રાજી રાજી થઇ જતો હતો. અનેક પ્રકારે અપમાન કરીને આપેલ એઠું જુઠું અન્ન જે જથામાં બહુજ થોડું હતું તે ખાતાં જાણે કોઇ બળવાન્ મારું આ અન્ન લઇ જશે એમ[3] શક્રથી પણ વધારે ભયમાં રહ્યા કરતો હતો. વળી તે આપડાને એવાં ભોજનથી કોઇ દિવસ તૃપ્તિ થતી નહોતી અને ઉલટી તેની ભુખ વધારે વધારે જોર પકડતી જતી હતી. તે અન્ન પચતાં પચતાં વળી તેના

૧ અહીં જે પેરેગ્રાફ પાડવામાં આવ્યા છે તે ઉપનય સાથે સંબંધ ધરાવે છે, તેથી પારાઓમાં અવ્યવસ્થા હાલ જણાય તો તેનો ખુલાસો આગળ ઉપનય વાંચવાથી સ્પષ્ટ થઇ જશે. બીજા પ્રસ્તાવથી તો બરાબર નિયમસર પેરેગ્રાફ અને પ્રકરણો પાડવામાં આવ્યાં છે.

૨ ક્રૂર આશયથી ઉત્પન્ન થનાર દુર્ધ્યાનને રૌદ્રધ્યાન કહેવામાં આવે છે. એનાથી હિંસાના, અસત્ય બોલવાના, ચોરી કરવાના અને વસ્તુરક્ષણના નકામા વિચારો થયા કરે છે.

૩ ઇંદ્ર. ઇંદ્રને તેનું ઇંદ્રાસન કોઇ વિશેષ તપ કરીને લઇ જશે એવી બીક ઘણું રહે છે. આ દરિદ્રીને પણ શક્ર જેટલોજ અથવા તેથી વધારે ભય રહે છે એમ કહેવાનો આશય જણાય છે.

કે તેના જોરથી તે મુંઝાઇ ગયો હોય એમ લાગતું હતું. તેને ઠંડીની, ગરમીની, ડાંસની, મચ્છરની, ભુખની, તરસની-એમ અનેક પીડાઓ થતી હતી અને તેથી હેરાન થતો, દુઃખ પામતો, ત્રાસ પામતો નારકીના જીવોના જેવી વેદનાઓ તે સહન કરતો હતો.

એ નિષ્પુણ્યક દરિદ્રીને જોઇને સજ્જન પુરુષોને મોટી દયા આવે તેવું હતું, અભિમાની પુરુષોને તે મશ્કરી કરવાનું સ્થાન થઇ પડ્યો હતો, બાળકોને તે રમત કરવાનું રમકડું થઇ પડ્યો હતો અને પાપ કરનારાઓને એક દાખલો પૂરો પાડે તેવો થઇ ગયો હતો.[1]

આ અદૃષ્ટમૂલપર્યન્ત નગરમાં બીજા પણ ઘણા દરિદ્રીઓ વસતા હતા, પણ એ નિષ્પુણ્યક એટલો દુઃખી હતો કે તેના જેવો નિર્ભાગી બહુધા તે આખા શહેરમાં બીજો કોઇ નહિ હોય એમ લાગતું હતું.

ભિખારીનાં દાંતીઆં.

તે નિષ્પુણ્યક મનમાં અનેક સંકલ્પ વિકલ્પ કર્યા કરતો હતો, રૌદ્રધ્યાન[2] ધ્યાતો હતો અને વારંવાર વિચારતો હતો કે 'મને આ ઘરમાંથી ભિખ મળશે, ત્યાંથી મળશે', એવી રીતે આખો વખત દુર્ધ્યાન કર્યા કરતો હતો. એ પ્રમાણે કરવા છતાં તેને કાંઇ પણ મળતું નહિ, માત્ર પરિતાપજ પામતો હતો. કોઇ જગોએ માગતાં ભિખતાં જરા એઠું જુઠું અન્ન મળી જાય તો જાણે પોતાને રાજ્ય મળી ગયું હોય એમ માની તે મનમાં રાજી રાજી થઇ જતો હતો. અનેક પ્રકારે અપમાન કરીને આપેલ એઠું જુઠું અન્ન જે જથામાં બહુજ થોડું હતું તે ખાતાં જાણે કોઇ બળવાન મારૂં આ અન્ન લઇ જશે એમ[3] શક્રથી પણ વધારે ભયમાં રહ્યા કરતો હતો. વળી તે બાપડાને એવાં ભોજનથી કોઇ દિવસ તૃપ્તિ થતી નહોતી અને ઉલટી તેની ભુખ વધારે વધારે જોર પકડતી જતી હતી. તે અન્ન પચતાં પચતાં વળી તેના

૧ અહીં જે પેરેગ્રાફ પાડવામાં આવ્યા છે તે ઉપનય સાથે સંબંધ ધરાવે છે, તેથી પારાઓમાં અવ્યવસ્થા દોષ જણાય તો તેનો ખુલાસો આગળ ઉપનય વાંચવાથી સ્પષ્ટ થઇ જશે. બીજા પ્રસ્તાવથી તો બરાબર નિયમસર પેરેગ્રાફ અને ફકરા પાડવામાં આવ્યાં છે.

૨ ક્રૂર આશયથી ઉત્પન્ન થનાર દુર્ધ્યાનને રૌદ્રધ્યાન કહેવામાં આવે છે. એનાથી હિંસાના, અસત્ય બોલવાના, ચોરી કરવાના અને વસ્તુરક્ષણના નઠારા વિચારો થયા કરે છે.

૩ ઇંદ્ર. ઇંદ્રને તેનું ઇંદ્રાસન કોઇ વિશેષ તપ કરીને લઇ જશે એવી બીક સદા રહે છે. આ દરિદ્રીને પણ શક્ર જેટલોજ અથવા તેથી વધારે ભય રહે છે એમ કહેવાનો આશય જણાય છે.

શરીરમાં વાતવિસૂચિકા[1] ઉત્પન્ન કરીને તેને બહુ પીડા ઉપજાવતું હતું. વળી તે ભોજન સર્વ રોગોનું કારણ હતું અને પૂર્વે થયેલા સર્વ વ્યાધિઓને વધારનાર હતું. આ પ્રમાણે હકીકત હોવા છતાં તે નિષ્પુણ્યક તો તેનેજ સારૂં માનતો હતો અને તેથી વધારે સુંદર ભોજન તરફ નજર પણ કરતો નહોતો. આથી થયું એમ કે ખરેખરા સુંદર અને લીજત આપનાર ભોજનનો સ્વાદ ચાખવાનો તેને પ્રસંગ પણ કદિ આવ્યો નહિ અને તેનો સ્વાદ કેવો હશે તેનું તેને સ્વપ્ન પણ આવ્યું નહિ. આવી રીતે ભિખ માગતો અને ત્રાસ પામતો અદૃષ્ટમૂલપર્યન્ત નગરનાં ઊંચાં નીચાં ઘરોમાં, જૂદા જૂદા આકારવાળી શેરીઓમા અને ગલીઓમાં જરા પણ થાક ખાધા વગર બહુ વખત તે દરિદ્રી ભટક્યો. એ મહા દુર્ભાગી જીવને એવી રીતે રખડતાં રખડતાં કેટલો કાળ ગયો તેની પણ ખબર પડતી નથી.

સુસ્થિત રાજા–
સ્વકર્મવિવર દ્વારપાળ–
ધર્મબોધકર મંત્રી.

હવે તે નગરમાં સુસ્થિત નામે એક અતિ પ્રખ્યાત રાજા છે. તે પોતાના સ્વભાવથી સર્વ પ્રાણીસમૂહ પર બહુ પ્રેમ રાખે છે. એકદાં પેલો નિષ્પુણ્યક ભિખારી રખડતો રખડતો તે સુસ્થિત મહારાજાના મંદિર પાસે જેમ તેમ કરીને આવી પહોંચ્યો. હવે તે મંદિરના દરવાજા પર [2]સ્વકર્મવિવર નામનો દ્વારપાળ છે. તે દ્વારપાળે અત્યંત કરૂણા ઉપજાવે તેવા આ ભિખારીને જોઇને તેના પર અત્યંત કૃપા કરી અને તેને અપૂર્વ રાજમંદિરમાં દાખલ કર્યો.

રાજમંદિરનો વૈભવ.

અનેક રત્નોની પ્રભાના તેજથી તે મંદિરમાં કોઇ જગાએ અંધકારનું તો નામજ નહોતું; કટિમેખલા (કેડનો કંદોરો) અને પગનાં ઝાંઝરમાંથી અનેક સુંદર રાગો તે રાજમંદિરમાં ઉત્પન્ન થયા કરતા હતા; ઝુલતી મુક્તાફળની[3] માળાઓથી શોભી રહેલાં દૈવી વસ્ત્રોના ચંદરવાઓ ઠેકાણે ઠેકાણે તે મંદિરમાં બાંધી દીધા હતા; મંદિરમાં રહેનાર લોકો તાંબુલ ચાવવાથી મનોહર મુખવાળા થયેલા હતા અને તેના વડે તે મંદિર બહુ શોભતું હતું. જે પુષ્પની માળાઓમાં ચિત્રવિચિત્ર વિભાગો

૧ પેટનો દુઃખાવો, દસ્તનો કોલેરા જેવો વ્યાધિ.

૨ કર્મ જ્યારે વિવર એટલે માર્ગ આપે ત્યારેજ જીવની ઉત્ક્રાન્તિ થાય છે. સુસ્થિત અને સ્વકર્મવિવર વિગેરે પાત્રોના ભાવ ઉપનય પરથી બરાબર સ્પષ્ટ થશે. હાલ તો વાર્તા અને નામો ધ્યાનમાં રાખી આગળ વધવું. ૩ મોતી.

પાડવામાં આવ્યા હતા, જેમાંથી સુગંધી પસર્યા કરતી હતી, જેનો રંગ સોના જેવો આકર્ષક દેખાતો હતો અને જે કલરવ કરતા ભમરાઓના[1] ગીતથી ગાજી રહી હતી તેવી અનેક માળાઓ આ અતિ સુંદર રાજમંદિરના આંગણામાં આવી રહી હતી. શરીર પર વિલેપન કરવાની સુંદર વસ્તુઓ જમીન પર એટલી બધી પડી હતી કે તેનો જાણે કાદવ થઇ ગયો હોય એમ લાગતું હતું. તે રાજમંદિરમાં રહેનારા સર્વે પ્રાણીઓ હર્ષથી સંતુષ્ટ થયેલા હોવાથી નિરંતર આનંદનાં વાજિત્રો વગાડતા હતા. અનેક રાજપુરુષો જેઓનાં અંતરમાં બળતા તેજથી તેઓના શત્રુઓ પલાયન કરી ગયા હતા અને જેઓના બાહ્ય વ્યાપારો સર્વે શાંત થઇ ગયા હતા એવાઓ વડે આ રાજમંદિર વસાયલું હતું. અનેક મંત્રીઓ જેઓને આખા જગતની ચેષ્ટા સાક્ષાત્ જણાઇ રહેલી હતી, જેઓએ પોતાની બુદ્ધિથી પોતાના શત્રુઓને પણ બરાબર ઓળખી લીધા હતા અને જેઓ સર્વ નીતિશાસ્ત્રનો પાર પામી ગયા હતા તેવાઓ આ અતિ વિશાળ રાજમંદિરમાં વસતા હતા. જેઓ પોતાની આગળ યમ[2]ને લડાઇના મેદાનમાં જોઇ જરા પણ ગભરાતા નહોતા તેવા અસંખ્ય યોધાઓ એ રાજમંદિરમાં રહેતા હતા.

એ વિશાળ રાજમંદિરમાં અનેક નિયુક્તકો[3] હતા જેઓ જરા પણ વ્યાકુળતા વગર કરોડો નગરોનું તથા અસંખ્ય ગામ અને ખાણોનું પરિપાલન કરતા હતા અને તેનો સર્વ પ્રબંધ ચલાવતા હતા. સાં સ્વામી ઉપર અત્યંત પ્રીતિવાળા અને ઘણા બળવાન્ તેમજ ખરેખરા રહાપણવાળાં તલવર્ગિકો[4] અનેક રહેલા હતા. તે મંદિરમાં અનેક સ્થવિરા[5] રહેતી હતી કે જેમણે પોતે વિષયનો સર્વથા ત્યાગ ર્યો હતો અને જેઓ મદોન્મત્ત[6] થયેલી યુવાન સ્ત્રીઓને યોગ્ય અંકુશમાં રાખવાને શક્તિવાન્ હતી. તે રાજમહેલની ચોકી કરવા માટે અનેક સુભટો ચારે તરફ વીંટાઇને રહેતા હતા. વિલાસ કરતી અનેક રમણીય સુંદર સ્ત્રીઓથી તે મંદિર દેવલોકને પણ જીતી લેતું હતું.

આ રાજમંદિરમાં[7] સુંદર કંઠવાળા, પ્રયોગ જાણનારા ઉસ્તાદ ગાયકો વીણા વેણુ સાથે સુંદર આલાપોવડે મધુર રાગ ગાઇ શ્રોત્રે-

---

૧ ભમરાઓ ફુલની આસપાસ ગુંજારવ કર્યાં કરે છે તેના પર આ રૂપક જણાય છે.
૨ મરણનો દેવ જેને 'જમ' કહેવામાં આવે છે તે. ૩ કામદાર, રાજસેવકો.
૪ કોટવાળ. ૫ વૃદ્ધ-ઘરડી સ્ત્રીઓ. ૬ જુસ્સાવાળી, વિષયી. ૭ સર્વ ઇંદ્રિયને આનંદ થાય-તૃપ્તિ થાય તેવાં સાધનો આ રાજમંદિરમાં હતાં તે યુક્તિપુરઃસર બતાવે છે.

દ્રિયને અનેક પ્રકારે શાંતિ પમાડતા હતા. મનને આકર્ષણ કરે તેવાં અનેક સુંદર જૂદી જૂદી જાતનાં ચિત્રો એવી સુંદર રીતે ત્યાં ગોઠવવામાં આવ્યાં હતાં કે જેને જોઇને આંખો તેના પર સ્થિર થઇ જતી હતી અને ત્યાંથી તેને ખસેડવી ન ગમે તેવી રીતે તે નિશ્ચળ થઇ જતી હતી. ત્યાં ચંદન, અગર, કપૂર, કસ્તૂરી વિગેરે સુગંધી દ્રવ્યો એટલાં બધાં ચારે તરફ પડી રહેલાં હતાં કે તેનાથી નાસિકાને ઘણી તૃપ્તિ મળતી હતી. કોમળ વસ્ત્ર, કોમળ શય્યા અને સુંદર લલનાઓના યોગથી તેને યોગ્ય સર્વ જનોની સ્પર્શેંદ્રિય ત્યાં પ્રસન્ન થતી હતી. ત્યાં મનને પ્રીતિ ઉત્પન્ન કરનાર અને જીભને સ્વાદિષ્ટ લાગે તેવાં અતિ ઉત્તમ પ્રકારનાં ભોજનથી સર્વ પ્રાણીઓ સ્વસ્થ થઇ જતા હતા.

મંદિરદર્શનથી સ્ફુરણા.

સર્વ ઇંદ્રિયોને તત્ત્વથી [2]નિર્વાણનું કારણ એવા તે રાજમંદિરને જોઇને 'આ શું હશે ?' એમ તે રંક આશ્ચર્યપૂર્વક વિચારવા લાગ્યો. તેનામાં હજુ ઉન્માદ ઘણો હતો તેથી આ રાજમંદિર સંબંધી વિશેષ તાત્ત્વિક હકીકત તે જાણતો નહોતો, પરંતુ હવે તેને ચેતના પ્રાપ્ત થવા માંડી તેથી વિચાર કરતાં કરતાં તેના મનમાં આ પ્રમાણે સ્ફુરણા થવા લાગી. તે વિચાર કરેછે કે 'જે રાજમંદિરમાં નિરંતર ઉત્સવ થઇ રહ્યા છે અને જે મંદિર દ્વારપાળની કૃપાથી હું આજેજ જોઉં છું તે અત્યાર સુધી મારા જોવામાં કદિ પણ આવ્યું નહોતું ! આ રાજમંદિરના દરવાજા પાસે અગાઉ પણ હું ઘણી વાર રખડતો રખડતો આવી પહોંચ્યો હતો એમ મને યાદ આવે છે, પણ હજુ તેની નજીક આવું ન આવું ત્યાં તો મહાપાપી દ્વારપાળો મને ત્યાંથી હાંકી મૂકતા હતા. ખરેખર મારૂં નામ નિષ્પુણ્યક છે તે પ્રમાણે હું પુણ્ય વગરનોજ છું, જેને લઇને આવું દેવોને પણ મળવું મુશ્કેલ સુંદર રાજમંદિર મેં અત્યાર સુધી અગાઉ કદિ જોયું પણ નહિ અને તેને જોવાનો ઉપાય પણ કર્યો નહિ ! ! મોહને લીધે મારી વિચારણાશક્તિ એટલી બધી મંદ પડી ગઇ હતી કે આ રાજમંદિર કેવું હશે તે જાણવાની મને જિજ્ઞાસા[3] પણ અત્યાર સુધી ઉત્પન્ન થઇ નહિ ! ચિત્તને અત્યંત આહ્લાદ ઉત્પન્ન કરનાર આ સુંદર રાજમંદિર બતાવનાર અને મારી ઉપર મોટી કૃપા કરનાર આ દ્વારપાળ

---

૧ સ્રીઓ. ૨ શાંતિ. પાંચે ઇદ્રિયોને તૃપ્તિ થવાની બાબત બહુ યુક્તિસર લખી છે, તેનાથી ઇદ્રિયનું નિર્વાણ થઇ જાય છે એ ધ્યાનમાં રાખવાનું છે. એનો આધ્યાત્મિક ભાવ વિચારવા યોગ્ય છે. નિર્વાણનો અર્થ વિશ્રાંતિ થાય છે અને વિનાશ પણ થાય છે એ બરાબર લક્ષ્યમાં લેવું. ૩ નવું જાણવાની ઇચ્છા, હોંશ.

ગારો ખરેખરો બન્યુ છે. હું નિર્ભાગી છું છતાં મારી ઉપર આ બાઇએ ઘણી મોટી કૃપા કરી છે. સર્વ પ્રકારના [1]દ્વંદ્વથી રહિત થઇને અને ચિત્તમાં પરિપૂર્ણ હર્ષ લાવીને આ મંદિરમાં રહેવાનો આનંદ જેઓ ભોગવે છે તેઓ ખરેખરા ભાગ્યશાળી છે.

સુસ્થિત મહારાજની નજર.

એ નિષ્પુણ્યક દરિદ્રીને કાંઇક ચેતના પ્રાપ્ત થવાથી ઉપર પ્રમાણે પોતાના મનમાં તે વિચાર કરે છે તે વખતે ત્યાં એક બનાવ બન્યો તે સાંભળો: આ સુંદર રાજમંદિરના સાતમા માળ ઉપર સર્વથી ઉપરની ભૂમિકાએ લીલામાં લીન થઇ સુસ્થિત મહારાજ બિરાજમાન થયા છે. ત્યાં બેઠા બેઠા પોતાની નીચે આવી રહેલ આખા નગરના લોકો જૂદા જૂદા વ્યાપાર કરી રહ્યા છે અને અનેક પ્રકારના આનંદોમાં મચી રહ્યા છે તે સર્વ એકી વખતે એક સાથે જોઇ રહ્યા છે. તે નગરની બહાર અથવા નગરમાં એવી કોઇ વસ્તુ કે એવો કોઇ ભાવ નથી કે જે સાતમી ભૂમિ ઉપર બેઠેલા પરમ ઐશ્વર્યવાળા સુસ્થિત રાજાની નજર બહાર હોય અથવા જેના ઉપર તેઓશ્રીની નજર ન પહોંચી શકતી હોય. અત્યંત ભયંકર દેખાવવાળા, અનેક રોગોથી ભરેલા શરીરવાળા અને સારા માણસોને અત્યંત દયા ઉપજાવે તેવા તે વખતે મંદિરમાં દાખલ થયેલા નિષ્પુણ્યક દરિદ્રી ઉપર તે મહારાજાની નિર્મળ નજર કરૂણાપૂર્વક પડી અને તેની દૃષ્ટિ પડવા માત્રથીજ તે દરિદ્રીનાં પાપ કેટલેક અંશે ધોવાઇ ગયાં.[2]

ધર્મબોધકરની વિચારણા.

એ સુસ્થિત મહારાજે રસોડાના ઉપરી તરીકે ધર્મબોધકર નામના રાજસેવકની નિમણુક કરેલી છે તેણે તે વખતે એ દરિદ્રી ઉપર મહારાજાની કૃપાદૃષ્ટિ થઇ છે એમ જોયું; એટલે તે વખતે તે કાંઇક આશ્ચર્યપૂર્વક વિચારવા લાગ્યો કે 'અહો! હું શું અદ્ભુત નવાઇ ઉપજાવે તેવી હકીકત જોઉં છું! જેના ઉપર આ રાજાની નજર-દૃષ્ટિ ખાસ કરીને પડે છે તે તુરતજ ત્રણ લોકનો રાજા થઇ જાય છે અને આ નિષ્પુણ્યક

1 દ્વંદ્વનો અર્થ શીતઉષ્ણ જેવાં વિરોધદ્રવ્યો થાય છે, કલેશ પણ થાય છે. અહીં તેનો અર્થ સંશય બંધબેસતો આવે છે. એ પણ તેનો અર્થ છે. સંશય હોય ત્યાંસુધી મંદિરમાં પ્રવેશ થઇ શકતો નથી.

2 પાપ તદ્દન ધોવાઇ જવાને હજુ વખત લાગવાનો છે, પણ ધોવાઇ જવાના માર્ગ પર ચડી જવાની શરૂઆત થઇ અને સુસ્થિત મહારાજાની કૃપા થઇ એ વાતનું મહત્ત્વ બતાવવા આ પ્રમાણે કહ્યું છે.

તો ભિખારી છે, રાંકડો છે, આખા શરીરે રોગથી ભરેલો છે, લક્ષ્મીને અયોગ્ય છે, મૂર્ખ છે અને આખા જગતને અનેક પ્રકારના ઉદ્વેગ કરાવે તેવો છે. એવા દીન રાંક ઉપર મહારાજાની દૃષ્ટિ પડી તે આગળ પાછળનો વિચાર કરતાં કેમ બેસતું આવી શકે? એવાની તરફ પરમાત્મા નજર કેમ કરે? અરે હા! પણ બરાબર છે! એની તરફ નજર કરવાનો એજ હેતુ જણાય છે કે એને સ્વકર્મવિવર દ્વારપાળે અહીં દાખલ કર્યો છે. એ સ્વકર્મવિવર દ્વારપાળ બહુ ચોકસાઇથી પરીક્ષા કરીને પછીજ કોઇ પણ પ્રાણીને મંદિરમાં દાખલ કરે છે. આ પ્રમાણે હોવાથી રાજાએ [1]સમ્યગ્દૃષ્ટિથી તેના તરફ જોયું હોય એમ જણાય છે. વળી એમ પણ જણાય છે કે જે પ્રાણીનો આ રાજભુવન તરફ પક્ષપાત થાય છે તે મહારાજ સુસ્થિતરાજને વહાલો થઇ પડે છે. આ દરિદ્રી નિરંતર આંખોની પીડાથી હેરાન થતો હતો તે મહેલના દર્શનથી પોતાની આંખો સારી રીતે ઉઘાડે છે; અત્યાર સુધી તે દરિદ્રીનું મોઢું અત્યંત ભયંકર દર્શનવાળું દેખાતું હતું તે અત્યારે સુંદર રાજમંદિરના દર્શનથી ઉત્પન્ન થયેલા પ્રમોદને લઇને કાંઇક સારૂં થઇ ગયું જણાય છે; તેનાં ધૂળથી ખરડાયલાં અંગો વિકસ્વર થઇ ગયાં છે અને તેને વારંવાર રોમાંચ થયા કરે છે, તેથી તેને આ રાજભુવન ઉપર ખરેખરી પ્રીતિ થઇ હોય એમ જણાય છે. આટલા ઉપરથી એમ લાગે છે કે જો કે એ દરિદ્રી ભિક્ષુકનો આકાર ધારણ કરે છે, પરંતુ હમણાં તેના ઉપર મહારાજાની કૃપાદૃષ્ટિ થઇ છે તેથી તે [2]વસ્તુપણાને પામી જશે. આ પ્રમાણે વિચાર કરીને તે ધર્મબોધકર મંત્રી પેલા દ્રમક ઉપર કરૂણા કરવામાં તત્પર ચિત્તવાળા થયા. લોકોમાં વાસ્તવિક રીતે કહેવાય છે કે 'યથા રાજા તથા પ્રજા.' રાજાનું જેવું વર્તન એક પ્રાણીના સંબંધમાં થાય તેવું સાધારણ રીતે પ્રજાનું પણ તેની તરફ થઇ જાય છે. આવી રીતે વિચાર કરીને તેના ઉપર આદર ભાવ લાવી ધર્મબોધકર મંત્રી તેની નજીક ગયા અને 'આવ; આવ! તને (ભિક્ષા) આપીએ'–એ પ્રમાણે કહેવા લાગ્યા. તે વખતે પેલા નિષ્પુણ્યકને અનેક પ્રકારની પીડા કરવા માટે તોફાની છોકરાઓ પાછળ પડ્યા હતા તે ધર્મબોધકર મંત્રીના

---

૧ સારી નજર. સમ્યગ્દૃષ્ટિ એ પારિભાષિક શબ્દ છે. છેલ્લા પુદ્ગળપરાવર્તમાં જ્યારે ગ્રંથિભેદ થાય ત્યારે સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે તે વખતની સ્થિતિને–તે યોગબળને સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવે છે. આ બાબત ઉપર આગળ વધારે વિવેચન આવશે. સમ્યક્ શબ્દ અહીં શ્લેષ છે.

૨ ધનાઢ્યપણું, રાજાપણું. વસ્તુપણાને પામવું તેનો બીજો અર્થ સમ્યગ્ બોધ થઇ છેવટે અનંત સુખ પ્રાપ્ત કરવું એમ પણ થાય છે. એ શ્લેષ છે.

આવા શબ્દો સાંભળીને તુરત નાસી ગયા. પછી ધર્મબોધકર મંત્રી ભિક્ષા લેવા આવનારને બેસવા યોગ્ય જગ્યાએ તે દ્રમકને લઇ ગયા અને તેને યોગ્ય દાન આપવા માટે પોતાના સેવકોને તેણે હુકમ કર્યો.

તદ્દયા.

મહાકલ્યાણક ભોજન.

ધર્મબોધકર મંત્રીશ્વરને એક તદ્દયા[1] નામની અતિ સુંદર સુશીળ દીકરી છે. પોતાના પિતાનાં ઉપર જણાવેલાં વચનો સાંભળીને તે તુરતજ ઉભી થઈ અને મહાકલ્યાણક[2] નામનું સુંદર પરમાન્ન[3] લઇને પેલા દ્રમકને તે ભોજન આપવા માટે જલદી તેની પાસે આવી પહોંચી. આ મહાકલ્યાણક ભોજન સર્વ વ્યાધિઓનો નાશ કરે તેવું, શરીરના વર્ણ (રૂપ), શક્તિ અને પુષ્ટિને વધારનાર, સુગંધી, સારા રસવાળું, દેવતાઓને પણ મળવું દુર્લભ અને અત્યંત મનોહર હતું. હવે તે દરિદ્રીના વિચારો હજુ ઘણા હલકા છે અને તેના મનમાં હજુ અનેક પ્રકારની શંકાઓ છે તેથી જ્યારે તેને ભોજન લેવા માટે આ પ્રમાણે બોલાવવામાં આવ્યો ત્યારે તે મનમાં વિચાર કરવા લાગ્યો કે 'મને જાતે ચાલી ચલાવીને–બોલાવીને આ માણસ ભિક્ષા આપવા માટે આટલો બધો પ્રયત્ન કરે છે તે વાત મને કોઇ પણ રીતે ઠીક (લાભકારી) લાગતી નથી. મને લાગે છે કે આ મારૂં ભિખ માગવાનું ઘડાનું ઠીકરૂં ભિક્ષાના અન્નથી ભરેલું છે તે આ (ધર્મબોધકર) મને કોઇ એકાંત જગોએ લઇ જઇને તોડી નાખશે, ભાંગી નાખશે અથવા તેને પોતે ઉપાડી જશે. ત્યારે શું હું અહીંથી નાસી જઉં? કે અહીં એક સ્થાને બેસીને મારૂં ભોજન કરી લઉં? અથવા મારે કાંઇ ભિક્ષાની જરૂર નથી એમ કહીને ચાલ્યો જઉં? આવા આવા અનેક સંકલ્પ વિકલ્પોથી તેના ભયમાં વધારો થતો ગયો અને તેને લઇને પોતે ક્યાં આવ્યો છે અને ક્યાં બેઠો છે તેનું પણ તે ભાન ભૂલી ગયો. પોતાની વસ્તુ ઉપર તેને એવી ગાઢ મૂર્છા આવી ગઇ કે તેના સંરક્ષણ નિમિત્તક રૌદ્રધ્યાનમાં[4] તે પડી ગયો અને

---

૧ તેના ઉપરની દયા-કરુણા આ તદ્દયા નવીન પાત્ર છે. એનું કામ પ્રત્યેક પ્રાણી તરફ પ્રેમ બતાવવાનું છે. એના સંબંધી હકીકત યોજના વખતે સ્પષ્ટ થશે.

૨ અત્યંત મોટા કલ્યાણને કરનાર, ભવિષ્યમાં બહુ સારૂં કરનાર.

૩ ક્ષીર, ખીર. એનો અર્થ પકવાન્ન પણ થાય છે. બન્ને અર્થ અહીં લાગુ પડે છે.

૪ પોતાની વસ્તુઓ જાળવવા માટે દુર્ધ્યાન થાય તે રૌદ્રધ્યાનનો ત્રીજો ભેદ છે. એના વધારે વિસ્તાર માટે 'જૈન દૃષ્ટિએ યોગ' (પ્ર. વિ.) પૃ. ૧૩૭ જુઓ.

તે દુર્ધ્યાનમાં તેની બન્ને આંખો મીંચાઇ ગઇ. તેના મન પર આ વિચારની એટલી બધી અસર થઇ ગઇ કે તેની સર્વ ઇંદ્રિયોના વ્યાપારો જાણે થોડો વખત તદ્દન બંધ થઇ ગયા અને લાકડા જેવો ચેતના વગરનો તે થઇ ગયો અને તે જરા પણ હાલતો ચાલતો પણ બંધ થઇ ગયો. પેલી તદ્દયા તેની પાસે ઊભી ઊભી વારંવાર 'આ ભોજન લે, આ ભોજન લે' એમ કહેતી કહેતી થાકી ગઇ, પણ નિષ્પુણ્યક દ્રમક તો તેના તરફ જરા ધ્યાન પણ આપતો નથી અને પોતાની પાસે રહેલું તુચ્છ ભોજન આખી દુનિયામાં કોઇ જગોએ થતું નથી-મળતું નથી એવા વિચારમાં ઉંઘવાળો પડેલો તે દરિદ્રી તદ્દયાએ આણેલા અમૃતભોજનની ઇચ્છા પણ રાખતો નથી.

વિમળાલોક અંજન:
તત્ત્વપ્રીતિકર જળ:
મહાકલ્યાણક ભોજન.

'તેમાં પ્રથમ તો મારી પાસે વિમળાલોક નામનું મજાનું આંજણ[1] છે, તે આંખના સર્વ વ્યાધિઓ દૂર કરવાને શક્તિમાન છે. તેને બરાબર વિધિપૂર્વક આંખમાં આંજ્યું હોય તો સૂક્ષ્મ રીતે ગોઠવાયલા અતીત અને અનાગત એટલે ભૂત કાળના અને ભવિષ્ય કાળના સર્વ ભાવોને જોઇ શકે તેવી સુંદર આંખો તે બનાવી શકે છે.

'વળી મારી પાસે બીજું તત્ત્વપ્રીતિકર નામનું તીર્થજળ[2] છે, તે સર્વ રોગોને એકદમ ઓછા કરી શકે છે, ખાસ કરીને શરીરમાં જે કાંઇ ઉન્માદ હોય તેનો એકદમ તે નાશ કરે છે અને પંડિત પુરુષો કહે છે કે સમ્યગ્ રીતે જોવામાં તે મજબૂત કારણરૂપ થાય છે.

'વળી આ તદ્દયા અહીં લઇ આવી ઢાંકીને મૂકી ગઇ છે તે મહાકલ્યાણક નામનું પરમાન્ન છે, તે સર્વ વ્યાધિઓનો મૂળમાંથી નાશ કરવાને શક્તિમાન છે. તેને બરાબર વિધિપૂર્વક સેવવામાં આવ્યું હોય તો તે શરીરનો વર્ણ વધારે છે, પુષ્ટિ કરે છે, ધૃતિ આપે છે, બળ પ્રાપ્ત કરે છે, મનને આનંદમાં રાખે છે, પરાક્રમીપણું લાવી આપે છે, નિરંતર યુવાવસ્થા ટકાવી રાખે છે, વીર્યમાં વધારો કરે છે અને અજરામરપણું પ્રાપ્ત કરે છે એમાં જરા પણ શક જેવું નથી. એ પરમાન્ન એટલું બધું સારૂં ઔષધ છે કે તેનો કરતાં વધારે સુંદર ઔષધ આ દુનિયામાં બીજું હોય એમ હું માનતો નથી.'

આંજણનો અદ્ભુત પ્રભાવ.

'આ પ્રમાણે હોવાથી આ બાપડાને આ ઔષધોવડે ઉપચાર કરીને તેને સમ્યગ્ રીતે વ્યાધિથી છોડાવું'—આ પ્રમાણે ધર્મબોધકર મંત્રીશ્વરે પોતાના મનમાં વિચાર કર્યો. પછી તે મંત્રીશ્વરે શલાકા[3] આણીને અંજન ઉપર મૂકી, તેમાં જરા અંજન લીધું અને પેલો દ્રમક તો માથું ધુણાવતો રહ્યો છતાં જોરાવરીથી તેની આંખમાં તે અંજન આંજી દીધું. તે અંજન અત્યંત આનંદને ઉત્પન્ન કરે તેવું હોવાથી, બહુ ઠંડું હોવાથી અને ન સમજી શકાય તેવા અનેક ગુણવાળું હોવાથી પેલા ભિખારીને જેવું તે આંજ્યું કે તેની ચેતના-સમજશક્તિ ચાલી ગઇ

1 આંખમાં આંજવાની દવા. 2 પવિત્ર ભૂમિનું પાણી. 3 અંજન આંજવાની સળી.

હતી અને તેથી તે જડભરત જેવો થઇ ગયો હતો તે ચેતના પાછી આવવા માંડી. પરિણામ એ થયું કે થોડી વારમાં તેણે આંખો ઉઘાડી, તેના વ્યાધિઓ જાણે નાશ પામી ગયા હોય તેવા થઇ ગયા અને તેના મનમાં પણ જરા આનંદ થયો. તેને પોતાને પણ એમ થવા માંડ્યું કે આ તે શું થઇ ગયું? આટલો લાભ જણાયો છતાં પણ પોતાના ભિખના ઠીકરાને જાળવી રાખવાનો તેનો વિચાર પૂર્વ કાળના લાંબા અભ્યાસને લઇને હજુ જતો નથી, હજુ તેને સંરક્ષણ કરવાનો વિચાર વારંવાર થયા કરે છે. આ એકાંત સ્થાન છે, તેથી પોતાનું ભિક્ષાપાત્ર કોઇ ઉપાડી જશે એવો હજુ પણ વારંવાર તેને વિચાર આવ્યા કરે છે અને નાસી જવા સારૂ લાગ શોધવા ચારે તરફ તે નજર નાખ્યા કરે છે.

જળનો અદ્ભુત પ્રભાવ.

દ્રમકને અંજન આંજવાથી કાંઇક ચેતના પ્રાપ્ત થઇ છે એમ જોઇને ધર્મબોધકર મંત્રી હવે મીઠાં વચનોથી તેની સાથે વાત કરવા લાગ્યા. તેણે વાત શરૂ કરતાં કહ્યું "ભાઇ! તારા સર્વ તાપોને શમાવી દેનાર આ પાણી જરા પી. આ પાણી પીવાથી તારા આખા શરીરમ સમ્યગ્ પ્રકારની સ્વસ્થતા થઇ જશે." ધર્મબોધકર મંત્રી આ પ્રમાણે તેને પ્રેરણા કરે છે ત્યારે પેલો ભિખારી પોતાના મનમાં શંકા હોવાથી વિચાર કરે છે કે એ પાણી પીવાથી શું થશે તેની કાંઇ ખબર પડતી નથી-એવા એવા વિચાર કરીને તે પાણી પીવાની ઇચ્છા કરતો નથી. ધર્મબોધકર મંત્રીશ્વરે આવી તેની સ્થિતિ જોઇ ત્યારે તેને તેની ઉપર વધારે દયા આવી અને દયાને લઇને તે ભિક્ષુકનું એકાંત હિત કરવાની બુદ્ધિથી તેની મરજી નહોતી તોપણ તેનું મોઢું જોરથી ઉઘાડીને તેમાં પાણી રેડી દીધું. તે પાણી (જળ) તદ્દન ઠંડું હતું, અમૃતના જેવું સ્વાદિષ્ટ હતું, ચિત્તને અત્યંત આહ્લાદ ઉપજાવે તેવું હતું અને સર્વ સંતાપ દૂર કરે તેવું હતું. તેને પીવાથી તે તદ્દન સ્વસ્થ જેવો થઇ ગયો, તેને જે ઉન્માદ હતો તે લગભગ નહિ જેવો થઇ ગયો, તેના વ્યાધિઓ નરમ પડી ગયા અને તેના શરીરમાં દાહની પીડા થતી હતી તે સર્વ શમી ગઇ, તેમજ તેની સર્વ ઇંદ્રિયો પ્રસન્ન થઇ. આવી રીતે તેનો અંતરાત્મા સ્વસ્થ થવાથી કાંઇક વિમળ ચેતનાવાળો થઇને તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો:—

"અહો! આ અત્યંત કૃપાળુ મહાત્મા પુરુષને મેં મહામોહના જોરથી ધૂર્તાદિક જેવા ધાર્યા હતા. એ મહાપુરુષે મારા ઉપર

મોટો ઉપકાર કરીને મારી આંખો પર અંજનનો પ્રયોગ કર્યો, મારી આંખો તદ્દન સારી બનાવી દીધી અને મારી ટુંકી નજર હતી તે દૂર કરી! વળી તેણે મને પાણી પાઇને અત્યંત સ્વસ્થ બનાવી દીધો. ખરેખર તે મારા ઉપર મોટો ઉપકાર કરનારા છે. મેં તો અત્યાર સુધીમાં તેઓ ઉપર શું ઉપકાર કર્યો છે? તેઓએ મારા ઉપર આટલો ઉપકાર કર્યો તેમાં તેઓના મહાનુભાવપણા સિવાય બીજું કાંઇ પણ કારણ નથી.

ભોજન લેવાનો આગ્રહ.

આવા આવા સારા વિચાર તે દરિદ્રી કરે છે તોપણ પોતાની સાથે લાવેલા તુચ્છ ભોજન ઉપર તેનું ચિત્ત ઘણું લાગી રહેલું હતું, તેથી તેના ઉપરની તેની [1]મૂર્છા કોઇ પણ રીતે નાશ પામતી નથી અને પોતાની નજર વારંવાર તે (પોતાના તુચ્છ ભોજન)ની ઉપર નાખ્યા કરે છે. આ પ્રમાણે તેને તુચ્છ વસ્તુ ઉપર નજર નાખતો જોઇ તેના મનનો આશય સમજી જઇને ધર્મબોધકર તેને કહેવા લાગ્યા કે "અરે મૂર્ખ દ્રમક[2]! આ કન્યા તને અતિ સુંદર ભોજન આપે છે તે શું તું જોતો નથી? આ દુનિયામાં પાપી ભિખારીઓ ઘણા હોય છે, પણ મને તો નિશ્ચય થાય છે કે ઘણે ભાગે તારા જેવો નિર્ભાગી તો બીજો કોઇ નહિ હોય, કારણ કે તને તારા તુચ્છ ભોજન ઉપર એટલું બધું લંપટપણું છે કે જેથી આ મારૂં ભોજન અમૃત જેવું છે તે તને આપી દેવામાં આવે છે છતાં તેને તું લેતો નથી. તને એક બીજી વાત કહું. આ રાજમહેલની બહાર અનેક દુઃખી માણસો રહે છે, પરંતુ તેમને આ મહેલ જોઇને આનંદ થયો નથી અને અમારા મહારાજાની તેના ઉપર મોટી દૃષ્ટિ પડી નથી, તેથી અમારો તેઓ તરફ ખાસ આદર હોતો નથી, અમે તેની વાત પણ પૂછતા નથી; તારે માટે તો અહીં પ્રવેશ થયા પછી આ રાજભુવન જોઇને તારા મનમાં આહ્લાદ થયો અને અમારા રાજાની તારા ઉપર દૃષ્ટિ પડી તે કારણથી અમારો તારા પ્રત્યે આદર છે. પોતાના સ્વામીને જે પ્રિય હોય તેનું હિત સ્વામિભક્ત સેવકોએ કરવું જોઇએ એ ન્યાયથી અમે તારા તરફ દયાળુ નજરથી જોઇએ છીએ. અમને અત્યાર સુધી ચોક્કસ વિશ્વાસ હતો કે અમારા રાજા યોગ્ય પ્રાણી શોધીને તેના ઉપરજ પોતાની દૃષ્ટિ નાખે છે અને તેના લક્ષ્યમાં કોઇ મૂઢ આવતોજ નથી એવી અમને ખાતરી હતી તે વિશ્વાસ પણ આજે તું ખોટો પાડે છે. તારા અત્યંત તુચ્છ ભોજન ઉપર તારૂં મન ચોંટ્યું છે, તેથી તું આ અતિ સુંદર અમૃત જેવા

---

૧ પ્રેમ, આદ્રતા. ૨ ભિખારી દરિદ્રી.

પણ જોતો નથી કે આ તારે શરીરે હજારો વ્યાધિઓ છે તે સર્વે તારી પાસેના તુચ્છ ભોજનના સંબંધથી થયેલા છે? તારી પાસે જે ભોજન છે તેને વધારે ખાવામાં આવે તો તેથી તારા સર્વે વ્યાધિઓ એકદમ વધી જાય તેમ છે, તેથી સારી બુદ્ધિવાળા પ્રાણીઓએ તેનો એકદમ ત્યાગ કરી દેવો જોઇએ. તારા ભોજન ઉપર તને અત્યારે પ્રેમ આવે છે અને તેને તું સારૂં ગણે છે, પણ તેમાં તારી મોટી ભૂલ થાય છે, તને વસ્તુ અત્યારે ઉલટી સમજાય છે, તેથી તું એમ માને છે; પરંતુ જ્યારે મારા ભોજનનો એક વાર બરાબર તત્ત્વથી સ્વાદ લઇશ ત્યારે તને અટકાવવામાં આવશે તોપણ તારી પોતાની ઇચ્છાથી આ તારૂં કુભોજન તું તજી દઇશ. અમૃત પ્રાપ્ત કરીને પછી તે કોણ એવો મૂર્ખ હોય કે જે ઝેર પીવાની ઇચ્છા કરે? વળી હું તને પૂછું છું કે તેં મારા અંજનની શક્તિ અને પાણીનો મહિમા શું હમણાંજ જોયાં નથી? છતાં તને મારા વચન ઉપર પૂરતો વિશ્વાસ કેમ નથી આવતો? તું એમ કહે છે કે 'તે ભોજન તેં બહુ મહેનતે મેળવ્યું છે તેથી તારાથી તેનો ત્યાગ કરી શકાય તેમ નથી' તેના સંબંધમાં હું તને ખુલાસો કરૂં છું તે ધ્યાન રાખીને સાંભળ. એ ભોજનને મેળવવામાં બહુ ક્લેશ થાય છે, એ પોતે ક્લેશરૂપ છે અને એનાથી ભવિષ્યમાં પણ અનેક પ્રકારના ક્લેશ ઉત્પન્ન થાય છે તેટલા માટેજ તેનો ત્યાગ કરવાનું કહેવામાં આવે છે. તેં ત્યારપછી એમ કહ્યું કે 'ભવિષ્યમાં તારો તેના ઉપર નિર્વાહ[1] છે, તેથી તું તેનો ત્યાગ કરી શકતો નથી' તેનો ખુલાસો પણ મનની ધુંચો છોડી દઇને સાંભળ. એ ભવિષ્યમાં અનેક દુઃખનો નિર્વાહ[2] કરે તેવું ભોજન છે, તેથી કદાચ તું માને છે તેમ તેના ઉપર તારો ભવિષ્યનો આધાર હોય તોપણ દુઃખમાં ડૂબેલો તું તેને સર્વદા રાખી શકીશ? (રાખી શકીશ નહિ). વળી તેં કહ્યું કે 'આ મારૂં સુંદર ભોજન તને આપવામાં આવે છે તે કેવું છે તે તું જાણતો નથી' તે બાબતમાં હું તને ખુલાસો કરૂં છું તે બરાબર ધ્યાન રાખીને વિશ્વાસ લાવીને સાંભળ:[3] તને કોઇ પણ જાતનો ક્લેશ ન થાય તેવી રીતે હમેશાં તારી જેટલી ઇચ્છા હશે તેટલું આ સુંદર ભોજન હું તને આપ્યા કરીશ, માટે તું જરા પણ મુંઝવણ રાખ્યા સિવાય આ પરમાન્નને ગ્રહણ કર. આ સુંદર ભોજન તારાં સર્વ દરદોને મૂળમાંથી

---

૧ બાહ્યપોષક. ૨ પોષક, ધૈર્ય.

૩ અહીંથી જમાલ એરડીઆટિક સોસાયટીવાળા મૂળ પુસ્તક પૃ ૨૬ ... છે

દૂર કરી નાખે તેવું છે અને ઉપરાંત શરીરને અને મનને સંતોષ આ
છે, પુષ્ટ કરે છે, બળ વધારે છે, શરીરનો વર્ણ સુધારે છે અને વીર્ય
વૃદ્ધિ કરે છે. એ ભોજન સારી રીતે ખાવાથી અનંત આનંદથી ભર
થઇ અક્ષય સ્થિતિ પ્રાપ્ત કરી જેવી રીતે અમારા રાજા સુસ્થિ
મહારાજ સુખમાં રમણ કરે છે તેવી રીતે તેના જેવો તું પણ થ
જઇશ, તેટલા માટે હે ભદ્ર! તું આગ્રહ તજી દઇને તારૂં ભોજન
અનેક રોગોનું કારણ છે તેને છોડી દે, તજી દે, મૂકી દે અને આ પર
ઔષધ જેવું મહા આનંદનું કારણ સુંદર ભોજન લે, ગ્રહણ કર અ
તેનો ઉપયોગ કર.”

શરત અને સ્વીકાર.

ધર્મબોધકર મંત્રીએ આટલો લંબાણ ખુલાસો કર્યો તે સાંભળી નિષ્પુણ્યકે જવાબ આપ્યો “ભટ્ટારક મહારાજ! મ મારા ભોજન ઉપર એટલો બધો સ્નેહ છે કે તેને ત્યાગ કરવા માત્રથી તેના પ્રેમના ગાંડપણમાં હું મ જઇશ એમ મને લાગે છે, માટે મહારાજ! ર ભોજન મારી પાસે રહેવા દઇને આપ મને આપનું ભોજન આપો તેનો આ પ્રમાણે અત્યંત આગ્રહ જોઇને ધર્મબોધકરે મનમાં વિચ કર્યો કે આ બિચારાને સમજણ આપવાનો હાલ તો બીજો કો ઉપાય નથી, માટે તે તેનું ખરાબ ભોજન તેની પાસે ભલે ર અને આ આપણું ભોજન તેને આપીએ, પછી જ્યારે તેને આ સુંદ ભોજનનો રસ લાગશે ત્યારે તે પોતાની મેળેજ પેલા ખરાબ ભોજ નનો ત્યાગ કરી દેશે. આ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરીને ધ બોધકર મંત્રીશ્વરે તેને કહ્યું, “ભાઇ! તારૂં ભોજન તારી પાસે રહે દઇને આ સુંદર ભોજન હાલ તું લે અને લઇને તેનું ભક્ષણ કર દરિદ્રીએ જવાબ આપ્યો “ભલે, તેમ કરીશ.” આવો તેનો જવા સાંભળીને ધર્મબોધકરે તદ્દયાને સંજ્ઞા કરી એટલે તેણીએ દરિદ્રી ભોજન આપ્યું. તે ભોજન દરિદ્રીએ તુરત ગ્રહણ કર્યું અને ત્યાં બે બેઠાજ તેનું ભક્ષણ કર્યું. આ ભોજન કરવાથી તેની ક્ષુધા શાંત થઇ ગ તેના શરીર ઉપર અનેક વ્યાધિઓ થયા હતા તે લગભગ નાશ પ મ્યા જેવા થઇ ગયા. અગાઉ આંખમાં અંજન આંજવાથી અને પા પીવાથી જે સુખ તેને થયું હતું તેના કરતાં હજારો ગણું સુખ આ સુંદર ભોજન કરવાથી તે નિષ્પુણ્યક દરિદ્રીને થયું. આ પ્રમાણે થવા તે દરિદ્રીને ધર્મબોધકર મંત્રી ઉપર ભક્તિ ઉત્પન્ન થઇ, તેના મન જે ખોટી બુદ્ધિ તે દૂર થઇ ગઇ અને તે હર્ષ પામીને બોલ્યો, “હું ભ ગ્યહીન છું, સર્વ લોકો કરતાં ઘણો અધમ છું અને આપના ઉપ

કોઇ પ્રકારનો મેં ઉપકાર કર્યો નથી છતાં આપ મારા ઉપર આટલી બધી દયા દેખાડો છો તેથી તમારા સિવાય હે પ્રભો! મારો બીજો કોઇ નાથ નથી."

ઔષધ સેવનનો ઉપદેશ.

તેને આ પ્રમાણે બોલતો સાંભળીને ધર્મબોધકર મંત્રીશ્વર બોલ્યા, "જો એ પ્રમાણે છે તો હું જે કહું તે થોડી વાર અહીં બેસીને બરાબર સાંભળ અને સાંભળીને તે પ્રમાણે આચરણ કર." દરિદ્રી વિશ્વાસ લાવીને ત્યાં બેઠો એટલે તેનું હિત કરવાની ઇચ્છાથી તેના મનને આનંદ પમાડે તેવા સુંદર શબ્દોમાં ધર્મબોધકર બોલ્યા, "તેં કહ્યું કે તારો મારા સિવાય બીજો કોઇ નાથ નથી, પણ એવું તારે બોલવું યોગ્ય નથી, કેમકે આપણા રાજાના રાજા મહા ઉત્તમ ભૂપાળ શ્રીસુસ્થિત મહારાજ તારા સ્વામી છે. એ મહારાજ સ્થાવર અને જંગમ સર્વ પ્રાણી અને પદાર્થોના નાથ છે, ધણી છે, સરદાર છે; અને તેમાં પણ આ રાજભુવનમાં જે પ્રાણીઓ રહે છે તેના તો તેઓશ્રી ખાસ કરીને નાથ છે. જે ભાગ્યશાળી પ્રાણીઓ એ મહારાજાનું દાસપણું સ્વીકારે છે તેઓની સાથે આખું ભુવન થોડા કાળમાં દાસની જેમ વર્તે છે એટલે કે આ ભુવનના સર્વ લોકો તેના દાસ થઇ જાય છે. જે પ્રાણીઓ અત્યંત પાપી હોય છે અને ભવિષ્યમાં પણ જેનો ઉદય થવાનો સંભવ નથી તેઓ બાપડા આ મહારાજાનું નામ પણ જાણતા નથી. જે ભાવિભદ્ર[1] મહાત્માઓ આ રાજભુવનમાં દેખાય છે તેને પ્રથમ તો સ્વકર્મવિવર દ્વારપાળ અંદર પ્રવેશ કરાવે છે અને તેઓ કોઇ પણ પ્રકારની શંકા વગર આ રાજાને વસ્તુતઃ સ્વીકારે છે. અંદર દાખલ થનારમાં કોઇ મુગ્ધ (મોહને વશ પડેલા, સામાન્ય બુદ્ધિવાળા) હોય છે તેઓને અંદર પ્રવેશ કરાવ્યા પછી જ્યારે હું તેને બધી વાત કહું છું ત્યારે વિશેષ હકીકત તેઓ સમજે છે. આ પ્રમાણે હોવાથી તારા સદ્ભાગ્યને યોગે આ વિશાળ રાજમંદિરમાં જ્યારથી તારો પ્રવેશ થયો છે ત્યારથી આ સુસ્થિત મહારાજા તારા સ્વામી થયેલા છે. હવે તારે મારા વચનથી શુદ્ધ આત્માવડે જ્યાંસુધી જીવ ત્યાંસુધી આ રાજાને તારા મહારાજા તરીકે-નાથ તરીકે સ્વીકારી લેવા. જેમ જેમ તું તેઓના ગુણોનો ઉપભોગ કરતો જઇશ તેમ તેમ તારા શરીરમાં જે અનેક વ્યાધિઓ થયેલા છે તે નરમ પડતા જશે. તને જે રોગો થયેલા છે તેને ઘટાડવાનો અને

1 ભવિષ્યમાં જેમનું કલ્યાણ થવાનું છે તેવા ભાગ્યશાળી પ્રાણીઓ.

તેનો છેવટે સર્વથા નાશ કરવાનો ઉપાય સદરહુ ત્રણે ઔષધોનો વારંવાર ઉપયોગ કરવો એજ છે, તેથી હે ભાઇ! સર્વ પ્રકારના સંશયને છોડી દઇને આ રાજભુવનમાં નિરાંતે રહે અને દરેક વખતે વારંવાર અંજન, જળ અને અન્નનો ઉપયોગ કર. એવી રીતે એ ત્રણે ઔષધનો ઉપયોગ વારંવાર કરવાથી તારા સર્વ વ્યાધિઓ મૂળમાંથી નાશ પામી જશે અને તું એ મહારાજાની વિશેષ સેવા કરતાં કરતાં આખરે પોતે પણ નૃપોત્તમ (મહારાજા) થઇ જઇશ. આ તદ્દયાને હું ભલામણ કરૂં છું, તે તને દરરોજ ત્રણે ઔષધો આપતી રહેશે. હવે મારે તને વધારે તો શું કહેવું? પણ તને ફરીવાર પુનરાવર્તન કરીને કહું છું કે તારે ત્રણે ઔષધનો બરાબર ઉપયોગ નિરંતર કર્યા કરવો."

ધર્મબોધકર મંત્રીની ઉપરની વાત સાંભળીને દરિદ્રી ખુશી થઇ ગયો અને મનમાં વિચાર કરીને બોલ્યો, "સ્વામિન્! આપે આટલી બધી વાત કહી તોપણ હજુ હું મારૂં તુચ્છ ભોજન તજી શકતો નથી, એ સિવાય મારે જે કરવાનું હોય તે આપ મને ઘણી ખુશીથી ફરમાવો."

દરિદ્રીનો આગ્રહ.

દરિદ્રીનો આવો વિચાર સાંભળીને ધર્મબોધકર મંત્રીશ્વરને મનમાં વિચાર થવા લાગ્યો કે આને તો ત્રણ ઔષધનો ઉપયોગ કરવાની વાત કહેવામાં આવી તેના જવાબમાં આ શું બોલવા મંડી ગયો છે? પણ અરે! હવે સમજાય છે કે અત્યારે તેના મનમાં એવોજ વિચાર ચાલે છે કે હું હાલ તેની સાથે જે વાત કરૂં છું તેમાં મારો ઉદ્દેશ ગમે તેમ કરીને તેની પાસેથી તેના ખરાબ ભોજનનો ત્યાગ કરાવવાનો છે. આ વિચાર તે તુચ્છપણાને લીધે કરે છે. ક્લિષ્ટ[1] ચિત્તવાળા પ્રાણીઓ આખા જગતને દુષ્ટ માને છે અને શુદ્ધ વિચારવાળા પ્રાણીઓ આખા જગતને પવિત્ર માને છે. આવી રીતે પોતાના પ્રયત્નનો ખોટો અર્થ દરિદ્રીને કરતો જોઇ ધર્મબોધકર જરા હસ્યા અને તેને કહ્યું, "ભાઇ! તું જરા પણ ગભરાઇશ નહિ. હું તારી પાસેથી તારૂં અન્ન હાલ છોડાવવા માગતો નથી, તારે ગભરાયા વગર તારા ભોજનનો ઉપયોગ કરવો. હું તને પહેલાં તે ખરાબ ભોજન તજી દેવાનું વારંવાર કહેતો હતો તે માત્ર તારૂં ભલું કરવાની ઇચ્છાથી જ કહેતો હતો, પણ હવે જ્યારે તને તે વાત પસંદ આવતી નથી તો હાલ હું એ બાબતમાં તદ્દન ચુપ રહીશ, પણ વારૂ, તારે શું કરવા

ઉપદેશકની ગંભીરતા.

---

૧ મલિન, મેલવાળા.

યોગ્ય છે તે સંબંધી મેં તને અગાઉ અહીં ઉપદેશ આપ્યો હતો તેમાંથી કાંઇ તેં તારા હૃદયમાં ધારણ કર્યું છે કે નહિ ?"

ભિખારીની કબુલાતો.

દરિદ્રીએ કહ્યું–"આપે કહ્યુ તેમાંની કોઇ પણ હકીકત મેં ધ્યાનમાં રાખી નથી. માત્ર તમે તે વખતે કાનને પસંદ આવે તેવું બોલતા હતા તે સાંભળીને હું મારા મનમાં રાજી થતો હતો. સજ્જન પુરુષોની વાણીનો આશય સમજાયો ન હોય તોપણ તે વાણી જાતેજ અતિ સુંદર હોવાથી મનુષ્યોનાં ચિત્તને પ્રસન્ન કરે છે. બીજું જ્યારે આપ બોલતા હતા ત્યારે મારી આંખો આપની સન્મુખ રહેતી હતી, પણ મારૂં મન બીજી જગોએ ભટકતું હતું, તેથી આપ જે બોલતા હતા તે એક કાનમાં પેસીને બીજે કાનેથી બહાર નીકળી જતું હતું. મારા મનની એવી તદ્દન ખરાબ સ્થિતિ થવાનું તે વખતે એક કારણ હતું. તે વખતે મને જે બીક લાગતી હતી તેનો હવે નાશ થઇ જવાથી તે વખતે એવી સ્થિતિ મારા મનની થઇ હતી તેનું જે કારણ હતું તે આપને કહેવામાં મને કાંઇ વાંધો નથી. મારા મનની ચંચળ સ્થિતિનું કારણ આપ સાંભળો: આપે મારા ઉપર અત્યંત કરૂણા કરીને મને ભોજન આપવા માટે પ્રથમ બોલાવ્યો ત્યારે મારા મનમાં એમ થવા માંડ્યું કે આ માણસ ભોજન આપવાને બ્હાને મને કોઇ જગો પર લઇ જઇને મારૂં ભોજન લઇ જશે. આવા વિચારને વશ થઇને હું તે વખતે તદ્દન મુંઝાઇ ગયો હતો. આપે ત્યારપછી મારા ઉપર પ્રેમ લાવી મારી આંખમાં અંજન આંજી જ્યારે મને જાગ્રત કર્યો અને મારી મુંઝવણ કાંઇક દૂર કરી ત્યારે અહીંથી કેવી રીતે જલદી નાસી જઉં એવો વિચાર કરવા લાગ્યો હતો. ત્યારપછી આપ સાહેબે જ્યારે જળ પાઇને મારા શરીરને શાંત કર્યું અને મારી સાથે વાતચીત કરી ત્યારે મને કાંઇક તમારો વિશ્વાસ આવ્યો. તે વખતે મેં વિચાર કર્યો કે જે પ્રાણી મારા ઉપર આટલો બધો ઉપકાર કરે છે અને જેની પાસે આટલી મોટી વિભૂતિ (દોલત) છે તે મારી પાસેથી મારા અન્નને ચોરી જનાર કે મુકાવી દેનાર કેમ હોઇ શકે? ત્યારપછી જ્યારે આપે 'આ (મારૂં ખરાબ ભોજન) છોડી દે અને આ (તારૂં સારૂં ભોજન) ગ્રહણ કર' એમ કહ્યું ત્યારે વળી પાછું શું કરવું એવા વિચારની ધુંચમાં પડીને હું મુંઝાઇ ગયો અને વિચાર કરવા લાગ્યો કે તે પોતે તો મારૂં ભોજન લઇ લેતા નથી, પણ મારી પાસેથી તેનો ત્યાગ કરાવે છે; પણ મારાથી તો તેનો ત્યાગ થઇ શકે તેમ નથી ત્યારે હવે તેમને ઉત્તર શું આપવો? છેવટે મારે

ભોજન મારી પાસે રહે અને આપનું ભોજન મને મળે એવી મેં
પને વિજ્ઞપ્તિ કરી. આપે તે સ્વીકારી સુંદર ભોજન મને આપવા
કર્યાં અને તેનો જ્યારે મેં સ્વાદ ચાખ્યો ત્યારે મને વિશેષ પ્ર
થઇ કે આપ મારા ઉપર અત્યંત પ્રેમવાળા છો. તે વખતે વળી
વિચાર થવા લાગ્યો કે 'આપના કહેવાથી મારા ભોજનનો ત્યાગ
દઉં? પણ ના, જો હું તેને છોડી દઇશ તો તે ભોજન પરની મૂર્છ
આકુળ વ્યાકુળ થઇને હું જરૂર મરી જઇશ. આ ધર્મબોધકર
કહે છે તે તત્ત્વથી ખરેખરી છે, પણ હું તેનો ત્યાગ કરી શકું
નથી, અરે! આ તો મારે માથે મોટું ધર્મસંકટ આવી પડ્યું!' અ
આવા અનેક વિચારો મારા મનમાં થયા કરતા હતા, તેથી આપ
જ્યારે જે બોલતા હતા તે જેમ ભરેલા ઘડા ઉપરથી પાણી ચા
તેમ તેમ ઉપર ઉપરથી ચાલ્યું જતું હતું. આપ સાહેબે મારું
લાગણી લઇને મારા ભોજનનો ત્યાગ કરાવવામાં આવશે નહિ એમ
આપ્યું ત્યારે કાંઇક સ્વસ્થતા થવાથી આપના કહેવાનો આશય મ
જાણવામાં સહજ આવ્યો છે. મારું ચિત્ત આવું અસ્થિર છે અને
પાપી છું, તેથી મારે શું કરવું જોઇએ તે આપ સાહેબ હવે મને
બતાવો કે જેથી આપની કહેલી હકીકત હું મારા મનમાં ધારણ કરી

નિષ્પુણ્યકની આ સર્વ હકીકત સાંભળીને દયાના સમુદ્ર
બોધકરે પ્રથમ જે વાત ટુંકામાં સમજાવી હતી

ઔષધના અધિ- કારીનું લક્ષણ.

પાછી ફરીવાર અતિ વિસ્તારથી સમજાવી. ત્
પછી પોતાનાં વિમળાલોક અંજન, તત્ત્વપ્રીતિ
પાણી અને મહાકલ્યાણક અન્નની અને ખાસ ક
સુસ્થિત મહારાજ સંબંધી અને તેના અનેક ગુણો સંબંધી હકીકત
તેને સમજાવીને જણાવી તેને આ પ્રમાણે કહ્યું, "હે ભાઇ! મને મ
[illegible] સાહેબે આ પ્રમાણે હુકમ કર્યો છે કે તેનાં ત્રણે ઔષધો મારે યો
[illegible] આપવાં, જો એ ત્રણે ઔષધો કોઇ અયોગ્યને આપવા
[illegible] તો તે ફાયદો નહિ કરે એટલું જ નહિ, પણ ઉલટા અ
[illegible] ઉત્પન્ન કરશે. અમારા મહારાજનો આવો આદે
[illegible] છે કે નહિ તેને કેવી રીતે ઓળખ
[illegible] હતો તેના જવાબમાં મહારાજ
[illegible] બતાવ્યાં તે આ પ્રમાણે:
[illegible] સેવાને હજુ સુધી [illegible]
[illegible] માં દાખલ કરતો [illegible]
[illegible] છે કે તેણે જે [illegible]

ત્રણે ઔષધને યોગ્ય હોય તેવા પ્રાણીનેજ રાજભુવનમાં દાખલ કરવા અને જેઓ એ ઔષધને યોગ્ય ન હોય તેને દાખલજ કરવા નહિ. તેમ છતાં કોઇ પ્રાણી આ મંદિરમાં દાખલ થઇ ગયેલ હોય, પણ જે મારો મહેલ જોઇને આનંદ પામે નહિ તેઓના ઉપર મારી દૃષ્ટિ મોટે ભાગે પડતી નથી, તેથી એવા પ્રાણીઓને કોઇ બીજા દ્વારપાળે ગમે તેમ કરીને અંદર દાખલ કરેલા છે એમ તારે તેઓનાં ચિહ્ન ઉપરથી સમજી લઇને તેઓનો સંભાળથી ત્યાગ કરવો. જેઓ મારૂં મંદિર જોઇને પોતાનાં મનમાં આનંદ પામે છે-હર્ષમાં આવી જાય છે અને જેઓના આત્મા વિકસ્વર થાય છે તેવા રોગીઓનું ભવિષ્યમાં સારૂં થવાનું હોવાથી તેવાઓ ઉપર હું ખાસ કૃપાદૃષ્ટિ કરૂં છું. સ્વકર્મવિવરે જેને મંદિરમાં પ્રવેશ કરાવ્યો હોય અને જેના ઉપર મારી કૃપાદૃષ્ટિ પડતી હોય તે પ્રાણીઓ આ ત્રણે ઔષધને યોગ્ય છે એમ તારે સમજવું. આ ત્રણે ઔષધો તે પ્રાણીઓની કસોટી કરનારાં છે. એ ઔષધ પ્રાણીઓને આપવાથી તેનો તે પ્રાણી ઉપર કેવો ગુણ થાય છે તે જાણવા ઉપરથી તે આ મંદિરમાં રાખવા યોગ્ય છે કે નહિ તેની ખબર પડી આવે છે. આ ઔષધ ઉપર જે પ્રાણીઓનાં મનમાં પ્રેમ થાય અને તેનો ઉપયોગ કરવાથી ગુણ કરનાર થાય અને તેમ થવામાં પ્રયાસ કરવો ન પડે તે પ્રાણીઓને સુસાધ્ય[1] વિભાગના જીવો તારે સમજવા. જેઓ શરૂઆતમાં ઔષધોને ગ્રહણ કરે નહિ, પરંતુ જેઓને પ્રયાસ કરીને ઔષધો વાપરવા માટે સમજાવવામાં આવે અને જેઓ વખતના વહેવા સાથે ધીમે ધીમે ઔષધો વાપરે તે કૃચ્છ્રસાધ્ય[2] વિભાગના પ્રાણીઓ છે એમ તારે સમજવું. જેઓને આ ઔષધ ઉપર જરા પણ પ્રેમ ન થાય, જેઓને ઔષધ આપવાની ગોઠવણ કરવામાં આવે તે પડી ભાંગે અને જેઓ ઔષધ આપનાર ઉપર ઉલટા દ્વેષ કરે તેઓને અસાધ્ય[3] વિભાગના પ્રાણીઓ સમજવા.'

"આ પ્રમાણે અમારા મહારાજાધિરાજ સુસ્થિતરાજે મને [4]સંપ્રદાયથી કહી રાખ્યું છે તે ઉપરથી તું વચલા કૃચ્છ્રસાધ્ય વર્ગનો પ્રાણી છે એમ તારાં લક્ષણ ઉપરથી જણાય છે. બીજી પણ તને એક વાત કહું તે સાંભળ: મારી આ ઔષધ કરવાની ક્રિયા જે અનંત શક્તિથી ભરપૂર છે અને જે સર્વ વ્યાધિઓનો નાશ કરે તેવી છે તે

---

૧ સહેલાઇથી સમજી શકે તેવા પ્રાણીઓ.
૨ કૃચ્છ્ર=મુશ્કેલી. પ્રયાસ કરવાથી મહેનતે સમજી શકે તે કૃચ્છ્રસાધ્ય પ્રાણીઓ.
૩ ન સમજી શકે તેવા પ્રાણીઓ.
૪ ઘણા કાળથી ચાલતા આવેલા પ્રવાદથી, ઉત્તરોત્તર ઉતરી આવેલ હકીકતથી.

જે પ્રાણીઓ અમારા મહારાજાને પોતાની આખી જીંદગી સુધી ખાસ કરીને ભાવથી રાજા તરીકે સ્વીકારે છે અને તે સંબંધમાં પોતાના મનમાં કોઇ પણ પ્રકારની શંકા રાખતા નથી તેનેજ ગુણ કરે છે, ફાયદો કરે છે, લાભ કરે છે; તેથી તું અમારા મહારાજાને તારા નાથ તરીકે સ્વીકાર, કારણ કે **મહાત્મા પુરૂષો ભાવપૂર્વક ભક્તિથીજ પોતાના થાય છે.** અનેક રોગી પ્રાણીઓ અગાઉ આ મહારાજાનો નાથ તરીકે ભક્તિપૂર્વક સ્વીકાર કરીને આનંદ પામ્યા, રોગ રહિત થઇ ગયા અને પોતાનું કામ સાધી ગયા તેના દાખલાઓ મોજુદ છે. તારા રોગો ઘણા આકરા છે, તારૂં મન તુચ્છ ભોજન ઉપર હજુ લાગેલું છે, તેથી મને એમ લાગે છે કે તારા સંબંધમાં અસાધારણ પ્રયત્ન કર્યા સિવાય તારા વ્યાધિઓ નાશ પામી જશે નહિ. તેટલા માટે હે ભાઇ! સાવધાન થઇ યત્ન કરી તારૂં મન સ્થિર કરી આ વિશાળ રાજભુવનમાં રાજી ખુશીથી રહે અને આ મારી દીકરી તને વારંવાર ત્રણે ઓૈષધો આપ્યા કરે તે લઇને તારા આત્માનું આરોગ્ય[1] કર.”

અલ્પ સ્વીકારનો મોટો લાભ.

ધર્મબોધકર મંત્રીશ્વરે આટલી વિગતથી જે લંબાણ વાત કા તે તેણે બરાબર સ્વીકારી લીધી અને મંત્રીશ્વરે પે તાની દીકરી તદ્દયાને તેની પરિચારિકા[2] બનાવ નિષ્પુણ્યકે પોતાના ભિક્ષા માગવાના પાત્રને એ સ્થાનકે હમેશને માટે મૂકી દીધું અને તેની પાલના જાળવણી કરતાં તેનો કેટલોક કાળ એ પ્રમાણેની સ્થિતિમાં ત્યાં ની કળી ગયો. તદ્દયા–મંત્રીશ્વરની દીકરી તેને રાત દિવસ ત્રણે ઓૈષધે આપ્યા કરે છે, પરંતુ આ નિષ્પુણ્યકને પોતાના કુભોજન ઉપર હજી આસક્તિ ઘણી છે, તેથી તેના ઉપર જોઇએ તેટલો પ્રેમ થતો નથી મોહથી પોતાની પાસેનું તુચ્છ ભોજન તે વધારે ખાતો હતો અ તદ્દયાએ આપેલ ભોજન બહુ થોડું ખાતો હતો, તદ્દયા તેને સંભાર આપે ત્યારે કોઇ વખત જરા અંજન આંખમાં આંજતો હતો અ તીર્થજળ પણ તદ્દયા વારંવાર કહે ત્યારે કોઇ વખત જરા પીતો હતો તદ્દયા એને હોંશથી મહાકલ્યાણક ભોજન બહુ સારી રીતે આપતી હત ત્યારે તેમાંનું જરા ખાઇને બાકીનું અન્ન તે પોતાના ભિક્ષાપાત્રમ નાખી દેતો હતો. તેના તુચ્છ ભોજનની સાથે આ સુંદર ભોજન મળ વાથી તેના અન્નમાં નિરંતર વધારો થયા કરતો હતો અને તેથ તેનું અન્ન દરરોજ રાત દિવસ ખાધા કરે તોપણ પૂરૂં થતું નહોતું

૧ [illegible] કરવાનું છે તે ધ્યાનમાં રાખવા યોગ્ય છે. ૨ સેવા કરનારી, ચાકર દાસી.

પોતાના ભોજનમાં આવી રીતે વધારો થતો જોઇને તે મનમાં બહુ રાજી થતો હતો, પણ કોના પ્રતાપથી અને શા કારણથી પોતાના ભોજનમાં વધારો થાય છે તેનું કારણ તે કદિ વિચારતો નહોતો. પોતાના ભોજનમાં આસક્ત થયેલો નિષ્પુણ્યક સુંદર ભોજન તરફ ઓછા ઓછા આદરવાળો થતો જતો હતો અને પોતે કાંઇક સમજતો હતો છતાં જાણે તદ્દન અજાણ્યો હોય તેમ સાંસારિક મોહમાં કાળ ગાળતો હતો. પોતાનું તુચ્છ ભોજન તે રાત દિવસ ખાતો હોવાથી શરીરે હૃષ્ટપુષ્ટ થતો ગયો, પણ ત્રણે ઔષધો આદર વગર માત્ર જરા જરા કોઇ વખત વાપરતો હતો તેથી તેના વ્યાધિઓનો સમૂળો નાશ થયો નહિ. એટલું મહાકલ્યાણક અન્ન તે થોડું થોડું લેતો હતો તેનાથી પણ તેને ફાયદો તો ઘણો થયો અને તેના વ્યાધિઓ તેથી ઓછા તો થતા ગયા, પણ વસ્તુસ્વરૂપનું બરાબર ભાન ન હોવાને લીધે અને અપથ્ય ભોજનનું જોર વધારે હોવાને લીધે તેના શરીર ઉપર કુભોજનનો વિકાર વારંવાર દેખાતો હતોઃ અપથ્ય ભોજનના વિશેષ ઉપયોગથી કોઇ વાર તેને શૂળ[1] નીકળતું હતું, કોઇ વખત શરીરે દાહ થઇ આવતો હતો, કોઇ વાર તેને મુંઝવણ[2] થઇ આવતી હતી, કોઇ વખત તાવ આવી જતો હતો, કોઇ વાર શરદી થઇ આવતી હતી, કોઇ વાર જડપણું[3] જણાતું હતું, કોઇ વાર છાતીમાં અને પડખાંમાં વેદના થઇ આવતી હતી, કોઇ વાર [4]ઉન્માદની પીડા થઇ આવતી હતી અને કોઇ વાર શરીરને પથ્ય વસ્તુ ઉપર [5]અરૂચિ થઇ આવતી હતી. આવી રીતે એ સર્વ રોગો તેના શરીરમાં વિકાર ઉત્પન્ન કરીને કોઇ કોઇ વાર તેને ત્રાસ આપતા હતા.

વસ્તુવિચારણા વદ્યાદિધરીકરણ.

આવી રીતે વ્યાધિઓની પીડાથી ઘેરાયલા અને રડતા નિષ્પુણ્યકને એક વખત દયાળુ તદ્દયાએ જોયો અને તેના સંબંધમાં વિચાર કરીને તે બોલી, "ભાઇ! પિતાજીએ તને પ્રથમથીજ કહ્યું છે કે તારા શરીરે આ સર્વ વ્યાધિઓ છે તે ખરાબ ભોજન ઉપર તને પ્રીતિ છે તેને લઇનેજ છે. અમે આ તારી સર્વ હકીકત જોઇએ છીએ, સમજીએ છીએ, પણ તને આકુળતા ન થાય તેટલા સારૂ તને તારા ખરાબ ભોજનનું ભક્ષણ કરવાથી વારતા નથી. આ સુંદર ત્રણે ઔષધો

૧ બન્ને બાજુનાં પડખાંમાં ચસકા આવે તેને શૂળ કહે છે.
૨ મૂર્છા આવી જાય તેને હીસ્ટીરીઆનો વ્યાધિ કહે છે.
૩ જડપણું. જાડ્ય. એનાથી સુસ્તી જણાય છે, કાર્ય પર અરૂચિ થાય છે.
૪ સનેપાત જેવું ગાંડાપણું. ૫ મંદવાડમાં શરીરને લાભ કરે તેવા ભોજન ઉપર અરૂચિ-અનિચ્છા થવી એ બહુ સાધારણ છે. માંદાને અપથ્ય ઉપરજ બહુધા રુચિ થાય છે.

જે મહા શાંતિ કરનારા છે તેના ઉપર તારી શિથિળતા છે! અને આ સર્વ પ્રકારના સંતાપને કરનારા ભોજન ઉપર તારી રૂચિ છે! ખરેખ તારી સ્થિતિ ઘણી વિચિત્ર છે. તું અત્યારે રડે છે, પણ તને શાંતિ આપે તેવી બાબત કોઇ અત્યારે તો વિદ્યમાન જણાતી નથી. બીજી એમ પણ વાત છે કે જેને અપથ્ય ઉપર બહુ પ્રેમ હોય છે તેને **ઔષધ લાગુ પડી શકતાં નથી.** હું તારી પરિચારિકા હોવાથી મને પણ આ બાબતમાં અપવાદ[1] આવે છે. હું તને આટલી વાત સમજાવું છું, પણ તને સારૂં કરવાની હાલ મારામાં શક્તિ નથી.”

આ પ્રમાણે તદ્દયાની વાત સાંભળીને નિષ્પુણ્યક બોલ્યો, “જો તેમજ હોય તો તમારે મને હવેથી તુચ્છ ભોજનનો ઉપયોગ કરતાં વારંવાર વાર્યા કરવો, કારણ કે એ ભોજન કરવાની મને એટલી બધી પ્રેમપૂર્વક ઇચ્છા રહ્યા કરે છે કે મારી પોતાની મેળે તેનો ત્યાગ કરવાનો ઉત્સાહ મારામાં આવે એમ મને લાગતું નથી. તમારા પ્રભાવથી એ ખરાબ ભોજનનો થોડો થોડો ત્યાગ કરતાં સર્વનો ત્યાગ કરવાની શક્તિ પણ મારામાં આવશે.” તદ્દયાએ હર્ષના આવેશમાં આવી જઇને કહ્યું “શાબાસ છે, શાબાસ છે! તારા જેવાને એ પ્રમાણે કરવું તે યોગ્ય છે.” આ પ્રમાણે કહીને પછી તેને વધારે ખરાબ ભોજન લેતાં વારંવાર તે વારવા લાગી. આવી રીતે વારંવાર કહેવાથી તે અપથ્ય ભોજનનો થોડો થોડો ત્યાગ પણ કરવા લાગ્યો, તેમ તેમ તેના વ્યાધિઓ ઓછા પણ થવા લાગ્યા, વિશેષ પીડા થતી હતી તે અટકતી ગઇ અને ઔષધો શરીર પર અસર કરવા લાગ્યાં.

જ્યારે તદ્દયા નજીકમાં હોય ત્યારે નિષ્પુણ્યક સુંદર ભોજન કરે અને અપથ્ય ભોજન થોડું લે, તેથી વ્યાધિઓ ઓછા થાય, પરંતુ તે જરા દૂર જાય એટલે હજુ તેનામાં અપથ્ય ભોજન ઉપર લંપટપણું ઘણું હોવાથી તે ખાવા મંડી જાય અને ઔષધો જરા પણ લે નહિ, તેથી વળી પાછો અજીર્ણવિકાર થઇ આવે.

સદ્બુદ્ધિ.

તદ્દયાના અનેક વ્યવસાયનું પરિણામ.

ધર્મબોધકરે પોતાની દીકરી તદ્દયાને આખા લોકના પાલક તરીકે અગાઉથી નીમેલી હતી, તેથી તેને તો અનંત લોકની સંભાળ રાખવાના કામમાં રોકાઇ રહેવાનું હતું, તેને લઇને તે આ નિષ્પુણ્યક પાસે તો કોઇ કોઇ વાર આવી શકતી એટલે બાકીનો બધો વખત તે તદ્દન છૂટો રહેતો હતો. એવા વખતમાં અપથ્ય ભોજન ખાવાથી તેને કોઇ

1 ઠપકો, લોકમાં અપ્રિયપણું.

ધારતું નહિ, તેને લીધે વ્યાધિ સંબંધી વિકારો પાછા ઉદ્ભવી નીકળતા હતા, જેથી પાછું એ ભગવાન્ એના એ-એના જેવું થઇ જતું હતું. એ તો પછી તેજ ખાડા અને તેજ મેંઢાંવાળી વાત થતી હતી.[1]

આવી રીતે વ્યાધિઓથી તેને પીડા પામતો ધર્મબોધકરે એક વખત જોયો. તે વખતે ધર્મબોધકરે તેને આ પ્રમાણે હજુ પણ પીડા પામવાનું કારણ પૂછ્યું. એ સવાલના જવાબમાં નિષ્પુણ્યકે પોતાની સર્વ હકીકત તેને જણાવી અને પછી કહ્યું, "સાહેબ! આપની દીકરી તદ્દયા મારી પાસે દરરોજ રહી શકતી નથી અને તેની ગેરહાજરીમાં આ મારા વ્યાધિઓ બહુ વધી જાય છે, તેટલા માટે પ્રભુ! આપ મારે માટે પ્રયાસ કરીને કાંઇ એવી ગોઠવણ કરો કે મને સ્વપ્નમાં પણ જરાએ પીડા થાય નહિ."

ધર્મબોધકર મંત્રીશ્વરે જણાવ્યું, "ભાઇ! તને શરીરે વારંવાર પીડા થઇ આવે છે તેનું કારણ અપથ્ય ભોજનનું સેવન છે. આ તદ્દયાને ઘણાં કામો સોંપેલાં હોવાથી તે તો આખો વખત કામમાં અને કામમાં વ્યાકુળ રહે છે, તેથી તને અપથ્ય સેવતાં વારંવાર વારે એવી કોઇ સ્ત્રી હોય તો તેને તારી પરિચારિકા નીમી આપું. તું તારા આત્માને હિત શું કરવાથી થાય છે તે જાણતો નથી, પથ્ય ભોજન કરવાથી દૂર નાસતો ફરે છે અને તારૂં તુચ્છ ભોજન કરવામાં નિરંતર પ્રેમ રાખ્યા કરે છે, તેથી મારે તારા સંબંધમાં શું કરવું?" નિષ્પુણ્યક ધર્મબોધકરનાં આવાં વચન સાંભળી ઉત્તરમાં બોલ્યો, "પ્રભુ! આપ આવું હવે કદિ બોલશો નહિ. આપનો હુકમ હવે કદિ ઉલ્લંઘીશ નહિ, ફેરવીશ નહિ, આપની આજ્ઞા બરાબર માન્ય કરીશ."

સદ્બુદ્ધિને પરિચારિકાપદ.

નિષ્પુણ્યકનું ભલું થાય તેના ખ્યાલમાં થોડો વખત ધર્મબોધકરે તેની વાત સાંભળ્યા પછી વિચાર કર્યો અને પછી તેઓ બોલ્યા, "એક સદ્બુદ્ધિ[2] નામની મારા હુકમમાં રહેનારી છોકરી છે તેને બીજું બહુ કામ નથી, મારો વિચાર તેને તારી પરિચારિકા[3] (દાસી) બનાવવાનો છે. તે મારી બાલિકા તારી પાસે નિરંતર રહેશે અને તને પથ્ય-

૧ સાંજે ગોવાળ બૂમ મારે તો બકરાં એકઠાં થઇ જાય છે, પણ મેંઢાં ચાલ્યાં આવતાં નથી; પણ મેંઢાંની ખાસીઅત એવી હોય છે કે તે દરરોજ અમુક ખાડામાંજ બેસે છે અને સાંજે ગોવાળ તેને હાંકી લેવા ત્યાંજ જાય છે. મતલબ એ છે કે તેજ ખાડા તરફ મેંઢાં જાય છે. જેવા-તેવા એ રીતે આ અર્થ જોડવાનો છે.
૨ આ સદ્બુદ્ધિ તે Conscience છે. એના પર બરાબર ખ્યાલ કરવો.
૩ નોકર, હાજરીમાં રહેનાર, પાસે રહેનાર, a female attendant.

હિત કરનાર શું અને અપથ્ય શું છે તેનો વિચાર બતાવશે. આવી સારી દાસી હું તને આપું છું તેથી હવે તારે તારા મનમાં જરા પણ ગભરાવું નહિ, પરંતુ તે ઘણી જાણકાર હોવાથી તેનાથી ઉલટી રીતે ચાલનાર અને આદર વગરના પ્રાણી ઉપર જરા પણ ઉપકાર કરતી નથી, તેથી જો તને સુખ મેળવવાની ઇચ્છા હોય અને દુઃખથી તને ભય ઉત્પન્ન થયેલ હોય તો તે જે કહે તે પ્રમાણે તું દરરોજ કરજે. એ પ્રમાણે હું તને ખાસ હુકમ કરૂં છું, ભલામણ કરૂં છું અને તને ભાર દઇને કહું છું કે તારે તેના કહેવા પ્રમાણેજ કરવું. તેને જે પસંદ ન આવે તે મને પણ પસંદ નથીજ એમ તારે સમજી લેવું. તદ્દયાને અનેક જગોએ કામ હોય છે તોપણ વચ્ચે વચ્ચે કોઇ કોઇ વાર તે પણ તારી પાસે આવી જઇને તને જાગ્રત રાખ્યા કરશે. માત્ર તારૂં હિત કરવાની બુદ્ધિથી અમે તને ટુંકામાં સારભૂત વાત કહીએ છીએ કે જો તારે સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો સદ્‌બુદ્ધિને રાજી રાખવા માટે તારાથી બની શકે તેટલો પ્રયત્ન તું કર્યા કરજે. જે મૂર્ખ પ્રાણીઓ સારી રીતે આરાધના-સેવા કરીને સદ્‌બુદ્ધિને પ્રસન્ન કરતા નથી તેના ઉપર આપણા મહારાજા, હું પોતે કે આ મંદિરમાં રહેનાર બીજું કોઇ પ્રસન્ન થતું નથી. જેના ઉપર તે સ બુદ્ધિની અવકૃપા થાય છે તે પ્રાણીઓ દુઃખ ભોગવવાને લાયક ગણ છે. એના પ્રસાદ સિવાય લોકમાં સુખ આપનાર બીજું કોઇ પણ કા નથી. મારી જેવા તો તારાથી છેટા રહેનારા હોય છે, પણ આ સદ્‌બુ તો દરરોજ આખો વખત તારી પાસેજ રહેશે, માટે તારા પોતાના સુ માટે તારે તેની આરાધના કરવી સર્વ રીતે ઉચિત છે.” નિષ્પુણ્યકે બાબતમાં સંમતિ આપવાથી ધર્મબોધકરે સદ્‌બુદ્ધિને તેની પરિચારિ બનાવી અને ત્યારથી ધર્મબોધકર નિષ્પુણ્યકના સંબંધમાં નિશ્ચિત થ

સદ્‌બુદ્ધિનું પરિણામ.

હવે થોડા દિવસ સદ્‌બુદ્ધિ પેલા દ્રમકની પાસે રહી તેટલા વખત તેના સંબંધમાં જે બન્યું તે ખાસ જાણવા લા હોવાથી અહીં કહેવામાં આવે છે તે સાંભળો. અત સુધી તે દરિદ્રી બહુ રાગપૂર્વક તુચ્છ ભોજન ઘ ખાતો હતો છતાં ધરાતો નહિ તેટલું બધું તુ ભોજન હવે તે ખાતો નહિ અને તેના સંબંધની ચિંતા પણ જે તે બહુ રહેતી હતી તે હવે નાશ પામી હતી. ઘણા કાળથી તેને ટેવ પ ગઇ હતી તેથી કોઇ કોઇ વાર હજુ પણ તુચ્છ ભોજન કરતો હતે પરંતુ તે તૃપ્તિ પૂરતુંજ કરતો હતો, અને તે પણ બહુ ગૃદ્ધિ-આ ક્તિથી કરતો નહોતો, તેથી તેના મનની શાંતિનો નાશ થતો નહોતો

ાર સુધી બહુ આગ્રહ કરવામાં આવે ત્યારે ત્રણે ઔષધોનો ઉપ-
ા તે કરતો હતો તેને બદલે હવે તે પોતાની મેળે રાજીખુશીથી
ૌષધો વાપરવા લાગ્યો અને તે લેવામાં તેને હોંશ પણ વધારે
ારે થવા લાગી. પોતાની જાતને નુકશાન કરે તેવા અપથ્ય ભોજન
ર તેની પ્રીતિ ઓછી થવાને લીધે અને પોતાની જાતને લાભ કરે
ી ત્રણે વસ્તુઓ ઉપર તેની પ્રીતિ વધવાને લીધે તેને જે લાભ
ો તે હવે કહેવામાં આવે છે. અગાઉ જે વ્યાધિઓનાં નામો ગ-
ાવ્યાં હતાં તે હવે તેના શરીરને પીડા કરતા નહોતા અને કાંઇ કાંઇ
રમ પણ પડવા લાગ્યા હતા. તેને કદાચ કોઇ વખત સહજ પીડા
ઇ આવતી તો તે પણ થોડા વખતમાં ઓછી થઇ જતી અને આખરે
ટી જતી હતી. એ દરિદ્રીને હવે ખરા સુખનો રસ કેવો છે તેનો
વાદ આવવા લાગ્યો, તેનું ભયંકર રૂપ હતું તે દૂર થતું ગયું અને
ાનામાં શાંતિ આવી ગયેલી હોવાથી તેના સુખ ઉપર સંતોષ પણ
હુ દેખાવા લાગ્યો.

સદ્બુદ્ધિ સાથે વાતચીત.

એક દિવસ એકાન્તમાં રહેલો તે પોતાના મનમાં અત્યંત રાજી થઇને નિરાકુળપણે સદ્બુદ્ધિ સાથે વાત કરવા લાગ્યો, "ભદ્રે! મારા શરીરમાં આ શું બધું નવાઇ જેવું લાગે છે! તું જો તો ખરી, અત્યાર સુધી જે શરીર સર્વ દુઃખથી ભરપૂર હતું તેજ શરીર હવે સુખથી ભરપૂર થઇ ગયું જણાય છે."

સદ્બુદ્ધિએ જવાબ આપ્યો, "ભાઇ! સારી રીતે પથ્ય સેવવાથી અને તારા શરીરને નુકશાન કરનાર વસ્તુ ઉપરના રાગને દૂર કરવાથી એ સર્વે લાભ થયો છે, લાંબા વખતની ટેવથી ખરાબ ભોજન કદાચ કોઇ વાર તું કરે છે ખરો, પણ તે વખતે હું નજીકમાં હોવાથી તને તેમ કરતાં બહુ શરમ આવે છે. એ ખરાબ ભોજનનો ઉપયોગ જ્યારે શરમ સાથે કરવામાં આવે છે ત્યારે તેની અસર નહિ જેવી થઇ જાય છે, ઉપરાંત તેના ઉપર તિરસ્કાર હોવાથી-ગૃદ્ધિ નહિ હોવાથી વારંવાર તે ખાવાની ઇચ્છા પણ થયા કરતી નથી. આવા પ્રકારની વૃત્તિ થઇ ગયા પછી તેવું ખરાબ ભોજન કદાચ થોડું ખાઇ લીધું હોય તો તેથી શરીરે વ્યાધિઓને વધારનાર તે થઇ જતું નથી. તારા મનમાં આનંદ અને સુખ થાય છે તે આ કારણથી થયેલ છે."

નિષ્પુણ્યકે કહ્યું, "જો એમજ હોય તો તે ખરાબ ભોજનનો હું

સર્વથા ત્યાગ કરી દઉં કે જેથી મને ઊંચા પ્રકારનું સુખ સારી રી પ્રાપ્ત થાય."

સર્વથા ત્યાગને અંગે સાવચેતી.

સદ્બુદ્ધિએ જવાબમાં કહ્યું, "વાત તો તદ્દન યોગ્ય છે, પર તેનો ત્યાગ બરાબર વિચાર કરીને કરજે, કારણ તજ્યા પછી તેના ઉપરના પૂર્વ પ્રેમને લઇને અગ ઉના જેવી આકુળ વ્યાકુળતા તને થવી ન જોઇએ એક વાર એનો ત્યાગ કર્યા પછી વળી ફરીવાર તે ઉપર સ્નેહ થઇ આવે તેના કરતાં તો ત્યાગ ન કરવો એજ વધા ઠીક ગણાય, કારણ કે એ તુચ્છ ભોજન ઉપર સ્નેહ રાખવાથી વ્યાધિઓ બહુ વધી જાય છે. ખરાબ ભોજન થોડું થોડું કરવાથી અ ત્રણે ઔષધનો વધારે વધારે ઉપયોગ કરવાથી તારા વ્યાધિઓ નર પડ્યા છે અને તને શાંતિ થયેલી છે તેટલું થવું પણ અત્યંત દુર્લભ છે. એક વાર સર્વથા ત્યાગ કર્યા પછી તેવા તુચ્છ ભોજનની ઇચ્છ કરનારા તો મહામોહના પ્રતાપથી વ્યાધિઓની લાઘવતા[1] પણ જલદ મેળવી શકતા નથી. આ બાબતનો સારી રીતે વિચાર કરીને મનમ જો ખરેખર ત્યાગ કરવા યોગ્ય ભાસે તોજ ઉત્તમ મનુષ્યોએ તેને સર્વથા ત્યાગ કરવો ઉચિત છે."

સર્વથા ત્યાગનો નિશ્ચય.

સદ્બુદ્ધિનો આવો જવાબ સાંભળીને તેનું મન જરા ગભરાટમ પડી ગયું તેથી શું કરવું? તેનો બરાબર નિશ્ચય તે કરી શક્યો નહિ. ત્યારપછી એક દિવસ એમ બન્યું કે મહાકલ્યાણક ભોજન ખૂબ સારી રીતે ખાધા પછી લીલામાત્રથી તેણે ખરાબ ભોજન જરા લીધું. તે વખતે સુંદર ભોજન ખાવાથી તે ધરાઇ ગયેલો હોવાને લીધે અને સદ્બુદ્ધિ તેની પાસે હોવાને લીધે સુંદર ભોજનના ગુણો તેના મન ઉપર બહુ અસર કરવા લાગ્યા, તેથી તે વિચાર કરવા લાગ્યો–'આ મારૂં પોતાનું તુચ્છ ભોજન છે તે અત્યંત ખરાબ થઇ ગયેલું, શરમ ઉપજાવે તેવું, મેલથી ભરેલું, કંટાળો ઉપજાવે તેવું, ખરાબ રસવાળું નિંદવા યોગ્ય અને સર્વ દોષોનું સ્થાન છે. આવું હું જાણું છું છતાં તેના ઉપરનો મોહ હજુ નાશ કેમ પામતો નથી? મને એમ લાગે છે કે એનો સર્વથા ત્યાગ કર્યા વગર મને સંપૂર્ણ સુખ કદિ મળશે નહિ. હું એનો ત્યાગ કરી દઉં અને અત્યાર સુધીના તેના પરના રાગથી કદાચ પાછો હું તેને ત્યારપછી યાદ પણ કરૂં તો તે પણ દુઃખનું કારણ છે

૧ ઓછારા.

એમ સદ્બુદ્ધિએ મને કહ્યું છે અને જો તેનો એકદમ ત્યાગ નથી કરતો તો દુઃખના દરિયામાં હું હમેશાં પડ્યોજ રહું છું; ત્યારે મારે શું કરવું? હું તદ્દન શક્તિ વગરનો નિર્ભાગી છું. અથવા તો મોહને લીધે આવા સંકલ્પ મને થયા કરે છે; પણ તેમ કરવાની જરૂર શું છે? હું તો આ કુભોજનનો સર્વથા ત્યાગ કરી દઉં, પછી જે થવાનું હશે તે થશે! અને વાસ્તવિક રીતે એમાં બીજું થવાનું પણ શું છે? ત્યાગ કર્યા પછી તુચ્છ ભોજનનું મને નામ પણ યાદ આવશે નહિ. રાજ્ય પ્રાપ્ત થયા પછી પોતાનું અગાઉનું ચંડાળપણું તે કોણ યાદ કરે?' આ પ્રમાણે મનમાં નિશ્ચય કરીને તેણે સદ્બુદ્ધિને કહ્યું, "આ મારૂં ભોજન ભરવાનું વાસણ લે અને તેમાંથી ખરાબ ભોજન ફેંકી દઇને તેને ધોઇને સાફ કરી આપ." સદ્બુદ્ધિએ તેને જવાબમાં કહ્યું, "આ બાબતમાં તારે ધર્મબોધકરને પૂછવું વધારે સારૂં છે. સારી રીતે વિચાર કરીને કરેલાં કામમાં પાછળથી ફેરફાર કરવો પડતો નથી."

નિષ્પુણ્યક-સપુણ્યક.

દૃઢ નિશ્ચય ત્યાગ-આનંદ.

પછી તે દ્રમક પોતાની સાથે સદ્બુદ્ધિને લઇને ધર્મબોધકરની પાસે ગયો અને ત્યાં જઇને તેની પાસે પોતાની સર્વ હકીકત કહી સંભળાવી. ધર્મબોધકરે કહ્યું, "તેં બહુ સારો વિચાર કર્યો છે અને વાત બહુ સારી છે. માત્ર જે કરવું તે ચોક્કસ નિશ્ચય કરીને કરવું કે જેથી ભવિષ્યમાં કોઇ પણ દિવસ લોકોમાં હાંસીને પાત્ર થવાનો વખત આવે નહિ." દરિદ્રીએ જવાબ આપ્યો, "નાથ! વારંવાર તેને તેજ વાત મને શામાટે કહ્યા કરો છો? મારો હવે એ બાબતમાં એટલો નિશ્ચય થઇ ગયો છે કે કુભોજન ખાવા તરફ મારૂં મન જરા પણ જતું નથી." તેનો આવો જવાબ સાંભળીને વિચક્ષણ ધર્મબોધકરે બીજા ડાહ્યા માણસો સાથે વિચાર કરી તે દ્રમકની પાસે ઠીકરાનું વાસણ હતું તે તજાવી દીધું, તેને ચોખા પાણીવડે સારી રીતે સાફ કર્યું અને તેમાં મહાકલ્યાણક ભોજન સારી રીતે ભર્યું. પેલા દ્રમકને તેમાં પ્રમોદ થવાથી તે દિવસથીજ તેમાં વધારો થવા માંડ્યો. આ પ્રમાણે થવાથી ધર્મબોધકર બહુ રાજી થયા, તદ્દયા હરખઘેલી થઇ ગઇ, સદ્બુદ્ધિના આનંદમાં ઘણો વધારો થયો અને આખું રાજમંદિર ખુશી ખુશી થઇ ગયું. તે વખતે લોકો આ પ્રમાણે બોલવા લાગ્યા.—"આ નિષ્પુણ્યક જેના ઉપર સુસ્થિત મહારાજાની કૃપાદૃષ્ટિ થઇ હતી, જે ધર્મબોધકરને પ્રિય હતો, જેનું તદ્દયા લાલનપાલન

કરતી હતી, જે સદ્બુદ્ધિથી દરરોજ અધિષ્ઠિત હતો અને થોડો થોડો અપથ્ય ભોજનનો જે ત્યાગ કર્યા કરતો હતો તે ત્રણ ઔષધના સેવનથી અત્યારે અનેક વ્યાધિઓથી રહિત જેવો થઇ ગયો છે અને તેથી હવે તે નિષ્પુણ્યક નથી, પણ સપુણ્યક છે.” ત્યારપછીથી લોકો તેને નિષ્પુણ્યકને બદલે સપુણ્યકના નામથી ઓળખવા લાગ્યા. પુણ્ય વગરના પ્રાણીઓને આવી અનુકૂળતાઓ અને સગવડો ક્યાંથી મળી શકે? જે જન્મથી દરિદ્રી અને ઓછા નશીબવાળો હોય છે તે ચક્રવર્તીપણાને યોગ્ય થતોજ નથી.

રાજમંદિરમાં સપુણ્યકસ્થિતિ.

ત્યારપછી તે સપુણ્યક સદ્બુદ્ધિ અને તદ્દયાની સાથે રાજમંદિરમાં રહેવા લાગ્યો. ત્યારથી તેની જે સ્થિતિ થઇ તે હવે કહીએ છીએ. તે શરીરને નુકશાન કરે તેવું અપથ્ય ભોજન કરતો નહિ હોવાથી તેના શરીરે પ્રબળપણે મોટી પીડા ઘણું ખરૂં તો થતીજ નહોતી અને કદાચ પૂર્વના દોષથી સહજ પીડા થઇ આવતી તો તે બહુ થોડી અને થોડા વખત સુધી રહે તેવી થતી હતી. એને હવે કોઇ પ્રકારની [illegible] રહેલી ન હોવાથી તે લોકવ્યાપારનો વિચાર પણ કરતો નહિ અને અત્યંત આનંદમાં આવીને પૂર્ણ હોંશથી વિમળાલોક અંજન પોતાની આંખોમાં વારંવાર આંજતો હતો, જરા પણ થાક્યા વગર તત્ત્વપ્રીતિકર પાણી દરરોજ પીતો હતો અને પેલું સુંદર મહાકલ્યાણક ભોજન દરરોજ સારી રીતે ખાતો હતો. આ અંજન, જળ અને ભોજનના ઉપયોગથી દરેક [illegible] તેના બળમાં વધારો થવા લાગ્યો, ઉત્સાહમાં વધારો થવા લાગ્યો, શાંતિમાં વૃદ્ધિ થવા લાગી, તેમજ રૂપમાં, કાંતિમાં, પ્રસન્નતામાં તેમજ બુદ્ધિની અને ઇંદ્રિયોની પટુતામાં ઘણો વધારો થવા લાગ્યો. તેના શરીરમાં રોગો બહુ હોવાને લીધે હજુ [illegible] છતાં તેના શરીર પર ઘણું [illegible] અત્યાર સુધી જે ભૂત પ્રેત જેવો [illegible] અને કોઇને તેના સામું [illegible] સુંદર આકાર ધારણ કરે [illegible]

ઔષધદાન નિર્ણય. કથાની ઉત્પત્તિનો પ્રસંગ.

અર્થસૂચક સવાલ.

એક દિવસ અત્યંત આનંદમાં આવી જઇને સદ્બુદ્ધિને તેણે પૂછયું, "ભદ્રે! આ સુંદર ત્રણે ઔષધો મને કયા કર્મના યોગથી મળ્યા?" સદ્બુદ્ધિએ જવાબ આપ્યો, "ભાઇ! અગાઉ જે આપ્યું હોય છે તેજ પાછું મળે છે એમ લોકોમાં કહેવાય છે, તેથી એમ જણાય છે કે અગાઉ તેં કોઇ વખત અન્યને એ વસ્તુઓ આપી હશે."

ઔષધદાન કરવા નિર્ણય.

સદ્બુદ્ધિનો આવો જવાબ સાંભળીને સપુણ્યક વિચાર કરવા લાગ્યો 'જો કોઇને દીધેલું હોય તેજ પાછું મળતું હોય તો અનેક પ્રકારે કલ્યાણ કરનાર આ ત્રણે ઔષધો હું યોગ્ય પાત્રોને સારી રીતે આપું કે જેથી ભવિષ્યમાં-અન્ય જન્મમાં તે ન ખૂટે તેટલાં મને મળ્યાં કરે.' તેના મનમાં આવા પ્રકારનો નિશ્ચય થયો તે સુસ્થિત મહારાજે સાતમે માળે બેઠા બેઠા જોયો, ધર્મબોધકરને તે બહુ પસંદ આવ્યો, તદ્દયાએ તેને વધાવી લીધો, સર્વ લોકોએ તેની પ્રશંસા કરી અને સદ્બુદ્ધિને તો તે બહુજ ગમી ગયો. આ હકીકત તેના જાણવામાં આવવાથી તેને પોતાને (સપુણ્યકને) પણ એમ લાગવા માંડ્યું કે 'હું પુણ્યવાન્ હોવાથી લોકોમાં બહુ ઉત્તમ સ્થાન ભોગવું છું. હવે કોઇ મારી પાસે આવીને આ ત્રણે ઔષધો માગશે તો તેને હું જરૂર આપીશ' એવા વિચારથી આપી દેવાની ઇચ્છાપૂર્વક તે દરરોજ લેવા આવનારની રાહ જોઇને બેસી રહેતો હતો. પ્રાણી પોતે અત્યંત નિર્ગુણી હોય, પણ મહાત્મા પુરુષો જો તેની મોટાઇ વધારે તો તે આ અધમ દરિદ્રીની પેઠે અભિમાની થઇ જાય છે.

લોકોનો નિરાદર.

હકીકત એમ હતી કે મંદિરમાં જે લોકો રહેતા હતા તે દરરોજ ત્રણે ઔષધોનો સારી રીતે ઉપયોગ કરનારા હતા અને તેના જોરથી કોઇ પણ પ્રકારની ચિંતા પીડા વગરના હોઇને પરમ ઐશ્વર્યવાળા થઇ ગયેલા હતા. જેઓએ તુરતમાંજ એ રાજમંદિરમાં પ્રવેશ કર્યો હતો અને જેઓ દ્રમકની જેવા (પોતાનું ત્રણ ઔષધરૂપ ધન જેઓ પાસે કાંઇ ન હોય તેવા નિર્ધનીઆ) હતા તેઓ બીજા પાસેથી ત્રણે ઔષધો સારી રીતે મેળવી શકતા હતા. આ પ્રમાણે હોવાથી મંદિરના જુના કાળથી આવી રહેલા અથવા નવા આવનારાઓમાંથી કોઇ પણ ઔષધો લેવા માટે તેની પાસે આવતા નહિ અને તે સપુણ્યક ચિંતનરૂ

આપના કરનારની રાહ જોતો ચક્ષુ ફેરવતો બેસી રહેતો હતો. આવ
રીતે ઘણો વખત રાહ જોઇને બેસી રહેવા છતાં જ્યારે ઔષધને
અર્થી કોઇ તેની પાસે આવ્યો નહિ ત્યારે વળી તેણે એક દિવસ સદ્
બુદ્ધિને આ પ્રમાણે થવાનું કારણ પૂછ્યું. સદ્બુદ્ધિએ કહ્યું, “ભાઇ
તારે બહાર આવીને ઘોષણાપૂર્વક આ ત્રણે ઔષધો પોકારી પોકા
રીને જે કોઇ લે તેને આપવાં અને એમ કરતાં જો કોઇ લેનાર મળ
આવશે તો બહુ સારું થશે.” સદ્બુદ્ધિની આવી સલાહથી “ભાઇઓ
મારી પાસેથી આ ઔષધો ગ્રહણ કરો, ગ્રહણ કરો” એ પ્રમાણે
ઊંચા સ્વરથી બોલતો તે ઘરે ઘરે ફરવા લાગ્યો. તેની આવી આઘો
ષણા સાંભળીને જે અત્યંત હલકા પ્રાણીઓ હતા તે કોઇ કોઇ વખત
[illegible] તેની પાસેથી લેતા હતા અને બીજા તેવાજ હલકા
પ્રાણીઓ મનમાં વિચાર કરતા હતા કે ‘અહો! અગાઉ આ ભિખારી
[illegible] હતો તે અત્યારે મોટો થઇ ગયો હોય એમ જણાય
છે. જુઓ તો ખરા! રાજસેવક પાસેથી ઔષધ મેળવીને હવે તે આ
પ્રમાણે આપવા નીકળી પડ્યો છે!’ આવો વિચાર તેના સંબંધમાં કરીને
તે [illegible] તેની મશ્કરી કરતા હતા, કેટલાક તેને ઉડાવતા હતા અને
કેટલાક તેના તરફ બેદરકારી બતાવી તેના તરફ તદ્દન નિરાદર બતા
વતા હતા.

આવી રીતે સપુણ્યકને અન્ય પ્રાણીઓને દાન આપવાની થયેલી
રુચિ તેમજ તેના ઉત્સાહને ભાંગી નાખે એવી તુચ્છ
લોકોની વર્તણુક જોઇને તે સદ્બુદ્ધિને કહેવા લાગ્યો,
“ભદ્રે! મારું ઔષધ તો જે ભિખારીઓ હોય તે
તેજ માત્ર ગ્રહણ કરે છે, કોઇ મોટા માણસો તે
[illegible] તેના નથી અને મારી ઇચ્છા તો એવી છે કે સર્વ લોકો
[illegible] ઉપયોગ કરે. વિશુદ્ધ દર્શન કરનાર મહાશયા! [illegible]
[illegible] કરવામાં તું ઘણી પ્રવીણ છે, તો મહાત્મા પુરુષો
[illegible] ગ્રહણ કરતા નથી તેનું કોઇ કારણ હોવું જોઇએ
[illegible]

[illegible]

[illegible]

રાજમાર્ગમાં લોકોની આવજા બહુ થતી હોય ત્યાં લાકડાના વિશાળ પાત્રમાં આ ત્રણે ઔષધો મૂકીને પછી પોતાના મનમાં વિશ્વાસ રાખીને તારે દૂર બેસી રહેવું. તારૂં અગાઉનું દરિદ્રીપણું સંભારીને જે લોકો આ ઔષધો તારા હાથથી ગ્રહણ કરતા નથી તેઓમાંથીજ કોઇ કોઇ તેના અર્થી હશે તે ત્યાં કોઇને નહિ દેખવાથી પોતાની મેળેજ પાત્રમાંથી ઔષધો ગ્રહણ કરશે. તેમાંથી કોઇક ખરો ગુણવાન્ પ્રાણી પણ તારૂં ઔષધ લેનારો નીકળી આવે તો તું તરી ગયો (તારો મનોરથ પૂર્ણ થઇ જશે) એમ હું માનું છું, કારણ કે કોઇ જ્ઞાનમય પાત્ર આવશે, કોઇ તપમય પાત્ર આવશે એમાં જે જ્ઞાનપાત્ર આવશે તે તને તારશે[1]." સદ્બુદ્ધિના આવા કુશળ જવાબથી સપુણ્યકના આનંદમાં સારી રીતે વધારો થયો અને સદ્બુદ્ધિએ તેને જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે તેણે કર્યું. તેટલા માટે આ હકીકત કહેવામાં આવી છે કે એ દરિદ્રીએ બતાવેલાં ઔષધને જે પ્રાણીઓ ગ્રહણ કરશે તે સર્વ રોગ વગરના થઇ જશે, કારણ કે નીરોગી થવાનાં કારણભૂત તે ત્રણે ઔષધોજ છે. જે હકીકત અહીં કહેવામાં આવી છે તે તમામને માટે (જે આવે તે સર્વને માટે) કહી છે અને તે ગ્રહણ કરવાથી રચનાર ઉપર ઉપકાર થાય તેમ છે, માટે તે વિષયમાં મારી ઉપર દયા (કૃપા)વાળા સર્વેએ તે (ત્રણે વસ્તુઓ) લેવાની કૃપા કરવી, સર્વે તે લેવાને યોગ્ય છે.

આ પ્રમાણે દૃષ્ટાન્ત આપની પાસે ટુંકામાં કહી સંભળાવ્યું, હવે તેનો ઉપનય (ગર્ભિત આશય-રહસ્ય-સાર) કહેવામાં આવે છે તે સાંભળો.[2]



---

[1] જ્ઞાન અને તપ (જ્ઞાન અને ક્રિયા). જ્ઞાનનો ઇચ્છક પાત્ર હશે તે તારે ...ોગ્ય છે એ અત્ર બતાવવાનો આશય છે. ખુલાસો આગળ થશે.

[2] અહીં સુધી ઉપોદ્ઘાતરૂપે સિદ્ધર્ષિ ગણિએ પોતાની વાર્તા કહી. એ વા- ...ર્તાનો દરેક શબ્દ અર્થગર્ભિત છે તે ઉપનયની યોજનાથી જણાશે. આ ઉપોદ્ઘાત ...વી રીતે અર્થવિચારણાથી પૂર્ણ કરી આ પ્રાથમિક વિષય બંધ કરવામાં આવશે ...અને તેવી રીતે શ્રોતાઓને તૈયાર કરી પછી વિષયની શરૂઆત કરવામાં આવશે. ...આ પદ્ધતિ ચાલુ ઉપોદ્ઘાતની પદ્ધતિને કેટલી મળતી છે તે માટે ઉપોદ્ઘાત ...જુઓ. પા. ૬

સંક્ષિપ્ત ઉપનય.

અહીં જે **અદૃષ્ટમૂલપર્યંત** નામનું નગર કહેવામાં આવ્યું તે આ સંસાર જેની શરૂઆત અને છેડો કાંઇ દેખાતો નથી તે છે એમ સમજવું. ત્યાં એક દરિદ્રીનું વર્ણન કરવામાં આવ્યું છે તે મહામોહથી હણાયલો, અનંત દુઃખથી ભરેલો અને પુણ્ય વગરનો પૂર્વ કાળનો મારો જીવ સમજવો. ભિક્ષા લેવા માટે તેની પાસે એક વાસણ છે એમ જે અગાઉ બતાવવામાં આવ્યું હતું તે ગુણ અને દોષના આધારરૂપ આયુષ્ય[1] સમજવું. તે નિષ્પુણ્યકને **તોફાની છોકરાઓ** ત્રાસ આપતા હતા તે કુતીર્થીઓ સમજવા, તેને **વેદના** થાય છે એમ કહ્યું તે તેના મનની ખરાબ સ્થિતિ સમજવી, રાગ વિગેરે રોગો સમજવા અને અજીર્ણ-અપચો તેને થતો કર્મનો સંચય[2] સમજવો. **ભોગોની** ત્યાં વાત કરવામાં આવી છે તે સ્ત્રી પુત્ર વિગેરે સમજવા. તે જીવની અત્યંત આસક્તિનું નિમિત્ત હોવાથી સંસાર વધારનાર ગણાય છે અને તેથી તેને કદન્ન-તુચ્છ અધમ ભોજન તરીકે ઓળખવામાં આવ્યું છે. ત્યાં **સુસ્થિત મહારાજ** રાજમંદિરના ઉપરના માળ ઉપર બેઠા છે એમ કહેવામાં આવ્યું તેને પરમાત્મા સર્વજ્ઞ **શ્રીજિનેશ્વર ભગવાન્** સમજવા. આનંદને ઉત્પન્ન કરનાર અને અનેક પ્રકારની રાજલક્ષ્મીથી ભરપૂર **રાજમંદિરનું** ત્યાં વર્ણન કર્યું તે **જિનશાસન** સમજવું. એ રાજમંદિરમાં **સ્વકર્મવિવર** નામે દ્વારપાળ છે તે પોતાનો કર્મોનો ઉચ્છેદ-નાશ સમજવો. તે કર્મવિવર સિવાય **અન્ય** દ્વારપાળો પણ ત્યાં છે એમ કહેવામાં આવ્યું તે મોહ, અજ્ઞાન, લોભ વિગેરે છે એમ તત્ત્વવિચારકોએ સમજી લેવું.

તે રાજભુવનમાં રાજાઓ તે **આચાર્યો** સમજવા, મંત્રી ઉપાધ્યાય સમજવા, યોધાઓ તે ગણની ચિંતાનું કાર્ય કરનાર વિદ્વાન્ ગીતાર્થો સમજવા, [3]મૂલવર્ગિક (ભાયાત ગરાસદારો) તે સામાન્ય સાધુઓ સમજવા, શાંત પ્રકૃતિની વૃદ્ધ સ્થવિરાઓ તે **આર્યા-સાધ્વીઓ** સમજવી, સેનાનીઓ તે રાજભુવનનું રક્ષણ કરવા માટે પ્રાણ આપે તેવા **શ્રાવકો** સમજવા. ત્યાં વિલાસિનીઓ બહુ છે એમ કહ્યું તે ભક્તિ કરવાની રૂચિવાળી **શ્રાવિકાઓ** સમજવી. એ રાજભુવનમાં શબ્દ વિગેરે

---

૧ Span of Life. ૨ સંચય=એકઠું કરવું તે.

૩ આ શબ્દનો અર્થ કોઇ કોષમાંથી મળતો નથી, સંબંધ પરથી અર્થ કર્યો છે. આનંદસાગર મહારાજે તેનો અર્થ કોટવાળ-તળાટી કર્યો છે.

વિષયમાં બહુ આનંદ થાય છે એવું વર્ણન કરવામાં આવ્યું છે તેવીજ હકીકત વિશુદ્ધ ધર્મના પ્રભાવથી સારી રીતે પ્રાપ્ત થાય છે. મને પ્રતિબોધ કરનાર સૂરિ મહારાજ તે ધર્મબોધકર મંત્રી સમજવા અને તેઓની મારા ઉપર કૃપા થઇ તે તદ્દયા સમજવી. વિમળાલોક અંજનની વાત કરી તે જ્ઞાન સમજવું, તત્ત્વપ્રીતિકર જળ તે સમ્યક્ત્વ સમજવું અને (વિદ્વાન્ માણસોએ) મહાકલ્યાણક ભોજન તે ચારિત્ર સમજવું, સદ્બુદ્ધિને પરિચારિકા બનાવી તે સારે માર્ગે પ્રવર્તાવનારી સારી બુદ્ધિ[1] સમજવી અને એ ત્રણે વસ્તુઓને ધારણ કરનાર કાષ્ઠનું પાત્ર કહેવામાં આવ્યું તે આ ઉપમિતિ ભવપ્રપંચા કથા સમજવી. આ પ્રમાણે સામાન્ય રીતે યોજના કરી બતાવી. હવે એજ હકીકત [2]વિસ્તારથી કહેવામાં આવે છે.



---

૧ નેકી.

૨ મૂળ ગ્રંથમાં અહીં સુધી પદ્ય છે, હવેથી ગદ્ય આવે છે અને પ્રથમ પ્રસ્તા-
વના બાકીના આખા વિભાગમાં ગદ્ય છે. આ ગ્રંથનું ખરેખરૂં ગૌરવ શું છે તે આ
ઉપોદ્ઘાત જેવા પ્રથમ વિભાગથીજ જણાય છે. આ વિશેષાર્થ યોજના અગાઉની
વાર્તા સાથે રાખીને વાંચવાથી બહુ આનંદ આવશે. સગવડ માટે પછવાડેનાં પૃષ્ઠોના
અંક આપ્યા છે એટલે તે પાના પરનો પેરેગ્રાફ વાંચી લેવો. આ પ્રથમ પ્રસ્તાવ
વાંચ્યા પછી આખો ગ્રંથ સમજવો એકદમ સહેલો થઇ જશે. ભા. ક.



દાર્ષ્ટાન્તિક યોજના-કથાનો ઉપનય.

અવતરણ:—તત્ત્વવેદી પુરુષોનો એ માર્ગ છે કે અન્યનું કલ્યાણ કરવામાં જોડાયલા હોવાથી કારણ વગર તેઓ કાંઇ વિચાર[1] કરે નહિ. કદાચ અજાણપણામાં તેઓનાં મનમાં કોઇ વિચાર પ્રયોજન વગર આવી જાય તોપણ તેઓ નિમિત્ત વગર કાંઇ બોલે[2] નહિ, તત્ત્વને નહિ જાણનાર માણસોની વચ્ચે તેઓ રહેતા હોય અને કદાચ કાંઇ બોલે તો તેઓ હેતુ વગર ચેષ્ટા[3] તો કરેજ નહીં, તેઓ જો કારણ વગર ચેષ્ટા કરે તો પછી તત્ત્વ નહિ જાણનારમાં અને તેઓમાં કાંઇ તફાવત રહેતો ન હોવાથી તેઓનું તત્ત્વજાણપણું નાશ પામી જાય છે. આ પ્રમાણે હોવાથી જેઓ પોતાની ગણતરી તત્ત્વના જાણકાર પ્રાણીઓમાં કરાવવા ઇચ્છતા હોય તેઓએ દરેક વખતે પોતાના વિચાર, વાણી અને વર્તનનું સાર્થકપણું[4] વારંવાર વિચારવું અને આ હકીકત જેઓ સમજી શકતા હોય તેઓની પાસે તે કહી સંભળાવવી. આવા તત્ત્વવેદી પુરુષો નકામા વિચાર, ઉચ્ચાર અને વર્તનમાં ખોટી રીતે સાર્થકપણું માનનારાઓને તેમ કરતાં કૃપા કરીને વારે છે—અટકાવે છે. આ પ્રમાણે હોવાથી હું પણ મારી પ્રવૃત્તિનું સાર્થકપણું પ્રથમથી જણાવું છું. મારી ઇચ્છા ઉપમિતિ ભવપ્રપંચા કથાનો આરંભ કરવાની છે તે તમે જાણો છો, તે વાત મેં બીજું દૃષ્ટાંત આપીને તમને બતાવી છે તે હકીકત જો તમારા ધ્યાનમાં આવી ગઇ હોય તો હે ભવ્ય પ્રાણીઓ! મારા ઉપર કૃપા કરી બીજા વિક્ષેપોનો ત્યાગ કરીને આ કથાનો આંતરંગ અર્થ સાંભળો કે જેથી તેનો આશય-અભિપ્રાય શું છે તે આપના ધ્યાનમાં આવે.



---

૧ સંકલ્પ. આ મનયોગની પ્રવૃત્તિ થઇ.
૨ આ વચનયોગની પ્રવૃત્તિ થઇ.
૩ આ કાયયોગની પ્રવૃત્તિ થઇ.
૪ યોગ્ય બાબતમાં મન, વચન અને કાયાના યોગની પ્રવૃત્તિ.



અદૃષ્ટમૂલપર્યન્ત નગર.

દૃષ્ટાન્તમાં અનેક પ્રાણીઓથી ભરપૂર અને સદા સ્થિર રહેનારૂં એક અદૃષ્ટમૂલપર્યંત નામનું નગર કહ્યું તે આ આદિ અને અંત વગરનો, અવિચ્છિન્ન રૂપવાળો અને અનંતા પ્રાણીઓના સમૂહથી ભરેલો સંસાર સમજવો.

આ સંસારનું નગરપણું[1] કલ્પ્યું છે તે બરાબર છે. એ નગરમાં ધોળાં ઘરોની હાર બતાવી છે તે આ સંસાર નગરમાં દેવલોક વિગેરે સ્થાનો સમજવાં; બજારના માર્ગો તે નગરમાં કહ્યા છે તે આ સંસાર નગરમાં એક જન્મમાંથી બીજા જન્મમાં અવતાર લેવાની પદ્ધતિ સમજવી; જૂદા જૂદા વેપાર કરવાનાં કરિયાણાંરૂપ નાના પ્રકારનાં સુખદુઃખો સમજવાં; તેની (ચીજોની) કિંમત સમાન અહીં અનેક પ્રકારનાં પુણ્ય પાપ[2] સમજવાં; તે નગરમાં વિચિત્ર પ્રકારનાં ચિત્રોથી ઉજળાં લાગતાં અનેક દેવકુળો કહેવામાં આવ્યાં છે તે આ સંસારનગરમાં સુગત,[3] કણભક્ષ,[4] અક્ષપાદ,[5] કપિલ[6] વિગેરેએ.

---

૧. પૃ. ૧૫ પરનો આખો પેરા અહીં વાંચી લેવો.

૨ બજારમાં વસ્તુ ખરીદવા માટે જેમ પૈસાની જરૂર પડે છે તેમ અહીં પુણ્ય અને પાપથી સુખ અને દુઃખ અનુક્રમે ખરીદી શકાય છે.

૩ બુદ્ધદેવ. આ બૌદ્ધ વિગેરે સર્વ મતોનું સ્વરૂપ **આનંદઘન પદ્યરત્નાવલી** (પ્રથમ ભાગ)માં પૃ. ૩૬૧ પર વિસ્તારથી આપ્યું છે. બૌદ્ધો ક્ષણિકવાદી છે, આ મતના સ્થાપક બુદ્ધદેવને સુગત કહેવામાં આવે છે. આ મતો પર પાંચમા પ્રસ્તાવમાં પુષ્કળ વિવેચન આવશે.

૪ કણભક્ષ. વૈશેષિક દર્શનના સ્થાપનારને કણભક્ષ અથવા કણાદ કહેવામાં આવે છે. સદર પુસ્તકના પૃ. ૩૯૮ પર આ સંબંધમાં વિશેષ હકીકત બતાવવામાં આવી છે. એ મત **પરમાણુવાદીના** નામથી ઓળખાય છે.

૫ અક્ષપાદ. ન્યાયદર્શનના પ્રણેતા. તે **ગૌતમના** નામથી પણ પ્રસિદ્ધ છે. નૈયાયિકો સાત પદાર્થ માને છે, વૈશેષિકો સોળ માને છે. જુઓ સદર પુસ્તક પૃ. ૩૯૨.

૬ કપિલ. સાંખ્યદર્શન બતાવનાર કપિલના નામથી ઓળખાય છે. ...ર તત્ત્વ માને છે. આ ઉપરાંત પાંચમું **જૈમિનીય** દર્શન આવે છે. આ દર્શન સંબંધી વિસ્તારથી હકીકત શ્રીષડ્દર્શનસમુચ્ચય ગ્રંથમાં શ્રી **હરિભદ્ર** સૂરિએ બતાવી છે. છએ દર્શન તથા બીજા સંપ્રદાયોની હકીકત એકતાળીશમા પદના વિવેચનમાં અવતરણરૂપે કરી છે.

બતાવેલાં કુદર્શન-કુમતો સમજવાં; એ રાજમંદિરમાં ક્રીડામાં કલક
અવાજ કરનારા બાળકોની વાત કહેવામાં આવી છે તે આગળ પા
ળની હકીકતનો વિચાર નહિ કરનારા મોહથી ભ્રમમાં પડી જના
બાળ લોકો-ભોળા અજ્ઞાની જીવો સમજવા, બીજી રીતે એ કુમતો
પણ કલકલ કરતા બાળક જેવી ચેષ્ટા કરે છે અને આગળ પાછળ
સંબંધ વિચાર્યા વગર જેમ આવે તેમ પરસ્પરવિરોધી વાક્યો પ
કહી દે છે.

નગર વર્ણન વિવેક.

એ નગરમાં ઊંચા ઊંચા કોટ-કિલ્લાઓ કહ્યા તે આ સંસાર નગર
ક્રોધ, માન, માયા, લોભરૂપ ચારે કષાયો છે; એ
કિલ્લા જેવા ગણવાનું કારણ એ છે કે જેમ કિ
ઓથી ઘેરો ઘાલવા આવનાર શત્રુઓનાં મનમાં ઉદ્
થાય છે તેમ આ ચારે કષાયો વિવેકી મહાપુરુષો
મનમાં પણ ઉદ્વેગનું કારણ ઉત્પન્ન કરે છે. તે નગરની આસપા
ઓળંગી ન શકાય એવી ખાઇ કહેવામાં આવી છે તે રાગ દ્વેષ
તૃષ્ણા સમજવી, કારણ કે જેવી રીતે સાધારણ ખાઇ ચોર વિગેરે
ઓલંઘી શકાતી નથી, માત્ર પ્રબળ શત્રુજ તેના પર સામ્રાજ્ય મેળ
તેને ઓલંઘી શકે છે તેમ આ તૃષ્ણારૂપ ખાઇ સંસાર નગરને બરાબ
ચોતરફ વીંટાઇ રહી તેનું રક્ષણ કરે છે અને મહામોહમાંજ એટ
સામર્થ્ય છે કે તે તેને ઓલંઘી જાય છે; એટલે એ ખાઇ કરતાં પ
મહામોહનું જોર વધારે છે. તે નગરમાં મોટાં સરોવરો છે એમ કહે
વામાં આવ્યું છે તે શબ્દ વિગેરે વિષયો સમજવા, કારણ કે તે વિષ
જળથી કદિ ભરાઇ શકાતા નથી અને ઘણા ગંભીર છે. એટલે જે
મોટાં સરોવરો જળથી કદિ પૂરાં ભરાઇ શકાતાં નથી તેમ આ ઇંદ્રિ
યોના વિષયો પણ વિષયરૂપ જળથી કદિ પૂરા ભરાઇ શકાતા નથી
એટલે એને ભોગવનાર કદિ તૃપ્ત થઇ શકતા નથી અને સરોવરોની
પેઠે તે બહુ ઊંડા હોય છે એટલે તેનાં મૂળ સુધી પહોંચવામાં બહુ
મુશ્કેલી પડે છે. તે નગરમાં શત્રુને ત્રાસ કરે તેવા મોટા ભયંકર કૂ
વાઓ કહ્યા તે આ સંસાર નગરમાં પ્રિય[1] (વસ્તુ અથવા વહાલા)
નો વિયોગ, અનિષ્ટ (પસંદ ન પડે તેવા પદાર્થો અથવા સંબંધીઓ)નો
સંયોગ, સંબંધીનું મરણ, ધનનું હરણ વિગેરે ભાવો સમજવા, કારણ કે

૧ પ્રિયવિયોગ, અનિષ્ટસંયોગ એ આર્ત્તધ્યાનના ભેદો છે. એનું વિસ્તારથી સ્વરૂપ જાણવાના ઇચ્છકે **જૈન દૃષ્ટિએ યોગ** (પ્ર. ભાગ) પૃ. ૧૩૧-૧૩૩ ની હ કીકત વિચારણાપૂર્વક મનન કરવી.

ધ કૂપીમાં જેમ પાણીના કલ્લોલ થયા કરે છે અને અનેક પક્ષીઓ માં આવીને વસે છે તેવી રીતે આ સંસાર પણ ઇષ્ટવિયોગ અનિષ્ટ-સંયોગ વખતે પડેલાં આંસુઓથી ભરપૂર રહે છે અને મિથ્યાત્વગ્રસિત પ્રાણીઓના તે આધારભૂત હોય છે એટલે ઇષ્ટવિયોગ અનિષ્ટસંયોગ વખતે જે અપધ્યાન થાય છે તે બહુધા મિથ્યાત્વઅવસ્થામાં બહુ જોરમાં હોય છે તેવા મિથ્યાત્વવાળા પ્રાણીરૂપ પક્ષીઓ આવા અંધ કૂપમાં આવીને પોતાના માળા નાખે છે. જે નગરમાં ફળ ફૂલથી ભરપૂર અનેક વનો છે એમ કહ્યું છે તે આ સંસાર નગરમાં પ્રાણીઓનાં શરીર સમજવાં, કારણ કે જેમ વનો-જંગલો ભમરાના ગુંજારવથી અનેક પ્રકારનો ત્રાસ આપે છે અને તેનું મૂળ શોધી કાઢવું મુશ્કેલ થઇ પડે છે તેવી રીતે શરીરરૂપ વનમાં ઇંદ્રિયો અને મનરૂપ ભમરા નિરંતર ગુંજારવ કર્યા કરે છે અને ત્રાસ આપ્યા કરે છે તેમજ પોતાનાં કર્મરૂપ જુદા જુદા પ્રકારનાં ઝાડો, ફૂલ અને ફળના ભારથી ભરેલ હોવાને લીધે તે દુઃખનું કારણ થાય છે અને તેના મૂળનો પત્તો લાગતો નથી; એટલે જીવનો અને શરીરનો સંબંધ ક્યારથી શરૂ થયો તે સંબંધી સમજણ એકદમ પડી શકતી નથી. આવી રીતે જેમ તે અદૃષ્ટમૂલપર્યંત નગર અનેક આશ્ચર્યોથી ભરપૂર કહ્યું છે તેવી રીતે આ સંસારનગરમાં પણ અનેક પ્રકારનાં આશ્ચર્યો થયાં કરે છે.

નિષ્પુણ્યક દરિદ્રી.

એ અદૃષ્ટમૂલપર્યંત નગરમાં [1]નિષ્પુણ્યક નામનો ભિખારી છે એમ કહ્યું છે તે આ સંસારમાં [2]સર્વજ્ઞ શાસનની પ્રાપ્તિ થયા પહેલાં અહીં તહીં ચારે ગતિમાં રખડનારો મારો જીવ[3] જાણવો. તે પુણ્ય વગરનો હોવાથી તેનું નિષ્પુણ્યક નામ આપવામાં આવ્યું છે તે યોગ્ય જ છે. તે દરિદ્રીને મોટા પેટવાળો કહેવામાં આવ્યો છે તેમ આ જીવ વિષયરૂપ કુભોજનથી કદિ ધરાતો ન હોવાને લીધે ઘણું ખાવાથી મોટા પેટવાળો છે એમ સમજવું. એ નિષ્પુણ્યક દરિદ્રી સગા સંબંધી વગરનો એમ કહેવામાં આવ્યું છે તેમ આ જીવના સંબંધમાં પણ બરાબર સમજવું એટલે કે તે અનાદિ કાળથી સંસારની રખડપટ્ટીમાં એકલો

1 જુઓ આ પુસ્તકનું પૃષ્ઠ ૧૬. આનો સંબંધ તે પૃષ્ઠ સાથે છે. 2 જૈનશાસન.

3 આ ગ્રંથના કરનાર સિદ્ધર્ષિ ગણિ આ આખા પ્રસ્તાવમાં પોતાની વાત છે. તેઓ માર્ગ પર આવ્યા પહેલાં પોતાની જાતને કેટલી નિંદે છે તે વિચારવા યોગ્ય છે. દરેક જીવે એ હકીકત તેટલેજ દરજ્જે પોતાની જાતને લાગુ પડે છે એમ સમજી લેવું. નિષ્પુણ્યકની આખી હકીકત ખાસ મનન કરી વિચારવા યોગ્ય છે.

ર આળોટતો હોવાથી આ પ્રાણીનાં સર્વ અંગો અને ઉપાંગો જાણે ળાઇ ગયાં હોય એવો તે દેખાય છે. જેમ તે ભિખારીનું આખું શરીર ધૂળથી મલિન થઇ ગયેલું હતું તેમ નિરંતર બંધાતાં પાપકર્મોનાં પરમાણુરૂપ ધૂળથી આ જીવનું આખું શરીર મલિન છે. જેમ ફાટેલ ટેલ કપડાથી તે ભિખારીનું શરીર નહિ જેવું ઢંકાયલું હતું તેમ આ જીવની આકૃતિ પણ મોહની [1]કળાઓને સૂચવનારી નાની નાની ધજાઓથી વીંટાયલી છે અને મહા ભયંકર રૂપ ધારણ કરે છે. તે દરિદ્રીને દીન અને દીન (ગરીબડો-રાંક) કહેવામાં આવ્યો તેમ આ જીવ ણ વિવેકના સ્થાનભૂત સજ્જનોથી નિંદા પામે છે અને ભય શોક ત્પન્ન કરનારાં તુચ્છ કર્મોથી ભરેલો હોવાને લીધે અત્યંત દીન–રાંક છે મ સમજવું.

ભિક્ષાપાત્ર અને અશન.

પેલો નિષ્પુણ્યક ભિખારી અદૃષ્ટમૂલપર્યંત નગરમાં આખો વખત ભિખ લેવા માટે ઘેર ઘેર ભટકે છે એમ કહ્યું તેમ આ જીવ પણ સંસારનગરમાં વિષયરૂપ તુચ્છ ભોજન મેળવવાની આશાના પાશમાં વીંટાળાઇ રહી એક જન્મમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં એમ ચાં નીચાં ઘરોમાં આખો વખત ભટક્યા કરે છે. ભિખ લેવા માટે ી પાસે ભાંગેલું-ખોખરૂં ઠીકરૂં છે એમ કહેવામાં આવ્યું હતું તે ણને સ્થાનકે આ જીવનું આયુષ્ય સમજવું, કારણ કે તે વાસણજ યરૂપ કુત્સિત અન્નને અને ચારિત્રરૂપ મહાકલ્યાણ કરનાર ભોજનને નો આધાર છે અને તે શરીરને લઇનેજ આ જીવ વારંવાર સંર નગરમાં ભટકે છે.

તોફાની છોકરાઓ.

તે રાંક ભિખારીને દુર્દાન્ત છોકરાઓ વારંવાર મારતા હતા અને તેના પર થયેલા લાકડી, મુઠી અને માટીના પ્રહારથી તે અધમુઓ થઇ ગયો હતો એમ કહેવામાં આવ્યું હતું તે આ જીવના ખોટા વિકલ્પો, શુષ્ક તર્કો, તેને ઉત્પન્ન કરનાર ગ્રંથો અને તેવા ગ્રંથના ઉપદેશક કુતીર્થીઓ જવા. તેઓ જ્યારે આ બાપડા જીવને જુએ છે ત્યારે તેના તરફ ખોટા હેતુરૂપ મુદગરોના ઘા કરીને તેના તત્ત્વાભિમુખ [2]શરીરના ટુકડા કરી નાખે છે. આવી રીતે પોતાનું શરીર જર્જરિત થઇ ગયા

૧ મોહના જૂદા જૂદા આવિર્ભાવો.

૨ શ[illegible] જીવને ખોટી દલીલ પૂરી પાડે છે અને સત્ય માર્ગ [illegible] છે, એટલે [illegible] ભિમુખ શરીરને ઘા લાગ્યા કરે છે એટલે તે [illegible]

ર આળોટતો હોવાથી આ પ્રાણીનાં સર્વ અંગો અને ઉપાંગો જાણે જાઇ ગયાં હોય એવો તે દેખાય છે. જેમ તે ભિખારીનું આખું શરીર ધૂળથી મલિન થઇ ગયેલું હતું તેમ નિરંતર બંધાતાં પાપકર્મોનાં રમાણુરૂપ ધૂળથી આ જીવનું આખું શરીર મલિન છે. જેમ ફાટેલ ટેલ કપડાથી તે ભિખારીનું શરીર નહિ જેવું ઢંકાયલું હતું તેમ આ જીવની આકૃતિ પણ મોહની [1]કળાઓને સૂચવનારી નાની નાની ધજાઓથી વીંટાયલી છે અને મહા ભયંકર રૂપ ધારણ કરે છે. તે દરિદ્રીને નિંદનીક અને દીન (ગરીબડો-રાંક) કહેવામાં આવ્યો તેમ આ જીવ પણ વિવેકના સ્થાનભૂત સજ્જનોથી નિંદા પામે છે અને ભય શોક ઉત્પન્ન કરનારાં તુચ્છ કર્મોથી ભરેલો હોવાને લીધે અત્યંત દીન-રાંક છે એમ સમજવું.

ભિક્ષાપાત્ર અને અન્ન.

પેલો નિષ્પુણ્યક ભિખારી અદૃષ્ટમૂલપર્યંત નગરમાં આખો વખત ભિખ લેવા માટે ઘેર ઘેર ભટકે છે એમ કહ્યું તેમ આ જીવ પણ સંસારનગરમાં વિષયરૂપ તુચ્છ ભોજન મેળવવાની આશાના પાશમાં વીંટાળાઇ રહી એક જન્મમાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં એમ ઉંચાં નીચાં ઘરોમાં આખો વખત ભટક્યા કરે છે. ભિખ લેવા માટે તેની પાસે ભાંગેલું-ખોખરૂં ઠીકરૂં છે એમ કહેવામાં આવ્યું હતું તે વાસણને સ્થાનકે આ જીવનું આયુષ્ય સમજવું, કારણ કે તે વાસણજ વિષયરૂપ કુત્સિત અન્નને અને ચારિત્રરૂપ મહાકલ્યાણ કરનાર ભોજનને લેવાનો આધાર છે અને તે શરીરને લઇનેજ આ જીવ વારંવાર સંસાર નગરમાં ભટકે છે.

તોફાની છોકરાઓ.

તે રાંક ભિખારીને દુર્દાન્ત છોકરાઓ વારંવાર મારતા હતા અને તેના પર થયેલા લાકડી, મુઠી અને માટીના પ્રહારથી તે અધમુઓ થઇ ગયો હતો એમ કહેવામાં આવ્યું હતું તે આ જીવના ખોટા વિકલ્પો, શુષ્ક તર્કો, તેને ઉત્પન્ન કરનાર ગ્રંથો અને તેવા ગ્રંથના ઉપદેશક કુતીર્થીઓ સમજવા. તેઓ જ્યારે આ બાપડા જીવને જુએ છે ત્યારે તેના તરફ સેંકડો ખોટા હેતુરૂપ મુદગરોના ઘા કરીને તેના તત્ત્વાભિમુખ [2]શરીરના ટુકડે ટુકડા કરી નાખે છે. આવી રીતે પોતાનું શરીર જર્જરિત થઇ ગયા

---

[1] મોહના જુદા જુદા આવિર્ભાવો.

[2] શુષ્ક તર્કો આ જીવને ખોટી દલીલ પૂરી પાડે છે અને સત્ય માર્ગથી દૂર રાખે છે, એથી એના તત્ત્વાભિમુખ શરીરને ઘા લાગ્યા કરે છે એટલે તે સત્ય તત્ત્વ પામી શકતો નથી.

પછી આ પ્રાણી કાર્ય કે અકાર્યનો વિચાર કરી શકતો નથી, વસ્તુ ખાવા યોગ્ય છે કે નહિ તેનું સ્વરૂપ કળી શકતો નથી, પ્રવાહી પીવા યોગ્ય છે કે નહિ તેનું સ્વરૂપ જાણી શકતો નથી, વસ્તુ ત્યાગ કરવા યોગ્ય છે કે ગ્રહણ કરવા યોગ્ય છે તે સમજી નથી, પોતાને અને પારકાને ગુણ અને દોષના નિમિત્ત કારણ શું છે લક્ષ્યમાં લઇ શકતો નથી. પછી તે ખોટા તર્કથી વિચારશક્તિને દઇને વિચારે છે કે–'પરલોક ન હોવો જોઇએ, સારાં ખરાબ ફળ હોઇ શકે જ નહિ, આત્મા જેવી કોઇ વસ્તુ હોવાનો સંભવ નથી, કોઇ પ્રાણી સર્વજ્ઞ હોઇ શકે નહિ, હોવાનો દાવો કરી શકે અને સર્વજ્ઞે બતાવેલો મોક્ષમાર્ગ હોઇ શકે નહિ–વિગેરે વિગેરે.' આવા વિચાર કુતીર્થીના પરિચયથી અને માઠા સંકલ્પોથી વારંવાર થયા છે તે સર્વ આ જીવને પીડા આપનાર દુર્દાન્ત-તોફાની છોકરાઓ સા સરખાવવા યોગ્ય છે. શુદ્ધ તત્ત્વજ્ઞાનથી ઉલટી દિશાએ પોતાનું રાખીને પછી અતત્ત્વમાં પોતાનું મન લગાડે છે અને તેને પરિણામે પ્રાણીઓની હિંસા કરે છે, ખોટું બોલે છે, પારકાનું ધન ચોરી લે છે, પર સાથે સ્ત્રિસેવન કરે છે, [1]પરિગ્રહનો સંચય કરે છે, પોતાની ઇચ્છા ખાય કરતો નથી, હદ બાંધતો નથી, માંસ ખાય છે, દારૂ પીએ છે, કે સારો ઉપદેશ આપે તે ગ્રહણ કરતો નથી, ખોટા માર્ગનો પ્રકાશ છે. નમસ્કાર કરવા યોગ્ય મહાત્મા પુરુષોની નિંદા કરે છે, નમસ્કાર ન કરવા યોગ્ય હોય તેની સેવા કરે છે, પોતાના અને પારકાના ગુ દોષના નિમિત્ત કારણું તરફ દોડે છે અને બીજા માણસોની નિંદા છે અને એવી રીતે સર્વ પાપો આચરે છે. એવી

પાપાચરણથી નરકે દુઃખ.

અનેક પાપો આચરવાને લીધે તે પ્રાણી આકરાં બાંધે છે, તેને લઇને તે નરકમાં પડે છે. ત્યાં (નરકમાં) તે કુંભીપાકવડે રંધાય છે, કરવતવડે કે

---

૧ ધન, ધાન્ય, ઘર વિગેરે વસ્તુઓનું એકઠું કરવું તેને પરિગ્રહ કહે[illegible] આવે છે.

૨ [illegible] છે કે [illegible] છે તે [illegible], પણ તેમ થવાનું [illegible] તેને [illegible] નથી. શુદ્ધ પાઠ [illegible] નથી. [illegible] કે ગુણ દોષનાં નિમિ[illegible] કરી શકતો નથી. [illegible] લાવે છે. [illegible]

છે, વજ્ર જેવા કાંટાઓથી ભરેલા શાલ્મલી વૃક્ષ[1] ઉપર તેને ચઢાવવામાં આવે છે, ચીપીઆવડે મોઢું ઉઘાડીને ચીસ પડાવે તેવું તપાવેલું સીસું તેના મ્હોંમાં રેડવામાં આવે છે, ત્યાં તે પોતાનુંજ માંસ ખાય છે, અત્યંત તપાવેલી ભઠ્ઠીઓમાં ભુંજાય છે, પરૂ, ચરબી, લોહી, મળ, મૂત્ર અને આંતરડાંથી અત્યંત ભયંકર બનેલી વૈતરણી નદીમાં તેને તરવું પડે છે અને તરવારની ધાર જેવાં અણીદાર પાંદડાંવાળાં વૃક્ષોથી ભરપૂર જંગલોમાં ખંડ ખંડ થાય છે. આ સર્વ પીડાઓ તેને પોતાનાં પાપથી પ્રેરાયલા પરમાધાર્મિક નામના અસુરો કરે છે.

[2]નરકગતિમાં આ જીવ હોય છે ત્યારે તેને ભૂખ એવી સખ્ત

---

૧ એક જાતના તીક્ષ્ણ કાંટાથી ભરેલું ભયંકર નારકીનું ઝાડ.

૨ નારકી સાત છે. તે દરેકમાં મોટા આયુષ્યવાળા જીવો જન્મે ત્યારથી તે મરણ પામે ત્યાંસુધી અનેક પ્રકારનાં દુઃખો અનુભવે છે. ત્યાં સુખનું નામ પણ હોતું નથી અને દુઃખ એટલું આકરૂં હોય છે કે તેની કલ્પના કરવી પણ મુશ્કેલ છે. નારકીમાં વેદના ત્રણ પ્રકારની હોય છેઃ ક્ષેત્રવેદના, અન્યોન્યકૃત વેદના અને **પરમાધામીકૃત** વેદના.

(૧) **ક્ષેત્રવેદનાનો** વિચાર કરતાં નરકાવાસ બે પ્રકારના છેઃ શીત અને ઉષ્ણ. તે બન્ને પ્રકારના નરકાવાસમાં શીત અને તાપની વેદના અસહ્ય છે અને એટલી સખ્ત છે કે તેનો ખ્યાલ કરવો પણ મુશ્કેલ છે. નારકીનાં શરીરનાં પરમાણુઓ પણ તેને અનેક પ્રકારે દુઃખ આપે તેવાં હોય છે. શીત અને ઉષ્ણ વેદના ઉપરાંત બીજી આઠ પ્રકારની વેદના ક્ષેત્ર સંબંધી ગણાવવામાં આવી છેઃ ભૂખ મટે નહિ, તરસ છીપે નહિ, ખરજ મટે નહિ, પરવશ રહે, નિરંતર શરીરમાં તીવ્ર તાવ-તાપ રહ્યા કરે, શરીર તાપમય થઇ જાય, ભય અત્યંત થયા કરે, શોક બહુ સખ્ત રહે. આવી રીતે કુલ ક્ષેત્રવેદના દશ પ્રકારની બતાવી છે.

(૨) **અન્યોન્યકૃત** વેદનાઃ નારકીના જીવો વૈક્રિય શરીરવાળા હોવાથી તેઓનું પારા જેવું શરીર કકડે કકડા થતાં પાછું એક થઇ જાય છે. પૂર્વ વૈર સંભારી નારક જીવો એક બીજા સાથે અનેક પ્રકારનાં યુદ્ધો મચાવે છે, કાપાકાપી કરે છે, સામા જીવને ત્રાસ આપે છે અને જાતે દુઃખી થાય છેઃ તેવાં યુદ્ધ કરવા માટે પોતાનાં શરીરો અને શસ્ત્રો પણ અનેક આકારના બનાવે છે અને આવી રીતે પરસ્પર એક બીજાના દુઃખમાં મોટો વધારો કરે છે.

(૩) **પરમાધામીકૃત** વેદનાઃ તુચ્છ જાતિના અસુરો કે જેઓ અન્યને દુઃખ દેવાથીજ રાજી થાય છે તેઓ ઉપર પ્રથમ જણાવ્યું તેમ નારકીના જીવોને અનેક પ્રકારના દુઃખો આપે છે, ત્રાસ પમાડે છે અને તેઓને રડતા, શોર પાડતાં, દુઃખી થતા જોઈ આનંદ માને છે. આ અસુરોને પરમાધાર્મિક અસુરો કહેવામાં આવે છે. નરકગતિનાં દુઃખનો વિચાર જૈન દૃષ્ટિએ યોગમાં (પ્ર. વિ) પૃ ૧૫૨-૧૫૪ સુધી વાંચી વિચારી જવા ભલામણ છે. એ વિષય પર ત્યાં વિસ્તારથી હકીકત માલૂમ પડશે.

લાગે છે કે આખી દુનિયાનાં સર્વ પુદ્ગલો ખાઇ જવાથી પણ તે ખની શાંતિ થાય નહિ; તેને તરસ એટલી આકરી લાગે છે કે દુનિયાના સર્વ સમુદ્રોનાં પાણી એક સાથે પીવાથી પણ તે છીપે ત્યાં તે [1]ઠંડા ક્ષેત્રની ઠંડીથી મહા પીડા પામે છે; ઉષ્ણ-ગરમ ગરમીથી મહા હેરાનગતિ ભોગવે છે; અને એ ઉપરાંત બીજા કીના જીવો[2] તેને અનેક પ્રકારે દુઃખ આપે છે. તે વખતે આ મહા દુઃખથી આકુળવ્યાકુળ થઇ 'હે માતા! રક્ષણ કર, હે તાત! નાથ! રક્ષણ કરો, રક્ષણ કરો,' એમ રાડો પાડીને બોલ્યા કરે છે, તેના શરીરનું રક્ષણ કરનાર કોઇ ત્યાં હોતું નથી અને આવા ભયં દુઃખમાંથી કોઇ તેને બચાવી શકતું નથી.

નારકીનાં આવાં ભયંકર દુઃખમાંથી કદાચ મહા મુશ્કેલીએ છૂટે તો તિર્યંચ[3] ગતિમાં જન્મ લઇને ત્યાં અનેક પ્રકારની પીડા છે અને દુઃખો સહન કરે છે: તેની પાસે પુષ્કળ બોજો ઉપડાવવા આવે છે, લાકડીવડે તેને કુટવામાં આવે છે, એનાં કાન, પૂછડાં વિ છેદી નાખવામાં આવે છે, હજારો કીડાઓ વિગેરે એનું લોહી પી કરે છે, તેને ભૂખ સહન કરવી પડે છે, તે તરસથી મરી જાય છે અ જૂદી જૂદી અનેક પ્રકારની પીડાઓથી દુઃખી થાય છે.

ત્યારપછી વળી કોઇ વાર આ જીવ **મનુષ્યનો** ભવ પ્રાપ્ત કરે તો ત્યાં પણ અનેક દુઃખોથી પીડા પામે છે: હજારો પ્રકારના રોગે તેને દુઃખ ઉપજાવે છે, ત્રાસ આપે છે, હેરાન કરે છે, ઘડપણના વિ કારો તેને શિથિલ કરી નાખે છે, નીચ દુર્જનો તેને દુઃખ આપે છે વહાલાના વિયોગો તેને મુંઝવી નાખે છે, અનિષ્ટ વસ્તુઓ કે પ્રાણીઓ સાથેના સંયોગો કે પ્રસંગો મન ઉપર ખરાબ અસર કરે છે, બીજાએ તેનું ધન હરણ કરીને તેને રાંક બનાવી દે છે, સગા સંબંધીઓનાં અ કાળ મરણો આકુળવ્યાકુળ કરી નાખે છે અને જૂદા જૂદા પ્રકારના અધ્યવસાયો તેને વિહ્વળ કરી નાખે છે.

કદાચ એ જીવ દેવગતિમાં જન્મ લઇ દેવતા થાય છે તો ત્યાં

---

1 આ ક્ષેત્રવેદના કહી. 2 આ અન્યોન્યકૃત વેદના કહી.

3 દેવતા, મનુષ્ય અને નારકી સિવાયના સર્વ જીવોને **તિર્યંચ** સંજ્ઞાથી ઓ ળખવામાં આવે છે. તેમાં એકથી પાંચ ઇંદ્રિયવાળા (દેવ, મનુષ્ય અને નારક સિવા યના) સર્વ જીવોનો સમાવેશ થાય છે. પંચેંદ્રિય તિર્યંચમાં જળચર, સ્થળચર, ખેચ આદિ જીવોનો સમાવેશ થાય છે. અહીં ખાસ કરીને તિર્યંચ પંચેંદ્રિય જીવો શ છે એમ સંબંધ પરથી જણાય છે.

ણુ જૂદા જૂદા પ્રકારની વેદનાઓ સહન કરે છે: ઇંદ્ર કાંઇ પણ હુકમ તેને ફરમાવે તો પરવશ થઇને તે હુકમ તેને ઉઠાવવો પડે છે, અન્ય દેવોનો વૈભવ જોઇને તેને વારંવાર અદેખાઇ આવ્યા કરે છે, પૂર્વ ભવમાં પોતે ભૂલો કરી હોય તેનું સ્મરણ[1] થવાથી દુઃખ થાય છે એટલે શુભ ક્રિયા કરવામાં ગયા ભવમાં અમુક અમુક કચાશ રાખી તેથી આ ભવમાં પૂર્ણ ઋદ્ધિ, અધિકાર કે મહત્તા મળ્યાં નહિ એવી કલ્પના વારંવાર થયા કરે છે, અન્ય દેવોની સુંદર યુવતીઓ કે જે પોતાને વશ થાય તેમ ન હોય તેની પ્રાર્થના કરવાને પરિણામે નાસીપાસી થવાથી અથવા તેઓ પોતાની પ્રાર્થના કરે તો તેને તૃપ્ત કરવાની પોતાની શક્તિ ન હોવાથી મનમાં બળી જાય છે, તેનો સંયોગ કેવી રીતે થાય તેના વિચારો વારંવાર થતા હોવાથી મનમાં શલ્ય રહ્યા કરે છે, મોટી ઋદ્ધિવાળા દેવતાઓથી વારંવાર નિંદા પામે છે, પોતાને મરવાનો (ચ્યવવાનો) સમય નજીક જાણી અત્યંત વિલાપ કરે છે અને છેવટે સર્વ પ્રકારના અશુચિના સ્થાનકભૂત ગર્ભના કાદવમાં પડે છે.

આવા પ્રકારની સ્થિતિ હોવાથી[2] તે દરિદ્રીના વર્ણનમાં સર્વ અંગો ઉપર મોટા મોટા ઘા વાગવાથી થયેલ તાપને લીધે આકુળવ્યાકુળ થઇને તે બહુ હેરાન થઇ ગયો હતો અને "ઓય મા! મરી ગયો, મને બચાવ, મને બચાવ, એવા એવા શબ્દો તે વારંવાર બોલતો હતો" એ મતલબની હકીકત કહેવામાં આવી હતી તે આ જીવને સર્વ બરાબર બંધબેસતી આવે છે, કારણ કે નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં અનેક પ્રકારનાં દુઃખો અનુભવતો વારંવાર તે નિસાસા મૂકે છે, તેના શરીરમાં તાપ આવ્યા કરે છે અને તે વારંવાર રાંક-બાપડો-બિચારો થઇ જાય છે. આ સર્વેનું કારણ તેના પોતાના જૂદા જૂદા પ્રકારના ખોટા વિકલ્પો, તેને સંપાદન કરાવનાર કુદર્શનગ્રંથો (અન્ય ધર્મનાં પુસ્તકો) અને તે પુસ્તકોના બનાવનાર અને મત ચલાવનાર કુગુરુઓ છે.

(margin note: દરિદ્રીના દીન શબ્દો.)

---

૧ દેવતા અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાનથી પોતાના પૂર્વ ભવ સંબંધી હકીકત ઉપયોગ મૂકીને જાણી શકે છે. જેઓને સમ્યગ્ બોધ થયો હોય છે તેને અવધિજ્ઞાન હોય છે અને બાકીનાને વિભંગજ્ઞાન હોય છે. આ ગતિ આશ્રયી જ્ઞાન હોવાથી સર્વ દેવોને હોય છે.

૨ જુઓ આ પુસ્તકનું પૃષ્ઠ ૧૬ મું (નિષ્પુણ્યકનું વર્ણન). બેંગાલ રો. એ. સોસાયટિના મૂળ પુસ્તકનું અહીંથી ૫૧ મું પૃષ્ઠ શરૂ થાય છે.

લાગે છે કે આખી દુનિયાનાં સર્વ પુદ્ગલો ખાઇ જવાથી પણ તે
ખની શાંતિ થાય નહિ; તેને તરસ એટલી આકરી લાગે છે કે આ
દુનિયાના સર્વ સમુદ્રોનાં પાણી એક સાથે પીવાથી પણ તે છીપે ન
ત્યાં તે [1]ઠંડા ક્ષેત્રની ઠંડીથી મહા પીડા પામે છે; ઉષ્ણ-ગરમ ક્ષેત્ર
ગરમીથી મહા હેરાનગતિ ભોગવે છે; અને એ ઉપરાંત બીજા ના
રકીના જીવો[2] તેને અનેક પ્રકારે દુઃખ આપે છે. તે વખતે આ
મહા દુઃખથી આકુળવ્યાકુળ થઇ ‘હે માતા! રક્ષણ કર, હે તાત!
નાથ! રક્ષણ કરો, રક્ષણ કરો,’ એમ રાડો પાડીને બોલ્યા કરે છે,
તેના શરીરનું રક્ષણ કરનાર કોઇ ત્યાં હોતું નથી અને આવા ભયં
દુઃખમાંથી કોઇ તેને બચાવી શકતું નથી.

નારકીનાં આવાં ભયંકર દુઃખમાંથી કદાચ મહા મુશ્કેલીએ
છૂટે તો **તિર્યંચ**[3] ગતિમાં જન્મ લઇને ત્યાં અનેક પ્રકારની પીડા
છે અને દુઃખો સહન કરે છે: તેની પાસે પુષ્કળ બોજો ઉપડાવવા
આવે છે, લાકડીવડે તેને કુટવામાં આવે છે, એનાં કાન, પૂછડાં વિ
છેદી નાખવામાં આવે છે, હજારો કીડાઓ વિગેરે એનું લોહી પી
કરે છે, તેને ભૂખ સહન કરવી પડે છે, તે તરસથી મરી જાય છે
જૂદી જૂદી અનેક પ્રકારની પીડાઓથી દુઃખી થાય છે.

ત્યારપછી વળી કોઇ વાર આ જીવ **મનુષ્યનો** ભવ પ્રાપ્ત કરે
તો ત્યાં પણ અનેક દુઃખોથી પીડા પામે છે: હજારો પ્રકારના રો
તેને દુઃખ ઉપજાવે છે, ત્રાસ આપે છે, હેરાન કરે છે, ઘડપણના વિ
કારો તેને શિથિલ કરી નાખે છે, નીચ દુર્જનો તેને દુઃખ આપે છે
વહાલાના વિયોગો તેને મુંઝવી નાખે છે, અનિષ્ટ વસ્તુઓ કે પ્રાણી
સાથેના સંયોગો કે પ્રસંગો મન ઉપર ખરાબ અસર કરે છે, બીજા
તેનું ધન હરણ કરીને તેને રાંક બનાવી દે છે, સગા સંબંધીઓનાં અ
કાળ મરણો આકુળવ્યાકુળ કરી નાખે છે અને જૂદા જૂદા પ્રકાર
અધ્યવસાયો તેને વિહ્વળ કરી નાખે છે.

કદાચ એ જીવ દેવગતિમાં જન્મ લઇ દેવતા થાય છે તો

---

૧ આ ક્ષેત્રવેદના કહી. ૨ આ અન્યોન્યકૃત વેદના કહી.

૩ દેવતા, મનુષ્ય અને નારકી સિવાયના સર્વ જીવોને **તિર્યંચ** સંજ્ઞાથી
ઓળખવામાં આવે છે. તેમાં એકથી પાંચ ઇંદ્રિયવાળા (દેવ, મનુષ્ય અને નારક સિવા
યના) સર્વ જીવોનો સમાવેશ થાય છે. પંચેંદ્રિય તિર્યંચમાં જળચર, સ્થળચર,
આદિ જીવોનો સમાવેશ થાય છે. અહીં ખાસ કરીને તિર્યંચ પંચેંદ્રિય જીવો
નિર્દેશ છે એમ સંબન્ધ પરથી જણાય છે.

...પણ જૂદા જૂદા પ્રકારની વેદનાઓ સહન કરે છેઃ ઇંદ્ર કાંઇ પણ હુકમ તેને ફરમાવે તો પરવશ થઇને તે હુકમ તેને ઉઠાવવો પડે છે, અન્ય દેવોનો વૈભવ જોઇને તેને વારંવાર અદેખાઇ આવ્યા કરે છે, પૂર્વ ભવમાં પોતે ભૂલો કરી હોય તેનું સ્મરણ[1] થવાથી દુઃખ થાય છે એટલે શુભ ક્રિયા કરવામાં ગયા ભવમાં અમુક અમુક કચાશ રાખી તેથી આ ભવમાં પૂર્ણ ઋદ્ધિ, અધિકાર કે મહત્તા મળ્યાં નહિ એવી કલ્પના વારંવાર થયા કરે છે, અન્ય દેવોની સુંદર યુવતીઓ કે જે પોતાને વશ થાય તેમ ન હોય તેની પ્રાર્થના કરવાને પરિણામે નાસીપાસી થવાથી અથવા તેઓ પોતાની પ્રાર્થના કરે તો તેને તૃપ્ત કરવાની પોતાની શક્તિ ન હોવાથી મનમાં બળી જાય છે, તેનો સંયોગ કેવી રીતે થાય તેના વિચારો વારંવાર થતા હોવાથી મનમાં શલ્ય રહ્યા કરે છે, મોટી ઋદ્ધિવાળા દેવતાઓથી વારંવાર નિંદા પામે છે, પોતાને મરણનો (ચ્યવવાનો) સમય નજીક જાણી અત્યંત વિલાપ કરે છે અને છેવટે સર્વ પ્રકારના અશુચિના સ્થાનકભૂત ગર્ભના કાદવમાં પડે છે.

દરિદ્રીના દીન શબ્દો.

આવા પ્રકારની સ્થિતિ હોવાથી[2] તે દરિદ્રીના વર્ણનમાં સર્વ અંગો ઉપર મોટા મોટા ઘા વાગવાથી થયેલ તાપને લીધે આકુળવ્યાકુળ થઇને તે બહુ હેરાન થઇ ગયો હતો અને "ઓય મા! મરી ગયો, મને બચાવ, મને બચાવ, એવા એવા શબ્દો તે વારંવાર બોલતો હતો" એ મતલબની હકીકત કહેવામાં આવી હતી તે આ જીવને સર્વ બરાબર બંધબેસતી આવે છે, કારણ કે નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિમાં અનેક પ્રકારનાં દુઃખો અનુભવતો વારંવાર તે નિસાસા મૂકે છે, તેના શરીરમાં તાપ આવ્યા કરે છે અને તે વારંવાર રાંક-બાપડો-બિચારો થઇ જાય છે. આ સર્વનું કારણ તેના પોતાના જૂદા જૂદા પ્રકારના બાહ્ય વિકલ્પો, તેને ગંપાદન કરાવનાર કુદર્શનગ્રંથો (અન્ય ધર્મનાં પુસ્તકો) અને તે પુસ્તકોના બનાવનાર અને મત ચલાવનાર કુગુરુઓ છે.

---

૧ દેવતા અવધિજ્ઞાન કે વિભંગજ્ઞાનથી પોતાના પૂર્વ ભવ સંબંધી હકીકત ઉપયોગ મૂકીને જાણી શકે છે. જેઓને સમ્યગ્ બોધ થયો હોય છે તેને અવધિજ્ઞાન હોય છે અને બાકીનાને વિભંગજ્ઞાન હોય છે. આ ગતિ આશ્રયી જ્ઞાન હોવાથી સર્વ દેવોને હોય છે.

૨ જુઓ આ પુસ્તકનું પૃષ્ઠ ૧૧ મું (નિષ્પુણ્યકનું વર્ણન). બેંગાલ રૉ. એ. સોસાયટિના મૂળ પુસ્તકનું અઢીથી ૫૧ કે પૃષ્ઠ ૯૨ થી ૧૧૨ છે.

ભિખારી-ના રોગો.

આગળ તે ભિખારીના શરીરમાં ઉન્માદ વિગેરે રોગો [illegible] વામાં આવ્યા તે આ જીવના સંબંધમાં મહા[illegible] વિગેરે સમજવા. ઉન્માદ સનેપાત જેવો વ્યાધિ[illegible] તેની અસર તળે પ્રાણી અનેક પ્રકારનાં અકાર્યો[illegible] છે, તેવી રીતે મોહ-મિથ્યાત્વ અજ્ઞાનથી અનેક પ્રકા[illegible] [illegible] કાર્યોની પરંપરા આ પ્રાણી કરે છે તેથી ઉન્માદ [illegible] [illegible] આવવાથી આખા શરીરે ગરમી થાય છે [illegible] [illegible] ([illegible] વિગેરે તરફ પોતાપણાના આકર્ષણ)ને [illegible] [illegible] ગરમી આવે છે, તેથી તાપ તે રાગ [illegible] [illegible] થવાથી હૃદય ઉપર અને પાંસળીએ [illegible] [illegible] (અન્ય વસ્તુ અને પ્રાણી તરફ [illegible] [illegible] હૃદયમાં વૈરની સખ્ત વેદના ચાલે છે [illegible] [illegible] તેથી શૂળ તે દ્વેષ સમજવો. જેમ [illegible] [illegible] આવે છે તેમ કામ (વિષયસેવ[illegible] [illegible] તીવ્ર અભિલાષા ઉત્પન્ન થાય છે [illegible] [illegible] છે, તેથી ખસ તે કામ સમજવો. [illegible] [illegible] લોકો તરફથી નિંદાય છે [illegible] [illegible] કરે છે તેવી રીતે ભય, શોક [illegible] [illegible] દીનતાથી પણ લોકોનાં મનમાં [illegible] [illegible] આવે છે અને દીન પ્રાણીને [illegible] [illegible] કરે છે [illegible]

જ્ઞાન) પીવા યોગ્ય ન પીવા યોગ્યનો વિવેક (પેયાપેય વિચાર) ન હોવાથી તેના પોતાના સંબંધમાં મોટો અંધકાર પ્રવર્તતો હતો અને તે અંધકારમાં તે મુંઝાઇ ગયો હતો એમ હકીકત દરિદ્રીના વર્ણનમાં અગાઉ બતાવી હતી અને પરલોક નથી, શુભ અશુભ કર્મનું ફળ નથી એવા અને એવી જાતના અનેક કુવિકલ્પો તેને થતા હતા. આ અજ્ઞાન અને કુવિકલ્પ બન્નેને ઉત્પન્ન કરનાર સહકારી કારણ તરીકે બાહ્ય કારણોમાં કુતર્કના ગ્રંથો અને તેને પ્રવર્તાવનારા તેના ઉપદેશકો છે એમ સમજવું અને રાગ દ્વેષ મોહ વિગેરે ઉપાદાન કારણ તરીકે આંતરંગ કારણ પૂરાં પાડે છે એમ વિચારવું અને તે ઉપરથી આ પ્રાણીને અનેક પ્રકારની પીડાઓ થાય છે તેને ઉત્પન્ન કરનાર અને ફેલાવનાર પરમાર્થથી એ રાગ, દ્વેષ ને મોહ છે એમ સમજવું. [1]એમાં એટલી હકીકત લક્ષ્યમાં રાખવાની છે કે કુશાસ્ત્રના સંસ્કાર તો કોઇ કોઇ વખત થાય છે અને એ પીડાઓને ઉત્પન્ન કરવામાં કારણભૂત રાગ, દ્વેષ ને મોહ વિગેરે તો પોતાનો ભાગ સર્વ વખત ભજવ્યા કરે છે, નિરંતર આ પ્રાણીને અનર્થપરંપરા ઉત્પન્ન કરે છે અને હમેશ તેને અજ્ઞાનદશામાં રાખે છે. એ ઉપરાંત એમાં બીજી પણ એક વાત છે અને તે એ કે કુદર્શનના અભિપ્રાયોનું શ્રવણ કરવામાં આવે છતાં તે અનર્થપરંપરાનું કારણ થાય અને ન પણ થાય, એટલે અન્ય મતના દર્શન ગ્રંથોના વાંચન મનનથી અનર્થપરંપરા કોઇ પ્રાણીઓને થાય અને કોઇને ન પણ થાય એવો તેમાં વિકલ્પ છે, એક સરખો નિયમ નથી; પરંતુ રાગ દ્વેષ વિગેરે આંતર કારણો જે ઉપર બતાવ્યાં છે તે સેવવામાં આવે તો જરૂર અનર્થપરંપરા થાયજ છે. એમાં કોઇ જાતની શંકા કે કોઇ પ્રકારનો વિકલ્પ નથી. એ રાગ દ્વેષ મોહ વિગેરેને વશ પડેલો અને તેઓના જોરથી દબાઇ ગયેલો પ્રાણી અજ્ઞાનરૂપ મહાન્ અંધકારમાં પ્રવેશ કરે છે, મનને વિપરીત કરી નાખે તેવા ખોટા વિકલ્પો કરે છે, સેંકડો ન કરવા યોગ્ય અકાર્યો કરે છે અને તેને લઇને મહા આકરાં કર્મોનો સમૂહ એકઠો કરે છે. આવાં આકરાં કર્મો એકઠાં કરવાને પરિણામે કોઇ વખતે તે દેવગતિમાં ઉત્પન્ન થાય છે, કોઇ વખત મનુષ્યગતિમાં જન્મ લે છે, કોઇ વખત પશુભાવ ધારણ કરે છે અને કોઇ વખત નરકમાં પડે છે અને ઉપર ચારે ગતિઓના

1 અહીં આ પ્રાણીના સંબંધમાં અનર્થપરંપરા કરનાર કારણોના બાહ્ય અને આંતર કારણનો ભેદ પાડવામાં આવ્યો છે તે બરાબર સમજવા [illegible] બાહ્ય કારણ છે, ઉપાદાન કારણ તો મોહ-અજ્ઞાનજ છે એ બરાબર ધ્યાનમાં [illegible]

દુઃખનું વર્ણન [1]આપ્યું છે તે પ્રમાણે ત્યાં અનંત વાર અરઘટ્ટ ન્યાયે[2] મહા દુઃખોને વારંવાર જાતે અનુભવે છે અને ચારે તરફ ટક્યા કરે છે. આ પ્રમાણે હોવાથી ભિખારીના વર્ણનમાં કહેવામાં આવ્યું હતું કે "તેને ઠંડીની, ગરમીની, ડાંસની, મચ્છરની, ભૂખની, તરસની–એમ અનેક પીડાઓ થતી હતી અને તેથી હેરાન થતો, દુ પામતો, ત્રાસ પામતો નારકીના જીવોની જેવી વેદનાઓ તે કરતો હતો." તે સર્વ આ પ્રાણીના સંબંધમાં બરાબર મળતું બંધબેસતું આવે છે એમ સમજવું.

ભિખારીની વિવિધ પાત્રતા.

ત્યારપછી તે દરિદ્રીના સંબંધમાં કહેવામાં આવ્યું હતું કે "એ નિષ્પુણ્યક દરિદ્રીની સ્થિતિ જોઇને સજ્જન પુરુષોને મોટી દયા આવે તેવું હતું, અભિમાની પુરુષોને તે મશ્કરી કરવાનું સ્થાન થઇ પડ્યો હતો, બાળકોને રમત કરવાનું રમકડું થઇ પડ્યો હતો અને પાપ કરનારાઓને એક દાખલો પૂરો પાડે તેવો થઇ ગયો હતો" એ સર્વ હકીકતની યોજના આ જીવના સંબંધમાં પણ બરાબર કરવી તે આ પ્રમાણેઃ–આ પ્રાણી નિરંતર અશાતા વેદનીયરૂપ કર્મના દાદવમાં દબાયલો રહે છે તેને જ્યારે અત્યંત પ્રશમ સુખમાં આસક્ત થયેલા અને નિરંતર વિશિષ્ટ આત્મસુખનો અનુભવ કરનારા મહાત્મા સાધુઓ જુએ છે ત્યારે તેઓનાં ચિત્તમાં સર્વદા કરૂણાભાવ જાગ્રત રહેતો હોવાથી સ્વાભાવિક રીતે આ પ્રાણી ઉપર તેઓને ઘણી દયા આવે છે. કેટલાક **સરાગસંયમી**[3] સાધુઓ-યતિઓ વીર રસના જોરથી તપસ્યા કરે છે, તેઓને ધર્મ ઉપર રાગ હોય છે, પણ તેઓનો તે રાગ એક પ્રકારની ઘેલછા જેવો હોય છે અને તપશ્ચ વિગેરે જે તેઓ આદરતા હોય છે તેને માટે તેઓનાં મનમાં અભિમાન હોય છે. આવા સરાગસંયમી[3] યતિઓને આ પ્રાણી મશ્કરી કરવાનું સ્થાન પૂરું પાડે છે. તેઓ પોતાનાં મનમાં આ જીવ સંબંધે

---

૧ જુઓ આગળ પૃષ્ઠ ૫૭ થી ૫૯.

૨ અરઘટ્ટઘટી એટલે રેંટ એ કુવાઓ ઉપર યોજવામાં આવે છે. એમાં ઘડાઓ એવી રીતે ગોઠવ્યા હોય છે કે ઉપર આવતાં ઘડા ઠલવાય છે [illegible] તદ્દન સર્વ ઘડા ખાલી થતા નથી. [illegible] અને કર્મગ્રહણ એ ઘડાનાં [illegible]

૩ [illegible] કરનાર નહિ, પણ મોટે [illegible] સરાગસંયમી કહેવામાં આવે છે.

વિચાર કરે છે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થમાંથી ધર્મ નામના મુખ્ય પુરુષાર્થના સાધન વગરના આ પ્રાણીમાં માણસાઇજ કેમ સંભવે? એવો ખ્યાલ કરી તેના તરફ અનાદરની નજરથી તેઓ જુએ છે-આવા પ્રાણીઓનું આ જીવ હાસ્યસ્થાન થઇ પડે છે. વળી કેટલાક પ્રાણીઓ જેઓનાં મનમાં મિથ્યાત્વ પેસી ગયું છે અને જેઓને કોઇ પ્રકારે થોડું થોડું વિષયસુખ મળી ગયું છે તેઓને આ જીવ ક્રીડા કરવાનું રમત કરવાનું-સ્થાન થઇ પડ્યો છે. આપણે દુનિયામાં જોઇએ છીએ કે પૈસાના મદમાં અંધ થઇ ગયેલાઓ બીજા સામાન્ય માણસો તરફ અનેક પ્રકારની પીડાઓ-દેરાનગતીઓ કરે છે અને તેઓ તરફ તિરસ્કારની નજરથી જોઇ તેઓ જાણે તદ્દન મૂર્ખા-અક્કલ વગરના કે ઠેકાણા વગરના હોય તેમ તેઓને બનાવે છે. દુનિયામાં પાપી પ્રાણીઓ કેવી રીતે પાપ એકઠું કરે છે અને તેનાં કેવાં ફળ થાય છે તે હકીકત બતાવવાની હોય છે ત્યારે તે બાબતનો દાખલો આ પ્રાણી પૂરો પાડે છે તે આ પ્રમાણે: પાપ કાર્યોની હકીકત જ્યારે ભગવાન્ બતાવે છે ત્યારે ભવ્ય પ્રાણીઓને સંસાર પર વૈરાગ્ય થાય તેટલા માટે આ પ્રાણીઓના જેવા જીવનું દૃષ્ટાન્ત આપે છે. આવી રીતે આ જીવ કૃપા, હાસ્ય અને ક્રીડાનું સ્થાન થાય છે અને પાપીઓનું દૃષ્ટાન્ત પૂરૂં પાડે છે.

વળી તે દરિદ્રીના વર્ણનમાં આગળ કહેવામાં આવ્યું છે કે "આ અદૃષ્ટમૂલપર્યન્ત નગરમાં બીજા પણ ઘણા દરિદ્રીઓ વસતા હતા, પણ એ નિષ્પુણ્યક દરિદ્રી એટલો દુઃખી હતો કે તેના જેવો નિર્ભાગી બહુધા તે આખા શહેરમાં બીજો કોઇ નહિ હોય એમ લાગતું હતું"

દરિદ્રીની સરખામણી.

તે મારા પોતાના જીવનું અત્યંત વિપરીત વર્તન જોઇને અને અનુભવીને મેં કહ્યું છે, કારણ કે જન્મથી અંધપણાને પણ હલકો પાડી નાખે તેવો[1] તેને મહામોહ છે, નારકીના તાપને પણ હસી કાઢે તેવો તેને રાગ છે, જેને કોઇ સાથે સરખાવી ન શકાય તેવો એને અન્ય ઉપર દ્વેષ છે, વૈશ્વાનરને[2] પણ હસી કાઢે એવો તેનો ક્રોધ છે, મેરૂ પર્વતને પણ નાનો બતાવે તેવું તેને માન છે, નાગણી (સર્પણી)ની ગતિને પણ

---

૧ તેને મહામોહ એટલો આકરો થાય છે કે કોઇ પ્રાણી જાત્યંધ-જન્મથી અંધ હોય તેનું વિકળ ચક્ષુપણું પણ તેની પાસે કાંઇ હિસાબમાં નહિ. જન્માંધપણાથી પણ આકરો તેનો મહામોહ છે. એવી રીતે બાકીના ભાવો માટે પણ સમજી લેવું. ૨ મોટો અગ્નિ.

ઉતી જાય તેવી તેને માયા છે, [1]સ્વયંભૂરમણ સમુદ્રને પણ દેખાડે તેવો તેને લોભ છે અને સ્વપ્નામાં[2] લાગેલી તૃષા (પીવાની ઇચ્છા) જેવું તેવું વિષયલંપટપણું છે. ભગવાનના પ્રાપ્તિ થયા પહેલાં આ પ્રમાણે સર્વ મારા જીવના સંબંધમાં હતું તે મેં જાતે અનુભવેલું હતું અને મને પોતાને એમ લાગે છે કે પ્રાણીઓમાં દોષોની આવી [3]ઉત્કટતા નહિ હોય. આ વાત જીવના સંબંધમાં યુક્તિથી કેવી રીતે બંધબેસતી આવે છે તે આ ગને પ્રતિબોધ થાય છે તે વખતે વિસ્તારથી કહી બતાવીશ.

ભિખારીનાં હવાંતીઆં.

ત્યારપછી તે દરિદ્રીના વર્ણનમાં કહેવામાં આવ્યું છે તેની મત લબ [4]આ પ્રમાણે છે. " તે ભિખારી અદૃષ્ટમૂલપર્યન્ત નગરના દરે ઘરમાં ભિક્ષા માટે રખડતો રખડતો વિચારતો હતો કે 'મને અમુ દેવદત્તના અથવા બંધુમિત્રના અથવા જિનદત્તના ઘેરથી રસકસવાળી સ્વાદિષ્ટ, પુષ્કળ અને સારી રીતે રાંધેલી ભિક્ષા મોટા પ્રમાણમ મળશે, તે ભિક્ષાને એકદમ લઇને બીજા ભિખારીઓ ન જુએ તે એકાંત જગા પર હું ચાલ્યો જઇશ. પછી એવી રીતે માગીને આણેલ ભિક્ષાની વસ્તુઓમાંથી થોડી હું ખાઇ લઇશ અને બાકીની બીજ દિવસ માટે રાખી મૂકીશ. બીજા ભિખારીઓ કદાચ કોઇ પણ કાર સુધી મને ભિક્ષા સારી રીતે મળી છે એમ જાણી જશે તો તેઓ મારી પાસેથી તેમાંથી લેવાની માગણી કરશે અને મને એક પ્રકા [illegible]. પરંતુ હું મરીશ તોપણ તેઓને મારી ભિક્ષામાં એક જરા ભાગ પણ આપીશ નહિ. જ્યારે તેઓ જબરજસ્તી કરી મારી પાસેથી મેળવેલી ભિક્ષા છોડાવવા યત્ન કરશે ત્યારે હું તેઓ સા લડાઇ કરવા માંડીશ. જ્યારે તેઓ મને લાકડીવડે, મુઠીવડે અને [illegible] મારવા લાગશે ત્યારે હું એક મોટો મુદ્ગર લઇ આવ [illegible] તે દરેકે દરેકના ચૂરેચૂરા કરી નાખીશ. તે લુચ્ચાઓ મ [illegible] જાણીને શું જતા ?' આવા આવા અનેક પ્રકારના માઠા

[1] [illegible] સ્વયંભૂરમણ નામનો છે. એનાથી [illegible] [illegible] લોકના અર્ધ ભાગને તે રોકે છે [illegible] [illegible] છે.

[illegible] છીપી શકતી નથી અથવા [illegible] આ જીવની વિષયલિપ્સ [illegible] દરેક ફેરીવાર [illegible] પૃષ્ઠ ૧૨.

કલ્પોથી તે દરિદ્રીના મનમાં વ્યાકુળતા રહ્યા કરે છે અને દરેક ક્ષણે નકામું રૌદ્રધ્યાન કર્યા કરે છે. તે ભિખારી તે નગરમાં દરેક ઘરે રખડે છે, પણ તે બાપડાને જરા પણ ભોજન મળતું નથી, એટલે ઉલટો તેના હૃદયનો ખેદ વધ્યા કરે છે અને પ્રતિદિવસ અનેક ગણો વધારે વધારે થયા કરે છે. કદાચ કોઇ વખત દૈવવશે તેને જરા તુચ્છ ભોજન મળી જાય છે તો જાણે પોતાને મોટું રાજ્ય મળ્યું હોય તેમ તે આખી દુનિયાને પોતાથી હલકી માને છે.” દરિદ્રીના સંબંધમાં ઉપર પ્રમાણેની મતલબની હકીકત કહી હતી તે સર્વે મારા જીવના સંબંધમાં બરાબર યોજવી તે આ પ્રમાણે:-

ભોજનનો આંતર ભાવ.

આ સંસારમાં હમેશાં પરિભ્રમણ કરતાં શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પાંચે ઇંદ્રિયના વિષયો, સગા સંબંધીઓનો સમૂહ, ધન કનક વિગેરે તથા કામ, ક્રીડા ને વિકથા[1] વિગેરે સંસારવૃદ્ધિનાં કારણો હોવાથી અને અજીર્ણ કરનાર હોવાથી તેને કદન્ન, તુચ્છ-અધમ ભોજન તુલ્ય સમજવાં; કારણ કે તે સંસારવૃદ્ધિનાં કારણો હોવાથી અને કર્મસંચયરૂપ અજીર્ણ કરનાર હોવાથી ભોજનની સાથે બરાબર સરખાવી શકાય તેવાં છે. મહામોહમાં આસક્ત થયેલો આ જીવ વિચાર કરે છે તે ઉપર બતાવેલા દરિદ્રીના રૌદ્રધ્યાન સાથે સરખાવવા યોગ્ય છે. આ પ્રાણી વિચાર કરે છે કે ‘હું ઘણી સ્ત્રીઓને પરણીશ; તે મારી સ્ત્રીઓ એટલી રૂપવંત હશે કે પોતાનાં રૂપમાં તેઓ સ્વર્ગ મૃત્યુ પાતાળની સર્વ સ્ત્રીઓને હરાવી દેશે, એટલી સૌભાગ્યવાળી હશે કે તેમાં તેઓ કામદેવ(ની સ્ત્રી રતિ)ને પણ હરાવી દેશે, એટલી વિલાસવતી હશે કે તેવડે તેઓ મોટા મોટા મુનિઓનાં મનને પણ ક્ષોભ પમાડશે, એવી કળાવાળી હશે કે તેમાં તેઓ બૃહસ્પતિને પણ હસી કાઢશે અને વિજ્ઞાન (કળા કૌશલ્ય)માં એટલી પ્રવીણ હશે કે તેવડે તેઓ પોતાની જાતને પંડિત માનનારાઓનાં ચિત્તને પણ રીઝવી શકશે. આવી ગુણ લક્ષણવાળી સુંદર આકર્ષક સ્ત્રીઓનાં હૃદયનો વલ્લભ પતિ હું થઇશ. એ મારી વહાલી સ્ત્રીઓ પારકા પુરુષની ગંધને પણ સહન કરશે નહિ, મારી આજ્ઞાને કદિ પણ લોપશે નહિ, મારા મનને તેઓ હરરોજ અત્યંત આનંદ આપશે, હું તેઓ ઉપર જરા ઉપર ઉપરનો ખોટો કોપ બતાવીશ ત્યાં તો તેઓ મને રાજી કરવા મંડી જશે, કામક્રીડાની પોતાની ઇચ્છા પૂરી પાડવા માટે તેઓ મારી અનેક

[1] રાજકથા, દેશકથા, સ્ત્રીકથા અને ભોજનકથા.

પ્રકારે ખુશામત કરશે, ઇસારા કરીને અને તેવીજ બીજી રિ
કરીને તેઓ મારા તરફ પ્રેમ બતાવ્યા કરશે, જૂદા જૂદા
બિબ્બોક ભાવો[1] ધારણ કરીને મારા મનને પોતાના તરફ તેઓ
અને અરસપરસ એક બીજાની ઈર્ષ્યાને લઇને તેઓ મારા ઉપર
બાણ ફેંકીને મને વારંવાર અભિલાષપૂર્વક ઘાયલ કરશે. વળી
ઇંદ્રના પરિવારને પણ હસી કાઢે તેવો, વિનયવાન્, ચતુર, શુદ્ધ ચિત્ત
સુંદર વેશવાળો, અવસર જાણનાર, મનને પસંદ આવે તેવો, મારા પર
રાખનાર, સર્વ પ્રકારના ઉપાય કરવામાં કુશળ, શૂરવીર, ઉદાર,
કળામાં કુશળતાવાળો, સેવાભક્તિ કરવામાં હુશિયાર પરિવાર[2]
વળી ઇંદ્રના આવાસને પણ હસી કાઢે એવા સાત માળના મારે
મહેલો થશે, જે પોતાના યશરૂપ ચળકતા અમૃતને લીધે ધો
પામેલા હોવાથી મારા ચિત્તના જેવા નિર્મળ[3] હશે, જે ઘણા
હોવાથી હિમાલય પર્વત હોય એવો ખ્યાલ કરાવે તેવા હશે,
નાના પ્રકારનાં ચિત્રો મૂકવામાં આવેલાં હોવાથી જે જોવા લાયક
ગશે, જે ચંદ્રવાથી સુંદર લાગશે, જે આંખોને આનંદ આપનારી
ળીઓ તેમજ બીજા જૂદી જૂદી જાતના આકારોથી શોભા
લાગશે, જેમાં ભોજનશાળા, ગૌશાળા, કામશાળા આદિ અનેક શા
ઓરડાઓ હશે, જે અત્યંત વિશાળ હશે, જેમાં અનેક પ્રકારના ચો
મૂકવામાં આવ્યા હશે, જેમાં લાંબા પહોળા અને જૂદા જૂદા આકારે
અનેક સભામંડપો કરવામાં આવ્યા હશે, જેની ચોતરફ મોટો
આવી રહ્યો હશે અને જે એકંદર રીતે બહુ આકર્ષક, આનંદદાયક અ
રહેવા લાયક હશે-આવા અનેક રાજમહેલો-પ્રાસાદો મારે થશે. તે
મારા રાજમહેલોમાં [4]મરકત, [5]ઇંદ્રનીલ, [6]મહાનીલ, [7]કર્કેતન, [8]પદ્મ

૧ પતિ તરફ ઉપર ઉપરથી અનાદર બતાવી તે દ્વારા તેને પોતા ખેંચાણ કરવાના હાવભાવને વિબ્બોક અથવા બિબ્બોક કહેવામાં આવે છે.

૨ કુટુંબી સંબંધી નોકર ચાકર વર્ગના સમૂહને પરિવારનું નામ આ આવે છે.

૩ મેલ વગરના, કલંક વગરના.

૪ લીલું મણિ.

૫ પન્નું, પાનું.

૬ શનિની એક જાત sapphire.

૭ રત્નની એક જાત.

૮ માણેક (લાલ રંગનો મણિ).

[1]વજ, [2]વૈદૂર્ય, [3]ચંદ્રકાન્ત, [4]સૂર્યકાન્ત, [5]ચૂડામણિ, [6]પુષ્પરાગ વિગેરે અનેક જાતિનાં રત્નો હમેશાં પ્રકાશ કરશે, સોનાના ઢગલાઓ મારા મહેલમાં ચારે તરફ પીળા રંગનો પ્રકાશ બતાવશે, મારા ઘરમાં ધાન્ય, ચાંદી અને બીજી ધાતુઓ એટલી બધી વધી પડશે કે લોકો તેટલી બધી વસ્તુઓ મારા ઘરમાં છે એ વાત માનશે પણ નહિ. વળી મુગટ, [7]બાજુબંધ, [8]કુંડળ, [9]પ્રાલંબ વિગેરે અનેક જાતનાં ઘરેણાંઓ મારા હૃદયને બહુ આનંદ આપશે. તથા ચીનનાં વસ્ત્ર (રેશમી કાપડ), સુતરનાં વસ્ત્ર તથા દેવદૂષ્ય (દેવતાનાં આપેલાં કપડાં) વિગેરે વસ્ત્રો મારા ચિત્તને આનંદ ઉપજાવશે. વળી મારા મહેલની સામે આવેલા ક્રીડા કરવાના બગીચાઓ મારા મનના આનંદમાં ઘણો વધારો કરશે: એ બગીચાઓ એવા સુંદર હશે કે તેમાં રત્ન અને સોનાવડે જુદી જુદી જાતના વિભાગોથી શોભી નીકળેલા અનેક બનાવટી પર્વતો દીપી રહ્યા હશે, તેમાં વાવ, ગુંજાલિકા[10] અને ફુવારા વિગેરે અનેક જળાશયો આવી રહેલ હોવાથી તે અત્યંત મનોહર લાગતા હશે, તેમાં બકુલ,[11] પુન્નાગ,[12] નાગ,[13] અશોક, ચંપક વિગેરે અનેક જાતનાં સુંદર ઝાડોનો વિસ્તાર આવી રહેલો હશે, પાંચ જાતનાં [સુ]ગંધી અને મનોહર ફૂલના ભારથી જેની [14]શાખાઓ નમી ગઇ છે

---

૧ હીરો.

૨ વિદૂર પર્વતમાંથી ઉત્પન્ન થયેલ રત્ન જેને Lapis lazuli ના નામથી ઓળખવામાં આવે છે.

૩ મણિનો પ્રકાર જે ચંદ્રદર્શનથી ઓગળવા માંડે છે.

૪ મણિનો પ્રકાર જે સૂર્યદર્શનથી ઓગળવા માંડે છે.

૫ માથાના મુગટમાં રાખવાનો મોટો હીરો.

૬ પોખરાજ, હીરો.

૭ હાથે બાંધવાનું ઘરેણું. બાજુના નામથી ઓળખાય છે.

૮ કાનમાં પહેરવાનું ઘરેણું.

૯ ગળાથી નીચે લટકતી હૃદય સુધી પહોંચતી માળા (સોનાની અથવા મોતીની).

૧૦ ગુંજાલિકા કયા પ્રકારનું જળાશય છે તે સમજાતું નથી. સંબંધ પરથી તેની આસપાસ ઘણા ભમરાઓ મધમાખીઓ ફરતી હોય તેવું પાણીનું સ્થાન જણાય છે.

૧૧ કેશરનું ઝાડ. સ્ત્રી એને સ્પર્શ કરે ત્યારે તે વિકાસ પામે છે.

૧૨ સોપારીનું ઝાડ.

૧૩ નાગ કેશરનું ઝાડ.

૧૪ અંત ભાગો.

એવા કુમુદ[1] તથા [2]કોકનદથી તે અતિ સુંદર હશે અને ગુંજારવ કરતા ભમરાઓના અવાજથી સુંદર ગીતો તેમાં ચાલ્યાં કરતાં હશે-આવા અનેક સુંદર બગીચાઓ મારા મહેલની પાસે હશે. સૂર્યના રથની સુંદરતાને પણ જીતી લે તેવા અનેક રથો મને પ્રમોદ કરાવશે. ઇંદ્રના ઐરાવત હાથીની મોટાઇને પણ બાજુએ મૂકી દે એવા મારા કરોડો હાથીઓની શ્રેણી મારો હર્ષ વધારશે. દેવતાના પતિ ઇંદ્રના ઘોડાઓની ચાલને પણ હસી દેખાડે એવા અનેક-કરોડો ઘોડાઓ મારી જાતને સંતોષ આપશે. મારી આગળ દોડતા, મારા ઉપર પ્રીતિ ભક્તિવાળા, બીજાઓને હઠાવી દેવામાં કુશળ, પરસ્પર એક ચિત્તવાળા (ભિન્ન વૃત્તિ વગરના) અને સ્વાર્થ વગરના[3] ન ગણી શકાય તેટલા પાળાઓ (પાયદળ લશ્કર) મારા મનનો ઉલ્લાસ વધારશે. મને નમવાની ઇચ્છાવાળા અનેક રાજાઓ પોતાના મુગટમાં રહેલાં મણિરત્નોથી મારા પગને લાલ કરશે. હું મોટી પૃથ્વીનો સ્વામી માંડલિક રાજા થઇશ! બુદ્ધિમાં દેવતાઓના મંત્રી (બૃહસ્પતિ)ને પણ હસી કાઢે તેવા મારા મોટા પ્રધાનો[4] મારા રાજ્યનો સર્વ કારભાર ચલાવશે. આ સર્વે વિચારો (અભિલાષાઓ) સારી ભિક્ષા મેળવવાના લાભની ઇચ્છા પેલા દરિદ્રીને થયા કરતી હતી તેની બરાબર સમજવાં.

વળી આ જીવ આગળ વિચાર કરે છે-'આવી રીતે હું મોટો ધનદોલતવાળો થયેલો હોવાથી અને મને કોઇ જાતની ચિંતા ન હોવાને લીધે તેમજ મારાં સર્વ સાધન પૂર્ણ થઇ ગયેલાં હોવાથી હું [5]કુટીપ્રાવેશિક નામનું રસાયણ સિદ્ધ કરીશ-ખાઇશ. એ રસાયણના ઉપયોગથી મારું શરીર વળીઆ, ધોળા વાળ, માથામાં તાલ તેમજ કોઇ પણ પ્રકારની

દરિદ્રબુદ્ધિના વિચારો.

---

1 કમળ, પદ્મ, પોયણું.

2 રાતું પોયણું.

3 જેનામાં અંદર અંદર [illegible] રાજ્ય વિરુદ્ધ બળવો ઉઠાવે નહિ તેવા-[illegible] કિરાતાર્જુનીયમાં આવોજ વિશેષણોવાળો શ્લોક છે, [illegible] (સર્ગ ૧ [illegible])

महौजसो मानधना धनार्चिता धनुर्भृतः संयति लब्धकीर्तयः।
न संहतास्तस्य न भिन्नवृत्तयः प्रियाणि वाञ्छन्त्यसुभिः समीहितुम्॥

[illegible]

4 [illegible]

5 [illegible]

ખોડ ખાપણ વગરનું, ઘડપણ અને મરણના વિકારથી રહિત, દેવકુમારોથી પણ વધારે કાંતિ તેજવાળું, સર્વે પ્રકારના વિષયો ભોગવવાને સમર્થ અને બહુ બળવાળું થશે.' પ્રાપ્ત થયેલી ભિક્ષાને એકાંત સ્થાનમાં લઇ જવાના મનોરથ તે ભિખારી ભિક્ષા પ્રાપ્ત થયા પહેલાં અગાઉથી કર્યા કરતો હતો તેની સાથે આ હકીકત સરખાવવી.

એકાંતમાં ભિક્ષા-નેખાવાને વિચાર.

વળી તે રાંક પોતાના મનમાં વિચાર કરે છે–'ત્યારપછી આવું સુંદર શરીર મળવાથી મારા મનમાં અત્યંત આનંદ પ્રાપ્ત થશે, પછી ગંભીર પ્રેમસમુદ્રમાં ડૂબીને મારી ઉપર વર્ણવી તેવી અનેક સુંદર સ્ત્રીઓ સાથે આવી રીતે ક્રીડા કરીશ:–કોઇ વખત નિરંતર પ્રવર્તતા મદનરસને વશ પડીને ઘણા વખત સુધી 'સુરતક્રીડા કરી સ્પર્શેન્દ્રિયને તૃપ્ત કરીશ; કોઇ વખત રસેંદ્રિયને તૃપ્ત કરવા માટે જે મનને પસંદ આવે તેવા રસો બાકીની સર્વે ઇંદ્રિયોને પણ સ્વસ્થ કરનાર હોય તેનો સ્વાદ લઇશ; કોઇ વખત ઘણી સુગંધીવાળા કપૂરથી મિશ્ર કરેલ સુખડ કેશર કસ્તૂરી વિગેરેનું વિલેપન કરીને તેમજ પાંચે સુગંધી પદાર્થોથી[2] ભરપૂર તાંબુલ (પાન) ખાઇને ઘ્રાણેંદ્રિય (નાસિકા–નાક)ને તૃપ્ત કરીશ; વારંવાર વાગતા મૃદંગ (ઢોલ)ના અવાજથી યુક્ત, જાણે દેવતાઓની સુંદરીઓ (દેવાંગનાઓ) નૃત્ય કરતી હોય એવો ભ્રમ ઉત્પન્ન કરે તેવી સુંદર સ્ત્રીઓના કટાક્ષના જેમાં પાઠ આવતા હોય અને જે નાટકોમાં અનેક પ્રકારના શરીરના આકાર કરવામાં આવે તેવા [3]અંગહાર નામના નાચો આવતા હોય તેવાં સુંદર નાટકો જોઇને કોઇ વાર ચક્ષુઇંદ્રિયને આનંદ આપીશ; કોઇ વખત મધુર કંઠવાળા અને ગાયનવિદ્યા (સંગીત)ના પ્રયોગમાં સારી રીતે પ્રવીણ થયેલા ગાંધર્વોનાં વેણુ, વીણા, મૃદંગ, કાકલી આદિ વાજિંત્રો સાથે ગાયનોનો સ્વર સાંભળીને શ્રોત્રેંદ્રિયને આહ્લાદ આપીશ; કોઇ વખત સર્વ કળાઓમાં કુશળ, સરખી વયના, પોતાના હૃદયની ગુપ્ત વાત એક બીજા પાસે કહે તેવા, શૌર્ય, ઔદાર્ય અને વીર્યથી શ્રેષ્ઠ અને રૂપમાં કામદેવને પણ હસી કાઢે તેવા મિત્રો સાથે જૂદા જૂદા પ્રકારની ક્રીડા કરતો સર્વ ઇંદ્રિયોને સામટી–એક સાથે તૃપ્ત કરીશ.' પેલા ભિખારીને પોતાની ભિક્ષા એકાંત સ્થાનમાં લઇ જઇને ત્યાં ખાવાની ઇચ્છા થતી હતી તેની બરાબર આ સર્વ હકીકત સમજવી.

---

૧ સ્ત્રીસંયોગ. ૨ તજ, એલચી, લવીંગ, જાઇફળ, જાવત્રી. ૩ એક જાતનો નાચ. આ નાચમાં આંગળી અને શરીરનાં બીજાં અવયવોનાં લટકાંઓ બહુ કરવામાં આવે છે.

વળી આ જીવ વિચાર કરે છે–'હું આવી રીતે ઘણા વ
સુધી બહુ ઉત્તમ પ્રકારનું સુખ ભોગવીશ. એ
કુભોજન- રીતે સર્વોત્તમ સુખ ભોગવતાં મારે દેવકુમા
નો સંગ્રહ. આકારને ધારણ કરનાર, શત્રુઓની સ્ત્રીઓનાં
યમાં ઈર્ષ્યા ઉત્પન્ન કરનાર, સર્વ સગા સંબંધી
તથા વહાલા સ્નેહીઓના જૂદા જૂદા સ્વભાવને એક સરખી રીતે
રાખનાર અને મારા જેવાજ સેંકડો પુત્રો થશે. આવી રીતે
મનના સર્વે મનોરથો પૂર્ણ થશે, મારા સર્વ શત્રુઓ અસ્ત પામી
અને તેવી રીતે અનંતો કાળ હું મારી મરજી આવશે તે પ્ર
રહીશ–વિહાર કરીશ.' પોતાની પાસેનું કદન્ન (ખરાબ ભોજન)
દિવસ સુધી રાખી મૂકવાની–ઢાંકી મૂકવાની ઇચ્છા તે ભિખારીને
કરતી હતી તેની બરાબર આ સર્વે મનોરથો સમજવા.

વળી પેલો દરિદ્રી જીવ વિચાર કરે છેઃ–'મારી પાસે આ
અને આવી સંપત્તિ છે એ બાબતની હકીકત
રૌદ્ર ધ્યાન અ- પછી કોઇ વાર બીજા રાજાઓ સાંભળશે ત્યારે
ને ભિખારી. મારી ઉપર ઈર્ષ્યા કરીને સર્વ એકઠા થઇને મારા
ઉપર ચઢી આવશે અને ધમાધમ મચાવવાની
આત કરશે. એ હકીકત જાણીને હું મારી ચતુરંગિણી[1] સેના
તેઓ ઉપર ચડાઇ કરી તૂટી પડીશ ત્યારે તેઓ પોતાના બળ
મુસ્તકીમ રહીને મારી સાથે લડાઇ કરશે. તે વખતે લાંબા વ
સુધી ચાલે તેવો મોટો–મહાભારત વિગ્રહ થશે. સર્વ શત્રુઓ
બીજા સાથે મળી ગયેલા હોવાથી અને સંખ્યામાં વધારે હોવાથી
તેઓનાં સાધનો મારા કરતાં ઘણાં વધારે હોવાથી તેઓ મને
પાછો હઠાવશે. તે વખતે પછી મારો ગુસ્સો ઘણો વધી જશે
મારામાં લડાયક જુસ્સો પણ ઘણો ઉશ્કેરાઇ જશે, તેના આવેશમાં સ
બાજુના દરેક રાજાને અને તેના લશ્કરને હું મારી નાખીશ, તેઓ
ચૂરેચૂરા કરી નાખીશ, તેઓના ઘાણ કાઢી નાખીશ.[2] મારાવડે
કાવાયલા–કેદી તરીકે પકડાયલા સર્વ શત્રુસેનાનીઓ કદિ પાતા
જશે તોપણ તેઓનો છુટકારો થશે નહિ.' અગાઉ દરિદ્રીની

---

૧ હાથી, ઘોડા, રથ અને પાયદળ, એ ચાર અંગવાળી સેનાને ચતુરં
સેના કહેવામાં આવે છે.

૨ આવા આવા અનેક વિચાર આ જીવ મનમાં કરે છે તે વખતે તેની
કાંઇ પણ હોતું નથી, ખાલી રૌદ્રધ્યાન કરી કર્મબંધ કરે છે.

કતમાં તે કારણ વગર અકાળે લડાઇ કરવા તત્પર થઇ ગયો એમ કહ્યું હતું તેની બરાબર આ હકીકત સમજવી.

સંસારદશામાં ભિખારીપણું.

વળી આ જીવ વિચાર કરે છે:–'આવી રીતે આખી પૃથ્વી પરના સર્વ રાજાઓને મેં જીતી લીધેલા હોવાથી મારા ઉપર ચક્રવર્તીપણાનો અભિષેક કરવામાં આવશે. ત્યાર પછી સ્વર્ગ, મૃત્યુ અને પાતાળલોકમાં એવી કોઇ પણ વસ્તુ નહિ રહે કે જે મને પ્રાપ્ત ન થઇ હોય.' રાજપુત્ર વિગેરે અવસ્થામાં વર્તતો આ જીવ આવી રીતે કારણ વગર નકામા હજારો સંકલ્પ વિકલ્પ કરી પોતાની જાતને વારંવાર આકુળ-વ્યાકુળ કર્યા કરે છે અને રૌદ્રધ્યાન કરે છે, તેને લઇને મહા આકરાં કર્મ બાંધે છે અને તેને લઇને નારકીમાં પડે છે. આવી રીતે અનેક પ્રકારનાં દુઃખો અને માનસિક વેદનાઓ તેને થાય છે છતાં પૂર્વ ભવમાં પુણ્ય રહિત હોવાથી પોતાના હૃદયના તાપ સિવાય તે બીજો કોઇ પણ અર્થ પ્રાપ્ત કરતો નથી, તેનું કાંઇ વળતું નથી. આટલા ઉપરથી સમજવાની હકીકત એ છે કે જ્યારે આ જીવ રાજાના પુત્ર જેવી સુંદર સ્થિતિમાં હોય છે કે જે વખતે હૃદયની વિશાળતાને લીધે ખરાબ વસ્તુઓ પ્રાપ્ત કરવાનો તો તેને મનોરથ પણ ઘણે ભાગે થતો નથી અને ઘણા માણસો તેની પાસે ધનની પ્રાર્થના કરતા હોવાથી જ્યારે તેનું મન ઘણું ઉદાર વિચારનું પોતાની બુદ્ધિથીજ હોય છે તે વખતે પણ સાધુ પુરુષો–મહાત્માઓ કે જેઓએ શાંત રસરૂપ અમૃતનું પાન કરેલું હોવાથી તેના રસની કિંમત જેઓ સમજે છે અને જેઓ વિષય ભોગવવાનાં ભયંકર પરિણામો જાણી રહ્યા છે અને જેઓએ સિદ્ધ (મોક્ષ) સ્ત્રીને પ્રાપ્ત કરવામાં પોતાના અધ્યવસાયો બરાબર જોરી દીધા છે તેમને આ જીવ ભિખારી-દરિદ્રી-રાંક જેવો લાગે છે તો પછી બીજી અવસ્થામાં જ્યારે આ પ્રાણી વર્તતો હોય ત્યારે તેઓ એને માટે શું ધારે? (રાજપુત્રને સર્વ પ્રકારની સગવડો હોય છે, પાણી માગે ત્યાં દુધ હાજર થતું હોય છે, સેવકો સેવામાં હાજર હોય છે, ધનના લાલચુ લોકો બિરૂદાવળી બોલતા હોય છે અને ખમા ખમા થતી હોય છે તેવા ઉત્તમ મનુષ્યજન્મને માટે જો ખરેખરા સંતપુરુષનો અભિપ્રાય પૂછ્યો હોય, જે સંતો સંસારનું બરાબર અવલોકન કરી શક્યા હોય તેનો આશય જાણવાની દરકાર કરી હોય તો તેમના તરફથી તમને એકજ જવાબ મળશે કે રાજપુત્રની સ્થિતિ ચોક્કસ ભિખારી જેવીજ છે. રાજપુત્ર જેવા ઉત્તમ જન્મ માટે તેઓ

આવો અભિપ્રાય આપે તો પછી સાધારણ ઘરે જન્મ થયો હોય તેવ મનુષ્ય માટે તો તેઓ કેવો અભિપ્રાય આપે તે વિચારી લેવું!) આ હકીકત ઘણી અગત્યની હોવાથી તે અત્ર વધારે સ્પષ્ટ કરવામાં આવે છે

જીવનના ખેદ પ્રસંગો.

તત્ત્વમાર્ગ (શુદ્ધ-સાચા ધર્મ)ને નહિ જાણનારો આ રાંક જી બ્રાહ્મણ, વાણીઆ, આભીર[1] કે અંત્યજ (અસ્પર્શ વર્ગ-ઢેઢ ભંગી વિગેરે) જાતિમાં ઉત્પન્ન થાય છે ત્યાં તેનો વિચારમાર્ગ બહુ ટુંકો અને તુચ્છ હોવાં લીધે તેને કદિ બે ત્રણ નાનાં ગામોનો લાભ થાય તો જાણે પોતે ચક્રવર્તીપણું પામી ગયો હોય એમ માને છે; પોત એકાદ ખેતરના ટુકડાનો સ્વામી થઇ જાય તો જાણે પોતે મોટો મં ડલિક રાજા થઇ ગયો હોય એમ ગણે છે; કોઇ વ્યભિચાર કરનાર કુલટા સ્ત્રી તેને મળી જાય તો જાણે પોતે દેવાંગનાને પ્રાપ્ત કરી હો એમ કલ્પના કરે છે; પોતાના શરીરનાં અમુક અવયવો તદ્દન બેડો હોય તોપણ જાણે પોતે કામદેવ જેવો રૂપાળો છે એમ ધારી લે કોઇ વખત બળેલા ઢેઢના પાડામાં રહેનારની જેવા આત્મ પરિજન (પોતાના પરિવારને) શક્ર (ઇંદ્ર)ના પરિવાર જેવો ગણે છે; કોઇ વખ ત્રણ ચાર હજાર, ત્રણસો ચારસો અથવા તો ત્રણ ચાર કોડિ રૂપ આનો લાભ થાય તો જાણે પોતે કરોડાધિપતિ થઇ ગયો એમ ગ છે; કદાચ તેને પાંચ છ દ્રોણ[2] અનાજની ઉત્પત્તિ થાય તો જાણે પો મોટો કુબેર ભંડારી થઇ ગયો હોય એમ સમજે છે; કોઇ વખત પો તાના કુટુંબનું સુખે ભરણ પોષણ કરવું તેને મહાન્ રાજ્ય પ્રાપ્ત થ બરાબર માને છે; કોઇ વખતે મુશ્કેલીથી ભરી શકાય તેવા પોતા પેટનું પૂરૂં કરવાના કામને મોટા ઉત્સવ જેવું ગણે છે; કોઇ વખ ભિક્ષા મળવી તે જાણે જીવન મળ્યું હોય તેમ ગણી લે છે; કોઇ વખ રાજાને અથવા બીજા કોઇને શબ્દ, સ્પર્શ કે બીજી કોઇ ઇંદ્રિય ભોગો ભોગવતો જોઇને તેના સંબંધમાં એ વિચાર કરે છે કે અહો એ શક્ર (ઇંદ્ર) છે! દેવ છે, વાંદવા યોગ્ય છે, પુણ્યવાન્ છે, મહાન છે!! ખરેખર તે બહુ ભાગ્યશાળી મનુષ્ય છે; મને પણ જો એ વિષયો ભોગવવા માટે કદાપિ મળી જાય તો હું પણ તેની પેઠે વિલા કરૂં—આવા પ્રકારના નકામા નકામા વિચારો કરીને વારંવાર ખેદ પામે છે

---

૧ ભરવાડ, આહીર. ૨ બત્રીસ શેરના વજનનું માપ (શેર અહીં એંશી રૂપીઆભારનો સમજવો).

વળી આવા આવા વિચારોથી હેરાન થઇને તેવી વસ્તુઓ પ્રાપ્ત કરવાના ઇરાદાથી તે રાજસેવા ઉઠાવે છે, રાજાની ઉપાસના (ચાકરી) કરે છે, તેના તરફ વિનય બતાવે છે, તેને અનુકૂળ લાગે તેવું બોલે છે, તેની ખુશામત કરે છે, પોતે દિલગીરીમાં હોય તોપણ તે રાજાને હસતો દેખીને પોતે હસે છે, પોતાને ઘરે પુત્રજન્મ થવાથી ઘણો આનંદ થતો હોય ત્યારે પણ રાજાને રડતો જોઇને પોતે પણ રડવા લાગી જાય છે, રાજાના માનીતા લોકો પોતાના દુશ્મન હોય તોપણ તેનાં વખાણ કરે છે, રાજાના દુશ્મનો પોતાના ઇષ્ટ મિત્ર હોય તોપણ તેની નિંદા કરે છે, રાજાની આગળ રાત દિવસ દોડે છે, પોતે તદ્દન થાકી ગયો હોય તોપણ રાજાના પગ ચાંપવા બેસી જાય છે, રાજાનાં અપવિત્ર સ્થાનો[1] પોતાને હાથે ધુએ છે, રાજાની આજ્ઞાથી ગમે તેવું હલકું કામ ઉપાડી લે છે, યમનાં મ્હોં જેવા રણમેદાનમાં જાતે પ્રવેશ કરે છે, તરવાર ભાલાના ઘા સહન કરવા માટે પોતાની છાતી આગળ ધરે છે અને ધનની ઇચ્છાવાળો આ રાંક જીવ આવી રીતે દુઃખો ભોગવીને પોતાની ધનપ્રાપ્તિ વિગેરેની ઇચ્છા પૂરી થયા અગાઉજ મરણ પામે છે.

રાજસેવા અને ધનપ્રાપ્તિ.

વળી આ જીવ કોઇ વખત ખેતી કરવાનો આરંભ કરે છે તો ત્યાં રાત દિવસ હેરાન થાય છે, હળ જોડે છે, જંગલમાં રહીને પશુની જીંદગીનો અનુભવ કરે છે એટલે જાણે પોતેજ પશુ હોય તેવી જીંદગી વહન કરે છે, નાના પ્રકારના સંખ્યાબંધ જીવોનો ઘાત કરે છે, વરસાદ ન થાય તો સંતાપ પામે છે અને બીજનો નાશ થઇ જાય તો દુઃખી થાય છે.

ખેતી.

વળી આ પ્રાણી કોઇ વખત વેપાર કરે છે તો તેમાં સાચું ખોટું બોલે છે, વિશ્વાસુ અને ભોળા લોકોને ઠગે છે, પરદેશ જાય છે, ઠંડીની પીડા સહન કરે છે, ઉનાળાની ગરમી ખમે છે, ભૂખ વેઠે છે, તરસની બાબતમાં બેદરકાર રહે છે, અનેક પ્રકારના ત્રાસ અને પરિશ્રમથી થતાં સંકટો દુઃખો અનુભવે છે. ધનપ્રાપ્તિ માટે મોટા સમુદ્રોની સફર કરે છે, વહાણ ભાંગી જવાથી અથવા ડૂબી જવાથી પોતે નાશ પામવાની સ્થિતિ પર આવી જાય છે અને પોતે પાણીમાં રહેનારા જીવોનું ભક્ષ્ય

વ્યાપારાદિ.

1 લઘુશંકા, વડીશંકા કરવાનાં સ્થાનો—જાજરો.

થઇ પડે છે. ધનપ્રાપ્તિ માટે કોઇ વખત પર્વતની ગુફાઓમાં ભમે છે, રાક્ષસોની ગુફાઓમાં જાય છે, રસકૂપિકા[1] શોધે છે અને તે વખતે (કૂપિકાનું) રક્ષણ કરનાર રાક્ષસો તેનું પોતાનુંજ ભક્ષણ કરી જાય છે. વળી કોઇ વાર મોટું સાહસ ઉપાડે છે, રાત્રે શ્મશાનમાં જાય છે; મરેલા મનુષ્યોનાં શરીર (મડદાંઓ)ને ઉઠાવે છે, તેનું માંસ ચુંથે છે, ભયંકર વૈતાળોની સાધના કરે છે અને સાધનામાં કાંઇ ભૂલચૂક થતાં તે વૈતાળ તેના પરજ ગુસ્સે થઇ આખરે તેને મારી નાખે છે. કોઇ વાર ખન્યવાદનો[2] અભ્યાસ કરે છે, એનાવડે જે જમીનમાં ભંડારો દટાયલા હોય તેનાં લક્ષણો જુએ છે, તેમ કરતાં કોઇ જગોએ નિધાન મળી જાય તો તે દેખવાથી રાજી રાજી થઇ જાય છે, તેને ગ્રહણ કરવા માટે રાત્રિએ જીવોનું બળિદાન આપે છે અને એવી રીતે બળિદાન આપીને બહાર કાઢેલા નિધાનના વાસણમાં પાછા કોલસા જોઇને અત્યંત ખેદ પામે છે. વળી આ જીવ કોઇ વખત ધાતુવાદનો[3] અભ્યાસ કરે છે, ધાતુવાદ જાણનારની સેવા ઉઠાવે છે, તે જે કાંઇ કહે છે તે માન્ય રાખે છે, અનેક જાતની જડીબુટીઓ એકઠી કરે છે, ધાતુની માટી[4] લઇ આવે છે, પારાને નજીક લાવી રાખે છે, તે પારાને ગરમ કરવો, ઉડાવવો અને મારવો-એ સર્વ કામમાં રાત દિવસ અનેક પ્રકારે ખેદ પામે છે, અહોરાત્ર તેને ધમે છે, દરેક ક્ષણે તેને ફુંકે છે, પીળા કે સફેત રંગની જરા પણ સિદ્ધિ થવાના દેખાવથી જાણે હવે સોનું કે રૂપું જરૂર થઇ જશે એવા વિચારથી રાજી રાજી થઇ જાય છે, દરરોજ આશાના લાડવાઓ ખાધા કરે છે, પોતાની પાસે થોડા ઘણા પૈસા હોય છે તે પણ આવી સિદ્ધિઓ મેળવવાની ખાતર ખરાબ કરે છે અને આખરે કોઇ પણ પ્રકારની સિદ્ધિ ન થવાથી નિરાશ થઇને મરણ પામે છે.

ભોગ સારૂ ધનની શોધમાં.

વળી આ પ્રાણી પોતાને વિષયભોગ પ્રાપ્ત થઇ શકે તેટલા સારૂ પૈસા મેળવવાની ઇચ્છા કરે છે અને તેને માટે ચોરી કરે છે, જુગટું રમે છે, જક્ષણીની આરાધના કરે છે, મંત્રોનો જાપ કરે છે, જ્યોતિષની ગણતરી કરે છે, નિમિત્તનો યોગ મેળવે છે, લોકોનાં ચિત્તનું પોષ

---

૧ એના રસથી લોઢાનું સોનું થઇ જાય છે એવી માન્યતા હતી.

૨ Minerology. જમીનમાં કઇ જગ્યાએ કઇ ધાતુ નીકળશે તે. ભુસ્તરવિદ્યા (Geology) નો પણ આ ખન્યવાદમાં સમાવેશ થાય છે.

૩ Metallurgy. ધાતુનો ખાસ અભ્યાસ એ પણ ભુસ્તરવિદ્યાનો એક વિભાગ છે. ૪ જેમકે તેજમતુરી વિગેરે.

તરફ આકર્ષણ કરે છે, સર્વ પ્રકારની કળાઓનો અભ્યાસ કરે છે, વધારે શું કહેવું? ટુંકામાં કહીએ તો ધન મેળવવા ખાતર એવું કોઇ કામ નથી કે જે તે ન કરતો હોય, એવું કોઇ વચન નથી કે જે તે બોલતો ન હોય, એવો કોઇ વિચાર નથી કે જે તે પોતાના વિચારપથમાં લેતો ન હોય; આવી રીતે પૈસાની ખાતર અહીંથી તહીં અને તહીંથી અહીં ભમ્યા કરે છે, રખડ્યા કરે છે, દોડાદોડ કર્યા કરે છે, છતાં તેની પાસે પૂર્વ ભવનાં પુણ્યનો જથ્થો નહિ હોવાથી તેની ઇચ્છા જેટલું પ્રાપ્ત કરવાની હોય છે તેના પ્રમાણમાં તેને તલના ફોતરાનો ત્રીજો ભાગ પણ મળતો નથી, માત્ર આથી કરીને તેના ચિત્તમાં મોટો સંતાપ નિરંતર રહ્યા કરે છે અને તેને લઇને તેને કર્મનો મોટો ભારો મળે છે, જેના પરિણામે પોતાની દુર્ગતિમાં જવા યોગ્ય સ્થિતિમાં તે અત્યંત વધારો કરે છે.

વાસ્તવિક ભિખારીપણું

કદાચ પૂર્વે પુણ્યનો જરા ઉદય થઇ આવે અને તેથી કોઇ વખતે તેને હજાર કે લાખ રૂપીઆની પ્રાપ્તિ થઇ જાય અથવા પ્રેમ રાખનારી સ્ત્રી, સુંદર શરીર અથવા વિનયી કુટુંબ પરિવાર મળી જાય અથવા તો તેને ધાન્યનો સંગ્રહ અથવા થોડાં ગામોનું સ્વામીપણું અથવા નાનું સરખું રાજ્ય મળી જાય તો પછી જેમ પેલા દરિદ્રીને જરા તુચ્છ કુભોજન મળતું હતું તે વખત તેના લાભથી તે રાજી રાજી થઇ જતો હતો તેમ આ જીવને મદ (અહંકાર)રૂપ સન્નેપાત થઇ જાય છે અને ત્યારે તે એવો ભીજાશમાં આવી જાય છે કે ત્યારપછી કોઇ તેને કાંઇ વિનતિ કરે તો તે સાંભળતો નથી, બીજા લોકોની સામે નજર પણ કરતો નથી, પોતાની ડોક જરા પણ નમાવતો નથી, મીઠાં વચન બોલતો નથી, હેતુ કે કારણ વગર દમમાં ને દમમાં આંખો મીંચે છે અને વૃદ્ધ વડિલોનું પણ અપમાન કરે છે. આવી રીતે અતિ હલકા અભિપ્રાયથી જેનું મૂળ સ્વરૂપ નાશ પામી ગયું છે એવો આ જીવ જ્ઞાનરત્નથી પરિપૂર્ણ મહાત્મા ભગવાન્ મુનીશ્વરોને અતિ ક્ષુદ્ર દરિદ્રીથી પણ વધારે અધમ લાગે તેમાં નવાઇ શું છે? સાધારણ વસ્તુને મોટી માનનાર, અલ્પસ્થાયી વસ્તુની વાસ્તવિક કિંમત ...દ્ધિ સમજનાર, પરવસ્તુની પ્રાપ્તિના અહંકારમાં ઉદ્ધત થઇ અધર ...ાલનાર આ જીવને જ્ઞાની મહાત્માઓ યથા સ્વરૂપમાં દેખે છે અને ...ની મૂર્ખતા પર વિચાર કરી તેને આત્મદ્રવ્યને અંગે ભિખારી જેવો ...ણે છે તે તદ્દન યોગ્ય છે.

જ્યારે આ પ્રાણી પશુભાવ (તિર્યંચગતિમાં) અથવા નરકઅવસ્થા ધારણ કરતો હોય છે ત્યારે તેને ભિખારીની ઉપમા વધારે બંધબેસતી આવે છે અથવા વધારે સ્પષ્ટ રીતે કહીએ તો તે ભિખારીની ઉપમાથી પણ આગળ વધી જાય છે; કારણ કે અનેક પ્રકારની મોટી ઋદ્ધિસિદ્ધિવાળા, અતિ આકર્ષક તેજ કાંતિવાળા, અતિ ઉચ્ચ પ્રકારનાં પાંચે ઇંદ્રિયોનાં અનેક પ્રકારનાં સુખ ભોગવવાને યોગ્ય અને ઘણી લાંબી સ્થિતિ સુધી સુખી કહેવાતી અવસ્થામાં રહેનારા શક્ર વિગેરે દેવતાઓ પણ જો સમ્યગ્ દર્શનરૂપ રત્નથી રહિત હોય તો વિવેકરૂપ ધનવાળા [illegible] ની નજરે [illegible] ભિખારીની પ્રતિ

હોવાથી કોઇની મદદ વગર રાત્રિએ ઉઠીને તે એકલો જમીનમાં બહુ-ઉંડો ખાડો ખોદે છે, ધીમે પગલે ચાલીને જરા પણ ઘરમાં સંચાર થતો હોય તો તેને છુપાવી દઇને પોતાની પુંજી ખાડામાં ધીમે રહીને મૂકે છે, પછી ખાડો પૂરી દઇને જમીનના તળીઆને સરખું કરે છે, તેના ઉપર ધૂળ કચરો વિગેરે નાખે છે, તેને તદ્દન ન ઓળખી-પારખી શકાય તેવું બનાવે છે, વળી તે ધન દાટેલ સ્થાન કદાચ પોતે પણ ભૂલી જાય તો મોટો ગોટાળો થઇ જાય તેથી અનેક પ્રકારનાં ચિહ્નો (એંધાણો) રાખી મૂકે છે (જેને લઇને અમુક જગાએ પોતે ધન દાટ્યું છે એમ જાણી શકાય), કોઇ કામ સારૂ આવેલો બહારનો કોઇ માણુસ જે વિભાગમાં પોતે ધન દાટ્યું હોય તે તરફ અથવા ત્યાં જાય આવે છે તો તેને વારંવાર જોયા કરે છે, તે પ્રદેશ ઉપરજ પેલા માણુસની વારંવાર નજર પડતી જોઇને આ ભાઇશ્રીને શંકા થાય છે કે જરૂર પોતે ધન ઘરમાં કઇ જગાએ દાટ્યું છે તેની આ માણુસને ખબર પડી ગઇ છે, આવા વિચારથી ગભરાઇ જઇ રાત્રે ઉંઘી પણ શકતો નથી, ચિંતામાં તેની ઉંઘ ઉડી જાય છે, વળી ચિંતામાં ને ચિંતામાં રાત્રે ઉઠીને પાછો ખાડો ખોદે છે, તેમાં દાટેલ ધનને બહાર કાઢે છે અને બીજી જગો પર તેને મૂકે છે અને બીકમાં ચોતરફ પોતાની નજર નાખતો આમતેમ ભયમાં જોયા કરે છે, રખે કોઇ પોતાને જોઇ જશે એવા ભયથી પોતે હાલવા ચાલવાની ક્રિયા કરે છે તે પણ શરીર માત્રથીજ કરે છે, પણ તેનું મન તો પેલા ધનના બંધનમાં એવું બંધાઇ ગયું હોય છે કે તે સ્થાનથી એક ડગલું પણ આગળ પાછળ જતું નહીં આથી શાંત વર્તન પ્રયત્નોથી બતાવી તેનું મન કોઇ વખત

[illegible] [illegible]

એવીજ રીતે પોતાની સ્ત્રીના પ્રતિબંધમાં લેવાઇ ગયેલો આ જીવ અન્ય પુરૂષોની ઇર્ષ્યા કરીને બીજા માણસો પોતાની સ્ત્રી સામી નજર પણ ન કરી શકે એવ વિચારથી પોતાના ઘરની બહાર પણ નીકળતો નથી [illegible] પણ નથી, માત પિતાનો ત્યાગ કરે છે [illegible] એટલે વિચ્છિન્ન કરી નાખે છે, પોતાના ખાસ દો સ્તોને પણ ઘેર આવવાનું આમંત્રણ આપતો નથી. ધર્મનાં કાર્યોનો તિરસ્કાર કરે છે, લોકોમાં પોતાની નિંદા થાય છે તેની પણ દરકાર કરતો નથી, [illegible] વારંવાર જોઇને તેજ જાણે પરમાત્માની મૂર્તિ [illegible] જોગી હોય તેમ બીજું સર્વ કામ [illegible] અને તેનીજ ચિંતવના કરતો પોતે [illegible] કરે છે તે એને સારૂં લાગે છે, તે જે [illegible] છે અને તે પોતાના મનમાં [illegible] વિચાર કરે કે તેની બાબ ચેષ્ટા અને આકારથી [illegible] છે એમ માની લે છે. વળી મોહને લીધે [illegible] વિચાર કરે છે કે એ ખરેખર મારા ઉપર પ્યાર [illegible] છે, [illegible] છે, મારૂં હિત કરનારી છે, એના [illegible] કોઇ પણ સ્ત્રી આખી દુનિયામાં [illegible]

[illegible]

તૃપ્તિનો અભાવ.

"વળી તે બાપડાને એવા ભોજનથી કોઇ દિવસ તૃપ્તિ થતી નહોતી અને ઉલટી તેની ભૂખ વધારે વધારે જોર પકડતી જતી હતી" એ પ્રમાણે અગાઉ નિષ્પુણ્યકની વાર્તાના પ્રસંગમાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે આ જીવને પણ પૈસા, સ્ત્રી કે વિષયભોગો જે સર્વ ઠીંભરા કુભોજન જેવા છે તે પેટ ભરીને પૂરતાં મળે તોપણ તેની ઇચ્છાનો નાશ થતો નથી, પણ તે નિરંતર વધ્યા કરે છે; તે આવી રીતેઃ કોઇ વખત કદાચ સો રૂપીઆ મળી જાય છે તો હજાર મેળવવાની ઇચ્છા રાખે છે, કદાચ હજાર પણ મળી જાય છે તો લાખ રૂપીઆ મેળવવાની વાંછા તેને થાય છે, કદાચ લાખ રૂપીઆ મળી જાય તો કરોડ મેળવવાની તેને અભિલાષા થાય છે, કદાચ કરોડ રૂપીઆનો લાભ થઇ જાય તો રાજ્ય મેળવવાની ઇચ્છા કરે છે, કદાચ તે રાજા થઇ જાય તો ચક્રવર્તીપણાની શોધ કરે છે, કદાચ ચક્રવર્તીપણું મળી જાય તો દેવપણાની હોંશ રાખે છે, કદાચ દેવપણું મળી જાય તો શક્રપણું[2] શોધે છે અને કદાચ શક્રપણું મળી જાય તો તેનાથી ઉપર ઉપરના દેવલોકનું સ્વામીપણું મેળવવાના વિચારથી તેના મનમાં આકુળતા રહ્યા કરે છે—આવી રીતે તેના મનોરથો[3] કદિ પૂરા થતા નથી. જેવી રીતે સખ્ત ઉનાળામાં જેનું શરીર ચારે તરફથી લાગતી ગરમીથી બળી રહ્યું હોય, જેને સખત તૃષા લાગી હોય અને જેને મૂર્છા આવી ગઇ હોય એવો કોઇ મુસાફર સ્વપ્નામાં જળતરંગથી સુંદર લાગતાં મોટાં જળાશયોમાંથી ગમે તેટલું પાણી પીએ તેથી તેની તૃષા છીપતી નથી તેવીજ રીતે આ જીવને ધન વિષયોના સંબંધમાં સમજવું: અનાદિ સંસારમાં રખડપટ્ટી કરતાં આ પ્રાણીને અનેક વખત અતિ સુંદર પાંચે ઇંદ્રિયોના વિષયભોગો ભોગવવા માટે મળ્યા, મહા-

---

૧ જુઓ અગાઉનો નિષ્પુણ્યક કથાપ્રસંગ પૃ. ૧૭.

૨ પ્રથમ દેવલોકનો ઇન્દ્ર, દેવોનો સ્વામી.

૩ આવોજ વિચાર ઉપાધ્યાયજીએ લોભની સઝાયમાં બતાવ્યો છેઃ—

જી રે મારે નિર્ધનને શત ચાહ, શત ચાહે સહસ્ર લોઢીએ, જીરે જી.
જી રે મારે સહસ લહે લખ લોભ, લખ લાભે મને કોટીયેં, જીરે જી.
જી રે મારે કોટીશ્વર નૃપઋદ્ધિ, નૃપ ચાહે ચક્રીપણું, જીરે જી.
જી રે મારે ચક્રી ચાહે સુરભોગ, સુર ચાહે સુરપતિ સુખ ઘણું, જીરે જી.
જી રે મારે મૂળ લઘુ પણ લોભ, વાધે આવ પરે સહી, જીરે જી.
જી રે મારે ઉત્તરાધ્યયને અનંત, ઇચ્છા આકાશ સમી કહી. જીરે જી.

મૂલ્યવાન અનેક રત્નો તેને પ્રાપ્ત થયાં, કામદેવની સ્ત્રી રતિના વિભ્રમ પણ બાજુએ મૂકે એવી સુંદર યુવાન સ્ત્રીઓ સાથે તેણે અને પ્રકારના વિલાસો ભોગવ્યા અને સ્વર્ગ, મૃત્યુ તથા પાતાળલોક અતિ સુંદર ગણાતી ઊંચા પ્રકારની ક્રીડાઓ તેની સાથે તેણે કરી તે પણ ઘણી ભૂખ લાગવાથી જેમ પેટ પાતાળમાં પેસી ગયું હોય ન તેમ અગાઉના દિવસોમાં ભોગવેલ વિષય કે ખાધેલ ભોજનની વાત પ તે જાણતો નથી, યાદ પણ લાવતો નથી, માત્ર નવા નવા વિષયભો મેળવવાના મનોરથો કરી કરીને નકામો સુકાયા કરે છે.

રોગો દુઃખાવો.

વળી પૂર્વે કથાપ્રસંગમાં કહેવામાં આવ્યું છે કે આવી લોલ તાથી ખાધેલું અન્ન તેને પચતું નહોતું અને "પચત પચતાં વળી તેના શરીરમાં વાતવિસૂચિકા (પેટને દુઃખાવો) ઉત્પન્ન કરીને તેને બહુ પીડા ઉપજાવતું હતું" તે આ પ્રાણીના સંબંધમાં આવી રીતે યો જાણું: રાગ મોહમાં લેવાઈ ગયેલો આ પ્રાણી કુભોજન જેવાં ધન વિષય સ્ત્રી વિગેરેનો સ્વીકાર કરી લે છે અને તેમાં આનંદ માની તેનો ભોગ ઉપભોગ કરે છે ત્યારે તેને કર્મસંચયરૂપ અજીર્ણ થાય છે, પછી જ્યારે ઉદય દ્વારા એ કર્મોને પચવે છે-નિર્જરે છે ત્યારે નારકી, તિર્યંચ, મનુષ્ય કે દેવગતિમાં રખડવારૂપ તેને ચૂંક આવે છે, પેટનો દુઃખાવો થાય છે અને એવી રીતે સદરહુ કર્મો તેને અત્યંત પીડા આપે છે, તેને ત્રાસ પમાડે છે અને તેને હેરાન કરે છે. "વળી તે ભોજન સર્વ રોગોનું કારણ હતું અને પૂર્વે થયેલા સર્વ વ્યાધિઓને વધારનાર હતું" એમ જે અગાઉ કથાપ્રસંગમાં કહેવામાં આવ્યું છે તે પણ યોગ્ય છે, કારણ કે એ કુભોજનની સાથે સરખાવેલ ધન વિષય સ્ત્રી વિગેરેનો ભોગ ઉપભોગ આ જીવ રાગપૂર્વક કરે છે ત્યારે તેને [illegible] ના સમૂહવાળા અનેક નવા વ્યાધિઓ તેને થાય છે અને પૂર્વે હોય છે તેમાં વધારો પણ થાય છે. આથી સર્વ વ્યાધિઓને ઉત્પન્ન કરવાનું અને તેમાં વધારો થવાનું કારણ એ કુભોજન છે. નવીન ક[illegible] બંધાય છે અને પૂર્વ કર્મોના સ્થિતિ અને અનુભાગ (રસ) વધારે, [illegible] બને છે.

[illegible]

પ્રસંગ પણ આવ્યો નહિ અને તેનો સ્વાદ કેવો હશે તેનું તેને સ્વપ્ન પણ આવ્યું નહિ." આ પ્રમાણે નિષ્પુણ્યકના સંબંધમાં કથાપ્રસંગે કહેવામાં આવ્યું છે તે આ જીવના સંબંધમાં બરાબર મળતું આવે છે. આ જીવની ચિત્તવૃત્તિ મહામોહથી હણાયલી હોવાને લીધે અનેક દોષોનાં કારણભૂત ધન વિષય સ્ત્રી વિગેરે તેને હેરાન કરનાર-ત્રાસ આપનાર હોવા છતાં તેને પોતાની જાતને સુખ આપનાર અને આત્માને હિતકારી માને છે અને પોતે ઇચ્છે ત્યારે મેળવી શકે તેવું સ્વાધીન, અતિ ઉચ્ચ પ્રકારના વિશિષ્ટ આનંદને આપી શકે તેવું મહાકલ્યાણ કરનાર ચારિત્રરૂપ ક્ષીરભોજન છે તેને એ બાપડો કદિ અડકતો પણ નથી, કારણ કે મહામોહની નિદ્રામાં પડેલા તે જીવનાં વિવેકરૂપ નેત્રો મીંચાઇ ગયેલાં છે, તેથી જેમ ઉંઘમાં પડેલા માણસને સારાસારનો વિવેક રહેતો નથી તેમ પોતાને કઇ વસ્તુથી લાભ છે અને કોનાથી નુકશાન છે તેનો વિચાર આ પ્રાણીને મહામોહની નિદ્રામાં પડ્યા પછી રહેતો નથી. અનંત કાળ સુધી આ સંસારમાં પરિભ્રમણ કરતાં કદાચ કોઇ વખત તે સુંદર ભોજન આ પ્રાણીને મળેલ હોત તો સર્વ ક્લેશનો નાશ કરનાર મોક્ષ આ પ્રાણીને ક્યારનું મળી ગયું હોત, આટલો બધો કાળ એ સંસારમાં રખડતો હોતજ નહિ અને મારો જીવ તો સંસારમાં હજુ પણ રખડ્યા કરે છે, તેથી એમ નિશ્ચય થાય છે કે આ જીવે સમ્યચારિત્રરૂપ સુભોજન પૂર્વે કદિ પણ મેળવ્યું નથી.[1]

અનંત કાળથી રખડપટ્ટી.

"આવી રીતે ભિખ માગતાં અને ત્રાસ પામતાં અદૃષ્ટમૂલપર્યન્ત નગરનાં ઊંચાં નીચાં ઘરોમાં, જૂદા જૂદા [2]આકારવાળી શેરીઓમાં અને ગલીઓમાં જરા પણ થાક લીધા વગર બહુ વખત તે દરિદ્રી ભટક્યો." આ પ્રમાણે હકીકત નિષ્પુણ્યકના કથાપ્રસંગમાં કહેવામાં

૧ આવોજ વિચાર કલ્યાણમંદિરમાં બતાવ્યો છે તે સરખાવો.

अस्मिन्नपारभववारिनिधौ मुनीश ! मन्ये न मे श्रवणगोचरतां गतोऽसि;
आकर्णिते तु तव गोत्रपवित्रमंत्रे, किं वा विपद्विषधरी सविधं समेति.

"હે પ્રભુ! આ અપાર સંસારસમુદ્રમાં તારું નામ પણ મેં સાંભળ્યું નહિ હોય એમ મને લાગે છે, કેમકે કાનને પવિત્ર કરનાર તારા નામનો મંત્ર સાંભળ્યા પછી વિપત્તિરૂપ સર્પણી કદિ આવે ખરી?" આની પછીનાં બે કાવ્યો પણ લક્ષ્યમાં લેવા લાયક છે.

૨ જુદા જુદા આકારવાળી શેરીઓ તે ત્રિક, ચતુષ્ક, ચત્વર આદિ સમજવા. જ્યાં ત્રણ રસ્તા મળે તેને 'ત્રિક' કહેવામાં આવે છે, ચાર રસ્તા સાથે ભેગા થાય તેને 'ચતુષ્ક' કહેવામાં આવે છે. તેથી વધારે હોય તેને 'ચત્વર' કહેવામાં આવે છે.

આથી છે તે બરાબર મારા જીવના સંબંધમાં મળતી આવે છે; કારણ કે કાળની આદિ નહિ હોવાથી આ જીવે પણ અનંત પુદ્ગળપરાવર્તો

૧ 'પુદ્ગળપરાવર્ત' સંબંધી હકીકત ખાસ સમજવા યોગ્ય છે. અસંખ્ય વર્ષોએ એક 'પલ્યોપમ' થાય છે. એનો સામાન્ય ખ્યાલ આપવા માટે ચાર ગાઉ લાંબો, ચાર ગાઉ પહોળો અને ચાર ગાઉ ઉંડો ખાડો કલ્પી તેમાં યુગળીઆના બારીક વાળના નાનામાં નાના ટુકડાઓ ઠાંસી ઠાંસીને ભરવામાં આવે છે અને તેમાંથી સો સો વર્ષે એક એક વાળ કાઢતાં ખાડો પૂરો થાય ત્યારે 'બાદર અદ્ધા પલ્યોપમ' થાય છે. તે વાળના ટુકડાને અસંખ્યાત ગુણા કલ્પી પછી સો સો વર્ષે એકેક ટુકડો કાઢતાં તે ખાલી થાય ત્યારે 'સૂક્ષ્મ અધ્ધા પલ્યોપમ' થાય છે અને એવા દશ કોડાકોડિ પલ્યોપમે એક સૂક્ષ્મ અધ્ધા **સાગરોપમ** થાય છે. સાગરોપમનું વિશેષ સ્વરૂપ ચોથા કર્મગ્રંથમાં તેમજ લોકપ્રકાશ વિગેરેમાં બતાવવામાં આવ્યું છે તે જિજ્ઞાસુએ ત્યાંથી જાણવા યોગ્ય છે. આવા દશ કોટાકોટિ સાગરોપમનો એક **ઉત્સર્પિણી** અને દશ કોટાકોટિ સાગરોપમનો એક **અવસર્પિણી** કાળ થાય છે. (કોટાકોટિ અથવા કોડાકોડિ એટલે કરોડને કરોડે ગુણીએ તેટલા; મતલબ કે એકડા ઉપર સોળ મીંડાં ચઢાવવાથી કોડાકોડિ થાય છે) અવસર્પિણી કાળના છ આરા હોય છે. ભરત ને ઐરવત ક્ષેત્રમાં પહેલા ત્રણ આરામાં જુગલીઆ હોય છે, જેઓને કલ્પવૃક્ષ સર્વ વસ્તુઓ પૂરી પાડે છે અને ઉપાધિ વ્યવહાર કોઇ પ્રકારનો હોતો નથી. ચોથા આરામાં દુઃખ થવા માંડે છે, પણ ત્રીજા આરાના પ્રાંત ભાગથી ચોથા આરાના પ્રાંત ભાગ સુધીમાં ચોવીશ તીર્થંકર થાય છે. પાંચમા આરામાં પાછો મોક્ષમાર્ગ બંધ થાય છે, પણ ધર્મ રહે છે અને છઠ્ઠા આરામાં તો ધર્મનો પણ લોપ થાય છે. આવા અવસર્પિણી કાળનો પ્રથમ આરો ચાર કોડાકોડિ સાગરોપમનો, બીજો ત્રણ કોડાકોડિ સાગરોપમનો, ત્રીજો બે કોડાકોડિ સાગરોપમનો અને ચોથો બેંતાળીશ હજાર વર્ષે ન્યૂન એક કોડાકોડિ સાગરોપમ અને પાંચમો તથા છઠ્ઠો દરેક એકવીશ હજાર વર્ષના હોય છે. એવી રીતે દશ કોડાકોડિ સાગરોપમથી એક 'અવસર્પિણી કાળ' થાય છે. તેમાં ક્રમે દુઃખ વધતું જાય છે અને સ્થિતિ સર્વ બાબતમાં વધારે વધારે ખરાબ થતી જાય છે. ઉત્સર્પિણી કાળ પણ એવી રીતે દશ કોડાકોડિ સાગરોપમનો હોય છે, પણ એમાં સ્થિતિ સુધરતી જાય છે, તેથી એની સ્થિતિ અવસર્પિણીના પ્રત્યેક આરાથી ઉલટી સમજવી. એટલે ઉત્સર્પિણીના પ્રથમ આરાની સ્થિતિ એકવીશ હજાર વર્ષની, બીજાની એકવીશ હજાર વર્ષની, ત્રીજાની બેંતાળીશ હજાર વર્ષે ન્યૂન એક કોડાકોડિ સાગરોપમ, ચોથા, પાંચમા અને છઠ્ઠા આરાની સ્થિતિ અનુક્રમે બે, ત્રણ અને ચાર કોડાકોડિ સાગરોપમની હોય છે તેના ત્રીજા આરામાં ૨૩ અને ચોથા આરાના પ્રારંભમાં એમ ૨૪ તીર્થંકરો થાય છે. આ ઉત્સર્પિણી અને અવસર્પિણી બે મળીને એક કાળચક્ર કહેવાય છે. આવાં અનંત કાળચક્ર આ પ્રાણીએ કર્યા. પુદ્ગળપરાવર્ત કાળનું જ્ઞાન બહુ ઉપયોગી છે, કારણ કે આ પ્રાણીએ અનંત પુદ્ગળપરાવર્ત કર્યા છે. વળી એને છેલ્લા પુદ્ગળપરાવર્તમાં મોટો ફેરફાર થાય છે જે પ્રગતિને માટે અત્યંત વિચારેલ છે. (જૈન દ્રષ્ટિએ યોગ પૃ. ૧૭ પ્રથમ વિભાગ).

છે એટલે અનંત પુદ્ગળપરાવર્ત જેટલો કાળ સંસારમાં ાો છે. "એ મહા દુર્ભાગી જીવને (તે નગરમાં) એવી રીતે ડતાં રખડતાં કેટલો કાળ ગયો તેની પણ ખબર પડતી નથી" મ અગાઉ કહ્યું છે. આ જીવના સંબંધમાં પણ તે બરાબર સમજી ં એટલે કે આ સંસારમાં તે કેટલો કાળ રખડ્યો તેનો નિર્ણય શકે એમ નથી, કારણ કે કાળની આદિ-શરૂઆત ન હોવાથી તેની બાંધવી અશક્ય છે.

આવી રીતે મારો રાંક જીવ આ સંસારનગરમાં માઠા સંકલ્પ કલ્પ, સાચી ખોટી દલીલો અને ખોટાં દર્શનોરૂપ તોફાની છોકરાઓનાં ાંથી દરેક ક્ષણે તત્ત્વ સન્મુખ સુંદર શરીર પર ભ્રાંતિ (મિથ્યાત્વ)- પ માર ખાતો હોવાથી મહામોહ વિગેરે રોગવાળા શરીરવાળો ઇ ગયો છે અને તેવા ખરાબ વ્યાધિઓને તાબે થઇને નરક વિગેરે ાનોમાં અત્યંત પીડા સહન કરવાથી સ્વરૂપભ્રષ્ટ થઇ ગયો છે. તેની ાવી સ્થિતિ થઇ ગયેલી હોવાથી જે પ્રાણીઓનાં ચિત્ત વિવેકબુદ્ધિથી ર્મળ થયેલાં છે તેમને તેના પર અત્યંત દયા આવે છે. આટલું છતાં ાગળ પાછળનો વિચાર તે નહિ કરતો હોવાથી તત્ત્વબોધ (સ- ્યગ્જ્ઞાન)થી બહુ છેટો રહે છે. આ સર્વ બાબતોને લીધે તે લગભગ વે જીવોથી અધમ-હલકો છે અને એવી સ્થિતિનો તે થઇ ગયેલો ાવાથી ધન વિષય સ્ત્રી પુત્રાદિ પ્રાપ્ત કરવાની ખોટી આશારૂપ તુચ્છ ાેજનનો લોલુપી થઇ કદાચ જરા તુચ્છ ભોજન મળે તો તેથી ાંઇક સંતોષ (તૃપ્તિ) પામી જાય છે, પણ તે તૃપ્તિ ટકતી નથી તેથી દિ પણ તે ધરાતો નથી અને તેવી સર્વ બાહ્ય વસ્તુઓ કેમ વધારે

પ્રમાણે હોવાથી પુદ્ગળપરાવર્તની હકીકત ખાસ સમજવા યોગ્ય છે. એના પર વિસ્તારથી નોટ અધ્યાત્મકલ્પદ્રુમના દશમા પ્રસ્તાવની સાતમી ગાથામાં આપ- વામાં આવી છે તે વાંચવાથી જણાશે કે તેના બાદર અને સૂક્ષ્મ એવા બે વિભાગ પાડી તે પર દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની યોજના કરી દરેક પર સૂક્ષ્મ અને બાદર પરાવર્તની ગોઠવણ બતાવવામાં આવી છે, બધી રીતે વિચારતાં બહુ લાંબા ાળ દરેક પુદ્ગળાવર્ત લે છે એમ જણાઇ આવે છે અને એ કાળ એટલો લાંબા છે કે તેનો વિચાર કરતાં આ દુઃખનો છેડો કોઇ પણ રીતે લાવવો જોઇએ એવ ્ ર્દશ વિચાર આવ્યા વગર રહેતો નથી. પુદ્ગળપરાવર્ત સંબંધી હકીકત બરાબર રેખ રીતે સમજવાની ખાસ જરૂર છે. એ સંબંધી વધારે હકીકત વિસ્તારપૂર્વક ્રવચનસારોદ્ધાર ગ્રંથમાં બતાવવામાં આવી છે. (જુઓ પ્રકરણ રત્નાકર ત્રીજો ાગ પૃ. ૪૧૧. સદેહરી વાંચો શકાય તે સારૂ અધ્યાત્મકલ્પદ્રુમની મારી નોટ પરિશિષ્ટમાં ઉતારી લીધી છે. જુઓ પરિશિષ્ટ ક.)

મેળવવી, તેને કેવી રીતે વધારવી, તેનું કેવી રીતે સંરક્ષણ કરવું તે બાબતનો નિરંતર વિચાર કર્યા કરે છે, જેને પરિણામે તે મહા આકરાં આઠ કર્મોરૂપ નહિ ઇચ્છવા યોગ્ય ઘણે કાળે પણ ખપે નહીં તેવું અને ન પચી શકે તેવું ભાતું બાંધી લે છે અને તેવું અપથ્ય ભોજન ખાવાથી તેના રાગ વિગેરે વ્યાધિઓ બહુ વધી જાય છે; એમ એ સર્વ અનુભવે છે છતાં પણ તે સર્વ વ્યાધિનું કારણ શું છે તેની તપાસ કરવામાં વિપરીત બુદ્ધિવાળો હોવાથી ઉલટો અપથ્ય વધારે ખાય છે અને સચ્ચારિત્રરૂપ પરમાન્ન-અતિ સુંદર, પચે તેવું અને દુઃખ માત્રનો નાશ કરે તેવું સુંદર ભોજન ચાખતો નથી અને તેવી રીતે અનંત પુદ્ગળપરાવર્ત સુધી અરઘટ્ટઘટ્ટી યંત્રના ન્યાયથી[1] સર્વ ઉત્પત્તિ સ્થાનોમાં રખડ્યા કરે છે, ભટક્યા કરે છે, ફર્યા કરે છે.[2] હવે આગળ તે દરિદ્રીના સંબંધમાં શું બન્યું તે અત્ર કહેવામાં આવે છે.

સુસ્થિત મહારાજા.
સ્વકર્મવિવર દ્વારપાળ.
ધર્મબોધકર મંત્રી.

તે નગરમાં સ્વભાવથી સર્વ પ્રાણીઓ તરફ અત્યંત પ્રેમાળ વૃત્તિ

---

૧ રેંટ.

૨ આ કથાનો વિષય ત્રણ કાળનો છે, તેથી ક્રિયાપદના કાળના જૂદા જૂદા પ્રયોગો આ કથામાં કહેવામાં આવ્યા છે તેનો આશય એક સરખો છે એમ સમજી લેવું. વ્યાકરણવેત્તાઓ કહે છે કે विवक्षानुसारेण कारकप्रवृत्तिः કહેનારની ઇચ્છા પ્રમાણે કારકની પ્રવૃત્તિ થાય છે અને કારક પ્રમાણે કાળની પ્રવૃત્તિ થાય છે. તેઓ સ્પષ્ટ રીતે કહે છે કે કારકની પેઠે કાળ પણ એક રૂપવાળી વસ્તુમાં તે વસ્તુની સ્થિતિના ફેરફારથી જૂદા જૂદા પ્રકારના કહેવામાં આવે છે એમ અમે જોયેલ છે અને તે અમને અભીષ્ટ છે. એનો દાખલો બતાવતાં તેઓ કહે છે કે પાટલીપુરથી શરૂ થતા આ માર્ગમાં એક કુવો હતો, હોતો હવો, થયો, થશે, હશે વિગેરે કાળનાં રૂપો એકજ કુવા માટે છે, તોપણ તે માટે જૂદી જૂદી વિવક્ષા થઇ શકે છે અને તે સર્વ ઉચિત છે. ભાષાન્તરમાં આ મુશ્કેલી વારંવાર જણાઇ છે. ભૂત અને વર્તમાન કાળનો પ્રયોગ કરવામાં ઘણી વખત અગવડ લાગે છે અને તેનો ખુલાસો ઉપર પ્રમાણે છે. ત્રણ કાળ (ભૂત, ભવિષ્ય અને વર્તમાન)ને લગતી આ વાર્તા હોવાથી જ્યાં અનુકૂળ પડે ત્યાં કથાને અનુસરીને કાળનો પ્રયોગ કર્યો છે. આ બાબતમાં અત્ર કરેલો ખુલાસો સુજ્ઞ વાંચનાર વિચારી જશે તો હકીકતનો મુદ્દો અને કથાશરીર કાળપ્રયોગનું કારણ બરાબર લક્ષ્યમાં આવશે. મો. ક.

વાળા સુવિખ્યાત સુસ્થિત[1] નામના મહારાજા છે એમ પૂર્વે કહ્યું છે તે આ સંસારનગરમાં પરમાત્મા જિનેશ્વર ભગવાન્ સમજવા. તેમના સર્વ કલેશો નાશ પામી ગયેલા હોવાથી, અનંત જ્ઞાન દર્શન વીર્ય યુક્ત હોવાથી તેમજ ઉપમા રહિત સ્વાધીન અતિશય અનંત આનંદસ્વરૂપ હોવાથી વાસ્તવિક રીતે તેજ સુસ્થિત નામને યોગ્ય છે. (સુસ્થિત એટલે સારી રીતે સ્થિત થયેલા, રહેલા). અવિદ્યા (અજ્ઞાન) આદિ કલેશમાં રચી પચી પડેલા બીજા કોઇ પણ સુસ્થિત નામને યોગ્ય નથી, કારણ કે મિથ્યાત્વને લીધે એવા બીજાઓ ખરાબ રીતે (દુઃ-સ્થિત) રહેલા છે અને અજ્ઞાન અથવા અલ્પ જ્ઞાન સાથે સુસ્થિતપણું સંપૂર્ણ અંશે કદિ પ્રાપ્ત થતું નથી. એ પ્રભુ સર્વ પ્રાણીઓનું અતિ સૂક્ષ્મપણે રક્ષણ કરવાનો ઉપદેશ આપનારા હોવાથી (અહિંસા પરમો ધર્મનું સ્વરૂપ વિસ્તારથી બતાવનારા હોવાથી) અને મોક્ષ પ્રાપ્ત કરાવી આપે એવો કુશળ સિદ્ધાન્તમાર્ગ [2]આક્ષેપ દ્વારા કહેનારા હોવાથી સ્વાભાવિક રીતેજ તે અત્યંત પ્રેમાળ હૃદયવાળા છે. નર અને દેવોના નાયક ચક્રવર્તી અને ઇંદ્રથી પણ તેઓ વધારે પ્રખ્યાત હોવાથી તેમને સુવિખ્યાત કહેવામાં આવ્યા છે, કારણ કે દેવો અને મનુષ્યો પ્રશસ્ત મન વચન કાયાના યોગમાં પ્રવૃત્ત થઇ નિરંતર તેમની સ્તુતિ કરે છે. આ પ્રમાણે હોવાથી સર્વજ્ઞ જિનેંદ્ર ભગવાન્ 'મહારાજ' શબ્દ ધારણ કરવાને યોગ્ય છે.

દ્વારપાળ અને મંદિરપ્રવેશ.

"પેલો નિષ્પુણ્યક ભિખારી રખડતો રખડતો તે સુસ્થિત મહારાજાના મંદિર પાસે જેમ તેમ કરીને આવી પહોંચ્યો. હવે તે મંદિરના દરવાજા પર સ્વકર્મવિવર નામનો દ્વારપાળ છે. તે દ્વારપાળે અત્યંત કરૂણા ઉપજાવે તેવા આ ભિખારીને જોઇને તેના પર અત્યંત કૃપા કરી અને તેને અપૂર્વ રાજમંદિરમાં દાખલ કર્યો." આ પ્રમાણે વાત અગાઉ કથાપ્રસંગમાં ત્યારપછી કહેવામાં આવી છે તેની આ પ્રમાણે યોજના કરવીઃ કોઇ વખત આ જીવ [3]ઘર્ષણ-

૧ અહીં મૂળ કથાશરીર પૃષ્ઠ ૧૮ જુઓ. એ પારિભાષિક સાથે આ ઉપનયને સંબંધ છે. ૨ આક્ષેપથી ઉપદેશ આપવાની પદ્ધતિ ગ્રંથકર્તાએ આ ગ્રંથમાં પ્રથમથીજ સ્વીકારી છે. સંકીર્ણ કથાને અંગે શરૂઆતમાં આ વાત કરી છે. જુઓ પૃષ્ઠ. ૭

૩ નદીમાં અથવા સમુદ્રમાં પથ્થર એક બીજા સાથે અથડાઇ પછડાઇને તદન ગોળ બની જાય છે. એવા પથ્થરને જોયો હોય તો એમ લાગે કે તેને ગોળ બનાવતાં ઘણી મહેનત પડી હશે, પણ તે અથડાઇ કુટાઇને એવી સ્થિતિએ પહોંચેલ હોય છે. એને 'ઘર્ષણઘૂર્ણન' ન્યાય કહેવામાં આવે છે. આ પ્રાણી પણ સંસારમાં રખડતો અપડાતો કુટાતો આગળ જણાવેલી સ્થિતિ પ્રાપ્ત કરે છે.

ઘૂર્ણન ન્યાયથી ¹યથાપ્રવૃત્તિ કરણ કરે છે ત્યારે આયુષ્ય કર્મ

૧ **યથાપ્રવૃત્તિ કરણ**: અનાદિ સંસારમાં પરિભ્રમણ કરતાં આ પ્રાણી મિથ્યાત્વમાં-અજ્ઞાનદશામાં અનંત કાળ સુધી રહ્યા કરે છે. તે વખતે તેનું સ્વરૂ જોયું હોય તો રાગ દ્વેષમાં આસક્ત, ધર્મથી વિપરીત વર્તન કરનાર, અનેક પ્રકારની શારીરિક અને માનસિક ઉપાધિઓ સહન કરનાર અને ચારે ગતિમાં રખડનાર હોય છે. કોઇ વખત તે નારક તિર્યંચગતિમાં એકાંત દુઃખો ખમે છે, કોઇ વાર દેવગતિમાં સુખો ભોગવ્યાં એમ માને છે, પણ તે એક સ્થાનકે ઠરીને બેસતો નથી અને તેનું સ્વરૂપ જોયું વિચાર્યું કે જાણ્યું હોય તો તે બહુ ખેદ ઉત્પન્ન કરે તેવું હોય છે. આ ગ્રંથમાં ઉપર આપણે તે સ્વરૂપ કાંઇક જોઇ ગયા છીએ. જ્યાંસુધી તેને સમ્યક્ત્વ પ્રાપ્ત થાય નહિ, શુદ્ધ દેવ, શુદ્ધ ગુરૂ અને શુદ્ધ ધર્મની ઓળખાણ પડે નહિ, ઓળખાણ પડ્યા પછી અંતઃકરણપૂર્વક તે દેવ ગુરૂ ધર્મને શુદ્ધ સ્વરૂપે આદરે નહિ ત્યાંસુધી તેને કદાચ કોઇ વખત સહજ સુખ જેવું લાગે છે તોપણ અંતે ચક્રભ્રમણમાં તો તેને પડવુંજ પડે છે, તેથી તેવી સ્થિતિનો છેડો લાવવા માટે તેણે સમ્યક્ત્વ પ્રાપ્ત કરવુંજ જોઇએ. આ સમ્યક્ત્વ પ્રાપ્ત કરવા માટે તેણે ઉત્ક્રાન્તિમાંથી પસાર થવું પડે છે. તે ઉત્ક્રાન્તિ કેવા પ્રકારની છે તે અત્ર બતાવ્યું છે. સમ્યક્ત્વ આ જીવનાં સર્વ દુઃખોનો છેડો લાવનાર હોવાથી પ્રત્યેક પ્રાણી જે પોતાની આ રખડપટ્ટીની સ્થિતિનો છેડો લાવવા ઇચ્છતા હોય તેની પ્રબળ વાંછા સમ્યક્ત્વ પ્રાપ્ત કરવાની રહેવીજ જોઇએ. એ સમ્યક્ત્વ પ્રાપ્ત થયા પહેલાં કર્મની નિવિડ ગાંઠનો ભેદ-છેદ થાય છે તેને ગ્રંથિભેદ કહે છે. એ ગ્રંથિભેદ કરવાની સ્થિતિનો વિચાર જરા વિસ્તારથી કરવા યોગ્ય છે તે આપણે આ પ્રસંગે કરી જઇએ.

અંતિમ-છેલ્લા પુદ્‌ગળપરાવર્તમાં મિથ્યાત્વની મંદતા થાય તે વખતે આ પ્રાણી **ઓઘ** દૃષ્ટિ મૂકી **યોગ** દૃષ્ટિમાં પ્રવેશ કરે છે. એ સંબંધમાં વિશેષ વિચ 'જૈન દૃષ્ટિએ યોગ' પ્રથમ ભાગના પૃ. ૧૬ થી કરવામાં આવ્યો છે તે પર અ ધ્યાન ખેંચવામાં આવે છે. જૈનનો ઉત્ક્રાન્તિવાદ સમજવા માટે આ સર્વ બાબ ધ્યાનમાં રાખવાની જરૂર છે. સાધારણ લોકોની દૃષ્ટિ તજી યોગ દૃષ્ટિમ આ પ્રાણી પ્રવેશ કરે છે ત્યારપછી તે આગળ વધતો જાય છે, આત્મવિ ચારણા, નિયંત્રણા અને યોગ્ય માર્ગ આદરી નીતિને પંથે વિચરી પોતાની યોગ ફરજો અધિકાર, ઇચ્છા અને અનુકૂળતા પ્રમાણે બજાવી અનેક ગુણો પ્રા કરે છે, વ્યવહારકુશળ અને આત્માર્થી થાય છે. સમકિત પ્રાપ્ત કરવા પહેલ જીવ ત્રણ કરણ કરે છે. આ ત્રણ કરણ તે સમ્યક્ત્વપ્રાપ્તિનાં કારણો છે. વૈરાગ્ય વાસનાથી ઉદાસીન વૃત્તિરૂપ પ્રથમ કરણને **યથાપ્રવૃત્તિ કરણ** નામ આપ વામાં આવ્યું છે. અહીં પ્રાણીની પ્રવૃત્તિ પૂર્વે હતી તેવીજ રહે છે, તેની અનાદિની ચાલ હોય છે તેમાં ફેરફાર થતો નથી, પરંતુ તેની પ્રગતિ વિશેષ થયેલી હોવાથી અને સાતે કર્મોની સ્થિતિ ઘટેલી હોવાથી મિથ્યાત્વનું જોર મંદ થતું જાય છે. પ્રાણી કર્મને ફેંકી દેવા માટે-દૂર કરવા માટે સકામ અને અકામ નિર્જરા કરે છે. ઇચ્છાપૂર્વક શુભ આત્મસંયમવડે થાય તેને 'સકામ નિર્જરા' કહેવામાં આવે છે- જેમકે તપસ્યા, વાંચન, ધ્યાન, વિચારપૂર્વક, ઇરાદાપૂર્વક કરવાં તે. ઇચ્છા વગર

સિવાય બીજાં સાતે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ઓછી કરી સર્વે

પણ ઘણી વાર નિર્જરા થઇ જાય છે: જેમકે બે ત્રણ ચાર ઇંદ્રિયવાળા જીવો મન વગર દુઃખો સહન કરે છે તેઓ અકામ નિર્જરા કરે છે. પશુઓ અને મનુષ્યો પણ પરાધીનપણે ઘણું સહન કરે છે. એવી રીતે પોતાનાં છેદન ભેદનથી પણ ઘણી નિર્જરા ઇચ્છા વગર થઇ આવે છે; સ્વાભાવિક રીતે કષાયની મંદતા પણ કેટલીક વાર થઇ જાય છે. આવી સ્થિતિ થતાં પ્રાણી ઘણાં કર્મોને ખપાવી દે છે અને નવીન બંધ થોડો કરે છે. એવી સ્થિતિ પ્રાપ્ત થતાં સુધીમાં આ પ્રાણીને કેટલાક પ્રસંગો એવા સારા પ્રાપ્ત થઇ જાય છે કે તેને નિર્જરા કરવાનું સકામવૃત્તિએ પણ બહુ વખત બની આવે છે. આવી રીતે યથાપ્રવૃત્તિ કરણ કરે તે વખતે આયુષ્ય કર્મ સિવાય સાતે કર્મની વધારેમાં વધારે સ્થિતિ એક કોટાકોટિ સાગરોપમથી કાંઇક ઓછી રહે છે. એની હકીકત એમ છે કે જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય અને અંતરાય એ ચારે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ ત્રીશ કોટાકોટિ સાગરોપમની છે. સાગરોપમનો સ્થિતિકાળ આપણે અગાઉ જોઇ ગયા છીએ (જુઓ પૃ. ૮૨ ની નોટનં. ૧) એવા એકડા ઉપર પંદર મીંડાં ચડે ત્યારે કોટાકોટિ થતાં સાગરોપમો ૩૦ વખત થાય ત્યારે જેટલો કાળ જાય તેટલી ઉત્કૃષ્ટ સ્થિતિ ઉપરનાં ચાર કર્મોની હોય છે એટલે એક વખત બાંધેલા જ્ઞાનાવરણીય કર્મનો વધારેમાં વધારે ઉદયકાળ ઉપર જણાવ્યું તેટલો થાય છે એટલે તેટલા વખત સુધી તે પોતાનું પરિણામ–ફળ બતાવી શકે છે. એવા એવા બીજા અનંત ભવમાં બાંધેલાં જ્ઞાનાવરણીય કર્મો આત્મા સાથે લાગેલાં હોય છે, પણ તે પ્રત્યેકની સ્થિતિ વધારેમાં વધારે ઉપર કહી તેટલીજ હોય છે–એવી રીતે સર્વ કર્મ માટે સમજી લેવું. એવી રીતે નામ અને ગોત્ર કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ વીશ કોટાકોટિ સાગરોપમની હોઇ શકે છે અને મોહનીય કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોટાકોટિ સાગરોપમની હોઇ શકે છે. આવી રીતે સાતે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિ વિચારી. આઠમા આયુષ્ય કર્મની સ્થિતિ ભવ આશ્રયી હોય છે તેથી અત્ર તે સંબંધી કાંઇ વિચાર કરવાનો નથી. આ રીતે સાત કર્મની જે ઉત્કૃષ્ટ સ્થિતિ બતાવી છે તે પ્રત્યેક જાતનાં ગમે તેટલાં કર્મો હોય તે દરેકની કાંઇક ઓછી એક કોટાકોટિ સાગરોપમની સ્થિતિ આ પ્રાણી કરી નાખે છે (કાંઇક ઓછી એટલે પલ્યોપમના અસંખ્યાતમા ભાગે ન્યૂન સમજવી). આવી રીતે સર્વ કર્મની સ્થિતિનો યોગ થઇ આવે અથવા પ્રાણી પોતે પુરૂષાર્થ વાપરી કરે તેને યથાપ્રવૃત્તિ કરણ કહેવામાં આવે છે. પ્રમાણમાં અહીં કર્મસ્થિતિ ઘણી ઓછી છે, છતાં આવું કરણ તો ભવસ્થિતિમાં પ્રાણી અનેક વાર કરે છે, કારણ કે કોઇ વાર તે પુરૂષાર્થ વાપરી–વીર્યોલ્લાસ દાખવી એ સ્થિતિ પ્રાપ્ત કરે છે અને કોઇ વાર તેમ સંયોગબળે થઇ આવે છે. આવી સ્થિતિ થાય છે ત્યારે તે ગ્રંથિ (મિથ્યાત્વની ગાંઠ)નો ભેદ કરવાની નજીકની સ્થિતિમાં આવે છે, પરંતુ શુભ પરિણામ વિશેષ આગળ ન વધવાથી કાંઇ પ્રગતિ કર્યા સિવાય પાછો ચાલ્યો જાય છે અને વધારે સ્થિતિવાળાં કર્મો બાંધે છે. આવી રીતે ઘણી વાર પ્રાણી ગ્રંથિની નજીક આવી જાય છે અને અનંતી વખત આવીને પાછો ચાલ્યો જાય છે. આત્મપ્રગતિનું સ્વરૂપ સમજનાર અહીં સમજી શકશે કે આદરેલ પ્રગતિને વળગી રહેવામાં ચીવટ રાખવામાં ન આવે તો

ે અને તે સર્વ કર્મોની ઉપરની સ્થિતિનો ક્ષય કરે છે. એ એક કોડાકોડિ સાગરોપમની સાતે કર્મોની સ્થિતિમાંથી પણ થોડી[1] સ્થિતિનો ક્ષય કરે છે ત્યારે આચારાંગથી માંડીને દષ્ટિવાદ પર્યંત [2]બાર અંગ-આગમરૂપ અથવા તેના આધારભૂત

---

૧ અહીં થોડી સ્થિતિનો ક્ષય કરે છે તે પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સમજવી.

૨ બાર અંગ. પીસ્તાળીશ આગમના પ્રથમ વિભાગમાં અગ્યાર અંગ આવે છે તે સંબંધી કાંઇક હકીકત અહીં બતાવીએ. અત્યારે બારમું અંગ દષ્ટિવાદ વિચ્છેદ ગયું છે, બાકીનાં ૧૧ અંગો ઓછે વધતે અંશે ઉપલબ્ધ છે.

(૧) આચારાંગ સૂત્ર. આમાં ૨૫ અધ્યયન છે, મૂળ શ્લોક ૨૫૦૦ છે. એની ઉપર શીલાંગાચાર્યકૃત ૧૨૦૦૦ ટીકા છે. પૂર્વાચાર્યકૃત ચૂર્ણિ અને ભદ્રબાહુસ્વામીકૃત નિર્યુક્તિ પણ તેના ઉપર છે. એનાં ભાષ્ય તથા લઘુવૃત્તિ મળી શકતાં નથી. સર્વ મળીને એ ગ્રંથના કુલ ૨૩૨૫૦ શ્લોક હાલ ઉપલબ્ધ છે. મૂળ ગ્રંથનું અંગ્રેજી ભાષાંતર પ્રો. જેકોબીએ કર્યું છે.

(૨) સુયગડાંગ સૂત્ર. એનાં ૨૩ અધ્યયન (પ્રકરણ) છે. પાખંડ મતોનો એમાં વિચાર છે અને દલીલો સુદ્ધાસર બતાવી છે તેમજ આચાર વિચારની હકીકત તેમાં બતાવી છે. મૂળ શ્લોક ૨૧૦૦, શીલાંગાચાર્યની ટીકા ૧૨૮૫૦ અને ચૂર્ણિ ૧૦૦૦૦ છે. એના પર ભદ્રબાહુસ્વામીની નિર્યુક્તિ છે. સર્વ મળીને એ ગ્રંથના ૨૫૨૦૦ શ્લોકો છે. આ ગ્રંથ દ્રવ્યાનુયોગનો છે. આ ગ્રંથનું અંગ્રેજી ભાષાંતર પ્રો. જેકોબીએ કર્યું છે.

(૩) ઠાણાંગ સૂત્ર. એનાં દશ સ્થાનો (અધ્યયનો) છે. મૂળ શ્લોક ૩૭૭૦ છે. એના પર શ્રીઅભયદેવ સૂરિની ટીકા છે જેનું પ્રમાણ ૧૫૨૫૦ શ્લોક છે. સરવાળે એ ગ્રંથના ૧૯૦૨૦ શ્લોક છે.

(૪) સમવાયાંગ સૂત્ર. મૂળ શ્લોક ૧૬૬૭ છે. એના પર અભયદેવ સૂરિની ૩૭૭૬ શ્લોક પ્રમાણ ટીકા છે. સરવાળે એના ૫૮૪૩ શ્લોક ઉપલબ્ધ છે.

(૫) ભગવતી સૂત્ર અથવા વિવાહપન્નતિ. એનાં ૪૧ શતક (અધ્યયનો) છે. એમાં ગૌતમસ્વામીએ શ્રી મહાવીર પરમાત્માને છત્રીશ હજાર સવાલો પુછ્યા છે તેના ઉત્તર છે. મૂળ ગ્રંથ ૧૫૭૫૨ શ્લોક પ્રમાણ, તેના પર અભયદેવ સૂરિની ટીકા ૧૮૬૧૬ શ્લોકની છે. એના પર ૪૦૦૦ શ્લોકની ચૂર્ણિ છે. એકંદરે એ ગ્રંથ ૩૮૩૬૮ શ્લોક પ્રમાણ હાલ ઉપલબ્ધ છે ૨૫૦૦ શ્લોક પ્રમાણ ટીપ્પણ પણ પ્રાચીન છે.

(૬) જ્ઞાતાધર્મકથા. અગાઉ આ ગ્રંથના ધર્મકથાભાગમાં નવીન સાડાત્રણ ક્રોડ કથાઓ હતી. આ ગ્રંથ કથાનુયોગનો છે. હાલ તેમાં ૧૯ જ્ઞાતો અને ૧૦ કથાઓ બાકી રહી છે, જેનું પ્રમાણ ૫૫૦૦ શ્લોકનું છે. અભયદેવ સૂરિએ તે પર ૩૮૦૦ શ્લોક પ્રમાણ ટીકા લખી છે.

(૭) ઉપાસકદશાંગ. આમાં શ્રાવકના મુખ્ય દશ શ્રાવકોનો અધિકાર છે

[1]ચાર પ્રકારના સંઘલક્ષણવાળું સદરહુ સુસ્થિત મહારાજાનું મંદિર પ્રા કરે છે. ત્યાં સર્વજ્ઞશાસનરૂપ મંદિરમાં પ્રવેશ કરાવવાને તત્પર પોતાના કર્મનો વિવર (વિચ્છેદ-વિનાશ) તેને મુખ્ય સાધનભૂત થાય છે અને તેથી સર્વજ્ઞમંદિરના દ્વારપાળ તરીકે કાર્ય કરનાર 'સ્વકર્મવિવર' એવું પોતાનું નામ બરાબર સાર્થક કરે તેવો તે દરવાન છે. ત્યાં રાગ, દ્વેષ મોહ વિગેરે પણ દ્વારપાળ તરીકે કામ કરે છે, પરંતુ ખરેખરી રીતે તેઓ આ પ્રાણીને રાજમંદિરમાં દાખલ કરનારા નથી, પણ તેના માર્ગમાં મુશ્કેલી નાખનારા છે અને તેને અટકાવનારા છે. સર્વજ્ઞ મહારાજના મંદિરના દરવાજા નજીક આ જીવ અનંતી વાર આવી ગયો અને આવ્યા કરે છે, પણ તે રાગ દ્વેષ મોહાદિ દ્વારપાળો તેને વારંવાર રોકી પાડે છે, તેને અંદર દાખલ થવા દેતા નથી. કદાચ કોઇ વખત એ રાગ દ્વેષાદિ દ્વારપાળો આ પ્રાણીને સર્વજ્ઞમંદિરમાં દાખલ કરે છે, પરંતુ તેઓવડે એ મંદિરમાં દાખલ થયેલો પ્રાણી વાસ્તવિક રીતે દાખલ થયોજ નથી એમ જણાઇ આવે છે, કારણ કે જેઓનું ચિત્ત રાગ દ્વેષથી આકુળ વ્યાકુળ રહેલું હોય તેઓ કદાપિ બહારથી યતિ કે શ્રાવકનાં

એમાં મૂળ શ્લોક ૮૧૨ અને તેના પર અભયદેવ સૂરિની ટીકા ૯૦૦ શ્લોક લગ છે. આ ગ્રંથનું અંગ્રેજી ભાષાંતર પ્રો. બુલરે કર્યું છે.

(૮) **અંતગડદશાંગ.** એના ૩ વર્ગ અને બધાં મળી ૯૦ અધ્યયન છે. શ્લોક ૯૦૦ અને તેના ઉપર શ્રી અભયદેવ સૂરિની ટીકા ૩૦૦ છે.

(૯) **અનુત્તરોવવાઇ સૂત્ર.** એનાં તેત્રીશ અધ્યયન છે. મૂળ શ્લોક ૨૯૨ એના ઉપર શ્રી અભયદેવ સૂરિ મહારાજની ટીકા ૧૦૦ શ્લોક પ્રમાણ છે.

(૧૦) **પ્રશ્નવ્યાકરણ.** એનાં દશ અધ્યયન છે. મૂળ સૂત્ર ૧૨૫૦ શ્લોક પ્રમ છે. અભયદેવ સૂરિ મહારાજે તેના ઉપર ૪૬૦૦ શ્લોક પ્રમાણ ટીકા લખી છે.

(૧૧) **વિપાકસૂત્ર.** તેના બે વિભાગ છે. સુખવિપાક ને દુઃખવિપાક. દરેકનાં દશ હોવાથી આ સૂત્રનાં વીશ અધ્યયન છે. એના મૂળ શ્લોક ૧૨૧૬ છે. એના ઉ અભયદેવ સૂરિ કૃત ટીકા ૯૦૦ શ્લોકની છે.

સર્વ મળીને અગ્યાર અંગની મૂળ સંખ્યા ૩૫૬૫૯, ટીકાના શ્લોક ૭૩૫૪ ચૂર્ણિ ૨૨૭૦૦, નિર્યુક્તિ ૭૦૦. કુલ શ્લોક ૧૩૧૬૦૩. પ્રથમનાં બે સૂત્રો પર શીલાંગ ચાર્યની ટીકા છે, બાકીનાં નવે ઉપર શ્રી અભયદેવ સૂરિની ટીકા છે, તેથી તેમ નવાંગવૃત્તિકારના નામથી ઓળખવામાં આવે છે. બારમું દૃષ્ટિવાદ અંગ જે આ વિસ્તારવાળું હતું અને જેના એક વિભાગ તરીકે ચૌદ પૂર્વ હતાં તે તદ્દન વિચ્છે ગયું છે, અત્યારે તેનો નાનો ટુકડો પણ મળતો નથી.

૧ સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકારૂપ ચાર પ્રકારનો **સંઘ.**

ચિહ્નો ધારણ કરે તોપણ તેઓ સર્વજ્ઞશાસનની બહારજ છે એમ સમજવું. આવા બાહ્ય દૃષ્ટિથી સાધુ કે શ્રાવકનો આડંબર રાખનારા મોક્ષપ્રાપ્તિરૂપ કાર્ય સાધી શકતા ન હોવાથી તેઓ વસ્તુતઃ સર્વજ્ઞશાસનની બહારજ છે એમ માનવું બરાબર યોગ્ય લાગે છે, તેથી સ્વકર્મવિવર દ્વારપાળે જે પ્રાણી રાજભુવન સુધી આવી પહોંચ્યા હોય છે તેને ગ્રંથિભેદ કરાવીને રાજભુવનમાં પ્રવેશ કરાવે છે એમ હકીકત કહી છે તે બરાબર ઉચિત જણાય છે.

રાજમંદિરનો વૈભવ.

નિષ્પુણ્યકની કથામાં એવી મતલબની હકીકત જણાવી હતી કે દરિદ્રીએ અગાઉ કદિ પણ નહિ જોયેલું, અનેક પ્રકારની વિભૂતિઓથી ભરેલું, રાજા, પ્રધાનો, મોટા યોધાઓ, કામદારો અને કોટવાળોથી અધિષ્ઠિત, સ્થવિર (વૃદ્ધ, ઘરડી) સ્ત્રીઓથી યુક્ત, લશ્કરી સુભટોથી ભરપૂર, વિલાસ કરતી અનેક સુંદર સ્ત્રીઓથી સનાથ, અતિ ઉત્તમ પ્રકારના અને ઉપમા વગરના શબ્દ વિગેરે ઇંદ્રિયના ભોગોથી સુંદર અને જ્યાં દરરોજ ઉત્સવ થઇ રહ્યો છે એવું રાજમંદિર દેખ્યું તે પ્રમાણે આ જીવે સંસારચક્રમાં પરિભ્રમણ કરતાં અત્યાર સુધી કર્મની નિવિડ ગાંઠનો ભેદ કર્યો હોતો નથી તેને સ્વકર્મવિવર પ્રાપ્ત થવાથી જ્યારે ક્લિષ્ટ કર્મગ્રંથિનો ભેદ થાય છે અને તેથી સર્વજ્ઞમંદિરમાં તે પ્રવેશ કરે છે ત્યારે તેને પણ આ રાજમંદિર (સર્વજ્ઞશાસન) એવાંજ વિશેષણોથી જોડાયેલ જણાય છે. મતલબ એ છે કે કર્મવિવર મળ્યા પછી ઉપર જે વિશેષણો મંદિરને લગાડ્યાં તે જૈન શાસનને લાગુ પડતાં બરાબર જોઇ શકાય છે તે આ પ્રમાણે:—

આ [1]મૌનીંદ્ર શાસનમાં અજ્ઞાનરૂપ અંધકારનાં પડળોને દૂર કરનાર, જૂદા જૂદા પ્રકારનાં રત્નના સમૂહના આકારને ધારણ કરનાર, ચળકતા નિર્મળ પ્રકાશથી ત્રણ ભુવનના સર્વ ભાગોને પ્રકાશિત કરનાર ઉત્કૃષ્ટ જ્ઞાન (પાંચમું કેવળજ્ઞાન જેનાથી લોક અલોકના સર્વ ભાવો જણાઇ આવે છે તે) દેખાય છે. વળી આ ભગવાનના પ્રવચનમાં મહાત્મા મુનિઓનાં શરીરને શોભાવનાર હોવાથી સુંદર રત્નોથી જડેલાં ઉત્તમ ઘરેણાંઓના સુંદર આકારને ધારણ કરનાર આમર્ષઔષધિ[2]

---

1 મૌનિન્ એટલે મુનિ, તેને વિષે ઇન્દ્ર એટલે શ્રેષ્ઠ મુનિએ બતાવેલ.

2 તપના પ્રભાવથી અનેક શક્તિઓ પ્રાપ્ત થાય છે. ઓષધિનું કામ કરે તેને આમર્ષઔષધિ નામની લબ્ધિ કહે છે.

વિગેરે અનેક પ્રકારની લબ્ધિઓ દેખાય છે. વળી આ જિનમત અતિ સુંદર હોવાને લીધે વિચિત્ર વસ્ત્રોના આકારને ધારણ કરનાર અનેક પ્રકારનાં તપો સજ્જન પુરુષોનાં હૃદયનું આકર્ષણ કરી રહ્યા છે. વળી આ [1]પારમેશ્વર મતમાં સુંદર રચનાને લીધે સારી રીતે ગોઠવેલા હોવાથી ચપળ ઉજ્જવળ વસ્ત્રોના ચંદરવામાં લટકાવેલા મોતીના ગુચ્છાઓના રૂપને ધારણ કરનાર [2]ચરણ કરણના મૂળ ઉત્તર ગુણો મનને અત્યંત આનંદ ઉપજાવે છે.

મંદિરમાંના પ્રાણીઓની શાંતિ.

આવા જૈન શાસનમાં વર્તનારા ભાગ્યશાળી પ્રાણીઓનાં 'સત્ય વચન' તાંબૂલ (પાન) જેવાં છે, કેમકે જેમ તાંબૂલ મોઢાનું સારાપણું, સુગંધીપણું અને મનનું આનંદિતપણું આપે છે તેમ તે સત્યવચન પણ સારાપણાની સુગંધી ફેલાવે છે અને મનને પ્રસન્ન રાખે છે. આ ભગવાનના મતમાં મનોહર ફુલના ઢગલાના આકારને ધારણ કરનાર '[3]અઢાર હજાર શીલાંગો' પોતાની સુગંધી ચારે દિશામાં તથા વિદિશામાં ફેલાવે છે, કારણ કે ફુલનો સમૂહ જેમ ભમરાઓને આનંદ આપે છે તેમ આ શીલાંગો મુનિ મહાત્માઓરૂપ ભ્રમરોને અત્યંત પ્રમોદ આપે છે અને ફુલોને જેમ ગુંથવામાં આવે છે તેમ આ શીલાંગોને વિવિધ

---

૧ પરમ કેવળજ્ઞાન દર્શન ચારિત્ર સંપત્તિથી યુક્ત તીર્થંકર ભગવાને બતાવેલ મોક્ષમાર્ગમાં.

૨ ચારિત્ર અને ક્રિયા જેમાં વર્તનનો સમાવેશ થાય છે તે. ચારિત્રના મ[illegible] [illegible] સમજવા. હિંસા ન કરવી, અસત્ય ન બોલ[illegible] ચોરી ન કરવી, મૈથુન ન સેવવું અને પરિગ્રહ ન રાખવો-આ પાંચ મૂળ ગુણો [illegible] ચરણ અને કરણના [illegible] ઉત્તર ગુણો છે જેને ચરણસિત્તરી અને કરણસિત્તરીના નામથી ઓળખવામાં આવે છે. એ બન્ને બાબતના [illegible] વિવેચનમાં લખ્યું છે, તેથી અત્ર તે [illegible] (પ્રથમાવૃત્તિ) પૃષ્ઠ ૩૨૯ થી [illegible] જ્ઞાન, દર્શન અને ચારિત્ર અતિ ઉત્કૃષ્ટ [illegible] આવ્યું છે.

૩ [illegible] ચારિત્રનાં અંગો. [illegible] અઢાર હજાર [illegible] (પૃષ્ઠ ૩૩૯) [illegible]

પ્રકારની [1]ભક્તિ (રચના)થી ગોઠવવામાં આવે છે. આ પારમેશ્વર

કર્યું છે અને ત્યાં એક કોષ્ટક આપ્યું છે જે જોવાથી ૧૮૦૦૦ શીલાંગના અઢાર હજાર શ્લોક બનાવી શકાય તેવું છે. જિજ્ઞાસુએ આ ભાગ તે પુસ્તકમાંથી જરૂર વાંચી જવા યોગ્ય છે. એ લેખકની વિશિષ્ટ શક્તિનું ભાન કરાવે છે. પ્રસ્તુત અઢાર હજાર ભેદ કેવી રીતે પડે છે તે આપણે અહીં વિચારી જઈએ:—

યોગ ત્રણ છે: મનયોગ, વચનયોગ, કાયયોગ.

કરણ ત્રણ છે: કરવું, કરાવવું અને અનુમોદવું.

સંજ્ઞા ચાર છે: આહારસંજ્ઞા, ભયસંજ્ઞા, પરિગ્રહસંજ્ઞા અને મૈથુનસંજ્ઞા.

ઇંદ્રિય પાંચ છે: સ્પર્શેંદ્રિય, રસેંદ્રિય, ઘ્રાણેંદ્રિય, ચક્ષુરિંદ્રિય અને શ્રોત્રેંદ્રિય.

પૃથ્વીકાયાદિ દશનો આરંભ થાય છે: પૃથ્વીકાય આરંભ, અપ્કાય આરંભ, તેઉકાય (અગ્નિ) આરંભ, વાઉકાય આરંભ, વનસ્પતિકાય આરંભ, બેઇંદ્રિય આરંભ, તેઇંદ્રિય આરંભ, ચૌરિન્દ્રિય આરંભ, પંચેંદ્રિય આરંભ અને અજીવ આરંભ.

યતિધર્મે દશ પ્રકારે છે: ક્ષમા (ક્રોધત્યાગ), માર્દવ (માનત્યાગ), આર્જવ (માયાત્યાગ), મુક્તિ (લોભત્યાગ), તપ, સંયમ, સત્ય, શૌચ (પવિત્રપણું-અદત્તત્યાગ), અકિંચન (ધન પર નિઃસ્પૃહતા) અને બ્રહ્મચર્ય.

આ છમાંથી દરેકના એક વિભાગ લેવાથી એક શીલાંગ થાય છે. દાખલા તરીકે પ્રથમ ભેદ આવી રીતે થાય: "મને કરી આહારસંજ્ઞા રહિત થઈ શ્રોત્રેન્દ્રિયનો સંવર કરી ક્ષમા યુક્ત રહી પૃથ્વીકાયનો આરંભ કરે નહિ." હવે આ વાક્યમાંથી બીજું બધું કાયમ રાખી 'ક્ષમા યુક્ત' શબ્દને બદલે 'માર્દવ યુક્ત' એ શબ્દ મૂકવાથી બીજો ભેદ શીલાંગનો થાય, તેવી રીતે 'આર્જવ યુક્ત' શબ્દ મૂકવાથી ત્રીજો શીલાંગનો ભેદ થાય. આવી રીતે દશ યતિધર્મના ભેદને ઉપર બતાવવામાં આવ્યા છે તેનાં દશ વાક્યો કરી દશ શીલાંગો કરવા. આ દશ વાક્યો લખી રાખવાં. એ સર્વ પૃથ્વીકાયના આરંભને અંગે થયા. એ દશે વાક્યોને પ્રથમથી વારાફરતી લઈ 'પૃથ્વીકાયનો આરંભ કરે નહિ' એટલા વાક્યને સ્થાને અનુક્રમે 'અપ્કાયનો આરંભ કરે નહિ', 'તેઉકાયનો આરંભ કરે નહિ' એવા દશ પ્રકારના આરંભને બદલતાં સો શીલાંગ થાય. એવી રીતે સો વાક્યો લખાયાં. તે સર્વ શ્રોત્રેન્દ્રિયના સંવરને અંગે થયા. એને સ્થાને અનુક્રમે ત્યારપછી સ્પર્શ, રસ, ઘ્રાણ અને ચક્ષુના સંવરની હકીકત લખવાથી પાંચસેં શીલાંગો થાય. આ સર્વ 'આહારસંજ્ઞા રહિત' ને અંગે ભેદો ગણ્યા છે. તે પાંચસેં વાક્યો સાથે ત્યારપછી ભયસંજ્ઞા, મૈથુનસંજ્ઞા અને પરિગ્રહસંજ્ઞા રહિત હોવાની હકીકત લખવાથી બે હજાર ભેદ થાય. આ બે હજાર વાક્યો અનુક્રમે લખી જવાં. આ સર્વ ભેદ 'મને કરીને થયા તેને 'વચને કરી' અને 'કાયાએ કરી' એમ લખવાથી છ હજાર ભેદ થાય. એ છ હજાર ભેદમાં 'કરે નહિ' એમ જણાવેલ છે, તેની સાથે બીજા 'કરાવે નહિ' અને 'અનુમોદન કરે નહિ' એવા છ છ હજાર ભેદ લખવાથી અઢાર હજાર શીલાંગો થાય છે. આવી રીતે યોગ, કરણ, સંજ્ઞા, ઇંદ્રિય, આરંભ અને યતિધર્મનો પરસ્પર યોગ કરવાથી અઢાર હજાર શીલાંગ થાય છે. આવી રીતે ૧૮૦૦૦ શીલાંગ બીજી પણ બહુ રીતે થાય છે. જુઓ, તેની બુક બહાર પડેલી છે તે. પ્રકાશક ભીમશી માણેક.

૧ વિભાગ, ભેદ. ફૂલને ગોઠવવામાં આવે છે તેમ શીલાંગના ભેદો ગોઠવવામાં આવે છે.

મતમાં 'સમ્યગ્દર્શન' ગોરૂ (ગોશીર્ષ) ચંદનના વિલેપનનું કરે છે, કારણ કે ગોરૂચંદન જેમ મનુષ્યનાં શરીરને લગાડવાથી શાં આપે છે તેમ આ સમ્યગ્દર્શન મિથ્યાત્વ અને કષાયના સંતાપ બળી રહેલા ભવ્ય જીવોનાં શરીરને અત્યંત શાંતિ આપે છે તે આ રીતેઃ-સર્વજ્ઞ મહારાજે બતાવેલા જૈન દર્શનમાં સમ્યગ્જ્ઞાન, સમ્ય દર્શન અને સમ્યગ્ચારિત્રની મુખ્યતા છે એ વાત સુપ્રસિદ્ધ છે. જે ભાગ્યવાન્ પ્રાણીઓ એ દર્શનમાં વર્તતા હોય છે તેઓએ નરકને મહા અંધકારમય કૂપ પોતાને માટે બંધ કરી દીધો છે,[1] તિર્યંચ ગતિ રૂપ બંદિખાનાને ભાંગી નાખ્યું છે,[2] [3]અધમ મનુષ્યપણામાં થતા દુઃખોને દળી નાખ્યાં છે, હલકી જાતના (તુચ્છ) દેવોનાં મનમાં થતા અનેક સંતાપોનું મર્દન કર્યું છે, મિથ્યાત્વરૂપ વૈતાળનો નાશ કરી નાખ્યો છે, રાગ વિગેરે શત્રુઓને હીલચાલ વગરના કરી નાખ્યા છે, કર્મને એકઠાં કરવારૂપ અજીર્ણને જીર્ણ કરી નાખ્યું છે, વૃદ્ધાવસ્થાના વિકારોને તિરસ્કારી નાખ્યા છે, મરણભયને હસી કાઢ્યો છે તથા દેવલોક અને મોક્ષનાં સુખને કરતલવર્ત્તી (હાથમાં આવેલાં) કરી મૂક્યાં છે. અથવા તો એ દર્શનમાં વર્તતા ભાગ્યશાળી પ્રાણીઓ સાં સારિક સુખની જરા પણ દરકારજ કરતા નથી, તેઓ આ આખા સંસારના પ્રપંચને ત્યાગ કરવા યોગ્યપણાની બુદ્ધિથીજ જુએ છે, તેઓ એમ સમજે છે કે આ ભવપ્રપંચમાં કાંઇ પણ આદરવા યોગ્ય નથી, સર્વ ત્યાગ કરવા યોગ્ય છે, તેઓએ મોક્ષપ્રાપ્તિ માટે એક તાન લગાવી પોતાનાં અંતઃકરણને તેમાં જોડી દીધેલાં હોય છે અને પોતાને મોક્ષ મળવાનું છે એ સંબંધમાં તેઓનાં મનમાં કદિ જરા પણ શ હોતીજ નથી, કેમકે [4]ઉપાય અને ઉપેય[5] પરસ્પર વિરૂદ્ધ હોતાં ન તેઓ સમજે છે કે પરમપદ જે મોક્ષ છે તેની પ્રાપ્તિ માટે સદ્જ્ઞાન દ ચારિત્રરૂપ માર્ગ છે તે અપ્રતિહત શક્તિવાળો છે-કદિ પણ પા પડે તેવો નથી, સીધો, સરળ અને પ્રેરણા કરનાર છે અને એવો મો પ્રાપ્તિનો ઉપાય અમને મળી ગયો છે. આવા સુંદર માર્ગનો તેઓ લાભ થવાથી તેઓનાં મનમાં નિશ્ચય થયેલો હોય છે કે આથી વધા

૧ એટલે એવા પ્રાણીઓ કદિ નરકગતિમાં જાય તેવો સંભવ નથી. તેઓ માટે નારકી બંધ છે.

૨ તિર્યંચગતિગમન પણ તેને માટે બંધ છે.

૩ જ્યાં આનંદ ભોગ નહિ એવું તુચ્છ મનુષ્યપણું, દરિદ્રીગૃહમાં જન્મ વિગે

૪ મેળવવાનાં સાધનો.

૫ મેળવવાની વસ્તુ, સાધ્ય. (અત્ર મોક્ષ ઉપેય છે).

[અં]દર વસ્તુ હવે કોઇ પ્રાપ્ત કરવાની બાકી રહેલી નથી. આ સંસારમાં જે [પ્ર]કારમાં સારી વસ્તુ પ્રાપ્ત કરવા યોગ્ય છે તે તેઓને મોક્ષમાર્ગ [પ્ર]ાપ્ત કરવામાં મળી ચૂકી છે. આથી તેઓનું મન તૃપ્ત થઇને સંપૂર્ણ [મ]નોરથવાળું થયેલું હોય છે અને તેથી તેઓને શાંતિ થયેલી હોય [જે] તેને શરીરે લગાડેલા ગોરૂચંદનથી થયેલી શાંતિ સાથે યોગ્ય રીતે [સ]રખાવવામાં આવેલ છે.

મંદિરમાં નિરંતર ઉત્સવ.

ઉપર પ્રમાણે હકીકત હોવાથી મહાત્મા જિનેશ્વર દેવના મતમાં વર્તતા પ્રાણીઓને શોક કદિ હોતોજ નથી, તેઓમાં દીનતા દેખાતી નથી, તેઓની આતુરતા સંતાઇ ગયેલી હોય છે, કામદેવનો વિકાર છુપાઇ ગયેલો હોય છે, અન્ય વસ્તુ કે પ્રાણી તરફ ચીડ (દુગંચ્છા) આવવાની હકીકત ઉપર તેમને ચીડ આવે છે, તેઓના સંબંધમાં મનનો ઉદ્વેગ તદ્દન અસંભવિત છે, તૃષ્ણા તેઓથી ઘણે દૂર નાસી ગયેલી હોય છે અને ત્રાસને તેઓએ મૂળથીજ ત્રાસ પમાડેલો-દૂર કરેલો હોય છે, તેઓનાં મનમાં ધીરતા રહે છે, ગંભીરતા ઘર કરીને વાસો કરે છે, ઉદારપણું અત્યંત પ્રબળ થતું જાય છે અને આત્મવિશ્વાસ ઘણો વધી જાય છે. સ્વાભાવિક શાંતિ સામ્રાજ્યરૂપ સુખના અમૃતનો તેઓ વારંવાર સ્વાદ લેતા હોવાથી તેઓનાં હૃદયમાં નિરંતર [1]ઉત્સવ ચાલ્યાજ કરતો હોય છે અને તેને લીધે તેઓનો પ્રબળ રાગ મંદ થઇ ગયો હોય છે તોપણ તેઓનાં ચિત્તમાં રતિનો પ્રકર્ષ[2] વૃદ્ધિ પામે છે, તેઓનો [3]મદરૂપ વ્યાધિ નાશ પામ્યો હોય છે તોપણ

---

૧ આ આખો પારિગ્રાફ સુસ્થિત રાજાના મંદિરમાં ચાલતા ઉત્સવની હકીકત સાથે યોજવાનો છે. એ મંદિરમાં નિરંતર મહોત્સવ કેવી રીતે ચાલે છે તે અત્ર બતાવ્યું છે.

૨ રતિનો પ્રકર્ષ એટલે શુભ રાગ સમજવો. રાગ વિના રતિ હોય નહિ છતાં તેઓને શુભ રાગ હોય છે. અહીં રતિ શબ્દ શ્લેષ છે. રાગ વગરના છે તોપણ રતિવાળા છે એ વિરોધાભાસ છે. રાગનો પ્રથમ અર્થ મોહ અને બીજો અર્થ ગુણાનુરાગ સમજવો.

૩ મદ-અહંકાર, અભિમાન. તેઓ ગર્વ રહિત છે તોપણ તેઓનાં મનમાં હર્ષ વર્તે છે. સારા ગુણો જોઇને તેઓને પ્રમોદ થાય છે, મદનો અર્થ હર્ષ પણ થાય છે. તેથી અહીં વિરોધ બતાવતાં કહે છે કે તેઓ મદ (ગર્વ) રહિત છે તોપણ તેઓ મદ (હર્ષ) વાળા છે.

મંદિરમાં રાજાઓ.

અગાઉ કહેલી કથામાં રાજભુવનનાં બે વિશેષણ કહેવામાં આવ્યાં હતાં: એક તો તે અદષ્ટપૂર્વ હતું (એટલે તેને અગાઉ કદિ જોયેલું નહોતું) અને બીજું અનેક સંપત્તિઓથી તે ભરપૂર હતું (એટલે તેમાં અનેક પ્રકારની ઋદ્ધિ સિદ્ધિઓ ભરેલી છે) એ વિશેષણને લગતી સર્વ હકીકતનો ઉપર બરાબર ખ્યાલ આપ્યો છે. ત્રીજું વિશેષણ ત્યારપછી તે રાજભુવનના સંબંધમાં એવું કહેવામાં આવ્યું હતું કે તેમાં અનેક રાજાઓ, પ્રધાનો, મોટા યોધાઓ, મંત્રીઓ, કામદારો વિગેરે રહેતા હતા તે વિશેષણનો ઉપનય અત્ર હવે સ્પષ્ટ કરીએ:-ત્યાં [1]કથાનકમાં કહેવામાં આવ્યું છે કે "અનેક રાજપુરુષો જેઓનાં અંતરમાં બળતા તેજથી તેઓના શત્રુઓ પલાયન કરી ગયા હતા અને જેઓના બાહ્ય વ્યાપારો સર્વ શાંત થઇ ગયા હતા એવાઓવડે આ રાજમંદિર વસાયલું હતું." આ રાજાઓ તે સર્વજ્ઞશાસનના આચાર્યો સમજવા. તેઓનાં અંતરમાં મહા તપસ્યાનું તેજ જગજગાયમાન હોવાથી તેઓના રાગ દ્વેષ મોહ વિગેરે શત્રુઓ પલાયન કરી ગયા હોય છે અને બહારના સર્વ વ્યાપારો શાંત થઇ ગયેલા હોવાથી તેઓ આખા જગતને આનંદ આપવાના હેતુભૂત હોય છે. જેમ સ્થૂળ રાજાઓ રત્નથી ભરપૂર હોય છે અને પ્રભુત્વવાળા હોય તેમ તેઓ (આચાર્યો) ગુણરત્નથી ભરપૂર હોવાને લીધે અને પ્રભુતાની સાથે જોડાઇ ગયેલા હોવાને લીધે 'રાજા' શબ્દને સર્વ પ્રકારે યોગ્ય છે.

મંદિરમાં મંત્રીઓ.

"અનેક મંત્રીઓ જેઓને આખા જગતની ચેષ્ટા સાક્ષાત્ જણાઇ રહેલી હતી, જેઓએ પોતાની બુદ્ધિથી પોતાના શત્રુઓને પણ ઓળખી લીધા હતા અને જેઓ સર્વ નીતિશાસ્ત્રોના પાર પામી ગયા હતા તેવાઓ આ અતિ વિશાળ રાજમંદિરમાં વસતા હતા"-આ પ્રમાણે અગાઉ કહેવામાં આવ્યું છે. અહીં સર્વજ્ઞશાસનમાં મંત્રીને સ્થાને ઉપાધ્યાય સમજવા. તેઓને વીતરાગ ભગવાનના આગમનો સાર સારી રીતે જાણેલો હોવાથી તેઓને આખા જગતની ચેષ્ટા જણાયલી છે એમ કહ્યું છે. તેઓએ પોતાની બુદ્ધિના જોરથી રાગ મોહ વિગેરે પોતાના ખરા શત્રુઓ કોણ છે તેને ઓળખી લીધેલા હોય છે અને શાસ્ત્રનું ખરૂં રહસ્ય બતાવનાર સાચી જૈન ગ્રંથોનું ત-

[1] જુઓ અગાઉ પૃ ૧૫.

ઓને બહુ સારી રીતે જ્ઞાન થયેલું હોવાથી અને તેને વિચારવામાં તેઓએ મોટી કુશળતા પ્રાપ્ત કરેલી હોવાથી તેઓ સર્વ નીતિશાસ્ત્રને જાણનારા છે. જેમ રાજમંત્રીઓ બુદ્ધિવડે આખા રાજ્યનાં સર્વ અંગોની તુલના કર્યા કરે છે તેમ આ ઉપાધ્યાયો પોતાના અસાધારણ બુદ્ધિવૈભવથી આખા સર્વજ્ઞશાસનનાં સર્વ અંગોની તુલના કર્યા કરે છે તેથી તેઓ 'મંત્રી–અમાત્ય' શબ્દને યોગ્ય રીતે ધારણ કરતા શોભી રહ્યા છે.

મંદિરમાં મહાયોધા.

"જેઓ પોતાની આગળ યમને પણ લડાઇના મેદાનમાં જો જરા પણ ગભરાતા નહોતા તેવા અસંખ્ય યોધાઓ એ રાજમંદિરમાં વસતા હતા"–આ પ્રમાણે અગાઉ કહેવામાં આવ્યું છે. મહાયોધાઓ તે અત્ર [1]ગીતાર્થો સમજવા. તેઓનાં અતઃકરણમાં તત્ત્વની વિશિષ્ટ ભાવના હોવાથી દેવતાઓ કદિ મહા ભયંકર [2]ઉપસર્ગો કરે પણ તેનાથી તેઓ જરાએ ક્ષોભ પામતા નથી અને ઘોર [3]પરિષહે જરા પણ ડરતા નથી. તેઓના સંબંધમાં વધારે વાત શી કરવી? કદાચ તેઓ પોતાની સામે યમ જેવા ભયંકર ઉપદ્રવ કરનારને જુએ અને કે પોતાને મરણાંત ભય પ્રાપ્ત થાય તોપણ તેઓને તેનો જરા ત્રાસ થતો નથી. જેમ મહાયોધાઓ લડાઇનો છેડો વિજયમાં લાવી દે તેમ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવ પ્રમાણે [4]ગચ્છ, કુળ, ગણ અને સંઘ મોક્ષપ્રાપ્તિ કરાવવા દ્વારા તેઓના સંસારનો તેઓ છેડો લાવતા હોવાથી આ ગીતાર્થ પુરુષોને 'મહાયોધા' કહેવામાં આવ્યા છે.

મંદિરમાં કામદારો.

"એ વિશાળ રાજમંદિરમાં અનેક નિયુક્તકો (કામદારો) હતા જેઓ જરા પણ વ્યાકુળતા વગર કરોડો નગરોનું અસંખ્ય ગામો અને ખાણોનું પરિપાલન કરતા હતા અને તેનો સર્વ પ્રબંધ ચલાવતા હતા" એમ અગાઉ જણાવવામાં આવ્યું છે. તેમાં કામદારો તે આ સર્વ

1 [illegible] કરનાર [illegible], પરશાસ્ત્રમાં નિપુણ હોય [illegible] 'ગીતાર્થ' [illegible]

2 [illegible]

3 [illegible]

4 [illegible]

શાસનમાં ગણચિંતકો[1] સમજવા. કુળ, ગણ અને સંઘમાં રહેલા [2]બાળ, વૃદ્ધ, રોગી અને અતિથિ[3]રૂપ પાલન કરવા યોગ્ય અનેક પુરુષોથી તેઓ પરવરેલા હોય છે અને કરોડો નગર જેવા [4]કોટિ ગચ્છોરૂપ અસંખ્ય ગામ અને આકરોમાં રહીને તેઓ ગીતાર્થ હોવાથી અનેક પ્રકારના ઉત્સર્ગ[5] અને [6]અપવાદમાર્ગના તેઓ જાણનાર હોય છે અને યોગ્ય સ્થાનકે યોગ્ય પુરુષોને જોડી દેવામાં અત્યંત કુશળ હોય છે; તેમજ [7]પ્રાસુક અને એષણીય ભક્ત, પાન, ઔષધ, ઉપકરણ[8] અને [9]ઉપાશ્રય મેળવી આપવા સંબંધી કાર્ય તેઓ જરા પણ આકુળ વ્યાકુળ થયા વગર નિરંતર કર્યા કરે છે. ઉત્સર્ગમાર્ગમાં સ્પષ્ટ આદેશો હોય છે અને અમુક સંયોગોમાં અપવાદ સેવવાની રજા આપવામાં આવી હોય છે. અમુક સ્થાનકે, અમુક પદ પર કે અમુક દેશમાં આ સાધુ યોગ્ય કામ કરશે એવી યોજના કરવી, સર્વેની સંભાળ રાખવી, તેઓ માટે દોષ વગરના આહાર પાણીની યોજના કરવી, તેઓને માટે સ્થાન અને વસ્ત્ર પાત્રાદિ ઉપકરણોની વ્યવસ્થા કરવી—એ રીતે આખી રાજ્યવ્યવસ્થા કરવાનું કાર્ય ગણચિંતકો કરે છે. એ રીતે યોગ્ય અને અનુકૂળ સમજીને આ સ્થાન પર તેમની નિમણૂક આચાર્ય મહારાજે કરેલી હોવાથી તેઓ 'નિયુક્તક' (કામદાર—સ્થાન પર યોજેલ) નામને બરાબર યોગ્ય છે.

"ત્યાં સ્વામી ઉપર અત્યંત પ્રીતિવાળા અને ઘણા બળવાન્

---

૧ ગણ-ગચ્છ સંબંધી ચિંતા કરનાર સાધુઓ.

૨ બાળ એટલે નાની વયના, વૃદ્ધ અને રોગી એ ત્રણે અન્ય પાસેથી સંભાળ રખાવવાની અપેક્ષા રાખે છે. તેની સાથે તપસ્વી શબ્દ જૈન ગ્રંથોમાં આવે છે તેથી પ્રાઘુર્ણકનો તે અર્થ હોવો જોઈએ, પણ કોશમાં તે અર્થ મળતો નથી. તપસ્વી શબ્દ મુનિ વાચક છે. આ પ્રાઘુણા મુનિ તેના સૂચક હોય તેમ જણાય છે.

૩ સાધુ 'અતિથિ' કહેવાય છે. 'અતિથિ કહ્યા અણગારને.' એક સાધુ ઉતરેલા હોય તે સ્થાન પર બીજા સાધુ આવે તો તે પણ અતિથિ કહેવાય છે.

૪ કોટિ ગચ્છ એટલે કરોડો ગચ્છ એ અર્થ કરવા કરતાં કોટિ ગચ્છ નામનો ગચ્છ જે સર્વથી વિશાળ ગચ્છ હતો તે અર્થમાં તે શબ્દ સમજવો વધારે ઠીક લાગે છે.

૫ મૂળ માર્ગ.

૬ ઉત્સર્ગને લઈને તેમાં કરવો પડતો ફેરફાર.

૭ 'પ્રાસુક' એટલે જીવ વગરનું. એષણીય એટલે સાધુને ખાવા યોગ્ય

૮ સાધુને રાખવાનાં વસ્ત્ર, પાત્ર આદિ 'ઉપકરણો' કહેવાય છે

૯ સાધુને રહેવાના સ્થાનને 'ઉપાશ્રય' કહે છે.

મંદિરમાં કોટવાળ.

તેમજ ખરેખરા ડહાપણવાળા કોટવાળો રહેલા હતા એમ પ્રથમ કહ્યું છે. આ તલવર્ગિક–કોટવાળો સર્વજ્ઞરાજમંદિરમાં રહેલા સામાન્ય સાધુઓ સમજવા. તેઓ લક્ષ્યપૂર્વક આચાર્ય મહારાજની આજ્ઞા ઉઠાવી લે છે, ઉપાધ્યાયના હુકમોને અમલમાં મૂકે છે, ગીતાર્થનો વિનય કરે છે, ગણચિંતક જે મર્યાદા–હદ બાંધી આપે તેનું ઉલ્લંઘન કરતા નથી, ગચ્છ કુલ ગણ કે સંઘનાં કામમાં પોતાની જાતને જોડી દે છે અને ગચ્છ કુલ ગણ કે સંઘ ઉપર કોઇ પણ પ્રકારની ઉપાધિ આવી પડે તો પોતે પોતાની જીંદગીને જોખમે પણ તે વિપત્તિને દૂર કરવા પ્રયત્ન કરે છે. તેઓમાં શુરાતન, ભક્તિ અને વિનય એટલાં બધાં હોય છે કે તેઓ 'કોટવાળ'ની સાથે સરખામણી કરવા યોગ્ય છે, કારણ કે કોટવાળનું કામ પણ શુરાતનથી ભરપૂર હોય છે. તેઓને સ્વામી ઉપર અત્યંત ભક્તિ હોય છે અને તેઓ પોતાના ઉપરી અધિકારી તરફ બાહુ વિનયપૂર્વક વર્તે છે. એવી રીતે જે જૈન શાસનને આ રાજ્યભુવન તરીકે ઓળખાવવામાં આવ્યું છે તેમાં આચાર્ય મહારાજની આજ્ઞા પ્રમાણે ઉપાધ્યાય તેનું ચિંતવન કરે છે, ગીતાર્થો તેનું રક્ષણ કરે છે, ગણચિંતકો તેની પુષ્ટિ કરે છે અને સાધુ મહાત્માઓ ચિંતા વગરના થઇને નિર્ણીત થયેલા માર્ગને યથાયોગ્ય રીતે અનુસરે છે. આ પ્રમાણે હોવાથી સદરહુ રાજ્યભુવન આચાર્ય આદિથી વ્યાપ્ત છે એમ સમજવું.

મંદિરમાં વૃદ્ધાઓ.

"તે મંદિરમાં અનેક સ્થવિરા (વૃદ્ધ સ્ત્રીઓ) રહેતી હતી કે જેણે પોતે વિષયનો ત્યાગ કર્યો હતો અને જે મદોન્મત્ત થયેલી યુવાન સ્ત્રીઓને યોગ્ય અંકુશમાં રાખવાને શક્તિમાન હતી." એ પ્રમાણે અમે નિષ્પુણ્યકની કથામાં કહેવામાં આવ્યું છે. તેની યોજના સર્વજ્ઞશાસનમાં આ પ્રમાણે કરવી. સ્થવિરા (વૃદ્ધ સ્ત્રીઓ) તે સ[illegible] રાજમંદિરમાં આર્યા (સાધ્વીઓ) સમજવી. સ્થવિર સ્ત્રીઓને માટે ઉપર બે વિશેષણો કહ્યાં છે: એક તો તેઓ મદોન્મત્ત સ્ત્રીઓ[illegible] નિવારણ કરનાર છે એમ કહ્યું છે અને પોતે ઇંદ્રિયો સંબંધી વિષ[illegible]ઓથી નિવૃત્ત થયેલી છે એમ કહ્યું છે; આ બન્ને વિશેષણો 'આર્યા'ઓને બરાબર બંધબેસતાં આવે છે. તેઓના પોતાના શિષ્યવર્ગમાં [illegible] ([illegible]) વર્ગની સ્ત્રીઓ જ્યારે પ્રમા[illegible] [illegible] આચરણ કરતી હોય છે ત્યારે [illegible] [illegible] અને ભગવાનના આગમમાં બતાવે[illegible]

[પ્ર]દાનિર્જરાનું કારણ સાધર્મિકવાત્સલ્યને[1] જાણીને વારંવાર તેઓને [પો]તાના કર્તવ્યની યાદી આપે છે (સ્મારણા), અયોગ્ય કામ કરતાં [અટકાવ]ે છે (વારણા), શુભ કાર્ય કરવા પ્રેરણા કરે છે (ચોયણા), સારાં [કા]મો માટે વારંવાર પ્રેરણા કર્યા કરે છે (પડિચોયણા) અને તેમ કરીને [પો]તાના શિષ્યવર્ગને તેમજ શ્રાવિકાવર્ગને ખોટે રસ્તે જતાં વારંવાર અટકાવે છે અને સારે માર્ગે તેઓને લઇ આવે છે. વળી તેઓને વિષય વિષના વિષમ વિપાક વિદિત હોવાથી વિષયભોગથી નિવૃત્ત વૃત્તિ-[વ]ાળા થઇને સંયમમાં તેઓ રહે છે, અનેક પ્રકારની તપસ્યા કરવામાં [આ]નંદ કરે છે, નિરંતર સ્વાધ્યાય (અભ્યાસ અને મનન) કરવામાં આનંદ માને છે, પ્રમાદોને જરા પણ સેવતી નથી અને કોઇ પણ પ્રકારની શંકા ઉઠાવ્યા વગર આચાર્ય મહારાજના આદેશને ઉઠાવી લે છે.

મંદિરમાં સુભટો.

"તે રાજમહેલની ચોકી કરવા માટે અનેક સુભટો ચારે તરફ વીંટાઇને રહેતા હતા" એ પ્રમાણે અગાઉ કહ્યું છે. આ સુભટો તે ભગવાનના શાસનમાં શ્રમણોપાસક શ્રાવકો સમજવા. તેઓની સંખ્યા મોટી હોવાથી તેઓ રાજમંદિરની ચોતરફ વ્યાપ્ત થઇને રહેલા છે, કારણ કે દેવગતિમાં અસંખ્ય [3]શ્રાવકો હોય છે, મનુષ્યગતિમાં સંખ્યાતા હોય છે, તિર્યંચગતિમાં બહુ પ્રકારના હોય છે અને નારકગતિમાં પણ બહુ હોય છે. તેઓ શુરાતન, ઉદારતા અને ગંભીરતા આદિ અનેક ગુણવાળા હોવાથી ભગવાનના શાસનના દુશ્મનો જેઓનાં હૃદયમાં મિથ્યાત્વે વાસ કરેલો હોય છે તેને ઉખેડી નાખવામાં ઘણી ચતુરાઇ ધારણ કરનારા હોય છે અને આવી અનુપમ પ્રવૃત્તિ માટે તેઓ 'સુભટ'ના ઉપમાનને બરાબર રીતે યોગ્ય છે. તેઓ સર્વદા સર્વજ્ઞ મહારાજનું ધ્યાન કરે છે, આચાર્યરૂપ રાજાઓની આરાધના કરે છે, ઉપાધ્યાયરૂપ અમાત્યનો ઉપદેશ આચરે છે, ધર્મધુરંધર ગીતાર્થની આજ્ઞા પ્રમાણે સર્વ ધર્મકાર્યમાં જોડાય છે, સાધુવર્ગ ઉપર અનુગ્રહ કરનાર ગણચિંતકો જેમને કામદારનું સ્થાન આપવામાં આવ્યું છે તેઓને વસ્ત્ર, પાત્ર, ભાત, પાણી, ઔષધ, આસન, સંથારો, ઉપાશ્રય વિગેરે વિધિપૂર્વક આપે છે, કોટવાળ જેવા સાધુ પુરુષોમાં આ સાધુ આજનો દીક્ષિત છે-આ ઘણા વખતનો છે એવો કોઇ પ્રકારનો

---

૧ પોતાના ધર્મબંધુઓનું હિત કરવું તે.

૨ ઇંદ્રિયના વિષયરૂપ ઝેરનું ભયંકર પરિણામ તેઓ જાણતા હોવાથી.

૩ આ શ્રાવકો ચતુર્થ ગુણસ્થાનકે સ્થિત થયેલા સમજવા.

મંદિરમાં કોટવાળ.

તેમજ ખરેખરા ડહાપણવાળા કોટવાળો રહેલા હતા એમ પ્રથમ કહ્યું છે. આ તલવર્ગિક-કોટવાળો સર્વજ્ઞરાજમંદિરમાં રહેલા સામાન્ય સાધુઓ સમજવા. તેઓ લક્ષ્યપૂર્વક આચાર્ય મહારાજની આજ્ઞા ઉઠાવી લે છે, ઉપાધ્યાયના હુકમોને અમલમાં મૂકે છે, ગીતાર્થનો વિનય કરે છે, ગણુચિંતક જે મર્યાદા-હદ બાંધી આપે તેનું ઉલ્લંઘન કરતા નથી, ગચ્છ કુલ ગણુ કે સંઘનાં કામમાં પોતાની જાતને જોડી દે છે અને ગચ્છ કુલ ગણુ કે સંઘ ઉપર કોઇ પણ પ્રકારની ઉપાધિ આવી પડે તો પોતે પોતાની જીંદગીને જોખમે પણ તે વિપત્તિને દૂર કરવા પ્રયત્ન કરે છે. તેઓમાં શુરાતન, ભક્તિ અને વિનય એટલા બધાં હોય છે કે તેઓ 'કોટવાળ'ની સાથે સરખામણી કરવા યોગ્ય છે, કારણ કે કોટવાળનું કામ પણ શુરાતનથી ભરપૂર હોય છે. તેઓને સ્વામી ઉપર અત્યંત ભક્તિ હોય છે અને તેઓ પોતાના ઉપરી અધિકારી તરફ બહુ વિનયપૂર્વક વર્તે છે. એવી રીતે જે જૈન શાસનને અત્ર રાજ્યભુવન તરીકે ઓળખાવવામાં આવ્યું છે તેમાં આચાર્ય મહારાજની આજ્ઞા પ્રમાણે ઉપાધ્યાય તેનું ચિંતવન કરે છે, ગીતાર્થો તેનું રક્ષણ કરે છે, ગણુચિંતકો તેની પુષ્ટિ કરે છે અને સાધુ મહાત્માઓ ચિંતા વગરના થઇને નિર્ણીત થયેલા માર્ગને યથાયોગ્ય રીતે અનુસરે છે. આ પ્રમાણે હોવાથી સદરહુ રાજ્યભુવન આચાર્ય આદિથી વ્યાપ્ત છે એમ સમજવું.

મંદિરમાં વૃદ્ધાઓ.

"તે મંદિરમાં અનેક સ્થવિરા (વૃદ્ધ સ્ત્રીઓ) રહેતી હતી કે જેમણે પોતે વિષયનો ત્યાગ કર્યો હતો અને જેઓ મદોન્મત્ત થયેલી યુવાન સ્ત્રીઓને યોગ્ય અંકુશમાં રાખવાને શક્તિમાન્ હતી." એ પ્રમાણે અગાઉ નિષ્પુણ્યકની કથામાં કહેવામાં આવ્યું છે. તેની યોજના સર્વજ્ઞશાસનમાં આ પ્રમાણે કરવી. સ્થવિરા (વૃદ્ધ સ્ત્રીઓ) તે આ રાજમંદિરમાં આર્યા (સાધ્વીઓ) સમજવી. સ્થવિર સ્ત્રીઓને માટે ઉપર બે વિશેષણો કહ્યાં છેઃ એક તો તેઓ મદોન્મત્ત સ્ત્રીઓનું નિવારણ કરનાર છે એમ કહ્યું છે અને પોતે ઇંદ્રિયો સંબંધી વિષયભોગોથી નિવૃત્ત થયેલી છે એમ કહ્યું છે; આ બન્ને વિશેષણો 'આર્યા'-સાધ્વીને બરાબર મળતાં આવે છે. તેઓના પોતાના શિષ્યવર્ગ અને શ્રમણોપાસક (તીર્થંકરના ભક્ત શ્રાવક) વર્ગની સ્ત્રીઓ જ્યારે પ્રમાદ (આળસ)ને વશ થઇ ધર્મકાર્યમાં આળસ કરતી હોય છે ત્યારે પોતે પરોપકાર કરવામાં તત્પર થઇને અને ભગવાનના આગમમાં બતાવેલ

મહાનિર્જરાનું કારણ સાધર્મિકવાત્સલ્યને[1] જાણીને વારંવાર તેઓને તેમના કર્તવ્યની યાદી આપે છે (સ્મારણા), અયોગ્ય કામ કરતાં વારે છે (વારણા), શુભ કાર્ય કરવા પ્રેરણા કરે છે (ચોયણા), સારાં કામો માટે વારંવાર પ્રેરણા કર્યા કરે છે (પડિચોયણા) અને તેમ કરીને પોતાના શિષ્યવર્ગને તેમજ શ્રાવિકાવર્ગને ખોટે રસ્તે જતાં વારંવાર અટકાવે છે અને સારે માર્ગે તેઓને લઇ આવે છે. વળી તેઓને [2]વિષય વિષના વિષમ વિપાક વિદિત હોવાથી વિષયભોગથી નિવૃત્ત વૃત્તિવાળા થઇને સંયમમાં તેઓ રહે છે, અનેક પ્રકારની તપસ્યા કરવામાં ક્રીડા કરે છે, નિરંતર સ્વાધ્યાય (અભ્યાસ અને મનન) કરવામાં આનંદ માને છે, પ્રમાદોને જરા પણ સેવતી નથી અને કોઇ પણ પ્રકારની શંકા ઉઠાવ્યા વગર આચાર્ય મહારાજના આદેશને ઉઠાવી લે છે.

"તે રાજમહેલની ચોકી કરવા માટે અનેક સુભટો ચારે તરફ વીંટાઇને રહેતા હતા" એ પ્રમાણે અગાઉ કહ્યું છે.

મંદિરમાં સુભટો.

આ સુભટો તે ભગવાનના શાસનમાં શ્રમણોપાસક શ્રાવકો સમજવા. તેઓની સંખ્યા મોટી હોવાથી તેઓ રાજમંદિરની ચોતરફ વ્યાપ્ત થઇને રહેલા છે, કારણ કે દેવગતિમાં અસંખ્ય [3]શ્રાવકો હોય છે, મનુષ્યગતિમાં સંખ્યાતા હોય છે, તિર્યંચગતિમાં બહુ પ્રકારના હોય છે અને નારકગતિમાં પણ બહુ હોય છે. તેઓ શુરાતન, ઉદારતા અને ગંભીરતા આદિ અનેક ગુણવાળા હોવાથી ભગવાનના શાસનના દુશ્મનો જેઓનાં હૃદયમાં મિથ્યાત્વે વાસ કરેલો હોય છે તેને ઉખેડી નાખવામાં ઘણી ચતુરાઇ ધારણ કરનારા હોય છે અને આવી અનુપમ પ્રવૃત્તિ માટે તેઓ 'સુભટ'ના ઉપમાનને બરાબર રીતે યોગ્ય છે. તેઓ સર્વદા સર્વજ્ઞ મહારાજનું ધ્યાન કરે છે, આચાર્યરૂપ રાજાઓની આરાધના કરે છે, ઉપાધ્યાયરૂપ અમાત્યનો ઉપદેશ આચરે છે, ધર્મધુરંધર ગીતાર્થની આજ્ઞા પ્રમાણે સર્વ ધર્મકાર્યમાં જોડાય છે, સાધુવર્ગ ઉપર અનુગ્રહ કરનાર ગણચિંતકો જેમને કામદારનું સ્થાન આપવામાં આવ્યું છે તેઓને વસ્ત્ર, પાત્ર, ભાત, પાણી, ઔષધ, આસન, સંથારો, ઉપાશ્રય વિગેરે વિધિપૂર્વક આપે છે, કોટવાળ જેવા સાધુ પુરુષોમાં આ સાધુ આજનો દીક્ષિત છે–આ ઘણા વખતનો છે એવો કોઇ પ્રકારનો

---

૧ પોતાના ધર્મબંધુઓનું હિત કરવું તે.

૨ ઇંદ્રિયના વિષયરૂપ ઝેરનું ભયંકર પરિણામ તેઓ જાણતા હોવાથી.

૩ આ શ્રાવકો ચતુર્થ ગુણસ્થાનકે સ્થિત થયેલા સમજવા.

મંદિરમાં કોટવાળ.

તેમજ ખરેખરા ડહાપણવાળા કોટવાળો રહેલા હતા એમ પ્રથમ કહ્યું છે. આ તલવર્ગિક-કોટવાળો સર્વજ્ઞરાજમંદિરમાં રહેલા સામાન્ય સાધુઓ સમજવા. તેઓ લક્ષ્યપૂર્વક આચાર્ય મહારાજની આજ્ઞા ઉઠાવી લે છે, ઉપાધ્યાયના હુકમોને અમલમાં મૂકે છે, ગીતાર્થનો વિ[નય] કરે છે, ગણચિંતક જે મર્યાદા-હદ બાંધી આપે તેનું ઉલ્લંઘન ક[રતા] નથી, ગચ્છ કુલ ગણ કે સંઘનાં કામમાં પોતાની જાતને [જોડી] દે છે અને ગચ્છ કુલ ગણ કે સંઘ ઉપર કોઇ પણ પ્રકારની ઉપા[ધિ] આવી પડે તો પોતે પોતાની જીંદગીને જોખમે પણ તે વિપત્તિને [દૂર] કરવા પ્રયત્ન કરે છે. તેઓમાં શુરાતન, ભક્તિ અને વિનય એટ[લાં] બધાં હોય છે કે તેઓ 'કોટવાળ'ની સાથે સરખામણી કરવા યો[ગ્ય] છે, કારણ કે કોટવાળનું કામ પણ શુરાતનથી ભરપૂર હોય છે. તેઓ[ને] સ્વામી ઉપર અત્યંત ભક્તિ હોય છે અને તેઓ પોતાના ઉપરી અ[ધિ]કારી તરફ બહુ વિનયપૂર્વક વર્તે છે. એવી રીતે જે જૈન શાસનને અ[હીં] રાજ્યભુવન તરીકે ઓળખાવવામાં આવ્યું છે તેમાં આચાર્ય મ[હા]રાજની આજ્ઞા પ્રમાણે ઉપાધ્યાય તેનું ચિંતવન કરે છે, ગીતાર્થો તે[નું] રક્ષણ કરે છે, ગણચિંતકો તેની પુષ્ટિ કરે છે અને સાધુ મહાત્મા[ઓ] ચિંતા વગરના થઇને નિર્ણીત થયેલા માર્ગને યથાયોગ્ય રીતે અનુસ[રે] છે. આ પ્રમાણે હોવાથી સદરહુ રાજ્યભુવન આચાર્ય આદિથી વ્યા[પ્ત] છે એમ સમજવું.

મંદિરમાં વૃદ્ધાઓ.

"તે મંદિરમાં અનેક સ્થવિરા (વૃદ્ધ સ્ત્રીઓ) રહેતી હતી કે જે[ઓએ] મણે પોતે વિષયનો ત્યાગ કર્યો હતો અને જેઓ મદોન્મત્ત થયેલી યુવાન સ્ત્રીઓને યોગ્ય અંકુશ[માં] રાખવાને શક્તિમાન્ હતી." એ પ્રમાણે અગા[ઉ] નિષ્પુણ્યકની કથામાં કહેવામાં આવ્યું છે. તેની યોજ[ના] સર્વજ્ઞશાસનમાં આ પ્રમાણે કરવી. સ્થવિરા (વૃદ્ધ સ્ત્રીઓ) તે [આ] રાજમંદિરમાં આર્યા (સાધ્વીઓ) સમજવી. સ્થવિર સ્ત્રીઓને મા[ટે] ઉપર બે વિશેષણો કહ્યાં છે: એક તો તેઓ મદોન્મત્ત સ્ત્રીઓ[નું] નિવારણ કરનાર છે એમ કહ્યું છે અને પોતે ઇંદ્રિયો સંબંધી વિ[ષય] ભોગોથી નિવૃત્ત થયેલી છે એમ કહ્યું છે; આ બન્ને વિશેષણો 'આર્યા' સાધ્વીને બરાબર મળતાં આવે છે. તેઓનો પોતાનો શિષ્યવર્ગ અ[ને] શ્રમણોપાસક (તીર્થંકરના ભક્ત શ્રાવક) વર્ગની સ્ત્રીઓ જ્યારે પ્રમા[દ] (આળસ)ને વશ થઇ ધર્મકાર્યમાં આળસ કરતી હોય છે ત્યારે પોતે પરોપકાર કરવામાં તત્પર થઇને અને ભગવાનના આગમમાં બતાવેલ

ાનિર્જરાનું કારણ સાધર્મિકવાત્સલ્યને[1] જાણીને વારંવાર તેઓને ાના કર્તવ્યની યાદી આપે છે (સ્મારણા), અયોગ્ય કામ કરતાં ; છે (વારણા), શુભ કાર્ય કરવા પ્રેરણા કરે છે (ચોયણા), સારાં ા માટે વારંવાર પ્રેરણા કર્યા કરે છે (પડિચોયણા) અને તેમ કરીને ાના શિષ્યવર્ગને તેમજ શ્રાવિકાવર્ગને ખોટે રસ્તે જતાં વારંવાર ટકાવે છે અને સારે માર્ગે તેઓને લઇ આવે છે. વળી તેઓને ાય વિષના વિષમ વિપાક વિદિત હોવાથી વિષયભોગથી નિવૃત્ત વૃત્તિ- ળા થઇને સંયમમાં તેઓ રહે છે, અનેક પ્રકારની તપસ્યા કરવામાં ા કરે છે, નિરંતર સ્વાધ્યાય (અભ્યાસ અને મનન) કરવામાં ાનંદ માને છે, પ્રમાદોને જરા પણ સેવતી નથી અને કોઇ પણ પ્રકા- ી શંકા ઉઠાવ્યા વગર આચાર્ય મહારાજના આદેશને ઉઠાવી લે છે.

"તે રાજમહેલની ચોકી કરવા માટે અનેક સુભટો ચારે તરફ વીંટાઇને રહેતા હતા" એ પ્રમાણે અગાઉ કહ્યું છે.

મંદિરમાં સુભટો. આ સુભટો તે ભગવાનના શાસનમાં શ્રમણોપાસક શ્રાવકો સમજવા. તેઓની સંખ્યા મોટી હોવાથી તેઓ રાજમંદિરની ચોતરફ વ્યાપ્ત થઇને રહેલા ;, કારણ કે દેવગતિમાં અસંખ્ય [3]શ્રાવકો હોય છે, મનુષ્યગતિમાં ંખ્યાતા હોય છે, તિર્યંચગતિમાં બહુ પ્રકારના હોય છે અને નારક- ાતિમાં પણ બહુ હોય છે. તેઓ શુરાતન, ઉદારતા અને ગંભીરતા આદિ અનેક ગુણવાળા હોવાથી ભગવાનના શાસનના દુશ્મનો જેઓનાં દયમાં મિથ્યાત્વે વાસ કરેલો હોય છે તેને ઉખેડી નાખવામાં ઘણી ાતુરાઇ ધારણ કરનારા હોય છે અને આવી અનુપમ પ્રવૃત્તિ માટે ાઓ 'સુભટ'ના ઉપમાનને બરાબર રીતે યોગ્ય છે. તેઓ સર્વદા ર્વજ્ઞ મહારાજનું ધ્યાન કરે છે, આચાર્યરૂપ રાજાઓની આરાધના રે છે, ઉપાધ્યાયરૂપ અમાત્યનો ઉપદેશ આચરે છે, ધર્મધુરંધર ીતાર્થની આજ્ઞા પ્રમાણે સર્વ ધર્મકાર્યમાં જોડાય છે, સાધુવર્ગ ઉપર અનુગ્રહ કરનાર ગણચિંતકો જેમને કામદારનું સ્થાન આપવામાં આવ્યું ે તેઓને વસ્ત્ર, પાત્ર, ભાત, પાણી, ઔષધ, આસન, સંથારો, ઉપા- શ્રય વિગેરે વિધિપૂર્વક આપે છે, કોટવાળ જેવા સાધુ પુરુષોમાં આ સાધુ આજનો દીક્ષિત છે-આ ઘણા વખતનો છે એવો કોઇ પ્રકારનો

---

૧ પોતાના ધર્મબંધુઓનું હિત કરવું તે.

૨ ઇંદ્રિયના વિષયરૂપ ઝેરનું ભયંકર પરિણામ તેઓ જાણતા હોવાથી.

૩ આ શ્રાવકો ચતુર્થ ગુણસ્થાનકે સ્થિત થયેલા સમજવા.

આચરણમાં અને તીર્થંકર મહારાજ તથા સાધુની ભક્તિ કરવી—એ બાબતમાં જેઓનું મન લાગી રહ્યું છે એવી શ્રાવિકાઓ સમજવી. તેઓ પણ શ્રમણોપાસક (શ્રાવક)ની પેઠે સર્વજ્ઞ મહારાજની આરાધના કરવામાં તત્પર રહીને નિરંતર આજ્ઞાનો અભ્યાસ કરે છે (આજ્ઞા પ્રમાણે વર્તે છે)[1], વિશુદ્ધ શ્રદ્ધા (દર્શન)માં પોતાના આત્માને વિશેષ દૃઢ કરે છે, અણુવ્રતોને ધારણ કરે છે, [2]ગુણવ્રતોને ગ્રહણ કરે છે, [3]શિક્ષાવ્રતોનો અભ્યાસ કરે છે, જૂદા જૂદા પ્રકારનાં [4]તપો કરે છે, સ્વાધ્યાય કરવામાં રમણ કરે છે, સાધુઓને પોતાનું ભલું કરે તેવું ઉપકરણ વગેરેનું દાન આપે છે, સદ્‌ગુરુ મહારાજના પાદમાં વંદન કરીને હર્ષ પામે છે, સારા સાધુને નમસ્કાર કરીને સંતોષ પામે છે, સુંદર ધર્મકથા કરવામાં મોજ માને છે, સ્વધર્મી બંધુઓને પોતાના નજીકના સગા સંબંધી કરતાં પણ વધારે ગણે છે, જે દેશમાં સ્વધર્મી બંધુ ન હોય ત્યાં રહેવું પડે તો મનમાં ઉદ્વેગ પામે છે, સાધુ મહાત્માને વહોરાવ્યા સિવાય પોતાને ભોજન લેવું પડે તો તે તેમને પસંદ પડતું નથી અને ભગવાનના ધર્મની સેવા કરવાથી જાણે પોતાનો આત્મા આ સંસારરૂપ દુઃખસમુદ્રનો પાર પામી ગયો હોય એમ અંતઃકરણપૂર્વક માને છે. આ પ્રમાણે હોવાથી તેઓ પણ સર્વજ્ઞશાસનમંદિરના મધ્ય ભાગમાં પૂજાનાં [5]ઉપકરણનો આકાર ધારણ કરનારી હોઇ શ્રમણોપાસકો સાથે બંધાઇને (તેઓની સ્ત્રી તરીકે–ગૃહસ્થ સ્ત્રી તરીકે) અથવા તેઓથી છુટી[6] (વિધવા અથવા કુમારી શ્રાવિકાઓ તરીકે) રહીને વસે છે. જે સ્ત્રીઓ આવા પ્રકારની ન હોય તે પણ કદાચ તે રાજમંદિરના મધ્ય ભાગમાં રહેતી બહારથી જણાય તોપણ પરમાર્થથી

---

૧ જે દેવની આરાધનનો ઉપાય તેની આજ્ઞાનો અભ્યાસ કરવો તેજ છે.

यस्य चाराधनोपायः सदाज्ञाभ्यास एव हि.

હરિભદ્ર સુરિ–પ્રથમ અષ્ટક શ્લોક છઠ્ઠો.

૨ દિગ્પરિમાણ, ભોગોપભોગપ્રમાણ અને અનર્થદંડત્યાગ.

૩ સામાયિક, દેશાવગાસિક, પૌષધ અને અતિથિસંવિભાગ.

૪ તપના અનેક પ્રકાર છે: બાહ્ય અને અભ્યંતર–તે પ્રત્યેકના પણ બહુ ભેદ છે.

૫ મંદિરમાં જ્યાએ ત્યાં કોઇ કેશર બરાસ ફુલ તૈયાર રાખે ત્યારે જાણે તે પૂજનાં ઉપકરણનો આકારજ ધારણ કરનાર હોય તેવી લાગે છે. પાઠાંતરે—પૂજનાં ઉપકરણ હાથમાં લઇ જાણે કહેતી હોય કે આવો, પધારો, પૂજા કરો–એવી શ્રાવિકાઓ ત્યાં છે. પાઠાંતર पूजोपकरणकराः એમ છે.

૬ ગૃહસ્થી ન હોય તેવી સ્ત્રીઓ એટલે જેઓ કુમારી અથવા વિ[illegible] તે પણ શ્રાવિકા નામને યોગ્ય છે (જો તેનામાં શ્રાવિકાપણાના ગુણો [illegible]

[illegible] સાધ્વીઓને પણ ગમન [illegible]
[illegible] સાધુ—સાધ્વીઓને [illegible]
[illegible] શ્રાવિકાઓને [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] તેમાં જૈન આગમોમાં [illegible]
[illegible]
[illegible]
[illegible] નથી, ઓળખાતી નથી. [illegible]
[illegible] જરૂર નથી, [illegible]
[illegible]

યરવાં અને તીર્થંકર મહારાજ તથા સાધુની ભક્તિ કરવી—એ બાબ-
ાં જેઓનું મન લાગી રહ્યું છે એવી શ્રાવિકાઓ સમજવી. તેઓ
 શ્રમણોપાસક (શ્રાવક)ની પેઠે સર્વજ્ઞ મહારાજની આરાધના
ામાં તત્પર રહીને નિરંતર આજ્ઞાનો અભ્યાસ કરે છે (આજ્ઞા પ્રમાણે
 છે)[1], વિશુદ્ધ શ્રદ્ધા (દર્શન)માં પોતાના આત્માને વિશેષ દૃઢ
 છે, અણુવ્રતોને ધારણ કરે છે, [2]ગુણવ્રતોને ગ્રહણ કરે છે, [3]શિક્ષા-
ોનો અભ્યાસ કરે છે, જૂદા જૂદા પ્રકારનાં [4]તપો કરે છે, સ્વાધ્યાય
ામાં રમણ કરે છે, સાધુઓને પોતાનું ભલું કરે તેવું ઉપકરણ
ગેરેનું દાન આપે છે, સદ્ગુરુ મહારાજના પાદમાં વંદન કરીને હર્ષ
મે છે, સારા સાધુને નમસ્કાર કરીને સંતોષ પામે છે, સુંદર ધર્મ-
ા કરવામાં મોજ માને છે, સ્વધર્મી બંધુઓને પોતાના નજીકના
ા સંબંધી કરતાં પણ વધારે ગણે છે, જે દેશમાં સ્વધર્મી બંધુ ન
ાય ત્યાં રહેવું પડે તો મનમાં ઉદ્વેગ પામે છે, સાધુ મહાત્માને વહોરા-
વ્યા સિવાય પોતાને ભોજન લેવું પડે તો તે તેમને પસંદ પડતું નથી
અને ભગવાનના ધર્મની સેવા કરવાથી જાણે પોતાનો આત્મા આ
ંસારરૂપ દુઃખસમુદ્રનો પાર પામી ગયો હોય એમ અંતઃકરણપૂર્વક
ાને છે. આ પ્રમાણે હોવાથી તેઓ પણ સર્વજ્ઞશાસનમંદિરના
ધ્ય ભાગમાં પૂજાનાં [5]ઉપકરણનો આકાર ધારણ કરનારી હોઇ શ્રમ-
ણોપાસકો સાથે બંધાઇને (તેઓની સ્ત્રી તરીકે-ગૃહસ્થ સ્ત્રી તરીકે)
અથવા તેઓથી છુટી[6] (વિધવા અથવા કુમારી શ્રાવિકાઓ તરીકે)
રહીને વસે છે. જે સ્ત્રીઓ આવા પ્રકારની ન હોય તે પણ કદાચ તે
રાજમંદિરના મધ્ય ભાગમાં રહેતી બહારથી જણાય તોપણ પરમાર્થથી

---

૧ જે દેવની આરાધનનો ઉપાય તેની આજ્ઞાનો અભ્યાસ કરવો તેજ છે.

यस्य चाराधनोपायः सदाज्ञाभ्यास एव हि.

હરિભદ્ર સૂરિ-પ્રથમ અષ્ટક શ્લોક છઠ્ઠો.

૨ દિગ્પરિમાણ, ભોગોપભોગપ્રમાણ અને અનર્થદંડત્યાગ.

૩ સામાયિક, દેશાવગાશિક, પૌષધ અને અતિથિસંવિભાગ.

૪ તપના અનેક પ્રકાર છેઃ બાહ્ય અને અભ્યંતર-તે પ્રત્યેકના પણ બહુ ભેદ છે.

૫ મંદિરમાં જઇએ ત્યાં કોઇ કેશર બરાસ ફુલ તૈયાર રાખે ત્યારે જાણે તે પૂજાનાં ઉપકરણનો આકારજ ધારણ કરનાર હોય તેવી લાગે છે. પાઠાંતરે—પૂજાનાં ઉપકરણ હાથમાં લઇ જાણે કહેતી હોય કે આવો, પધારો, પૂજા કરો-એવી શ્રાવિકાઓ ત્યાં છે. પાઠાંતર पूजोपकरणकराः એમ છે.

૬ ગૃહસ્થી ન હોય તેવી સ્ત્રીઓ એટલે જેઓ કુમારી અથવા વિધવા હોય તે પણ શ્રાવિકા નામને યોગ્ય છે (જો તેનામાં શ્રાવિકાપણાનાં ગુણો હોય

...વિષયોમાં પ્રતિબંધ કરતો નથી એટલે તે વિષયોમાં અંધ લોલુપી થઇ ...પ્રીતિ આસક્ત થઇ જતો નથી. એ પ્રમાણે વિષયભોગ ઉપર અત્યંત ...રાગ ન હોવાને લીધે વિષયો ભોગવતાં પણ પ્રાણી પૂર્વે બાંધેલ પાપ પરમાણુઓના બંધને શિથિલ કરે છે અને સુંદર ફળ આપે તેવાં પુણ્યનાં પરમાણુઓને ગ્રહણ કરે છે. આવા પુણ્યનો જ્યારે વળી ઉદય થાય છે ત્યારે સંસાર પરથી આ પ્રાણીને વિરાગ ઉત્પન્ન કરાવે છે, સુખની પરંપરા આપે છે અને છેવટે મોક્ષ પ્રાપ્ત કરાવે છે—તેટલા માટે પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા શબ્દ વિગેરે વિષયોના ઉપભોગનેજ સુંદર પરિણામવાળા કહેવામાં આવ્યા છે અને પાપાનુબંધી પુણ્યના ઉદયથી જે વિષયભોગો પ્રાપ્ત થાય છે તે એકદમ મારી નાખે તેવા ઝેરથી લેપ કરાયલા લાડવા (લડ્ડુ)ની પેઠે ભયંકર પરિણામ ઉપજાવનાર હોવાથી વાસ્તવિક રીતે 'ભોગ' નામનેજ ઉચિત નથી, કારણ કે મરૂ ભૂમિ (મારવાડ)ની મૃગતૃષ્ણા (ઝાંઝવા)માં દેખાતા પાણીના કલ્લોલોની પેઠે તેને માટે દોડનાર પુરુષોનો શ્રમ તદ્દન નિષ્ફળ હોવાથી તે તૃષ્ણાને વધારી મૂકે છે, પણ મનધાર્યા વિષયો કદિ પ્રાપ્ત થતા નથી. (ઝેરી લાડવા ખાવાથી તુરત પ્રાણ લે છે અને ભયંકર પરિણામ લાવે છે તેવા તે વિષયો છે. ઉજડ જંગલમાં ઝાંઝવાનું જળ પીવા માટે ગમે તેટલું દોડવામાં આવે તે સર્વ પ્રયાસ નકામો જાય છે અને પાણી મળતું નથી તેમ આવા વિષયો તૃષ્ણા વધારે છે અને પોતે મળતા નથી). કદાચ મહામુશ્કેલીએ મળી જતાં તેને ભોગવવામાં આવે તો તે વખતે તે ક્લિષ્ટ આશયોને વધારે છે અને તેથી અધમ વિચારોથી વ્યાપ્ત થઇ જઇ પ્રાણી પોતાની બુદ્ધિ ઉપર અંધી ચઢાવે છે અને વિષયો ઉપર બહુ રાગ-પ્રીતિ આસક્તિ કરે છે. આવી રીતે થોડા દિવસ રહેનાર વિષયોને ભોગવતી વખત તેને પ્રાપ્ત કરાવી આપનાર અલ્પ પુણ્યને પ્રાણી ખપાવી દે છે, વાપરી નાખે છે અને તીવ્ર પાપકર્મના ભારથી પોતાના આત્માને ભારે કરે છે. એવી રીતે બાંધેલાં પાપકર્મો જ્યારે ઉદયમાં આવે છે અને તેનાં પરિણામો ભોગવવાં પડે છે ત્યારે આ પ્રાણી અનંત દુઃખથી ભરેલા સંસારસમુદ્રમાં અનંતો કાળ ભટક્યા કરે છે; તેટલા માટે પાપાનુબંધી પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા શબ્દ વિગેરે ઇંદ્રિયના ભોગોને ભયંકર પરિણામવાળા કહેવામાં આવ્યા છે.

[1]સંસારમાં રહેલા કેટલાક પ્રાણીઓને પ્રાપ્ત થયેલા શબ્દાદિ વિ-

૧ જેઓ કેવળ [illegible] લાલસાપૂર્વક ઉપરોક્ત [illegible] પૃ. ૭૧
[illegible] કર થાય છે.

એવી સ્ત્રીઓ તે રાજમંદિરની બહારજ છે એમ સમજવું. આ સર્વજ્ઞ રૂપ મંદિર ભાવવડેજ ગ્રહણ કરવાનું છે, તેથી બહારની છાયામ તેમાં દાખલ થઇ ગયેલા છે એમ દેખાતા પ્રાણીઓને પરમાર્થથી દાખલ થયેલા સમજવા નહિ.

તે રાજમંદિરમાં પાંચ ઇંદ્રિયના અનેક પ્રકારના ઉપભોગ શકે તેવા અનુપમ વિષયો હતા અને તેથી તે મં બહુ સુંદર લાગતું હતું એમ કહીને તે પર નિર કથાપ્રસંગમાં ત્યારપછી કરવામાં આવ્યું છે યોજના આ પ્રમાણે કરવી: સર્વ ઇંદ્રો તે રાજમં રના મધ્ય ભાગમાં વસે છે. એ શિવાય બીજા પણ [1]મહર્દ્ધિક દેવતા પણ ઘણું કરીને ભગવાનના મતરૂપ રાજમંદિરની બહાર [2]હોતા ન આવી રીતે જ્યાં વિમાનના સ્વામી દેવતાઓ અને ઇંદ્રો વસતા હ ત્યાં શબ્દ વિગેરે ઇંદ્રિયના અનુપમ વિષયોપભોગની સુંદરતા હોય એ કાંઇ નવાઇ લાગતી નથી. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ પ ઇંદ્રિયના વિષયોની પ્રાપ્તિના સંબંધમાં એટલું ધ્યાનમાં રાખવા જે છે કે વિષયભોગ પુણ્યના ઉદયથી પ્રાપ્ત થાય છે. એ પુણ્ય પ્રકારનું હોય છે: [3]પાપાનુબંધી અને પુણ્યાનુબંધી. તેમાં પુણ્યાનુબં પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા શબ્દ વિગેરે ઇંદ્રિયના વિષયોને અ નુપમ વિશેષણ ઘટે છે, કારણ કે સારી રીતે રાંધેલાં મનોહ ભોજનની પેઠે તેનું પરિણામ સુંદર આવે છે. જેમ સારી રીતે તૈયા કરેલું ભોજન ખાતી વખત સુંદર લાગે છે અને ત્યારપછી શરીરમાં અજીર્ણ કર્યા વગર શરીરની તુષ્ટિ અને પુષ્ટિ કરે છે તેમ પુણ્યાનુબંધ પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા ભોગો પ્રાણીના અધ્યવસાય[4]ને વિશે ઉજળા કરે છે અને આવી રીતે તે પ્રાણીનો આશય ઉદાર થવાથી તે

મંદિરમાં વિષયો.

૧ મોટી ઋદ્ધિવાળા.

૨ ઇન્દ્રો તથા મહર્દ્ધિક દેવતાઓના જીવો પ્રાયે ભવ્ય અને સમકિતી હોય છે, ઘણું ખરૂં મિથ્યાદષ્ટિ જીવો અને અભવ્ય એ સ્થાન પામતા નથી.

૩ જે પુણ્યનો ઉદય થાય ત્યારે પુણ્યનો બંધ થાય તે **પુણ્યાનુબંધી** જે પુણ્યનો ઉદય થાય ત્યારે પાપનો બંધ થાય તે **પાપાનુબંધી.** બન્ને પુણ્ય છે, પણ એકમાં અનુબંધ પુણ્યનો અને બીજામાં પાપનો છે. બન્નેના ઉદય વખતે તો ભોગ મળે છે, પણ આગળના પરિણામને લઇને આ ભેદ પાડ્યા છે. આ આખો પેરા વાંચવાથી તે વાત સ્પષ્ટ થશે.

૪ આત્માના વ્યક્ત આવિર્ભાવો (વિચારને મળતું બાહ્ય સ્ફુરણ).

વિષયોમાં પ્રતિબંધ કરતો નથી એટલે તે વિષયોમાં અંધ લોલુપી થઇ પ્રીતિ આસક્ત થઇ જતો નથી. એ પ્રમાણે વિષયભોગ ઉપર અત્યંત રાગ ન હોવાને લીધે વિષયો ભોગવતાં પણ પ્રાણી પૂર્વે બાંધેલ પાપ પરમાણુઓના બંધને શિથિલ કરે છે અને સુંદર ફળ આપે તેવાં પુણ્યનાં પરમાણુઓને ગ્રહણ કરે છે. આવા પુણ્યનો જ્યારે વળી ઉદય થાય છે ત્યારે સંસાર પરથી આ પ્રાણીને વિરાગ ઉત્પન્ન કરાવે છે, સુખની પરંપરા આપે છે અને છેવટે મોક્ષ પ્રાપ્ત કરાવે છે—તેટલા માટે પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા શબ્દ વિગેરે વિષયોના ઉપભોગનેજ સુંદર પરિણામવાળા કહેવામાં આવ્યા છે અને પાપાનુબંધી પુણ્યના ઉદયથી જે વિષયભોગો પ્રાપ્ત થાય છે તે એકદમ મારી નાખે તેવા ઝેરથી લેપ કરાયેલા લાડવા (લડ્ડુ)ની પેઠે ભયંકર પરિણામ ઉપજાવનાર હોવાથી વાસ્તવિક રીતે ‘ભોગ’ નામનેજ ઉચિત નથી, કારણ કે મરૂ ભૂમિ (મારવાડ)ની મૃગતૃષ્ણા (ઝાંઝવા)માં દેખાતા પાણીના કલ્લોલોની પેઠે તેને માટે દોડનાર પુરુષોનો શ્રમ તદ્દન નિષ્ફળ હોવાથી તે તૃષ્ણાને વધારી મૂકે છે, પણ મનધાર્યા વિષયો કદિ પ્રાપ્ત થતા નથી. (ઝેરી લાડવા ખાવાથી તુરત પ્રાણ લે છે અને ભયંકર પરિણામ લાવે છે તેવા તે વિષયો છે. ઉજ્જડ જંગલમાં ઝાંઝવાનું જળ પીવા માટે ગમે તેટલું દોડવામાં આવે તે સર્વ પ્રયાસ નકામો જાય છે અને પાણી મળતું નથી તેમ આવા વિષયો તૃષ્ણા વધારે છે અને પોતે મળતા નથી). કદાચ મહામુશ્કેલીએ મળી જતાં તેને ભોગવવામાં આવે તો તે વખતે તે કિલષ્ટ આશયોને વધારે છે અને તેથી અધમ વિચારોથી વ્યાપ્ત થઇ જઇ પ્રાણી પોતાની બુદ્ધિ ઉપર અંધી ચઢાવે છે અને વિષયો ઉપર બહુ રાગ-પ્રીતિ આસક્તિ કરે છે. આવી રીતે થોડા દિવસ રહેનાર વિષયોને ભોગવતી વખત તેને પ્રાપ્ત કરાવી આપનાર અલ્પ પુણ્યને પ્રાણી ખપાવી દે છે, વાપરી નાખે છે અને તીવ્ર પાપકર્મના ભારથી પોતાના આત્માને ભારે કરે છે. એવી રીતે બાંધેલાં પાપકર્મો જ્યારે ઉદયમાં આવે છે અને તેનાં પરિણામો ભોગવવાં પડે છે ત્યારે આ પ્રાણી અનંત દુઃખથી ભરેલા સંસારસમુદ્રમાં અનંતો કાળ ભટક્યા કરે છે; તેટલા માટે પાપાનુબંધી પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા શબ્દ વિગેરે ઇંદ્રિયના ભોગોને ભયંકર પરિણામવાળા કહેવામાં આવ્યા છે.

[1]સંસારમાં રહેલા કેટલાક પ્રાણીઓને પ્રાપ્ત થયેલા શબ્દાદિ વિ-

૧ બેંગાલ રોયલ એશીઆટિક સોસાયટીએ છપાવેલ મૂળ ગ્રંથનું પૃ ... અહીંથી શરૂ થાય છે.

એવી સ્ત્રીઓ તે રાજમંદિરની બહારજ છે એમ સમજવું. આ સર્વજ્ઞશા
રૂપ મંદિર ભાવવડેજ ગ્રહણ કરવાનું છે, તેથી બહારની છાયામ
તેમાં દાખલ થઇ ગયેલા છે એમ દેખાતા પ્રાણીઓને પરમાર્થથી
દાખલ થયેલા સમજવા નહિ.

મંદિરમાં વિષયો.

તે રાજમંદિરમાં પાંચે ઇંદ્રિયના અનેક પ્રકારના ઉપભોગ
શકે તેવા અનુપમ વિષયો હતા અને તેથી તે
બહુ સુંદર લાગતું હતું એમ કહીને તે પર
કથાપ્રસંગમાં ત્યારપછી કરવામાં આવ્યું છે
યોજના આ પ્રમાણે કરવી: સર્વ ઇંદ્રો તે રાજમ
રના મધ્ય ભાગમાં વસે છે. એ સિવાય બીજા પણ [1]મહર્દ્ધિક દેવતા
પણ ઘણું કરીને ભગવાનના મતરૂપ રાજમંદિરની બહાર [2]હોતા
આવી રીતે જ્યાં વિમાનના સ્વામી દેવતાઓ અને ઇંદ્રો વસતા
ત્યાં શબ્દ વિગેરે ઇંદ્રિયના **અનુપમ વિષયોપભોગની** સુંદરતા હોય
કાંઇ નવાઇ લાગતી નથી. શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ એ
ઇંદ્રિયના વિષયોની પ્રાપ્તિના સંબંધમાં એટલું ધ્યાનમાં રાખવા
છે કે વિષયભોગ પુણ્યના ઉદયથી પ્રાપ્ત થાય છે. એ પુણ્ય
પ્રકારનું હોય છે: [3]પાપાનુબંધી અને પુણ્યાનુબંધી. તેમાં પુણ્યાનુ
પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા શબ્દ વિગેરે ઇંદ્રિયના વિષયોને
નુપમ વિશેષણ ઘટે છે, કારણ કે સારી રીતે રાંધેલાં મને
ભોજનની પેઠે તેનું પરિણામ સુંદર આવે છે. જેમ સારી રીતે તૈ
કરેલું ભોજન ખાતી વખત સુંદર લાગે છે અને ત્યારપછી શરીર
અજીર્ણ કર્યા વગર શરીરની તુષ્ટિ અને પુષ્ટિ કરે છે તેમ પુણ્યાનુબં
પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા ભોગો પ્રાણીના અધ્યવસાય[4]ને વિશે
ઉજળા કરે છે અને આવી રીતે તે પ્રાણીનો આશય ઉદાર થવાથી

---

૧ મોટી ઋદ્ધિવાળા.

૨ ઇન્દ્રો તથા મહર્દ્ધિક દેવતાઓના જીવો પ્રાયે ભવ્ય અને સમકિતી હો
છે, ઘણું ખરૂં મિથ્યાદૃષ્ટિ જીવો અને અભવ્ય એ સ્થાન પામતા નથી.

૩ જે પુણ્યનો ઉદય થાય ત્યારે પુણ્યનો બંધ થાય તે પુણ્યાનુબંધી
જે પુણ્યનો ઉદય થાય ત્યારે પાપનો બંધ થાય તે **પાપાનુબંધી.** બન્ને પુણ્
છે, પણ એકમાં અનુબંધ પુણ્યનો અને બીજામાં પાપનો છે. બન્નેના ઉદય
તો [illegible] છે, [illegible] પરિણામને લઇને આ ભેદ પાડ્યા છે.
આત્માના [illegible]

૪ આત્માના [illegible] (વિચારને મળતું બાહ્ય સ્ફુરણ).

વિષયોમાં પ્રતિબંધ કરતો નથી એટલે તે વિષયોમાં અંધ લોલુપી થઇ અતિ આસક્ત થઇ જતો નથી. એ પ્રમાણે વિષયભોગ ઉપર અત્યંત રાગ ન હોવાને લીધે વિષયો ભોગવતાં પણ પ્રાણી પૂર્વે બાંધેલ પાપ પરમાણુઓના બંધને શિથિલ કરે છે અને સુંદર ફળ આપે તેવાં પુણ્યનાં પરમાણુઓને ગ્રહણ કરે છે. આવા પુણ્યનો જ્યારે વળી ઉદય થાય છે ત્યારે સંસાર પરથી આ પ્રાણીને વિરાગ ઉત્પન્ન કરાવે છે, સુખની પરંપરા આપે છે અને છેવટે મોક્ષ પ્રાપ્ત કરાવે છે—તેટલા માટે પુણ્યાનુબંધી પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા શબ્દ વિગેરે વિષયોના ઉપભોગનેજ સુંદર પરિણામવાળા કહેવામાં આવ્યા છે અને પાપાનુબંધી પુણ્યના ઉદયથી જે વિષયભોગો પ્રાપ્ત થાય છે તે એકદમ મારી નાખે તેવા ઝેરથી લેપ કરાયલા લાડવા (લડુ)ની પેઠે ભયંકર પરિણામ ઉપજાવનાર હોવાથી વાસ્તવિક રીતે 'ભોગ' નામનેજ ઉચિત નથી, કારણ કે મરૂ ભૂમિ (મારવાડ)ની મૃગતૃષ્ણા (ઝાંઝવા)માં દેખાતા પાણીના કલ્લોલોની પેઠે તેને માટે દોડનાર પુરુષોનો શ્રમ તદ્દન નિષ્ફળ હોવાથી તે તૃષ્ણાને વધારી મૂકે છે, પણ મનધાર્યા વિષયો કદિ પ્રાપ્ત થતા નથી. (ઝેરી લાડવા ખાવાથી તુરત પ્રાણ લે છે અને ભયંકર પરિણામ લાવે છે તેવા તે વિષયો છે. ઉજાડ જંગલમાં ઝાંઝવાનું જળ પીવા માટે ગમે તેટલું દોડવામાં આવે તે સર્વ પ્રયાસ નકામો જાય છે અને પાણી મળતું નથી તેમ આવા વિષયો તૃષ્ણા વધારે છે અને પોતે મળતા નથી). કદાચ મહામુશ્કેલીએ મળી જતાં તેને ભોગવવામાં આવે તો તે વખતે તે ક્લિષ્ટ આશયોને વધારે છે અને તેથી અધમ વિચારોથી વ્યાપ્ત થઇ જઇ પ્રાણી પોતાની બુદ્ધિ ઉપર અંધી ચઢાવે છે અને વિષયો ઉપર બહુ રાગ-પ્રીતિ આસક્તિ કરે છે. આવી રીતે થોડા દિવસ રહેનાર વિષયોને ભોગવતી વખત તેને પ્રાપ્ત કરાવી આપનાર અલ્પ પુણ્યને પ્રાણી ખપાવી દે છે, વાપરી નાખે છે અને તીવ્ર પાપકર્મના ભારથી પોતાના આત્માને ભારે કરે છે. એવી રીતે બાંધેલાં પાપકર્મો જ્યારે ઉદયમાં આવે છે અને તેનાં પરિણામો ભોગવવાં પડે છે ત્યારે આ પ્રાણી અનંત દુઃખથી ભરેલા સંસારસમુદ્રમાં અનંતો કાળ ભટક્યા કરે છે; તેટલા માટે પાપાનુબંધી પુણ્યના ઉદયથી પ્રાપ્ત થયેલા શબ્દ વિગેરે ઇંદ્રિયના ભોગોને ભયંકર પરિણામવાળા કહેવામાં આવ્યા છે.

[1]સંસારમાં રહેલા કેટલાક પ્રાણીઓને પ્રાપ્ત થયેલા શબ્દાદિ વિ

૧ એ ભાગ રોયલ એશીઆટિક સોસાયટીએ છપાવેલ નવી નકલ ૧ ઓ ... ઉપર થાય છે.

પયો સુંદર પરિણામ લાવે તેવા હોય છે. આવા પ્રાણીઓ ઉપર વેલી હકીકત પ્રમાણે ભગવાનના શાસનની બહાર હોતા નથી, તે માટે બુદ્ધિપૂર્વક વિચાર કરનારે (વિદ્વાને) અવશ્ય શીઘ્ર મોક્ષ અ વનાર આ ભગવાનના શાસનમાં ભાવપૂર્વક રહેવું ઉચિત છે. ભગવાનના શાસનમાં જે પ્રાણી રહે છે તેઓને તો અવશ્ય સું ભોગો પ્રયાસ વગર પ્રાપ્ત થાય છે, તેને પ્રાપ્ત કરાવનાર બીજો કો હેતુજ નથી એ હકીકત ઉપર જણાવી છે. મતલબ એ છે કે કારણોથી મોક્ષની પ્રાપ્તિ થાય છે તેજ કારણથી વિષયભોગોની પ્રાપ્તિ થાય છે, તેથી આ શાસન સર્વ રીતે બુદ્ધિમાનને પસંદ આવે તેવું છે આવી રીતે અપ્રતિપાતી[1] સુખને પ્રાપ્ત કરાવી આપવાનું કારણ છે વાથી આ પરમેશ્વરનું રાજમંદિર નિરંતર ઉત્સવવાળું છે એમ કહેવામાં આવ્યું હતું. ઉપરનાં સર્વ વિશેષણોથી યુક્ત રાજમંદિર જેમ કથાનકમાં કહેલા દરિદ્રીએ જોયું તેવી રીતે તે સર્વ વિશેષણોથી યુક્ત સર્વજ્ઞશા સન આ જીવ જુએ છે.

મંદિરદર્શનથી સ્ફુરણા.

"[2]સર્વ ઇંદ્રિયોને તત્ત્વથી નિર્વાણનું કારણ એવા તે રાજમંદિરને જોઇને 'આ શું હશે?' એમ તે રંક આશ્ચર્યપૂર્વક વિચારવા લાગ્યો. તેનામાં હજુ ઉન્માદ ઘણો હતો તેથી આ રાજમંદિર સંબંધી વિશે તાત્વિક હકીકત તે જાણતો નહોતો." આ પ્રમાણે અગાઉ નિષ્પુ ણ્યકની કથામાં કહેવામાં આવ્યું છે. તેવીજ રીતે આ જીવને કર્મ વિવર (માર્ગ) આપે છે ત્યારે મહામુશ્કેલીએ જૈન શાસન પામીને 'એ શું હશે!' એમ જાણવાની જિજ્ઞાસા કરે છે, પરંતુ ઉન્માદની સાથે સર ખાવવા યોગ્ય મિથ્યાત્વ (અજ્ઞાન)ના અંશો તેનામાં હજુ બહુ હોવાથી તેવી અવસ્થામાં હોય ત્યાંસુધી જિનમતના વિશેષ ગુણો તે તત્ત્વથી જાણતો નથી. ત્યારપછી તે કથાનકમાં કહેલા નિષ્પુણ્યકને "હવે ચેતના પ્રાપ્ત થવા માંડી છે તેથી વિચાર કરતાં કરતાં તેના મનમાં આ પ્રમાણે સ્ફુરણા થવા લાગી. તે વિચાર કરે છે કે 'જે રાજમં દિરમાં નિરંતર ઉત્સવ થઇ રહ્યો છે અને જે રાજમંદિર દ્વારપાળે કૃપાથી હું આજેજ દેખું છું તે અત્યાર સુધી મારા જોવામાં કદિ પણ આવ્યું નહોતું! આ રાજમંદિરના દરવાજા પાસે અગાઉ પણ

---

૧ સુખની પાછળ દુઃખ ન થાય તેવું, પાત ન થાય તેવું, અંત વગરનું સુખ. આવું સુખ મોક્ષમાં પામે છે.

૨ આ દર્શાન્તના સંબંધ પૃ. ૨૨ પં. ૧૧ થી શરૂ થતા પારિગ્રાફ સાથે છે.

ારતો રખડતો ઘણી વાર આવી પહોંચ્યો હતો એમ મને યાદ ારે છે, પણ તેની નજીક આવું ન આવું ત્યાં તો મહાપાપી દ્વાર-ાો મને ત્યાંથી હાંકી મૂકતા હતા'' આ પ્રમાણે પ્રથમ કહેવામાં ાવ્યું છે તે સર્વ આ જીવના સંબંધમાં બરાબર મળતું આવે છે; તે ાપી રીતેઃ-

સ્તે ચઢનાર- શુદ્ધ વિચારો.

થોડા સમયમાં જેઓનું કલ્યાણ થવાનું છે એવા ભવ્ય પ્રાણીઓ મહા મુશ્કેલીએ જ્યારે સર્વજ્ઞશાસનને પ્રાપ્ત કરે છે ત્યારે જો કે તે વખતે તેઓ સર્વજ્ઞશાસન સંબંધી વિશેષ હકીકત જાણતા નથી તોપણ તેઓ [1]માર્ગાનુસારી થયેલ હોવાથી તેઓનાં મનમાં એવો વિચાર ાય છે કે અહો! આ અર્હત્ ભગવાનનું દર્શન અત્યંત અદ્ભુત છે! ાહીં જે લોકો વસે છે તેઓ જાણે ભાઇઓ હોય, મિત્રો હોય, એક ાર્થ સિદ્ધ કરવાની ઇચ્છાવાળા હોય, હૃદય અર્પણ કરી દેનારા હોય, ાેક આત્માવાળા હોય તેમ અરસપરસ વર્તે છે; તેઓ જાણે અમૃ-ાનું પાન કરીને ધરાઇ ગયા હોય તેવા જણાય છે, તેઓને કોઇ પણ ્રકારનો ઉદ્વેગ હોયજ નહિ તેવા દેખાય છે, તેઓને કોઇ પ્રકારની ચિંતા જણાતી નથી, તેઓ ઉત્સાહથી ભરપૂર દેખાય છે, તેઓનાં મનના સર્વ મનોરથો જાણે પૂરા થઇ ગયા હોય તેવા તે જણાઇ આવે છે અને તેઓ સર્વ વખત આખી દુનિયાના સર્વ પ્રાણીઓનું હિત કર-વામાં તત્પર દેખાય છે. આ પ્રમાણે હોવાથી આ સર્વજ્ઞમંદિર ઘણું સુંદર છે, પણ અગાઉ કદિ બરાબર વિચાર કરેલો ન હોવાથી તે મંદિર આવું સુંદર છે એમ કદિ જાણ્યું નહોતું. આ જીવ ગ્રંથિપ્રદેશ સુધી અનેક વખત આવી ગયો, પરંતુ તે ગાંઠનો ભેદ કરીને તેણે કદિ પણ સર્વજ્ઞશાસનનું અવલોકન કર્યું નહોતું, કારણ કે રાગ દ્વેષ વિગેરે ક્રૂર દરવાનો વારંવાર તેને ત્યાંથી હાંકી મૂકતા હતા તેથી તેણે મંદિરના અંશને કદાચ જોયો હોય, પરંતુ જે વિભાગમાં સમ્યક્ત્વપ્રાપ્તિ થાય છે તે તેણે અત્યાર સુધી કદિ પણ જોયો નહોતો અને તે સંબંધમાં તેણે કદિ કાંઇ વિચાર પણ કર્યો નહોતો.

અગાઉ કથાપ્રસંગમાં કહ્યું કે તે દરિદ્રીને વારંવાર વિચારણા

---

૧ રસ્તાપર આવી ગયેલને 'માર્ગાનુસારી' કહે છે. એના ૩૫ ગુણો–બાહ્ય ચિહ્નો બતાવ્યા છે તે માટે જુઓ યોગશાસ્ત્ર (ગૂ. ભા. ભાષાંતર) પૃષ્ઠ ૬૨-૩ (પ્રથમ પ્રકાશ.)

પણે સુંદર પરિણામ લાવે તેવા હોય છે. આવા પ્રાણીઓ ઉપ[illegible] પેલી હકીકત પ્રમાણે ભગવાનના શાસનની બહાર હોતા નથી[illegible] માટે બુદ્ધિપૂર્વક વિચાર કરનારે (વિદ્વાને) અવશ્ય શીઘ્ર મોક્ષ[illegible] પનાર આ ભગવાનના શાસનમાં ભાવપૂર્વક રહેવું ઉચિત [illegible] ભગવાનના શાસનમાં જે પ્રાણી રહે છે તેઓને તો અવશ્ય [illegible] ભોગો પ્રયાસ વગર પ્રાપ્ત થાય છે, તેને પ્રાપ્ત કરાવનાર બીજ[illegible] હેતુજ નથી એ હકીકત ઉપર જણાવી છે. મતલબ એ છે [illegible] કારણોથી મોક્ષની પ્રાપ્તિ થાય છે તેજ કારણથી વિષયભોગોની [illegible] થાય છે, તેથી આ શાસન સર્વ રીતે બુદ્ધિમાનને પસંદ આવે [illegible] આવી રીતે અપ્રતિપાતી[1] સુખને પ્રાપ્ત કરાવી આપવાનું કાર[illegible] વાથી આ પરમેશ્વરનું રાજમંદિર નિરંતર ઉત્સવવાળું છે એમ ક[illegible] આવેલું નથું. ઉપરનાં સર્વ વિશેષણોથી યુક્ત રાજમંદિર જેમ ક્યા[illegible] કહેલા દરિદ્રીએ જોયું તેવી રીતે તે સર્વ વિશેષણોથી યુક્ત સર્વ[illegible] શાસન આ જીવ જુએ છે.

મંદિરદર્શનથી સ્ફુરણા.

"[illegible] કોટિઓને તત્ત્વથી નિર્વાણનું કારણ એવા તે રાજમં[illegible] હતો કે 'આ શું હશે?' એમ તે રંક આશ્ચર્યપૂર્વક વિચારવા લા[illegible] [illegible] હજુ ઉન્માદ ચાલ્યો હતો તેથી આ રાજમંદિર સંબંધી [illegible] [illegible] હકીકત તે જાણતો નહોતો." આ પ્રમાણે અગાઉ [illegible] [illegible] કહેવામાં આવ્યું છે. તેવીજ રીતે આ જીવને કર્મ[illegible] [illegible] છે ત્યારે મહામુશ્કેલીએ જૈન શાસન પામીને [illegible] [illegible] જિજ્ઞાસા કરે છે, પરંતુ ઉન્માદની સાથે [illegible] [illegible] મિથ્યાત્વ (અજ્ઞાન)ના અંશો તેનામાં હજુ બહુ [illegible] [illegible] હોય ત્યાંસુધી જિનમતના વિશેષ ગુણો તે [illegible] [illegible] તે [illegible] કહેલા નિષ્પુણ્યકને [illegible] [illegible] છે તેથી વિચાર કરતાં કરતાં તેના [illegible] [illegible] તે વિચાર કરે છે કે '[illegible] [illegible] છે અને જે રાજમંદિર [illegible] [illegible] મારા જોવામાં [illegible] [illegible] દરવાજા [illegible]

[illegible]

ખાતો રખડતો ઘણી વાર આવી પહોંચ્યો હતો એમ અને યાદ આવે છે, પણ તેની નજીક આવું ન આવું ત્યાં તો મહાપાપી દ્વારપાળો એને ત્યાંથી હાંકી મૂકતા હતા'' આ પ્રમાણે પ્રથમ કહેવામાં આવ્યું છે તે સર્વ આ જીવના સંબંધમાં બરાબર મળતું આવે છે; તે આવી રીતેઃ-

સ્તે ચડનાર- શુદ્ધ વિચારો.

યોગ્ય સમયમાં જેઓનું કલ્યાણ થવાનું છે એવા ભવ્ય પ્રાણીઓ મહા પુણ્યશાળીઓ જ્યારે સર્વજ્ઞશાસનને પ્રાપ્ત કરે છે ત્યારે જો કે તે વખતે તેઓ સર્વજ્ઞશાસન સંબંધી વિશેષ હકીકત જાણતા નથી તોપણ તેઓ 'માર્ગાનુસારી[1] થયેલ હોવાથી તેઓનાં મનમાં એવો વિચાર થાય છે કે અહો! આ અર્હત્ ભગવાનનું દર્શન અત્યંત અદ્ભુત છે! અહીં જે લોકો વસે છે તેઓ જાણે ભાઇઓ હોય, મિત્રો હોય, એક અર્થ સિદ્ધ કરવાની ઇચ્છાવાળા હોય, હૃદય અર્પણ કરી દેનારા હોય, એક આત્માવાળા હોય તેમ પરસ્પર વર્તે છે; તેઓ જાણે અમૃતનું પાન કરીને ધરાઇ ગયા હોય તેવા જણાય છે, તેઓને કોઇ પણ પ્રકારનો ઉદ્વેગ હોયજ નહિ તેવા દેખાય છે, તેઓને કોઇ પ્રકારની ચિંતા જણાતી નથી, તેઓ ઉત્સાહથી ભરપૂર દેખાય છે, તેઓનાં મનના સર્વ મનોરથો જાણે પૂરા થઇ ગયા હોય તેવા તે જણાઇ આવે છે અને તેઓ સર્વ વખત આખી દુનિયાના સર્વ પ્રાણીઓનું હિત કરવામાં તત્પર દેખાય છે. આ પ્રમાણે હોવાથી આ સર્વજ્ઞમંદિર ઘણું સુંદર છે, પણ અગાઉ કદિ બરાબર વિચાર કરેલો ન હોવાથી તે મંદિર આવું સુંદર છે એમ કદિ જાણ્યું નહોતું. આ જીવ ગ્રંથિપ્રદેશ સુધી અનેક વખત આવી ગયો, પરંતુ તે ગાંઠનો ભેદ કરીને તેણે કદિ પણ સર્વજ્ઞશાસનનું અવલોકન કર્યું નહોતું, કારણ કે રાગ દ્વેષ વિગેરે ક્રૂર દરવાનો વારંવાર તેને ત્યાંથી હાંકી મૂકતા હતા તેથી તેણે મંદિરના અંશને કદાચ જોયો હોય, પરંતુ જે વિભાગમાં સમ્યક્ત્વપ્રાપ્તિ થાય છે તે તેણે અત્યાર સુધી કદિ પણ જોયો નહોતો અને તે સંબંધમાં તેણે કદિ કાંઇ વિચાર પણ કર્યો નહોતો.

અગાઉ કથાપ્રસંગમાં કહ્યું કે તે દરિદ્રીને વારંવાર વિચારણા

---

૧ રસ્તાપર આવી ગયેલને 'માર્ગાનુસારી' કહે છે. એના ૩૫ ગુણો-બાહ્ય ચિહ્નો બતાવ્યાં છે તે માટે જુઓ યોગશાસ્ત્ર (વી. મા. ભાષાંતર) પૃષ્ઠ ૬૨-૩ (પ્રથમ પ્રકાશ.)

માં આગળ વધી ગ્રંથિભેદના પ્રદેશની નજીક આવી ગયેલાની છે સમજવું. સમ્યક્ત્વ પ્રાપ્ત થતાં પહેલાં પ્રાણીની આવી દશા થાય મેમ વિસ્તારથી જણાવવાનો અત્ર પ્રયત્ન કર્યો છે. સમ્યક્ત્વ વિમળા સૂચવે છે, પણ તે પ્રાપ્ત થયા પહેલાં ચેતનની પ્રગતિ ઘણી થાય અને તે કેવી રીતે થાય છે તે આ નિષ્પુણ્યકના દૃષ્ટાન્તથી બરા- વિચારવા યોગ્ય છે.

સુસ્થિત મહારાજની નજર.

ત્યારપછી સર્વે કલ્યાણના કારણભૂત પરમાત્માની નજર આ ઉપર પડે છે તેને અંગે કથાનકમાં કહેલો દરિદ્રી ચેતના પ્રાપ્ત ને ઉપર કહ્યું તે પ્રમાણે વિચાર કરે છે ત્યારથી તે મહારાજની ઉપર નજર પડી ત્યાંસુધીની હકીકત પર વિચારણા કરવાની છે. માટે મૂળ કથાનકમાં કહેવામાં આવ્યું છે કે "એ નિષ્પુણ્યક ને કાંઇક ચેતના પ્રાપ્ત થવાથી ઉપર પ્રમાણે પોતાના મનમાં તે કરે છે તે વખતે ત્યાં એક બનાવ બન્યો તે સાંભળો: આ રાજમંદિરના સાતમા માળ ઉપર સર્વથી ઉપરની ભૂમિકાએ લી- લીન થઇ સુસ્થિત મહારાજા બિરાજમાન થયા છે. ત્યાં બેઠા પોતાની નીચે આવી રહેલ આખા નગરના લોકો જૂદા જૂદા ર કરી રહ્યા છે અને અનેક પ્રકારના આનંદોમાં મચી રહ્યા છે વે એકી વખતે એક સાથે જોઇ રહ્યા છે. તે નગરની બહાર આ નગરમાં એવી કોઇ વસ્તુ કે એવો કોઇ ભાવ નથી કે જે મી ભૂમિ ઉપર બેઠેલા પરમ ઐશ્વર્યવાળા સુસ્થિત મહારાજાની ર બહાર હોય અથવા જેના ઉપર તેઓશ્રીની નજર ન પહોંચી ી હોય. અત્યંત ભયંકર દેખાવવાળા, અનેક રોગોથી ભરેલા શરી- ણા અને સારા માણસોને અત્યંત દયા ઉપજાવે તેવા તે વખતે રમાં દાખલ થયેલા નિષ્પુણ્યક દરિદ્રી ઉપર તે મહારાજાની નિર્મળ ર કરૂણાપૂર્વક પડી અને તેની દૃષ્ટિ પડવા માત્રથીજ તે દરિ- ાં પાપ કેટલેક અંશે ધોવાઇ ગયાં" આ સર્વ હકીકત આ જીવના ધમાં બરાબર વિચારવી. અહીં પણ જ્યારે તેનાં કર્મ જરા હલકાં ા છે અને ભદ્રકભાવમાં વર્તતો આ પ્રાણી જ્યારે માર્ગસન્મુખ રે થતો જાય છે[1] તે વખતે તેના સંબંધમાં પરમાત્માની તેના પર પરસ્પરરૂપ અતિ સુંદર બનાવ બને છે. ત્યાં રાજમંદિરમાં સાતમા ગની સર્વથી ઉપરની ભૂમિકા ઉપર બેઠેલા, પોતાની નીચે આવા

૧ તેનામાં માર્ગાનુસારીપણાના ગુણો વધારે વધારે આવતા જાય છે.

એવા દીન-રાંક ઉપર મહારાજાની દૃષ્ટિ પડી તે આગળ પાછળનો ચાર કરતાં કેમ બેસતું આવી શકે? એવાના તરફ પરમાત્મા નજર ર કરે?" વિશેષમાં તેને વિચાર થવા લાગ્યો કે અત્યંત કમનશીબ ાણસોનાં ઘરમાં અમુલ્ય રત્નની વૃષ્ટિ થતી નથી, ત્યારે અહીં ા પ્રમાણે કેમ બન્યું હશે એમ તેને વિચાર કરતાં આપણે કથા-સંગમાં જોયા, તેવી રીતે આ જીવના સંબંધમાં વિશુદ્ધ ધર્મ બતાવનાર ાચાર્ય મહારાજના મનમાં વિચાર થાય છે તેની યોજના આ પ્રમાણે રીઃ પ્રથમ અવસ્થામાં વર્તતા આ જીવને ભારે કર્મો લાગેલાં હોવાથી સર્વ પ્રકારનાં હિંસાદિ પાપો કરતો હોય છે, સર્વ પ્રકારનાં અસત્ય ને ખોટાં વચનો બોલતો હોય છે, રૌદ્રધ્યાન આખો વખત કર્યા રતો હોય છે, તેજ જીવ એકાએક સારા નિમિત્તને પામીને સારા તનવાળો, સત્ય અને પ્રિય બોલનારો અને શાંત ચિત્તવાળો દેખાવા ાગે છે તે વખતે આગળ પાછળનો લાંબો વિચાર કરનાર ચતુર રુષના મનમાં સાધારણ રીતે વિચાર થાય છે કે 'કોઇ પણ શુભ ધર્મને પમાડી આપનારી આવી સુંદર મન વચન કાયાની પ્રવૃત્તિ ભગવાનની કૃપા વગર કોઇ પ્રાણીની થતી નથી અને અમે આ પ્રાણીની મન વચન કાયાની પ્રવૃત્તિ તો આ ભવમાંજ અતિ અધમ જોઇ છે, તેથી ા બાબતમાં આગળ પાછળનો વિચાર કરતાં ઘણો વિરોધ દેખાઇ આવે છે! વળી એવો પણ વિચાર તેમને થાય છે કે એવા પાપથી ખરડાયલા પ્રાણી ઉપર ભગવાનની કૃપા કેવી રીતે થઇ કે હોઇ શકે? કારણ કે ભગવાનની કૃપા એક વખત થઇ તો પછી તે પ્રાણીને મોક્ષ પમાડીને થોડા વખતમાં તેને ત્રણ ભુવનનો નાથ બનાવી દે છે; એટલા માટે ભગવાનની કૃપા આ પ્રાણી ઉપર થઇ હોય અથવા ભગવાને તેના ઉપર નજર કરી હોય એ વાત તો સંભવતી નથી. વળી એવો પણ વિચાર થાય છે કે આ પ્રાણીમાં હાલ જે મન વચન કાયાની થોડી થોડી સુંદર પ્રવૃત્તિ દેખાય છે તેનું બીજું કાંઇ કારણ ન હોવાથી ભગવાનની તેના ઉપર સુંદર નજર પડી હોય એમ મા-નવાનો નિશ્ચય પણ થઇ શકે છે. આવી રીતે સંદેહને દૂર કરવાનું એક કારણ તો મળી જાય છે તોપણ હજુ "આ કેવી નવાઇ જેવી બાબત છે!" એવા એવા વિચારો મનમાં આવ્યા કરે છે.'

દૃષ્ટિપાતનાં કારણો.

આવી રીતે વિચાર કરતાં અને તેનો સાર શોધતાં ધર્મબોધકરે નિશ્ચય કર્યો કે 'મહારાજ રાજરાજેંદ્ર શ્રીસુસ્થિત મહારાજની આ ભિખારી ઉપર નજર પડવાનાં બે કારણો સંભવે છે, તેથી તે રંક ઉપર ઐશ્વર્યવાળી ભગવાનની દૃષ્ટિ પડી છે એમ નિર્ણય થઇ શકે છે

[આ]ચાર્યને આ જીવના સંબંધમાં નિર્ણય કરવામાં પણ ઉપર જણાવ્યાં [તે] બંને કારણો સાધનભૂત છે એટલે કે સ્વકર્મે આપેલ વિવર અને [ભગ]વાનના શાસન તરફ પક્ષપાત અથવા તેના તરફ મનનો પ્રસાદ [એ] બંને કારણોને લઇને પ્રાણી શાસનસન્મુખ થાય છે.

પ્રવત્તિ-નિર્ણય.

ત્યારપછી તે ધર્મબોધકર મંત્રીએ આ જીવના સંબંધમાં વિચાર્યું કે "આટલા ઉપરથી એમ લાગે છે કે જો કે એ દરિદ્રી ભિક્ષુકનો આકાર ધારણ કરે છે, પરંતુ હમણાં તેના ઉપર મહારાજાની કૃપાદૃષ્ટિ થઇ છે તેથી તે વસ્તુપણાને પામી જશે" આ પ્રમાણે દરિદ્રીના [કથા]પ્રસંગમાં કહેવામાં આવ્યું છે. તેવીજ રીતે ધર્માચાર્યો પણ ભગ[વા]નની નજર આ જીવ ઉપર પડી છે એમ નિશ્ચય કરીને ત્યારપછી [આ]ગામી કાળે ઉત્તરોત્તર પ્રગતિ થતાં છેવટે તેનું પરમ કલ્યાણ થશે [એ]વો તેના સંબંધમાં સંદેહ વગરનો નિર્ણય કરે છે. તેઓને આ જીવ [હ]વે પોતાના આત્માની પ્રગતિ કરી આગળ વધી અંતે સર્વ દુઃખથી [નિ]વૃત્ત થવાના માર્ગ પર આવી ગયો છે એ બાબતમાં જરા પણ શંકા [ર]હેતી નથી.

પ્રાણી તરફ કરુણા.

"આ પ્રમાણે વિચાર કરીને તે ધર્મબોધકર મંત્રી પેલા દ્રમક ઉપર કરુણા કરવામાં તત્પર ચિત્તવાળા થયા. લોકોમાં વાસ્તવિક રીતે કહેવાય છે કે 'યથા રાજા તથા પ્રજા': રાજાનું જેવું વર્તન એક પ્રાણીના સંબંધમાં થાય તેવું સાધારણ રીતે પ્રજાનું પણ તેના તરફ થઇ જાય છે" આ પ્રમાણે અગાઉ દરિદ્રીના દૃષ્ટાન્તમાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે વિશુદ્ધ ધર્મનો ઉપદેશ કરનાર આચાર્ય મહારાજ જ્યારે જુએ છે કે પરમાત્માની આ પ્રાણી ઉપર કૃપા થઇ છે ત્યારે તેઓ પોતે પરમાત્માની આરાધના કરવામાં તૈયાર હોવાથી આ પ્રાણી તરફ કરુણાભાવથી જુએ છે: ભગવાનની જેના ઉપર મીઠી દૃષ્ટિ થઇ હોય તેના તરફ કરુણાભાવ દેખાડવો એ તેઓના સંબંધમાં ભગવાનની આરાધનાજ છે.

ભિક્ષા આપવાની સન્મુખતા.

ત્યારપછી નિષ્પુણ્યકના કથાપ્રસંગે કહેવામાં આવ્યું છે કે "આવી રીતે વિચાર કરીને તેના ઉપર આદરભાવ લાવી ધર્મબોધકર મંત્રી તેની નજીક ગયા અને 'આવ, આવ, તને (ભિક્ષા) આપીએ,' એ પ્રમાણે કહેવા લાગ્યા" તેની આ જીવના સંબંધમાં આવી

તે યુક્તિયુક્ત છે. સારી રીતે બરાબર પરીક્ષા કરીને દાખલ
સ્વકર્મવિવર દ્વારપાળે તેને અહીં પ્રવેશ કરાવ્યો છે અને
ભગવાનની વિશેષ દૃષ્ટિ અને કૃપાને યોગ્ય છે તે પ્રથમ કા
બીજું આ રાજમંદિર જોઈને જેને મનમાં આનંદ થાય છે તે
મહારાજાને બહુ વહાલો થાય છે એમ તો અગાઉથી નક્કી કરી
છે. આ રંક જીવને રાજ્યભુવન દેખવાથી બહુ આનંદ થયો
એમ જણાય છે, કારણ કે તેની આંખો અનેક રોગોથી ભરપૂર
[illegible] આ રાજ્યભુવનના દર્શનથી દરેક ક્ષણે ઉઘડે છે, [illegible]
[illegible] છે, તેનું ભયંકર દેખાવવાળું મુખ પ્રભુકૃપાની સંપત્તિથી
[illegible] જણાય છે અને ધુળથી ખરડાયલાં સર્વ અંગો અને [illegible]
[illegible] થવાથી પુલકિત[2] થયેલાં દેખાય છે. આ સર્વ [illegible]
[illegible] આનંદ વગર બની શકતી નથી, તેથી [illegible]
[illegible] દૃષ્ટિપાતનું બીજું કારણ છે.' (એક [illegible]
[illegible] દ્વારપાળે તેને અહીં પ્રવેશ કરાવ્યો છે તે અને બીજું
[illegible] મનમાં સર્વજ્ઞમંદિર તરફ પ્રમોદ થયો છે તેઃ આ બન્ને
[illegible] ભગવાનની તેના ઉપર દૃષ્ટિ પડી છે એમ ધર્મ[illegible]
[illegible] નિશ્ચય કર્યો.) આવી રીતે શુદ્ધ ધર્માચાર્યો પણ આ [illegible]
[illegible] વિચાર કરે છે તે આ પ્રમાણેઃ વિચારપૂર્વક જ્યારે
[illegible] લક્ષ્ય આપે છે ત્યારે તેમને જણાય છે કે આ
[illegible] ([illegible]) આવ્યું છે તેથી ભગવાનનું શાસન
[illegible] મનમાં આનંદ બહુ થયો છે તેથી વારંવાર આંખો
[illegible] જીવ અજીવ આદિ પદાર્થો તરફ જિજ્ઞાસાપૂર્વક
[illegible] પદાર્થો સમજવામાં આવતાં સુંદર
[illegible] છે અને ધુળથી ખરડાયલાં અંગોમાં
[illegible] સુંદર અનુષ્ઠાનની થોડી થોડી
[illegible] ભગવાનની સુંદર દૃષ્ટિ તેના ઉપર
[illegible] ઉઘાડવા માંડવાને
[illegible] સુંદર રૂપાકૃતિને [illegible] ([illegible]
[illegible] અનુષ્ઠાન આદિ [illegible] છે
[illegible] સમ્યક્ચારિત્રનો વિષય છે અને
[illegible] હકીકત છે.) આ

[ચાર્યને આ જીવના સંબંધમાં નિર્ણય કરવામાં પણ ઉપર જણાવ્યાં બન્ને કારણો સાધનભૂત છે એટલે કે સ્વકર્મે આપેલ વિવર અને [ભગ]વાનના શાસન તરફ પક્ષપાત અથવા તેના તરફ મનનો પ્રસાદ બન્ને કારણોને લઇને પ્રાણી શાસનસન્મુખ થાય છે.

પ્રગતિ-નિર્ણય.

ત્યારપછી તે ધર્મબોધકર મંત્રીએ આ જીવના સંબંધમાં વિચાર્યું કે "આટલા ઉપરથી એમ લાગે છે કે જો કે એ દરિદ્રી ભિક્ષુકનો આકાર ધારણ કરે છે, પરંતુ હમણાં તેના ઉપર મહારાજાની કૃપાદૃષ્ટિ થઇ છે તેથી તે વસ્તુપણાને પામી જશે" આ પ્રમાણે દરિદ્રીના [પ્ર]સંગમાં કહેવામાં આવ્યું છે. તેવીજ રીતે ધર્માચાર્યો પણ ભગ[વા]નની નજર આ જીવ ઉપર પડી છે એમ નિશ્ચય કરીને ત્યારપછી [આ]ગામી કાળે ઉત્તરોત્તર પ્રગતિ થતાં છેવટે તેનું પરમ કલ્યાણ થશે [એ]વો તેના સંબંધમાં સંદેહ વગરનો નિર્ણય કરે છે. તેઓને આ જીવ [હ]વે પોતાના આત્માની પ્રગતિ કરી આગળ વધી અંતે સર્વ દુઃખથી [નિ]વૃત્ત થવાના માર્ગ પર આવી ગયો છે એ બાબતમાં જરા પણ શંકા રહેતી નથી.

પ્રાણી તરફ કરુણા.

"આ પ્રમાણે વિચાર કરીને તે ધર્મબોધકર મંત્રી પેલા દ્રમક ઉપર કરુણા કરવામાં તત્પર ચિત્તવાળા થયા. લોકોમાં વાસ્તવિક રીતે કહેવાય છે કે 'યથા રાજા તથા પ્રજા': રાજાનું જેવું વર્તન એક પ્રાણીના સંબંધમાં થાય તેવું સાધારણ રીતે પ્રજાનું પણ તેના તરફ થઇ જાય છે" આ પ્રમાણે અગાઉ દરિદ્રીના દૃષ્ટાન્તમાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે વિશુદ્ધ ધર્મનો ઉપદેશ કરનાર આચાર્ય મહારાજ જ્યારે જુએ છે કે પરમાત્માની આ પ્રાણી ઉપર કૃપા થઇ છે ત્યારે તેઓ પોતે પરમાત્માની આરાધના કરવામાં તૈયાર હોવાથી આ પ્રાણી તરફ કરુણાભાવથી જુએ છે: ભગવાનની જેના ઉપર મીઠી દૃષ્ટિ થઇ હોય તેના તરફ કરુણાભાવ દેખાડવો એ તેઓના સંબંધમાં ભગવાનની આરાધનાજ છે.

ભિક્ષા આપવાની સન્મુખતા.

ત્યારપછી નિષ્પુણ્યકના કથાપ્રસંગે કહેવામાં આવ્યું છે કે "આવી રીતે વિચાર કરીને તેના ઉપર આદરભાવ લાવી ધર્મબોધકર મંત્રી તેની નજીક ગયા અને 'આવ, આવ, તને (ભિક્ષા) આપીએ,' એ પ્રમાણે કહેવા લાગ્યા" તેની આ જીવના સંબંધમાં આવી

તે યુક્તિયુક્ત છે. સારી રીતે બરાબર પરીક્ષા કરીને દાખલ સ્વકર્મવિવર દ્વારપાળે તેને અહીં પ્રવેશ કરાવ્યો છે અને ભગવાનની વિશેષ દૃષ્ટિ અને કૃપાને યોગ્ય છે તે પ્રથમ [illegible] બીજું આ રાજમંદિર જોઇને જેને મનમાં આનંદ થાય છે [illegible] મહારાજાને બહુ વહાલો થાય છે એમ તો અગાઉથી નક્કી ક[illegible] છે. આ રંક જીવને રાજ્યભુવન દેખવાથી બહુ આનંદ થ[illegible] એમ જણાય છે, કારણ કે તેની આંખો અનેક રોગોથી ભર[illegible] છતાં આ રાજ્યભુવનના દર્શનથી દરેક ક્ષણે ઉઘડે છે, ઊંચ[illegible] થાય છે, તેનું ભયંકર દેખાવવાળું મુખ પ્રભુકૃપાની સંપત્તિ[illegible] થયેલું જણાય છે અને ધુળથી ખરડાયલાં સર્વ અંગો અને રોમરાય વિકસ્વર થવાથી પુલકિત[2] થયેલાં દેખાય છે. આ સર્વ અંદરના હર્ષ-આનંદ વગર બની શકતી નથી, તેથી [illegible] તરફ પક્ષપાતરૂપ રાજેંદ્ર દૃષ્ટિપાતનું બીજું કારણ છે.' (એક [illegible] વિવર દ્વારપાળે તેને અહીં પ્રવેશ કરાવ્યો છે તે અને બીજું પોતાના મનમાં સર્વજ્ઞમંદિર તરફ પ્રમોદ થયો છે તે: આ બન્ને [illegible]ને લઇને ભગવાનની તેના ઉપર દૃષ્ટિ પડી છે એમ ધર્મબો[illegible] મંત્રીશ્વરે નિશ્ચય કર્યો.) આવી રીતે શુદ્ધ ધર્માચાર્યો પણ આ [illegible] સંબંધમાં વિચાર કરે છે તે આ પ્રમાણે: વિચારપૂર્વક જ્યારે જીવ ઉપર તેઓ લક્ષ્ય આપે છે ત્યારે તેમને જણાય છે કે આ જીવનાં કર્મે વિવર (માર્ગ) આપ્યું છે તેથી ભગવાનનું શાસન [illegible] કરીને તેને મનમાં આનંદ બહુ થયો છે તેથી વારંવાર આંખો [illegible] મીંચવારૂપ જીવ અજીવ આદિ પદાર્થો તરફ જિજ્ઞાસાબુદ્ધિ [illegible] નજર કરે છે, શાસ્ત્રના થોડા પદાર્થો સમજવામાં આવતાં સુંદર [illegible] કૃતિરૂપ સંવેગ તે બતાવે છે અને ધુળથી ખરડાયલાં અંગોમાં [illegible] આકારને ધારણ કરનાર સુંદર અનુષ્ઠાનની થોડી થોડી [illegible] તેનામાં દેખાય છે, તેથી ભગવાનની સુંદર દૃષ્ટિ તેના ઉપર [illegible] એમ નિશ્ચય થાય છે. (અહીં આંખો ઉઘાડવા મીંચવાને 'તત્ [illegible]' સાથે સરખાવેલ છે. સુંદર મુખાકૃતિને 'સંવેગ' (વૈરાગ્ય [illegible] સરખાવેલ છે અને રોમાંચને સદનુષ્ઠાન સાથે સરખાવેલ છે [illegible] સમ્યગ્જ્ઞાન સમ્યગ્દર્શન અને સમ્યક્ચારિત્રનો વિષય છે અને [illegible] મોક્ષમાર્ગ [illegible] પ્રસિદ્ધ હકીકત છે.) આ [illegible]

૧ [illegible]

૨ [illegible] આવે છે તે.

ાચાર્યને આ જીવના સંબંધમાં નિર્ણય કરવામાં પણ ઉપર જણાવ્યાં બન્ને કારણો સાધનભૂત છે એટલે કે સ્વકર્મે આપેલ વિવર અને ભગવાનના શાસન તરફ પક્ષપાત અથવા તેના તરફ મનનો પ્રસાદ બન્ને કારણોને લઇને પ્રાણી શાસનસન્મુખ થાય છે.

ત્યારપછી તે ધર્મબોધકર મંત્રીએ આ જીવના સંબંધમાં વિચાર્યું કે "આટલા ઉપરથી એમ લાગે છે કે જો કે એ દરિદ્રી ભિક્ષુકનો આકાર ધારણ કરે છે, પરંતુ હમણાં તેના ઉપર મહારાજાની કૃપાદૃષ્ટિ થઇ છે તેથી તે વસ્તુપણાને પામી જશે" આ પ્રમાણે દરિદ્રીના પ્રસંગમાં કહેવામાં આવ્યું છે. તેવીજ રીતે ધર્માચાર્યો પણ ભગવાનની નજર આ જીવ ઉપર પડી છે એમ નિશ્ચય કરીને ત્યારપછી આગામી કાળે ઉત્તરોત્તર પ્રગતિ થતાં છેવટે તેનું પરમ કલ્યાણ થશે એવો તેના સંબંધમાં સંદેહ વગરનો નિર્ણય કરે છે. તેઓને આ જીવ પોતાના આત્માની પ્રગતિ કરી આગળ વધી અંતે સર્વ દુઃખથી મુક્ત થવાના માર્ગ પર આવી ગયો છે એ બાબતમાં જરા પણ શંકા હોતી નથી.

પ્રગતિ-
નિર્ણય.

"આ પ્રમાણે વિચાર કરીને તે ધર્મબોધકર મંત્રી પેલા દ્રમક ઉપર કરુણા કરવામાં તત્પર ચિત્તવાળા થયા. લોકોમાં વાસ્તવિક રીતે કહેવાય છે કે 'યથા રાજા તથા પ્રજા': રાજાનું જેવું વર્તન એક પ્રાણીના સંબંધમાં થાય તેવું સાધારણ રીતે પ્રજાનું પણ તેના તરફ થાય છે" આ પ્રમાણે અગાઉ દરિદ્રીના દૃષ્ટાન્તમાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે વિશુદ્ધ ધર્મનો ઉપદેશ કરનાર આચાર્ય મહારાજ જ્યારે જુએ છે કે પરમાત્માની આ પ્રાણી ઉપર કૃપા થઇ છે ત્યારે તેઓ પોતે પરમાત્માની આરાધના કરવામાં તૈયાર હોવાથી આ પ્રાણી તરફ કરુણાભાવથી જુએ છે: ભગવાનની જેના ઉપર મીઠી નજર થઇ હોય તેના તરફ કરુણાભાવ દેખાડવો એ તેઓના સંબંધમાં ભગવાનની આરાધનાજ છે.

પ્રાણી તરફ કરુણા.

ત્યારપછી નિષ્પુણ્યકના કથાપ્રસંગે કહેવામાં આવ્યું છે કે "આવી રીતે વિચાર કરીને તેના ઉપર આદરભાવ લાવી ધર્મબોધકર મંત્રી તેની નજીક ગયા અને 'આવ, આવ, તને (ભિક્ષા) આપીએ,' એ પ્રમાણે કહેવા લાગ્યા" તેની આ જીવના સંબંધમાં આવી

ા આપવા-
સન્મુખતા.

રીતે યોજના કરવી:-અગાઉ બતાવેલી હકીકત પ્રમાણે અન
સારમાં રખડતાં જ્યારે આ જીવની ભવિતવ્યતા પાકી જાય છે
ક્લિષ્ટ (આકરાં) કર્મો જ્યારે લગભગ નાશ પામવા જેવાં થઇ
માત્ર તેમાંથી થોડાંજ બાકી રહે છે, તે બાકી રહેલાં કર્મો પણ
આપે છે, મનુષ્યભવ વિગેરે સુંદર સામગ્રી તેને મળી આવે
સર્વજ્ઞશાસનનું દર્શન કરે છે, તે શાસન અતિ સુંદર છે એવો
મનમાં નિર્ણય થાય છે, પદાર્થનું જ્ઞાન મેળવવાની પ્રબળ ઇચ્છા
છે અને જ્યારે તેને સારાં કર્મો (પુણ્યકાર્ય) કરવાની કાંઇક
થઇ હોય છે-આવે વખતે આવા સુંદર ભદ્રકભાવમાં વર્તતાં
સહજ પાપકળાઓ હજુ પણ વર્તતી હોય છે તોપણ તેના
તીવ્ર કરૂણા લાવીને તેનામાં વિશુદ્ધ માર્ગ પર આવી જવાની
છે એમ નિર્ણય કરી આચાર્ય મહારાજ અથવા ઉપદેશકો તેની
થાય છે. એવા મહાત્માઓ જુએ છે કે આ પ્રાણી હજુ પાપ
આચરતો હોય છે, તોપણ તેની વૃત્તિ માર્ગસન્મુખ થઇ ગઇ છે
ભગવાનની તેના ઉપર કૃપા થઇ છે. આથી એવા જીવ પર ક
લાવીને ધર્માચાર્યો તેની સન્મુખ થાય છે એ ભાવને અહીં ધર્મ
ધકર દરિદ્રી સન્મુખ જાય છે તેની સાથે સરખાવવો. ત્યારે
કૃપા લાવીને આચાર્ય તેને આ પ્રમાણે કહે છે "હે ભદ્ર! આ
"અકૃત્રિમ[2] છે. કાળ અનાદિ અનંત છે. આપણો આત્મા શા
"છે, અવિનાશી છે. આ સંસારનો આખો પ્રપંચ કર્મનો કર
"છે. પ્રવાહથી આત્માનો અને કર્મનો સંબંધ અનાદિ છે અને

ભિક્ષાદાન-તત્ત્વાનુસંધાન.

"થ્યાત્વ અવિરતિ કષાય અને યોગ કર્મબંધ
"કારણો છે. સંસારપ્રપંચને ઉત્પન્ન કરનાર કર્મ
"પ્રકારનાં છે: કુશળરૂપ અને અકુશળરૂપ અથ
"શુભ અને અશુભ. તેમાં કુશળરૂપ શુભ કર્મો
"પુણ્ય અથવા ધર્મ કહેવાય છે અને જે અકુશળરૂપ અશુભ કર્મ
"તે પાપ અથવા અધર્મ કહેવાય છે. પુણ્યના ઉદયથી પ્રાણીને સુખનો
"અનુભવ થાય છે, પાપના ઉદયથી પ્રાણીને દુઃખનો અનુભવ થાય છે
"ઓછાં વધતાં પાપ અને પુણ્યના અનંત ભેદો થાય છે અને તેના
"જુદા જુદા ભેદથી પ્રાણી અધમ મધ્યમ ઉત્તમ વિગેરે અનંત પ્ર
"કારનાં રૂપો પામે છે. આ પ્રમાણે હોવાથી આ વિચિત્ર સ્વરૂપવાળા

ઓ સંસારપ્રપંચ કર્મજનિત છે.” વિશુદ્ધ ધર્મના ઉપદેશક
પાર્યનાં આવાં વચનો સાંભળીને પૂર્વ કાળની અનાદિ કુવાસના-
લીધે આ પ્રાણીને અત્યાર સુધી જે અનેક પ્રકારના કુવિકલ્પો
કરતા હોય છેઃ જેવા કે [1]આ જગત્ [2]ઇંડામાંથી ઉત્પન્ન થયું
કે તેને [3]ઈશ્વરે બનાવ્યું હશે? કે બ્રહ્માએ[4] તેને કર્યું હશે? અ-
તે [5]પ્રકૃતિનો વિકાર છે? અથવા તે [6]દરેક ક્ષણે નાશ પામનારૂં
રણી પાંચ [7]સ્કંધરૂપ આ જીવ [8]પંચ મહાભૂતમાંથી ઉત્પન્ન થયો
અથવા તો [9]જ્ઞાન માત્રજ છે કે આ સર્વ [10]શૂન્ય છે? કર્મ[11]
કોઇ વસ્તુ હશે કે નહિજ હોય? કે [12]મહેશ્વરને લીધે આ
જૂદાં જૂદાં રૂપો ધારણ કરે છે?—આવા આવા અનેક પ્રકારના
ત્પો તેના મનમાં થયાં કરતા હોય છે તે ભયંકર રણસંગ્રામમાં
બળવાન્ શત્રુસમૂહને જોઇને જેમ બીકણ મનુષ્યો નાસી જાય છે તેમ
સર્વ કુવિકલ્પો) દૂર હટી જાય છે. એ વખતે આ જીવની ખાતરી
છે કે આ મહાત્મા ધર્માચાર્ય જે વાતો મને કહે છે તે સર્વ ખરે-
ી છે અને સત્યાસત્યની પરીક્ષા કરવામાં તેઓ મારાથી વધારે
તવાળા છે અને વસ્તુનું ખરૂં સ્વરૂપ તેઓજ જાણે છે. આ પ્રમાણે

---

1 દરેક દર્શનમાં જીવ, જગત્ અને ઈશ્વર એ ત્રણે પ્રશ્નો ખાસ મુદ્દાના હોય
ા સંબંધમાં ષડ્દર્શનસમુચ્ચય ગ્રંથ વાંચવો. સાધારણ સમજણ માટે જુઓ
દઘન પદરત્નાવલી પ્રથમ ભાગ પૃષ્ઠ ૩૯૭ થી ૪૧૦.

2 ઇંડામાંથી જગતની ઉત્પત્તિ પુરાણમાન્યતા પ્રમાણે છે. એને સ્માર્ત મત
માં આવે છે.

3 ઈશ્વરકૃત સૃષ્ટિનો વિચાર સેશ્વર સાંખ્ય અને જૈમિનીય દર્શનનો છે.

4 બ્રહ્માકૃત ઈશ્વરનો વિચાર પુરાણમાન્યતા પ્રમાણે છે. દ્વૈતના સર્વ પ્રકા-
અહીં સમાવેશ થાય છે.

5 આ જગત્ પ્રકૃતિનો વિકાર છે એમ વૈશેષિક દર્શન માને છે.

6 દરેક ક્ષણે નાશ પામવાની માન્યતા બૌધ દર્શનની છે.

7 રૂપ, વેદના, વિજ્ઞાન, સંજ્ઞા અને સંસ્કાર આ પાંચ સ્કંધ છે. (જુઓ આ
ીકત માટે આનંદઘન પદરત્નાવલી પૃષ્ઠ ૩૬૧).

8 પંચ ભૂતમાંથી ઉત્પન્ન થઇ તેમાં મળી જવાની માન્યતા બૌધ મતની છે.
પાણી, અગ્નિ, વાયુ અને આકાશ એ પંચ ભૂત છે.

9 જ્ઞાન માત્ર જગતની માન્યતા સૌત્રાન્તિક બૌધ દર્શનની છે.

10 શૂન્ય ભાવ બૌધનો એક પ્રકાર છે. આ છેલ્લા ત્રણે અભિપ્રાયો બૌધ
છે.

11 આ ચાર્વાકનાસ્તિકનો મત છે. તેને લોકાયતીક પણ કહે છે.

12 આ મતનું નામ ઐશ્વર્ય દર્શન કહેવાય છે.

...ખો સંસારપ્રપંચ કર્મજનિત છે." વિશુદ્ધ ધર્મના ઉપદેશક ...ાર્યનાં આવાં વચનો સાંભળીને પૂર્વ કાળની અનાદિ કુવાસના-...ને લીધે આ પ્રાણીને અત્યાર સુધી જે અનેક પ્રકારના કુવિકલ્પો ...કરતા હોય છે: જેવા કે [1]આ જગત્ [2]ઇંડામાંથી ઉત્પન્ન થયું ...ં કે તેને [3]ઈશ્વરે બનાવ્યું હશે? કે બ્રહ્માએ[4] તેને કર્યું હશે? અ-...ં તે [5]પ્રકૃતિનો વિકાર છે? અથવા તે [6]દરેક ક્ષણે નાશ પામનારૂં ...વળી પાંચ [7]સ્કંધરૂપ આ જીવ [8]પંચ મહાભૂતમાંથી ઉત્પન્ન થયો ...? અથવા તો [9]જ્ઞાન માત્રજ છે કે આ સર્વ [10]શૂન્ય છે? કર્મ[11] ... કોઇ વસ્તુ હશે કે નહિજ હોય? કે [12]મહેશ્વરને લીધે આ ...જૂદાં જૂદાં રૂપો ધારણ કરે છે?—આવા આવા અનેક પ્રકારના ...ૃપો તેના મનમાં થયાં કરતા હોય છે તે ભયંકર રણસંગ્રામમાં ...વાન્ શત્રુસમૂહને જોઇને જેમ બીકણ મનુષ્યો નાસી જાય છે તેમ ...સર્વ કુવિકલ્પો) દૂર હઠી જાય છે. એ વખતે આ જીવની ખાતરી ... છે કે આ મહાત્મા ધર્માચાર્ય જે વાતો મને કહે છે તે સર્વ ખરે-... છે અને સત્યાસત્યની પરીક્ષા કરવામાં તેઓ મારાથી વધારે ...વાળા છે અને વસ્તુનું ખરૂં સ્વરૂપ તેઓજ જાણે છે. આ પ્રમાણે

---

૧ દરેક દર્શનમાં જીવ, જગત્ અને ઈશ્વર એ ત્રણે પ્રશ્નો ખાસ મુદ્દાના હોય ...ા સંબંધમાં ષડ્દર્શનસમુચ્ચય ગ્રંથ વાંચવો. સાધારણ સમજણ માટે જુઓ ...ઘન પદરત્નાવલી પ્રથમ ભાગ પૃષ્ઠ ૩૮૭ થી ૪૧૦.

૨ ઇંડામાંથી જગતની ઉત્પત્તિ પુરાણમાન્યતા પ્રમાણે છે. એને સ્માર્ત મત ...માં આવે છે.

૩ ઈશ્વરકૃત સૃષ્ટિનો વિચાર સેશ્વર સાંખ્ય અને જૈમિનીયં દર્શનનો છે.

૪ બ્રહ્માકૃત ઈશ્વરનો વિચાર પુરાણમાન્યતા પ્રમાણે છે. દ્વૈતના સર્વ પ્રકા-...નો અહીં સમાવેશ થાય છે.

... આ જગત્ પ્રકૃતિનો વિકાર છે એમ વૈશેષિક દર્શન માને છે.

... દરેક ક્ષણે નાશ પામવાની માન્યતા બૌધ દર્શનની છે.

... રૂપ, વેદના, વિજ્ઞાન, સંજ્ઞા અને સંસ્કાર આ પાંચ સ્કંધ છે. (જુઓ આ ...ીકત માટે આનંદઘન પદરત્નાવલી પૃષ્ઠ ૩૯૧).

... પંચ ભૂતમાંથી ઉત્પન્ન થઇ તેમાં મળી જવાની માન્યતા બૌધ મતની છે. ...પાણી, અગ્નિ, વાયુ અને આકાશ એ પંચ ભૂત છે.

... જ્ઞાન માત્ર જગતની માન્યતા સૌત્રાંતિક બૌધ દર્શનની છે.

... શૂન્ય માત્ર બૌધનો એક પ્રકાર છે. આ ઉક્ત ત્રણે અભિપ્રાયો બૌધ ...છે.

... આ ચાર્વાક્નાસ્તિકનો મત છે. તેને લોકાયતિક પણ કહે છે.

... આ મતનું નામ ઔલૂક્ય દર્શન કહેવાય છે.

પ્રે સંસારપ્રપંચ કર્મજનિત છે." વિશુદ્ધ ધર્મના ઉપદેશક
ચાર્યનાં આવાં વચનો સાંભળીને પૂર્વ કાળની અનાદિ કુવાસના-
ને લીધે આ પ્રાણીને અત્યાર સુધી જે અનેક પ્રકારના કુવિકલ્પો
કરતા હોય છેઃ જેવા કે [1]આ જગત્ [2]ઇંડામાંથી ઉત્પન્ન થયું
કે તેને [3]ઇશ્વરે બનાવ્યું હશે? કે બ્રહ્માએ[4] તેને કર્યું હશે? અ-
તે [5]પ્રકૃતિનો વિકાર છે? અથવા તે [6]દરેક ક્ષણે નાશ પામનારૂં
વળી પાંચ [7]સ્કંધરૂપ આ જીવ [8]પંચ મહાભૂતમાંથી ઉત્પન્ન થયો
? અથવા તો [9]જ્ઞાન માત્રજ છે કે આ સર્વ [10]શૂન્ય છે? કર્મ[11]
કોઇ વસ્તુ હશે કે નહિજ હોય? કે [12]મહેશ્વરને લીધે આ
જૂદાં જૂદાં રૂપો ધારણ કરે છે?—આવા આવા અનેક પ્રકારના
રૂપો તેના મનમાં થયાં કરતા હોય છે તે ભયંકર રણસંગ્રામમાં
વાન્ શત્રુસમૂહને જોઇને જેમ બીકણ મનુષ્યો નાસી જાય છે તેમ
સર્વ કુવિકલ્પો) દૂર હટી જાય છે. એ વખતે આ જીવની ખાતરી
છે કે આ મહાત્મા ધર્માચાર્ય જે વાતો મને કહે છે તે સર્વ ખરે-
છે અને સત્યાસત્યની પરીક્ષા કરવામાં તેઓ મારાથી વધારે
વાળા છે અને વસ્તુનું ખરૂં સ્વરૂપ તેઓજ જાણે છે. આ પ્રમાણે

---

૧ દરેક દર્શનમાં જીવ, જગત્ અને ઈશ્વર એ ત્રણે પ્રશ્નો ખાસ મુદ્દાના હોય
સંબંધમાં ષડ્દર્શનસમુચ્ચય ગ્રંથ વાંચવો. સાધારણ સમજણ માટે જુઓ
ઘન પદરત્નાવલી પ્રથમ ભાગ પૃષ્ઠ ૩૯૭ થી ૪૧૦.
૨ ઇંડામાંથી જગતની ઉત્પત્તિ પુરાણમાન્યતા પ્રમાણે છે. અને સ્માર્ત મત
માં આવે છે.
૩ ઈશ્વરકૃત સૃષ્ટિનો વિચાર સેશ્વર સાંખ્ય અને જૈમિનીય દર્શનનો છે.
૪ બ્રહ્માકૃત ઈશ્વરનો વિચાર પુરાણમાન્યતા પ્રમાણે છે. દ્વૈતના સર્વ પ્રકા-
અહીં સમાવેશ થાય છે.
આ જગત્ પ્રકૃતિનો વિકાર છે એમ વૈશેષિક દર્શન માને છે.
દરેક ક્ષણે નાશ પામવાની માન્યતા બૌધ દર્શનની છે.
રૂપ, વેદના, વિજ્ઞાન, સંજ્ઞા અને સંસ્કાર આ પાંચ સ્કંધ છે. (જુઓ આ
વિસ્તાર માટે આનંદઘન પદરત્નાવલી પૃષ્ઠ ૩૬૧).
પંચ ભૂતમાંથી ઉત્પન્ન થઇ તેમાં મળી જવાની માન્યતા બૌધ મતની છે.
પાણી, અગ્નિ, વાયુ અને આકાશ એ પંચ ભૂત છે.
જ્ઞાન માત્ર જગતની માન્યતા સૌત્રાંતિક બૌધ દર્શનની છે.
શૂન્ય વાદ બૌધનો એક પ્રકાર છે. આ છેલ્લા ત્રણે અભિપ્રાયો બૌધ
છે.
આ ચાર્વાકનાસ્તિકનો મત છે. તેને લોકાયતીક પણ કહે છે.
આ મતનું નામ ઔલૂક્ય દર્શન કહેવાય છે.

ર્મજ ત્રણ ભુવનને જોવા સમર્થ કલ્યાણદર્શી આંખો છે, ધર્મજ ને પ્રમોદ કરાવનાર અમૂલ્ય રત્નના ઢગલા છે, ધર્મજ ચિત્તને હ્લાદ ઉત્પન્ન કરનાર અને વિષઘાતાદિ આઠ ગુણને ધારણ કરર સોનાનો [1]ઢગલો છે, ધર્મજ શત્રુને હરાવવામાં પ્રવીણ [2]ચતુરંગના છે, ધર્મજ અનંત રતિસાગરમાં અવગાહન કરાવનાર વિસસ્થાનો છે; વધારે શું કહેવું? અનંત કાળ પર્યંત કોઇ પણ કારના અંતરાય વગર એકાંત સુખને પ્રાપ્ત કરાવનાર ધર્મજ છે, તેને ખને પ્રાપ્ત કરવાનું બીજું કોઇ પણ કારણ નથી."

વિશેષ ઉપદેશ.

મધુર બોલનાર મહાત્મા ધર્માચાર્ય એ પ્રમાણે ઉપદેશ આપે છે ત્યારે આ પ્રાણીનું ધ્યાન કાંઇક ભગવાન્ તરફ ખેંચાય છે અને તેથી તે પોતાની આંખો કાંઇક ઊંચી કરે છે, મ્હોં ઉપર પ્રસન્નતાનાં ચિહ્નો બતાવે છે, રાજકથા, સ્ત્રીકથા આદિ નકામી વાતોના વિક્ષેપો તજી અને કોઇ વખત હૃદયમાં શુભ ભાવ આવવાથી મુખેથી હસે છે, ચપટી વગાડે છે–આવી રીતે આ પ્રાણીને ધર્મની બાબતમાં કાંઇ રસ પડવા માંડ્યો છે એવી ધર્માચાર્યને ખબર પડતાં તેઓ વળી પ્રમાણે આગળ કહે છેઃ—

"હે ભાઇ! ઉપર મેં જે ધર્મની આટલી બધી પ્રશંસા કરી તે ર્મ ચાર પ્રકારનો છે. દાનમય, શીલમય, તપમય અને ભાવનામય. ભાઇ! જો તને સુખ મેળવવાની બહુ ઇચ્છા હોય તો એ ચારે પ્રકારનો ધર્મ તારે કરવા યોગ્ય છે. તું યોગ્ય પાત્રને તારી શક્તિ પ્રમાણે દાન આપ (દાન), સર્વ પાપોને તું છોડી દે (સર્વવિરતિ થા) અથવા સ્થૂળ પાપોનો ત્યાગ કર (દેશવિરતિ થા) અથવા બને તે પ્રમાણમાં પ્રાણાતિપાતથી, અસત્ય વચનથી, ચોરી કરવાથી, પરદારા ગમનથી, અપરિમિત વસ્તુસંચયથી, રાત્રિભોજનથી, મદ્યપાનથી, માંસભક્ષણથી, સચિત્ત (જીવવાળાં) ફળો ખાવાથી, મિત્રદ્રોહથી, ગુરુપત્ની સાથે વિહાર કરવાથી અને તેવી બીજી તારાથી તજી શકાય તેવી બાબતોથી નિવૃત્ત થા (શીલ), તારી

---

1 સોનાના આઠ ગુણો માટે જુઓ દશવૈકાલિક નિર્યુક્તિ ગાથા ૩૫૨ (પૃ. ૨૬૩). વિષઘાત, રસાયણ, મંગળ, વાળી શકાવાપણું, જમણો આવર્ત પડે તે ગુણ, ભારેપણું, ન બળે તે ગુણ અને કોહાય નહિ તે ગુણ. સોનાના એ ગુણો છે.

2 હાથી, ઘોડા, રથ અને પાયદળ લડનારા. એવા લશ્કરને ચતુરંગી સેના કહે છે.

[illegible]કત બની તે વખતે કથાપ્રસંગમાં જણાવ્યું હતું તે [illegible] વખતે પેલા નિષ્પુણ્યકને અનેક પ્રકારની પીડા કરવા માટે [illegible] પાછળ પડ્યા હતા તે ધર્મબોધકર મંત્રીના [illegible] સાંભળીને તુરત નાસી ગયા." તે હકીકતની પણ અહીં [illegible] કારણ કે મનમાં સાચા ખોટા વિકલ્પો થયા કરે છે તે [illegible] સમજવા. એ કુવિકલ્પોજ આ જીવને અને[illegible] કે એને ગુરુ મહારાજના શુભ યોગ અને સંબંધ[illegible] છે. એવી રીતે સર્વ કુવિકલ્પો [illegible] જ્યારે ગુરુ મહારાજનાં સુંદર વચનો [illegible] ભાગ ત્યારે એવા ધર્માચાર્ય ગુરુ [illegible] કરવામાંજ આનંદ લેનારા છે તેઓ [illegible] ઉપદેશ આપી આ પ્રાણીને કહે છે [illegible]

[illegible]

ભદ્ર! સાંભળ: "સંસારમાં રખડતાં આ [illegible] પ્રેમાળ[1] અંતઃકરણવાળો પિતા [illegible] તે ધર્મજ છે, ધર્મજ અત્યંત [illegible] વિચારથી જરા પણ ભિન્ન ભાવ [illegible] ભાઇ છે, એ ધર્મજ [illegible] 'મા' કહેનારી બહેન છે, [illegible] ગુણોમાં અત્યંત પ્રેમ રાખનાર [illegible] છે. ધર્મજ વિશ્વાસનું સ્થાન સર્વદા એક [illegible] અને સર્વ કળામાં કુશળ મિત્ર છે. [illegible] સુંદર આકૃતિ ધારણ કરનાર અને [illegible] છે. ધર્મજ શીળ, સૌંદર્ય અને [illegible] ઉત્પત્તિ કરનારી પુત્રી [illegible] ધર્મજ [illegible] પરિવાર[2] છે, [illegible] દેવપણું છે, [illegible]

[illegible]

[illegible]

જ ત્રણ ભુવનને જોવા સમર્થ કલ્યાણદર્શી આંખો છે, ધર્મજ
ને પ્રમોદ કરાવનાર અમૂલ્ય રત્નના ઢગલા છે, ધર્મજ ચિત્તને
હ્‍લાદ ઉત્પન્ન કરનાર અને વિષઘાતાદિ આઠ ગુણને ધારણ કર-
ર સોનાનો ¹ઢગલો છે, ધર્મજ શત્રુને હરાવવામાં પ્રવીણ ²ચતુરંગ
ના છે, ધર્મજ અનંત રતિસાગરમાં અવગાહન કરાવનાર નિ-
સસ્થાનો છે; વધારે શું કહેવું? અનંત કાળ પર્યંત કોઇ પણ
કારના અંતરાય વગર એકાંત સુખને પ્રાપ્ત કરાવનાર ધર્મજ છે, તેને
ખને પ્રાપ્ત કરવાનું બીજું કોઇ પણ કારણ નથી."

મધુર બોલનાર મહાત્મા ધર્માચાર્ય એ પ્રમાણે ઉપદેશ આપે છે ત્યારે આ પ્રાણીનું ધ્યાન કાંઇક ભગવાન તરફ ખેંચાય છે અને તેથી તે પોતાની આંખો કાંઇક ઊંચી કરે છે, મ્હોં ઉપર પ્રસન્નતાનાં ચિહ્નો બતાવે છે, રાજ-કથા, સ્ત્રીકથા આદિ નકામી વાતોના વિક્ષેપો તજી અને કોઇ વખત હૃદયમાં શુભ ભાવ આવવાથી સુખેથી હસે છે, ચપટી વગાડે છે-આવી રીતે આ પ્રાણીને ધર્મની બાબતમાં કાંઇ રસ પડવા માંડ્યો છે એવી ધર્માચાર્યને ખબર પડતાં તેઓ વળી પ્રમાણે આગળ કહે છેઃ—

(side note: ...વિશેષ ઉપદેશ.)

"હે ભાઇ! ઉપર મેં જે ધર્મની આટલી બધી પ્રશંસા કરી તે મ ચાર પ્રકારનો છે. દાનમય, શીલમય, તપમય અને ભાવનામય. ભાઇ! જો તને સુખ મેળવવાની બહુ ઇચ્છા હોય તો એ ચારે કારનો ધર્મ તારે કરવા યોગ્ય છે. તું યોગ્ય પાત્રને તારી શક્તિ માણે દાન આપ (દાન), સર્વ પાપોને તું છોડી દે (સર્વવિરતિ થા) થવા સ્થૂળ પાપોનો ત્યાગ કર (દેશવિરતિ થા) અથવા બને તે માણમાં પ્રાણાતિપાતથી, અસત્ય વચનથી, ચોરી કરવાથી, પર-રા ગમનથી, અપરિમિત વસ્તુસંચયથી, રાત્રિભોજનથી, મધ-નથી, માંસભક્ષણથી, સચિત્ત (જીવવાળાં) ફળો ખાવાથી, ત્રદ્રોહથી, ગુરુપત્ની સાથે વિહાર કરવાથી અને તેવી બીજી રાથી તજી શકાય તેવી બાબતોથી નિવૃત્ત થા (શીલ), તારી

---

1 સોનાના આઠ ગુણો માટે જુઓ દશવૈકાલિક નિર્યુક્તિ ગાથા ૩૫૨ (૨૬૩). વિષઘાત, રસાયણ, મંગળ, વાળી શકાવાપણું, જમણો આવર્ત પડે ભારેપણું. ન બળે તે ગુણ અને કોહાય નહિ તે ગુણ. સોનાના એ ગુણો છે.
૨ હાથી, ઘોડા, રથ અને પાયદળ લડનારા. એવા લશ્કરને ચતુરંગી સેના

છે કે આ મારૂં ભિખ માગવાનું ઘડાનું ઠીકરૂં ભિક્ષાના અન્નથી ભરેલું છે તે આ (ધર્મબોધકર) મને કોઇ એકાંત જગ્યાએ લઇ જઇને નાખશે, ભાંગી નાખશે અથવા તેને પોતે ઉપાડી જશે. ત્યારે હું અહીંથી નાસી જઉં? કે અહીં એક સ્થાને બેસીને મારૂં ભોજન કરી લઉં? અથવા મારે કાંઇ ભિક્ષાની જરૂર નથી એમ કહીને ચાલ્યો જઉં?"-આવા આવા અનેક સંકલ્પ વિકલ્પોથી તેના ભયમાં વધારો થતો ગયો અને તેને લઇને પોતે ક્યાં આવ્યો છે અને ક્યાં ઉભો છે તેનું પણ તે ભાન ભૂલી ગયો. પોતાની વસ્તુ ઉપર તેને એટલી આકરૂ મૂર્છા આવી ગઇ કે તેના સંરક્ષણ નિમિત્તક રૌદ્રધ્યાનમાં તે પડી ગયો અને તે દુર્ધ્યાનમાં તેની બન્ને આંખો મીંચાઇ ગઇ. તેના મન પર આ વિચારની એટલી બધી અસર થઇ કે તેની સર્વ ઇંદ્રિયોના વ્યાપારો જાણે થોડો વખત તદ્દન શાંત થઇ ગયા અને તે લાકડા જેવો ચેતના વગરનો થઇ ગયો અને તે જરા પણ હાલતો ચાલતો પણ બંધ થઇ ગયો. પેલી તદ્દયા તેની પાસે ઊભી ઊભી વારંવાર 'આ ભોજન લે, આ ભોજન લે' એમ કહેતી કહેતી થાકી ગઇ, પણ નિષ્પુણ્યક દ્રમક તો તેના તરફ જરા ધ્યાન પણ આપતો નથી અને પોતાની પાસે રહેલું તુચ્છ ભોજન આખી દુનિયામાં કોઇ જગ્યાએ થવું નથી-મળવું નથી એવા વિચારમાં ગુંચવાઇ ગયેલો તે દરિદ્રી તદ્દયાએ આણેલા અમૃતભોજનની કિંમત પણ સમજતો નથી." આ હકીકતોમાં દરિદ્રીના સંબંધમાં અગાઉ વાત કરવામાં આવી છે તે સર્વ આ જીવના સંબંધમાં બરાબર યોજાય છે, તેની યોજના નીચે પ્રમાણે સમજવી.

અધિકારના અ-યોગ્ય વિચારો.

જ્યારે આ પ્રાણીનું એકાંત હિત કરવાની બુદ્ધિથી ધર્માચાર્ય વિસ્તારથી ધર્મના ગુણનું વર્ણન કરીને પછી ચાર પ્રકારના ધર્મનું અનુષ્ઠાન કરવાનો ઉપદેશ આપે છે તે વખતે આ જીવનાં વિવેકચક્ષુ મહા અંધકારમય મિથ્યા જ્ઞાનરૂપ [1]કાચ, પટલ, તિમિર, કામલ વિગેરે વ્યાધિઓથી જોવાની શક્તિને અંગે નરમ પડી ગયેલાં હોવાથી, અનાદિ સંસારભ્રમણના અભ્યાસથી મહામિથ્યાત્વના સંતાપ તથા ઉન્માદવડે તેનું હૃદય કઠિન થઇ ગયેલું હોવાથી તેમજ પ્રબળ [2]ચારિત્ર મોહનીયરૂપ

[1] કાચ, પટલ, તિમિર, કામલ એ સર્વ આંખના વ્યાધિઓનાં નામ છે, જેનાથી જોવાની શક્તિ ઘટતી જાય છે.

[2] કષાય, હાસ્ય, રતિ, અરતિ, શોકાદિ તથા વેદત્રયને ચારિત્ર મોહનીય કહેવામાં આવે છે

છે કે આ મારૂં ભિખ માગવાનું ઘડાનું ઠીકરૂં ભિક્ષાના અન્નથી તું છે તે આ (ધર્મબોધકર) મને કોઇ એકાંત જગ્યોએ લઇ જઇને નાખશે, ભાંગી નાખશે અથવા તેને પોતે ઉપાડી જશે. ત્યારે અહીંથી નાસી જઉં? કે અહીં એક સ્થાને બેસીને મારૂં ભો- કરી લઉં? અથવા મારે કાંઇ ભિક્ષાની જરૂર નથી એમ કહીને ચો જઉં?"–આવા આવા અનેક સંકલ્પ વિકલ્પોથી તેના ભયમાં રો થતો ગયો અને તેને લઇને પોતે ક્યાં આવ્યો છે અને ક્યાં છે તેનું પણ તે ભાન ભૂલી ગયો. પોતાની વસ્તુ ઉપર તેને ી ગાઢ મૂર્ચ્છા આવી ગઇ કે તેના સંરક્ષણ નિમિત્તક રૌદ્રધ્યાનમાં પડી ગયો અને તે દુર્ધ્યાનમાં તેની બન્ને આંખો મીંચાઇ ગઇ. મન પર આ વિચારની એટલી બધી અસર થઇ કે તેની સર્વ યોના વ્યાપારો જાણે થોડો વખત તદ્દન શાંત થઇ ગયા અને તે ડા જેવો ચેતના વગરનો થઇ ગયો અને તે જરા પણ હાલતો તો પણ બંધ થઇ ગયો. પેલી તદ્દયા તેની પાસે ઊભી ઊભી વાર 'આ ભોજન લે, આ ભોજન લે' એમ કહેતી કહેતી થાકી , પણ નિષ્પુણ્યક દ્રમક તો તેના તરફ જરા ધ્યાન પણ આપતો નથી ને પોતાની પાસે રહેલું તુચ્છ ભોજન આખી દુનિયામાં કોઇ જગ્યો- થતું નથી–મળતું નથી એવા વિચારમાં ગુંચવાઇ ગયેલો તે દરિદ્રી સાએ આણેલા અમૃતભોજનની કિંમત પણ સમજતો નથી." આ દોમાં દરિદ્રીના સંબંધમાં અગાઉ વાત કરવામાં આવી છે તે સર્વ જીવના સંબંધમાં બરાબર યોજાય છે, તેની યોજના નીચે પ્રમાણે રવી.

બુદ્ધિજીવના અ- ...મ વિચારો.

જ્યારે આ પ્રાણીનું એકાંત હિત કરવાની બુદ્ધિથી ધર્માચાર્ય વિસ્તારથી ધર્મના ગુણનું વર્ણન કરીને પછી ચાર પ્રકારના ધર્મનું અનુષ્ઠાન કરવાનો ઉપદેશ આપે છે તે વખતે આ જીવનાં વિવેકચક્ષુ મહા અંધકારમય મિથ્યા જ્ઞાનરૂપ [1]કાચ, પટલ, તિમિર, કામલ વિગેરે ાધિઓથી જોવાની શક્તિને અંગે નરમ પડી ગયેલાં હોવાથી, અનાદિ સંસારભ્રમણના અભ્યાસથી મહામિથ્યાત્વના સંતાપ તથા ઉન્માદવડે તેનું દય ભ્રમિત થઇ ગયેલું હોવાથી તેમજ પ્રબળ [2]ચારિત્ર મોહનીયરૂપ

---

૧ કાચ, પટલ, તિમિર, કામલ એ સર્વ આંખના વ્યાધિઓનાં નામ છે, જેથી જોવાની શક્તિ ઘટતી જાય છે.

૨ કષાય, હાસ્ય, રતિ, અરતિ, શોકાદિ તથા વેદોદયને ચારિત્ર મોહનીય કહેવામાં આવે છે.

...છે કે આ મારૂં ભિખ માગવાનું ઘડાનું ઠીકરૂં ભિક્ષાના અન્નથી ...છે તે આ (ધર્મબોધકર) મને કોઇ એકાંત જગ્યોએ લઇ જઇને ...નાખશે, ભાંગી નાખશે અથવા તેને પોતે ઉપાડી જશે. મારે ...અહીંથી નાસી જઉં? કે અહીં એક સ્થાને બેસીને મારૂં ભો-...કરી લઉં? અથવા મારે કાંઇ ભિક્ષાની જરૂર નથી એમ કહીને ...પો જઉં?"—આવા આવા અનેક સંકલ્પ વિકલ્પોથી તેના ભયમાં ...રો થતો ગયો અને તેને લઇને પોતે ક્યાં આવ્યો છે અને ક્યાં ...છે તેનું પણ તે ભાન ભૂલી ગયો. પોતાની વસ્તુ ઉપર તેને ...ગાઢ મૂર્છા આવી ગઇ કે તેના સંરક્ષણ નિમિત્તક રૌદ્રધ્યાનમાં ...પડી ગયો અને તે દુર્ધ્યાનમાં તેની બન્ને આંખો મીંચાઇ ગઇ. ...મન પર આ વિચારની એટલી બધી અસર થઇ કે તેની સર્વ ...યોના વ્યાપારો જાણે થોડો વખત તદ્દન શાંત થઇ ગયા અને તે ...ડા જેવો ચેતના વગરનો થઇ ગયો અને તે જરા પણ હાલતો ...રતો પણ બંધ થઇ ગયો. પેલી તદ્દયા તેની પાસે ઊભી ઊભી ...વાર 'આ ભોજન લે, આ ભોજન લે' એમ કહેતી કહેતી થાકી ..., પણ નિષ્પુણ્યક દ્રમક તો તેના તરફ જરા ધ્યાન પણ આપતો નથી ...રે પોતાની પાસે રહેલું તુચ્છ ભોજન આખી દુનિયામાં કોઇ જગ્યો-...થતું નથી-મળતું નથી એવા વિચારમાં ગુંચવાઇ ગયેલો તે દરિદ્રી ...યાએ આપેલા અમૃતભોજનની કિંમત પણ સમજતો નથી." આ ...બ્દોમાં દરિદ્રીના સંબંધમાં અગાઉ વાત કરવામાં આવી છે તે સર્વ ...જીવના સંબંધમાં બરાબર યોજાય છે, તેની યોજના નીચે પ્રમાણે ...વી.

...બુદ્ધિજીવના અ-...મ વિચારો.

જ્યારે આ પ્રાણીનું એકાંત હિત કરવાની બુદ્ધિથી ધર્માચાર્ય વિસ્તારથી ધર્મના ગુણનું વર્ણન કરીને પછી ચાર પ્રકારના ધર્મનું અનુષ્ઠાન કરવાનો ઉપદેશ આપે છે તે વખતે આ જીવનાં વિવેકચક્ષુ મહા અંધકારમય મિથ્યા જ્ઞાનરૂપ [1]કાચ, પટલ, તિમિર, કામલ વિગેરે ...વ્યાધિઓથી જોવાની શક્તિને અંગે નરમ પડી ગયેલાં હોવાથી, અનાદિ ...સંસારભ્રમણના અભ્યાસથી મહામિથ્યાત્વના સંતાપ તથા ઉન્માદવડે તેનું ...હૃદય ભ્રમિત થઇ ગયેલું હોવાથી તેમજ પ્રબળ [2]ચારિત્ર મોહનીયરૂપ

૧ કાચ, પટલ, તિમિર, કામલ એ સર્વ આંખના વ્યાધિઓનાં નામ છે, ...જેથી જોવાની શક્તિ ઘટી જાય છે.

૨ કષાય, હાસ્ય, રતિ, અરતિ, શોકાદિ તથા વેદોદયને ચારિત્ર મોહનીય ...કહેવામાં આવે છે.

"શક્તિ પ્રમાણે કાંઇક તપસ્યા કર (તપ) અને તું વારંવા
"ભાવના (ભાવના) ભાવ. આ પ્રમાણે કરવાથી તને જરા
"વગર સર્વ કલ્યાણ આ ભવમાં અને પરભવમાં જરૂર પ્રાપ્ત

તદ્દયા.

અગાઉ નિષ્પુણ્યકની [1]કથાનકમાં કહેવામાં આવ્યું છે કે "ધર્મબોધકર મંત્રી ભિક્ષા લેવા આવનારને બેસવા જગ્યાએ તે દ્રમકને લઇ ગયા અને તેને આપવા માટે પોતાના સેવકોને તેણે હુકમ ધર્મબોધકર મંત્રીશ્વરને એક તદ્દયા નામની સુંદર સુશીલ દીકરી છે. પોતાના પિતાનાં ઉપર જણાવેલા સાંભળીને તે તુરતજ ઊભી થઇ અને **મહાકલ્યાણક** નામનું પરમાન્ન લઇને પેલા દ્રમકને તે ભોજન આપવા માટે તેની આવી પહોંચી." આ સર્વ હકીકતની ઉપર યોજના થઇ છે તે આવી રીતેઃ ચાર પ્રકારના ધર્મનું ઉપર વર્ણન આવ્યું તે જીવને બોલાવવા તુલ્ય સમજવું; તે દરિદ્રીનું ચિત્ત તે ખેંચાયું તે ભિક્ષાચરને યોગ્ય જગ્યા તરફ તેને લઇ જવા તુલ્ય જવું; ધર્મના ભેદ પાડીને તેના ઉપર ધર્માચાર્યે જે વ્યાખ્યાન કર્યું પોતાના સેવકોને ભિક્ષા આપવાના હુકમ તુલ્ય સમજવું અને ગુરુ મહારાજ ધર્માચાર્યની આ જીવ ઉપરની કૃપા તે તદ્દયા (तद्‌ जीवे दया–कृपा तद्दया) નામની મંત્રીશ્વરની પુત્રી સમજવી; દાન, તપ અને ભાવરૂપ ચાર પ્રકારના ધર્મનું અનુષ્ઠાન કરવું તે સુંદર માન્ન (ઉત્કૃષ્ટ ભોજન, ક્ષીર, દૂધપાક)ના ભોજન તુલ્ય સમજ એ ધર્મરૂપ પરમાન્ન ધર્માચાર્યની કૃપાથીજ પ્રાણી મેળવે છે, બીજા પણ કારણથી મેળવી શકતો નથી એમ લક્ષ્યમાં રાખવું.

મહાકલ્યાણક ભોજનનું સામાન્ય વર્ણન કર્યા પછી અગાઉ

દરિદ્રીને આશંકા.

પ્રસંગમાં કહેવામાં આવ્યું છે કે "તે દરિદ્રીના ચારો હજુ ઘણા હલકા છે અને તેના મનમાં અનેક પ્રકારની શંકાઓ છે તેથી જ્યારે તેને લેવા માટે આ પ્રમાણે બોલાવવામાં આવ્યો ત્યારે તે મનમાં વિચાર કરવા લાગ્યો કે 'મને જાતે ચાલી બોલાવીને આ ઉત્તમ ભિક્ષા આપવા માટે આટલો બધો પ્રયત્ન તે ... મને કોઇ પણ રીતે ઠીક (લાભકારી) લાગતી નથી

[1] ... ઉપરનો ... ... ૧ ૨૩ સાથે છે.

છે કે આ મારૂં ભિખ માંગવાનું ઘડાનું ઠીકરૂં ભિક્ષાના અન્નથી નું છે તે આ (ધર્મબોધકર) મને કોઇ એકાંત જગ્યોએ લઇ જઇને નાખશે, ભાંગી નાખશે અથવા તેને પોતે ઉપાડી જશે. ત્યારે અહીંથી નાસી જઉં? કે અહીં એક સ્થાને બેસીને મારૂં ભો- કરી લઉં? અથવા મારે કાંઇ ભિક્ષાની જરૂર નથી એમ કહીને યો જઉં?"—આવા આવા અનેક સંકલ્પ વિકલ્પોથી તેના ભયમાં રો થતો ગયો અને તેને લઇને પોતે ક્યાં આવ્યો છે અને ક્યાં છે તેનું પણ તે ભાન ભૂલી ગયો. પોતાની વસ્તુ ઉપર તેને ી આકર મૂર્છા આવી ગઇ કે તેના સંરક્ષણ નિમિત્તક રૌદ્રધ્યાનમાં પડી ગયો અને તે દુર્ધ્યાનમાં તેની બન્ને આંખો મીંચાઇ ગઇ. મન પર આ વિચારની એટલી બધી અસર થઇ કે તેની સર્વે યોના વ્યાપારો જાણે થોડો વખત તદ્દન શાંત થઇ ગયા અને તે ડા જેવો ચેતના વગરનો થઇ ગયો અને તે જરા પણ હાલતો રતો પણ બંધ થઇ ગયો. પેલી તદ્દયા તેની પાસે ઊભી ઊભી વાર 'આ ભોજન લે, આ ભોજન લે' એમ કહેતી કહેતી થાકી , પણ નિષ્પુણ્યક દ્રમક તો તેના તરફ જરા ધ્યાન પણ આપતો નથી ને પોતાની પાસે રહેલું તુચ્છ ભોજન આખી દુનિયામાં કોઇ જગ્યો- ં થતું નથી-મળતું નથી એવા વિચારમાં ગુંચવાઇ ગયેલો તે દરિદ્રી ાએ આણેલા અમૃતભોજનની કિંમત પણ સમજતો નથી." આ દોમાં દરિદ્રીના સંબંધમાં અગાઉ વાત કરવામાં આવી છે તે સર્વે જીવના સંબંધમાં બરાબર યોજાય છે, તેની યોજના નીચે પ્રમાણે ાથી.

જ્યારે આ પ્રાણીનું એકાંત હિત કરવાની બુદ્ધિથી ધર્માચાર્ય વિસ્તારથી ધર્મના ગુણનું વર્ણન કરીને પછી ચાર પ્રકારના ધર્મનું અનુષ્ઠાન કરવાનો ઉપદેશ આપે છે તે વખતે આ જીવનાં વિવેકચક્ષુ મહા અંધકારમય મિથ્યા જ્ઞાનરૂપ [1]કાચ, પટલ, તિમિર, કામલ વિગેરે ાધિઓથી જોવાની શક્તિને અંગે નરમ પડી ગયેલાં હોવાથી, અનાદિ સારભ્રમણના અભ્યાસથી મહામિથ્યાત્વના સંતાપ તથા ઉન્માદવડે તેનું રૂપ ભ્રમિત થઇ ગયેલું હોવાથી તેમજ પ્રબળ [2]ચારિત્ર મોહનીયરૂપ

ષ્ટિજીવના મ- ાય વિચારો.

[1] કાચ, પટલ, તિમિર, કામલ એ સર્વ આંખના વ્યાધિઓનાં નામ છે, ...રીથી જોવાની શક્તિ ઘટતી જાય છે.

[2] ક્રોધ, હાસ્ય, રતિ, અરતિ, શોકાદિ તથા વેદોદયને ચારિત્ર મોહનીય ...કહેવામાં આવે છે.

છે કે આ મારૂં ભિખ માગવાનું ઘડાનું ઠીકરૂં ભિક્ષાના અન્નથી [ભર]ેલું છે તે આ (ધર્મબોધકર) મને કોઇ એકાંત જગ્યાએ લઇ જઇને [ફેંકી] નાખશે, ભાંગી નાખશે અથવા તેને પોતે ઉપાડી જશે. ત્યારે [હું] અહીંથી નાસી જઉં? કે અહીં એક સ્થાને બેસીને મારૂં ભો[જન] કરી લઉં? અથવા મારે કાંઇ ભિક્ષાની જરૂર નથી એમ કહીને [ચાલ્ય]ો જઉં?"-આવા આવા અનેક સંકલ્પ વિકલ્પોથી તેના ભયમાં [વધા]રો થતો ગયો અને તેને લઇને પોતે ક્યાં આવ્યો છે અને ક્યાં [બેઠો] છે તેનું પણ તે ભાન ભુલી ગયો. પોતાની વસ્તુ ઉપર તેને [એવ]ી ગાઢ મૂર્છા આવી ગઇ કે તેના સંરક્ષણ નિમિત્તક રૌદ્રધ્યાનમાં [તે] પડી ગયો અને તે દુર્ધ્યાનમાં તેની બન્ને આંખો મીંચાઇ ગઇ. [તેન]ા મન પર આ વિચારની એટલી બધી અસર થઇ કે તેની સર્વ [ઇંદ્રિ]યોના વ્યાપારો જાણે થોડો વખત તદ્દન શાંત થઇ ગયા અને તે [લાકડ]ા જેવો ચેતના વગરનો થઇ ગયો અને તે જરા પણ હાલતો [ચાલ]તો પણ બંધ થઇ ગયો. પેલી તદ્દયા તેની પાસે ઉભી ઉભી [વારં]વાર 'આ ભોજન લે, આ ભોજન લે' એમ કહેતી કહેતી થાકી [ગઇ], પણ નિષ્પુણ્યક દ્રમક તો તેના તરફ જરા ધ્યાન પણ આપતો નથી [અને] પોતાની પાસે રહેલું તુચ્છ ભોજન આખી દુનિયામાં કોઇ જગ્યો[એ] થવું નથી-મળતું નથી એવા વિચારમાં ગુંચવાઇ ગયેલો તે દરિદ્રી [તદ્દ]યાએ આપેલા અમૃતભોજનની કિંમત પણ સમજતો નથી." આ [શબ્]દોમાં દરિદ્રીના સંબંધમાં અગાઉ વાત કરવામાં આવી છે તે સર્વ [આ] જીવના સંબંધમાં બરાબર યોજાય છે, તેની યોજના નીચે પ્રમાણે [સમજ]વી.

[દ્રમ]ક[જીવના અ]-[ધમ વિચારો.]

જ્યારે આ પ્રાણીનું એકાંત હિત કરવાની બુદ્ધિથી ધર્માચાર્ય વિસ્તારથી ધર્મના ગુણનું વર્ણન કરીને પછી ચાર પ્રકારના ધર્મનું અનુષ્ઠાન કરવાનો ઉપદેશ આપે છે તે વખતે આ જીવનાં વિવેકચક્ષુ મહા અંધકારમય મિથ્યા જ્ઞાનરૂપ ¹કાચ, પટલ, તિમિર, કામલ વિગેરે [વ્ય]ાધિઓથી જોવાની શક્તિને અંગે નરમ પડી ગયેલાં હોવાથી, અનાદિ [કાળના] સારંભ ઉ...ના અભ્યાસથી મહામિથ્યાત્વના સંતાપ તથા ઉન્માદવડે તેનું [સ્વ]રૂપ મલિન થઇ ગયેલું હોવાથી તેમજ પ્રબળ ²ચારિત્ર મોહનીયરૂપ

---

¹ કાચ, પટલ, તિમિર, કામલ એ સર્વ આંખના વ્યાધિઓનાં નામ છે, [જે]થી જોવાની શક્તિ ઘટી જાય છે.

² ક્રોધ, હાસ્ય, રતિ, અરતિ, વેદાદિ તથા કષાયને ચારિત્ર મોહનીય [ક]હેવામાં આવે છે.

છે કે આ મારૂં ભિખ માગવાનું ઘડાનું ઠીકરૂં ભિક્ષાના અન્નથી ું છે તે આ (ધર્મબોધકર) મને કોઇ એકાંત જગ્યાએ લઇ જઇને નાખશે, ભાંગી નાખશે અથવા તેને પોતે ઉપાડી જશે. ત્યારે અહીંથી નાસી જઉં? કે અહીં એક સ્થાને બેસીને મારૂં ભો- કરી લઉં? અથવા મારે કાંઇ ભિક્ષાની જરૂર નથી એમ કહીને ો જઉં?'–આવા આવા અનેક સંકલ્પ વિકલ્પોથી તેના ભયમાં તો થતો ગયો અને તેને લઇને પોતે ક્યાં આવ્યો છે અને ક્યાં છે તેનું પણ તે ભાન ભૂલી ગયો. પોતાની વસ્તુ ઉપર તેને ગાઢ મૂર્છા આવી ગઇ કે તેના સંરક્ષણ નિમિત્તક રૌદ્રધ્યાનમાં પડી ગયો અને તે દુર્ધ્યાનમાં તેની બન્ને આંખો મીંચાઇ ગઇ. મન પર આ વિચારની એટલી બધી અસર થઇ કે તેની સર્વે ોના વ્યાપારો જાણે થોડો વખત તદ્દન શાંત થઇ ગયા અને તે ા જેવો ચેતના વગરનો થઇ ગયો અને તે જરા પણ હાલતો તો પણ બંધ થઇ ગયો. પેલી તદ્દયા તેની પાસે ઊભી ઊભી વાર 'આ ભોજન લે, આ ભોજન લે' એમ કહેતી કહેતી થાકી પણ નિષ્પુણ્યક દ્રમક તો તેના તરફ જરા ધ્યાન પણ આપતો નથી પોતાની પાસે રહેલું તુચ્છ ભોજન આખી દુનિયામાં કોઇ જગ્યો- થતું નથી–મળતું નથી એવા વિચારમાં ગુંચવાઇ ગયેલો તે દરિદ્રી પાએ આણેલા અમૃતભોજનની કિમત પણ સમજતો નથી." આ ંદોમાં દરિદ્રીના સંબંધમાં અગાઉ વાત કરવામાં આવી છે તે સર્વે જીવના સંબંધમાં બરાબર યોજાય છે, તેની યોજના નીચે પ્રમાણે ી.

ઃજીવના અ- ઃમ વિચારો.

જ્યારે આ પ્રાણીનું એકાંત હિત કરવાની બુદ્ધિથી ધર્માચાર્ય વિસ્તારથી ધર્મના ગુણનું વર્ણન કરીને પછી ચાર પ્રકારના ધર્મનું અનુષ્ઠાન કરવાનો ઉપદેશ આપે છે તે વખતે આ જીવનાં વિવેકચક્ષુ મહા અંધકારમય મિથ્યા જ્ઞાનરૂપ [1]કાચ, પટલ, તિમિર, કામલ વિગેરે ાધિઓથી જોવાની શક્તિને અંગે નરમ પડી ગયેલાં હોવાથી, અનાદિ સારભ્રમણના અભ્યાસથી મહામિથ્યાત્વના સંતાપ તથા ઉન્માદવડે તેનું દય ભ્રમિત થઇ ગયેલું હોવાથી તેમજ પ્રબળ [2]ચારિત્ર મોહનીયરૂપ

---

[1] કાચ, પટલ, તિમિર, કામલ એ સર્વે આંખના વ્યાધિઓનાં નામ છે, ેઓથી જોવાની શક્તિ ઘટતી જાય છે.

[2] કષાય, હાસ્ય, રતિ, અરતિ, શોકાદિ તથા વેદોદયને ચારિત્ર મોહનીય ેવામાં આવે છે.

છે કે આ મારું ભિખ માગવાનું ઘડાનું ઠીકરું ભિક્ષાના અન્નથી રું છે તે આ (ધર્મબોધકર) મને કોઇ એકાંત જગ્યાએ લઇ જઇને નાખશે, ભાંગી નાખશે અથવા તેને પોતે ઉપાડી જશે. ત્યારે અહીંથી નાસી જઉં? કે અહીં એક સ્થાને બેસીને મારું ભો-કરી લઉં? અથવા મારે કાંઇ ભિક્ષાની જરૂર નથી એમ કહીને યો જઉં?'—આવા આવા અનેક સંકલ્પ વિકલ્પોથી તેના ભયમાં રો થતો ગયો અને તેને લઇને પોતે ક્યાં આવ્યો છે અને ક્યાં છે તેનું પણ તે ભાન ભૂલી ગયો. પોતાની વસ્તુ ઉપર તેને ગાઢ મૂર્છા આવી ગઇ કે તેના સંરક્ષણ નિમિત્તક રૌદ્રધ્યાનમાં પડી ગયો અને તે દુર્ધ્યાનમાં તેની બન્ને આંખો મીંચાઇ ગઇ. મન પર આ વિચારની એટલી બધી અસર થઇ કે તેની સર્વ ઓના વ્યાપારો જાણે થોડો વખત તદ્દન શાંત થઇ ગયા અને તે ડા જેવો ચેતના વગરનો થઇ ગયો અને તે જરા પણ હાલતો રતો પણ બંધ થઇ ગયો. પેલી તદ્દયા તેની પાસે ઊભી ઊભી વાર 'આ ભોજન લે, આ ભોજન લે' એમ કહેતી કહેતી થાકી , પણ નિષ્પુણ્યક દ્રમક તો તેના તરફ જરા ધ્યાન પણ આપતો નથી રે પોતાની પાસે રહેલું તુચ્છ ભોજન આખી દુનિયામાં કોઇ જગ્યો-થતું નથી-મળતું નથી એવા વિચારમાં ગુંચવાઇ ગયેલો તે દરિદ્રી યાએ આણેલા અમૃતભોજનની કિંમત પણ સમજતો નથી." આ બ્દોમાં દરિદ્રીના સંબંધમાં અગાઉ વાત કરવામાં આવી છે તે સર્વ જીવના સંબંધમાં બરાબર યોજાય છે, તેની યોજના નીચે પ્રમાણે તી.

બુદ્ધિજીવના અ-ધમ વિચારો.

જ્યારે આ પ્રાણીનું એકાંત હિત કરવાની બુદ્ધિથી ધર્માચાર્ય વિસ્તારથી ધર્મના ગુણનું વર્ણન કરીને પછી ચાર પ્રકારના ધર્મનું અનુષ્ઠાન કરવાનો ઉપદેશ આપે છે તે વખતે આ જીવનાં વિવેકચક્ષુ મહા અંધકારમય મિથ્યા જ્ઞાનરૂપ [1]કાચ, પટલ, તિમિર, કામલ વિગેરે વ્યાધિઓથી જોવાની શક્તિને અંગે નરમ પડી ગયેલાં હોવાથી, અનાદિ સંસારભ્રમણના અભ્યાસથી મહામિથ્યાત્વના સંતાપ તથા ઉન્માદવડે તેનું હૃદય ભ્રમિત થઇ ગયેલું હોવાથી તેમજ પ્રબળ [2]ચારિત્ર મોહનીયરૂપ

૧ કાચ, પટલ, તિમિર, કામલ એ સર્વ આંખના વ્યાધિઓનાં નામ છે, જેથી જોવાની શક્તિ ઘટતી જાય છે.

૨ કષાય, હાસ્ય, રતિ, અરતિ, શોકાદિ તથા વેદોદયને ચારિત્ર મોહનીય કહેવામાં આવે છે.

રોગથી તે વિહ્વળ ચેતનાવાળો હોવાથી વિષય ધન સ્ત્રી વિ
ગાઢ મૂર્છાવડે તેની ચિત્તવૃત્તિ પરાભવ પામી જવાથી તે અ
વિચાર કરે છે કે હું પહેલાં ધર્મ અધર્મના વિચારોની
કરતો નહોતો ત્યારે કોઇ કોઇ વખત કદાચ આ સાધુ મહારા
આવી ચઢતો તો તેઓ મારી વાત પણ પૂછતા નહોતા, મા
પણ પૂછતા નહોતા અને કદાચ મને કાંઇક ધર્મપ્રાપ્તિ થ
ધારીને કાંઇક બોલતા તોપણ બેદરકારીથી એક બે વચન કે
બોલતા હતા; અત્યારે તો હવે મને ધર્મ અને અધર્મ શી વસ્તુ
જાણવાની હોંશવાળો જોઇને તેઓ મને પોતાના આદેશમાં (હુ
રહેલ માને છે અને તેથી ભવિષ્યમાં તેમના ધર્મનો અનુયાયી
એમ ધારીને હું તેઓને કાંઇ પૂછતો નથી તોપણ પોતાના
ગમે તેટલું ખેંચવું પડે અથવા તાળવાને શોષ પડે તેની પણ
કર્યા વગર ઊંચા સ્વરથી અને ઘણી સુંદર વચનરચનાવડે
લોકનું સ્વરૂપ પ્રકાશ કરનાર આ મહારાજા ધર્માચાર્ય મારી
ધર્મના ગુણોનું વર્ણન કરે છે અને ત્યારપછી મારૂં એવી બાબ
મન દોરાયલું જાણીને મારી પાસે દાન દેવરાવે છે, શીલ ગ્રહણ
છે, તપસ્યા કરાવે છે અને ભાવનાઓનું ચિંતવન કરાવે છે. આવી રી
આ ગુરુ મહારાજ એકદમ મારા તરફ આટલો બધો ભાવ બતાવે
અને મને દાન આપવા વિગેરેની વાતો કહે છે તો આવા પ્રસંગ વ
રના વિચિત્ર વચનઆડંબરનું કારણ શું હોવું જોઇએ? અરે હા
તે કારણ બરાબર સમજાય છે! મારે સુંદર સ્ત્રીઓ છે, મારી
બહુ ધનનો સંગ્રહ છે, જૂદા જૂદા અનાજના મોટા કોઠારો છે અને
ગાય, ભેંસ, ઘોડા વિગેરે ચાર પગવાળાં જનાવરો તથા વાસણ કુસણ
(ઘરવકરી) મારી પાસે બહુ છે, તેથી તેઓ મને ખાસ તક લઇ

ઉપદેશક પર વહેમ.

અને ઉદ્દેશીને ઉપદેશ આપે છે તેનો હેતુ એ હોવો
જોઇએ કે મારી પાસે શું છે તે સર્વ તેઓ જાણી
ગયા છે અને તે જાણપણાનો લાભ લઇ તેઓ "
જણાવે છે કે-તને દીક્ષા આપીએ, તારાં પાપો કા
નાખીએ, તારાં કર્મબીજનો નાશ કરીએ, તું અમારો વેશ ધાર
કર, ગુરુના ચરણકમળની પૂજા કર, તારાં ધન, સ્ત્રી વિગેરે ત
સર્વસ્વ ગુરુચરણમાં સમર્પણ કર-આ તેઓના કહેવાનો તાત્પર્યા
જણાય છે. વળી તે વિચારે છે કે "અમારા કહેવા પ્રમાણે કર
વાથી તું પિંડપાત કરીને એટલે શરીર છોડી દઇને શિવ
તારૂં કલ્યાણ થઇ જશે અને તું પરમાત્મા સાથે એક ૩૧

...આવી સુંદર વચનરચના કરીને એ જૈન ધર્માચાર્ય મને શૈવા- ...પેઠે ઠગશે અને મારી પાસેની વસ્તુઓ ઉઠાવી જશે અથવા ...ણો જેમ દુનિયાને કહે છે કે-" સોનાનું દાન આપવું તે મહાફળ ...નાર છે, ગાયનું દાન આપવાથી મહા ઉદય થાય છે, પૃથ્વીનું ... આપવાથી અવિનાશી થવાય છે, [1]પૂર્ત ધર્મનું અતુલ્ય ફળ છે, ...નો પાર પામેલા હોય તેને દાન આપવું તે અનંત ગુણ કરનાર છે, ... દુઝતી, તરતની વીઆયેલી, વાછડાવાળી, વસ્ત્ર ઓઢાડેલી, ...નાં શીંગડાવાળી, રત્નોથી મંડિત અને ઉપચાર કરાયલી ગાય જો ...ણને દાનમાં આપવામાં આવે તો તેને ચાર સમુદ્રની વચ્ચે ...રી રહેલી અનેક નગર અને ગામોથી ભરેલી અને પર્વતો તથા ...ોથી યુક્ત પૃથ્વીનું દાન આપવા જેટલું ફળ પ્રાપ્ત થાય છે અને ...ફળ અક્ષય છે-" આ પ્રમાણે મિથ્યા શાસ્ત્રોમાં ખોટાં બનાવીન ...મલ કરેલાં મૂર્ખ પ્રાણીઓને છેતરનારાં શ્લોકો તથા વાક્યોથી જેમ ...ણો આખી દુનિયાને છેતરે છે તેમ આ જૈનાચાર્ય પણ જરૂર ...રા પૈસા હરી જશે. અથવા " અતિશય સુંદર વિહાર (બૌધ સાધુ- ...ને રહેવાનું સ્થાન) બંધાવો, બહુશ્રુત (પંડિત) સાધુઓનો તેમાં ...સ કરાવો, [2]સંઘની પૂજા કરો, બૌધ સાધુ (ભિક્ષુ)ઓને દક્ષિણા ...પો, સંઘના કોશ (ભંડાર)માં તમારૂં ધન મેળવી દો, સંઘના ...ારમાં તમારૂં ધાન્ય (અનાજ-દાણા) મેળવી દો, સંઘના ગોકુ- ...માં[3] તમારો ચતુષ્પદ વર્ગ-સર્વ ચોપગાં જનાવરો આપી દો, બૌધ ...મને અનુસરનારા થાઓ-એવી રીતે કરવાથી તમને થોડા વખતમાં ...ાત્મા ભગવાન્ બુદ્ધનું પદ પ્રાપ્ત થશે " આવી રીતે પોતાના વાચાળ- ...ણાનો ઉપયોગ કરીને [4]રક્ત ભિક્ષુ પોતાની માયાજાળ ફેલાવીને ...તાનાં શાસ્ત્રો બતાવીને જેમ પ્રાણીઓને છેતરે છે તેમ આ શ્રમણ ...ધુ પણ મારૂં સર્વસ્વ ઉપાડી લેવાનો પ્રયત્ન કરતા હોય એમ ...ણાય છે. અથવા " સંઘને જમણ આપો, ઋષિઓને જમાડો, સારા

---

૧ યજ્ઞ કરવા અથવા તળાવ, કુવા ખોદાવવા તે.

૨ બૌદ્ધ ધર્માનુયાયીનો સમૂહ. પ્રતમાં સંયતની પૂજા કરો એવો પાઠ છે. ...ત એટલે ઇન્દ્રિય વશ કરનાર.

૩ 'સંજ્ઞાતિ' એવો શબ્દ છે. તેનો અર્થ ગોકુળ લાગે છે. પાંજરાપોળ જેવા ...ંજ્ઞાતિ' બૌધો કરતા હશે એમ અનુમાન થાય છે.

૪ બુદ્ધ ધર્મના ભિક્ષુઓ લાલ રંગનાં કપડાં પહેરે છે તેથી રક્ત ભિખ્ખુના ...મથી ઓળખાય છે.

સારા ખાવાના પદાર્થો આપો, મુખવાસ માટે સારી સારી વસ્તુ ભેટ કરો, દાન આપવું એ ગૃહસ્થનો મુખ્ય અને મોટો ધર્મ છે, દાનથી સંસારનો પાર પમાય છે” આવી રીતે મને લોભમાં નાખી છેતરીને પોતાના શરીરનું પોષણ કરનાર [1]દિગંબરની પેઠે આ શ્રમણને મારૂં ધન હરણ કરવું તો નહિ હોય? જો એમ ન હોય તો સંસારનો પ્રપંચ તેઓ આટલો બધો પ્રયાસ લઇને મારી પાસે શા માટે કહેતા હોય? આ બધી વાતનો સાર મને તો એટલો જ લાગે છે કે આ સર્વ સાધુઓ (શ્રમણો) ત્યાંસુધી સારા છે કે જ્યાંસુધી આપણે તેઓની પાસે જઇએ નહિ અને તેઓને વશ પડીએ નહિ. તેઓને વશ થઇ રહેનાર કોઇ શ્રદ્ધાળુ માલુમ પડ્યો એટલે માયાવી સાધુઓ નાના પ્રકારના વચનઆડંબરથી તેને ભોળવીને સર્વસ્વ લુંટી લેવાનો પ્રયાસ કરે છે અને અત્યારે તેઓ મારી પણ એજ ધોરણસર વર્તે છે એ બાબતમાં મારા મનમાં શંકા નથી. આ ધર્માચાર્યે તો પોતાની વાત શરૂ કરી દીધી છે ત્યારે હવે શું કરવું? હું તો એ બાબતમાં વધારે વધારે વિચાર કરતાં વધારે મુંઝાતો જાઉં છું. તેઓએ આવો સવાલ પૂછ્યો તેનો કાંઇ જવાબ આપ્યા વગર ચાલ્યો જાઉં? અથવા ધર્મનું અનુષ્ઠાન કરવાની મારામાં શક્તિ નથી એમ સાફ કહી દઉં? અથવા તો ચોર લોકો મારૂં ધન લુંટી ગયા છે, મારી પાસે હવે કાંઇ બાકી પૈસા રહેલા નથી કે જે હું પાત્રને આપી શકું એવો ઉત્તર આપી દઉં? અથવા કાંઇ તમારા ધર્માનુષ્ઠાનનું કામ નથી અને આપે મને તે બાબત કોઇ કાંઇ પણ કહેવું નહિ એમ કહીને ધર્માચાર્યને ઉડાવું? આ આચાર્યે હાલ જે વાત કરી છે તે અકાળે કરી છે એમ બતાવવા કેટલી વખત સહન કરૂં? કુશમાં હવે આ સાધુ મારાં કહેલાં વચન સમજી જઇને મને છેતરવાનો પોતાનો વિચાર કેવી રીતે છોડી દેશે અને મને આ સ્થાનમાંથી કેવી રીતે છોડશે તે સમજાતું નથી

[1]ઉંદર જાણવા તેવા અને તેને મળતા બીજા અનેક પ્રા...

* અહીં 'દિગંબર' શબ્દથી જૈનનો દિગંબર સંપ્રદાય લેવો કે વેદધર્મ [illegible] દિગંબરશબ્દ રહે છે તે ભેદ લેવો તે સ્પષ્ટ નથી. [illegible] [illegible] જૈનેતર સૂચવે છે. કહેવાની મતલબ [illegible] [illegible] મનમાં આવા વિચાર થાય [illegible] [illegible] દિગંબર [illegible] 'યતિ' કહેવામાં આવતા હતા [illegible] જૈન દિગંબર સંપ્રદાય વધારે સંભવિત છે.

સાધુની નિઃસ્પૃહતા.

ચાર્યો પોતાના મનમાં આ પ્રાણી કર્યા કરે છે, પણ તેનો અંતરાત્મા મૂઢ થયેલ હોવાથી તે બાપડાને ખબર પડતી નથી કે એ ધર્માચાર્ય અત્યંત જ્ઞાનવાન્ હોવાથી સંસારમાં રહેલા સર્વ પદાર્થો અને ભાવોને [ક]ાતરાંની મુઠી જેવા સમજી રહ્યા છે એટલે મુઠી ભરીને ફોતરાં હોય [ત]ેની કાંઇ કિંમત નથી અને તે પવનની ફુંક લાગતાં ઉડી જાય તેવાં [હ]ોય છે તેમ સંસારના પદાર્થો અને ભાવો કિંમત વગરના અને ઉડી [જ]નારા (નાશ પામનારા) છે એમ તેઓ જ્ઞાનબળથી જાણે છે; તે [જ]ૈન ધર્માચાર્યો માપ ન કરી શકાય તેવા સંતોષરૂપ અમૃતના પાનથી [ધ]રાઇ ગયેલા હોય છે; તેઓ વિષયરૂપ ભયંકર ઝેરનું તીવ્ર દુઃખ આપનાર પરિણામ જાણે છે; તેઓ સર્વ વસ્તુ ઉપર સમભાવ રાખતા હોવાથી અને જાતે અત્યંત નિઃસ્પૃહી હોવાથી અને તેઓનું મન મોક્ષ [પ્ર]ાપ્ત કરવાની બાબતમાં એક તાનથી લાગેલું હોવાથી તેઓ જ્યારે ઉપદેશ દેવાની બાબતમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે તેઓનાં મનમાં ઇંદ્ર [અ]ને ભિક્ષુક વચ્ચે જરા પણ તફાવત હોતો નથી, મોટી ઋદ્ધિવાળા દેવો [ક]ે નિર્ધન પુરુષ વચ્ચે તેઓ જરા પણ આંતરો રાખતા નથી, મોટા ચક્રવર્તિમાં અને રંક પ્રાણીમાં કાંઇ અંતર દેખતા નથી, તેમજ ઉદાર [પ]ૈસાદાર તરફ કે કૃપણ માણસ તરફ આદર કે અનાદરની નજરથી જોતા નથી; તેઓના વિચારમાં મોટું ઐશ્વર્ય અને દરિદ્રતા સમાન છે, [મ]ોટા રત્નના ઢગલા કઠોર પથ્થરના ઢગલા જેવા છે, તાવેલ સોનાનો [ઢ]ગલો માટીનાં ઢેફાંઓ જેવો છે, રૂપાનો સંચય ધૂળના ઢગલા જેવો [છ]ે, ધાન્યના કોઠારો ખાર (ભીંડા)ના ઢગલા જેવા છે અને ચોપગાં જનાવરો અને બીજી ધાતુઓ વિગેરેમાં અને બીજી સાર વગરની વસ્તુઓમાં તેઓને કાંઇ તફાવત જણાતો નથી, તેમજ કામદેવની [સ્ત્ર]ી રતિના રૂપને પણ હસી કાઢે એવી સુંદર સ્ત્રીઓમાં અને લાકડાના [ઠ]ુંઠાં થાંભલામાં તેઓ કાંઇ ફેર જોતા નથી. આ પ્રમાણે હોવાથી પ્રાણીને ઉપદેશ દેવાનો પ્રયત્ન કરવામાં પરોપકાર કરવાની તેઓની વિશુદ્ધ વૃત્તિ સિવાય બીજું કાંઇ પણ કારણ નથી. તેઓ પોતાનો સ્વાર્થ સાધે છે તે પણ સ્વાધ્યાય (વાંચન, અભ્યાસ, મનન આદિ) ધ્યાન તપશ્ચર્યા વિગેરે કરીને સાધે છે અને તેથી સ્વાર્થની ખાતર પણ તેઓની ઉપદેશ આપવામાં પ્રવૃત્તિ થતી નથી. તેઓ આ પ્રાણી તરફથી કોઇ પણ પ્રકારની આશા રાખતાજ નથી અને અન્ય કોઇ પણ પ્રકારના લાભની તેઓનાં મનમાં આશા હોવી તે તો તદ્દન અસંભવિતજ છે. આ સર્વ હકીકત બરાબર છે, પણ આ પ્રાણીની બુદ્ધિ

સારા ખાવાના પદાર્થો આપો, મુખવાસ માટે સારી સારી વસ્તુ
ભેટ કરો, દાન આપવું એ ગૃહસ્થનો મુખ્ય અને મોટો ધર્મ
દાનથી સંસારનો પાર પમાય છે" આવી રીતે મને લોભમાં નાખી
છેતરીને પોતાના શરીરનું પોષણ કરનાર [1]દિગંબરની પેઠે આ
શ્રમણને મારું ધન હરણ કરવું તો નહિ હોય? જો એમ ન હોય
સંસારનો પ્રપંચ તેઓ આટલો બધો પ્રયાસ લઇને મારી પાસે
માટે કહેતા હોય? આ બધી વાતનો સાર મને તો એટલો
છે કે આ સર્વે સાધુઓ (શ્રમણો) ત્યાંસુધી સારા છે કે
આપણે તેઓની પાસે જઇએ નહિ અને તેઓને વશ પડીએ
તેઓને વશ થઇ રહેનાર કોઇ શ્રદ્ધાળુ માલુમ પડ્યો એટલે
માયાવી સાધુઓ નાના પ્રકારના વચનઆડંબરથી તેને ભોળવીને
સર્વસ્વ લુંટી લેવાનો પ્રયાસ કરે છે અને અત્યારે તેઓ મારી
પણ એજ ધોરણસર વર્તે છે એ બાબતમાં મારા મનમાં શંકા
નથી. આ ધર્માચાર્યે તો પોતાની વાત શરૂ કરી દીધી છે ત્યારે
હવે શું કરવું? હું તો એ બાબતમાં વધારે વધારે વિચાર કરતાં
વધારે મુંઝાતો જઉં છું. તેઓએ આવો સવાલ પૂછ્યો તેનો કાંઇ
જવાબ આપ્યા વગર ચાલ્યો જઉં? અથવા ધર્મનું અનુષ્ઠાન
મારામાં શક્તિ નથી એમ સાફ કહી દઉં? અથવા તો ચોર
મારૂં ધન લુંટી ગયા છે, મારી પાસે હવે કાંઇ બાકી પૈસા રહેલા
કે જે હું પાત્રને આપી શકું એવો ઉત્તર આપી દઉં? અથવા
કાંઇ તમારા ધર્માનુષ્ઠાનનું કામ નથી અને આપે મને તે બાબ
કદિ કાંઇ પણ કહેવું નહિ એમ કહીને ધર્માચાર્યને ઉડાવું? અ
આપે હાલ જે વાત કરી છે તે અકાળે કહી છે એમ બતાવવા
ક્રોધથી ભવાં ચઢાવું? ટુંકામાં હવે આ સાધુ મારાં કહેલાં વચ
સમજી જઇને મને છેતરવાનો પોતાનો વિચાર કેવી રીતે છોડી
અથવા મને આ પંચાતમાંથી કેવી રીતે છોડશે તે સમજાતું નથી.

ઉપર જણાવ્યા તેવા અને તેને મળતા બીજા અનેક માઠા

---

૧ અહીં 'દિગંબર' શબ્દોથી જૈનનો દિગંબર સંપ્રદાય લેવો કે વેદાન્ત
પરમહંસ આદિ દિગંબર-નગ્ન રહે છે તે મત લેવો તે સ્પષ્ટ નથી. સંઘ શબ્દ
વિભાગ સૂચવે છે જ્યારે ઋષિ શબ્દ જૈનેતર સૂચવે છે. કહેવાની મતલબ
મત ઉપર આક્ષેપની હેજ નહિ, પણ પ્રાણીના મનમાં આવા વિચાર થાય છે
અત્ર ભાવ છે. દિગંબર સાધુઓને પણ 'ઋષિ' કહેવામાં આવતા હતા,
શ્રાવકને ત્યાં ભોજન કરતા હતા. જૈન દિગંબર સંપ્રદાય વધારે સંભવિત છે.

સાધુની નિઃસ્પૃહતા.

આદેશ પોતાના મનમાં આ પ્રાણી કર્યા કરે છે, પણ તેનો અંતરાત્મા શુદ્ધ થયેલ હોવાથી તે બાબતને બિલકુલ પરવા નથી કે જૈન ધર્માચાર્ય અત્યંત જ્ઞાનવાન હોવાથી સંસારમાં રહેલા સર્વ પદાર્થો અને બાબતોને ...નરોની મુઠી જેવા પ્રગટ કહ્યા છે એટલે મુઠી ભરીને જોતાં હોય ...ની કાંઇ કિંમત નથી અને તે પવનની ફુંક લાગતાં ઉડી જાય તેવાં ...હોય છે તેમ સંસારના પદાર્થો અને બાબતો કિંમત વગરના અને ઉડી જનારા (નાશ પામનારા) છે એમ તેઓ જ્ઞાનબળથી જાણે છે; તે જૈન ધર્માચાર્યો માપ ન કરી શકાય તેવા સંતોષરૂપ અમૃતના પાનથી ...રાઇ ગયેલા હોય છે; તેઓ વિષયરૂપ ભયંકર ઝેરનું તીવ્ર દુઃખ આપનાર પરિણામ જાણે છે; તેઓ સર્વ વસ્તુ ઉપર સમભાવ રાખતા હોવાથી અને જાતે અત્યંત નિઃસ્પૃહી હોવાથી અને તેઓનું મન મોક્ષ ...પ્રાપ્ત કરવાની બાબતમાં એક તાનથી લાગેલું હોવાથી તેઓ જ્યારે ઉપદેશ દેવાની બાબતમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે તેઓનાં મનમાં ઇંદ્ર ... ભિક્ષુક વચ્ચે જરા પણ તફાવત હોતો નથી, મોટી ઋદ્ધિવાળા દેવો ... નિર્ધન પુરુષ વચ્ચે તેઓ જરા પણ આંતરો રાખતા નથી, મોટા ...ચક્રવર્તિમાં અને રંક પ્રાણીમાં કાંઇ અંતર દેખતા નથી, તેમજ ઉદાર ...સાદાર તરફ કે કૃપણ માણસ તરફ આદર કે અનાદરની નજરથી જોતા નથી; તેઓના વિચારમાં મોટું ઐશ્વર્ય અને દરિદ્રતા સમાન છે, મોટા રત્નના ઢગલા કઠોર પથ્થરના ઢગલા જેવા છે, તાવેલ સોનાનો ઢગલો માટીનાં ઢેફાંઓ જેવો છે, રૂપાનો સંચય ધૂળના ઢગલા જેવો છે, ધાન્યના કોઠારો ખાર (મીઠા)ના ઢગલા જેવા છે અને ચોપમાં જવાહરો અને બીજી ધાતુઓ વિગેરેમાં અને બીજી સાર વગરની વસ્તુઓમાં તેઓને કાંઇ તફાવત જણાતો નથી. તેમજ કામદેવની સ્ત્રી રતિના રૂપને પણ હલકી પાડે એવી સુંદર સ્ત્રીઓમાં અને લાકડાના ... પૂતળામાં તેઓ કાંઇ ફેર ગણતા નથી. આ પ્રમાણે હોવાથી પ્રાણીને ઉપદેશ દેવાનો શ્રમ કરવામાં પરોપકાર કરવાની તેઓની વિશુદ્ધ વૃત્તિ સિવાય બીજું કાંઇ પણ કારણ નથી. તેઓ પોતાનો નિર્વાહ કરે છે તે પણ સ્વાધ્યાય (વાચન અભ્યાસ મનન આદિ) ધ્યાન તપશ્ચર્યા વિગેરે કરીને કરે છે અને તેથી સ્વાર્થની બાબત પણ તેઓની ઉપદેશ આપવામાં પ્રવૃત્તિ થતી નથી. તેઓ આ પ્રાણી તરફથી કોઇ પણ પ્રકારની આશા રાખતાજ નથી અને અન્ય કોઇ પણ પ્રકારના લાભની તેઓના મનમાં આશા હોવી તે તો તદ્દન અસંભવિતજ છે. આ સર્વ હકીકત બરાબર છે. પણ આ પ્રાણીની બુદ્ધિ

સારા ખાવાના પદાર્થો આપો, મુખવાસ માટે સારી સારી ભેટ કરો, દાન આપવું એ ગૃહસ્થનો મુખ્ય અને મોટો ધર્મ દાનથી સંસારનો પાર પમાય છે” આવી રીતે મને લોભમાં નાં છેતરીને પોતાના શરીરનું પોષણ કરનાર [1]દિગંબરની પેઠે આ શ્રમણને મારૂં ધન હરણ કરવું તો નહિ હોય? જો એમ ન હોય સંસારનો પ્રપંચ તેઓ આટલો બધો પ્રયાસ લઇને મારી પાસે માટે કહેતા હોય? આ બધી વાતનો સાર મને તો એટલો જ છે કે આ સર્વ સાધુઓ (શ્રમણો) ત્યાંસુધી સારા છે કે આપણે તેઓની પાસે જઇએ નહિ અને તેઓને વશ પડીએ તેઓને વશ થઇ રહેનાર કોઇ શ્રદ્ધાળુ માલુમ પડ્યો એટલે માયાવી સાધુઓ નાના પ્રકારના વચનઆડંબરથી તેને ભોળવીને સર્વસ્વ લુંટી લેવાનો પ્રયાસ કરે છે અને અત્યારે તેઓ મારી પણ એજ ધોરણસર વર્તે છે એ બાબતમાં મારા મનમાં શંકા નથી. આ ધર્માચાર્યે તો પોતાની વાત શરૂ કરી દીધી છે ત્યારે હવે શું કરવું? હું તો એ બાબતમાં વધારે વધારે વિચાર કરતાં વધારે મુંઝાતો જઉં છું. તેઓએ આવો સવાલ પૂછ્યો તેનો કાંઇ જવાબ આપ્યા વગર ચાલ્યો જઉં? અથવા ધર્મનું અનુષ્ઠાન મારામાં શક્તિ નથી એમ સાફ કહી દઉં? અથવા તો ચોર મારૂં ધન લુંટી ગયા છે, મારી પાસે હવે કાંઇ બાકી પૈસા રહેલા કે જે હું પાત્રને આપી શકું એવો ઉત્તર આપી દઉં? અથવા કાંઇ તમારા ધર્માનુષ્ઠાનનું કામ નથી અને આપે મને તે બાબત કદિ કાંઇ પણ કહેવું નહિ એમ કહીને ધર્માચાર્યને ઉડાવું? અ આપે હાલ જે વાત કરી છે તે અકાળે કહી છે એમ બતાવવા ક્રોધથી ભવાં ચઢાવું? ટુંકામાં હવે આ સાધુ મારાં કહેલાં વચ સમજી જઇને મને છેતરવાનો પોતાનો વિચાર કેવી રીતે છોડી અથવા મને આ પંચાતમાંથી કેવી રીતે છોડશે તે સમજાતું નથી

ઉપર જણાવ્યા તેવા અને તેને મળતા બીજા અનેક પ્રકા

---

૧ અહીં 'દિગંબર' શબ્દોથી જૈનનો દિગંબર સંપ્રદાય લેવો કે વેદ પરમહંસ આદિ દિગંબર—નગ્ન રહે છે તે મત લેવો તે સ્પષ્ટ નથી. શ્રમણ શબ્દ નિગ્રંથ સૂચવે છે ત્યારે ઋષિ શબ્દ જૈનેતર સૂચવે છે. કહેવાની મતલબ મત ઉપર આક્ષેપની છે નહિ, પણ પ્રાણીના મનમાં આવા વિચાર થાય છે માત્ર સાર છે. દિગંબર સાધુઓને પણ 'ઋષિ' કહેવામાં આવતા હતા શ્રાવકને ત્યાં ભોજન કરતા હતા. જૈન દિગંબર સંપ્રદાય વધારે સંભવિત છે.

ધુની નિઃ-
સ્પૃહતા.

ચારો પોતાના મનમાં આ પ્રાણી કર્યા કરે છે, પણ
તેનો અંતરાત્મા મૂઢ થયેલ હોવાથી તે બાપડાને
ખબર પડતી નથી કે એ ધર્માચાર્ય અત્યંત જ્ઞાનવાન્
હોવાથી સંસારમાં રહેલા સર્વ પદાર્થો અને ભાવોને
ાંની મુઠી જેવા સમજી રહ્યા છે એટલે મુઠી ભરીને ફોતરાં હોય
કાંઇ કિંમત નથી અને તે પવનની ફુંક લાગતાં ઉડી જાય તેવાં
છે તેમ સંસારના પદાર્થો અને ભાવો કિંમત વગરના અને ઉડી
ારા (નાશ પામનારા) છે એમ તેઓ જ્ઞાનબળથી જાણે છે; તે
ધર્માચાર્યો માપ ન કરી શકાય તેવા સંતોષરૂપ અમૃતના પાનથી
ાઇ ગયેલા હોય છે; તેઓ વિષયરૂપ ભયંકર ઝેરનું તીવ્ર દુઃખ
પનાર પરિણામ જાણે છે; તેઓ સર્વ વસ્તુ ઉપર સમભાવ રાખતા
ાથી અને જાતે અત્યંત નિઃસ્પૃહી હોવાથી અને તેઓનું મન મોક્ષ
મ કરવાની બાબતમાં એક તાનથી લાગેલું હોવાથી તેઓ જ્યારે
દેશ દેવાની બાબતમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે તેઓનાં મનમાં ઇંદ્ર
ભિક્ષુક વચ્ચે જરા પણ તફાવત હોતો નથી, મોટી ઋદ્ધિવાળા દેવો
નિર્ધન પુરુષ વચ્ચે તેઓ જરા પણ આંતરો રાખતા નથી, મોટા
ક્રવર્તીમાં અને રંક પ્રાણીમાં કાંઇ અંતર દેખતા નથી, તેમજ ઉદાર
સાદાર તરફ કે કૃપણ માણસ તરફ આદર કે અનાદરની નજરથી
તા નથી; તેઓના વિચારમાં મોટું ઐશ્વર્ય અને દરિદ્રતા સમાન છે,
ોટા રત્નના ઢગલા કઠોર પથ્થરના ઢગલા જેવા છે, તાવેલ સોનાનો
ગલો માટીનાં ઢેફાંઓ જેવો છે, રૂપાનો સંચય ધૂળના ઢગલા જેવો
, ધાન્યના કોઠારો ખાર (ભીંડા)ના ઢગલા જેવા છે અને ચોપગાં
નાવરો અને બીજી ધાતુઓ વિગેરેમાં અને બીજી સાર વગરની
સ્તુઓમાં તેઓને કાંઇ તફાવત જણાતો નથી, તેમજ કામદેવની
ી રતિના રૂપને પણ હસી કાઢે એવી સુંદર સ્ત્રીઓમાં અને લાકડાના
ર્ણ થાંભલામાં તેઓ કાંઇ ફેર જોતા નથી. આ પ્રમાણે હોવાથી
ાણીને ઉપદેશ દેવાનો પ્રયત્ન કરવામાં પરોપકાર કરવાની તેઓની
વશુદ્ધ વૃત્તિ સિવાય બીજું કાંઇ પણ કારણ નથી. તેઓ પોતાનો
વાર્થ સાધે છે તે પણ સ્વાધ્યાય (વાંચન, અભ્યાસ, મનન આદિ)
ધ્યાન તપશ્ચર્યા વિગેરે કરીને સાધે છે અને તેથી સ્વાર્થની ખાતર પણ
ેઓની ઉપદેશ આપવામાં પ્રવૃત્તિ થતી નથી. તેઓ આ પ્રાણી તર-
ફથી કોઇ પણ પ્રકારની આશા રાખતાજ નથી અને અન્ય કોઇ પણ
પ્રકારના લાભની તેઓનાં મનમાં આશા હોવી તે તો તદ્દન અસંભ-
વિતજ છે. આ સર્વ હકીકત બરાબર છે, પણ આ પ્રાણીની બુદ્ધિ

સારા ખાવાના પદાર્થો આપો, મુખવાસ માટે સારી સારી
ભેટ કરો, દાન આપવું એ ગૃહસ્થનો મુખ્ય અને મોટો
દાનથી સંસારનો પાર પમાય છે” આવી રીતે મને લોભમાં
છેતરીને પોતાના શરીરનું પોષણ કરનાર [1]દિગંબરની પેઠે
શ્રમણને મારૂં ધન હરણ કરવું તો નહિ હોય? જો એમ ન
સંસારનો પ્રપંચ તેઓ આટલો બધો પ્રયાસ લઇને મારી પા
માટે કહેતા હોય? આ બધી વાતનો સાર મને તો એટલો
છે કે આ સર્વ સાધુઓ (શ્રમણો) ત્યાંસુધી સારા છે કે
આપણે તેઓની પાસે જઇએ નહિ અને તેઓને વશ પડીએ
તેઓને વશ થઇ રહેનાર કોઇ શ્રદ્ધાળુ માલુમ પડ્યો એ
માયાવી સાધુઓ નાના પ્રકારના વચનઆડંબરથી તેને લોભાવી
સર્વસ્વ લુંટી લેવાનો પ્રયાસ કરે છે અને અત્યારે તેઓ મારી
પણ એજ ધોરણસર વર્તે છે એ બાબતમાં મારા મનમાં શંકા
નથી. આ ધર્માચાર્યે તો પોતાની વાત શરૂ કરી દીધી છે ત્યારે
હવે શું કરવું? હું તો એ બાબતમાં વધારે વધારે વિચાર કરતાં
વધારે મુંઝાતો જઉં છું. તેઓએ આવો સવાલ પૂછ્યો તેનો કાંઇ
જવાબ આપ્યા વગર ચાલ્યો જઉં? અથવા ધર્મનું અનુષ્ઠાન
મારામાં શક્તિ નથી એમ સાફ કહી દઉં? અથવા તો ચોર
મારૂં ધન લુંટી ગયા છે, મારી પાસે હવે કાંઇ બાકી પૈસા રહેલ
કે જે હું પાત્રને આપી શકું એવો ઉત્તર આપી દઉં? અથવા
કાંઇ તમારા ધર્માનુષ્ઠાનનું કામ નથી અને આપે મને તે બાબ
કદિ કાંઇ પણ કહેવું નહિ એમ કહીને ધર્માચાર્યને ઉડાવું?
આપે હાલ જે વાત કરી છે તે અકાળે કહી છે એમ બતાવવા
ક્રોધથી ભવાં ચઢાવું? ટુંકામાં હવે આ સાધુ મારાં કહેલાં
સમજી જઇને મને છેતરવાનો પોતાનો વિચાર કેવી રીતે છોડી
અથવા મને આ પંચાતમાંથી કેવી રીતે છોડશે તે સમજાતું નથી

ઉપર જણાવ્યા તેવા અને તેને મળતા બીજા અનેક મા

૧ અહીં ‘દિગંબર’ શબ્દોથી જૈનનો દિગંબર સંપ્રદાય લેવો કે વેદ
પરમહંસ આદિ દિગંબર-નગ્ન રહે છે તે મત લેવો તે સ્પષ્ટ નથી. સંઘ શબ્દ
વિભાગ સૂચવે છે જ્યારે ઋષિ શબ્દ જૈનેતર સૂચવે છે. કહેવાની મતલબ
મત ઉપર આક્ષેપની છેજ નહિ, પણ પ્રાણીના મનમાં આવા વિચાર થાય છે
અન્ન ભાવ છે. દિગંબર સાધુઓને પણ ‘ઋષિ’ કહેવામાં આવતા હતા,
શ્રાવકને ત્યાં ભોજન કરતા હતા. જૈન દિગંબર સંપ્રદાય વધારે સંભવિત છે.

સાધુની નિઃસ્પૃહતા.

આદિ પોતાના મનમાં આ પ્રાણી કર્યા કરે છે. પણ તેનો અંતરાત્મા મૂઢ થયેલ હોવાથી તે બાપડાને ખબર પડતી નથી કે એ ધર્માચાર્ય અત્યંત જ્ઞાનવાન હોવાથી સંસારમાં રહેલા સર્વ પદાર્થો અને ભાવોને તરાંની મૂઠી જેવા સમજે છે એટલે મૂઠી ભરીને ફોતરાં હોય ની કાંઇ કિંમત નથી અને તે પવનની ફૂંક લાગતાં ઉડી જાય તેવાં ય છે તેમ સંસારના પદાર્થો અને ભાવો કિંમત વગરના અને ઉડી નારા (નાશ પામનારા) છે એમ તેઓ જ્ઞાનબળથી જાણે છે; તે ન ધર્માચાર્યો માપ ન કરી શકાય તેવા પ્રતિબોધરૂપ અમૃતના પાનથી રાઇ ગયેલા હોય છે; તેઓ વિષયરૂપ અપાર ઝેરનું તીવ્ર દુઃખ આપનાર પરિણામ જાણે છે; તેઓ સર્વ વસ્તુ ઉપર સમભાવ રાખના વાથી અને જાતે અત્યંત નિઃસ્પૃહી હોવાથી અને તેઓનું મન મોક્ષ ધ્ય કરવાની બાબતમાં એક તાનથી લાગેલું હોવાથી તેઓ જ્યારે પદેશ દેવાની બાબતમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે તેઓના મનમાં ઇન્દ્ર ભિક્ષુક વચ્ચે જરા પણ તફાવત હોતો નથી, મોટી ઋદ્ધિવાળા દેવો નિર્ધન પુરુષ વચ્ચે તેઓ જરા પણ આંતરો રાખતા નથી, મોટા ક્રવર્તીમાં અને રંક પ્રાણીમાં કાંઇ અંતર દેખતા નથી, તેમજ ઉદાર દાર તરફ કે કૃપણ માણસ તરફ આદર કે અનાદરની નજરથી તા નથી; તેઓના વિચારમાં મોટું ઐશ્વર્ય અને દરિદ્રતા સમાન છે, ટા રત્નના ઢગલા કઠોર પથ્થરના ઢગલા જેવા છે, તાવેલ સોનાનો ગલો માટીનાં ઢેફાંઓ જેવો છે, રૂપાનો સંચય ધૂળના ઢગલા જેવો છે, ધાન્યના કોઠારો ખાર (ભીઠા)ના ઢગલા જેવા છે અને ચોપગાં નાવરો અને બીજી ધાતુઓ વિગેરેમાં અને બીજી સાર વગરની સ્તુઓમાં તેઓને કાંઇ તફાવત જણાતો નથી, તેમજ કામદેવની રી રતિના રૂપને પણ હસી કાઢે એવી સુંદર સ્ત્રીઓમાં અને લાકડાના નુ પાબલામાં તેઓ કાંઇ ફેર જાણતા નથી. આ પ્રમાણે હોવાથી ણીને ઉપદેશ દેવાનો પ્રયત્ન કરવામાં પરોપકાર કરવાની તેઓની શુદ્ધ વૃત્તિ સિવાય બીજું કાંઇ પણ કારણ નથી. તેઓ પોતાનો ર્થ સાધે છે તે પણ સ્વાધ્યાય (વાંચન, અભ્યાસ, મનન આદિ) ન તપશ્ચર્યા વિગેરે કરીને સાધે છે અને તેથી સ્વાર્થની ખાતર પણ ઓની ઉપદેશ આપવામાં પ્રવૃત્તિ થતી નથી. તેઓ આ પ્રાણી તરથી કોઇ પણ પ્રકારની આશા રાખતાજ નથી અને અન્ય કોઇ પણ કારના લાભની તેઓનાં મનમાં આશા હોવી તે તો તદન અસંભતજ છે. આ સર્વ હકીકત બરાબર છે, પણ આ પ્રાણીની બુદ્ધિ

સારા ખાવાના પદાર્થો આપો, મુખવાસ માટે સારી સારી ભેટ કરો, દાન આપવું એ ગૃહસ્થનો મુખ્ય અને મોટો દાનથી સંસારનો પાર પમાય છે" આવી રીતે મને લોભમાં છેતરીને પોતાના શરીરનું પોષણ કરનાર [1]દિગંબરની પેઠે શ્રમણને મારૂં ધન હરણ કરવું તો નહિ હોય? જો એમ ન હો સંસારનો પ્રપંચ તેઓ આટલો બધો પ્રયાસ લઇને મારી પાસે માટે કહેતા હોય? આ બધી વાતનો સાર મને તો એટલો છે કે આ સર્વ સાધુઓ (શ્રમણો) ત્યાંસુધી સારા છે કે આપણે તેઓની પાસે જઇએ નહિ અને તેઓને વશ પડીએ તેઓને વશ થઇ રહેનાર કોઇ શ્રદ્ધાળુ માલુમ પડ્યો એટલે માયાવી સાધુઓ નાના પ્રકારના વચનઆડંબરથી તેને લોભાવીને સર્વસ્વ લુંટી લેવાનો પ્રયાસ કરે છે અને અત્યારે તેઓ મારી પણ એજ ધોરણસર વર્તે છે એ બાબતમાં મારા મનમાં શંકા નથી. આ ધર્માચાર્યે તો પોતાની વાત શરૂ કરી દીધી છે ત્યારે હવે શું કરવું? હું તો એ બાબતમાં વધારે વધારે વિચાર કરતાં વધારે મુંઝાતો જઉં છું. તેઓએ આવો સવાલ પૂછ્યો તેનો કાંઇ જવાબ આપ્યા વગર ચાલ્યો જઉં? અથવા ધર્મનું અનુષ્ઠાન મારામાં શક્તિ નથી એમ સાફ કહી દઉં? અથવા તો ચોર મારૂં ધન લુંટી ગયા છે, મારી પાસે હવે કાંઇ બાકી પૈસા રહેલા કે જે હું પાત્રને આપી શકું એવો ઉત્તર આપી દઉં? અથવા કાંઇ તમારા ધર્માનુષ્ઠાનનું કામ નથી અને આપે મને તે બાબત કદિ કાંઇ પણ કહેવું નહિ એમ કહીને ધર્માચાર્યને ઉડાવું? આપે હાલ જે વાત કરી છે તે અકાળે કહી છે એમ બતાવવા ક્રોધથી ભવાં ચઢાવું? ટુંકામાં હવે આ સાધુ મારાં કહેલાં વ સમજી જઇને મને છેતરવાનો પોતાનો વિચાર કેવી રીતે છોડી અથવા મને આ પંચાતમાંથી કેવી રીતે છોડશે તે સમજાતું નથી.

ઉપર જણાવ્યા તેવા અને તેને મળતા બીજા અનેક મારા

[1] અહીં 'દિગંબર' શબ્દોથી જૈનનો દિગંબર સંપ્રદાય લેવો કે વેદ પરમહંસ આદિ દિગંબર-નગ્ન રહે છે તે મત લેવો તે સ્પષ્ટ નથી. સંઘ શબ્દ વિભાગ સૂચવે છે જ્યારે ઋષિ શબ્દ જૈનેતર સૂચવે છે. કહેવાની મતલબ મત ઉપર આક્ષેપની છેજ નહિ, પણ પ્રાણીના મનમાં આવા વિચાર થાય છે અત્ર ભાવ છે. દિગંબર સાધુઓને પણ 'ઋષિ' કહેવામાં આવતા હતા, શ્રાવકને ત્યાં ભોજન કરતા હતા. જૈન દિગંબર સંપ્રદાય વધારે સંભવિત છે.

સાધુની નિઃસ્પૃહતા.

ચારો પોતાના મનમાં આ પ્રાણી કર્યા કરે છે, પણ
તેનો અંતરાત્મા મૂઢ થયેલ હોવાથી તે બાપડાને
ખબર પડતી નથી કે એ ધર્માચાર્ય અત્યંત જ્ઞાનવાન્
હોવાથી સંસારમાં રહેલા સર્વ પદાર્થો અને ભાવોને
...તરાંની મુઠી જેવા સમજી રહ્યા છે એટલે મુઠી ભરીને ફોતરાં હોય
...ની કાંઇ કિંમત નથી અને તે પવનની ફુંક લાગતાં ઉડી જાય તેવાં
...ય છે તેમ સંસારના પદાર્થો અને ભાવો કિંમત વગરના અને ઉડી
...નારા (નાશ પામનારા) છે. એમ તેઓ જ્ઞાનબળથી જાણે છે; તે
...ન ધર્માચાર્યો માપ ન કરી શકાય તેવા સંતોષરૂપ અમૃતના પાનથી
...રાઇ ગયેલા હોય છે; તેઓ વિષયરૂપ ભયંકર ઝેરનું તીવ્ર દુઃખ
...આપનાર પરિણામ જાણે છે; તેઓ સર્વ વસ્તુ ઉપર સમભાવ રાખતા
...વાથી અને જાતે અત્યંત નિઃસ્પૃહી હોવાથી અને તેઓનું મન મોક્ષ
...મ કરવાની બાબતમાં એક તાનથી લાગેલું હોવાથી તેઓ જ્યારે
...પદેશ દેવાની બાબતમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે તેઓનાં મનમાં ઇંદ્ર
... ભિક્ષુક વચ્ચે જરા પણ તફાવત હોતો નથી, મોટી ઋદ્ધિવાળા દેવો
... નિર્ધન પુરુષ વચ્ચે તેઓ જરા પણ આંતરો રાખતા નથી, મોટા
...ક્રવર્તીમાં અને રંક પ્રાણીમાં કાંઇ અંતર દેખતા નથી, તેમજ ઉદાર
...સાદાર તરફ કે કૃપણ માણસ તરફ આદર કે અનાદરની નજરથી
...તા નથી; તેઓના વિચારમાં મોટું ઐશ્વર્ય અને દરિદ્રતા સમાન છે,
...ટા રત્નના ઢગલા કઠોર પથ્થરના ઢગલા જેવા છે, તાવેલ સોનાનો
...ગલો માટીનાં ઢેફાંઓ જેવો છે, રૂપાનો સંચય ધૂળના ઢગલા જેવો
..., ધાન્યના કોઠારો ખાર (મીઠા)ના ઢગલા જેવા છે અને ચોપગાં
...નાવરો અને બીજી ધાતુઓ વિગેરેમાં અને બીજી સાર વગરની
...સ્તુઓમાં તેઓને કાંઇ તફાવત જણાતો નથી, તેમજ કામદેવની
...ી રતિના રૂપને પણ હસી કાઢે એવી સુંદર સ્ત્રીઓમાં અને લાકડાના
...નું થાંભલામાં તેઓ કાંઇ ફેર જોતા નથી. આ પ્રમાણે હોવાથી
...ાણીને ઉપદેશ દેવાનો પ્રયત્ન કરવામાં પરોપકાર કરવાની તેઓની
...શુદ્ધ વૃત્તિ સિવાય બીજું કાંઇ પણ કારણ નથી. તેઓ પોતાનો
...ાર્થ સાધે છે તે પણ સ્વાધ્યાય (વાંચન, અભ્યાસ, મનન આદિ)
...ાન તપશ્ચર્યા વિગેરે કરીને સાધે છે અને તેથી સ્વાર્થની ખાતર પણ
...ઓની ઉપદેશ આપવામાં પ્રવૃત્તિ થતી નથી. તેઓ આ પ્રાણી તર-
...થી કોઇ પણ પ્રકારની આશા રાખતાજ નથી અને અન્ય કોઇ પણ
...કારના લાભની તેઓનાં મનમાં આશા હોવી તે તો તદ્દન અસંભ-
...વજ છે. આ સર્વ હકીકત બરાબર છે. પણ આ પ્રાણીની બુદ્ધિ

સારા ખાવાના પદાર્થો આપો, મુખવાસ માટે સારી સારી વ
ભેટ કરો, દાન આપવું એ ગૃહસ્થનો મુખ્ય અને મોટો ધર્મ
દાનથી સંસારનો પાર પમાય છે” આવી રીતે મને લોભમાં
છેતરીને પોતાના શરીરનું પોષણ કરનાર [1]દિગંબરની પેઠે આ
શ્રમણને મારૂં ધન હરણ કરવું તો નહિ હોય? જો એમ ન હો
સંસારનો પ્રપંચ તેઓ આટલો બધો પ્રયાસ લઇને મારી પા
માટે કહેતા હોય? આ બધી વાતનો સાર મને તો એટલો
છે કે આ સર્વ સાધુઓ (શ્રમણો) ત્યાંસુધી સારા છે કે
આપણે તેઓની પાસે જઇએ નહિ અને તેઓને વશ પડીએ
તેઓને વશ થઇ રહેનાર કોઇ શ્રદ્ધાળુ માલુમ પડ્યો એટલે
માયાવી સાધુઓ નાના પ્રકારના વચનઆડંબરથી તેને ભોળવીને
સર્વસ્વ લુંટી લેવાનો પ્રયાસ કરે છે અને અત્યારે તેઓ મારી
પણ એજ ધોરણસર વર્તે છે એ બાબતમાં મારા મનમાં શંકા
નથી. આ ધર્માચાર્યે તો પોતાની વાત શરૂ કરી દીધી છે ત્યારે
હવે શું કરવું? હું તો એ બાબતમાં વધારે વધારે વિચાર કરતાં
વધારે મુંઝાતો જઉં છું. તેઓએ આવો સવાલ પૂછ્યો તેનો કાંઇ
જવાબ આપ્યા વગર ચાલ્યો જઉં? અથવા ધર્મનું અનુષ્ઠાન
મારામાં શક્તિ નથી એમ સાફ કહી દઉં? અથવા તો ચોર
મારૂં ધન લુંટી ગયા છે, મારી પાસે હવે કાંઇ બાકી પૈસા રહેલા
કે જે હું પાત્રને આપી શકું એવો ઉત્તર આપી દઉં? અથવા
કાંઇ તમારા ધર્માનુષ્ઠાનનું કામ નથી અને આપે મને તે બા
કદિ કાંઇ પણ કહેવું નહિ એમ કહીને ધર્માચાર્યને ઉડાવું? અ
આપે હાલ જે વાત કરી છે તે અકાળે કહી છે એમ બતાવવા
ક્રોધથી ભવાં ચઢાવું? ટુંકામાં હવે આ સાધુ મારાં કહેલાં વ
સમજી જઇને મને છેતરવાનો પોતાનો વિચાર કેવી રીતે છોડી
અથવા મને આ પંચાતમાંથી કેવી રીતે છોડશે તે સમજાતું નથી.

ઉપર જણાવ્યા તેવા અને તેને મળતા બીજા અનેક મારા

[1] અહીં 'દિગંબર' શબ્દોથી જૈનનો દિગંબર સંપ્રદાય લેવો કે વેદ
પરમહંસ આદિ દિગંબર-નગ્ન રહે છે તે મત લેવો તે સ્પષ્ટ નથી. સંઘ શબ્દ
વિભાગ સૂચવે છે જ્યારે ઋષિ શબ્દ જૈનેતર સૂચવે છે. કહેવાની મતલબ
મત ઉપર આક્ષેપની હેજ નહિ, પણ પ્રાણીના મનમાં આવા વિચાર થાય છે
અત્ર ભાવ છે. દિગંબર સાધુઓને પણ 'ઋષિ' કહેવામાં આવતા હતા,
શ્રાવકને ત્યાં ભોજન કરતા હતા. જૈન દિગંબર સંપ્રદાય વધારે સંભવિત છે.

પ્રાણી નિઃ-
સ્પૃહતા.

ત્યારે પોતાના મનમાં આ પ્રાણી હર્ષ કરે છે, પણ તેનો અંતરાત્મા મૂઢ થયેલ હોવાથી તે બાપડાને ખબર પડતી નથી કે તે ધર્માચાર્ય અત્યંત જ્ઞાનવાન હોવાથી સંસારમાં રહેલા સર્વ પદાર્થો અને ભાવોને નગરોની મુઠી જેવા સમજી રહ્યા છે એટલે મુઠી ભરીને કેટલાં હોય તેની કાંઇ કિંમત નથી અને તે પવનની ફૂંક લાગતાં ઉડી જાય તેવાં હોય છે તેમ સંસારના પદાર્થો અને ભાવો કિંમત વગરના અને ઉડી જનારા (નાશ પામનારા) છે એમ તેઓ જ્ઞાનબળથી જાણે છે; તે જૈન ધર્માચાર્યો માપ ન કરી શકાય તેવા સંતોષરૂપ અમૃતના પાનથી ધરાઇ ગયેલા હોય છે; તેઓ વિષયરૂપ ભયંકર ઝેરનું તીવ્ર દુઃખ આપનાર પરિણામ જાણે છે; તેઓ સર્વ વસ્તુ ઉપર સમભાવ રાખતા હોવાથી અને જાતે અત્યંત નિઃસ્પૃહી હોવાથી અને તેઓનું મન મોક્ષ પ્રાપ્ત કરવાની બાબતમાં એક તાનથી લાગેલું હોવાથી તેઓ જ્યારે ઉપદેશ દેવાની બાબતમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે તેઓનાં મનમાં ઇંદ્ર અને ભિક્ષુક વચ્ચે જરા પણ તફાવત હોતો નથી, મોટી ઋદ્ધિવાળા દેવો અને નિર્ધન પુરુષ વચ્ચે તેઓ જરા પણ આંતરો રાખતા નથી, મોટા ચક્રવર્તીમાં અને રંક પ્રાણીમાં કાંઇ અંતર દેખતા નથી, તેમજ ઉદાર દિલના સાહુકાર તરફ કે કૃપણ માણસ તરફ આદર કે અનાદરની નજરથી જોતા નથી; તેઓના વિચારમાં મોટું ઐશ્વર્ય અને દરિદ્રતા સમાન છે, મોટા રત્નના ઢગલા કઠોર પથ્થરના ઢગલા જેવા છે, તાવેલ સોનાનો ઢગલો માટીનાં ઢેફાંઓ જેવો છે, રૂપાનો સંચય ધૂળના ઢગલા જેવો છે, ધાન્યના કોઠારો ખાર (ક્ષાર)ના ઢગલા જેવા છે અને ચોપગાં જાનવરો અને બીજી ધાતુઓ વિગેરેમાં અને બીજી સાર વગરની વસ્તુઓમાં તેઓને કાંઇ તફાવત જણાતો નથી, તેમજ કામદેવની સ્ત્રી રતિના રૂપને પણ હસી કાઢે એવી સુંદર સ્ત્રીઓમાં અને લાકડાના બનેલું થાંભલામાં તેઓ કાંઇ ફેર જોતા નથી. આ પ્રમાણે હોવાથી પ્રાણીને ઉપદેશ દેવાનો પ્રયત્ન કરવામાં પરોપકાર કરવાની તેઓની વિશુદ્ધ વૃત્તિ સિવાય બીજું કાંઇ પણ કારણ નથી. તેઓ પોતાનો સ્વાર્થ સાધે છે તે પણ સ્વાધ્યાય (વાંચન, અભ્યાસ, મનન આદિ) ધ્યાન તપશ્ચર્યા વિગેરે કરીને સાધે છે અને તેથી સ્વાર્થની ખાતર પણ તેઓની ઉપદેશ આપવામાં પ્રવૃત્તિ થતી નથી. તેઓ આ પ્રાણી તરફથી કોઇ પણ પ્રકારની આશા રાખતાજ નથી અને અન્ય કોઇ પણ પ્રકારના લાભની તેઓનાં મનમાં આશા હોવી તે તો તદ્દન અસંભવિતજ છે. આ સર્વ હકીકત બરાબર છે, પણ આ પ્રાણીની બુદ્ધિ

સારા ખાવાના પદાર્થો આપો, સુખવાસ માટે સારી સારી [illegible] ભેટ કરો, દાન આપવું એ ગૃહસ્થનો મુખ્ય અને મોટો [illegible] દાનથી સંસારનો પાર પમાય છે" આવી રીતે મને લોભમાં [illegible] છેતરીને પોતાના શરીરનું પોષણ કરનાર ¹દિગંબરની પેઠે [illegible] શ્રમણને મારું ધન હરણ કરવું તો નહિ હોય? જો એમ ન હો[ય] [illegible] સંસારનો પ્રપંચ તેઓ આટલો બધો પ્રયાસ લઇને મારી પાસે [illegible] મારે કહેતા હોય? આ બધી વાતનો સાર મને તો એટલો [illegible] છે કે આ સર્વે સાધુઓ (શ્રમણો) ત્યાંસુધી સારા છે કે [illegible] આપણે તેઓની પાસે જઇએ નહિ અને તેઓને વશ પડીએ [illegible] તેઓને વશ થઇ રહેનાર કોઇ શ્રદ્ધાળુ માલુમ પડ્યો એટલે [illegible] માયાવી સાધુઓ નાના પ્રકારના વચનઆડંબરથી તેને ભોળવીને સર્વસ્વ લુંટી લેવાનો પ્રયાસ કરે છે અને અત્યારે તેઓ મારી [illegible] પણ એજ ધોરણસર વર્તે છે એ બાબતમાં મારા મનમાં શંકા [illegible] નથી. આ ધર્માચાર્યે તો પોતાની વાત શરૂ કરી દીધી છે ત્યારે હવે શું કરવું? હું તો એ બાબતમાં વધારે વધારે વિચાર કરતાં [illegible] વધારે મુંઝાતો જઉં છું. તેઓએ આવો સવાલ પૂછ્યો તેનો કાંઇ જવાબ આપ્યા વગર ચાલ્યો જઉં? અથવા ધર્મનું અનુષ્ઠાન ક[રવાની] મારામાં શક્તિ નથી એમ સાફ કહી દઉં? અથવા તો ચોર [illegible] મારું ધન લુંટી ગયા છે, મારી પાસે હવે કાંઇ બાકી પૈસા રહ્યા [illegible] કે જે હું ધર્મને આપી શકું એવો ઉત્તર આપી દઉં? અથવા [illegible] કાંઇ તમારા ધર્મવિધાનનું કામ નથી અને આપે મને તે [illegible] કદિ કાંઇ પણ કહેવું નહિ એમ કહીને ધર્માચાર્યને ઉડાવું? [illegible] [illegible] હાલ જે વાત કરી છે તે અકાળે કહી છે એમ બતાવ[illegible] [illegible] કરવાં [illegible]? [illegible]માં હવે આ સાધુ મારાં કહેલાં [illegible] [illegible] મને છેતરવાનો પોતાનો વિચાર કેવી રીતે છો[illegible] [illegible] મને આ [illegible]ધ્યાનમાંથી કેવી રીતે છોડશે તે સમજાતું [illegible]

[illegible] તેવા અને તેને મળતા બીજા અનેક [illegible]

---

૧ અહીં 'દિગંબર' શબ્દથી જૈનનો દિગંબર સંપ્રદાય લેવો કે [illegible] [illegible] છે તે સ્પષ્ટ નથી. [illegible] જૈનેતર સૂચવે છે. કહેવાની [illegible] [illegible] મનમાં આવા વિચાર [illegible] 'નહિ' કહેવામાં [illegible] જૈન દિગંબર સંપ્રદાય વધારે [illegible]

સાધુની નિઃસ્પૃહતા.

ચારો પોતાના મનમાં આ પ્રાણી કર્યા કરે છે, પણ તેનો અંતરાત્મા મૂઢ થયેલ હોવાથી તે બાપડાને ખબર પડતી નથી કે એ ધર્માચાર્ય અત્યંત જ્ઞાનવાન્ હોવાથી સંસારમાં રહેલા સર્વ પદાર્થો અને ભાવોને ાતરાંની મુઠી જેવા સમજી રહ્યા છે એટલે મુઠી ભરીને ફોતરાં હોય ાની કાંઇ કિમત નથી અને તે પવનની ફુંક લાગતાં ઉડી જાય તેવાં ાય છે તેમ સંસારના પદાર્થો અને ભાવો કિમત વગરના અને ઉડી નારા (નાશ પામનારા) છે, એમ તેઓ જ્ઞાનબળથી જાણે છે; તે ેન ધર્માચાર્યો માપ ન કરી શકાય તેવા સંતોષરૂપ અમૃતના પાનથી ્રાઇ ગયેલા હોય છે; તેઓ વિષયરૂપ ભયંકર ઝેરનું તીવ્ર દુઃખ આપનાર પરિણામ જાણે છે; તેઓ સર્વ વસ્તુ ઉપર સમભાવ રાખતા ોવાથી અને જાતે અત્યંત નિઃસ્પૃહી હોવાથી અને તેઓનું મન મોક્ષ ાપ્ત કરવાની બાબતમાં એક તાનથી લાગેલું હોવાથી તેઓ જ્યારે ઉપદેશ દેવાની બાબતમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે તેઓનાં મનમાં ઇંદ્ર ભિક્ષુક વચ્ચે જરા પણ તફાવત હોતો નથી, મોટી ઋદ્ધિવાળા દેવો નિર્ધન પુરુષ વચ્ચે તેઓ જરા પણ આંતરો રાખતા નથી, મોટા ક્રવર્તીમાં અને રંક પ્રાણીમાં કાંઇ અંતર દેખતા નથી, તેમજ ઉદાર આદાર તરફ કે કૃપણ માણસ તરફ આદર કે અનાદરની નજરથી તા નથી; તેઓના વિચારમાં મોટું ઐશ્વર્ય અને દરિદ્રતા સમાન છે, ટા રત્નના ઢગલા કઠોર પથ્થરના ઢગલા જેવા છે, તાવેલ સોનાનો ાલો માટીનાં ઢેફાંઓ જેવો છે, રૂપાનો સંચય ધૂળના ઢગલા જેવો ધાન્યના કોઠારો ખાર (ભીઠા)ના ઢગલા જેવા છે અને ચોપગાં નાવરો અને બીજી ધાતુઓ વિગેરેમાં અને બીજી સાર વગરની તુઓમાં તેઓને કાંઇ તફાવત જણાતો નથી, તેમજ કામદેવની રતિના રૂપને પણ હસી કાઢે એવી સુંદર સ્ત્રીઓમાં અને લાકડાના ું થાંભલામાં તેઓ કાંઇ ફેર જોતા નથી. આ પ્રમાણે હોવાથી ીને ઉપદેશ દેવાનો પ્રયત્ન કરવામાં પરોપકાર કરવાની તેઓની ્રૃ વૃત્તિ સિવાય બીજું કાંઇ પણ કારણ નથી. તેઓ પોતાનો ્ય સાધે છે તે પણ સ્વાધ્યાય (વાંચન, અભ્યાસ, મનન આદિ) ન તપશ્ચર્યા વિગેરે કરીને સાધે છે અને તેથી સ્વાર્થની ખાતર પણ ાની ઉપદેશ આપવામાં પ્રવૃત્તિ થતી નથી. તેઓ આ પ્રાણી તર- કોઇ પણ પ્રકારની આશા રાખતાજ નથી અને અન્ય કોઇ પણ રના લાભની તેઓનાં મનમાં આશા હોવી તે તો તદ્દન અસંભ- જ છે. આ સર્વ હકીકત બરાબર છે, પણ આ પ્રાણીની બુદ્ધિ

અત્યંત બહેર મારી ગયેલી હોવાથી તે આ સર્વ હકીકત નથી, તેથી જે ગુરુ મહારાજ અત્યંત ઉદાર આશયવાળા હોય મને પણ પોતાની અત્યંત તુચ્છ વૃત્તિને લઇને પોતાના જેવા ધારી લે છે અને મહામોહને વશ પડીને પેલા તત્ત્વને નહિ શૈવાચાર્ય, બ્રાહ્મણ કે બૌધના ભિક્ષુની જેવા તેમને પણ ગણે થિનો ભેદ કર્યો હોય તોપણ તેણે દર્શન મોહનીયના ત્રણ (શુદ્ધ, અર્ધ શુદ્ધ અને અશુદ્ધ) કરેલા હોવાથી જ્યાંસુધી થ્યાત્વ પુંજમાં આ પ્રાણી વર્તતો હોય છે ત્યાંસુધી ઉપર સર્વ કુવિકલ્પો તેને સંભવે છે.

મિથ્યાત્વની પ્રબળ અસર.

મિથ્યાત્વ પુંજના ઉદયથી પ્રાણીમાં મિથ્યાત્વનું ઝેર વધારે જાય છે અને હૃદયમાં વ્યાકુળપણું સ્પષ્ટ અને તેના પરિણામે તેનામાં વળી પાછું ઝેર વધારે પ્રસરે છે. આ મિથ્યાત્વને વશ પ્રાણી વળી પાછો સંસાર તરફ વધારે સરતો છે, તેને અત્યાર સુધી જૈન દર્શન ઉપર પક્ષપાત થયો હોય વળી પાછો શિથિળ થઇ જાય છે, તેને નવા નવા પદાર્થો સંબંધી મેળવવાની ઇચ્છા થઇ હોય છે તેને તે છોડી દે છે, અન્ય વિશુદ્ધ ધર્મનું આચરણ કરતા હોય છે તેમને જોઇને તેઓનો ભાઇશ્રી તિરસ્કાર કરે છે, વિચાર વગરના પ્રાણીઓ (અન્ય ધર્મ હોય છે તેને એ બહુમાન આપે છે, અગાઉ પોતે થોડું થોડું કામ કર્યા કરતો હતો તેમાં પણ આળસ–પ્રમાદ કરે છે, ભદ્ર છોડી દે છે, નિરંતર વિષયમાં રાચ્યો માચ્યો રહે છે અને તેમાં આ પામે છે, વિષયને મેળવી આપનાર સાધનો–ધન અને સુવર્ણ વિ સર્વે બાબતનાં તત્ત્વ જેવાં ગણે છે, જે ગુરુ મહારાજ પોતાને કૂળ આવે તેવો અને વિષયનાં સાધન મેળવી આપવાની હકીકતને આપનારો ઉપદેશ આપે તેને ગુરુ તરીકે ગ્રહણ કરે છે, એવા ગુરુ ઉપદેશ આપે છે તે છેતરવા સારૂ આપે છે એમ ન સમજતાં વાસ્તવિક ઉપદેશ આપે છે એમ પોતાની જાતને મનાવી લે છે, ધર્મની નિંદા કરે છે, ધર્મગુરુનાં મર્મસ્થાનો ઉઘાડાં પાડે છે,

૧ મોહનીય કર્મના ત્રણ પુંજ (ઢગલા) કરે છે. તેમાંના અશુદ્ધ ઢગ મિથ્યાત્વ મોહનીય કહેવામાં આવે છે. તેનો ઉદય વર્તતો હોય ત્યારે પ્રાણી હમાં મુંઝાઇ જાય છે. શુદ્ધ પુંજને પણ ભોગવી લેતાની સાથે સમ્યગ્દર્શન પ્ર થાય છે. પ્રથમ કર્મગ્રંથની ચઉદમી ગાથાની ટીકામાં આ ત્રણ પુંજની હ બહુ સુંદર રીતે આપવામાં આવી છે તે જુઓ.

વાદ ઊભા કરે છે, પ્રતિકૂળ બાબતોમાં ધ્યાન લગાડે છે અને તેને લીધે ગુરુ મહારાજ તરફથી ડગલે અને પગલે અપમાન પામે છે. આવી રીતે ગુરુ મહારાજ તરફથી અપમાન પામે છે ત્યારે વળી આ પ્રાણી વિચાર કરે છે કે આ સાધુઓ આળાવીપણાને લીધે પોતાની પાસે સારી રીતે પ્રથમથી રચીને તૈયાર કરેલા ગ્રંથો રાખતા હોવાથી અમોને વાદવિવાદમાં હરાવવા એ મારા જેવા માટે મુશ્કેલ છે. હવે તેઓ પોતાની માયાજાળ વધારે જોરથી ફેલાવી મને ખોટી સાચી વાતો સમજાવી સાચા ખોટા વિકલ્પો ઉઠાવીને મારા આત્માને પોતાનું વશ્ય બનાવશે, માટે એવા ધર્માચાર્યને તો આપણે દૂરથીજ નમસ્કાર કરવા, તેઓને છોડી દેવા, તેઓ ઘરે આવતા હોય તો અટકાવી દેવા અને તેઓનું નામ પણ સહન કરવું નહિ એટલે જો કોઇ તેઓનું નામ બોલે કે મને સંભળાવે તો તેમ કરનારને જોસ કરીને અટકાવવો. આ પ્રમાણે મહામોહને વશ પડેલો આ પ્રાણી ખરાબ અન્ન જેવા ધન, વિષય, સ્ત્રી વિગેરે ઉપર મૂર્છા કરીને અને તેઓના રક્ષણમાં અહર્નિશ તત્પર થઇને સારો અને સાચો ઉપદેશ આપનાર ગુરુ મહારાજને ઉતરનાર તરીકે ગણી લે છે અને તેમ કરીને પછી આખો વખત નકામું દુર્ધ્યાન કરે છે. આવી રીતે જ્યારે આ પ્રાણીની સારી ખોટી વસ્તુ તપાસવાની વિવેકબુદ્ધિ નાશ પામી હોય છે ત્યારે તેને આચાર્ય મહારાજ જમીનમાં નાખેલા ઊભા લાકડાના ખીલા જેવો ગણે છે. આવી દશામાં તે વર્તતો હોય છે તેથી ગુરુ મહારાજ ધર્માચાર્યની દયા સુંદર ભોજન તુલ્ય સારાં સારાં અનુષ્ઠાનો કરવાનો ઉપદેશ આપે છે તેને એ બાપડો સમજતો નથી. આવી હકીકત જોઇને વિવેકી પ્રાણીઓને ઘણી નવાઇ લાગે છે કે વિષય ધન આદિ જે મહા નરકમાં પાડનારા છે તેના ઉપર આસક્તિ રાખી ગુરુ મહારાજ દયા કરી મોક્ષનાં સુખ ઉત્પન્ન કરી આપે તેવાં સુંદર અનુષ્ઠાનો બતાવે છે તેનો આ પ્રાણી તિરસ્કાર કરે છે, તેની અવહેલના કરે છે અને તેના તરફ વિરોધ સ્પષ્ટ રીતે બતાવે છે તે શું? આ પ્રમાણેની વિચિત્ર હકીકત જોઇ વિવેકી પ્રાણીને ખેદ થાય છે કે આ પ્રાણી જે પોતાનું અહિત કરે તેને આદરે છે અને હિત કરનારને હાંકી કાઢે છે. આ હકીકત તેઓને નવાઇ ઉપજાવનારી લાગે છે.

ત્રણ ઔષધોની વિચારણા.

ત્યારપછી નિષ્પુણ્યક દરિદ્રીના કથાપ્રસંગમાં કહેવામાં આવ્યું

નિરર્થક પ્રયત્ન.

છે કે "આવો તદ્દન અસંભવિત બનાવ બનતો જોઈ ધર્મબોધકર મંત્રીશ્વર પોતાના મનમાં વિચાર કર- લાગ્યા કે 'આ રાંકને આવું પ્રત્યક્ષ સુંદર ભોજ- આપીએ છીએ તોપણ તે લેતો નથી અને [illegible] ઉત્તર પણ આપતો નથી તેનું કારણ શું હશે? ઉલટું તેનું મો- ઝાંખું પડી ગયું છે, તેની આંખો મીંચાઈ ગઇ છે અને મોહથી [illegible] તેનું સર્વસ્વ લુંટાઇ ગયું હોય તેમ લાકડાની ખીલી જેવો તે ચેષ્ટા [illegible] ગરનો થઇ ગયો છે! એટલા ઉપરથી આ પાપાત્મા આવા સુંદ- ભોજનને લાયક હોય એમ લાગતું નથી." આ જીવના સંબંધમાં [illegible] સર્વ હકીકત બરાબર બંધબેસતી આવે છે. ગુરુ મહારાજ એવી રીતે વિસ્તારથી ધર્મની દેશના આપે અથવા બીજી રીતે પ્રયત્ન [illegible] કરતાં પણ જ્યારે તેઓ આ પ્રાણીનો ભદ્રકભાવ નાશ પામતો જુએ અને તેને ઉલટો વિપરીત માર્ગે પ્રવર્તતો જુએ ત્યારે તેઓના મનમાં સ્વાભાવિક રીતે વિચાર થાય છે કે આ જીવનું કલ્યાણ થવાનું નથી હોવાથી તે ભગવન્તના ધર્મને લાયક નથી, તે સારી ગતિમાં જવાને યોગ્ય જણાતો નથી, ખરાબ ગતિમાં જનારો જણાય છે. વળી એના મનમાં અનેક આવા કુવિકલ્પો ઉઠતા હોવાથી ધર્માત્માઓવડે સં[illegible] રિત થવાને તે યોગ્ય જણાતો નથી. આવા મોહથી હણાયલા પ્રાણી [illegible] માટે પ્રયાસ કરવો તે નકામો છે, તેને માટે પરિશ્રમ ઉઠાવવો તે [illegible] બબરનો છે, તેની ઉપર મહેનત લેવી નિરર્થક છે.

[illegible]

ત્યારપછી જ્યારે વિચાર કરીને આપણે કથાપ્રસંગમાં ધર્મબો[illegible] કરને નજરે કરતાં જોયા કે "'અથવા બીજી રીતે [illegible] કરીએ તો તેમાં એ બાપડાનો કાંઇ પણ દોષ નથી. [illegible] બાપડો શરીરની અંદરના તથા બહારના એટલા બધા વ્યાધિઓથી ચોતરફ ઘેરાઇ ગયેલો છે અ[illegible] તેની પીડાથી એટલો બધો મુંઝાઇ ગયેલો છે કે તે કાંઇ પણ જાણી શકતો નથી, સમજી શકતો નથી, વિચારી શકતો નથી. જો એમ ન હોય તો તે [illegible] સુન્દર [illegible] ભોજન પર એટલી બધી પ્રીતિ કેમ [illegible] કરે? અને જો [illegible] હોય તો આવું [illegible] [illegible]

થી તેની ચેતના હણાયેલી હોવાને લીધે તે કાંઇ જાણી શકતો
સમજી શકતો નથી. વિચારી શકતો નથી. એ તે રોગોથી મુક્ત
તો પોતાની જાતને (આત્માને) હિત કરનારી પ્રવૃત્તિ કેમ
પોતાની જાતને નુકશાન કરે તેવી બાબતમાં શા માટે પ્રવૃત્તિ કરે ?

વિમળાલોક અંજન:

તત્ત્વપ્રીતિકર જળ:

મહાકલ્યાણક ભોજન.

વળી તે ધર્મબોધકર મંત્રીશ્વરે વિચાર કરવા માંડ્યો કે "હમારે
ે (નિષ્પુણ્યક) બાપડો નીરોગી કેવી રીતે થાય તેને માટે મારે
પાય કરવો જોઇએ. અરે હા! બરાબર છે, તેને નીરોગી કરવા
ારી પાસે ઘણું સુંદર ઔષધો છે. તેમાં પ્રથમ તો મારી પાસે
ાલોક નામનું મજાનું આંજણ છે, તે આંખના સર્વ વ્યાધિઓ દૂર
શક્તિમાન્ છે. તેને બરાબર વિધિપૂર્વક આંખમાં આંજ્યું હોય
મ રીતે ગોઠવાયલા અતીત અને અનાગત એટલે ત્રણ કાળના
વિષ્ય કાળના સર્વે ભાવોને જોઇ શકે તેવી સુંદર આંખો તે
શકે છે. વળી મારી પાસે બીજું તત્ત્વપ્રીતિકર નામનું તીર્થ-
તે સર્વે રોગોને એકદમ ઓછા કરી શકે છે. ખાસ કરીને
જે કાંઇ ઉન્માદ હોય તેનો એકદમ તે નાશ કરે છે અને
રુષો કહે છે કે સમ્યગ્ રીતે જોવામાં તે મજબૂત કારણરૂપ
વળી આ તદ્દયા અહીં લઇ આવી હાંકીને મૂકી ગઇ છે તે
ાણક નામનું પરમાન્ન છે તે સર્વ વ્યાધિઓને મૂળમાંથી નાશ
શક્તિમાન છે. તેને બરાબર વિધિપૂર્વક સેવવામાં આવ્યું હોય
રીરનો વર્ણ વધારે છે. પુષ્ટિ કરે છે. ધૃતિ આપે છે. બળ
છે. મનને આનંદમાં રાખે છે. પરાક્રમીપણું લાવી આપે છે,
ાવસ્થા દબાવી રાખે છે વીર્યનો વધારો કરે છે અને
પ્રાપ્ત કરે છે એનાં જેટલા ગુણ કહી શકાય તેવું નથી. એ પરમાન્ન
નું ખાસ ઔષધ છે કે તેના કરતાં વધારે સુંદર ઔષધ આ
બીજુ કોઇ હોય એમ હું માનતો નથી. આ પ્રમાણે
આ ઔષધોવડે ઉપચાર કરીને તેને સમ્યગ્ આ
આ પ્રમાણે ધર્મબોધકર પોતાના મનમાં વિચારે
ચાર્ય પણ આ રંકના ભવિષ્યના અવાજ રીતે

ના સંમત અભાણના ૬૪-૫ ...

નિરર્થક પ્રયત્ન.

છે કે "આવો તદ્દન અસંભવિત બનાવ બનતો જો ધર્મબોધકર મંત્રીશ્વર પોતાના મનમાં વિચાર કર લાગ્યા કે 'આ રાંકને આવું પ્રત્યક્ષ સુંદર ભોજ આપીએ છીએ તોપણ તે લેતો નથી અને ઉત્તર પણ આપતો નથી તેનું કારણ શું હશે? ઉલટું તેનું મો ઝાંખું પડી ગયું છે, તેની આંખો મીંચાઇ ગઇ છે અને મોહથી તેનું સર્વસ્વ લુંટાઇ ગયું હોય તેમ લાકડાની ખીલી જેવો તે ચેષ્ટા ગરનો થઇ ગયો છે! એટલા ઉપરથી આ પાપાત્મા આવા સુંદ ભોજનને લાયક હોય એમ લાગતું નથી."' આ જીવના સંબંધમાં આ સર્વ હકીકત બરાબર બંધબેસતી આવે છે. ગુરુ મહારાજ એવી રીતે વિસ્તારથી ધર્મની દેશના આપે અથવા બીજી રીતે પ્રયત્ન કરે છતાં પણ જ્યારે તેઓ આ પ્રાણીનો ...કભાવ નાશ પામતો જુએ અને તેને ઉલટો વિપરીત ...

રોગોથી તેની ચેતના હણાયલી હોવાને લીધે તે કાંઇ જાણી શકતો નથી, સમજી શકતો નથી, વિચારી શકતો નથી. જો તે રોગોથી મુક્ત હોય તો પોતાની જાતને (આત્માને) હિત કરનારી પ્રવૃત્તિ છોડી દઇને પોતાની જાતને નુકશાન કરે તેવી બાબતમાં શા માટે પ્રવૃત્તિ કરે?

વિમળાલોક અંજન:

તત્ત્વપ્રીતિકર જળ:

મહાકલ્યાણક ભોજન.

વળી તે ધર્મબોધકર મંત્રીશ્વરે [1]વિચાર કરવા માંડ્યો કે "'ત્યારે હવે એ (નિષ્પુણ્યક) બાપડો નીરોગી કેવી રીતે થાય તેને માટે મારે કાંઇ ઉપાય કરવો જોઇએ. અરે હા! બરાબર છે, તેને નીરોગી કરવા માટે મારી પાસે ત્રણ સુંદર ઔષધો છે. તેમાં પ્રથમ તો મારી પાસે વિમળાલોક નામનું મજાનું આંજણ છે, તે આંખના સર્વ વ્યાધિઓ દૂર કરવાને શક્તિમાન્ છે. તેને બરાબર વિધિપૂર્વક આંખમાં આંજ્યું હોય તો સૂક્ષ્મ રીતે ગોઠવાયલા અતીત અને અનાગત એટલે ભૂત કાળના અને ભવિષ્ય કાળના સર્વ ભાવોને જોઇ શકે તેવી સુંદર આંખો તે બનાવી શકે છે. વળી મારી પાસે બીજું તત્ત્વપ્રીતિકર નામનું તીર્થ-જળ છે તે સર્વ રોગોને એકદમ ઓછા કરી શકે છે, ખાસ કરીને શરીરમાં જે કાંઇ ઉન્માદ હોય તેનો એકદમ તે નાશ કરે છે અને પંડિત પુરુષો કહે છે કે સમ્યગ્ રીતે જોવામાં તે મજબૂત કારણરૂપ થાય છે. વળી આ તદ્દયા અહીં લઇ આવી ઢાંકીને મૂકી ગઇ છે તે મહાકલ્યાણક નામનું પરમાન્ન છે તે સર્વ વ્યાધિઓને મૂળમાંથી નાશ કરવાને શક્તિમાન છે. તેને બરાબર વિધિપૂર્વક સેવવામાં આવ્યું હોય તો તે શરીરનો વર્ણ વધારે છે, પુષ્ટિ કરે છે, ધૃતિ આપે છે, બળ પ્રાપ્ત કરે છે, મનને આનંદમાં રાખે છે, પરાક્રમીપણું લાવી આપે છે, નિરંતર યુવાવસ્થા ટકાવી રાખે છે, વીર્યમાં વધારો કરે છે અને અજ-રામરપણું પ્રાપ્ત કરે છે એમાં જરા પણ શક જેવું નથી. એ પરમાન્ન એટલું બધું સારું ઔષધ છે કે તેના કરતાં વધારે સુંદર ઔષધ આ દુનિયામાં બીજું કોઇ હોય એમ હું માનતો નથી. આ પ્રમાણે હોવાથી આ બાપડાનો આ ઔષધોવડે ઉપચાર કરીને તેને સમ્યગ્ રીતે વ્યાધિથી છોડાવું.' આ પ્રમાણે ધર્મબોધકરે પોતાના મનમાં વિચાર કર્યા.

ધર્માચાર્ય પણ આ જીવના સંબંધમાં એવીજ રીતે વિચાર કરે છે

---

[1] આનો સંબંધ અગાઉના પૃષ્ઠ ૨૫ સાથે છે.

નિરર્થક પ્રયત્ન.

છે કે "આવો તદ્દન અસંભવિત બનાવ બનતો જોઈ ધર્મબોધકર મંત્રીશ્વર પોતાના મનમાં વિચાર કરવા લાગ્યા કે 'આ રંકને આવું પ્રત્યક્ષ સુંદર ભોજન આપીએ છીએ તોપણ તે લેતો નથી અને ઉ[illegible] ઉત્તર પણ આપતો નથી તેનું કારણ શું હશે? ઉલટું તેનું મો[illegible] ઝાંખું પડી ગયું છે, તેની આંખો મીંચાઈ ગઈ છે અને મોહથી જાણે તેનું સર્વસ્વ લુંટાઈ ગયું હોય તેમ લાકડાની ખીલી જેવો તે ચેષ્ટા વગરનો થઈ ગયો છે! એટલા ઉપરથી આ પાપાત્મા આવા સુંદર ભોજનને લાયક હોય એમ લાગતું નથી.'" આ જીવના સંબંધમાં આ સર્વ હકીકત બરાબર બંધબેસતી આવે છે. ગુરુ મહારાજ એવી રીતે વિસ્તારથી ધર્મની દેશના આપે અથવા બીજી રીતે પ્રયત્ન કરે છતાં પણ જ્યારે તેઓ આ પ્રાણીનો ભદ્રકભાવ નાશ પામતો જુએ અને તેને ઉલટો વિપરીત માર્ગે પ્રવર્તતો જુએ ત્યારે તેઓના મનમાં સ્વાભાવિક રીતે વિચાર થાય છે કે આ જીવનું કલ્યાણ થવાનું નહિ હોવાથી તે ભગવાનના ધર્મને લાયક નથી, તે સારી ગતિમાં જવાને યોગ્ય જણાતો નથી, ખરાબ ગતિમાં જનારો જણાય છે. વળી એના મનમાં અનેક જાતના કુવિકલ્પો ઉઠતા હોવાથી ધર્માત્માઓવડે સંસ્કારિત સ્થાને તે યોગ્ય જણાતો નથી. આવા મોહથી હણાયલા પ્રાણી પર વારે પ્રયાસ કરવો તે નકામો છે, તેને માટે પરિશ્રમ ઉઠાવવો તે ફોગ[illegible] ગુમાવવો છે, તેની ઉપર મહેનત લેવી નિરર્થક છે.

દોષનું ઉપનય કારણ.

ત્યારપછી જ્યારે વિચાર કરીને આપણે કથાપ્રસંગમાં ધર્મબોધકરને નજરે કરતાં જોયા કે "'અથવા બીજી રીતે જો વિચારું તો તેમાં એ બાપડાનો કાંઈ પણ દોષ નથી. એ બાપડો શરીરની અંદરના તથા બહારના એટલા બધા વ્યાધિઓથી અત્યંત ઘેરાઈ ગયેલો છે અને તેની પીડાથી એટલો બધો મુંઝાઈ ગયો છે કે તે કાંઈ પણ જાણી શકતો નથી, સમજી શકતો નથી, વિચારી શકતો નથી. જો એમ ન હોય તો [illegible] અત્યંત [illegible] ઉત્તમ ભોજન પર એટલી બધી પ્રીતિ [illegible] [illegible] હોય તો આવું [illegible] [illegible] રીતે આચાર્ય મહારાજના [illegible] વિચારે છે કે [illegible] [illegible] છે. એ[illegible]

રોગોથી તેની ચેતના હણાયલી હોવાને લીધે તે કાંઇ જાણી શકતો નથી, સમજી શકતો નથી, વિચારી શકતો નથી. જો તે રોગોથી મુક્ત હોય તો પોતાની જાતને (આત્માને) હિત કરનારી પ્રવૃત્તિ છોડી દઇને પોતાની જાતને નુકશાન કરે તેવી બાબતમાં શા માટે પ્રવૃત્તિ કરે ?

વિમળાલોક અંજન:

તત્ત્વપ્રીતિકર જળ:

મહાકલ્યાણક ભોજન.

વળી તે ધર્મબોધકર મંત્રીશ્વરે [1]વિચાર કરવા માંડ્યો કે "'મારે હવે એ (નિષ્પુણ્યક) બાપડો નીરોગી કેવી રીતે થાય તેને માટે મારે કાંઇ ઉપાય કરવો જોઇએ. અરે હા ! બરાબર છે, તેને નીરોગી કરવા માટે મારી પાસે ત્રણ સુંદર ઔષધો છે. તેમાં પ્રથમ તો મારી પાસે વિમળાલોક નામનું અંજનનું આંજણ છે, તે આંખના સર્વ વ્યાધિઓ દૂર કરવાને શક્તિમાન્ છે. તેને બરાબર વિધિપૂર્વક આંખમાં આંજ્યું હોય તો સૂક્ષ્મ રીતે છૂપાયલા અતીત અને અનાગત એટલે ભૂત કાળના અને ભવિષ્ય કાળના સર્વ ભાવોને જોઇ શકે તેવી સુંદર આંખો તે બનાવી શકે છે. વળી મારી પાસે બીજું તત્ત્વપ્રીતિકર નામનું તીર્થજળ છે તે સર્વ રોગોને એકદમ ઓછા કરી શકે છે, ખાસ કરીને શરીરમાં જે કાંઇ ઉન્માદ હોય તેનો એકદમ તે નાશ કરે છે અને પંડિત પુરુષો કહે છે કે સમ્યગ્ રીતે જોવામાં તે મજબૂત કારણરૂપ થાય છે. વળી આ તદ્દયા અહીં લઇ આવી ઢાંકીને મૂકી ગઇ છે તે મહાકલ્યાણક નામનું પરમાન્ન છે તે સર્વ વ્યાધિઓને મૂળમાંથી નાશ કરવાને શક્તિમાન્ છે. તેને બરાબર વિધિપૂર્વક સેવવામાં આવ્યું હોય તો તે શરીરનો વર્ણ વધારે છે, પુષ્ટિ કરે છે, ધૃતિ આપે છે, બળ પ્રાપ્ત કરે છે, મનને આનંદમાં રાખે છે. પરાક્રમીપણું લાવી આપે છે, નિરંતર યુવાવસ્થા ટકાવી રાખે છે. વીર્યમાં વધારો કરે છે અને અજરામરપણું પ્રાપ્ત કરે છે એમાં જરા પણ શક જેવું નથી. એ પરમાન્ન એટલું બધું સારૂં ઔષધ છે કે તેના કરતાં વધારે સુંદર ઔષધ આ દુનિયામાં બીજું કોઇ હોય એમ હું માનતો નથી. આ પ્રમાણે હોવાથી આ બાપડાનો આ ઔષધોવડે ઉપચાર કરીને તેને સમ્યગ્ રીતે વ્યાધિથી છોડાવું.' આ પ્રમાણે ધર્મબોધકરે પોતાના મનમાં વિચાર કર્યો."

ધર્માચાર્ય પણ આ જીવના સંબંધમાં એવીજ રીતે વિચાર કરે છે

---

૧ આનો સંબંધ અગાઉના પૃષ્ઠ ૨૫ સાથે છે.

રોગનો ઉપાય.

તેની યોજના આ પ્રમાણે કરવીઃ આ જીવની અત્યાર સુધીની સર્વ પ્રવૃત્તિઓ જોઇને ધર્માચાર્યના મનમાં જ્યારે નિર્ણય થાય છે કે આ જીવ [1]ભવ્ય છે, માત્ર આકરાં કર્મોથી હેરાન થયેલો હોવાને લીધે તેનું મન વ્યાકુળ રહે છે અને તેથી તે ખરા રસ્તાને ચૂકી ગયેલો છે, ત્યારે તેઓનો એવો અભિપ્રાય થાય છે કે આ બાપડાનો રોગરૂપ કર્મસમૂહથી કેવી રીતે છુટકારો થાય ? આ બાબતનું તાત્પર્ય શોધતાં શોધતાં અને લંબાણ વિચાર કરતાં કરતાં જ્ઞાન દર્શન ચારિત્રરૂપ ત્રણ ઔષધો આ પ્રાણીને રોગથી મૂકાવવાના ઉપાય છે અને એ સિવાય બીજો કોઇ ઉપાય ધ્યાનમાં આવતો નથી કે જેથી એ કર્મરોગની પીડાથી મુક્તિ પામે એ પ્રમાણે તેઓશ્રીને જણાય છે.

અંજનની યોજના.

અહીં જ્ઞાન તે **અંજન** સમજવું. એ સર્વ વસ્તુઓને સ્પષ્ટપણે બતાવતું હોવાથી તેનું નામ **વિમળાલોક** કહેવાય છે. આંખની અંદર થતા વ્યાધિઓના સમૂહરૂપ અજ્ઞાનનો નાશ જ્ઞાનજ કરે છે, તેમજ થઇ ગયેલા, થનારા અને થતા સર્વ સ્વભાવોને પ્રગટ કરનાર વિવેકચક્ષુને તે સંપાદન કરી આપે છે.

તીર્થજળની યોજના.

દર્શન તે **તીર્થજળ** સમજવું. જીવ અજીવ વિગેરે પદાર્થોમાં શ્રદ્ધા ઉત્પન્ન કરવાનું તે હેતુભૂત હોવાથી તેનું નામ **તત્ત્વપ્રીતિકર** આપવામાં આવ્યું છે. આ દર્શનનો જ્યારે ઉદય થાય છે ત્યારે [2]સર્વ કર્મોની સ્થિતિ ઓછી થઇ એક કોડાકોડિ સાગરોપમમાં પણ કાંઇ ઓછી[3] બાકી રહે છે અને તે વખતે દર્શન (દેખવું-તત્ત્વશ્રદ્ધાન) પ્રાપ્ત થઇને એ કર્મસ્થિતિમાં ધીમે ધીમે ઘટાડો કરતું જાય છે. કર્મોને અહીં રોગનું રૂપક આપ્યું છે તેથી સર્વ રોગોને ઘટાડવાનું એ દર્શન કારણ થઇ પડે છે. વળી દૃષ્ટિને નિર્મળ કરનાર જ્ઞાનમાં પણ યથાવસ્થિત અર્થ ગ્રહણ કરવાની ચતુરાઇ આ દર્શન પ્રગટ કરે છે એટલે જ્ઞાનથી ઘણી હકીકત જણાય છે, પછી યોગ્ય હકીકતને જાણવાનું અને અયોગ્યને રદ કરવાનું કાર્ય દર્શન કરે છે. આ ઉપરાંત મોટા ઉન્માદ તુલ્ય મિથ્યાત્વનો એ દર્શન નાશ કરે છે એટલે અજ્ઞાનદશાનો દર્શનપ્રાપ્તિથી છેડો આવે છે અને સન્માર્ગ તરફ આદર થાય છે.

---

૧ અનુકૂળ સામગ્રી પ્રાપ્ત થાય તો મોક્ષમાં જવાની યોગ્યતાવાળો જીવ.

૨ આયુષ્ય સિવાય બાકીનાં સાતે કર્મોની.

૩ જુઓ નોટ પૃષ્ઠ. ૮૨.

ચારિત્ર તે પરમાન્ન સમજવું. સારાં અનુષ્ઠાનો, ધર્મ, સામાયિક, વ્રત વિગેરે એના સમાનઅર્થવાચી પર્યાયો છે.

ભોજનની યોજના.

મોક્ષ પ્રાપ્ત કરવાનું તે પ્રબળ કારણ હોવાથી અને મોક્ષપ્રાપ્તિમાં પ્રાણીનું વધારેમાં વધારે કલ્યાણ રહેલું હોવાથી તેનું નામ મહાકલ્યાણક કહેવાય છે. રાગ વિગેરે મહા આકરા વ્યાધિઓનો એ પરમાન્ન મૂળથી નાશ કરે છે. એ પરમાન્ન (ક્ષીરભોજન) વર્ણ, પુષ્ટિ, ધૃતિ (ધીરજ), બળ, મનની પ્રસન્નતા, શક્તિ, યુવાવસ્થાનું ચાલુ રહેવાપણું અને પરાક્રમ–એના જેવા આત્માના ગુણોને પ્રગટ કરે છે. પ્રાણીમાં એ પ્રમાણે વર્તતું સચ્ચારિત્ર ધૈર્યનું ઉત્પત્તિસ્થાન, ઉદારતાનું કારણ, ગંભીરતાની ખાણ, પ્રશમ ભાવનું શરીર, વૈરાગ્યનું સ્વરૂપ, આંતર વીર્યની સ્ફુરણાનું મોટું કારણ, કંકાસ રહિત સ્થિતિનું આશ્રમ, ચિત્તની શાંતિનું મુખ્યસ્થાન અને દયા વિગેરે ગુણરત્નોનું ઉત્પત્તિસ્થાન છે. વળી તે પરમાન્ન (ચારિત્ર) અનંત જ્ઞાન દર્શન વીર્ય અને આનંદથી પરિપૂર્ણ, અક્ષય, અવ્યય અને અવ્યાબાધ સ્થાનને આ પ્રાણી માટે મેળવી આપે છે, અને તેથી આ પ્રાણીને માટે અજરામરપણું પણ તેજ ઉત્પન્ન કરે છે, તેટલા માટે આ જ્ઞાન, દર્શન અને ચારિત્રનો પ્રયોગ આ બિચારા કર્મરોગથી હણાયેલા પ્રાણી ઉપર કરી તેને રોગમુક્ત કરૂં. આ પ્રમાણે સદ્‌બુદ્ધિ પોતાના મનમાં આ પ્રાણી માટે વિચાર કરે છે.

આંજણનો અદ્‌ભુત પ્રયોગ.

ત્યારપછી પેલા નિષ્પુણ્યકના [1]કથાપ્રસંગમાં કહેવામાં આવ્યું છે કે "પછી તે મંત્રીશ્વરે શલાકા (સળી) આણીને અંજન ઉપર મૂકી, તેમાં જરા અંજન લીધું અને પેલો દ્રમક તો માથું ધૂણાવતો રહ્યો છતાં જોરાવરીથી તેની આંખમાં તે આંજી દીધું. તે અંજન અત્યંત આનંદને ઉત્પન્ન કરે તેવું હોવાથી, બહુ ઠંડું હોવાથી અને ન સમજી શકાય તેવા અનેક ગુણવાળું હોવાથી પેલા ભિખારીને જેવું તે આંજ્યું કે તેની ચેતના–સમજશક્તિ ચાલી ગઈ હતી અને તેથી તે જડભરત જેવો થઈ ગયો હતો તે ચેતના પાછી આવવા માંડી. પરિણામ એ થયું કે થોડી વારમાં તેણે આંખો ઉઘાડી, તેના વ્યાધિઓ જાણે નાશ પામી ગયા હોય તેવા થઈ ગયા અને તેના મનમાં પણ જરા આનંદ થયો. તેને પોતાને પણ એમ થવા લાગ્યું કે આ તે શું થઈ ગયું" આ પ્રમાણે જે વાર્તા કરી હતી તે આ પ્રાણીના સંબંધમાં આવી રીતે

[1] જુઓ અગાઉ પૃષ્ઠ ૨૫ મું.

અનધિકારી- ને ઉપદેશ.

યોજનાઃ પહેલાં તો આ જીવ ભદ્રકભાવ ધારણ કરે છે, જિનેંદ્ર ભગવાનના ધર્મમાં રૂચિ બતાવે છે, અર્હત પરમાત્માની પ્રતિમાની પૂજા કરે છે, સાધુ લોકની સેવા કરે છે, ધર્મનું વસ્તુસ્વરૂપ જાણવાની જિજ્ઞાસા બતાવે છે, દાન શીલ તપ ભાવમાં પ્રવૃત્તિ કરે છે, અને ધર્મગુરૂના દિલમાં પોતાને માટે પાત્રબુદ્ધિ ઉત્પન્ન કરે છે; પરંતુ ત્યાર પછી અશુભ કર્મના ઉદયથી વિસ્તારવાળી ધર્મદેશના સાંભળવાના પ્રસંગને અથવા બીજા કોઇ નિમિત્તને પામીને ઉપર જણાવેલાં સુંદર પરિણામોથી ભ્રષ્ટ થાય છે[1] એટલે તે દેવમંદિરે જતો નથી, સાધુના ઉપાશ્રયમાં પ્રવેશ પણ કરતો નથી, સાધુઓને જુએ તોપણ તેઓને વંદના કરવાની પણ કરતો નથી, સ્વધર્મી બંધુઓને આમંત્રણ પણ કરતો નથી. પોતાને ઘરે દાન આપવાની પ્રવૃત્તિ હોય છે તે પણ બંધ કરી દે છે. ધર્મગુરૂને દૂરથી દેખીને નાસવા લાગે છે, તેઓની પુંઠે તેઓની નિંદા કરે છે—આવી રીતે આ પ્રાણીની વિવેકરૂપ ચેતના નાશ પામી ગયેલી જોઇને ગુરૂ મહારાજ પોતાની બુદ્ધિશલાકામાં આ પ્રાણીને પ્રતિબોધ કરવાના ઉપાયરૂપ અંજન લે છે (એટલે પોતાની બુદ્ધિવડે તેને પ્રતિબોધ કરવાનો ઉપાય ચિંતવે છે) અને તે માટે જુદી જુદી તરેહ ધારણ કરે છે. કોઇ વખત ગુરૂ મહારાજ બહાર ગયા હોય અને ત્યાં આગળ આ પ્રાણી સાથે મેળાપ થઇ જાય તો તેઓ તેની સાથે પ્રિય આલાપ કરે છે. તેની ઉપર પોતાની હિતબુદ્ધિ છે એમ બતાવે છે, પોતાનો સરળ ભાવ તેની પાસે વ્યક્ત કરે છે, પોતે તેને કોઇ પણ પ્રકારે ઠગવાનો ઇરાદો રાખતા નથી એવી ખાતરી આપે છે અને અમુક વ્યક્તિને (પોતાને) અંગે તેનામાં કાંઇક સારો ભાવ ઉત્પન્ન થયો છે એમ જોઇને તેઓ કહે છે કે "ભાઇ! સાધુ મહારાજના ઉપાશ્રયે તું કેમ આવતો નથી? તારા આત્માનું કલ્યાણ કેમ કરતો નથી? આ મનુષ્યનો ભવ કેમ તદ્દન નકામો કરી નાખે છે? ગુણ અને અવગુણના તફાવતને તું કેમ જાણતો નથી? તું પશુભાવનો કેમ અનુભવ કરે છે? અને તને વારંવાર જણાવીએ છીએ કે આ (ઉપદેશક) તારે અત્યંત હિત કરનારો છે એમ વાત કર તારે વિચાર કરવો. [illegible]" [illegible]

1 [illegible]

ાનરૂપ કાર્યનો ઉપચાર કર્યો છે એમ સમજવું. એનો આશય એમ સમજવો કે વાસ્તવિક રીતે તો સમ્યગ્બોધ-જ્ઞાન એ આ પ્રાણીને ાધ્ય છે તેને બદલે. તે જ્ઞાનને પ્રગટ કરવાનું કારણ ગુરુ મહારાજનો ઉપદેશ છે તેમાં અહીં પથ્યપણાનો ઉપચાર કરવામાં આવ્યો છે.

વિચિત્ર ઉત્તર.

ગુરુ મહારાજનાં આવાં વચન સાંભળીને આ પ્રાણી આડે ઉત્તર આપવાની સંકલ્પના કરીને બોલ્યો "મહારાજ! મને બિલકુલ ફુરસદ મળતી નથી (૧); ભગવાનની સમીપે આવવામાં મારૂં કાંઇ વળતું નથી એટલે મને કોઇ પ્રકારનો લાભ થતો નથી (૨); કામ ધંધા વગરના પ્રાણીઓ ધર્મની ચિંતા કરે છે એટલે નવરા હોય તેને એક જાતનું એ કામ મળે છે (૩); મારા જેવા જો આમ જ્યાં ત્યાં રખડ્યા કરે તો બાઇડી છોકરાં ભૂખ્યાં મરે (૪); મારે ઘરનાં ઘણાં કામો છે તે બધાં કર્યા વગરનાં રહી જાય (૫); વેપાર બંધ કરવો પડે (૬); રાજસેવા થઇ શકે નહિ (૭); ખેતીવાડીનું કામ ચઢી જાય એટલે કરવું બાકીમાં રહે (૮)." આ હકીકતને પેલો દ્રમક માથું ધુણાવ્યા કરતો હતો તેની સાથે સરખાવવી. તે નિષ્પુણ્યકનાં આવાં વચન સાંભળી કરૂણા હૃદય-વાળા ગુરુ મહારાજ પોતાના મનમાં વિચાર કરે છે કે આ બાપડા પ્રાણીએ શુભ કર્મ-પુણ્ય વિશેષ કરેલ નહિ હોવાથી તે જરૂર દુર્ગતિમાં ચાલ્યો જશે, માટે મારે કોઇ પણ રીતે ઉપેક્ષા કરીને તેના તરફ બેદરકારી બતાવવી ન જોઇએ. આ પ્રમાણે વિચાર કરીને પછી ગુરુ મહારાજ તેને કહે છે "ભાઇ! તું કહે છે તેમજ હશે એટલે તને ધર્મ કરવાનો અવકાશ નહિ મળતો હોય એ વિગેરે તેં ઉપર વાત કહી તે પ્રમાણેજ હશે તોપણ મારી ખાતર-મારા આગ્રહથી હું કહું તેટલું તું કબૂલ રાખ. તારે રાત અને દિવસમાં થઇને એક વખત ઉપાશ્રયે આવીને

વ્યવહારથી ધર્મસેવન.

સાધુનાં દર્શન કરી જવાં. માત્ર ચોવીશ કલાકમાં તારી સગવડે તને અનુકૂળ આવે તે વખતે એક વખત સાધુ પાસે આવી જઇ ચાલ્યા જવું એવો નિર્ણય કર અને એ માટે તું અભિગ્રહ લે. એ ઉપરાંત વિશેષ નિયમ કાંઇ પણ લેવાનું હું તને કહેતો નથી" તે વખતે આવી ભરાણા તેનો ઉપાય શું? એટલે માર્ગમાં મહારાજ મળી ગયા એટલે તેમની કહેલી આટલી સામાન્ય વાત ન કરીએ તો ઠીક ન લાગે તેથી મન ન હોવા છતાં પણ ગુરુ મહારાજના અનુરોધથી છેવે એટલો નિયમ ગ્રહણ કર્યો. ગુરુ મહારાજનું આ એક વચન અંગીકાર કર્યું તે દ્રમકની આંખમાં અંજન પડવા તુલ્ય સમજવું. ત્યારપછી પેલો દ્રમક દરરોજ

ઉપાશ્રયે જવા લાગ્યો. દરરોજ સાધુ મહારાજના સંબંધમાં આવવાથી, તેમનાં સ્વાભાવિક શુભ અનુષ્ઠાનો દેખવાથી, તેઓના નિઃસ્પૃહતા વિગેરે ગુણો તેના જોવામાં આવવાથી અને તેનાં પાપપરમાણુઓનો નાશ થતો જતો હોવાથી તેને જે વિવેકકળાની પ્રાપ્તિ થઇ તે તેની નાશ પામેલી ચેતના તેને ફરીવાર પ્રાપ્ત થઇ એમ પૂર્વે કહ્યું છે તેની બરાબર સમજવું: વારંવાર તેને ધર્મ પદાર્થને જાણવાની ઇચ્છા થયા કરે છે તે આંખો ઉઘાડવા મીંચવાના બનાવ તુલ્ય સમજવું: અને કંઇક કંઇક તેની અજ્ઞતાનો નાશ થતો જતો હતો તે તેની આંખની કીકીના ઉઘાડરૂપ સમજવું. એટલે જેમ તેના આંખના ડોળા ઓછા થતા જતા તેમ તેની અજ્ઞતા દૂર થતી હતી. આવી રીતે બોધ થવાથી મનમાં જે જરા જરા સંતોષ થતો હતો તે તેને વિસ્મયઆશ્ચર્ય થવા તુલ્ય સમજવું.

ઠીકરા ઉપર [illegible]

આગળથી આગળ કથાપ્રસંગમાં કહેવામાં આવ્યું છે કે "આ [illegible] પ્રાપ્ત [illegible] હતાં પણ પોતાના ભિખના ઠીકરાને જાળવી રાખવાનો તેનો વિચાર પૂર્વકાળના [illegible] છોડતો હજુ જતો નથી, હજુ તેને સંરક્ષણ કરવાનો વિચાર વારંવાર થયા કરે છે. આ [illegible] કે તેથી પોતાનું ભિક્ષાપાત્ર કોઇ ઉપાડી જશે એવો [illegible] પણ વારંવાર તેને વિચાર આવ્યા કરે છે અને નાસી જવા માટે [illegible] તરફ તે નજર નાખ્યા કરે છે." આ [illegible] પણ તેવીજ [illegible] છે કે તે આ પ્રમાણે [illegible] [illegible]

[illegible]

[illegible]

[illegible]

વિશાળ હૃદયવાળા નિઃસ્પૃહી મુનિ મહાત્માઓને પોતાના અધમ મનને અનુસારે પોતાની જેવા ધારે છે અને તેઓની પાસે વધારે વખત રહેવાથી મારી પાસે તેઓ કોઇ વસ્તુ માગશે એવી વારંવાર શંકા લાવ્યા કરે છે. આવાં હેતુથી એવા મહાત્મા પુરુષોનો વધારે પરિચય કરતો નથી અને તેઓની પાસે વધારે વખત આ પ્રાણી રોકાતો પણ નથી.

જળનો અદ્ભુત પ્રભાવ.

વળી પૂર્વે કહેવામાં આવ્યું છે કે "દ્રમકને અંજન આંજવાથી કાંઇક ચેતના પ્રાપ્ત થઇ છે એમ જોઇને ધર્મબોધકર મંત્રી હવે મીઠાં વચનોથી તેની સાથે વાત કરવા લાગ્યા. તેણે વાત શરૂ કરતાં કહ્યું 'ભાઇ! તારાં સર્વ તાપોને શમાવી દેનાર આ પાણી જરા પી. આ પાણી પીવાથી તારા આખા શરીરમાં સમ્યગ્ પ્રકારની સ્વસ્થતા થઇ જશે.' ધર્મબોધકર મંત્રી તેને આ પ્રમાણે પ્રેરણા કરે છે ત્યારે પેલો ભિખારી પોતાના મનમાં શંકા હોવાથી વિચાર કરે છે કે એ પાણી પીવાથી શું થશે તેની કાંઇ ખબર પડતી નથી–એવા એવા વિચાર કરીને તે પાણી પીવાની ઇચ્છા કરતો નથી. ધર્મબોધકર મંત્રીશ્વરે આવી તેની સ્થિતિ જોઇ ત્યારે તેને તેની ઉપર વધારે દયા આવી અને દયાને લઇને તે ભિક્ષુકનું એકાંત હિત કરવાની બુદ્ધિથી તેની મરજી નહોતી તોપણ તેનું મોઢું જોરથી ઉઘાડીને તેમાં પાણી રેડી દીધું. તે પાણી (જળ) તદ્દન ઠંડું હતું, અમૃતના જેવું સ્વાદિષ્ટ હતું, ચિત્તને આહ્લાદ ઉત્પન્ન કરે તેવું હતું અને સર્વ સંતાપ દૂર કરે તેવું હતું. તેને પીવાથી તે તદ્દન સ્વસ્થ જેવો થઇ ગયો, તેને જે ઉન્માદ હતો તે લગભગ નહિ જેવો થઇ ગયો, તેના વ્યાધિઓ નરમ પડી ગયા અને તેના શરીરમાં દાહની પીડા થતી હતી તે સર્વ શમી ગઇ તેમજ તેની સર્વ ઇંદ્રિયો પ્રસન્ન થઇ. આવી રીતે તેનો અંતરાત્મા સ્વસ્થ થવાથી કાંઇક વિમળ ચેતનાવાળો થઇને તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો." આ પ્રાણીના સંબંધમાં સર્વ એજ પ્રમાણે ઘણું ખરું બને છે. તેની યોજના આ પ્રમાણે સમજવી.

કાંઇકશાંતિપ્રાપ્તિનો ફેરફાર.

કોઇ વખતે જરા વખત મેળવીને આ ભાઇસાહેબ સાધુ મહારાજને ઉપાશ્રયે આવે છે તે વખતે સાધુ મહારાજના સંબંધથી તેને ઉપર ઉપરનું કેટલુંક જ્ઞાન (દ્રવ્યશ્રુત) થાય છે અને તેવા દ્રવ્યશ્રુતને લઇને કાંઇક સહજ વિવેકબુદ્ધિ પણ પ્રગટ થાય છે, તોપણ

તેનામાં વિશિષ્ટ શ્રદ્ધા હોતી નથી અને ધન વિષય સ્ત્રીને તે પરમાર્થ બુદ્ધિથી ગ્રહણ કરતો હોય છે અને તેનામાં અત્યંત આસક્ત બુદ્ધિ રાખતો હોય છે; વળી તેના ઉપરની પોતાની અત્યંત મૂર્છા (વિચાર વગરના પ્રેમ)ને લીધે મહાત્મા સાધુઓ પણ તેનેજ શોધતા હશે એવી આશંકા મનમાં તે રાખતો હોય છે અને તેથી કરીને ધર્મની કથા વાર્તા જ્યાં ચાલતી હોય તેનો શંકાપૂર્વક ત્યાગ કરતો હોય છે— આવી સ્થિતિમાં આચાર્ય મહારાજ આ જીવને મળે છે. તે વખતે ગુરુ મહારાજ પોતે અત્યંત દયાળુ હોવાથી આ પ્રાણીને વધારે ગુણોનું ભાજન કરવા તેઓને વિચાર થાય છે. આવા સંયોગોમાં જ્યારે કોઈ વખત તે ગુરુ મહારાજ પાસે આવી ચઢે છે ત્યારે તેના સાંભળતાં બીજા પ્રાણીને ઉદ્દેશીને સમ્યગ્દર્શનમાં કેટલા ગુણો છે તેનું ગુરુ વર્ણન કરે છે. સાથે જણાવે છે કે એને પ્રાપ્ત કરવું તે બહુ મુશ્કેલ છે અને કહે છે કે જે પ્રાણી એને (સમ્યગ્દર્શનને) આદરે છે તે સ્વર્ગ અને મોક્ષ પ્રાપ્ત કરે છે અને વળી વિશેષમાં જણાવે છે કે પરલોકમાં ઉપર જણાવ્યું તેવું સુંદર ફળ થવા ઉપરાંત આ ભવમાં પણ તેનાથી મનની અપૂર્વ શાંતિ થાય છે. આ પ્રાણીને ચેતના આવ્યા પછી ગુરુ મહારાજ તેને પાણીનો ઉપયોગ કરવાનું આમંત્રણ કરે છે તેની બરાબર આ હકીકત સમજવી.

માર્ગદેશનાઃ
અર્થપુરુષાર્થ.

વાનો શો ઉપાય કરવો તેનો વિચાર કરે છે. એ બાબતમાં અનેક પ્રકારની વિચારણા કરતાં તેઓ ત્યારપછી આ પ્રમાણે કરે છેઃ કોઇ વખતે આ પ્રાણી સાધુના ઉપાશ્રયે આવવાનો છે એમ જાણીને અન્ય પ્રાણીઓને ઉદ્દેશીને તેના આવતા પહેલાં ગુરુ મહારાજ માર્ગદેશના[1] આપવાની શરૂઆત કરી દે છેઃ "હે ભવ્ય પ્રાણીઓ! તમે સર્વ પ્રકા-"રના વિક્ષેપ તજી દઇને હું જે હકીકત તમને કહું છું તે બરાબર "સાંભળો. આ સંસારમાં ચાર પ્રકારના [2]પુરુષાર્થ હોય છેઃ ધર્મ, અર્થ, "કામ અને મોક્ષ. કેટલાક પ્રાણીઓ આ ચાર પુરુષાર્થમાંથી અર્થનેજ "પ્રધાન (મુખ્ય) પુરુષાર્થ ગણે છે." આટલી પ્રસ્તાવના થઇ રહે છે તે વખતે આ પ્રાણી આવી પહોંચે છે. પછી તેના સાંભળતાં ગુરુ મહારાજ વ્યાખ્યાન આગળ ચલાવે છે. "પૈસાના ભંડારથી શોભતા પુરુષનું શરીર "ઘડપણથી છર્ણ થઇ ગયેલું હોય તોપણ પચીશ વર્ષની વયવાળા "જુવાન પુરુષ જેવો તે ગણાય છે; અત્યંત બીકણ હોય તોપણ જાણે "મોટી મોટી લડાઇઓમાં તેણે સાહસ કરી બતાવ્યું હોય અને જાણે તે "અતુલ્ય બળ પરાક્રમવાળો હોય એવાં તેનાં ગીતડાં ગવાય છે; પૂરા "ક ખ ગ ઘ પણ ન આવડતા હોય અને પાટી ઉપર જરા ધૂળ પણ ન "નાખી હોય છતાં જાણે ભાઇ સાહેબ સર્વ શાસ્ત્રોનું અવગાહન કરી શકે "તેના અને ભણી ચૂકેલા (પારંગત થયેલા) હોય એવી તીવ્ર બુદ્ધિવાળા "છે એ પ્રમાણે ભાટ લોકો તેની સ્તુતિ કરે છે; પોતે એટલો કદરૂપો "અને બેડોળ હોય કે કોઇને તેની સામે જોવું પણ ગમતું ન હોય તો-"પણ ખુશામત કરનારા તેના સેવકો તે રૂપમાં કામદેવને પણ હરાવી "નાખે તેવો છે એ પ્રમાણે તેની સ્તુતિ કરે છે; તેનામાં પ્રભાવ (રોફ)-"ની એક જરા ગંધ સરખી પણ ન હોય તોપણ સર્વ વસ્તુઓ સાધ-"વામાં તેનો પ્રભાવ સમર્થ હોય એમ તેના ધનના લાલચુ લોકો જણાવે "છે; નીચ અધમ પાણી ભરનારીનો દીકરો હોય છતાં જાણે તે કોઇ "પ્રખ્યાત મોટા વંશમાં ઉત્પન્ન થયો હોય એમ તેના ધનની ઇચ્છા કર-"નારાઓ તેને કહે છે; સાત પેઢી સુધીમાં કોઇ જાતનું સગપણ ન હોય "તોપણ જાણે તે પોતાનો સગો ભાઇ હોય એવી રીતે સર્વ લોકો "તેની સાથે સંબંધ રાખે છે-આ સર્વ ભગવાન્ અર્થ-ધન-દેવની લીલા "છે. વળી પુરુષત્વ સર્વ પ્રાણીઓનું એક સરખું હોવા છતાં અને આંખ "કાન નાક હાથ પગ એક સરખાં અને સરખી સંખ્યાવાળાં છતાં લો-

[1] ધર્મોપદેશ.

[2] ઉદ્યોગથી પ્રાપ્ત કરવાનાં સાધ્ય. મનુષ્યયત્ન.

"કોમાં કેટલાક પ્રાણીઓ (દાન) આપનાર હોય છે અને કેટલાક યાચક "હોય છે; કેટલાક શક્ત હોય છે અને કેટલાક પાળા[1] હોય છે; કેટલાક "ઊંચા પ્રકારના ઇંદ્રિયના સુંદર વિષયો ભોગવવાને યોગ્ય હોય છે અને "કેટલાક દુઃખે કરીને પૂરી શકાય તેવું પેટ ભરવાને પણ અસમર્થ હોય "છે; કેટલાક અન્યને પોષનારા હોય છે અને કેટલાક બીજાવડે પોષાય "છે. આવા આવા અનેક તફાવતો જે દુનિયામાં જણાય છે તે ધન- "અર્થના [2]સદ્‌ભાવ અને અસદ્‌ભાવથી ઉત્પન્ન થાય છે. આ પ્રમાણે "હોવાથી અર્થ મુખ્ય પુરુષાર્થ છે. એને લઇને કહેવામાં આવે છે કે,

अर्थाख्यः पुरुषार्थोऽयं, प्रधानः प्रतिभासते ।
तृणादपि लघुं लोके, धिगर्थरहितं नरम् ॥

"અર્થ નામનો પુરુષાર્થ સર્વથી મુખ્ય લાગે છે, તેથી ઘાસના તર- "ણાથી પણ હલકા જેવા ધન વગરના મનુષ્યને આ લોકમાં ધિક્કાર છે."

અર્થ દ્વારા આક્ષેપ.

આચાર્ય મહારાજે આ પ્રમાણે વાત કરી તે સાંભળીને વ્યાખ્યાનની શરૂઆત થઇ ગયા પછી મોડો આવેલો આ પ્રાણી વિચાર કરે છે કે મહારાજે હાલ તો બહુ સારી વાત કહેવા માંડેલી જણાય છે! એટલો વિચાર કરીને તે બહુ ધ્યાન રાખીને વાત સાંભળવા લાગી જાય છે, સાંભળીને જાણે સમજતો હોય એમ બતાવે છે અને જાણે પોતે સમજતો હતો એમ બતાવવા માટે પોતાની ડોક પણ હલાવ્યા કરે છે, આંખો ઉઘાડે મીંચે છે, અને મુખ વિકસ્વર કરે છે અને મુખે ધીમે ધીમે બોલતો જાય છે કે 'અહો ! મહારાજશ્રીએ વાત તો બહુ સારી કરી !' તેનાં અવયવો ઉપર આવી નિશાની જોઇને ગુરુ મહારાજ સમજી જાય છે કે આ પ્રાણીને વાત સાંભળવાનું કુતૂહળ ઉત્પન્ન થયું છે. આટલું અવલોકન કરી લઇ ગુરુ મહારાજ વ્યાખ્યાન આગળ ચલાવે છે.

કામ પુરુષાર્થ પર વિવેચન.

"વળી કેટલાક પ્રાણીઓ કામ (ઇંદ્રિયભોગ–વિષયસુખના અનુ- "ભવ)ને પ્રધાન પુરુષાર્થ માને છે. તેઓ વિચાર કરે "છે કે લલિત લલનાના મુખકમળમાં રહેલ મધુનું "પાન કરવામાં ચતુર ભમરાઓના ગુંજારવનું આચરણ "કરવામાં ન આવે અથવા જ્યાંસુધી નવ યૌવના "સ્ત્રીના મુખકમળના મધ્યમાં આવેલ અધરોષ્ઠમાંથી અમૃતનું પાન

૧ પગે ચાલનાર; રાજસેવક.
૨ હોવાપણું અને નહિ હોવાપણું.

"કરવામાં ન આવે ત્યાંસુધી પુરુષમાં વાસ્તવિક રીતે પુરુષપણું ઘટતું "નથી; કારણ કે પૈસાના સંગ્રહનું, કળામાં કુશળતા પ્રાપ્ત કરવાનું, ધર્મ "પ્રાપ્ત કરવાનું કે આ મનુષ્યજન્મ પામવાનું વાસ્તવિક ફળ તો 'કામ'જ "છે અને એ સર્વ સુંદર સામગ્રીઓ પ્રાપ્ત થઇ હોય પણ કામનાં સા- "ધનો તરીકે તેનો ઉપયોગ ન થાય તો તે સર્વ નકામું છે. જે પ્રા- "ણીઓ કામભોગની સેવના કરવામાં તત્પર હોઇ તેના ભોગી હોય છે "તેઓને ભોગનાં સાધનભૂત ધન, સ્ત્રી, સુવર્ણ વિગેરે પોતાની મેળે "આવીને મળે છે. संपद्यन्ते भोगीनां भोगाः (એટલે ભોગીને ભોગ મળી "શકે છે) એ વાત બાળ ગોપાળ અને સ્ત્રીઓ પણ જાણે છે. કહ્યું છે કે-

स्मितं न लक्षेण वचो न कोटिमि-
र्न कोटिलक्षैः सविलासमीक्षितम् ।
अवाप्यतेऽन्यैरदयोपगूहनं,
न कोटिकोट्यापि तदस्ति कामीनाम् ॥

"'બીજા પુરુષોને લાખ સોનામહોર ખરચવાથી પણ જે મંદ "હાસ્ય પ્રાપ્ત થતું નથી, કરોડ સોનામહોર ખરચવાથી પણ જે વચન "સાંભળવાનું બની શકતું નથી, લાખ કરોડ સોનામહોર ખરચવાથી પણ "તેની સામે જે કટાક્ષ ફેંકાતું નથી અને કરોડ કરોડ સોનામહોર ખરચ- "વાથી પણ નિષ્ઠુરતાપૂર્વક જે આલિંગન પ્રાપ્ત થતું નથી તે સર્વ કામી "પુરુષોને સહજ પ્રાપ્ત થાય છે.' ત્યારે કામી પુરુષોને તે કઇ વાતની "કમીના છે? તેટલા માટે કામજ પ્રધાન પુરુષાર્થ છે. આથી લોકોમાં "કહેવાય છે કે:

कामाख्यः पुरुषार्थोऽयं, प्राधान्येनैव गीयते ।
नीरसं काष्ठकल्पं हि, धिक्कामविकलं नरम् ॥

"'આ કામ નામનો પુરુષાર્થજ દુનિયામાં પ્રધાનપણે ગવાય છે, તેથી રસ વગરના અને લાકડા જેવા કામરહિત પુરુષને ધિક્કાર છે.'"

આ કામ પુરુષાર્થની વાત સાંભળીને આ પ્રાણીનો હર્ષ તેના હૃદયમાં ન સમાઇ શકવાથી અંદર ઉછળવા લાગે છે. તેથી તે પ્રકટ- પણે બોલવા લાગે છે કે "અહો! મહારાજ સાહેબે બહુ સારી વાત કરી! ઘણા વખત પછી મહારાજશ્રીએ આજે બહુ સારું વ્યાખ્યાન કરવા માંડ્યું છે. આવું વ્યાખ્યાન આપ સાહેબ દરરોજ આપ્યા કરો તો ઠીક કે અમારે સંસારનાં કામોમાંથી પાણી પીવાની પણ ફુરસદ નહિ તોપણ અમે તેમ કરી વખત કાઢી બરાબર ધ્યાન રાખી આપ સાહેબનું વ્યાખ્યાન સાંભળવા માટે આવવાનો નિર્ણય કરશું. ૮૮

મહારાજે પોતાના સામર્થ્યથી તે નિષ્પુણ્યકનું મોઢું ઉઘાડ્યું હતું તેની બરાબર આ હકીકત સમજવી.

મોહરાયની અસરઃ ગુરુનું પર્યાલોચન.

જ્યારે પેલો પ્રાણી ઉપર કહ્યું તે પ્રમાણે બોલતો હોય છે ત્યારે ગુરુ મહારાજના મનમાં એવો વિચાર થાય છે કે 'અહો મહામોહની ચેષ્ટા તો જુઓ ! એ મહામોહની અસર તળે આવી રહેલા પ્રાણીઓ પ્રસંગોપાત્ત કહેલી અર્થ અને કામની કથાથી રીઝ પામે છે અને ખાસ યત્ન કરી કહેલી ધર્મની કથા સાંભળીને જરા પણ રીઝ પામતા નથી. અર્થ અને કામમાં પ્રતિબદ્ધ ચિત્તવાળા ક્ષુદ્ર પ્રાણીઓનાં મનમાં કેવા અભિપ્રાયો વર્તતા હોય છે તેનું અમે અત્રે વર્ણન કરી બતાવ્યું ત્યારે આ બાપડો તો તેમાંજ સુંદરપણાની સ્થાપના કરીને બેસી ગયો છે! આટલું કરવાથી તે અમે જે કહીએ તે સાંભળવા તત્પર થયો છે તેથી એ રીતે પણ અમે જે પરિશ્રમ કર્યો અને જે જેહમત ઉપાડી તે એક રીતે સફળ થઇ છે. આ પ્રાણીને બોધ પ્રાપ્ત કરવાના ઉપાયો કરવા માટે મેં જે બીજ વાવવાની વિચારણા કરી રાખી હતી તે બીજને આજે કાંઇક અંકુરો ફુટ્યા છે. આને લઇને હવે એ પ્રાણી રસ્તા ઉપર આવી જશે.' આ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરી ગુરુ મહારાજ તેનો જવાબ આપતાં બોલ્યા કે "રે ભદ્ર! અમે તો વસ્તુ જેવી હોય તેવા પ્રકારની કહી બતાવીએ છીએ, અમને ખોટું બોલતાં આવડતું નથી." ગુરુ મહારાજનાં આવાં વચન સાંભળીને તે પ્રાણીને ગુરુ ઉપર વધારે વિશ્વાસ ઉત્પન્ન થયો તેથી તે ફરી વાર બોલ્યો "હે ભગવન્! આપ કહો છો તેમજ સર્વ હકીકત છે, એમાં કોઇ પ્રકારનો શક નથી." ત્યારે ગુરુ મહારાજ કહે છે "ભદ્ર! જો એમ છે તો કહે, અર્થ અને કામનું માહાત્મ્ય મેં હમણાં કહી સંભળાવ્યું તે તારી સમજણમાં આવી ગયું?" પેલો [1]પ્રાણી જવાબ આપે છે કે "હા, મહારાજ! બહુ સારી રીતે મારા ધ્યાનમાં અર્થ અને કામની સર્વ હકીકત આવી ગઇ." ગુરુ મહારાજે કહ્યું "ભાઇ! અમે ચાર પુરુષાર્થનું માહાત્મ્ય કહેવાનો આરંભ કર્યો હતો, તેમાંથી અર્થ અને કામ એ બે પુરુષાર્થ સંબંધી હકીકત કહી સંભળાવી. હવે અમે ત્રીજા પુરુષાર્થની વાત કરીએ છીએ તે પણ તારે બરાબર ચિત્ત લગાડીને સાંભળવી" પેલો પ્રાણી જવાબમાં કહે છે "મહારાજ! મારું બરાબર ધ્યાન છે, આપ વાત આગળ ચલાવો."

---

૧ પ્રો. જેકોબી (બેંગાલ રો. એ. સો.)વાળા મૂળ ગ્રંથનું પૃ ૧૦૧ અહીંથી શરૂ થાય છે.

ધર્મ પુરુષાર્થનું સ્વરૂપ વર્ણન.

આ પ્રમાણે વાતચીત થયા પછી ગુરુ મહારાજે વ્યાખ્યાન આગળ ચલાવ્યું "વળી કેટલાક પ્રાણીઓ ધર્મનેજ પ્રધાન "પુરુષાર્થ માને છે. સર્વ પ્રાણીઓનું જીવિતવ્ય સરખું "હોવા છતાં કેટલાક પ્રાણીઓ એવા કુળમાં ઉત્પન્ન "થાય છે કે જ્યાં ઘણી પેઢી સુધી પરંપરાગત દ્રવ્ય "ચાલ્યુંજ આવતું હોય છે, જે કુળો મનને અનેક પ્રકારના આનંદ ઉપ"જાવવાનાં સ્થાન હોય છે અને જે કુળનું આખો સંસાર સારી રીતે "માન જાળવે છે. વળી કેટલાક એવાં કુળમાં ઉત્પન્ન થાય છે કે જ્યાં "ધનની ગંધનો પણ સંબંધ થતો ન હોય, આખી દુનિયાનાં સર્વ દુઃખો "જ્યાં આવીને વસી રહેલાં હોય અને જે કુળની સર્વે પ્રાણીઓ નિંદાજ "કર્યા કરતા હોય—આવો તફાવત શા માટે પડતો હશે? તથા એક "માબાપથી જૂદે જૂદે વખતે જન્મ પામેલા ભાઇઓ અથવા જોડલાના "(સાથે જન્મેલા) ભાઇઓમાં મોટો તફાવત જોવામાં આવે છેઃ તે "એવી રીતે કે તેમાંનો એક રૂપમાં કામદેવ[1] જેવો હોય છે, શાંતિમાં "મુનિ મહારાજ જેવો હોય છે, બુદ્ધિના વૈભવમાં અભયકુમાર[2] જેવો "થાય છે, ગંભીરતામાં ક્ષીર સમુદ્ર જેવો થાય છે, સ્થિરપણામાં મેરૂ પર્વ"તના શિખર જેવો થાય છે, શૂરવીરપણામાં ધનંજય[3] જેવો થાય છે, "ધનની બાબતમાં કુબેર ભંડારી જેવો થાય છે, દાન દેવામાં કર્ણ જેવો "થાય છે, નીરોગીપણામાં વજ્ર જેવા સખ્ત શરીરવાળો થાય છે, દર"રોજ પ્રસન્ન રહેવાની બાબતમાં મોટી ઋદ્ધિવાળા દેવતાઓ જેવો થાય "છે; આવી રીતે સર્વ ગુણ અને કળાના સમૂહથી અલંકૃત થયેલો તે "ભાઇ સર્વ પ્રાણીઓનાં મનને આનંદનું કારણ થાય છે અને આંખોને "ઠંડક આપનાર થાય છે; ત્યારે તેજ માબાપનો બીજો પુત્ર પોતાના "ભયંકર દર્શનથી સર્વ લોકોને ઉદ્વેગ પમાડે છે, પોતાનું ચિત્ત અત્યંત "દુષ્ટ હોવાથી પોતાનાં માતા પિતાને પણ સંતાપ આપે છે, મૂર્ખશિરો"મણિ હોવામાં આખી પૃથ્વીને [4]જીતી લે છે, તુચ્છપણાએ કરીને "આકડાના[5] તેમજ [6]શાલ્મલી વૃક્ષના રૂથી પણ વધારે હલકો હોય છે,

---

૧ કામદેવનું રૂપ સર્વથી સુંદર ગણાય છે.

૨ અભયકુમાર-શ્રેણિક રાજાનો પુત્ર બુદ્ધિમાં બહુ શ્રેષ્ઠ ગણાય છે. તેને ઉત્પાતિકી બુદ્ધિ હતી તેને માટે જુઓ, અભયકુમાર ચરિત્ર.

૩ અર્જુન. પાંચ પાંડવોમાંથી એક.

૪ એટલે તેના જેવો આખી પૃથ્વીમાં કોઇ મૂર્ખ હોતો નથી.

૫ આકડાના રૂને અકોલીયું કહેવામાં આવે છે.

૬ સીમળાનું ઝાડ. તેના રેશા થાય છે.

"ચપળપણામાં વાંદરાની લીલાને પણ હસાવે છે, બીકણપણામાં ઉંદરને "પણ પાછા પાડે છે, નિર્ધન હોવાને લીધે દરિદ્રીનો આકાર ધારણ કરે "છે, કૃપણપણામાં [1]ઢક્ક વાજિત્ર વગાડનાર અધમ મનુષ્યોને પણ ઉલ્લંઘી "જાય છે, આખા શરીરમાં રોગો ભરેલા હોવાથી અને તેમાંના ઘણા "તેના શરીર પર પ્રગટ દેખાતા હોવાથી તે પોકાર કરતો અને રાડો "પાડતો આખા જગતને પોતાની ઉપર કરુણા ઉપજાવે છે, તેનું ચિત્ત "દીનપણું, ઉદ્વેગ અને શોકથી ભરપૂર હોવાથી તેને મહા ભયંકર ઘોર "નારકી જેવો સંતાપ થયા કરે છે, અને તે પ્રમાણે એ સર્વ દોષનું "સ્થાન હોવાથી લોકો એને પાપિષ્ઠ અને અદર્શનીય (નહિ જોવા લાયક) "કહી તેની વારંવાર નિંદા કરે છે-આવી રીતે એક માબાપના બે "પુત્રોમાં પણ આટલો મોટો તફાવત પડે છે તેનું કારણ શું હશે?

તફાવત અને નુકશાન.

"વળી બીજે પણ વિચાર કરવો જોઈએ કે એવા બે પુરુષો કે "જે દરેક પ્રકારનાં બળ, બુદ્ધિ, ઉદ્યોગ અને પરાક્ર-"મની બાબતમાં જરા પણ તફાવત વગરના હોય "એટલે જેઓની માનસિક અને શારીરિક શક્તિઓ "સરખી હોય અને ઉદ્યોગમાં પણ એક સરખો પ્રયાસ "કરનારા હોય અને ટુંકામાં સર્વ બાબતમાં સરખા દેખાતા હોય, તેઓ "પૈસા પેદા કરવાની બાબતમાં પ્રવૃત્તિ કરે ત્યારે તેઓમાંનો એક ખેતી-"વાડીનો આરંભ કરે, પશુ પાળવાનું કાર્ય કરે, વેપાર કરવા લાગે, "રાજાની સેવા કરવાનું કામ હાથ પર લે કે બીજું કોઈ પણ કામ કરવા "લાગે તે સર્વેમાં ફતેહ પામે છે અને ઇચ્છિત મેળવે છે ત્યારે બીજો "તેવાંજ કોઈ કર્મો કે વ્યાપારો શરૂ કરે તેમાં સફળ થતો નથી કે "ઇચ્છિત મેળવતો નથી એટલુંજ નહિ પણ પોતાના વડીલો તરફથી "તેને જે થોડું ઘણું દ્રવ્ય મળેલું હોય છે તે પણ ઉલટો આપત્તિઓ "હારા ગુમાવી બેસે છે. એમ શા માટે થતું હશે?

[illegible]

"વળી પણ વિચાર કરવો જોઈએ કે બે પુરુષોને સ્પર્શ, રસ, "ગંધ, રૂપ કે શબ્દના [illegible] પ્રકારના વિષયો એક સાથે "[illegible] છે ત્યારે તેઓમાંનો એક એ સર્વ વિષ-"[illegible] [illegible] [illegible]

[1] [illegible]

"એ થાય છે કે તેને તે સર્વ ભોગો ભોગવવાની ઇચ્છા હોય તોપણ તે "ભોગવી શકતો નથી-આ પ્રમાણે બનતું ઘણી વાર જોવામાં આવે છે "તેનું કારણ શું હશે? સંસારી પ્રાણીઓમાં ઉપર જણાવી તેવી અને "બીજી અનેક પ્રકારની વિશેષતાઓ (જૂદાપણું) વારંવાર જોવામાં "આવે છે તેનું ઉપર ઉપરથી જોતાં કોઇ કારણ દેખાતું નથી અને કોઇ "પણ બાબત કારણ વગર તો થઇ શકે નહિ. જો એવા પ્રકારના તફા"વતો કારણ વગરજ બનતા હોય તો આકાશની પેઠે હમેશાં બન્યા કરવા "જોઇએ અથવા તો તે સસલાનાં શીંગડાંની પેઠે કોઇ દિવસ પણ ન "હોવા જોઇએ:[1] તે તફાવતો કાં તો હોવાજ જોઇએ અને કાં તો નજ "હોવા જોઇએ, પણ આ તો બને છે એમ કે એવા તફાવતો કોઇ "વખત દેખાય છે અને કોઇ વખત બિલકુલ દેખાતા નથી; માટે એ "તફાવતો કારણ વગરના નથી એમ ચોક્કસ જણાય છે અને તેથી સ"હજ અનુમાન થાય છે કે એ તફાવતોનું કાંઇ પણ કારણ જરૂર હોવું "જોઇએ."

ધર્મનું કારણપણું.

આટલી હકીકત સાંભળીને પેલા પ્રાણીને આ વાત કાંઇક સમજણી હોય તેવી રીતે તે ગુરુ મહારાજને પૂછે છે "હે ભગવન્! ત્યારે એવા તફાવતો જોવામાં આવે છે તેનું કારણ શું હશે?" ગુરુ મહારાજ તેને પ્રત્યુત્તર આપતાં કહે છે "ભદ્ર! સાંભળ. સર્વ પ્રાણીઓને જે સુંદર વિશે"ષતાઓ પ્રાપ્ત થાય છે એટલે ઉપર જે જૂદી જૂદી હકીકત પ્રાણી"ઓની બતાવી અને તેમાં તફાવત રહેતો બતાવ્યો એમ જે અવ"લોકન કરતાં જોવામાં આવે છે તેનું અંતરંગ (છુપું) કારણ ધર્મ "છે. એ મહાત્મા ધર્મ પ્રાણીને સારા કુળમાં ઉત્પન્ન કરે છે, તેજ તેને "સારા ગુણોનું સ્થાન બનાવે છે, એનાં સર્વ અનુષ્ઠાનોને તે સફળ કરે "છે, પ્રાપ્ત થયેલા ભોગોને તે વારંવાર ભોગવાવે છે અને બીજા અનેક "પ્રકારના શુભ વિશેષોને તે પ્રાપ્ત કરાવે છે અર્થાત્ એ ધર્મના પ્રતા"પથી પ્રાણી એવા સુંદર સંયોગોમાં મૂકાય છે કે એ જે કાર્ય હાથમાં "લે તેમાં તે સફળ થાય છે અને તેને ઇચ્છિત સર્વ વસ્તુઓ પ્રાપ્ત

1 એટલે આકાશને ઉત્પન્ન થવાનું કાંઇ કારણ નથી તેથી તે સદા હેજ [illegible] એ નથી એમ કદિ થતું નથી અને સસલાનાં શીંગડાં થવાનું કારણ નથી તો તે કદિ થતાંજ નથી. તેમાં કદાપિ થઇ જાય છે એવું બની શકતું નથી તે નિયમ પ્રમાણે એવા તફાવતો કાં તો હમેશાં હોવાજ જોઇએ અથવા કદિ પણ નજ હોવા જોઇએ.

"થાય છે. એવીજ રીતે આ પ્રાણીઓમાં નહિ પસંદ આવે તેવા તફા-
"વતો વારંવાર જોવામાં આવે છે તેનું કારણ અધર્મ છે: એ ખરાબ
"પરિણામ ઉત્પન્ન કરનાર અધર્મ આ પ્રાણીને અધમ કુળમાં ઉત્પન્ન
"કરે છે, સર્વ દોષોનું જાણે તે સ્થાન હોય એવી ખરાબ સ્થિતિ તેને
"પ્રાપ્ત કરાવી આપે છે, તે પ્રાણી જે જે ધંધાઓ કે વ્યવસાયો આદરે
"તે તે સર્વ નિષ્ફળ બનાવી દે છે અને પ્રાપ્ત થયેલા ભોગ ન ભોગવી
"શકાય તેવી નિર્બળતાને ઉત્પન્ન કરે છે. આવા આવા ન પસંદ પડે તેવા
"અનેક તફાવતો આ પ્રાણીમાં તે અધર્મ ઉત્પન્ન કરે છે, તેટલા માટે
"જે ધર્મના પ્રભાવથી આ સર્વ સંપત્તિઓ પ્રાણીઓને આવી મળે છે
"તેજ પ્રધાન પુરુષાર્થ છે. અર્થ અને કામની પ્રાણી ગમે તેટલી વાંછા
"કરે, પરંતુ ધર્મ વગર તે પ્રાપ્ત થતા નથી અને ધર્મ જે પ્રાણીમાં હોય
"છે તે એવી કોઇ પણ વસ્તુની ઇચ્છા કરે કે ન કરે તોપણ પોતાની
"મેળે સર્વ સુંદર વસ્તુઓ તેને આવી મળે છે. આ પ્રમાણે હોવાથી
"જે પ્રાણીઓ અર્થ કામ પુરુષાર્થ સાધવાની ઇચ્છા રાખતા હોય તેમણે
"પણ ધર્મ પુરુષાર્થ સાધવાની ખાસ જરૂર છે, તેટલા માટે ધર્મ પ્રધાન
"પુરુષાર્થ છે. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત વીર્ય, અનંત આનંદરૂપ
"આત્માની મૂળ અવસ્થા પ્રગટ કરનાર મોક્ષ નામનો ચોથો પુરુષાર્થ
"જો કે છે અને તે સર્વ પ્રકારના ક્લેશસમૂહને કાપી નાખનાર હોવાથી
"અને સ્વાભાવિક આનંદ પોતે સ્વતંત્રપણે ભોગવી શકે એવી અતિ
"આહ્લાદજનક સ્થિતિ પ્રાપ્ત કરાવનાર હોવાથી મુખ્ય પુરુષાર્થ તેજ છે,
"પરંતુ ધર્મ પુરુષાર્થનું તે કાર્ય હોવાથી એટલે ધર્મ પુરુષાર્થ સાધવાને
"પરિણામે મોક્ષ પુરુષાર્થ પરંપરાએ [1]સાધ્ય થતો હોવાથી જ્યારે એ
"પુરુષાર્થ સર્વથી મુખ્ય છે એમ કહેવા લાગીએ ત્યારે પણ તેને પ્રાપ્ત
"કરાવનાર ધર્મજ પ્રધાન પુરુષાર્થ છે એમ અર્થ બતાવાય છે. ભગવાન્
"તીર્થંકર મહારાજ પણ તેટલા માટે કહી ગયા છે કે—

धनदो धनार्थिनां धर्मः, कामार्थिनां च कामदो ।
धर्म एवापवर्गस्य, पारम्पर्येण साधकः ॥

"ધર્મ ધનની ઇચ્છાવાળાને ધન આપે છે, કામની ઇચ્છાવાળાને
"કામ આપે છે, અને પરંપરાએ ધર્મ મોક્ષને પણ અપાવે છે,' તેટલા

---

૧ મોક્ષમાં જવા માટે ધર્મની રાશિની પ્રથમ જરૂર પડે છે. જો કે સર્વ કર્મના નાશથીજ મોક્ષ થાય છે તોપણ શુભ રસ્તે ચઢવા માટે ધર્મની આવશ્યકતા છે. આથી ધર્મ મોક્ષનું કારણ બને છે અને તેથી મોક્ષ પુરુષાર્થને પ્રાધાન્ય આપવામાં આવે તે પણ તેના સંપાદક ધર્મના ઉત્કર્ષમાં વધારો કરનાર છે.

માટે ધર્મથી કોઇ વધારે મોટો પુરુષાર્થ નથી. આ પ્રમાણે હોવાથી તેઓ કહે છે:-

धर्माख्यः पुरुषार्थोऽयं, प्रधान इति गम्यते ।
पापग्रस्तं पशोस्तुल्यं, धिग् धर्मरहितं नरम् ॥

'ધર્મ નામનો આ પુરુષાર્થ છે તે સર્વથી મુખ્ય છે એમ જણાય છે. એવા પાપમાં પડી રહેલ અને ધર્મ વગરના તેમજ જનાવરની જેવા જીવતરવાળાને ધિક્કાર છે.'"

ધર્મનાં કારણ, સ્વભાવ, કાર્ય.

ગુરુ મહારાજની આવી ધર્મદેશના સાંભળી પેલો પ્રાણી કહે છે "મહારાજ! અર્થ અને કામ તો સાક્ષાત્ જોવામાં આવે છે અને આપ સાહેબે હમણાં ધર્મનું વર્ણન કરી બતાવ્યું તે તો અમે કોઇ જગોએ હજુ સુધી જોયો નથી, તેથી આપ સાહેબ તેનું સ્વરૂપ અમને બતાવો." આ પ્રશ્નના જવાબમાં ધર્માચાર્ય કહે છે "ભદ્ર! "જે પ્રાણીઓ મોહથી અંધ થઇ ગયા હોય છે તેઓ ધર્મને જોઇ શકતા "નથી, પરંતુ જે પ્રાણીઓમાં વિવેક હોય છે તેઓની નજરમાં ધર્મ "પ્રત્યક્ષ દેખાય છે. સામાન્ય રીતે ધર્મનાં ત્રણ સ્વરૂપ આપણે વિચારી "જઇએઃ કારણ, સ્વભાવ અને કાર્ય. તેમાં સારાં સારાં અનુષ્ઠાનો કરવાં "તે ધર્મનું કારણ છે એ તો સર્વના જોવામાં આવે છેઃ દાખલા તરીકે "સામાયિક, પૌષધ, દેવપૂજા, ગુરુવંદના વિગેરે. ધર્મનો સ્વભાવ બે "પ્રકારનો છેઃ સાશ્રવ અને અનાશ્રવ. સાશ્રવ સ્વભાવ પ્રાણીમાં શુભ "પરમાણુઓના સંગ્રહરૂપ છે અને અનાશ્રવ સ્વભાવ તે પૂર્વે એકઠાં "કરેલાં કર્મપરમાણુઓના નાશરૂપ છે. (આશ્રવ દ્વારા સર્વ કર્મો આવે "છે અને અનાશ્રવ અથવા સંવર દ્વારા તે આવતાં અટકે છે અને "નિર્જરા દ્વારા તેનો નાશ થાય છે. અનાશ્રવમાં સંવરનો અને નિર્જરાનો "સમાવેશ થાય છે.) આ બન્ને પ્રકારના ધર્મનો સ્વભાવ યોગીઓ "તો બરાબર (પ્રત્યક્ષ) જોઇ શકે છે અને અમારા જેવા અનુમાનથી "જોઇ શકે છે. ધર્મનું કાર્ય તો પ્રત્યેક જીવમાં જે તફાવતો છે તે સ્પષ્ટ "રીતે દેખાઇ આવતા હોવાથી સર્વને ઉઘાડી રીતે દેખાય છે. આ પ્ર- "માણે ધર્મનાં કારણ, સ્વભાવ અને કાર્ય એ ત્રણે તું દેખે છે છતાં તેં "ધર્મ જોયોજ નથી એમ શા માટે બોલે છે? આ ધર્મનાં કારણ, સ્વ- "ભાવ અને કાર્ય એ ત્રણે બતાવ્યાં તેમાંથી ધર્મનાં કારણ છે તેને ધર્મ "શબ્દથી લોકો ઓળખે છે. તેમાં જાણવા જેવું એ છે કે સુંદર અનુ- "ષ્ઠાનરૂપ કારણમાં કાર્યનો ઉપચાર કરવાથી તેને પણ કોઇ વખત ધર્મ "કહેવામાં આવે છે. જેમકે આપણે એમ બોલીએ છીએ કે વરસાદ

"ચોખા વરસે છે-અહીં વરસાદ તો પાણીજ વરસાવે છે, પણ તે પા-
"ણીના પડવાથી કાર્યરૂપે ભાતનો પાક નીપજશે, તે કારણમાં કાર્યનો
"આરોપ કરીને વરસાદ ચોખા વરસે છે એમ કહેવામાં આવેછે-તે પ્ર-
"માણે સુંદર અનુષ્ઠાન એ ધર્મનું કારણ છે તેને ધર્મ કહેવામાં આવે છે.
"ધર્મનો સાશ્રવ સ્વભાવ ઉપર કહેવામાં આવ્યો તે પુણ્યાનુબંધિ પુણ્ય-
"રૂપ સમજવો. જે સ્વભાવ ઉદયમાં આવતાં વિપાકકાળે વિશેષ
"નવીન પુણ્યનો બંધ કરાવે તેને પુણ્યાનુબંધિ પુણ્ય કહેવામાં આવે
"છે, અને જે સ્વભાવ વિપાકકાળે આગળનાં બાંધેલાં શુભ કે અશુભ
"કર્મોનો નાશ કરે છે તેને અનાશ્રવ સ્વભાવ કહેવામાં આવે છે. જૈન
"પરિભાષામાં આ અનાશ્રવ કર્મસ્વભાવને **નિર્જરા** કહેવામાં આવે છે.
"નિર્જરાનો સામાન્ય અર્થ આત્મપ્રદેશથી કર્મોનું ખરી જવું એવો થાય
"છે. આ સાશ્રવ અને અનાશ્રવ બન્ને પ્રકારના સ્વભાવને કોઇ પણ
"પ્રકારના ઉપચાર વગર સાક્ષાત્ ધર્મ નામથી ઓળખવામાં આવે છે.
"પ્રાણીઓમાં આરોગ્ય, સૌભાગ્ય, યશ, કીર્તિ, ધનપ્રાપ્તિ વિગેરેને અંગે જે
"મોટા તફાવતો દેખાય છે તે કાર્યમાં કારણનો આરોપ કરીને લોકો તેને
"પણ ધર્મ નામથી ઓળખે છે એટલે કે એવા જે તફાવતો દેખાય છે
"એટલે કોઇને ધનવાન્ અને કોઇને ગરીબ, કોઇને કીર્તિમાન્ અને કોઇને
"કીર્તિ વગરના વિગેરે વિગેરે અનેક પ્રકારના તફાવતો જોવામાં આવે છે
"તે ધર્મનું કાર્ય-પરિણામ છે, છતાં તે કાર્યમાં કારણનો આરોપ કરી
"તેને પણ લોકો ધર્મના નામથી ઓળખે છેઃ દાખલા તરીકે આપણે
"લોકોને એમ બોલતાં સાંભળીએ છીએ 'આ મારૂં શરીર પૂર્વ કર્મ છે.'
"અહીં શરીરરૂપ કાર્યનું કારણ પૂર્વકૃત કર્મ છે, છતાં શરીરરૂપ કાર્યમાં
"કારણનો આરોપ કરી તેનેજ ધર્મ કહેવામાં આવે છે." એ વાત સાં-
ભળીને આ પ્રાણી બોલે છે-"ભગવન્! આપે ધ-
ર્મનાં કારણ, સ્વભાવ અને કાર્ય એ ત્રણ વસ્તુઓ
બતાવી તે ત્રણમાં પ્રાણીએ આદરવા યોગ્ય શું છે?"

સદનુષ્ઠાન આ-
દરવા યોગ્ય.

ધર્મગુરુ—"એ ત્રણમાં સદનુષ્ઠાનરૂપ કારણ જે પ્રથમ કહેવામાં
"આવ્યું હતું તે ખાસ આદરવા યોગ્ય છે, કારણ કે તે બાકીના બન્નેને
"એટલે ધર્મના સ્વભાવને અને કાર્યને મેળવી આપનાર છે."

પ્રાણી—"એ સદનુષ્ઠાન કયાં કયાં છે?"

ધર્મગુરુ—"સદનુષ્ઠાનના મુખ્ય બે પ્રકાર છેઃ સાધુધર્મ અને
"ગૃહસ્થધર્મ. આ બન્ને પ્રકારનાં ધર્મનું મૂળ સમ્યગદર્શન છે."

પ્રાણી—"આપ સાહેબે પ્રથમ મને એક વખત સમ્યગ્દર્શન
સંબંધી કાંઇક ઉપદેશ કર્યો હતો એવું મને યાદ આવે છે, પરંતુ તે

વખતે એ વાત ઉપર મેં કાંઇ ધ્યાન આપ્યું નહોતું, માટે કૃપા કરીને હવે એ સમ્યગ્દર્શનનું સ્વરૂપ શું છે તે મને કહી બતાવો."

સામાન્ય સમ્યગ્દર્શનસ્વરૂપ.

આ પ્રમાણે હકીકત સાંભળીને ગુરુ મહારાજ [1]પ્રથમ અવસ્થાને ઉચિત સમ્યગ્દર્શનનું સ્વરૂપ કહી બતાવે છે. તેઓ કહે છે—"ભદ્ર! જે પરમાત્મા રાગ, દ્વેષ અને મોહ "વિગેરેથી રહિત હોય, જે અનંત જ્ઞાન દર્શન વીર્ય "આનંદસ્વરૂપ હોય, જે આખી દુનિયાના સર્વ પ્રાણીઓ ઉપર ઉપકાર કરવા તત્પર હોય, જે [2]સકલ અને નિઃકલરૂપ "હોય એવા અનેક ગુણ યુક્ત પરમાત્મા છે તેજ ખરેખરા દેવ છે એવી "બુદ્ધિથી અંતઃકરણપૂર્વક તેઓની ભક્તિ કરવી (દેવતત્ત્વ) અને તે રાગ "દ્વેષ રહિત ભગવાને બતાવેલા જીવ, અજીવ (જડ), પુણ્ય (સુખનો "અનુભવ), પાપ (દુઃખનો અનુભવ), આશ્રવ (કર્મ ગ્રહણ કરવાના "માર્ગો), સંવર (કર્મને રોકવાનાં દ્વારો), નિર્જરા (કર્મને ખેરવી નાખવાં), "બંધ (કર્મ અને આત્માનું જોડાણ) અને મોક્ષ (સર્વ કર્મથી આત્માને "મુક્ત કરવો) એ નવ પદાર્થોને બરાબર સમજવા, કબૂલ કરવા અને "તેમાં વિશ્વાસ રાખવો (ધર્મતત્ત્વ) અને તે પરમાત્માએ બતાવેલા "જ્ઞાન દર્શન ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં જે પ્રવૃત્તિ કરે તેજ ખરા સાધુઓ "અને તેજ ગુરુ થવાને અને વંદન કરવાને યોગ્ય છે એવી બુદ્ધિ થવી "(ગુરુતત્ત્વ) એનું નામ સમ્યગ્દર્શન કહેવાય છે. પ્રાણીમાં આ "સમ્યગ્દર્શન છે કે નહિ તે જાણવા માટે પાંચ લક્ષણ અથવા બાહ્ય "ચિહ્નો બતાવવામાં આવ્યાં છે જેને સમકિતનાં પાંચ લિંગ કહેવામાં "આવે છે તે આ પ્રમાણે: ૧ પ્રશમ એટલે શાંતિ-ક્રોધનો ત્યાગ; ૨ સંવેગ "એટલે મોક્ષ મેળવવા યોગ્ય છે એવા નિર્ણયપૂર્વક તેને પ્રાપ્ત કરવાની "અંતઃકરણની અભિલાષા; ૩ નિર્વેદ એટલે સાંસારિક સર્વ પદાર્થો ઉપર "ખેદ-તે તરફ અરૂચિ; ૪ આસ્તિક્ય એટલે ઉપર જણાવેલા શુદ્ધ દેવ, "શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મતત્ત્વ ઉપર શ્રદ્ધા અને ૫ અનુકંપા એટલે દીન "દુઃખી પ્રાણી ઉપર દયા. આવા સમ્યગ્દર્શનને અંગીકાર કરીને પ્રાણી "સાત્વિક ગુણોથી પણ અધિક વિનય ગુણવડે યુક્ત થઇને સર્વ પ્રાણીઓ

---

૧ શરૂઆતમાં બહુ ઊંડી હકીકત બતાવવા જતાં પ્રાણી રહસ્ય સમજી શકે નહિ તેથી તે વખતે સામાન્ય સ્વરૂપ બતાવવાની યોગ્ય પદ્ધતિ ગુરુ મહારાજ અત્ર સ્વીકારે છે.

૨ સકલ એટલે સંપૂર્ણ એટલે પૂર્ણતાને પ્રાપ્ત થાય છે અને નિષ્કલ એટલે વિભાગ વગરના 'સંપૂર્ણ અંશે એકરૂપ' એવો બન્નેનો અર્થ સાથે થાય છે. સિદ્ધદશામાં દરેક આત્માનું વ્યક્તિત્વ રહે છે એવો ભાવ અત્ર બતાવવાનો આશય છે

"ઉપર પ્રેમ ભાવ રાખે છે (મૈત્રી), ગુણવાનને જોઇ દિલમાં બહુ રાજી "થાય છે (પ્રમોદ), દુઃખી પ્રાણી ઉપર દયા લાવે છે (કરૂણા) અને "પોતાનો અવિનય કરનાર કે અપમાન કરનાર અથવા પાપથી હણાયલા "ઉપર માધ્યસ્થ ભાવ રાખે છે (ઉપેક્ષા). આવી રીતે ચાર પ્રકારની "ભાવનાઓ ભાવવા ઉપરાંત તેનામાં પાંચ ભાવો એવા સુંદર હોય છે "કે તેનાથી સમ્યગ્દર્શન વધારે દીપી નીકળે છે તે પાંચ ભાવો આ "પ્રમાણે છેઃ (૧) 'સ્થિરતા,' (૨) 'ભગવાનના મંદિરની સેવના' "એટલે ત્યાં જવું, તેની સંભાળ રાખવી વિગેરે, (૩) 'આગમકુશળતા' "(શાસ્ત્રાધ્યયન, શ્રવણ, વાંચન વિગેરે), (૪) 'ભક્તિ' અને (૫) "'શાસનની પ્રભાવના.' આ સમકિત દર્શનને બીજા પાંચ ભાવો (દૂષણો) "દૂષિત કરે છે, તેને અતિચાર લગાડે છે તેથી તે ભાવોનો સમકિતી જીવ "અવશ્ય ત્યાગ કરે છે; તે સમ્યક્ત્વનાં પાંચ દૂષણો આ પ્રમાણે છેઃ "શંકા એટલે તીર્થંકર મહારાજના બતાવેલા વિશુદ્ધ તત્ત્વમાર્ગમાં શંકા "કરવી, સંદેહ લાવવો; આકાંક્ષા એટલે કોઇ પણ પ્રકારની આ ભવની "કે પરભવની અપેક્ષા રાખી ધર્માચરણ કરવું એટલે અમુક ક્રિયાનું "અને અમુક ફળ મળશે એવી મનમાં ધારણા કરવી; વિચિકિત્સા ધર્મનાં "ફળના સંબંધમાં સંદેહ રાખવો, મનમાં વિચાર કરવો કે આ વીતરાગ "તે શું ફળ દેવાના હતા વિગેરે; પાખંડીપ્રશંસા એટલે મિથ્યાદૃષ્ટિ "ઓની અને તેના ગુરુની પ્રશંસા કરવી અને સંસ્તવ એટલે તેવા પા- "ખંડીઓ સાથે પરિચય કરવો. આટલા ઉપરથી તને જણાયું હશે કે "એ સર્વ પ્રકારનાં કલ્યાણનાં સ્થાન અને દર્શન મોહનીય કર્મના "ક્ષયોપશમથી પ્રકટ થયેલ આત્માના પરિણામને વિશુદ્ધ સમ્યગ્- "દર્શન કહેવામાં આવે છે. કહેવાની મતલબ એ છે કે એ સમ્યગ્દર્શ- "નમાં સર્વ પ્રકારનું કલ્યાણ થાય એવા વિશુદ્ધ ગુણો છે અને જ્યારે "દર્શન મોહનીય નામના કર્મની પ્રકૃતિનો ક્ષયોપશમ થાય એટલે "[illegible] "[illegible] "[illegible] કહેવામાં આવે છે.

[illegible]

હતી તેની બરાબર આ હકીકત સમજવી, કારણ કે તે પ્રાણીને ઉપર પ્રમાણે જ્યારે સર્વ બાબતમાં સામાન્ય પ્રકારે પ્રતીતિ થઇ ત્યારે તેને જે મિથ્યાત્વ ઉદયમાં હતું તે સર્વ ક્ષીણ થઇ ગયું અને જે ઉદયમાં નહોતું આવ્યું તે ઉપશાંત અવસ્થાને પામી ગયું એટલે ઉદયમાં નહિ આવેલું તે હવે પછી પ્રદેશ ઉદયથી અનુભવવું બાકી રહ્યું; તેટલા માટે અગાઉ એમ કહેવામાં આવ્યું હતું કે આ પ્રાણીમાં જે ઉન્માદ હતો તે લગભગ નાશ પામી ગયો, પણ ઉન્માદનો સર્વથા નાશ થઇ ગયો એમ કહેવામાં આવ્યું નહોતું તેનું એ કારણ સમજવું. એ તીર્થજળ પીવાથી આ પ્રાણીના બીજા વ્યાધિઓ પણ નરમ થઇ ગયા એમ કહેવામાં આવ્યું હતું તેનું કારણ એ કે કર્મો વ્યાધિઓ જેવા છે અને સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં કર્મો હલકાં પડવા માંડે છે. આ સમ્યગ્દર્શન પ્રાણીને થાય છે ત્યારપછી ચર (ત્રસ) અને અચર (સ્થાવર) સર્વ પ્રાણીઓને દુઃખ દેવારૂપ દાહને તે દળી નાખે છે અને તેને સર્વ જંતુ ઉપર દયાભાવ પ્રગટ થાય છે, તેથી તે (દર્શન)ને અત્યંત શીતળ કહેવામાં આવ્યું છે. આ પ્રમાણે હોવાથી આ પ્રાણીના શરીરમાં અગાઉ જે દાહની (જ્વર-તાપની) પીડા થતી હતી તે નાશ પામી ગઇ અને તેના મનમાં સ્વસ્થતા પ્રાપ્ત થઇ-એવી સુંદર સ્થિતિ તેને સમ્યગ્દર્શનપ્રાપ્તિથી થઇ એ પ્રમાણે સમજવું. અન્ય પ્રાણીઓને દુઃખ દેવાથી તે પ્રાણીને દુઃખ થાય છે એટલુંજ નહિ પણ દુઃખ આપનારના શરીરમાં પણ એક જાતનો દાહ થઇ આવે છે. તે સર્વ બાબતમાં આ સમ્યગ્દર્શન શાંતિ કરી આપે છે તેથી તે અત્યંત શીતળ છે એ પ્રમાણે હકીકત સ્પષ્ટ રીતે સમજવી.

ધર્મબોધકરની મહાનુભાવતા

આ પ્રમાણે પેલા દ્રમકનો અંતર આત્મા સ્વસ્થ થવાથી તેણે મનમાં વિચાર કરવા માંડ્યો. તે વિચારો કેવા પ્રકારના હતા તે બતાવતાં[1] કથાપ્રસંગમાં કહેવામાં આવ્યું છે કે "'અહો! આ અત્યંત કૃપાળુ મહાત્મા પુરુષને મેં મહામોહના જોરથી મૂર્ખાઇને અંગે ઠગારા ધાર્યા હતા. એ મહાપુરુષે મારા ઉપર મોટો ઉપકાર કરીને મારી આંખો પર અંજનનો પ્રયોગ કર્યો, મારી આંખો તદ્દન સારી બનાવી દીધી અને મારી ઢુંકી નજર હતી તે દૂર કરી! વળી તેણે મને પાણી પાઇને અત્યંત સ્વસ્થ બનાવી દીધો. ખરેખર, તે મારા ઉપર મોટો ઉપકાર કરનાર છે. મેં તો અત્યાર સુધીમાં તેમના ઉપર શું ઉપકાર કર્યો છે? તેઓએ મારા ઉપર આટલો ઉપકાર કર્યો તેના [illegible]

[1] [illegible] પૃષ્ઠ ૫૬ [illegible]

મહાનુભાવપણા સિવાય બીજું કાંઇ પણ કારણ નથી.'" તેજ પ્રમાણે આ પ્રાણીને જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે તેના સંબંધમાં પણ તેવોજ પ્રકાર બને છે. એ વખતે આ પ્રાણી આચાર્ય મહારાજના સંબંધમાં વિચાર કરે છે. વસ્તુનું યથાસ્થિત સ્વરૂપ આ પ્રાણીના જાણવામાં આવેલું હોવાથી તે વખતે આ પ્રાણી રૌદ્ર પરિણામનો ત્યાગ કરે છે (ક્રોધત્યાગ), મદથી અંધ થઇ જવાની પોતાની પદ્ધતિ છોડી દે છે (માનત્યાગ), કાવાદાવા કરીને કામ લેવાની ટેવને દૂર કરે છે (માયાત્યાગ), બહુ લોભ કરવાની રીતિને દેશવટો આપે છે (લોભત્યાગ), રાગવડે જ્યાં ત્યાં માથું મારતો હોય છે તે ચાલને મંદ પાડી દે છે, અન્ય પ્રાણી ઉપર દ્વેષનો ઝપાટો મારતો હોય છે તેને દૂર કરી દે છે અને મહામોહના દોષોને કાપી નાખે છે. આ પ્રમાણે થવાથી આ પ્રાણીનું મન પ્રસન્ન થાય છે, અંતરાત્મા નિર્મળ થાય છે, બુદ્ધિનું ચાતુર્ય વધે છે, ધન, કનક અને સ્ત્રીમાં સર્વસ્વપણાની બુદ્ધિ હોય છે તે નિવૃત્ત થાય છે, જીવ અજીવ વિગેરે પદાર્થોના જ્ઞાન તરફ આકર્ષણ અને આગ્રહ થાય છે અને તેના સર્વ દોષો કાંઇક ઓછા થાય છે, પાતળા પડે છે. આ પ્રમાણે થવાથી આ પ્રાણી પારકા ગુણોને સમજી શકે છે, પોતામાં કેવા કેવા અને કયા કયા દોષો છે તે તેના લક્ષ્યમાં આવે છે, પોતાની પ્રાચીન (પહેલાંની—અસલ) અવસ્થા સંભારે છે, તે વખતે ગુરુ મહારાજે પોતાને માટે કેવા કેવા પ્રયત્નો કર્યા હતા તે યાદ કરે છે, પોતાની અત્યારે કાંઇક યોગ્યતા થઇ છે તેનું કારણ એ ગુરુ મહારાજનો પ્રયત્નજ છે એમ તેને જણાય છે અને પછી તે વખતે જે પ્રાણી મારા જેવો અગાઉ અત્યંત તુચ્છ પરિણામને લીધે ધર્મગુરુની બાબતમાં પણ અનેક પ્રકારના સાચા ખોટા વિકલ્પો ઉઠાવનારો હોય છે તેને પણ કાંઇક વિવેકદષ્ટિ જાગ્રત થવાથી તે પોતાના મનમાં વિચાર કરે છે–' અહો મારી પાપિષ્ઠતા ! અહો મારી મહામોહાંધતા ! ધિક્કાર છે મારા ભાગ્ય ઉપર ! તિરસ્કાર છે મારી કૃપણતા ઉપર ! મારૂં અવિચારીપણું તો જુઓ ! થોડા ઘણા પ્રાપ્ત થયેલા ધનાદિ ઉપર પ્રતિબંધ રાખી તેના પર તીવ્ર પ્રીતિ કરીને અને તેમાં દઢ રાગ લાવીને મેં કેવા ખોટા વિચાર કર્યા કે આ મહાત્મા પુરુષ જેઓ નિરંતર પારકાનું હિત કરવા માટેજ તૈયાર રહેનાર છે, જેઓ કોઇ પણ પ્રકારના દોષ રહિત હોઇ સંતોષથી પોતાના શરીરનું પોષણ કરનારા છે, જેઓ મોક્ષસુખરૂપ ધન પેદા કરવામાંજ પોતાના અંતઃકરણની પ્રવૃત્તિ કરી રહ્યા છે, જેઓ આ સંસારના વિસ્તારને કોતરાંની ભુકી જેવો નિઃસાર (નકામો, ફોકટ, કિંમત વિગરનો) સમજી રહ્યા છે,

તેઓ પોતાના શરીરને પણ પીંજરારૂપ ગણીને તેના ઉપરની કોઇ પણ પ્રકારની મમત્વબુદ્ધિનો ત્યાગ કરી રહ્યા છે, તેવાઓને માટે મેં મારા મનમાં ધાર્યું હતું કે તેઓ મારી પાસે આ ધર્મકથાનો પ્રપંચ કરીને કે બીજી કોઇ રીતે મને છેતરીને મારી પાસે જે થોડું ઘણું દ્રવ્ય છે તેને શું લુંટી જશે કે હરી જશે કે પડાવી જશે? આવા આવા અત્યાર સુધીમાં મેં અનેક વખત વિચાર કર્યા—આવા મારા તુચ્છથી પણ તુચ્છ મહા અધમ વિચારો પર ધિક્કાર પડો! જો આ ધર્માચાર્ય મહાત્મા મારા ઉપર માત્ર પરમ ઉપકાર કરવામાં તત્પર ન હોત તો સારી ગતિરૂપ નગરમાં જવાના સુંદર અને નિર્દોષ માર્ગને બતાવતાં સમ્યગ્જ્ઞાનનું દાન આપવાને બહાને મહા નરકમાં જવા યોગ્ય મારી ચિત્તવૃત્તિને તેઓ શા માટે રોકે? તેમજ વિપર્યાસભાવથી (મિથ્યાદર્શનથી) ભરેલા મારા મનને પોતાની બુદ્ધિવડે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરાવીને પછી પોતાના ખાસ પ્રયત્નથી શા માટે જેમ બને તેમ મારા સર્વ દોષો મુકાઇ જાય એવી સ્થિતિ મારે માટે ઉત્પન્ન કરે? એ મહાત્માને અન્ય પદાર્થની સ્પૃહા એટલી ઓછી છે કે તેઓ લોઢા અને સોના તરફ એક સરખી બુદ્ધિ રાખનારા છે, એ નિઃસ્પૃહી મહાત્માને પારકાનું હિત કરવાનું વ્યસન લાગી રહ્યું છે અને તેને લઇનેજ તેઓ સર્વ પ્રવૃત્તિ કરે છે. તેઓમાં ખરેખરી ખુબી તો એ છે કે જે પ્રાણી ઉપર તેઓ ઉપકાર કરે છે તેની તરફથી બદલામાં કોઇ પણ પ્રકારનો પ્રત્યુપકાર થાય એટલે પોતાને કોઇ પણ પ્રકારે બદલો મળે તેવી તેઓ જરા પણ આશા રાખતા નથી. આવા પારકું હિત કરનારા મહાત્માઓના ઉપકારનો બદલો મારા જેવા સાધારણ પ્રાણીઓ પોતાના પ્રાણથી પણ વાળી શકે નહિ, તો પછી પૈસા કે ધાન્યથી તો એવા ઉપકારનો બદલો વાળવાની વાતજ શી કરવી?' આ પ્રાણીને સમ્યગ્દર્શન પ્રગટ થવાથી તે હવે અત્યાર સુધીનું પોતાનું ચરિત્ર યાદ કરીને પશ્ચાત્તાપ કરવા લાગ્યો અને સમ્યગ્દર્શનનો બોધ કરનાર ગુરુ મહારાજ ઉપર જે ઉલટો વહેમ તેને પડ્યા કરતો હતો તે દૂર થવા લાગ્યો અને તેને પરિણામે તે પ્રાણીના મનમાં ઉપર જણાવ્યા તેવા સારા વિચારો થવા લાગ્યા એમ સમજવું.

કુવિકલ્પના પ્રકાર.

અહીં પ્રથમ જણાવ્યા તેવા કુવિકલ્પો (માઠા વિચારો) બે પ્રકારે ઉત્પન્ન થાય છેઃ એક તો કુશાસ્ત્ર (મિથ્યાશાસ્ત્ર)ના શ્રવણથી જે મિથ્યા વાસનાઓ બંધાઇ જાય તેને લઇને ઉત્પન્ન થાય છે. દાખલા તરીકે આ સ્વર્ગ, મર્ત્ય અને પાતાળરૂપ સૃષ્ટિ ઇંડામાંથી ઉત્પન્ન થયેલ

[1]પૂર્વે કથાપ્રસંગમાં ત્યારપછી કહેવામાં આવ્યું છે કે તે દરિદ્રીને પોતાની આંખમાં અંજન આંજનાર અને પોતાને પાણી પાનાર મહાત્મા પુરુષ ઉપર વિશ્વાસ આવ્યો અને તે પોતાની ઉપર મોટો ઉપકાર કરે છે એમ તેને લાગ્યું તોપણ તેને પોતાના તુચ્છ ભોજન ઉપર જે તીવ્ર મૂર્છા અત્યાર સુધી હતી તે ઓછી થઇ નહિ–દૂર થઇ નહિ–આ બાબતની આ રૂપના સંબંધમાં આવી રીતે યોજના કરવીઃ–

તુચ્છ ભોજન પર મૂર્છા.

જો કે જ્ઞાનાવરણીય કર્મનો અને દર્શન મોહનીયનો ક્ષયોપશમ થવાને લીધે આ પ્રાણીને સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન ઉત્પન્ન થાય છે અને તેને લઇને તેને સંસારના પ્રપંચ ઉપર અત્યાર સુધી જે તત્ત્વબુદ્ધિ હતી એટલે આ સંસારને અને તેના પદાર્થોને તે અત્યાર સુધી પોતાના માનતો હતો તે બુદ્ધિ તેની નાશ પામે છે, આ દુનિયામાં જીવ અજીવ વિગેરે કેટલા પદાર્થો છે તેનું તેને જ્ઞાન થાય છે અને તેના ઉપર આસ્થા થાય છે, અને સમ્યગ્ જ્ઞાનદર્શનને આપનાર ગુરુ મહારાજ પોતાની ઉપર મોટો ઉપકાર કરનાર છે એમ તે કબૂલ કરે છે; તોપણ જ્યાંસુધી આ પ્રાણીને [2]બાર કષાયો ઉદયમાં વર્તે છે અને નવ નોકષાય[3] જ્યાંસુધી પ્રબળપણે વર્તતા હોય છે ત્યાંસુધી અનાદિ અભ્યાસની વાસનાઓથી પરવશ થયેલ હોવાને લીધે ધન વિષય સ્ત્રી વિગેરે જે ખરાબ ભોજન સાથે સરખાવવા યોગ્ય છે તેના ઉપર થતી મૂર્છાને અટકાવવાને તે શક્તિવાન્ થતો નથી. એનું

ત્યાગની બી ક.

---

1 આ પૃ. ૨૬ છેલ્લી બે પંક્તિ અને પૃ. ૨૭ ની શરૂઆતની હકીકતનો ભાવાર્થ છે.

2 કષાય ચાર છેઃ **ક્રોધ, માન, માયા** અને **લોભ** એની તરતમતા પ્રમાણે દરેકના ચાર ચાર વિભાગ પાડવામાં આવેલ છે. અતિ તીવ્ર ક્રોધ માન માયા લોભને **અનંતાનુબંધિ** કહેવામાં આવે છે. ત્યારપછી ઓછા ઓછા ઘટતા હોય તેમને **અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની** અને **સંજ્વલન** કહેવામાં આવે છે. સમ્યગ્જ્ઞાન દર્શન થવા પહેલાં અનંતાનુબંધિ કષાયની ચોકડી નાશ પામે છે, પણ બાકીની ત્રણ ચોકડી એટલે બાર કષાય બાકી રહે છે. તે કષાયની અહીં વાત ચાલે છે.

3 હાસ્ય, રતિ (આનંદ), અરતિ (પસંદ ન આવે તે), શોક, ભય, દુગંછા (ચીડ), સ્ત્રીવેદ, પુરુષવેદ અને નપુંસકવેદ. આ નવ કષાયને ઉત્પન્ન કરનાર અને તેના સહચારી હોય છે તેમને **નોકષાયના** નામથી ઓળખવામાં આવે છે.

કારણ એ છે કે આ પ્રાણીને મિથ્યા શાસ્ત્રો સાંભળવાથી જે ખોટા સંસ્કારો પડેલા હોય છે તેને લઇને 'મહા અંડ (ઇંડા)માંથી આ ત્રણ ભુવનની ઉત્પત્તિ થઇ છે' એ અને એવા એવા જે કુતર્કો થયા કરે છે તેને સંસ્કારજા એટલે સંસ્કારથી થયેલા વિતર્કો કહેવામાં આવે છે અને ધન સ્ત્રી એજ પરમ અર્થ છે અને ખાસ મેળવવા યોગ્ય છે એવા વિચારથી તેનું સંરક્ષણ કરવાના વિચારો આ પ્રાણીને થાય છે તેને લઇને જેના ઉપર કદિ શંકા લાવવી ન જોઇએ એવા ગુરુ મહારાજ તરફ તે વહેમની નજરથી જુએ છે-આવા સહજ અભિપ્રાયો અને કુતર્કો મિથ્યા દર્શનના ઉદયથી તેનામાં પ્રવર્તે છે તે મારવાડ દેશમાં જણાતા ઝાંઝવામાં દેખાતી જળકલ્લોલની માળા (મોજાં) જેવા ખોટા હોય છે; આ બન્ને પ્રકારના-સંસ્કારથી થયેલા અને સહજ વિકલ્પો તેનાથી વિરૂદ્ધ હકીકત અને દલીલો મળવાને લીધે અને તે સંબંધમાં યથાયોગ્ય પ્રમાણ મળવાને લીધે જ્યારે સમ્યગ્દર્શન થાય છે ત્યારે નાશ પામી જાય છે; પરંતુ ધન વિષય સ્ત્રી ઉપર મૂર્છા આવવારૂપ જે મોહ (આસક્તિ) પ્રાણીમાં હોય છે તે તો ઘણો જબરો છે અને તેનામાં એટલું બધું જોર હોય છે કે તત્ત્વબુદ્ધિ થયા છતાં પણ જાણે દિશામોહ થયો હોય નહિ તેમ તે પ્રાણી સાથે ચોંટ્યો રહે છે; એટલે કુવિકલ્પો નાશ પામે, વસ્તુસ્વરૂપ સમજવામાં આવે તો પણ મોહ જતો નથી. એ મોહને લઇને આ પ્રાણી ડાભને છેડે લાગેલા પાણીના બિંદુ જેવું સર્વ ચપળ છે એમ જાણતા છતાં પણ જાણે તે કાંઇ નજ જાણતો હોય, ધનનો નાશ સગા સંબંધી સ્નેહીનાં મરણ દેખતાં છતાં પણ જાણે તે નજ દેખતો હોય એમ વર્તે છે, અત્યંત વિશાળ બુદ્ધિવાળો વિચક્ષણ હોવા છતાં જડ જેવું વર્તન કરે છે અને સર્વ શાસ્ત્રમાં પંડિત હોવા છતાં જાણે પોતે મૂર્ખનો સરદાર હોય તેમ વર્તે છે. આવી સ્થિતિને પરિણામે એ ભાઇશ્રીને સ્વતંત્રપણું પસંદ આવે છે, વર્તનમાં પોતાની મરજી આવે તેવી ચેષ્ટા કરવી ગમે છે, કાંઇ વ્રત નિયમ લેતાં બીહે છે અને તેની એવી સ્થિતિ થઇ જાય છે કે વધારે તો શું પણ કાગડાનું માંસ[1] ભક્ષણ કરવાની બાબતથી પણ નિવૃત્ત થઇ શકતો નથી, મતલબ કે એક સામાન્યમાં પણ સામાન્ય ત્યાગની બાબત પણ સ્વીકારી શકતો નથી.

ભોજન લેવાનો આગ્રહ.

ત્યારપછી નિષ્પુણ્યકના કથાપ્રસંગમાં આગળ કહેવામાં આવ્યું છે

---

૧ કાગડાનું માંસ ઘણું તુચ્છ ગણાય છે છતાં એનો ત્યાગ કરવાનો નિયમ આ પ્રાણી કરી શકતો નથી.

કે "આવા આવા સારા વિચાર તે દરિદ્રી કરે છે તોપણ પોતાની સાથે લાવેલા તુચ્છ ભોજન ઉપર તેનું ચિત્ત લાગી રહેલું હતું તેથી તેના ઉપરની તેની મૂર્છા કોઇ પણ રીતે નાશ પામતી નથી અને પોતાની નજર વારંવાર તે (પેલા તુચ્છ ભોજન)ની ઉપર નાખ્યા કરે છે. આ પ્રમાણે તેને તુચ્છ ભોજન ઉપર નજર નાખતો જોઇ તેના મનનો આશય સમજી જઇ ધર્મબોધકર તેને કહેવા લાગ્યા કે 'અરે મૂર્ખ દ્રમક! આ કન્યા તને અતિ સુંદર ભોજન આપે છે તે શું તું જોતો નથી? આ દુનિયામાં પાપી ભિખારાઓ ઘણા હોય છે, પણ અને તો નિશ્ચય થાય છે કે ઘણે ભાગે તારા જેવો નિર્ભાગી તો બીજો કોઇ નહિ હોય, કારણ કે તને તારા તુચ્છ ભોજન ઉપર એટલું બધું લંપટપણું છે કે જેથી આ મારૂં ભોજન અમૃત જેવું છે અને તે તને આપી દેવામાં આવે છે છતાં તેને તું લેતો નથી. તને એક બીજી વાત કહું. આ રાજમહેલની બહાર તો અનેક દુઃખી માણસો રહે છે, પરંતુ તેમને આ મહેલ જોઇને આનંદ થયો નથી અને અમારા મહારાજાની તેના ઉપર મીઠી દૃષ્ટિ પડી નથી તેથી અમારો તેઓ તરફ આદર હોતો નથી, અમે તેની વાત પણ પૂછતા નથી; તારે માટે તો અહીં પ્રવેશ થયા પછી આ રાજભુવન જોઇને તારા મનમાં આહ્લાદ થયો અને અમારા રાજાની તારા ઉપર દૃષ્ટિ પડી તે કારણથી અમારો તારા પ્રત્યે આદર છે. પોતાના સ્વામીને જે પ્રિય હોય તેનું હિત સ્વામિભક્ત સેવકોએ કરવું જોઇએ એ ન્યાયથી અમે તારા તરફ દયાળુ નજરથી જોઇએ છીએ. અમને અત્યાર સુધી ચોક્કસ વિશ્વાસ હતો કે અમારા રાજા યોગ્ય પ્રાણીને શોધીને તેના ઉપરજ પોતાની દૃષ્ટિ નાખે છે અને તેના લક્ષ્યમાં કોઇ મૂઢ આવતોજ નથી એવી અમને ખાતરી હતી તે વિશ્વાસ પણ આજે તું ખોટો પાડે છે. તારૂં તારા અત્યંત તુચ્છ ભોજન ઉપર મન ચોંટ્યું છે તેથી તું આ અત્યંત સુંદર અમૃત જેવા સ્વાદવાળા પરમાન્નને લેતો નથી, પણ તેમાં તારી મોટી ભૂલ થાય છે. એ ભોજન સર્વ વ્યાધિનો નાશ કરે તેવું છે અને મધુર તેમજ સ્વાદિષ્ટ છે તેને તું શા માટે લેતો નથી? માટે દુર્બુદ્ધિ દ્રમક! તારી પાસેનું કુભોજન તજી દે અને આ સુંદર સ્વાદિષ્ટ ભોજન જેના પ્રતાપથી આ રાજમંદિરમાં રહેતા પ્રાણીઓ લહેર કરે છે તેને સારી રીતે વિશેષ પ્રકારના આદર સહિત ગ્રહણ કર અને તે અન્નના માહાત્મ્યથી થયેલો આ મંદિરમાં રહેતા પ્રાણીઓનો આનંદવૈભવ જરા અનુસંધાન કરીને લે.'" ગુરુ મહારાજ પણ આ જીવના લાભને માટે [illegible] રીતે આમંત્રણ કરે છે તેની વિગત આપણે હવે [illegible]

ગુરુનો સ્નેહપૂર્વક ક્રોધ.

આ પ્રાણીમાં રહેલ જ્ઞાન અને દર્શન પ્રગટ થયા પછી પણ જ્યારે કર્મની સત્તા તળે પોતે દબાઇ ગયેલ હોવાથી એક લગાર માત્ર પણ ત્યાગભાવ (વિરતિ) કરી શકતો નથી ત્યારે તેને ગુરુ મહારાજ એવી સ્થિતિમાં આવી પડેલો અને વિષયભોગમાં આનંદ પામતો જોઇ પોતાના મનમાં વિચાર કરે છે કે 'અહો! આત્માની સાથે આ પ્રાણીનું કેવું દુશ્મનપણું છે! રત્નદ્વીપમાં કોઇ ભાગ્ય વગરનો પુરુષ ગયો હોય અને જેમ અમૂલ્ય રત્નો તેને મળતાં હોય તેનો સ્વીકાર ન કરતાં કાચના કટકા લઇને પાછો આવે તેમ આ પ્રાણીને અમૂલ્ય રત્ન જેવાં વ્રત નિયમ મળી આવ્યાં છે તેની અવગણના કરીને તૂટેલા કાચના કટકા જેવા વિષયભોગ ઉપર તે પ્રેમ લાવે છે અને તેનો સ્વીકાર કરે છે!' આવા વિચારથી પ્રમાદ કરનાર આ પ્રાણી ઉપર ગુરુ મહારાજને સ્નેહપૂર્વક ક્રોધ થઇ આવ્યો હોય તેમ તેને કહે છે "અરે "જ્ઞાન દર્શનને દોષ લગાડનાર! તારી તે કેવી અનાત્મજ્ઞતા[1]! અમે "પ્રત્યેક ક્ષણે બુમ પાડી પાડીને તને કહીએ છીએ તે તું શું સાંભળતો "નથી? અમે બીજા ઘણાએ પોતાનું અકલ્યાણ કરનારા પ્રાણીઓ જોયા છે, "પણ તે સર્વમાં તું તો ખરેખરો મૂર્ખશિરોમણિ જણાય છે! કારણ "કે તું પરમાત્મા ભગવાન્ વીતરાગનું વચન જાણે છે, જીવ અજીવ "આદિ જે પદાર્થો ભગવાને બતાવ્યા છે તે ઉપર શ્રદ્ધા રાખે છે, મારા "જેવા તને ઉત્સાહ આપનાર અને પ્રેરણા કરનાર છે, આવી સર્વ સા- "મગ્રીઓ મળી આવવી અત્યંત મુશ્કેલ છે એમ તું સમજે છે, સંસારનો "છેડો આવવો અત્યંત મુશ્કેલ છે એવી ભાવના તું ભાવ્યા કરે છે, "કર્મનું કેવું ભયંકર પરિણામ આવે છે તે તારા ધ્યાનમાં છે, રાગ દ્વેષનું "કેવું ભયંકરપણું છે તે તું અનુભવે છે, છતાં પણ આ વિષયો જે સર્વ "પ્રકારના અનર્થોને પ્રવર્તાવનારા છે—થોડાક દિવસજ રહેનારા છે અને "મુઠીભર ફોતરાં જેવા સાર વગરના છે તેના ઉપર તું પ્રીતિ કરે છે, "તેના વડે રંજિત થાય છે અને તેમાં સુખ માને છે! અમે તને મહા "અનર્થના કુવામાં પડતો જોઇ તારી ઉપર દયા લાવી સર્વ ક્લેશ દોષોનો "નાશ કરનારી સર્વ પાપથી વિરતિ (ત્યાગભાવ)નો ઉપદેશ આપીએ "છીએ તેના તરફ તું તિરસ્કારની નજરથી ભૂલ ભૂલમાં પણ નજર "નાખતો નથી! અમારો તારા તરફ આટલો આદર શા માટે થયો છે "તેનું કારણ તું જાણતો નથી તો તે તને હું કહી સમજાવું છું તે અરે- "અરે ધ્યાન દઈને સાંભળ. તું જ્ઞાન દર્શન યુક્ત હોવાને લીધે સર્વજ્ઞ-

૧ આત્માના હિતને નહિ સમજનારાપણું.

"શાસનમાં દાખલ થયો છે, તેથી અમે તારા તરફ આટલું ધ્યાન ખાસ
"કરીને આપીએ છીએ. પ્રથમ તો ભગવાનનો મત પહેલી વાર તેં
"જોયો ત્યારે તારા મનમાં આનંદ થયો હતો, તું ભગવાનના મતનું
"દર્શન કરતો હતો ત્યારે ભગવાનની દષ્ટિ તારા ઉપર પડી એમ અમે
"જોયું હતું અને તેથી અમને જ્યારે એમ જણાયું કે ભગવાનની આના
"ઉપર કૃપા થઇ છે ત્યારે અમને પણ તારી ઉપર આદર થયો. ભગ-
"વાનના સેવકોએ જે પ્રાણી ભગવાનને વહાલા હોય તેના તરફ
"પ્રેમ રાખવો એ ઉચિત છે. જે પ્રાણીઓ અત્યાર સુધી સર્વજ્ઞશાસન-
"રૂપ મંદિરમાં દાખલ થયા નથી અને જેઓ કોઇ પણ પ્રકારે દાખલ
"થઇ ગયા હોય પણ અંદર આવ્યા પછી જેઓને મંદિરના દર્શનથી
"આનંદ થતો નથી અને તેથીજ એવા પ્રાણીઓ ઉપર ભગવાનની
"કૃપાદષ્ટિ થઇ હોય એમ અમને જણાતું નથી એવા પ્રાણીઓને અમે
"દેખીએ છીએ તોપણ તેઓ તરફ ઉદાસીન ભાવ રાખીએ છીએ
"એટલે એવા પ્રાણીઓનાં કર્મ માટે અને તેઓની અધમ સ્થિતિ માટે
"અમે દિલગીર થઇએ છીએ-એવા પ્રાણીઓ અમારા આદરને કોઇ
"પણ રીતે યોગ્ય નથી. અમારા મનમાં આ બાબતમાં અત્યાર સુધી
"વિશ્વાસ હતો અને સારા માર્ગે લઇ જવા યોગ્ય જીવો કયા કયા છે
"તેનો આ ઉપાયથી અમે નિર્ણય કરતા હતા. અમે આ પરીક્ષા કરવાનો
"ઉપાય અત્યાર અગાઉ બહુ પ્રાણીઓ ઉપર અજમાવ્યો હતો, પરંતુ તે
"નિયમમાં અત્યાર સુધી જરા પણ વાંધો આવ્યો નહોતો. આવી રીતે
"તપાસ કરીને પ્રયોગ કરીને નિર્ણય કરેલો અમારો ઉપાય તું ઉલટા
"પ્રકારનું આચરણ કરીને ખોટો પાડે છે. પરીક્ષા કરીને નિર્ણય કરવાની
"અમારી રીતિ જે સર્વત્ર એક સરખી સાચી માલૂમ પડી છે તે તારા
"સંબંધમાં ખોટી પડે છે, તો હે દુર્મતિ! તું એ પ્રમાણે કર નહિ; હજુ
"પણ હું તને કહું છું તે પ્રમાણે કરઃ આ તારૂં ખરાબ વર્તન તજી દે,
"દુર્ગતિ નગરીના માર્ગ જેવી અવિરતિનો ત્યાગ કર, અને એક સરખો
"આનંદ આપનારી સર્વજ્ઞ મહારાજે બતાવેલી સમ્યગ્જ્ઞાન દર્શનનું ફળ
"આપનારી વિરતિને ગ્રહણ કર. એ પ્રમાણે તું નહિ કરીશ તો તારાં
"જ્ઞાન દર્શન પણ નિષ્ફળ થશે, કારણ કે જ્ઞાન અને દર્શનનું ફળ વિરતિ-
"ત્યાગભાવ છે અને ચારિત્ર વગર-વિરતિભાવ આદર્યા વગર એકલા
"જ્ઞાન દર્શનથી મોક્ષ મળી શકતું નથી. ભગવાન તીર્થંકર દેવે બતાવેલી
"આ વિરતિને આદરવાથી અને સમ્યક્ પ્રકારે તેનું પરિપાલન કરવાથી
"તે સર્વ કલ્યાણપરંપરાને આપનાર થાય છે અને પરલોકમાં એ વિ-
"રતિભાવ ગ્રહણ કરવાથી લાભ થાય છે તે વાતને હાલ કદાચ બાજુ

"ઉપર રાખ તોપણ ભગવાને બતાવેલી એ વિરતિ ઉપર પ્રેમ રાખ-
"નાર અને તેને આદરનાર સાધુઓ આ લોકમાં કેવી મોજ માણે છે
"તે તું શું જોતો નથી? જાણે સારી રીતે અમૃત રસનું પાન કર્યું હોય
"તેવા તેઓ સ્વસ્થ દેખાય છે, વિષયની ઇચ્છાથી અને કામને પરવશ
"થવાથી જે ઉત્સુકપણું પ્રિયવિરહવેદના વિગેરે અનેક દુ:ખો પ્રાણીને
"થાય છે તે તેઓનાં (સાધુનાં) મનને જરા પણ અસર કરતાં નથી અને
"તેઓને એવી કોઇ ઉપાધિ ભોગવવીજ પડતી નથી, તેઓમાં કષાય
"ન હોવાથી લોભના નાશને લીધે ધન પેદા કરવામાં, રક્ષવામાં અને
"તેના નાશમાં જે અનેક દુ:ખો દુનિયાદારીવાળા પ્રાણીઓને થાય છે
"તેને તેઓ જાણતા પણ નથી, ત્રણ ભુવન તેવા સાધુઓને નમસ્કાર
"કરે છે અને મહાદુ:ખથી ભરેલા સંસારસમુદ્રથી પોતાના આત્માને
"પાર પામેલો માનનારા એ સાધુઓ કેવો શ્રેષ્ઠ આનંદ કરે છે? આ
"ભવમાં કેટલું માનસિક અને આત્મિક સુખ સાક્ષાત્ અનુભવે છે? આ
"સર્વ સુંદર સ્થિતિ તેઓ વિરતિભાવ આદરવાથી અનુભવે છે તો
"આવી અનેક ગુણથી ભરેલી વિરતિ શું તું તારા આત્મવૈરીપણાથી
"આદરતો નથી?

તુચ્છ ભોજન પર દૃઢ પ્રેમ.

ત્યારપછી કથાપ્રસંગમાં [1]કહેવામાં આવ્યું છે કે "ધર્મબોધકર મંત્રીશ્વરનાં આવાં વચનો સાંભળી તેને કાંઇક વિશ્વાસ આવ્યો અને મનમાં કાંઇક નિર્ણય પણ થયો કે આ પુરુષ મારૂં હિત કરનાર છે તો- પણ પોતાની પાસેના ભોજનના ત્યાગની વાતથી તેના મનમાં ખેદ થવા લાગ્યો. આખરે તેણે જવાબમાં ધર્મબોધકર મંત્રીને કહ્યું 'આપ સાહેબે જે વાત કહી સંભળાવી તે સર્વ તદ્દન સાચી હોય એમ મને લાગે છે, પણ મારે આપને એક બાબતની પ્રાર્થના કરવી છે તે આપ બરાબર સાંભળો: આ મારા ઠીકરામાં ભોજન છે તે સ્વભાવિક રીતે મને મારા પ્રાણથી પણ વધારે વહાલું છે, એને મેં બહુ મહેનત કરીને મેળવેલું છે અને ભવિષ્યમાં એના ઉપર મારો નિર્વાહ થશે એમ હું ધારૂં છું. વળી આપનું ભોજન કેવું છે તે ખરેખર હું જાણતો નથી. આ પ્રમાણે હોવાથી હે સ્વામિન્! મારૂં પોતાનું ભોજન મારી પાસે છે તે તો કોઇ રીતે છોડવું નહિ એવો મારો નિશ્ચય છે, માટે મહારાજ! જો આપને આપનું ભોજન મને આપવાની ઇચ્છા હોય તો મારૂં ભોજન મારી પાસે રહે અને આપનું ભોજન મને મળે એવી રીતે ગોઠવણ કરી આપો'" આ પ્રમાણે અગાઉ જે હકીકત કહી છે તેનો આશય હવે વિચારી જઇએ.

---

[1] આ કથાપ્રસંગનો સંબંધ અગાઉની નિષ્પુણ્યકકથાના પૃષ્ઠ ૨૮ સાથે છે.

ભોગાસક્તની દંભ વિજ્ઞપ્તિ.

આ પ્રાણીને ચારિત્ર આદરવાનાં પરિણામ હોય છે તોપણ કર્મને પરવશ હોવાથી ગુરુ મહારાજ પાસે ઉપર કહ્યું તેવીજ રીતે તે બોલે છે. તેને ગુરુ મહારાજ ઉપર સંપૂર્ણ વિશ્વાસ હોય છે અને જ્ઞાન દર્શનથી કેટલો લાભ છે તે સંબંધમાં તેને પૂર્ણ પ્રતીતિ પણ થયેલી હોય છે, પરંતુ ત્યાંસુધી તેને ધન સ્ત્રી વિગેરે ઉપરની મૂર્ચ્છા જરા પણ ઓછી થયેલી હોતી નથી અને ગુરુ મહારાજ તો તેને એકદમ ધન સ્ત્રી આદિ તેણે પોતાની માનેલી વસ્તુઓનો ત્યાગ કરવાનું અને ચારિત્ર ગ્રહણ કરવાનું કહે છે તે વખતે આ પ્રાણી એકદમ ગરીબ-રાંક જેવો બની જાય છે અને ગુરુ મહારાજને કહે છે, "આપ સાહેબ જે આજ્ઞા કરો છો-જે વાત ફરમાવો છો તે બરાબર છે, પરંતુ મારે આપ સાહેબને એક નાની સરખી વિનતિ કરવી છે તે આપ જરા સાંભળવાની મહેરબાની કરો. મારો આત્મા ધન વિષયની બાબતમાં અત્યંત ગાઢ થઇ ગયો છે, તેમાં અત્યંત આસક્ત બની ગયો છે, અને તેમાંથી નિવર્તવાનું કોઇ પણ રીતે બની શકે તેમ નથી. એ ધન વિષયના ત્યાગથી તો હું મરી જઉં! મેં ધન વિષયો તો મહારાજ! મેં બહુ મહેનત કરીને એકઠાં કર્યા છે, એને સંપાદન કરવામાં મારે કંઇ કંઇ જાતનાં કષ્ટ વેઠવાં પડ્યાં છે તો હવે અકાળે તેનો તે સાહેબ! કેવી રીતે ત્યાગ કરી શકું? મારા જેવા પ્રમાદી પ્રાણીઓ આપે બતાવેલી વિરતિનું સ્વરૂપ કદિ બરાબર સમજતા નથી. બીજી પણ એક વાત આપને કહું: આ ધન વિષયો વિગેરે આજે મેળવી રાખ્યાં હોય તો મારા જેવાને આગળ ભવિષ્યમાં પણ ચિત્તને આનંદ આપવાનું કારણ થઇ પડે અને આપ સાહેબ જે અનુજ્ઞાનો ફરમાવો છો તે તો 'શશવેદ'ની પેઠે મેળવવાં અત્યંત મુશ્કેલ છે, તેથી આપ મારા જેવા ઉપર આટલો બધો પ્રયાસ કરો છો તે અસ્થાને હોય એમ મને તો લાગે છે. કહ્યું છે કે-

महतापि प्रयत्नेन, तत्त्वे शिष्टेऽपि पण्डितैः,
प्रकृतिं यान्ति भूतानि, प्रयासस्तेषु निष्फलः ।

'પંડિતો ઘણા મોટા પ્રયત્નથી પ્રાણીએ તત્ત્વ જાણ્યું હોય તોપણ [1] પ્રાણી પોતાની પ્રકૃતિ તરફ ખેંચાઇ જાય છે અર્થાત્ પોતાની પ્રકૃતિ છોડતા નથી, જેવા હોય તેવા ને તેવા રહે છે. આવા પ્રાણીના સંબંધમાં જે કાંઇ પ્રયત્ન કરવામાં આવે તે સર્વ નિષ્ફળ છે.' આ પ્રમાણે દૃષ્ટાન્ત છે, છતાં આપ સાહેબનો મને વિરતિ-ચારિત્ર આપવાનો પ્રયત્ન

---

1 પ્રથમ આ પ્રમાણે પ્રથમ પંક્તિ છે: महतापि प्रयत्नेन, तत्त्वे इत्यादि

આગ્રહજ હોય તો મારાં ધન વિષય વિગેરે મારી પાસે છે તે રહે અને આપનું ચારિત્ર આપ મને આપી શકતા હો તો આપો, નહિ તો મારે આપના ચારિત્રથી સર્યું! કાંઇ નહિ, તેના વગર હું ચલાવી લઇશ."

પ્રતીતિ માટે દૃઢ પ્રયત્ન.

પ્રાણીએ–આ જીવે જ્યારે આ પ્રમાણે કહ્યું ત્યારે વિશુદ્ધ હિતકારી સુંદર ભોજન ગ્રહણ કરવાના સંબંધમાં આ પ્રાણીને વિમુખ (બેદરકાર) જાણીને કથાપ્રસંગમાં ધર્મબોધકરને ત્યારપછી આપણે વિચાર કરતા જોઇએ છીએ. તેઓ વિચારે છે કે 'અહો! અચિંત્ય શક્તિવાળા મહામોહની ચેષ્ટા તો જુઓ! એ બિચારો દ્રમક સર્વ વ્યાધિ કરનાર પોતાના તુચ્છ ભોજનમાં એટલો બધો આસક્ત થઇ ગયો છે કે તેના મનમાં મારા ઉત્તમ ભોજનની એક તૃણ જેટલી પણ કિંમત કરતો નથી, છતાં હજુ પણ બની શકે એટલાં એ બાપડા રાંક જીવને શિક્ષાવચન કહી સંભળાવું; કદાચ એનો મોહ એથી નાશ પામશે કે આછો થશે તો એ બાપડાનું હિત થશે.' વિશુદ્ધ ધર્મનો ઉપદેશ કરનાર ગુરુ મહારાજ પણ આ પ્રાણીના સંબંધમાં એવાજ પ્રકારના વિચારો કરે છે. તેઓ વિચારે છે, 'અહો! આ પ્રાણીનો મહામોહ તો કોઇ અપૂર્વ પ્રકારનો જણાય છે! એ મહામોહના પ્રતાપથી અનંત દુઃખના હેતુભૂત અને રાગાદિ ભાવ રોગને વધારી મૂકનાર ધનાદિ વિષય ઉપર પોતાનું મન સ્થાપિત કરી દઇને ભગવાનનાં વચનોને જાણતા છતાં એક તદ્દન અજાણ્યા પ્રાણીની પેઠે તે વર્તે છે, જીવ અજીવાદિ તત્ત્વ ઉપર તેને શ્રદ્ધા થયેલી હોવા છતાં એક નાસ્તિકની પેઠે આચરણ કરે છે અને તેને લઇને સર્વ દોષ અને ક્લેશનો નાશ કરનાર મારી બતાવેલી વિરતિને ગ્રહણ કરતો નથી, આદર કરતો નથી, તેના ઉપર પ્રીતિ કરતો નથી; પરંતુ વધારે વિચાર કરતાં મને જણાય છે કે એમાં આ બાપડાનો કાંઇ દોષ નથી, સર્વ દોષ તેનાં કર્મોનો છે. એ કર્મો આ જીવના સારા અધ્યવસાયોને છિન્ન ભિન્ન કરી નાખે છે. હું તો તેને પ્રતિબોધ આપી ઠેકાણે લાવવાના કામમાં જોડાયલો છું અને તે તેનો લાભ લઇ શકતો નથી તેથી એ પ્રાણી કાંઇ વિરતિ અંગીકાર કરવાનો નથી એમ ધારી લઇને મારે તેના તરફ વિરક્ત થઇ જવું ન જોઇએ–એના સંબંધનો પ્રયત્ન છોડી દેવો ન જોઇએ.'

ઉપદેશકની માનસિક સ્થિરતા.

अनेकशः कृता कुर्याद्देशना जीवयोग्यताम् ॥
यथावस्थानमाधत्ते, शिलायामपि मृद्धटः ॥ १ ॥

यः संसारगतं जंतुं बोधयेज्जिनदेशिते।
धर्मे हितकरस्तस्मान्नान्यो जगति विद्यते ॥ २ ॥
विरतिः परमो धर्मः सा चेन्मत्तोऽस्य जायते।
ततः प्रयत्नसाफल्यं किं न लब्धं मया भवेत् ॥ ३ ॥

अन्वय महान्तमर्थमाश्रित्य यो विधत्ते परिश्रमम्;
तत्सिद्धौ तस्य तोषः स्यादसिद्धौ वीरचेष्टितम् ॥ ४ ॥
तस्मात्सर्वप्रयत्नेन पुनः प्रत्याय्य पेशलैः;
वचनैर्बोधयाम्येनं गुरुश्चित्तेऽवधारयेत् ॥ ५ ॥

ગુરુ મહારાજ પોતાના મનમાં આગળ વિચાર કરે છે 'પ્રાણીને અનેક વાર દેશના આપી હોય તો તે તેનામાં યોગ્યતા ઉત્પન્ન કરે છે, જેમકે સખ્ત પથ્થર ઉપર માટીનો ઘડો વારંવાર રાખવામાં આવે તો ધીમે ધીમે તે પોતાનું સ્થાન ત્યાં કરી લે છે. (પથ્થરના ચોરસા ઉપર દરરોજ જળનો કુંભ-ઘડો મૂકવામાં આવે તો ત્યાં ઘસાઇ ઘસાઇને પથ્થરમાં એક નાનું થાણું પોતાને માટે તે બનાવી લે છે. એવીજ રીતે કુવા ઉપરના કાળા પથ્થરાઓમાં દોરડી નીચે ઉપર જવા આવવાનો માર્ગ કરી લે છે.) આથી જો હું તેના ઉપર મારો પ્રયત્ન ચાલુ રાખીશ તો જરૂર મારો માર્ગ આગળ જતાં સરળ થઇ જશે. પ્રાણીને તીર્થંકર મહારાજનો બતાવેલો ધર્મ કહેવો તેનાથી વધારે ઉત્તમ આ પ્રાણીનું હિત કરનાર બીજો કોઇ ઉપાય આ દુનિયામાં નથી, કારણ કે એ ધર્મ આદરવાથી વિરતિભાવને અંગે છેવટે સર્વ દુઃખથી મુક્તિ થાય છે અને દુઃખથી મુક્તિ એ પ્રાણીનું પરમ સાધ્ય છે. તેને મુક્તિ અપાવવાનું કારણ એ ઉપદેશ આપનાર ગુરુ બને છે, તેથી આ પ્રાણીનું ઉત્કૃષ્ટ હિત સાધનાર એને શુદ્ધ માર્ગનો ઉપદેશ આપનાર છે એમ લાગે છે. વિરતિ-ત્યાગભાવ એ સર્વેથી ઊંચા પ્રકારનો ધર્મ છે, એ જો હું કોઇ પણ પ્રકારે આ પ્રાણીને અપાવી શકું એટલે એ વિરતિભાવ આદરે એવું કોઇ પણ રીતે હું તેને સમજાવી શકું તો પછી મારે બીજું શું કરવાનું બાકી રહે? વિરતિભાવને આદરે એટલે પછી એ રસ્તા પર બરાબર આવી જાય અને તેવા ઉત્તમ સાધન સાથે તેને જોડવાનો મારા મનમાં સંતોષ થાય તો તો બહુ ઠીક થયું કહેવાય. જો કોઇ મોટું કામ ઉપાડી લઇ તેને માટે મહેનત કરવામાં આવે તો કામ કરનારને તો બન્ને રીતે આનંદ છે; કામ સિદ્ધ થાય તો તેને મનમાં મોટો સંતોષ થાય છે અને કદાચ કોઇ કારણથી કાર્યસિદ્ધિ ન થઇ તોપણ તેણે બહાદુરીનું કામ તો હાથમાં લીધુંજ

કહેવાય, માટે હજુ પણ સર્વ પ્રકારનો પ્રયત્ન કરી સુંદર વચનોથી આ પ્રાણીને સમજાવીને તેને મારા ઉપર વિશ્વાસ પમાડી બોધ કરૂં અને સુંદર માર્ગ બતાવી તેનું સ્વરૂપ, ફળ અને આદેયતા સમજાવીને તેને માર્ગ પર લઇ આવું.' આ પ્રમાણે ગુરુ મહારાજ પોતાના મનમાં વિચાર કરે છે.

એક વિશેષ મહા પ્રયત્ન.

[1]કથાપ્રસંગમાં ત્યારપછી કહેવામાં આવ્યું હતું કે "આ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરીને ધર્મબોધકર મંત્રીશ્વરે ભિખારી નિષ્પુણ્યકને કહ્યું "અરે ભાઇ! તું એટલું પણ જોતો નથી કે આ તારે શરીરે હજારો વ્યાધિઓ છે તે સર્વ તારી પાસેના તુચ્છ ભોજનના સંબંધથી થયેલા છે? તારી પાસે જે ભોજન છે તેને વધારે ખાવામાં આવે તો તેથી તારા સર્વ વ્યાધિઓ એકદમ વધી જાય તેમ છે, તેથી સારી બુદ્ધિવાળા પ્રાણીઓએ તેનો એકદમ ત્યાગ કરી દેવો જોઇએ. તારા ભોજન ઉપર તને અત્યારે પ્રેમ આવે છે અને તેને તું સારું ગણે છે, પણ તેમાં તારી મોટી ભૂલ થાય છે; તને વસ્તુ અત્યારે ઉલટી સમજાય છે તેથી તું એમ માને છે; પરંતુ જ્યારે મારા ભોજનનો એ વાર બરાબર તત્ત્વથી તું સ્વાદ લઇશ ત્યારે તને અટકાવવામાં આવ તોપણ તારી પોતાની ઇચ્છાથી આ તારૂં કુભોજન તું તજી દઇશ અમૃત પ્રાપ્ત કરીને પછી તે કોણ એવો મૂર્ખ હોય કે જે એ પીવાની ઇચ્છા કરે? વળી હું તને પૂછું છું કે તેં મારા અંજન શક્તિ અને પાણીનો મહિમા શું હમણાંજ જોયાં નથી? છતાં ત મારાં વચન ઉપર પૂરતો વિશ્વાસ કેમ નથી આવતો? તું એમ ક છે કે 'તે ભોજન તેં બહુ મહેનતે મેળવ્યું છે તેથી તારાથી તે ત્યાગ કરી શકાય તેમ નથી' તેના સંબંધમાં તને ખુલાસો કરૂં છું ધ્યાન રાખીને સાંભળ. એ ભોજનને મેળવવામાં બહુ કલેશ થાય એ પોતે કલેશરૂપ છે અને એનાથી ભવિષ્યમાં પણ અનેક પ્રકાર કલેશ ઉત્પન્ન થાય છે, તેટલા માટેજ તેનો ત્યાગ કરવાનું કહેવા આવે છે. તેં ત્યારપછી એમ કહ્યું કે 'ભવિષ્યમાં તારો તેના ઉ નિર્વાહ છે તેથી તું તેનો ત્યાગ કરી શકતો નથી' તેનો ખુલાસો મનની ધુંચો છોડી દઇને સાંભળ. એ ભવિષ્યમાં અનેક દુઃખોનો ર્વાહ કરે તેવું ભોજન છે, તેથી કદાચ તું માને છે તેમ તેના ઉ તારો ભવિષ્યનો આધાર હોય તોપણ દુઃખમાં ડૂબેલો તું તેને સ

૧ જુઓ પૃષ્ઠ ૨૮, પંક્તિ ૩૨.

રાખી શકીશ? (રાખી શકીશ નહિ). વળી તેં કહ્યું કે 'આ મારૂં સુંદર ભોજન તને આપવામાં આવે છે તે કેવું છે તે તું જાણતો નથી' તે બાબતમાં હું તને ખુલાસો કરું છું તે બરાબર ધ્યાન રાખીને વિશ્વાસ લાવીને સાંભળ: તને કોઇ પણ જાતનો કલેશ ન થાય તેવી રીતે હમેશાં તારી જેટલી ઇચ્છા હશે તેટલું આ સુંદર ભોજન હું તને આપ્યા કરીશ, માટે તું જરા પણ મુંઝવણ રાખ્યા સિવાય આ પરમાન્નને ગ્રહણ કર. આ સુંદર ભોજન તારાં સર્વ દરદોને મૂળમાંથી દૂર કરી નાખે તેવું છે અને તે ઉપરાંત તે શરીરને અને મનને સંતોષ આપે છે, પુષ્ટ કરે છે, બળ વધારે છે, શરીરનો વર્ણ સુધારે છે અને વીર્યમાં વૃદ્ધિ કરે છે. એ ભોજન સારી રીતે ખાવાથી અનંત આનંદથી ભરપૂર થઇ અક્ષય સ્થિતિ પ્રાપ્ત કરી જેવી રીતે અમારા રાજા સુસ્થિત મહારાજ સુખમાં રમણ કરે છે તેવી રીતે તેના જેવો તું પણ થઇ જઇશ, તેટલા માટે હે ભદ્ર! તું આગ્રહ તજી દઇને તારૂં ભોજન જે અનેક રોગોનું કારણ છે તેને છોડી દે, તજી દે, મૂકી દે અને આ પરમ ઔષધ જેવું મહા આનંદનું કારણ સુંદર ભોજન લે, ગ્રહણ કર અને તેનો ઉપયોગ કર." " આવી રીતે રસવતીપતિએ ખરાબ ભોજનના દોષો તે નિષ્પુણ્યકને સમજાવ્યા, તે તજવા યોગ્ય છે એ વાત સ્પષ્ટ કરી બતાવી, કાળાંતરે એ ભોજન ઉપર તેનો નિર્વાહ થવાનો છે એવી તેની જે માન્યતા હતી તે ખોટી હતી એમ બતાવી આપ્યું, પોતાની પાસેના સુંદર ભોજનનાં વખાણ કર્યાં, તે આ પ્રાણીને દરરોજ મળ્યા કરશે એમ જણાવી દીધું અને અગાઉ તેને જળ અને અંજનથી કેવો ફાયદો કર્યો હતો તેનો દાખલો આપી છેવટે કુભોજન છોડી દેવાનો અને પોતાનું સુંદર ભોજન લેવાનો આગ્રહ કર્યો. વિશુદ્ધ ધર્મનો ઉપદેશ આપનાર ગુરુ મહારાજ પણ આ જીવના સંબંધમાં એવીજ રીતે કામ લે છે તે હવે આપણે જોઇએ.

ચારિત્ર રસના સ્વાદનું વર્ણન.

ગુરુ મહારાજ પણ ધન વિષય સ્ત્રી વિગેરે રાગનાં કારણ છે એમ નિવેદન કરે છે, કર્મ સંચય થવાનું કારણ છે એમ તેને સમજાવે છે, દુઃખે કરીને પાર પહોંચી શકાય તેવા અનંત સંસારનાં તે નિમિત્ત કારણ છે એમ સ્પષ્ટ કરે છે અને પછી તેને કહે છે "ભદ્ર! ધન "વિષય વિગેરે કલેશથી મેળવાય છે, એનો અનુભવ કરતી વખતે– "તેનો ભોગ ભોગવતી વખતે અનેક પ્રકારના કલેશ થાય છે અને "ભવિષ્યમાં તે અનેક કલેશો ઉત્પન્ન કરે છે–આ પ્રમાણે ધન વિષયથી "આગળ અને પાછળ સર્વ રીતે અનેક પ્રકારના કલેશ થતા હોવાથી તે

"ત્યાગ કરવા યોગ્ય છે. હે ભદ્ર ! મોહને લીધે તારૂં મન અત્યારે ફરી
"ગયેલું છે તેથી તે વિષયો બહુ સારા છે એવી તારી બુદ્ધિ થાય છે,
"પરંતુ જ્યારે તું એક વાર ચારિત્રનો રસ ચાખીશ ત્યારે તો અમારા
"કહ્યા વગરજ તું એ ધન વિષયની જરા પણ સ્પૃહા-ઇચ્છા કરીશ
"નહિ. कोऽहि सकर्णकोऽमृतं विहाय विषममिलषति મતલબ એવો કોણ
"બુદ્ધિમાન્ પ્રાણી હોય કે જે અમૃતનો ત્યાગ કરીને ઝેરની ઇચ્છા
"કરે ! અમે જે ચારિત્રપરિણામનો ઉપદેશ આપીએ છીએ તે તને
"કોઇ કોઇ વારજ પ્રાપ્ત થનાર હોવાથી તેના ઉપર તારો નિર્વાહ થઇ
"શકશે નહિ એમ તું ધારે છે અને ધન વિષય સ્ત્રી વિગેરે પ્રકૃતિ-
"ભાવમાં રહેનાર હોવાથી હમેશાં તારી પાસે રહેનારાં છે તેથી તેના
"વડે તારો નિર્વાહ થઇ શકશે એમ તું માને છે તે પણ બરાબર નથી,
"કારણ કે ધન સ્ત્રી વિષયો વિગેરે પણ ધર્મ રહિત પ્રાણીઓની પાસે
"સર્વદા રહેતાં નથી અને કદાચ રહે તોપણ બુદ્ધિમાન્ પુરુષ એને
"પોતાનો નિર્વાહ કરનાર તરીકે કદાપિ સ્વીકારે નહિ, કેમકે સર્વ
"પ્રકારના રોગોને વધારી દેનાર અપથ્ય ભોજન હોય તે કદાચ સર્વ
"કાળ પ્રાપ્ત થયાં કરે તોપણ તે નિર્વાહ કરનાર છે એમ કોઇ માને
"નહિ. આ ધન સ્ત્રી વિષયો વિગેરે જેના ઉપર તારી આટલી બધી
"પ્રીતિ છે તે સર્વ અનર્થપરંપરાનાં કારણ છે, માટે તે સુંદર છે કે
"તારો નિર્વાહ કરનારાં છે એવો વિચાર તેઓના સંબંધમાં લાવવો
"ઘટતો નથી. વળી તું એમ કહે છે કે તે ધન વિષયાદિ પ્રકૃતિભા-
"વમાં રહેનારાં છે તે પણ તારી માન્યતા તદ્દન ખોટી છે. આ પ્રાણી
"અનંત જ્ઞાન દર્શન વીર્ય આનંદરૂપ છે, તેથી જ્ઞાન દર્શન વિગેરે તેની
"સ્વાભાવિક પ્રકૃતિ છે અને આ ધન સ્ત્રી વિષય વિગેરે ઉપર જે રાગ
"થાય છે, તેના તરફ આકર્ષણ થાય છે અને તેમાં આ પ્રાણી બંધાઇ
"રહે છે તે તો માત્ર કર્મને લીધે થયેલા વિભ્રમ (વિભાવ)નું પરિ-
"ણામ છે એ પ્રમાણે તત્ત્વજ્ઞાનીઓ કહે છે. ચારિત્રનાં પરિણામ
"આ પ્રાણીને થાય છે તે કોઇ કોઇ વખત થનાર તરીકે (અલ્પ-
"કાલીન) માત્ર ત્યાંસુધીજ રહે છે કે જ્યાંસુધી
"આ પ્રાણી પોતાના વીર્ય (શક્તિ)ને ફોરવતો નથી,
"એક વખત વીર્યસ્ફુરણા આ પ્રાણીએ કરી એટલે
"ચારિત્રપરિણામ દીર્ઘ કાળ સુધી નિરંતર બન્યાં

વિષયો વિ૦ ચારિત્રભાવ.

"બન્યાં રહે છે અને તેજ આ પ્રાણીનો ખરેખરો નિર્વાહ કરનાર થાય
"છે. આટલા માટે ડાહ્યા માણસોએ તો એ ચારિત્રપરિણામને માટેજ
"પ્રયત્ન કરવો ઉચિત છે. એ ચારિત્રપરિણામના બળથીજ મહા

"પુરુષો અનેક પ્રકારના પરીષહ અને ઉપસર્ગો (અન્ય તરફથી અનુ-
"કૂળ પ્રતિકૂળ સંસાર તરફ ખેંચનારાં વિરૂદ્ધ વર્તનો) ઉત્પન્ન થાય
"તેને સહન કરે છે, ધનાદિનો તિરસ્કાર કરે છે, રાગ દ્વેષ વિગેરેને દળી
"નાખે છે, કર્મની જાળને ઉખેડી નાખે છે, સંસારસમુદ્રને તરી જાય
"છે અને અનંત કાળ સુધી સતત આનંદવાળા મોક્ષસ્થાનમાં નિવાસ
"કરે છે. વળી જે જ્ઞાન મેં તને આપ્યું તેને લીધે શું તારા અજ્ઞાનનો
"અંધકાર દૂર થઇ ગયો નથી? મેં જે દર્શન તને બતાવ્યું તેને લઇને
"તારા વિપર્યાસ (સાચા ખોટા વિચારો-મિથ્યાત્વ)રૂપ દૈત્યનો નાશ
"થઇ ગયો નથી? ત્યારે હવે તું શા માટે મારાં વચન ઉપર જરા
"પણ અવિશ્વાસ લાવે છે? તને લાભ તો સ્પષ્ટ રીતે બતાવી આપ્યો
"છે અને તે લાભ તને નિરંતર મળ્યા કરશે તે તને બરાબર સમ-
"જાવી પણ આપ્યું છે, માટે હે ભદ્ર! આ સંસારને વધારનાર ધન
"સ્ત્રી વિષય વિગેરેને છોડી દે અને મારી દયાએ (દીકરીએ) લાવેલું
"આ પરમાન્ન (ચારિત્ર) ગ્રહણ કર, એ પ્રમાણે કરવાથી તારા સર્વ
"દુઃખો નાશ પામી જશે, કપાઇ જશે, હમેશને માટે દૂર થઇ જશે
"અને તું શાશ્વત સ્થાનમાં જઇને નિવાસ કરી શકીશ."

શરત અને સ્વીકાર.

"ધર્મબોધકર મંત્રીએ આટલો લંબાણ ખુલાસો કર્યો તે સાંભળીને નિષ્પુણ્યકે જવાબ આપ્યો "ભટ્ટારક મહારાજ! મને મારા ભોજન ઉપર એટલો બધો સ્નેહ છે કે તેનો ત્યાગ કરવા માત્રથી તેના પ્રેમના ગાંડપણમાં હું મરી જઇશ એમ મને લાગે છે, માટે મહારાજ! આ ભોજન મારી પાસે રહેવા દઇને આપ મને આપનું ભોજન આપો."" આ પ્રમાણે મૂળ કથાપ્રકરણમાં કહેવામાં આવ્યું છે તે પ્રમાણે આ પ્રાણીને ગુરુ મહારાજ વારંવાર પ્રેરણા કરે છે ત્યારે ગળીઆ બળદની જેમ પગ પસારીને તે ગુરુને ઉત્તર આપે છે "મહારાજ! મારાં ધન વિષયાદિક છે તેને હું કોઇ રીતે છોડી શકું તેમ નથી, તેથી આ મારા ધન વિષયાદિક મારી પાસે રહે અને તમારૂં કોઇ પ્રકારનું ચારિત્ર મને અપાય તેવું હોય તો તે આપો."

ત્યારપછી આગળ કહેવામાં આવ્યું છે કે "તેનો આ પ્રમાણે અત્યંત આગ્રહ જોઇને ધર્મબોધકરે મનમાં વિચાર કર્યો કે આ બિચારાને સમજાવવાનો આપવાનો દાવ તો બીજો કાંઇ ઉપાય નથી. માટે તે તેનું ખરાબ ભોજન તેની પાસે ભલે રાખે અને આ આપાતું

ભોજન
ગ્રહણ

ભોજન તેને આપીએ, પછી જ્યારે તેને આ સુંદર ભોજનનો રસ લાગશે ત્યારે તે પોતાની મેળેજ પેલા ખરાબ ભોજનનો ત્યાગ કરી દેશે. આ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરીને ધર્મબોધકર મંત્રીશ્વરે તેને કહ્યું "ભાઇ! તારૂં ભોજન તારી પાસે રહેવા દઇને આ સુંદર ભોજન હાલ તું લે અને તેનું ભક્ષણ કર." દરિદ્રીએ જવાબ આપ્યો "ભલે, તેમ કરીશ." આવો તેનો જવાબ સાંભળીને ધર્મબોધકરે તદ્દયાને સંજ્ઞા કરી એટલે તેણીએ દરિદ્રીને ભોજન આપ્યું. તે ભોજન દરિદ્રીએ તુરત ગ્રહણ કર્યું અને ત્યાં બેઠા બેઠાજ તેનું ભક્ષણ કર્યું. આ ભોજન કરવાથી તેની ક્ષુધા શાંત થઇ ગઇ. તેના શરીર ઉપર અનેક વ્યાધિઓ થયા હતા તે લગભગ નાશ પામવા જેવા થઇ ગયા. અગાઉ આંખમાં અંજન આંજવાથી અને પાણી પીવાથી જે સુખ તેને થયું હતું તેના કરતાં હજારો ગણું સુખ આ સુંદર ભોજન કરવાથી તે નિષ્પુણ્યક દરિદ્રીને થયું. આ પ્રમાણે થવાથી તે દરિદ્રીને ધર્મબોધકર મંત્રી ઉપર ભક્તિ ઉત્પન્ન થઇ, તેના મનમાં જે શંકા હતી તે દૂર થઇ ગઇ અને તે હર્ષ પામીને બોલ્યો "હું ભાગ્યહીન છું, સર્વ પ્રાણી કરતાં ઘણો અધમ છું અને આપના ઉપર કોઇ પણ પ્રકારનો મેં ઉપકાર કર્યો નથી છતાં આપ મારા ઉપર આટલી બધી દયા દેખાડો છો તેથી તમારા સિવાય હે પ્રભો! મારો બીજો કોઇ નાથ નથી.""

સર્વવિરતિ વિ. દેશવિરતિ.

આ પ્રાણી ચારિત્ર ગ્રહણ કરે એટલે ગુરુ પાસેથી પરમા[ર્થ] ગ્રહણ કરે તેનો ક્રમ આવા પ્રકારનો હોય છે [તે] આપણે વિચારીએ:-જ્યારે આ જીવને બહુ પ્રક[ારે] ઉપદેશ આપવા છતાં તે બદ્ધઆગ્રહપણાને લી[ધે] ધન વિષયાદિનો ત્યાગ કરી શકતો નથી ત્યારે ધર્મા[-]ચાર્ય તેના સંબંધમાં વિચાર કરે છે કે આ પ્રા[ણી] હાલ તુરત **સર્વવિરતિ** ગ્રહણ કરી ધન વિષયાદિનો સર્વથા ત્યાગ ક[રી] દે એમ તો લાગતું નથી, માટે એને હાલ **દેશવિરતિ** (અમુક અં[શે] ત્યાગભાવ) આપીએ. એને (દેશવિરતિને) પાળવાથી તે પ્રાણી[માં] વિશેષ ગુણો ઉત્પન્ન થશે અને ત્યાગભાવની મહત્તા તે સમજ[શે] એટલે પછી પોતાની મેળેજ સર્વસંગનો ત્યાગ કરી દઇ તે સર્વવિર[તિ] અંગીકાર કરશે. આ પ્રમાણે લંબાણથી દીર્ઘ દષ્ટિપૂર્વક વિચાર કરી આ પ્રાણી મ્હાનું કાઢી છટકી ન જાય તેટલા સારૂ તેને દેશવિ[રતિ] ગુરુ મહારાજ આપે છે. (મહાવ્રતને સર્વવિરતિ કહેવામાં આવે [છે] જેમાં સર્વથા ત્યાગ કરવામાં આવે છે; જ્યારે અણુવ્રતને દેશવિરતિ ક[હે]વામાં આવે છે જેમાં થોડો થોડો ત્યાગભાવ સર્વ વ્રતોને અંગે હોય [છે.]

અહીં ઉપદેશ દેવાનો ક્રમ આ પ્રમાણે છેઃ-સર્વથી પહેલાં તો સર્વવિરતિનો ઉપદેશ આપવો, પરંતુ જ્યારે એમ માલૂમ પડે કે આ પ્રાણી સર્વવિરતિ ગ્રહણ કરવાથી પરાઙ્મુખ (વિમુખ) છે, તેને તે ગ્રહણ કરવાનું અને સર્વથા ત્યાગ કરવાનું મન થતું નથી ત્યારે તેને દેશવિરતિનો ઉપદેશ આપવો અને તે તેને આપવી. જો શરૂઆતમાં પહેલેથીજ દેશવિરતિનો ઉપદેશ આપવામાં આવે તો આ પ્રાણી તેમાંજ પ્રતિબંધ કરી દે અને તેમાં રક્ત થઇ જાય અને ગુરુ મહારાજ સૂક્ષ્મ (સ્થાવર) પ્રાણીઓના નાશના સંબંધમાં સંમતિ આપે છે તેવો તેને ખ્યાલ બેસી જાય. વળી આ પ્રાણીને જો જરા લાગ મળે તો તેને છટકી જવાની ટેવ હોય છે તેથી છટકી પણ જાય, માટે શરૂઆતમાં સર્વવિરતિનો બોધ આપવો અને તે લેવાને શક્તિમાન્ ન હોય તો પછી દેશવિરતિનો ઉપદેશ આપવો. આવી રીતે કરવાથી આ પ્રાણી દેશવિરતિ આદરે છે તે થોડું થોડું પરમાન્ન-સુંદર ભોજન ભક્ષણ કરે છે તેની બરાબર સમજવું. એ થોડા ભોજનનો ઉપયોગ કરવાથી આ પ્રાણીને વિષયભોગો ભોગવવા સંબંધી જે તીવ્ર ક્ષુધા રહેતી હતી તે જરા શાંત થાય છે, રાગ વિગેરે ભાવરોગો કાંઇક ઓછા થાય છે, જ્ઞાન દર્શનની પ્રાપ્તિથી જે સુખ થયું હતું તે કરતાં અત્યંત વધારે સ્વાભાવિક શાંતિરૂપ પ્રશમસુખ હવે તેને બહુ સારી રીતે ઉત્પન્ન થાય છે,[1] સારી ભાવનાના યોગથી મનમાં આનંદ આનંદ થઇ જાય છે, આવી સુંદર દેશવિરતિ બતાવનાર ગુરુ મહારાજ પોતાની ઉપર ઘણો મોટો ઉપકાર કરનાર છે એવી ભાવનાને લઇને તેના ઉપર તેને ભક્તિભાવ ઉત્પન્ન થાય છે અને તેથી આ પ્રાણી ગુરુ મહારાજને કહે છે "આપજ મારા ખરેખરા નાથ છો. હું દુષ્ટ ક્ષુદ્ર જેવો તદ્દન નાલાયક હોવા છતાં આપે પોતાના જોરથી મને લાયક બનાવીને ગુણોનું પાત્ર ભાજન કર્યો, તેથી આપનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે."

ઉપદેશ-નો ક્રમ.

ઔષધસેવનનો ઉપદેશ.

ત્યારપછી કથાપ્રસંગમાં [2]આગળ કહેવામાં આવ્યું તે હવે વિચારીએ. "તેને (ભિખારીને) આ પ્રમાણે બોલતો સાંભળીને ધર્મ-

---

૧ જ્ઞાન દર્શનથી થતાં સુખ કરતાં પણ ચારિત્રથી વધારે આત્મસુખ થાય છે, કારણ કે તેમાં આત્મરમણતા છે.

૨ જુઓ પૃષ્ઠ ૩૧.

બોધકર મંત્રીશ્વર બોલ્યા "જો એ પ્રમાણે છે તો હું જે કહું તે થોડી વાર અહીં બેસીને બરાબર સાંભળ અને સાંભળીને તે પ્રમાણે આચરણ કર." દરિદ્રી વિશ્વાસ લાવીને ત્યાં બેઠો એટલે તેના ઉપર હિત કરવાની ઇચ્છાથી તેના મનને આનંદ પમાડે તેવા સુંદર શબ્દોમાં ધર્મબોધકર બોલ્યા "તેં કહ્યું કે મારા સિવાય બીજો કોઇ નાથ નથી, પણ એવું તારૂં કથન યોગ્ય નથી, કેમકે આપણા રાજાના રાજા મહા ઉત્તમ ભૂપાળ શ્રીસુસ્થિત મહારાજ તારા સ્વામી છે. એ મહારાજ સ્થાવર અને જંગમ સર્વ પ્રાણી અને પદાર્થોના નાથ છે, ધણી છે, સરદાર છે; અને તેમાં પણ આ રાજભુવનમાં જે પ્રાણીઓ રહે છે તેના તો તેઓશ્રી ખાસ કરીને નાથ છે. જે ભાગ્યશાળી પ્રાણીઓ એ મહારાજાનું દાસપણું સ્વીકારે છે તેઓની સાથે આખું ભુવન થોડા કાળમાં દાસની જેમ વર્તે છે એટલે કે આ ભુવનના સર્વ લોક તેના દાસ થઇ જાય છે. જે પ્રાણીઓ અત્યંત પાપી હોય છે અને ભવિષ્યમાં પણ જેનો ઉદય થવાનો સંભવતો નથી તેઓ બાપડા આ મહારાજાનું નામ પણ જાણતા નથી. જે ભાવિભદ્ર મહાત્માઓ (ભવિષ્યમાં જેમનું કલ્યાણ થવાનું હોય છે તેવા ભાગ્યશાળી પ્રાણીઓ) આ રાજભુવનમાં દેખાય છે તેને પ્રથમ તો સ્વકર્મવિવર દ્વારપાળ અંદર પ્રવેશ કરાવે છે અને તેઓ કોઇ પણ પ્રકારની શંકા વગર આ રાજાને વસ્તુતઃ સ્વીકારે છે. અંદર દાખલ થનારમાં કોઇ મુગ્ધ (મોહને વશ પડેલા, સામાન્ય બુદ્ધિવાળા) હોય છે તેઓને અંદર પ્રવેશ કરાવ્યા પછી જ્યારે હું તેને બધી વાત કહું છું ત્યારે વિશેષ હકીકત તેઓ સમજે છે. આ પ્રમાણે હોવાથી તારા સદ્ભાગ્યને યોગે આ વિશાળ રાજમંદિરમાં જ્યારથી તારો પ્રવેશ થયો છે ત્યારથી આ સુસ્થિત મહારાજા તારા સ્વામી થયેલા છે. હવે તારે મારાં વચનથી શુદ્ધ આત્માવડે જ્યાંસુધી જીવ ત્યાંસુધી આ રાજાને તારા મહારાજા તરીકે–નાથ તરીકે સ્વીકારી લેવા. જેમ જેમ તું તેઓના ગુણોનો ઉપભોગ કરતો જઇશ તેમ તેમ તારા શરીરમાં જે અનેક વ્યાધિઓ થયેલા છે તે નરમ પડતા જશે. તને જે રોગો શરીરે થયેલા છે તેને ઘટાડવાનો અને તેનો છેવટે સર્વથા નાશ કરવાનો ઉપાય-સદરહુ ત્રણ ઔષધોનો વારંવાર ઉપયોગ કરવો એજ છે, તેથી હે ભાઇ! સર્વ પ્રકારના સંશયને છોડી દઇને આ રાજભુવનમાં નિરાંતે રહે અને દરેક વખતે વારંવાર અંજન, જળ અને અન્નનો ઉપયોગ કર. એવી રીતે એ ત્રણે ઔષધનો ઉપયોગ વારંવાર કરવાથી તારા સર્વ વ્યાધિઓ મૂળમાંથી નાશ પામી જશે અને તું એ મહારાજાની વિશેષ સેવા કરતો

કરતાં આખરે પોતે પણ નૃપોત્તમ (મહારાજા) થઇ જઇશ. આ તદ્દવાને હું ભલામણ કરૂં છું, તે તને દરરોજ ત્રણે ઔષધો આપતી રહેશે. હવે મારે તને વધારે તો શું કહેવું? પણ તને ફરી વાર પુનરાવર્તન કરીને કહું છું કે તારે ત્રણે ઔષધનો બરાબર ઉપયોગ નિરંતર કર્યા કરવો.”” આવી રીતે મૂળ કથાપ્રસંગમાં ધર્મબોધકર મંત્રીએ મધુર વચનથી પેલા ભિક્ષુકને બોલાવ્યો, તેનું મન હર્ષિત કર્યું, તેની પાસે મહારાજના ગુણોનું વર્ણન કર્યું, તે પોતે એ મહારાજાના સેવક છે એમ બતાવ્યું, તે મહારાજાનું દાસપણું સ્વીકારવાનો તેને આગ્રહ કર્યો, મહારાજાના વિશેષ ગુણો જાણવાનું તેના મનમાં કુતૂહળ ઉત્પન્ન કર્યું, એ જ્ઞાન ઉત્પન્ન કરવાનો હેતુ વ્યાધિઓ ઘટાડવાનો છે તે કહી સંભળાવ્યું, એ વ્યાધિઓ ઘટાડવાનું કારણ ત્રણે ઔષધો છે તે સમજાવી આપ્યું, એ ત્રણે ઔષધોનો વારંવાર ઉપયોગ કરવાની સૂચના કરી, તે ઔષધોનો વારંવાર ઉપયોગ કરવાથી મહારાજાની આરાધના થાય છે તે સ્પષ્ટ કર્યું અને એ મહારાજાની આરાધના કરનારાઓને મહારાજા જેવુંજ મોટું રાજ્ય મળે છે એમ પ્રતિપાદન કર્યું. આ પ્રાણીએ દેશવિરતિ આદરેલી હોય છે તે અવસ્થામાં ગુરુ મહારાજ તેને તેમાં વિશેષ સ્થિરતા પમાડવા માટે અને તેની પ્રગતિ કરાવવા માટે એજ પ્રમાણે આચરણ કરે છે તે આવી રીતેઃ—

આરાધના અને મહારાજ્યપ્રાપ્તિ.

આ પ્રાણીને ગુરુ મહારાજ કહે છે, “ભાઇ! તેં કહ્યું કે ‘તમેજ મારા નાથ છો’ તે બોલવું તારા જેવાને માટે તો ઉચિત છે (કારણ કે તું ઉપકારના બદલામાં એમ બોલતો હોઇશ), પણ સાધારણ રીતે એ પ્રમાણે બોલવું ન જોઇએ; કારણ કે મારા અને તારા પરમ નાથ તો સર્વજ્ઞ ભગવાન છે. ત્રણ ભુવનમાં રહેલા સર્વ સ્થાવર (સ્થિર) અને ત્રસ (ચર) જંતુઓનું પ્રતિપાલન કરનાર હોવાથી સર્વના નાથ થવાને તે સર્વજ્ઞ મહારાજાજ યોગ્ય છે. વળી [illegible] સર્વજ્ઞ મહારાજના [illegible] [illegible] વર્તતા હોય [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

૧ [illegible]

નામ પણ જાણતા નથી. ભવિષ્યમાં જેઓનું કલ્યાણ થવાનું હોય છે તેવા ભાવિભદ્ર પ્રાણીઓજ તેઓનાં કર્મો વિવર આપે તે માર્ગે આ દર્શનને પ્રાપ્ત કરે છે એટલે આ દર્શનાલયમાં સ્વકર્મવિવર દ્વારપાળ તેને પ્રવેશ કરાવે છે. તું આ સીડી પર ચઢ્યો છે અને તને સ્વકર્મવિવરે અહીં દાખલ કરાવ્યો છે, તેથી તેં ભાવથી આ ભગવાનને આદર્યા છે એમ ધારી શકાય છે. એ ભગવાનને મેળવવાનાં અને મેળવ્યા પછી આગળ વધવાનાં અનેક સ્થાનો છે જેના ભેદો તરતમતાને અંગે પડે છે. તને વધારે સારૂં સ્થાન પ્રાપ્ત થાય અને તું પોતે આગળ પ્રગતિ કરે તેને માટે અમારો આ સર્વ પ્રયત્ન છે. હકીકત એમ છે કે પ્રાણીઓ સામાન્ય રીતે એ ભગવાનને કદાચ ઓળખતા હોય છે તો પણ સદ્‌ગુરૂ દ્વારા સંપ્રદાયના જ્ઞાન વગર તેને વિશેષ પ્રકારે જાણી શકતા નથી.” આવી રીતે ગુરુ મહારાજ આ જીવ પાસે ભગવાનના ગુણોનું વર્ણન કરે છે, પોતે પણ એ ભગવાનના સેવક છે એમ બતાવે છે, ભગવાનને વિશેષે કરીને નાથ તરીકે સ્વીકારવાનું તેને સમજાવે છે, ભગવાનમાં વિશેષ ગુણો કયા છે તે બતાવીને તે સંબંધી વધારે જ્ઞાન મેળવવા માટે આ પ્રાણીમાં કૌતુક ઉત્પન્ન કરે છે, ભગવાનના ગુણો જાણવાનો ઉપાય રાગ દ્વેષાદિ ભાવરોગોને ઓછા કરવા તે છે એમ તેને જણાવે છે, એ રાગાદિ ભાવરોગોને ઓછા કરવાનો ઉપાય જ્ઞાન, દર્શન અને ચારિત્રની ત્રિપુટીરૂપ ત્રણ ઔષધો છે એમ બતાવે છે, વારંવાર બની શકે તેટલું એ ત્રણે ઔષધોનું સેવન કરવું બહુ જરૂરનું છે એમ તેને ઉપદેશ આપે છે, એ ઔષધનું સેવન કરવું (ઉપયોગ કરવો) એ ભગવાનની આરાધના છે એમ નિવેદન કરે છે અને એવી રીતે ભગવાનની આરાધના કરવાથી મહારાજ્યપ્રાપ્તિ જેવી મોક્ષની પ્રાપ્તિ થાય છે એમ પ્રતિપાદન કરે છે.

વિશેષ સ્થિરતા અને પ્રગતિ.

જે ગુણો પ્રાણીએ આદરેલા-સ્વીકારેલા છે તેમાં વિશેષ સ્થિરતા પ્રાપ્ત કરાવવા માટે સૂરિ મહારાજ આ પ્રમાણે હિત કરવાના હેતુથી પ્રાણીને કહે છે, પરંતુ જેવી રીતે પેલો દરિદ્રી રસોઇઆનું વચન સાંભળીને બોલી ઉઠે

મારાં ધન સ્ત્રી વિષયો વિગેરે છે તેનો ત્યાગ કરાવવાનો હોવો જોઇએ, પણ હું કોઇ પણ રીતે તેનો ત્યાગ કરી શકું તેમ નથી, માટે હવે તો તેમને જેવી છે તેવી મારા મનની ચોખી વાત કરી દઉં કે 'સાહેબ! તમે નકામા તમારૂં ગળું ખેંચી રહ્યા છો." આ પ્રમાણે વિચાર કરીને પોતાના મનમાં જે વિચારો ચાલતા હતા તે ગુરુ મહારાજને આ પ્રાણી કહી બતાવે છે.

ઉપદેશકની ગંભીરતા.

"[1]દરિદ્રીનો આવો જવાબ સાંભળીને ધર્મબોધકર મંત્રીશ્વરને વિચાર થવા લાગ્યો કે આને તો ત્રણે ઔષધોનો વારંવાર ઉપયોગ કરવાની વાત કહેવામાં આવી તેના જવાબમાં આ શું બોલવા મંડી ગયો છે? પણ અરે! હવે સમજાય છે કે અત્યારે તેના મનમાં એવાજ વિચાર આવે છે કે હું હાલ તેની સાથે જે વાત કરૂં છું તેમાં મારો ઉદ્દેશ ગમે તેમ કરીને તેની પાસેથી તેના ખરાબ ભોજનનો ત્યાગ કરાવવાનો છે. આ વિચાર તે તુચ્છપણાને લીધે કરે છે. ક્લિષ્ટ ચિત્તવાળા પ્રાણીઓ આખા જગતને દુષ્ટ માને છે અને શુદ્ધ વિચારવાળા પ્રાણીઓ આખા જગતને પવિત્ર માને છે. આવી રીતે પોતાના પ્રયત્નનો ખોટો અર્થ દરિદ્રીને કરતો જોઇને ધર્મબોધકર જરા હસ્યા અને તેને કહ્યું "ભાઇ! તું જરા પણ ગભરાઇશ નહિ. હું તારી પાસેથી તારૂં અન્ન હાલ છોડાવવા માંગતો પણ નથી, તારે ગભરાયા વગર તારા ભોજનનો ઉપયોગ કરવો. હું તને પહેલાં તે ખરાબ ભોજન તજી દેવાનું વારંવાર કહેતો હતો તે માત્ર તારૂં ભલું કરવાની ઇચ્છાથીજ કરતો હતો, પણ હવે જ્યારે તને તે વાત પસંદ આવતી નથી ત્યારે તો હાલ હું એ બાબતમાં તદ્દન ચુપ રહીશ, પણ વારૂ, તારે શું કરવા યોગ્ય છે તે સંબંધી મેં અગાઉ ઉપદેશ આપ્યો હતો તેમાંથી કાંઇ તેં તારા હૃદયમાં ધારણ કર્યું છે કે નહિ?"" ગુરુ મહારાજ પણ જ્યારે જાણે છે કે પોતે આ પ્રાણીને જ્ઞાન દર્શન ચારિત્ર અંગીકાર કરવાનો ઉપદેશ આપે છે તેને આ પ્રાણી પોતાના વિચારમાં આકુળ રહી ધનાદિ ત્યાગના અર્થમાં સમજી જાય છે ત્યારે તેને ગભરાઇ ન જવાનું કહી ગુરુ પૂછે છે કે અગાઉ તારી પાસે મહારાજના ગુણોનું મેં વર્ણન કર્યું હતું તે તેને યાદ છે કે નહિ? આ સર્વે હકીકત સમજાઇ જાય તેવી છે, બુદ્ધિમાન વાંચનારે તેની યોજના જીવ અને ગુરુના સંબંધમાં યોગ્ય રીતે કરી લેવી.

[1] જુઓ કથાપ્રસંગ પૃષ્ઠ ૬૨

ભિખારીની કબુલાતો (Confessions).

ગુરુ મહારાજનો આવો પ્રશ્ન સાંભળી પેલા દરિદ્રીએ લંબાણથી જવાબ આપ્યો હતો તે આપણે[1] કથાપ્રસંગમાં વાંચી ગયા છીએ. ત્યાં તેણે જવાબમાં જણાવ્યું તેની મતલબ એ હતી કે "હે નાથ! આપે જે કહ્યું તેમાંનું કાંઇ પણ મેં ધારણ કર્યું નથી, પણ સજ્જનની વાણી સમજાણી ન હોય તોપણ તેના કોમળપણાથી આનંદ થાય તેવા પ્રકારનો આનંદ આપને બોલતાં સાંભળીને મને થયો હતો." ત્યારપછી જૂદી જૂદી વાત ધર્મબોધકરે કરી ત્યારે પોતાનું મન ક્યાં રખડતું હતું તેની સર્વ હકીકત દરિદ્રીએ કહી સંભળાવી. છેવટે જ્યારે ગુરુ મહારાજે તેને ખાત્રી આપી કે તેની પાસેનું ભોજન તેઓ ત્યાગ કરાવવા માગતા નથી ત્યારે તેના મનમાં ભય અને આકુળતા હતાં તે દૂર થઇ ગયાં અને પોતાની સર્વ વાત ફરી વાર કહી સંભળાવી છેવટે દરિદ્રીએ ધર્મબોધકરને કહ્યું "મહારાજ! આ પ્રમાણે મારી સ્થિતિ છે અને આવી મારી હકીકત છે! મારૂં ચિત્ત આવું અસ્થિર છે અને હું પાપી છું તેથી મારે શું કરવું જોઇએ તે આપ સાહેબ હવે મને જણાવો કે જેથી આપની કહેલી હકીકત હું મારા મનમાં ધારણ કરૂં." આ પ્રમાણે સર્વ હકીકત આ જીવના સંબંધમાં બને છે તે હવે આપણે જોઇએ.

ઉપદેશકનો સીધો પ્રશ્ન.

અહીં ગુરુ મહારાજ પણ આ પ્રાણીના મનનો અભિપ્રાય જાણીને તેને કહે છે "હે ભાઇ! તું સર્વ વસ્તુનો ત્યાગ કરવાને શક્તિવાન્ નથી તો અમે તારી પાસે સર્વ સંગનો ત્યાગ હાલ કરાવવા પણ માગતા નથી; હાલ તો તને સ્થિર કરવા માટે તારી પાસે ભગવાનના ગુણો અમે અનેક પ્રકારે કહી સંભળાવ્યા છે અને તેં સમ્યગ્દર્શન જ્ઞાન ચારિત્ર થોડું થોડું આદરેલું છે તેને વારંવાર-વધારે વખત સુધી આદરવા માટે ઉપદેશ આપીએ છીએ. એવી રીતે અને એ માટે તને હકીકત કહી સંભળાવી તે તારી ધારણામાં બરાબર આવી છે કે નહિ?"

બમતાનો નમુનો.

ગુરુ મહારાજ આવો સીધો પ્રશ્ન પૃછે છે તેનો આ પ્રાણી જવાબ આપે છે: "આપ સાહેબે ઘણી વાર કહ્યું પણ તેમાંની કોઇ પણ બાબત મારી ધારણામાં બરાબર આવી નથી. આપ સાહેબ જ્યારે જ્યારે એવી વાતો કરો છો ત્યારે ત્યારે આપના અતિ પ્રિય શબ્દોથી મારા

---

1 જુઓ અગાઉ પૃષ્ઠ ૩૩ પંક્તિ ૩ થી શરૂ થતા પારિગ્રાફમાં આવેલો દરિદ્રીનો જવાબ. લંબાણ ન થાય તે માટે તેનો ભાવાર્થ અહીં દાખલ કર્યો છે.

મનમાં આનંદ પામું છું અને વિચારું છું કે ભગવાનની (ગુરુની) કહેવાની ઢબ બહુ સારી છે[૧]! આપ તેથી જ્યારે કાંઇ બોલતા હો છો ત્યારે મારું હૃદય જો કે તદ્દન શૂન્ય હોય તોપણ આંખો વિકસ્વર કરીને જાણે અત્યંત બુદ્ધિમાન્ હોઉં અને આપ બોલતા હો છો તે સર્વે સમજીને હૃદયમાં ઉતારતો હોઉં એવો ઉપર ઉપરનો ડોળ કરીને સાંભળું છું, પરંતુ સાહેબ! મારા જેવા પ્રાણીમાં તત્ત્વજ્ઞાન સ્થિરતા તો કેવી રીતે પામી શકે? અને તેનું જાણપણું કેવી રીતે થાય? કારણ કે આપ સાહેબ જ્યારે તત્ત્વના ગૂઢ પ્રદેશોના સંબંધમાં અસાધારણ પ્રયાસ લઇ વ્યાખ્યાન કરતા હો છો ત્યારે જાણે હું ઉંઘતો હોઉં, પીધેલ હોઉં, ઉન્મત્ત (ગાંડો) હોઉં, મન વગરનો હોઉં, શોકથી લેવાઇ ગયેલો હોઉં અથવા તો જાણે મૂર્છા પામેલ હોઉં તેની પેઠે હું કાંઇ પણ ધ્યાન આપતો નથી, આપનું બોલેલું મારા હૃદયમાં ઉતારતો નથી અને તે પર કદિ જરા લક્ષ્ય પણ આપતો નથી. મારા મનની આવી ખરાબ સ્થિતિ થયેલી છે તેનું કારણ પણ આપની સમક્ષ હું ખુલ્લા દિલથી કહી બતાવું છું તે આપ સાંભળો.” આવી રીતે પશ્ચાત્તાપપૂર્વક સર્વે બાબતની કબૂલાત કરતો આ પ્રાણી ગુરુ મહારાજ પાસે પોતાના ખરાબ વર્તનની નિંદા કરે છે, પોતાનાં ખરાબ ભાવો માટે ખેદ કરે છે, અગાઉ પોતાને ગુરુ મહારાજ સંબંધી, પોતા સંબંધી, સંબંધીઓ સંબંધી અને વસ્તુઓ સંબંધી કેવા કેવા ખોટા કુવિકલ્પો થતા હતા તે કહી સંભળાવે છે અને પ્રથમથી શરૂ કરીને અત્યાર સુધીનું પોતાનું સંપૂર્ણ ચરિત્ર ગુરુ મહારાજ સમક્ષ નિવેદન કરે છે. ત્યારપછી તે જણાવે છે કે “આપ સાહેબ મારું એકાંત હિત કરવાની ઇચ્છા રાખો છો એ વાત હું જાણું છું. મને એટલી પણ ખબર છે કે આપ વિષયાદિકની નિંદા તેટલાજ માટે કરો છો, એજ હેતુથી વસ્તુસંગનો ત્યાગ કરવાનો ઉપદેશ આપો છો, એવી રીતે ત્યાગ કરનારના મનમાં કેવું શાંતિસામ્રાજ્ય પથરાય છે તેનું આપ વર્ણન કરો છો અને એવા સુંદર જીવનના પરિણામે પ્રાપ્ત થતું પરમ પદ (મોક્ષ) છે તેનાં આપ મારા હિત સારૂ વખાણ કરો છો,

૧ વ્યાખ્યાન કરનાર ગુરુના સંબંધમાં આવીજ ટીકા અને વાતો કરતાં આપણે લોકોને અનુભવીએ છીએ. મુદ્દા કરતાં મહારાજની કહેવાની ઢબ પરજ વિવેચન વધારે થાય છે. સારભૂતને અંગે શ્રોતાનો મોટો વર્ગ તો શાહુકારી રાખે છે. ગુરુ પાસેથી કાંઇ પણ લઇ જતો નથી. આસક્તિનું અને પરભાવરમણતાનું આ પરિણામ છે, જરા અવલોકન કરવાથી માલુમ થાય તેવું છે અને પરિણામે શોચનીય દશામાં લઇ જનારું છે.

છતાં જેવી રીતે કોઇ માણસે રીંગણાં અને ભેંસનું દહીં વધારે ખાધાં હોય તો તે જેમ ઉંઘ (નિદ્રા)નું નિવારણ કરી શકતો નથી[1] અથવા તો જેમ કોઇએ મંત્રથી પવિત્ર નહિ કરેલું આકરૂં ઝેર[2] પીધું હોય તે પોતાની અવ્યવસ્થિત સ્થિતિનો-વિહ્વળતાનો ત્યાગ કરી શકતો નથી તેવી રીતે કર્મની પરતંત્રતાને લીધે ધન વિષય ઉપર અનાદિ કાળથી થતી મૂર્છાને (અજ્ઞાનજન્ય પ્રીતિરાગને) કોઇ પણ પ્રકારે રોકવાને હું શક્તિવાન્ થતો નથી. ઘણા વખતના અભ્યાસથી એ વસ્તુ ઉપરની મૂર્છાનું બહુજ જોર મારા પર ચાલ્યા કરે છે અને તેનાથી વિહ્વળ થયેલો હોવાથી જેમ કોઇ બહુ ઉંઘમાં પડી ગયેલા માણસને કોઇ રાડો પાડી પાડીને જગાડે તેના શબ્દો આકરાં બાણ જેવાં લાગે તેમ આપની ધર્મદેશના મને ઉદ્વેગ કરાવતી હતી. આપ જે હકીકત બોલતા હતા તે હું સાંભળતો હતો અને તેમાં રહેલી મધુરતા, ગંભીરતા, ઉદારતા અને પરિણામસુંદરતા વિચારતાં વચ્ચે વચ્ચે કોઇ કોઇ વાર મને આનંદ પણ થતો હતો. પછી 'તું અશક્ત છે તેથી અમે સર્વ વસ્તુઓનો ત્યાગ કરાવવા પ્રયત્ન કરતા નથી' એ પ્રમાણે જ્યારે આપ સાહેબે જણાવી દીધું ત્યારે મારા મનમાં જે ઊંડી બીક પેસી ગઇ હતી તે દૂર થઇ અને તેથીજ આટલી વાત ખુલ્લા મનથી આપની સમક્ષ હું કહી શક્યો છું. નહિતર તો જ્યારે જ્યારે આપ સાહેબ દેશના (ઉપદેશ) દેવા પ્રવૃત્ત થતા ત્યારે ત્યારે મારા મનમાં એવાજ સંકલ્પ વિકલ્પ થયા કરતા કે-આ સાહેબ પોતે પૈસા કે વિષયની કોઇ પણ પ્રકારની સ્પૃહા (ઇચ્છા) કરનાર ન હોવાથી મારી પાસેથી પણ બધું છોડાવવા યત્ન કરે છે અને એ ધન વિષય વિગેરેનો ત્યાગ કરવાને હું શક્તિવાન્ નથી, મારાથી તેનો કોઇ પણ પ્રકારે ત્યાગ થઇ શકે તેમ નથી, તેથી એઓ મારે માટે જે પ્રયાસ કરે છે તે સર્વથા નકામો છે-આ પ્રમાણે વિચાર મારા મનમાં ચાલતા હોવાથી બીકને લીધે મારા મનના વિચારો આપની સમક્ષ કહી પણ શકતો નહોતો. મારામાં આટલી તાકાત છે એ આપને મેં નિવેદન કર્યું, હવે મારે શું કરવું યોગ્ય છે તે આપ કૃપા કરીને ફરમાવો."

---

૧ માદક પદાર્થો વધારે ખાવાથી ઉંઘ બહુ આવે છે તે દરરોજના અનુભવનો વિષય છે. દૂધપાક કે કેરીનો રસ ખાધા પછી બપોરે ઝોકાં આવવા સંભવિત છે તેવી રીતે દહીં અને રીંગણાંથી પણ ઉંઘ બહુ આવે છે એમ તેના ખાનારા કહે છે.

૨ મંત્રથી પવિત્ર કરેલું-મંત્રિત ઝેર વિહ્વળતા કરતું નથી, મંત્રથી પવિત્ર નહિ કરેલું-સાધારણ ઝેર તેના પ્રમાણમાં વિહ્વળતા જરૂર કરે છે.

ઔષધના અધિકારીનું લક્ષણ.

મૂળ કથાપ્રસંગમાં [1]ત્યારપછી કહેવામાં આવ્યું તે આ પ્રમાણે છે. "નિષ્પુણ્યકની આ સર્વ હકીકત સાંભળીને દયાના સમુદ્ર ધર્મબોધકરે પ્રથમ જે વાત ટુંકામાં સમજાવી હતી તે પાછી ફરી વાર અતિ વિસ્તારથી સમજાવી. ત્યારપછી પોતાનાં વિમળાલોક અંજન, તત્ત્વપ્રીતિકર પાણી અને મહાકલ્યાણક અન્નની અને ખાસ કરીને સુસ્થિત મહારાજ સંબંધી અને તેના અનેક ગુણો સંબંધી હકીકતથી તેને અજાણ્યો જાણીને તેને આ પ્રમાણે કહ્યું "હે ભાઇ! મને મહારાજા સાહેબે અગાઉ હુકમ કર્યો છે કે તેનાં ત્રણે ઔષધો મારે યોગ્ય માણસોનેજ આપવાં. જો એ ત્રણે ઔષધો કોઇ અયોગ્યને આપવામાં આવશે તો તે ઉપકાર નહિ કરે એટલુંજ નહિ, પણ ઉલટાં અનેક પ્રકારના અનર્થોને ઉત્પન્ન કરશે. અમારા મહારાજાનો આવો આદેશ સાંભળીને અમુક પ્રાણી પાત્ર છે કે નહિ તેને કેવી રીતે ઓળખવો એવી મુશ્કેલીનો મેં સવાલ પૂછ્યો હતો તેના જવાબમાં મહારાજાધિરાજે આ ઔષધને યોગ્ય પ્રાણીનાં લક્ષણો બતાવ્યાં હતાં તે આ પ્રમાણેઃ— 'જે રોગી પ્રાણીઓ આ ઔષધ લેવાને હજું સુધી યોગ્ય થયા નથી તેને કર્મવિવર દ્વારપાળ આ રાજમંદિરમાં દાખલજ કરતો નથી. મેં સ્વકર્મવિવર દ્વારપાળને હુકમ આપી રાખ્યો છે કે તેણે જે આ ત્રણે ઔષધોને યોગ્ય હોય તેવા પ્રાણીનેજ રાજભુવનમાં દાખલ કરવા અને જેઓ એ ઔષધને યોગ્ય ન હોય તેને દાખલજ કરવા નહિ. તેમ છતાં કોઇ પ્રાણી આ મંદિરમાં દાખલ થઇ ગયા હોય પણ જે મારો મહેલ જોઇ આનંદ પામે નહિ તેઓના ઉપર મારી દૃષ્ટિ મોટે ભાગે પડતી નથી, તેથી એવા પ્રાણીઓને બીજા કોઇ દ્વારપાળે ગમે તેમ કરીને અંદર દાખલ કરેલા છે એમ તારે તેઓનાં ચિહ્ન ઉપરથી સમજી લઇને તેઓનો સંભાળથી ત્યાગ કરવો. જેઓ મારૂં મંદિર જોઇને પોતાના મનમાં આનંદ પામે છે–હર્ષમાં આવી જાય છે અને જેઓના આત્મા વિકસ્વર થાય છે તેવા રોગીઓનું ભવિષ્યમાં સારૂં થવાનું હોવાથી તેવાઓ ઉપર હું ખાસ કૃપાદૃષ્ટિ કરૂં છું. સ્વકર્મવિવરે જેને મંદિરમાં પ્રવેશ કરાવ્યો હોય અને જેના ઉપર મારી કૃપાદૃષ્ટિ પડતી હોય તે પ્રાણીઓ આ ત્રણે ઔષધને યોગ્ય છે એમ તારે સમજવું. આ ત્રણે ઔષધો તે પ્રાણીઓની કસોટી કરનારાં છે. એ ઔષધ પ્રાણીઓને આપવાથી તેનો તે પ્રાણી ઉપર કેવો ગુણ થાય છે તે જા-

---

[1] આ આખી હકીકત અહીં અગાઉ પૃ. ૩૪ થી દાખલ કરી છે, તે ખાસ વિચારવા યોગ્ય છે. મૂળ ગ્રંથમાં તેનો સારજ આપ્યો છે.

ણવા ઉપરથી તે આ મંદિરમાં રાખવા યોગ્ય છે કે નહિ તેની ખબર પડી આવે છે. આ ઔષધ ઉપર જે પ્રાણીઓનાં મનમાં પ્રેમ થાય અને તેનો ઉપયોગ કરવાથી ગુણ કરનાર થાય અને તેમ કરવામાં પ્રયાસ કરવો ન પડે તે પ્રાણીઓને સુસાધ્ય વિભાગના જીવો તારે સમજવા. જેઓ શરૂઆતમાં ઔષધોને ગ્રહણ કરે નહિ, પરંતુ જેઓને પ્રયાસ કરીને ઔષધો વાપરવા માટે સમજાવવામાં આવે અને જેઓ વખતના વહેવા સાથે ધીમે ધીમે ઔષધો વાપરે તે કૃચ્છ્રસાધ્ય વિભાગના પ્રાણીઓ છે એમ તારે સમજવું. જેઓને આ ઔષધ ઉપર જરા પણ પ્રેમ ન થાય, જેઓને ઔષધ આપવાની ગોઠવણ કરવામાં આવે તે પડી ભાંગે અને જેઓ ઔષધ આપનાર ઉપર ઉલટા દ્વેષ કરે તેને અસાધ્ય વિભાગના પ્રાણીઓ સમજવા'–આ પ્રમાણે અમારા મહારાજાધિરાજ સુસ્થિતરાજે મને સંપ્રદાયથી કહી રાખ્યું છે તે ઉપરથી તું વખત કૃચ્છ્રસાધ્ય વર્ગનો પ્રાણી છો એમ તારાં લક્ષણ ઉપરથી જણાય છે. બીજી પણ તને એક વાત કહું તે સાંભળ: મારી આ ઔષધ કરવાની ક્રિયા જે અનંત શક્તિથી ભરપૂર છે અને જે સર્વ વ્યાધિઓનો નાશ કરે તેવી છે તે જે પ્રાણીઓ અમારા મહારાજાને પોતાની આખી જીંદગી સુધી ખાસ કરીને ભાવથી રાજા તરીકે સ્વીકારે છે અને તે સંબંધમાં પોતાના મનમાં કોઇ પણ પ્રકારની શંકા રાખતા નથી તેને જ ગુણ કરે છે, ફાયદો કરે છે, લાભ કરે છે; તેથી તું અમારા મહારાજાને તારા નાથ તરીકે સ્વીકાર, કારણ કે મહાત્મા પુરુષો ભાવપૂર્વક ભક્તિથીજ પોતાના થાય છે. અનેક રોગી પ્રાણીઓ અગાઉ મહારાજાને નાથ તરીકે ભક્તિપૂર્વક સ્વીકાર કરીને આનંદ પામ્યા, રોગ રહિત થઇ ગયા અને પોતાનું કામ સાધી ગયા તેના દાખલાઓ મોજુદ છે. તારા રોગો ઘણા આકરા છે, તારૂં મન તુચ્છ ભોજન ઉપર હજુ લાગેલું છે. તેથી મને એમ લાગે છે કે તારા સંબંધમાં અસાધારણ પ્રયત્ન કર્યા સિવાય તારા વ્યાધિઓ નાશ પામી જશે નહિ, તેટલા માટે હું આટલું! સાવધાન થઇ, યત્ન કરી તારૂં મન સ્થિર કરી આ વિશાળ રાજભુવનમાં સુખેથી રહે અને આ મારી દીકરી તને વારંવાર ત્રણે ઔષધો આપ્યા કરશે તેને લઇને તારા આત્માનું આરોગ્ય કર." " આ ઉપરની હકીકતની આ ઉપનય સંબંધમાં યોજના નીચે પ્રમાણે કરવી.

ઉપર નિર્દેશેલી હકીકત જણાવી તે પ્રમાણે જ્યારે આ પ્રાણી ગુરુ મહારાજ સમક્ષ પોતાનો સર્વ વૃત્તાંત કહી દે છે [illegible] અને આચાર્યશ્રી તેમની પાસેથી રીતે હવે શું કરવું [illegible] તે સંબંધમાં સલાહ માગે છે ત્યારે ગુરુ મહારાજ તેના ઉપર અનુગ્રહ (દયા) લાવીને આગળ રીતે [illegible]

હકીકત કહી ગયા હતા અને મોહને લીધે જે સર્વ હકીકત આ પ્રાણીએ ધ્યાનમાં રાખી નહોતી તે સર્વ વાત ફરી વાર તેને ફરી સંભળાવે છે. ત્યારપછી ધર્મ સંબંધી બાબતમાં તેને એવો પક્કો બનાવવો કે જેથી ભવિષ્યમાં પણ તે આચારભ્રષ્ટ થઇ ન જાય, તેટલા માટે તેની પાસે ગુરુ ધર્મની સામગ્રી મેળવવી કેટલી મુશ્કેલ છે તેનું દિગદર્શન કરાવે છે, રાગ વિગેરે અંદરના ખરેખરા ભાવરોગો કેવા પ્રબળ છે તે પર વ્યાખ્યાન આપે છે અને આવી બાબતમાં પોતે પણ સ્વતંત્ર નથી, આજ્ઞાનુસાર કામ કરનારા છે એ હકીકત રજુ કરે છે. આ સર્વ બાબતનું પ્રતિપાદન કરતાં ગુરુ મહારાજ આ પ્રાણીને કહે છે "હે "ભદ્ર! તને જેવી સામગ્રી હાલ મળી આવેલી છે તેવી નશીબ વગરના "(અધન્ય) પ્રાણીઓને કદિ પણ મળતી નથી; વળી અમે અપાત્ર પ્રા- "ણીઓના સંબંધમાં પ્રયાસ પણ બનતાં સુધી કરતા નથી; કારણ કે "અમને સુસ્થિત મહારાજે આજ્ઞા કરી છે કે એમનાં જ્ઞાન દર્શન ચારિત્ર "યોગ્ય પ્રાણીઓનેજ આપવાં અને અયોગ્ય પ્રાણીઓને આપવાં નહિ. "અયોગ્ય પ્રાણીને આપવાથી તે (જ્ઞાનાદિ) સ્વાર્થ સાધન કરી આપતા "નથી એટલું જ નહિ, પણ ઉલટું વિપરીતપણું કરી અનેક ઉપાધિઓ "અને દુઃખો ઉત્પન્ન કરે છે અને વધારી મૂકે છે.

धर्मानुष्ठानवैतथ्यात्प्रत्यपायो महान् भवेत् ।
रौद्रदुःखौघजनको, दुःप्रयुक्तादिवौषधात् ॥

"'મતલબ એ છે કે જેમ ઔષધને યોગ્ય રીતે આપ્યું ન હોય "તો લાભ થવાને બદલે તેનાથી હેરાનગતિ થાય છે તેવી રીતે ધર્માનુ- "ષ્ઠાનનું વિતથપણે આચરણ કરવાથી-અયોગ્યને ઉપદેશવાથી તે "ભયંકર દુઃખોને ઉત્પન્ન કરનાર થઇ પડે છે.'

ગુરુપરંપરા અધિકારી વર્ણન.

"હે ભાઇ! ભગવાનની કૃપાથી આ જીવ યોગ્ય છે કે યોગ્ય નથી તે "જાણવું અમને ગુરુપરંપરાથી બની આવ્યું છે અને "તેથી ભગવાનના એ સબંધમાં હુકમ શું છે તે અમે "જાણીએ છીએ. આ જ્ઞાન દર્શન ચારિત્ર એવી વસ્તુ "છે કે એ અમુક જીવ સાધ્ય છે કે અસાધ્ય છે, યોગ્ય "છે કે અયોગ્ય છે તે બરાબર બતાવી આપે છે. અમુક જીવને ઓળખવા "તેની પરીક્ષા કરવાનું સાધન તે જ્ઞાન દર્શન ચારિત્ર દ્વારા બહુ સારી રીતે "પ્રાપ્ત થાય છે એમ ભગવાને પ્રતિપાદન કર્યું છે. જે પ્રાણીઓ પહેલી "અવસ્થામાં વર્તતા હોય છતાં તેમની પાસે એ જ્ઞાન દર્શન ચારિત્ર સબંધી "વાતો કહેવામાં આવે તો તે જેઓને બહુ પસંદ આવતી હોય, જેને

"તેવી હકીકત પર બહુ પ્રીતિ થતી હોય, એ ઔષધો સેવન કરવ
"પ્રાણીઓ જાણે કોઇ જૂદાજ હોય એવો જેઓનાં મનમાં પ્રતિભા
"પડતો હોય, જેઓ સુખે સુખે એ ઔષધો ગ્રહ
સુસાધ્ય. "કરતા હોય અને જેઓ એ ઔષધો સેવવા માંડે
"તુરતજ પોતામાં કાંઇ મોટો ફેરફાર બતાવી શકે
"હોય તે પ્રાણીઓ લઘુકર્મી હોઇને થોડા વખતમાં મોક્ષે જનાર
"અને સુંદર લાકડાની પેઠે યોગ્ય રૂપ આળેખવાને લાયક છે એમ સમ
"જવું. ભાવરોગ મટાડવાની હકીકતને અંગે તેઓ સુસાધ્ય[1] વગે
"આવે તેવા છે એમ જાણવું એટલે જેના ભાવરોગો જલદી ના
"પામી જવાના છે એવા તે પ્રાણીઓ છે એમ સમજવું.

"જે પ્રાણીને એ જ્ઞાન દર્શન ચારિત્રરૂપ રત્નત્રયી આપવામાં આ
"ત્યારે તેને તે બહુ સારી ન લાગે, જે પ્રાણીઓ
કષ્ટસાધ્ય. "રત્નત્રયનું આરાધન કરવા તત્પર થયેલા બીજા પ્રા
"ણીઓ તરફ આદરવાળી નજરથી ન જુએ, તેઓ
"ગુરુ મહારાજના બહુ સખ્ત પ્રયાસ પછીજ કાંઇક બોધ પામે, જેઓ
"એ રત્નત્રયરૂપ ઔષધનું સેવન કરે તોપણ બહુ વખત જાય ત્યા
"તેનો કાંઇ ફેરફાર પોતામાં સહેજસાજ બતાવી શકે અને તેઓ
"અતિચાર – દોષો કેવા છે અને કેમ લાગે છે તેનો સ્પષ્ટ નિર્ણય ક
"વગરના હોવાથી અવ્યવસ્થિત રીતે કામ કરે તેઓ ભારે કર્મી
"અને લાંબે કાળે મોક્ષમાં જનારા છે એમ જાણવું અને જેમ મધ્ય
"પ્રકારનું લાકડું રૂપ આળેખવાના સંબંધમાં સારા શિક્ષકની જરૂર બત
"છે તેમ તેવા પ્રકારના પ્રાણીઓ સદ્ગુરુ તરફથી વારંવાર પ્રેરણા થ
"પછીજ યોગ્યતા પામતા જાય છે એમ સમજવું. ભાવરોગની શાં
"માટે આવા પ્રકારના પ્રાણીઓને કૃચ્છ્રસાધ્ય (મુશ્કેલીથી ઠેકાણે લા
"શકાય તેવા) વર્ગના સમજવા.

"જે પ્રાણીઓને એ ઔષધના સંબંધમાં કહેલી વાત પર પ્રીતિ
"થતી નથી, જે પ્રાણીઓના સંબંધમાં સેંકડો પ્ર
અસાધ્ય. "કરીને એ ઔષધો આપવામાં આવે તોપણ જેઓ
"એ ઔષધોને અંગીકારજ કરતા નથી અને એ ઔ
"[illegible] ઉપર ઉલટા દ્વેષ કરે છે તેવા અસાધ્ય
"અસાધ્ય[2] પ્રાણીઓ એ રત્નત્રયરૂપ ઔષધને માટે તદ્દન અયો

૧ [illegible] સાધ્ય થઇ શકે તેવા પ્રાણીઓ.
૨ [illegible] નથી તેવા પ્રાણીઓ.

"છે એમ સમજવું. ભાવવ્યાધિને અંગે તેઓ અસાધ્ય વર્ગના છે એમ "સમજવું.

વૈદ્યથી અધિકાર નિર્ણય.

"ભદ્ર! આ ભગવાનની સેવા કરવાથી અમુક પ્રાણી સુસાધ્ય "છે, કષ્ટસાધ્ય છે કે અસાધ્ય છે તેનું લક્ષણ અમે "આવી રીતે જાણી શક્યા છીએ. અમે કોઇ પણ પ્રા- "ણીની ચેષ્ટા જોઇને તેની ઉપર ઉપર જણાવેલી આ- "ષતનો પ્રયોગ અજમાવી જોઇએ છીએ તેથી અમને "તરતજ માલૂમ પડે છે કે ત્રણમાંથી કયા વર્ગમાં એ પ્રાણી આવી "શકે છે. એવી પરીક્ષા અમે કરી જાણીએ છીએ તેથી અને અત્યારે "તું તારું પોતાનું આત્મસ્વરૂપ કહે છે તે ઉપરથી તેમજ અમે અત્યારે "તારું સ્વરૂપ જોઇ રહ્યા છીએ તે ઉપરથી અમને એમ લાગે છે કે તું "[1]પરિશિલનાને યોગ્ય છે એટલે તારા ઉપર ઔષધોના વારંવાર પ્રયોગ "કરવાની જરૂર છે. તું ઉપર જણાવેલા કષ્ટસાધ્ય નામના વચલા વર્ગનો "પ્રાણી છો. આ પ્રમાણે હોવાથી જ્યાંસુધી તારા રાગ વિગેરે વ્યાધિ- "ઓનો નાશ કરવા માટે અમે અસાધારણ પ્રયાસ નહિ કરીએ ત્યાં- "સુધી તારા તે વ્યાધિઓ નાશ પામી જાય અથવા ઘટી જાય એમ "અમને લાગતું નથી. હવે ભાઇ! જો સર્વ પ્રકારના સંબંધનો ત્યાગ થઇ "શકે એટલી તારામાં અત્યારે શક્તિ ન હોય તો હાલ તો તું આ ભગ- "વાનના શાસનમાં ભાવપૂર્વક નિશ્ચળ મન કરી સર્વ બહારની આકાંક્ષા "(એટલે અમે તે દર્શનને અનુસરવાની ઇચ્છા) છોડી દે અને અચિંત્ય "વીર્યના અતિશયથી જે ભગવાન્ સર્વ દોષોનો નાશ કરવાને શક્તિમાન્ "છે તેઓને પરિપૂર્ણ ભક્તિથી તારા મનમાં સ્થાપન કર અને દેશ- "વિરતિપણામાં (થોડો થોડો ત્યાગ કરવો તે અવસ્થાને દેશવિરતિ- "પણું કહે છે. દેશ એટલે ખંડ) સ્થિર થઇ જા. તારે આ જ્ઞાન દર્શન "ચારિત્રને દરરોજ વધારે વધારે પ્રમાણમાં સેવ્યા કરવાં, આજે સેવ્યાં "હોય તેથી વધારે આવતી કાલે સેવવાં અને એવી રીતે ઉત્તરોત્તર "તેની આસેવનામાં આગળ વધતા જવું. એ રીતે જ્ઞાન દર્શન ચારિત્રની "વિશેષ વિશેષ સેવના કરવાથી તારા ભાવરોગો શાંત પામતા જશે. તે "સિવાય બીજી કોઇ પણ રીતે તારા આ ખરેખરા આકરા વ્યાધિઓ "નાશ પામે એમ તું માનીશ નહિ."

આવી રીતે ઉપદેશ આપવાને તૈયાર થયેલા ગુરુ મહારાજના મનમાં આ જીવ માટે જે દયા ઉત્પન્ન થાય છે તેને તદ્દયા નામની

1 નિયંત્રણા. દેખરેખ અને આજ્ઞાનુસાર વર્તવાની ફરજ.

આ પ્રાણીની પરિચારિકા કહી છે એમ સમજવું. ગુરુ મહારાજના મનમાં જે લાગણી થાય છે તે આ પ્રાણી પાસે આવી તેની પરિચારિકા-દાસી તરીકે કામ કરે છે એમ ઉપનય સમજવો.

ઉપર પ્રમાણે હકીકત બન્યા પછી આ પ્રાણી ગુરુ મહારાજનું વચન અંગીકાર કરે છે, મારે આ ભવમાં જ્યાંસુધી જીવું ત્યાંસુધી આ પ્રમાણેજ કરવું એવો નિશ્ચય કરે છે,[1] ભગવાનના મંદિરમાં કેટલોક કાળ દેશવિરતિ તરીકે રહે છે અને ધન વિષય કુટુંબ વિગેરેના આધારભૂત ભિક્ષાપાત્ર જેવા પોતાના જીવિતવ્યને પાળે છે (ભિક્ષાપાત્ર તે સાંસારિક અપેક્ષાવાળું જીવન ઉપમાન કરાયેલું છે એમ અત્ર સમજાય છે). આ પ્રમાણે હકીકત ચાલતી હતી તે વખતે એક બનાવ બન્યો તે સંબંધી હકીકત હવે આપણે વિચારીએ.

અલ્પ સ્વીકારનો મોટો લાભ.

મૂળ કથાપ્રસંગમાં કહેવામાં આવ્યું છે કે " તદ્દયા-મંત્રીશ્વરની દીકરી તેને રાત દિવસ ત્રણે ઔષધો આપ્યા કરે છે, પરંતુ એ નિષ્પુણ્યકને પોતાના કુભોજન ઉપર હજુ આસક્તિ ઘણી છે તેથી તેના ઉપર જોઇએ તેટલો પ્રેમ થતો નથી." આ પ્રાણીના સંબંધમાં પણ તેમજ બને છે. ગુરુ મહારાજની દયા આ પ્રાણીને વારંવાર જ્ઞાન દર્શન ચારિત્ર મેળવી આપે છે એટલે ગુરુ મહારાજ આ પ્રાણી ઉપર દયા લાવીને વારંવાર તેને જ્ઞાનાદિ આપવા પ્રયત્ન કરે છે, પરંતુ આ પ્રાણીને ધન વિષય કુટુંબ સ્ત્રી આદિ ઉપર ઘણી પ્રીતિ હોવાને લીધે અને કર્મની સત્તા તળે તે દબાયલો હોવાને લીધે એ હકીકતને તે પોતાના મનમાં કોઇ મોટી વાત તરીકે માનતો નથી અને ગુરુ મહારાજની દયાનો વધારે લાભ લઇ શકતોન થી.

ગાઢ આસક્તિ-સહજ ત્યાગ.

જેવી રીતે પેલો દરિદ્રી " મોહથી પોતાની પાસેનું તુચ્છ ભોજન વધારે ખાતો હતો અને તદ્દયાએ આપેલ ભોજનને બહુ થોડું ખાતો હતો " તેવી રીતે આ પ્રાણી પણ મહામોહને વશ પડીને પૈસા પેદા કરવાની બાબતમાં, વિષયોનો ઉપભોગ કરવાની બાબતમાં અને તેવાં બીજાં સાંસારિક કાર્યોમાં ગાઢપણે આસક્ત રહે છે, તે તે કાર્યો બહુ હોંશથી કરે છે અને ગુરુ મહારાજે દયાપૂર્વક બતાવેલાં વ્રત નિ

1 આવા નિશ્ચયને **પચ્ચખ્ખાણ** કહેવામાં આવે છે અને તેથીજ પ્રાણી વિરતિ ગુણ પામ્યો કહેવાય છે. નિશ્ચયપૂર્વક ત્યાગ ન કરે ત્યાંસુધી વિરતિ થતી નથી.

થયો વચ્ચે વચ્ચે કોઇ કોઇ વાર જરા જરા સેવે છે અથવા બિલકુલ સેવતો નથી. જેમ "તદ્દયા તેને સંભારી આપે ત્યારે કોઇ વખત જરા અંજન આંખમાં આંજતો હતો" તેમ આ પ્રાણીને ગુરુ મહારાજ વારંવાર પ્રેરણા કરે ત્યારે ગુરુ મહારાજની ખાતરજ તેમાં જાણે પ્રવૃત્તિ કરતો ન હોય તેમ જ્ઞાનનો થોડો થોડો અભ્યાસ કરે છે, પરંતુ તે પણ કોઇ વખતજ કરે છે, દરરોજ તો કરતોજ નથી. "અને તીર્થજળ પણ તદ્દયા વારંવાર કહે ત્યારે કોઇ વખત જરા પીતો હતો" તેવી રીતે આ પ્રાણી પણ પ્રમાદને વશ થઇને જ્યારે ગુરુ મહારાજ ખાસ પ્રેરણા કરે છે ત્યારે સમ્યગ્દર્શનને વધારે વધારે પ્રદીપ્ત કરતો આગળ વધતો જાય છે, પરંતુ તે માત્ર ગુરુ મહારાજની ખાતર અને તેમની પ્રેરણાને અંગેજ કરે છે, પણ પોતાના અંતઃકરણના ઉત્સાહથી કરતો નથી.

તુચ્છ ભોજનમાં વધારો.

[1]ત્યારપછી નિષ્પુણ્યકની વાતમાં જરા વિસ્તારથી આ પ્રમાણે હકીકત કહેવામાં આવી છે કે "તદ્દયા એને હોંશથી મહાકલ્યાણક ભોજન બહુ સારી રીતે આપતી હતી ત્યારે તેમાંનું જરા ખાઇને બાકીનું અન્ન પોતાના ભિક્ષાપાત્રમાં તે નાખી દેતો હતો. તેના તુચ્છ ભોજનની સાથે આ સુંદર ભોજન મળવાથી તેના અન્નમાં નિરંતર વધારો થયા કરતો હતો, તેથી તેનું અન્ન દરરોજ રાત દિવસ ખાધા કરે તોપણ તે કદિ પૂરૂં થતું નહોતું (ઘટતું નહોતું). પોતાના ભોજનમાં આવી રીતે વધારો થતો જોઇને તે મનમાં બહુ રાજી થતો હતો, પણ કોના પ્રતાપથી અને શા કારણથી પોતાના ભોજનમાં વધારો થાય છે તેનું કારણ તે કદિ વિચારતો નહોતો. પોતાના ભોજનમાં આસક્ત થયેલો નિષ્પુણ્યક સુંદર ભોજન તરફ ઓછા ઓછા આદરવાળો થતો જતો હતો અને પોતે કાંઇક સમજતો હતો છતાં જાણે તદ્દન અજાણ્યો હોય તેમ સાંસારિક મોહમાં કાળ ગાળતો હતો. પોતાનું તુચ્છ ભોજન તે રાત દિવસ ખાતો હોવાથી શરીરે હૃષ્ટપુષ્ટ થતો ગયો, પણ ત્રણે ઔષધો આદર વગર માત્ર જરા જરા કોઇ વખત વાપરતો હતો તેથી તેના વ્યાધિઓનો સમૂહો નાશ થયો નહિ એટલે મહાકલ્યાણક અન્ન તે થોડું થોડું લેતો હતો તેટલાથી પણ તેને ફાયદો તો ઘણો થયો અને તેના વ્યાધિઓ તેથી ઓછા ઓછા તો થતા ગયા, પણ વસ્તુસ્વરૂપનું બરાબર ભાન ન હોવાને લીધે

[1] જુઓ કથાપ્રસંગ અગાઉ ૬૧.

અને અપથ્ય ભોજનનું જોર વધારે હોવાને લીધે તેના શરીર ઉપર કુભોજનનો વિકાર વારંવાર દેખાતો હતો: [1]અપથ્ય ભોજનના વિશેષ ઉપયોગથી કોઇ વાર તેને શૂળ નીકળતું હતું, કોઇ વખત શરીરે દાહ થઇ આવતો હતો, કોઇ વાર તેને મુંઝવણ થઇ આવતી હતી, કોઇ વખત શરીરે તાવ આવી જતો હતો, કોઇ વાર શરદી થઇ આવતી હતી, કોઇ વાર જડપણું જણાતું હતું, કોઇ વાર છાતીમાં અને પડખાંમાં વેદના થઇ આવતી હતી, કોઇ વાર ઉન્માદની પીડા થઇ આવતી હતી અને કોઇ વાર શરીરને પથ્ય વસ્તુ ઉપર અરૂચિ થઇ આવતી હતી. આવી રીતે એ સર્વ રોગો તેના શરીરમાં વિકાર ઉત્પન્ન કરીને કોઇ કોઇ વાર તેને ત્રાસ આપતા હતા." આ પ્રાણીના સંબંધમાં પણ એવાજ પ્રકારની સર્વ વાત બને છે તે આપણે હવે જોઇએ.

અણુવ્રતનું માહાત્મ્ય.

કોઇ વખત ચોમાસાની શરૂઆતમાં દયા તત્પર થઇ ગુરુ મહારાજ આ પ્રાણી ઉપર વિશેષ દયા લાવીને તેને વધારે પ્રમાણમાં વિરતિ (ત્યાગભાવ) ગ્રહણ કરાવવા માટે તેની પાસે અણુવ્રતનો વિધિ કહે છે. મહાવ્રતમાં સર્વ ત્યાગ કરવાની હકીકત હોય છે અને અણુવ્રતમાં દેશથી (અંશથી) બની શકતી બાબતમાં ત્યાગભાવ કરવાનો હોય છે તે સર્વ હકીકત ગુરુ મહારાજ તેને સમજાવે છે અને એવાં અણુવ્રતો વિશેષ પ્રકારે લેવાનો વિધિ કેવો છે તે સર્વ બાબત પર વિસ્તારથી વિવેચન કરે છે ત્યારે આ જીવને સંસાર પર સંવેગ તો ઘણો આવી જાય છે અને ત્યાગ કરવાની વૃત્તિ થઇ આવે છે તોપણ ચારિત્રાવરણીય કર્મના અત્યંત જોરને લઇને અને તેના મંદ વીર્યે (ઓછી તાકાત [illegible]) લઇને માત્ર કોઇ કોઇ વ્રત નિયમ જરા જરા તે લે છે એ સર્વ [illegible] તેને વધુ ભોજન આદિ અને જેટલું લેવા તેને કહે, પણ તે તેમાંથી થોડું ગ્રહણ કરે તેની જેવું સમજવું. વળી ગુરુ મહારાજની આજ્ઞાથી કોઇ કોઇ વ્રત [illegible] તેના [illegible] [illegible]

હોય તોપણ તે આ ભવમાં અથવા પરભવમાં જરૂર ધન વિષયનાં સાધનો વધારી આપે છે તે આ સુંદર ભોજનના સંબંધથી તુચ્છ ભોજનનો વધારો થાય છે એ બાબતની બરાબર સમજવું. મંદ સંવેગથી ગ્રહણ કરેલાં વ્રત નિયમોના પ્રભાવથી પ્રાપ્ત થયેલાં ધન વિષય વિગેરેનો વારંવાર ઉપભોગ કરવામાં આવે તોપણ પેલાં વ્રત નિયમો મજબૂત કારણ હોવાને લીધે ધન વિષય ખૂટતાં નથી એટલે જેમ ધન વિષય વપરાતાં જાય છે તેમ વ્રત નિયમના પ્રભાવથી બીજાં મળતાં જાય છે. આ પ્રાણી તો મનુષ્યપણામાં અથવા દેવગતિમાં પોતાની સંપત્તિ વારંવાર વધતી જતી જોઇને બહુ આનંદમાં આવી જાય છે; પરંતુ એ બાપડાને એમ માલૂમ પડતું નથી કે એ ધન વિષય વિગેરે પોતાને વધારે પ્રાપ્ત થતાં જાય છે તે તો માત્ર ધર્મના પ્રભાવથીજ થાય છે તેમાં આનંદ પામવા જેવું શું છે? વાસ્તવિક રીતે તો જે ધર્મના પ્રભાવથી એ વધે છે તેજ કરવો યુક્ત છે-પણ આવી હકીકત તેના ધ્યાન પર આવતી નથી. આવા વસ્તુસ્વરૂપના જ્ઞાન ઉપર લક્ષ્ય નહિ આપતાં તે ધન વિગેરે ઉપર વધારે આસક્તિ રાખે છે અને જ્ઞાન દર્શન અને દેશથી ચારિત્ર તે ગ્રહણ કરતો હોય છે તેના તરફ વધારે શિથિળતા બતાવે છે. વળી આવી રીતે વસ્તુસ્વરૂપ જાણતાં છતાં અજાણ્યા મનુષ્યની પેઠે મોહના દોષને લીધે તે નકામો વખત ગાળે છે. આવી રીતે જ્યાંસુધી તેનું ધન વિષય ઉપર મન ઘણું ચોંટેલું રહે છે અને ધર્માનુષ્ઠાન કરવા તરફ ઓછો આદર રહે છે ત્યાંસુધી ગમે તેટલો વખત તે ગાળી નાખે પણ તેના રાગ વિગેરે ભાવરોગો નાશ પામતા નથી. ગુરુ મહારાજના આગ્રહથી મન્દ ભાવે પણ થોડાં થોડાં સારાં અનુષ્ઠાનો કરે છે તેથી તેને થોડો ઘણો ગુણ થાય છે. મતલબ એ છે કે તેના ભાવરોગો તેથી તદ્દન શાંત પડતા નથી, કારણ કે એનામાં હજુ ધર્મ માટે અંતઃકરણનો આદર નથી, ગુરુ મહારાજના આગ્રહથીજ સારી પ્રવૃત્તિ જરા જરા કરે છે તેથી વ્યાધિઓ શાંત રહે છે, પણ ક્ષય પામી જતા નથી.

ભાવરોગમાં વધારો.

હવે આ પ્રાણીને પોતાના આત્મસ્વરૂપનું જ્ઞાન ન હોવાથી તે ધન વિષય ઉપર બહુ આસક્તિ રાખે છે, ઘણો પરિગ્રહ (ધન ધાન્ય વસ્તુઓને સંગ્રહવી, તેઓ ઉપર પોતાપણું સ્થાપન કરવું તે) રાખે છે, મોટી જાળ પાથરી હોય તેવો મોટા પાયા ઉપર વ્યાપાર શરૂ કરે છે, ખેતીવાડીનો ધંધો આદરે છે અને આવા પ્રકારના બીજા અનેક આરંભો શરૂ કરે છે. આ પ્રમાણે થવાથી રાગ વિગેરે ભાવ-

રોગોને વધી જવાનું મજબૂત કારણ મળી જાય છે. વ્યાધિઓને વધી જવાનું એક વાર કારણ મળી આવે એટલે તે જેમ વધી જાય છે અને પ્રાણીને હેરાન કરે છે તેમ તેઓ આ પ્રાણી ઉપર પોતાની અસર બરાબર બતાવે છે, પોતાના અનેક પ્રકારના વિકારોની અસર આ પ્રાણી ઉપર કરી મૂકે છે, તે વખતે આદર વગર કરેલાં સહેજ સાજ સારાં અનુષ્ઠાનોથી આ પ્રાણીનો બચાવ થઇ શકતો નથી. એટલે પછી અકાળે જેમ શૂળની પીડા થઇ આવે તેના જેવી ધન (પૈસા)ના ખરચની ચિંતાથી કોઇ વખત તે પીડાય છે, કોઇ વખત પારકાની ઈર્ષ્યાના દાહ (બળતરા)થી બળી જાય છે, કોઇ વખત તેનું સર્વસ્વ નાશ પામી ગયું હોય ત્યારે જાણે મરવાની અણી પર આવી ગયો ન હોય તેમ મૂર્છા પામી જાય છે, કોઇ વખતે કામજ્વરથી થતી પીડાને લીધે તરફડે છે, કોઇ વખત લેણદારો તેનું ધન લઇ જાય તેની પીડાથી જાણે શરદીથી ઠરી ન ગયો હોય તેવો થઇ જાય છે, 'અહો આ તો જાણકાર છે છતાં કેવો ઉલટે રસ્તે ચાલે છે' એ પ્રમાણે લોકોમાં કહેવાતી મૂર્ખતાવડે હૃદયમાં ખેદાય છે, કોઇ વખત ઇષ્ટ વસ્તુનો વિયોગ અને અનિષ્ટ વસ્તુનો સંયોગ જેને બન્ને પડખાંમાં અને હૃદયમાં થતી શૂળની વેદના સાથે સરખાવવા યોગ્ય છે તેનાથી હેરાન થયાં કરે છે, કોઇ વખત તે પ્રમાદી (આળસુ, સુસ્ત) પ્રાણીને ફરીવાર [1]મિથ્યાત્વરૂપ ઉન્માદનો સંતાપ ઉત્પન્ન થાય છે, સારાં અનુષ્ઠાન કરવાં એ વ્યાધિ મટાડવા માટે પથ્ય-પચે તેવું ભોજન છે તેના તરફ અરૂચિ થવારૂપ ઉપાધિ કોઇ વખત તેને થઇ આવે છે-આવી રીતે અપથ્ય સેવવામાં આસક્ત થયેલો આ જીવ દેશવિરતિની કોટિ પર ચઢવા લાગેલો હોય છે તોપણ એવા એવા વિકારોથી હેરાન થયાં કરે છે.

વસ્તુવિચારણા-તદ્દયા સ્થિરીકરણ.

ત્યારપછી [2]કથાપ્રસંગમાં આગળ કહેવામાં આવ્યું છે કે "આવી રીતે વ્યાધિઓની પીડાથી ઘેરાયલા અને રડતા નિષ્પુણ્યકને એક વખત દયાળુ તદ્દયાએ જોયો અને તેના સંબંધમાં વિચાર કરીને તે બોલી "ભાઇ! પિતાજીએ તને પ્રથમથીજ કહ્યું છે કે તારા શરીરે આ સર્વ વ્યાધિઓ છે તે ખરાબ ભોજન ઉપર તને પ્રીતિ છે તેને લઇનેજ છે. અમે આ તારી સર્વ હકીકત જોઇએ છીએ, સમજીએ છીએ, પણ તને આકુળતા ન થાય તેટલા સારૂ તને તારા ખરાબ ભોજનનું ભક્ષણ

1 પાત થવાથી મિથ્યાત્વમાં ચાલ્યો જાય ત્યારે એ પ્રમાણે થાય છે.

2 જુઓ કથાપ્રસંગ પૃ. ૩૭.

કરવાથી વારતા નથી. આ સુંદર ત્રણે ઔષધો જે મહા શાંતિ કરનારાં છે તેના ઉપર તારી શિથિળતા છે! અને આ સર્વ પ્રકારના સંતાપને કરનારા ભોજન ઉપર તારી રૂચિ છે! ખરેખર તારી સ્થિતિ ઘણી વિચિત્ર છે. તું અત્યારે રડે છે પણ તને શાંતિ આપે તેવી બાબત કોઇ અત્યારે તો વિદ્યમાન જણાતી નથી. બીજી એમ પણ વાત છે કે જેને અપથ્ય ઉપર બહુ પ્રેમ હોય છે તેને ઔષધ લાગુ પડી શકતાં નથી. હું તારી પરિચારિકા હોવાથી મને પણ આ બાબતમાં અપવાદ આવે છે. હું તને આટલી વાત સમજાવું છું પણ તને સારૂં કરવાની હાલ મારામાં શક્તિ નથી." આ પ્રમાણે તદ્દયાની વાત સાંભળી નિષ્પુણ્યક બોલ્યો "જો તેમજ હોય તો તમારે મને હવેથી તુચ્છ ભોજનનો ઉપયોગ કરતાં વારંવાર વાર્યા કરવો, કારણ કે એ ભોજન કરવાની મને એટલી પ્રેમપૂર્વક ઇચ્છા રહ્યા કરે છે કે મારી પોતાની મેળે તેનો ત્યાગ કરવાનો ઉત્સાહ મારામાં આવે એમ મને લાગતું નથી. તમારા પ્રભાવથી એ ખરાબ ભોજનનો થોડો થોડો ત્યાગ કરતાં સર્વનો ત્યાગ કરવાની શક્તિ પણ મારામાં આવશે." તદ્દયાએ હર્ષના આવેશમાં આવી જઇને કહ્યું "શાબાશ છે, શાબાશ છે! તારા જેવાને એ પ્રમાણે કરવું તે યોગ્યજ છે." આ પ્રમાણે કહીને પછી તેને વધારે ખરાબ ભોજન લેતાં તે વારંવાર વારવા લાગી. આવી રીતે વારંવાર કહેવાથી તે અપથ્ય ભોજનનો થોડો થોડો ત્યાગ પણ કરવા લાગ્યો તેમ તેમ તેના વ્યાધિઓ ઓછા પણ થવા લાગ્યા, વિશેષ પીડા થતી હતી તે અટકતી ગઇ અને ઔષધો શરીર પર અસર કરવા લાગ્યાં. જ્યારે તદ્દયા નજીકમાં હોય ત્યારે નિષ્પુણ્યક સુંદર ભોજન કરે અને અપથ્ય ભોજન થોડું લે તેથી વ્યાધિઓ ઓછા થાય, પરંતુ વળી તે જરા દૂર જાય એટલે હજુ તેનામાં અપથ્ય ભોજન ઉપર લપટપણું ઘણું હોવાથી તે ખાવા મંડી જાય અને ઔષધો જરા પણ લે નહિ તેથી વળી પાછો અજીર્ણવિકાર થઇ આવે. ધર્મબોધકરે પોતાની દીકરી તદ્દયાને આખા લોકના પાલક તરીકે અગાઉથી નીમેલી હતી તેથી તેને તો અનંત લોકની સંભાળ રાખવામાં રોકાઇ રહેવાનું હતું અને તેને લઇને તે આ નિષ્પુણ્યક પાસે તો કોઇ કોઇ વાર આવી શકતી એટલે બાકીનો બધો વખત તે તદ્દન છૂટો રહેતો હતો. એવા વખતમાં અપથ્ય ખાવાથી કોઇ તેને વારતું નહિ, તેને લીધે વ્યાધિ સંબંધી વિકારો પાછા ઉદ્‌ભવી નીકળતા હતા, જેથી પાછું 'એ ભગવાન એના એ'-એના જેવું તેને થઇ જતું હતું. એ તો પછી તેજ ખાટા અને તેજ મેંઢાવાળી વાત થતી હતી."

આ પ્રાણીના સંબંધમાં પણ એવીજ હકીકત લગભગ બની આવે છે. એમાં ધ્યાનમાં રાખવા યોગ્ય હકીકત એ છે કે ગુરુ મહારાજને આ જીવ ઉપર દયા આવે છે તે મુખ્ય કાર્ય કરનારી છે તે વાત પર રૂપક કરીને પ્રધાનપણે તેને 'કર્તા' બતાવી છે. આશય એવો છે કે ગુરુ મહારાજ પોતેજ કર્તા છે, પરંતુ તેમની આ પ્રાણી ઉપરની દયા મુખ્ય ભાગ ઉપદેશને અંગે ભજવે છે તે હકીકતને સ્પષ્ટપણે સન્મુખ રાખવા માટે દયાને રૂપક આપી જાણે તે જુદું પાત્ર હોય તેવી સંભાવના કરી છે. વાસ્તવિક રીતે તો આ સર્વ ઉપદેશ ગુરુ મહારાજ પોતેજ આપે છે અને ઔષધ આપનાર અને માર્ગ બતાવનાર તેજ છે એ વાત ધ્યાનમાં રાખવી.

તદ્દયાની સંભાવના.

ગુરુ મહારાજ જેમના ચિત્તમાં દયા ભરેલી છે તેઓ આ આળસુ-પ્રમાદી જીવને ફરી વાર મળે છે ત્યારે તેને સાંસારિક અનેક ઉપાધિઓથી આકુળ વ્યાકુળ થયેલો જોઈ તેને ઠપકો આપતાં કહે છે "હે ભાઈ! અ[illegible] પ્રાણીઓ વિષયમાં આસક્ત હોય છે તેઓને મનમાં અનેક પ્રકારના સંતાપ થવા એ કાંઈ દુર્લભ બાબત નથી એમ અમે તને અગાઉથીજ કહ્યું હતું; એટલે જેઓ વિષયમાં આસક્ત હોય છે તેઓને મનના સંતાપો થયાજ કરે છે. વળી અમે તને વિશેષમાં કહ્યું હતું કે જે પ્રાણીઓ પૈસા પેદા કરવાની બાબતમાં અને તેનું રક્ષણ કરવાની બાબતમાં મંડ્યા રહે છે તેઓથી આપત્તિઓ બહુ દૂર રહેતી નથી (એવા પ્રાણીઓની નજીક દુઃખો-પીડાઓ રહ્યા કરે છે અને [illegible] સ્વપ્નમાં તેની સાથે ભમી જાય છે). આ પ્રમાણે હકીકત અમે તને કહી હતી છતાં તને તો તેના ઉપરજ વધારે વધારે [illegible] થતો જાય છે. વળી એક બીજી પણ વાત છે તે એ કે જ્ઞાન દર્શન અને ચારિત્ર એ ત્રણે ક્લેશરાશિરૂપ મોટા અનર્થનો નાશ કરનાર છે અને તે [illegible] શાંતિ આપનાર છે તેના ઉપર તું અનાદરની નજરે જુએ છે; ત્યારે અમે તે હવે શું કરીએ? હે, અમે લાભ કરવા [illegible] કાંઈ [illegible] છીએ તો તું આકુળ વ્યાકુળ થઈ જાય છે [illegible] ઉપર અનેક પ્રકારના ઉપદ્રવો થયા કરે છે તે અમારી [illegible] અને [illegible] કરીએ છીએ તોપણ તને [illegible] તું આકુળ વ્યાકુળ થઈ જાય તે [illegible] અને [illegible] કરીએ, છીએ કે [illegible] એ જ્ઞાન દર્શન ચારિત્ર ઉપર આદર [illegible] હોય તો [illegible] વિશેષ કર્મોનો નાશ કરવા જતાં હોય છે અને [illegible]

સમજ આપવાની એક વધારે રીતિ.

એ રત્નત્રયનું અનુષ્ઠાન કરતાં હોય છે તેના વિકારોનું નિવારણ થઇ શકે તો બસ છે; જેઓને એ રત્નત્રયી ઉપર મનમાં જરા પણ આદર નથી તેઓને રોકવાની અમારે કાંઇ જરૂર પણ નથી. જ્યારે તું અમારા દેખતાંજ રાગાદિ ભાવરોગોથી પીડા પામે છે ત્યારે લોકો પણ અમને તારા ગુરુ જાણીને ઠપકો આપવા લાગે છે અને અમારી નિંદા પણ કરે છે" તદ્દયાએ નિષ્પુણ્યકને ઉપર કથાપ્રસંગમાં જે ઠપકો આપ્યો હતો તેની બરાબર આ હકીકત સમજવી.

ઇચ્છા, આસક્તિ અને ભાવના.

ગુરુ મહારાજ તરફથી આ પ્રમાણે ઠપકો સાંભળીને આ પ્રાણી ગુરુ મહારાજને પ્રત્યુત્તર આપતાં કહે છે કે "અનાદિ કાળથી અભ્યાસ પડી ગયેલો હોવાને લીધે તૃષ્ણા લોલુપતા વિગેરે ભાવો મને મુંઝવે છે. એ તૃષ્ણા-લોલુપતાને તાબે થઇને કરેલા આરંભ[1] અને પરિગ્રહનું પરિણામ કેવું ખરાબ આવે છે તે જાણવા છતાં તેને હું છોડી શકતો નથી. આ પ્રમાણે હોવાથી આપ સાહેબે મારા સંબંધમાં ઉપેક્ષા ન કરવી, બેદરકારી ન બતાવવી, મને ખોટે રસ્તે પ્રવૃત્તિ કરતો જોઇને આપે મારું યોગ્ય નિવારણ કરવું, તેથી કદાચ એમ પણ બને કે હાલ હું દોષોનો થોડો થોડો ત્યાગ કરું છું તે આપ સાહેબની મહેરબાનીથી પરિણતિના ફેરફારને અંગે મારામાં સર્વ દોષનો ત્યાગ કરવાની શક્તિ પણ આગળ જતાં આવે-તેવી શક્તિ હું પ્રાપ્ત કરું."

તદ્દયાના વ્યવસાયો.

આ પ્રાણી ઉપર પ્રમાણે ગુરુ મહારાજને કહે છે તેની તે સર્વ વાત ગુરુ મહારાજ સ્વીકારી લે છે અને તે પ્રમાદ કરતો હોય છે ત્યારે ગુરુ મહારાજ તેનું કોઇ કોઇ વાર નિવારણ પણ કરે છે. ગુરુ મહારાજ કહે છે તે પ્રમાણે કરવાથી અત્યાર સુધી પ્રાણીને અશુભ પ્રવૃત્તિ કરવાને લીધે જે પીડા થતી હતી તે ઉપશાંત થાય છે, જ્ઞાન દર્શન વિગેરે ગુણો વધારે વિકાસ પામે છે અને એને લઇને આ પ્રાણીમાં તદ્દયાનાં વચન પ્રમાણે અનુકરણ કરવાથી આરોગ્ય થવારૂપ થોડો થોડો ફેરફાર થયો એમ કહેવામાં આવ્યું હતું તેને બરાબર મળતું આવે છે. માત્ર હકીકત એ બને છે કે આ પ્રાણીમાં વધારે જ્ઞાન અને દીર્ઘ દૃષ્ટિ ન હોવાને લીધે જ્યારે ગુરુ મહારાજ તેને પ્રેરણા કરે છે ત્યારેજ માત્ર તે પોતાનું ખરું હિત કરનારી બાબતમાં પ્રવૃત્તિ કરે છે,

---

[1] કોઇ પણ સાંસારિક બાબતની શરૂઆત કરવી. જેમકે ઘર બાંધવું, મીલ ચલાવવી વિગેરે.

ચારિકા નીમી આપું. તું તારા આત્માને હિત શું કરવાથી થાય તે જાણતો નથી, પથ્ય ભોજન કરવાથી દૂર નાસતો ફરે છે અને તારૂં તુચ્છ ભોજન કરવામાં નિરંતર પ્રેમ રાખ્યા કરે છે તેથી મારે તારા સંબંધમાં શું કરવું?' નિષ્પુણ્યક બોલ્યો 'આપ આવું કદિ હવે પછી બોલશો નહિ, આપનો હુકમ હું હવે કદિ પણ ઉલ્લંઘીશ નહિ, ફેરવીશ નહિ, આપની આજ્ઞા બરાબર માન્ય કરીશ.' ધર્મબોધકર ત્યારપછી વિચાર કરી બોલ્યા 'એક સદ્‌બુદ્ધિ[1] નામની મારી છોકરી છે તેને બીજું બહુ કામ નથી. મારો વિચાર તેને તારી પરિચારિકા બનાવવાનો છે. તે મારી બાલિકા તારી પાસે નિરંતર રહેશે અને તને પથ્ય અને અપથ્ય શું છે તેનો વિચાર બતાવશે. આવી સારી દાસી હું તને આપું છું તેથી હવે તારે તારા મનમાં જરા પણ ગભરાવું નહિ, પરંતુ તે ઘણી જાણકાર હોવાથી તેનાથી ઉલટી રીતે ચાલનાર અને આદર વગરના પ્રાણી ઉપર તે જરા પણ ઉપકાર કરતી નથી, તેથી જો તને સુખ મેળવવાની ઇચ્છા હોય અને દુઃખથી તને ભય ઉત્પન્ન થયેલ હોય તો તે જે કહે તે પ્રમાણે તું દરરોજ કરજે......તદ્દયાને અનેક જગોએ કામ હોય છે તોપણ વચ્ચે વચ્ચે કોઇ કોઇ વાર તે તારી પાસે આવી જઇને તને જાગ્રત રાખી જશે. જો તારે સુખ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય તો સદ્‌બુદ્ધિને રાજી રાખવા માટે તારાથી બની શકે તેટલો પ્રયત્ન કર્યા કરજે......મારા જેવા તો છેટા રહેનારા હોય છે, પણ આ સદ્‌બુદ્ધિ તો દરરોજ આખો વખત તારી પાસેજ રહેશે, માટે તારાં પોતાનાં સુખ માટે તારે તેની આરાધના કરવી સર્વ રીતે ઉચિત છે.' નિષ્પુણ્યકે આ બાબતમાં સંમતિ આપવાથી ધર્મબોધકરે સદ્‌બુદ્ધિને તેની પરિચારિકા બનાવી......થોડા દિવસ સદ્‌બુદ્ધિ દ્રમકની પાસે રહી તેટલા વખતમાં તેના સંબંધમાં ઘણા ફેરફાર થઇ ગયા. તેના ઉપદેશથી દ્રમકની અપથ્ય ભોજન ઉપર પ્રીતિ હતી તે ઉડી ગઇ, આખી અગાઉ જેટલું તુચ્છ ભોજન તે ખાતો નહિ. વળી હવે તે ત્રણે ઔષધો વધારે પ્રમાણમાં રાજી ખુશીથી ખાવા લાગ્યો. આ બન્ને કારણને લઇને તેને જે વ્યાધિઓ થયેલા હતા તે ઓછા થવા લાગ્યા અને રોગના વિકારો તો લગભગ નાશ પામી ગયા. એ દરિદ્રીને હવે સુખનો રસ કેવો છે તેનો સ્વાદ આવવા લાગ્યો, તેનું ભયંકર રૂપ હતું તે દૂર થઇ ગયું અને તેનામાં શાંતિ આવી ગયેલી હોવાથી તેના મુખ ઉપર સંતોષ પણ બહુ દેખાવા લાગ્યો." આ પ્રમાણેની મતલબની હકી-

[1] આ સદ્‌બુદ્ધિને Conscience કહી શકાય.

કત કથાપ્રસંગમાં કહેવામાં આવી હતી. આ પ્રાણીના સંબંધમાં પણ લગભગ એનેજ મળતી હકીકત બને છે તે આપણે હવે વિચારી જોઇએ.

ખુલ્લા દિલના એકરારો.

જેમ કોઇ આંધળો માણસ દોડતાં દોડતાં ભીંત અથવા થાંભલા સાથે અફળાઇ જવાથી પીડા પામે અને તેને કેટલી પીડા થાય છે તે વાત જેમ તે બીજા માણસને કહી સંભળાવે તેવી રીતે ગુરુ મહારાજે જે આચરણો કરવાની મના કરી હોય તેવાં આચરણ કરવાથી વિપત્તિઓ આવે છે તે જાણીને અને અનુભવીને ગુરુ મહારાજ ઉપર આ પ્રાણી વિશ્વાસ મૂકે છે અને માને છે કે ગુરુ મહારાજ જે વાત કહેતા હતા તે બરાબર હતી અને ત્યારપછી ગુરુ મહારાજ સમક્ષ એ વિપત્તિઓ અને કષ્ટો કેવી રીતે આવે છે અને તે વખતે પ્રાણીની શી સ્થિતિ થાય છે તે કહી સંભળાવે છે: “ભગવન્! આપ સાહેબના સદુપદેશથી જ્યારે હું ચોરીથી કોઇ પણ પદાર્થ લેતો નથી, રાજ્યવિરુદ્ધ કોઇ પણ કાર્ય કરતો નથી, વેશ્યા અથવા પારકી સ્ત્રી તરફ દૃષ્ટિ કરતો નથી અને એવું ધર્મવિરુદ્ધ અથવા લોકવિરુદ્ધ કોઇ પણ આચરણ આપના ઉપદેશ પ્રમાણે કરતો નથી અને મહા આરંભ અને મહા પરિગ્રહમાં રીઝી જતો નથી ત્યારે લોકો મને સાધુ (સારા માણસ) તરીકે ગણે છે, મારામાં વિશ્વાસ મૂકે છે અને મારાં વખાણ કરે છે. એ વખતે શરીરને મહેનત પડવાથી કદાચ કાંઇ થોડું થોડું દુઃખ થાય તો તે મને જણાતું નથી અને હૃદય તદ્દન સ્વસ્થ થઇ જાય છે. આ પ્રકારનાં શુભ આચરણ કરનારને ધર્મ સારી ગતિ અપાવનાર થાય છે એટલે એવાં સુકૃત્યને પરિણામે પ્રાણી સદ્દગતિમાં જાય છે એ વિચારથી મનમાં બહુ આનંદ થઇ આવે છે અને જ્યારે આપ સાહેબ તરફથી કોઇ પણ પ્રકારની નિવારણા[1] થતી નથી અથવા આપના તરફથી થયેલી નિવારણાની દરકાર ન કરતાં ધન વિષય વિગેરે ઉપર અત્યંત આસક્તિ હોવાને લીધે ગુરુ મહારાજ કાંઇ જાણી જવાના નથી એમ ધારી લઇને પૈસા ઉપરની મૂર્ચ્છાને લઇને હું ચોરીથી ધન ઉપાડવા માંડું છું, વિષયલોલુપતાને લીધે વેશ્યા કે પરસ્ત્રીગમન કરું છું અને તેવું બીજું કાંઇ પણ ભગવાને નિવારણ કરેલું આચરણ કરું છું ત્યારે લોકો તરફથી નિંદા, રાજ્ય તરફથી શિક્ષા અને સર્વ ધનહરણ, શરીરનો ખેદ, મનનો તાપ અને બીજા અનેક પ્રકારના અનર્થો આ લોકમાંજ પ્રાપ્ત કરું છું. આવી રીતે વર્તનારાઓને દુર્ગતિરૂપ મહા ખાડામાં ફેંકી દેનાર પાપ થાય છે એવા વિચારથી મારું હૃદય

૧ અટકાવવું તે, અમુક કાર્ય ન કરવાનો ઉપદેશ.

જાય છે. અને એક મીનિટ પણ અને સુખ મળતું નથી. આ પ્રમાણે હોવાથી હે કૃપાનાથ ! આપ કાંઇ એવું કરી આપો કે જેથી આપના કહેવા પ્રમાણે આચરણ કરવારૂપ બખતર પહેરીને અનર્થોરૂપ બાણોના સમૂહથી રક્ષણ કરાયલો હું રહું.”

સ્વાશ્રયતા-નું મહત્ત્વ.

જીવનાં આ પ્રમાણેનાં વચન સાંભળીને ગુરુ મહારાજે તેને કહ્યું: “ભદ્ર! બીજાના નિવારણ કરવાથી અને તેના પરના “વિશ્વાસથી અકાર્ય વર્જવાનું બની આવે છે તે તો “કોઇ કોઇ વખતજ બની શકે છે. આ પ્રમાણે અન્યના “ઉપદેશથી કોઇ કોઇ વાર અકાર્ય વર્જવાનું પરિણામ “તને પોતાને અને બીજાને કેવું સારૂં આવે છે તે તેં જોયું અને તેમ “કરવાથી તને કેટલો મોટો ફેર પડી જાય છે તે તેં અનુભવ્યું. અમારે “તો અનેક પ્રાણીઓ ઉપર ઉપકાર કરવાનો હોય છે, તેઓને ઉપદેશ “આપવાનો હોય છે અને તેઓને યોગ્ય રીતે સમજાવવાના હોય છે “તેથી તારી પાસે આખો વખત રહીને દરેક બાબતમાં તને નિવારણ “કરવાનું અમારાથી બની શકે નહિ. આ પ્રમાણે હોવાથી જ્યાંસુધી “તારી પોતાની સદ્બુદ્ધિ જાગ્રત નહિ થાય ત્યાંસુધી જે આચરણોનું “અમે નિવારણ કરવાનો તને ઉપદેશ આપીએ છીએ તે આચરણ “ઉપર તારી આસક્તિ હોવાને લીધે તેનાથી થતી અનર્થપરંપરા રોકી “શકાશે નહિ; તે અનર્થપરંપરા એ ને એ પ્રમાણે થયાંજ કરશે. સદ્બુ- “દ્ધિરેव हि परप्रत्ययमनपेक्ष्य स्वप्रत्ययेनैव जीवमकार्यान्निवारयति. સદ્બુદ્ધિજ “એક એવી વસ્તુ છે કે જે અન્ય તરફની પ્રેરણાની અપેક્ષા રાખ્યા “વગર પોતાના પ્રયત્નથી–જાતપ્રેરણાથીજ જીવને અકાર્ય કરતાં “નિવારણ કરે છે અને અસરકારક રીતે નિવારણ કરી શકે છે. “એના પ્રતાપથીજ પ્રાણી અનર્થોથી બચી શકે છે.”

સદ્બુદ્ધિ-ની મહત્તા.

આ પ્રમાણે સાંભળીને જીવે કહ્યું “ભગવન્! તે કદાચ મને મળવાની હશે તો તે પણ આપના પ્રસાદથીજ મળશે, બીજી કોઇ રીતે મળી શકવાની નથી.” ગુરુ મહારાજે ઉત્તરમાં જણાવ્યું “વારૂ, તો હું તને સદ્બુદ્ધિ “આપું છું. અમારા જેવાને તો તે (સદ્બુદ્ધિ) વચન- “નેજ તાબે રહે છે, પરંતુ તારે આ સંબંધમાં આટલું ધ્યાનમાં રાખવાનું “છે કે સદ્બુદ્ધિ આપવામાં આવી હોય તોપણ જે પ્રાણીઓ પુણ્ય- “શાળી હોય છે તેઓનેજ તે સારી રીતે [1]પરિણમે છે, બીજાઓને તે

[1] પરિણામ ઉપજાવવું.

"સારી રીતે પરિણમી શકતી નથી. એનું કારણ એ છે કે પુણ્યશાળી
"પ્રાણીઓ હોય છે તેઓનેજ તેના ઉપર આદર થાય છે, બીજા પ્રાણીઓને
"તેના ઉપર જોઇએ તેવો આદરજ થતો નથી. શરીર ધારણ કરનાર
"પ્રાણીઓને જેટલાં કષ્ટ થાય છે-જેટલા અનર્થ થાય છે એ સર્વ સદ્
"બુદ્ધિ નહિ હોવાને લીધે થાય છે અને આ સંસારમાં જેટલાં કલ્યાણ
"છે-જેટલાં સુખો છે તે સર્વનો આધાર સદ્બુદ્ધિ ઉપરજ છે. જે મહાત્મા
"સદ્બુદ્ધિના સંબંધમાં પ્રયત્ન કરે છે, તેને પ્રાપ્ત કરવા માટે પ્રયાસ કરે
"છે અને તેના સંબંધમાં નિર્ણય કરવા યત્ન કરે છે તેઓજ સર્વજ્ઞ મહા
"રાજની ખરેખરી આરાધના કરે છે અને જેઓ તેમ કરતા નથી તેઓ
"સર્વજ્ઞ મહારાજની આરાધના કરી શકતા નથી. હું તારી પાસે આટલી
"બધી વાત કરું છું, ઉપદેશ આપું છું અને યોગ્ય માર્ગે લઇ આવવા
"પ્રયત્ન કરું છું તે સર્વ પ્રયત્ન તને હરકોઇ પ્રકારે સદ્બુદ્ધિ પ્રાપ્ત કરા
"વવા માટેજ છે. સદ્બુદ્ધિ વગરના પ્રાણીઓને કદાચ વ્યવહારથી-ઉ
"ઉપરથી જ્ઞાન પ્રાપ્ત થઇ જાય છે તોપણ તેમાં અને જ્ઞાન પ્રાપ્ત ન
"થાય તેમાં કાંઇ મોટો ફેર પડતો નથી, કારણ કે એવા પ્રકારનું જ્ઞાન
"પોતાનું કામ કરતું નથી અથવા આવી રીતે માત્ર વ્યવહારથી જેઓને
"જ્ઞાન પ્રાપ્ત થાય છે તેઓ પોતાનું સ્વકાર્ય (મોક્ષ પ્રાપ્ત કરવાનું અથવા
"આત્મ કલ્યાણ કરવાનું કાર્ય) કરી શકતા નથી અને પરિણામ વગરનું
"જ્ઞાન તે લગભગ નકામા જેવું છે. વધારે તો શું કહેવું? પણ સદ્
"બુદ્ધિ વગરના મનુષ્યમાં અને પશુમાં કાંઇજ તફાવત નથી;
"તેવો પ્રાણી જનાવરથી કોઇ પણ બાબતમાં ચડતો હોય એમ લાગતું
"નથી. તેટલા માટે જો તારે સુખ મેળવવાની ઇચ્છા-હોંશ હોય
"જો તને દુઃખથી ખરેખરો ભય થયો હોય તો અમે આજે તને
"સદ્બુદ્ધિ આપીએ છીએ તેને તું યત્ન કરીને જાળવી રાખજે
"તેના ઉપર પૂર્ણ આદરભાવ બતાવજે. તેના ઉપર જો તું આ
"કરીશ અને તે સંબંધમાં જો બરાબર યત્ન કરીશ તો તેમ કરવા
"આચાર્ય વચન સાંભળ્યું. [illegible] પરમાત્માને બહુ પ્રકારે
"[illegible]
"([illegible]) [illegible]
"[illegible]
"[illegible] છે.

[illegible]

૧ [illegible]

ા અને પ્રાપ્તિ-
રસ્પર સંબંધ.

પ્રફુલ્લિત થયું અને તેથી તેણે ગુરુ મહારાજના વચનને સ્વીકાર્યું. ત્યારપછી ગુરુ મહારાજ આ પ્રાણીને સદુપદેશ આપે છે "ભદ્ર ! હું તને એક ખાસ ગુહ્ય[1] "હકીકત કહું છું તે તારે બરાબર ધ્યાન રાખીને ારણુ કરવીઃ જ્યાંસુધી આ પ્રાણી વિપરીત જ્ઞાનને લઇને દુઃખથી નરેલાં ધન વિષય વિગેરેમાં સુખનો આરોપ કરે છે અને સુખથી મરેલાં વૈરાગ્ય તપ સંયમ વિગેરેમાં દુઃખનો આરોપ કરે છે ત્યાંસુધીજ એને દુઃખની સાથે સંબંધ થાય છે; જ્યારે એને જણાય છે કે ઇંદ્રિયના વિષયોમાં અથવા વિષય સારૂ પ્રવૃત્તિ કરવી તેમાં દુઃખ છે અને ધન વિગેરે પદાર્થોની આકાંક્ષા દૂર કરવી એજ સુખ છે ત્યારે એની સર્વ ઇચ્છાઓનો વિચ્છેદ થયેલો હોવાથી તેને કોઇ પણુ પ્રકારની આકુળતા વગર સ્વાભાવિક સુખ પ્રગટ થાય છે અને નિરંતર તે આનંદમાં રહે છે. વળી તને એક બીજી પણુ મુદ્દાની વાત કહું તે તારા હૃદયપટ પર આળેખી રાખજેઃ જેમ જેમ આ પ્રાણી સ્પૃહા (ઇચ્છા, પારકી આશા) વગરનો થતો જાય છે તેમ તેમ તેનામાં પાત્રતા આવતી જતી હોવાથી તેને સર્વ સંપત્તિઓ મળતી જાય છે અને જેમ જેમ એ સંપત્તિ પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળો-અભિલાષાવાળો થતો જાય છે તેમ તેમ તેની અયોગ્યતા વિચારીને સંપત્તિઓ તેનાથી વધારે ને વધારે દૂર નાસતી ફરે છે. આ પ્રમાણેનો તારા મનમાં નિશ્ચય કરીને તારે સાંસારિક પદાર્થો મેળવવાને માટે કે ભોગવવાને માટે અભિલાષા કરવી નહિ. જો તું એ પ્રમાણે કરીશ તો સ્વપ્નાવસ્થામાં પણુ તને મનની કે શરીરની પીડાની ગંધ પણુ આવશે નહિ એટલે જાગ્રતાવસ્થામાં તો શું પણુ સ્વપ્નામાં પણુ તને કોઇ પ્રકારની માનસિક કે શારીરિક પીડા થશે નહિ." ગુરુ મહારાજ આ પ્રમાણે પ્રાણીને ઉપદેશ આપે છે તેને અમૃતની જેમ આ પ્રાણી ગ્રહણુ કરે છે. આ પ્રાણીને સદ્બુદ્ધિ પ્રાપ્ત થઇ છે એમ ધારીને ગુરુ મહારાજ પોતાના મનમાં નિશ્ચય કરે છે કે હવે પછી એ પ્રાણી ઉલટા માર્ગે કદિ પણુ જશે નહિ. આવા વિચારથી ગુરુ મહારાજ એ પ્રાણીના સંબંધમાં નિશ્ચિન્ત[2] થયા.

આ પ્રાણીને સદ્બુદ્ધિ પ્રાપ્ત થયા પછી તે શ્રાવકઅવસ્થામાં

૧ સાંભળનારને લાભ કરે તેવી, ઘણા ન જાણે તેવી ખાનગી હકીકત અન્યથા નહિ સમજવું ગુહ્ય રહસ્ય

૨ ચિન્તા રહિત, ફિકર વગરના

૨૫

પીડા: ગુણ અને પ્રમોદ.

વર્તતો હોય અને તેથી ઇંદ્રિયના વિષયોનો ઉપભોગ કરતો હોય, ધન સ્ત્રી વિગેરે તે ગ્રહણ કરતો હોય તોપણ તેની સાથે તેને એવો સંબંધ થતો નથી જેથી તે કદિ તૃપ્ત ન થાય, મનમાં સંતોષ પામે નહિ અને નિરંતર વધારે મેળવવાની અભિલાષા કર્યા કરે. વળી તેના મનમાં જ્ઞાન દર્શન ચારિત્ર ઉપર ઘણી પ્રીતિ હોવાને લીધે તેને ધનભોગ વિષયો જેટલા મળે તેટલામાં તેને સંતોષ રહે છે. વળી તે ઉપરાંત સદ્‌બુદ્ધિના પ્રભાવથી જેટલો જ્ઞાન દર્શન ચારિત્ર મેળવવા માટે યત્ન કરે છે તેટલો યત્ન ધન અથવા ભોગના પદાર્થો મેળવવા માટે કરતો નથી. આને પરિણામે અગાઉ ન થયા હોય તેવા રાગ વિગેરે વ્યાધિઓ નવીન વધતા નથી અને અગાઉ જે થયા હોય તે ઓછા ઓછા થતા જાય છે. એ વખતે પણ પૂર્વે (અગાઉના વખતમાં) ઉપાર્જન કરેલાં કર્મનાં ફળ તરીકે જો કે કોઇ કોઇ વખતે શરીર અને મનની પીડા થતી આવે છે તોપણ તેના ઉપર આ પ્રાણીનો તીવ્ર અનુબંધ[1] થતો નહિ હોવાથી તે લાંબો વખત ટકતી નથી, ત્યારે પછી આ પ્રાણીને સંતોષ અને અસંતોષમાં ગુણ દોષનો કેટલો તફાવત છે તે માલૂમ પડે છે અને [2]ઉત્તરગુણોની પ્રાપ્તિને લીધે તેના મનમાં પ્રમોદ પણ થવા લાગે છે.

સદ્‌બુદ્ધિ સાથે વાતચીત.

[3]આગળ કથાપ્રસંગમાં વાત કરી તે આપણે હવે વિચારી "એક દિવસ એકાન્તમાં રહેલો તે (નિષ્પુણ્યક) પોતાના મન અત્યંત રાજી થઇને નિરાકુળપણે સદ્‌બુદ્ધિ સાથે વાત કરવા લા "ભદ્રે! મારા શરીરમાં આ શું બધું નવાઇ જેવું લાગે છે! તું જો ખરી, અત્યાર સુધી જે શરીર સર્વ દુઃખથી ભરપૂર હતું તેજ શ હવે સુખથી ભરપૂર થઇ ગયું છે!" સદ્‌બુદ્ધિએ જવાબ આ "ભાઇ! સારી રીતે પથ્ય સેવવાથી અને તારા શરીરને નુકશ કરનાર વસ્તુ ઉપરના રાગને દૂર કરવાથી એ સર્વ લાભ થયો લાંબા વખતની ટેવથી ખરાબ ભોજન કદાચ કોઇ વાર તું લે છે ખ

---

૧ આસક્તિ, ચાલુ પ્રવાહ. બીજો અર્થ કરવો હોય તો વાક્ય આ પ્ર વાંચવું: "તેનો ચાલુ પ્રવાહ નહિ રહેતો હોવાથી." એને અર્થ ઘટે છે.

૨ શ્રાવકના ૨૧ ગુણો વધારે ઊંચા આકારમાં અહીં પ્રાપ્તી પ્રાપ્ત કરી ગુણ પ્રગતિ કરતો જાય છે તે ઉત્તરગુણો પર સૂચવન જણાય છે.

૩ જુઓ મૂળ કથા માટે અગાઉનું પૃષ્ઠ ૪૧.

તે વખતે તું નરકમાં હોવાથી તને તે ભાજનમાં શરમ બહુ ે છે. એ ખરાબ ભોજનનો ઉપયોગ જ્યારે શરમ સાથે કરવામાં વે ત્યારે તેની અસર નહિ જેવી થઇ જાય છે અને તે ઉપરાંત ા ઉપર તિરસ્કાર હોવાથી–ગૃદ્ધિ નહિ હોવાથી વારંવાર તે ખાવાની છા પણ થયા કરતી નથી. આવા પ્રકારની વૃત્તિ થઇ ગયા પછી ું ખરાબ ભોજન કદાચ થોડું ખાઇ લીધું હોય તો તેથી શરીરે ાધિઓને વધારનાર તે થઇ જતું નથી. તારા મનમાં આનંદ અને ખ થાય છે તે આ કારણથી થયેલ છે.''' આવી રીતે પોતાના મનમાં ને શરીરમાં પ્રમોદ થતો હતો તેનું કારણ સદ્બુદ્ધિ સાથે પ્રાણીએ ાર્યું અને તેના જવાબમાં સદ્બુદ્ધિએ કદન્ન પર લોલુપતાનો કરેલો ાગ અને ત્રણે ઔષધોનું કરેલું સેવન કારણ તરીકે બતાવ્યું અને મ કરવાની યુક્તિનું પણ પ્રતિપાદન કર્યું તે પ્રમાણે આ પ્રાણીના ંધમાં પણ બને છે.

સદ્બુદ્ધિની સાથે વિચાર કરવાથી આ પ્રાણીના ધ્યાનમાં આવે છે કે શરીરમાં અને મનમાં નિવૃત્તિરૂપ સુખ હાલમાં પોતાને પ્રાપ્ત થયું છે તેનું કારણ વિષય વિગેરે પર વસ્તુ પર આસક્તિનો ત્યાગ અને જ્ઞાન દર્શન ચારિત્ર તરફ આદર અને તેની આચરણા છે. પૂર્વ અભ્યાસથી કદાચ આ પ્રાણી વિષયાદિકમાં પ્રવૃત્તિ કરે છે તોપણ તેનામાં સદ્બુદ્ધિ જાગ્રત થયેલ હોવાને લીધે તે વારંવાર એવો વિચાર કર્યા કરે છે કે તેના જેવાને તે પ્રમાણે કરવું કોઇ પણ રીતે ઉચિત નથી. આવા વિચારને પરિણામે તેને વિષયો ઉપર આસક્તિ થતી નથી, તેથી તેના પર તીવ્ર લાલસા થતી નથી અને તેને લઇને આ પ્રાણીને પ્રશમ સુખ પ્રાપ્ત થાય છે. સદ્બુદ્ધિએ આવી રીતે આ પ્રાણીને યુક્તિપૂર્વક સમજાવ્યો એમ સમજવું.

સદ્બુદ્ધિથી પ્રશમ સુખ.

સર્વથા ત્યાગ.

પ્રાપ્ત થયેલા સુખના રસમાં આનંદ પામી તેણે સદ્બુદ્ધિને જે કહ્યું તે હકીકત ત્યારપછી કથાપ્રસંગમાં કહેવામાં આવી છે. “નિષ્પુણ્યકે કહ્યું કે ‘જો એમ હોય તો તે ખરાબ ભોજનનો હું સર્વથા ત્યાગ કરી દઉં કે જેથી મને સુંદર સુખ સારી રીતે પ્રાપ્ત થાય.’ સદ્બુદ્ધિએ જવાબમાં કહ્યું ‘વાત તો તદ્દન યોગ્ય છે, પરંતુ તેનો ત્યાગ

સર્વથા ત્યાગને અંગે સાવચેતી.

બરાબર વિચાર કરીને કરજે, કારણ કે તજ્યા પછી તેના ઉપરના પૂર્વ પ્રેમને લઇને અગાઉના જેવી આકુળ વ્યાકુળતા તને થવી ન જોઇએ. એક વાર એનો ત્યાગ કર્યા પછી ફરી વાર તેના ઉપર સ્નેહ થઇ આવે તેના કરતાં તો ત્યાગ ન કરવો એજ વધારે ઠીક ગણાય, કારણ કે એ તુચ્છ ભોજન ઉપર સ્નેહ રાખવાથી વ્યાધિઓ બહુ વધી જાય છે. ખરાબ ભોજન થોડું થોડું કરવાથી અને ત્રણે ઔષધોનો વધારે વધારે ઉપયોગ કરવાથી તારા વ્યાધિઓ નરમ પડેલા છે અને તને શાંતિ થયેલી છે તેટલું થવું પણ અત્યંત દુર્લભ છે. એક વાર સર્વથા ત્યાગ કર્યા પછી તેવા તુચ્છ ભોજનની ઇચ્છા કરનાર મહામોહના પ્રતાપથી વ્યાધિઓની લાઘવતા (ઓછાશ) પણ જલદી મેળવી શકતા નથી. આ બાબતનો સારી રીતે વિચાર કરીને મનમાં જો ખરેખર ત્યાગ કરવા યોગ્ય ભાસે તોજ ઉત્તમ મનુષ્યોએ તેનો સર્વથા ત્યાગ કરવો ઉચિત છે.' સદ્બુદ્ધિનો આવો જવાબ સાંભળીને તેનું મન જરા ગભ રાટમાં પડી ગયું તેથી પોતે શું કરવું તેનો બરાબર નિશ્ચય તે કરી શક્યો નહિ." આ પ્રાણીના સંબંધમાં પણ એવીજ હકીકત બને છે તે આપણે વિચારીએ.

સર્વસંગત્યાગ માટે કરેલ પર્યાલોચના.

ગૃહસ્થઅવસ્થામાં વર્તતા આ પ્રાણીને જ્યારે સાંસારિક પદાર્થો પરની લાલસા તૂટી જાય છે અને જ્ઞાન દર્શન ચારિ ત્રની આચરણા કરવા પર અત્યંત પ્રેમ થાય છે ત્યા ખરેખરૂં સુખ શું છે અને ક્યાં છે તે તેના જાણવામ આવે છે. પછી તેને પરમ શાંતિનું–પ્રશમનું સુ અવિચ્છિન્નપણે પ્રાપ્ત થાય એટલે એક વાર તે સુખ થયા પછી નિ તર બન્યું ને બન્યું રહે તેવી સ્થિતિ પ્રાપ્ત થાય તેની ઇચ્છા તે મનમાં જાગ્રત થાય છે અને તેને પરિણામે તેના મનમાં સર્વ પરભ વનો ત્યાગ કરવાની બુદ્ધિ થઇ આવે છે. તે વખતે તે પોતાની સ બુદ્ધિ સાથે પોતે સર્વસંગનો ત્યાગ કરવાને સમર્થ છે કે નહિ તે સંબં ધમાં લંબાણ પર્યાલોચના (વિચાર) કરે છે. સદ્બુદ્ધિપૂર્વક વિચ કરવાથી એને માલૂમ પડે છે કે અનાદિ સંસારમાં દીર્ઘ અભ્યાસ આ પ્રાણી વિષયો ઉપર રસપૂર્વક ગૃદ્ધિ રાખ્યા કરે છે અને તે જાણે પોતાના હોય તેમ માનીને વિષયો સાથે કામ લે છે. આ પ્રમા હોવાથી સર્વ પ્રકારના દોષોથી નિવૃત્તિરૂપ ભગવાને બતાવેલી દી અંગીકાર કરીને વળી પાછો અનાદિ કાળથી કર્મોએ કરેલી પોતા ચિત્તાવસ્થિતિમાં તે ચાલ્યો જાય અને 'પૂર્વ પ્રકૃતિને અનુસરવા

તો પોતાના આત્માને ઉલટો વિડંબના[1] કરે. આ પ્રમાણે દીક્ષા ગ્રહણ કરીને વિષયાદિ પર આસક્તિ થાય અને મન લોલુપી રહે તેના કરતાં તો દીક્ષા પહેલેથી ન ગ્રહણ કરવી તે વધારે સારું, કારણ કે તીવ્ર અભિલાષા વગર વિષય વિગેરે સેવતો ગૃહસ્થ (શ્રાવક) પણ જ્ઞાન દર્શન ચારિત્રમાં આચરણ કરવારૂપ [2]દ્રવ્ય સ્તવનો આશ્રય કરીને કર્મરૂપ અજીર્ણનો નાશ કરતો જાય છે અને તેથી રાગાદિ ભાવરોગને ઓછા કરીને કર્મને હલકાં કરી નાખે છે. આવી ભાવરોગની ઓછાશ પણ અનાદિ કાળથી સંસારમાં રખડતાં આ જીવને અગાઉ કદિ પ્રાપ્ત થઇ હોતી નથી અને તેવી ઓછાશ પ્રાપ્ત થવી એ પણ ઘણી મુશ્કેલ બાબત છે. આ પ્રમાણે હોવાથી દીક્ષા લઇને પણ ત્યારપછી જો વિષયની અભિલાષા થાય તો પછી જે બાબતની પ્રતિજ્ઞા લીધી હોય તે નહિ કરવાથી મનમાં ઘણોજ આકરો ક્લેશ થાય છે અને તેથી મનમાં વધારે વધારે રાગ વિગેરે વ્યાધિઓ વૃદ્ધિ પામતા જાય છે. પરિણામે જે ભાવરોગોની ઓછાશ તેને ગૃહસ્થાવસ્થામાં (દેશવિરતિને અંગે) પ્રાપ્ત થઇ શકી હતી તેટલી પણ તે મેળવી શકતો નથી.

ચારિત્ર મોહનીયનો ઉદય.

જે વખતે પ્રાણી ઉપર પ્રમાણે નરમ નરમ વિચાર કરે છે તે વખતે સર્વસંગનો ત્યાગ કરવાની બુદ્ધિને [3]ચારિત્ર મોહનીય કર્મના અંશો વારંવાર હચમચાવ્યા કરતા હોય છે તેથી એને અત્યારે જે બુદ્ધિ ઉત્પન્ન થઇ હોય છે તે પાછી રોળાઇ જાય છે; ત્યારપછી ત્યાગબુદ્ધિ રોળાવાને લીધે તેના વીર્યની હાનિ થાય છે અને તેથી નીચે જણાવ્યાં છે તેવાં અને તેને મળતાં ખોટાં બ્હાનાંઓનો તે આશ્રય લે છે. તે ચારિત્ર મોહનીયને લીધે વિચાર કરે છે અથવા જણાવે છે કે "જો હું દીક્ષા લઉં તો આ મારા મોટા સામું જોઇને જીવનાર મારા કુટુંબનું શું થાય? મારા વિરહથી આખું કુટુંબ સીદાય[4] અને જરૂર જીવેજ નહિ. ત્યારે અવસર વગર અત્યારે મારા નિરાધાર કુટુંબને કેવી રીતે છોડી દઉં? આ મારા છોકરામાં હજુ કોઇ પ્રકારની તાકાત આવી નથી, આ મારી છોકરીને હજુ પરણાવી નથી. મારી બહેનનો પતિ

---

૧ હેરાનગતી, ત્રાસ.

૨ વ્યવહારથી આચરણા કરવી તે.

૩ કષાય મોહનીય અને નોકષાય મોહનીય કર્મો પ્રાણીને ચારિત્ર આવવા દેતા નથી તેવા પ્રકારનાં કર્મોને ચારિત્રમોહનીય કર્મ કહેવામાં આવે છે.

૪ હેરાન થાય.

પરદેશ ગયો છે અથવા તે બિચારી વિધવા છે, તેથી મારે તેનું ભરણ પોષણ કરવું જોઇએ. વળી આ મારો ભાઇ ઘરનો બોજો ઉપાડવાને શક્તિવાન્ થયો નથી, આ મારાં મા બાપ ઘડપણથી અર્ધા બોખરાં થઇ ગયેલાં છે અને મારા ઉપર તેઓનો ઘણોજ સ્નેહ છે; મારા ઉપર અત્યંત પ્રેમ રાખનારી આ મારી સ્ત્રી અત્યારે ગર્ભવતી છે અને મારા વગર એક ક્ષણ પણ જીવી ન શકે તેવી છે. આવા વિસંસ્થુળ[1] કુટું બનો હું કેવી રીતે ત્યાગ કરૂં? મારી પાસે મોટો ધનનો સમૂહ છે, ઘણા માણસો પાસે મારૂં મોટી રકમનું લેણું છે તે ઉઘરાણી મારા વગર કોણ લાવે? અને તે ઉઘરાણી મારા વગર તફડંકે થઇ જાય; અને મારૂં કુટુંબ અને ભાઇઓ સારી રીતે ભક્તિ કરનારા અને મોટી સં ખ્યામાં છે તે સર્વનું મારે ભરણપોષણ કરવું જોઇએ તેથી લોકોની પાસેથી ઉઘરાણી વસુલ કરીને અને તે રોકડ નાણું મારા કુટુંબીઓને અને ભાઇઓને યોગ્ય રીતે વહેંચી દઇને પછી તેમાંથી કેટલાક દ્રવ્યને ધર્મની બાબતમાં સખાવત દ્વારા ખરચ કરીને, પોતાની હોંશથી માતા પિતા પાસેથી રજા મેળવીને અને મારા ગૃહસ્થ તરીકેનાં સર્વ કાર્ય પૂર્ણ કરીને પછી દીક્ષા લઇશ. ઉઘરાણી વસુલ થઇ નથી, કુટુંબની વ્યવસ્થા હજુ કરી નથી તેથી આ દીક્ષાનો વખત ન હોવાથી અ દીક્ષાના વિચારોથી અત્યારે શું?

"[2]વળી દીક્ષા લેવી અને પાળવી એ તો સાક્ષાત્ હાથવડે મો
"[3]સ્વયંભૂરમણ સમુદ્રને તરવા જેવું છે, ગંગા
કાયરનાં "પૂર જોરથી ચાલતા પ્રવાહની સામે તરવા જેવું
બ્હાનાં "લોઢાના ચણા ચાવવા જેવું છે, લોઢાના લાડુ ભક્ષ
"કરવા જેવું છે, છિદ્રવાળી (મોકળી) કામળ
"સૂક્ષ્મ પવનથી ભરવા જેવું છે, મેરૂ પર્વતને પોતાના માથાથી ઉ
"નાખવાના પ્રયત્ન જેવું છે, સમુદ્રનું ડાભના અગ્ર ભાગથી માપ લે
"જેવું છે, તેલથી સંપૂર્ણ ભરેલા પાત્રને હાથમાં લઇને સો યોજ

---

૧ અસ્તવ્યસ્ત સ્થિતિમાં, ઢંગધડા વગરના, પોતાની મેળે વ્યવસ્થા ચલાવી શકે તેવા.

૨ આ આખું વાક્ય નિર્બળ-સંસારરસિક અથવા બ્હાનાં કાઢનારના બિન્દુથી બોલાયલું છે તે ધ્યાનમાં રાખવું.

૩ સર્વથી મોટો દરિયો. તેનું પ્રમાણ બહુ મોટું છે અને તે સર્વથી આવેલો છે.

૪ અથવા ગધેડા ઉપર નાખવાની ગુણો.

"દોડતાં દોડતાં તેમાંથી તેલનું એક પણ ટીપું બહાર નહિ પડવા દેવા "જેવું છે, જમણાં અને ડાબાં ફરતાં આઠ ચક્રોના વચલા ભાગથી "પસાર થનાર બાણવડે તે આઠે ચક્રની ઉપર રહેલી પુતળીની ડાબી "આંખમાં બાણ મારવા જેવું છે અર્થાત્ રાધાવેધ સાધવા જેવું છે, "પગ ક્યાં પડે છે તેની દરકાર કર્યા વગર તીક્ષ્ણ તરવારની ધાર પર "ચાલવા જેવું છે; કારણ કે અહીં[1] પરિષહો સહન કરવા પડે છે, "દેવતાઓ વિગેરેની તરફથી અમે તે પ્રકારના ઉપસર્ગો થાય તેની "સામું થવું પડે છે, સર્વ પ્રકારનાં પાપના સંબંધથી નિવૃત્તિ કરવી "પડે છે, યાવજ્જીવ (જીવે ત્યાંસુધી) મેરૂ પર્વત જેટલો ભારે શીલનો "ભાર વહન કરવો પડે છે, નિરંતર પોતાના આત્માને માધુકરી[2] "વૃત્તિથી વહન કરવો પડે છે, તેમાં શરીરને ભારે તપથી તપાવવું "જોઇએ, સંયમને આત્મભાવમાં લઇ આવવો જોઇએ, રાગ વિગેરે "ભાવશત્રુઓને મૂળથી ઉખેડી નાખવા જોઇએ અને અંતરમાં રહેલા "અજ્ઞાનરૂપ અંધકારના પ્રસારનો રોધ કરવો જોઇએ. વળી વિશેષ "શું કહેવું? કોઇ પણ પ્રકારનો પ્રમાદ કર્યા વગર મહામોહરૂપ વૈતા- "ળનો નાશ કરવો જોઇએ.

વધારે બંધાતાં.

"આવી રીતે દીક્ષા લેવી અને પાળવી એ તો બહુ ભારે કામ છે અને મારા શરીરનું તો અત્યાર સુધી કોમળ શય્યાવડે, સારાં સારાં ભોજનવડે લાલન પાલન કર્યું છે અને મારા મનના સંસ્કારો પણ એવાજ પ્રકારના છે, તેથી દીક્ષાનો આવો મોટો ભાર ઉપાડવાની હજુ મારામાં શક્તિ આવી નથી. સાથે એ વાત પણ બરાબર ધ્યાનમાં રાખવાની જરૂર છે કે જ્યાંસુધી સર્વે પ્રકારના મનના અને અંતરના ગોટાળા દૂર કરીને ભગવાનની દીક્ષા લેવામાં ન આવે ત્યાંસુધી સંપૂર્ણ શાંતિસામ્રાજ્ય પ્રાપ્ત કરાવનાર અને સર્વે કલેશનો છેડો આણનાર મોક્ષ પણ પ્રાપ્ત ન થાય. આમ છે તેથી મારે હવે શું કરવું તેની કાંઇ ખબર પડતી નથી." પોતાને શું કરવું યોગ્ય છે તે બાબતનો નિર્ણય નહિ કરી શકવાને લીધે સંદેહરૂપ હીંડોળા પર ચટેલો આ પ્રાણી કેટલોક વખત આવા આવા વિચાર કરવામાં કાઢી નાખે છે.

---

1 જુઓ અધ્યાત્મકલ્પદ્રુમ પૃષ્ઠ ૩૯૪-૫ (પ્રથમાવૃત્તિ).

2 સાધુ આહાર લેવા જાય તેને **માધુકરી વૃત્તિ** કહે છે. મધમાખ જેમ ફુલ પર બેસી ફુલને પીડા ઉપજાવ્યા વગર તેમાંથી રસ ચૂસે તેમ સાધુ કોઇને બોજારૂપ થયા વગર અન્ય પાસેથી આહાર ગ્રહણ કરે છે.

વિગેરેનું પરિણામ તો આવું છે! આ પ્રમાણે વારંવાર બને છે, છતાં હું તે બાબતનો બરાબર વિચાર કરતો ન હોવાથી મને એના ઉપર સ્નેહને લીધે મોહ થયા કરે છે અને તે ઓછો થતો નથી. ખરેખર હું મારા કુટુંબીઓને વળગતો જાઉં છું અને તેઓ તો સ્વાર્થસંબંધ વખતે મારી દરકાર પણ કરતા નથી અને ધન પણ નાશ પામી જાય છે ત્યારે મારે કોની ખાતર આ બધું મારા આત્માના ભોગે કરવું? એ ધન કે કુટુંબ પર સ્નેહ કરી સંસારમાં પડ્યા રહેવું તે અજ્ઞાનનું પરિણામ છે. આવી રીતે જેના પરિણામે ચોક્કસ નુકશાન થવાનું છે એમ જાણતાં છતાં અનર્થને લઇને જાણે મારૂં હૃદય બહેર મારી ગયું હોય તેમ મારા આત્માને શા માટે હું છેતરૂં છું? માટે આ અંતરંગ અને બાહ્ય સંગનો સમુદાય જે સર્વ કચરા જેવો છે અને જે [1]કોશેટા કરનાર કીડાની જેમ આત્માને બંધન માત્ર કરાવવારૂપ ફળ આપે છે તેનો સર્વથા ત્યાગ કરી દઉં. જો કે જેમ વધારે વધારે વિચાર કરવામાં આવે છે તેમ તેમ વિષય સેવવાના રસમાં લીન થયેલા મનને

મનની મજબૂતી.

વિષયભોગનો ત્યાગ કરવો વધારે વધારે મુશ્કેલ લાગતો જાય છે, છતાં મારે એ સર્વસંગનો ત્યાગ કરવોજ જોઇએ, પછી જે થવાનું હશે તે થશે. એમાં થવાનું પણ શું છે? મને કાંઇ થવાનું નથી. આ ખરાબ પદાર્થોનો ત્યાગ કરવામાં મારૂં શું ખોટું થવાનું છે? એના ત્યાગથી તો ઉલટો અત્યાર સુધી કદિ નહિ થયેલ અને કોઇની ઉપમા આપી ન શકાય એવો મનનો પ્રમોદ પ્રાપ્ત થશે. જ્યાં સુધી આ પ્રાણી વિષયકીચડમાં હાથીની પેઠે ખુંચેલો રહે છે ત્યાં સુધી આ સર્વ વસ્તુઓનો ત્યાગ કરવો તેને આકરો લાગે છે, જ્યારે આ પ્રાણી એ વિષયકાદવમાંથી બહાર નીકળી આવે છે ત્યારે આ હૃદયમાં વિવેક આવી જવાથી તે ધન વિષય ઉપર નજર પણ નાખતો નથી. को हि नाम सकर्णको लोके महाराज्याभिषेकमासाद्य पुनश्चाण्डालभावमाकाङ्क्षेत् अर्थात् એવો કોણ ડાહ્યો મનુષ્ય હોય કે જેને એક વખત મોટું રાજ્ય પ્રાપ્ત થાય ત્યારપછી પોતાના અગાઉના ચંડાળપણાની ઇચ્છા રાખે? વાત એમ છે કે કોઇ ચંડાળને પ્રયાસ કરવાથી મોટું રાજ્ય મળી જાય ત્યારે પછી જો તેનામાં ડહાપણ હોય તો તે કદિ રાજ્યને છોડીને પાછું ચંડાળપણું ગ્રહણ કરવાનો વિચાર કરેજ નહિ.

---

૧ રેશમનો કીડો પોતાના શરીરમાંથી તાંતણા કાઢી પોતાની જાતને બંધનમાં નાખે છે અને પરિણામે મરણનું દુઃખ પોતાને હાથે કરીને વહોરી લે છે.

તેવી રીતે સર્વસંગત્યાગરૂપ મહારાજ્ય પ્રાપ્ત કર્યા પછી કચરા જેવા વિષયો કે જે ચંડાળપણા સાથે સરખાવવા યોગ્ય છે તેને ભોગવવાની કયા સમજુ પ્રાણીને ઇચ્છા થાય? માટે મારે એ સર્વ ધન વિષય સ્ત્રી વિગેરેનો ત્યાગ કરવોજ જોઇએ. એને તજી દેવામાં કોઇ પ્રકારની મુશ્કેલી આવવાની નથી.' આવી રીતે પોતાના મનમાં આ પ્રાણી ચોક્સ નિર્ણય કરે છે.

ત્યારપછી તે સદ્બુદ્ધિ સાથે વિચાર કરીને નિર્ણય કરે છે કે આ ઘણી મહત્વની બાબત છે તેથી તે સંબંધમાં સદ્ગુરુ મહારાજને પણ પૂછવું ઠીક છે. ત્યારપછી ગુરુ મહારાજની પાસે જઇને તે નિષ્પુણ્યક પોતાનો સર્વ વિચાર વિનયપૂર્વક તેમને જણાવે છે. ગુરુ મહારાજ નિષ્પુણ્યકે બતાવેલા સર્વ વિચારો ધ્યાન આપીને સાંભળે છે, પછી તેને કહે છે "ભદ્ર! બહુ સારૂં! તારો વિચાર ઘણો ઉત્તમ છે, પરંતુ તારે એટલું ધ્યાનમાં રાખવાનું છે કે આ રસ્તેથી મોટા પુરુષો પસાર થઇ ગયા છે અને બીકણ માણસોને એ રસ્તે જતાં ભય ઉત્પન્ન થાય છે. તારી આ રસ્તે ચઢવાની ઇચ્છા થઇ છે તો તારે ખૂબ ધૈર્ય ધારણ કરવું. જે પ્રાણીઓને અતિ ઉંચા પ્રકારના ચિત્તનો આશ્રય મળી શકતો નથી તેઓ આ માર્ગના બીજા છેડા સુધી પહોંચી શકતા નથી; માટે તારે જો આ માર્ગ આદરવો હોય તો પ્રથમ પરિપૂર્ણ વિચાર કરજે." આવા પ્રકારના વિચારો ગુરુ મહારાજે બતાવ્યા તે દરિદ્રીની કસોટી કરવા બરાબર સમજવા. તે હકીકત સાંભળીને આ પ્રાણી ગુરુ મહારાજનાં વચન ભાવપૂર્વક અંગીકાર કરે છે. ત્યારપછી ગુરુ મહારાજ આ પ્રાણીની સારી રીતે પરીક્ષા કરે છે, પોતાની સાથે બીજા ગીતાર્થ સાધુઓ હોય છે તેઓની સાથે આ પ્રાણીની યોગ્યતાના સંબંધમાં વિચાર ચલાવે છે અને ત્યારપછી તેને દીક્ષા આપે છે. આ પ્રમાણે સર્વ વસ્તુસંબંધનો ત્યાગ કરવો તે પેલા નિષ્પુણ્યકના ખરાબ ભોજનના સંપૂર્ણ ત્યાગ બરાબર સમજવું. આ ભવમાં આ પ્રાણીએ જે જે પાપો કર્યા હોય તે સર્વ શોધી શોધીને તે દરેકને માટે ત્યારપછી ગુરુ મહારાજ તેને [1]પ્રાયશ્ચિત્ત આપે છે તે શુદ્ધ પ્રાણીથી આ પ્રાણીનું ભિક્ષાપાત્ર સાફ કરવા બરાબર સમજવું. ભિક્ષાપાત્ર તે જીવિતવ્ય (મનુષ્યભવ) છે એમ અગાઉ જણાવી દીધુ છે. ત્યારપછી ચારિત્ર આપવું–દીક્ષા આપવી તે ભિક્ષાપાત્રને સુંદર ભોજનથી

પ્રવ્રજિની ભાવનાની કસોટી.

[1] આલોચણા, પાપની શિક્ષા.

ભરવા-પૂરવા બરાબર સમજવું. જ્યારે ગુરુ મહારાજના ઉપદેશ
આ પ્રાણી દીક્ષા લે છે ત્યારે અનેક ભવ્ય પ્રાણીઓનાં ચિત્તને આ[ક]
થાય તેટલા માટે સંઘપૂજા, ચૈત્યપૂજા વિગેરે શુભ પ્રવૃત્તિના કાર[ણ]
ભૂત મોટો મહોત્સવ થાય છે. 'આ પ્રાણીને અ[મે]
સંસારઅટવીથી પાર ઉતાર્યો' એવા વિચારથી ગુ[રુ]
મહારાજના મનમાં પણ સંતોષ થાય છે. એને લઈ[ને]
આ પ્રાણી તરફ ગુરુ મહારાજની દયા વધારે વૃદ્ધિ
પામે છે, એ દયાના પ્રભાવથી આ પ્રાણીની સદ્બુદ્ધિ વધારે નિર્મ[ળ]
થાય છે. એનાં આવાં સુંદર અનુષ્ઠાનો જોવાથી લોકોમાં પણ તેને નિ[મિત્તે]
કાંઈક સારા વિચારો બંધાય છે અને જૈન શાસનની ઉન્નતિ થાય છે.
આ સર્વ હકીકત કહી તે મૂળ કથામાં કહેલા નીચેના શ્લોક બરાબ[ર]
સમજવી.

દીક્ષાથી આનંદ-નું વાતાવરણ.

धर्मबोधकरो हृष्टस्तद्दया प्रमदोद्धुरा,
सद्बुद्धिर्वर्धितानन्दा मुदितं राजमन्दिरम् ।

'આ બનાવથી ધર્મબોધકર ખુશી થયા, તદ્દયા હર્ષઘેલી થ[ઈ]
ગઈ, સદ્બુદ્ધિનો આનંદ વૃદ્ધિ પામ્યો અને આખું રાજમંદિર ખુશી
થયું.' એ બાબતનો આશય આવી રીતે વધારે સ્પષ્ટ થાય છે. જ્યારે
આ પ્રાણીએ મેરૂ પર્વત જેવડો વિરતિનો મોટો ભાર ઉપાડ્યો
એટલે ભક્તિના ઉભરાથી ઉભરાઈ જઈને અને આખા શરીરે રોમાં[ચ]
યુક્ત થઈને અન્ય પ્રાણીઓ તેનાં વખાણ કરવા લાગ્યા "અહો! આ
મહાત્માને ધન્ય છે! એ બરાબર કૃતાર્થ થયો છે! એ મહાત્મા પોતાના
જન્મને બરાબર સફળ કરે છે! એ ભાઈશ્રીની સારી પ્રવૃત્તિ જોતાં
એમ ચોક્કસ જણાય છે કે ભગવાને એના ઉપર કૃપાનજર કરી
છે. એના ઉપર શુદ્ધ ધર્મનો ઉપદેશ આપનાર ગુરુ મહારાજની મ[હેર]
થયેલી થઈ છે, એના પુણ્યથી એનામાં સારી બુદ્ધિ ઉત્પન્ન થઈ છે
[illegible]

[illegible]

ઓળખવા લાગ્યા અને લોકોમાં તેનું એવું નામ થયું તે બરાબર યુક્તિયુક્તજ હતું.

રાજમંદિરમાં સ્થિતિ.

ત્યારપછી કથાપ્રસંગમાં આગળ[1] કહેવામાં આવ્યું છે કે "ત્યારપછી સપુણ્યક સદ્બુદ્ધિ અને તદ્દયાની સાથે રાજમંદિરમાં જ્યારથી રહેવા લાગ્યો ત્યારથી તેની જે સ્થિતિ બની તે હવે કહીએ છીએ. શરીરે નુકશાન કરે તેવું અપથ્ય ભોજન તે કરતો નહિ હોવાથી તેના શરીરે પ્રગટપણે મોટી પીડા ઘણું ખરું થતીજ નહોતી અને કદાચ પૂર્વેના દોષથી સહજ પીડા થઇ આવતી તો તે બહુ થોડી અને થોડા વખત સુધી રહે તેવી થતી હતી. એને હવે કોઇ પ્રકારની ઇચ્છાઓ રહેલી ન હોવાથી તે લોકવ્યાપારનો વિચાર પણ કરતો નહિ અને અત્યંત આનંદમાં આવીને પૂર્ણ હોંશથી વિમળાલોક અંજન પોતાની આંખમાં વારંવાર આંજતો હતો, જરા પણ થાક્યા વગર તત્ત્વપ્રીતિકર પાણી દરરોજ પીતો હતો અને પેલું સુંદર મહાકલ્યાણક ભોજન દરરોજ સારી રીતે ખાતો હતો. આ અંજન, જળ અને ભોજનના ઉપયોગથી દરેક મીનિટે તેના બળમાં વધારો થવા લાગ્યો, સુખમાં વધારો થવા લાગ્યો, શાંતિમાં વધારો થવા લાગ્યો, તેમજ રૂપમાં, શક્તિમાં, પ્રસન્નપણામાં તેમજ બુદ્ધિની અને ઇંદ્રિયોની પટુતામાં ઘણો વધારો થવા લાગ્યો. તેના શરીરમાં રોગો બહુ હોવાને લીધે હજુ તેને તદ્દન આરામ થયો નહોતો છતાં તેના શરીર પર ઘણો મોટો ફેરફાર થયેલો દેખાતો હતો. તેટલા માટે કહ્યું છે કે—

यः प्रेतभूतः प्रागासीद् गाढं बीभत्सदर्शनः ।
सा तावदेव संपन्नो मानुषाकारधारकः ॥

'અત્યાર સુધી જે ભૂત પ્રેત જેવો અત્યંત ભયંકર અને કદરૂપો લાગતો હતો અને કોઇને તેના સામું જોવું પણ ગમતું નહોતું તે હવે મનુષ્યનો સુંદર આકાર ધારણ કરનારો થઇ ગયો હતો.' અગાઉ દરિદ્રીપણામાં તુચ્છતા, અધૈર્ય, લોલુપતા, શોક, મોહ, ભ્રમ વિગેરે હલકા ભાવો તેનામાં બહુ હતા તે ત્રણ ઔષધના આસેવનથી લગભગ નાશ પામવા જેવા થઇ ગયા હતા અને તે તેને જરા પણ પીડા કરતા ન હોવાથી તે નિરંતર આનંદી મનવાળો થઇ ગયો."

૧ દીક્ષાઅવસરે નામ ફેરવવામાં આવે છે તે હકીકતનું સૂચક આ વાક્ય સમજવું.

૨ જુઓ કથા માટે અગાઉ પૃષ્ઠ ૪૪.

આત્મભાવ રમણતા.

આ સર્વ હકીકત આ જીવના સંબંધમાં પણ એવીજ રીતે બને છે તે આવી રીતે ધ્યાનમાં લેવી: ઘર વિગેરે દ્વંદ્વોનો[1] ભાવપૂર્વક ત્યાગ કરેલ હોવાથી રાગ વિગેરેથી ઉત્પન્ન થતી પીડા આ પ્રાણીને થતી નથી, કારણ કે કારણ વગર કોઇ કાર્ય થતું નથી અને અહીં દ્વંદ્વના ત્યાગથી સમાનભાવ આવી જાય છે એટલે રાગ, દ્વેષ વિગેરે વિકારો કોઇ પ્રકારે જોર કરી શકતા નથી. કદાચ પૂર્વ કર્મોના ઉદયથી કોઇ વખત સહેજસાજ પીડા થઇ આવે છે તો તે બહુ થોડો વખત ટકતી હતી, તે બહુ લાંબો વખત કદિ ચાલતી નહિ. વળી આ પ્રાણી લોકવ્યાપારની કોઇ પણ પ્રકારની અપેક્ષા, ઇચ્છા કે દરકાર રાખતો નહિ હોવાથી તે તો આખો વખત વાચના (વાંચન), પૃચ્છના (પ્રશ્નો પૂછવા–જવાબ લેવા દેવા વિગેરે ચર્ચા), પરાવર્તના (પાછળનું ભણેલું યાદ કરી જવું–રીવીઝન), અનુપ્રેક્ષા (અભ્યાસ કરેલી બાબત પર વિચાર કરવો–તેના પર ચર્વણ કરવું) અને ધર્મકથા (ધર્મની બાબતમાં જ્ઞાનગોષ્ઠિ અને જ્ઞાનચર્ચા કરવી) કરવામાં રોકાઇ રહીને પોતાના જ્ઞાનમાં વધારો કરે છે, જૈન શાસનની શોભા વધારે અને ઉન્નતિ કરે એવા શાસ્ત્રના વિશાળ અને વિસ્તીર્ણ અભ્યાસથી પોતાના દર્શન ગુણને સારી રીતે સ્થિર કરે છે અને ઉત્તમ પ્રકારનાં તપ નિયમ વિગેરેથી પોતાની જાતને સુંદર પ્રવૃત્તિમાં સારી રીતે રોકી ચારિત્રને પણ પોતાના આત્માની સાથે એક કરી નાખે છે એટલે પોતે ચારિત્રમય બની જાય છે. આ હકીકત ભાવપૂર્વક ત્રણે ઓષધોને સેવવા બરાબર સમજવી. ત્યારપછી એ પ્રાણીની એ પ્રકારની પરિણતિ થવાથી તેનામાં બુદ્ધિ, ધીરજ, સ્મૃતિ (યાદશક્તિ), બળ વિગેરે ગુણો પ્રગટ થાય છે. માત્ર અગાઉના ભવમાં સંચય કરેલાં કર્મોના જોરથી તેનામાં હજુ કોઇ કોઇ વખત રાગ દ્વેષાદિ ભાવરોગો જોર કરી આવતા હતા અને તેથી તે તદ્દન નીરોગી થયો નહોતો તોપણ તેના વ્યાધિઓ ઘણા નરમ (હલકા) પડી ગયા હતા. પરિણામ એ થયું કે અત્યાર સુધી તેને અનાર્ય (ખોટું) કાર્ય કરવામાં પ્રીતિ

---

૧ શીત અને ઉષ્ણ, સુખ અને દુઃખ એ સર્વને દ્વંદ્વ કહેવામાં આવે છે. આ પ્રાણીને સુખ દુઃખ પર કે એવા પરસ્પર વિરોધી ભાવો પર સમાનભાવ થાય તે દશા બહુ પસંદ કરવા યોગ્ય–આદરવા યોગ્ય છે. ઘરની બાબતમાં પોતાનું અને પારકું ઘર એવો ભાવ લઇ શકાય, પણ અહીં તે ઘટતો નથી. અહીં ગૃહપતિપણું ને ઘરરહિતપણું–ગૃહપતિપણું તજેલું તે સમજવું. અથવા દ્વંદ્વ એટલે કલેશ.

ઉત્પન્ન થતી હતી તેને બદલે હવે ધર્મઆચરણ કરવામાં પ્રીતિનો અનુભવ થતો હોવાથી તેમાં મજા આવતી હતી.

રોગનાશ.

ત્રણે ઔષધોના આસેવનના પ્રભાવથી તે દરિદ્રીના જેમ બહુ કાળથી થયેલા તુચ્છતા, કલીબતા (મંદપણું), શોક, મોહ, ભ્રમ વિગેરે ભાવો નાશ પામી ગયા અને તે રંક કાંઇક ઉદાર ચિત્તવાળો થયો તેવીજ રીતે આ જીવ પણ જ્ઞાન દર્શન ચારિત્રને આદરવાથી પોતાને અનાદિ કાળથી જેની સાથે પરિચય થયેલો હતો એવા તુચ્છતા વિગેરે વિકારી ભાવોને દૂર કરીને થોડો થોડો ઉજ્જવળ મનવાળો થયો. આવી રીતે આ પ્રાણીને ભાવરોગો નવા ઉત્પન્ન થતા બંધ થઇ ગયા અને પૂર્વે કર્મના જોરથી કોઇ ઉદય આવતા તો તેને તે વધારે વધવા દેતો નહોતો, ઔષધના સેવનથી તરતમાંજ મટાડી દેતો હતો. એકંદરે ઔષધના પ્રભાવથી તેના શરીરે ઘણી સ્વસ્થતા થઇ આવી.

ઔષધદાન-ગ્રંથઉત્પત્તિ.

દાન કરવાનો નિર્ણય.

ત્યારપછી કથાપ્રસંગમાં આગળ કહેવામાં આવ્યું છે કે "એક દિવસ અત્યંત આનંદમાં આવી જઇને સદ્બુદ્ધિને તેણે પૂછયું 'ભદ્રે! આ સુંદર ત્રણે ઔષધો મને કયા કર્મના યોગથી મળ્યા?' સદ્બુદ્ધિએ જવાબ આપ્યો 'ભાઇ! અગાઉ જે આપ્યું હોય તેજ પાછું મળે છે એમ લોકોમાં કહેવાય છે તેથી એમ જણાય છે કે અગાઉ તેં કોઇ વખત અન્યને તે વસ્તુઓ આપી હશે.' સદ્બુદ્ધિનો આવો જવાબ સાંભળીને સપુણ્યક વિચાર કરવા લાગ્યો 'જો કોઇને દીધેલું હોય તે પાછું મળતું હોય તો અનેક પ્રકારે કલ્યાણ કરનાર આ ત્રણે ઔષધો યોગ્ય પાત્રને સારી રીતે ખૂબ આપું કે જેથી ભવિષ્યમાં અન્ય જન્મમાં તે ન ખૂટે તેટલાં મને મળ્યાં કરે." આ જીવના સંબંધમાં પણ તેવુંજ બને છે તે આપણે હવે જોઇએ.

દાન અને પ્રાપ્તિનો સંબંધ.

જ્ઞાન દર્શન ચારિત્રના વિશેષ વિશેષ સેવનથી આ પ્રાણીના મનમાં શાંતિનું સુખ થાય છે તેનો અનુભવ કરતાં સદ્બુદ્ધિના પ્રભાવથી આ પ્રાણીને જણાય છે કે સર્વ પ્રકારનાં કલ્યાણોની પરંપરાને મેળવી આપનાર અને સાધારણ રીતે મળવાં પણ મુશ્કેલ આ જ્ઞાન દર્શન ચારિત્ર સર્વને બહુ મુશ્કેલીએ પ્રાપ્ત થાય છે તે મને મળી ગયાં છે

તેમ થવું મારા પૂર્વ કાળનાં શુભ આચરણો વગર સંભવે નહિ, એટલે મેં અગાઉ એને મળતાં કોઇ સારાં આચરણો કર્યાં હશે તેના પરિણામે આ સર્વ જ્ઞાન દર્શનાદિ મને અત્યારે પ્રાપ્ત થયાં છે. આ વિચારને પરિણામે વળી તેને વધારે વિચારો થાય છે. હવે ભવિષ્યમાં પણ એ જ્ઞાન દર્શન મને અવિચ્છિન્નપણે (ચાલુપણે–આંતરા વગર) કેવી રીતે મળી શકે એનો પણ વિચાર કરીને નિર્ણય કરવો જોઇએ. વિચાર કરતાં કરતાં એવો નિર્ણય થાય છે કે મને અત્યારે જે પ્રાપ્ત થયેલ છે તે અગાઉ મેં કોઇને તેનું દાન કરેલું હોવું જોઇએ અને એ દાનના કારણથીજ મને અહીં તે મળ્યાં છે. આ વિચારને પરિણામે તે આગળને માટે વિચાર કરે છે કે જો એમજ છે તો પછી હું સત્પાત્રને (યોગ્ય પ્રાણીને–અધિકારીને) એ જ્ઞાન દર્શન ચારિત્રનું હાલ દાન કર્યા કરૂં કે જેથી મારાં ઇચ્છિત સર્વ કાર્યની સિદ્ધિ થાય એટલે એ મને ભવિષ્યમાં ચાલુ નિયમિતપણે મળ્યા કરે.

લોકોનો નિરાદર.

આગળ કથામાં કહેવામાં આવ્યું હતું કે “ તેના (સપુણ્યકના) મનમાં આવા પ્રકારનો નિશ્ચય થયો તે સુસ્થિત મહારાજે સાતમે માળે બેઠા બેઠા જોયો, ધર્મબોધકરને તે બહુ પસંદ આવ્યો, તદ્દયાએ તેને વધાવી લીધો, સર્વ લોકોએ તેની પ્રશંસા કરી અને સદ્દબુદ્ધિને તો તે બહુજ ગમી ગયો. આ હકીકત તેના જાણવામાં આવવાથી તેને પોતાને (સપુણ્યકને) પણ એમ લાગવા માંડ્યું કે ‘ હું પુણ્યવાન્ હોવાથી લોકોમાં બહુ ઉત્તમ સ્થાન ભોગવું છું. હવે કોઇ મારી પાસે આવીને આ ત્રણ ઔષધો માગે તો તેને જરૂર આપીશ.’ એવા વિચારથી આપી દેવાની ઇચ્છાપૂર્વક તે દરરોજ લેવા આવનારની રાહ જોઇને બેસી રહેતો હતો. પ્રાણી પોતે અત્યંત નિર્ગુણી હોય પણ મહાત્મા પુરૂષો જો તેની મોટાઇ વધારે તો તે આ અધમ દરિદ્રીની પેઠે અભિમાની થઇ જાય છે. હકીકત એમ હતી કે એ મંદિરમાં જે લોકો રહેતા હતા તે દરરોજ ત્રણે ઔષધોનો સારી રીતે ઉપયોગ કરનારા હતા અને તેના જોરથી કોઇ પણ પ્રકારની ચિંતા પીડા વગરના હોઇને પરમ ઐશ્વર્યવાળા થઇ ગયા હતા. જેઓએ તુરતમાંજ એ રાજમંદિરમાં પ્રવેશ કર્યો હતો અને જેઓ દ્રમકની જેવા (પોતાનું ત્રણ ઔષધરૂપ ધન જેઓ પાસે કાંઇ ન હોય તેવા નિર્ધનીઓ) હતા એતો બીજા પાસેથી ત્રણે ઔષધો સારી રીતે મેળવી શકતા હતા. આ પ્રમાણે હોવાથી મંદિરમાં ઘણા કાળથી આવી રહેલા અને નવા આવ-

નારામાંથી કોઇ પણ ઔષધો લેવા માટે તેની પાસે આવતા નહિ અને તે સત્પુરુષ ચોતરફ યાચના કરનારની રાહ જોતો ચક્ષુ ફેરવતો બેસી રહેતો હતો. આવી રીતે ઘણો વખત રાહ જોઇને બેસી રહેવા છતાં ઔષધનો ખપી કોઇ તેની પાસે આવ્યો નહિ"—આ પ્રાણીના સંબંધમાં આવીજ હકીકત બને છે તે આપણે જોઇએ.

મિથ્યાભિમાન અને પરિણામ.

બીજા પ્રાણીઓને જ્ઞાન દર્શન ચારિત્ર એ ત્રણ રત્નોનું-ઔષધોનું દાન કરવાની ઇચ્છાવાળો પ્રાણી વિચાર કરે છે 'અહો! ભગવાને મારા ઉપર કૃપાદૃષ્ટિ કરી છે, આચાર્ય મહારાજ મારે માટે મોટું માન ધરાવે છે, તેમની દયા મારા ઉપર મહેરબાની કરવા માટે નિરંતર તૈયાર રહે છે, મારા મનમાં સદ્બુદ્ધિનો કાંઇ કાંઇ વિકાસ થઇ ગયો છે અને સર્વ લોકો મારાં વખાણ કરે છે-આટલા ઉપરથી મારો પુણ્યોદય વધારે થયેલ હોવાને લીધે હું જનસમૂહમાં બહુ ઉત્તમ થઇ ગયો લાગું છું.' આવા વિચારને પરિણામે તે પ્રાણી પોતે પુણ્યશાળી હોવાનું અને લોકોમાં ઉત્તમ હોવાનું મિથ્યા અભિમાન ધારણ કરે છે. **પ્રાણી પોતે અત્યંત નિર્ગુણી (ગુણ વગરનો) હોય પણ મોટા માણસો તેનું માન સન્માન વધારે તો તેની મગરૂબી વધી પડે છે** તેનું આ દરિદ્રી સાક્ષાત્ ઉદાહરણ છે. જો એમ ન હોય તો આ પ્રાણી પોતાની જાતની સર્વ પ્રકારની લઘુતા ભૂલી જઇને આવી રીતે ખોટું અભિમાન શા માટે કરે? આવા મિથ્યાભિમાનથી લેવાઇ ગયેલો આ પ્રાણી વિચાર કરે છે કે 'જો કોઇ જ્ઞાન દર્શન ચારિત્રનો અર્થી પ્રાણી પોતાની ઇચ્છાથી મારી પાસે આવી વિનયપૂર્વક જ્ઞાનાદિ સંબંધી સવાલ મને પૂછશે તો તેની પાસે હું આ જ્ઞાન દર્શન ચારિત્રનું સ્વરૂપ પ્રતિપાદન કરીશ, એવી રીતે જાતે આવીને વિનયપૂર્વક નહિ પૂછે તો આપણે કાંઇ કહેવા જવાના નહિ.' આવા પ્રકારના વિચારમાં તણાયેલો તે પ્રાણી જિનેન્દ્રશાસનમાં ઘણો વખત રહે છે, પણ તેની ઇચ્છા પ્રમાણે પૃચ્છનાર તેની પાસે કોઇ આવતું નથી. એનું કારણ એ હતું કે જે પ્રાણીઓ આ જિનરાજના ભુવનમાં પોતાના ભાવથી વર્તતા હોય છે તેઓ તો પોતે સ્વતંત્રપણે લેઇએ તેટલા પ્રમાણમાં જ્ઞાન દર્શન ચારિત્રને ધારણ કરનારા હોય છે અને તેઓ વળી વધારે ઊંચા પ્રકારનાં સુંદર જ્ઞાનાદિ મેળવી શકના હોય છે તેથી તેઓ આવા પ્રકારના બહારના ઉપદેશની અપેક્ષા રાખતા નથી અને કેટલાક પ્રાણીઓ જેઓ તુરતમાંજ કર્મનું વિવર (માર્ગ) પામીને આ શાસનમાં દાખલ થયેલા હોય છે અને જેઓની વૃત્તિ સન્માર્ગ તરફ સન્મુખ ભાવે થયેલા

હોય છે પણ જેઓ ઊંચા પ્રકારનાં જ્ઞાન દર્શન ચારિત્રથી રહિત હોય છે તેઓ પણ આ પ્રાણી (જે ઉપર પ્રમાણે મિથ્યાભિમાનને લીધે મગરૂબીથી ટટાર રહે છે તે)ની સામું પણ જોતા નથી, કારણ કે ભગવાનના મતમાં બીજા અનેક મહા બુદ્ધિશાળી સદ્‍બોધ આપવામાં કુશળ મહાત્મા પુરુષો હોય છે કે જેઓની પાસેથી આવા તુરતમાં રાજમંદિરમાં દાખલ થયેલા પ્રાણીઓ જ્ઞાનાદિ પોતાની ઇચ્છા પ્રમાણે જોઇએ તેટલાં કોઇ પણ પ્રકારના ક્લેશ વગર મેળવી શકે છે. આવી રીતે પોતાની પાસેનાં જ્ઞાનાદિના ખપવાળો કોઇ પણ પ્રાણી પ્રાપ્ત ન થવાથી પોતાની જાતને મોટી માનવાના ગર્વમાં નકામો તણાઇ જઇને લાંબો વખત સપુણ્યકની પેઠે આ પ્રાણી બેસી રહે છે, પણ પોતાના સ્વાર્થને તે કોઇ પણ પ્રકારે સાધી શકતો નથી.

મૂળ કથાપ્રસંગમાં[1] ત્યારપછી આગળ કહેવામાં આવ્યું છે કે "જ્યારે પોતાનાં ઔષધને લેનારો (ખપી) જીવ તેની પાસે કોઇ આવ્યો નહિ ત્યારે વળી એક દિવસ તેણે સદ્‍બુદ્ધિને આ પ્રમાણે થવાનું કારણ પૂછ્યું. સદ્‍બુદ્ધિએ કહ્યું 'ભાઇ! તારે બહાર આવીને ઘોષણાપૂર્વક આ ત્રણે ઔષધો પોકારી પોકારીને જે કોઇ લે તેને આપવાં અને એમ કરતાં જો કોઇ લેનાર મળી આવશે તો બહુ સારૂં થશે.' સદ્‍બુદ્ધિની આવી સલાહથી 'લોકો! ભાઇઓ! મારી પાસેથી આ ઔષધો ગ્રહણ કરો, ગ્રહણ કરો' એ પ્રમાણે ઊંચા સ્વરથી બોલતો તે ઘરે ઘરે ફરવા લાગ્યો. તેની આવી આઘોષણા સાંભળીને જે અત્યંત હલકા પ્રાણીઓ હતા તે કોઇ કોઇ વખત જરા જરા ઔષધ તેની પાસેથી લેતા હતા અને બીજા તેવાજ હલકા પ્રાણીઓ મનમાં વિચાર કરતા હતા કે 'અહો! અગાઉ આપણે આ ભિખારીને જોયો હતો તે અત્યારે ગાંડો થઇ ગયો હોય એમ જણાય છે. જુઓ તો ખરા! રાજસેવક પાસેથી ઔષધો મેળવીને હવે તે આપણને આપવા નીકળી પડ્યો છે!' આવો વિચાર તેના સંબંધમાં કરીને તે માણસો તેની ઘણી મશ્કરી કરતા હતા, કેટલાક તેને ઉડાવતા હતા અને કેટલાક તેના તરફ બેદરકારી બતાવી તેના તરફ તદ્દન નિરાદર બતાવતા હતા. આવી રીતે સપુણ્યકને અન્ય પ્રાણીઓને દાન આપવાની થયેલી રૂચિ તેમજ તેના ઉત્સાહને ભાંગી નાખે એવી તુચ્છ લોકોની વર્તણૂક જોઇને તે સદ્‍બુદ્ધિને કહેવા લાગ્યો 'ભદ્રે! મારૂં ઔષધ તો જે ભિખારીઓ હોય છે તેજ માત્ર ગ્રહણ કરે છે, કોઇ મોટા માણસો તો મારી પાસેથી લેતા નથી

લોકોનો નિરાદર.

---

૧ જુઓ પૃષ્ઠ ૪૬.

અને મારી ઇચ્છા તો એવી છે કે સર્વ લોકો મારાં ઔષધોનો ઉપયોગ કરે. વિશુદ્ધ દર્શન કરનાર મહાશયા! ભૂત ભવિષ્યની વિચારણા કરવામાં તું ઘણી પ્રવીણ છે, તો મહાત્મા પુરુષો મારી પાસેથી ઔષધો ગ્રહણ કરતા નથી તેનું કાંઇ કારણ હોવું જોઇએ તે શોધી આપ.' આવો સપુણ્યક તરફનો પ્રશ્ન સાંભળીને સપુણ્યકે મને મોટા કામમાં

દાનનો ઉપાય.

જોડી એવો વિચાર કરતી વિચક્ષણ સદ્બુદ્ધિએ મહા ધ્યાનમાં પ્રવેશ કર્યો અને એ પ્રમાણે કામ બનવામાં અંતરંગ કારણ શું છે તેનો પોતાના મનમાં નિર્ણય કરીને તે બોલી: 'સર્વ પ્રાણીઓ તારાં ઔષધોને ગ્રહણ કરે તેવો એકજ ઉપાય છે અને તે એ છે કે જે રાજમાર્ગમાં લોકોની આવજા બહુ થતી હોય ત્યાં લાકડાના વિશાળ પાત્રમાં આ ત્રણે ઔષધો મૂકીને પછી પોતાના મનમાં વિશ્વાસ રાખીને તારે દૂર બેસી રહેવું. તારૂં અગાઉનું દરિદ્રીપણું સંભારીને જે લોકો આ ઔષધો તારા હાથથી ગ્રહણ કરતા નથી તેઓમાંથીજ કોઇ કોઇ તેના અર્થી હશે તે ત્યાં કોઇને નહિ દેખવાથી પોતાની મેળેજ પાત્રમાંથી ઔષધો ગ્રહણ કરશે. તેમાંથી કોઇ એકાદ ખરો ગુણવાન્ પ્રાણી તારૂં ઔષધ લેનારો નીકળી આવશે તો તારો મનોરથ પૂર્ણ થઇ જશે એમ હું માનું છું, કારણ કે કોઇ જ્ઞાનમય પાત્ર આવશે, કોઇ તપમય પાત્ર આવશે, એમાં જે જ્ઞાનપાત્ર આવશે તે તને તારશે.' સદ્બુદ્ધિના આવા કુશળ જવાબથી સપુણ્યકના આનંદમાં સારી રીતે વધારો થયો અને સદ્બુદ્ધિએ તેને જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે તેણે કર્યું. બેટલા માટે આ હકીકત કહેવામાં આવી છે કે એ દરિદ્રીએ બતાવેલાં ઔષધોને જે પ્રાણીઓ ગ્રહણ કરશે તે સર્વ રોગ વગરના થઇ જશે, કારણ કે નીરોગી થવાનાં કારણભૂત એ ત્રણે ઔષધોજ છે. જે હકીકત અહીં કહેવામાં આવી છે તે તમામને માટે કહી છે અને તે ગ્રહણ કરવાથી રચનાર ઉપર ઉપકાર થાય તેમ છે, માટે તે વિષયમાં મારી ઉપર દયાળુ સર્વેએ તે ત્રણે વસ્તુઓ લેવાની કૃપા કરવી, સર્વે તે લેવાને યોગ્ય છે." મારા જીવના સબંધમાં પણ એજ પ્રકારે હકીકત બની છે તે આપણે હવે ઉઘાડે વિચારી જઇએ:-

આ પ્રાણીને દાન આપવાની ઇચ્છા થતાં તેના જ્ઞાન દર્શન ચારિત્ર લે તેવું કોઇ પાત્ર ન મળવાથી તે સદ્બુદ્ધિપૂર્વક નિરાંતે વિચાર કરે છે ત્યારે તેને માલૂમ પડે છે કે મૌન ધારણ કરીને બેસી રહેવાથી કોઇને જ્ઞાન દર્શન આપવાનું બની શકે તેમ નહીં અને બીજા પ્રકાર-

[illegible]

બીજાને જ્ઞાન દર્શન સંપાદન કરાવવારૂપ ઉપકાર કરવો એજ પરમાર્થ પરોપકાર છે, તેના જેવો અન્ય પરોપકાર કોઇ હોય એમ સંભવતું નથી. પ્રાણીને જો સન્માર્ગ પ્રાપ્ત થઇ ગયો હોય તો તે જન્મ જન્માન્તરમાં પણ પોતાને આંતરા વગર કે આગળ વધાર વગર [illegible] મોટું બેસી જેની અભિલાષા હોય તેણે ઉપર જણાવ્યો છે તેવા પ્રકારનો પરોપકાર કર્યા કરવો. કારણ કે પરોપકારનો આચાર એવો છે કે એ પુરુષોના ગુણોના ઉત્કર્ષને સારી રીતે પ્રગટ કરી બતાવે છે. વળી એ પરોપકાર બરાબર સારી રીતે કર્યો હોય તો તે ધીરજમાં વધારો કરે છે, દીનતા (ગરીબાઇ, રાંકાઇ) ને દૂર કરે છે, ચિત્તને ઉદાર બનાવે છે, સ્વાર્થીપણું તજાવી દે છે, મનને નિર્મળ કરે છે અને પ્રભુતા પ્રગટ કરે છે. આ પ્રમાણે થવાથી જે પરોપકારપરાયણ પુરુષને વીર્યનો ઉલ્લાસ થાય છે એ [illegible] વૃદ્ધિ થાય છે અને તેનાં મોહનીય કર્મો નાશ પામે છે જેથી જન્માંતરમાં ઉત્તરોત્તર વધારે સારા સારા સંસ્કાર તે કરે છે અને ત્યાંથી પાછો પડી જતો નથી. આ પ્રમાણે હોવાથી જેને જ્ઞાન દર્શનાદિ પ્રાપ્ત હોય તેણે પણ અન્યની ગતિ [illegible] ઉપકાર કરવાને માટે બની શકતો સર્વ પ્રયત્ન કરવો [illegible] અને તે સંબંધમાં અન્ય પ્રાણી આગળથી પાછો આગળથી [illegible] તેને [illegible] એવી અપેક્ષા રાખવી નહિ. [illegible]

[illegible]

[illegible]

[illegible]

હોવાથી તેનો સર્વ ઉપદેશ હસવા જેવો લાગે છે. આ પ્રાણી જો કે તેઓ તરફના સર્વ પ્રકારના તિરસ્કારને યોગ્ય છે છતાં તે મહાત્માઓ આ પ્રાણીને ધિક્કારતા નથી તેમાં તે મહાત્માઓનું મોટું મન છે, એમાં આ પ્રાણીની કાંઇ વિશેષતા નથી અથવા તેવો તેનામાં અપૂર્વ કોઇ ગુણ નથી.

ગ્રંથવ્યવસ્થા.

આ પ્રમાણે પોતાનો ઉપદેશ તદ્દન મંદ બુદ્ધિવાળાજ ગ્રહણ કરે છે એવી સ્થિતિ જોઇ પોતાનો ઉપદેશ સર્વ પ્રાણીઓ ગ્રહણ કરે એવો અનુકૂળ તે કેવી રીતે થઇ શકે તે માટે આ પ્રાણી વિચાર કરે છે. વિચાર કરતાં અને સદ્બુદ્ધિ સાથે અભિપ્રાય મેળવતાં આ પ્રાણીને આ પ્રમાણે રસ્તો સૂજે છે. 'અહો! હું સર્વ પ્રાણીઓને આવી રીતે સાક્ષાત્ ઉપદેશ આપું છું તે એ સર્વ લોકો લે એમ જણાતું નથી (કારણ કે તેઓ મારી જાત તરફ નજર કર્યા કરે છે અને મારી યોગ્યતા તરફ જુએ છે), માટે હવે હું એમ કરૂં કે આ ભગવાનના મતનાં સારભૂત [illegible] દર્શન અને ચારિત્ર જે હું સર્વ લોકોને બતાવવા ઇચ્છું છું તેના [illegible] યોગ્ય (જ્ઞેય-જ્ઞાનનો વિષય), શ્રદ્ધા કરવા યોગ્ય (શ્રદ્ધેય-[illegible] વિષય) અને આદરવા અથવા આચરવા યોગ્ય (અનુષ્ઠેય-[illegible] વિષય) અર્થની એક ગ્રંથના આકારમાં રચના કરૂં અને તેમાં [illegible] અને [1]વિષયીનો અભેદ છે એમ બતાવી આપું. એવી [illegible] ગ્રંથમાં કરી તે ગ્રંથને આ જૈન શાસનમાં ભવ્ય જીવો [illegible] મૂકી દઉં. આ પ્રમાણે કરવાથી તેમાં રહેલાં [2]જ્ઞાનાદિ [illegible] ગ્રહણ કરવા યોગ્ય થશે. હું જે ગ્રંથ બનાવું છું તે સર્વને [illegible] લાભ અને બોધ આપે તો બહુ સારૂં, પણ છેવટે સર્વ [illegible] જીવને પણ તે ભાવપૂર્વક પરિણમશે તો મારો કરેલો સર્વ [illegible] થયો એમ હું [3]માનીશ'. આ પ્રમાણે વિચાર કરીને [illegible] ગુણવાળી આ ઉપમિતિ ભવપ્રપંચા કથા કે જેમાં [illegible] પ્રપંચનું ઉપમાન કરવામાં આવ્યું છે તેની રચના [illegible] ઊંચા પ્રકારના શબ્દાર્થ ન હોવાથી તે સુવર્ણપાત્રમાં [illegible]

૧ ગ્રંથનો વિષય-જ્ઞાન દર્શન ચારિત્ર.

૨ જ્ઞાનાદિવાન્ જીવ. જીવ અને જીવના ગુણોનો [illegible].

૩ આ વિચારો કેટલા સુંદર છે અને ઉપોદ્ઘાત [illegible] અનુસાર લાગે છે તે માટે જુઓ ઉપોદ્ઘાત.

મ આપણે દુનિયામાં દરરોજ જોઇએ છીએ અને ભોજનમાં ભૂખને ત કરવાની જે શક્તિ છે તે ભોજન બનાવનાર અથવા પીરસના- ા ક્ષુધાદોષથી ચાલી જતી નથી અથવા નાશ પામી જતી નથી આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ; આવી રીતે હું તો જો કે જ્ઞાન ન ચારિત્રથી અધુરો છું છતાં આ ગ્રંથમાં ભગવાનના આગમમાં ી રીતે જ્ઞાન દર્શન ચારિત્ર બતાવવામાં આવ્યાં છે તેને મેં તેવા કારમાં નિવેદન કર્યાં છે તેને જે ભવ્યાત્મો ગ્રહણ કરશે તેઓના ગ દ્વેષાદિ ભાવરોગો જરૂર ઓછા થશે અને છેવટે નાશ પામી શે, કારણ કે રાગાદિ દોષનો સર્વથા નિરંતરને માટે ક્ષય કરવો એ ાન દર્શન ચારિત્રનું કાર્ય છે. આ ઉપરથી જણાયું હશે કે વક્તાના ંગત દોષથી વક્તવ્ય વિષયના સ્વરૂપને જો તે યથાસ્થિત રૂપે કહે- ામાં આવેલ હોય તો કોઇ પણ પ્રકારે હાનિ થતી નથી.

આત્મલઘુતા-નિવેદન.

જો કે ભગવાનના સિદ્ધાન્તમાં કહેલું એક પદ પણ ભાવપૂર્વક સાંભળવામાં આવ્યું હોય તો તે સમસ્ત રાગાદિ ભાવરોગનો નાશ કરવાને સમર્થ છે અને તે સાંભળવું તમારાથી સહજ (વગર પ્રયાસે અથવા અલ્પ પ્રયાસે) બની શકે તેમ છે અને વળી પૂર્વ કાળના મહાપુરુષોએ રચેલી કથાઓ તથા પ્રબંધોનું ભાવનાપૂર્વક શ્રવણ કરવાથી રાગ વિગેરે વ્યાધિઓ વધારે સારી રીતે નાશ પામી શકે તેવો સંભવ છે, તોપણ આ ઉપાયથી સંસારસમુદ્ર તરવાની ઇચ્છાવાળા મારા ઉપર મહેરબાની કરીને-મારા ઉપર દયા લાવીને સર્વ સજ્જન પુરુષો આ મારી કથા સાંભળવા કૃપા કરશે[1] એવી મને પૂર્ણ આશા છે.



[1] અહીં ગ્રંથકર્તા પોતાના પુસ્તકને વાંચવાનો આગ્રહ કેવા મુદ્દા ઉપર કરે છે અને કેવી નમ્ર ભાષામાં કરે છે તે ખાસ વિચારવા યોગ્ય છે. તેઓ પોતાનાં વખાણ નથી કરતા, પણ જાણે વાંચનાર પુસ્તક વાંચે અથવા કથા સાંભળે તે કર્તા ઉપર ઉપકાર કરવા માટે હોય એવા આશયથી અતિ નમ્ર લખાણ સિદ્ધર્ષિ ગણિએ કર્યું છે. આ મુદ્દા પર વિશેષ હકીકત માટે જુઓ ઉપોદ્‌ઘાત.

* * * *

* * * * *

ઉપસંહાર.

[1]આ પ્રમાણે અગાઉ જે નિષ્પુણ્યકનું દૃષ્ટાન્ત લખવામાં આવ્યું હતું તેના લગભગ દરેકે દરેક પદનો ઉપનય-કહેવાનો તાત્પર્યાર્થ અહીં વિસ્તારપૂર્વક બતાવ્યો છે, છતાં વચ્ચે વચ્ચે કદાચ કોઇ પદનો ઉપનય ઉતારવો રહી ગયો હોય અથવા ન ઉતાર્યો હોય તો તેની આગળ પાછળના સંબંધથી પોતાની બુદ્ધિવડે યોજના કરી લેવી. જેઓ સંકેત સમજી ગયા હોય છે તેઓને ઉપમાન બતાવવાથી ઉપમેય સમજવું મુશ્કેલ પડતું નથી એટલે જેઓ કથાની અંદરનો આશય જાણતા હોય (સંકેત) તેઓને પછી ઉપમાન એટલે જે વસ્તુ સાથે ઉપમા કરવામાં આવે તે બતાવ્યું હોય તો તે ઉપરથી રહસ્યાર્થ (ઉપમેય-તાત્પર્યાર્થ)માં શું સમજવાનું છે તે તેઓ સમજી જાય છે, તેને ઉપમેય સમજવામાં મુશ્કેલી પડતી નથી. આ હકીકત બતાવવા માટે આ ગ્રંથની શરૂઆતમાં ઉપમાનરૂપ કથાની રચના કરવામાં આવી છે. હવે જે કથા રચવામાં આવે છે તેમાંનું એક પણ પદ બનતાં સુધી ઉપમેય વગરનું નહિ આવે, પરંતુ એવી બાબતનો વિસ્તારથી ઉપનય કેવી રીતે ઉતારવો તે બાબતમાં આપ સર્વ આ કથાથી શિક્ષિત થઇ ગયા છો તેથી હવે પછી લખવાની [2]ઉપમિતિ ભવપ્રપંચા કથામાં તમારી સર્વની સુખે પ્રવૃત્તિ થઇ શકશે. હવે આ બાબતમાં ઉપોદ્‌ઘાતરૂપે વધારે વિસ્તાર કરીને લખવાની જરૂર રહી નથી.

* * * *

* * * * *

---

૧ પ્રથમ પ્રસ્તાવ લખવાનો હેતુ શું છે તે અત્ર ગ્રંથકર્ત્તા પોતેજ સ્પષ્ટ કરે છે. આખા ગ્રંથનો ઉપનય ઉતારતાં લાખો શ્લોકો લખવા પડે, તે વાંચવાનો સમય મળે નહિ તેમજ તેટલી ધીરજ રહે નહિ તેથી તેના બચાવ ખાતર આ સર્વ પ્રયત્ન યોગ્ય રીતે કર્યો છે. હવે જે ગ્રંથ શરૂ થાય છે તેનો અત્ર ઉપોદ્‌ઘાત થયો. એ પર વિશેષ હકીકત માટે જુઓ મારો ઉપોદ્‌ઘાત.

૨ અહીં સ્પષ્ટ થાય છે કે ખરેખરો ગ્રંથ બીજા પ્રસ્તાવથી શરૂ થાય છે અને આ આખો પ્રથમ પ્રસ્તાવ તેના ઉપોદ્‌ઘાતરૂપે છે.

इह हि जीवमपेक्ष्य मया निजं,
यदिदमुक्तमदः सकले जने;
लगति संभवमात्रतया त्वहो[1],
गदितमात्मनि चारु विचार्यताम्.

'મેં મારા જીવની અપેક્ષાએ અહીં જે જે કહ્યું છે તે તે સર્વ ઘણે ભાગે બધા જીવોને લાગુ પડે તેવું છે. આ પ્રમાણે હોવાથી ઉપર જે હકીકત કહેવામાં આવી છે તે તમને પોતાને લાગુ પડે છે કે નહિ તેનો સારી રીતે વિચાર કરશો.'

निन्दात्मनः प्रवचने परमः प्रभावो,
रागादिदोषगणदौष्ट्यमनिष्टता च;
प्राक्कर्मणामतिबहुश्च भवप्रपञ्चः,
प्रख्यापितं सकलमेतदिहाद्यपीठे.

' આ પીઠબંધરૂપ પ્રથમ પ્રસ્તાવમાં મારી (પોતાની) નિન્દા, જિનશાસનનો પરમ પ્રભાવ, રાગ દ્વેષ વિગેરે દોષોની દુષ્ટતા, પૂર્વ ભવમાં કરેલાં કર્મોની અનિષ્ટતા (ન ઇચ્છવા છતાં પણ ન ઇચ્છવા યોગ્ય પરિણામ નીપજાવવાની પદ્ધતિ) અને બહુ પ્રકારનો સંસારનો પ્રપંચ બતાવવામાં આવ્યો છે.'

संसारेऽत्र निरादिके विचरता जीवेन दुःखाकरे,
जैनेन्द्रं मतमाप्य दुर्लभतरं ज्ञानादिरत्नत्रयम्;
लब्धे तत्र विवेकिनादरयता भाव्यं सदा धर्पते,
तत्संघाय कथानकेन भवतामित्येतदावेदितम्.

---

૧ હવે એ પ્રમાણે પ્રતમાં પાઠ છે.
૨ ત્વહો પ્રતમાં પાઠાંતર

'આ દુઃખની ખાણરૂપ અનાદિ સંસારમાં રખડતા પ્રાણીને જિનેંદ્ર ભગવાનના ધર્મની પ્રાપ્તિ થયા છતાં પણ સમ્યગજ્ઞાન, સમ્યગ્દર્શન, સમ્યક્‌ચારિત્રરૂપ રત્નત્રયની પ્રાપ્તિ થવી બહુ મુશ્કેલ છે. વિવેકી અને આદરવાળા પ્રાણીને રત્નત્રય પ્રાપ્ત થયા પછી તેનું ભવ્યત્વ હમેશાં વિશેષપણે આગળ પ્રગતિ પામતું જાય છે, વધારો કરતું જાય છે-આ કથાનકના પ્રથમ પ્રબંધમાં આપની પાસે આ બાબત નિવેદન કરવામાં આવી છે.'

* * *

* * * *

इति श्रीसिद्धर्षिगणिकृतायां उपमितिभवप्रपञ्चायां कथायां पीठबन्धो नाम प्रथमः प्रस्तावः

આ પ્રકારે શ્રીસિદ્ધર્ષિગણિની બનાવેલી ઉપમિતિ ભવપ્રપંચા કથાનો પીઠબંધ નામનો પહેલો પ્રસ્તાવ અસલ સંસ્કૃત ભાષામાં હતો તેનું ગુજરાતી અવતરણ પૂર્ણ થયું.



પ્રથમ પ્રસ્તાવ.

પરિશિષ્ટ. અ.

સંબંધ માટે જુઓ પૃ. ૧૨ ની નોટ.

અંતરંગ લોકોનાં સ્થાન, અરસપરસ ઓળખાણ, ગમનાગમન, વિવાહ, સગપણ વિગેરે બનાવવાનાં છે તેનો આગમથી બચાવ કરતાં ગ્રંથકર્તા કહે છે કે ગુણાંતરની અપેક્ષા રાખીને ઉપમા દ્વારથી બોધ કરાવવાની પદ્ધતિ આગમને સંમત છે; તેનાં ચાર દૃષ્ટાન્તો તેમણે ત્યાં આપ્યાં છે. એ ચારે દૃષ્ટાન્તો બીજી અનેક રીતે બોધદાયક હોવાથી આગમના ખાસ અભ્યાસીઓને પૂછીને અત્ર ઉતારી લેવામાં આવ્યાં છે તે મનન કરવા યોગ્ય છે. ચારે દૃષ્ટાન્તો હેતુ અર્થ સાથે નીચે પ્રમાણે છે.

* * * *

* * * * *

(૧)

[1]આવશ્યક સૂત્રમાં મગશેળીઆ પાષાણ અને પુષ્કરાવર્ત મેઘની સ્પર્ધા.

આવશ્યક સૂત્ર ઉપર હરિભદ્રસૂરિની વૃત્તિ છે તેમાં વિષય ઉદ્દેશ વિગેરે જણાવી ત્યારપછી વ્યાખ્યાનવિધિ પર વિવેચન કરતાં જણાવ્યું છે કે સૂત્રનું વ્યાખ્યાન કરનાર આચાર્ય ગુણવાન્ હોવા જોઇએ અને તેને સમજનાર શિષ્ય પણ ગુણવાન્ અને ખપી હોવો જોઇએ. એ પર સાત દૃષ્ટાન્તો આપ્યાં છે, તેમાંનું એક દૃષ્ટાન્ત આપણે વિચારી જઇએ.

ગોદૃષ્ટાન્તઃ કોઇ ગામમાં એક ધુતારે રોગવાળી ગાયને વેચી, એ ગાય એટલી બધી રોગથી ભરપૂર હતી કે ઊભી પણ થઇ શકે તેવી નહોતી. ખરીદનાર મૂર્ખ હોવાથી તેણે તપાસ કર્યા વગર બેઠેલી હતી તેવી ને તેવી ગાયને ખરીદી લીધી. પછી તે ગાયને બજારમાં વેચવા નીકળ્યો. ખરીદનારા કહેવા લાગ્યા કે અમે ગાયને તપાસીને ખરીદીએ ત્યારે તે બોલ્યો કે 'મેં જમીન પર બેઠેલી ગાયનેજ ખરીદી છે, માટે તમે પણ તેને તેવીજ

૧ જુઓ આવશ્યક વૃત્તિ પ્રથમ વિભાગ પૃ. ૧૦૦ (આગમોદય સમિતિ તરફથી છપાયેલ ગ્રંથ.)

ખરીદ કરી લો, તમારે લેવી હોય તો લો, નહિ તો તમારી ઇચ્છા!' આવી રીતે આચાર્યને કાંઇ સવાલ પૂછવામાં આવે ત્યારે તે જવાબ આપે કે 'મેં પણ એમજ સાંભળ્યું છે, માટે મેં સાંભળ્યું છે તેવું તમે સમજો, સ્વીકારો.' આવો જે આચાર્ય જવાબ આપે તેની પાસેથી અભ્યાસ ન કરવો, સંશય પડે તો મિથ્યાત્વ લાગી જાય, આવી જાય અથવા મિથ્યાત્વમાં ઉતરી જવાનો સંભવ રહે તે માટે. બાકી જે સારી ગાય તપાસ કરવા દઇને વેચનાર હોય, મતલબ જે શંકાઓનું સમાધાન કરે તેવા આચાર્ય હોય તેની પાસેથી સૂત્રનો અભ્યાસ કરવો. પ્રથમ ખરીદનારની પેઠે જે તપાસ કર્યા વગર બેઠેલી ગાયને ખરીદ કરે તેવો શિષ્ય હોય તે ભણવાને માટે અયોગ્ય છે, પછવાડેના ખરીદનારની પેઠે જે તપાસ કરીને ભણનાર હોય તે ભણવાને–અભ્યાસને યોગ્ય છે. આવાં આવાં બીજાં ઉદાહરણો આપીને ગુરુ અને શિષ્ય થવાને યોગ્ય કોણ છે તે સંબંધી ચર્ચા કરવામાં આવી છે. જ્યાં ઉત્સર્ગમાર્ગની જરૂર હોય ત્યાં અપવાદમાર્ગની પ્રરૂપણા કરે એવાને ગુરુ કરવાની ત્યાં ના પાડી છે, જે નકામો વિસંવાદ ઊભો કરે તેવા આચાર્ય હોય તેને પણ અયોગ્ય ગણ્યા છે, જે સૂત્ર ઘણી વાર ભણે છતાં સ્મરણમાં રાખી શકે નહિ તે શિષ્ય થવાને યોગ્ય નથી અને તેવાને ગુરુપણું તો કદિ અપાયંજ નહિ, સવાલ કાંઇ પૂછવામાં આવે અને જવાબ કાંઇ આપે તે ગુરુપણાને યોગ્ય નથી, મુદ્દાસર જવાબ આપે તેજ ગુરુપણાને યોગ્ય છે, સાંભળે કાંઇ અને બોલે કાંઇ તે શિષ્યપણાને યોગ્ય નથી.

આગળ ચાલતાં શિષ્ય ગુરુ થવાનો હોવાથી અયોગ્યને શિષ્ય પણ ન કરવો એવી સ્પષ્ટ આજ્ઞા છે. ગુરુનો ઉપકાર ન સમજનાર અને પોતાની મરજીમાં આવે તેમ વર્તનારને શિષ્ય કરવાની મનાઇ કરવામાં આવી છે. વિનયવાન્ હોય, વારંવાર જિજ્ઞાસાપૂર્વક સવાલ પૂછનાર હોય, પૂછતી વખત યોગ્ય વિવેક જાળવનાર હોય અને ગુરુનો અભિપ્રાય સમજી તે પ્રમાણે વર્તનાર હોય તેને ગુરુ શ્રુત આપે છે. હવે બીજી રીતે શિષ્યપરીક્ષા કરવાના દાખલાઓ ત્યારપછી બતાવવામાં આવ્યા છે તેમાં પ્રથમ પુષ્કરાવર્ત મેઘ અને મગશેળીઆ પાષાણનો આપ્યો છે તે દાખલો આ પ્રમાણે:–

મગશેળીઓ પથ્થર મગ જેવડો હોય છે, તેને ગમે તેટલો પાણીમાં ભીંજવે, પણ તેને પાણી લાગતું નથી, પાણીમાંથી બહાર નીકળે ત્યારે જેવો ને તેવો હોય છે. સુકો, ભીનાશ પોચાશ વગરનો, નાનો રેતી જેવો પથ્થર [illegible] હોય છે. પુષ્કરાવર્તનો મેઘ હેલો, સુંદર, ચાલુ, શાંત પણ અસરકારક છે, સર્વને નવપલ્લવ કરનાર હોય છે, શાંતિ આપનાર હોય છે અને

આખા વિશ્વને આનંદ આપનાર હોય છે. આખા જંબૂદ્વીપ પ્રમાણમાં વરસનાર આ પુષ્કરાવર્તના મેઘને એક દિવસ મગશેળીઆ પાષાણ સાથે હરીફાઇ થઇ. પુષ્કરાવર્ત મેઘ કહે 'હું સર્વને શાંતિ આપનાર-ભીંજવનાર છું.' મગશેળીઓ બોલ્યો 'હવે તારૂં નામ જવા દે.' પુષ્કરાવર્ત મેઘ કહે 'અરે તને તો એક ધારામાં ભીંજવી દઉં! તારામાં દમ શા છે!' મગશેળીઓ કહે 'અરે! મારા એક વિભાગના નાનામાં નાના ભાગને પણ જો તું ભીનો કરે તો હું મારૂં નામ છોડી દઉં-મૂકી દઉં.'

આવી વાત સાંભળીને પુષ્કરાવર્ત મેઘ તો બહુજ ગુસ્સે થયો, અને પૂરજોરથી વરસવા માંડ્યો, અને તેટલી મોટી ધારાએ વરસવા લાગ્યો અને સાત રાત અને સાત દિવસ ચાલુ વરસ્યો અને મનમાં ધારી લીધું કે હવે તો મગશેળીઓ તદ્દન ભીંજાઇ ગયો હશે એટલે વરસતો બંધ રહ્યો. પાણી ચાલ્યું ગયું એટલે મગશેળીઓ તો ઉલટો વધારે દીપતો પણ તદ્દન સુખે થઇને હતો તેવો ને તેવોજ રહ્યો અને વ્યંગ્યમાં મુખેથી બોલવા લાગ્યો 'બાઇ સાહેબ! જુહાર! (પ્રણામ!)'. મેઘ તો તેની આવી ચેષ્ટા જોઇને શરમાઇ ગયો.

આવી રીતે જે શિષ્યને એક પદ પણ લાગતું ન હોય તેને કોઇ આચાર્ય ગર્જના કરીને કહે કે હું એને અભ્યાસ કરાવીશ, ત્યારપછી તેને ભણાવવા માંડે, પણ તેને એક પદ પણ લાગે નહિ અને અંતે આચાર્ય પણ લજ્જા પામે-આવા શિષ્યને જ્ઞાન આપવું નહિ. એનું કારણ એ છે કે આચાર્ય અને સૂત્રને સંબંધ હોય છે, લોકમાં અપવાદ થાય છે, સૂત્રાર્થમાં વિઘ્ન થાય છે અને બીજા અભ્યાસીઓને પણ તેથી હાનિ થાય છે. વંધ્યા ગાયને દોહવામાં કોઇ જાતનો લાભ થતો નથી.

આવી રીતે શિષ્યની પરીક્ષા કરવાના અનેક ઉપાયો ત્યારપછી બતાવવામાં આવ્યા છે. એ હકીકત શરૂ કરતાંજ કહેવામાં આવ્યું છે કે આવાં ચરિત્ર અર્થ સમજાવવા માટેજ યોજેલાં છે, જેવી રીતે ચોખા રાંધવા માટે છાણાં, કીટા કે કોલસાની જરૂર પડે તેમ અત્ર દૃષ્ટાન્ત દ્વારા સાધ્ય અર્થ સમજાવવાનો છે. દૃષ્ટાન્ત સત્કલ્પિત છે અને તેમ કરવું યુક્ત છે, કારણ કે હેતુસર છે. ગ્રંથકર્ત્તા ઉપમાન દ્વારથી ગ્રંથ કરવાની જે પદ્ધતિ આદરે છે-સ્વીકારે છે તેનો આધાર મૂળ સૂત્રોમાંથી આવી રીતે મળી આવે છે.

* * * *
* * * * *

(૨)

આવશ્યકમાં નાગદત્તકથા.[1]

પ્રતિક્રમણ સંબંધી હકીકત ચાલે છે તેના દેવસી વિગેરે ભેદો બતાવી પ્રથમ અને છેલ્લા તીર્થંકરના સાધુઓને તે અવશ્ય કરવાના છે એમ જણાવ્યું અને મધ્યના બાવીશ તીર્થંકરના સાધુઓને પ્રસંગ પડે ત્યારે કરવાના એમ જણાવ્યું. કઇ બાબતોનું પ્રતિક્રમણ કરવું તે બતાવી પછી ત્યાં કહે છે કે મિથ્યાત્વનું પ્રતિક્રમણ કરવું, અસંયમનું પ્રતિક્રમણ કરવું, કષાયનું પ્રતિક્રમણ કરવું અને અપ્રશસ્ત મન વચન કાયાના યોગોનું પ્રતિક્રમણ કરવું. પરિપાટીથી ' સંસારપ્રતિક્રમણ ' ચાર પ્રકારનું થાય છે—નરકગતિમાં લઇ જાય તેવા મહા આરંભ વિગેરે કર્યાં હોય—જાણીને કે અજાણતાં કર્યાં હોય અને કોઇ અન્યથા પ્રરૂપણા કરી હોય તેની ક્ષમાપના કરવી તે પ્રથમ પ્રકાર છે, એવીજ રીતે તિર્યંચગતિમાં લઇ જાય તેવા દોષો સેવ્યા હોય તેની ક્ષમાપના કરવી, નરગતિમાં લઇ જાય તેવા દોષો કર્યાં હોય તેની ક્ષમાપના કરવી, દેવગતિમાં લઇ જાય તેવા દોષો આચાર્યા હોય તેની ક્ષમાપના કરવી એ ચાર પ્રકારનાં સંસારપ્રતિક્રમણ છે.

ભાવપ્રતિક્રમણ ત્રણ પ્રકારે ત્રિવિધ થાય છે:—અન્ય ધર્મ તરફ મનથી જાય નહિ, વચનથી બોલે નહિ અને પ્રયોજન વગર શરીરથી તેની સાથે સંયોગ ન કરે તથા અન્યને મનથી તેવી રીતે પ્રવર્તાવે નહિ, વચનથી પ્રેરણા કરે નહિ, શરીરથી સંબંધ કરાવે નહિ તેમજ એમ કરનાર સંબંધી મનમાં અનુમોદના કરે નહિ, વચનથી અનુમોદના કરે નહિ, શરીરથી ઇશારો વિગેરે કરે નહિ. એવીજ રીતે અસંયમ કષાય યોગ વિગેરેમાં સમજવું. હવે આ સંસારનું મૂળ કષાયો છે. શાસ્ત્રકાર કહે છે કે **ક્રોધ અને માનનો જો નિગ્રહ ન કર્યો હોય તથા માયા અને લોભને વધતાં અટકાવી દીધાં ન હોય તો એ ચારે મહાભયંકર થઇ પડે છે અને સંસારવૃક્ષનાં મૂળોમાં જળ સિંચન કરે છે.** આ કષાયપ્રતિક્રમણના સંબંધમાં એક ઉદાહરણ કહે છે:—

નાગદત્તકથા.

બે સાધુઓ હતા, બન્ને સારી રીતે ચારિત્ર પાળતા હતા, બન્નેએ અંદર અંદર સંકેત કર્યો કે તેઓમાંથી જે દેવલોકે જાય તેણે બીજાને પ્રતિબોધ કરવાનો પ્રયત્ન કરવો. બન્ને કાળ કરીને દેવલોકે ગયા. હવે એક નગ-

---

[1] જુઓ આવશ્યક સૂત્ર ઉત્તરાર્ધ-પૂર્વ ભાગ (આગમોદય સમિતિ) પૃ. ૫૬૪ થી ૫૬૮. આ સંબંધી હકીકત માટે જુઓ શ્લોક ૧૨૫૨ થી ૧૨૭૮.

રમાં એક શેઠ વસતો હતો, તેને એક પત્ની હતી. એને મોટી ઉમર થયા છતાં છોકરાં નહોતાં થયાં, તેથી તેણે નાગદેવતાની પૂજા કરી, નાગદેવ તેના ઉપર પ્રસન્ન થયા અને તેને આશીર્વાદ આપ્યો કે તેને દેવલોકથી આવીને એક પુત્ર થશે.

હવે પેલા બે મિત્રો દેવલોકમાં ગયા હતા તેમાંથી એક ત્યાંથી ચ્યવીને એ શેઠની ભાર્યાની કુખમાં પુત્રપણે ઉત્પન્ન થયો. યોગ્ય સમયે શેઠે એનું નાગદત્ત નામ પાડ્યું. મોટો થતાં અનુક્રમે એ પુરુષની ૭૨ કળામાં પ્રવીણ થયો. એને ગાયનકળાનો અદ્ભુત શોખ હતો, ગાયનકળા શીખવામાં, ગાયન ગાવામાં અને ગાયન સાંભળવાના પ્રસંગો શોધવામાંજ તેનો આખો વખત જતો હતો અને તેથી લોકોમાં એ ગંધર્વ નાગદત્ત નામથી સારી રીતે પ્રસિદ્ધિ પામ્યો. ઘરનો ઘણો સુખી હોવાથી અને અનેક મિત્ર તથા સંબંધીઓથી યુક્ત હોવાથી અનેક પ્રકારના આનંદમાં કાળ પસાર કરતો હતો અને ઇંદ્રિયસુખો ભોગવવામાં લીન થઇને રહેતો હતો. હવે તેનો મિત્રદેવ તેને જૂદે જૂદે પ્રકારે બોધ આપવાના અનેક પ્રસંગો શોધતો હતો, પણ નાગદત્તને કોઇ રીતે બોધ લાગતો નહોતો.

(ગાયનનું સુખ અનુભવવા સાથે નાગદત્ત સર્પોને પણ બહુ રમાડતો હતો. સર્પોને ગાયન સાંભળવાનો અત્યંત શોખ હોય છે, સુંદર મોરલી વાગે તો સર્પો બીજી વાત ભૂલી જઇ ડોલવા મંડી જાય છે, ગાયનમાં લીન થઇ જાય છે, ગંધર્વ નાગદત્ત પાસે તેટલા સારૂ સર્પો પણ ઘણા હતા). હવે પેલા મિત્રદેવે એક વખત તેને બોધ કરવાનો નિર્ણય કર્યો, પોતે ગુપ્ત વેશ લીધો, અંદરથી સાધુનો વેશ કરી લીધો, સાથે એક કરંડીઓ લીધો અને તેમાં સર્પો લીધા. બધી રચના એવી કરી કે નાગદત્ત એને જરા પણ પીછાની શકે નહિ. હવે નાગદત્ત નગરની બહાર બગીચામાં પોતાના સર્પોને લઇને ખેલવા નીકળી પડ્યો હતો તે વખતનો લાભ લઇને મિત્રદેવ તેનાથી જરા દૂર આવી પોતાની રમત કરવા લાગ્યો. તે વખતે નાગદત્ત સાથે તેના દોસ્તો હતા તેમણે તેને કહ્યું કે "ભાઇ! અહીં નજીકમાં કોઇ ચતુર ગારૂડી આવ્યો જણાય છે, એના હાથમાં કરંડીઓ છે તેથી એ સર્પોને રમાડનાર હશે એમ જણાય છે."

આ હકીકત સાંભળીને નાગદત્ત તુરતજ એ દેવગારૂડી પાસે આવ્યો અને તે વખતે તેઓ વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ.

નાગદત્ત—'અરે કેમ અહીં આવ્યો છે! શું લાવ્યો છે!'

દેવ—'સર્પો લાવ્યો છું.'

નાગદત્ત—'તો ચાલ, આપણે સર્પોવડે રમીએ, હું તારા સર્પોને રમાડું અને તું મારા સર્પોને રમાડ.'

દેવે એ વાત કબૂલ કરી, પ્રથમ પોતે નાગદત્તના સર્પો સાથે રમવા માંડ્યું, નાગદત્તના સર્પોએ એને ડંખ મારવાના ઘણા પ્રયત્ન કર્યા, પણ એની તેના ઉપર જરા પણ અસર ન થઇ. એણે નાગદત્તના સર્પો ખાધા તો પણ તેના ઉપર અસર ન થઇ. નાગદત્તે આ સર્વ હકીકત જોઇ અને કાંઇક અસુયાપૂર્વક તેના ઉપર ગુસ્સે થયો.

નાગદત્ત—'હવે લાવ તારા સર્પો. હું તેની સાથે રમીશ.'

દેવ—'અરે ભાઇ! જવા દે, તું મારા સર્પો સાથે રમી શકીશ નહિ. એ સર્પો બહુ આકરા છે. જો તું એનું ભક્ષણ કરીશ તો તુરતજ મરણ પામીશ.'

નાગદત્તે આ વાત કબૂલ ન કરી, તે તો દેવસર્પોની મશ્કરી કરવા લાગ્યો અને અત્યંત આગ્રહપૂર્વક સર્પોને પોતાને સોંપવાનું કહેવા લાગ્યો. દેવતાએ અત્યંત આગ્રહ જોઇને એક મોટા મંડળની રચના આળેખી, એ મંડળની ચારે દિશાએ કરંડીઆઓને સ્થાપી દીધા. પછી નાગદત્તના આખા પરિવારને સગાં સ્નેહીઓને એકઠાં કરીને તેમની સમક્ષ સર્વ સાંભળે તેમ કહેવા માંડ્યું:—

"જુઓ! આ નાગદત્ત મારા સર્પો સાથે ક્રીડા કરવાની ઇચ્છા કરે છે, મારા સર્પો મહાભયંકર છે, માટે જો ક્રીડા કરતાં નાગદત્તનું મારા સર્પો ભક્ષણ કરી જાય, મારા સર્પો જો એને ખાઇ જાય તો તમારે એ બાબતમાં મારો વાંક ન કાઢવો. મારા ચારે દિશાએ સ્થાપન કરેલા સર્પોની વિગતવાર હેવાલ તમે સાંભળો એટલે તમારા લક્ષ્યમાં પણ મારી સૂચનાઓ રહે:—

"આ મહાનાગ છે, તેની આંખો તરૂણ સૂર્ય જેવી લાલ છે, એની જીભ વિજળીના ચમકારા જેવી ચપળ છે, મહાભયંકર ઝેરથી ભરેલી એની દાઢો છે અને એનો નિઃશ્વાસ ઉલ્કાપાતના ભયંકર અગ્નિ જેવો છે. જે પ્રાણીને એ સર્પ ડસે છે તે કાર્ય કે અકાર્યને જાણતો નથી, આ કરંડીઆમાં રહેલ નાગે જો કરડ્યો મરણ પામે છે તો હે ભાઇ! તું આવા મહાનાગને કેવી રીતે ભક્ષણ કરીશ? (આ પ્રથમ ક્રોધ સર્પ છે, મનુષ્ય ઉપર તેની યોજના કરી લેવી—જેમ કે ક્રોધ કરનારની આંખો તરૂણ સૂર્ય જેવી લાલ થાય છે વિગેરે).

"ત્યારપછી દક્ષિણ દિશામાં જે કુંડળીઓ સ્થાપન કરી છે તેમાં મેરૂ પર્વતના શિખર જેટલો મોટો આઠ ફેણવાળો સર્પ છે, જેમને જોઇને ત્રાસે તેવી તેને બે જીભો છે. એ જેને કરડે છે તે પ્રાણી સ્તબ્ધ થઇ જાય છે અને દેવોના પતિ ઇંદ્રને પણ તે ગણતો નથી. આવા મેરૂ પર્વત જેટલા ઊંચા નાગને તું કેવી રીતે સહજ કરીશ? એ તું વિચારી લેજે. (આ આઠ ફેણવાળો સર્પ માન છે. જાતિ (વૈશ્ય બ્રાહ્મણ દેહ વિગેરે), કુળ (ગોત્ર વિગેરે), રૂપ (ખરાબ રૂપ સુરૂપ વિગેરે), બળ (શેરી આબરૂ દાક્ષિણ્ય), લાભ (ધન સ્ત્રી વિગેરે), બુદ્ધિ (નજર પહોંચાડવી તે), તપ (તપસ્યા), શ્રુત (જ્ઞાન) એ આઠ બાબતનાં અભિમાન થાય છે, તેથી આ સર્પને આઠ ફેણો બતાવવામાં આવી છે. મેરૂ પર્વત વિગેરે ઉપમા સમજાય તેવી છે.)

"આ સુલલિત અને સુંદર દેખાતી નાગણી જેની ફેણા ઉપર સાથીઆનું ચિહ્ન છે તે અંતરના વિકારો અને વેશપરિવર્તન વિગેરે કરનારી માયા નામની છે, તે ઉત્તરપૌંડીના કામમાં ઘણીજ કુશળ છે. આવી જે નાગણી છે અને તારે સર્પને હાથમાં લઇને રમવાની ટેવ છે, સાથે વળી તારી પાસે સર્પને વશ કરવાની ઔષધિનું કોઇ પણ પ્રકારનું બળ નથી અને તું તદ્દન ગાફેલ માણસ છો અને એણે (સાપણે) તો બહુ ઝેરનો સંચય કરી રાખેલો છે અને કાંટાના જાળા જેવા મોટા વનમાં તે રહેનારી છે. તું જો એની દાઢમાં આવી પડ્યો તો તારી પાસે તો ઔષધિનું બળ પણ નથી તેથી તારા આત્માની દયા કોણ કરશે? (આ માયા નામની નાગણી છે. એની હકીકત સ્પષ્ટ છે. એ પ્રપંચથી પ્રચ્છન્નપણે કામ કરનાર છે.)

"સર્વ વસ્તુઓને હડાવી દેનાર, સર્વ જગોએ જનાર હોવાથી મોટા મંદિર જેવો, પુષ્કરાવર્તના મેઘ જેવા અવાજવાળો ઉત્તર દિશામાં લોભ નામનો સર્પ છે. જે પ્રાણીને એ ડસે છે તે મોટા સમુદ્ર જેવો થઇ જાય છે, ગમે તેટલી વસ્તુ તેમાં આવે તો તેથી તે ભરાતો નથી, ધરાતો નથી, પૂરો થતો નથી. આવા સર્વ દુઃખના રાજ્યમાર્ગ જેવા સર્પને તું કેમ રમાડીશ? (આ ઉત્તર દિશામાં સ્થાપેલ નાગ તે લોભ છે. એ વધતોજ જાય છે અને સમુદ્રની જેમ દુષ્પૂર છે.)

"આ ક્રોધ માન માયા અને લોભરૂપ સર્પો આખી દુનિયાને હમેશાં તપેલ-ગરમાગરમ રાખે છે. આ ચાર સર્પોવડે જે ખવાય છે, આ ચાર સર્પો જેનું ભક્ષણ કરે છે, જેને ડસે છે તે જરૂર નરકમાં પડે છે અને તે જ્યારે નરકમાં પડે છે તે વખતે તેને કોઇનો ટેકો થતો નથી, કોઇનો આશ્રય મળતો નથી, કોઇ તેને આલંબનભૂત થતું નથી."

"એ પ્રમાણે એ (નાગદત્ત) જ્યારે સર્વ પાળશે અને મારા જેવો તે થશે ત્યારે તે ઉઠશે."

સંબંધીઓ કહેવા લાગ્યાં કે "એટલું કરવાથી પણ જો તે જીવતો હોય તો ભલે, તે એમ કરશે."

પૂર્વ દિશા તરફ નજર કરી ઉપર જણાવેલી વિદ્યા-ગારૂડીવિદ્યા-વિષઘાતવિદ્યાનો મંત્ર મિત્રદેવ ભણી રહ્યો એટલે તે (નાગદત્ત) ઊભો થયો.

ઊભો થતાંજ માત પિતાએ તેને સર્વ હકીકત કહી સંભળાવી, પણ તેને તે વાત ઉપર ખરી શ્રદ્ધા બેઠી નહિ અને પાછો સર્પને રમાડવા દોડ્યો, વળી પડ્યો, ફરી વિજ્ઞપ્તિ થતાં દેવે તેને ઉઠાડ્યો, વળી દોડ્યો, ફરી પડ્યો. હવે દેવની ત્રીજી વાર તેના પર કૃપા કરવા ઇચ્છા નહોતી છતાં વિજ્ઞપ્તિ બહુ થવાથી વળી તેને ફરી વાર ઉઠાડ્યો. મા બાપ પાસે હકીકત જાણીને ત્યાંથી નાઠો. એક મોટા વનખંડમાં પૂર્વ ભવની હકીકત સાંભળી એટલે પ્રબુદ્ધ થયો, જાગ્યો, સમજ્યો, ઠેકાણે આવી ગયો.

દેવતા ત્યારપછી પોતાને સ્થાનકે ગયો.

પછી નાગદત્તે સર્પોને ઓળખી લીધા એટલે એ સર્પોને એણે કરંડીઆમાં નાખી દીધા અને તેમાંથી તેમને જરા પણ બહારજ આવવા દેતો નહિ. આવી રીતે ઉદયભાવમાંજ જે કષાયોને ન આવવા દે તે ખરું પ્રતિક્રમણ કરે છે. ત્યારપછી ઘણો વખત શ્રમણ (સાધુ)પણું પાળીને તે સિદ્ધ થયો. આનું નામ ભાવપ્રતિક્રમણ કહેવાય.

અહીં સવાલ એ થાય છે કે વારંવાર આવી રીતે પ્રતિક્રમણ કરવાનો હેતુ શો ? મધ્યમ તીર્થંકરોના વખતમાં પ્રસંગ હોય ત્યારે પ્રતિક્રમણ કરવાની વાત તો સમજાય છે, પણ નહિ તો વારંવાર પ્રતિક્રમણ કરવાનું કારણ શું ? તે પર વૈદ્યની કથા કહે છે. એક રાજાને છોકરો ઘણોજ વહાલો હતો, તેને એવો વિચાર થયો કે આ છોકરાને કદિ રોગજ ન થાય એવી દવા કરાવું ! પછી રાજાએ હામહામથી કાબેલ વૈદ્યોને બોલાવ્યા અને તેઓને ફરમાવ્યું કે મારા પુત્રને કદિ વ્યાધિજ ન થાય એવી દવા કરો, વૈદ્યોએ તેમ કરવા હા પાડી.

પછી રાજાએ તેમની દવાનો યોગ કેવા પ્રકારનો છે એ સબંધી સવાલ કર્યો એટલે એક વૈદ્ય કહેવા લાગ્યો કે "મારી દવા એવી છે કે જો રોગ હશે તો મટાડશે, જો રોગ નહિ હોય તો તે છોકરાને ઘરડો બનાવી મારી નાખશે." બીજા વૈદ્યે કહ્યું "જો રોગ હશે તો મારી દવા તેને મટાડી દેશે, જો રોગ નહિ હોય તો તે ગુણ પણ નહિ કરે અને નુકસાન પણ નહિ કરે." ત્રીજા વૈદ્યે કહ્યું "મારી દવા એવી છે કે એ રોગ હશે તો તેને મટાડી

દેશે, જો રોગ નહિ હોય તો એના શરીરનું તેજ વધારશે, રૂપ વધારશે, યુવાવસ્થા સ્થિર કરશે, લાવણ્ય લાવશે.”

પહેલા વૈદ્યને રાજાએ તિરસ્કારી નાખ્યો, બીજાને આંખથી દૂર કર્યો અને ત્રીજા વૈદ્ય પાસે પુત્રની દવા કરાવી, આ પ્રતિક્રમણ પણ એવું છે કે ત્રીજા વૈદ્યની દવા પેઠે દોષો હોય તો તેને દૂર કરે છે અને દોષ ન હોય તો શુદ્ધ ચારિત્રને વધારે શુદ્ધ બનાવે છે.

(આ નાગદત્તની કથામાં ચાર સર્પોને રમાડવાની જે વાત આવી અને તેઓ પાસે જે જૂદી જૂદી ક્રિયાઓ બતાવવામાં આવી તે ઉપમા દ્વારાએ છે, બોધ કરવા સારૂ યોજાયલી છે એમ અત્ર સમજવું અને તેમ છે એમ મૂળ સૂત્રકાર પણ કહે છે. **સિદ્ધર્ષિગણિ** આ બાબતનો આશ્રય લઇને ઉપમાન દ્વારાએ બોધ આપવા કથાશરીરની રચના કરે છે અને તેવી રીતે હેતુસર કલ્પિત ઉપમાન કરવામાં તેમને આગમ–મૂળ સૂત્રોનો ટેકો છે.)

* * *

* * * *

(૩)

[1]પિંડનિર્યુક્તિમાંથી મત્સ્યચરિત્ર.

દોષ વગરનાં આહાર પાણી ખાસ કરીને સાધુએ કેવી રીતે લેવાં, આહાર ગોચરીના દોષો કેવા પ્રકારના હોય છે તે સંબંધી વિસ્તારથી હકીકત **પિંડનિર્યુક્તિ**માં બતાવવામાં આવી છે. ત્યાં ગ્રાસૈષણા–વસ્તુઓ ખાવાના સંબંધમાં વિવેચન ચાલતાં તેના દ્રવ્ય અને ભાવ એવા બે પ્રકાર બતાવી દ્રવ્યગ્રાસૈષણા પર ઉદાહરણ બતાવે છે. ત્યાં પણ ખાસ સ્પષ્ટતા કરી છે કે કહેલ હકીકત સ્પષ્ટ કરવા સારૂ ઉદાહરણ આપવામાં આવે છે તેના બે પ્રકાર હોય છેઃ એક ‘ચરિત્ર’ (બનેલી હકીકતનું નિરૂપણ) અને બીજો પ્રકાર ‘કલ્પિત’ ઉદાહરણનો હોય છે. ‘રાંધવા સારૂ જેમ બળતણ હોય છે’ તેમ આવાં ઉદાહરણો હેતુ સમજાવવા સારૂ નિર્માણ કરેલાં હોય છે. દ્રવ્યગ્રાસૈષણા સમજાવવા સારૂ એક માછલાની વાર્તા ત્યાં કહી છે તે આ પ્રમાણેઃ–

એક માછીમાર માછલાને પકડવા સારૂ એક સરોવરને કાંઠે ગયો. સરોવરમાંથી માછલા પકડવા સારૂ તેણે એક દોરડાને છેડે આંકડો નાખી

૧ જુઓ પૃ. ૧૭૦. દેવચંદ લાલભાઇ જૈન પુસ્તકોદ્ધાર ગ્રંથ નં ૪૪ (ગ્રંથ–પિંડનિર્યુક્તિ.)

તેમાં માંસનો ટુકડો વળગાડ્યો અને દોરડાને પાણીમાં નાખ્યું અને પોતે કાંઠા ઉપર ઊભો રહ્યો. હવે સરોવરમાં એક અનુભવી વૃદ્ધ માછલો રહેતો હતો તે ઘણો કાબેલ હતો. માંસનો ટુકડો અંદર આવતાં પેલા વૃદ્ધ માછલાને ગંધ આવી એટલે તુરતજ તે માંસ ખાવા ત્યાં આવી પહોંચ્યો. એણે યુક્તિપૂર્વક આજુબાજુથી માંસ ખાઇ લીધું, પણ આંકડામાં પોતાની જાતને ભેરાવા દીધી નહિ અને પછી પોતાની પૂંછડીવડે દોરડાને ધક્કો મારી પોતે ત્યાંથી ખસી ગયો. જેવો દોરડાને ધક્કો લાગ્યો એટલે માછીમાર સમજ્યો કે એમાં માછલું જરૂર આવ્યું હશે એટલે તેણે ઉપર દોરડું ખેંચ્યું ત્યારે તેને જણાયું કે દોરડું તો માંસના ટુકડા વગરનું છે, માંસ તેમાંથી ખવાઇ ગયું છે અને કોઇ માછલું તેમાં પકડાયું નથી. ત્યારે વળી માછીમારે બીજો માંસનો ટુકડો આંકડામાં ભરાવ્યો અને દોરડું પાણીમાં નાખ્યું. બીજી વાર પણ આજુબાજુથી માંસ ખાઇને પૂંછડીવડે દોરડાને ધક્કો મારી પેલો અનુભવી માછલો ત્યાંથી ખસી ગયો. વળી ત્રીજી વાર માંસનો ટુકડો માછીમારે લટકાવીને આંકડાને અંદર નાખ્યો તો ત્રીજી વાર પણ બુદ્ધિશાળી માછલાએ તેમજ કર્યું અને માંસ ખાઇ ગયો અને માછીમારનો પ્રયત્ન નિષ્ફળ કર્યો.

પછી માંસને અંદર નાખતાં માછીમારને વિચાર કરતો જોઇ માછલો બોલ્યો "તું શું વિચાર કરે છે? તું તો લાજ શરમ વગરનો છે! મારી વાત સાંભળ. એક વખત તો હું ત્રણ વાર બગલીના મુખમાંથી નીકળી આવ્યો છું. તે આ પ્રમાણે બન્યું હતુંઃ મને એક વાર બગલીએ ગ્રહણ કર્યો હતો, પછી મને ગળી જવા સારૂ બગલીએ મુખ ઊંચું કર્યું અને મને ઉપર ઉછાળ્યો. મેં તે વખતે વિચાર કર્યો કે જો હું ઉછાળેલ હોઇ સીધો સીધો પાછો પડીશ તો તો જરૂર બગલીના મ્હોંમાં પડીશ અને મારા પ્રાણ જશે, માટે આડો પડી જઉં[1]–આવો વિચાર કરી યુક્તિપૂર્વક હું આડો પડ્યો એટલે બગલીના મુખમાંથી હું છટકી ગયો; વળી બગલીએ મને ગટ કરવા બીજી વાર ઊંચે ફેંક્યો, બીજી વાર પણ હું છટકી ગયો અને ત્રીજી વાર જ્યારે બગલીએ તેમજ કર્યું ત્યારે જોર વાપરી આડો થઇ હું પાણીમાં પડ્યો અને પસાર થઇ ગયો. વળી ત્રણ વાર સમુદ્રકાંઠે સુકી જમીન પર આવી ગયો ત્યારે સંભાળથી બચી જઇ જ્યારે ભરતી આવી ત્યારે પાણીમાં પાછો દાખલ થઇ ગયો. એકવીશ વાર હું માછીમારોની જાળમાં આવી

---

[1] બગલા માછલાને પકડી તેને ઉપર ફેંકે છે અને નીચે પડે ત્યારે ચાંચ ફેલાવી તેમાં અધર ઝીલી ગટ કરે છે. તેના ગળાની રચના એવી છે કે એ પ્રકારેજ તે માછલાને ખાઇ શકે છે. ટોક નીચી રાખીને તેનાથી માછલું સીધું ખાઇ શકાતું નથી.

એની યશોમતી નામની એક બહેન હતી જેને કાંપિલ્ય નગરના પીઠરની સાથે પરણાવવામાં આવી હતી. એ યશોમતી અને પીઠરનો ગાગલિ નામનો પુત્ર થયો હતો. હવે એક વખત પૃષ્ટચંપા નગરીની બહાર સુંદર ઉદ્યાનમાં ભગવાનશ્રી **મહાવીરસ્વામી** સમોસર્યાં. તેમની દેશના સાંભળીને શાલ રાજાને વૈરાગ્ય ઉત્પન્ન થયો અને તેથી તેણે પોતાના યુવરાજ ભાઇ મહાશાલને રાજ્ય આપી દીક્ષા લેવાનો નિર્ણય કર્યો અને મહાશાલને તે નિર્ણય જણાવ્યો. મહાશાલે તેને જણાવ્યું કે 'ભાઇ! જેમ તમે સંસારથી વૈરાગ્ય પામી દીક્ષા લેવા તૈયાર થયા છો તેવી રીતે હું પણ તમારી સાથેજ સંસારથી નીકળવા ઇચ્છું છું. સંસારમાં આપ મારા વડીલ છો તેમ દીક્ષા લીધા પછી પણ આપ મારા વડીલજ રહો.' મહાશાલનો આવો વિચાર સાંભળી કાંપિલ્ય નગરથી પોતાના ભાણેજ ગાગલિને તેમણે તેડાવ્યો અને પટ્ટ બાંધીને તેનો રાજ્યાભિષેક કરવામાં આવ્યો. મોટો મહોત્સવ કરીને બન્ને ભાઇઓએ દીક્ષા લીધી. યશોમતી પરમ શ્રાવિકા થઇ.

શાલ મહાશાલે અગ્યાર અંગનો અભ્યાસ કર્યો. ભગવાન્ તો ત્યારપછી જૂદી જૂદી જગોએ વિહાર કરતા રહ્યા અને લોકો ઉપર ઉપકાર કરતા રહ્યા. એક વખત વિહાર કરતાં કરતાં ભગવાન્ રાજગૃહ નગરે પધાર્યાં, ત્યાંથી ચંપા નગરીએ આવ્યા. તે વખતે તેમની સાથે રહેલ શાલ મહાશાલે ભગવાનને પૂછ્યું "જો કોઇને બોધ થાય તેમ હોય, કોઇના ઉપર ઉપકાર થઇ શકે તેમ હોય તો સાહેબ! અમે પૃષ્ટચંપા નગરીએ જઇએ. આપ જ્ઞાનબળથી ઉપકારનું કારણ જાણી શકો છો. જો તેમ હોય તો અમને આજ્ઞા આપો." ભગવાને તેમની સાથે **ગૌતમસ્વામીને** જવાની આજ્ઞા કરી. ત્રણે પૃષ્ટચંપા નગરીએ ગયા. ત્યારપછી ત્યાં (ચંપા નગરીમાં) સમવસરણ થયું. ત્યાં (પૃષ્ટચંપામાં) પ્રેરણાથી ગાગલિ, પીઠર અને યશોમતી આવ્યાં. ગૌતમસ્વામીએ સર્વને ધર્મ સંભળાવ્યો. ધર્મ સાંભળીને સર્વ પ્રતિબોધ પામ્યા. ગાગલિએ પોતાનાં માતા પિતાને પૂછ્યું કે 'મને સંસારથી વૈરાગ્ય થયો છે તેથી આપ રજા આપો તો મોટા છોકરાને ગાદીએ બેસાડી હું દીક્ષા લઉં.' જવાબમાં પીઠર અને યશોમતીએ કહ્યું કે 'તારી પેઠે અમે પણ સંસારથી ત્રાસ પામી ગયાં છીએ.' ત્યારપછી ગાગલિએ પોતાનાં માતા પિતા સાથે દીક્ષા લીધી. ગૌતમસ્વામી તેમને સર્વને સાથે લઇને પાછા ચંપા નગરી તરફ ચાલ્યા.

હવે પાછા ચાલતાં રસ્તે શાલ અને મહાશાલને ઘણો આનંદ થયો. પોતાની પ્રેરણાથી આ ત્રણ મનુષ્યો સંસારથી તર્યાં એ વિચારથી તેઓને બહુ હર્ષ થયો અને તે હર્ષના આવેગમાં અધ્યવસાયો અત્યંત શુદ્ધ થતાં

પ્રથમ શ્રેણિમાં તેઓ રહ્યા હતા. (અનાન હઇનાં પરિણામો અત્ર ખાસ લક્ષ ખેંચે છે.) બીજી મેખલામાં દત્ત પરિવ્રાજકો હતા તેઓ બે દિવસ તદ્દન ઉપવાસ કરતા હતા અને ત્રીજે દિવસે ઝાડો પરથી પડેલાં પાકાં પીળાં થઇ ગયેલાં પાંદડાંઓનોજ માત્ર આહાર કરતા હતા. તેઓ સર્વ અષ્ટાપદની બીજી શ્રેણિ સુધી પહોંચી શક્યા હતા. અષ્ટાપદની ત્રીજી શ્રેણિ (મેખલા) સુધી શેવાલ નામના તાપસો પહોંચ્યા હતા, તેઓ એક સાથે ત્રણ ત્રણ ઉપવાસ કરતા હતા અને પારણાને દિવસે અત્યંત મલિન ગંદી લીલ (ચેવાળ બીલા પાણી ઉપર થાય છે તે) ખાઇ પાછા તે ઉપર ત્રણ ઉપવાસ કરતા હતા. આ સર્વ તાપસો અષ્ટાપદ પર્વતના શિખર સુધી પહોંચવા મથી રહ્યા હતા, પણ તેમના તે કાર્યમાં તેઓ ફત્તેહ પામતા નહોતા.

મનુષ્યના શરીરવાળા (દેવશરીર–વૈક્રિય શરીર વગરના) ગૌતમસ્વામીને દૂરથી આવતા તેઓએ જોયા, તેનું અગ્નિ, વીજળી અથવા મધ્યાહ્નના સૂર્ય જેવા તેજવાળું શરીર જોયું, એટલે તેઓ અંદર અંદર વાત કરવા લાગ્યા "અરે આપણે તપ કરી કરીને તદ્દન પાતળા થઇ ગયા તોપણ આપણો પત્તો ખાતો નથી અને આ જાડો સાધુ શું અષ્ટાપદ પર ચઢી જશે?" ગૌતમસ્વામીને તો જંઘાચારણ લબ્ધિ હતી તેથી તેઓ તો જે વસ્તુ હાથમાં આવી તેનો આશ્રય લઇને ઉપર ચડતા ગયા, [1]કરોળીઆની લાળના એક સાધારણ તાંતણાને આશ્રયીને પણ ઉપર ચડતા ગયા. તાપસો તો એમને આવતા પણ જોઇ રહ્યા, ચઢતા પણ જોઇ રહ્યા અને આખરે તેઓની નજરથી દૂર થઇ ગયા ત્યાંસુધી જોઇ રહ્યા અને સ્વામી તો આગળ વધતાજ ગયા. તાપસોને ઘણી નવાઇ લાગી, પોતાના કષ્ટતપનું ભાન થયું અને પાછા સ્વામી આવશે ત્યારે આપણે સર્વે તેના શિષ્ય થશું એમ સર્વેએ ચોક્કસ નિર્ણય કર્યો.

ગૌતમસ્વામી તો અષ્ટાપદ પર્વત ઉપર ચઢી ગયા, ત્યાં જઇને સર્વ ચૈત્યોને વંદન કર્યું. ઉત્તર પૂર્વ દિશાએ એક સુંદર અશોક વૃક્ષ હતું ત્યાં રાત્રીવાસો રહેવા માટે આવી પહોંચ્યા. હવે તે વખતે એવો બનાવ બન્યો કે શક્રઇંદ્રની સભાનો લોકપાળ નામનો એક દેવ હતો તે પણ તેજ વખતે અષ્ટાપદ ઉપરનાં ચૈત્યોને વંદન કરવા ત્યાં આવ્યો. તે લોકપાળે ચૈત્યોને વંદન કરીને ગૌતમસ્વામીને વંદન કર્યું અને પછી ત્યાં સ્વામી સમક્ષ બેઠો. સ્વામીએ તેને ધર્મ કહેવા માંડ્યો. ધર્મદેશના કરતાં ગૌતમસ્વામીએ અણગાર (સાધુ)ના ગુણોનું વર્ણન કરવા માંડ્યું અને તેમ કરતાં તેમણે જણાવ્યું

[1] જનકથા–સૂર્યકિરણને અવલંબી સ્વામી ચઢી ગયા એમ છે, પણ મૂળમાં તેમ નીકળતું નથી. વિચારવા યોગ્ય છે.

કે સાધુઓ તદ્દન સુકો આહાર લે છે, તદ્દન રસકસ વગરનો આહાર લે વિગેરે વિગેરે. હવે તે લોકપાળ દેવ ગૌતમસ્વામીના શરીર તરફ જોઈ રહ્યો, તેમના શરીરની સુકુમારતા જોઇ તેને શંકા થઇ કે સુકા નિરસ આહાર લેનારના શરીરમાં આવી સુકુમારતા કેમ હોઇ શકે? તે વખતે તેના મનમાં થતી શંકા સ્વામી સમજી ગયા એટલે તે શંકા ટાળવા માટે સ્વામીએ તેને **પુંડરીક અધ્યયન** કહી સંભળાવ્યું તે આ પ્રમાણેઃ—

પુંડરીક અધ્યયન.

મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી નામનું એક વિજય છે, તે વિજયમાં **પુંડરીકિણી** નામની એક નગરી છે, તે નગરીમાં એક **નલિનીગુલ્મ** નામનો બગીચો (ઉદ્યાન) છે. તે ઉદ્યાનમાં **મહાપદ્મ** નામનો એક રાજા થયો. એ રાજાની પટ્ટરાણીનું નામ **પદ્માવતી** દેવી હતું. એ **મહાપદ્મ** રાજા અને **પદ્માવતી** રાણીને **પુંડરીક** અને **કુંડરીક** નામના બે પુત્રો થયા. એ પુત્રો ઘણાજ સુકોમળ શરીરવાળા અને માત પિતાની બરાબર છાયા જેવા હતા. પુંડરીક કુમાર મોટો હોવાથી યુવરાજ થયો હતો.

હવે ત્યારપછી એક પ્રસંગે એવી હકીકત બની આવી કે એ નલિનીગુલ્મમાં કોઇ મોટા વિદ્વાન્ સ્થવિર આચાર્ય આવી પહોંચ્યા. તેમની દેશના સાંભળવા સારૂ **મહાપદ્મ** રાજા બહાર નીકળી પડ્યા. દેશના સાંભળીને તેમને ઘણોજ પ્રતિબોધ થયો, ઉપદેશની અસર થઇ અને એ અસર તળે તેમણે જણાવ્યું કે 'પ્રભો! પુંડરીક કુમારને રાજ્યે સ્થાપન કરી સંસારથી નીકળી જવા ઇચ્છું છું.' ગુરુ મહારાજે જવાબમાં જણાવ્યું 'જે સુખ ઉપજે તેમ કરો, સંસારમાં પ્રતિબંધ કરવો નહિ.' છેવટે પુંડરીકને રાજ્યગાદીએ બેસાડી **મહાપદ્મ** રાજાએ તુરતજ દીક્ષા લઇ લીધી અને ભૂમિ પર વિહાર કરવા માંડ્યો. હવે પુંડરીક રાજા થયો અને કુંડરીક યુવરાજ થયો. મહાપદ્મ રાજા તો ચૌદ પૂર્વનો અભ્યાસ કરી ગયા, તેમણે ઘણા વર્ષો સુધી મહા તપ કર્યો, છઠ્ઠ અઠ્ઠમ (બે ત્રણ ઉપવાસ) સેંકડો કર્યા અને બહુ સુંદર રીતે ચારિત્ર પાળીને છેવટે એક માસની સંલેખના (અંતિમ આરાધના) કરી બે ઉપવાસને અંતે સિદ્ધ થયા, તેમની સર્વ ઇચ્છાઓ સફળ થઇ, તેઓ અજરામર થઇ ગયા.

પુંડરીક રાજાને પોતાના પિતાના સિદ્ધ થવાના સમાચાર મળતાં ઘણોજ રાજી થયો. આ હકીકત વિગતવાર તેના જાણવામાં આવવાનો પ્રસંગ તેજ સ્થવિર સાધુઓથી થયો. એ સ્થવિરો વિહાર કરતાં કરતાં પુંડરીકિણી નગરીએ એક વખત આવ્યા ત્યારે તેનાથી સર્વ હકીકત પુંડરીક રાજાના જાણવામાં આવી. એ ધર્મકથાને પરિણામે પુંડરીક પરમ શ્રાવક થયો, શ્રાવક

બોધ સર્વ સતો તેણે આદરથી અને ગુરુસેવામાં લયલીન થયો. હવે તે સર્વ વાત બની તે વખતે કંડરીક યુવરાજ પણ હાજર હતો, તેને પણ ધર્મ સાંભળીને ઘણો આનંદ થયો અને સાધુઓને કહેવા લાગ્યો કે 'મારે તો પુંડરીક રાજાની રજા લઇ પિતાની પેઠે સાધુ (અણગાર) થવું છે, તો વડિલ ભાઇને પૂછીને પછી હું આપની પાસે આવું.' સ્થવિર સાધુઓએ જવાબમાં કહ્યું 'તને જેમ સુખ ઉપજે તેમ દીક્ષા લે.' સ્થવિર સાધુઓને પ્રણામ કરીને ત્યાંથી કંડરીક પોતાના વડિલ ભાઇ પાસે જવા નીકળ્યો, ચાર ઘોડાવાળા અને અવાજ કરતા સુંદર રથમાં બેઠો અને સ્થાન પાસે આવી રથમાંથી ઉતર્યો. છેવટે જ્યાં પુંડરીક હતો ત્યાં પોતે આવી પહોંચ્યો અને જમીન સુધી નીચા નમી પ્રણામ કરી સ્થિત થયો. તે વખતે મોટા અને નાના ભાઇ વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇઃ—

કંડરીક—"ભાઇ! મેં આજે સ્થવિર સાધુઓ પાસે ધર્મ સાંભળ્યો, એ ધર્મ મને બહુ પસંદ આવ્યો, મને તેના ઉપર બહુ રૂચિ થઇ; તેટલા માટે ભાઇ! સંસારના ભયથી હું તો બહુજ કંટાળી ગયો છું, જન્મ અને ઘડપણના ભયથી હું તો બહુ બી ગયો છું, જો તમે રજા આપો તો હું તો સ્થવિરોની પાસે જઇ દીક્ષા લેવાની ઇચ્છા રાખું છું."

પુંડરીક—"ભાઇ! તું હાલ સ્થવિર પાસે દીક્ષા લે નહિ! મારી ઇચ્છા તારા ઉપર રાજ્યનો અભિષેક કરવાની છે."

પુંડરીકે અત્રે ઇચ્છા બતાવી તેની સાથે કંડરીક સંમત ન થયો, તેનો ભાવ જાણે સમજ્યોજ ન હોય તેમ ચૂપ બેસી રહ્યો, તે બાબતનો જવાબ પણ ન દીધો, માત્ર ત્રણ વાર ફરી ફરીને એકજ વાત કહેતો રહ્યો કે "ભાઇ! મારી ઇચ્છા દીક્ષા લેવાની છે." ત્યારપછી પુંડરીકે સાંસારિક વિષયોમાં રસ ઉત્પન્ન કરે તેવી અનેક વાતો કરી, અનેક કથાઓ કરી, અનેક સૂચવનો કર્યાં, અનેક પ્રકારે વિજ્ઞાપના કરી, પણ તેથી કંડરીક કુમાર જરા પણ વિચારમાં પડ્યો નહિ ત્યારે તેણે વિષયો તરફ પ્રતિકૂળ પણ સંયમનો ભય ઉત્પન્ન કરે તેવી વાતો કરવા માંડી. તેણે કહેવા માંડ્યું "ભાઇ! નિર્ગ્રંથપ્રવચનમાં અનુત્તર "વૈમાનનાં સુખો મળે છે, કેવળજ્ઞાન થાય છે, છેવટે સર્વ દુઃખોનો હમેશ "માટે નાશ થાય છે એ સર્વ વાત ખરી, પણ ભાઇ! એની દીક્ષામાં સર્પની "જેમ એક નજરે રહેવાનું છે, ધનુષના બાણની તીક્ષ્ણ અણી પર રહેવાનું છે, "લોઢાના ચણા ચાવવા જેવું છે, એ નદીની વાલુકા (રેતી)ની જેવી તદ્દન "સ્વાદ વગરની છે, ગંગા જેવી મોટી નદીને સામે કાંઠે જવા જેવી તે "અતિ મુશ્કેલ છે, મોટા સમુદ્રની પેઠે બે હાથવડે ને તરી ન શકાય "તેવી છે, એમાં અતિ ઝીણી ઝીણી બાબતો કરવી પડે છે, અતિ બારે

કોઇ પણ રીતે સમજાવટથી કે ભયથી કંડરીકનો વિચાર ફરે તેમ ન લાગવાથી અનિચ્છાએ પુંડરીકે તેને દીક્ષા લેવાની રજા આપી. પછી પુંડરીકે પોતાના કુટુંબીઓને એકઠા કર્યા અને તેમને કહ્યું કે કંડરીક દીક્ષા લેવાનો છે તો અત્યંત ઠાઠમાઠ સાથે તેનો નિષ્ક્રમણમહોત્સવ સર્વેએ કરવો. મહોત્સવ થયા પછી છેવટે કંડરીકે દીક્ષા લીધી. અનુક્રમે તે અગીઆર અંગ ભણી ગયો અને એક બે ત્રણ ચાર ઉપવાસ કરતો અને મોટી તપસ્યાઓ કરતો તે પૃથ્વીતળ પર વિહાર કરવા લાગ્યો.

હવે એક વખત તદ્દન નિરસ સુકા આહારને લીધે કંડરીકને શરીરે રોગો થઇ આવ્યા અને આખા શરીરે આકરો દાહ થઇ આવ્યો, તોપણ તેણે વિહાર કરવાનું તો ચાલુજ રાખ્યું. હવે સર્વ સ્થવિર સાધુઓ જેમની સાથે એ કંડરીક પણ હતો તેઓ સર્વ ગામેગામ અને શહેરેશહેર વિહાર કરતા એજ નલિનીગુલ્મ વનમાં એક વખત આવી પહોંચ્યા. પુંડરીક રાજાને સાધુઓ આવી પહોંચવાના સમાચાર મળતાં તે તુરતજ સાધુઓને વંદન કરવા આવ્યો અને આવીને સર્વની સેવા બરદાસ્ત કરી. આચાર્ય પાસે ધર્મદેશના સાંભળ્યા પછી પોતાનો દીક્ષિત ભાઇ કંડરીક જ્યાં હતો ત્યાં તે આવી પહોંચ્યો. પોતે કંડરીકને નમ્યો, કંડરીકને પ્રણામ કર્યા. તે વખતે તેને જણાયું કે કંડરીકના શરીરમાં વ્યાધિએ પ્રવેશ કર્યો છે. ત્યારપછી પુંડરીક તુરતજ સ્થવિર સાધુઓ પાસે આવ્યો અને તેમને જણાવ્યું કે સાહેબ! કંડરીકના શરીરમાં વ્યાધિ થઇ ગયેલ છે તો આપની રજા હોય તો શુદ્ધ વાપરવા યોગ્ય નિર્જીવ ઔષધોથી તેના વ્યાધિઓનો ઉપાય કરે. વળી તેના વ્યાધિ મટી જાય તેવાં ભોજન પાન તેને કરાવું. તેટલા માટે ભગવન્! આપ સર્વે મારી વાહનશાળામાં પધારો. પુંડરીક રાજાએ જે વાત કરી તે સ્થવિરોએ સાંભળી અને પછી સર્વે યાનશાળામાં આવી પહોંચ્યા. ત્યારપછી પુંડરીકે પોતાના ભાઇની દવા કરાવવા માંડી, તેને ભાવે તેવી વસ્તુઓ ખવરાવવા માંડી, તેના વ્યાધિઓ મટી જાય તેવો ખોરાક પથ્ય મળ્યા એટલે તુરતજ તેના વ્યાધિઓ નાશ પામી ગયા, તેને ઘણો આનંદ થયો, શરીર નિરોગી થયું અને દેહમાં ચેતન વધારે આવ્યું.

" અહાહા ! તેં રાજ્યનો અને અંતઃપુરનો ત્યાગ કરીને આવી દીક્ષા લીધી !
" હું તો ખરેખર કમનશીબ છું, પુણ્યહીન છું, કારણ કે આ મનુષ્યનો ભવ
" અનેક પ્રકારના ઉપદ્રવોથી, ઘડપણથી, મરણથી, રોગોથી, શારીરિક દુઃ
" ખોથી, માનસિક દુઃખોથી, ઊભાં કરેલાં દુઃખોથી, વેદનાથી, હેરાનગતી
" ઓથી આક્રમણ થયેલો છે, જાતે અનિત્ય છે, અચોક્કસ છે, સંધ્યાના
" રંગ જેવો ક્ષણવિનાશી છે, પાણીના પરપોટા જેવો છે, કુશ ઘાસના
" છેડા પર વળગેલા પાણીના ટીપા જેવો છે, સ્વપ્નના દેખવાની ઉપમાને
" યોગ્ય છે, વિજળીના ચમકારા જેવો ચંચળ છે, સડવું પડવું નાશ પા
" મવું વિગેરે ધર્મોથી યુક્ત છે, આગળ અને પાછળ અવશ્ય તજવો પડે
" તેવો છે; મનુષ્યનું શરીર પણ દુઃખનું ઘર છે, અનેક વ્યાધિઓનું સ્થાન
" છે, હાડકાંનો માળો હોય તેવું છે, આંતરડાં, સ્નાયુ અને નાડીઓથી
" આડુંઅવળું બંધાયલું છે, માટીના ઠામ જેવું કાચું છે, અપવિત્ર પદા
" ર્થોથી ભરેલું છે, તદ્દન ન ગમે તેવું છે, છતાં આખો વખત ખમા ખમા
" કરીને પંપાળવું પડે તેવું છે, ઘડપણથી ધુતરાયલું છે, ખરખર ઓરડી ઘરની
" પેઠે સડવા પડવા નાશ પામવાના ધર્મવાળું છે, આગળ પાછળ અંતે જરૂર
" તજવું પડે તેવું છે; વળી મનુષ્યભવમાં ભોગવવાના કામભોગો પણ
" અપવિત્ર છે, અનિત્ય છે, વાયુથી ભરેલા છે, પિત્તથી ભરેલા છે, કફથી
" ભરેલા છે, શુક્રથી ભરેલા છે, લોહીથી ભરેલા છે, વિષ્ટા મૂત્ર શ્લેષ્મ
" પિત્ત શુક્ર લોહીથી ઉત્પન્ન થાય છે, મનને જરા પણ ન ગમે તેવો તુચ્છ
" વાત પદાર્થો મૂત્ર વિષ્ટા પરૂ આદિથી ભરેલા હોય છે, મરેલાની ગંધ આવે
" તેવા ઉશ્વાસ નિઃશ્વાસથી ભરપૂર હોય છે, તદ્દન ગંદા હોય છે, બહુ થોડો
" વખત રહેનારા હોય છે, પ્રમાણમાં બહુ ઓછા હોય છે, અંદર ગોટાળાથી
" ભરેલા હોય છે, બહુ દુઃખથી ભરેલા હોય છે, બહુ જનને ભોગે પડે
" તેવા હોય છે, મહા મહેનતે જરા તરા મળે તેવા હોય છે, મૂર્ખ માણસોથી
" ખાસ કરીને સેવાયલા હોય છે, સાધુ પુરુષોથી નિરંતર નિંદાયલા હોય છે,
" અનંતો સંસાર વધારી દે તેવા હોય છે, મહા આકરૂં ભયંકર પરિણામ
" નીપજાવનારા હોય છે, ચુડેલની જેમ એક વાર વળગ્યા પછી પીછો ન
" મૂકે તેવા હોય છે, દુઃખમાં પરિણામ પામનારા હોય છે, મોક્ષગતિમાં
" જવામાં અંતરાય કરનારા હોય છે અને આગળ અને પાછળ જરૂર
" તજવા પડે તેવા પ્રકારના હોય છે; વળી રાજ્ય અથવા સોના રૂપાની કે
" બીજી માલેકીઓ (ઠકરાતો) પણ અગ્નિને તાબે રહે છે, ચોરને તાબે
" રહે છે, રાજાઓને તાબે રહે છે, સગાંસબંધીઓને તાબે રહે છે, અનિત્ય
" છે, અસ્થિર છે, અશાશ્વત છે અને આગળ અને પાછળ જરૂર તજવી
" પડે તેવી છે—આવા પ્રકારના રાજ્ય ઉપર, એવા પ્રકારના અંતઃપુર ઉ-

"પર, એવા મનુષ્યભવ ઉપર, એવા કામભોગો ઉપર મૂર્છા પામીને હું
"દીક્ષા લઇ શકતો નથી–ત્યારે તું તો ખરેખર ભાગ્યશાળી છે અને તારો
"જન્મ ખરેખર સફળ છે કે તું આવી સુંદર દીક્ષા લઇ શક્યો છે."

પુંડરીકે આટલાં લંબાણ વખાણ કર્યાં તે સાંભળીને કંડરીક તો મૌન ધારણ કરીને ઊભો રહ્યો. ત્યારે વળી પુંડરીક બે ત્રણ વાર ફરી ફરીને બોલ્યો કે "અહો તું ધન્ય છે, અને અહો! હું હીણભાગી છું." પુંડરીકે આવી રીતે બે ત્રણ વાર કહ્યું એટલે કંડરીક મરજી ન છતાં શરમાઇ ગયો, લાજમાં લેવાઇ ગયો અને પુંડરીકની હામાં પોતાની હા મેળવી દીધી.

ત્યારપછી લાજમાં ને લાજમાં કંડરીકે ત્યાંથી વિહાર કર્યો. સ્થવિરોની સાથે ઉગ્ર વિહાર કરતાં કંડરીકનું મન દીક્ષા ઉપરથી વધારે ને વધારે ઓછું થતું ગયું, આખરે એને સાધુપણા ઉપર તિરસ્કાર આવ્યો, શ્રમણપણામાં જે ગુણ હતો તે તેના ખ્યાલમાંથી છેવટે ખસી ગયો અને આખરે તે સ્થવિરો પાસેથી પણ ખસી ગયો.

આખરે ત્યાંથી થાકીને તે પુંડરીક રાજાના નગરમાં આવ્યો, પુંડરીકના રાજ્યભુવન તરફ આવ્યો, અશોકનું ઉદ્યાન હતું ત્યાં આવી પહોંચ્યો, તેમાં પણ જે અશોક નીચે પોતે દીક્ષા લીધી હતી ત્યાં આવી પહોંચ્યો, પૃથ્વી પર જ્યાં શિલાપટ્ટ હતો તે સ્થાન પર આવી પહોંચ્યો. હવે તે શિલા પર બેસવા જાય છે અને મન પાછું પડી જવાથી સંકલ્પ વિકલ્પ કરે છે તે વખતે પુંડરીકની ધાવમાતા ત્યાં આવી પહોંચી, તેની એ અવસ્થા જોઇ ગઇ અને સર્વ હકીકત તેણે તુરતજ પુંડરીકને જણાવી. આખા અંતઃપુર અને પરિવારને લઇ પુંડરીક તુરતજ ત્યાં આવી પહોંચ્યો અને પૂછ્યું "ભાઇ! શેની ઇચ્છા છે?" જવાબ હકારમાં મળ્યો. કુટુંબીઓને બોલાવી તેજ વખતે તેણે કંડરીકને રાજ્યાભિષેક કર્યો. તેજ વખતે પુંડરીકે પોતાને હાથે પંચમુષ્ટિ લોચ કર્યો, ચાર પ્રકારના યમવાળો (પ્રાણાતિપાતત્યાગ, અસત્યત્યાગ, અદત્તત્યાગ, પરિગ્રહત્યાગ) નિયમ આદર્યો, કંડરીકનાં ઓઘા પાત્રાં વિગેરે સર્વ ઉપકરણો પોતે ગ્રહણ કરી લીધાં અને તે વખતે અભિગ્રહ લીધો કે સ્થવિરની પાસે જઇ ધર્મ લઇને ત્યારપછીજ પોતે આહાર લેવો. આવો નિયમ લઇને પોતે સ્થવિરો તરફ ચાલ્યો.

કંડરીકે એક વખત તજેલ પાન ભોજન કરવા માંડ્યું તે પચ્યું નહિ, મહા વેદના થઇ, વધતી ચાલી, આખરે અસહ્ય થઇ પડી, વેદનાની સાથે અંતઃપુર અને રાજ્ય ઉપર મૂર્છા પણ વધતી ચાલી, મહા પીડામાં જાતે પડી ગયો અને તેની આલોચના કર્યા વગર કાળ કરી સાતમી નારકીએ ગયો અને ત્યાં તેત્રીશ સાગરોપમ સુધી મહા પીડાઓ તેણે ભોગવી.

પુંડરીક તો સ્થવિરો પાસે તુરત પહોંચી ગયો, તેઓની પાસે ફરી વાર ચાર યમનો નિયમ કર્યો, ત્રણ ઉપવાસ થયા હતા તેને પારણે જરા પણ દીનતા લાવ્યા વગર આહાર કરવા લાગ્યો. હવે આવું વખતના ઠેકાણા વગરનું, સુકું, નિરસ અને ઠંડું ખાવાથી તે ભોજન તેને પચ્યું નહિ, તેની તેને ઘણી વેદના થઇ આવી, તેને એમ લાગ્યું કે એ વેદના પોતાથી વધારે વખત સહન થઇ શકશે નહિ એટલે હાથ જોડી માથે લગાવી णमोत्थुणं अरिहन्ताणं भगवंताणं ઇત્યાદિ અરિહંત અને સ્થવિરોને નમસ્કાર કરીને બોલ્યો કે અહો! મેં અગાઉ સ્થવિરો પાસે સર્વ પ્રાણાતિપાતત્યાગ વિગેરે ચારે યમ લીધા હતા, હવે અત્યારે એ ચારે યોગો સર્વથી લઉં છું, સર્વ પ્રાણાતિપાતનો ત્યાગ કરૂં છું, સર્વ ન કરવા યોગ્ય યોગોનો ત્યાગ કરૂં છું અને આ મારા શરીરનો પણ છેલ્લો ઉશ્વાસ અને નિઃશ્વાસ લઇ ત્યાગ કરૂં છું એમ આલોચના કરી સર્વપ્રતિક્રમણ કર્યું અને સમાધિ આદરી. એક માસમાં કાળ કરી સર્વાર્થસિદ્ધ વિમાને દેવ થયો અને ત્યાં તેત્રીશ સાગરોપમના આયુષ્યમાં આનંદ કર્યો. ત્યાંથી ચ્યવન કરી મહાવિદેહમાં મનુષ્યદેહ ધારણ કરી મોક્ષ જશે.

આ પ્રમાણે વાત કરી ગૌતમસ્વામી દેવતાને કહે છે કે "તારે બહારની નજરે દુર્બળપણું કે સબળપણું જોવાનું નથી. એ કંડરીક ઘણો દુબળો થઇ ગયો હતો, પણ મનમાં ઉપાધિ રહ્યા કરતી હતી તેથી સાતમી નારકીએ ઉત્પન્ન થયો, જ્યારે પુંડરીક જાડો મજબૂત ભરેલ ગાલવાળો હતો છતાં સર્વાર્થસિદ્ધે ગયો એવી રીતે દેવાનુપ્રિય! બળ અથવા દુર્બળનું અત્ર કાંઇ કારણ નથી, અહીં તો ધ્યાન ઉપર અંકુશ મેળવવો જોઇએ, ધ્યાનનો નિગ્રહ કરવો એ પરમ પ્રમાણ છે."

દેવતાએ સ્વામીના જ્ઞાનની પ્રશંસા કરી, સ્વામીને વંદના કરી અને અત્યંત સંવેગ રસમાં લીન થઇ પોતાને સ્થાનકે ગયો.

(કોઇ એમ કહે છે કે આ દેવ તિર્યક્જૃંભક[1] હતો)

તાપસોને બોધ.

સવારે ગૌતમસ્વામીએ ચૈત્યોને વંદના કરી અને પછી અષ્ટાપદ પર્વત પરથી પાછું ઉતરવા માંડ્યું. જે તાપસોએ ગૌતમસ્વામીને ઉપર જતાં આગલે દિવસે જોયા હતા તે કહેવા લાગ્યા 'સ્વામિન્! તમે અમારા આચાર્ય છો, અમે તમારા શિષ્યો છીએ.' ગૌતમસ્વામીએ જવાબ આપ્યો

---

૧ દેવતાઓની સેવા કરનારા હલકી જાતિના દેવો તિર્યક્જૃંભક કહેવાય છે.

'એમ નહિ, તમારા અને અમારા પોતાના આચાર્યશ્રી ત્રણ જગતના ગુરુ વીર પરમાત્મા છે!' તેઓને વધારે નવાઇ લાગી કે 'શું વળી તમારે પણ એથી બીજા આચાર્ય છે!'

આખરે સર્વ તાપસોએ ગૌતમસ્વામી પાસે દીક્ષા લીધી. હવે ભિક્ષા લઇ આવવાનો વખત થયો એટલે આચાર્યશ્રી ગૌતમસ્વામીએ પૂછ્યું 'કેમ! ભિક્ષામાં શું લાવશું!' તેઓએ જવાબ આપ્યો કે 'ખીર.' હવે ગૌતમસ્વામી પોતે તો મહા લબ્ધિવાળા હતા. એક પાત્રા (ભિક્ષાના વાસણ)માં ખીર ભરીને વહોરીને લઇ આવ્યા. પછી સર્વને એક પંક્તિમાં બેસી જવા કહ્યું. હવે સ્વામીને અક્ષીણમહાનસ લબ્ધિ હતી તેનો એવો ચમત્કાર છે કે જે વસ્તુ પર પોતે હાથ મૂકે તે કદિ ખૂટે નહિ. એકજ પાત્રામાં આવેલી ખીરથી સર્વને તૃપ્ત કરી દીધા, પછી પોતે આહાર કર્યો. હવે પાંચસો શિષ્યો જે શૈવાલ નામથી જાણીતા થયેલા હતા તેમને ખીરનું ભોજન કરતાં કરતાંજ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું. સર્વ શિષ્યો સાથે સ્વામી ભગવાન્ જ્યાં રહેલા હતા તે તરફ ચાલ્યા. દૂરથી સમવસરણની રચના જોઇને દત્ત નામના પાંચસો શિષ્યોને કેવળજ્ઞાન થયું. બાકીના પાંચસે કૌડિન્ય નામના હતા તેમણે ભગવાનને નજરે જોયા એટલે તેમને પણ કેવળજ્ઞાન ઉત્પન્ન થયું.

હવે ગૌતમસ્વામીને આગળ કરીને સર્વેએ ભગવાનને પ્રદક્ષિણા કરી, ત્યારપછી તેઓ કેવળીઓને બેસવાની જગા તરફ ચાલવા લાગ્યા એટલે ગૌતમસ્વામીએ તેમને કહ્યું 'આ આપણા સ્વામી છે! આપણા આચાર્ય છે, તેને તમે વંદના કરો, તેમને નમો.' ભગવાન્ પોતે કહેવા લાગ્યા 'ગૌતમ! કેવળીઓની આશાતના કર નહિ.'[1] ગૌતમસ્વામી હકીકત સમજ્યા અને માફી માગી (મિથ્યાદુષ્કૃત દીધું).

હવે આ બનાવથી ગૌતમસ્વામીને વધારે અધીરજ ઉત્પન્ન થઇ, પોતે હજુ કેવળી કેમ ન થયા તેને માટે ચિંતા થવા લાગી. ત્યારપછી ભગવાને તેને પૂછ્યું 'ગૌતમ! દેવોનું વચન પ્રમાણ કે જિનવરનું?' ગૌતમસ્વામીએ જવાબમાં કહ્યું 'ખચીત, જિનવરનુંજ.' પછી ભગવાને તેને કહ્યું કે 'ત્યારે હવે તારા મનમાં અધીરજ કેમ થાય છે? તું મારા તરફ રાગવાળો છે! પણ ગૌતમ! આગળ જતાં આપણે એક સરખા થઇ જશું, જરા પણ તફાવત વગરના થઇ જશું!' આ હકીકત કહીને પછી ભગવાને આખું દ્રુમપત્રી અધ્યયન કહી સંભળાવ્યું તે આ પ્રમાણેઃ—

૧ કેવળી તીર્થંકરને નમતા નથી, માત્ર તીર્થનેજ નમે છે.

"પીળાં પાંદડાંઓને જુનાં થઇ જતાં જોઇ નવી કુંપળીઓ (કિસલયો) "તેના તરફ હસે છે, તેને પડતાં જોઇ તેની મશ્કરી કરે છે ત્યારે ખરી "પડતાં પીળાં પચ થઇ ગયેલાં પાંદડાંઓ લીલી લીલી કુંપળીઓને કહે "છે કે 'જેવી અત્યારે તમે છો તેવા એક દિવસ અમે પણ હતા, તમારા "પણ એક દિવસ અમારા જેવાજ હાલ થવાના છે. અત્યારે તમે અભિ- "માન શામાટે કરો છો? કિસલય (કુંપળીઓ)નો સુંવાળા હોવાનો ગર્વ "વધારે વખત ટકવાનો નથી, ચિર કાળ રહેવાનો નથી અને તે હકીકત "સમજનાર પાંદડાંઓ તેના ગર્વ તરફ ટીકા કરતાં આ પ્રમાણે કહે છે, "માટે આવી સ્થિતિ સમજીને હે ગૌતમ! એક સમય પણ આળસ કરવું "નહિ, પ્રમાદ કરવો નહિ.

અહીં નિર્યુક્તિકાર કહે છે કે ખરી પડતાં પાંદડાંઓ કદિ બોલતાં નથી, પણ ભવ્ય પ્રાણીઓને પ્રતિબોધ આપવાને માટે આ એક પ્રકારની ઉપમા છે. દેશી ભાષામાં પણ એ ઉપમા પ્રચલિત છે તે જાણવામાં હશે-

પીપળપાન ખરંત. હસતી કુંપળીઆં;
અમ વીતી તમ વીતશે, ધીરી બાપુડીઆ!

આગળ વીર ભગવાન્ કહે છે:—

"શરદ ઋતુમાં ઘાસના છેડા પર ઝાકળના પાણીનું ટીપું હોય તે "જેમ બહુ થોડો વખત ટકે છે તેવી રીતે મનુષ્યનું જીવન પણ બહુ થોડો "વખત ટકે છે એમ સમજી હે ગૌતમ! એક સમય પણ પ્રમાદ કરવો "નહિ.

"આવી રીતે મનુષ્યભવના આયુષ્યને અનેક પ્રકારે ઉપક્રમ (ધક્કાઓ) "લાગે છે અને જીવન ઉપર અનેક પ્રકારના ઉપઘાતો લાગ્યા કરે છે, માટે "ગૌતમ! એક સમય પણ પ્રમાદ કરવો નહિ.

"પણામાં, તેઇંદ્રિયપણામાં, ચૌરિંદ્રિયપણામાં અસંખ્ય કાળ કાઢી નાખે "છે, તેમજ પંચેંદ્રિયપણામાં મનુષ્ય તિર્યંચના સાત આઠ ભવ કરી નાખે "છે, નરક દેવગતિમાં મોટા તેત્રીશ સાગરોપમનાં આયુષ્યો કાઢી નાખે "છે, માટે ગૌતમ! એક સમય પણ પ્રમાદ કરવો નહિ.

"પ્રમાદથી ભરેલો જીવ એ પ્રમાણે સંસારમાં શુભ અશુભ કર્મોથી "રખડ્યા કરે છે, માટે ગૌતમ! એક સમય પણ પ્રમાદ કરવો નહિ.

"કદાચ મહા મુશ્કેલીએ મળવું દુર્લભ મનુષ્યપણું મળી જાય તો- "પણ આર્ય દેશમાં જન્મ થવો ઘણો મુશ્કેલ છે, શક યવન મ્લેચ્છ દેશમાં "જન્મ થાય તો મળેલું મનુષ્યપણું વ્યર્થ થાય છે, માટે ગૌતમ! એક "સમય પણ પ્રમાદ કરવો નહિ.

"કદાચ મહા મુશ્કેલીએ આર્ય દેશમાં જન્મ થાય તોપણ પાંચે "દ્રિયો સુંદર હોય, કોઇ પણ પ્રકારની ખોડખાંપણ વગરની હોય એમ "થવું ઘણું મુશ્કેલ છે એ હકીકત જાણી ગૌતમ! એક સમય પણ પ્રમાદ "કરવો નહિ.

"કદાચ ખોડખાંપણ વગરની ઇંદ્રિયો મળી જાય તોપણ મિથ્યા- "ત્વમાં લપટાયલા પ્રાણીને વિશુદ્ધ ધર્મ સાંભળવાનું બનતું નથી, માટે ગૌ- "તમ! એક સમય પણ પ્રમાદ કરવો નહિ.

"કદાચ વિશુદ્ધ ધર્મ સાંભળવાની તક અથવા તકો મળી આવે તો- "પણ ધર્મ ઉપર શ્રદ્ધા થતી નથી, માટે ગૌતમ! એક સમય પણ પ્રમાદ "કરવો નહિ.

"ધર્મ ઉપર શ્રદ્ધા થાય તોપણ શરીરે કરીને સ્પર્શઇંદ્રિયે કરીને "કામની બાબત તરફ (વિષયસેવન તરફ) મન વધારે જાય છે, ધર્મ "કરવાનું શરીરથી બનતું નથી, માટે ગૌતમ! એક સમય પણ પ્રમાદ "કરવો નહિ.

"શરીર જીર્ણ થતું જાય છે, વાળ ધોળા થતા જાય છે અને કાનની "સાંભળવાની શક્તિ ઘટતી જાય છે, માટે સમય માત્ર પણ હે ગૌતમ! "પ્રમાદ કરવો નહિ.

"તેવીજ રીતે આંખનું બળ ઘટતું જાય છે, સુંઘવાની શક્તિ મંદ "પડતી જાય છે, જીભની ચાખવાની સત્તા ઓછી થતી જાય છે, ચામડીની "સ્પર્શશક્તિ ઘટતી જાય છે અને એમ સર્વ પ્રકારનાં બળ શક્તિઓ "ઓછાં થતાં જાય છે, માટે ગૌતમ! એક સમય પણ પ્રમાદ કરવો નહિ.

"વાત પિત્તનો ઉદ્વેગ શરીરમાં ભોંકાયા કરે છે, શરીરમાં આંકડીઓ "આવ્યા કરે છે, વિવિધ પ્રકારના ઉપદ્રવો શરીરને ત્રાસ આપ્યા કરે છે "અને હેરાન હેરાન કરી મૂકે છે, માટે ગૌતમ! એક સમય પણ પ્રમાદ "કરવો નહિ.

"જેવી રીતે કમળ જળમાં પ્રથમ ડૂબેલું હોય છે, પણ પાછળથી "જળની ઉપર આવી જાય છે, તેવી રીતે ચિર કાળથી વળગેલા પરિચિત "વિષયોમાં તું ડૂબેલ હો તોપણ તેની ઉપર આવી જવું કમળ જેવું તને "યોગ્ય છે—એમ જાણી હે ગૌતમ! એક સમય પણ પ્રમાદ કરવો નહિ.

"ઘર અને સ્ત્રીનો એક વાર ત્યાગ કર્યા પછી અને અણગારપણું આ- "દર્યા પછી વળી પાછો વમન કરેલ વસ્તુઓને ખાવાનો કે ચાટવાનો વિ- "ચાર કરવો તે અયોગ્ય છે એમ સમજી હે ગૌતમ! એક સમય માત્ર "પણ પ્રમાદ કરવો નહિ.

"મિત્ર બાંધવને તેમજ મોટા ધનના ઢગલાઓને છોડી દઇને ફરી- "વાર તેને શોધવા જવું યોગ્ય નથી એમ સમજી હે ગૌતમ! એક સમય "પણ પ્રમાદ કરવો નહિ.

"આજે જિનવર દેખાતા નથી, માત્ર તેમનો ઉપદેશેલો માર્ગજ "દેખાય છે એમ ધારી એટલે આજ માર્ગ દેખાય છે પણ મોક્ષ દેખાતો "નથી-સંદેહ વગરના મનમાં આવા માર્ગ સંબંધી સ્પષ્ટ ખ્યાલ હોવા છતાં "મોક્ષ મળી ન જાય તેટલા સારૂ હે ગૌતમ! એક સમય પણ પ્રમાદ "કરવો નહિ.

"રસ્તામાં જે જે કાંટાઓ હોય તેને શોધીને તું મોટા મંદિરમાં "દાખલ થયો છે અને હવે મોટે માર્ગે પડી ગયો છે, તેની બરાબર શો- "ધમાં છે તો હે ગૌતમ! એક સમય પણ પ્રમાદ કરીશ નહિ.

"કોઇ નિર્બળ બોજો ઉપાડનાર આખે રસ્તે બોજો ઉપાડીને આવે "અને જ્યાં જવાનું હોય તેની તદ્દન નજીક આવે ત્યારે બોજો છોડી દે "અને તેમ કરીને પછી આખરે બહુજ પસ્તાય તેમ ન થવું જોઇએ; માટે "ગૌતમ! જરા પણ પ્રમાદ ન કરવો.

"તું તો મોટો દરિયો તરી ગયો છે, હું તારો ગુરુ છું અને હવે "લગભગ કાંઠે આવીને નરમ પડી જવા જેવી કેમ સ્થિતિ થાય છે? માટે "ગૌતમ! એક સમય પણ પ્રમાદ કરવો નહિ.

"મહાન્ શ્રેણિએ ચઢી ઉત્તરોત્તર શિવસ્થાને પહોંચીશ, માટે એક "સમય પણ પ્રમાદ કર નહિ.

"તજવા યોગ્ય બાબતો સમજી લે, કષાય અગ્નિથી દૂર થા, સંયમની
"આસેવના કર અને તેવી રીતે ગામ અને નગરમાં રહી સર્વ પાપસ્થા-
"નોથી દૂર રહે, શાંતિમાર્ગે પ્રયાણ કર અને તેમાં વધારો કર અને ગૌતમ!
"એક સમય પણ પ્રમાદ કર નહિ."

મહાબુદ્ધ શ્રીવીર પરમાત્માની આવી સુંદર પદલાલિત્ય યુક્ત ભાષા સાંભળી ગૌતમના રાગ દ્વેષો છેદાઇ ગયા અને છેવટે તે ઇંદ્રભૂતિ ગણધર મોક્ષ ગયા.[1]



---

[1] શાંત્યાચાર્ય ટીકા પરથી અર્થ સમજી આ આખું અધ્યયન ઘણું ઉપયોગી લાગવાથી અત્ર ઉતારી લીધું છે, એમાં દ્રુમપત્રની હકીકત ઉપમાન બતાવવા સારુ આપી છે તે ખાસ પ્રાસ્તાવિક છે, બાકીનો ભાગ ઉપદેશક છે. પુંડરીક કંડરીક અધ્યયનની વાત ખાસ જાણવા જેવી છે. જિજ્ઞાસુને ઉપયોગી ધારી આખું અધ્યયન અત્ર રજુ કર્યું છે.

પરિશિષ્ટ. વ.

જુઓ નોટ પૃ. ૮૩

પુદ્ગળપરાવર્તનું સ્વરૂપ.[1]

*પુદ્ગળપરાવર્તનું સ્વરૂપ જાણવા જેવું છે. તેના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી પ્રત્યેકના બાદર અને સૂક્ષ્મ ભેદ કરતાં આઠ પ્રકાર થાય છે.

ઔદારિક, વૈક્રિય, તેજસ, કાર્મણ, ભાષા, શ્વાસોશ્વાસ અને મનોવર્ગણાપણે ચૌદ રાજલોકના સર્વ પુદ્ગળો પરિણમાવે એટલે પ્રત્યેક વર્ગણારૂપે દરેક પુદ્ગળ પરમાણુ પરિણમાવે ત્યારે **દ્રવ્યથી બાદર પુદ્ગળપરાવર્ત** થાય. (કોઇક આચાર્યો પ્રથમની ચાર વર્ગણારૂપે સર્વ પુદ્ગળ પરિણમાવવાનું કહે છે.) એજ પુદ્ગળ પરમાણુને પ્રથમ ઔદારિક વર્ગણારૂપે ભોગવે, ત્યારપછી અનુક્રમે વૈક્રિય વર્ગણારૂપે ભોગવે, યાવત્ મનોવર્ગણારૂપે ભોગવે, તેમાં એક પરમાણુને ઔદારિક તરીકે ભોગવ્યા પછી વચ્ચે વૈક્રિયાદિરૂપે ગમે તેટલા ભોગવે તે ગણવા નહિ. એવી રીતે અનુક્રમે સાતે વર્ગણાપણે સર્વ પુદ્ગળો ભોગવાય ત્યારે **દ્રવ્યથી સૂક્ષ્મ પુદ્ગળપરાવર્ત** થાય છે.

લોકાકાશના અસંખ્ય પ્રદેશો છે, તે દરેક પ્રદેશને મરણથી સ્પર્શે ત્યારે **ક્ષેત્રથી બાદર પુદ્ગળપરાવર્ત** થાય છે અને લોકાકાશના સર્વ પ્રદેશોને ક્રમસર એક પછી એક પ્રદેશે સ્પર્શી મરણ પામે, એમ સર્વ પ્રદેશોને અનુક્રમે સ્પર્શ થાય ત્યારે **ક્ષેત્રથી સૂક્ષ્મ પુદ્ગળપરાવર્ત** થાય છે. આમાં એટલું ધ્યાનમાં રાખવાનું છે કે કોઇ પણ એક પ્રદેશે મરણ થયા પછી તેના અનંતર પ્રદેશે મરણ થાય તેજ પ્રદેશ ગણવો, બાકી અન્ય પ્રદેશોએ વચ્ચેના વખતમાં ગમે તેટલાં મરણ થાય તે પ્રદેશો ગણવા નહિ.

ઉત્સર્પિણી અને અવસર્પિણીના સર્વ સમયો આડાઅવળા મરણથી સ્પર્શે ત્યારે **કાળથી બાદર પુદ્ગળપરાવર્ત** થાય છે અને ઉપર બતાવેલી રીત પ્રમાણે એક કાળચક્રના પ્રત્યેક સમયને અનુક્રમે મરણવડે સ્પર્શે ત્યારે

---

૧ અધ્યાત્મકલ્પદ્રુમ દ્વિતીયાવૃત્તિની પૃ. ૨૫૬-૮ મી નોટ અહીં નોંધી લીધી છે.

* આ વિષય વધારે પારિભાષિક (technical) છે. એ બરાબર સમજવા માટે ગુરુગમની જરૂર પડશે.

કાળથી સૂક્ષ્મ પુદ્ગળપરાવર્ત થાય છે. એમાં ઉત્સર્પિણીમાં પ્રથમ સમયે કાળ કર્યા પછી તેના પછીનાજ બીજા સમયે બીજી ફેરી પણ ઉત્સર્પિણીમાં કાળ કરે તેજ ગણાય છે, વચ્ચેના મરણપ્રસંગો ગણાતા નથી.

કષાયના કારણથી જે અધ્યવસાય થાય તેને લીધે કર્મબંધ થાય છે. એ કર્મબંધમાં બહુ તરતમતા હોય છે. કષાય મંદ કે તીવ્ર હોય તેમ કર્મના અનુબંધમાં ફેર પડે છે. એનાં અસંખ્ય સ્થાનો છે અને તેથી અનુબંધસ્થાન પણ અસંખ્ય છે. પ્રાણીને જેવી જેવી જુદી જુદી વાસના તેટલા તેટલા જુદા જુદા અધ્યવસાય થાય છે અને તે પ્રત્યેકમાં તરતમતા હોય છે તેથી પ્રત્યેકનું સ્થાન જુદું પડે છે એ અનુબંધસ્થાન અસંખ્ય સમજવાં; એ સર્વ અધ્યવસાયસ્થાનક આગળ પાછળ ફરશીને પૂરાં કરે ત્યારે **ભાવથી બાદર પુદ્ગળપરાવર્ત** થાય છે; અને પ્રથમ અલ્પ કષાયોદયરૂપ અધ્યવસાયે વર્તતો મરણ પામે, તે વાર પછી બીજાં ગમે તેવાં સ્થાનકોએ મરણ પામે તે ગણાય નહિ, પણ ત્યારપછી તેની અનંતર અધ્યવસાયસ્થાનકે મરણ પામે તેજ ગણાય, એવી રીતે સર્વ અધ્યવસાયસ્થાનકોએ અનુક્રમ પ્રમાણે ચાલતો કાળ કરે ત્યારે **ભાવથી સૂક્ષ્મ પુદ્ગળપરાવર્ત** થાય છે.

આ સ્વરૂપમાં બાદર પુદ્ગળપરાવર્તના ચાર ભેદ કહ્યા છે એ જરા ઠીક લાગશે, કારણ કે એમાં બહુ ઓછા ભવો કરવા પડે છે (પ્રમાણમાં), પરંતુ શાસ્ત્રકાર કહે છે કે એ બાદરના ચાર ભેદ તો સમજવા માટેજ બતાવ્યા છે, તેનો બીજો ઉપયોગ નથી. એ સમજવાથી સૂક્ષ્મ ભેદ ખ્યાલમાં આવે તેથીજ બતાવ્યા છે, બાકી અમુક જીવે જે અનંત પુદ્ગળપરાવર્ત કર્યાં અને હજુ કરશે તે તો સૂક્ષ્મ સમજવાં.



દ્વિતીય પ્રસ્તાવ.

સ્થાન.	મુખ્ય પાત્રો.		સામાન્ય પાત્રો.	
મનુજગતિ નગરી.	કર્મપરિણામ.	મનુજગતિનો મહારાજા.		
	કાળપરિણતિ.	કર્મપરિણામની પટ્ટરાણી.	પ્રિયનિવેદિકા.	દાસી, [illegible]
	ભવ્યપુરુષ. સુમતિ	કર્મપરિણામનો પુત્ર.	અવિવેક.	[illegible]
	અગૃહીતસંકેતા. } પ્રજ્ઞાવિશાલા. }	બે સખીઓ.		
	સદાગમ.	ગુરુમહારાજ.		
અસંવ્યવહાર નગર.				
ગોળકપ્રાસાદ.	અત્યંતઅબોધ.	અસંવ્યવહારનો સરસુબો.	તત્પરિણતિ-	[illegible]
નિગોદચેંબર.	તીવ્રમોહોદય.	અસંવ્યવહારનો સેનાપતિ.	તન્નિયોગ.	કર્મપરિણામનો દૂત.
	સંસારીજીવ.	કથા કહેનાર વ્યક્તિ.		
	લોકસ્થિતિ.	કર્મપરિણામની મોટી બ્હેન.		
	ભવિતવ્યતા.	સંસારીજીવની ભાર્યા.		

એકાક્ષનિવાસ નગર. પાંચ પાડા. (૧) વનસ્પતિ. (૨) પૃથ્વીકાય. (૩) અપ્કાય. (૪) તેજસ્કાય. (૫) વાયવીય.			
વિકલાક્ષનિવાસ નગર. ત્રણ પાડા.	ઉન્માર્ગોપદેશ.	વિકલાક્ષનિવાસ તથા. પંચેન્દ્રિય પશુસંસ્થાનનો સરસુબો.	
(૧) દ્વિહૃષીક. (૨) ત્રિકરણ. (૩) ચતુરક્ષ.	માયા.	ઉન્માર્ગોપદેશની ભાર્યા.	
પંચાક્ષપશુસંસ્થાન. જળચર, સ્થળચર, ખેચર | સંમૂર્છિમ, ગર્ભજ. ઉરઃપરિ ભુજપરિ.			
	પુણ્યોદય.	શુભ મિત્ર અને બંધુ. મનુજગતિએ જતા સહાયી.	દાખુ દાખી.

ઓના સ્થાનરૂપ હોવાથી દેવતાઓનાં સ્થાનોને હસી કાઢે તેવા એ [1]ક્ષિતિપ્રતિષ્ઠિત આદિ અનેક [2]પુરોથી સુશોભિત ભરત વિગેરે નાના પ્રકારના[3] મહોલ્લાઓ છે અને તે મહોલ્લા આજુબાજુ ઘણા ઊંચા હોવાને લીધે [4]કુલશૈલનો આકાર ધારણ કરનારા મહોલ્લાઓના નાના નાના [5]ગઢો છે. તે નગરીના મધ્ય ભાગમાં લંબાકૃતિવાળી, જૂદા જૂદા [6]વિજયરૂપ દુકાનોથી શોભતી, અનેક મહાત્મા પુરુષોના ટોળાથી ગીરદીવાળી [7]મહાવિદેહરૂપ મોટી બજાર છે, જ્યાં કિમત આપીને શુભ અશુભ વસ્તુઓની ખરીદી કરી શકાય છે. તે નગરીની ચોતરફ પર્વતના આકારને ધારણ કરનાર માનુષોત્તર[8] નામનો મોટો ગઢ છે જે

---

૧ **ક્ષિતિપ્રતિષ્ઠિત** ભરત ક્ષેત્રમાં આવેલું એક જાણીતું શહેર હતું. જ્યારે આખી મનુષ્યગતિને એક નગરી ગણવામાં આવે ત્યારે ભરત ક્ષેત્ર તેનો એક મહોલ્લો-શેરી થાય છે અને અયોધ્યા-ક્ષિતિપ્રતિષ્ઠિત આદિ શહેરો ઘરો થાય છે. કલ્પના બહુ સુંદર છે.

૨ **પુર** શ્લેષ છે. (૧) પુર એટલે નગર એ ભરતની અપેક્ષાએ; અને (૨) ઘર એ મહોલ્લાની અપેક્ષાએ. પુરનો અર્થ ઘર થાય છે એ કોઇ પણ કોષ જોવાથી જણાશે.

૩ ભરત આદિ ક્ષેત્રો એટલે **ભરત ઐરવત મહાવિદેહ** પ્રત્યેક પાંચ પાંચ છે તે સર્વ મનુજગતિ નગરીના મહોલ્લાઓ છે.

૪ છ **કુળાચલ** પર્વતો છે જે ત્રણે ઉપરોક્ત ક્ષેત્રોની બે બાજુએ છે. ક્ષેત્રોને જૂદા પાડનારને વર્ષધર કહે છે. વર્ષધર પર્વતો છ છે. હિમવંત, મહાહિમવંત, નિષધ, નિલવંત, રુક્મી, શિખરી-મેરૂ કુળાચળમાં કે વર્ષધરમાં ગણાતો નથી. જૈનેતર ગ્રંથોમાં **સાત વર્ષધર** કહ્યા છે: હિમવાન્, હેમકૂટ, નિષધ, મેરૂ, ચૈત્ર, કર્ણી અને શૃંગી (આપ્ટે ડીક્શનેરી). વળી અન્ય ગ્રંથોમાં કુલશૈલ પણ સાત કહ્યાં છે: મહેંદ્ર, મલય, સહ્ય, શક્તિમાન્, ઋક્ષ, વિંધ્ય, પારિયાત્ર. આ સાતને કુળપર્વત કહે છે. જૈન પરિભાષામાં ઉદયાચળ અને અસ્તાચળ કુળપર્વતમાં આવે છે. 'કુળપર્વતો' એ અન્ય મતની અપેક્ષાએ લખેલ શબ્દ હોય એમ જણાય છે.

૫ જેમ મહોલ્લાના નાના ગઢ હદ બાંધનારા હોય છે તેની પેઠે આ ભરતાદિ પરાંઓની બાજુમાં **કુલશૈલ પર્વતરૂપ** ગઢો છે.

૬ મહાવિદેહ ક્ષેત્રના બત્રીશ વિભાગ છે જેને **વિજય** કહેવામાં આવે છે. આ વિજયને દુકાનોનું રૂપક આપવામાં આવ્યું છે.

૭ **મહાવિદેહ ક્ષેત્ર** જંબૂદ્વીપની મધ્યમાં આવેલું છે. ત્યાં નિરંતર ચોથા આરાના ભાવ વર્તે છે. એમાં અનેક મહા પુરુષો જન્મે છે અને કાર્ય સાધે છે. આ મહાવિદેહને બજારની ઉપમા આપીને તેમાં સર્વ વસ્તુ ખરીદી શકાય છે અને તેમાં દુકાનો છે એ રૂપક આપ્યું છે. ધાતકીખંડ અને પુષ્કર દ્વીપમાં પણ બે બે મહાવિદેહો છે.

૮ **માનુષોત્તર પર્વત** પુષ્કરાર્ધ દ્વીપની ફરતો ગઢરૂપે છે. અઢી દ્વીપનો નકશો જોવાથી આ જોઇ શકાશે.

એટલો ઊંચો છે કે તેને લીધે ચંદ્ર અને સૂર્યની ગતિ પણ રોકાઇ ગયેલી છે, તેને લીધે દુશ્મનો પોતાનું લશ્કર લાવી શકે એવો ભય તો ત્યાં તદ્દન નાશ પામી ગયો છે. તે અતિ ઊંચા ગઢથી દૂર તેની ફરતી મોટા વિસ્તારવાળા સમુદ્રરૂપ મોટી ખાઇ[1] આવી રહેલી છે તેથી તે નગરીનું બચાવકામ ઘણું સુંદર પ્રકારનું છે. તે નગરીમાં [2]વિબુધથી વસાયલા [3]ભદ્રશાલ વનરૂપ અનેક બગીચાઓ છે. એ નગરીમાં અનેક પ્રકારના પ્રાણીસમૂહરૂપ જળના પ્રવાહને વહન કરનાર મોટી [4]નદીઓરૂપ મોટા મોટા જળમાર્ગો છે. તે નગરીમાં અનેક નદીઓના સંગમના આધારભૂત અનેક રસ્તાઓને મળનારા લવણ અને કાળોદધિ સમુદ્રરૂપ[5] બે મોટા રાજમાર્ગો છે.[6] તે નગરીમાં સદરહુ બે રાજમાર્ગેથી જૂદા પડી ગયેલા[7] (ત્રણ વિભાગમાં વહેંચાઇ ગયેલા) [8]જંબૂદ્વીપ, ધાતકીખંડ, પુષ્કરવર દ્વીપાર્ધરૂપ ત્રણ મોટા વિભાગો છે (મોટા મહોલ્લાઓ છે). એ નગરીમાં લોકોનાં સુખનું કારણ, પોતપોતાને યોગ્ય સ્થાનકે રહેવાવાળા અને કલ્પવૃક્ષ જેવા [9]સ્થાનાંતર રાજાઓ છે.

---

૧ નગરને ગઢ જોઇએ અને ગઢ સાથે ખાઇ જોઇએ. મનુજગતિને માનુષોત્તર પર્વતરૂપ ગઢ છે અને તેની આગળ પુષ્કરવર સમુદ્રરૂપ ખાઇ છે.

૨ વિબુધ શ્લેષ છે: (૧) ભદ્રશાળ પક્ષે–દેવતા; (૨) મનુજગતિ પક્ષે–વિદ્વાન્ મનુષ્યો.

૩ ભદ્રશાળ વન મહાવિદેહ ક્ષેત્રમાં આવેલું છે.

૪ ગંગા સિન્ધુ વિગેરે નદીઓ પર રૂપક છે.

૫ રસ્તાઓ પર માણસો જાય છે તેમ મનુજગતિમાં નદીઓનો પ્રવાહ ચાલ્યા કરે છે અને તે સમુદ્રને જઇને મળે છે.

૬ નદી જેમ સમુદ્રને મળે છે તેમ નાની નાની શેરીઓ મોટા રાજમાર્ગને મળે છે.

૭ શહેરની વચ્ચે નદી હોય તેથી જેમ વિભાગ પડી જાય છે તેમ આ નગરીના ત્રણ મોટા ભાગ પડી ગયા છે. જંબૂદ્વીપમાં એક ભરત, એક ઐરવત અને એક મહાવિદેહ ક્ષેત્ર હોય છે, જ્યારે ધાતકીખંડ અને પુષ્કર દ્વીપમાં તે પ્રત્યેક બે બે હોય છે.

૮ જંબૂદ્વીપ સર્વની વચ્ચેનો દ્વીપ છે, તેની ફરતો લવણ સમુદ્ર છે, ત્યારપછી ધાતકીખંડ દ્વીપ છે, તેની ફરતો કાળોદધિ સમુદ્ર છે, ત્યારપછી પુષ્કરવર દ્વીપ આવે છે. આવી રીતે ત્યારપછી અસંખ્ય દ્વીપ અને સમુદ્રો છે. મનુષ્યની વસ્તી માત્ર જંબૂદ્વીપ, ધાતકીખંડ અને પુષ્કરદ્વીપના અર્ધ ભાગમાંજ છે.

૯ સ્થાન સ્થાનના નાના નાના રાજાઓ છે તે બતાવવા આ રૂપક લખ્યું છે એ નગરીમાં કલ્પવૃક્ષ પણ બહુ છે એમ પણ આ રૂપકથી જણાય છે. સ્થાનાંતર

કોઇ માણસને કરોડો જીભો હોય તોપણ તે આ નગરીનું બરાબર વર્ણન કરવાને શક્તિવાન્ થઇ શકે એમ નથી તો પછી મારા જેવા સામાન્ય બુદ્ધિવાળાનું તો ગજું શું? તે નગરીમાં અનંતા તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો અને બળદેવો થયા છે, થશે અને કેટલાક અત્યારે પણ વિદ્યમાન છે. તે નગરી અનંત ગુણોથી ભરેલી હોવાને લીધે આ લોકમાં અને પરલોકમાં દુર્લભ છે એ પ્રમાણે સર્વ શાસ્ત્રોમાં તેને માટે ગાન કરવામાં આવ્યું છે. [2]ઊંચાં નીચાં સ્થાનમાં ચાલીને જ્યારે પ્રાણી થાકી જાય છે ત્યારે આ નગરીમાં આવીને નિર્વૃત્તિ[3] મેળવે છે. તે નગરીના લોકો નમ્ર, બુદ્ધિશાળી, પવિત્ર અને ભાગ્યશાળી છે અને તેથી ધર્મને છોડીને બીજું કાંઇ પણ તેઓનાં મનમાં હોતું નથી. તે નગરીની સ્ત્રીઓ હલકાં કામો છોડી દેવાને સર્વદા તૈયાર રહે છે અને પુણ્યશાળી હોઇને જિનેશ્વર મહારાજે બતાવેલો ધર્મ નિરંતર સારી રીતે સેવે છે. એ નગરીનું વધારે શું વર્ણન કરવું? ટુંકામાં કહીએ તો સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ-ત્રણે ભુવનમાં એવી કોઇ પણ ચીજ નથી કે જે એ નગરીમાં સારી રીતે રહેનાર પ્રાણીને મળી શકે તેવું ન હોય. તે નગરી [4]રત્નાકરથી પરિપૂર્ણ છે, વિદ્યાની ઉત્તમ ભૂમિકા છે, મન અને નેત્રને આનંદ આપનારી છે, દુઃખના સમૂહનો નાશ કરનારી છે, સર્વ પ્રકારનાં આશ્ચર્યોથી ભરપૂર છે, ઉત્તમોત્તમ વિશેષ વસ્તુઓથી ભરેલી છે, મહાત્મા મુનિઓથી વસાયલી છે, સારા શ્રાવકોથી અલંકૃત છે, તીર્થંકર મહારાજના જન્મસમયે થતા અભિષેક

(margin: નગરની અદ્ભુતતા.)

રાજાઓ એટલે ભાયાત રાજાઓ. સ્થાનાંતર રાજાઓ એ કલ્પના દેવોની હોય તો સર્વ વિશેષણો ઘટે છે. તે લોકોનાં સુખનું કારણ છે, પોતપોતાને સ્થાને રહેનારા છે અને કલ્પવૃક્ષ જેવા છે. મનુજગતિમાં તેમની સંભાવના કરવી એ મને ઉચિત જણાતું નથી, જો કે ભદ્રશાળ વિગેરે વનોમાં ઉપમાન દ્વારા દેવતાઓને આ નગરીમાં દાખલ કરેલા જણાય છે.

૧ છ ખંડ પૃથ્વી સાધે તે **ચક્રવર્તી** કહેવાય છે, ત્રણ ખંડ સાધે તે **વાસુદેવ** કહેવાય છે અને વાસુદેવના ભાઇને **બળદેવ** કહે છે. પ્રતિવાસુદેવે સાધેલી ત્રણ ખંડ પૃથ્વીને તેની પાસેથી જીતીને વાસુદેવ ભોગવે છે.

૨ **ઊંચાં સ્થાન**-સ્વર્ગ-દેવલોકાદિ. **નીચાં સ્થાન**-નરક વિગેરે.

૩ **નિર્વૃત્તિ** શ્લેષ છે: (૧) થાક પક્ષે શ્રમ ઉતારવો, શાંતિ; (૨) નગરી પક્ષે મોક્ષ.

૪ **રત્નાકર** શ્લેષ છે: (૧) નગરી પક્ષે સમુદ્ર; (૨) મનુજગતિ પક્ષે સ્વાધિક્ય મહાત્મા પુરુષો, રત્ન જેવા પુરુષો-પુરુષરત્નો.

વિશેષેથી ભવ્ય પ્રાણીઓને સંતોષ આપનારી છે, ભવ્ય પ્રાણીઓને મોક્ષનું કારણ બને તેવી છે અને પાપી પ્રાણીઓને સંસાર વધારવાનું કારણ થાય તેવી છે. [1]જીવ, અજીવ, પુણ્ય, પાપ આદિ તત્ત્વો છે કે નહિ, હોય તો કેવા આકારમાં છે, શામાટે છે વિગેરે બાબતના દલીલસર વિચારો મોટે ભાગે એ નગરીમાંજ થાય છે. જે અધમ પ્રાણી આ નગરીમાં આવીને પણ સમ્યગ્દર્શનાદિ ગુણો સાથે જોડાતો નથી તેને લોકો કમનશીબ-ભાગ્યહીન કહે છે. એ નગરીને છોડીને બીજું એવું કોઇ પણ સ્થાન સ્વર્ગ, મૃત્યુ કે પાતાળમાં નથી કે જ્યાં ધર્મ અર્થ કામ અને મોક્ષરૂપ ચારે પુરુષાર્થો સંપૂર્ણપણે સાધી શકાય તેમ હોય.



---

૧ જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ (કર્મનું આવવું), સંવર (કર્મનું રોકવું), નિર્જરા (કર્મનું ઝેરવવું-ફેંકી દેવું), બંધ (કર્મને બાંધવાં) અને મોક્ષ (કર્મનો સર્વથા નાશ) એ **નવ તત્ત્વ** છે. એ સંબંધી ચર્ચા બહુધા મનુષ્યગતિમાંજ થાય છે એ હકીકત અત્ર બતાવી છે. 'મોટે ભાગે'-બહુધા શબ્દ હેતુસર લખ્યો છે. દેવ તથા પંચેંદ્રિય તિર્યંચને એનું જ્ઞાન શક્ય છે.

પ્રકરણ ૨ જું.

કર્મપરિણામ અને કાળપરિણતિ.

ઉપર વર્ણવેલી મનુજગતિ નગરીમાં [1]કર્મપરિણામ નામનો મોટો રાજા રાજ્ય કરે છે. એનાં બળ અને પરાક્રમ અન્યની સાથે સરખાવી શકાય તેવાં નથી, તેણે પોતાની શક્તિથી સ્વર્ગ, મર્ત્ય અને પાતાળ ત્રણે લોકોને જીતી લીધા છે અને તેની શક્તિનો સખ્ત વેગ એવો આકરો છે કે શક્ર (ઇંદ્ર) પણ તેને રોકી શકતો નથી. તે રાજા પોતાનો પ્રચંડ પ્રતાપ સર્વત્ર ફેલાવવાના ઇરાદાથી

કર્મપરિણામ રાજાની શક્તિ.

સર્વે નીતિશાસ્ત્રો પર પગ મૂકીને આખી દુનિયા તરફ એક તરખલાની સમાન ધિક્કારની નજરથી જુએ છે. તે રાજા પ્રાણીઓ તરફ સર્વ અવસ્થામાં તદ્દન દયા વગરનો છે. એને અન્ય પ્રાણીનું દુઃખ જોઈને કાંઈ લાગણી થતી નથી. તે જે કાંઈ સજા કરે તેનો બરાબર સખ્ત અમલ થયો જોઈએ એવા પ્રચંડ[2] શાસનવાળો છે અને જે હુકમ કરે તે કોઈ પણ પ્રકારની અપેક્ષા રાખ્યા વગર તે અમલમાં મૂકે છે. વળી એ રાજાને [illegible] બહુ પસંદ આવે છે, જાતે ઘણો દુષ્ટ છે અને પોતાની આજ્ઞા

---

[1] જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીય, આયુષ્ય, નામ, ગોત્ર અને અંતરાય એ આઠ કર્મ છે. જ્ઞાનાવરણીય કર્મથી આત્માનો જ્ઞાન ગુણ અવરાય [illegible] આચ્છાદન પામે છે; દર્શનાવરણીય કર્મથી દેખવાનો ગુણ આચ્છાદન [illegible] છે [illegible] વેદનીયથી સુખ દુઃખનો અનુભવ [illegible] [illegible]

[2] [illegible]

બાજુ લોભ વિગેરે સુભટોથી વિંટાયલો રહે છે; પોતે જાતે ઘણો [1]વિચક્ષણ (કાબેલ) છે અને તેણે નાટકની બાબતમાં ઘણી પરિપૂર્ણતા મેળવેલી છે. તે અભિમાનપૂર્વક પોતાના મનમાં એમ માને છે કે તેના જેવા મલ્લ[2] આખી દુનિયામાં બીજો કોઇ પણ નથી અને કોઇ વખત બીજા પ્રાણી ઉપર ઉપદ્રવ કરવા મંડી જાય છે ત્યારે કોઇની જરા પણ દરકાર કરતો નથી અથવા કંઇકને નિર્ધનીઆ (ધન વગરના-ભિખારી) બનાવી મૂકે છે.[3] વળી કોઇ વખત પોતાને હાસ્ય કરવાનું મન થઇ આવે તો સર્વ પ્રાણીઓને વિચિત્ર પ્રકારે હેરાન કરીને તેઓ પાસે નાટક કરાવે છે અને તેઓને થતી હેરાનગતી જોઇને પોતાની જાતને આનંદ આપે છે. એ સર્વ લોકો જો કે ઘણા મોટા છે તોપણ તેના પ્રતાપ સહન કરી શકતા નથી અને પરિણામે તે જે જે કહે છે તે તે સર્વ તેઓ કરી આપે છે, તે સર્વ તેઓને કરી આપવું પડે છે.[4]

લોકોને લેવા પડતા વેશો.

કોઇ વખત કર્મપરિણામ રાજા લોકોને નારકીના વેશ આપીને તેઓને વેદનાથી દુઃખી થયેલા અને રાડો પાડતા જોઇને તેમાં વારંવાર આનંદ માનતો તેઓની પાસે નાચ[5] કરાવે છે. જેમ જેમ એ પ્રાણીઓને મહાદુઃખથી પીડા પામતા જુએ છે તેમ તેમ તેને મનમાં ઘણો સંતોષ થાય છે અને તેના ઉલ્લાસમાં વધારો થાય છે. કોઇ વખત તે રાજા અભિમાનમાં આવી જઇને લોકો કે જેઓ ભયથી મુંઝાઇ ગયેલા હોવાથી તેના હુકમ માનવા સદા તત્પર રહેનારા હોય છે તેઓને કહે છે 'અરે પ્રાણીઓ ! આ રંગભૂમિ ઉપર તમે [6]તિર્યંચનો

---

૧ **વિચક્ષણઃ** માનસિક બળમાં અગ્રગામી.

૨ **મલ્લઃ** કુસ્તી કરનાર, પહેલવાન, શારીરિક બળમાં અગ્રગામી.

૩ મતલબ એ છે કે કર્મનું પરિણામ આવી રીતે જરા પણ અપવાદ વગર પ્રાણીને ભોગવવું પડે છે.

૪ અહીંથી ગો. એ. સો (બેંગાલ) વાળી આવૃત્તિનું પૃ. ૧૫૦ શરૂ થાય છે.

૫ આ પ્રાણી **નરકગતિ**માં કર્મને પરિણામે જાય ત્યાં તેના કેવા હાલ થાય છે તે પ્રથમ બતાવેલ છે.

૬ **તિર્યંચ** એટલે એક ઇંદ્રિયવાળા પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ; બે ઇંદ્રિયવાળા પૂરા વિગેરે, ત્રણ ઇંદ્રિયવાળા જૂ, માંકડ વિગેરે; ચાર ઇંદ્રિયવાળા વિંછી વિગેરે અને પાંચ ઇંદ્રિયવાળા પ્રાણીઓમાં મગરમચ્છ વિગેરે જળચરો, ઘોડા, ગાય બળદ વિગેરે થળચરો અને પોપટ, કબુતર વિગેરે ખેચરો. આ સર્વ જીવોને **તિર્યંચ** કહેવામાં આવે છે અને આ બીજા પ્રસ્તાવમાં તેઓનું વર્ણન ખાસ અગત્યનું છે તેથી આ શબ્દ પર બરાબર ધ્યાન આપવું. પાંચ ઇંદ્રિયવાળા મનુષ્ય દેવ અને નારકી સિવાય સર્વ પ્રાણીઓ-જીવોનો સમાવેશ **તિર્યંચ** શબ્દમાં થાય છે.

આકાર ધારણ કરીને મારા મનને આનંદ થાય તેવું [1]સુંદર નાટક જલદી કરો.' પછી કાગડા, ગધેડા, બિલાડી અથવા ઉંદરનો આકાર ધારણ કરીને, તેમજ સિંહ, ચિત્તા, વાઘ અથવા હરણનો વેશ લઇને અથવા હાથી, ઊંટ, બોકડા, બળદ, કબૂતર કે બાજનું રૂપ ધારણ કરીને અથવા જૂ, કીડી, કીડા અથવા માંકડનો આકાર ધારણ કરીને અને આવા અનેક પ્રકારના તિર્યંચનાં રૂપો તે કર્મપરિણામ મહારાજાના ચિત્તને આનંદ કરાવવાના હેતુથી ધારણ કરીને તે પ્રાણીઓ બહુ હાસ્ય ઉત્પન્ન કરનારૂં નાટક ભજવી બતાવે છે. વળી કેટલાક પ્રાણીઓ મનુષ્યપાત્રોનો પાઠ ભજવતાં કુબડાનું રૂપ લે છે, કોઇ વામન (ઠીંગણો) બની જાય છે, કોઇ મુંગો, કોઇ આંધળો, કોઇ ઘડપણને લઇને લાકડી ટેકવી ચાલનારો અને કોઇ બહેરો-એવા વિચિત્ર પ્રકારના મનુષ્યનો વેશ ધારણ કરીને નાટકમાં પાઠ ભજવે છે. વળી કેટલાક પ્રાણીઓ પાસે દેવતાઓના પાઠ ભજવાવે છે અને તેઓ જાણે પરસ્પરની ઈર્ષ્યાથી, શોકથી અને પોતાથી ઉચ્ચ દેવોના ભયથી ત્રાસ પામતા હોય એમ બતાવી આપે છે. આવી રીતે તે પ્રાણીઓ નવીન નવીન વેશ લઇ જૂદા જૂદા પાઠો ગ્રહણ કરી ખેલ ભજવી બતાવે છે તે જોઇ કર્મપરિણામ મહારાજા મનમાં મોજ પામે છે.

એક પાત્ર પાસે નવા નવા પાઠો.

પોતાની મરજી આવે તે પ્રમાણે વર્તનાર-સ્વચ્છંદી કર્મપરિણામ રાજા વળી પાછો નાટક જોવાની ઇચ્છાથી તે લોકો પાસે ફરી વાર કોઇ સારા આકારો ધારણ કરાવે છે અને પાત્રો માટે ફરી વાર જૂદા જૂદા પ્રકારની યોજના કરે છે. આવી રીતે એ મહાપરાક્રમી રાજા પ્રાણીઓને અનેક પ્રકારના ત્રાસ આપ્યા કરે છે, પરંતુ એ હેરાનગતીમાંથી તેઓનો બચાવ કરે એવો કોઇ પ્રભાવી પ્રાણી પેલા બાપડા પ્રાણીઓ મેળવી શકતા નથી અને તે મહારાજા તો એટલો સ્વતંત્ર છે અને પોતાની મરજી પ્રમાણે કામ કરનારો છે કે તેને જે કરવાનું મન થાય તે તે કરે છે અને તેની પાસે કોઇ પ્રાર્થના કરી શકતું પણ નથી અને કદાચ કોઇ તેને તેમ કરવામાં નિષેધ કરે-વારે તો તે કોઇનું કહેવું સાંભળતો પણ નથી.

કર્મપરિણામનું સંસારનાટક.

તે કર્મપરિણામ મહારાજા આનંદ લેવાના હેતુથી જે સંસાર-

[1] નાટકનાં પાત્રો લઇએ તો નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવગતિના સર્વ પ્રાણીઓ છે તેની અત્ર યોજના કરે છે.

નાટક કરાવે છે તે પણ બહુ [1]વિચિત્ર પ્રકારનું હોય છેઃ કોઇ વખત સ્નેહીઓના વિયોગથી તે કરૂણા રસવાળું હોય છે. કોઇ વખત સ્નેહીઓના સંયોગ (મળવું)થી સુંદર દેખાય છે, કોઇ વખત અનેક રોગોથી ભરપૂર હોય છે, કોઇ વખત દારિદ્ર્યથી દોષ પામેલું જણાય છે, કોઇ વખત આપત્તિમાં આવી પડેલા અનેક પ્રાણીઓના સમુદ્રના રુદનથી ઘણું ભયંકર લાગે છે અને કોઇ વખત શુભ સંયોગોથી ઉત્પન્ન થયેલા મોટા આનંદના કારણથી અત્યંત મનોહર લાગે છે, વળી કોઇ વખત ઉત્તમ કુટુંબમાં જન્મેલા પ્રાણીઓને પોતાના કુળની મર્યાદા છોડી દઇને અત્યંત અધમ કામમાં પ્રવૃત્તિ કરતા દેખાડીને અત્યંત વિસ્મય ઉત્પન્ન કરે છે, વળી સારા કુળમાં જન્મેલી છતાં કુસંગથી ખરાબ ચાલચલગતવાળી થઇ ગયેલી કુલટા સ્ત્રીઓને પોતાની ઉપર અત્યંત પ્રેમ રાખનાર પતિને તજી દઇ હલકા માણસો સાથે પ્રીતિ કરતી બતાવીને તે નાટક અત્યંત આશ્ચર્ય ઉત્પન્ન કરે છે, કોઇ વખત પોતાનાં ધર્મશાસ્ત્રોનું ઉલ્લંઘન કરી તેની મર્યાદાને બાજુ પર મૂકીને કામ કરનારા વિષયાસક્ત પાખંડીઓના હસવા લાયક નૃત્ય (નાચ)થી તે ચમત્કાર કરનારૂં હોય છે. એવા વિચિત્ર બનાવોથી તે સંસારનાટક ભરપૂર હોય છે અને તેને તે રાજા કોઇ પણ પ્રકારની આકુળતા વગર લીલામાત્રથી જોયા કરે છે.

નાટકનો સાજ અને તેનાં પાત્રો.

તે [2]નાટકમાં રાગ દ્વેષ નામના મૃદંગ (તબલા–નરઘા) હોય છે, દુષ્ટાભિસન્ધિ (ખરાબ અભિપ્રાય) નામનો પુરુષ તેને વગાડતો હોય છે, માન ક્રોધ વિગેરે નામ ધારણ કરનારા ઉસ્તાદ ગવૈયા બહુ સુંદર–મધુર કંઠમાંથી ગાન કરનારા હોય છે, મહામોહ નામનો સૂત્રધાર નાટકને ચલાવનાર હોય છે, ભોગાભિલાપ નામના [3]નાંદી એટલે શરૂઆતમાં મંગળ કરનાર અને રંગભૂમિ પર આવનાર નાટકીઓ હોય છે, અનેક પ્રકારના ચાળા અને આનંદ ઉપજાવે તેવાં નખરાં કરનારો કામ નામનો વિદૂષક[4] હોય છે, કૃષ્ણ વિગેરે લેશ્યા[5] નામનાં પાત્રોને

---

[1] નાટકમાં હાસ્ય, કરૂણા વિગેરે રસો અને તેના સ્થાયી ભાવો જોઇએ તેની અત્ર યોજના કરે છે.

[2] નાટકમાં ગાન, સાજ વિગેરે જોઇએ તેનું હવે વર્ણન ચાલે છે.

[3] નાંદીઃ પ્રાર્થના–શરૂઆતમાં નાંદી બોલે છે અને ત્યારપછી નાટકમાં રંગભૂમિ પર સૂત્રધાર દાખલ થાય છે.

[4] વિદૂષકઃ રંગલો, મશ્કરો–દરેક નાટકમાં વિદૂષક હોય છે.

[5] લેશ્યાઃ આત્માના અધ્યવસાયને લેશ્યા કહેવામાં આવે છે. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ એ છ પ્રકારની લેશ્યા હોય છે.

શોભા આપે તેવા વર્ણકો[1] (વખાણનારાઓ) હોય છે, અનેક પાત્ર જૂદી જૂદી [2]યોનિમાં પ્રવેશ કરે છે તેરૂપ ત્યાં [3]નેપથ્યસ્થાન હોય છે, ભય વિગેરે [4]સંજ્ઞા નામના તેમાં મંજીરા હોય છે, તે નાટકની લોકાકાશરૂપ રંગભૂમિકા[6] છે અને ત્યાં પુદ્ગલસ્કન્ધ[7] નામનો નાટક ભજવવાની [8]સામગ્રીનો સમૂહ હાજર હોય છે. આવા પ્રકારની સર્વ સામગ્રીથી તૈયાર થયેલા તે નાટકમાં જૂદાં જૂદાં પાત્રોને નવાં નવાં રૂપો આપીને અને વળી પાછા તેમાં વારંવાર ફેરફારો કરાવીને સર્વ પાત્રોને અનેક પ્રકારે કષ્ટ આપતો તે કર્મપરિણામ રાજા બહુ આનંદ માને છે. ઘણી વાત શું કહેવી! આ દુનિયામાં એવી કોઇ પણ ઇચ્છિત વસ્તુ નથી કે જે એના મનમાં તે આવી હોય તો તેને એ મહારાજા કોઇ પણ પ્રકારે કર્યા વગર રહે.

મહાદેવી કાળપરિણતિ.

આવી રીતે ત્રણ ગંડસ્થળોમાંથી મદ ઝરતા જંગલી હાથીની[9] પેઠે સર્વત્ર પોતાની ઇચ્છા આવે તે પ્રમાણે અને અન્ય કોઇ તરફથી થતી અટકાયત વગર વિચરનારા અને પોતાના મગજમાં આવે તે પ્રમાણે કામ કરનારા તે કર્મપરિણામ મહારાજાને તેના આખા અંતઃપુરની તિલક સમાન અને પોતાના રૂપ, [10]લાવણ્ય, વર્ણ, વિજ્ઞાન,

---

૧ **વર્ણકો:** અમુક હકીકત કહી જનારા વર્ણકો અગાઉના નાટકમાં રાખવામાં આવતા હતા. તેઓ બે પ્રવેશની આંતર હકીકત સમજાવી દેતા હતા.

૨ **યોનિ:** ૮૪ લાખ જીવયોનિ: જૂદા જૂદા પ્રકારનાં વર્ણ ગંધવાળાં ઉત્પત્તિસ્થાનો છે. આ જીવ એ ચોરાશી લાખ યોનિમાં ફરતો હોય છે.

૩ **નેપથ્ય:** પાત્રોને વેશ પહેરી તૈયાર થવાનું સ્થાન.

૪ **સંજ્ઞા:** આહાર, નિદ્રા, ભય અને મૈથુન એ ચાર સંજ્ઞા સર્વ પ્રાણીઓને હોય છે.

૫ **લોકાકાશ:** ચૌદ રાજલોકની અંદરનો સર્વ ભાગ જ્યાં પ્રાણીઓની ઉત્પત્તિ સંભવે છે એ આખી તેની ભૂમિકા છે.

૬ **રંગભૂમિ:** નાટક કરવાનું સ્થાન-થીએટર.

૭ **પુદ્ગલસ્કંધ:** પરમાણુઓના એકઠા થયેલા સમૂહને પુદ્ગલસ્કન્ધ કહેવામાં આવે છે. છૂટો પરમાણુ અદૃશ્ય છે.

૮ **સામગ્રી:** સીન, સીનેરી, પડદા અને બીજાં નાટકનાં સર્વ સાહિત્યો.

૯ હાથી જંગલી હોય, મદયુક્ત હોય અને ગંડસ્થળોમાંથી મદ ઝરતો હોય પછી તેના ગાંડપણનું શું વર્ણન કરવું?

૧૦ **લાવણ્ય:** ખુબસુરતી.

વિલાસ અને નૃત્યાદિ ગુણોથી તેજ રાજાની [1]નિયતિ, [2]યદચ્છા વિગેરે બીજી અનેક રાણીઓથી પણ અતિ સુંદર કાળપરિણતિ નામની મહારાણી છે. તે મહારાણી ઋતુલક્ષ્મીમાં [3]શરદ ઋતુ જેવી, શરદ ઋતુમાં પણ [4]કુમુદિની જેવી. કુમુદિનીમાં પણ [5]કમલિની જેવી, કમલિનીમાં પણ [6]કલહંસિકા જેવી અને કલહંસિકામાં પણ [7]રાજહંસિકા જેવી છે. તે કાળપરિણતિ મહારાણી તે મહારાજાને પોતાના પ્રાણ સમાન વહાલી છે. જાણે કે પોતાની ચિત્તવૃત્તિજ હોય તેમ એ મહારાણી જે કરે છે તે પ્રમાણભૂત ગણાય છે, જાણે કે પોતાનું મંત્રિમંડળ હોય તેમ કોઇ પણ કાર્ય કરતાં પહેલાં મહારાણીની સલાહ લેવામાં આવે છે, જાણે કે પોતાના નિકટના મિત્રોની મંડળી હોય તેમ એ મહારાણી મહારાજાને પરમ વિશ્વાસનું સ્થાન છે. વધારે શું વર્ણન કરીએ? ટુંકામાં કહીએ તો કર્મપરિણામ રાજાનું રાજ્ય તે દેવી ઉપરજ આધાર રાખે છે અને વાસ્તવિક રીતે તે મહાદેવીજ રાજ્ય ચલાવે છે. આ પ્રમાણે હોવાથી તે કર્મપરિણામ મહારાજા [8]ચંદ્ર જેમ ચંદ્રિકાને છોડે નહિ, કામદેવ જેમ [9]રતિનો વિરહ સહે નહિ, [10]કેશવ જેમ લક્ષ્મીદેવીથી દૂર

---

[1] નિયતિઃ યદ્ભાવ્યં તદ્ભવિષ્યતિ–નિર્માણ–ભવિતવ્યતા.

[2] યદચ્છાઃ સ્વભાવ.

[3] ઋતુઃ છ છેઃ વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર—આ છ ઋતુમાં શરદ ઋતુ સર્વથી સુંદર ગણાય છે. સૃષ્ટિસૌંદર્ય તે વખતે બહુ સુંદર હોય છે, લીલાં વૃક્ષો આંખને શાંત કરે છે અને આખી કુદરત જાણે હસતી જણાય છે.

[4] કુમુદિનીઃ કુમુદ જેના ઉપર થાય તે છોડને કુમુદિની કહે છે. શરદ ઋતુમાં કુમુદો બહુ થાય છે અને તેની શોભા બહુ આકર્ષક હોય છે.

[5] કમલિનીઃ કમલ જેના ઉપર ઉગે તેને કમલિની કહે છે. કુમુદિની કરતાં કમલિની મનોહર હોય છે.

[6] કલહંસિકાઃ કુમુદ અને કમલથી ભરપૂર સરોવરમાં વિહાર કરતી કલહંસીઓ (હંસની માદાઓ) જોનારને આનંદમુગ્ધ બનાવે છે.

[7] રાજહંસિકાઃ કલહંસીઓમાં પણ અનેક ઉત્તમ લક્ષણોથી યુક્ત રાજહંસીનું સૌંદર્ય તો અપ્રતિમ હોય છે

[8] ચંદ્ર અને તેનો શાંત શીતળ પ્રકાશ જેને ચંદ્રિકા કહેવામાં આવે છે તેનો સંબંધ વિરહ વગરનો છે ચંદ્ર હોય ત્યાં ચંદ્રિકા હોયજ છે.

[9] રતિઃ એ કામદેવની સ્ત્રી છે. સ્પર્શેન્દ્રિયના વિષયનું પુરૂષાકારરૂપ 'કામદેવ' છે, તેની સ્ત્રી 'રતિ' છે.

[10] કેશવઃ એટલે કૃષ્ણ—લક્ષ્મીદેવી તેમના ભાર્યા. તેજ પ્રમાણે શંકર અને પાર્વતી આ સર્વ જાણીતા રૂપકો છે.

પલાણી રાખીએ જેને તે પોતાના અંગ જેવી ગણતી હતી તેનાથી

[પિણીનો પહેલો આરો હોય છે તેનું નામ સુષમસુષમા કહેવામાં આવે છે. ભારત અને ઐરવત ક્ષેત્રની અપેક્ષાએ આ કાળસ્થિતિ છે એમ સમજવું, કારણ કે મહાવિદેહ ક્ષેત્રમાં તો સર્વદા અવસર્પિણીના ચોથા આરાના ભાવ વર્તતા હોય છે. આ અત્યંત સુખી પ્રથમ આરામાં બહુજ આનંદ હોય છે, યુગલિક ધર્મ વર્તતો હોય છે. પતિ પત્ની આનંદ ભોગવે છે, દુઃખનું નામ હોતું નથી, કોઇ પ્રકારની મહેનત કરવી પડતી નથી, ઇચ્છિત વસ્તુ કલ્પવૃક્ષો પૂરી પાડે છે અને યુગલીઆઓ સ્વભાવે સરલ-ભદ્ર હોય છે, તેઓમાં કોઇ જાતના કલહ, વેર, વિરોધ હોતા નથી અને ત્રણ પલ્યોપમનું તેઓનું આયુષ્ય હોય છે, પતિ પત્ની સાથે મરણ પામે છે અને મરીને દેવગતિમાં જાય છે. બીજા સુષમા નામના અવસર્પિણી કાળના આરામાં પણ યુગલિક ધર્મ હોય છે, પણ સુખ પ્રથમ આરાના પ્રમાણમાં કાંઇક ઓછું હોય છે, આયુષ્ય બે પલ્યોપમનું હોય છે. અને તે આરાનું કાળમાન ત્રણ કોડાકોડ સાગરોપમનું હોય છે. ત્રીજો આરો સુષમદુઃષમા નામનો કંઇક ઓછા સુખવાળો પણ એકંદરે વિશેષ સુખયુક્ત અને યુગલિક ધર્મયુક્ત હોય છે. તેની સ્થિતિ બે કોડાકોડ સાગરોપમની છે. એમાં આયુષ્ય એક પલ્યોપમ જેટલું હોય છે. એ અવસર્પિણી કાળના ત્રીજા આરાને છેડે લોકોમાં હકાર મકાર વિગેરે કહેવાની નીતિઓ પ્રવર્તે છે, કલ્પવૃક્ષો ફળ આપતાં બંધ થાય છે અને અનેક પ્રકારના વ્યવહારની શરૂઆત થાય છે, પ્રથમ તીર્થંકરનો જન્મ થાય છે, પ્રથમ ચક્રવર્તી પણ તે આરામાં થાય છે અને તેઓ અનેક પ્રકારની રાજનીતિ પ્રવર્તાવે છે, યુગલિક ધર્મનો અંત આવે છે અને અગ્નિની ઉત્પત્તિ થાય છે, ધાન્યને રાંધવાનાં પાત્રો નીપજાવવામાં આવે છે અને આધુનિક વ્યવહારની રચના શરૂ થતી અનુભવાય છે. ચોથો આરો ત્યારપછી બેંતાળીશ હજાર વર્ષ ન્યૂન એક કોડાકોડ સાગરોપમ સ્થિતિનો દુઃષમસુષમા નામનો આવે છે, તેમાં બાકીના ત્રેવીશ તીર્થંકર, અગ્યાર ચક્રવર્તી, નવ વાસુદેવ, નવ પ્રતિવાસુદેવ અને નવ બળદેવ થાય છે, વર્તમાન સર્વ વ્યવહાર બંધાય છે, ત્રીજા આરાના પ્રાંત ભાગથી મોક્ષમાર્ગ ખુલ્લો થાય છે અને પાપ કરનારાઓ માટે નરકનાં દ્વાર પણ ખુલ્લાં થાય છે, અનેક પ્રકારની નીતિ ચાલે છે, લોકો ધન ધાન્ય એકઠું કરતાં શીખે છે અને સુખ અને દુઃખનાં અનેક સાધનો હાથે કરીને ઉત્પન્ન કરે છે આવો અવસર્પિણી કાળનો ચોથો આરો જે ભાવ ભરત ઐરવતમાં બજાવે છે તે મહાવિદેહમાં સર્વ કાળ વર્ત્યા કરે છે. ચોથા આરાની શરૂઆતથી કલ્પવૃક્ષોનો બીલકુલ અભાવ થાય છે, મારામારી, લડાઇ, તોફાન, વિગેરે ક્લિષ્ટ ભાવો પણ એ સમયમાં થાય છે અને શમ, ત્યાગ, વૈરાગ્ય અને પ્રગતિનાં પ્રખર સાધનો પણ તેમાં પ્રાપ્ત થાય છે. ચોવીશમા તીર્થંકરના નિર્વાણ પછી થોડાં વર્ષમાં (ત્રણ વર્ષ ને ૮।। માસ પછી) **દુઃષમા** નામનો એકવીશ હજાર વર્ષનો પાંચમો આરો બેસે છે-તેમાં દુઃખ વધારે અને સુખનો માત્ર ઉપર ઉપરનો ખ્યાલ હોય છે અને તીર્થંકર મહારાજ હોતા નથી, કેવળી પણ પ્રારંભમાં થોડાં વર્ષો સુધીજ હોય છે, ધર્મ તેની આખર સુધી ચાલ્યા કરે છે, પણ મોક્ષગમન બંધ થઇ જાય છે અને ઉત્તમ જીવો પ્રાયે એ કાળમાં બહુ અલ્પ

પરવરેલી, [1]સમય [2]આવલિકા, [3]મુહૂર્ત, [4]પ્રહર, [5]દિન, [6]અહોરાત્ર, [illegible]

હોય છે. (કમનશીબે આપણે આ અવસર્પિણી કાળના પાંચમા આરામાં [illegible] છીએ અને વળી તેમાં વધારે દિલગીરી ભરેલી હકીકત એ છે કે આપણે [illegible] **અવસર્પિણી** કાળમાં છીએ: એટલે આ અવસર્પિણી કાળ બહુ હલકો ગણાય [illegible] માત્ર સહજ સંતોષની વાત એ છે કે એ કાળમાં પણ પ્રભાવક પુરુષો થાય [illegible] પાંચમો આરો પૂર્ણ થયા પછી છઠ્ઠો '**દુષમદુષમા**' આરો એકવીશ હજાર [illegible] નો બેસે છે, તેમાં અત્યંત દુઃખ હોય છે, મનુષ્યો નાના, નીચા, અલ્પ [illegible] આયુષ્યવાળા અને તદ્દન ધર્મ વગરના હોય છે. આવી રીતે દશ કોડાકોડ [illegible] રોપમ પ્રમાણ **અવસર્પિણી કાળ** હોય છે તેમાં દિવસાનુદિવસ હાની [illegible] જાય છે. તેટલાજ પ્રમાણવાળો **ઉત્સર્પિણી** કાળ હોય છે. તેનો પહેલો આરો તે અવસર્પિણીના છઠ્ઠા જેવો, બીજો પાંચમા જેવો અને ત્રીજામાં ત્રેવીશ તીર્થંકર થાય છે. ચોથાના પ્રારંભમાં ૨૪ મા (છેલ્લા) તીર્થંકર થાય છે. આવી રીતે ઉત્સર્પિણી કાળમાં દિવસાનુદિવસ વૃદ્ધિ-ઉદય થતો જાય છે અને લોકોનાં [illegible] સૌભાગ્ય આરોગ્યમાં વધારો થતો જાય છે. આવી રીતે ઉત્સર્પિણીના છ આરા અને અવસર્પિણીના છ આરા એ બાર આરા મળીને એક **કાળચક્ર** કહેવાય [illegible] ચક્રને જેમ આરા હોય છે તેમ આ કાળરૂપ ચક્રને બાર આરા હોય છે. આ [illegible] આરારૂપ બાર સખીઓ તે કાળપરિણતિ મહારાણીના અંગ જેવી છે અનાદિ [illegible] તદ્રૂપજ છે એમ કહીએ તો ચાલે એમ હકીકત ઉપર જણાવી છે.

1 **સમય**નું કાળમાન લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. આંખ મીંચીને ઉઘાડીએ તેટલા વખતમાં અસંખ્ય સમય થાય છે. પ્રથમ દૃષ્ટિએ આ વાત જરા સમજવામાં મુશ્કેલી ઉત્પન્ન કરે તેવી લાગે તેમ છે, તેથી આપણે તેને માટે બે દૃષ્ટાન્ત લઈએ. શાસ્ત્રકાર દૃષ્ટાન્ત આપે છે, કે કમળનાં પાંદડાં સોથી ઢાંકણામાં એકઠાં કરી [illegible] સુંદર તીક્ષ્ણ ધારવાળી બરછી ઉપરથી મારે તો બધાને એકદમ વીંધી નાખે [illegible] તેમાં પણ એક પાંદડાથી બીજા પાંદડા સુધી બરછીને પહોંચતાં વખત લાગે તે [illegible] અસંખ્ય સમય છે. હવે બીજું દૃષ્ટાન્ત લઈએ: ટ્રેન કલાકના સાઠ માઈલ [illegible] [illegible] એક મિનિટમાં એક માઈલ જાય છે, એક સેકન્ડમાં ૮૮ ફીટ [illegible] [illegible]

[illegible]

માસ, [9]ઋતુ, [10]અયન, [11]સંવત્સર, [12]યુગ, [13]પલ્યોપમ, સાગરોપમ, [14]અવસર્પિણી, ઉત્સર્પિણી, [15]પુદ્‌ગળપરાવર્ત વિગેરે [16]પરિવાર-નોકર

ભાગ-વખતને સમય કહેવામાં આવે છે એમ સમજવું. છદ્મસ્થને એક સમયનું જ્ઞાન હોય શકતું નથી, પરંતુ તેનો ખ્યાલ આ પ્રમાણે આપી શકાય તેમ છે.

૨ આવલિકા: અસંખ્ય સમયની એક આવલિકા થાય છે.

૩ મુહૂર્ત: બે ઘડીનો કાળ. અડતાલીશ મિનિટ. ૧૬૭૭૭૨૧૬ આવલિકાનું એક મુહૂર્ત થાય છે.

૪ પ્રહર: પહોર. સાડી સાત ઘડીનો અથવા ત્રણ કલાકનો એક પહોર થાય છે.

૫ દીન: દિવસ. ચાર પહોરનો દિવસ થાય છે. (૧૨ કલાકનો.) એ જાણીતો વિષય છે.

૬ અહોરાત્ર: રાત દિવસ. ૨૪ કલાક. તેને વાસ્તવિક રીતે દિવસ કહેવામાં આવે છે. રાત્રિ બાર કલાકની અને દિવસ ૧૨ કલાકનો સમુચ્ચયે ગણાય છે. જો કે નાનો દિવસ મોટો દિવસ એમ ફેરફાર થાય છે.

૭ પક્ષ: પંદર દિવસે એક પખવાડિયું થાય છે એ જાણીતી હકીકત છે.

૮ માસ: બે પખવાડિયાનો એક માસ મહીનો થાય છે.

૯ ઋતુ: બે માસની એક ઋતુ ગણાય છે. અગાઉ જણાવ્યું તેમ ઋતુ ૭ છે: વસંત, ગ્રીષ્મ, વર્ષા, શરદ, હેમંત અને શિશિર.

૧૦ અયન: ત્રણ ઋતુ અથવા છ માસનો એક અયન થાય છે: દક્ષિણાયન અને ઉત્તરાયન. દક્ષિણાયનમાં સૂર્ય દક્ષિણમાં આવવા લાગે છે અને ઉત્તરાયનમાં ઉત્તરમાં આવવા લાગે છે.

૧૧ સંવત્સર: વર્ષ. છ ઋતુ અથવા બે અયન. બાર માસનું વર્ષ થાય છે. સૂર્યવર્ષ માટે તેમાં કેટલાક દિવસો વધારી સરવાળે તેને ૩૬૫ દિવસથી કાંઇ વધારે વખતનું કરવું પડે છે.

૧૨ યુગ: પાંચ વર્ષનો એક યુગ ગણાય છે. તેમાં બે અભિવર્ધિત એટલે ૧૩ માસવાળાં વર્ષો આવે છે.

૧૩ પલ્યોપમ-સાગરોપમ માટે ઉપરની નોટ જુઓ. એનો વિસ્તારથી વિચાર 'કર્મગ્રંથ' અને 'લોકપ્રકાશ' ગ્રંથમાંથી મળી આવશે.

૧૪ અવસર્પિણી અને ઉત્સર્પિણી [illegible] દશ કોડાકોડ સાગરોપમનો થાય છે તે આપણે ઉપર [illegible] ગયા. જુઓ પૃષ્ઠ ૨૬૪ ની નોટ.

૧૫ પુદ્‌ગળપરાવર્ત: [illegible] અને અવસર્પિણી જાય ત્યારે એક પુદ્‌ગળપરાવર્ત થાય [illegible] અને [illegible] બાદર અને સૂક્ષ્મ ભેદો બહુ સમજવા [illegible] ઉપર [illegible] ગાથા પર [illegible] પ્રથમ [illegible] ઉપરથી જોઇ લેવું [illegible]

૧૬ [illegible] આરોહ [illegible] અતિ [illegible] વિગેરે [illegible] કાળ [illegible]

ચાકરો દ્વારા આ લોકમાં જૂદા જૂદા પ્રકારનાં સર્વ કાર્યો કરવા હું સમર્થ છું એવો ગર્વ પોતાના મનમાં રાખીને પોતાના પતિ કર્મપરિણામ મહારાજાએ ભજવવા આજ્ઞા કરેલા આ સંસારનાટકમાં પોતાના પતિની બાજુમાં બેસીને અભિમાનપૂર્વક હુકમ કરે છે કે "આ યોનિરૂપ પડદાની અંદર હાલ જે પાત્રો ગોઠવાઇને રહેલા છે તે સર્વે હવે મારા હુકમથી બહાર નીકળો અને બહાર નીકળીને સર્વ પ્રથમ [1]રૂદનવ્યાપાર કરો. ત્યારપછી તેઓ પોતપોતાની માતાઓનાં સ્તનમાંથી દૂધનું પાન કરો, પછી આખા શરીરે ધૂળથી ભરેલાં અંગવાળા થઇને તેઓ રંગભૂમિ પર [2]ભાખોડીએ ચાલો અને તે રંગભૂમિને ધૂળથી રંગો, બે પગે ડગમગ ચાલતા જમીનને ભેટી પડો, મૂત્ર અને મળથી ખરડાયલા પોતાના શરીરને ધિક્કારને પાત્ર કરો; ત્યારપછી બાળકપણું મૂકી દઇને કુમારપણું ધારણ કરો, તેમાં જૂદા જૂદા પ્રકારનાં રમત ગમત માટેનાં રમકડાંઓ લઇ આનંદ મસ્તી કરો, સર્વ પ્રકારની કળાઓમાં કુશળતા પ્રાપ્ત કરવા માટે અભ્યાસ કરો; ત્યારપછી કુમારભાવ પૂરો થાય એટલે [3]તરૂણપણું ધારણ કરો, ત્યાં સર્વ વિવેકી પ્રાણીઓને હાસ્ય ઉત્પન્ન કરે તેવા કટાક્ષો [4]મહારાજશ્રી કામદેવ નામના મહાગુરુના ઉપદેશ અનુસાર કરો અને તેમ કરવામાં પોતાના કુળને કલંક લાગશે કે બીજી કોઇ મુશ્કેલીઓ આવશે તેની દરકાર ન કરો, પણ જેમ કામદેવ કહે તેમ જૂદા જૂદા પ્રકારના વિલાસો કરો, નાચો અને તોફાન મસ્તી કરો, અને પરદારાગમન[5] જેવાં મહા

મહાદેવીનો આકરો હુકમ.

---

૧ પુત્ર પુત્રીનો જન્મ થતાંજ તેઓ પ્રથમ રડે છે તે આ રૂપક બતાવે છે. રાણીના આખા હુકમમાં જન્મથી મરણ સુધીના અગત્યના મોટા બનાવોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તાત્પર્ય એ છે કે કર્મ હોય તોપણ તેની સ્થિતિ પાકે કાળ આવી પહોંચે ત્યારે અનુક્રમે કામ થાય છે. આથી કર્મ અને કાળનાં કાર્યોની વહેંચણી થઇ જતી જણાશે.

૨ હાથ, પેટ અને પગે ડગમગ ચાલે, ચાલતાં પડી જાય. એને **ભાખોડીએ** ચાલવું કહેવામાં આવે છે.

૩ જુવાની, ગદ્ધા પચ્ચીશીમાં આવીજ સ્થિતિ થાય છે.

૪ કામદેવ-મન્મથ ઉપર આ આટકતરી સખ્ત વક્રોક્તિ છે. કટાક્ષ આંખથી થતું પ્રેમસૂચક ચિહ્ન છે.

૫ **પરદારાગમન:** અન્ય સ્ત્રી, પોતાની સ્ત્રી ન હોય તેની સાથે વિષયસુખ માણવું તે.

[1]અનાર્ય કાર્ય કરો: આવી રીતે યુવાવસ્થા પૂર્ણ કરીને ત્યારપછી [2]મધ્યમ અવસ્થા ધારણ કરો. તેમાં સાત્ત્વિક પ્રકૃતિ, પુરૂષાર્થ અને પરાક્રમ બતાવો; આવી રીતે મધ્યમ વય પૂર્ણ કરીને તેઓ છેવટે વૃદ્ધાવસ્થા-ઘડપણ ધારણ કરો. તેમાં તેઓ કપાળ પર કરચલી, ધોળા વાળ, અંગભંગ, અવયવોની શિથિળતા અને શરીર પર લાળ, મેલ વિગેરે લાગવાથી અતિ વિચિત્ર શરીરના દેખાવો દેખાડો, તેના સ્વભાવમાં અનેક પ્રકારની વિચિત્રતાઓ તે વખતે આવી જાઓ-આવી રીતે જીંદગીનાં અનેક નાટકો દેખાડીને પછી શરીરનો ત્યાગ કરીને મડદાંનો-મરી ગયેલાનો પાઠ ભજવો: ત્યારપછી તેઓ પાછા યોનિના પડદા પછવાડે ભરાઇ જાઓ. ત્યાં વળી તેઓ ગર્ભરૂપ કાદવમાં રહીને તદંતર્ગત અનેક પ્રકારનાં દુઃખોનો અનુભવ કરો અને વળી ત્યાં બીજું રૂપ ધારણ કરીને નવીન નાટક બતાવવા માટે પડદામાંથી બહાર નીકળો-આવી રીતે પડદામાં આવો, બહાર નીકળો, મરણ પામો, પાછા બીજા પડદાનાં પ્રવેશ કરો-એવી રીતે અનંત વાર આવજા કરી નવા નવા પાઠો જૂદા જૂદા રૂપે ભજવો." આવી રીતે હુકમ કરનારી કાળપરિણતિ મહાદેવી સંસારની અંદર પાઠ ભજવનારાં સર્વ પાત્રોને બે ક્ષણ પણ નિરાંતે [3]બેસવા દેતી નથી અને દરેક પ્રસંગે તે બિચારાઓ પાસે નવાં નવાં રૂપ ધારણ કરાવે છે અને તેઓને વારંવાર વેશ બદલવામાં સાધનભૂત નવાં નવાં ઉપકરણો (ડ્રેસો) જે પુદ્ગળસ્કન્ધ નામનાં છે અને જેના સંબંધમાં અગાઉ વિવેચન[4] થઇ ગયું છે તે પણ અતિ ચપળ સ્વભાવવાળાં હોવાથી તેના ઉપર પણ એ મહારાણી પોતાની સત્તા ચલાવે છે અને તે ઉપકરણ પાસે પણ નવાં નવાં રૂપો ધારણ કરાવે છે. તે પાત્રો પણ બાપડા વિચાર કરે છે કે 'શું કરીએ? જ્યાં રાજા પણ આ રાણીને વશ થઇ ગયેલ છે ત્યાં આપણે છૂટવાની કાંઇ બારી જણાતી નથી'-આ પ્રમાણે વિચાર કરીને તેઓ લાચાર થઇ જાય છે અને કાળપરિણતિ મહારાણી જે પ્રકારના હુકમો કરે

૧ અનાર્યઃ આર્ય પુરૂષને-સારા ગૃહસ્થને ન છાજે તેવું કામ.

૨ મધ્યમ અવસ્થાઃ પુખ્ત ઉમર. ગદ્ધા પચીશી અને ઘડપણ વચ્ચેનો સમય.

૩ અહીં જે ક્ષણે કાળ કરે છે તેને બીજે સમયે સીધી ગતિએ જાય તો પ્રાણી અન્યત્ર ઉપજે છે અને તે સમયેજ આહાર લે છે; કદાચ વક્ર ગતિ કરે છે તો ત્રીજે સમયે આહાર લે છે. આથી નિરાંતે બેસવાનો એને કોઇ પણ વખત આવતોજ નથી. સમય કેટલો નાનો છે તે તો આપણે ઉપર જોઇ ગયા છીએ. જુઓ. પૃ. ૨૬૬ ની નોટ.

૪ જુઓ પૃ. ૨૬૨ નોટ.

રાજા રાણીની સરખામણી.

છે તે સર્વ ઉપાડી લઇને અનેક પ્રકારના વેશો ધારણ કરી પોતાના આત્માને વિડંબના આપે છે. એ કાળપરિણતિ મહાદેવી એવી જબરી છે કે કર્મપરિણામ મહારાજા હાજર હોય તોપણ પોતાનો પ્રભાવ તેનાથી પણ વધારે છે એમ વારંવાર ખુલ્લેખુલ્લું પોતાના વર્તનથી બતાવે છે. સંસારનાટકમાં ખેલ ભજવનારા પ્રાણીઓ વારંવાર નવીન નવીન રૂપો ધારણ કરે છે તેટલા પૂરતોજ કર્મપરિણામ મહારાજાનો પ્રભાવ ચાલે છે (અને તે પણ કાળપરિણતિ દેવી જ્યારે વખત થયો છે એમ હુકમ કરે ત્યારેજ), પણ આ કાળપરિણતિ મહાદેવીનો પ્રભાવ તો સંસારથી તદ્દન બહાર આવેલી (રંગભૂમિની બહાર) નિર્વૃત્તિ નામની નગરી છે ત્યાં પણ ચાલે છે, કારણ કે તે નિર્વૃત્તિ નગરીમાં જે લોકો રહે છે તેઓની જૂદી જૂદી અવસ્થા[1] કરવાનું ચાતુર્ય પણ તે કાળપરિણતિ દેવીમાં છે. આ પ્રમાણે પોતાની સત્તા રંગભૂમિની બહાર પણ ચાલતી હોવાથી પોતાના પતિ કરતાં પણ પોતાની જાતને મોટી માનનારી અભિમાની મહાદેવી શું શું કામ ન કરે? આવાં અદ્ભુત (સંસાર)નાટક કરવામાં અને જોવામાં નિરંતર પ્રવૃત્ત થયેલા તે કર્મપરિણામ મહારાજાને અને કાળપરિણતિ મહારાણીને મનમાં બહુ આનંદ થાય છે.



---

૧ **સિદ્ધદશામાં અવસ્થાંતરઃ** સિદ્ધ દશામાં ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય રહેલાંજ છે. જ્ઞાતા સ્વભાવે નવા નવા જ્ઞેયમાં પરિણમવાપણું દરેક સમયે રહે છે તેથી કાળની અસર સિદ્ધદશામાં પણ થાય છે. ત્યાં કર્મની અસર રહેતી નથી, કારણ નિઃકર્મા થાય ત્યારેજ સિદ્ધ થવાય છે, પણ ઉત્પાદાદિને અંગે કાળની અસર રહે છે. આથી રાજા કરતાં રાણીનો પ્રભાવ વધારે છે એમ બતાવ્યું. કહેવાનું [illegible] એવું છે કે એક વસ્તુને સિદ્ધ અત્યારે વર્તમાન રૂપે જુએ, તેને અમુક [illegible] ભવિષ્યત્ રૂપે જોતા હતા અને હવે પછી ભૂત રૂપે જોશે—એવી રીતે જ્ઞાનમાં અવસ્થાંતર થયા કરે છે અને જ્ઞાન એ સિદ્ધનો સ્વભાવ હોવાથી સિદ્ધને પણ જ્ઞાનમાં કાળની અસર થાય છે. એવીજ રીતે અમુક આત્મા આટલા સમય પહેલાં સિદ્ધદશામાં આવેલ છે તે [illegible] પણ કાળની અસર થયા કરે છે. [illegible] સિદ્ધદશામાં પણ કાળની અસર બતાવવા આ પ્રયાસ [illegible] છે.



પ્રકરણ ૩ જું.

ભવ્યપુરુષ–સુમતિજન્મ.



આવી રીતે સંસારનાટક જોતાં અને નવા નવા ખેલો કરાવતાં તે કર્મપરિણામ મહારાજા અને કાળપરિણતિ દેવી આનંદમાં કાળ નિર્ગમન કરે છે. એક વખત તેઓ આનંદકલ્લોલ કરતાં એકાન્તમાં બેઠાં છે તે વખતે મહારાણી રાજાને આનંદમાં જોઇ બોલી "નાથ ! ભોગ ભોગવવા લાયક પદાર્થોનો મેં ઘણી વખત ભોગ કર્યો અને પીવા લાયક સર્વ પદાર્થો જે આ સંસારમાં છે તે મેં ઘણી વાર પીધા અને માન્ય કરવા યોગ્યને માન આપીને ઘણા અભિમાનથી ભરપૂર ઈર્ષ્યા ઉત્પન્ન કરે તેવું જીવન વહન કર્યું. હે પ્રભુ ! આપની કૃપાથી આ દુનિયામાં એવું કોઇ પણ સુખ બાકીમાં નથી કે જે સુખનો સ્વાદ મેં ચાખ્યો ન હોય. મારા નાથ ! આપની કૃપાથી હું સર્વ કલ્યાણ પ્રાપ્ત કરી ચૂકી છું, આ દુનિયામાં દેખવા લાયક સર્વ પદાર્થો આપની કૃપાથી હું જોઇ ચૂકી છું, માત્ર અત્યાર સુધી મેં પુત્રનું મુખ જોયું નથી એટલું બાકી છે, તેથી જો આપશ્રીની કૃપાથી મને એક પુત્ર થઇ જાય તો મારૂં જીવતર સફળ થાય, નહિ તો આ જીવન બધું નિષ્ફળ છે."

દેવીને પુત્ર-પ્રાપ્તિની ઇચ્છા.

રાજા—"દેવિ ! તેં બહુ સારી વાત કરી, તેં વાતને ઠીક યાદ કરી, મને પણ તે વાત બહુ ગમી ગઇ છે. સર્વ કાર્યમાં આપણે એકસરખાં સુખી દુઃખી થઇને રહીએ છીએ, તેથી વહાલી ! આ બાબતમાં તારે જરા પણ ખેદ કરવો નહિ. કારણ કે જે બાબતમાં આપણા બન્નેનો એકમત થાય છે તે કામ તરતજ જરૂર બની આવે છે.[1]"

કાળપરિણતિ–"પ્રભુ ! આપે બહુ ઠીક કહ્યું અને મારા ઉપર

---

૧ કર્મપ્રકૃતિ સત્તામાં હોય અને તેની સ્થિતિ પાકે ત્યારે તે જરૂર ઉદયમાં આવે છે.

મોટી મહેરબાની કરી. આપે કહ્યું તે પ્રમાણે જરૂર થશે એમ મારી ખાતરી છે અને તે બાબતની હું અત્યારથીજ ગાંઠ[1] વાળું છું."

પતિએ જે વચનો કહ્યાં તે સાંભળીને મહાદેવીની આંખમાં હર્ષનાં આંસુ આવી ગયાં અને પતિનાં વચનમાં તેને પૂરો ભરોસો હોવાથી તેને ઘણો સંતોષ થઇ ગયો.

સુમતિનો જન્મ-ઉત્સવ.

સ્વપ્ન-વિચારણા.

ત્યારપછી થોડા વખતે એકદા તે **મહાદેવી** શય્યામાં સુતાં હતાં તેવામાં રાત્રિને છેલ્લે પહોરે એક સ્વપ્ન તેમને જોવામાં આવ્યું. તેમાં તેણે જોયું કે 'સર્વ અંગે બહુ સુંદર એક પુરુષ પોતાના પેટમાં પેઠો, પછી ત્યાંથી તે બહાર નીકળ્યો અને તે પુરુષને તેનો કોઇ મિત્ર લઇ ગયો.' આવું સ્વપ્ન જોયા પછી મહાદેવીની આંખ ઉઘડી ગઇ અને તે વખતે તેના મનમાં કાંઇક આનંદ થયો અને કાંઇક ખેદ થયો. પછી તુરતજ પોતાના પ્રિય પતિની પાસે જઇ સ્વપ્ન સંબંધી સર્વ હકીકત મહાદેવીએ તેમને કહી સંભળાવી.

નરપતિ—"મહાદેવિ ! આ સ્વપ્નનું મારા મનમાં જે ફળ ભાસે છે તે તને કહું છું તે સાંભળ. તને આનંદ આપે તેવો એક બહુ શ્રેષ્ઠ પુત્ર થશે, પણ તે લાંબો વખત તારા ઘરમાં રહેશે નહિ, પણ ધર્માચાર્યના વચનથી બોધ પામી પોતાના સ્વાર્થની સિદ્ધિ કરશે."

કાળપરિણતિ—"અરે ! જો મને પુત્ર થાય તો તેટલુંજ બસ છે, મને તેથી પૂરો આનંદ થશે. ત્યારપછી ભલે તે પોતાને મનમાં આવે તેમ કરે."

પુત્ર-જન્મ.

તે રાત્રિથી મહાદેવી કાળપરિણતિને ગર્ભ રહ્યો. ગર્ભ ત્રણ માસનો થયો ત્યારે દેવીને મનોરથ[2] થયો કે 'સર્વ પ્રાણીઓને હું અભયદાન આપું, જેઓને ધનની ઇચ્છા હોય તેઓને ધન આપું અને જેઓ ભણ્યા ગણ્યા વગરના અભણ હોય તેઓને જ્ઞાન આપું અને એ સર્વ વસ્તુ જેને જેટલી જોઇએ તેટલી આપું.' આવી આવી

---

૧ એ પ્રમાણે થશે એમ યાદ રહે તે માટે **ગાંઠ બાંધવાનો** નિયમ અગાઉ હતો, હાલ પણ અમુક વાત યાદ કરાવવા માટે કડિયાની કસની ગાંઠ બાંધવામાં આવે છે.

૨ **મનોરથઃ** દોહદ, ગર્ભવતી સ્ત્રીઓને થતી ઇચ્છાઓ.

જે જે ઇચ્છાઓ તેને થતી હતી તે તે સર્વે તે મહારાજાને જણાવતી ગઇ અને મહારાજાની આજ્ઞાથી તેની સર્વ ઇચ્છાઓ પૂરી થવા લાગી. આવી સારી રીતે ગર્ભ વહન કરતાં જ્યારે ગર્ભકાળ પૂર્ણ થયો ત્યારે શુભ દિવસે શુભ મુહૂર્તે મહાદેવીએ સર્વ લક્ષણયુક્ત એક સુંદર બાળકને જન્મ આપ્યો.

વધામણી: મહોત્સવ.

પ્રિયનિવેદિકા નામની દાસીએ પુત્રજન્મની વધામણી તરતજ રાજા પાસે જઇને આપી. મહારાજાને તે ખબર સાંભળીને બહુ આનંદ થયો અને જેનું વર્ણન કરવું લગભગ અશક્ય ગણાય એવી અવસ્થાને અનુભવતા રાજાએ તે દાસી આશા રાખે તે કરતાં પણ વધારે ઇનામ આપીને તેને બહુ રાજી કરી. રાજાને તે વખતે જે આનંદ થતો હતો તે તેના રોમરાય વિકસ્વર થતાં હોવાથી પ્રત્યક્ષ જણાતો હતો. અત્યાનંદમાં આવેલા મહીપતિએ પોતાના રાજમંત્રીઓને હુકમ કર્યો "મંત્રીઓ! મહારાણીને પુત્રરત્નની પ્રાપ્તિ થઇ છે તેથી લેનાર પ્રાણી સારો છે કે ખરાબ છે, યોગ્ય છે કે અયોગ્ય છે, તેનો કાંઇ પણ વિચાર કર્યા વગર પુષ્કળ દાન આપો, ગુરુજનની મોટી પૂજા કરો, સગાસંબંધીઓનું સન્માન કરો, મિત્રોને સર્વ પ્રકારે સંતોષ આપો, કેદીઓને છોડી દો, આનંદનાં વાજિત્રો વગડાવો, મરજી આવે તેમ હર્ષથી નાચો, કૂદો, ખાઓ, પીઓ, સ્ત્રીઓનું સેવન કરો, કર લેવાનું બંધ કરો, દંડ માફ કરો, ભય પામેલા લોકોને ધીરજ આપો, સર્વ પ્રાણીઓ સ્વસ્થ ચિત્તે સુખેથી રહો અને કોઇના અપરાધની વાસ પણ આવો નહિ." "આપનો જેવો હુકમ" એ પ્રમાણે બોલીને મંત્રીઓએ મહારાજાને નમસ્કાર કર્યો અને તેના હુકમો સર્વે તુરતજ અમલમાં મૂક્યા. સર્વ પ્રાણીઓને આશ્ચર્ય ઉપજાવે તેવી રીતે ઉજવેલો તે જન્મદિવસનો ઉત્સવ સારી રીતે પસાર થયો.

અભિધાન કરણ.

કર્મપરિણામ રાજાએ ત્યારપછી યોગ્ય કાળે વિચાર કર્યો કે જ્યારે આ પુત્ર મહાદેવીની કુખમાં ઉત્પન્ન થયો હતો ત્યારે દેવીએ પોતાના શરીરના સર્વ અંગે સુંદર પુરુષને પ્રવેશ કરતો જોયો હતો તેથી એ પુત્રનું નામ પણ એ હકીકતને અનુસારે રાખવું જોઇએ, આટલો ઉપરથી વિચાર કરીને મહારાજાએ તે પુત્રનું ભવ્ય-

પુરુષ[1] નામ પાડ્યું. મહારાણીએ આ હકીકત જાણી ત્યારે તેણે મહા રાજાને પ્રાર્થના કરી 'હું પણ પુત્રનું એક બીજું નામ પાડવા ઇચ્છું છું તો તે બાબતમાં આપ આજ્ઞા કરો.' રાજાએ જવાબમાં કહ્યું 'આવી માંગલિક બાબતમાં તે બે મત હોય? એમાં શું વાંધો છે? તારે જે મનમાં હોય તે ખુશીથી બોલ.' ત્યારે મહાદેવી બોલ્યાં 'આ પુત્ર જ્યારે ગર્ભમાં હતો ત્યારે મને બહુ સારાં સારાં કામો કરવાની બુદ્ધિ થયા કરતી હતી તેથી આ પુત્રનું સુમતિ[2] એવું બીજું નામ હો.' રાજાએ કહ્યું 'દેવીએ તો દૂધમાં સાકર ભેળવવા જેવું કહ્યું, કારણ કે તેથી તો ભવ્યપુરુષનું સુમતિ એવું વધારે સુંદર નામ પડશે.' આ પ્રમાણે બોલી બહુ આનંદમાં આવી જઇને રાજાએ નામકરણ મહોત્સવ વધારે સારી રીતે ઉજવ્યો.




૧ '**ભવ્ય**' એ ખાસ પારિભાષિક જૈન શબ્દ છે. યોગ્ય સામગ્રીના સદ્ભાવે મોક્ષમાં જવાની યોગ્યતાવાળા જીવોને **ભવ્ય** કહે છે. જેઓમાં મોક્ષમાં જવાની યોગ્યતાજ નથી તેવાને **અભવ્ય** કહેવામાં આવે છે. એવા બહુ થોડા પ્રાણી છે; મગના ઢગલામાં જેમ કોઇ કોરડું મગ હોય તેમ; પરંતુ યોગ્યતા છતાં મોક્ષે નહિ જનારા–અભવ્યની કોટે વળગેલા અનંતા જીવો છે, તેમને તેની યોગ્યતા હોવા છતાં સામગ્રી મળવાની નથી. એવા પ્રાણીને **જાતિભવ્ય** કહેવામાં આવે છે.

૨ **સુમતિ**: સારી મતિ–બુદ્ધિ છે જેની એટલે સારી બુદ્ધિવાળો.



પ્રકરણ ૪ થું.

અગૃહીતસંકેતા અને પ્રજ્ઞાવિશાલા.



હવે તેજ મનુજગતિ નગરીમાં એક અગૃહીતસંકેતા[1] નામની બાલિકા રહેતી હતી તેણે લોકોનાં મુખેથી રાજપુત્રનો જન્મ થયો છે, તેનો મહોત્સવ ચાલે છે અને તેનું નામ પાડવામાં આવ્યું છે વિગેરે હકીકત સાંભળીને પોતાની પ્રિય સખીને કહ્યું "પ્રિય સખિ! પ્રજ્ઞાવિશાલા! લોકોમાં તો મોટી નવાઇ જેવી-આશ્ચર્ય ઉપજાવે તેવી વાત ચાલે છે તે તેં જાણ્યું? લોકો કહે છે કે કાળપરિણતિ મહાદેવીએ ભવ્યપુરુષ નામના પુત્રને જન્મ આપ્યો છે."

સખીઓનો સંવાદ.

પ્રજ્ઞાવિશાલા—"વહાલી બહેન! એમાં આશ્ચર્ય જેવું શું છે?"

અગૃહીતસંકેતા—"મેં પહેલાં સાંભળ્યું હતું કે આ કર્મપરિણામ મહારાજા પોતાના સ્વરૂપથી [2]નિર્બીજ છે અને કાળપરિણતિ રાણી વંધ્યા (વાંઝણી) છે. આવું છતાં તેઓને પુત્રની ઉત્પત્તિ થઇ તે ખરેખર મોટા આશ્ચર્યની વાત છે."

પ્રજ્ઞાવિશાલા—"અરે ભોળી! તારૂં નામ અગૃહીતસંકેતા છે તે ખરેખરૂં છે, કારણ કે તું તારા નામ પ્રમાણે આ બાબતની અંદર રહેલો પરમાર્થ બરાબર સમજી શકી નથી. આ રાજા તો અતિબહુબીજ છે એટલે એનામાં પુત્રોત્પાદક શક્તિ સાધારણ રીતે હોય તેના કરતાં પણ ઘણી વધારે છે, પરંતુ લોકોની તેના ઉપર નજર ન પડે એટલા માટે અવિવેક વિગેરે તેના મંત્રીઓએ તેને નિર્બીજ તરીકે

રાજા રાણીની જનન શક્તિ.

---

1 અગૃહીતસંકેતા અને પ્રજ્ઞાવિશાલાઃ આ બન્ને પાત્રો ગોઠવવામાં ગ્રંથકર્તાએ બહુ ચાતુર્ય બતાવ્યું છે અગૃહીતસંકેતા તદ્દન ભોળી, ભલી, સાદી અને દરેક બાબતને ઉપર ઉપરથી સમજવાવાળી છે ત્યારે પ્રજ્ઞાવિશાલા કુશળ, હુશિયાર અને રહસ્ય સમજનાર છે. અગૃહીતસંકેતા એવા પ્રશ્નો વારંવાર કરે છે કે તેને મળતા જવાબમાં રહસ્ય સમજવાની મજા આવે છે. પ્રજ્ઞાવિશાલાના જવાબો બહુ વિચારશીલ છે. બાહ્ય અને અંતર રાજ્યમાં આ દરેક પાત્રનું સ્થાન આઠમા પ્રસ્તાવમાં સ્પષ્ટ થશે

2 નિર્બીજઃ બીજ વગરનો એટલે જેને છોકરાં ન થઇ શકે તેવો પુરુષ.

લોકોમાં જાહેર કર્યો છે. આ મહાદેવી પણ અનંતાં છોકરા છોકરીઓને જન્મ આપનારી છે, પણ દુર્જન-હલકા માણસોની તેના ઉપર નજર પડવાના ભયથી તેજ મંત્રીઓએ વંધ્યા-વાંઝણી તરીકે તેને દુનિયામાં પ્રખ્યાત કરી છે. જો સમજ! આ લોકમાં જેટલાં પુત્ર પુત્રી થાય છે તે સર્વમાં[1] પરમ વીર્યપણે તેઓનું જોડાણ હોવાને લીધે પરમાર્થથી ખરેખરી રીતે તો આ રાજા રાણીજ તેમનાં માબાપ છે. વળી એ મહારાજા અને મહારાણી નાટક જુએ છે તે સમયે તેઓનું માહાત્મ્ય કેટલું બધું જણાઇ આવે છે તે તેં સાંભળ્યું કે જોયું નથી? આ મહારાજા સર્વ પાત્રોને પોતાની મરજીમાં આવે તે પ્રમાણે નારકી, તિર્યંચ, મનુષ્ય કે દેવગતિ લક્ષણવાળા સંસારમાં આવી રહેલી લાખો યોનિઓમાં નવા નવા જુદા જુદા પ્રકારનાં રૂપો ધારણ કરાવીને તેઓ પાસે નાટક કરાવે છે અને એવી રીતે મહારાજા જે પ્રાણીઓ પાસે જુદા જુદા પ્રકારનાં રૂપો ધારણ કરાવે છે તે સર્વને મહારાણી ગર્ભવાસ, બાળપણ, કુમારપણું, યુવાવસ્થા, પુખ્તપણું, વૃદ્ધાવસ્થા, મરણ, અન્યત્ર ગર્ભપ્રવેશ અને તેમાંથી પાછું નિષ્ક્રમણ વિગેરે સ્થિતિમાં પરિવર્તનો (ફેરફારો) અનેક વાર કરાવે છે."[2]

અગૃહીતસંકેતા—"જે વાત તું કહે છે તે તો મેં સાંભળી હતી પણ મારૂં કહેવું એમ છે કે કર્મપરિણામ મહારાજા સર્વ પાત્રોને જુદાં જુદાં રૂપો અપાવવાને શક્તિમાન છે અને કાળપરિણતિ મહારાણી તેઓની અવસ્થામાં વારંવાર મોટો ફેરફાર કરી શકે છે-આટલી હકીકત ઉપરથીજ તેઓ લોકોનાં માબાપ છે એમ કહી શકાય?"

પ્રજ્ઞાવિશાલા—"વહાલી સખિ! તું તો તદ્દન ભોળી છે! આખલા જેવા જનાવરને પણ અડધી વાત કહી હોય તો તે આખી વાત સમજી જાય છે. પણ તું તો આ ઉઘાડી-ખુલ્લી વાત છે તે પણ સમજી શકતી નથી. જો ખરેખરી રીતે વિચાર કરીએ તો આ સંસારનું નાટક છે, તો તે નાટકના જે ઉત્પન્ન કરનારા હોય તે પરમાર્થથી વાસ્તવિક રીતે સર્વનાં માબાપ ગણાય. હવે સમજી?"

---

૧ [illegible] પરમ કારણ તો [illegible] અને [illegible] છે [illegible] અને માતૃત્વનું પરમ કારણ [illegible] સર્વ પુત્ર પુત્રીના પિતા અને માતા તો કર્મ અને [illegible] કાળ) જ કહી શકાય.

૨ [illegible] પરિવર્તન [illegible] કરે છે. [illegible]

અગૃહીતસંકેતા—"જો તેઓ આખી દુનિયાનાં માબાપ છે, છતાં પણ દુર્જન પ્રાણીઓની નજર તેના ઉપર પડવાના ભયથી અવિવેક વિગેરે મંત્રીઓએ તે રાજાને બીજ વગરના અને રાણીને વંધ્યા તરીકે પ્રસિદ્ધ કરી છે તો પછી આ ભવ્યપુરુષને આવા મોટા મહોત્સવપૂર્વક શામાટે તેઓના પુત્ર તરીકે જાહેર કરવામાં આવ્યો છે તેનું કારણ તું મને સમજાવ."

સદાગમ-સ્વરૂપ.

પ્રજ્ઞાવિશાલા—"આ ભવ્યપુરુષને મહારાજા અને દેવીના પુત્ર તરીકે જાહેર કરવાનું કારણ શું છે તેનો હેવાલ તું સાંભળ. આ નગરીમાં એક શુદ્ધ, સત્યવાદી સદાગમ[1] નામના મહાપુરુષ છે, તે સર્વ પ્રાણીઓનું હિત કરનાર છે, સર્વ ભાવોને અને સ્વભાવોને સારી રીતે જાણનારા છે અને ખાસ કરીને તેઓ આ કર્મપરિણામ રાજા અને કાળપરિણતિ રાણીની ખાનગીમાં ખાનગી વાતોનાં રહસ્ય, તેનાં સ્થાનો અને તેનાં મર્મોને બરાબર જાણનાર છે. તે મહાત્મા સદાગમ સાથે મારે સારો સંબંધ છે, હું તેમને અવારનવાર મળ્યા કરું છું. એક વખત હું તેઓની પાસે ગઇ હતી ત્યારે મેં તેઓને ખાસ આનંદમાં જોયા; તેઓના ચહેરા ઉપર હર્ષનાં ચિહ્નો સ્પષ્ટ જણાતાં હોવાથી મેં આગ્રહપૂર્વક તેઓના હર્ષનું કારણ પૂછ્યું. તેના જવાબમાં તેઓએ

સદાગમહર્ષકારણ-ભવ્યપુરુષનોજન્મ.

જણાવ્યું 'ભદ્રે! તને આટલું બધું કુતૂહળ થયું છે તો મારા હર્ષનું કારણ સાંભળ. આ કાળપરિણતિ મહારાણી છે તેમણે એક દિવસ મહારાજાને ખાનગીમાં વિજ્ઞપ્તિ કરી 'રાજન્! હું પોતે વંધ્યા નથી છતાં લોકો મને વંધ્યા કહે છે એ ખોટા આરોપથી હવે તો હું બહુ કંટાળી ગઇ છું. જો કે મારે અનંત પુત્રો છે, છતાં દુર્જન પ્રાણીઓની મારા ઉપર નજર ન પડે તેટલા માટે આપના અવિવેક વિગેરે મંત્રીઓએ વંધ્યા તરીકે દુનિયામાં મને જાહેર કરી છે અને તેના પરિણામે મારાં પોતાનાં બાળકો જાણે બીજાનાં બાળકો હોય એ પ્રમાણે લોકોમાં વાત થયા કરે છે. આ તો જૂંને લીધે કપડાનો ત્યાગ કરવા જેવી વાત થઇ. મારા ઉપર આવો

---

1 સદાગમઃ એટલે શુદ્ધ પુરુષોએ બતાવેલ વિશિષ્ટ જ્ઞાન (શ્રુતજ્ઞાન). આ જ્ઞાનને આકાર આપી પાત્રનું રૂપ આપ્યું છે. એ શબ્દથી શ્રુતજ્ઞાન ધારણ કરનાર ગુરુ મહારાજ પણ સમજાય છે. બન્ને અર્થ બરાબર બેસતા આવે છે. સંબંધ ઉપરથી ક્યાં કયો અર્થ લાગુ પડે છે તે વિચારી લેવું.

વંધ્યાપણાનો ખોટો આરોપ આવી પડેલો છે તે આપ સાહેબે ગમે તેમ કરીને દૂર કરવો જોઇએ અને મારે માથેથી એ મ્હેણું ટાળવું જોઇએ.' રાજાએ જવાબ આપ્યો 'મને પણ દુનિયામાં મંત્રીઓએ નિર્બીજ તરીકે જાહેર કર્યો છે તેથી આપણા બન્નેને માથે મ્હેણું એકસરખું જ છે, માટે જરા ધીરી થા. આપણો દુનિયામાં જે અપયશ થયેલો છે તે દૂર કરવાનો ઉપાય મને મળી આવ્યો છે.' તે ઉપાય કયો છે તેમ દેવીએ પૂછવાથી રાજાએ જવાબ આપ્યો 'આ પ્રધાન વિગેરેના અભિપ્રાયની દરકાર નહિ કરતાં આ મનુજગતિ નગરીમાં એક સુંદર પુત્રનો તારે પેટે જન્મ થયો છે એમ જાહેર કરવામાં આવશે અને તે પુત્રના જન્મનો મોટો મહોત્સવ કરવામાં આવશે. આ પ્રમાણે કરવાથી મારા ઉપર ઘણા વખતથી નિર્બીજપણાનું અને તારા ઉપર વંધ્યાપણાનું કલંક આવેલું છે તે દૂર થઇ જશે.' રાજાનો આવો જવાબ સાંભળીને દેવીએ તેમનું વચન માન્ય કર્યું. તેઓએ જે પ્રમાણે વિચાર કર્યો હતો તે પ્રમાણે તેને ત્યારપછી અમલમાં મૂક્યો. હે પ્રજ્ઞાવિશાલા! આ ભવ્યપુરુષનો જન્મ થયો છે તે મને બહુ વહાલો છે. આ કર્મપરિણામ અને મહાદેવીને થયેલા પુત્રજન્મથી હું મારા આત્માને સફળ માનું છું અને તેને લીધે મને હર્ષ થયો છે.' આ પ્રમાણે સદાગમે મને કહ્યું ત્યારે મેં તેમને કહ્યું 'આપના હર્ષનું કારણ બહુ સારૂં છે.' બહેન અગૃહીતસંકેતા! આ પ્રમાણે હોવાથી પેલા ભવ્યપુરુષને મહારાજા અને મહાદેવીના પુત્ર તરીકે ઓળખાવવામાં આવ્યો છે તે હવે તારા સમજવામાં આવ્યું હશે."

અગૃહીતસંકેતા—"સારૂં બહેન! સારૂં, તેં ઠીક વાત કરી; તારી વાતથી મારી શંકા દૂર થઇ ગઇ. વળી હું જ્યારે અહીં આવતી હતી ત્યારે બજારમાં જે વાત થતી હતી તે ઉપરથી પણ મને લાગે છે કે રાજા રાણી અત્યાર સુધી વંધ્ય કહેવાતાં હતાં અને તેને લઇને તેઓ ઉપર જે અપયશનું કલંક લાગેલું હતું તે ધોવાઇ ગયું છે."

પ્રજ્ઞાવિશાલા—"બજારમાં તેં શું સાંભળ્યું?"

અગૃહીતસંકેતા—"ઘણા માણસોની વચ્ચે એક અત્યંત સુંદર આકૃતિને ધારણ કરનાર પુરુષ બજારમાં મારા જોવામાં આવ્યો હતો. એ સુંદર પુરુષને ગામના આગેવાન શહેરીઓ[1] પૂછતા હતા 'ભગવન્! આ રાજપુત્રનો આજે જન્મ થયો છે તે કેવા ગુણોને ધારણ કરનારો

---

૧ શહેરીઓ તે અહીં સુશ્રાવકો સમજવા. આ વાતની સ્પષ્ટતા આઠમા પ્રસ્તાવમાં થશે.

થશે?” તેના જવાબમાં તે સુંદર પુરુષે જણાવ્યું કે ‘ભદ્ર લોકો! તમે સાંભળો. આ બાળક કાળક્રમે વધતો વધતો સર્વે ગુણોનું ભાજન થશે. એનામાં એટલા બધા ગુણો થશે કે તે સર્વે ગુણોને કહેવાનું તો બની શકે તેમ નથી અને કદિ તેને કહેવા બેસું તો તે સર્વે ધારી

જન્મના ભાવી ગુણોનું વર્ણન.

રાખવાનું-સાંભળવાનું પણ તમારાથી બની શકે એમ નથી. તમારા ધ્યાનમાં એ વાત આવે તેટલા માટે હું તેનું સંક્ષેપથી વર્ણન કરું છું તે સાંભળો. એ બાળક રૂપનું તો [1]દૃષ્ટાંત થશે, યુવાવસ્થાનું સ્થાન થશે, [2]લાવણ્યનું મંદિર થશે, પ્રેમનું દૃષ્ટાન્ત થશે, ઉદારતાનું સ્થાન થશે, વિનયનો ભંડાર થશે, ગંભીરતાનું ઘર થશે, વિજ્ઞાનનું ઠેકાણું થશે, [3]દાક્ષિણ્યની ખાણ થશે, ચાતુર્યનું ઉત્પત્તિસ્થાન થશે, સ્થિરતાની પ્રતિમા થશે, લજ્જાના હુકમને અનુસરનાર થશે, કોઇ પણ વિષય જલદી સમજી લેવાની શક્તિ (વિષયપ્રાગલ્ભ્ય)માં દાખલો દેવા લાયક થશે અને ધીરજ, યાદશક્તિ, શ્રદ્ધા અને વિવિદિષા (જાણવાની ઇચ્છા-નવું સમજવાની જિજ્ઞાસા)રૂપ સુંદરીઓનો પતિ થશે. વળી અનેક ભવમાં તેણે સારાં કર્મો કરવાનો અભ્યાસ પાડેલો છે તેથી તે પણો પ્રગત થયેલો છે (આગળ વધેલો છે) તેથી તે બાળ વયમાં હશે ત્યારે પણ રમત ગમતમાં આસક્તિ વગરનો થશે, લોકો ઉપર પ્રેમભાવ સારી રીતે બતાવશે, વૃદ્ધ પુરુષોનો સારી રીતે વિનય કરશે, ધર્મ ઉપર અત્યંત પ્રીતિ બતાવશે, વિષયોમાં જરા પણ લોલુપના કરશે નહિ, કામ ક્રોધ લોભ મોહ મદ અને મત્સર એ છ અંતરંગ શત્રુઓ પર વિજય પ્રાપ્ત કરશે અને તમારાં સર્વનાં ચિત્તને અત્યંત આનંદ પમાડશે.’ લોકોએ આ સર્વ હકીકત સાંભળીને [4]ભયથી અને આનંદથી ચીતરફ જોઇને કહ્યું, ‘કર્મપરિણામ મહારાજા અને કાળપરિણતિ મહાદેવીની પ્રકૃતિ ઘણી તીવ્ર હોવાને લીધે તેઓ અમને સર્વે લોકોને અનેક પ્રકારનાં દુઃખો નિરંતર આપ્યા કરે છે, પણ આ એક કામ તો તેઓએ બહુ સારું કર્યું. તેઓએ સર્વે દેશદેશાંતરમાં

કર્મવિજ્ઞાનથી લોકોને આનંદ.

---

[1] વાચામાં સારો રૂપવાન હોય છે એમ વાત કરી ત્યાં તેનું દૃષ્ટાન્ત આપવામાં આવે તેમાં તે થશે.

[2] લાવણ્ય: ખૂબસુરતી

[3] દાક્ષિણ્ય: સરલતા સાથે અન્યનું મન રાખવાનો ગુણ

[4] જે બાળક તેમના [illegible] હતા તેથી [illegible] આવે [illegible] અને [illegible] આનંદ

પ્રસિદ્ધ મનુજગતિ નગરીમાં ભવ્યપુરુષ-સુમતિને જન્મ આપ્યો કામ બહુ સારૂં થયું. આવા સુંદર બાળકને જન્મ આપવાથી તેઓ અનેક ખરાબ ચરિત્રો હતાં તે તેઓએ ધોઇ નાખ્યાં અને વળી તાની ઉપર વાંઝીઆપણાનું કલંક હતું તે પણ દૂર કરી નાખ્યું. બહેન! આ સર્વ હકીકત બહુ ધ્યાન આપીને મેં સાંભળી હતી ત્યારે મારા મનમાં પ્રશ્ન થયો હતો કે આ રાજા રાણી તો વંધ્ય તરી પ્રસિદ્ધ છે તેઓને ત્યાં તે વળી પુત્રનો જન્મ કેવી રીતે થયો? આ પુરુષ કે જે સર્વજ્ઞની પેઠે ભવિષ્યમાં પેલો રાજપુત્ર કેવો તેની સર્વ વાતો કરે છે તે કોણ હશે? અને વળી તે વખતે મારા મનમાં નિશ્ચય કર્યો હતો કે મારી વહાલી સખી જે ઘણી છે તેની પાસે જઇને ઉપરની બન્ને બાબતના સવાલો પૂછી મા શંકાઓનું સમાધાન કરીશ, કારણ કે આવી બાબતમાં તે બહુ કુશ છે. મારા મનમાં બે શંકાઓ થઇ હતી તેમાંની [1]પહેલી શંકા તો દૂર કરી, હવે મારા મનમાં જે [2]બીજી શંકા થઇ હતી તે દૂર કર."

પ્રકરણ ૫ મું.

સદાગમપરિચય.



સદાગમની ઓળખાણ કરવા સંબંધી સવાલ અગૃહી સંકેતાએ કર્યો ત્યારપછી બન્ને બહેનપણીઓ વ નીચે પ્રમાણે વાતચીત થઇ:-

પ્રજ્ઞાવિશાલા-"વહાલી સખિ! બજારમાં જે મહાત્મા પુરુષને વાતો કરતો સાંભળ્યો તે મા પરિચિત પુરુષ મહાત્મા સદાગમજ હોય એમ તેના [3]કાર્ય દ્વારા જાણી શકું છું, એનું કારણ એ છે કે થઇ ગયેલ થતા અને ભવિષ્યમાં થનારા સર્વ ભાવોને હાથ રહેલા આમળાની પેઠે જાણવાને અને સમજાવવા તેજ મહાત્મા શક્તિવાન્ છે; તેવી રીતે તે ભાવો

સદાગમનો પરિચય.

---

૧ વંધ્ય રાજાને ઘરે પુત્રજન્મ સંબંધી.

૨ સર્વજ્ઞ જેવી વાત કરનાર સુંદર પુરુષ બજારમાં હતો તે કોણ?

૩ એનું કાર્ય શું છે તેની મને ખબર છે અને તેથી તેં જે વાત કરી તે રથી તે તેજ હતા એમ હું અનુમાનથી સ્પષ્ટ રીતે ધારી શકું છું.

પ્રતિપાદન[1] કરી શકે તેવો કોઇ બીજો પુરુષ વિદ્યમાન નથી. આજ મનુજગતિ નગરીમાં [2]અભિનિબોધ, [3]અવધિ, [4]મનઃપર્યાય અને કેવળ[5] નામના ચાર મહા પુરુષો વસે છે જેઓ સદાગમ જેવાજ છે, પરંતુ તેઓમાં અન્ય પાસે કોઇ પણ વિષયનું પ્રતિપાદન કરવાની શક્તિ નથી, તેઓ બીજા પાસે કોઇ પણ બાબતની હકીકત કહી શકતા નથી, તે ચારે પોતાના સ્વરૂપથી [6]મુંગાં છે. આ ચારે પુરુષોનું માહાત્મ્ય કેટલું મોટું છે તે પણ સર્વ લોકો સમક્ષ ભગવાન સદાગમજ વર્ણવે છે, કારણ કે સારા પુરુષોની ચેષ્ટાઓનું અવલંબન કરનાર તે સદાગમ છે અને પારકાના ગુણોનો પ્રકાશ કરવાની તેને ટેવ છે.”

અગૃહીતસંકેતા–‘આ રાજપુત્ર સદાગમને બહુ વહાલો છે તેનું કારણ શું? અને એના (એ બાળકના) જન્મથી સદાગમ પોતાના આત્માને સફળ (ભાગ્યશાળી) માને છે તેનું કારણ શું? એ હકીકત હું સાંભળવા ઇચ્છું છું.’

---

૧ શ્રુતજ્ઞાન અન્ય પાસે ભાવ જણાવી શકે છે. બીજા કોઇ જ્ઞાનમાં એ શક્તિ નથી.

૨ અભિનિબોધઃ મતિજ્ઞાન. બુદ્ધિવૈભવ. આ જ્ઞાનથી દરેક વસ્તુનું સ્વરૂપ માલુમ થાય છે અને તે પાંચ ઇંદ્રિયો અને મન દ્વારા થાય છે. ઔત્પાતિકી, વિનયિકી કાર્મિકી અને પારિણામિકી આદિ બુદ્ધિઓ પણ આ મતિજ્ઞાનનો વિષય છે. એ જ્ઞાનથી જાણવાનું બને છે, અન્ય પાસે તે હકીકત કહી શકતું નથી. જાતિસ્મરણ પણ એનોજ પેટા ભેદ છે.

૩ અવધિઃ અવધિજ્ઞાનથી અમુક હદ સુધી સર્વ વસ્તુઓ જણાય છે આ આત્માને પ્રત્યક્ષ જ્ઞાન છે. રૂપી દ્રવ્યનેજ જાણવાની એની ખાસ મર્યાદા છે. અરૂપી દ્રવ્યમાં આ જ્ઞાનનો પ્રવેશ નથી. આ જ્ઞાન પોતે જાણે છે, અન્યને જણાવી શકતું નથી.

૪ મનઃપર્યાયઃ અથવા મનઃપર્યવ. આ જ્ઞાનથી મનુષ્યલોકમાં રહેલા સંજ્ઞી પંચેંદ્રિય પ્રાણીઓનાં મનમાં થતા ભાવો પ્રત્યક્ષ જાણવામાં આવે છે. આત્મ પ્રત્યક્ષ આ જ્ઞાન છે અને અવધિ પેઠે જાણવા પૂરતુંજ છે.

૫ કેવળઃ સર્વ વસ્તુઓ તથા અતીત, અનાગત અને વર્તમાન કાળના તેના સર્વ ભાવો-પર્યાયો આત્માને પ્રત્યક્ષ આ જ્ઞાનથી થાય છે. અવધિ મનઃપર્યવ પેઠે અન્યને આ જ્ઞાન જણાવી શકતું નથી.


૬ સદાગમ એ શ્રુતજ્ઞાન છેઃ બીજા પાસે વાત કરવાને તેજ સમર્થ છે. કેવળજ્ઞાની પણ અન્ય સાથે વાત કરે કે ઉપદેશ આપે તે દ્રવ્ય શ્રુતજ્ઞાન દ્વારા બની શકે છે. બાકીનાં ચારે જ્ઞાનો સ્વાત્મસ્થિત છે, તે અન્ય સાથે બોલતા ન હોવાથી તેને અત્ર મુંગા કહેવામાં આવ્યાં છે.

પ્રસિદ્ધ મનુજગતિ નગરીમાં ભવ્યપુરુષ-સુમતિને જન્મ આપ્યો કામ બહુ સારૂં થયું. આવા સુંદર બાળકને જન્મ આપવાથી તેઓ અનેક ખરાબ ચરિત્રો હતાં તે તેઓએ ધોઇ નાખ્યાં અને વળી તાની ઉપર વાંઝીઆપણાનું કલંક હતું તે પણ દૂર કરી નાખ્યું બહેન! આ સર્વ હકીકત બહુ ધ્યાન આપીને મેં સાંભળી હતી સા મારા મનમાં પ્રશ્ન થયો હતો કે આ રાજા રાણી તો વંધ્ય ત પ્રસિદ્ધ છે તેઓને ત્યાં તે વળી પુત્રનો જન્મ કેવી રીતે થયો! આ પુરુષ કે જે સર્વજ્ઞની પેઠે ભવિષ્યમાં પેલો રાજપુત્ર કેવો તેની સર્વ વાતો કરે છે તે કોણ હશે? અને વળી તે વખતે મારા મનમાં નિશ્ચય કર્યો હતો કે મારી વહાલી સખી જે ઘણી છે તેની પાસે જઇને ઉપરની બન્ને બાબતના સવાલો પૂછી શંકાઓનું સમાધાન કરીશ, કારણ કે આવી બાબતમાં તે બહુ કુ છે. મારા મનમાં બે શંકાઓ થઇ હતી તેમાંની [1]પહેલી શંકા તો દૂર કરી, હવે મારા મનમાં જે [2]બીજી શંકા થઇ હતી તે દૂર કર

—∞◇∞—

પ્રકરણ ૫ મું.

સદાગમપરિચય.



સદાગમની ઓળખાણ કરવા સંબંધી સવાલ અગૃહી સંકેતાએ કર્યો ત્યારપછી બન્ને બહેનપણીઓ વ નીચે પ્રમાણે વાતચીત થઇઃ-

પ્રજ્ઞાવિશાલા-"વહાલી સખિ! અગ્રહી જે મહાત્મા પુરુષને વાતો કરતો સાંભળ્યો તે સ પરિચિત પુરુષ મહાત્મા સદાગમજ હોય એમ તેના કાર્ય ઉપ જાણી શકું છું. એનું કારણ એ છે કે થઇ ગયે થતા અને ભવિષ્યમાં થનારા સર્વ ભાવોને હાથ રહેલા આમળાની પેઠે જાણનારો અને સમજાવ તેજ મહાત્મા સદાગમ છે; તેથી રીતે તે

સદાગમનો પરિચય.

---

૧ [illegible]

૨ [illegible]

૩ [illegible]

સુમતિ-સારી બુદ્ધિવાળો છે અને તે માટેજ તેની માએ તેનું સુમતિ નામ પાડ્યું છે તે તને યાદ હશે. (જુઓ પૃષ્ઠ ૨૪૭). આમ હોવાથી તે સુપાત્ર છે અને એ પ્રમાણે હોવાથી તેના જન્મથીજ તે સદાગમને અત્યંત વહાલો થઇ પડેલો છે. વળી સદાગમ અંતઃકરણપૂર્વક માને છે કે પૂર્વોક્ત રીતે આ બાળકના[1] પિતા હોવાથી એનાં કર્મપરિણામ સુંદર છે અને માતા હોવાથી કાળપરિણતિ અનુકૂળ થઇને વર્તે છે તેથી એમ લાગે છે કે એનું બાળકપણું[2] પૂરૂં થશે કે તુરતજ તેનો સ્વભાવ ઘણો સારો હોવાથી, કલ્યાણપરંપરા તેની નજીક હોવાથી અને એના જેવા પુરુષો મારાં દર્શનથી ઘણા રાજી થતા હોવાથી જ્યારે તે મારી પાસે આવશે ત્યારે જરૂર તેના મનમાં આવા આવા વિચારો થશે-'અહો! જે નગરીમાં સદાગમ જેવો મહા પુરુષ વસે છે તે મનુજગતિ નગરી બહુ સુંદર છે! મારામાં પણ કાંઇક યોગ્યતા જરૂર હોવી જોઇએ કે જેને લઇને તે મહાત્માની સાથે મારો મેળાપ થયો છે, તો હવે આ મહાત્મા પુરુષ (સદાગમ)ની વિનયપૂર્વક આરાધના કરીને એના સંબંધી જ્ઞાનનો અભ્યાસ કરૂં'-આવા આવા વિચારો તે બાળક કરશે અને એનાં માત પિતા અનુકૂળ હોવાથી તે પુત્રને મને અર્પણ કરી દેશે એટલે તે સુમતિ મારો શિષ્ય થશે. એટલે પછી મારામાં જે જ્ઞાન છે તે એ બાળકને આપીને હું મારી જાતને કૃતકૃત્ય-ભાગ્યશાળી માનીશ-આવી બુદ્ધિથી ભવ્યપુરુષ-સુમતિના જન્મથી સદાગમ પોતાના આત્માને સફળ માને છે અને તે બાબતમાં પોતાને સંતોષ થયેલો હોવાથી લોકોની આગળ રાજપુત્રના ગુણોનું વર્ણન કરે છે."

સદાગમના આનંદનું કારણ.

અગૃહીતસંકેતા-"વહાલી સખિ! આ સદાગમનું એવું તે શું અપૂર્વ માહાત્મ્ય છે કે પાપિષ્ટ પ્રાણીઓ તેને સમજતા નથી? અને

---

૧ આ આખું વાક્ય શ્લેષ જેવું છે. સદાગમ વિચાર કરે છે કે આ બાળક વૈરાગ્યવાસી છે તેથી તેના કર્મો સારાં લાગે છે અને તેની સ્થિતિ પણ પરિપાક દશાને પામેલ જણાય છે. વળી રાજાએ તેને પોતાના પુત્રના રૂપમાં જન્મ આપ્યો છે તેથી તે તેના તરફ પ્રેમાળ નજરે જોઇ તેને યોગ્ય રીતે વર્તવા દેશે એમ અનુમાન થાય છે. વાર્તાના રસમાં આ સર્વ હકીકત ધ્યાનમાં રાખી આગળ વધવું ઠીક થઇ પડશે.

૨ બાળકપણું: અજ્ઞાનકાળ એ કાળ પૂરો થવાના છેડા ઉપર આ પ્રાણી આવી ગયો હોય એટલો તે પ્રસન્ન છે એમ તેના ચેહરા ઉપરથી જણાય છે.

પ્રજ્ઞાવિશાલા–"એ સદાગમ ઘણો મોટો મહાત્મા પુરુષ છે અને તે દરરોજ અન્ય પ્રાણીઓ ઉપર ઉપકાર કરવા તૈયાર રહેતો હોય છે. સર્વ પ્રાણીઓનું હિત થાય–ભલું થાય એવાજ પ્રકારની પોતાની આચરણા કરે છે. વાત એવી છે કે પાપી પ્રાણીઓ એનાં વચનને અનુસરતા નથી. આ મહાત્મા સદાગમની કેટલી મહત્તા છે, એનો જ્ઞાનવૈભવ કેટલો જબરો છે અને એને પરોપકાર કરવાની કેટલી તીવ્ર ઇચ્છા છે એ સર્વ બાબતનું તેનું માહાત્મ્ય પાપી પ્રાણીઓ સમજતા નથી. આ પ્રમાણે હકીકત હોવાને લીધે ભગવાન્ સદાગમ એ પ્રાણીઓને હિત થાય તેવો ઉપદેશ આપે છે તોપણ તેઓમાંના કેટલાક ઉલટા સદાગમને દોષ આપે છે, કેટલાક તેને ધિક્કારે છે, કેટલાક તેની મશ્કરી કરે છે, કેટલાક આપેલ ઉપદેશ યોગ્ય છે એમ સ્વીકાર્યા છતાં તે પ્રમાણે વર્તવાની પોતાની અશક્તિ જાહેર કરે છે, કેટલાક તો તેના વચનથી ડરી જઇને દૂરથીજ નાસવા મંડી જાય છે, કેટલાક તેને ધુતારો ધારીને તેના તરફ શંકાની નજરથી જુએ છે, કેટલાક તેના વચનને મૂળથીજ સમજતા નથી, કેટલાક તેનું વચન સાંભળે છે તો પણ તેના ઉપર રૂચિ લાવી શકતા નથી, કેટલાકને તેનાં વચનો ઉપર રૂચિ થાય છે તોપણ તે પ્રમાણે તેઓ અનુષ્ઠાન કરી શકતા નથી અને કેટલાક પ્રાણીઓ તે પ્રમાણે અનુષ્ઠાન કરવાનું શરૂ કરીને વળી પાછા ઢીલા[1] થઇ જાય છે. આ પ્રમાણે હકીકત બનતી હોવાને લીધે સદાગમને પરોપકાર કરવાની ઘણી ઇચ્છા છે, પણ તેની શુભ ઇચ્છાઓનું ધારેલું ફળ પ્રાપ્ત થતું નથી અને પ્રાણીઓમાં આવી અપાત્રતા હોવાને લીધે સદાગમને મનમાં વારંવાર બહુ ખેદ થયા કરે છે. भवत्येव हि सद्गुरूणामपि निष्फलतया कुपात्रगोचरो महाप्रयासश्चित्तखेदहेतुः કુપાત્ર પ્રાણીને ઉપદેશ આપવા માટે મોટો પ્રયાસ કરવામાં આવે છતાં તે નિષ્ફળ થઇ જતો જણાય ત્યારે સદ્ગુરૂને પણ ચિત્તમાં ખેદ થાય છે. આ રાજપુત્ર ભવ્યપુરુષ છે એટલા માટે તે સારૂં પાત્ર હોય એમ જણાય છે. કોઇ પ્રાણી ભવ્ય[2] હોય પણ ખરાબ મતિવાળો હોય તો સુપાત્ર થઇ શકતો નથી, પણ આ રાજપુત્ર તો ભવ્યપુરુષ હોવા સાથે

હિતોપદેશને અંગે સદાગમને ખેદ.

1 અનુષ્ઠાન કરવાની બાબતમાં શિથિલ થઇ જાય છે.

2 આગળ જણાવ્યું છે તેમ સર્વ ભવ્યો મોક્ષ જઇ શકતા નથી. ભવિ [illegible] અને [illegible] [illegible] [illegible] હોય તો જઇ શકાય છે. ભવ્યત્વ માત્ર [illegible] બતાવે છે, પણ [illegible] થશે કે નહિ તે સંયોગો પર આધાર રાખે છે. જુઓ પૃ. ૨૬૭ નોટ.

આવી રીતે હોકારો કરીને સદાગમે અત્યાર સુધીમાં અનંત પ્રાણીઓને કર્મપરિણામ રાજાની જાળમાંથી છોડાવી[1] દીધા છે."

અગૃહીતસંકેતા—"સદાગમે અનંત પ્રાણીઓને કર્મપરિણામની જાળમાંથી છોડાવ્યા છે એમ તું કહે છે ત્યારે તે પ્રાણીઓ કેમ દેખાતા નથી?"

પ્રજ્ઞાવિશાલા—"કર્મપરિણામ રાજાના તાબાની બહાર (તેની હદબહાર) એક [2]નિર્વૃત્તિ નામની મોટી નગરી છે. સદાગમના હોકારાથી કર્મપરિણામ રાજાનો તેઓ ઉપર કોઇ પણ પ્રકારનો હુકમ ચાલતો નથી એવી સ્થિતિ જેઓની બની આવે છે તેવા પ્રાણીઓ સદાગમે પોતાને કર્મપરિણામની સત્તામાંથી છોડાવ્યા છે એમ માની, તે કર્મરાજાના માથા [3]ઉપર પગ મૂકી ઉડીને પેલી નિર્વૃત્તિ નગરીમાં પહોંચી જાય છે. તે નગરીમાં ગયા પછી સર્વ પ્રકારના ઉપદ્રવો અને ત્રાસથી રહિત થઇને ત્યાં મહાસુખી જીવનમાં સર્વ કાળ[4] તેઓ રહે છે. એ પ્રમાણે હોવાથી સદાગમે છોડાવેલા પ્રાણીઓ અહીં દેખાતા નથી."

કર્મથી છૂટેલાઓનું સ્થાન.

અગૃહીતસંકેતા—"જો એમ છે તો પછી તે મહાત્મા સર્વ લોકોને કેમ છોડાવતા નથી? આ અતિ વિષમ પ્રકૃતિવાળો કર્મપરિણામ રાજા તો બિચારા સર્વ જીવોને બહુ દુઃખ દે છે, ત્યારે જો તે મહાત્મા સદાગમમાં તું કહે છે તેવી શક્તિ હોય તો તેણે લોકોને થતી આવા પ્રકારની કદર્થના તરફ બેદરકારી બતાવવી તે તેમના જેવા મોટા માણસને યોગ્ય નથી."

પ્રજ્ઞાવિશાલા—"તું કહે છે તે વાત ઠીક છે, પણ મહાત્મા સદાગમની એ એક પ્રકૃતિ (ટેવ) છે કે જે પ્રાણીઓ તેનાં વચનથી ઉલટી રીતે આચરણ કરી પોતાનું કુપાત્રપણું જણાવે છે તેના તરફ તે તદ્દન બેદરકાર રહે છે અને જે પ્રાણીઓ તરફ તે મહાત્મા

સર્વ સુખી નહિ થવાનાં કારણો.

---

[1] અનંતા પ્રાણીઓ જ્ઞાન પ્રાપ્ત કરી, કર્મ ક્ષય કરી આખરે મોક્ષ ગયા છે તે પર આ દૃષ્ટાંત રચાયેલું છે.

[2] મોક્ષ-સિદ્ધિસ્થાન આ ઉપમાન બરાબર વિચારવા યોગ્ય છે.

[3] જ્ઞાની ઉપર કર્મનું જોર ચાલતું નથી એ સુપ્રસિદ્ધ દૃષ્ટાંત છે.

[4] મોક્ષમાં ગયા પછી સંસારમાં પાછું આવવાનું કદિ પણ થતું નથી. અવ્યાબાધ સુખ ભોગવતા મોક્ષ ગયેલા આત્માઓ અનંત કાળ ત્યાં રહે છે. દરેક પ્રાણીને આશ્રયીને મોક્ષની આદિ હોય છે, પણ અંત નથી.

નહિ સમજવાને પરિણામે તે મહાત્મા જે કહે છે તે પ્રમાણે વર્તન કરતા નથી?”

સદાગમ-માહાત્મ્ય.

પ્રજ્ઞાવિશાલા–“સખિ! ધ્યાન રાખીને સાંભળ. આ હકીકત બરાબર સમજવાથી તારા મનમાં જે શંકા છે તેનું બરાબર નિવારણ થઇ જશે. આ કર્મપરિણામ નામનો મહારાજા છે તેની શક્તિ કોઇ પણ જગોએ રોકી શકાય તેમ નથી એવો જબરજસ્ત તે રાજા છે. એ મહારાજા દરરોજ સંસારનાટક કરતો કરતો પોતાની મરજીમાં આવે તે પ્રમાણે કઇક ધનવાનોને ભિખારી બનાવે છે, ભાગ્યશાળીને હીનભાગી કરી મૂકે છે, અત્યંત રૂપાળા પ્રાણીને કદરૂપા બનાવી દે છે, પંડિતોને મૂર્ખ કરી મૂકે છે, શૂરવીરને નિર્માલ્ય બનાવી દે છે, અહંકારી–અભિમાનીને રાંકડા બનાવી દે છે, તિર્યંચ જાતિનું રૂપ લેનાર પ્રાણીઓને નારકીનું રૂપ આપે છે, નારકીનું રૂપ ધારણ કરનાર પ્રાણીને મનુષ્યનું રૂપ આપે છે, મનુષ્યનું રૂપ ધારણ કરનાર પ્રાણીઓને દેવનું રૂપ આપે છે, દેવનું રૂપ ધારણ કરનાર પ્રાણીઓને જનાવરનું રૂપ આપે છે, મોટા મોટા રાજાને તે કીડા બનાવી દે છે, મોટા ચક્રવર્તીઓને ભિક્ષુક બનાવે છે, દરિદ્રભાવ ધારણ કરનાર પ્રાણી પાસે ઈશ્વરનો ભાવ ધારણ કરાવે છે; અરે! એને માટે બહુ કેટલી વાત કરવી? પોતાની મરજીમાં આવે–ધૂનમાં આવે તેવા ભાવોનું પરિવર્તન કરતાં–મોટો ફેરફાર કરી–કરાવી નાખતાં તેને કોઇ વારી શકતું નથી અને કોઇનો વાર્યો તે કદિ રોકાતો પણ નથી. આવો જબરજસ્ત તે મહારાજા છે તે પણ આ સદાગમના નામથી ડરી જાય છે અને તેની ગંધથી પણ દૂર નાસી જાય છે.[1] એનું કારણ આ પ્રમાણે છેઃ સર્વ લોકોને કર્મપરિણામ મહારાજા સંસારનાટકમાં ત્યાંસુધીજ વિડંબના કરી શકે છે કે જ્યાંસુધી એ સદાગમ મહાત્મા જોરથી હુંકારો કરતા નથી; જો આ મહાત્મા એક તાડુકો જોરથી પાડે તો કર્મપરિણામ મહારાજા તેના ભયથી ડરી જઇને જેમ મોટા વિગ્રહમાં (લડાઇમાં) કાયર માણસ પોતાના પ્રાણ છોડી દે છે તેમ તે પ્રાણીઓને છોડી દે છે.[2]

---

૧ કર્મમાં પોતાનો વિપાક આપવાની અચિંત્ય શક્તિ છે તેના ઉપર જ્ઞાનથી સામ્રાજ્ય પ્રાપ્ત કરી શકાય છે અને જ્ઞાનમાં પ્રગતિ કરતાં આખરે સર્વ કર્મ પર આધિપત્ય મેળવી શકાય છે. આ હકીકત પર અહીં રૂપક છે.

૨ મતલબ એ છે કે શુદ્ધ આગમ (શાસ્ત્ર)નો સમ્યગ્ બોધ થાય છે એટલે કર્મો પોતાની મેળે છૂટી જાય છે, નાસી જાય છે, આત્મપ્રદેશથી ખરી પડે છે.

ગથી[1] પણ એ મહાત્માનાં વચનોને અનુસરે છે-આવા અનેક પ્રકારના પ્રાણીઓને જો કે કર્મપરિણામ મહારાજા કેટલાક કાળ સુધી સંસારનાટકમાં નચાવે છે-ભમાડે છે તોપણ તેઓ સદાગમને વહાલા છે એમ માનીને તેઓની પાસે નારકીનો અથવા તિર્યંચનો કે ખરાબ મનુષ્યનો અથવા અધમ દેવતાનો કે અસુરનો-એવા પાઠો ભજવાવતો નથી, પણ એવા જીવો પૈકી કોઇને 'અનુત્તરવિમાનના દેવતાઓનું રૂપ આપે છે, કોઇને ગ્રૈવેયક[3] દેવતાનું રૂપ આપે છે, કેટલાકને ઉપર રહેલા દેવલોકોમાં[4] કલ્પોપપન્ન દેવતા બનાવે છે, કેટલાકને આ પૃથ્વી નીચે આવી રહેલા કલ્પોપપન્ન મહર્દ્ધિક[5] દેવતા બનાવે છે, કેટલાકને (જ્યોતિષી) બનાવી અભૂમિ (આકાશ)માં ભૂરૂપતાને[6] દેખાડનારા કરે છે અને કેટલાકને ચક્રવર્તી અથવા મહામંડલિક વિગેરે પ્રધાન પુરુષની પદવી આપે

---

૧ અનાભોગથી: અજાણતા. સમ્યગ્ બોધ વગર માત્ર પ્રકૃતિની સરળતાથી. બોધ દૃષ્ટિમાં આગળ વધતાં આવી સ્થિતિ થાય છે અને પ્રથમની ચાર દૃષ્ટિઓ આ પ્રગતિમાર્ગ બતાવવા માટેજ નિર્દિષ્ટ થયેલી છે.

૨ બાર દેવલોકની ઉપર **પાંચ અનુત્તરવિમાન** છે. વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત અને સર્વાર્થસિદ્ધ. ત્યાં રહેલા દેવોને બહુજ સુખ હોય છે. જ્ઞાનાનંદમાં મગ્નતા અને કોઇ પણ પ્રકારની ઉપાધિનો અભાવ-આ એ ગતિના દેવોનું ખાસ લક્ષણ છે. માર્ગાનુસારી જીવોની અનુત્તરવિમાનમાં ગતિ સંભવતી નથી તેથી આ વાક્ય વિચારવા યોગ્ય છે. જો સૂક્ષ્મ બોધવાળા અને ચારિત્ર ગ્રહણ કરેલા સમ્યગ્ દૃષ્ટિ જીવો હોય તોજ આટલે સુધી ગતિ સંભવે છે.

૩ **ગ્રૈવેયક**-આ પણ એક પ્રકારના દેવો છે. ગ્રૈવેયકના નવ પ્રકાર છે. ત્યાં પણ વદન માર્ગાનુસારી જીવો જઇ શકતા નથી. સર્વચારિત્રીજ જાય છે.

૪ **દેવલોક**—દેવલોક બાર છે. મનુષ્યલોક પછી ઉપર જતાં બાર દેવલોક આવે છે. સુધર્મા દેવલોક વિગેરે તેનાં નામ છે. આ બારે દેવલોકના દેવતાઓ અને ઇંદ્રો તીર્થંકર મહારાજનાં ચ્યવન, જન્મ, દીક્ષા, કૈવલ્યપ્રાપ્તિ અને મોક્ષ અવસરે મહોત્સવ કરે છે તેથી તેઓ **કલ્પોપપન્ન** દેવો કહેવાય છે. તેઓનો **કલ્પ**-(ફરજ) એવો છે કે તેમણે મહોત્સવમાં ભાગ લેવોજ જોઇએ. ગ્રૈવેયક અને અનુત્તરવાસી સુરોને તેમ કરવાનો કલ્પ ન હોવાથી તેઓ **કલ્પાતીત** કહેવાય છે.

૫ પૃથ્વીની નીચે આવેલા કલ્પોપપન્ન દેવો તે **ભુવનપતિ** (દશ), **વ્યંતર** અને **વાણવ્યંતરો**ની જાતિના સમજવા. તેમાં પણ મહર્દ્ધિક દેવો ઘણા હોય છે મહર્દ્ધિક દેવતાઓ જેમને મોટી ઋદ્ધિ હોય છે તેઓ જો કે ઇંદ્રથી નાના ગણાય છે, પરંતુ તેઓની ઋદ્ધિ, સમૃદ્ધિ અને પરિવાર બહુ મોટા હોય છે.

૬ એટલે કેટલાકને જ્યોતિષના દેવો બનાવી જમીન પર-ભૂમિ પર ફરતા હોય તેમ ફરતા કરી મૂકે છે. ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર અને તારા એ પાંચ પ્રકારના દેવોને જ્યોતિષના દેવો કહેવામાં આવે છે.

છે. એવી રીતે જૂદાં જૂદાં પણ સારાં રૂપો અને સારા પાઠો આ
તેઓ પાસે નાટક કરાવે છે, પણ એક વાત ચોક્કસ છે કે એવા પુરુષો
સારૂં રૂપ મૂકાવી દઇને હલકા અધમ-તુચ્છ રૂપથી અથવા તેવા
રાબ પાઠો આપીને કદિ પણ તેઓ પાસે નાચ કરાવતો નથી. આ
મોટી શક્તિવાળો કર્મપરિણામ મહારાજા પણ તે મહાત્માના ભ
કંપી જાય છે એ એકજ હકીકત સદાગમનું માહાત્મ્ય સમજાવવા
પૂરતી છે.

"વળી હે [1]મૃગાક્ષિ ! તને જો કૌતુક હોય તો તે સદાગમ મ
".ત્માનું કેવું રૂપ છે તે કહી સંભળાવું છું તે બરાબર સાંભળ: પર
"થી બરાબર જોઇએ તો એજ મહાત્મા ત્રણ જ
"તના નાથ છે, ખરેખરી રીતે સર્વ ઉપર એક રા
"નાર એજ છે, જગતનું શરણ પણ એજ છે, સ
"પ્રાણીઓનો બંધુ (ભાઇ) પણ એજ છે, વિપત્તિ

સદાગમનું રૂપ.

"ઊંડા ખાડામાં પડેલાઓને એજ મહાત્મા ટેકો છે, સંસારઅટ
"(વિકટ જંગલ)માં ભૂલા પડેલાને સાચો માર્ગ બતાવનાર એજ મ
"પુરુષ છે, સર્વ [2]વ્યાધિઓની ખરી દવા કરનાર મહાન્ વૈદ્ય પણ એ
"છે, સર્વ વ્યાધિઓનો બરાબર નાશ કરનાર ઉત્તમ ઓષધ પણ એ
"છે; સર્વ વસ્તુઓને પ્રકાશ કરનાર એજ મોટો દીપક છે, પ્રમા
"(આળસ-સુસ્તી)રૂપ રાક્ષસના પંજામાંથી એકદમ છોડાવનાર એ
"મહાત્મા છે, અવિરતિરૂપ[3] મેલ અને [4]લીલને ધોઇ નાખનાર પ
"એજ છે, (મન, વચન અને કાયાના) દુષ્ટ યોગોને વારવાના કામ

---

૧ મૃગાક્ષિઃ હરણ જેવી ચપળ આંખોવાળી. સુંદર સ્ત્રી.

૨ અત્ર વ્યાધિને ભાવ વ્યાધિ સમજવા. આ સંસારમાં અજ્ઞાનને લ
સંયોગવિયોગજન્ય અનેક ઉપાધિ થાય છે. જ્ઞાનનો પ્રકાશ પડતાં બોધ
અને તેથી સ્વપરનો બરાબર ખ્યાલ આવે તે વ્યાધિને દૂર કરવાનો ખરેખરો ઉપા
છે અને એ ખ્યાલ તે સદાગમ છે તેથી એને વૈદ્યનું સ્થાન આપ્યું છે. આ
યોજના સર્વ વિશેષણોમાં કરવી.

૩ ત્યાગભાવ ન કરતાં સંસારમાં રાચી રહેવું તેને અવિરતિ ભાવ ક
વામાં આવે છે તે પ્રાયે અજ્ઞાનજન્ય હોય છે, મિથ્યાત્વમાં એ ભાવ વિ
વર્તતો હોય છે.

૪ મેલ-કચરો અને લીલ (પાણી ઉપર દેખાતી સેવાળ)ને ધોઇ નાખના
સાફ કરનાર પાણીનું કામ સદાગમ કરે છે. અહીં અવિરતિરૂપ લીલ અને કચ
છે એમ સમજવું.

"તેજ ખરેખરો ઉદ્યમ કરે છે, શબ્દ વિગેરે પાંચ[1] તોફાની ચોરો જ્યારે "આ પ્રાણીનું ધર્મધન લુંટવા મંડી જાય છે ત્યારે તે ચોરના પંજામાંથી "મુકાવનાર એજ મહાત્મા છે અને તેના જેવું છોડાવવાનું કામ કરનાર "બીજો કોઇ જોવામાં આવતો નથી, મહા ઘોર ભયંકર નરકનાં દુઃખ-"માંથી બચાવી લેનાર અને ત્યાં ગયેલાનો પણ ઉદ્ધાર કરનાર તે મ-"હાત્મા છે અને પ્રાણીઓને જનાવરપણાનાં (તિર્યંચ ગતિનાં) દુઃખથી "બચાવનાર પણ એજ મહાત્મા છે, તુચ્છ અધમ મનુષ્યપણામાં[2] પ્રાપ્ત "થતાં અનેક દુઃખોનો વિચ્છેદ કરાવનાર પણ એજ મહાત્મા છે અને "અધમ અસુરપણામાં મનમાં નિરંતર થતા અનેક સંતાપોથી દૂર "રાખનાર પણ એજ મહાત્મા છે; [3]અજ્ઞાન વૃક્ષનો નાશ કરવા માટે "તેજ મહાત્મા કુહાર જેવા છે; એ નિદ્રાને[4] નસાડી મુકનાર અને પ્રાણી-"ને જાગ્રત કરનાર છે; [5]સ્વાભાવિક આનંદનું ખરેખરૂં કારણ એજ છે "એમ લોકોમાં કહેવાય છે અને સુખદુઃખના અનુભવથી થતી મિથ્યા "બુદ્ધિને કાપી નાખનાર પણ તેજ મહાત્મા છે; [6]એ મહાત્મા ક્રોધ "અગ્નિને બુઝવવા માટે જળ સમાન છે, મહામાનરૂપ મોટા પર્વતને "કાપી નાખવા માટે વજ્ર[7] સમાન છે, મહામાયારૂપ મોટી વાઘણનો

---

૧ પાંચ તોફાની ચોરો તે શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ સમજવા.

૨ ભિખારી, દરિદ્રી, રોગી, અંધ, બહેરા વિગેરે અધમ મનુષ્યની પંક્તિમાં આવે છે.

૩ પ્રથમ જ્ઞાનાવરણીય કર્મ જેનું કામ જ્ઞાનની આડા આચ્છાદન કરવાનું છે તેના નાશથી આ સ્થિતિ પ્રાપ્ત થાય છે.

૪ નિદ્રા પર સત્તા બીજા દર્શનાવરણીય કર્મ પર અંકુશ આવવાથી પ્રાપ્ત થાય છે. એ કર્મ દર્શનને રોકે છે અને નિદ્રાને લાવે છે.

૫ સ્વાભાવિક આનંદ આત્મપરિણતિની રમણતામાં છે. દુનિયામાં જે ગાડી વાડી લાડી વિગેરેના સસબંધી આનંદ મનાય છે તે પૌદ્ગલિક છે, અસ્થિર છે, અસ્વાભાવિક છે, નિરંતર રહેનાર ન હોવાથી ખોટા છે. સ્વાભાવિક આનંદ જ્ઞાન વગર થતો નથી અને આત્માની એવી શાંત દશા વેદનીય કર્મના ક્ષયથી થાય છે. આઠ કર્મમાં આ ત્રીજું કર્મ છે.

૬ હવે જે વિશેષણો આવે છે તે ચોથા મોહનીય કર્મના નાશથી પ્રાપ્ત થાય છે. ક્રોધ, માન, માયા, લોભ, હાસ્ય, રતિ, અરતિ, શોક, ભય, દુગંછા, વેદ અને મિથ્યાત્વ એ સર્વ મોહના આવિર્ભાવો છે. પ્રથમ ચાર કષાય છે (ક્રોધાદિ).

૭ ઇંદ્રનું વજ્ર બહુ નાનું હોય છે, પણ શક્તિ એટલી હોય છે કે પર્વત પર પડતા તેના ચૂરેચૂરા કરી નાખે છે.

"નાશ કરવા માટે [1]શરભ (અષ્ટાપદ) સમાન છે અને મોટા લો
"રૂપ મેઘનું શોષણ કરવાને પવન સમાન છે; એ મહાપુરુષ હાસ્
"વિકારને શમાવવાની મોટી શક્તિ ધરાવનારા છે અને મોહનીય કર્મ
"ઉદયથી થતી [2]રતિનો સારી રીતે નાશ કરે છે, અરતિથી પીડા પામ
"પ્રાણીઓને તે મહાત્મા અમૃત જેવા લાગે છે અને કોઇ પ્રાણી ભય
"પીડા પામતો હોય, ગભરાઇ ગયો હોય તેનું સારી રીતે રક્ષણ ક
"વાને એ શક્તિવાન્ છે, શોકથી હિંમત હારી ગયેલા પ્રાણીને ખરેખ
"સાચો દિલાસો એ મહાત્મા આપે છે અને પ્રાણીઓને જુગુપ્સા
"વિગેરે વિકારો થાય તેને તે સંપૂર્ણપણે શાંતિ પમાડે છે; [4]કામ પિ
"શાચને લાત મારીને હાંકી કાઢવાને તેજ મહાપુરુષ સમર્થ છે અ
"મિથ્યાત્વરૂપ અંધકારને કાપી નાખનાર તે (સદાગમ) પ્રચંડ પ્રતાપ
"વાળો સૂર્ય છે; [5]ચાર પ્રકારનાં જીવિત (આયુ)નો સર્વથા છેદ કરાવવા
"કારણ તેજ મહાપુરુષ છે, કારણ કે જ્યાં આગળ જન્મ મરણ ન હો
"તેવા શિવાલયમાં એ પ્રાણીઓને લઇ જાય છે; સારી અથવા ખરાબ
"નામ કર્મની અનેક પ્રકૃતિઓને લઇને પ્રાણીઓને આ સંસારમાં અને
"પ્રકારની પીડાઓ થાય છે તે સર્વને આ મહાત્મા અશરીરી[7] સ્થા

---

૧ **શરભઃ** અષ્ટાપદ પક્ષી.

૨ **રતિઃ** વિષયમાં પ્રીતિ.

૩ **જુગુપ્સાઃ** ખાસ દષ્ટિને ન ગમે તેવી વસ્તુ તરફ તિરસ્કાર બતાવવો, ના મરડવું તે.

૪ **નવ નોકષાય** છે તેનું અત્ર વર્ણન ચાલે છે. હાસ્ય (મશ્કરી, ઠઠ્ઠા), રતિ (પ્રેમ), અરતિ (ખેદ), શોક, ભય અને જુગુપ્સા અને સ્ત્રીવેદ (પુરુષ ભો ગવવાની ઇચ્છા), પુરુષવેદ અને નપુંસકવેદ (સ્ત્રી પુરુષ બન્નેને ભોગવવાની ઇચ્છા

૫ દેવતા, મનુષ્ય, તિર્યંચ અને નારકી એ ચાર ગતિમાં જન્મ મરણનાં દુઃ હોય છે. એના નાશથી પ્રાણી મોક્ષે જાય છે. આ ગુણ પાંચમા **આયુષ્ય** કર્મ ક્ષયથી પ્રાપ્ત થાય છે.

૬ છઠ્ઠા **નામ કર્મ**ના ઉદયથી પ્રાણીને શરીર, સંસ્થાન, સંઘયણ, સ્વર, આદિને લઇને અનેક સારાં અને ખરાબ નામો મળે છે. અહીં ખાસ સમજવા જેવું એ છે કે સારાં નામને પણ સોનાની બેડી પેઠે નહિ ઇચ્છવા યોગ્ય ગણ વામાં આવે છે. શુભ કર્મ પણ જરૂર ભોગવવાં પડે છે અને ભોગ વખતે નવી કર્મબંધ કરાવે છે તેથી તેનો પણ ત્યાગ કરવો યોગ્ય છે.

૭ અનંગસ્થાનઃ જે સ્થાનમાં અંગ-શરીર નથી, માત્ર આત્મા એકલોજ તે **મોક્ષના** નામથી જણાવતું અશરીરી સ્થાન છે. તેને અપાવનાર મહાત્મા સદાગમ છે.

"પ્રાપ્ત કરાવીને સર્વથા છેદી નાખે છે; પોતાના ભક્ત જનોને અક્ષય "અને અવ્યય સર્વોત્તમપણું પ્રાપ્ત કરાવીને ઊંચા નીચા ગોત્રવડે[1] થતી "પીડાઓને તેજ મહાત્મા કાપી નાખે છે; એજ મહાત્મા [2]દાન લાભ "વિગેરે અનેક શક્તિ આપવાનું કારણ છે અને તેજ મહાત્મા મહાવીર્ય "(શક્તિ)નો યોગ કરી આપવાના કારણભૂત છે. જે અધમ અને "ભાગ્યહીન પુરુષો બહુ પાપી હોય છે તેઓને આ સદાગમ મહાત્માના "નામ માટે પણ ઘણું માન હોતું નથી અને તેવા પ્રાણીઓને ઉપર "જણાવવામાં આવી છે તે સર્વે કદર્થનાઓ કર્મપરિણામ રાજા કરે છે "અને તે પ્રાણીઓ પાસે સંસારનાટક ભજવાવે છે. જે પ્રાણીઓનું "થોડા વખતમાં કલ્યાણ થવાનું હોય છે તેવા પુણ્યશાળી ઉત્તમ પુરુષો "બહુ આદરપૂર્વક સદાગમનું કહેલું માન્ય કરે છે અને તેના હુકમને "તાબે રહે છે, તેથી તેઓ અનેક પ્રકારની પીડા આપનાર કર્મપરિ-"ણામ રાજાની જરા પણ દરકાર નહિ કરતાં તેનું અપમાન કરી સંસાર-"નાટકથી મુક્ત થઇ નિર્વૃત્તિ નગરીમાં જાય છે અને ત્યાં લહેર કરે છે. "કદિ તેઓ આ કર્મપરિણામ મહારાજાના [3]તાબાના પ્રદેશમાં રહે તો-"પણ કોઇ પણ પ્રકારની ચિંતા રહિત થઇને સદાગમની કૃપાથી કર્મ-"પરિણામ રાજાને તૃણ જેવો તુચ્છ ગણે છે અને તેની લગાર માત્ર "પણ દરકાર કરતા નથી. આ સંબંધમાં વધારે શું વર્ણન કરવું? આ "દુનિયામાં કે અન્યત્ર એવી કોઇ પણ સુંદર વસ્તુ નથી કે જે આ સ-"દાગમ મહાત્મામાં ભક્તિવાળા પ્રાણીઓને પ્રાપ્ત થઇ શકે તેમ ન "હોય. આવી રીતે હે સખિ! મેં તારી પાસે એ સદાગમ મહાત્માનું "સંક્ષેપમાં સાધારણ રીતે વર્ણન કરી બતાવ્યું, બાકી વિશેષ પ્રકારે "સર્વથા તો તેઓના ગુણોનું વર્ણન કરવાને કોઇ સમર્થ થાય તેમ નથી."

પ્રજ્ઞાવિશાલાએ કહેલી આ લંબાણ હકીકત સાંભળી ત્યારે અ-

---

[1] સાતમા ગોત્ર કર્મના ઉદયથી પ્રાણી હલકો કે ઊંચો કહેવાય છે, એ કર્મના નાશથી ઉક્ત વિશેષણ પ્રાપ્ત થાય છે. અક્ષય=જેનો ક્ષય થતો નથી. અવ્યય=જેમાં કાંઇ ઘટાડો નથી

[2] આઠમા અંતરાય કર્મના ક્ષયથી દાન લાભ ભોગ ઉપભોગ અને વીર્ય પર જે અંતરાયઆવરણ પડેલ હોય છે તેનો નાશ થતાં આત્માની અનંત શક્તિ પ્રગટ થાય છે.

[3] સદાગમ પ્રાપ્ત થયા પછી અને મોક્ષ જવા પહેલાં કેટલોક કાળ આ સંસારમાં પ્રાણી રહે તે વખતે પણ કર્મો તેને વિડંબના કરી શકતા નથી અને કદાચ પૂર્વનાં રહી ગયા હોય અને કાંઇ ઉપાધિ કરે તો તેની અસર થતી નથી કર્મના ઉદય વખતે તેની સામે જોરથી ઊભા રહેવાની શક્તિ પ્રાપ્ત થાય છે

સદાગમ પાસે જવાની વિજ્ઞપ્તિ.

ગૃહીતસંકેતાને બહુ આશ્ચર્ય થયું, ઘણી નવાઇ લાગી અને મનમાં સંદેહો થવાથી વિચાર કરવા લાગી કે આ મારી સખીએ જેવા ગુણોનું વર્ણન કર્યું તેવા ગુણો તેનામાં ખરેખર હોય તો તેના જેવો તો બીજો કોઇ પ્રાણી મારા જોવામાં આવ્યો નથી, માટે હું જાતે જોઇને ખાતરી કરૂં. **બીજાના કહેવાથી સાંભળેલી** વાતોમાં **પૂરેપૂરો સંદેહ ટળી શકતો નથી.** આ પ્રમાણે વિચાર કરીને અગૃહીતસંકેતા બોલી-"મારી અત્યાર સુધી તો ખાતરી હતી કે મારી સખી (તું) સત્ય બોલનારી છે, પરંતુ અત્યારે તું સદાગમના ગુણનું વર્ણન એવા પ્રકારે કરે છે કે જે તદ્દન અસંભવિત હોય: તે સાંભળીને મને એમ લાગે છે કે તું પણ મોઢે ચોકડા વગર જેમ આવે તેમ બહુ બોલકી છો. મને એવો પણ વિચાર થાય છે કે તને તેનો વિશેષ પરિચય છે તેથી તેના પરના પ્રેમને લઇને તેને માટે તું આટલું બધું બોલે છે. નહિ તો વળી શું કર્મપરિણામ મહારાજા કોઇથી કદિ બીતા હશે? અને વળી શું એક પ્રાણીમાં એટલા બધા ગુણો એક સાથે એક જગોએ હોવાની વાત પણ બનવા જોગ હોય ખરી? પણ મને ચોક્કસ ખાતરી છે કે મારી વહાલી સખી મને કોઇ દિવસ પણ છેતરતી નથી. આ પ્રમાણે હોવાથી સંદેહ પર ચઢેલું મારૂં મન હીંચોળા ખાય છે અને તેમાં અનેક પ્રકારે ડોળાણ થયા કરે છે તેથી મને એમ લાગે છે કે તારા એ આત્મપરિચિત પુરુષનાં મને વિશેષ પ્રકારે દર્શન કરાવવાની જરૂર છે."

પ્રજ્ઞાવિશાલા-"આ તારો વિચાર મને પણ બહુ પસંદ આવે છે. મારા હૃદયમાં વાસ કરી રહેલ એ ભગવાન્ સદાગમને તારે પણ જોવા જોઇએ અને તે માટે તેમની પાસે જવું જોઇએ. ચાલો ત્યારે આપણે ત્યાં જઇએ."





પ્રકરણ ૬ ઠું.

સંસારીજીવ તસ્કર.



આગલા પ્રકરણમાં વાર્તા કરી તેને પરિણામે બન્ને બહેનપણીઓ અગૃહીતસંકેતા અને પ્રજ્ઞાવિશાલા સદાગમ પાસે જવા ચાલી. મોટા મોટા વિજયરૂપ[1] અનેક દુકાનોની પંક્તિ (હાર)થી શોભી રહેલી અને અનેક મહાત્મા પુરુષોથી ખીચોખીચ ભરેલી મહાવિદેહરૂપ ત્યાં બજાર[2] હતી. તે બજારમાં એ ગઇ અને એ બજારમાં રહેલ, અનેક મહાત્મા પુરુષોથી પરિવેષ્ટિત (જેની આજુબાજુ આવી રહેલા છે તેવા) અને થયેલા થતા તેમજ થનારા સર્વ ભાવોનું વર્ણન કરતા ભગવાન્ સદાગમને તેમણે ત્યાં જોયા. તેઓશ્રીની નજદીક બન્ને સખીઓ ગઇ, તે મહાત્માને નમસ્કાર કર્યા અને તેની નજીકમાં બન્ને બેઠી. તેની આકૃતિ જોવા માત્રથીજ અને તેની સામી વારંવાર બહુમાનપૂર્વક નજર કરવાને લીધે અગૃહીતસંકેતાના મનમાં જે સંશય ઉત્પન્ન થયો હતો તે તો ચાલ્યોજ ગયો, તેના આનંદમાં ઘણો વધારો થઇ ગયો, તેના ચિત્તમાં એ મહાત્મા પુરુષને માટે વિશ્વાસ ઉત્પન્ન થયો અને તેનાં દર્શનથી પોતાનો આત્મા કૃતાર્થ થયો છે એમ તે અંતઃકરણપૂર્વક માનવા લાગી. પછી તેણે પ્રજ્ઞાવિશાલાને ઉદ્દેશીને કહ્યું "અહો ભાગ્યશાળી! તને ખરેખર ધન્ય છે! તારૂં જીવતર ઘણું શ્રેષ્ઠ છે કે જેને આવા મહાત્મા પુરુષ સાથે પરિચય થયો છે. અત્યાર સુધી મેં તો પાપને પણ ધોઇ નાખે તેવા આ મહાત્મા પુરુષનાં દર્શન પણ કર્યાં નહોતાં

મહાવિદેહમાં સદાગમ.

---

૧ મહાવિદેહ ખંડના બત્રીશ વિજય છે-વિભાગ છે. એ દરેકને દુકાનનું રૂપક આપ્યું છે.

૨ મહાવિદેહ ક્ષેત્ર આખાને બજારનું રૂપક આપ્યું છે. આ બજારમાં વિજયરૂપ દુકાનો છે. ત્યાંથી પ્રાણી પાપ પુણ્યરૂપ કરિયાણાં ખરીદ કરે છે. ભરત ક્ષેત્રને બદલે મહાવિદેહ ક્ષેત્રનું રૂપક કરવાનું કારણ એ જણાય છે કે ત્યાં નિરંતર ચોથા આરાના ભાવો વર્તે છે, તે બજાર કદિ બંધ થતી નથી અને તીર્થંકર મહારાજ સદાગમ નિરંતર બતાવ્યા કરે છે.

તેથી ખરેખર હું કમનશીબ હતી અને છેતરાયલી હતી. હીનભાગી પ્રા-
ણીઓ આ સદાગમ મહાત્માને પ્રાપ્ત કરી શકતા નથી, કારણ કે [1]લ-
ક્ષણ વગરના મનુષ્યને ચિંતામણિ[2] રત્ન મળતું નથી. આ મહાભા-
ગ્યશાળી મહાત્મા સદાગમનાં દર્શન તારી કૃપાથી આજે હું પામી તેથી
મારાં સર્વ પાપો ધોવાઇ ગયાં છે અને હું પવિત્ર થઇ છું. અહો કમ-
લાક્ષિ! તેં આ મહાત્માના જે અનેક ગુણોનું મારી પાસે વર્ણન કર્યું
હતું તે સર્વ તેનામાં છેજ એમ તેનાં દર્શન માત્રથી મારા મનમાં
નિશ્ચય થઇ ગયો છે. આ મહાપુરુષનું વિશેષ ગુણગૌરવ તો હું
હજુ જાણતી નથી તોપણ મને એટલું તો લાગે છે કે એમની જેવો
બીજો કોઇ પણ પુરુષ આ દુનિયામાં છેજ નહિ. એમનામાં એટલા
બધા ગુણો હશે એવો મને અગાઉ સંશય થયો હતો તે પણ અત્યારે
તેઓનાં દર્શનથી એકદમ નાશ પામી ગયો છે. તું બડી પક્કી છે અને
ખરેખર તને મારા ઉપર સાચેસાચો સદ્ભાવજ નથી, કારણ કે આજ
સુધી મને તેં આ મહાત્મા પુરુષનાં કદિ દર્શન પણ કરાવ્યાં નહિ, પણ
બ્હેન! હવેથી તો મારે તારી સાથે આવીને આ ઉત્તમ પુરુષની દર-
રોજ સેવા કરવી એવો વિચાર મારો થયો છે. તું તો અહીં બહુ
વખત આવેલી છે તેથી આ મહાત્મામાં કયા કયા ગુણો છે, તેમનું ખરું
સ્વરૂપ શું છે, તેઓના આચાર કેવા છે અને તેઓનું અંતઃકરણપૂર્વક
કેવી વિધિએ આરાધન થાય છે એ સર્વ સારી રીતે જાણે છે, પણ
હે મિતભાષિણી[3]! તારે તે સર્વ મને પણ સમજાવવું પડશે, જેથી
તેઓશ્રીની આરાધના કરીને હું પણ તારા જેવી થાઉં."

પ્રજ્ઞાવિશાલા—"બહુ સારૂં, બહુ સારૂં! વહાલી સખિ! જો તું
એ પ્રમાણે કરીશ તો મારી મહેનત પણ સફળ થશે. અહો સુંદર
લોચનવાળી! ધન્ય છે તારા વિશેષ જ્ઞાનને અને વચનકૌશલ્યને! કોઇ
કોઇએ તારા ઉપર ગુણ કર્યો હોય તેને ઓળખવાની ટેવ (કૃતજ્ઞતા)
તારામાં ખરેખર વખાણવા લાયક છે. એ મહાત્માને લગતા સંકેતો[4]
તું જાણતી નહિ હોવાથી આ સદાગમને તું ઓળખતી નહોતી, પરંતુ

---

૧ ભાગ્યવાન્ પુરુષનાં બત્રીશ લક્ષણો નીતિશાસ્ત્રમાં પ્રસિદ્ધ છે.

૨ **ચિંતામણિ** રત્નનો પ્રભાવ એવો હોય છે કે તે સર્વ મનવાંછિત વસ્તુઓ
આપે છે. અત્ર ધર્મજ્ઞાનરૂપ ચિંતામણિ રત્ન પર શ્લેષ સમજવો.

૩ **મિતભાષિણી:** બહુ થોડું-જરૂર પૂરતું બોલનારી.

૪ **સંકેત:** ખબર, હકીકત. આ કારણને લઇનેજ તેનું નામ **અગૃહીતસંકેતા**
રાખવામાં આવ્યું છે.

હવે વાસ્તવિક રીતે એ બાબતમાં તારી યોગ્યતા થયેલી જણાય છે. આવી રીતે જો તું દરરોજ મારી સાથે વિચારણા[1] કરીશ તો અત્યારે તો જો કે તું પરમાર્થને જાણતી નથી, પણ ધીમે ધીમે સર્વ વસ્તુની અંદર રહેલા તત્ત્વને બરાબર જાણનાર થઇ જઇશ.” આ પ્રમાણે વાતો કરતાં તે બન્ને સખીઓને ઘણું આનંદ થયો. પછી તેઓ સદાગમ મહાત્માને નમસ્કાર કરીને તે દિવસે તો પોતપોતાને સ્થાનકે ગઇ, પરંતુ પછીથી તે બન્ને સખીઓ દરરોજ સદાગમ પાસે આવવા લાગી, તે મહાત્માની સેવા કરવા લાગી અને તેમના દિવસો આનંદથી પસાર થવા લાગ્યા.

રાજપુત્ર સંબંધી નિર્ણય.

પ્રજ્ઞાવિશાલાને ધાવમાતાસ્થાન.

તે મહાત્મા અને બુદ્ધિમાન્ સદાગમે એક દિવસ વિશાળ નજર પહોંચાડનાર પ્રજ્ઞાવિશાલાને ઉદ્દેશીને કહ્યું “પેલો રાજપુત્ર (ભવ્યપુરુષ–સુમતિ) જે સર્વ ગુણ ધારણ કરનારો થવાનો છે તેને [2]નાનપણથી તારે તારા સ્નેહમાં જોડી દેવાની જરૂર છે, તેથી હે ભદ્રે! તું રાજકુળમાં જા, ત્યાં તારો પરિચય વધાર અને કાળપરિણતિ મહારાણી જે રાજપુત્રની માતા થાય છે તેનું મન હરણ કરીને ગમે તે પ્રકારે તું તે રાજપુત્રની ધાવમાતા થા. તારામાં જો આ બાળકને વિશ્વાસ આવશે તો પછી તે સુખમાં ઉછરશે તોપણ મારે વશ રહેશે. એટલે પછી એવા સુપાત્રમાં મારૂં નિઃશેષ જ્ઞાન ક્ષેપવીને હું પણ કૃતકૃત્ય થઇશ.”

સદાગમની આ પ્રમાણે આજ્ઞા થતાં પ્રજ્ઞાવિશાલાએ ‘જેવો મહારાજશ્રીનો હુકમ’ એમ કહી, મસ્તક નમાવી, તે મહાત્માનાં વચનોમાં આદર લાવીને તેમણે જે પ્રમાણે કહ્યું હતું તે પ્રમાણે કર્યું. એટલે પ્રજ્ઞાવિશાલા રાજપુત્રની ધાવમાતા થઇ. હવે તે ધાવમાતાનું

---

1 વિશાળ બુદ્ધિના માણસો સાથે વિચાર કરવાથી અને તેઓના સંબંધમાં આવવાથી શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત થાય છે અને તેમ ન થાય તો સંકેત પામી શકાતો નથી.

2 **નાનપણમાં સારા અભ્યાસની કેટલી જરૂર છે** તે અત્ર વિચારવા યોગ્ય છે, નાનપણમાં છોકરાને ગમે તેટલા લાડ લડાવવામાં આવે પણ તેની બુદ્ધિનો વિકાસ કેવી રીતે થાય તેનો સાથેજ વિચાર કરવાની ખાસ જરૂર છે. બાલ્યકાળથી પ્રજ્ઞાવિશાલાને જોડવાની જરૂર અહીં ઉચિત રીતે બતાવી છે. અહીં ‘બાલ્ય’ શબ્દ શ્લેષ છે. ઉમરે ઘણા વધી ગયેલા પણ ધર્મજ્ઞાનમાં ‘બાલ્ય’ ભાવ ધારણ કરનારા ઘણા હોય છે તે ધ્યાનમાં રાખવું.

કામ કરે છે અને સ્વર્ગમાં રહેલા દેવોની પેઠે સુખને અનુભવતો ઉછરે છે. અનુક્રમે તે રાજપુત્ર વૃદ્ધિ પામતો ગયો અને પેઠે સર્વ લોકોને આનંદ આપનાર થયો. અગાઉ સદાગમે તેના ગુણોનું વર્ણન કર્યું હતું તે સર્વ ગુણો તે બાળકઅવસ્થામાં હતો રથીજ તેનામાં પ્રગટપણે દેખાવા લાગ્યા.

સુમતિની ગુણવિચારણા.

એક દિવસ સદાગમની સાથે તેનો પરિચય કરાવવાના હેતુ પ્રજ્ઞાવિશાલા તે રાજપુત્રને સદાગમની પાસે લઇ ભાવિભદ્ર (જેનું ભવિષ્યમાં સારૂં કલ્યાણ થવાનું તેવો) કુમાર જે જાતે મહા પુણ્યશાળી જીવ છે તે મહાત્મા સદાગમને જોતાંજ ઘણો હર્ષ થયો. અંત રણની ભક્તિપૂર્વક સદાગમને નમસ્કાર કરીને રાજકુમાર મહાત્મ નજીક બેઠો અને અમૃત જેવાં મનોહર વાક્ય તેઓશ્રી બોલતા હતા તે બહુ ધ્યાન રાખીને હોંશથી સાંભળવા લાગ્યો. ચંદ્રકિરણ નિર્મળ ગુણોથી રાજપુત્રનું મન મહાત્મા સદાગમ તરફ જીતાઇ અને તેને પરિણામે તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો-'અહો શું એમનાં વાક્યોની મીઠાશ છે! એઓશ્રીનું રૂપ કેવું અદ્વિતીય સુંદ છે! તેઓના ગુણો કેવા આકર્ષણીય છે! આવા મહાત્મા પુરુષનાં મા દર્શન થયાં તેથી ખરેખર હું ભાગ્યશાળી છું! આ મનુજગતિ નગ કે જેમાં આ સદાગમ જેવા મહાત્મા વસે છે તે નગરી પણ ખરે ખર ભાગ્યશાળી છે! આ બુદ્ધિમાન્ મહાત્માનાં દર્શન કરીને મા તો પાપો આજેજ ધોવાઇ ગયાં હોય એમ મને લાગે છે. ખરેખ સદાગમ ભગવાન્ થયેલા, થતા અને થનારા સર્વ ભાવોનું નિરૂપણ સારી રીતે-ભાવપૂર્વક કરે છે, તેથી જો આ મહાત્મા મારા ઉપાધ્યા થાય તો તેઓની પાસે જે સર્વ કળાઓ છે તે હું ગ્રહણ કરૂં.' તે

સદાગમને ઉપાધ્યાયસ્થાન.

મનમાં આવી રીતે જે વિચારો આવ્યા તે તેણે પ્રજ્ઞા વિશાલાને જણાવ્યા અને તેણીએ જઇને તે હકીક રાજપુત્રના માબાપને જણાવી. તેઓને પણ આ હકીકત સાંભળીને આનંદ થયો. તેઓએ ત્યારપ એક સારે દિવસે મોટા ઉત્સવપૂર્વક પોતાના પુત્રને ગુરુ મહારાજ અર્પણ કર્યો અને પ્રસંગને યોગ્ય સદાગમની પૂજા કરીને અને કૌતુ પૂર્વક તેનો સત્કાર કરીને સુમતિને શિષ્ય તરીકે ગુરુ મહારાજ સોંપી આપ્યો. તે ધીર કુમારે તે વખતે શ્વેત વસ્ત્રો પહેર્યાં, શ્વેત સુધી ભૂષિત થયો, શ્વેત ફુલોના સમૂહથી તે ભરાઇ ગયો અને શ્વે

ચંદનથી તેના શરીર પર વિલેપન કરવામાં આવ્યું.[1] હવે તે રાજકુમાર ઉપાધ્યાયની પાસે મહા આનંદ-પ્રમોદ ઉપજાવે તેવા વિનયથી નમ્ર થઈને રહે છે. તેનો હેતુ કળાઓનો અભ્યાસ કરવાનો છે અને સદાગમની ઇચ્છા પણ તેને કળા શીખવવાની છે. પછી રાજકુમાર દરરોજ પ્રજ્ઞાવિશાલાની સાથે ગુરુ મહારાજ પાસે વિદ્યા ભણવાની જિજ્ઞાસાથી આવવા લાગ્યો.

સંસારીજીવ.

એક દિવસ બજારમાં સદાગમ મહાત્મા આનંદથી બેઠા છે, તેની બાજુમાં પ્રજ્ઞાવિશાલા સાથે રાજકુંવર પણ બેઠેલ છે, સદાગમની ફરતા બીજા અનેક માણસો બેઠેલા છે, તેઓની પાસે તે મહાત્મા અનેક બાબતો સંબંધી વાર્તાલાપ કરી રહ્યા છે, તે વખતે અગૃહીતસંકેતા પણ પોતાની સખી પ્રજ્ઞાવિશાલા પાસે આવી મહાત્માને નમસ્કાર કરીને શુદ્ધ જમીન જોઇને બેઠી. તેણે પોતાની વહાલી સખીને કુશળ સમાચાર પૂછ્યા, રાજપુત્રને સન્માન આપ્યું અને સદાગમ સન્મુખ આંખો સ્થિર કરીને બેઠી.

કોલાહલ અને ચોર.

હવે તે વખતે એકાએક એક દિશામાંથી કોલાહલ ઉઠ્યો. તે દિશા તરફથી કઠોર અને અસ્તવ્યસ્ત ઢોલનો અવાજ સંભળાયો, તોફાની બાળકોએ કરેલો [2]અટ્ટહાસનો અવાજ પણ એજ દિશામાંથી આવવા લાગ્યો. આવા વિચિત્ર અવાજને લીધે આખી સભાની નજર તે દિશા તરફ ખેંચાણી. તે વખતે તેઓએ પોતાની બહુ નજીકમાં એક સંસારીજીવ નામનો ચોર જોયો અને તેના કારણુથીજ મોટો કલકલ અવાજ ઉઠ્યો હતો એમ જણાયું. એ ચોરના આખે શરીરે રક્ષા (રાખ) ચોપડવામાં આવી હતી, તેની ચામડી પર ગેરૂના હાથા પાડવામાં આવ્યા હતા, ઘાસની રક્ષાના આખે શરીરે કાળા ચાંદલા કરવામાં આવ્યા હતા, ગળામાં કણેરના ફૂલની માળા પહેરાવવામાં આવી હતી, છાતી પર રામપાત્ર (કોડિયા)ની માળા પહેરાવવામાં આવી હતી, જુની ફુટેલી ઠીબનુ મસ્તક પર છત્ર ધરવામાં આવ્યું હતું ગળાની એક બાજુએ ચોરીનો માલ લટકાવવામાં આવ્યો હતો તેને ગધેડા ઉપર સ્વારી કરાવી હતી, તેની ચારે બાજુએ રાજપુરુષો

૧ રાજકુમારે ચેતાવર મુનિપણું ગ્રહણ કર્યું એવો ભાવાર્થ સમજવો.

૨ અટ્ટહાસ: મોટું ઉદ્ધત હસવું તે.

ફેરી વળેલા હતા, લોકો તેની નિંદા કરી રહ્યા હતા, તેનું આખું શરીર ધ્રુજતું હતું, આંખો ચકળવકળ થતી હતી, ભયથી છાતી ધડકતી હતી અને દશે દિશાઓમાં આમતેમ અસ્થિરપણે તે જોયા કરતો હતો.

ચોરે લીધેલો સદાગમઆશ્રય.

આવો બનાવ જોઇને પ્રજ્ઞાવિશાલાને બહુ દયા આવી. તેણે મનમાં વિચાર કર્યો કે મહાત્મા સદાગમ સિવાય બીજું કોઇ પણ આ બાપડાની રક્ષા કરી શકે એમ લાગતું નથી. આ પ્રમાણે વિચાર કરીને પ્રજ્ઞાવિશાલા પેલા સંસારીજીવ ચોર પાસે ગઇ, અને એને સમજાવીને મહા પ્રયત્ને તેણે એ ચોરને સદાગમનાં દર્શન કરાવ્યાં અને કહ્યું 'ભદ્ર! તું આ મહાપુરુષનું શરણ લે.' તે ચોર પણ જેવો સદાગમની નજીક આવ્યો તેવોજ જાણે તેનામાં અપૂર્વ વિશ્વાસ આવી ગયો હોય નહિ તેવી ચેષ્ટા કરવા લાગ્યો અને તેવા પ્રકારના વિચારો કરતા લાગ્યો. તે વખતે કોઇ અપૂર્વ અવર્ણનીય અવસ્થાનો તે અનુભવ કરતા લાગ્યો. પછી સર્વ લોકો હજુ તો તેની સામી નજર કરી રહ્યા છે તેવામાં તો તે પોતાની આંખો મીંચી દઇને જમીન પર પડી ગયો. એવી રીતે જમીન પર પડ્યા પછી કેટલોક કાળ તો તે હાલ્યા ચાલ્યા વગર તદ્દન નિશ્ચળ પડી રહ્યો. આ ચોરને એકાએક શું થયું હશે? એવા વિચારથી નગરના લોકો જે તેની પછવાડે આવ્યા હતા તે આશ્ચર્ય પામવા લાગ્યા. ત્યારપછી ધીમે ધીમે તે ચોરને ચેતના પ્રાપ્ત થઇ અને જરા સાવધ થયો. પછી તેણે ઉઠીને સદાગમને ઉદ્દેશીને મોટા સ્વરથી પોકાર કર્યો, 'હે નાથ! મારૂં રક્ષણ કરો, રક્ષણ કરો.' તેના આવા શબ્દો સાંભળીને 'તું ભય રાખ નહિ, તને અભય હો, અભય હો!' એ પ્રમાણે બોલીને સદાગમે તેને આશ્વાસન આપ્યું. ત્યારપછી એ સદાગમ મહાત્માના શરણમાં આવ્યો. સદાગમ મહાત્માએ એ પુરુષનો સ્વીકાર પણ કરી લીધો. રાજાના સેવકો જેઓ સદાગમ મહાત્માનો મહિમા કેટલો મોટો છે અને તેમનામાં કેવી અદ્ભુત શક્તિ છે તે જાણતા હતા તેઓ મનમાં સમજી ગયા કે હવે આ પુરુષ આપણા રાજાની સત્તામાં રહ્યો નથી તેથી તેઓ વિચાર કરીને આખા શરીરે ધ્રુજતા ધ્રુજતા એકેક ડગલું પાછું ભરતા બહાર નીકળી ગયા અને દૂર પ્રદેશમાં જઇને બેઠા. તેઓ સમજી ગયા કે જ્યાંસુધી એ ચોરનો સદાગમ સ્વીકાર કરશે ત્યાંસુધી પોતાનું કે પોતાના રાજાનું કાંઇ ચાલવાનું નથી; આથી રાહ જોતા તેઓ જરા દૂર જઇને બેઠા. સંસારીજીવને પણ આથી જરાક શાંતિ પ્રાપ્ત થઇ.

હવે અગૃહીતસંકેતાએ સંસારીજીવને પૂછયું "ભદ્ર! તેં શું ગુન્હો કર્યો હતો કે જેથી આ જમ જેવા રાજપુરુષોએ તને પકડ્યો હતો?"

ચોરનો અહેવાલ.

અગૃહીતસંકેતાનો આવો પ્રશ્ન સાંભળીને સંસારીજીવે જવાબ આપ્યો "આપ એ બાબત પૂછવું જવા દો, એ બાબતમાં કાંઇ માલ નથી, એ હકીકત ખાસ કહેવા લાયક નથી. મહાત્મા સદાગમ એ આખો બનાવ અને સર્વ હકીકત સારી રીતે જાણે છે એટલે એ કહેવાની જરૂર પણ નથી," એટલે સદાગમે કહ્યું કે "આ અગૃહીતસંકેતાને તારો વૃત્તાંત સાંભળવાનું કુતૂહળ છે તો તેની જિજ્ઞાસા તૃપ્ત કરવા માટે તારી હકીકત કહે, એમાં કાંઇ વાંધો નથી." સંસારીજીવે કહ્યું "જેવી આપ સાહેબની આજ્ઞા, પરંતુ સર્વ લોકો સાંભળે તેવી રીતે મારા ઉપર થએલી વિડંબનાનું વર્ણન કરવાને હું સમર્થ નથી તેથી આપણે નિર્જન સ્થાનકે (એકાન્તમાં) બેસીએ. આપ એ પ્રમાણે આજ્ઞા કરવાની કૃપા કરો."

સદાગમે તે વખતે સભા તરફ નજર કરી, એટલે સભામાં આવેલા વિચક્ષણ લોકો તુરત ઉઠીને દૂર જઇને બેઠા.[1] બીજા લોકો ઉઠ્યા તેની સાથે પ્રજ્ઞાવિશાલા પણ ઉઠવા લાગી, એટલે તેને ગુરુ મહારાજે બેસવાની આજ્ઞા કરી. તેની બાજુમાં [2]સદાગમના કહેવાથી ભવ્યપુરુષ પણ બેઠો. પછી આ ચારેની સમક્ષ અગૃહીતસંકેતાને ઉદ્દેશીને સંસારીજીવે પોતાની હકીકત કહેવા માંડી.

* * *

* * * *

---

૧ બીજા લોકો કોણ હતા તે આઠમા પ્રસ્તાવમાં જણાશે. આ સંસારીજીવ મોટો ચક્રવર્તી છે અને તેજ ચોર છે એમ બતાવ્યું છે. આ સર્વ બાબતનો મેળ આઠમા પ્રસ્તાવમાં મળશે. પ્રજ્ઞાવિશાલા તે મહાભદ્રા સાધ્વી છે, આચાર્યની બહેન થાય છે, સદાગમ સમંતભદ્ર આચાર્ય છે, ભવ્યપુરુષ તે રાજપુત્ર પુંડરીક છે અને અગૃહીતસંકેતા તે સુલલિતા છે, અને ચોર તે અનુસુંદર ચક્રવર્તી છે.

૨. ૧ સદાગમ મહાત્મા, ૨ પ્રજ્ઞાવિશાલા, ૩ ભવ્યપુરુષ, ૪ અગૃહીતસંકેતા આ ચારની સમક્ષ સંસારીજીવ પોતાનો વૃત્તાન્ત કહે છે. ભવપ્રપંચની કથા અત્રેથી ખરેખરી શરૂ થાય છે એ કથા બહુ મનનપૂર્વક વાંચી વિચારવાની જરૂર છે. વાચનારે પોતે ખાસ વિચાર કરવો કે જે સ્થિતિ અત્ર વર્ણવી છે તેમાંથી તે પોતે અનેકવાર પસાર થયો છે. જરા સુખમાં પડતા દુઃખ વિસરી જાય છે, પણ તેને અનેક રીતે સહન કરવું પડ્યુ છે. આ કથની વિચારણા જેમ સવિસ્તર થશે તેમ સંસારનુ સ્વરૂપ બરાબર લક્ષમા આવશે અહીં સંસારીજીવ પહેલા પુરુષમા પોતાનુ ચરિત્ર કહેવા લાગે છે તે ૮ મા પ્રસ્તાવ સુધી ચાલે છે.



પ્રકરણ ૭ મું.

અસંવ્યવહાર નગરે.



અત્યંતઅબોધ અને તીવ્રમોહોદય.

આ [1]લોકમાં અનાદિ કાળથી પ્રતિષ્ઠિત (સ્થપાયેલ) અને અનંત જનોથી ભરેલું એક અસંવ્યવહાર[2] નામનું નગર છે. તે આખા નગરમાં અનાદિવનસ્પતિ નામના કુળપુત્રો[3] રહે છે. ત્યાં અગાઉ જણાવેલા [4]કર્મપરિણામ રાજાના સંબંધી અત્યંતઅબોધ[5] નામે સેનાપતિ અને

---

૧ આખા વિશ્વના બે મોટા વિભાગ છે: **લોક** અને **અલોક.** લોકમાં જીવ અને અજીવ સર્વ વિદ્યમાન હોય છે, અજીવનાં પાંચે દ્રવ્યો ત્યાં હોય છે. અલોકમાં જીવ હોતાજ નથી અને અજીવનાં પાંચ દ્રવ્ય પૈકી માત્ર એક આકાશ દ્રવ્યજ લભ્ય છે. લોકનું પ્રમાણ ચૌદ રાજનું છે જે સંબંધી હકીકત **લોકપ્રકાશ**ના ક્ષેત્ર વિભાગથી વિચારી લેવી.

૨ આ **અસંવ્યવહાર** નગર તે અનંત સૂક્ષ્મવનસ્પતિ સમજવી. એને સૂક્ષ્મ **નિગોદ** કહેવામાં આવે છે. તેના અસંખ્ય 'ગોળા' હોય છે, પ્રત્યેક ગોળામાં અસંખ્ય 'નિગોદ' હોય છે અને દરેક નિગોદમાં અનંત જીવો હોય છે. અતીત, અનાગત અને વર્તમાન કાળના જેટલા સમય થાય તેના કરતાં એક નિગોદમાં જીવો અનંત ગુણા છે. આથી દરેક સમયે ઉત્કૃષ્ટ સંખ્યાએ જીવો મોક્ષમાં જાય તોપણ સર્વ જીવોનો સંસારમાંથી અભાવ થતો નથી. સૂક્ષ્મ નિગોદમાં હોય છે ત્યાંસુધી પ્રાણી 'અવ્યવહારી' કહેવાય છે, એક વાર બાદર રૂપ લીધા પછી તે 'વ્યવહારી' કહેવાય છે; એક વાર બાદર રૂપ લીધા પછી સૂક્ષ્મ નિગોદમાં ફરી વાર જાય તોપણ તે 'અવ્યવહારી' કહેવાતો નથી. સોયના અગ્ર ભાગ ઉપર અસંખ્ય ગોળા અને તે દરેકમાં અનંત જીવો રહી શકે છે.

૩ **કુળપુત્રો** એટલે ઉમરાવો, ખાનદાન-અમીર કુળમાં ઉત્પન્ન થયેલા ગર્ભશ્રીમંતો. અહીં અનાદિ કર્મસંતતિવાળા જીવો સમજવા.

૪ **કર્મપરિણામ** રાજાનું રાજ્ય **મનુજગતિ** નગરીમાં બતાવ્યું છે, પણ તેની સત્તા સર્વ લોક પર ચાલે છે. તેણે પોતાના રાજ્યમાંથી સુબા તરીકે કામ કરી શકે તેવા આ **અત્યંતઅબોધ** અને **તીવ્રમોહોદયને** અસંવ્યવહાર નગર પર રાજ્ય ચલાવવા મોકલ્યા છે.

૫ **અત્યંતઅબોધ:** મહા અજ્ઞાન-અજાણપણું-મિથ્યાત્વ પર આ રૂપક છે. સર્વ જીવને અક્ષરનો (જ્ઞાનનો) અનંતમો ભાગ તો ખુલ્લોજ રહે છે. તેટલું બાદ કરતાં સર્વથી વધારે જડપણું-અજ્ઞપણું આ નિગોદના જીવને હોય છે. ઉત્ક્રાન્તિમાં સર્વથી છેલ્લે પગથીએ આ જીવો છે.

તીવ્રમોહોદય[1] નામે સરસુબો[2] હમેશને માટે તે હોદા પર નીમાયલા[3] રહે છે. તે નગરમાં વસતા સર્વ લોકો કર્મપરિણામ મહારાજાના હુકમથીજ અસ્પષ્ટ ચેતનાવાળા હોવાને લીધે જાણે ઉંઘતા ન હોય, કાર્ય કે અકાર્ય શું છે તેનો વિચાર નહિ હોવાને લીધે જાણે મદિરાપાન કરેલા ન હોય, એક બીજામાં [4]લોલીભૂત થઇ જતા હોવાથી જાણે મૂર્છા પામેલા ન હોય અને સ્પષ્ટ દેખાય તેવી કોઇ ચેષ્ટા કરતા ન હોવાથી જાણે મૃત્યુ પામેલા ન હોય તેવા દેખાય છે[5]; એ સર્વ જીવોને અત્યંતઅબોધ અને તીવ્રમોહોદય નિગોદ નામના ઓરડામાં નાખી તેને એકપિંડ જેવા કરીને હમેશાં રાખી મૂકે છે. આ કારણને લઇને તે સર્વ જીવો અત્યંત મૂઢ થઇ ગયેલા હોવાથી કાંઇ જાણતા નથી, કાંઇ બોલતા નથી, કાંઇ હાલતા ચાલતા નથી, છેદાતા નથી, ભેદાતા નથી, બળતા નથી, જતા આવતા નથી, કુટાતા નથી, આઘાત પામતા નથી અને વેદના (પીડા)ને વ્યક્ત રીતે સહન કરતા નથી. આ સિવાય બીજો કોઇ પણ પ્રકારનો લોકવ્યવહાર પણ તેઓ બાપડા કરતા નથી. આવી રીતે તે નગરમાં વસનારા જીવોને કોઇ જાતનો વ્યવહાર ન હોવાથી તે નગરનું નામ 'અસંવ્યવહાર' કહેવામાં આવે છે. તે નગરમાં સંસારીજીવ નામનો હું પણ એક કુટુંબી હતો. એ નગરમાં વસતાં મને અનંત કાળ વ્યતીત થયો.

નિગોદમાં જીવસ્થિતિ.

---

૧ તીવ્રમોહોદયઃ મોહનીય કર્મનો ખરેખરો ઉદય તેના આકરા સ્વરૂપમાં જ્યાર હોય છે. એને લઇને પ્રાણી તદ્દન મુંઝાઇ જાય છે અને સંસારને વળગી રહે છે.

૨ 'મહત્તમ' આ શબ્દ મૂળમાં વાપર્યો છે. એનો અર્થ મોટો અધિકારી અથવા અન્ય પર શાસન ચલાવનાર એવો થાય છે. Lord of Asamvyavahara એ ભાવ એનો છે.

૩ જેમ સેનાપતિની બદલી થાય છે, સરસુબો–વાઇસરોય બદલાય છે તેમ આ હોદ્દાનું થતું નથી તેઓ હમેશને માટે નીમાયલા છે.

૪ લોકના અમુક ભાગમાં અનંત જીવો હોય તે આરસપરસ એક બીજામાં કેવી રીતે મળી જતા હશે તેનો ખ્યાલ કરવો. વધારે સ્પષ્ટ સમજવું હોય તો 'નિગોદ ષટ્ત્રિંશિકા' પ્રકરણ વાંચી જવું

૫ નિગોદના જીવો તીવ્ર અજ્ઞાન અને મોહમાં મસ્ત હોવાથી તેઓના સબંધમાં અંહી જે સ્થિતિ વર્ણવી છે તે બરાબર બંધબેસતી છે.

તન્નિયોગ દૂત પ્રવેશ.

તત્પરિણતિની જાહેરાત.

એક દિવસ સદરહુ તીવ્રમોહોદય સભા ભરીને બેઠેલા છે અને તેની બાજુમાં જરા ખસીને અત્યંતઅબોધ સેનાપતિ બેઠા છે તેવામાં [1]તત્પરિણતિ નામની પ્રતિહારી સભામંડપમાં દાખલ થઈ; તે સમુદ્રના તરંગ (મોજાં)ની પેઠે મોતીઓના[2] સમૂહને ધારણ કરનારી હતી, ચોમાસાના સમયની લક્ષ્મીની પેઠે તે સમુન્નતપયોધરા[3] હતી, [4]મલયાચલ પર્વતની મેખલાની પેઠે ચંદનની ગંધને[5] ધારણ કરતી હતી અને વસંત ઋતુની લક્ષ્મીની પેઠે સુંદર [6]પત્ર, તિલક[7] અને આભરણોવડે તે શોભતી હતી. તેણે જમીન સુધી પોતાના હાથ અને મસ્તક નમાવી પ્રણામ કર્યા અને પછી હાથ જોડીને વિજ્ઞપ્તિ કરી "હે દેવ! આપણા સારી કીર્તિવાળા મહારાજા શ્રી કર્મપરિણામ તરફથી તન્નિયોગ[8] નામનો દૂત આપની પાસે આવ્યો છે અને આ

---

૧ **તત્પરિણતિ** એટલે તથા પ્રકારની વૃત્તિ. મોહનીય કર્મના ક્ષયોપશમથી વૃત્તિ પર અંકુશ આવતો જાય છે. અબોધ જરા બાજુ પર ખસી જાય ત્યારે વૃત્તિમાં સહજ પણ સુધારો થવો સંભવે છે.

૨ સમુદ્રના તરંગ જેમ મોતીથી ભરેલી છીપોને વહન કરે છે તેમ આ પ્રતિહારીએ પોતાના અંગ પર અલંકાર તરીકે મોતીની માળાઓ પહેરી હતી.

૩ **ચોમાસાની લક્ષ્મી** જેમ (૧) સમુન્નત (ઊંચે ચઢેલા) પયોધર (પયઃ એટલે પાણી-જળ, તેને ધારણ કરનાર વાદળાવાળી) હોય તેમ તે પ્રતિહારી પણ (૨) સમુન્નત (ઊંચા વધેલા હૃષ્ટ પુષ્ટ) પયોધર (સ્તન)ને ધારણ કરતી હતી. પયોધર શબ્દ અહીં શ્લેષ છે.

૪ **મલયાચલ** પર્વત પર ચંદનનાં વૃક્ષો ઘણાંજ હોય છે. સંસ્કૃત કવિઓ તેને ચંદનની ગંધને ધારણ કરનાર અને ફેલાવનાર તરીકે વર્ણવે છે. મેખલા એટલે આસપાસ પડેલી બાજુ.

૫ **મલયાચલની મેખલા** (બાજુ) (૧) ચંદનની ગંધ ફેલાવે તેમ આ પ્રતિહારી પણ (૨) પોતાના શરીરે લગાડેલા ચંદનની ગંધ ચોતરફ ફેલાવતી હતી.

૬ **પત્ર**: (૧) વસંતઋતુ પક્ષે પાંદડાં અને (૨) પ્રતિહારી પક્ષે શરીર પર [illegible] પત્રાવલિ. વસંત ઋતુ સુંદર પાંદડાં ધારણ કરે છે, તે સ્ત્રી સુંદર [illegible] ધારણ કરે છે. [illegible] [illegible]

૭ **તિલક**: (૧) વસંતઋતુ પક્ષે સુંદર [illegible] એક જાતનું ઝાડ (૨) [illegible] [illegible]

૮ **તન્નિયોગ** [illegible]

રૂઆનાં દર્શન કરવાની ઇચ્છા રાખે છે. આપશ્રીના હુકમની રાહ
ો હાથ તે બહાર પ્રતિહારભૂમિમાં ઊભો રહ્યો છે. આપનો એના
ધમાં જેવો હુકમ." પ્રતિહારીનાં આવાં વચન સાંભળીને તીવ્ર-
હોદયે અત્યંતઅબોધ તરફ નજર કરી, એટલે તેણે પ્રતિહારીને
મ કર્યો "તું જલદી તેને પ્રવેશ કરાવ." પ્રતિહારીએ હુકમ માથે
ાવીને તન્નિયોગ દૂતને તુરતજ રાજસભામાં પ્રવેશ કરાવ્યો.

લોકસ્થિતિની સંપૂર્ણ વિચારણા.

તન્નિયોગ દૂતે પોતાની મર્યાદા પ્રમાણે સુભાને અને સેનાધિપ-
ને પ્રણામ કર્યો. તે વખતે તેઓએ દૂતનો આદર સત્કાર કર્યો અને
સવા માટે તેને આસન આપ્યું. એટલે ફરીને પોતાને ઉચિત પ્રણામ
ીને તે દૂત આસન પર બેઠો. ત્યારપછી સરસુખા તીવ્રમોહોદયે
તાનું આસન છોડી દઇ ઊભા થઇ જોડેલા હાથ કપાળે લગાડી
ું "મહારાજા, પટરાણી અને આપણું બાકીનું આખું મંડળ ક્ષેમ
શળ છે?"

તન્નિયોગ—"હાજી, સર્વે બહુ મજામાં છે."

તીવ્રમોહોદય—"તમને અત્રે મોકલીને મહારાજા સાહેબે અમને આજે યાદ કર્યા તેથી ખરેખર મહારાજા સાહેબની અમારા પર મહેરબાની થઇ છે. હવે તમારા આગમનનું કારણ શું છે તે જણાવો."

તન્નિયોગ—"કર્મપરિણામ મહારાજાશ્રીને તમારાથી વિશેષ કૃપાનું પાત્ર બીજું કોણ છે? મારા અહીં આવવાનું કારણ આપને હવે કહું છું તે સાંભળો. આપ સાહેબના ધ્યાનમાં સારી રીતે હશેજ કે આપણા નામદાર મહારાજા કર્મપરિણામની મોટી બહેન લોકસ્થિતિ[1] નામની છે જે બહુ માનને પાત્ર છે, સર્વ અવસરો ઉપર પૂછવાનું ઠેકાણું છે, બહુ મોટી શક્તિવાળી છે અને એવી જબરી છે કે તેનું વાક્ય કદિ પણ ઓળંગી શકાય નહિ. પોતાની બહેન ઉપર પ્રસન્ન થઇને મહારાજાશ્રીએ તેને સર્વ કાળને માટે એ અધિકાર આપ્યો છે અને એવા જવાબદાર અધિ-

---

૧ લોકસ્થિતિ: આ વિશ્વમાં અમુક કાર્યો અમુક ચોક્કસ નિયમને અનુસરીનેજ ચાલે છે એવા અનિવારણીય નિયમને રૂપક આપ્યું છે. Invariable Law of Nature. એક ઉત્સર્પિણીમાં ચક્રવર્તી બાર જ થાય કે તીર્થંકર ચોવીશજ થાય એવા વ્યવસ્થા આ નિયમથી ચાલે છે. આગળ હકીકત વાંચતાં આ હકીકત વધારે સ્ફુટ થશે.

લોકસ્થિતિની જવાબદારી.

કાર પર તેની કાયમને માટે નીમણુક કરેલી તે લોકસ્થિતિનું જોર વધારે રહે છે. તેને એ અ... કાર આપ્યો ત્યારે આ પ્રમાણે કહેવામાં આવ્યું કે—'બહેન! આપણો સદા શત્રુવટ ધરાવનારો કો... પણ રીતે ઉખેડી ન શકાય તેવો સદાગમ નામનો મોટો દુશ્મન છે. વચ્ચે વચ્ચે જ્યારે જ્યારે ફાવે છે ત્યારે ત્યારે આપણા લશ્કરને હા... દઈ તેનો પરાભવ કરે છે અને આપણા રાજ્યમાં દાખલ થઈ કેટલા લોકોને તેમાંથી બહાર કાઢી મૂકે છે અને આપણાથી તદ્દન અગમ્ય (જ્યાં ન જઈ શકાય તેવી), આપણને જ્યાં પ્રવેશ કરવાનો અધિકાર કે સત્તા પણ નથી એવી નિર્વૃત્તિ નગરીમાં મોકલી દે છે—સ્થાપન કરે છે. આમ જો લાંબો કાળ ચાલે તો તો આપણી વસ્તી ઘટી જાય અને જ્યાં ત્યાં આપણો અપજશ બોલાય, એ વાત તો કોઈ પણ રીતે સારી ગણાય નહિ, માટે બહેન! લોકસ્થિતિ! તારે આ પ્રમાણે ગોઠવણ રાખવી. ગમે તેમ કરીને મારૂં સ્વરૂપ તો ફેરફાર વગરનુંજ રહેવું જોઈએ, તેટલા માટે તારે અસંવ્યવહાર નગરનું સારી રીતે રક્ષણ કરવું, અને જેટલા પ્રાણીઓને પેલો સદાગમ અહીંથી છોડાવે અને મારા રાજ્યમાંથી બહાર પેલી નિર્વૃત્તિ નગરીમાં મોકલી આપે તેટલા પ્રાણીઓને તારે અસંવ્યવહાર નગરમાંથી લાવીને મારી સત્તા ચાલે તેવા સ્થાનમાં મૂકી આપવા.[1] આપ્રમાણે કરવાથી સર્વ સ્થાનોમાં જીવો ઘણા મોટા પ્રમાણમાં રહ્યા કરશે અને તેમ કરવાથી સદાગમે અમુક પ્રાણીઓને છોડાવ્યા એની વાત પણ કોઈ જાણી શકશે નહિ અને કોઈને એ વાત સંભારવાનું કારણ પણ રહેશે નહિ. વળી વધારે અગત્યની બાબત તો એ છે કે એ પ્રમાણે લોકોની (વસ્તીની) સંખ્યામાં ઘટાડો ન થવાથી આપણી આબરૂને પણ જરાએ કલંક લાગશે નહિ.' લોકસ્થિતિની પાસે જ્યારે કર્મપરિણામ મહારાજાએ આ પ્રમાણે વાત કરી હતી ત્યારે તેણે પણ 'મોટી કૃપા' એમ કહી એ પ્રમાણે કરવાનો અધિકાર અંગીકાર કર્યો હતો. હું પોતે પણ જો કે મહારાજાધિરાજ કર્મપરિણામનો નોકર છું તોપણ વિશેષે કરીને તો [2]લોકસ્થિતિનાજ

---

૧ **નિયમ** એવો છે કે જેટલા પ્રાણીઓ મોક્ષે જાય છે તેટલી સંખ્યામાં નિગોદમાંથી નીકળી પ્રાણી વ્યવહારી થાય છે, અને નિગોદમાં તો અનંતા જીવો હોવાથી ત્યાં કાંઈ ઓછાશ જણાતી નથી. પરિણામે સર્વ ગતિમાં જીવસંખ્યામાં વધારો કે ઘટાડો થતો નથી. આ પ્રમાણે **લોકસ્થિતિ** ચાલ્યા કરે છે.

૨ મતલબ એ છે કે ઉપર જણાવ્યું તેમ સંસારઘટનાજ એવા પ્રકારની સાથે છે કે જ્યારે અમુક જીવો મોક્ષ જાય છે ત્યારે તેટલાજ જીવો લોકસ્થિતિના નિયમ પ્રમાણે નિયોગબળે અવ્યવહાર રાશિમાંથી બહાર નીકળી આવે છે. એવા પ્રકારનો નિયોગ કરી આપનાર-સંબંધ જોડી આપનાર લોકસ્થિતિ છે.

તાબામાં છું અને તેટલામાટેજ હું તન્નિયોગના નામથી ઓળખાઉં છું. હવે હાલમાંજ પેલા સદાગમે કેટલાક જીવોને છોડાવ્યા છે.[1] આ પ્રમાણે બનવાથી ભગવતી લોકસ્થિતિએ તેટલા જીવોને અહીંથી લઇ જવા માટે મને તમારી પાસે મોકલ્યો છે. આ હકીકત આપ સાહેબે સાંભળી, હવે યોગ્ય લાગે તે પ્રમાણે હુકમ ફરમાવો."

'જેવી લોકસ્થિતિની આજ્ઞા' એ પ્રમાણે બોલીને સરસુબાએ અને સૈન્યાધિપતિએ જણાવ્યું કે દેવીએ જે આજ્ઞા કરી છે તે પાળવાને અમે તૈયાર છીએ.

તીવ્રમોહોદય-"ભદ્ર તન્નિયોગ! તું અમારી સાથે ચાલ, આ અસંવ્યવહાર નગર કેટલું વિશાળ છે તે તને બતાવીએ. પછી તું પાછો જા ત્યારે તેં જે સર્વ જોયું હોય તે મહારાજાધિરાજને જણાવજે, જેથી તેઓ સાહેબને લોકો ઓછા થઇ જવાની કોઇ પણ કાળે ચિંતા રહેશે નહિ."

તન્નિયોગ-'ચાલો સાહેબ! જેવી આપની આજ્ઞા.'

અસંવ્યવહાર નગરદર્શન.

એમ કહીને તન્નિયોગ ઊભો થયો અને તેજ વખતે તે ત્રણે જણાઓ અસંવ્યવહાર નગર જોવાને ચાલી નીકળ્યા. હાથ ઊંચા કરીને તીવ્રમોહોદયે ગોળક[2] નામના મોટા મોટા પ્રાસાદો-મહેલો બતાવ્યા. તે દરેક મહેલમાં નિગોદ[3] નામના અસંખ્ય ઓરડાઓ બતાવ્યા. એ ઓરડાને વિદ્વાનો 'સાધારણ શરીર'[4] એવું નામ પણ આપે છે. એ

---

૧ એટલે કેટલાક મનુષ્યો હાલ મોક્ષ ગયા છે. (મોક્ષમાર્ગ તો ચાલ્યાજ કરે છે, પણ સંસારીજીવને નીકળવાના અવસરનું આ વર્ણન છે તે ધ્યાનમાં રાખવું.)

૨ નિગોદના જીવોનાં સ્થાન ગોળ આકારવાળાં હોય છે અને તેનું નામ ગોળક કહેવાય છે. આ લોકમાં એવા અસંખ્ય ગોળા હોય છે. સોયના અગ્ર ભાગ પર અસંખ્ય ગોળા રહે છે. (નિગોદના જીવોને એક ઇંદ્રિયસ્પર્શ હોય છે. પાંચ પ્રકારના સૂક્ષ્મ જીવો હોય છે. પૃથ્વીકાય અપ્કાય, તેઉકાય, વાઉકાય અને વનસ્પતિકાય, પણ અનંત નિગોદ તે સૂક્ષ્મ વનસ્પતિકાયજ સમજવા. એ સૂક્ષ્મ જીવો ચૌદ રાજલોકમાં ઠાંસી ઠાંસીને ભરેલા છે અને મોક્ષમાં અનન્ત જીવો ગયા કરે છે, પણ એક નિગોદનો અનંતમો ભાગ પણ ખાલી થતો નથી. આથી કાળના સમય કરતાં જીવસંખ્યા વિશેષ છે એમ જાણવું.

૩ ઉપર કહ્યું તેમ પ્રત્યેક ગોળકમાં અસંખ્ય નિગોદ હોય છે. મહેલમાં ઓરડાઓ હોય તેમ ગોળકરૂપ મહેલમાં નિગોદરૂપ ચેંબરો છે.

૪ **સાધારણ શરીર.** અનંત જીવોને ધારણ કરનાર એક શરીર હોય તેને 'સાધારણ શરીર' કહે છે. સાધારણ શરીર સૂક્ષ્મ અને બાદર બે પ્રકારનાં હોય છે. અત્ર વિવક્ષા સૂક્ષ્મની સમજવી છે

ઓરડામાં રહેલા [1]અનંત જીવોને ત્યારપછી બતાવ્યા.[2] આ બધી હકીકત જોઇને તન્નિયોગ દૂત તો આશ્ચર્યચકિત થઇ ગયો. પછી મોહોદયે પૂછ્યું 'ભાઇ! તેં આ નગર કેવડું મોટું છે તે જોયું?' જવાબમાં દૂત બોલ્યો 'હા સાહેબ! બહુ સારી રીતે જોયું.' પછી પોતાને હાથે તાળી વગાડીને ઊંચેથી હસતો હસતો તીવ્રમોહોદય બોલવા લાગ્યો "અરે ભાઇ! તું સદાગમની મૂર્ખાઇ તો જો? તે તો કર્મપરિણામ મહારાજાના તાબામાં રહેલા હોય તે સર્વ જીવોને તેના તાબામાંથી મોક્ષમાં લઇ જવાની હોંશ રાખ્યા કરે છે, પણ એ બાપડા

સદાગમની મશ્કરી.

સદાગમને ખબર નથી કે એવા પ્રાણીઓ કેટલા છે! જો! આપણા આ અસંવ્યવહાર નગરમાં અસંખ્ય મહેલો (ગોળક–પ્રાસાદો) છે, દરેક મહેલમાં વળી અસંખ્ય અસંખ્ય ઓરડા છે અને એવા દરેકે દરેક ઓરડામાં અનંતા જીવો વસે છે. એ સદાગમને આપણા લોકોને અહીંથી ઉપાડી નિવૃત્તિમાં લઇ જવાનું વેન[3] અનાદિ કાળથી લાગ્યું છે. એનામાં એક જાતનું એ પ્રકારનું ભૂત ભરાઇ ગયું છે, પણ આટલા બધા કાળથી એ મહેનત કરે છે ત્યારે માત્ર એક ઓરડામાં રહેતા લોકોનો અનંતમો ભાગ તે ઘસડી જઇ શક્યો છે.[4] હવે આટલે કાળે એક ઓરડાનો પણ અનંતમો ભાગજ એ ખાલી કરી શક્યો છે ત્યારે મહારાજાધિરાજે લોકોની સંખ્યામાં ઘટાડો થવાની ચિંતા શામાટે રાખવી જોઇએ?" તન્નિયોગ બોલ્યો 'આપ કહો છો તે હકીકત બરાબર છે અને મહારાજા સાહેબને પણ એ બાબતમાં આપને માટે પૂરતો વિશ્વાસ છે અને તેમના ખ્યાલમાં પણ એ હકીકત છે. વળી હું ત્યાં જઇને આપ સાહેબે કહેલી હકીકત તેઓશ્રીને જરૂર જણા

---

૧ પ્રત્યેક નિગોદમાં અનંત જીવો હોય છે અસંખ્ય અને અનંતનું સ્વરૂપ ચોથા કર્મગ્રંથથી અને લોકપ્રકાશથી વિચારી લેવું.

૨ નિગોદનું સ્વરૂપ બરાબર સમજાય તે માટે ઘણા ગ્રંથો વાંચવાની જરૂર છે. કાંઇક વિગત આ પ્રસ્તાવને છેડે પરિશિષ્ટમાંથી મળશે તે જુઓ. એ લેખ રા. કુંવરજી આણંદજીએ લખ્યો છે અને આચાર્યશ્રી આનંદસાગરજીએ તપાસ્યો છે.

૩ વાહીઆતપણું, લત.

૪ जइआइ होई पच्छा, जिणाणमग्गंमि उत्तरं तइआ;
इक्कस्स निगोअस्स, अणंतभागो अ सिद्धिगओ· જૈન માર્ગમાં જ્યારે કોઇ પણ સવાલ પૂછશો ત્યારે જવાબ એજ મળવાનો છે કે 'એક નિગોદનો અનંતમો ભાગ મોક્ષે ગયો.' અનંતની સંખ્યા એટલી મોટી છે કે અનંતા જીવો મોક્ષ જાય, તેમાં અનંતા ભળે છતાં એક નિગોદમાં રહેલા જીવોનો અનંતમો ભાગજ તે થાય છે. નિગોદના જીવોની અનંતની સંખ્યા ઘણી મોટી છે.

રીશ, પણ મારે આપને એક બીજી પણ હકીકત કહેવાની છે અને તે એ છે કે મહાદેવી લોકસ્થિતિએ મને ખાસ આજ્ઞા કરી છે કે તેનો હુકમ અમલમાં મૂકવાને અંગે મારે જરા પણ વિલંબ ન કરવો, જરા પણ વખત ખોયા વગર તુરતજ તેણીનો હુકમ અમલમાં મૂકવો. તેટલામાટે તેણે જે હુકમ કર્યો છે તે બાબત આપ જલ્દી અમલમાં મૂકવાની ગોઠવણ કરો.' આ પ્રમાણે વાતચીત કરીને દેવડી (બહારના દરવાજા) પાસે તીવ્રમોહોદય અને અત્યંતઅબોધ બેઠા.

તીવ્રમોહોદય-' વારુ! ત્યારે હવે અહીંથી બહાર મોકલવા યોગ્ય કયા જીવો છે?'

જનારાઓ સંબંધી વિચાર.

અત્યંતઅબોધ-" આર્ય! આ બાબતમાં આપણે બહુ વિચાર કરવાની શી જરૂર છે? આપણા નગરના સર્વ લોકોને આ હકીકત જાહેર કરો, એ બાબતનો પડહો વગડાવો, દાંડી પીટાવો, ઘોષણા કરાવો કે 'ભગવાન્ કર્મપરિણામ મહારાજાના હુકમથી કેટલાક લોકોને અત્રેથી તેમની રાજધાની તરફ જવાનું છે, માટે જેઓને ત્યાં જવાની હોંશ થાય તેઓ પોતાની મેળે તૈયાર થાઓ.' જે જગોએ એ જીવોને જવાનું છે તે સ્થાન વધારે અનુકૂળ હોવાને લીધે અને હાલ જ્યાં તેઓ રહે છે ત્યાં તો તેઓ ભીડમાં સંકડાઇ ગયેલા હોવાને લીધે ઘણા લોકો ત્યાં જવાને પોતાની મેળે તૈયાર થઇ જશે. ત્યારપછી કેટલા માણસોને ત્યાં લઇ જવાના છે તેની સંખ્યા તન્નિયોગને ખાસ પૂછીને એ પ્રાણીઓમાંથી જેઓ આપણને પસંદ આવશે તેવાને તન્નિયોગે બતાવેલી સંખ્યા જેટલા ત્યાં મોકલી આપશું."

અબોધનો અબોધ.

તીવ્રમોહોદય-" ભાઇ! તું [1]પોતે પહેરેલી કે પહેરવાની વસ્તુઓની વહેંચણ પણ જાણતો નથી. આ લોકોએ બીજું સ્થાનજ જોયું નથી તેથી તેવા સ્થાનનું સ્વરૂપ તેઓ જાણતા નથી, તો પછી ત્યાં અનુકૂળતા પ્રતિકૂળતા શું છે તે તો તેઓ ક્યાંથીજ જાણે! અનાદિ કાળથી તેઓ અહીં વસે છે અને અહીં વસવામાં તેઓને મજા આવે છે. વળી અનાદિ કાળથી તેઓને અરસપરસ જોડ પણ એવો જામી ગયો છે કે એક બીજાનો વિયોગ તેઓ ઇચ્છતા નથી. જો, ભાઇ!

૧ તું જાતે અબોધ એટલે પોતે પહેરેલાં કપડાં ઘરેણાની વહેંચણ (ગોઠવણ) પણ જાણતો નથી. અમુક કપડું ક્યાં પહેરાય, બંધબેસતું છે કે નહિ, અમુક ઘરેણું શા ઉપયોગનું છે તેની ગોઠવણ તો સમજુ માણસ જાણે. તું તો તારા ઘરના માણસની વ્યવસ્થા પણ જાણતો નથી.

એકજ ઓરડામાં[1] જે લોકો સાથે વસે છે તેઓ અરસ્પરસ અતિ પ્રેમ દર્શાવતા સાથે શ્વાસ લે છે, સાથે શ્વાસ પાછો મૂકે છે, સાથે આહાર લે છે, સાથે નિહાર કરે છે, એક મરણ પામે છે એટલે બીજા તેના સર્વ સ્નેહીઓ સાથે મરણ પામે છે, એક જીવે છે ત્યારે બીજા સર્વ જીવે છે[2]–આ પ્રમાણે તેઓ અન્ય સ્થાનના ગુણ નહિ જાણતા હોવાને લીધે અને એક બીજા સાથે સ્નેહથી જોડાયલા હોવાને લીધે પોતાની મેળે તેઓ એ બાબતમાં (અન્યત્ર જવાની બાબતમાં) કેવી રીતે પ્રવૃત્તિ કરશે? માટે અહીંથી ત્યાં મોકલવા યોગ્ય લોકો ક્યા છે તે જાણવાનો બીજો કોઇ ઉપાય શોધી કાઢો.”

આ પ્રમાણે હકીકત સાંભળીને અત્યંતઅબોધ હવે શું કરવું તે સંબંધી વિચારમાં પડી ગયો.

ભવિતવ્યતા.

સંસારીજીવ અગૃહીતસંકેતાને ઉદ્દેશીને પોતાની હકીકત આગળ ચલાવતાં કહે છે કે—હે અગૃહીતસંકેતા! મારે ભવિતવ્યતા[3] નામની એક સ્ત્રી છે. વાસ્તવિક રીતે એ સ્ત્રી નથી, પણ સાડી પહેરનાર મોટો યોધો છે, કારણ કે હું તો નામ માત્ર તેનો પતિ–ભરતાર છું. ખરે

ભાર્યાની અસ્ખલિત ગતિ.

ખરી હકીકત જો પૂછો તો મારા ઘરની અને સર્વ લોકોનાં ઘરોની સર્વ પ્રકારની કર્તવ્યતાનું તંત્ર તે એ કલી ચલાવે છે. તેનામાં એવી અદ્ભુત શક્તિ હોવાને લીધે તે પોતાના બીજા સંબંધી પુરુષકાર[4] વિગેરેની

---

૧ એક નિગોદમાં.

૨ જો કે એક સાથે તો એક નિગોદનો અનંતમો ભાગ મરે છે, પણ તે અનંત હોય છે તેથી સર્વ કહ્યા છે.

૩ **ભવિતવ્યતા.** કોઇ પણ કાર્ય થવા માટે પાંચ કારણો એકઠાં થવાની જરૂર પડે છે, એ પાંચેને સમવાયી કારણ કહેવામાં આવે છે. (૧) પુરુષાર્થ–ઉદ્યોગ. (૨) કર્મ–કર્મ એ કાર્ય સિદ્ધ થાય તે પ્રકારનું અનુકૂળ હોવું જોઇએ. (૩) કાળ. કર્મ તે વખતે પરિપક્વ દશાને પામેલ હોવું જોઇએ. (૪) સ્વભાવ વસ્તુધર્મની અનુકૂળતા હોવી જોઇએ. (૫) ભવિતવ્યતા: અવશ્ય ભાવીનું રૂપક છે. એનું વર્ણન ગ્રંથકર્ત્તાએ બહુ વિસ્તારથી ઉપર આપ્યું છે. આ પાંચ સમવાયી કારણમાંથી એક પણ ગેરહાજર હોય ત્યાંસુધી કોઇ પણ કામ બની શકતું નથી.

૪ **પુરુષકાર**–પાંચ સમવાયી કારણમાંનું આ એક સમવાયી કારણ છે. ઉદ્યોગ, પ્રયાસ, પુરુષાર્થના નામથી તે પ્રસિદ્ધ છે. ભવિતવ્યતા એની દરકાર કરતી નથી એ ખરું, પણ એના વગર પણ કામ થઇ શકતું નથી એ ધ્યાનમાં રાખવું. પાંચે કારણો **એકસરખાં** ઉપયોગી અને જરૂરનાં છે. માત્ર કાર્યપરત્વે ગૌણતા મુખ્યતા થાય છે.

મદદની દરકાર પણ કરતી નથી, અમુક ભાવ પુરુષને (પોતાના ભરતારને) અનુકૂળ છે કે પ્રતિકૂળ છે તેનો વિચાર કરતી નથી, અવસર જોતી નથી, પ્રાણીને માથે બીજી આપત્તિઓ આવી પડેલી હોય છે તેની ગણના કરતી નથી; બુદ્ધિના વૈભવમાં કોઇ બૃહસ્પતિ જેવો હોય તે પણ તેને રોકી શકતો નથી, તેનું નિવારણ કરી શકતો નથી; પરાક્રમની બાબતમાં સર્વ દેવોનો રાજા ઇંદ્ર પણ તેને પહોંચી શકતો નથી અને યોગીઓ પણ તેની સામે થવાનો ઉપાય મેળવી શકતા નથી; તદ્દન ન બની શકે તેવી બાબત લાગતી હોય તેને પણ તે મહાદેવી પોતાના હાથની રમત હોય તેવી રીતે એક સપાટામાં ગ્રહણ કરીને શક્ય બનાવે છે, સર્વ લોકોમાંથી જે પ્રાણીનું પ્રયોજન જ્યારે, જ્યાં, જેવી રીતે અને જ્યાંસુધી કરવાનું હોય છે તેને લક્ષમાં લઇ વિચારી તે પ્રત્યેક પ્રયોજનને તે તે પ્રાણીના સંબંધમાં તે વખતે, તે જગોએ, તે પ્રકારે અને ત્યાંસુધી અમલમાં મૂકે છે અને તેમ કરવામાં ત્રણ લોકમાં કોઇથી પણ તેનું નિવારણ થઇ શકતું નથીઃ મતલબ કે અમુક કાર્ય અમુક પ્રાણીના સંબંધમાં ક્યારે કરવું, કેટલા વખત સુધી કરવું, કઇ જગો પર કરવું, કોના સંબંધમાં રાખીને કરવું અને કેવી રીતે કરવું એ સર્વ બાબતની ચાવી મારી પત્ની ભવિતવ્યતાના હાથમાં છે અને તેને કોઇ અટકાવી શકતું નથી, કારણ કે દેવતાના અધિપતિ ઇંદ્ર કે મનુષ્યોના મોટા રાજા ચક્રવર્તીને પણ કહેવામાં આવે કે 'તમારે ભવિતવ્યતા અનુકૂળ છે' ત્યારે તેઓ પણ હૃદયમાં રાજી થાય છે, મોઢેથી આનંદ બતાવે છે, આંખો વિકસ્વર કરે છે, એ પ્રમાણે કહેનારને ઇનામ આપે છે, પોતાની જાતને મોટી માને છે, મહોત્સવ કરાવે છે, આનંદદુંદુભિ વગડાવે છે, આત્માનું કૃતકૃત્યપણું વિચારે છે અને પોતાનો જન્મ સફળ માને છે; જ્યારે ઇંદ્ર અને ચક્રવર્તીને આ પ્રમાણે થાય છે તો પછી બીજા સામાન્ય લોકોની વાત તો શી કરવી? જ્યારે એજ ઇંદ્ર કે ચક્રીને કહેવામાં આવે કે 'તમારા ઉપર અત્યારે ભવિતવ્યતા અનુકૂળ નથી' ત્યારે તેઓ ભયથી થરથર ધ્રુજવા મંડી જાય છે, દીનતા બતાવે છે, ક્ષણવારમાં મુખ શ્યામ કરી નાખે છે, આંખો મીંચી જાય છે, કહેનારના ઉપર ગુસ્સે થઇ જાય છે, વિનાશી લેવાઇ જાય છે, ફીકરથી સુકાઇ જાય છે, બહુ શોકમાં પડી જઇ પોતાનાં કર્તવ્યો પણ ચૂકી જાય છે અને તેને પ્રસન્ન કરવા માટે શું શું ઉપાયો યોજવા તેનો વિચાર કરવા મંડી જાય છે; ટુંકામાં કહીએ તો તે ભગવતી (ભવિતવ્યતા) રૂઠી હોય ત્યારે એક વાર પણ ચિત્તની શાન્તિ તેઓને મળતી નથી અને કઇ રીતે તે સીધી થાય એ

એકજ ઓરડામાં[1] જે લોકો સાથે વસે છે તેઓ અરસ્પરસ અતિ પ્રેમ દર્શાવતા સાથે શ્વાસ લે છે, સાથે શ્વાસ પાછો મૂકે છે, સાથે આહાર લે છે, સાથે નિહાર કરે છે, એક મરણ પામે છે એટલે બીજા તેના સર્વ સ્નેહીઓ સાથે મરણ પામે છે, એક જીવે છે ત્યારે બીજા સર્વ જીવે છે[2]–આ પ્રમાણે તેઓ અન્ય સ્થાનના ગુણ નહિ જાણતા હોવાને લીધે અને એક બીજા સાથે સ્નેહથી જોડાયલા હોવાને લીધે પોતાની મેળે તેઓ એ બાબતમાં (અન્યત્ર જવાની બાબતમાં) કેવી રીતે પ્રવૃત્તિ કરશે? માટે અહીંથી ત્યાં મોકલવા યોગ્ય લોકો ક્યા તે જાણવાનો બીજો કોઇ ઉપાય શોધી કાઢો.”

આ પ્રમાણે હકીકત સાંભળીને અત્યંતઅબોધ હવે શું કરવું સંબંધી વિચારમાં પડી ગયો.

ભવિતવ્યતા.

સંસારીજીવ અગૃહીતસંકેતાને ઉદ્દેશીને પોતાની હકીકત આગળ ચલાવતાં કહે છે કે—હે અગૃહીતસંકેતા! મારે ભવિતવ્યતા[3] નામની એક સ્ત્રી છે. વાસ્તવિક રીતે એ સ્ત્રી નથી, પણ સાડી પહેરનાર મોટો યોધો છે, કારણ કે હું તો નામ માત્ર તેનો પતિ–ભરતાર છું. ખરેખર

ભાર્યાની અસ્ખલિત ગતિ.

ખરી હકીકત જો પૂછો તો મારા ઘરની અને સર્વ લોકોનાં ઘરોની સર્વ પ્રકારની કર્તવ્યતાનું તંત્ર તે એકલી ચલાવે છે. તેનામાં એવી અદ્દ્ભુત શક્તિ હોવાને લીધે તે પોતાના બીજા સંબંધી પુરુષકાર[4] વિગેરેની

---

૧ એક નિગોદમાં.

૨ જો કે એક સાથે તો એક નિગોદનો અનંતમો ભાગ મરે છે, પણ તે અનંતા હોય છે તેથી સર્વ કહ્યા છે.

૩ **ભવિતવ્યતા.** કોઇ પણ કાર્ય થવા માટે પાંચ કારણો એકઠાં થવાની જરૂર પડે છે, એ પાંચેને સમવાયી કારણ કહેવામાં આવે છે. (૧) પુરુષાર્થ–ઉદ્યોગ. (૨) કર્મ–કર્મ એ કાર્ય સિદ્ધ થાય તે પ્રકારનું અનુકૂળ હોવું જોઇએ. (૩) કાળ. કર્મ તે વખતે પરિપક્વ દશાને પામેલ હોવું જોઇએ. (૪) સ્વભાવ. વસ્તુધર્મની અનુકૂળતા હોવી જોઇએ. (૫) ભવિતવ્યતાઃ અવશ્ય ભાવીનું એ રૂપક છે. એનું વર્ણન ગ્રંથકર્તાએ બહુ વિસ્તારથી ઉપર આપ્યું છે. આ પાંચ સમવાયી કારણમાંથી એક પણ ગેરહાજર હોય ત્યાંસુધી કોઇ પણ કામ બની શકતું નથી.

૪ **પુરુષકાર**–પાંચ સમવાયી કારણમાંનું આ એક સમવાયી કારણ છે. ઉદ્યોગ, પ્રયાસ, પુરુષાર્થના નામથી તે પ્રસિદ્ધ છે. ભવિતવ્યતા એની દરકાર કરતી નથી એ ખરું, પણ એના વગર પણ કામ થઇ શકતું નથી એ ધ્યાનમાં રાખવું. પાંચે કારણો એકસરખાં ઉપયોગી અને જરૂરનાં છે. માત્ર કાર્યપરત્વે ગૌણતા મુખ્યતા થાય છે.

મદદની દરકાર પણ કરતી નથી, અમુક ભાવ પુરુષને (પોતાના ભરતારને) અનુકૂળ છે કે પ્રતિકૂળ છે તેનો વિચાર કરતી નથી, અવસર જોતી નથી, પ્રાણીને માથે બીજી આપત્તિઓ આવી પડેલી હોય છે તેની ગણના કરતી નથી: બુદ્ધિના વૈભવમાં કોઇ બૃહસ્પતિ જેવો હોય તે પણ તેને રોકી શકતો નથી, તેનું નિવારણ કરી શકતો નથી; પરાક્રમની બાબતમાં સર્વ દેવોનો રાજા ઇંદ્ર પણ તેને પહોંચી શકતો નથી અને યોગીઓ પણ તેની સામે થવાનો ઉપાય મેળવી શકતા નથી; તદ્દન ન બની શકે તેવી બાબત લાગતી હોય તેને પણ તે મહાદેવી પોતાના હાથની રમત હોય તેવી રીતે એક સપાટામાં ગ્રહણ કરીને શક્ય બનાવે છે, સર્વ લોકોમાંથી જે પ્રાણીનું પ્રયોજન જ્યારે, જ્યાં, જેવી રીતે અને જ્યાંસુધી કરવાનું હોય છે તેને લક્ષમાં લઇ વિચારી તે પ્રત્યેક પ્રયોજનને તે તે પ્રાણીના સંબંધમાં તે વખતે, તે જગોએ, તે પ્રકારે અને ત્યાંસુધી અમલમાં મૂકે છે અને તેમ કરવામાં ત્રણ લોકમાં કોઇથી પણ તેનું નિવારણ થઇ શકતું નથી: મતલબ કે અમુક કાર્ય અમુક પ્રાણીના સંબંધમાં ક્યારે કરવું, કેટલા વખત સુધી કરવું, કઇ જગો પર કરવું, કોના સંબંધમાં રાખીને કરવું અને કેવી રીતે કરવું એ સર્વ બાબતની ચાવી મારી પત્ની ભવિતવ્યતાના હાથમાં છે અને તેને કોઇ અટકાવી શકતું નથી, કારણ કે દેવતાના અધિપતિ ઇંદ્ર કે મનુષ્યોના મોટા રાજા ચક્રવર્તિને પણ કહેવામાં આવે કે 'તમારે ભવિતવ્યતા અનુકૂળ છે' ત્યારે તેઓ પણ હૃદયમાં રાજી થાય છે, મોઢેથી આનંદ બતાવે છે, આંખો વિકસ્વર કરે છે, એ પ્રમાણે કહેનારને ઇનામ આપે છે, પોતાની જાતને મોટી માને છે, મહોત્સવ કરાવે છે, આનંદદુંદુભિ વગડાવે છે, આત્માનું કૃતકૃત્યપણું વિચારે છે અને પોતાનો જન્મ સફળ માને છે; જ્યારે ઇંદ્ર અને ચક્રવર્તિને આ પ્રમાણે થાય છે તો પછી બીજા સામાન્ય લોકોની વાત તો શી કરવી ? જ્યારે એજ ઇંદ્ર કે ચક્રીને કહેવામાં આવે કે 'તમારા ઉપર અત્યારે ભવિતવ્યતા અનુકૂળ નથી' ત્યારે તેઓ ભયથી થરથર ધ્રુજવા મંડી જાય છે, દીનતા બતાવે છે, ક્ષણવારમાં મુખ શ્યામ કરી નાખે છે, આંખો મીંચી જાય છે, કહેનારના ઉપર ગુસ્સે થઇ જાય છે, ચિંતાથી લેવાઇ જાય છે, શોકરથી સુકાઇ જાય છે, બહુ શોકમાં પડી જઇ પોતાનાં કર્તવ્યો પણ ચૂકી જાય છે અને તેને પ્રસન્ન કરવા માટે શું શું ઉપાયો યોજવા તેનો વિચાર કરવા મંડી જાય છે; ટુંકામાં કહીએ તો તે ભગવતી (ભવિતવ્યતા) રૂઠી હોય ત્યારે એક વાર પણ ચિત્તની શાંતિ તેઓને મળતી નથી અને કઇ રીતે તે સીધી

બાબતનો ઉદ્વેગ વારંવાર મનમાં થયા કરે છે-જ્યારે ઇંદ્ર અને બીજે આવા પ્રકારની દશા થાય છે તો પછી સામાન્ય પ્રાણીઓના સંબંધમાં તો શી વાત કરવી! તે દેવી પણ એવી સખત છે કે તેને પોતાને ગમે તેજ તે કરે છે, બીજો કોઇ પ્રાણી તેની પ્રાર્થના કરે, તેની પાસે રડવા બેસે કે તેને રીઝવવાના ઉપાયો કરે તે કોઇની તે દરકાર કરતી નથી. હું પોતે પણ તેનાથી એટલો બધો ભય ધરાવું છું કે તે દેવી યથેચ્છપણે જે કરે તે બહુ સારૂં છે એમ મારે માનવું પડે છે અને જો કે હું તેનો પતિ છું તોપણ જાણે તેનો નોકર હોઉં તેવી રીતે 'જય દેવી, જય દેવી' એમ બોલતો બોલતો તેની પાસે બેઠું છું. તે દેવીનું વિશેષ સ્વરૂપ આ પ્રમાણે છે:[1]-

ભવિતવ્યતાનો આકરો દેર.

તે મારી ભાર્યા ભવિતવ્યતા સર્વ જગો પર ઉદ્યોગમાં મચી રહેલી છે, અમુક ભુવનના લોકોને અમુક અમુક વસ્તુઓ ઉચિત છે અને અમુક અમુક વસ્તુઓ ઉચિત નથી તે સર્વે તે જાણે છે, જે પ્રાણીઓ ઉંઘી ગયા હોય તેના સંબંધમાં પણ તે જાગતી રહે છે, તે સર્વ પ્રાણી અને વસ્તુઓનું પ્રથક્કરણ કરી આપે છે, જાણે કે ગંધહસ્તિની[2] હોય તેમ તે આ આખી દુનિયા પર જરાપણ આકુળતા વગર વિચરે છે અને કોઇથી જરા પણ બીતી નથી, કર્મપરિણામ મહારાજા પણ તેને બહુ માન આપે છે, તેની પૂજા કરે છે, કારણ કે જરૂર પડ્યે કાંઇ કામ હોય ત્યારે તે મહારાજાને પણ તેની પછવાડે જવું પડે છે, તેને અનુકૂળ કરવી પડે છે, આ ઉપરાંત બીજા પણ મહાત્માઓ પોતાનું કામ કરવાની ઇચ્છા રાખતા હોય છે ત્યારે તે ભવિતવ્યતાથીજ અનુકૂળતા પામે છે. આટલા માટે કહેવાય છે કે:-

बुद्धिरुत्पद्यते यादृग् व्यवसायश्च तादृशः,
सहायास्तादृशाश्चैव यादृशी भवितव्यता।

જેવી ભવિતવ્યતા હોય છે તેવીજ બુદ્ધિ ઉત્પન્ન થાય છે, કામ પણ તેવુંજ સુજે છે અને મદદ પણ તેવાજ પ્રકારની મળે છે.

સંસારીજીવ અગૃહીતસંકેતાને કહે છે-મારી રાણી ભવિતવ્યતામાં આટલા ગુણો છે, એ સર્વ હકીકત અત્યંતઅબોધ સેનાપતિ સારી રીતે જાણતો હતો.

---

૧ સંસારીજીવ અગૃહીતસંકેતા પાસે પોતાની સ્ત્રીનું સ્વરૂપ વર્ણવે છે.
૨ ઉત્તમ જાતિની હાથણી.

ભવિતવ્યતા સાથે વાતચીત.
સંસારીજીવને મોકલવાનો નિર્ણય.
એકાક્ષનિવાસ નગર તરફ ચલન.

હવે ઉપર જણાવ્યું તે પ્રમાણે અત્યંતઅબોધ સેનાપતિ પોતાના મનમાં વિચાર કરતો હતો તે વખતે તેના મનમાં તરંગ ઉઠ્યો કે અહો! આ બાબતનો ઉપાય તો બહુ સારો છે, ત્યારે શામાટે ચિંતા કરીને હું મારી જાતને આકુળ વ્યાકુળ કરૂં છું? એ ભવિતવ્યતા જે સંસારીજીવની પત્ની છે તે કયા કયા જીવો અહીંથી બહાર મોકલવા યોગ્ય છે તેનું સ્વરૂપ બહુ સારી રીતે જાણે છે, માટે તેને બોલાવીનેજ આ બાબતમાં ખુલાસો મેળવીએ.

ભવિતવ્યતા સાથે અભિપ્રાયમિલન.

આવા વિચારો અત્યંતઅબોધના મનમાં આવ્યા તે સર્વે તેણે તીવ્રમોહોદય સુબાને જણાવ્યા. તેને પણ આ વાત બહુ સારી લાગી એટલે ભવિતવ્યતાને બોલાવી પૂછવાની બાબતમાં તેણે સંમતિ આપી. તે વખતે એક પુરુષને તેઓએ ભવિતવ્યતાને બોલાવી લાવવા માટે મોકલી આપ્યો જે ભવિતવ્યતાને સાથે લઇને તુરત પાછો આવ્યો. ભવિતવ્યતા ત્યાં આવી પહોંચી એટલે પ્રતિહારીએ તેને અંદર પ્રવેશ કરાવ્યો. તે વખતે એક તો આ ભવિતવ્યતા દેવી જબરા પ્રભાવવાળી હતી અને બીજું સામાન્ય રીતે સર્વ સ્ત્રીઓ દેવીઓ ગણાતી હતી તેથી એ પ્રમાણે વિચાર કરીને સરસુબા અને સેનાપતિએ વચનવડે એ મહાદેવીને[1] પાયનમન (પાયલાગણું-પગે પડવું) કર્યું. મહાદેવી ભવિતવ્યતાએ પણ તેઓને આશીર્વાદ આપીને પ્રસન્ન કર્યા. તેઓએ ભવિતવ્યતાને બેસવાનું આસન આપ્યું, તેના ઉપર તે મહાદેવી બેઠા. પછી તીવ્રમોહોદય સરસુબાએ અત્યંતઅબોધ સેનાપતિ તરફ નજર કરી વાત શરૂ કરવાની સંજ્ઞારૂપ ઇસારો કર્યો, એટલે [illegible] દૂત મહારાજા કર્મપરિણામ તરફથી આવ્યો છે વિગેરે હકીકત કહેવાની શરૂઆત સેનાપતિએ કરવા માંડી. આ હકીકત સાંભળતાંજ ભવિતવ્યતા હસી પડી.

અત્યંતઅબોધ—" [illegible] ' આ શું ' [illegible] "

ભવિતવ્યતા—" [illegible] નહિ.

[1] [illegible]
[illegible] ભવિતવ્યતા [illegible]

બાબતનો ઉદ્વેગ વારંવાર મનમાં થયા કરે છે-જ્યારે ઇંદ્ર અને મહેન્દ્રની આવા પ્રકારની દશા થાય છે તો પછી સામાન્ય પ્રાણીઓના સંબંધમાં તો શી વાત કરવી ! તે દેવી પણ એવી સખત છે કે તેને પોતાને ગમે તેજ તે કરે છે, બીજો કોઇ પ્રાણી તેની પ્રાર્થના કરે, તેની પાસે રડવા બેસે કે તેને રીઝવવાના ઉપાયો કરે તે કોઇની તે દરકાર કરતી નથી. હું પોતે પણ તેનાથી એટલો બધો ભય ધરાવું છું કે તે દેવી યથેચ્છપણે જે કરે તે બહુ સારૂ છે એમ મારે માનવું પડે છે અને જો કે હું તેનો પતિ છું તોપણ જાણે તેનો નોકર હોઉં તેવી રીતે 'જય દેવી, જય દેવી' એમ બોલતો બોલતો તેની પાસે રહું છું. તે દેવીનું વિશેષ સ્વરૂપ આ પ્રમાણે છે:[1]-

ભવિતવ્યતાનો આકરો દેર.

તે મારી ભાર્યા ભવિતવ્યતા સર્વ જગો પર ઉદ્યોગમાં મચી રહેલી છે, અમુક ભુવનના લોકોને અમુક અમુક વસ્તુઓ ઉચિત છે અને અમુક અમુક વસ્તુઓ ઉચિત નથી તે સર્વ તે જાણે છે, જે પ્રાણીઓ ઉંઘી ગયા હોય તેના સંબંધમાં પણ તે જાગતી રહે છે, તે સર્વ પ્રાણી અને વસ્તુઓનું પ્રથક્કરણ કરી આપે છે, જાણે કે ગંધહસ્તિની હોય તેમ તે આ આખી દુનિયા પર જરાપણ આકુળતા વગર વિચરે છે અને કોઇથી જરા પણ બીતી નથી, કર્મપરિણામ મહારાજા પણ તેને બહુ માન આપે છે, તેની પૂજા કરે છે, કારણ કે જ્યારે પલ્લે કાંઇ કામ હોય ત્યારે તે મહારાજાને પણ તેની પછવાડે જવું પડે છે, તેને અનુકૂળ કરવી પડે છે, આ ઉપરાંત બીજા પણ મહાત્માઓ પોતાનું કામ કરવાની ઇચ્છા રાખતા હોય છે ત્યારે તે ભવિતવ્યતાથીજ અનુકૂળતા પામે છે. આટલા માટે કહેવાય છે કે:-

बुद्धिरुत्पद्यते यादृग् व्यवसायश्च तादृशः,
सहायास्तादृशाश्चैव यादृशी भवितव्यता ।

જેવી ભવિતવ્યતા હોય છે તેવીજ બુદ્ધિ ઉત્પન્ન થાય છે, કામ પણ તેવુંજ સુઝે છે અને મદદ પણ તેવાજ પ્રકારની મળે છે.

સંસારીજીવ અગૃહીતસંકેતાને કહે છે-મારી રાણી ભવિતવ્યતાનો આટલો મહિમા છે. એ સર્વ હકીકત અત્યંતઅબોધ સેનાપતિ સારી રીતે જાણતો હતો.

---

૧ સંસારીજીવ અગૃહીતસંકેતા પાસે પોતાની સ્ત્રીનું સ્વરૂપ વર્ણવે છે.
૨ કેળને ભક્તિની દોરવણી.

ભવિતવ્યતા સાથે વાતચીત.
સંસારીજીવને મોકલવાનો નિર્ણય.
એકાક્ષનિવાસ નગર તરફ ચલન.

હવે ઉપર જણાવ્યું તે પ્રમાણે અત્યંતઅબોધ સેનાપતિ પોતાના મનમાં વિચાર કરતો હતો તે વખતે તેના મનમાં તરંગ ઉઠ્યો કે અહો ! આ બાબતનો ઉપાય તો બહુ સારો છે, ત્યારે શામાટે ચિંતા કરીને હું મારી જાતને આકુળ વ્યાકુળ કરૂં છું? એ ભવિતવ્યતા જે સંસારીજીવની પત્ની છે તે કયા કયા જીવો અહીંથી બહાર મોકલવા યોગ્ય છે તેનું સ્વરૂપ બહુ સારી રીતે જાણે છે, માટે તેને બોલાવીનેજ આ બાબતમાં ખુલાસો મેળવીએ.

ભવિતવ્યતા સાથે અભિપ્રાયમિલન.

આવા વિચારો અત્યંતઅબોધના મનમાં આવ્યા તે સર્વે તેણે તીવ્રમોહોદય સુબાને જણાવ્યા. તેને પણ આ વાત બહુ સારી લાગી એટલે ભવિતવ્યતાને બોલાવી પૂછવાની બાબતમાં તેણે સંમતિ આપી. તે વખતે એક પુરુષને તેઓએ ભવિતવ્યતાને બોલાવી લાવવા માટે મોકલી આપ્યો જે ભવિતવ્યતાને સાથે લઇને તુરત પાછો આવ્યો. ભવિતવ્યતા ત્યાં આવી પહોંચી એટલે પ્રતિહારીએ તેને અંદર પ્રવેશ કરાવ્યો. તે વખતે એક તો આ ભવિતવ્યતા દેવી જબરા પ્રભાવવાળી હતી અને બીજું સામાન્ય રીતે સર્વ સ્ત્રીઓ દેવીઓ ગણાતી હતી તેથી એ પ્રમાણે વિચાર કરીને સરસુબા અને સેનાપતિએ વચનવડે એ મહાદેવીને[1] પાયનમન (પાયલાગણુ-પગે પડવું) કર્યું. મહાદેવી ભવિતવ્યતાએ પણ તેઓને આશીર્વાદ આપીને પ્રસન્ન કર્યા. તેઓએ ભવિતવ્યતાને બેસવાનું આસન આપ્યું, તેના ઉપર તે મહાદેવી બેઠા. પછી તીવ્રમોહોદય સરસુબાએ અત્યંતઅબોધ સેનાધિપતિ તરફ નજર કરી વાત શરૂ કરવાની સંજ્ઞારૂપ ઇસારો કર્યો, એટલે તન્નિયોગ દૂત મહારાજા કર્મપરિણામ તરફથી આવ્યો છે વિગેરે હકીકત કહેવાની શરૂઆત સેનાપતિએ કરવા માંડી. આ હકીકત સાંભળતાંજ ભવિતવ્યતા હસી પડી.

અત્યંતઅબોધ—"ભદ્રે ! આ શું ? તમે કેમ હસ્યા ?"

ભવિતવ્યતા—"કાંઇ નહિ."

---

૧ પોતાની રૈયતના એક માણસની સ્ત્રીને નમસ્કાર કરવો એ જરા વિચિત્ર લાગશે, પણ ભવિતવ્યતા એવી બળવાન છે કે તે સર્વેને પોતાની પાસે નમાવે છે.



પ્રકરણ ૮ મું.

એકાક્ષનિવાસ નગરે.



ભવિતવ્યતા અત્યંતઅબોધ અને તીવ્રમોહોદય પાસેથી નીકળી અને મારી પાસે આવી.[1] મને સર્વે હકીકત કહી સંભળાવી. મેં જવાબમાં માત્ર 'જેવી મહાદેવીની ઇચ્છા' એ પ્રમાણેજ કહ્યું. એટલે પછી જેટલી સંખ્યામાં જીવોને લઇ જવાને માટે તન્નિયોગ સંદેશો લઇ આવ્યો હતો તેટલી સંખ્યામાં મને અને મારી જેવા બીજા જીવોને ત્યાંથી ચલાવવામાં આવ્યા. તે વખતે ભવિતવ્યતાએ સુબેદાર અને સેનાપતિને કહ્યું "મારે અને તમારે આની સાથે જવું પડશે. સ્ત્રીને પતિ દેવ સમાન છે તેથી મારે તો તેનાથી કદિ છૂટા (વિયુક્ત) રહેવાય તેમ નથીજ. વળી તમને ખાસ જાગીર તરીકે આપેલું [2]એકાક્ષનિવાસ નામનું નગર છે ત્યાં આ લોકોને પ્રથમ જવાનું છે અને એ નગર તમારા તાબાનું હોવાથી તમારે ત્યાં આ લોકોની સાથે રહી તેઓની રક્ષા કરવી-તેઓની ચોકી કરવી એ તમારૂં કામ છે." મહાદેવીની આવી આજ્ઞા સુબેદાર અને સેનાપતિએ માથા પર ચઢાવી. ત્યારપછી ત્યાંથી ચાલી અમે સર્વે એકાક્ષનિવાસ નગરમાં આવી પહોંચ્યા.

પતિને પ્રયાણ કરવાની આજ્ઞા.

પ્રથમ પાડો-વનસ્પતિ.

એ એકાક્ષનિવાસ નગરમાં પાંચ મોટા [3]પાડાઓ છે. આ પાંચમાંનો એક પાડો પોતાની આંગળીવડે બતાવતાં તીવ્રમોહોદયે કહ્યું "ભદ્ર સંસારીજીવ! તું આ પાડામાં રહે. આ મોહોલ્લો આપણા અસંવ્યવહાર નગરને ઘણો મળતો આવે છે તેથી અહીં રહેવામાં તને બહુ આનંદ

એકાક્ષનિવાસના પાંચ મોહોલ્લાઓ.

---

1 આ પ્રમાણે સંસારીજીવ-અગૃહીતસંકેતા પાસે વાત કરે છે.

2 એક 'અક્ષ' એટલે એક ઇંદ્રિય. પાંચમાંથી પહેલી સ્પર્શેંદ્રિય. એક ઇંદ્રિયવાળા જીવોને આ એકાક્ષનિવાસ નગરમાં રહેલા વર્ણવ્યા છે.

3 વિભાગ. મોહોલ્લો. Ward.

આવશે. એનું કારણ એ છે કે જેવી રીતે તે અસંવ્યવહાર ન[illegible] ગોળક નામના પ્રાસાદમાં આવી રહેલા નિગોદ નામના અસં[illegible] રડાઓ હતા અને તેમાં જેમ અનંત જીવો પિંડીભૂત થઇને [illegible] ઘણી હળી મળીને રહેતા હતા, તેવીજ રીતે આ પાડામાં પણ તેજ પ્રકારે વસે છે. ફેર માત્ર એટલોજ છે કે અસંવ્યવહાર [illegible] લોકો લોક સંબંધી કોઇ પણ પ્રકારના વ્યવહારમાં પડતા નથી, તે તેઓને 'અસંવ્યવહારી' અથવા 'અવ્યવહારીઆ' કહેવામાં આ[illegible] છે, તેઓ ભગવતી લોકસ્થિતિના હુકમથી તારી પેઠે ક્વચિતજ [illegible] સ્થાનકે જાય છે, વારંવાર જતા નથી[1] અને આ પાડાના લોકો તો [illegible] હારમાં આવે છે, એક સ્થાનકેથી બીજે સ્થાનકે વારંવાર જવું [illegible] કરે છે અને તેટલામાટે તેને 'વ્યવહારીઆ' કહેવામાં આવે છે. [illegible] તે અસંવ્યવહાર નગરમાં રહેનાર લોકોનું 'અનાદિવનસ્પતિ' [illegible] સામાન્ય નામ આપવામાં આવેલું છે અને આ પાડામાં રહેનાર [illegible] કોનું 'વનસ્પતિ' [2]એવું નામ આપવામાં આવેલું છે એટલો તફા[illegible] છે. વળી અહીંઆં કેટલાક પ્રત્યેકચારીઓ પણ રહે છે જેઓ ગોળ[illegible] રૂપ પ્રાસાદ અને નિગોદરૂપ ઓરડાઓની ગોઠવણ વગરના [illegible] તેઓ દરેક છૂટા છૂટા ઘરમાં રહેનારા છે અને એવા પણ આ એક[illegible] નિવાસ નગરમાં અસંખ્ય જીવો છે. આ પ્રમાણે હોવાથી તું અહીં[illegible] રહે, તને અગાઉ અસંવ્યવહાર નગરનો પરિચય [illegible] તેના જેવોજ આ (સાધારણ વનસ્પતિ) પાડો [illegible] તેથી તને અહીં ઠીક પડશે." આ પ્રમાણે [illegible] ળીને "જેવી પ્રભુની આજ્ઞા" એટલા શબ્દો[illegible] માત્ર હું બોલ્યો.

સાધારણ વનસ્પતિ.

ત્યારપછી મને એક ઓરડામાં મૂકવામાં આવ્યો. મારી [illegible] જે બીજા લોકોને પણ લાવવામાં આવ્યા હતા તેમાંથી કેટલાકને તે[illegible] એજ પાડામાં સ્થાપવામાં આવ્યા, કેટલાકને મોકળા (છૂટા) કરવા[illegible]

---

૧ [illegible] નિગોદમાંથી નીકળી [illegible] આવે છે. બાદર [illegible] માં આવે છે ત્યારે વ્યવહારીઆ કહેવાય છે.

૨ અહીં લેખક 'સાધારણ વનસ્પતિ' નું લક્ષણ બતાવ્યું છે. સાધારણ [illegible] અનંત જીવોનું એક શરીર હોય છે, [illegible] તે શરીર બાદર હોય છે. [illegible] 'પ્રત્યેક વનસ્પતિ' [illegible] એક જીવ હોય તેને 'પ્રત્યેક વનસ્પતિ' [illegible] વામાં આવે છે.

કર્યા[1] અને કેટલાકને બીજા પાડામાં[2] લઇ જવામાં આવ્યા. હું તો સાધારણ શરીર[3] નામના સુંદર ઓરડામાં મારી પૂર્વની સ્થિતિની પેઠે જાણે ઉંઘી ગયેલો હોઉં, જાણે પીધેલો હોઉં, જાણે મૂર્છા પામેલો હોઉં, જાણે મરી ગયેલો હોઉં તેમ અનંત જીવો સાથે એકમેક મળી રહેલો, તેઓની સાથે શ્વાસ લેતો, સાથે શ્વાસ મૂકતો, સાથે આહાર લેતો અને સાથે નિહાર કરતો અનંત કાળ રહ્યો.

પ્રત્યેક વનસ્પતિ

એક વખત ત્યારપછી કર્મપરિણામ મહારાજાનો મારા સંબંધમાં હુકમ આવ્યો તેને અનુસારે પેલા સુબેદાર અને સેનાપતિએ (તીવ્રમોહોદય અને અત્યંતઅબોધે) મને તે ઓરડામાંથી બહાર કાઢ્યો અને ભવિતવ્યતાએ મને એ એકાક્ષનગરના તેજ પાડાના બીજા વિભાગમાં અસંખ્ય કાળ સુધી પ્રત્યેકચારી[4] તરીકે રાખ્યો. અહીં કર્મપરિણામ મહારાજાએ લોકસ્થિતિને પૂછીને, કાળપરિણતિ મહારાણી સાથે વિચાર કરીને, નિયતિ અને સ્વભાવનો અભિપ્રાય જાણી લઇને અને ભવિતવ્યતાની અનુમતિ લઇને વિચિત્ર આકારને ધારણ કરનાર લોકસ્વભાવની અપેક્ષાએ પોતાની શક્તિથી સર્વ કાર્ય કરી શકે તેવા પરમાણુઓથી બનેલી '[5]એકભવવેદ્ય' નામની ગોળીઓ બનાવી અને તે ભવિતવ્યતાને સોંપતાં કહ્યું "ભદ્રે! આખો વખત ક્ષણે ક્ષણે લોકોને અનેક પ્રકારનાં સુખદુઃખો આપવાના કામથી તું થાકી ગયેલી જણાય છે; માટે આ ગોળી લે; જ્યારે જ્યારે દરેક

---

૧ કેટલાકને છૂટા ફરનારા કર્યા એટલે પ્રત્યેક વનસ્પતિમાં મૂક્યા.

૨ બીજા પાડાઓ તે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય અને વાયુકાય સમજવા.

૩ સાધારણ વનસ્પતિકાય બે પ્રકારની છેઃ સૂક્ષ્મ અને બાદર. સૂક્ષ્મ નિગોદમાં જીવ અવ્યવહારીઓ કહેવાય છે. બાદર વનસ્પતિકાયના અનંત જીવોનું શરીર દેખી શકાય છે, અને ત્યાં આવ્યા પછી તે વ્યવહારીઓ કહેવાય છે. બાદર અનંતકાય-સાધારણ શરીરનું લક્ષણ બતાવતાં શાસ્ત્રકાર કહે છે કે 'જેની નસો, સાંધા અને વિભાગો છૂપા હોય, ભાંગવાથી જેના સરખા કટકા થતા હોય અને છેદ્યા પછી પણ જે ઉગે તેવા હોય તેને સાધારણ વનસ્પતિ કહે છે.' એક શરીરે એક જીવ હોય તે પ્રત્યેક વનસ્પતિ કહેવાય છેઃ ફળ, ફુલ, છાલ, કાષ્ઠ, મૂળ, પાંદડાં અને બી એ દરેકમાં જૂદા જૂદા જીવ હોય છે, એ પ્રત્યેક વનસ્પતિ છે.

૪ પ્રત્યેક વનસ્પતિકાયમાં. તેના સ્વરૂપ માટે ઉપરની નોટ જુઓ.

૫ સાધારણ વનસ્પતિકાયનો એક શ્વાસોશ્વાસ જેટલા વખતમાં ૧૭॥ ભવ કરે છે. પ્રત્યેક વનસ્પતિમાં જ્યારે ત્યારે આયુષ્ય બંધે છે. અનેક કર્મોના જૂદા જૂદા વિપાકો ભોગવવાની જરૂર પડે છે તે પર કૃપા કરીને આ ગોળીઓ બનાવી છે. એકભવવેદ્ય ગોળી એટલે એક ભવમાં ભોગવવાનાં કર્મોનો સમુદાય.

પ્રાણીને આપેલી ગોળી જીર્ણ થઇ જાય (ઘસાઇ જાય) ત્યારે ત્યારે તેઓને એક બીજી ગોળી આપવી. આખા જન્મમાં તારી આજ્ઞા પ્રમાણેનાં સર્વ કાર્યો આ ગોળી કર્યા કરશે તેથી તારે વ્યાકુળતા બહુ ઓછી થશે." રાજાએ આ પ્રમાણે આજ્ઞા કરી તે ભવિતવ્યતાએ સ્વીકારી લીધી. ત્યાર પછી તે દરેક પ્રાણીને સર્વ-કાળે એકેક ગોળી આપવા લાગી.

ભવવેદ્ય ગોળીની યોજના.

હું જ્યારે અસંવ્યવહાર નગરમાં હતો ત્યારે પણ જ્યારે જ્યારે મારી ગોળી જીર્ણ થતી હતી ત્યારે ત્યારે તે બીજી ગોળી દેતી હતી, પણ તેથી તેવા એકજ સરખા આકારવાળું સૂક્ષ્મ રૂપ મારૂં કરતી હતી. હવે હું એકાક્ષનિવાસ નગરમાં આવ્યો ત્યારે પેલા તીવ્રમોહોદય અને અત્યંતઅબોધને કુતૂહળ બતાવતી હોય નહિ તેમ મારાં અનેક રૂપો કરતી હતી: એ એકાક્ષનિવાસ નગરમાં આવીને જ્યારે હું રહેતો હતો ત્યારે પણ કોઇ વખત તે મારૂં સૂક્ષ્મ રૂપ કરતી હતી, તેમાં પણ કોઇ વખત પર્યાપ્ત[1] રૂપ કરતી હતી અને કોઇવાર અપર્યાપ્ત રૂપ કરતી હતી; વળી કોઇ વખત મને બાદર (દેખી શકાય તેવા) આકાર ધારણ કરનારો બનાવવામાં આવતો હતો, તેમાં પણ કોઇ વખત મને પર્યાપ્ત આકાર ધારણ કરનારો બનાવવામાં આવતો હતો અને કોઇવાર તો અપર્યાપ્ત દશામાં મૂકવામાં આવતો હતો; વળી બાદર દશામાં પણ કોઇ વખત મને ઓરડામાં (સાધારણ વનસ્પતિમાં) રાખવામાં આવતો હતો અને કોઇવાર પ્રત્યેકચારી (પ્રત્યેક વનસ્પતિ) બનાવતી હતી: અહીં પણ કોઇ વખત [2]અંકુરના આકારને ધારણ કરનાર, કોઇ વખત કાંદાનું રૂપ ધારણ કરનાર, કોઇવાર કંદના મૂળમાં રહેનાર, કોઇવાર છાલમાં રહેનાર, કોઇવાર [3]સ્કંધમાં રહેનાર, કોઇવાર શાખામાં રહેનાર, કોઇવાર પ્રશાખામાં (નાની શાખાઓમાં) રહેનાર, કોઇવાર નવા અંકુરમાં વસનાર, કોઇવાર પાંદડાંની આકૃતિવાળો, કોઇવાર ફૂલમાં રહેલો, કોઇવાર ફળમાં વસેલો, કોઇવાર

---

1 [illegible]

2 [illegible]

3 [illegible]

બીજમાં વસનારો, કોઇવાર મૂળમાં વસનારો, કોઇવાર [1]અગ્રબીજનું રૂપ ધારણ કરનારો, કોઇવાર [2]પર્વબીજનું રૂપ ધારણ કરનારો, કોઇ વાર [3]સ્કંધબીજનું રૂપ ધારણ કરનારો, કોઇવાર બીજના અંકુરનું રૂપ ધારણ કરનારો, કોઇવાર સામાન્યપણે સંમૂર્છિમપણે[4] ઉત્પન્ન થયેલો, કોઇવાર ઝાડના આકારને ધારણ કરનાર, કોઇવાર [5]ગુલ્મનું રૂપ ધારણ કરનારો, કોઇવાર લતાના રૂપવાળો, કોઇવાર વેલડીના રૂપવાળો અને કોઇ વખત ઘાસના આકારવાળો મને બનાવ્યો. આવી અવસ્થામાં હું વર્તતો હતો તે વખતે કોઇ બીજા નગરના લોકો[6] આવીને કંપાયમાન સ્થિતિમાં મને છેદે, ભેદે, દળે, વાટે, મરડે, તોડે, વીંધે, બાળે અને બીજી અનેક પીડા આપે અને તે વખતે ભવિતવ્યતા પાસે હોય તોપણ તે ઊભી ઊભી જોયા કરે અને તે હકીકત તરફ તદ્દન બેદરકારી બતાવે.

બીજો પાડો-પૃથ્વીકાય.

આવા પ્રકારનાં દુઃખો સહન કરતાં અનંત કાળ ચાલ્યો ગયો, છેવટે મને આપેલી છેલ્લી ગોળી જ્યારે જીર્ણ થઇ ત્યારે ભવિતવ્યતાએ મને બીજી ગોળી આપી. આ ગોળીના પ્રભાવથી હું એકાક્ષનિવાસ નગરના બીજા પાડામાં ગયો. ત્યાં પાર્થિવ[7] નામથી જાણીતા થયેલાં લોકો વસે છે. આ લોકોની પાસે જઇને હું પણ પાર્થિવ થયો. ભવિતવ્યતાએ નવી નવી ગોળીઓ આપીને મારૂં સૂક્ષ્મ, બાદર, પર્યાપ્ત અપર્યાપ્ત રૂપ કર્યું, કાળું, આસમાની, ધોળું, પીળું, લાલ વિગેરે રંગનું મારૂં રૂપ કર્યું, રેતી, પથ્થર, મીઠું (લુણ), હડતાળ, મણશીલ, સુરમા, શુદ્ધ પૃથ્વી આદિ આકારો મારી પાસે ધારણ કરાવ્યા અને તેમ કરીને મને અસંખ્યાતા કાળ સુધી અનેક પ્રકારની વિડંબના કરી. ત્યાં મને ભેદવામાં આવ્યો, દળવામાં આવ્યો, ચૂરવામાં આવ્યો, કાપવામાં

---

૧ અગ્રબીજઃ જે વૃક્ષના અગ્ર ભાગે ઉત્પન્ન થવાની યોનિ હોય તે.

૨ પર્વબીજઃ શેરડી વિગેરે પેઠે જેના સાંધામાં બીજ હોય તેવાં વૃક્ષ.

૩ સ્કંધબીજઃ જે વૃક્ષના સ્કંધ વાવવાથી ઉગે તેવાં વૃક્ષ.

૪ સંમૂર્છિમઃ પોતાની મેળે ઉત્પન્ન થનારા જીવોને 'સંમૂર્છિમ' કહેવામાં આવે છે.

૫ ગુલ્મઃ એક જાતિનાં વૃક્ષોને ગુલ્મ સંજ્ઞા આપેલી છે. આ સર્વ માટે જુઓ લોકપ્રકાશ.

૬ એકેંદ્રિય સિવાયના કોઇ પણ જીવો.

૭ પૃથ્વીકાયઃ સાત ધાતુઓ, માટી, પથરા, મીઠું (લુણ) વિગેરે પૃથ્વીકાય એકેંદ્રિય સ્થાવર છે.

આવ્યો અને બાળવામાં આવ્યો. તેવી રીતે એ પાડામાં મેં મહા ભયંકર દુઃખો સહન કર્યાં.

ત્રીજો પાડો-અપ્કાય.

એ પ્રમાણે પાર્થિવ લોકોમાં રહેતાં રહેતાં જ્યારે છેલ્લી ગોળી જીર્ણ થઇ ગઇ ત્યારે ભવિતવ્યતાએ મને એક નવી ગોળી આપી. એ ગોળીના પ્રભાવથી હું એકાક્ષનિવાસ નગરના ત્રીજા પાડામાં ગયો. ત્યાં આપ્ય[1] નામના કુટુંબીઓ વસે છે. હું ત્યાં ગયો એટલે પાર્થિવરૂપ મૂકીને મારૂં પણ આપ્ય રૂપ થઇ ગયું. અહીં પણ જ્યારે જ્યારે એક ગોળી જીર્ણ થાય ત્યારે ત્યારે બીજી ગોળી આપીને ભવિતવ્યતા મારૂં રૂપ ફેરવી નાખતી. એ પ્રમાણે કરતાં કરતાં અસંખ્યાતા કાળ સુધી મને ત્યાં દુઃખ આપવામાં આવ્યું. મારાં રૂપ રસ ગંધ અને સ્પર્શમાં ફેરફારો કરીને મને કોઇવાર ધુમ્મસ, કોઇવાર હિમ, કોઇવાર મહિકા[2], કોઇવાર હરતનુ[3] અને કોઇવાર નિર્મળ પાણીનું રૂપ આપવામાં આવ્યું. આવી રીતે મારી પાસે વિચિત્ર પ્રકારની આકૃતિઓ ધારણ કરાવવામાં આવી. આ પાડામાં રહ્યા રહ્યા મેં ગરમી અને ટંડી તથા ક્ષાર અને ક્ષત્ર[4] વિગેરેથી થતી તેમજ અનેક પ્રકારનાં શસ્ત્રોથી થતી વેદનાઓ સહન કરી.

ચોથો પાડો-તેજસ્કાય.

આપ્ય કુટુંબીઓમાં વસતાં વસતાં જ્યારે છેલ્લી ગોળી જીર્ણ થઇ ગઇ ત્યારે ભવિતવ્યતાએ મને એક બીજી ગોળી આપી. એ ગોળીના જોરથી એકાક્ષનિવાસ નગરના ચોથા પાડામાં હું પહોંચી ગયો. એ પાડામાં તેજસ્કાય[5] નામના અસંખ્ય બ્રાહ્મણો વસે છે. હું પણ તેજ-

---

૧ **અપ્કાયઃ** પાણી, ઝાકળ, બરફ, કરા વિગેરેનો આ અપ્કાય એકેન્દ્રિયમાં સમાવેશ થાય છે.

૨ **મહિકાઃ** આકાશમાં વાદળાંને યોગે ઝીણાં પાણીનાં ટીપાં પડે છે તેને ધુમસનું પાણી કહે છે.

૩ **હરતનુઃ** વનસ્પતિનાં પત્રો પર ટપકતા ને ચોંટેલા પાણીનાં બિંદુઓ.

૪ **ક્ષાર ક્ષત્રઃ**-ક્ષારની પીડા તે મીઠા પાણીને ખારા પાણીના સંબંધથી ઉપઘાત થાય તે. ક્ષત્રવેદના એટલે પાણીને ખણવાથી થતી વેદના. પાણીને ડખોળવાથી જીવોને ઘણો આઘાત શસ્ત્રના મારવા જેવો લાગે છે. અથવા ક્ષત્ર એટલે ખાતર-ખાતર ઉપર પાણી નાખવાથી સર્વ જીવો મરી જાય છે. પાણી અચિત્ત થઇ જાય છે.

૫ **તેઉકાય**-અગ્નિ. સ્થાવર એકેંદ્રિયનો આ એક ભેદ છે. તેમાં સર્વ ઉષ્ણકાય જીવોનો સમાવેશ થાય છે.

સ્કાય બ્રાહ્મણ થયો. મારો વર્ણ સોના જેવો ચળકતો, મારો સ્પર્શ એકદમ ગરમ, શરીર દાહરૂપ અને શરીરાકૃતિ સોય જેવી થઇ. હું ત્યાં વસતો હતો ત્યારે જ્વાળા, અંગાર, મુર્મુર,[1] અર્ચિસ્,[2] આલાત,[3] શુદ્ધ અગ્નિ, વિજળી, ઉલ્કા,[4] ઇંદ્રના વજ્રનો અગ્નિ, વિગેરે નામો મારાં પડ્યાં એટલે કે મારે એવાં એવાં રૂપો લેવાં પડ્યાં અને મને બુઝાવી નાખવા વિગેરેથી થતાં અનેક પ્રકારનાં દુઃખો એ પાડામાં મારે સહન કરવાં પડ્યાં. એ પાડામાં સૂક્ષ્મ અને બાદર તેમજ પર્યાપ્ત અને અપર્યાપ્ત રૂપ લેતો અસંખ્ય કાળ સુધી હું ભટક્યો.

પાંચમો પાડો-વાઉકાય.

એ તેજસ્કાય પાડામાં સર્વ તેજસ્કાય બ્રાહ્મણો સાથે વસતાં વસતાં જ્યારે મને આપેલી છેલ્લી ગોળી જીર્ણ થઇ ગઇ ત્યારે વળી ભવિતવ્યતાએ એક બીજી ગોળી મને આપી. આ ગોળીના ઉપયોગથી હું એકાક્ષનિવાસ નગરના પાંચમા પાડામાં ગયો. ત્યાં વાયવીય[5] નામના અસંખ્ય ક્ષત્રિયો વસતા હતા. ત્યાં હું પણ વાયવીય ક્ષત્રી થઇ ગયો. મારો સ્પર્શ ગરમ અને ઠંડો બંને પ્રકારનો થયો, ચક્ષુવાળા પ્રાણીઓ મને ન જોઇ શકે તેવા રૂપવાળો અને શરીરના બંધારણમાં પતાકા (ધ્વજ)ની આકૃતિવાળો હું થયો. હું ત્યાં હતો ત્યારે મને કોઇ કોઇવાર [6]ઉત્કલિક વાયરો કહેવામાં આવતો, કોઇવાર [7]મંડલિક વાયરો કહેવામાં આવતો, કોઇવાર [8]ગુંજવાત કહેવામાં આવતો, કોઇવાર [9]ઝંઝાવાત કહેવામાં આવતો, કોઇવાર [10]સંવર્તકવાત કહેવામાં

---

૧ મુર્મુરઃ અગ્નિની જ્વાળામાંથી નીકળતા સૂક્ષ્મ કણ.

૨ અર્ચિસ્ઃ અગ્નિની શિખા.

૩ આલાતઃ અંગારો (ઉબાડીઉં).

૪ ઉલ્કાપાતનો અગ્નિ. આકાશમાંથી અગ્નિની વૃષ્ટિ.

૫ વાઉકાય. પવન. એકેંદ્રિય સ્થાવરનો આ ભેદ છે. એ સ્થાવરનો ભેદ છતાં 'ગતિત્રસ' કહેવાય છે. તેઉકાય પણ ગતિત્રસ કહેવાય છે.

૬ ઉત્કલિક વાયરોઃ નીચે રેતીમાં લીટીઓ પાડતા વાયરાને ઉત્કલિક વાત કહેવામાં આવે છે.

૭ મંડલિકઃ વંટોળીઓ.

૮ ગુંજવાતઃ ગુંજારવ કરતો વાયરો.

૯ ઝંઝાવાતઃ આકરો શબ્દ કરતો વાયરો.

૧૦ સંવર્તકઃ ગોળ ફરતો વાયરો

આવતો, કોઇવાર [1]ઘનવાત કહેવામાં આવતો, કોઇવાર [2]તનુવાત કહેવામાં આવતો, કોઇવાર શુદ્ધવાત કહેવામાં આવતો—આવી રીતે જૂદે જૂદે પ્રસંગે મારાં નવાં નવાં વિચિત્ર નામો પડતાં હતાં. ત્યાં પંખા વિગેરે શસ્ત્રના ઘાતથી તથા નિરોધથી બહુ દુઃખ પડતું હતું. ત્યાં પણ મારી પાસે સૂક્ષ્મ અને બાદર, પર્યાપ્ત અને અપર્યાપ્ત રૂપ સેવરાવીને ભવિતવ્યતાએ મને અસંખ્યાતા કાળ સુધી રખડાવ્યો.


એકાક્ષનિવાસ નગરમાં રખડપટ્ટી.

આ પાડામાં એવી રીતે ઘણો વખત રહ્યા પછી જ્યારે મને આપેલી ગોળીઓમાંથી છેલ્લી ગોળી વપરાઈ ગઈ ત્યારે વળી મને પહેલા પાડામાં લઇ જવામાં આવ્યો. ત્યાં ભવિતવ્યતાના હુકમથી વળી પાછો અનંતો કાળ રહ્યો. ત્યારપછી વારંવાર બીજી ગોળીઓ આપીને મને બીજા ત્રીજા એમ સર્વ પાડાઓમાં ફરીવાર ફેરવ્યો અને તે દરેકમાં અસંખ્ય કાળ સુધી રાખ્યો. આવી રીતે એકાક્ષનિવાસ નગરમાં ભવિતવ્યતાએ અત્યંતઅબોધ અને તીવ્રમોહોદયની સમક્ષ મને પાંચે પાડામાં અનેક વાર રખડાવ્યો.



પ્રકરણ ૯ મું.

વિકલાક્ષનિવાસ નગરે.



એક દિવસ ભવિતવ્યતા રાજી થઇને બોલી "આર્યપુત્ર! તું આ નગરમાં બહુ કાળ રહ્યો તેથી હવે આ સ્થાન ઉપર તને ઘણી અરુચિ થઇ ગઇ હોય તેમ જણાય છે. તને આ સ્થાનનું અજીર્ણ થયું છે તો તેને મટાડવા માટે તને હવે બીજા સ્થાનમાં લઇ જઉં." મેં

તો એ ભવિતવ્યતા દેવી—મારી સ્ત્રીનો હુકમ માનવાનો જ હતો [illegible]

---

૧ ઘનવાત [illegible]

૨ તનુવાત [illegible]

ઉન્માર્ગોપદેશ ગુપ્તઃ માયા પત્ની.

મનુષ્યલોકમાં એક વિકલાક્ષનિવાસ[1] નામનું નગર છે. તે નગરીમાં ત્રણ મોટા પાડાઓ છે. તે નગરનું પરિપાલન કરનાર તરીકે ઉન્માર્ગોપદેશ[2] નામના અધિકારીને કર્મપરિણામ મહારાજાએ નીમ્યો છે. એ અધિકારીને માયા[3] નામની સ્ત્રી છે. ભવિતવ્યતાએ આપેલી ગોળીના પ્રભાવથી હું પહેલા પાડામાં ગયો. ત્યાં સાત લાખ કુળકોટિની સંખ્યામાં દ્વિહૃષીક[4] નામના કુળપુત્રો વસે છે, તેઓમાં હું પણ બે ઇંદ્રિયવાળો કુળપુત્ર થયો. અગાઉ જે ઉંઘણશી જેવી, દારૂ પીધેલ જેવી, મૂર્છા પામેલ જેવી, લગભગ મરણ પામેલા જેવી મારી સ્થિતિ એકાક્ષનિવાસ નગરમાં દેખાતી હતી તે અહીં આવવાથી દૂર થઇ ગઇ અને હવે જાણે મારામાં કાંઇક દમ હોય, ચેતના હોય એમ જણાવા લાગ્યું. (હું સ્થાવર મટીને ત્રસ થયો.)

પ્રથમ પાડો-દ્વિહૃષીક.

એકેંદ્રિયમાં અનેક યાતના.

મારાં પાપનો હજુ છેડો આવ્યો નહિ. અહીં મારી સ્ત્રીએ મને એક ગોળી આપીને મહા અપવિત્ર સ્થાનમાં કરમીઓ[5] બનાવ્યો. એ રૂપમાં મૂત્ર, આંતરડાં, ક્લેદ (રૂધિરાદિ) અને જંબાલ (કચરા)થી ભરેલા પેટમાં મને રહેલો જોઇને મારી સ્ત્રી ભવિતવ્યતા બહુ રાજી થતી હતી. વળી કોઇ વખત કુતરા વિગેરેને પડેલા ચાંદામાં જીવડારૂપે મને બીજા અનેક જીવો સાથે પડેલો જોઇને તે બહુ ખુશી થતી હતી. પુરુષના વીર્ય અને સ્ત્રીના રૂધિરમાં અથવા વિષ્ટામાં લીલા કરતો અને પરસ્પર ઘર્ષણથી દુઃખ પામતો એક પ્રકારના કમીની આકૃતિને

---

૧ વિકલાક્ષનિવાસઃ બેઇંદ્રિય, તેઇંદ્રિય, ચોરેંદ્રિય જીવોને વિકલેંદ્રિય કહેવામાં આવે છે, કારણ કે તેઓમાં સંપૂર્ણ પાંચે ઇંદ્રિયો નથી. બે, ત્રણ, ચાર ઇંદ્રિયોવાળા જીવોનું સમુચ્ચયનામ વિકલેંદ્રિય છે. વિકલાક્ષ નગરના એ ત્રણ જૂદા જૂદા પાડા કલ્પવામાં આવ્યા છે.

૨ ઉન્માર્ગોપદેશઃ વિકલેંદ્રિય જીવોની ચેતના કાંઇક વ્યક્ત હોય છે, પણ તેઓ અજ્ઞાનને લીધે ઉન્માર્ગેજ ગમન કરનારા હોય છે.

૩ માયાઃ વિકલેંદ્રિય જીવોમાં માયા બહુ હોય છે.

૪ દ્વિહૃષીકઃ સ્પર્શન અને રસના. આ બે ઇંદ્રિયવાળા જીવોને દ્વિહૃષીક કહેવામાં આવે છે. હૃષીક એટલે ઇંદ્રિય.

૫ કરમીઆઃ કમી વિષ્ટામાં ઉત્પન્ન થતી અને રહેતી ઝીણી મોટી જીવાત. આ પેરામાં બતાવ્યા છે તે સર્વ જીવો બેઇંદ્રિય છે.

[1]ધારણ કરતો મને જોઇને ભવિતવ્યતા આનંદ પામતી હતી. વળી એ બીજી ગોળી આપીને મને જળોનું રૂપ લેવરાવીને મારી

ભવિતવ્યતા અને માયા દેવી.

ભવિતવ્યતા માયા દેવી સાથે હસતી, મને દુઃ ભોગવતો જોઇ આનંદ પામતી અને વધારે દુઃ દેતી તે દેવીને કહે છે કે "હે માયા દેવી! તારો ઉન્માર્ગોપદેશ પતિ છે તેથી તું બહુ અભિમાન કરે છે, પણ આ મારા પતિનું સામર્થ્ય તો જો! મારો પતિ જો ભૂખ્યે હોય અને તેને પીડા થતી જગો પર મૂક્યો હોય તો તે ચોંટી પડીને પોતાની શક્તિથી સર્વ લોહીને ચુસી લે છે; વળી મારા પતિની [2]ત્યાગ શક્તિ પણ કાંઇ જેવી તેવી નથી તે પણ તું જો! જે કોઇ તેને હા થમાં ધારણ કરીને દબાવે છે તેને તે સર્વ લોહીનું [3]દાન કરી દે છે." હે અગૃહીતસંકેતા! આવી રીતે મારી સ્ત્રીના હાથથી હું દુઃખ પામતો હતો, તેમાં પણ જ્યારે તે આવું આવું બોલીને મારી મશ્કરી કરતી હતી ત્યારે તો હું બેવડો દુઃખી થતો હતો. વળી એક બીજી ગોળી આપીને મને મોટા દરિયામાં તેણે શંખ બનાવ્યો અને જ્યારે શંખ વગાડવાવાળાએ મને લઇને છિન્નભિન્ન [4]કર્યો ત્યારે દુઃખથી મને રડતો જોઇને તે ઘણો આનંદ પામી. જૂદા જૂદા રૂપમાં મારી સ્ત્રી સાથે તે પાડામાં રહેતાં અને અનેક પ્રકારનાં દુઃખો સહન કરતાં [5]અસંખ્યાતો કાળ ચાલ્યો ગયો.

બીજો પાડો–ત્રિકરણ.

પોતાની મરજી આવે તેમ કરનારી ભવિતવ્યતાએ વળી એક દિવસ મને બીજી ગોળી આપી. આ ગોળીના પ્રભાવથી વિકલાક્ષ-નિવાસ નગરના બીજા પાડામાં મને લઇ જવામાં આવ્યો. ત્યાં આઠ

---

૧ વર્ચસ્ શબ્દનો અર્થ શુક્ર, વીર્ય અને વિષ્ટા થાય છે. એમાં ઉત્પન્ન થનાર જીવો બે ઇંદ્રિયવાળા હોય છે.

૨ ત્યાગ–દાન અને વઢી દેવાની શક્તિ. મશ્કરી વ્યંગ્ય છે તે વિચારવા યોગ્ય છે.

૩ જળોઃ આ જળોનું વર્ણન છે. જળોનો સ્વભાવ લોહી ચુસવાનો અને દ-બવાથી તે કાઢી નાખવાનો છે. વ્યંગ્યમાં મશ્કરી છે.

૪ છિન્નશંખઃ શંખને વાગે તેવો કરવા માટે તેમાંથી માંસ વિગેરે કાઢી નાખવામાં આવે છે તેને શંખને છિન્ન કર્યો–છેદ્યો એમ કહેવાય છે.

૫ ગમનાગમનઃ અન્ય ગતિમાં ગયા વગર બેઇંદ્રિય જીવો તેજ ગતિમાં અસંખ્ય કાળ સુધી જન્મ મરણ કર્યા કરે. બીજી ગતિમાં એક વાર જઇ આવ્યા પછી ફરીવાર તેટલોજ કાળ તે ગતિમાં રહે તો વાંધો નથી.

લાખ કુળકોટિ પ્રમાણુ અસંખ્ય ત્રિકરણુ[1] નામના ગૃહપતિઓ રહે છે. હું પણુ તેઓમાં ત્રિકરણુ નામનો ઘરબારી થયો. જુ, માંકડ, મંકોડા, કુંથુઆ અને કીડિ વિગેરેનું રૂપ ત્યાં મને ભવિતવ્યતાએ આપ્યું. અંધોથી તહીં રખડતો, ભૂખ્યો અને બાળકોથી ચંપાતો અને બળાતો જોઇને મારી સ્ત્રી સંતોષથી લહેર કરવા લાગી. આ પાડામાં મને નવી નવી ગોળીઓ આપીને અને તેના વડે નવાં નવાં રૂપ ધારણુ કરાવીને અસંખ્ય વાર આમ તેમ રખડાવવામાં આવ્યો.

ત્રીજો પાડો–ચતુરક્ષ.

એક દિવસ વળી બીજી ગોળી આપીને મારી સ્ત્રીએ મને વિકલાક્ષનિવાસ નગરના ત્રીજા પાડામાં મોકલ્યો. ત્યાં નવ લાખ કુળકોટિ પ્રમાણુ ચતુરક્ષ[2] નામના અસંખ્ય કુટુંબીઓ વસે છે. હું પણુ ત્યાં ચતુરક્ષ નામનો કુટુંબી થયો. પતંગીયું, માખી, ડાંસ વીંછી વિગેરેના આકારો મારી પાસે ત્યાં ધારણુ કરાવ્યા. આ પાડામાં હું રહેતો ત્યારે વિવેક વગરનાં પ્રાણીઓએ કરેલા મારાં મર્દન (ચોળવું, કચરવું) વિગેરેથી અનેક પ્રકારનાં દુઃખો પામ્યો. જ્યારે જ્યારે મારી ગોળીઓ જીર્ણુ થતી હતી ત્યારે ત્યારે નવી નવી ગોળીઓ ભવિતવ્યતા મને આ પાડામાં પણુ આપતી હતી. એ પ્રમાણે ગોળીઓ આપી અસંખ્ય રૂપો મારી પાસે લેવરાવીને આ ત્રીજા પાડામાં પણુ તેણે નાટક કરાવ્યું. આ ત્રણે પાડામાં વારા ફરતી નવાં નવાં રૂપો ધારણુ કરાવીને અસંખ્યાતાં[3] હજાર વર્ષ સુધી મને ફેરવવામાં આવ્યો. કોઇ વખત પર્યાપ્તક રૂપે અને કોઇ વખત અપર્યાપ્તક રૂપે એ ત્રણે પાડામાં મારી પાસે અનેક પ્રકારના ખેલ કરાવવામાં આવ્યા.

---

૧ ત્રિકરણુઃ સ્પર્શન, રસન અને નાસિકા. આ ત્રણુ ઇંદ્રિયો જેને હોય તે. કરણુ એટલે ઇંદ્રિય. ગૃહપતિ એટલે ઘરબારીઓ.

૨ ચતુરક્ષઃ સ્પર્શન, રસન, નાસિકા અને ચક્ષુ. આ ચાર ઇંદ્રિયો જેને હોય તે. અક્ષ એટલે ઇંદ્રિય.

૩ संखीज्जसमावीगला ઇતિ જીવવિચારે. અત્ર અસંખ્યાત લખે છે તે ચિંત્ય છે. જીવવિચારમાં સંખ્યાતાં વર્ષો સર્વ વિકલેંદ્રિયો માટે છે, અહીં અસંખ્યાતાં વર્ષ કહ્યાં છે.



પ્રકરણ ૧૦ મું.

પંચાક્ષપશુસંસ્થાને.



એક દિવસ ભવિતવ્યતા મારા ઉપર ખુશી થઇ અને પંચેંદ્રિય કરવાનો વખત હવે આવી પહોંચ્યો છે એમ જાણીને મને કહેવા લાગી "આર્યપુત્ર! આ વિક લાક્ષનિવાસ નગરમાં રહેતાં તને જો સંતોષ ન થતો હોય તો હું તને બીજા નગરમાં લઇ જઉં." મેં જવાબમાં દેવીને કહ્યું "દેવી! જે તને ગમે તે કર, કારણ કે સર્વ કાર્યોમાં તું જે કર તે મારે પ્રમાણ છે." પછી મને આપેલી ગોળીઓમાંથી છેલ્લી ગોળી જીર્ણ થઇ છે એમ જાણી બીજા નગરમાં જવા માટે તેણે મને બીજી ગોળી આપી.

પશુસંસ્થાનના જીવોના પ્રકાર.

આ તીર્છા લોકમાં એક પંચાક્ષપશુસંસ્થાન[1] નામનું નગર છે તે શહેર ઉપર પણ પેલા ઉન્માર્ગોપદેશનેજ સરસુબા તરીકે નીમવામાં આવ્યો છે. તે નગરમાં સાડીત્રેપન લાખ કુળકોટિ પ્રમાણ કુળવાળા પાંચ ઇંદ્રિયવાળા લોકો વસે છે. તેઓ જળચર, સ્થળચર અને ખેચર (આકાશચર) જાતિના હોય છે, તેઓને ચેતના સ્ફુટ હોય છે અને સંજ્ઞા પણ હોય છે. વિદ્વાન્ માણસો તેઓને [2]ગર્ભજ સંજ્ઞી'નું નામ પણ આપે છે. વળી આ જીવોમાં જો કોઇને ચેતના સ્ફુટ ન હોય તો તેઓને

---

૧ **પંચાક્ષપશુસંસ્થાનઃ** પાંચ ઇંદ્રિયઃ સ્પર્શન, રસના, નાસિકા, આંખો અને કાન એ જેને હોય તેવા પંચેંદ્રિય તિર્યંચો. વિકલેંદ્રિયપણાથી આગળ વધી પ્રાણી ઘણું ખરૂં પંચેંદ્રિય તિર્યંચ થાય છે. એકથી ચાર ઇંદ્રિયવાળા જીવો પણ તિર્યંચ કહેવાય છે.

૨. **ગર્ભજઃ** માતા પિતાના સંયોગે ગર્ભથી ઉત્પન્ન થનાર, માની કુક્ષિમાંથી જન્મનાર. આનાથી ઉલટી રીતે જેઓ જન્મે તેને સંમૂર્છિમ કહે છે, ચાર ઇંદ્રિય સુધી તો સંમૂર્છિમ સ્થિતિજ હોય છે.

'અસંજ્ઞી'નાં[1] નામથી પણ ઓળખવામાં આવે છે અને તેઓ [2]સંમૂર્છિમ હોય છે. હું ભાર્યાના પ્રભાવથી સ્વયં ઉત્પન્ન થનારો (સંમૂર્છિમ) પંચાક્ષના નામથી ઓળખાણો ત્યાં ઉત્પન્ન થયો. ત્યાં મારી સ્ત્રી જેને રમત ગમતનો બહુ શોખ છે તેણે મને વિના કારણ આખો વખત ઘડી પાડનો દેડકાનો આકાર ધારણ કરનારો બનાવ્યો. આવી રીતે અસંખ્ય કાળ સુધી જુદા જુદા આકારોમાં સંમૂર્છિમ તરીકે રખડાવીને પછી મને ગર્ભજનો આકાર ધારણ કરનારો બનાવવામાં આવ્યો.

સંમૂર્છિમ: અબીજ.

આ ગર્ભજ પાંચ ઇંદ્રિયવાળા પ્રાણીઓમાં પણ પ્રથમ મને જળચર બનાવવામાં આવ્યો. ત્યાં પણ જ્યારે મને મત્સ્ય (માછલા)નું રૂપ આપવામાં આવ્યું ત્યારે માછીમારો મને પકડવા લાગ્યા અને કાપીને તથા રાંધીને મને હજારો પ્રકારનાં દુઃખો આપવા લાગ્યા. ત્યારપછી પાંચ ઇંદ્રિયવાળા પ્રાણીઓમાં ચાર પગવાળા સ્થળચરનું રૂપ મને આપવામાં આવ્યું. ત્યાં વળી મને સસલાં, ડુક્કર, હરણ વિગેરેનો વેશ આપવામાં આવ્યો અને તે વખતે શિકારીઓ તીર મારીને મારા ગાત્રના કટકે કટકા કરી નાખતા અને એ રીતે મને અનેક પ્રકારની પીડા થતી હતી. વળી એ સ્થળચરમાં રહેતા કોઇ વખત મને [3]ભુજ-પરિસર્પ અને [4]ઉરઃપરિસર્પનું રૂપ આપવામાં આવ્યું. ઘો, સર્પ, નકુળ (નોળીઓ) વિગેરે જાતમાં ઘણો વખત રહેતાં કૂરપણાને લીધે એક બીજાનું ભક્ષણ કરવાથી મારે ત્યાં પણ બહુ દુઃખ સહન કરવું પડ્યું. વળી કોઇવાર મને ખેચરનું રૂપ આપવામાં આવ્યું. ત્યાં કાગડા, ઘુવડ વિગેરેનું રૂપ ધારણ કરતાં મેં અનેક પ્રકારનાં અસંખ્ય દુઃખો સહન કર્યાં. અસંખ્ય પ્રાણીઓથી ભરેલા તે પંચાક્ષપશુસંસ્થાન નગરના દરેક કુળમાં હું જળચર, સ્થળચર અને ખેચરરૂપે થયો. આ નગરમાં મારી ભાર્યા મારી પાસે સાત આઠ વાર[5] ઉપરા ઉપર નવાં નવાં રૂપો ધા-

જળચર: રૂપ. સ્થળ: વિભાગ.

1 અસંજ્ઞી: અહીં સંજ્ઞા એટલે મન સમજવું. મન વગરના પ્રાણીને 'અસંજ્ઞી' કહે છે. બાકી આહાર વિગેરે ચાર અથવા દશ સંજ્ઞા તો સર્વ જીવોને હોય છે.

2 સંમૂર્છિમ: અગાઉ કહ્યું તેમ ગર્ભ વગર ઉત્પન્ન થયેલાને સંમૂર્છિમ અથવા અસંજ્ઞી કહે છે, તેને મન હોતું નથી.

3 ભુજપરિસર્પ: હાથથી ચાલનારા સ્થળચરો: નોળીયા વિગેરે.

4 ઉરઃપરિસર્પ: પેટથી ચાલનારા સ્થળચરો: સર્પ વિગેરે.

5 ગમનાગમન: પંચેંદ્રિય તેજ ગતિમાં સાત આઠ ભવ એક સાથે કરે, ત્યારપછી અન્ય ગતિમાં જઇ આવી વળી પાછા સાત આઠ ભવ તે ગતિમાં કરે.

રણ કરાવતી હતી; વળી કોઇ બીજી જગો પર લઇ જતી હતી અને પાછો તે નગરમાં ફરીવાર લઇ આવતી હતી. આવી રીતે વારંવાર તે નગરમાં લાવીને મારાં અનેક રૂપો ભવિતવ્યતાએ બનાવ્યાં, પરંતુ એક સાથે તો તિર્યંચ રૂપમાં ત્રણ [1]પલ્યોપમ (સૂક્ષ્મ અદ્ધા) અને કાંઇક અધિક ક્રોડ [2]પૂર્વ વર્ષ સુધી રહ્યો.[3] આવી રીતે પર્યાપ્ત અને અપર્યાપ્તપણામાં તથા સંજ્ઞી અને અસંજ્ઞીના રૂપમાં એ પંચાક્ષપશુસંસ્થાન નગરમાં મારી અનેક પ્રકારની વિડંબનાઓ કરી.

શ્રુતિરસિક હરણ.

એક વખત ભવિતવ્યતાએ તેજ નગરમાં મને હરણનું રૂપ આપ્યું. હું હરણના ટોળામાં રહેતો હતો, ભયથી મારી આંખો ચપળ થઇને દશે દિશાઓમાં ચકળ વકળ થયા કરતી હતી, હું જંગલમાં આખાં ઝાડોનાં ઝાડો ટપી જતો હતો અને જ્યાં ત્યાં રખડતો હતો. એક વખત એક પારધિએ બહુ મધુર સ્વરથી ગીત ગાવા માંડ્યું. એ ગીત એવું સુંદર હતું કે તેનાથી આખું હરણીઆનું ટોળું તેની તરફ દોરાઇ ગયું,[4] ટોળાનાં હરણોને દોડાદોડ કરીને ફલંગો મારવાની ટેવ હતી તે તેઓએ છોડી દીધી, તેઓની ચેષ્ટા પણ અટકી ગઇ, આંખો પણ સ્તબ્ધ થઇ ગઇ, બાકીની સર્વ ઇંદ્રિયોનો વ્યાપાર નિવૃત્તિ પામી ગયો અને તેઓનો અંતરાત્મા મધુર ગીત સાંભળવાને અંગે કર્ણેંદ્રિય (કાન)માં એક રસ થઇ ગયો. આવી રીતે અમારા ટોળાનાં સર્વ હરણોને કોઇ પણ પ્રકારની હીલચાલ વગરનાં જોઇને પેલો શિકારી પારધિ અમારી નજીક આવ્યો, ધનુષ્ય તૈયાર કર્યું, તેની સાથે બાણને સાંધ્યું, જમણો પગ આગળ કરી ડાબો પગ પાછળ કરી શિકારીની મુદ્રા સાધી, નિશાન તાક્યું, ડોક જરા નીચી અને આગળ કરી, બાણ-

---

૧ પલ્યોપમ-પલ્યોપમના માનનો ખ્યાલ લાવવા માટે ચતુર્થ કર્મ ગ્રંથ જોવો. સામાન્ય ખ્યાલ એક જોજન લાંબા, પહોળા અને ઊંડા જુગલીઆના સૂક્ષ્મ વાળથી ભરેલા ખાડાથી કરવો. ૭ મારે એક બાલ કાઢતાં આખો ખાડો પૂર્ણ થાય ત્યારે એક બાદર પલ્યોપમ થાય છે. સૂક્ષ્મ તે કરતાં અસંખ્ય ગુણું હોય છે.

૨ પૂર્વઃ ચોરાશી લાખને ચોરાશી લાખ વર્ષે ગુણીએ એટલે ૯૮૫૬૦૦૦૦૦૦૦૦૦૦ વર્ષે એક પૂર્વ થાય.

૩ સાત ભવના સાત લાખ પૂર્વ ને જો આઠમો ભવ તેમાં કરે તો યુગલિકનોજ કરે તેના ત્રણ પલ્યોપમ-આટલો ઉત્કૃષ્ટ કાળ સમજવો.

૪ એક ઇંદ્રિયને (અહીં શ્રોત્ર ઇંદ્રિયને) વશ પડતાં કેટલું દુઃખ થાય છે તે પર આ વિચારવા યોગ્ય દાખલો છે.

ને કાન સુધી ખેંચ્યું, પછી જ્યારે તેણે તે બાણ છોડ્યું ત્યારે તેણે મને તેવડે વીંધી નાખ્યો અને હું તુરતજ ભૂમિ પર પડ્યો. આ વખતે મને ભવિતવ્યતાએ આપેલી ગોળી પણ જીર્ણ થઇ ગઇ.

લહેર કરતો હાથી.
દાવાનળનો આકરો જોસ.
પશ્ચાત્તાપથી નિર્જરા અને પ્રગતિ.

હરિણના ભવમાં વાપરવા યોગ્ય એક ભવવેધ ગોળી ત્યાં પૂરી વપરાઇ જવાથી મારી સ્ત્રી ભવિતવ્યતાએ મને બીજી ગોળી આપી. આ ગોળીના પ્રભાવથી હું હાથી થયો. ધીમે ધીમે હું મોટો થતો ગયો અને અનુક્રમે હું ટોળાનો ઉપરી થયો. સ્વાભાવિક રીતે સુંદર કમળનાં વનોમાં, અતિ સ્વાદિષ્ટ [1]સલ્લકીનાં પાંદડાંથી ભરપૂર વૃક્ષોમાં અને આનંદ ઉપજાવે તેવા વનના વિભાગમાં હું વસતો હતો, હાથણીઓનાં ટોળાંઓથી વિંટાયલો રહેતો હતો અને આનંદસાગરમાં ચિત્તને ઝબોળતો મારી ઇચ્છામાં આવે તેમ ફરતો ફરતો હતો. આવી રીતે આનંદમાં નિમગ્ન થઇ લહેર કરતો હતો તેવામાં એક દિવસ અમારૂં ટોળું અકસ્માત્ ભય પામ્યું, જનાવરો આમતેમ દોડવા લાગ્યાં, વાંસને ફાડી નાખે તેવા અવાજો (અથવા વાંસની ગાંઠો ફાટવાથી થતા ધડધડ અવાજો) સંભળાવા લાગ્યા અને ધુમાડાના ગોટે ગોટા નીકળવા લાગ્યા. આ બધું શું હશે તે સંબંધી વિચાર કરતાં મેં મારી પછવાડેની બાજુએ નજર કરી તો મને દેખાયું કે મહા ભયંકર જ્વાળાઓથી બીહામણો લાગતો દાવાનળ (વનનો અગ્નિ) મારી તદ્દન નજીક આવતો હતો. મને એ દાવાનળ જોઇને મરણનો ભય ઉત્પન્ન થયો, મારી શક્તિ અને પુરુષાર્થ ચાલ્યાં ગયાં, મેં દીનતા અંગીકાર કરી, પેટભરાપણાનો આશ્રય કર્યો, મારો અહંકાર ચાલ્યો ગયો, મારા ટોળાને મેં છોડી દીધું-તજી દીધું અને એક દિશા તરફ નાસવા માંડ્યું. નાસતો નાસતો હું થોડે દૂર ગયો ત્યાં ગામનાં ઢોરને પાણી પીવાનો એક જૂનો પૂરાણો સુકાઇ ગયેલો મોટો અંધકારવાળો કુવો આવ્યો. એના ઉપર ઘણું ખડ ઉગી ગયું હતું અને તેથી ઢંકાઇ ગયેલો હોવાને લીધે મારા લેવામાં તે કુવો આવ્યો નહિ. તેની આગળ હું આવી પહોંચ્યો. મારા બન્ને આગળના પગો તે કુવામાં પડી ગયા. મારા શ-

નાસતા કુવોઃ તેમાં પાત.

---

[1] એક જાતનું ઝાડ. એનાં પાંદડાં હાથીને બહુજ ભાવે છે.

રીરના પછવાડેના ભાગને પણ કાંઇ ટેકો ન હોવાથી તે પણ પછ[illegible] પડ્યું. મારૂં શરીર જબરજસ્ત હોવાથી હું કુવામાં પડ્યો અને [illegible] ભારે હોવાથી આખા શરીરે ઘાયલ થયો. પ્રથમ થોડો વખત તો [illegible] મૂર્છા આવી ગઇ, કેટલીક વારે કાંઇક ચેતના આવી, પણ મારા શરી[illegible]રને એક જરા પણ હલાવી ચલાવી શકું નહિ એવી સ્થિતિ થઇ, [illegible] મને પશ્ચાત્તાપ થવા લાગ્યો અને વિચાર ચાલ્યો કે સેવા કરના[illegible] લાંબા વખતથી પરિચયમાં આવેલા, ઉપકાર કરનાર અને આપણા[illegible] અનુરક્ત અને આજ્ઞાને અનુસરનારા તેમજ આપત્તિમાં આવી પડે[illegible] પોતાના સંબંધીઓને જે તજી દે અને કૃતઘ્નપણે માત્ર પેટભરાપણું આદરી ખરે વખતે નાસી જાય તેવા મારા જેવા પ્રાણીઓને તો આ[illegible]મજ ઘટે! અરે અરે! મારી નિર્લજ્જતા તો જુઓ! હજુ પણ મ[illegible] યુથાધિપતિ (ટોળાનો ઉપરી) એ શબ્દ પ્રિય લાગે છે! માટે હ[illegible] વિચાર કરવાની શી જરૂર છે? આ તો જેવાં કર્યાં તેવાં ભોગવી[illegible]યે છીએ, માટે હવે એ સંબંધી મનમાં કાંઇ ખેદ કરવો નહિ. આ[illegible] વિચારોથી-ભાવનાથી મારા મનમાં જરા મધ્યસ્થતા પ્રાપ્ત થઇ-મ[illegible] જરા નિરાંત વળી, થતી વેદના મેં સહન કરી અને તે અવસ્થા[illegible] શાન્ત રાત પસાર કરી.

પંચાક્ષપશુસંસ્થાનથી આગળ પ્રયાણ.

હવે ભવિતવ્યતા મારા ઉપર પ્રસન્ન થઇ અને કહેવા લાગી [illegible]

પુણ્યોદય-
ની સહાય.

'સાબાશ! આર્યપુત્ર! સાબાશ! તારા અધ્યવસા[illegible] (આત્માના વિચારો) સુંદર છે. તેં ઘણું આકરું દુ[illegible] સહન કર્યું છે. તારી આવા પ્રકારની ચેષ્ટાથી હું તારા ઉપર રાજી થઇ છું તેથી હું હવે તને બીજા નગરમાં લઇ જઇશ.' મેં જવાબમાં 'જેવી દેવીની આજ્ઞા' એમ કહ્યું. [illegible] મહાદેવી ભવિતવ્યતા-મારી સ્ત્રીએ એક સુંદર આકારવાળો પુ[illegible] બનાવ્યો અને આદરથી કહ્યું "હું તારા પર પ્રસન્ન થઇ છું તેથી તારી સહાયમાં આ પુણ્યોદય[1] નામના પુરૂષને મોકલું છું. હવે તારે તેની સાથે જવું. એ તને ઘણા પ્રકારની મદદ કરશે." જેવી દેવીની આજ્ઞા[illegible]

---

૧ પુણ્યોદય. [illegible]

એમ ફરીવાર મેં કહ્યું. આ વખતે મને ભવિતવ્યતાએ જે ગોળી આ- પાઈ આપી હતી તે પુરી થઈ ગઈ. ભવિતવ્યતાએ તે વખતે મને એક બીજી ગોળી આપીને કહ્યું 'આર્યપુત્ર! તું અહીંથી જઈશ ત્યારે આ પુણ્યોદય તારો ગુપ્ત સહોદર (એકજ પેટમાં ઉત્પન્ન થનાર) બંધુ અને મિત્ર થઈને તારી સાથે રહેશે.'

* * *

* * * *

ભવ્યપુરુષને સુંદાશરનો પ્રશ્ન.

આ પ્રમાણે સંસારીજીવ કહેતો હતો ત્યારે ભવ્યપુરુષે પ્રજ્ઞા- વિશાલાના કાન નજીક જઈને પૂછ્યું "[2]માડી! (સંસારીજીવ તરફ આંગળી કરીને) આ પુરુષ કોણ છે? તેણે શેની કથા કરવા માંડી છે? અસંવ્યવહાર વિગેરે તે નગરો તે ક્યાં? આ ગોળી જે એક એક વખત આપવામાં આવે છે ત્યારે નવીન નવીન રૂપો ધારણ કરાવે છે અને વિધ વિધ પ્રકારનાં સુખો અને દુઃખોનો અનુભવ કરાવે છે તે શું? એકજ પુરુષની આટલા બધા વખત સુધી એક ને એક ઠેકાણે રહેવાની વાત કેવી રીતે હોઈ શકે? વળી મનુષ્ય પ્રાણીના કીડી અને કરમીયાં અને એવાં એવાં બીજાં રૂપો કેવી રીતે હોઈ શકે? મને તો આ ચોરની આખી વાર્તા કોઈના ભેજામાંથી નીકળી હોય તેની આ- લજાળ જેવી કલ્પિત લાગે છે! આ સર્વ બાબતનો ભાવાર્થ શું છે તે માતાજી! મને કહો."

પ્રજ્ઞાવિશાલાનો સ્પષ્ટ ખુલાસો.

પ્રજ્ઞાવિશાલાએ કહ્યું "આ ચોરનું હાલનું વિશેષ રૂપ શું છે તે તેણે હજુ સુધી કહ્યું નથી. સામાન્ય રૂપે તો તે સંસારીજીવ નામનો પુરુષ છે. તેણે સંસારીજીવના નામથી પોતાનું ચરિત્રજ કહ્યું છે. આ સર્વ હકીકત કેવી રીતે ઘટાવવી—આગળ પાછળ બંધબેસતી કરવી તે હવે હું તને સમજાવું છું. અસાંવ્યાવહારિક જીવરાશિ (અ- વ્યવહારી નિગોદ) તે અસંવ્યવહાર નગર સમજવું. પૃથ્વી, અપ્ (જળ), અગ્નિ, વાયુ અને વનસ્પતિરૂપ પાંચે એકેંદ્રિયની જાતિઓ સમજવી અને તેઓને ઉત્પન્ન થવાનું અને રહેવાનું સ્થાન તે એકાક્ષ-

---

૧ આ સર્વ કથા સંસારીજીવ અગૃહીતસંકેતાને ઉદ્દેશીને સદાગમ સમક્ષ કહી બતાવે છે અને ભવ્યપુરુષ તથા પ્રજ્ઞાવિશાલા પણ સાંભળવામાં ભાગ લે છે.

૨ પ્રજ્ઞાવિશાલા ભવ્યપુરુષની ધાવમાતા છે તેથી 'માડી' કહીને તે તેને બોલાવે છે.

નિવાસ નગર સમજવું. બે ઇંદ્રિયવાળા જીવો, ત્રણ ઇંદ્રિયવાળા જીવો અને ચાર ઇંદ્રિયવાળા જીવો જેઓને માટે વિકલેંદ્રિયની સંજ્ઞા વાપરવામાં આવી છે તેઓને ઉત્પન્ન થવાનું અને વસવાનું સ્થાન તેને વિકલાક્ષનિવાસ નામનું નગર કહેવામાં આવ્યું છે. પાંચ ઇંદ્રિયવાળા તિર્યંચોના સ્થાનને પંચાક્ષપશુસંસ્થાનનું નામ આપવામાં આવ્યું છે. એક ભવમાં ભોગવવા યોગ્ય-ઉદયમાં આવનારાં કર્મોના સમૂહને એકભવવેદ્ય 'ગોળી' નું નામ આપવામાં આવ્યું. એ કર્મોના ઉદયથી નાના પ્રકારનાં રૂપો થાય છે અને સુખ દુઃખ વિગેરેનો અનુભવ પણ તે કર્મોનાજ ઉદયથી થાય છે. આ પુરુષ (પ્રાણી-જીવ) પોતે તો અજર અમર છે, એ કદિ જીર્ણ થતો નથી અને કદિ મરણ પામતો નથી, તેથી એ પોતે અનંત કાળ અવસ્થાન કરે (રહે, જીવે કે ફરે) તેમાં કાંઇ નવાઇ જેવું નથી, તે બરાબર યોગ્ય છે. સંસારીજીવનાં કરમીયાં કીડી વિગેરે રૂપો થાય છે. એમાં નવાઇ જેવું શું છે? હજુ તું બાળક છો, મુગ્ધ છો, તેથી આ બધી હકીકત જાણતો નથી. બાકી ભાઇ! આ દુનિયામાં ત્રણ ભુવનમાં એવું કોઇ પણ ચરિત્ર નથી કે જે આ સંસારીજીવના સંબંધમાં બનતું ન હોય, તેથી ભાઇ! તેના સંબંધમાં જે જે હકીકત બની હોય તે તે સર્વ તેને કહી જવા દે. [1]પછી હું ફુરસદે એ સર્વનો ભાવાર્થ તને સમજાવીશ." ભવ્યપુરુષે પોતાની ધાત્રી-પ્રજ્ઞાવિશાલાની આજ્ઞા પોતાના માથા પર ચઢાવી.

* * * * *

ઉપસંહાર.

उत्पत्तिस्तावदस्यां भवति नियमतो वर्यमानुष्यभूमौ,
भव्यस्य प्राणभाजः समयपरिणतेः कर्मणश्च प्रभावात्;
एतच्चाख्यातमत्र प्रथममनु ततस्तस्य बोधार्थमित्थं,
प्रक्रान्तोऽयं समस्तः कथयितुमतुलो जीवसंसारचारः.

स च सदागमवाक्यमपेक्ष्य भो, जडजनाय च तेन निवेद्यते;
बुधजनेन विचारपरायणस्तदनु भव्यजनः प्रतिबुध्यते.

સમયપરિણતિ (કાળપરિણતિ) અને કર્મના પ્રભાવથી ભવ્ય પ્રાણીની ઉત્પત્તિ ઉત્તમ મનુષ્યભૂમિમાં ત્યારપછી થાય છે. આ હકીકત હવે[2] કહેવામાં આવશે અને ત્યારપછી આ સર્વ હકીકત અને

1 આનો બરાબર ખુલાસો આઠમા પ્રસ્તાવમાં થશે.
2 આવતા પ્રસ્તાવોમાં.

જીવનું સંસારમાં ચલન જેની બીજા સાથે સરખામણી થાય તેમ નથી તે તેના બોધને માટે કહેવામાં આવશે. સદાગમના વાક્યને અનુસારે તે સંસારચાર જડ બુદ્ધિવાળી અગૃહીતસંકેતાને કહેવામાં આવે છે તે સાંભળીને બુધ સમજુ (પ્રજ્ઞાવિશાલા) અને ત્યારપછી વિચારશીળ ભવ્યપુરુષ પ્રતિબોધ પામે છે.

प्रस्तावेऽत्र निवेदितं तदतुलं संसारविस्फूर्जितं,
धन्यानामिदमाकलय्य विरतिः संसारतो जायते;
येषां त्वेष भवो विमूढमनसां भोः सुन्दरो भासते,
ते नूनं पशवो न सन्ति मनुजाः कार्येण मन्यामहे.

આ (બીજા) પ્રસ્તાવમાં સંસારનું સ્વરૂપ બહુ વિસ્તારથી બતાવવામાં આવ્યું છે તે સાંભળીને ભાગ્યશાળી પ્રાણીઓને સંસારથી વિરતિ થાય છે. આ સાંભળવા કે વાંચવા છતાં પણ જે મૂઢ પ્રાણીઓને આ સંસાર સારો-સુંદર લાગે છે અથવા તેના તરફ આકર્ષણ થાય છે તેઓને માટે તેઓનાં કાર્યો પરથી અમે એમ માનીએ છીએ કે તેઓ મનુષ્ય નથી પણ પશુ છે.

इत्युपमितभवप्रपञ्चायां कथायां संसारीजीवचरिते
तिर्यग्गतिवर्णनो नाम द्वितीयः प्रस्तावः

ઉપમિતિ ભવ પ્રપંચા કથામાં સંસારીજીવના ચરિત્રને
અંગે તિર્યગગતિ વર્ણન નામનો આ બીજો પ્રસ્તાવ
સમાપ્ત થયો.

इति द्वितीयः प्रस्तावः



પરિશિષ્ટ.

નિગોદનું સ્વરૂપ.[1]

આ સંસારમાં સર્વથી અધિક દુઃખ ભોગવનારા જીવો નિગોદના નામે ઓળખાય છે, તેઓને [illegible] માત્ર શરીર જ હોવાથી તેઓ શરીર સંબંધી પીડા અનુભવે છે. [illegible] અવ્યક્તપણું હોવાથી તેઓ તે પીડા ભોગવતાં આર્ત્ત રૌદ્રધ્યાન કરીને કર્મ બાંધી શકતા નથી. માત્ર વિપાકોદયવડે જ કર્મ ખપાવ્યા કરે છે. [illegible] પણ છે. [illegible] કેટલાક કર્મપ્રકૃતિ [illegible] પણ બાંધે છે, પરંતુ તેની અહીં વિવક્ષા કરવામાં આવી નથી.

નિગોદ બે પ્રકારની છેઃ સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદ. **સૂક્ષ્મ નિગોદ** તે સૂક્ષ્મ વનસ્પતિકાય જીવો સમજવા. સૂક્ષ્મ પાંચ પ્રકારના સ્થાવરો પૈકી માત્ર વનસ્પતિકાય જ નિગોદ છે, અને તેજ એક શરીરમાં અનંત જીવવાળી રહેલ છે. બાકીના ચાર સ્થાવર સૂક્ષ્મો જો કે અદૃશ્યાદિક ગુણોવડે વનસ્પતિકાય જેવા છે, પરંતુ તેઓ પ્રત્યેક શરીરી છે, અને તેની ગણના વ્યવહારરાશિમાં કરેલી છે.

નિગોદનો બીજો પ્રકાર **બાદર નિગોદ** છે, તે કંદાદિકની માફક સાધારણ વનસ્પતિ તરીકે ઓળખાય છે. કંદમૂળ, લીલ, ફુલ વિગેરેનો તેની અંદર સમાવેશ થાય છે. તે છદ્મસ્થ અને ચર્મચક્ષુવાળા જીવોને દૃશ્ય છે, પરંતુ તેની અંદર પણ એક શરીરમાં અનંતા જીવોની સ્થિતિ છે. નિગોદ નામ (બન્ને જાતિમાં) તેના શરીરનું છે. તેવાં શરીરો અસંખ્યાતાં છે, અને દરેક શરીરમાં જીવો અનંતા હોવાથી તે બધા જીવો અનંતા છે. નવ પ્રકારના અનંતા પૈકી સૂક્ષ્મ બાદર નિગોદના સર્વ જીવો તેમજ એક નિગોદમાં રહેલા જીવો આઠમે-મધ્ય અનંતાનંતે છે. કોઇ પણ કાળે સર્વજ્ઞને પ્રશ્ન કરવામાં આવે તો ઉત્તર એજ મળે કે—બાદર અથવા સૂક્ષ્મ એક નિગોદમાં રહેલા જીવોનો અનંતમો ભાગ સિદ્ધિપદને પામેલો છે.

બાદર નિગોદ કરતાં સૂક્ષ્મ નિગોદમાં જીવની સંખ્યા વિશેષ છે (અસંખ્યાત ગુણી છે).

બાદર સ્થાવર જીવોમાં એક પર્યાપ્તાની નિશ્રાએ અસંખ્યાતા અપર્યાપ્તા રહેલા હોય છે, ત્યારે સૂક્ષ્મ સ્થાવરમાં તેથી વિપરીતપણું છે એટલે કે તેમાં એક અપર્યાપ્તાની નિશ્રાએ સંખ્યાતા પર્યાપ્તા જીવો રહેલા છે.

બે પ્રકારની નિગોદ પૈકી સૂક્ષ્મ નિગોદ તે **અવ્યવહારરાશિ** છે. તેમાં અનંત કાળથી તેજ અવસ્થાએ રહેલા અનંતા જીવો છે. બાદર નિગો-

---

૧ આ બીજા પ્રસ્તાવમાં નિગોદની હકીકત આવી છે તે બહુ જાણવાલાયક છે, તેથી નિગોદસ્વરૂપ અત્ર આપ્યું છે. આ આખો લેખ શેઠ કુંવરજી આણંદજીએ લખ્યો છે અને તે આચાર્ય શ્રી આનંદસાગરજી તેમજ બીજા વિદ્વાન્ સાધુઓએ સંમત કર્યો છે.

તેને વ્યવહારરાશિ કહેલી છે, કારણ કે તે જીવો વ્યવહારમાં આવ્યા કરે છે. એક વાર સૂક્ષ્મ નિગોદરૂપ અવ્યવહારરાશિમાંથી નીકળેલો જીવ ફરીને સૂક્ષ્મ નિગોદમાં જાય તોપણ તે વ્યવહારરાશિઓજ કહેવાય છે અને તે અમુક કાળે (અનંતી ઉત્સર્પિણી અવસર્પિણીએ) પાછો તેમાંથી નીકળીને બીજી બહારની જીવજાતિમાં જરૂર આવે છે.

વ્યવહારરાશિમાં રહેલા જીવો સર્વે મોક્ષે જવાના છે એવો નિશ્ચય નથી, કારણ કે તેમાં અનાદિ કાળથી બાદર નિગોદ રહેલી છે કે જેનો અનંતમો ભાગજ મોક્ષે ગયેલ છે અને જવાનો છે, તેમજ વ્યવહારરાશિમાં રહેલા અનંતા અભવ્ય જીવો છે કે જેઓ કદાપિ મોક્ષે જવાનાજ નથી. (અભવ્ય જીવો ચોથે-જઘન્ય યુક્ત અનંતે છે.) તેમજ અવ્યવહારરાશિમાં રહેલા સર્વ જીવો મોક્ષે જવાના નથી એમ પણ નથી, કારણ કે વ્યવહારરાશિમાંથી એક જીવ મોક્ષે જાય ત્યારે અવ્યવહારરાશિમાંથી એક જીવ વ્યવહારરાશિમાં આવે છે. આવો અચળ ક્રમ છે. માત્ર જે જીવો જાતિભવ્ય છે અને તથાપ્રકારની સામગ્રીને અભાવે અવ્યવહારરાશિમાંથી નીકળવાનાજ નથી, તેથીજ તેઓને મોક્ષની સામગ્રી મળવાની નથી અને તેવી સામગ્રીના અભાવથી તે જીવો મોક્ષે પણ જવાના નથી. જો સામગ્રી મળે તો તેઓ મોક્ષે જઇ શકે તેવા સ્વભાવવાળા છે. આ જીવોને અભવ્યની કોટે વળગેલા કહેવામાં આવે છે.

સૂક્ષ્મ નિગોદ ચૌદ રાજલોકમાં સર્વત્ર સર્વ આકાશપ્રદેશમાં રહેલી છે, અને બાદર નિગોદ તો લોકના અસંખ્યાતમા ભાગમાં રહેલ છે.

સૂક્ષ્મ નિગોદ અને બાદર નિગોદ એ તે જીવોનાં શરીરનું નામ છે. તે દરેક જીવોને તૈજસ અને કાર્મણ એ બે શરીરો તો પૃથક્ પૃથક્ છે, પણ ઔદારિક શરીર અનંત જીવોનું એકજ છે અને તેથી તે નિગોદના નામથી ઓળખાય છે. દરેક જીવ અસંખ્યાત પ્રદેશી છે, અને તેના પ્રદેશોની સંખ્યા લોકાકાશના પ્રદેશ તુલ્ય (બરાબર સરખી) છે. કોઇ પણ જીવ લઘુમાં લઘુ અવગાહના કરે ત્યારે પણ અસંખ્યાત આકાશપ્રદેશને અવગાહીનેજ રહી શકે છે. જો કે તે તે આકાશપ્રદેશે બીજા અનંત જીવોના દરેકના અસંખ્ય આત્મપ્રદેશો હોય છે તોપણ જીવોનાં અને પુદ્ગળોનો મળીને રહેવાનો સ્વભાવ હોવાથી એક એક આકાશપ્રદેશે અનંતા છુટા પરમાણુ બેથી માંડીને યાવત્ અનંતા પરમાણુના અનંતા સ્કંધો અને અનંત જીવોના અસંખ્ય અસંખ્ય આત્મપ્રદેશો પરસ્પરને બાધા કર્યા સિવાય રહી શકે છે. તે દરેક જીવના પ્રત્યેક આત્મપ્રદેશે અનંતી અનંતી કર્મવર્ગણાઓ લાગેલી હોય છે તે વર્ગણાઓ અનંત પરમાણુઓના સ્કંધોની બનેલી હોય છે.

આ પ્રમાણે પ્રત્યેક આકાશપ્રદેશે જો કે અનંતા જીવોના આત્મપ્રદેશો રહેલા છે તોપણ તેમ. જઘન્ય પદે અને ઉત્કૃષ્ટ પદે [illegible]

જ્યાં ખૂણા નીકળેલા હોય છે અને જે નિષ્કુટ કહેવાય છે ત્યાં કે રહેલા જીવોને ત્રણ દિશિનોજ આહાર મળી શકે છે, સ્પર્શના પણ દિશાનીજ તેમને હોય છે, બાકીની ત્રણ દિશાએ અલોક હોય છે, જઘન્ય પદ લાભે છે. ત્યાંના પ્રત્યેક આકાશપ્રદેશ ઉપર જીવપ્રદેશો સર્વ થોડા હોય છે. તે જઘન્ય પદના જીવપ્રદેશો કરતાં સર્વ જીવો અસં ગુણા હોય છે, અને ઉત્કૃષ્ટ પદવાળા એક એક આકાશપ્રદેશે તે સ જીવો કરતાં વિશેષાધિક જીવપ્રદેશો હોય છે. બાકી જ્યાં ચાર કે પાં દિશાનો આહાર મળી શકે છે ત્યાં મધ્યમ પદ લાભે છે.

ત્રણ, ચાર કે પાંચ દિશાથી આહાર મળે તેવા સ્થાનમાં ખંડગોળ ઉત્પન્ન થાય છે. જ્યાં છ દિશાનો આહાર મળી શકે ત્યાંજ પૂર્ણ ગોળ ઉત્પન્ન થાય છે, અને એવા ગોળામાંજ ઉત્કૃષ્ટ પદ પણ લાભે છે.

આ ખંડગોળા અને પૂર્ણ ગોળાની નિષ્પાદક નિગોદ કહેવાય છે, પરંતુ ગોળક (ગોળા) તે આકાશપ્રદેશોની રચના છે. તેનો આકાર ગોળ લાડવા જેવો હોવાથી તે ગોળક કહેવાય છે. જ્યાં ઊર્ધ્વ, અધો અને પૂર્વ પશ્ચિમા દિક ચાર મળી છએ દિશાએ લોક હોય છે ત્યાં પૂર્ણ ગોળા ઉત્પન્ન થાય છે, તે પ્રત્યેક અસંખ્ય આકાશપ્રદેશના બનેલા હોય છે. તે પ્રત્યેક ગોળાના એકેકા મધ્ય બિંદુ તરીકે આકાશપ્રદેશને મૂકીને બીજા મધ્ય બિંદુને આશ્રીને અસંખ્ય ગોળાઓ છએ દિશાએ ઉત્પન્ન થાય છે, તેથી તેવા પૂર્ણ ગોળાઓ પ્રસ્તુત પૂર્ણ ગોળક કરતાં પણ અસંખ્યાત ગુણા થાય છે. આવા ગોળા જ્યાં એક, બે કે ત્રણ દિશાએ અલોક હોય છે ત્યાં બની શકતા નથી, તેથી તે સ્થાને ખંડ ગોળા બને છે, અને તેથીજ ત્યાં જીવો અને જીવપ્રદેશો ઓછા હોય છે. તે હેતુથીજ ત્રણ દિશાએ અલોકવાળા સ્થાને જઘન્ય પદ કહેવામાં આવેલું છે.

આવા એક એક ગોળાના સર્વ પ્રદેશોને અવલંબીને અસંખ્ય નિગોદો રહેલી છે, કે જેની અવગાહના તે પૂર્ણ ગોળક સદૃશજ છે, પરંતુ તે પ્રસ્તુત ગોળાને અનુસરીને બીજા તે ગોળાની બહાર અસંખ્ય ગોળાઓ નિષ્પન્ન થાય છે, અને ગોળાઓની સંખ્યા કરતાં નિગોદની સંખ્યા અસંખ્યાત ગુણી થાય છે.

આવા ગોળકો પ્રસ્તુત ગોળકમાં એક એક પ્રદેશની હાનિ અને એક પ્રદેશની અન્ય તરફ વૃદ્ધિ એમ કરતાં જૂદાં જૂદાં મધ્ય બિંદુ કલ્પવાથી અસંખ્યાતા બને છે. તે સંબંધી વધારે સમજુતી **નિગોદષટ્ત્રિંશિકા** પ્રકરણમાં આપેલી છે, તે ગુરુગમથી સમજવા લાયક છે. સ્વયમેવ સમજવા જતાં કેટલીક વાત સમજાતી નથી અને કેટલીક વાત એવી રીતે અન્યથા સમજાઇ જાય છે કે તેને સુધારતાં બહુ વિલંબ લાગે છે, માટે પ્રથમથી ગુરુ મહારાજ પાસેજ આ વિષય સમજવા યોગ્ય છે.

વ્યવહાર નયે જેટલા પૂર્ણ ગોળક છે, તેટલાંજ ઉત્કૃષ્ટ પદ છે.

નિશ્ચય નય આ સંબંધમાં એટલું વિશેષ કહે છે કે—જ્યાં બાદર નિગોદ કંદાદિ રહેલ હોય તે આકાશપ્રદેશો તેમજ બાદર નિગોદમાંથી અને સૂક્ષ્મ નિગોદમાંથી નીકળેલા પણ તે બે પ્રકારની નિગોદમાંજ ઉપજવાના જીવોના આત્મપ્રદેશો તેમજ તે બન્ને પ્રકારની નિગોદમાં ઉપજવા આવતા અન્ય પૃથ્વીકાયાદિ જીવોના આત્મપ્રદેશો જ્યાં વધારે લાભે ત્યાં ત્યાં ઉત્કૃષ્ટ પદ સમજવું, જેથી ગોળક અને ઉત્કૃષ્ટ પદ એ બે સરખાં નહીં થાય, પણ ઉત્કૃષ્ટ પદ ગોળા કરતાં ઓછાં થશે. બાકી બાદર નિગોદ વિગેરેના આશ્રય વિના તો તેની સમાનતાજ થશે.

ગોળા અસંખ્યાતા છે, અને તે પ્રત્યેક ગોળામાં અસંખ્ય નિગોદ તો તેટલીજ અવગાહનાવાળી રહેલી છે. બાકી વધતી ઘટતી અવગાહનાવાળી નિગોદો અસંખ્યાત ગુણી છે અને તે પ્રત્યેક નિગોદમાં અનંતા જીવો રહેલા છે. તે દરેક નિગોદના જીવો સિદ્ધના જીવો કરતાં અનંતગુણા છે. સિદ્ધના જીવો પાંચમે (મધ્યમ યુક્ત) અનંતે છે, અને આ એક નિગોદમાં રહેલા જીવો આઠમે અનંતે છે. સમકિત પામ્યા પછી પતિત થયેલા જીવો કે જેઓ અર્ધ પુદ્ગળપરાવર્તથી અંદર ફરી સમકિત પામીને મોક્ષે અવશ્ય જવાનાજ છે તેવા જીવો **અભવ્ય કરતાં અનંતગુણા** છે, તે પણ પાંચમે અનંતે છે. પાંચમા અનંતાનાં અનંતાં સ્થાનો હોવાથી આ સંખ્યા અબાધિતપણે ઘટી શકે છે. સિદ્ધના જીવોમાં નિરંતર વૃદ્ધિ થતી જાય છે, છતાં તે પાંચમે અનંતે તે કારણથીજ ગણી શકાય છે. પુદ્ગળપરાવર્તનો કાળ અનંતો હોવાથી અર્ધ પુદ્ગળપરાવર્ત જેટલા કાળમાં પ્રથમના પડવાઇ જીવો મોક્ષે જાય છે અને બીજા પણ લગભગ તેટલા જીવો નવા પડવાઇ થાય છે.

ક્ષેત્રવિચારણાએ પ્રત્યેક ગોળકની તેમજ પ્રત્યેક નિગોદની અવગાહના અંગુળના અસંખ્યાતમા ભાગની અને અસંખ્ય આકાશપ્રદેશની છે. બાદર નિગોદની અવગાહના પણ અંગુળના અસંખ્યાતમા ભાગની છે, અને તેમાં પણ દરેક નિગોદ (શરીર)માં અનંતા જીવો છે. દરેક જીવનું તૈજસ અને કાર્મણ એ બે શરીર જૂદાં જૂદાં છતાં ઔદારિક શરીર જૂદું જૂદું નથી.

નિગોદનું સ્વરૂપ એટલું બધું સૂક્ષ્મ અને માત્ર કેવળીગમ્ય છે કે જેને માટે શાસ્ત્ર ઉપર અને પરમાત્માની વાણી ઉપરજ આધાર રાખવાથી સમજાય છે. અતીંદ્રિય પદાર્થ માત્ર શ્રદ્ધાવડેજ ગ્રાહ્ય થઇ શકે છે. તે છતાં ગુરુગમથી તે સ્વરૂપ મેળવીને પૂર્વ પુરુષોએ અનેક ગ્રંથોમાં અને સૂત્રમાં તેમજ તેની વૃત્તિઓમાં તેનું સ્વરૂપ વિસ્તારથી વર્ણવ્યું છે. **લોકપ્રકાશના** દ્રવ્યલોકવાળા પ્રથમ વિભાગમાં શ્રીવિનયવિજય ઉપાધ્યાયે પણ નિગોદનું સ્વરૂપ બહુ સારી રીતે વર્ણવ્યું છે, તેમાંથી તેમજ **નિગોદપટ્ત્રિંશિકા**માંથી ગુરુદ્વારા સમજીને આ સ્વરૂપ અહીં સંક્ષિપ્ત લખેલું છે. વિશેષના ખપી જીવોને તે તે ગ્રંથો વાંચી જોવા વિજ્ઞપ્તિ છે.

ઇતિ નિગોદવિચાર.



શ્રી

ઉપમિતિ ભવપ્રપંચા કથા.

તૃતીય પ્રસ્તાવ.

અવતરણ.

તૃતીય પ્રસ્તાવ.

વૈશ્વાનર (ક્રોધ) ને અંગે.

સ્થળ.	મુખ્ય પાત્રો.			સામાન્ય પાત્રો.
જયસ્થળ નગર.	પદ્મ.	રાજા		
	નંદા.	પદ્મ રાજાની રાણી.		
	નંદિવર્ધન.	સંસારીજીવ. પદ્મરાજાનો પુત્ર.	પ્રમોદકુળ.	[illegible]
	બુદ્ધિસમુદ્ર.	કળાચાર્ય.	રાજકુમારો.	[illegible]
	વિદુર.	રાજસેવક.	મતિધન.	
	જિનમતજ્ઞ.	નિમિત્તિયો.	બુદ્ધિવિશાળ.	નંદિવર્ધનના મિત્રો.
	વૈશ્વાનર.	ધાવપુત્ર. અંતરંગરાજ્યે નંદિ૰નો મિત્ર.	પ્રજ્ઞાકર.	
	પુણ્યોદય.	નંદિવર્ધનનો અંતરંગ મિત્ર.	સર્વરોચક.	
			સ્ફુટવચન.	શાર્દૂલપુરના રાજા અરિદમનનો દૂત. જેનું મૃત્યુ [illegible] નંદિવર્ધનને હાથે થાય છે તે.

અંતરંગ નગર.

ચિત્તસૌંદર્ય.	નગર.
શુભપરિણામ.	રાજા.
નિષ્પ્રકંપતા.	(પહેલી)રાણી.
ક્ષાંતિ.	નિષ્પ્રકંપતાની દીકરી.
ચારૂતા.	(બીજી) રાણી.
દયા.	ચારૂતાની દીકરી.

સ્પર્શન પ્રબંધ.

ક્ષિતિપ્રતિષ્ઠિત નગર.
અંતરંગ પાત્રો.

કર્મવિલાસ.	રાજા.
શુભસુંદરી.	રાણી. મનીષીની મા.
અકુશળમાલા.	રાણી. બાળની મા.
સામાન્યરૂપા.	રાણી. મધ્યમબુદ્ધિની મા.
મનીષી.	કર્મવિલાસનો પુત્ર. (શુભસુંદરીનો પુત્ર)
બાળ.	કર્મવિલાસનો પુત્ર. (અકુશળમાલાનો પુત્ર)
મધ્યમબુદ્ધિ.	કર્મવિલાસનો પુત્ર. (સામાન્યરૂપાનો પુત્ર)
સ્પર્શન.	બાળનો ખાસ મિત્ર.
બોધ.	મનીષીનો અંગરક્ષક.
પ્રભાવ.	બોધનો અંગત કાર્ય કરનાર નોકર.

ભવજંતુ. સ્પર્શનપ્રસંગમુક્ત મોક્ષગામી મહાપુરૂષ.

સ્પર્શન મૂળશુદ્ધિ.

રાજસચિત્ત નગર.
(અંતરંગ)

રાગકેશરી.	રાજસચિત્ત નગરનો રાજા.
વિષયાભિલાષ.	રાગકેસરી રાજાનો મંત્રી.

વિપાક. પ્રભાવને સર્વ હકીકત બતાવનાર રાજસચિત્ત નગરનો નાગરીક.

મહામોહ. રાગકેશરીનો પિતા. મોટો રાજા.

સંતોષ. સદાગમનો અનુચર, સ્પર્શનનો કટ્ટો શત્રુ.

અંતરકથા. મિથુનદ્વય.

તથાવિધ. નગર. **ભોગતૃષ્ણા.**

આર્જવ.

ઋજુ. રાજા. **અજ્ઞાન.**

પાપ.

પ્રગુણા. રાણી.

મનુષ્યમિથુન.
- **મુગ્ધ.** કુમાર. ઋજુ રાજાનો પુત્ર.
- **અકુટિલા.** મુગ્ધની સ્ત્રી.

વ્યંતરમિથુન.
- **કાલજ્ઞ.** વ્યંતર.
- **વિચક્ષણા.** વ્યંતરી.

પ્રતિબોધ. કેવળજ્ઞાની આચાર્ય.

શુભાચાર. ઋજુરાજાનો નાનો પુત્ર.

વ્યંતર. કામદેવમંદિરનો અધિષ્ઠાયક.

કુશસ્થળ નગર. **નંદન.** રાજપુરુષ, બાળના ખબર આપનાર.

ક્ષિતિપ્રતિષ્ઠિત. બહિરંગ પાત્રો.

શત્રુમર્દન. રાજા.

મદનકંદલી. રાણી.

વિભીષણ. શત્રુમર્દનના અંતઃપુરનો રાજસેવક.

પ્રબોધનરતિ. આચાર્ય.

	સુબુદ્ધિ.	શત્રુમર્દનરાજાનો મંત્રી.		
			પ્રબળ.	સેનાપતિ-કુમારપાસે સમાચાર લાવનાર.
કુશાર્તપુર નગર (ચાલુ)	કનકચૂડ.	જયસ્થળ નગરનો રાજા. કનકશેખરનો પિતા અને નંદિવર્ધનનો મામો.		
	કનકશેખર.	કુશાર્તપુરના રાજા કનકચૂડનો દીકરો. નંદિવર્ધનના મામાનો દીકરો.		
			ચતુર.	કનકશેખર કુમારનો અંગરક્ષક.
			સુમતિ. વરાંગ. કેશરી.	કનકશેખરને પાછા તેડવા આવેલા ત્રણ પ્રધાનો.
			શૂરસેન.	કનકચૂડરાજાનો ચોથો પ્રધાન. જેને વિમલાનના રત્નવતીનું આતિથ્ય કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું તે.
			કપિંજલા.	વૃદ્ધ ગણિકા. કનકમંજરીની ધાવમાતા. રથકારને મળી નંદિવર્ધન સાથે યોગ કરાવી આપનાર.
			ચૂતમંજરી.	કનકચૂડ રાજાની રાણી. કનકશેખરની માતા.
			મલયમંજરી.	કનકચૂડરાજાની બીજી રાણી. કનકમંજરીની માતા અને નંદિવર્ધનની સાસુ.
			મણિમંજરી.	કનકચૂડરાજાની દીકરી. કનકમંજરીની મોટી બ્હેન
	કનકમંજરી.	નંદિવર્ધનની બીજી રાણી. કુશાર્તપુરના રાજા કનકચૂડની દીકરી. તેની માતા મલયમંજરી.		

વિશાળા નગરી. (બાહ્ય)

નંદન. વિશાળા નગરીનો રાજા. નંદિવર્ધનનો સાસરો.

પ્રભાવતી. નંદનરાજાની રાણી. વિમલાનનાની માતા.

પદ્માવતી. નંદનરાજાની રાણી. રત્નવતીની માતા.

વિમલાનના. નંદન રાજાની દીકરી. કનકશેખરની પત્ની.

રત્નવતી. નંદનરાજાની દીકરી. નંદિવર્ધનની પત્ની.

વિકટ. નંદનરાજાનો દૂત. વિમલાનના રત્નવતીને કુશાર્તપુરે લઇ આવનાર.

દારૂક. દૂત. કુશાર્તપુરમાં નંદિવર્ધનને બોલાવવા આવનાર.

કનકપુર. (બાહ્ય)

વિભાકર. કનકપુરનો રાજવારસ. વિમલાનનાને પરણવા ઇચ્છનાર.

પ્રભાકર—કનકપુરનો રાજા.

બંધુસુન્દરી—પ્રભાકર રાજાની રાણી.

પ્રવરસેન. વિષમકૂટ પર્વતપરના અંબરીષ નામના બારવટીઆઓનો ઉપરી.

સમરસેન. કલિંગદેશનો રાજા. વિભાકરનો સહાયક.

દ્રુમ. વંગદેશનો રાજા. વિભાકરનો મામો અને સહાયક.

અંતરંગનગર. **રૌદ્રચિત્તપુર** (હિંસા)

રાજા. **દુષ્ટાભિસન્ધિ.**

રાણી. **નિષ્કરૂણતા.**

દીકરી. **હિંસા.**

અંતરંગનગર. **તામસચિત્ત** (ક્રોધ).

રાજા. **દ્વેષગજેન્દ્ર.**

રાણી. અવિવેકિતા.
પુત્ર. વૈશ્વાનર.
નગર. શાર્દૂલપુર.
(અંતરંગ)

અરિદમન. રાજા, જેણે પોતાની દીકરી નંદિવર્ધનને આપવાનું રત્નચૂડ સાથે કહેવરાવ્યું હતું.

રતિચૂલા. તેની રાણી.

મદનમંજૂષા. અરિદમન રાજાની દીકરી.

વિવેકાચાર્ય. કેવળી. શાર્દૂલપુરમાં આવી રાજાના સંશય છેદનાર.

ધરાધર. વિજયપુરના રાજાનો દીકરો, વૈશ્વાનરથી બળેલો અને નંદિવર્ધન સાથે લડી તેની સાથે પણ ભવ ફેરાને અટકનાર.

રત્નચૂડ. કનકપુરી નગરનો રાજા. વીમ- નિકેતન નામની જોરની પત્નીનો નાયક.

વિમલમતિ. અરિદમનનો મંત્રી.

કેતુદત્તસાન. અરિદમન રાજાનો પ્રધાનપુત્ર.

વિશાળા નગરી. (ભાગ)

નંદન. વિશાળા નગરીનો રાજા. નંદિવર્ધનનો સાસરો.

પ્રભાવતી. નંદનરાજાની રાણી. વિમલાનનાની માતા.

પદ્માવતી. નંદનરાજાની રાણી. રત્નવતીની માતા.

વિમલાનના. નંદન રાજાની દીકરી. કનકશેખરની પત્ની.

રત્નવતી. નંદનરાજાની દીકરી. નંદિવર્ધનની પત્ની.

વિકટ. નંદનરાજાનો દૂત. વિમલાનના રત્નવતીને કુશાર્તપુરે લઇ આવનાર.

દારૂક. દૂત. કુશાર્તપુરમાં નંદિવર્ધનને બોલાવવા આવનાર.

કનકપુર. (ભાગ)

વિભાકર. કનકપુરનો રાજવારસ. વિમલાનનાને પરણવા ઇચ્છનાર.

પ્રભાકર—કનકપુરનો રાજા.

બંધુસુન્દરી—પ્રભાકર રાજાની રાણી.

અમરસેન. વિષમકૂટ પર્વતપરના અંબરીષ નામના બારવટીઆઓનો ઉપરી.

સમરસેન. કલિંગદેશનો રાજા. વિભાકરનો સહાયક.

અંતરંગનગર. રૌદ્રચિત્તપુર (હિંસા)
રાજા. દુષ્ટાભિસન્ધિ.

રાણી. નિષ્કરૂણતા.
દીકરી. હિંસા.

અંતરંગનગર. તામસચિત્ત (ક્રોધ).
રાજા. [illegible]

[illegible]

રાણી. અવિવેકિતા.
પુત્ર. વૈશ્વાનર.
નગર. શાર્દૂલપુર.
(બહિરંગ)

અરિદમન.	રાજા. જેણે પોતાની દીકરી નંદિવર્ધનને આપવાનું સ્ફુટવચન સાથે કહેવરાવ્યું હતું.
રતિચૂલા.	તેની રાણી.
મદનમંજૂષા.	અરિદમન રાજાની દીકરી.
વિવેકાચાર્ય.	કેવળી. શાર્દૂલપુરમાં આવી રાજાના સંશય છેદનાર.
ધરાધર.	વિજયપુરના રાજાનો દીકરો, વૈશ્વાનરથી ભરેલો અને નંદિવર્ધન સાથે લડી તેની સાથે ઘણા ભવ વૈરભાવે ભટકનાર.
રણવીર.	કનકપુરની નજીક આવેલ ભીમનિકેતન નામની ચોરની પલ્લીનો નાયક.
વિમલમતિ.	અરિદમનનો મંત્રી.
સ્ફુટવચન.	અરિદમન રાજાનો પ્રધાનપુરુષ.

રાણી. અવિવેકિતા.
પુત્ર. વૈશ્વાનર.
નગર. શાર્દૂલપુર. (બહિરંગ)

અરિદમન.	રાજા. જેણે પોતાની દીકરી નંદિવર્ધનને આપવાનું સ્ફુટવચન સાથે કહેવરાવ્યું હતું.
રતિચૂલા.	તેની રાણી.
મદનમંજૂષા.	અરિદમન રાજાની દીકરી.
વિવેકાચાર્ય.	કેવળી. શાર્દૂલપુરમાં આવી રાજાના સંશય છેદનાર.
ધરાધર.	વિજયપુરના રાજાનો દીકરો, વૈશ્વાનરથી બળેલો અને નંદિવર્ધન સાથે લડી તેની સાથે ઘણા ભવ વૈરભાવે ભટકનાર.
રણવીર.	કનકપુરની નજીક આવેલ ઓમનિકેતન નામની ચોરની પલ્લીનો નાયક.
વિમલમતિ.	અરિદમનનો મંત્રી.
સ્ફુટવચન.	અરિદમન રાજાનો પ્રધાનપુરુષ.

ॐ परमात्मने नमः

શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા

તૃતીય પ્રસ્તાવ.

અવતરણ.

પ્રકરણ ૧ લું.

નંદિવર્ધન અને વૈશ્વાનર.

નિ[illegible]

[illegible]

નંદિવર્ધનનો જન્મ-મહોત્સવ.

[illegible]

છે. તે નગરમાં મોટા રાજાને યોગ્ય સર્વ ગુણોથી ભરપૂર પદ્મ નામના રાજા હતા. કામદેવની સ્ત્રી રતિના જેવી તે પદ્મ રાજાને નંદા નામની રાણી હતી. ભવિતવ્યતાએ મને તે નંદા દેવીની કુખમાં દાખલ કર્યો અને તે રાણીના ગર્ભમાં ઉચિત વખત સુધી હું રહ્યો. ત્યારપછી પુણ્યોદય નામનો સહચારી મને [1]આપવામાં આવ્યો હતો તેની સાથે હું મારી માતાની કુખમાંથી બહાર નીકળ્યો, નંદા રાણીએ મને જોયો અને પોતાને પુત્ર થયો એવું અભિમાન[2] તેને થયું. તે વખતે પ્રમોદકુંભ નામનો એક દાસીનો પુત્ર હતો તેણે ઉતાવળથી જઇને પદ્મ મહારાજાને મારા જન્મની વધામણી આપી. એ હકીકત સાંભળીને મહારાજાને બહુ આનંદ[3] થયો અને અત્યંત હર્ષ થવાને લીધે આખા શરીરના સર્વ અવયવોમાં રોમાંચ ખડા થઇ ગયા. જે છોકરો વધામણી લઇને આવ્યો હતો તેને ઇનામ આપવામાં આવ્યું અને મહારાજાએ મારા જન્મનો મહોત્સવ કરવા માટે આજ્ઞા કરી. એ આજ્ઞાને અનુસરીને મોટાં મોટાં દાન આપવામાં આવ્યાં, કેદખાનામાંથી કેદીઓને છોડી દેવામાં આવ્યા, નગરદેવતાનું પૂજન કરવામાં આવ્યું, દુકાને દુકાને અને બારણે બારણે તોરણાદિ લટકાવીને શોભા કરવામાં આવી, મોટા મોટા રસ્તાઓ પર પાણી અને સુગંધી પદાર્થોનો છંટકાવ કરીને તેને શુદ્ધ કરવામાં આવ્યા, આનંદનાં વાજિંત્રો વગાડવામાં આવ્યાં, બહુ સારાં અને શ્વેત કપડાં પહેરીને નગરના લોકો રાજભુવનમાં આવવા લાગ્યા, તેઓને યથાયોગ્ય માન સન્માન આપવામાં આવ્યું, તેવા પુરુષોને યોગ્ય આચરણ તેઓ સાથે કરવામાં આવ્યું, શરણાઇ અને બીજાં વાજિંત્રો વાગવા માંડ્યાં, ગાનારી સ્ત્રીઓ ધવળ મંગળ ગાવા લાગી, [4]કંચુકી, વામન અને કુબ્જ લોકો સાથે સ્ત્રીઓ નાચવા લાગી; આવી રીતે મારા જન્મનો મહોત્સવ અતિ આનંદથી થયો. એ બનાવને એક મહીનો વીતી ગયા પછી સંસારીજીવ એવું મારૂં અસલ નામ હતું તે છુપાવીને તેને બદલે નંદિવર્ધન નામ પાડવામાં આવ્યું. હું તેઓનો પુત્ર છું એવું અભિમાન મને પણ થયું. હવે મારાં તે માતા

પુણ્યોદયનો સાથે જન્મ.

---

૧ જુઓ પૃષ્ઠ ૩૨૮.

૨ મિથ્યા જ્ઞાન અથવા ગર્વ.

૩ અહીં કર્તાએ 'અનુશય' શબ્દ વાપર્યો છે તેનો અર્થ પશ્ચાત્તાપ પણ થાય છે.

૪ કંચુકી એટલે જનાનખાનાનો નોકર. વામન (ઠીંગણા) અને કુબ્જ (કુબડા) પણ અંતઃપુરમાં નોકર હોય છે.



ॐ परमात्मने नमः

શ્રી ઉપમિતિ ભવપ્રપંચા કથા.

તૃતીય પ્રસ્તાવ.

અવતરણ.

પ્રકરણ ૧ લું.

નંદિવર્ધન અને વૈશ્વાનર.



તિર્યંચગતિમાં આ પ્રાણી હોય તે વખતે તેને [illegible] સ્થિતિને અંગે વિચિત્રપણું કેવા કેવા પ્રકારનું થાય છે તે આગાઉ બતાવી ગયા. મનુષ્યભવમાં કેવી કેવી સ્થિતિ થાય છે તે હવે કહેવામાં આવે છે:-

સદાગમની સમક્ષ રાજપુત્ર ભવ્યપુરુષ અને પ્રજ્ઞાવિશાળાની હાજરીમાં અગૃહીતસંકેતાને ઉદ્દેશીને સંસારીજીવ પોતાનું ચરિત્ર આગળ ચલાવે છે:-

નંદિવર્ધનનો જન્મ-મહોત્સવ.

હે અગૃહીતસંકેતે! ત્યાર પછી એક ભવમાં ભોગવવા [illegible] હું તિર્યંચ ગતિમાંથી નીકળી ગયો અને [illegible] આ મનુજગતિ નગરી જેમાં આવેલું [illegible] ([illegible]) છે. તે [illegible] તેનું જયસ્થળ નામનું [illegible]

[illegible]

છે. તે નગરમાં મોટા રાજાને યોગ્ય સર્વ ગુણોથી ભરપૂર પદ્મ નામના રાજા હતા. કામદેવની સ્ત્રી રતિના જેવી તે પદ્મ રાજાને નંદા નામની રાણી હતી. ભવિતવ્યતાએ મને તે નંદા દેવીની કુખમાં દાખલ કર્યો અને તે રાણીના ગર્ભમાં ઉચિત વખત સુધી હું રહ્યો. ત્યારપછી પુણ્યોદય નામનો સહચારી મને [1]આપવામાં આવ્યો હતો તેની સાથે હું મારી માતાની કુખમાંથી બહાર નીકળ્યો, નંદા રાણીએ મને જોયો અને પોતાને પુત્ર થયો એવું અભિમાન[2] તેને થયું. તે વખતે પ્રમોદકુભ નામનો એક દાસીનો પુત્ર હતો તેણે ઉતાવળથી જઇને પદ્મ મહારાજાને મારા જન્મની વધામણી આપી. એ હકીકત સાંભળીને મહારાજાને બહુ આનંદ[3] થયો અને અત્યંત હર્ષ થવાને લીધે આખા શરીરના સર્વ અવયવોમાં રોમાંચ ખડા થઇ ગયા. જે છોકરો વધામણી લઇને આવ્યો હતો તેને ઇનામ આપવામાં આવ્યું અને મહારાજાએ મારા જન્મનો મહોત્સવ કરવા માટે આજ્ઞા કરી. એ આજ્ઞાને અનુસરીને મોટાં મોટાં દાન આપવામાં આવ્યાં, કેદખાનામાંથી કેદીઓને છોડી દેવામાં આવ્યા, નગરદેવતાનું પૂજન કરવામાં આવ્યું, દુકાને દુકાને અને બારણે બારણે તોરણાદિ લટકાવીને શોભા કરવામાં આવી, મોટા મોટા રસ્તાઓ પર પાણી અને સુગંધી પદાર્થોનો છંટકાવ કરીને તેને શુદ્ધ કરવામાં આવ્યા, આનંદનાં વાજિંત્રો વગાડવામાં આવ્યાં, બહુ સારાં અને શ્વેત કપડાં પહેરીને નગરના લોકો રાજભુવનમાં આવવા લાગ્યા, તેઓને યથાયોગ્ય માન સન્માન આપવામાં આવ્યું, તેવા પુરુષોને યોગ્ય આચરણ તેઓ સાથે કરવામાં આવ્યું, શરણાઇ અને બીજાં વાજિંત્રો વાગવા માંડ્યાં, ગાનારી સ્ત્રીઓ ધવળ મંગળ ગાવા લાગી, [4]કંચુકી, વામન અને કુબ્જ લોકો સાથે સ્ત્રીઓ નાચવા લાગી; આવી રીતે મારા જન્મનો મહોત્સવ અતિ આનંદથી થયો. એ બનાવને એક મહીનો વીતી ગયા પછી સંસારીજીવ એવું મારું અસલ નામ હતું તે છુપાવીને તેને બદલે નંદિવર્ધન નામ પાડવામાં આવ્યું. હું તેઓનો પુત્ર છું એવું અભિમાન મને પણ થયું. હવે મારાં તે માતા

પુણ્યોદયનો સાથે જન્મ.

---

૧ જુઓ પૃષ્ઠ ૩૨૮.

૨ મિથ્યા જ્ઞાન અથવા ગર્વ

૩ અહીં કર્તાએ 'અનુતાપ' શબ્દ વાપર્યો છે તેનો અર્થ પશ્ચાત્તાપ પણ થાય છે

૪ કંચુકી એટલે જનાનખાનાનો નોકર. વામન (ઠીંગણા) અને કુબ્જ (કુબડા) પણ અંતઃપુરમાં નોકર હોય છે.

પિતાને અનેક પ્રકારે આનંદ આપતો અને પાંચ ધાવના લાલન નથી ઉછેરાતો હું ત્રણ વર્ષની ઉમરનો થયો.

વૈશ્વાનરનો જન્મ-સ્વરૂપ.

હું અસંવ્યવહાર નગરથી આગળ ચાલ્યો ત્યારથીજ મારો બેવડો પરિવાર (કુટુંબ) હતોઃ એક [1]અંતરંગ પરિવાર અને બીજો બહિરંગ પરિવાર. આ અંતરંગ પરિવારમાં પહેલેથી એક અવિવેકિતા[2] નામની બ્રાહ્મણી મારી ધાવમાતા તરીકે કામ કરતી હતી. આ મારી ધાવ માતાએ મારો જન્મ થયો તેજ દિવસે એક છોકરાને જન્મ આપ્યો. એ છોકરાનું નામ વૈશ્વાનર[3] પાડવામાં આવ્યું. આ છોકરો ખાનગી રીતે-ગુપ્ત રીતે તો શરૂઆતથીજ મારી સાથે હતો, પરંતુ હવે તે બીજા સર્વને દેખાય—જણાય તેવા સ્પષ્ટ આકારમાં મારી સાથે થયો. મેં એ બ્રાહ્મણપુત્ર વૈશ્વાનરને જોયો ત્યારે તેનું રૂપ આવા પ્રકારનું હતુંઃ તેને નાના મોટા અને પહોળા વૈર અને કલહ[4] નામના બે પગ હતા, ૧ જાડી, કઠણ અને ટુંકી ઈર્ષ્યા અને સ્તેય[5] નામની બે જાંઘો હતી, ૨ આડી અવળી રીતે આવી રહેલા [6]અનુશય અને અનુપશમ[7] નામે બે સાથળો હતા, એક બાજુએ ઊંચું થયેલ પૈશૂન્ય[8] નામનું કેડનું હાડ લીધું હતું, પરમર્મઉદ્‌ઘાટન[9] નામનું વાંકું, ઊંચું, નીચું અને લાંબું

અંતરંગ પરિવાર.

---

૧ **અંતરંગ પરિવાર**માં અંદરનું વાસ્તવિક સ્વરૂપ-વસ્તુનું હાર્દ-તત્ત્વ સમજવું; અને **બહિરંગ** પરિવારમાં ઉપર ઉપરની દૃષ્ટિથી દેખાતાં સગાં સંબંધીએ કુટુંબીઓ સમજવાં. આ અર્થમાં **અંતરંગ** અને **બહિરંગ** શબ્દો આખા ગ્રંથમાં વારંવાર વાપરવામાં આવશે. **પદ્મ** રાજા, **નંદા** દેવી વિગેરે બહિરંગ પરિવાર સમજવો. વૈશ્વાનરનું સ્વરૂપ હાલ ચાલે છે તેનો અંતરંગ પરિવારમાં સમાવેશ થાય છે.

૨ **અવિવેકિતા**—અવિવેક—વિનય ગુણનો નાશ. આથીજ ક્રોધનો જન્મ થાય છે એ બરાબર વિચારવાથી જણાશે. વિવેકી પ્રાણીઓ ક્રોધ કરતા નથી.

૩ **વૈશ્વાનર**-આનો મૂળ અર્થ અગ્નિ થાય છે. અહીં તે ક્રોધને બતાવે છે ક્રોધ થાય ત્યારે શરીરમાંથી અગ્નિ નીકળવા માંડે છે. વૈશ્વાનર એ ક્રોધનું રૂપ સમજવું. "વૈશ્વાનર" એવું ક્રોધનું નામ પણ છે.

૪ **કલહઃ** કજીઓ, કંકાસ.

૫ **સ્તેયઃ** ચોરી.

૬ **અનુશયઃ** અત્યંત દ્વેષ, પૂર્વનું વેર.

૭ **અનુપશમઃ** શાંતિનો અભાવ, સમતાની ગેરહાજરી.

૮ **પૈશૂન્યઃ** ચાડીઆપણું, ચુગલીખોરપણું.

૯ **પરમર્મઉદ્‌ઘાટનઃ** પારકાના મર્મ-ખાનગી વાત ખુલ્લી પાડવાની ટેવ.

હતું, અંતરસંતાપ[1] નામની ઘણી સાંકડી છાતી હતી. આછા અવળા
તથા પાતળા ખાર અને મત્સર નામના બે હાથથી તે શોભતો હતો,
વાંકી ચૂંકી લાંબી ક્રૂરતા નામની ડોકથી તે લેવાયલો હતો. હોઠની બહાર
નીકળી પડેલા અને છૂટા છૂટા મોટા અસભ્યભાષણરૂપ[2] દાંતોથી
તેને અનેક પ્રકારની અડચણો પડતી હતી, તેને ઉંદરના રૂપને ધારણ
કરનાર ચંડત્વ[3] અને અસહનત્વ[4] નામના બે કાનો હતા, તેને તામસ-
સ્વભાવ નામની નાસિકા હતી જે અત્યંત બેસી ગયેલી (ચીબી) હતી
અને માત્ર એ ઠેકાણે એક નિશાનીરૂપેજ બાકી રહેલી હતી તેનાથી
તે મશ્કરી કરવાનું પાત્ર થઇ પડ્યો હતો, તેને રૌદ્રત્વ[5] અને નૃશંસત્વ[6]
નામની બે ગોળ મટોળ આંખો હતી અને તે એટલી બધી લાલ હતી
કે તેને લીધે તે ચણોઠી જેવી લાગતી હતી, એ આંખોને લીધે તેનું
રૂપ ઘણું ભયંકર લાગતું હતું, અનાર્યઆચરણ[7] નામનું ગ્રાણ ખૂણા-
વાળું તેને મોટું માથું હતું, જેનાથી તેને અનેક પ્રકારનાં નાટકો કરવા
પડતાં હતાં અને અગ્નિના ભડકા જેવા દેખાતા પરોપતાપ[8] નામના
ઘણા પીળા વાળના (મવાળાના) ગુચ્છાથી તે પોતાનું વૈશ્વાનર નામ
યથાર્થ કરી બતાવતો હતો. આવા પ્રકારના વૈશ્વાનર નામના બ્રાહ્મણ-
પુત્રનો મારી સાથેજ જન્મ થયો.

વૈશ્વાનર નંદિવર્ધનની મૈત્રી.

અનાદિ કાળના પરિચયને લીધે મારો તે વૈશ્વાનર ઉપર સ્નેહ થયો.
તે મારો સાચો મિત્ર છે એમ ધારીને મેં તેને ગ્રહણ કર્યો, પરંતુ પર-
માર્થથી તે મારો ખરેખરો શત્રુ છે એ હકીકત તે વખતે મારા સમજ
વામાં આવી નહિ. એ મારો અંતરંગનો સગો છે અને અવિવેકિતા
નામની મારી ધાવમાતાનો પુત્ર છે એમ ધારીને તે મારો મોટો હિત
કરનારો છે એવો ચોક્કસ નિર્ણય મારા મનમાં તે વખતે થયો. મારા મ-
નમાં આવા પ્રકારનો નિર્ણય થયો હતો તે વૈશ્વાનરે જોઇ લીધો. તેને

---

૧ અંતરસંતાપઃ શરીરમાં બળતરા-દાહ ચાલે, મન બળી જાય તે સ્થિતિ.
૨ અસભ્યભાષણઃ ગૃહસ્થને ન છાજે તેવાં વચનો બોલવાં તે.
૩ ચંડત્વઃ બહુ આકરી પ્રકૃતિ.
૪ અસહનત્વઃ અન્યનું બોલેલું કે કરેલું ન ખમી ખાવાની ટેવ.
૫ રૌદ્રત્વઃ ભયંકરપણું.
૬ નૃશંસત્વઃ ક્રૂરપણું.
૭ અનાર્યઆચરણઃ આર્ય પુરૂષને યોગ્ય નહિ એવા પ્રકારનું વર્તન.
૮ પરોપતાપઃ પારકાને-અન્યને પીડા ઉપજાવવી તે.

પિતાને અનેક પ્રકારે આનંદ આપતો અને પાંચ ધાવના લાલન નથી ઉછેરાતો હું ત્રણ વર્ષની ઉમરનો થયો.

વૈશ્વાનરનો જન્મ-સ્વરૂપ.

અંતરંગ પરિવાર.

હું અસંવ્યવહાર નગરથી આગળ ચાલ્યો ત્યારથીજ મારો બેવડો પરિવાર (કુટુંબ) હતો: એક [1]અંતરંગ પરિવાર અને બીજો બહિરંગ પરિવાર. આ અંતરંગ પરિવારમાં પહેલેથી એક અવિવેકિતા[2] નામની બ્રાહ્મણી મારી ધાવમાતા તરીકે કામ કરતી હતી. આ મારી ધાવ માતાએ મારો જન્મ થયો તેજ દિવસે એક છોકરાને જન્મ આપ્યો. એ છોકરાનું નામ વૈશ્વાનર[3] પાડવામાં આવ્યું. આ છોકરો ખાનગી રીતે-ગુપ્ત રીતે તો શરૂઆતથીજ મારી સાથે હતો, પરંતુ હવે તે બીજા સર્વને દેખાય—જણાય તેવા સ્પષ્ટ આકારમાં મારી સાથે થયો. મેં એ બ્રાહ્મણપુત્ર વૈશ્વાનરને જોયો ત્યારે તેનું રૂપ આવા પ્રકારનું હતું: તેને નાના મોટા અને પહોળા વૈર અને કલહ[4] નામના બે પગ હતા, જાડી, કઠણ અને ટુંકી ઈર્ષ્યા અને સ્તેય[5] નામની બે જાંઘો હતી, અડું આડી અવળી રીતે આવી રહેલા [6]અનુશય અને અનુપશમ[7] નામના બે સાથળો હતા, એક બાજુએ ઊંચું થયેલ પૈશૂન્ય[8] નામનું કેડનું ત બીયું હતું, પરમર્મઉદ્ઘાટન[9] નામનું વાંકુ, ઊંચું, નીચું અને લાંબું પેટ

---

૧ **અંતરંગ પરિવારમાં** અંદરનું વાસ્તવિક સ્વરૂપ-વસ્તુનું હાર્દ-તાત્ત્વ સમજવું; અને **બહિરંગ** પરિવારમાં ઉપર ઉપરની દૃષ્ટિથી દેખાતાં સગાં સંબંધીઓ કુટુંબીઓ સમજવાં. આ અર્થમાં **અંતરંગ** અને **બહિરંગ** શબ્દો આખા ગ્રંથમાં વારંવાર વાપરવામાં આવશે. **પદ્મ** રાજા, **નંદા** દેવી વિગેરે બહિરંગ પરિવાર સમજવો. વૈશ્વાનરનું સ્વરૂપ હાલ ચાલે છે તેનો અંતરંગ પરિવારમાં સમાવેશ થાય છે.

૨ **અવિવેકિતા**—અવિવેક—વિનય ગુણનો નાશ. આથીજ ક્રોધનો જન્મ થાય છે એ બરાબર વિચારવાથી જણાશે. વિવેકી પ્રાણીઓ ક્રોધ કરતા નથી.

૩ **વૈશ્વાનર**—આનો મૂળ અર્થ અગ્નિ થાય છે. અહીં તે ક્રોધને બતાવે છે. ક્રોધ થાય ત્યારે શરીરમાંથી અગ્નિ નીકળવા માંડે છે. વૈશ્વાનર એ ક્રોધનું રૂપક સમજવું. "વૈશ્વાનર" એવું ક્રોધનું નામ પણ છે.

૪ **કલહ**: કજીઓ, કંકાસ.

૫ **સ્તેય**: ચોરી.

૬ **અનુશય**: અત્યંત દ્વેષ, પૂર્વનું વેર.

૭ **અનુપશમ**: શાંતિનો અભાવ, સમતાની ગેરહાજરી.

૮ **પૈશૂન્ય**: ચાડીઆપણું, ચુગલીખોરપણું.

૯ **પરમર્મઉદ્ઘાટન**: પારકાના મર્મ-ખાનગી વાત ખુલ્લી પાડવાની ટેવ.

હતું, અંતસ્તાપ[1] નામની ઘણી સાંકડી છાતી હતી. આડા અવળા જાડા પાતળા ખાર અને મત્સર નામના બે હાથથી તે શોભતો હતો, વાંકી ચુંકી લાંબી ક્રૂરતા નામની ડોકથી તે જોડાયલો હતો, હોઠની બહાર નીકળી પડેલા અને છૂટા છૂટા મોટા અસભ્યભાષણરૂપ[2] દાંતોથી તેને અનેક પ્રકારની અડચણો પડતી હતી, તેને ઉંદરના રૂપને ધારણ કરનાર ચંડત્વ[3] અને અસહનત્વ[4] નામના બે કાનો હતા, તેને તામસ-ભાવ નામની નાસિકા હતી જે અત્યંત બેસી ગયેલી (ચીબી) હતી અને માત્ર એ ઠેકાણે એક નિશાનીરૂપેજ બાકી રહેલી હતી તેનાથી તે મશ્કરી કરવાનું પાત્ર થઇ પડ્યો હતો, તેને રૌદ્રત્વ[5] અને નૃશંસત્વ[6] નામની બે ગોળ મટોળ આંખો હતી અને તે એટલી બધી લાલ હતી કે તેને લીધે તે ચણોઠી જેવી લાગતી હતી, એ આંખોને લીધે તેનું રૂપ ઘણું ભયંકર લાગતું હતું, અનાર્યઆચરણ[7] નામનું ત્રણ ખુણા-વાળું તેને મોટું માથું હતું. જેનાથી તેને અનેક પ્રકારનાં નાટકો કરવા પડતાં હતાં અને અગ્નિના ભડકા જેવા દેખાતા પરોપતાપ[8] નામના ઘણા પીળા બાલના (મવાળાના) ગુચ્છાથી તે પોતાનું વૈશ્વાનર નામ યથાર્થ કરી બતાવતો હતો. આવા પ્રકારના વૈશ્વાનર નામના બ્રાહ્મણ-પુત્રનો મારી સાથેજ જન્મ થયો.

વૈશ્વાનર નંદિવર્ધનની મૈત્રી.

અનાદિ કાળના પરિચયને લીધે મારો તે વૈશ્વાનર ઉપર સ્નેહ થયો. તે મારો સાચો મિત્ર છે એમ ધારીને મેં તેને ગ્રહણ કર્યો, પરંતુ પર-માર્થથી તે મારો ખરેખરો શત્રુ છે એ હકીકત તે વખતે મારા સમજ-વામાં આવી નહિ. એ મારો અંતરંગનો સગો છે અને અવિવેકિતા નામની મારી ધાવમાતાનો પુત્ર છે એમ ધારીને તે મારો મોટો હિત કરનારો છે એવો ચોક્કસ નિર્ણય મારા મનમાં તે વખતે થયો. મારા મ-નમાં આવા પ્રકારનો નિર્ણય થયો હતો તે વૈશ્વાનરે જોઇ લીધો. તેને

૧ અંતસ્તાપઃ શરીરમાં બળતરા-દાહ ચાલે, મન બળી જાય તે સ્થિતિ.
૨ અસભ્યભાષણઃ ગૃહસ્થને ન છાજે તેવાં વચનો બોલવાં તે.
૩ ચંડત્વઃ બહુ આકરી પ્રકૃતિ
૪ અસહનત્વઃ અન્યનુ બોલેલું કે કરેલું ન ખમી ખાવાની ટેવ.
૫ રૌદ્રત્વઃ ભયંકરપણુ.
૬ નૃશંસત્વઃ ક્રૂરપણુ
૭ અનાર્યઆચરણઃ આર્ય પુરુષને યોગ્ય નહિ એવા પ્રકારનું વર્તન.
૮ પરોપતાપઃ પારકાને-અન્યને પીડા ઉપજાવવી તે.

જણાયું કે આ રાજપુત્ર (હું-નંદિવર્ધન) તેના ઉપર પ્રીતિ કરે છે એ તુરતજ તે મારી નજીક નજીક આવવા લાગ્યો. તે જ્યારે તદ્દન પાસે આવ્યો ત્યારે પ્રેમથી હું તેને ભેટ્યો, મેં તેના ઉપર એક પણ બતાવ્યો, એને પરિણામે અમારા વચ્ચે પ્રેમભાવ વધ્યો આખરે દોસ્તી જામી. ત્યારપછી તો અમારી દોસ્તી એટલી વધી પડી કે હું ઘરમાં કે બહાર જ્યાં જાઉં ત્યાં તે મારો (વૈશ્વાનર) મિત્ર મારી સાથે આવતો હતો અને એક ક્ષણ પણ મને વીલો કતો નહોતો. આવી રીતે વૈશ્વાનર સાથે મેં ભાઈબંધી કરવા માંડી

પુણ્યોદયને અંતર ખેદ.

તેથી પુણ્યોદય નામનો મારો મિત્ર જે મારી સાથે આ નગરીમાં આવ્યો હતો તે પોતાના મનમાં નારાજ થયો. તેને વિચાર થયો કે અહો! વૈશ્વાનર મારો શત્રુ છે, પરંતુ આ નંદિવર્ધન કુમાર ખરૂં સ્વરૂપ સમજ્યા વગર હું કે જે તેનામાં રક્ત છું તેની દરકાર કરતો નથી અને સર્વ દોષોથી ભરેલા અને પરમાર્થથી તેના આત્મીય શત્રુ વૈશ્વાનર સાથે પ્રીતિ કરે છે! વળી મને એમ પણ વિચાર થાય છે કે તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે? અજ્ઞાની મૂર્ખ પ્રાણીઓ પાપમિત્રનું સ્વરૂપ જાણતા નથી, એવા મિત્રની સોબતનું પરિણામ કેવું ભયંકર આવશે તે સમજતા નથી, તેનો સંગ દૂર કરવાનો ઉપદેશ આપનારની વાતને યોગ્ય આવકાર આપતા નથી, પાપમિત્રની ખાતર બીજા મિત્રોને પણ તજી દે છે, તેવા મિત્રની સંગતને વશ પડી ખોટે માર્ગે ઉતરી જાય છે, દોડાદોડ કરતાં આંધળાઓ ભીંત સાથે અફળાવાથી પાછા હઠે છે તેવીજ રીતે આવા પ્રકારની કુસંગત કરનાર પ્રાણીઓને જ્યારે સખ્ત ફટકો પડે છે ત્યારેજ તેઓ કુમાર્ગથી પાછા હઠે છે, પણ અન્ય પ્રાણીઓ તેમને એવી સોબતથી દૂર રહેવાનો ઉપદેશ આપે છે ત્યારે તેઓ તેને અનુસરતા નથી. આ નંદિવર્ધન કુમાર આવા પાપી મિત્રની સાથે સોબત કરે છે તેથી તે પણ મૂર્ખજ જણાય છે. હું અત્યારે તેને પાપી મિત્રની સોબત નહિ કરવા માટે તેને સમજાવીશ તોપણ તેને શું વળવાનું છે? ભવિતવ્યતાએ મને એના સહચારી તરીકે રહેવાનું કહ્યું છે અને વળી તે નંદિવર્ધન કુમાર અગાઉ [1]જ્યારે હતો ત્યારે તેને બહુ વેદના થઈ તો પણ તે મધ્યસ્થ ભાવ અને સમતા રાખીને સહન કરતો રહ્યો હતો તે વખતે તેનું મારા મન ઉપર મોટી અસર કરી હતી

૧ જુઓ આગળ પૃષ્ઠ ૩૨૭-૮

તેથી જો કે અત્યારે એ ખરાબ મિત્રની સોબતમાં પડી ગયો છે તો પણ મારે એને તજી દેવો યોગ્ય નથી. આ પ્રમાણે વિચાર કરીને મારો સહચારી પુણ્યોદય જો કે મારા ઉપર ગુસ્સે થયો હતો તોપણ મારી બાજુમાં અગાઉની માફક રહેવા લાગ્યો.

વૈશ્વાનર સાથે પ્રીતિ;
મિત્રો સાથે ખરાબ વર્તન;
ભયનું નિરર્થક અભિમાન.

વૈશ્વાનર મારો અંતરંગ મિત્ર હતો. મારે તે ઉપરાંત બહિરંગ બીજા ઘણા મિત્રો થયા. તે સર્વે મિત્રો સાથે અનેક પ્રકારની ક્રીડાઓ કરતો હું મોટો થવા લાગ્યો. જ્યારે રમત ચાલતી હોય ત્યારે મારાથી મોટી વયના છોકરાઓ, ભલે તે મોટા ઘરના-કુળના હોય, ભલે તે મારાથી વધારે પરાક્રમવાળા હોય, તોપણ તે સર્વ મને વૈશ્વાનરથી અધિષ્ઠિત થયેલો (ભિન્નસમાં આવી ગયેલો-ક્રોધી મુદ્રાવાળો) જોઇ બીકથી ધ્રુજી જતા હતા, મને પગે લાગતા હતા, મારી ખુશામત કરતા હતા, મારા ચોબદારની જગા લેતા હતા, મારી આગળ દોડતા હતા, મારા વચનનો જરા પણ અનાદર નહોતા કરતા. વધારે શું વાત કરવી? પણ મારી છબીથી કે મારા પડછાયાથી પણ તેઓ ડરી જતા હતા. આ સર્વ હકીકતનું ખરેખરૂં કારણ તો અચિંત્ય શક્તિવાળો પણ ગુપ્ત રૂપે રહેલો મારો સહચારી મિત્ર પુણ્યોદય હતો, પણ મહામોહને વશ થવાથી તે વખતે મારા મનમાં એમ સ્ફુરી આવ્યું કે મારાથી મોટી ઉમરના છોકરાઓ પણ મારી સાથે આવી રીતે વર્તે છે તેનું કારણ મારો મિત્ર વૈશ્વાનરજ છે,[2] કારણ કે તે મારો મિત્ર જ્યારે મારી નજીકમાં હોય છે ત્યારે પોતાની અતુલ્ય શક્તિથી તે મારા તેજસ્વીપણામાં વધારો કરે છે, મને ઉત્સાહ આપે છે, મારા બળને જગઝગાવી મૂકે છે, તેજ પ્રાપ્ત કરાવે છે, મનને સ્થિર કરે છે, ધીરજ ઉત્પન્ન કરે છે, ઉચ્ચતા-મહાનુભાવપણાને જમાવે છે અને ટુંકામાં કહીએ તો એક પુરુષને યોગ્ય સર્વ ગુણો મારામાં મારો વૈશ્વાનર મિત્ર જોડે છે. આવા વિચારને લીધે વૈશ્વાનર ઉપર મારી પ્રીતિ વધવા લાગી અને તે મારો પરમ પ્રિય મિત્ર થયો.

---

૧ અહીંથી રૉ. એ. સો (બેંગાલ) વાળી આવૃત્તિનુ પૃ. ૨૦૧ શરૂ થાય છે.

૨ વહેવારમાં પ્રાણી ફાવે છે ત્યારે તેનું માન પોતેજ લે છે; જ્યારે ખતા ખાય છે ત્યારે નસીબને (કર્મને) માથે આરોપ કરે છે. કર્મનું સામ્રાજ્ય સર્વત્ર વર્તે છે એ ફરીદની પુનમા બણી જ્યવ છે

જણાયું કે આ રાજપુત્ર (હું-નંદિવર્ધન) તેના ઉપર પ્રીતિ કરે છે એ તુરતજ તે મારી નજીક નજીક આવવા લાગ્યો. તે જ્યારે તદ્દન મારી પાસે આવ્યો ત્યારે પ્રેમથી હું તેને ભેટ્યો, મેં તેના ઉપર સ્નેહ પણ બતાવ્યો, એને પરિણામે અમારા વચ્ચે પ્રેમભાવ વધ્યો અને આખરે દોસ્તી જામી. ત્યારપછી તો અમારી દોસ્તી એટલી બધી વધી પડી કે હું ઘરમાં કે બહાર જ્યાં જાઉં ત્યાં તે મારો (વૈશ્વાનર) મિત્ર મારી સાથે આવતો હતો અને એક ક્ષણ પણ મને વીસરી કતો નહોતો. આવી રીતે વૈશ્વાનર સાથે મેં ભાઇબંધી કરવા માંડી

પુણ્યોદયને અંતર ખેદ.

તેથી પુણ્યોદય નામનો મારો મિત્ર જે મારી સાથે આ નગરીમાં આવ્યો હતો તે પોતાના મનમાં બહુ નારાજ થયો. તેને વિચાર થયો કે અહો! આ વૈશ્વાનર મારો શત્રુ છે, પરંતુ આ નંદિવર્ધન કુમાર ખરૂં સ્વરૂપ સમજ્યા વગર હું કે જે તેનામાં રક્ત છું તેની દરકાર કરતો નથી અને સર્વ દોષોથી ભરેલા અને પરમાર્થથી તેના આત્મીય શત્રુ વૈશ્વાનર સાથે પ્રીતિ કરે છે! વળી મને એમ પણ વિચાર થાય છે કે તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે? અજ્ઞાની મૂર્ખ પ્રાણીઓ પાપમિત્રનું સ્વરૂપ જાણતા નથી, એવા મિત્રની સોબતનું પરિણામ કેવું ભયંકર આવશે તે સમજતા નથી, તેનો સંગ દૂર કરવાનો ઉપદેશ આપનારની વાતને યોગ્ય આવકાર આપતા નથી, પાપમિત્રની ખાતર બીજા મિત્રોને પણ તજી દે છે, તેવા મિત્રની સંગતને વશ પડી ખોટે માર્ગે ઉતરી જાય છે, દોડાદોડ કરતાં ઘેટાંઓ ભીંત સાથે અફળાવાથી પાછા હઠે છે તેવીજ રીતે આવા પ્રકારની કુસંગત કરનાર પ્રાણીઓને જ્યારે સખ્ત ફટકો પડે છે ત્યારેજ તેઓ કુમાર્ગથી પાછા હઠે છે, પણ અન્ય પ્રાણીઓ તેમને એવી સોબતથી દૂર રહેવાનો ઉપદેશ આપે છે ત્યારે તેઓ તેને અનુસરતા નથી. આ નંદિવર્ધન કુમાર આવા પાપી મિત્રની સાથે સોબત કરે છે તેથી તે પણ મૂર્ખજ જણાય છે. હું અત્યારે એ પાપી મિત્રની સોબત નહિ કરવા માટે તેને સમજાવીશ તેથી શું વળવાનું છે? ભવિતવ્યતાએ મને એના સહચારી તરીકે રહેવા કહ્યું છે અને વળી તે નંદિવર્ધન કુમાર અમારો ૧હાથી હતો ત્યારે જે બહુ વેદના થઇ તો પણ તે મધ્યસ્થ ભાવ અને સમતા રાખીને સહન કરી હતી. તે વખતે તેણે મારા મન ઉપર મોટી અસર કરી હતી

૧ જુઓ અગાઉ પૃષ્ઠ ૩૨૭-૮

તેથી જો કે અત્યારે એ ખરાબ મિત્રની સોબતમાં પડી ગયો છે તો પણ મારે એને તજી દેવો યોગ્ય નથી. આ પ્રમાણે વિચાર કરીને મારો સહચારી પુણ્યોદય જો કે મારા ઉપર ગુસ્સે થયો હતો તોપણ મારી બાજુમાં અગાઉની માફક રહેવા લાગ્યો.

વૈશ્વાનર સાથે પ્રીતિ;
મિત્રો સાથે ખરાબ વર્તન;
ભયનું નિરર્થક અભિમાન.

વૈશ્વાનર મારો અંતરંગ મિત્ર હતો. મારે તે ઉપરાંત બહિરંગ બીજા ઘણા મિત્રો થયા. તે સર્વ મિત્રો સાથે અનેક પ્રકારની ક્રીડાઓ કરતો હું મોટો થવા લાગ્યો. જ્યારે રમત ચાલતી હોય ત્યારે મારાથી મોટી વયના છોકરાઓ, ભલે તે મોટા ઘરના-કુળના હોય, ભલે તે મારાથી વધારે પરાક્રમવાળા હોય, તોપણ તે સર્વે મને વૈશ્વાનરથી અધિષ્ઠિત થયેલો (મિજાજમાં આવી ગયેલો-ક્રોધી મુદ્રાવાળો) જોઇ બીકથી ધ્રુજી જતા હતા, મને પગે લાગતા હતા, મારી ખુશામત કરતા હતા, મારા ચોબદારની જગા લેતા હતા, મારી આગળ દોડતા હતા, મારા વચનનો જરા પણ અનાદર નહોતા કરતા. વધારે શું વાત કરવી? પણ મારી છબીથી કે મારા પડછાયાથી પણ તેઓ ડરી જતા હતા. આ સર્વ હકીકતનું ખરેખરૂં કારણ તો અચિંત્ય શક્તિવાળો પણ ગુપ્ત રૂપે રહેલો મારો સહચારી મિત્ર પુણ્યોદય હતો, પણ મહામોહને વશ થવાથી તે વખતે મારા મનમાં એમ સ્ફુરી આવ્યું કે મારાથી મોટી ઉમરના છોકરાઓ પણ મારી સાથે આવી રીતે વર્તે છે તેનું કારણ મારો મિત્ર વૈશ્વાનરજ છે,[2] કારણ કે તે મારો મિત્ર જ્યારે મારી નજીકમાં હોય છે ત્યારે પોતાની અતુલ્ય શક્તિથી તે મારા તેજસ્વીપણામાં વધારો કરે છે, મને ઉત્સાહ આપે છે, મારા બળને ઝગઝગાવી મૂકે છે, તેજ પ્રાપ્ત કરાવે છે, મનને સ્થિર કરે છે, ધીરજ ઉત્પન્ન કરે છે, ઉચ્ચતા-મહાનુભાવપણાને જમાવે છે અને ટુંકામાં કહીએ તો એક પુરુષને યોગ્ય સર્વ ગુણો મારામાં મારો વૈશ્વાનર મિત્ર જોડે છે. આવા વિચારને લીધે વૈશ્વાનર ઉપર મારી પ્રીતિ વધવા લાગી અને તે મારો પરમ પ્રિય મિત્ર થયો.

---

૧ અહીંથી રો. એ. સો. (બેંગાલ) વાળી આવૃત્તિનું પૃ. ૨૦૧ શરૂ થાય છે.

૨ સંસારમાં પ્રાણી ફાવે છે ત્યારે તેનું માન પોતેજ લે છે; જ્યારે ખતા ખાય છે ત્યારે નસીબને (કર્મને) માથે આરોપ કરે છે. કર્મનું સામાન્ય સર્વત્ર વર્તે છે એ હકીકતની ભૂલમાં જણી જાય છે.

સુંદર કળાભ્યાસ; વૈશ્વાનરનો સહયોગ; સહાધ્યાયી પર દમ.

આવી રીતે વધતાં વધતાં અનુક્રમે હું આઠ વર્ષનો થયો ત મારા પિતા પદ્મ રાજાને વિચાર થયો કે કુમાર હવે યોગ્ય ઉ થયો છે, માટે તેને કેળવણી આપવી જોઇએ. આ વિચારને પ તેમણે જોશીઓ પાસે એક શુભ દિવસ જોવ એક મુખ્ય વિદ્વાન્ [1]કળાચાર્યને બોલાવવામાં અ વિધિપૂર્વક તેની પૂજા કરવામાં આવી, એ પ્ર યોગ્ય બીજી ઉચિત[2] ક્રિયાઓ કરી અને બહુ પૂર્વક મારા પિતાએ મને તે કળાચાર્યને સોંપ્યો. તેજ કળાચાર્યને ગાઉ પણ મારા ભાઇઓ-ભાયાતો અને રાજપુત્રો અભ્યાસ સોંપવામાં આવ્યા હતા તે સર્વેની સાથે હું પણ કળા ગ્રહણ લાગ્યો, અભ્યાસ કરવા લાગ્યો. અભ્યાસ કરવાનાં સર્વ સાધનો હોવાથી, મારા પિતાશ્રીનો કેળવણી આપવાની બાબતમાં દઢ ઉ હોવાથી, કળાચાર્ય મને અભ્યાસ કરાવવામાં ખાસ રસ લેતા હોવ બાલ્યકાળ (છોકરાપણાની વય) કોઇ પણ પ્રકારના વ્યવહારની તાથી રહિત હોવાથી, પુણ્યોદય સર્વદા બાજુમાં રહેતો હોવ [3]ક્ષયોપશમ ઉત્કટ હોવાથી, તેમજ તે વખતે ભવિતવ્યતા અ હોવાથી બીજી કોઇ પણ બાબતમાં ધ્યાન ન આપતાં એકચિત્તે થોડા વખતમાં લગભગ સર્વ કળાઓ કળાચાર્ય પાસેથી હું શી ગયો. મારો વૈશ્વાનર મિત્ર જે મને અત્યંત પ્રિય હતો તે મારી

અભ્યાસની સરળતાઓ.

---

૧ **કળાચાર્ય:** સર્વ કળાઓ શીખવનાર. પુરૂષની ૭૨ કળાઓ છે. આ ચાર્યનું નામ 'બુદ્ધિસમુદ્ર' છે જે આગળ જણાશે.

૨ નિશાળગરણું, છોકરાઓને મીઠાઇ વિગેરે આપવી ઇત્યાદિ તે પ્રચલિત રિવાજો.

૩ **ક્ષયોપશમ:** જ્ઞાન આત્માનો ગુણ છે એ જેટલો આવરણ પામે-એના આચ્છાદન લાગે તેટલા પૂરતું જ્ઞાન પ્રગટ થતું નથી, સ્પષ્ટ જણાતું નથી. એ વરણોમાંથી કેટલાંકને દૂર કરવામાં આવે (ક્ષય) અને કેટલાંકને દબાવી દેવામાં (ઉપશમ) તેને 'ક્ષયોપશમ' કહે છે. જ્ઞાનાવરણીય કર્મનો જેટલો ક્ષયોપશમ તેટલું જ્ઞાન પ્રગટપણે દેખાય છે. આત્મા શુદ્ધ સ્વરૂપે તો જ્ઞાનમયજ છે, તેની તે શુદ્ધ સ્થિતિ જ્ઞાનાવરણીય કર્મથી અવરાઇ જાય છે, આચ્છાદિત થઇ જાય

વૈશ્વાનર સાથે દોસ્તી.

જુમાં સાથેજ રહેતો હતો અને મારા અભ્યાસ-કાળમાં પણ કારણ મેળવીને અથવા વિના કારણે મને ભેટી જતો હતો. તે મારો વહાલો મિત્ર મને જ્યારે ભેટતો ત્યારે ગુરુમહારાજ-કળાચાર્યનો ઉપ-દેશ હું યાદ કરતો નહોતો, મારા ઉત્તમ કુળને કલંક લાગે તે બાબતની દરકાર કરતો નહોતો, પિતાજીના મનને મારી આ હકીકત સાંભળવાથી કે જાણવાથી ખેદ થશે તેથી બ્હીતો નહોતો. આ સર્વ વાતનું ગુપ્ત રહસ્ય શું છે તે સમજતો નહોતો, મને પોતાને અંદરખાનેથી કેટલો ખેદ અને અંતરજ્વાળા થતી હતી તે જાણતો નહોતો, અભ્યાસ તદ્દન હેતુ વગરનો-અર્થ વગરનો થઇ જાય છે તે વિચારતો નહોતો, માત્ર તે વૈશ્વાનરને મારો પરમ પ્રિય મિત્ર ગણીને તેના કહેવા પ્રમાણે હું આખે શરીરે [1]પરસેવાથી ભીંજાઇ, લાલ આંખ અને ચઢાવેલાં ભવાં સાથે દરેક અભ્યાસ કરનાર બાળકોની સાથે કજીઆ કરૂં, સર્વેની ખાનગી બાબ-તોની ચાડી કળાચાર્ય પાસે ખાઉં અને સાચું ખોટું બોલું, તેઓ કોઇ મધ્યસ્થ વચન બોલે-વચ્ચે પડીને મને સમજાવવા યત્ન કરે-તે સહન પણ કરૂં નહિ અને નજીકમાં લાકડી કે બીજું જે કાંઇ હાથમાં આવે તેવડે દરેક સહાધ્યાસીને ફટકારૂં. મને વૈશ્વાનર ભેટ્યો છે એમ જાણીને ભયથી ત્રાસ પામેલા તેઓ સર્વે પણ મને અનુકૂળ લાગે તેવુંજ બોલે, મારી ખુશામત કરે અને મારે પગે પડે. એ સર્વ રાજ-પુત્રો શક્તિવાળા હતા, છતાં પણ મારી ગંધમાત્રથી પણ [2]નાગદમની ઔષધિથી હતપ્રતાપ સર્પોની પેઠે તેઓ સ્વતંત્ર ચેષ્ટા કરી શકતા નહિ, અને ઉદ્વિગ્ન મનવાળા થઇ ભયથી કંપતા કંપતા જાણે કેદખા-નામાં પડ્યા હોય તેવી રીતે મહાદુઃખમાં માત્ર પોતપોતાનાં માબા-પોની આજ્ઞાને અનુસરવા ખાતરજ ત્યાં અભ્યાસ કરીને પોતાનો સમય ગાળતા હતા, પરંતુ તેઓને મારો ભય એટલો બધો લાગતો હતો કે આ સર્વ વાત મારા કળાચાર્ય-ગુરુ મહારાજને કહેવાની પણ હિંમત

વૈશ્વાનરની અસરઃ વિદ્યાર્થી તથા ગુરુ.

---

૧ ક્રોધી મુખમુદ્રાનાં આ સર્વ ચિહ્નો છે જે અવલોકન કરવાથી જણાઇ આવશે.

૨ નાગદમનીઃ નાગ એટલે સર્પ અથવા જુલમી માણસ. દમની એટલે વશ કરનારી અથવા અંકુશમાં રાખનારી. નાગદમની ઔષધિ થાય છે જે માદળીઆમાં રાખી ગળે બાંધી હોય તો ગમે તેવો ભયંકર ઝેરી સર્પ એ ઔષધિ ધારણ કર-નાર પ્રાણીને કરડી શકતો નથી, કારણ કે તે ઔષધિની ગંધથીજ સર્પ વશ થઇ જાય છે. આ લોકમાન્યતા પર અત્ર અલંકાર છે.

કરતા નહિ, કારણ કે તેઓના મનમાં ભય રહેતો હતો કે તેમ વાથી કદાચ સર્વનો નાશ થશે. કળાચાર્ય તો મારી તદ્દન પાસે મારી સર્વ ચેષ્ટાઓ સારી રીતે જોતા હતા અને સર્વ હકીકત તેમના ધ્યાનમાંજ હતી, પણ મારા તોફાનનું છોકરાઓ ઉપર જે પરિણામ આવતું હતું તે તેઓએ આડકતરી રીતે જોઇ લીધેલું હોવાથી તેઓ પણ પોતાના હૃદયમાં બીઇ ગયેલા હોવાને લીધે આ સંબંધમાં મને શિક્ષણ આપવા માટે અથવા ઠપકો આપવા માટે મારી સામું પણ જોઇ શકતા નહોતા અને કદાચ બીજું કાંઇ બ્હાનું લઇને કળાચાર્ય મારી પાસે કાંઇ પણ બોલે તો હું તેને પણ ભાંડવા મંડી જતો અને તાડના કરવાનું પણ ચાલુ કરી દેતો. આ પ્રમાણે થયા પછી તો અન્ય રાજપુત્રોની પેઠે તે પણ મારી સાથે છેટેથીજ કામ લેવા લાગ્યા. આવી રીતભાત અને હકીકત જોઇને મહામોહના દોષથી હું વિચાર

નંદિવર્ધન પર અવળી અસર.

કરવા લાગ્યો કે અહો ! મારા પરમ પ્રિય મિત્ર વૈશ્વાનરનું માહાત્મ્ય અને શક્તિ તો જુઓ! અને સ્નેહી ઉપર હિત કરવાની તેની શક્તિ કેવી સુંદર છે! વળી તેની કુશળતા જુઓ ! તેનો વાત્સલ્યભાવ-પ્રેમ જુઓ ! તેનો મારા પરનો દૃઢ રાગ જુઓ ! જ્યારે તે મને પ્રેમથી ભેટે છે ત્યારે મારામાં પરાક્રમ ઘણું વધી જાય છે અને તેથી રાજાની પેઠે સર્વત્ર મારૂં શાસન ચાલે છે. એ સર્વ પ્રતાપ મારા મિત્રવર્ય વૈશ્વાનરનો છે ! વળી તે એક ક્ષણવાર પણ મને મૂકીને જતો નથી તેથી તેજ મારો ખરેખરો ભાઇ છે, તેજ મારૂં ખરેખરૂં અંગ છે, તેજ મારૂં સર્વસ્વ છે, તેજ મારૂં જીવિત છે અને તેજ મારૂં [1]પરમ તત્ત્વ છે. એ (વૈશ્વાનર)ના વગરનો પુરુષ કાંઇ પણ કરી શકતો નથી અને તેથી ઘાસના બનાવેલા ચાડીઆથી તેવો પુરુષ કોઇ પણ રીતે ચઢતો નથી:—આવા આવા વિચારોથી મિત્ર વૈશ્વાનર ઉપર મારો દૃઢ રાગ વધારે વધારે સ્થિર થતો ગયો.

વૈશ્વાનરાનુરક્ત રાજકુમાર.

એક દિવસ અમે બન્ને—હું અને વૈશ્વાનર–ખાનગીમાં બેઠા હતા તે વખતે અમારી વચ્ચે નીચે પ્રમાણે ગુપ્ત વાતો થઇ:-

નંદિવર્ધન—" મિત્ર ! વધારે કહેવાની કાંઇ જરૂર હું જોતો નથી, પણ મારે તને જણાવી દેવું જોઇએ કે મારા પ્રાણ તારે આધીન છે અને તારે એને તારી મરજીમાં આવે તે પ્રમાણે યોજવા."

---

૧ મોક્ષ.

આ પ્રમાણે મારી વાતો સાંભળીને વૈશ્વાનરના મનમાં આનંદ થયો કે અહો! આપણો પરિશ્રમ પણ સફળ થયો. કારણ કે આ આટલેથી હવે મારું પોતાનું જરૂર આચરણ કરશે એમ જણાય છે. આ પ્રમાણે વિચાર કરીને વૈશ્વાનરે મારા ઉપર પણ પ્રેમ જણાવતાં કહ્યું: અકૃત્રિમ પ્રેમમાં અનુકૂળ પ્રાણીઓ હોય છે તે કેટલીક બીજાનું બોલેલું સાંભળે છે, કોઈ પણ પ્રકારના સંકલ્પ વિકલ્પ કોઈપણ પ્રકારે તેને ગ્રહણ કરી લે છે. તેના સંબંધમાં અંતરના ભાવપૂર્વક પ્રવૃત્તિ કરે છે અને એવાં વચનમાં જે ક્રિયા કરવાની સૂચના કરી હોય તેને તરત અમલમાં મૂકે છે. આ પ્રમાણે હોવાથી પોતાના અત્યારે અનુકૂળ વખત આવ્યો છે એમ વિચારીને તેણે મને (નંદિવર્ધનને) કહ્યું "તું કહે છે તે બરાબર છે, તેમાં જરાપણ ફેર જેવું નથી. વળી દરેક પ્રાણીના હૃદયમાં રહેલા રોગ આદિને ઓળખનારા મારા જેવા પાસે તું પણ આ પ્રમાણે ખુશ થઈને કહે છે ત્યારે મારે તને (કુમારને) જણાવવું જોઈએ કે તેનું વાસ્તવિક કારણ મહાપ્રસાદ (ભોજન)[1] છે. એ મારા મહાપ્રસાદનો મહિમા એવો છે કે જે પ્રાણીએ એની પ્રસાદી લીધી હોય તે આનંદમાં આવી જઈને આ અર્થવાળી હકીકત પણ વારંવાર બોલ્યા કરે છે[2] અને એ મારું ભોજન તેને તે પ્રમાણે જોરથી બોલાવે છે. મિત્ર! એ મહાપ્રસાદ વડે તારા પ્રાણને જો તારી ઇચ્છા હોય તો અક્ષય કરું."

નંદિવર્ધન-" એ તમારા પ્રસાદનો શરીર સાથે સંબંધ કેવી રીતે થાય છે તે કૃપા કરીને કહો."

વૈશ્વાનર-" હું કાંઈક રસાયણ વિદ્યા પણ જાણું છું."

નંદિવર્ધન-" ભલે! એમ હોય તો મારા પ્રાણ અક્ષય કરો અને તે મહાપ્રસાદ મને આપો."

ક્રૂરચિત્ત વડાં.
વૈશ્વાનરનો પ્રસાદ.
અંદરથી શુભ ધ્વનિ:

આ પ્રમાણે વાતચીત થયા પછી વૈશ્વાનરે ક્રૂરચિત્ત નામનાં વડાં તૈયાર કર્યાં અને હું એકાંતમાં બેઠો હતો તે વખતે મારી પાસે તે

---

૧ મહાપ્રસાદ: પ્રભુપ્રસાદીની ભેટ. (પરસાદ-જાણીતો વૈષ્ણવીય શબ્દ છે.)
૨ પરસાદ લે તે પણ પ્રભુની જય બોલવા કરે છે.

કરતા નહિ, કારણ કે તેઓના મનમાં ભય રહેતો હતો કે તેમ વાથી કદાચ સર્વનો નાશ થશે. કળાચાર્ય તો મારી તદ્દન પાસે હો મારી સર્વ ચેષ્ટાઓ સારી રીતે જોતા હતા અને સર્વ હકીકત તેમ ધ્યાનમાંજ હતી, પણ મારા તોફાનનું છોકરાઓ ઉપર જે પરિણ આવતું હતું તે તેઓએ આડકતરી રીતે જોઇ લીધેલું હોવાથી તેમ પણ પોતાના હૃદયમાં બીઇ ગયેલા હોવાને લીધે આ સંબંધમાં શિક્ષણ આપવા માટે અથવા ઠપકો આપવા માટે મારી સામું જોઇ શકતા નહોતા અને કદાચ બીજું કાંઇ બ્હાનું લઇને કળા મારી પાસે કાંઇ પણ બોલે તો હું તેને પણ ભાંડવા મંડી જતો અને તાડના કરવાનું પણ ચાલુ કરી દેતો. આ પ્રમાણે થયા પછી તો અન્ય રાજપુત્રોની પેઠે તે પણ મારી સાથે છેટેથીજ કામ લેવા લાગ્યા આવી રીતભાત અને હકીકત જોઇને મહામોહના દોષથી હું વિચાર

નંદિવર્ધન પર અવળી અસર.

કરવા લાગ્યો કે અહો ! મારા પરમ પ્રિય મિત્ર વૈશ્વાનરનું માહાત્મ્ય અને શક્તિ તો જુઓ! અને મારી ઉપર હિત કરવાની તેની શક્તિ કેવી સુંદર છે! વળી તેની કુશળતા જુઓ! તેનો વાત્સલ્યભાવ પ્રેમ જુઓ! તેનો મારા પરનો દૃઢ રાગ જુઓ! જ્યારે તે મને મથી ભેટે છે ત્યારે મારામાં પરાક્રમ ઘણું વધી જાય છે અને તેથી રાજાની પેઠે સર્વત્ર મારૂં શાસન ચાલે છે. એ સર્વ પ્રતાપ મારા મિત્ર વર્ય વૈશ્વાનરનો છે! વળી તે એક ક્ષણવાર પણ મને મૂકીને નથી તેથી તેજ મારો ખરેખરો ભાઇ છે, તેજ મારૂં ખરેખરૂં છે, તેજ મારૂં સર્વસ્વ છે, તેજ મારૂં જીવિત છે અને તેજ મારૂં તત્ત્વ છે. એ (વૈશ્વાનર)ના વગરનો પુરુષ કાંઇ પણ કરી શકતો અને તેથી ઘાસના બનાવેલા ચાડીઆથી તેવો પુરુષ કોઇ પણ રહેતો નથી:—આવા આવા વિચારોથી મિત્ર વૈશ્વાનર ઉપર દૃઢ રાગ વધારે વધારે સ્થિર થતો ગયો.

વૈશ્વાનરાનુરક્ત રાજકુમાર.

એક દિવસ અમે બન્ને—હું અને વૈશ્વાનર—બાગમાં બેઠા તે વખતે અમારી વચ્ચે નીચે પ્રમાણે ગુપ્ત વાતો થઇ:—

નંદિવર્ધન—" મિત્ર ! વધારે કહેવાની કાંઇ જરૂર હું ... પણ મારે તને જણાવી દેવું કર્તવ્ય કે મારા પ્રાણ તારે ... અને તારે એને તારી મરજીમાં આવે તે પ્રમાણે વાપરવા."

૧ ઘાસ

આ પ્રમાણે મારી વાણી સાંભળીને વૈશ્વાનરના મનમાં આનંદ થયો કે ચાલો! આપણો પરિશ્રમ પણ સફળ થયો, કારણ કે આ ભાઇશ્રી હવે મારે પોતાને વશ બરાબર રહેશે એમ જણાય છે. આ પ્રમાણે વિચાર કરીને વૈશ્વાનરે મારા ઉપર બહુ પ્રેમ બતાવવા માંડ્યો. અરસ્પરસ પ્રેમમાં અનુરક્ત પ્રાણીઓ હોય છે તે એક બીજાનું બોલેલું સાંભળે છે, કોઇ પણ પ્રકારના સંકલ્પ વિકલ્પ ઉઠાવ્યા વગર તેને ગ્રહણ કરી લે છે, તેના સંબંધમાં અંતરના ભાવપૂર્વક પ્રવૃત્તિ કરે છે અને એવાં વચનમાં જે ક્રિયા કરવાની સૂચના કરી હોય તેને જરૂર અમલમાં મૂકે છે. આ પ્રમાણે હોવાથી પોતાનો અત્યારે બરાબર વખત આવ્યો છે એમ વિચારીને તેણે મને (નંદિવર્ધનને) કહ્યું "તું કહે છે તે બરાબર છે, તેમાં જરાપણ શક જેવું નથી. વળી દરેક પ્રાણીના હૃદયમાં રહેલા ઊંડા ભાવોને સમજનારા મારા જેવા પાસે તું પણ આ પ્રમાણે ગુપ્ત હકીકત કહે છે ત્યારે મારે તને (કુમારને) જણાવવું જોઇએ કે તેનું વાસ્તવિક કારણ મહાપ્રસાદ (ભોજન)[1] છે. એ મારા મહાપ્રસાદનો મહિમા એવો છે કે જે પ્રાણીએ એની પ્રસાદી લીધી હોય તે આનંદમાં આવી જઇને વ્યક્ત અર્થવાળી હકીકત પણ વારંવાર બોલ્યા કરે છે[2] અને એ મારૂં ભોજન તેને તે પ્રમાણે જોરથી બોલાવે છે. મિત્ર! એ મહાપ્રસાદ વડે તારા પ્રાણને જો તારી ઇચ્છા હોય તો અક્ષય કરૂં."

નંદિવર્ધન-"એ તમારા પ્રસાદનો શરીર સાથે સંબંધ કેવી રીતે થાય છે તે કૃપા કરીને કહો."

વૈશ્વાનર-"હું કાંઇક રસાયણ વિદ્યા પણ જાણું છું."

નંદિવર્ધન-"ભલે! એમ હોય તો મારા પ્રાણ અક્ષય કરો અને તે મહાપ્રસાદ મને આપો."

ક્રૂરચિત્ત વડાં.
વૈશ્વાનરનો પ્રસાદ.
અંદરથી ગુપ્ત ધ્વનિઃ

આ પ્રમાણે વાતચીત થયા પછી વૈશ્વાનરે ક્રૂરચિત્ત નામનાં વડાં તૈયાર કર્યાં અને હું એકાનમાં બેઠો હતો તે વખતે મારી પાસે તે

---

૧ મહાપ્રસાદ: પ્રભુપ્રસાદીની ભેટ. (પરસાદ-જાણીતો વૈષ્ણવીય શબ્દ છે.)
૨ પરસાદ લે તે પણ પ્રભુની જય બોલ્યા કરે છે.

વડાં લઇને આવ્યો. તેણે મને કહ્યું "મારી શક્તિથી તૈયાર કરેલાં આ વડાં છે. એને ખાવાથી તે ઘણી શક્તિ-તાકાત-કૌવત આપેછે, પ્રાણીની ઇચ્છા પ્રમાણે આયુષ્ય લાંબુ કરે છે અને બીજી જે કાંઇ ઇચ્છા-કામના-હોય તે સર્વ તે પૂરી પાડે છે. આ પ્રમાણે હોવાથી આ વડાં તું ખા."

આ પ્રમાણે અમારા બેની વચ્ચે વાતચીત ચાલતી હતી ત્યાં બાજુના ઓરડામાં રહેલ કોઇ પુરુષે મંદ અવાજે કહ્યું "[1]તારાં ઇચ્છિત સ્થાનકે હવે તે ઉત્પન્ન થશે એમાં શો શક છે?"

આ પ્રમાણે કોઇ તદ્દન ઝીણા સ્વરથી બોલ્યું તેથી મારા સાંભળવામાં આવ્યું નહિ; પણ વૈશ્વાનરે તે સાંભળ્યું અને તેના મનમાં વિચાર થયો કે 'અહો મારી ઇચ્છા પૂર્ણ થશે! મારાં તૈયાર કરેલાં વડાં ખાવાથી આ નંદિવર્ધન મહા નરકમાં જશે. ત્યાં જશે અને વળી ત્યાં તેનું લાંબું આયુષ્ય થશે. એમ ન હોય તો આવા આંતર ધ્વનિનો અર્થ બીજો શો હોઇ શકે? મહા નરકજ મને તો પસંદ આવે તેવું સ્થાન છે.' આવા વિચારથી પોતાનાં વડાંના પ્રયોગથી હું (નંદિવર્ધન) મહા નરકમાં લાંબા વખતને માટે જઇશ એમ જણાતાં મારા મિત્રના મનમાં બહુ સંતોષ થયો. અમારા બન્ને વચ્ચે ત્યાર પછી નીચે પ્રમાણે જરા વધારે વાતચીત થઇ. મેં કહ્યું—"તારા જેવો મિત્ર મારે અનુકૂળ હોય તો મારૂં શું ઇચ્છિત નહિ થાય?"

વડાનું ખાદન; વૈશ્વાનરને આનંદ.

મારાં આવાં વચન સાંભળીને વૈશ્વાનર બેવડો ખુશી થયો અને મને વડાં આપ્યાં. તુરતજ તે વડાં મેં લઇ લીધાં. તે વડાં આપીને તેણે મને કહ્યું "મારા ઉપર તારે એક બીજી પણ મહેરબાની કરવી પડશે. જ્યારે જ્યારે કોઇ પ્રસંગ-તક-અવસર પ્રાપ્ત થાય અને હું દૂર રહીને તને સંજ્ઞા (નિશાની) કરૂં ત્યારે તારે જરા પણ સંકલ્પ વિકલ્પ કર્યા વગર આ વડાંઓમાંથી એક વડું ખાઇ લેવું." મેં જવાબમાં હસતાં હસતાં જણાવ્યું "આ બાબતમાં પ્રાર્થના કરવા જેવું શું છે? મારા પ્રાણો-મારો આત્મા-મારૂં સર્વસ્વ મેં તો તને સોંપી દીધેલ છે તો પછી તારે મારી પ્રાર્થના કરવાનું કારણ કાંઇ પણ રહેતું નથી."

---

૧ તારા એટલે વૈશ્વાનરના. ઉત્પન્ન થશે એટલે જન્મશે. મતલબ તારાં વડાં ખાઇ ક્રૂર થઇ તે નરકમાં જશે.

વૈશ્વાનર—"મોટી કૃપા થઇ. કુમારનો હું અંતઃકરણપૂર્વક આભાર માનું છું."

વિદુરનો રિપોર્ટ.

હવે મારા પિતા પદ્મ રાજાએ એક દિવસ રાજવલ્લભ વિદુર નામના સેવકને બોલાવીને કહ્યું, "અરે વિદુર! કુમાર નંદિવર્ધનને જ્યારે કળાચાર્ય પાસે અભ્યાસ કરવા મૂક્યો ત્યારે મેં તેને હુકમ કર્યો હતો કે હાલ તેણે કળાગ્રહણ કરવામાંજ માત્ર ધ્યાન આપીને અભ્યાસ કરવો. મેં તેને એટલો સખ્ત હુકમ કર્યો હતો કે તેણે મને મળવા પણ આવવું નહિ, કારણ કે તેથી ભણવામાં એકાગ્રતા રહે નહિ. મેં તેને વખતેજ જણાવી દીધું હતું કે વખતો વખત મને યોગ્ય લાગશે ત્યારે તેના અભ્યાસગૃહમાં હું જાતે આવીને તેની મુલાકાત લઇ જઇશ; પરંતુ અહીં રાજ્યકાર્યમાં અનેક પ્રકારની વ્યાકુળતા રહેતી હોવાથી મારાથી ત્યાં જવાનું બની શકતું નથી. આ પ્રમાણે હકીકત છે તેથી તારે દરરોજ નિશાળે જઇ કુમારની તંદુરસ્તી અભ્યાસ વિગેરે હકીકતની જાતે તપાસ કરી મારી પાસે નિવેદન કરવી." વિદુરે રાજ્યઆજ્ઞા માન્ય કરી.

વિદુરને હુકમ.

મારા પિતા પદ્મ રાજાના હુકમને અનુસરીને વિદુર મારી ખબર લેવા દરરોજ આવવા લાગ્યો, એટલે મારા સહાધ્યાયી બીજા રાજકુમારોને તથા કળાચાર્યને હું કેટલી હેરાનગતી કરતો હતો, સર્વને કેવો અને કેટલો ત્રાસ આપતો હતો તે સર્વ તેના જોવામાં આવ્યું. જો મારા પિતાને એ વાત જણાવવામાં આવશે તો તેમને આઘાત લાગશે એ વિચારથી વિદુરે આ સર્વ હકીકત કેટલાક વખત સુધી તો મારા પિતાને કહી નહિ, પણ દરરોજ મારા તરફનો ત્રાસ વધતો જતો જોઇને એક દિવસ પિતાશ્રી પાસે એનું સર્વ હકીકત જણાવી. પિતાશ્રીએ તે સાંભળીને વિચાર કર્યો કે 'આ વિદુર કદિ ખોટું બોલે નહિ અને કુમાર કદિ એવું અયોગ્ય આચરણ કરે નહિ. ખરેખર, આમાં સત્ય રહસ્ય-સાચી વાત. શું હશે તે સમજી શકાતું નથી. વિદુર કહે છે તે પ્રમાણે જો કુમાર કળાચાર્યને પણ ત્રાસ આપતો હોય તો પછી કળાનો અભ્યાસ કરવાનું પ્રયોજન જ શું રહે છે?' આવા આવા વિચારથી મારા પિતાના મનમાં બહુ દુઃખ થયું અને ચિંતા થવા

વિદુરનું અવલોકન.

લાગી. ત્યાર પછી મારા પિતાએ પુખ્ત વિચાર કરીને નિર્ણય કર્યો કે ‘આ બાબતમાં તો હવે કળાચાર્યને બોલાવી સર્વ હકીકત પૂછી નિર્ણય કરવો એજ ઉચિત છે. ચોક્કસ હકીકત સમજાયા પછી તેનું નિવારણ કરવાના ઉપાયો વિચારી લેશું અને તે ઉપાયો કરવા માટે પ્રયત્ન કરશું.’ આ પ્રમાણે વિચાર કરીને બહુમાનપૂર્વક કળાચાર્યને લઇ આવવા માટે મહારાજાએ વિદુરને હુકમ કર્યો.

પદ્મ રાજા સમક્ષ કળાચાર્ય આગમન.
પ્રથમ વિવેક અને પછી સત્ય વાતચીત.
રાજાનો ક્ષોભ અને કળાચાર્યની વિચારણા.

વિદુર જાતે જઇને ત્યાર પછી તુરતજ કળાચાર્યને પદ્મ રાજા સમક્ષ બોલાવી લાવ્યો. મારા પિતાશ્રી કળાચાર્યને આવતાં જોઇ ઊભા થયા,* આસન આપ્યું, સત્કાર પૂજા કરી અને તેમની આજ્ઞા લઇ પછી રાજા સિંહાસનપર બેઠા.

પદ્મરાજા—“ આર્ય બુદ્ધિસમુદ્ર ! સર્વ કુમારોનો અભ્યાસ બરાબર ચાલે છે ? ”

કળાચાર્ય—“ આપની કૃપાથી સર્વનો અભ્યાસ સારી રીતે ચાલે છે અને આગળ વધે છે. ”

પદ્મરાજા–“ વારૂ ! નંદિવર્ધને (કુમારે) કાંઇ કળાઓ ગ્રહણ કરી? ”

કળાચાર્ય—“ હાજી ! બહુ સારી રીતે સર્વ કળામાં તે કુશળ થઇ ગયો છે. એની વિગત આપ સાહેબ બરાબર સાંભળો. સર્વ [2]લિપિઓનું જ્ઞાન તો તેનું પોતાનુંજ થઇ ગયું છે, ગણિત તો જાણે તેણેજ બનાવ્યું હોય તેવું થઇ ગયું છે, વ્યાકરણ તો જાણે તેણે પોતેજ ઉત્પન્ન કર્યું હોય તેવું સારૂં તૈયાર થયું છે, જ્યોતિષ તો એનામાં ઘર કરી ગયું છે. આઠ પ્રકારના મહાનિમિત્તો[3] તો તેના

---

* કળાચાર્યનું માન કેટલું હોય છે તે વિચારવા જેવું છે.

1 [illegible]

2 લિપિઓ: [illegible]

3 મહાનિમિત્તો: [illegible]

આત્મભૂત થઇ ગયા છે, [1]છંદશાસ્ત્રનું તો તેને એવું સારૂં જ્ઞાન થઇ ગયું છે કે તે તેણે બીજાઓને પણ કહી સંભળાવ્યું છે, તેણે નૃત્યનો અભ્યાસ કર્યો છે, ગાયનકળા શીખી ગયો છે, [2]હસ્તિશિક્ષા તો તેને ઘરની બૈરી જેવી થઇ ગઇ છે, [3]ધનુર્વેદ તો એનો દોસ્તદાર-મિત્ર થઇ ગયો છે, વૈદક શાસ્ત્ર તો એનું સખા થઇ ગયેલ છે, ધાતુવાદ[4] તેના હુકમમાં આવી ગએલ છે, મનુષ્યનાં જૂદાં જૂદાં લક્ષણો કેવાં હોયછે, વેપારની વસ્તુઓ ક્યારે ખરીદવી, ક્યારે વેચવી[5] અને નિશાન તાકીને અમુક ચોક્કસ પાંદડાનેજ કેવી રીતે વીંધવાં[6] એવી એવી વિદ્યાઓ તો એની દાસી થઇ ગઇ છે. આપની પાસે કેટલી લંબાણ વાત કરૂં. ટુંકામાં કહુ તો એવી કોઇ પણ કળા બાકી રહી નથી કે જેમાં કુમાર બરાબર પારંગત થયો ન હોય."

પદ્મરાજાએ આ પ્રમાણે હકીકત સાંભળી એટલે તેમની આંખમાં હર્ષના આસું આવી ગયાં. ત્યાર પછી તેમણે કળાચાર્યને કહ્યું "આર્ય! બરાબર છે, એમજ હોવું જોઇએ અને તેમ હોય એમાં કાંઇ નવાઇ જેવું પણ નથી. આપ જેવા જ્યારે ઉદ્યોગ કરે ત્યારે કુમારને શું પ્રાપ્ત ન થાય? ખરેખર! તમારા જેવાને ગુરુ તરીકે મેળવનાર કુમાર ભાગ્યશાળી છે"

કળાચાર્ય—"દેવ! એમ બોલો નહિ. અમે તે કોણ માત્ર છીએ, એ તો સર્વ આપનોજ પ્રતાપ છે."

પદ્મરાજા—"આપ બોલો છો તેવાં વિવેકનાં વચન બોલવાની કાંઇ જરૂર નથી. ખરી વાત એ છે કે આપની કૃપાથીજ અમને સર્વ પ્રકારે આનંદ થાય તેવી રીતે નંદિવર્ધન કુમાર સર્વ ગુણોને ધારણ કરનાર થયો છે."

---

૧ છંદશાસ્ત્રઃ પિંગળ.

૨ હસ્તિશિક્ષાઃ હાથીને કેળવવાની ચતુરાઇ.

૩ ધનુર્વેદઃ ધનુષ્ય બાણ કેવી રીતે તાકવાં, મારવાં વિગેરે.

૪ ધાતુવાદઃ રસાયણ વિગેરે ક્રિયાથી સોનું રૂપુ કરવાની વિદ્યા–Mineralogy

૫ આને આધિય વિક્રય નામની કળા કહેવામાં આવે છે.

૬ આને પત્રચ્છેદ નામની કળા કહેવામા આવે છે. પત્રચ્છેદ કળામાં પાંદડાંઓમાં આકૃતિ કરવાની કળા પણ આવે છે. અર્જુને એકલવ્ય ભીલ પાસે જે કળા જોઇ હતી તે આ પત્રચ્છેદ કળા હતી.

પડીને તેને પોતાની ઉપર મોટો ઉપકાર કરનાર હોય એમ ગણે છે. કુમારનું [1]પ્રશમરૂપ અમૃત એ પાપી મિત્ર નાશ કરેલું હોવાથી તેનામાં બીજા ગમે તેટલા ગુણો હોય તો પણ તે સર્વ નિષ્ફળ છે."

વૈશ્વાનર-સંગમુક્તિ-ઉપાય-ચિંતવન.–

આ પ્રમાણે કળાચાર્યની હકીકત સાંભળીને ગાઢો લાગ્યો હોય તેમ પદ્મ રાજાને મહાદુઃખ થયું. ત્યાર પછી મોટો વખત જવા દઇ મહારાજાએ વિદુરને કહ્યું "આ ચંદન રસના છાંટાથી શીતળ લાગતો પંખો તું બંધ કર, કારણકે મને બહારની ગરમી હોઇ પણ પ્રકારની પીડા કરતી નથી. તું અહીંથી જા અને કુમારને બોલાવી લાવ. કુમારને અહીં સ્પષ્ટ રીતે કહી દઉં કે હવે પછી તેણે તેના પાપી મિત્ર વૈશ્વાનરની જરા પણ સોબત કરવી નહિ અને તેમ કરીને મારા મનમાં જે તાપ થયો છે તેનું તું નિવારણ કર."

વિદુરે તેજ વખતે પંખો બાજુ ઉપર મૂકી દીધો અને જમીન સુધી પોતાનું માથું અને હાથ લંબાવી નમન કરી જવાબ આપ્યો "જેવી મહારાજા સાહેબની આજ્ઞા! પરંતુ આપે જે મોટું કામ મને સોંપ્યું છે તે ધ્યાનમાં લઇને જોકે એક અમલદાર તરીકે આપના હુકમના સંબંધમાં બોલવાનો મારો અધિકાર નથી તોપણ વગર નીમેલો તમારો સલાહકાર થઇ જઇને જરા મારો વિચાર બતાવું છું[2] તે આપ ધ્યાનમાં લેવા કૃપા કરશો અને એ પ્રમાણે હું મારા વિચારો બતાવું તો તે સંબંધમાં દેવે કોપ ન કરવો."

પદ્મરાજા—"ભદ્ર! હિતની બાબત બોલનાર ઉપર કોપ કોણ કરે? તારે આ સંબંધમાં કહેવાનું હોય તે ખુશીથી કહે."

વિદુર—"આપ કુમારશ્રીને અત્રે બોલાવી શિખામણ આપવાનું અને વૈશ્વાનરનો સંગ મૂકાવવાનું ધારોછો; પણ મેં તો કુમાર નંદિવર્ધન સાથેના થોડા પરિચય ઉપરથી જોઇ લીધું છે કે કુમાર વૈશ્વાનરનો અંતરનો જીવજાન દોસ્ત થઇ ગયો છે અને તેની સોબત મૂકાવવાને કોઇ પણ શક્તિમાન નથી. વાત એટલે સુધી વધી પડી છે કે કુમાર

---

[1] સમતા-શાંતિ (પ્રશમ) ને અમૃત સાથે પણ સરખાવી શકાય. અમૃત શાંતિ અને દીર્ઘ આયુષ્ય આપે છે તેમ પ્રશમ પણ તે બન્ને વસ્તુ આપે છે.

[2] હુ આટલી વાત કરીશ ત્યારે આપની મોટાઇ નહિ રાખું; મારી બેઅદબી માફ કરશો-બોલવાની એક સુંદર રીત છે.

એ પાપી મિત્રને હિત બુદ્ધિથી ખરેખરો પોતાનો સમજે છે અને તેના વગર એક ક્ષણ પણ રહી શકે તેમ નથી, કારણ કે તે જરા દૂર થાય તો કુમારને ધીરજ રહેતી નથી, ચિંતા થયા કરે છે, અને તેના વગર પોતાના આત્માને તૃણ જેવો માને છે. તેટલા માટે કદાચ આપ કુમારને એ પાપી મિત્રની સોબત છોડી દેવાના સંબંધમાં કાંઇ કહેશો તો મારા ધારવા પ્રમાણે કુમારને મોટો ઉદ્વેગ થશે, કદાચ તે આત્મઘાત કરશે અથવા તો બીજો કોઇ મોટો અનર્થ કરી બેસશે. તેટલા માટે આપ સાહેબ જાતે કુમારને એ સંબંધમાં કાંઇપણ કહો તે મને ઠીક લાગતું નથી."

કળાચાર્ય—" રાજન્! આ વિદુરે આપની સમક્ષ કહ્યું તે સર્વ બરાબર છે. અમે પોતે પણ કુમારની પાપી મિત્ર સાથેની મૈત્રી છોડાવવા ઘણા વખતથી સખ્ત પ્રયત્ન કરીએ છીએ. અમારા મનમાં વારંવાર વિચાર થતો હતો કે જો કોઇ પણ રીતે કુમાર અને પાપી મિત્ર વૈશ્વાનરનો સંબંધ ત્રુટી જાય તો કુમાર ખરેખર તેના નામ પ્રમાણે નંદિવર્ધન (આનંદમાં વધારો કરનાર) થાય; પરંતુ એ બન્નેનો પ્રેમ કોઇ એવો તો ગાઢ થઇ ગયો છે કે કુમાર કાંઇ અનર્થ કરી બેસે એ ભયથી વૈશ્વાનર સાથેનો સંબંધ છોડાવી શકાતો નથી. આ પ્રમાણે હોવાથી કુમાર અને વૈશ્વાનર વચ્ચેનો સંબંધ છોડાવવા યત્ન કરવો એ લગભગ ન બની શકે તેવી ક્રિયા (અશક્ય અનુષ્ઠાન) છે એમ મારે પણ માનવું છે."

પદ્મરાજા—" ત્યારે આનો ઉપાય શું કરવો?"

કળાચાર્ય—" એ તો બહુ ગહન વાત છે, અમે પણ તે વાતનો ઉપાય જાણતા નથી."

વિદુર—" દેવ! એમ સાંભળ્યું છે કે ભૂત ભવિષ્ય અને વર્તમાન કાળના સર્વ પદાર્થોને જાણનાર જિનમતજ્ઞ નામનો એક પ્રખ્યાત નિમિત્તિયો આપણા નગરમાં આજકાલ આવ્યો છે, તે કદાચ આ બાબતને અંગે આપણે શું ઉપાય કરવો તે બતાવી શકશે."

પદ્મરાજા—" બહુ સારૂં, તો તેને તું જાતે જઇને જલદી અહીં બોલાવી લાવ."

વિદુર—" જેવો મહારાજશ્રીનો હુકમ!"





પ્રકરણ ૨ જું.

ક્ષાન્તિકુમારી.



પર જણાવેલી વાત થઇ જતાં વિદુર તુરતજ જિનમતજ્ઞ નિમિત્તિયાને બોલાવવા ગયો અને થોડા વખતમાં તેને સાથે લઇને પદ્મ મહારાજા સમક્ષ પાછો આવ્યો. રાજાએ નિમિત્તિયાને દૂરથી જોયો, દૂરથી તેની આકૃતિ જોતાંજ પોતાના મનમાં સંતોષ પામ્યા, તેને બેસવા માટે આસન આપ્યું, યોગ્ય આદર સત્કારની ક્રિયા કરવામાં આવી અને ત્યાર પછી અત્યાર સુધી નંદિવર્ધનના સંબંધમાં જે વાતો બની હતી તે સર્વ નિમિત્તિયાને કહી સંભળાવી. તે સાંભળીને બુદ્ધિનાડીના સંચારથી નિમિત્તિયાએ જવાબ આપ્યો "મહારાજ! તમે જે સવાલ પૂછોછો તે સંબંધમાં બીજો કોઇ પણ ઇલાજ નથી; માત્ર એકજ ઉપાય છે અને તે પણ પ્રાયે ઘણો મુશ્કેલ છે"

પદ્મરાજા—"એ ઉપાય કેવા પ્રકારનોછે તે આપ કહી સંભળાવો."

જિનમતજ્ઞ—"મહારાજ! સાભળોઃ—[1]

ચિત્તસૌંદર્ય નગર.

"એક [2]ચિત્તસૌંદર્ય નામનું નગર છે તે [3]સર્વ ઉપદ્રવથી રહિત છે, સર્વ ગુણોનું નિવાસસ્થાન છે, કલ્યાણપરંપરાનું કારણ છે અને મંદભાગી પ્રાણીઓને દુર્લભ છે.

૧ હવે અહીં વૈશ્વાનર [illegible] કુમાર સંબંધ કેવી રીતે છોડી દે તેનો ઉપાય **જિનમતજ્ઞ** નિમિત્તિઓ જણાવે છે

૨ **ચિત્તસૌંદર્ય** નગર તે મન સમજવું. સુન્દર મનના શુભ વિચારો આ. દાવી નાખે છે.

૩ આ [illegible] મનના [illegible] બનાવ્યા તે કેવી રીતે [illegible] તે સાવજ બનાવ્યું [illegible] મનન કરવા યોગ્ય છે

{ આ ચિત્તસૌંદર્ય નગરમાં રહેનાર પુણ્યશાળી જીવોને શત્રુઓ ચોરો કોઇ પણ પ્રકારની પીડા ઉપજાવી શકતા નથી તેમજ તે નગરના લોકોને ક્ષુધા, તૃષા વિગેરે કોઇપણ પ્રકારની અસર કરી શકતા નથી, તેથી સમજુ માણસો તે નગરને 'સર્વ ઉપદ્રવથી રહિત' કહે છે.

તે નગરમાં નિવાસ કરીને જે લોકો જ્ઞાન મેળવવાને પાત્ર થાય છે અને કળા વિજ્ઞાનમાં જેટલી કુશળતા તે નગરમાં તેઓને મળે છે તેટલી બીજી કોઇપણ જગોએ મળી શકતી નથી, તેમજ ત્યાં વસનાર લોકોમાં ઉદારતા, ગંભીરતા, ધીરતા, ઉદ્યોગીતા વિગેરે ગુણો સહજ એકઠા થઇ જાય છે, તેથી તે નગર 'સર્વ ગુણોનું નિવાસસ્થાન' છે એમ કહેવામાં આવ્યું છે.

તે ચિત્તસૌંદર્ય નગરમાં રહેનાર ભાગ્યશાળી પ્રાણીઓને ઉત્તરોત્તર એક પછી એક વધારે સારા સુખની શ્રેણી મળતી જાય છે અને જે સુખ પ્રાપ્ત થયું હોય તેમાંથી કદિપણ અધઃપાત થતો નથી તેટલા માટે એ નગરને 'કલ્યાણપરંપરાનું કારણ' કહ્યું છે.

ઉપર જણાવ્યું તેમ તે નગર સર્વ ઉપદ્રવથી રહિત, સમસ્ત ગુણોથી વિભૂષિત અને કલ્યાણપરંપરાનું કારણ હોવાથી તે સર્વદા આનંદને આપનાર અને પુણ્યશાળી જીવોથી વસાયલું છે અને તેમ હોવાથી 'મંદભાગી (ઓછા નશીબવાળા) પ્રાણીઓને તેની પ્રાપ્તિ દુર્લભ છે.' }

શુભપરિણામ રાજા.

"ચિત્તસૌંદર્ય નગરમાં સર્વ લોકોનું હિત કરનાર, દુષ્ટોને દાબી દેવામાં ખાસ ઉદ્યમ કરનાર, સારા માણસોને પાળવામાં ખાસ ધ્યાન આપનાર અને કોશ[1] અને દંડની[2] સમૃદ્ધિથી પરિપૂર્ણ શુભપરિણામ[3] નામનો રાજા છે.

{ ત્યાં રહેનારા સર્વ લોકોનાં ચિત્તમાં થતા સર્વ પ્રકારના સંતાપોને તે રાજા શાંત કરે છે અને તેના જરા જરા સંબંધમાં

---

૧ રાજાને કોશ (૧) ખજાનો હોય તેમ સાથે (૨) એક જાતનું દિવ્ય પણ હોય છે.

૨ દંડ (૧) રાજ્યદંડ અને (૨) શિક્ષા પ્રકરણ.

૩ શુભ પરિણામઃ મનમાં સારા વિચારો આવવા તે.

આવનારને પણ મોટો આનંદ ઉત્પન્ન કરાવે છે અને જગતના સર્વ પ્રાણીઓને સારી ક્રિયાઓમાં પ્રવર્તન કરાવે છે તેથી બહાદુર પ્રાણીઓ એને 'સર્વ લોકોનું હિત કરનાર' કહે છે.

રાગ, દ્વેષ, મોહ, ક્રોધ, લોભ, મદ, ભ્રમ, કામ, ઇર્ષ્યા, શોક, દીનતા વિગેરે જે જે દુઃખ આપનારા ભાવો છે અને જેઓ પોતાની ખરાબ ચાળાએ કરીને લોકોને વારંવાર સંતાપ આપ્યા કરે છે તે સર્વને એ રાજા જડમૂળથી ઉખેડી નાખનારો છે અને તે સંબંધમાં તે નિરંતર ચિંતા કરનારો છે. તેથી તે રાજા 'દુષ્ટને દાબી દેવામાં ખાસ ઉદ્યમ કરનાર' છે એમ કહ્યું છે.

વળી જ્ઞાન, વૈરાગ્ય, સંતોષ, ત્યાગ (દાન), સજ્જનતા વિગેરે મનુષ્ય જાતને આલ્હાદ ઉત્પન્ન કરનાર ગુણોનું અને માન્ય ગુરુઓએ સંમતિ આપેલા તેના જેવા બીજા ગુણોનું પરિપાલન કરવાને તે રાજા સર્વદા તૈયાર રહે છે, અને તે કામ કરતી વખતે તેને બીજા કોઇપણ કામથી વધારે અગત્ય આપે છે તેથી એ શુભ પરિણામ રાજાને 'સારા માણસોને પાળવામાં ખાસ ધ્યાન આપનાર' નું વિશેષણ યોગ્ય રીતે આપવામાં આવ્યું છે.

એ મહારાજાનો કોશ (ભંડાર) બુદ્ધિ, ધીરજ, સ્મૃતિ, સંવેગ, સમતા વિગેરે ગુણરત્નોથી ભરપૂર છે; રથ, હાથી, ઘોડા અને પાળા એ ચાર પ્રકારના લશ્કરવાળા રાજાની પેઠે દાન, શીળ, તપ, ભાવરૂપ ચાર પ્રકારના લશ્કરથી તે રાજાનો રાજ્યદંડ[1] વિસ્તાર પામે છે-રાજ્ય આજ્ઞા સર્વત્ર માન્ય થાય છે; આ પ્રમાણે હોવાથી એ મહારાજાને 'કોશ અને દંડની સમૃદ્ધિથી પરિપૂર્ણ' કહેવામાં આવ્યો છે.}

નિષ્પ્રકંપતા રાણી.

"એ મહારાજાને 'નિષ્પ્રકંપતા[2] નામની મહાદેવી છે-તેણે શરીરની સુંદરતાના વિષયમાં વિજયધ્વજ પ્રાપ્ત કરેલ છે, અનેક કળાઓમાં કુશળતા મેળવેલી હોવાથી તેણે ત્રણ ભુવનને જીતી લીધા છે, પોતાના નાના પ્રકારના વિલાસોને લીધે કામદેવની પ્રિયા રતિના

---

૧ અથવા શામ, દામ દંડ અને ભેદ એ ચાર નીતિ પણ લઇ શકાય.

૨ નિષ્પ્રકંપતાઃ મેરૂની પેઠે સ્થિર રહેનાર, વિચાર ફરે તેવી નહિ, પણ મક્કમ, અડગ વિચારની.

વિભ્રમોને પણ તેણે હસી કાઢ્યા છે અને તેણે પોતાના પતિ તરફ અપૂર્વ ભક્તિને લીધે [1]અરૂંધતિના માહાત્મ્યને પણ તિરસ્કારી કાઢ્યું છે.

{ દેવતા અસુર અને મનુષ્યોની સ્ત્રીઓમાં જે સર્વોત્તમ હોય તે સર્વ સ્ત્રીઓ સાથે મળીને પોતાનાં શરીરપર સુંદર ઘરેણાં અને વસ્ત્રો પહેરીને મોટા સાધુસમુદાયને ચળાવવા માટે મોટો પ્રયત્ન આદરી બેસે ત્યારે આ મહાદેવી મુનિઓનાં ચિત્તને ધર્મ દિશામાં સ્થાપન કરી આપે છે અને તે એવી સુંદર શોભા ધરે છે કે તેઓનાં ચિત્ત પેલી સ્ત્રીઓ તરફ ન જતાં આ દેવીમાં આસક્ત રહે-આ પ્રમાણે હોવાથી 'તેણે શરીરની સુંદરતાના વિષયમાં [2]વિજયધ્વજ પ્રાપ્ત કરેલ છે' એવું વિશેષણ તેને આપવામાં આવ્યું છે.

[3]રૂદ્ર, ઇંદ્ર, ઉપેંદ્ર, ચંદ્ર વિગેરે ત્રણ લોકમાં પ્રસિદ્ધ મોટા કળાબાજ ગણાય છે. તે અને બીજાપણ જેઓ કળાવાનો ગણાતા હોય તે સર્વ કામ ક્રોધ વિગેરે ભાવશત્રુથી-ષડ્રિપુથી-દબાએલા છે-એટલે એવા મોટા કળાબાજોને પણ છ શત્રુઓ કદર્થના કરી નાખે છે. આથી જો બરાબર રીતે વિચાર કરીએ તો તેઓ ખરા કળાવાન ન કહેવાય. આ મહાદેવીમાં તો કોઇ અપૂર્વ કૌશલ્ય રહેલું છે કે રમત માત્રમાં તે સર્વ શત્રુઓને દબાવી

---

૧ અરૂંધતિઃ પુરાણિક કથા પ્રમાણે કર્દમ પ્રજાપતિની નવ દીકરીઓમાંની તે એક હતી અને તેને વસિષ્ઠઋષિ સાથે પરણાવી હતી. એ અતિશય પતિવ્રતા [illegible] ભક્તિ અને પ્રેમ હતાં. પતિભક્તિકે-સતીત્વના દૃષ્ટાન્ત [illegible] તેનું દૃષ્ટાન્ત અપાય છે. તે પોતાના પતિને વશ હોમ હવન વિગેરે [illegible] કાર્યો હોંશથી મદદ કરતી હતી.

૨ [illegible] જયધ્વજ જાહેર થાય છે કે જ્યારે [illegible]

૩ [illegible]

લે છે (ષડ્રિપુ-કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર નિષ્પ્રકમ્પતાને તાબે છે). આ પ્રમાણે હોવાથી 'અનેક કળાઓમાં કુશળતા મેળવેલી હોવાથી તેણે ત્રણ ભુવનને જીતી લીધાછે એમ એ મહાદેવી નિષ્પ્રકંપતાના સંબંધમાં કહેવામાં આવ્યું છે.

ત્યાર પછી આગળ ચાલતાં 'પોતાના નાના પ્રકારના વિલાસોને લીધે કામદેવની પ્રિયા રતિના વિભ્રમોને તેણે હસી કાઢ્યા છે' એમ તે મહાદેવીના સંબંધમાં કહેવામાં આવ્યું છે તે પણ યોગ્ય છે, કારણ કે રતિ જે કામના વિલાસો કરે છે તે તો માત્ર ઉપર ઉપરના સંતોષના કારણભૂત થાય છે, પરંતુ એવા પ્રકારના વિલાસોની વાર્તા પણ મુનિઓ તો જાણતા નથી, વિચારતા નથી; પરંતુ આ દેવીમાં જે મુનિઓ આસક્ત હોય છે, જેઓને એના તરફ પ્રેમ હોય છે, તેઓ વ્રત પચ્ચખ્ખાણ-નિયમને પાળવામાં એટલો બધો વિલાસ કરતા હોય છે, તેમને એ વાતમાં એટલો બધો આનંદ આવતો હોય છે કે તે બાબતનું અવલોકન કરનારની મગજશક્તિ પણ તે બાબત તરફ જરૂર આકર્ષાઇ જાય. રતિના વિલાસ જેવા તે ઉપર ઉપરના નહિ પણ અંદરથી હીરા અને ખરેખરા હોય છે.

તે મહાદેવીની પતિભક્તિના સંબંધમાં એટલુંજ કહેવાનું છે કે જ્યારે તેના પતિ શુભપરિણામ મહારાજા કોઇ પણ પ્રકારની આપત્તિ(દુઃખ)માં આવી પડે છે ત્યારે તે મહાદેવી પોતાના પ્રાણ આપીને પણ પોતાની અચિન્ત્ય શક્તિવડે પતિને મુશ્કેલીમાંથી તારી કાઢે છે તેટલા માટે 'તેણે પોતાના પતિ તરફ અપૂર્વ ભક્તિને લીધે અરૂન્ધતિના માહાત્મ્યને પણ તિરસ્કારી કાઢ્યું છે' એમ તેના સંબંધમાં કહેવામાં આવ્યું છે; કારણ કે આ દેવી પતિની મુશ્કેલી દૂર કરી શકે છે ત્યારે સતી અરૂન્ધતિ પતિનું રક્ષણ કરી શક્યા નહોતા. }

આ મહારાણીનું વધારે કેટલું વર્ણન કરવું ? ટુંકામાં કહીએ તો રાજાનાં મન કાર્યો કરનારી આ મહાદેવી છે અને તેથી રાજાના મોટા રાજ્યમાં તે એક અગત્યની સ્ત્રી થઇ પડી છે.

ક્ષાન્તિ પુત્રી.

" એ નિષ્પ્રકમ્પતા મહાદેવી અને શુભપરિણામ રાજાને ક્ષાન્તિ નામની પુત્રી છે તે સર્વથી સુંદર વસ્તુઓમાં પણ સુંદર છે, અનેક

આશ્ચર્યોનું જન્મસ્થાન છે, ગુણ રત્નોની પેટી છે અને [illegible] વિલક્ષણતાથી મહા મુનિઓનાં મનને પણ પોતાની તરફ ખેંચનારી [illegible]

૬ જે પ્રાણીઓ તે ક્ષાંતિની સેવા-ઉપાસના-કરનારા છે તેઓને તે નિરંતર આનંદ આપનારી છે અને તે એટલી બધી [illegible] કે તેને યાદ કરવાથી-તેનું સ્મરણ માત્ર કરવાથી-પણ તે [illegible] દોષોને મૂકાવી દૂર ફેંકાવી દે છે. એ વિશાળ ચક્ષુવાળી ક્ષાન્તિ [illegible] જે મનુષ્ય તરફ લીલામાત્રમાં પણ જુએ છે તેને લોકો [illegible] નું નામ આપીને અથવા 'મહાત્મા'નો ઇલકાબ આપીને તેના સંબંધમાં બહુ વખાણ કરે છે. જે ભાગ્યશાળી પ્રાણી [illegible] શરીરનું આલિંગન (ભેટ) મેળવવાને નશીબવાન થાય છે [illegible] સર્વ મનુષ્યોનો ચક્રવર્તી થાય છે-રાજાનો પણ રાજા થાય [illegible] આ પ્રમાણે હોવાથી તે ક્ષાન્તિ પુત્રીથી વધારે સારી કોઈ વસ્તુ દુનિયામાં હોય એમ જણાતું નથી અને તેટલા માટેજ [illegible] તેને 'સર્વથી સુંદર વસ્તુઓમાં પણ સુંદર' નું ઉપનામ આપ્યું [illegible]

(આ લોકમાં આર્ત્ત અને રૌદ્ર દુર્ધ્યાન છે, ધર્મ અને શુક્લ સદ્ધ્યાન છે; તેમાં પણ શુક્લ ધ્યાન શ્રેષ્ઠ છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ એ પાંચ જ્ઞાનમાં કેવળજ્ઞાન સર્વોત્તમ છે, કારણ કે તેનાથી સર્વ ભૂત અને ભાવી બનાવો જણાય [illegible] સર્વ ઋદ્ધિમાં પ્રશમ-સમતાની ઋદ્ધિ વધારે કિંમતી [illegible] આ [illegible] શુક્લ ધ્યાન, કેવળ જ્ઞાન અને પ્રશમ [illegible] સર્વ [illegible] ચમત્કાર ઉત્પન્ન કરે તેવા સદ્ગુણ [illegible] વિદ્યમાન છે તે સર્વ ક્ષાન્તિના પ્રસાદથી અને તેની [illegible] કરવાથી અનેક પ્રાણીઓએ અનેકવાર પ્રાપ્ત કર્યા [illegible] કરે છે-તેથી આ ક્ષાન્તિ પુત્રીને 'અનેક આશ્ચર્યોનું જન્મસ્થાન' કહેવામાં આવી છે.

[illegible] 'ગુણરત્નોની પેટી' [illegible]

[illegible]

ઉપર છે, ક્ષાન્તિ હોય તોજ તે ગુણો ટકી શકે છે અને તે વગર તે શોભતા પણ નથી. જેમ આશ્રય વગર આશ્રિતો ચ- ળવા લાગે છે, તેમ ક્ષાન્તિ વગર ગુણો શોભા વગરના લાગે છે.

વળી બીજી રીતે જોઇએ તો ક્ષાન્તિ–ક્ષમા એજ મોટું દાનછે, ક્ષાન્તિ એજ મોટો તપ છે, ક્ષાન્તિ એજ મોટું જ્ઞાન છે, ક્ષાન્તિ એજ મહા દમ (ઇંદ્રિય દમન) છે, ક્ષાન્તિ એજ મહા શીલ છે, ક્ષાન્તિ એજ મોટું કુળ છે, ક્ષાન્તિ એજ મોટી શક્તિ છે, ક્ષાન્તિ એજ પરાક્રમ છે, ક્ષાન્તિ એજ સંતોષ છે, ક્ષાન્તિ એજ ઇંદ્રિ- યોનો નિગ્રહ છે, ક્ષાન્તિ એજ મોટું શૌચ-પવિત્રતા છે, ક્ષાન્તિજ મહા દયા છે, ક્ષાન્તિજ મોટું રૂપ છે, ક્ષાન્તિજ ક્ષાન્તિજ મોટું ઐશ્વર્ય છે, ક્ષાન્તિનેજ ધૈર્ય કહેવામાં આવે છે, ક્ષાન્તિજ પરબ્રહ્મ છે, ક્ષાન્તિજ પરમ સત્ય છે, ક્ષાન્તિજ ખરે- ખરી મુક્તિ છે, ક્ષાન્તિજ સર્વ અર્થને સાધનાર છે, ક્ષાન્તિજ સમગ્ર જગત્‌ને પૂજવા યોગ્ય છે, ક્ષાન્તિજ જગતનું હિત કરનારી છે, ક્ષાન્તિજ જગતમાં મોટી છે, ક્ષાન્તિજ કલ્યાણ કરનારી છે, ક્ષાન્તિજ જગતને પૂજવા યોગ્ય છે અને ક્ષાન્તિજ પરમ મંગળનું કારણ અથવા પોતેજ મંગળ રૂપ છે, સર્વ વ્યાધિઓને દૂર કરે તેવું સુંદર ઔષધ (panacea) ક્ષાન્તિજ છે અને શત્રુનો નાશ કરનાર ચતુરંગી સેના પણ ક્ષાન્તિજ છે, ટુંકામાં કહીએ તો ક્ષા- ન્તિમાં સર્વ વાતો આવી જાય છે– આ પ્રમાણે હોવાથી તેને મુનિઓનાં મનને પણ પોતાની તરફ ખેંચનારી ? કહે- વામાં આવી છે. }

કુમારને એ કન્યા પરણાવવા ભલામણ.

" જે સ્ત્રીનાં આવાં સુંદર રૂપો હોય તેને ક્યો શાણો પો- તાના મનમાં ધારણ કરતાં અચકાય ? એટલે સુધી પ્રાણીના ચિત્ત ઉપર આ કન્યા હોવાથી ચઢે છે તે ફરી જાય છે અને તે આ સ્ત્રી જેવો સુંદર બની જાય છે. હોવાથી સર્વ ઇચ્છાઓને પરિપૂર્ણ કરનારી આ કન્યા સમ્યગ ગુણોની આકાંક્ષાવાળો દરેક પ્રાણી પોતાના હોય ગમ્યા કરે છે.

આ પ્રમાણેનું હકીકત હોવાથી તમારા ધ્યાનમાં એ કન્યાના સર્વ સુંદર ગુણો છે અને તેથી ...

આશ્ચર્યોનું જન્મસ્થાન છે, ગુણ રત્નોની પેટી છે અને શરીરની વિલક્ષણતાથી મહા મુનિઓનાં મનને પણ પોતાની તરફ ખેંચનારી છે.

[જે પ્રાણીઓ તે ક્ષાંતિની સેવા-ઉપાસના-કરનારા છે તેઓને તે નિરંતર આનંદ આપનારી છે અને તે એટલી બધી ભલી છે કે તેને યાદ કરવાથી-તેનું સ્મરણ માત્ર કરવાથી-પણ તે સર્વ દોષોને મૂળથી દૂર ફેંકી દે છે. એ વિશાળ ચક્ષુવાળી ક્ષાન્તિપુત્રી જે મનુષ્ય તરફ લીલામાત્રમાં પણ જુએ છે તેને લોકો 'પંડિત'નું નામ આપીને અથવા 'મહાત્મા'નો ઇલકાબ આપીને તેના સંબંધમાં બહુ બહુમાન કરે છે. જે ભાગ્યશાળી પ્રાણી એ ક્ષાંતિનું આલિંગન (ભેટ) મેળવવાને નસીબવાન થાય છે તે સર્વ મનુષ્યોનો ચક્રવર્તી થાય છે-રાજાનો પણ રાજા થાય છે.' આ પ્રમાણે હોવાથી તે ક્ષાન્તિ પુત્રીથી વધારે સારી કોઇ વસ્તુ દુનિયામાં હોય એમ જણાતું નથી અને તેટલા માટે જ વિદ્વાનો તેને 'સર્વથી સુંદર વસ્તુઓમાં પણ સુંદર'નું ઉપનામ આપે છે.

(આ લોકમાં આર્ત અને રૌદ્ર દુર્ધ્યાન છે, ધર્મ અને શુક્લ સદ્ધ્યાન છે: તેમાં પણ શુક્લ ધ્યાન શ્રેષ્ઠ છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ એ પાંચ જ્ઞાનમાં કેવળજ્ઞાન સર્વોત્કૃષ્ટ છે, કારણ કે તેનાથી સર્વ ભૂત અને ભાવી બનાવો જણાય છે. સર્વ ઋદ્ધિમાં પ્રશમ-સમતાની ઋદ્ધિ વધારે કિંમતી ગણાય છે.) આ સર્વોત્કૃષ્ટ શુક્લ ધ્યાન, કેવળ જ્ઞાન અને પ્રશમ ઋદ્ધિ વિગેરે સર્વ ઉત્તમ ચમત્કાર ઉત્પન્ન કરે તેવા અદ્ભુત ભાવો આ જગતમાં વિદ્યમાન છે તે સર્વ ક્ષાન્તિના પ્રસાદથી અને તેની આરાધના કરવાથી અનેક પ્રાણીઓએ અનેકવાર પ્રાપ્ત કર્યા છે, તેથી [illegible] આ ક્ષાન્તિ પુત્રીને 'અનેક આશ્ચર્યોનું જન્મસ્થાન' કહેવામાં આવે છે.

[illegible] 'ગુણરત્નોની પેટી' [illegible]

ઉપર છે, શાન્તિ હોય તોજ તે ગુણો ટકી શકે છે અને તે વગર તે શોભતા પણ નથી. જેમ આશ્રય વગર આશ્રિતો ખરાબ લાગે છે, તેમ ક્ષાન્તિ વગર ગુણો શોભા વગરના લાગે છે.

વળી બીજી રીતે જોઇએ તો ક્ષાન્તિ-ક્ષમા એજ મોટું દાનછે, ક્ષાન્તિ એજ મોટો તપ છે, ક્ષાન્તિ એજ મોટું જ્ઞાન છે, ક્ષાન્તિ એજ મહા દમ (ઇંદ્રિય દમન) છે, ક્ષાન્તિ એજ મહા શીળ છે, ક્ષાન્તિ એજ મોટું કુળ છે, ક્ષાન્તિ એજ મોટી શક્તિ છે, ક્ષાન્તિ એજ પરાક્રમ છે, ક્ષાન્તિ એજ સંતોષ છે, ક્ષાન્તિ એજ ઇંદ્રિયોનો નિગ્રહ છે, ક્ષાન્તિ એજ મોટું શૌચ-પવિત્રતા છે, ક્ષાન્તિજ મહા દયા છે. ક્ષાન્તિજ મોટું રૂપ છે, ક્ષાન્તિજ મોટું બળ છે, ક્ષાન્તિજ મોટું ઐશ્વર્ય છે, ક્ષાન્તિનેજ ધૈર્ય કહેવામાં આવે છે, ક્ષાન્તિજ પરબ્રહ્મ છે, ક્ષાન્તિજ પરમ સત્ય છે. ક્ષાન્તિજ ખરેખરી મુક્તિ છે, ક્ષાન્તિજ સર્વ અર્થને સાધનાર છે, ક્ષાન્તિજ ત્રણ જગતને પૂજવા યોગ્ય છે, ક્ષાન્તિજ જગતનું હિત કરનારી છે, ક્ષાન્તિજ જગતમાં મોટી છે, ક્ષાન્તિજ કલ્યાણ કરનારી છે, ક્ષાન્તિજ જગતને પૂજવા યોગ્ય છે અને ક્ષાન્તિજ પરમ મંગળનું કારણ અથવા પોતેજ મંગળ રૂપ છે, સર્વ વ્યાધિઓને દૂર કરે તેવું સુંદર ઔષધ (panacea) ક્ષાન્તિજ છે અને શત્રુનો નાશ કરનાર ચતુરંગી સેના પણ ક્ષાન્તિજ છે. ટુંકામાં કહીએ તો ક્ષાન્તિમાં સર્વ વાતો આવી જાય છે- આ પ્રમાણે હોવાથી તેને 'મુનિઓનાં મનને પણ પોતાની તરફ ખેંચનારી' કહેવામાં આવી છે.]

કુમારને એ કન્યા પરણાવવા ભલામણ.

"જે સ્ત્રીનાં આવાં સુંદર રૂપો હોય તેને ક્યો ડાહ્યો માણસ પોતાના મનમાં ધારણ કરતાં અચકાય? એટલે સુધી વાત છે કે જે પ્રાણીના ચિત્ત ઉપર આ કન્યા હોંશથી ચઢે છે તે પ્રાણીનું નશીબ ફરી જાય છે અને તે આ સ્ત્રી જેવો સુંદર બની જાય છે. આ પ્રમાણે હોવાથી સર્વ ઇચ્છાઓને પરિપૂર્ણ કરનારી આ કન્યાને મેળવવાને સમ્યગ ગુણોની આકાંક્ષાવાળો દરેક પ્રાણી પોતાના હૃદયમાં સદાકાળ હોંશ રાખ્યા કરે છે.

"આ પ્રમાણે હકીકત હોવાથી તમારા ધ્યાનમાં આવ્યું હશે કે એ કન્યામાં સર્વ સુંદર ગુણો છે અને તેથી તે સર્વને બહુ વહાલી

વૈશ્વાનર અને ક્ષાન્તિ કુમારી.

લાગે તેવી છે; પણ તેજ કારણને લીધે તમારા કુમારના મિત્ર વૈશ્વાનરને ચાને તેને જરાપણ બનતું નથી. અને એક બીજાથી ઉલટા હોવાથી સ્વાભાવિક રીતે પરસ્પરના શત્રુભાવે રહે છે. વૈશ્વાનરને પણ એ રાજકન્યાની એવી બીક લાગે છે કે તેના દર્શન માત્રથી ગભરાઈ જઈ તેનાથી દૂરને દૂર નાસભાગ કરે છે. એ વૈશ્વાનર સર્વ દોષોનો ઢગલો છે અને એ કન્યા અનેક ગુણોનું મંદિર છે. એ પાપી વૈશ્વાનર સાક્ષાત્ બળતો અગ્નિ છે ત્યારે આ ક્ષાન્તિ કુમારી બરફના જેવી ઠંડી અને આનંદ આપનારી છે. તે બન્ને સ્વાભાવિક રીતે શત્રુભાવે રહે છે એમ અમે નિશ્ચય કર્યું તેનું કારણ એ છે કે એક બીજામાં તદ્દન ઉલટા ગુણો હોવાથી તે બન્ને એક સ્થાને કદિ રહી શકતા નથી અને તેથી જ્યારે ક્ષાન્તિ કુમારી પરણશે કે તરત સંતોષ વૈશ્વાનરને ત્યાંથી ઉપડીજ જવું પડે છે. હે રાજન્! જો તમારો કુમાર આ ભાગ્યશાળી કન્યાની સાથે પરણશે તો તેના પાપી મિત્ર સાથેની દોસ્તી છૂટી જશે."

કુમારે કન્યા સંબંધે વિચાર.

કન્યાની માગણી માટે દુતો.

અભિષેક સંબંધી તૈયારી.

ઉપર પ્રમાણે જિનમતજ્ઞ નિમિત્તિઆએ [illegible]

[illegible]

તુરતજ રાજાની સામું નીચું મુખ કરી નમન કર્યું ત્યારે રાજાએ તેને કહ્યું "આર્ય મતિધન! તમે આ સર્વ સાંભળ્યું?"

મતિધન—"હા મહારાજ! મેં સર્વ હકીકત બરાબર સાંભળી."

રાજા—"જુઓ! નંદિવર્ધન કુમારમાં મોટા માણસને યોગ્ય અનેક ગુણો છે તે સર્વ તેના પાપી મિત્ર વૈશ્વાનરના સંબંધથી દોષવાળા થયા છે અને ફળ વગરના થયા છે. એ હકીકત બહુ સંતાપ કરનારી અને ઉદ્વેગ કરનારી થઇ પડી છે. તેટલા માટે આર્ય! તમે જાઓ, બોલવાની-વાતચીત કરવાની કળામાં અતિ કુશળ હોય તેવા આપણા મુખ્ય અમલદારોને ચિત્તસૌંદર્ય નગરે મોકલો, તે દેશમાં ન મળી શકતી હોય તેવી નજરાણાંની વસ્તુઓ એકઠી કરીને તેઓને સોંપો, સંબંધ કરવા અને વધારવા યોગ્ય મધુર અને વિવેકનાં વચનો તેઓને બરાબર શીખવો અને તેઓની મારફત શુભપરિણામ મહારાજા પાસે તેની ક્ષાંતિ પુત્રીનું આપણા કુમાર માટે માગું કરો."

મતિધન—"જેવો મહારાજાશ્રીનો હુકમ."

આ પ્રમાણે જવાબ આપી મતિધન મંત્રી બહાર જવાની તૈયારી કરતો હતો તેવામાં જિનમતજ્ઞ નિમિત્તિયાએ કહ્યું "આવા પ્રકારના આરંભની જરૂર નથી. એ ચિત્તસૌંદર્ય નગરે એવી રીતે જઇ શકાય તેવું નથી."

પદ્મરાજા—"આર્ય! એમ કેમ?"

જિનમતજ્ઞ—"નગર, રાજ, ભાર્યા, પુત્ર, મિત્ર વિગેરે આ લોકની સર્વ વસ્તુઓ બે પ્રકારની છે—અંતરંગ અને બહિરંગ. આમાંની જે બહિરંગ વસ્તુઓ છે તેમાં તમારા જેવાનું ગમનાગમન (જવું આવવું) થઇ શકે છે અને આજ્ઞા (હુકમ) ચાલી શકે છે એટલે કે તમે પોતે ત્યાં જઇ શકોછો અથવા બીજાને જવાની આજ્ઞા આપી શકોછો, પણ અંતરંગ વસ્તુઓના સંબંધમાં તેમ બની શકતું નથી. ઉપર ચિત્તસૌંદર્ય નગર કહ્યું, તેમાં ચિત્તપરિણામ રાજા બતાવ્યો, તેની નિષ્પ્રકમ્પતા રાણી બતાવી અને તેની પુત્રી ક્ષાન્તિ જણાવી તે સર્વ અંતરંગ છે. તેટલા માટે ત્યાં દૂતને-એલચીને મોકલવો તે યોગ્ય નથી, ત્યાં તમારો દૂત જઇ શકતો નથી.

અંતરંગ અને બહિરંગ

રાજા—"ત્યાં જવાને ત્યારે કોણ શક્તિમાન્ છે અને ત્યાં કોનો હુકમ ચાલે છે?"

જિનમતજ્ઞ—"અંતરંગ રાજા હોય તેજ તેમ કરવા સમર્થ છે."

રાજા—"તે રાજા કોણ છે?"

અંતરંગ અને બહિરંગ તંત્રો.

જિનમતજ્ઞ—"મહારાજ! તે અંતરંગ રાજાનું નામ કર્મપરિણામ છે. તે કર્મપરિણામ રાજાએ આ શુભપરિણામ રાજાને ચિત્તસૌંદર્ય નગર ગરાસમાં આપ્યું છે અને તેમ હોવાથી એ શુભપરિણામ રાજા પોતે કર્મપરિણામને વશ હોય-એનો ભાયાત (પટાવત) હોય-તેમ વર્તેછે."

રાજા—"તે કર્મપરિણામ મહારાજા મારા જેવાની પ્રાર્થના સાંભળે છે ખરો કે પોતાના મનમાં આવે તેમજ કરનારો છે?"

જિનમતજ્ઞ—"તે કર્મપરિણામ રાજા કદિ કોઇની પ્રાર્થના સાંભળતો નથી, ઘણે ભાગે તે પોતાના મનમાં આવે તેમજ કરનારો છે અને સારા માણસો એની પ્રાર્થના કરે એવી અપેક્ષા પણ તે રાખતો નથી, તેની પાસે વિવેકના ગમે તેટલા શબ્દો કહેવામાં આવે તેથી તે રીઝી જતો નથી, બીજા પ્રાણીઓને ગમે તેટલી અગવડ થાય તેથી તે લેવાઇ જતો નથી અને માણસને દુઃખમાં આવી પડેલા જોઇ દયા ખાતો નથી. માત્ર જ્યારે કોઇ કામ કરવાનું હોય છે ત્યારે તે પોતાની મ્હોટી બ્હેન [1]લોકસ્થિતિની સલાહ લે છે, પોતાની સ્ત્રી કાળપરિણતિની સાથે તે કામના સંબંધમાં વિચારણા કરે છે અને પોતાના [2]સ્વભાવની સાથે તે સંબંધમાં વાતચીત કરે છે, નંદિવર્ધનની ઘણા ભવથી સ્ત્રી તરીકે સાથે રહેનાર ભવિતવ્યતાને અનુસરે છે અને કોઇ કોઇ વખત પોતાના કામના સંબંધમાં તે નંદિવર્ધન કુમારની શક્તિથી જરા જરા બીહે છે. આવી રીતે કર્મપરિણામ મહારાજા એ અંતરંગ લોકોને પૂછીને પોતાની મરજીમાં આવે તે પ્રમાણે કામ કરે છે અને તે પ્રમાણે જ્યારે તે કામ કરવા લાગે છે ત્યારે બહારના લોકો ગમે તેટલા રડે, રાડો પાડે કે ચીસો પાડે તેની દરકાર કરતો નથી, તેની મરજીમાં આવે તે પ્રમાણે કામ કરતો ચાલ્યો જાય છે. માટે તેની પ્રાર્થના કરવી કે તેની પાસે માંગણી કરવી તે નકામી છે, પરંતુ જ્યારે તેને યોગ્ય લાગશે

---

૧ લોકસ્થિતિના પરિચય માટે પૃ. ૩૦૩-૮ અને તેની નોટ જુઓ.

૨ અગાઉ જણાવ્યું છે (જુઓ પૃ. ૩૦૮) તેમ કોઇપણ કાર્ય કરવામાં પાંચ સમવાયી કારણોની જરૂર રહે છેઃ ઉદ્યોગ, કર્મ, ભવિતવ્યતા, કાળ અને સ્વભાવ. નંદિવર્ધન જેવા હજુ પોતાની શક્તિનો ઉપયોગ બરાબર કરી શકતા નથી. લોકસ્થિતિ એ કુદરતનો કાયદો (Law of Nature) સમજવો.

ત્યારે તે પોતેજ શુભપરિણામ રાજાને હુકમ કરીને તેની ક્ષાન્તિપુત્રીને તમારા કુમારને અપાવશે, તમારી પ્રાર્થનાથી તેમ નહિ કરે, પણ પોતાના ધ્યાનમાં આવશે ત્યારે યોગ્ય કાળે તે કામ કર્મપરિણામ રાજા જાતેજ કરશે."

પદ્મરાજા—"જો એમ હોયતો તો અમારૂં મોટું દુર્ભાગ્ય! કર્મપરિણામ રાજાના મનમાં તે કામ કરવાનું ક્યારે આવશે તે આપણે જાણતા નથી અને કુમારના પાપી મિત્રને તેનાથી દૂર ખસેડવામાં ન આવે ત્યાં સુધી કુમારના સર્વ ગુણો નિષ્ફળ હોવાને લીધે એ વાતનો હાલ તો કાંઇ સંભવ પણ ધારી શકાતો નથી. તેથી અત્યારે તો ખરેખર આપણે જીવતાજ[1] ન હોઇએ એવી એ વાત થઇ ગઇ છે."

જિનમતજ્ઞ—"મહારાજ! આ બાબતમાં શોક કરવો નકામો છે. જ્યાં હકીકતજ એવી છે ત્યાં આપણે શું કરીએ? શું કરી શકીએ?

नरः प्रमादी शक्येऽर्थे, स्यादुपालम्भभाजनम् ।
अशक्यवस्तुविषये, पुरुषो नापराध्यति ॥
योऽशक्येऽर्थे प्रवर्तेत, अनपेक्ष्य बलाबलम् ।
आत्मानश्च परेषां च, स हास्यः स्याद्विपश्चिताम् ॥

'જે હકીકત બની શકે તેવી હોય તેમાં જો પ્રાણી આળસ કરે તો તે ઠપકાને યોગ્ય ગણાય છે, પણ જે હકીકત તદ્દન બની શકે તેવી હોયજ નહિ તેના સંબંધમાં તે કોઇ પણ રીતે જવાબદાર ગણી શકાય નહિ. અન્યત્ર નીતિશાસ્ત્રમાં પણ કહ્યું છે કે જે પ્રાણી પોતાના અને સામાના બળ અને નબળાઇનો વિચાર કર્યા વગર પોતાથી ન બની શકે તેવા કામમાં પ્રવૃત્તિ કરે છે તે ડાહ્યા માણસોના હાસ્યને યોગ્ય બને છે.' આ પ્રમાણે હકીકત છે તેથી રાજન્! જે થવાનું હશે તે થશે. તમારે હાલતો ચિંતાનો ત્યાગ કરીને થોડો વખત રાહ જોવી એજ ઉચિત છે. વળી તમારા મનની શાંતિ થાય એવું એકાદ કારણ છે તે તમને કહું છું. [2]નિરાલંબનપણું આદરીને બેસી રહો, તમારા જેવાએ દીનતા કરવી એ તો કોઈ પણ રીતે યોગ્ય નથી."

---

૧ જ્યાં આપણો પ્રયાસ ચાલે નહિ ત્યાં આપણે મુઆ જેવાજ છીએ એવો અત્ર રાજાના બોલવાનો આશય જણાય છે.

૨ પારકાની આશા—અન્ય ઉપર આધાર રાખવો તેથી રહિતપણું.

પદ્મરાજા—" આર્ય ! આપે બહુ સારૂં કહ્યું ! આપે જે આ છેલ્લું વચન કહ્યું તેથી અમને-અમારા મનને જરા નિરાંત વળી છે. હવે અમારા મનની શાંતિનું કારણ આપે જણાવ્યું તે શું છે તે અમને કહો."

જિનમતજ્ઞ—" મહારાજ ! આ કુમારનો પુણ્યોદય નામનો એક મિત્ર છે તે પોતાનું રૂપ ગુપ્ત રાખીને રહે છે. એ પુણ્યોદય મિત્ર જ્યાં સુધી કુમારની બાજુમાં હશે ત્યાં સુધી પેલો પાપી મિત્ર વૈશ્વાનર કુમારને ગમે તેટલા અનર્થો કરશે તે સર્વ ઉલટા કુમારના લાભનાં કારણ થાય એમ તે કરી દેશે." આ હકીકત સાંભળી (સંસારીજીવ કહે છે કે) મારા પિતા કાંઇક શાંત થયા.

સમયઘંટ અને વિસર્જન.

આ વખતે સૂર્ય આકાશના મધ્ય ભાગમાં આવ્યો હતો, એટલે શરણાઇ તથા નોબતો વાગવા માંડી અને છેવટે શંખ વાગ્યો. સમય જણાવનાર કાળ નિવેદકે કહ્યું—" આ દુનિયામાં તેજની[1] વૃદ્ધિ ક્રોધ કરવાથી નથી, પણ [2]મધ્યસ્થ ભાવથી થાય છે-એમ બતાવતો સૂર્ય મધ્યસ્થપણાને પામ્યો. (અર્થાત્ સવાર કરતાં બપોરે સૂર્યના તેજમાં વધારો થાય છે તેનું કારણ તેનું મધ્યસ્થાયીપણું છે; તે બતાવે છે કે ક્રોધ કરવાથી તેજ વૃદ્ધિ પામતું નથી પણ મધ્યસ્થ ભાવ-તટસ્થ ભાવ રાખવાથી પોતાનું તેજ વધે છે. આમ શિક્ષા આપવા સાથે કાળનિવેદકે જણાવ્યું કે મધ્યાહ્ન કાળ થઇ ગયો છે.)

વિદુરને સંદેશો.

તાતે જણાવ્યું કે મધ્યાહ્ન કાળ થયો છે તેથી હવે સર્વેએ ઉઠવું જોઇએ એમ કહી રાજાએ કળાચાર્યનું અને નિમિત્તિયાનું પૂજન કર્યું, તેઓને બહુ માન આપીને વિદાય કર્યા અને સભા બરખાસ્ત કરી. હવે મારા પિતાએ નિમિત્તિયાના વચનથી જાણ્યું હતું કે મારા સંબંધમાં કાંઇપણ કરવું અને મને સુધારવો એ તદ્દન અશક્ય અનુષ્ઠાન હતું, તોપણ પુત્રપરના સ્નેહના મોહને લીધે તેમણે વિદુરને આદેશ કર્યો "પેલા પાપી મિત્રની સોબતથી કુમાર કોઇ પણ રીતે દૂર રહી શકશે કે નહિ એ સંબંધમાં તારે કુમારના અભિપ્રાયની પરીક્ષા કર્યા

---

૧. **તેજ:** (૧) પ્રકાશ (૨) શક્તિ.

૨ **મધ્યસ્થભાવ:** (૧) તટસ્થ ભાવ (૨) સૂર્યપક્ષે આકાશની મધ્ય રેખાપર-વચ્ચે આવવું તે.

કરવી." "જેવો મહારાજાનો હુકમ!" એમ કહી વિદુર ત્યાંથી ચાલી નીકળ્યો. મારા પિતાશ્રી પણ સભામંડપ છોડી મહેલમાં ગયા અને ત્યાર પછી તેમણે દિવસને યોગ્ય સર્વ કરણી કરી.

બીજે દિવસે વિદુર મારી પાસે આવ્યો, અને તેણે પ્રણામ કર્યા અને મારી પાસે બેઠો. મેં પૂછ્યું "વિદુર! કાલે કેમ જણાયો નહિ?" વિદુરે પોતાના મનમાં વિચાર કર્યો કે મહારાજા સાહેબે મને આજ્ઞા કરી છે કે મારે કુમારના અભિપ્રાયની બરાબર પરીક્ષા કરવી અને તે ઉપર નજર રાખવી. પેલા નિમિત્તિયા પાસેથી દુર્જનની સોબત કરવાથી કેવાં ભયંકર પરિણામો આવે છે તેપર એક વાર્તા સાંભળી હતી તેજ વાર્તા આજે કુમારને કહી સંભળાવું, જેથી તેના મનમાં કેવા ભાવો વર્તે છે તે બરાબર જણાઇ આવશે. આવો વિચાર મનમાં કરી વિદુરે પ્રગટપણે કુમારની સામું જોઇ કહ્યું "કાલે કાંઇ જોવા-જાણવા[1] જેવું થયું હતું."

મેં કહ્યું—"વળી એવું તે શું હતું?"

વિદુર—"એક મજાની વાર્તા સાંભળી."

મેં કહ્યું—"તે કથા કેવી હતી? કહી તો સંભળાવ!"

વિદુર—"હું તે કથા બરાબર કહું છું, પણ કુમારે તે ખાસ ધ્યાન રાખીને સાંભળવી."

મેં કહ્યું—"હું બરાબર ધ્યાન રાખીને સાંભળું છું, ચલાવ."

વિદુરે[2] વાત કહેવા માંડી તે નીચે પ્રમાણે હતીઃ—



૧ જાણવું એટલે ફુરસદ અથવા પ્રયોજન. કાંઇ મજાનું કામ હતું તેથી આવ્યો ન હોતો. ક્ષણ એટલે ફુરસદ ઉપરથી ભાવવાચક નામ થયેલ શબ્દ છે.

૨ અહીં સ્પર્શેન્દ્રિયને વશ થવાથી કેવાં ભયંકર પરિણામ થાય છે તે બતાવવા કથા શરૂ કરી છે. વિદુર આ વાત નંદિવર્ધન પાસે કહે છે—એ સર્વ સંસારીજીવ સદાગમ સમક્ષ અગૃહીતસંકેતાને ઉદ્દેશીને કહે છે. અહીંથી શરૂ થતી વાર્તા પ્રકરણ ૧૭ને અંતે પૂરી થશે.



સ્પર્શન કથાનક.

પ્રકરણ ૩ જું.

મનીષી અને બાળ.

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરે કર્મવિલાસ.
શુભસુન્દરી અને અકુશળમાળા.
મનીષી અને બાળ નામના બે પુત્રો.



આ મનુજગતિ નગરીમાં અને આજ ભરત નામના પાડામાં એક ક્ષિતિપ્રતિષ્ઠિત નામે નગર હતું, તે નગરમાં અચિંત્ય શક્તિથી ભરપૂર કર્મવિલાસ નામનો એક રાજા હતો. તેને બે રાણીઓ હતી: એક શુભસુન્દરી અને બીજી અકુશળમાળા. એ શુભસુંદરી રાણીથી રાજાને પુત્ર થયો તેનું નામ [1]મનીષી રાખવામાં આવ્યું હતું અને અકુશળમાળાથી પુત્ર થયો તેનું નામ બાળ રાખવામાં આવ્યું હતું. આ મનીષી અને બાળ અનુક્રમે વધતાં વધતાં કુમારની અવસ્થાએ આવી પહોંચ્યા અને પોતાની ઇચ્છા પ્રમાણે વિચિત્ર પ્રકારના વન વિગેરેમાં ક્રીડા કરી આનંદરસને અનુભવતા હતા. આવી રીતે તેઓ વિચરતા હતા તેવામાં તેઓએ [2]સ્વદેહ નામના બગીચામાં

---

૧ **મનીષી** વિચારણા પૂર્વક વર્તન કરનાર પાત્ર છે અને **બાળ** સ્પર્શેન્દ્રિયનો લોલુપી, પુદ્ગળાનંદી, દીર્ઘ વિચાર વગરના સંસારરસિક જીવોને બતાવનાર પાત્ર છે.

૨ **સ્વદેહ**—એટલે પોતાનું શરીર, તેની નજીકમાં એટલે તેમાંજ; મતલબ બહિરંગમાં નહિ પણ અંતરંગ પ્રદેશમાં.

પોતાની નજીકમાં કોઇ પુરુષને ઊભેલો જોયો. હજુ કુમારો તે પુરુષને જુએ છે તેટલામાં તો તે પુરુષ તદુચ્ચ્ય[1] નામના રાફડા ઉપર ચઢી ગયો, તેની બાજુમાં એક મૂર્ધ નામનું ઝાડ હતું તેની શાખા સાથે દોરડું બાંધ્યું અને પોતાની ડોક નીચી કરી તેમાં દોરડું પરોવી દીધું અને પોતે પોતાને હાથે લટકી ગયો. 'અરે સાહસ કર મા, સાહસ કર મા' એમ બોલતા બન્ને રાજકુમારો તેની પાસે દોડી ગયા અને બાળે પેલું દોરડું કાપી નાખ્યું એટલે પેલો ઝાડે લટકેલો પુરુષ મોહથી મુંઝાઇ જઇ જમીનપર પડી ગયો અને તેની આંખો ઊંચી ચડી ગઇ. બન્ને કુમારે તેના શરીરપર વાયુ (પવન) નાંખીને તેને સાવધ કર્યો, તેથી તેને શાંતિ થવાથી તેણે આંખો ઊંચી કરી, દિશાઓમાં જોવા માંડ્યું અને બન્ને કુમારને નજરે જોયા એટલે કુમારે તેને પૂછ્યું "ભાઇ! આ અધમ પુરુષોને યોગ્ય ગળે ફાંસો ખાઇ આત્મઘાત[2] કરવાનું કામ તમે શું કર્યું? તમારા આવા ખરાબ અધ્યવસાય થવાનું કારણ શું છે તે જો કહેવામાં વાંધો ન હોય તો અમને કહી જણાવો." પેલા પુરુષે તે વખતે દીર્ઘ નિઃશ્વાસ નાંખ્યો અને બોલ્યો "મારી કથામાં કાંઇ માલ નથી તેથી તે વાત જવા દો. મારા આત્મદુઃખરૂપ અગ્નિને ઓલવવાની ઇચ્છાથી ઉપર પ્રમાણે હું ગળામાં ફાંસો નાંખીને મારૂં કામ કરતો હતો તેમાં તમે મને અટકાવી દીધો તે તમે જરા પણ સારૂં કર્યું નથી. હવે મહેરબાની કરીને મારા કામમાં જરા પણ અડચણ કરશો નહિ" આ પ્રમાણે કહીને વળી તે પુરુષ પોતાની જાતને ઝાડે બાંધેલા દોરડા સાથે લટકાવવા તૈયાર થઇ ગયો. બાળે વળી ફરી વાર તેને ઝાલી રાખ્યો અને કહ્યું "ભાઇ! અમારી અટકાયતથી અથવા અમારા દબાણથી તારી હકીકત અમને કહે; પછી જો તારા દુઃખનું કોઇ ઔષધ અમે ન કરી શકીએ તો તારી ઇચ્છામાં આવે તેમ કરજે." પેલા પુરુષે કહ્યું 'જો તમારો આટલો બધો આગ્રહ છે તો સાંભળોઃ—

ઝાડે લટકેલ પુરુષ અને બાળે કાપેલ દોરડું.

---

૧ તદુચ્ચ્ય- તત્ એટલે તેની-ઉચ્ચ્ય-ઊંચાઇ. મતલબ જમીનપરથી ઊંચો રાફડો હોય છે તે પર તે ચઢી ગયો.

૨ આત્મઘાત-આપઘાત suicide કરવો તે અતિ હલકા માણસોનેજ લાયક ગણાય, સારા માણસ એવું કામ ન કરે.

[1]ભવજન્તુની અંતર કથા.

સ્પર્શનસંગ અને મુક્તિ.

મુક્તસંગનું વર્તન.

મારે એક **ભવજંતુ** નામનો મિત્ર હતો. તેની અને મારી દોસ્તી એવી હતી કે તે જાણે મારૂં બીજું શરીર હોય, મારૂં સર્વસ્વ હોય, મારૂં જીવતર હોય, મારૂં જાણે હૃદયજ હોય! એનો મારા પર એટલો બધો સ્નેહ હતો કે એક ક્ષણવાર પણ તે મારો વિરહ સહન કરી શકતો નહિ, સર્વ વખત તે મારી લાલનાપાલના કરતો હતો અને દરેક ઝીણી ઝીણી બાબતમાં પણ મને પૂછીને કામ કરતો હતો. મને વારંવાર પૂછે 'ભાઇ સ્પર્શન! તને શું પસંદ આવે છે? તારી શી મરજી છે?' વિગેરે. હું તેના ઉત્તરમાં જે તેને કહું તે મારે માટે તે લઇ આવતો એટલો બધો મારા ઉપર તેનો પ્રેમ-સ્નેહ હતો. મને પ્રતિકૂળ થાય અથવા લાગે તેવું કોઇ પણ કામ મારો મિત્ર **ભવજંતુ** કદિ કરતો નહિ. એક દિવસ મારે કમનશીબે તે મારા મિત્રે [2]**સદાગમને** જોયો. મનમાં પૂજ્યભાવ લાવીને તે સદાગમની સાથે મારા મિત્રે એકાંતમાં વાતચીત કરી, વિચારણા કરી અને તે વખતે તેને આનંદ થયો હોય એમ દેખાયું. આ વખતથી માંડીને ભવજંતુની મારા ઉપરની પ્રીતિ મંદ થવા માંડી.

સદાગમ-પરિચય.

ત્યાર પછી અગાઉ તે મારી લાલનાપાલના કરતો હતો તે ઓછી થવા લાગી, મારા તરફ એ એકીભાવ રાખતો હતો તે અટકી ગયો, મારા ઉપદેશ પ્રમાણે ચાલવાનું તેણે બંધ કર્યું અને વાત એટલે સુધી વધી ગઇ કે મારા સંબંધી વાત પણ કોઇને પૂછે નહિ અને તે દિવસથી ઉલટો મને પોતાનો દુશ્મન માનવા લાગ્યો, મારા અપરાધો શોધવા લાગ્યો અને મને પ્રતિકૂળ હોય-ન ગમે તેવું હોય તેની સેવા કરવા લાગ્યો, તેવી વસ્તુના સંબંધમાં વધારે આવવા લાગ્યો. આ પ્રમાણે બન્યું ત્યારે મારા મનમાં વિચાર થયો કે અહો! આ શું થઇ ગયું?

---

૧ આ કથા **સ્પર્શન** બાળ આગળ કહે છે, એ સર્વ **વિદુર નંદિવર્ધન** પાસે કહે છે, એ આખી વાત **સંસારીજીવ સદાગમસમક્ષ** અગ્રહીતસંકેતાને ઉદ્દેશીને કહે છે. ભવજંતુની અંતર કથા પૃ. ૩૭૯ પૂરી થાય છે, એ એક નાનો હેવાલ છે.

૨ **સદાગમ:** શુદ્ધ વસ્તુ સ્વરૂપ સમજાવનાર જ્ઞાન. આ સદાગમ અને જેની પાસે સંસારીજીવ વાત કરે છે તે એકજ છે, પણ કથાપ્રસંગને અંગે જુદા જુદા ગણવામાં આવે તો પણ જ્ઞાનના અસંખ્ય ભેદ હોવાથી વાંધો આવે તેમ નથી.

મેં તો આ બાદશાહીબનું કાંઇ અજાણ્યું નથી; જખત વગર આ તે જાણે ¹છઠ્ઠીમાંજ બદલાઇ ગયો હોય નહિ તેમ મારો મિત્ર આવો થઇ ગયો તેનું કારણ શું હશે? અરે! હું કેવો કમનશીબ! મારાં નશીબ ફુટી ગયાં–આ પ્રમાણે બોલતો રડતો જાણે મારા પર કોઇએ વજ્રનો ઘા કર્યો હોય, જાણે મને કોઇએ લુંટી નાખ્યો હોય, જાણે મારૂં સર્વસ્વ કોઇ હરણ કરી ગયું હોય તેવી રીતે મૂર્તિમાન્ શોકમગ્ન હું થઇ ગયો અને મને બહુ દુઃખ થવા લાગ્યું. ઘણો વિચાર કરતાં મને સમજાયું કે મારા મિત્રે સદાગમ સાથે વિચારણા કરી, વાતચીત કરી–એ અનર્થપરંપરાનું ખરેખરૂં કારણ છે. એ પાપી સદાગમે મારા પરમ પ્રિય મિત્રને છેતર્યો જણાય છે. પણ અરેરે! મારો મિત્ર હજીપણ મારૂં હૃદય ચીરી નાખતો હોય તેમ વારંવાર સદાગમ સાથે એકાંતમાં વિચારણા કર્યાજ કરે છે, મારા મિત્રને તેમ ન કરવા હું વારંવાર પ્રાર્થના કરૂં છું, પણ તે સાંભળતો પણ નથી અને થાય છે એમ કે એ સદાગમ સાથે જેમ જેમ વધારે વધારે વાતચીત મારો મિત્ર કરતો જાય છે તેમ તેમ તે મારા તરફ વધારે વધારે શિથિળ થતો જાય છે; મારા મિત્રનું શિથિળપણું વધે છે તેમ મારૂં દુઃખ પણ વધતું જાય છે. આવી રીતે સદાગમ સાથે મારો મિત્ર ભવજંતુ દરરોજ ચર્ચા વાર્તા વિચારણા કરતો હતો. એમ કરતાં એક દિવસ તો એકાંતમાં બેસીને સદાગમ સાથે મારા મિત્રે ખૂબ પર્યાલોચના કરી અને તેને પરિણામે મારા મિત્રે મારી સાથેનો સર્વ સંબંધ તે વખતથી તોડી નાખ્યો, પોતાના મનમાંથી પણ મને દૂર કર્યો, મારા કહેવાથી તેણે અગાઉ કોમળ તળાઇ, ઓશીકાં, ખાટલા વિગેરે લીધેલાં હતાં અને જે મને

ભવજંતુ સદાગમ પર્યાલોચના.

બહુ પસંદ આવતાં હતાં તે સર્વ તેણે તજી દીધાં, હંસ પક્ષીનાં રૂવાંથી ભરેલાં આસનીઆઓ દૂર કરી દીધાં, ઉત્તરીય વસ્ત્ર, રેશમી વસ્ત્ર, ખેસ, ચીનાઇ વસ્ત્રો અને લાંબા વસ્ત્રો સર્વ દૂર મૂકી દીધાં, શિયાળા અને ઉન્હાળામાં ઋતુધર્મથી ઉલટા કસ્તુરી ગોરાચંદન આદિના વિલે-

સ્પર્શન વિરૂદ્ધ વર્તન.

---

૧ છઠ્ઠીનો બદલાયલો એટલે જન્મનો બદલાયલો. જાણે જન્મ્યો ત્યારથીજ ફરી ગયા હોય તેવો તે દેખાય છે. જન્મ પછી છઠ્ઠે દિવસે વિધાત્રા લેખ લખે છે એવી લોકમાન્યતા છે, તેને છઠ્ઠી કહે છે. તે દિવસના લેખથીજ જાણે બદલાઇ ગયો હોય તેવો આ જણાય છે.

પનો જે મને બહુ આનંદ આપનારાં હતાં તેનાં તેણે પચ્ચખ્ખાણ કરી દીધાં, કોમળ શરીરલતાથી આનંદ આપનાર મને ઘણો પ્રિય અને આલ્હાદ આપનાર સ્ત્રીસમુદાયનો તેણે સર્વથા ત્યાગ કર્યો[1] અને વાત ત્યાંસુધી આગળ વધતી ચાલી કે તે દિવસ પછીથી તો તે (મારો મિત્ર ભવજન્તુ) માથે કેશનો લોચ કરાવે, કઠણ જમીનપર સુવે, શરીરપર મેલ ચઢવા દે, અંગપર ફાટેલાં તૂટેલાં કપડાં પહેરે, સ્ત્રીનાં અવયવનો સંગ તો દૂરથીજ તજી દે, કદાચ સ્ત્રીના અવયવને જરા પણ અડકી જવાય અથવા બીજી કોઇ પણ બાબતમાં બેદરકારીથી ગફલતી થાય તો પ્રાયશ્ચિત કરે, સખ્ત ઠંડીવાળા માહમાસમાં ટાઢ સહન કરે, ઉન્હાળાની સખ્ત ગરમીમાં તેમજ જેઠ અસાડ માસમાં સૂર્યની આતાપના લે અને જાણે મારો ખરેખરો મોટો દુશ્મન થઇ ગયો હોય નહિ તેમ જે જે વાત મને પ્રતિકૂળ લાગે તે તે સર્વે એ ભાઇ સાહેબ આચરે. આ પ્રમાણે જ્યારે સર્વ હકીકત બની ત્યારે મેં મારા મનમાં વિચાર કર્યો કે આ ભાઇએ (ભવજન્તુએ) તો આપણો સર્વથા ત્યાગ કર્યો છે; પરંતુ ઘરડાની કહેવત એવી છે કે **ખરેખરા પ્રેમી માણસો હોય છે તે મરે ત્યાં સુધી પણ સ્નેહને વિસરતા નથી;** તેથી જોકે હાલ તો ભવજંતુ પેલા સદાગમની શીખવણીએ ચઢી જઇ મને આવી રીતે દુઃખ આપે છે તો પણ હાલ મારે તેને તજી દેવો ન જોઇએ, કારણ કે એ બાપડો ભોળો છે, અત્યાર સુધી ઘણા કાળપર્યંત મારી સાથે એકઆત્મભાવ હોય તેટલો પ્રેમ રાખતો હતો અને મને પસંદ આવે તેવાં ઘણાં કામો કર્યા કરતો હતો. અત્યારે એનામાં વિપરીત ભાવ થઇ ગયો છે તે સદાગમની સોબતને લીધેજ થયો છે. વળી થોડા વખત પછી સદાગમ ચાલ્યો જશે અથવા તેઓની દોસ્તી છૂટી જશે એટલે મારો મિત્ર પાછો જરૂર ઠેકાણે આવી જશે. આવા આવા વિચાર કરીને ભવજંતુએ તો જોકે મને કાઢી મૂક્યો હતો તોપણ તેનો સદાગમ સાથેનો સંબંધ દૂર

સ્પર્શનનો કાલ્પનિક દિલાસો.

---

૧ આ સર્વ કહેવાની મતલબ એ છે કે ભવજંતુ જે અત્યાર સુધી સ્પર્શેંદ્રિયના વિષયમાં આસક્ત હતો તે હવે સદાગમના પ્રસંગમાં આવી, તેનો ઉપદેશ સાંભળી, તેનું રહસ્ય વિચારી, સંસારનો ત્યાગ કરી સાધુ થઇને બેઠો છે. આ

૨ સૈન્ય શબ્દોમાં ગૌણ રીતે મૂક્યો છે અને સ્પર્શનને તેના ખરા આકાર[illegible] છે.

ઠપકો તિરસ્કાર અને મુક્તિ.

થવાની રાહ જોતો, ખોટી આશાના પાસથી બંધાયલો, મારા મિત્રના વિરહનું દુઃખ અનુભવતો, શરીર નામના પ્રાસાદમાં હું કેટલોક કાળ રહ્યો. એક દિવસ તો સદાગમના વચનને અનુસરીને તેણે મારો ઉઘાડો તિરસ્કાર કર્યો, મને અનુકૂળ ન આવે તેવી ક્રિયાઓ કરી, મને શરીરમાંથી બહાર ધકેલી કાઢ્યો-અને મારો મિત્ર જાણે [1]પરમાધામી હોય નહિ તેમ તદ્દન દયા વગરનો થઇને મારો તિરસ્કાર કરીને મારા ઉપર કોપાયમાન થયો અને કહેવા લાગ્યો કે 'તું તારી આંખોથી મને દેખી શકે નહિ એવી જગ્યાએ હું જઉં છું.' એ પ્રમાણે બોલી ત્યાંથી કાંઇ નાશી ગયો, ભાગી ગયો. હમણા મને એમ પત્તો મળ્યો છે કે તે મારો અગાઉનો મિત્ર ભવજંતુ તો [2]નિર્વૃત્તિ નગરીએ ગયો છે અને એ નગરી મારા જેવાને અગમ્ય છે એટલે હું તો ત્યાં કદિ જઇ શકતો નથી. આ પ્રમાણે થયું એટલે મેં મારા મનમાં વિચાર કર્યો કે પોતાના મિત્રથીજ આવી રીતે તિરસ્કાર પામેલા અને બકરીને ગળે લટકતા નકામા સ્તન-આંચળ જેવા મિત્ર વગરના મારા જીવતરની શું જરૂર છે? આમ વિચારીને મેં ઉપર પ્રમાણે કર્યું.[3] (ગળાફાંસો ખાધો.)

બાળસ્પર્શન સ્નેહવર્ધન.

આ પ્રમાણે સ્પર્શનની વાત સાંભળી બાળ બોલ્યો "બહુ સારૂં! સ્પર્શન! બહુ સારૂં. તારો વ્યવસાય તો યોગ્ય જણાય છે. પોતાના પ્રિય મિત્ર તરફથી તિરસ્કાર થાય તે સહન ન થઇ શકે તેવી બાબત છે. મિત્રના વિરહથી જે પીડા થાય તે બીજા કોઇ ઉપાયથી મટી શકતી નથી. લોકોમાં કહેવાય છે કે ક્ષમા કરનારા પુરુષો પણ પારકા તરફથી થતો તિરસ્કાર સહન કરે તે બનવા જેમ નથી. સ્નો-

---

૧ નારકીમાં રહેનારા એક જાતના અધમ અસુરો-નારકીને દુઃખ દેવામાં આનંદ માને છે, તેમને 'પરમાધામી' નામથી ઓળખવામાં આવે છે.

૨ નિર્વૃત્તિ-મોક્ષ. ત્યાં ગયા પછી ઇંદ્રિયના વિષયને માર્ગ મળતો નથી તેથી તે સ્પર્શનને અગમ્ય છે.

૩ આ પ્રમાણે સ્પર્શન-બાળ અને મનીષી પાસે વાત કરે છે—એ સર્વ દર્શન વાળા રૂપે વિદુર રાજકુમાર નંદિવર્ધન પાસે કહે છે—[illegible] અને બાળ/૩ સંબંધની વાત ૩૭૧ પૃષ્ઠ [illegible]

નાથી પાષાણ (માટી) જુદો પડે ત્યારે તેનો પરાભવ થાય છે, અને વિરહ સહન ન થવાથી અંતે તે બળીને રાખ થાય છે.[1] આબરૂદાર મનુષ્યો મિત્રના વિરહે જીવતા નથી અને જીવે તો તે તેમને યોગ્ય પણ નથી. સૂર્ય (મિત્ર) અસ્ત થયા પછી દિવસ એકદમ ચાલ્યો જાય છે તે એજ બતાવે છે.[2]

" અહો તારો મિત્ર ઉપરનો પ્રેમ ! અહો તારો દૃઢ સ્નેહ ! અહો તારૂં ગુણજ્ઞપણું ! અહો તારૂં સાહસ ! અહો તારો સત્ય ભાવ ! વળી બીજી બાજુ જોઇએ તો ભવજન્તુની ક્ષણવારમાં રક્તતા અને ક્ષણવારમાં વિરક્તતા વિચિત્ર છે ! તેનું કૃતઘ્નપણું (કરેલ ગુણોને હણવાપણું) પણ જબરૂં ઠર્યું ! તેની તો સર્વ બાબતો અલૌકિક જણાય છે ! તેની મૂઢતા, તેનું ઘાતકી હૃદય અને અનાર્યને યોગ્ય તેની ક્રિયા અને પ્રવૃત્તિ સર્વ વિચિત્ર પ્રકારના જણાય છે ! આ પ્રમાણે હકીકત છે તથાપિ તને એક વાત કહું છું તે તું સાંભળ."

સ્પર્શન—" આપ કોઇ પણ પ્રકારના સંકલ્પ વિકલ્પ વગર ખુલ્લા દીલથી જે કહેવું હોય તે મને ખુશીથી કહો."

બાળ—" મિત્રતાનું ખરેખરૂં અભિમાન રાખનાર, સ્નેહની ખાતર ફેટ બાંધનાર અને સ્નેહ પુનઃ પ્રાપ્ત કરવાનો બીજો ઉપાય નહિ શોધી શકનાર તારા જેવા પ્રેમી મનુષ્યને કરવું ઘટે તેજ તેં કર્યું છે એમ તો મારે કહેવું જોઇએ; પણ હવે તો તારે મારા ઉપર કૃપા કરીને તારાં પોતાનાં પ્રાણ તો ધારણ કરવાં પડશે, તારે આત્મઘાત તો નજ કરવો, નહિ તો મારી પણ તારા જેવીજ ગતિ થશે. તારા આવા સ્વાભાવિક મિત્રવત્સલપણાથી હું તારા ઉપર રાજી રાજી થઇ ગયો છું. સારા માણસો દાક્ષિણ્યથી ભરેલા હોય છે અને અમુક પ્રાણી સારો

---

૧ ખાણમાં સોનું અને માટી પાષાણ સાથે હોય છે. પથ્થરને પોતાના મિત્ર સોનાનો વિરહ થાય એટલે સોનાને શુદ્ધ કરી તેનાથી જુદું પાડવામાં આવે છે ત્યારે પાષાણ પોતાના મિત્રનો વિરહ સહન કરી શકતો નથી અને તેથી બળી મરે છે. (ભઠ્ઠીમાં તપાવવામાં આવે છે ત્યારે પથ્થરની રાખ થઇ જાય છે)

૨ દિવસને અને સૂર્યને મિત્રતી ઘણી ગાઢી દોસ્તી છે કે સૂર્યનો વિરહ થાય એટલે તે અસ્ત થઇ જાય ત્યારે દિવસ પણ તેનો વિરહ સહન ન કરી શકવાને પરિણામે તેની પછવાડે ચાલ્યો જાય છે, એટલે કે દિવસ મરી જાય છે. (સારાંશ એ છે કે દિવસે સૂર્ય (મિત્ર) ની મિત્રતાની [illegible] ન ચાલ્યું. મિત્ર [illegible] સૂર્ય [illegible] છે

માણસ છે કે ભદ્રક છે તે તેના કામ પરથી જણાય છે. આ પ્રમાણે હોવાથી હું જે વાત કહું છું તે તારે કોઇ પણ પ્રકારનો વિચાર કર્યા વગર કરવી એવી મારી તને ખાસ પ્રાર્થના છે. વાત ખરી છે કે એક માણસને કેરી ખાવાની ઇચ્છા થઇ હોય તો તે આંબલીથી તૃપ્ત થઇ શકતી નથી, તો પણ મારા ઉપર કૃપા કરીને ભવજન્તુના વિરહનું દુઃખ તને થયું છે તેના ઉપાય તરીકે મારો સંબંધ તારે માની લેવો."

સ્પર્શન—"બહુ સારૂં, આર્ય! તમારા ઉપર કોઇ પણ પ્રકારનો ઉપકાર નહિ કરનાર મારી જેવા ઉપર વાત્સલ્ય બતાવનાર તમે અતિ સ્નેહથી ભીનાં થયેલાં વચનરૂપ અમૃતના સિંચનવડે મારાં પ્રાણોને આખરે બચાવ્યા છે. મારે હવે તમને વધારે તો શું કહેવું? પણ અત્યાર સુધી મારા મનમાં જે શોક સંતાપ થયા કરતો હતો તે હાલ તો ચાલ્યો ગયો છે, તમે હાલ તો મારા અગાઉના મિત્ર ભવજંતુને ભૂલાવી દીધો છે. મારી આંખો શીતળ બની ગઇ છે, મારૂં ચિત્ત આનંદમાં આવી ગયું છે, અને તમારા દર્શનથી મારૂં શરીર શાંત થઇ ગયું છે. હવે તો મારે તમેજ[1] ભવજંતુ પોતે છો એમ હું સમજું છું."

તે વખતથી સ્પર્શન અને બાળનો સ્નેહ બરાબર ગાઢ થવા લાગ્યો.

મનીષીની વિચારણા.

મનીષીએ આ સર્વ વાતચીત ચાલતી હતી તે વખતે પોતાના મનમાં વિચાર કર્યો કે જે માણસ બહુ વિચાર કરીને કામ કરનાર હોય છે તે પોતાની ઉપર અનુરક્ત પ્રેમી નિર્દોષ મિત્રનો કદાપિ ત્યાગ કરે નહિ અને દોષ વગરના સ્નેહીનો ત્યાગ કરવાનો ઉપદેશ કે સૂચના સદાગમ કદિ આપે પણ નહિ. મેં એમ સાંભળ્યું છે કે એ સદાગમ જે કાંઇ કામ કરે છે કે બોલે છે તે સર્વ પૂર્ણ વિચાર કરીને આચરે છે. માટે આ બાબતમાં કાંઇ ઊંડું કારણ હોવું જોઇએ. આ સ્પર્શન પણ ઘણે ભાગે બહુ સારો હોય એમ તો લાગતું નથી. બાળે એની સાથે દોસ્તી બાંધવા માંડી છે તે મારા વિચાર પ્રમાણે તો ખોટું કર્યું હોય એમ જણાય છે. આ પ્રમાણે મનમાં વિચાર કરતો હતો તે વખતે સ્પર્શને તેની સાથે વાત કરવા માંડી. મનીષીએ પણ લોકરૂઢિ અનુસાર વિવેક જાળવવા ખાતર તેની સાથે વાતચીત કરી અને ઉપર ઉપરથી સ્પર્શન સાથે મૈત્રી બાંધી.

---

[1] અત્યાર સુધી સ્પર્શન આપ અને તમે-બહુ વચનથી બાળ સાથે વાત કરે છે, હવે મિત્રતા થયા પછી તે એકવચનનો ઉપયોગ કરશે તે યોગ્ય છે.

સ્પર્શનસંબંધપર કર્મવિલાસ.

પછી બાળ, સ્પર્શન અને મનીષી ત્રણે નગર તરફ પાછા ફર્યા. સર્વે રાજભુવનમાં દાખલ થયા. [1]રાજસભામાં તેઓએ કર્મવિલાસ રાજાને કાળપરિણતિ મહાદેવી સાથે સિંહાસનપર બેઠેલા જોયા. રાજબાળકોએ પોતાના માતપિતાને વંદન કર્યું. માતાપિતાએ તેઓને આશીર્વાદ આપ્યા, બેસવાને આસન આપ્યાં પણ તેઓ આસન ઉપર ન બેસતાં જમીન ઉપર બેસી ગયા. તેઓએ પોતાના પિતાને સ્પર્શન સાથે ઓળખાણ કરાવી અને તેની સર્વ હકીકત કહી બતાવી. એ હકીકત સાંભળીને કર્મવિલાસ મહારાજા બહુ રાજી થયા અને મનમાં વિચાર કરવા લાગ્યા કે આ સ્પર્શનને મેં અગાઉ પણ ઘણીવાર જોયો છે. જેમ અપથ્ય સેવવાથી વ્યાધિ વધી પડે છે તેના જેવો તે છે (એટલે તે સંસાર-કર્મ-વ્યાધિને વધારનાર છે). એની સાથે આ બન્ને રાજકુમારોને દોસ્તી થઇ એ બહુ સારૂં થયું. મારી તો અનાદિ કાળથી એવી પ્રકૃતિ પડી ગઇ છે કે જે પ્રાણીઓ આ સ્પર્શનની સાથે અનુકૂળ થઇને રહે છે તેની સાથે હું પ્રતિકૂળ થઇને રહું છું અને જે પ્રાણી એના ઉપર કોઇ પણ પ્રકારનો સ્નેહ ન રાખતાં પ્રતિકૂળ થઇને વર્તે છે તેની સાથે મારે અનુકૂળપણે વર્તવું પડે છે; જે એનો એકાંતે સર્વથા ત્યાગ કરે છે તેને તો મારે તદ્દન મૂકી દેવો પડે છે-છોડી દેવો પડે છે. આ પ્રમાણે હોવાથી કુમારો એના તરફ કેવું વર્તન રાખે છે તેનું બારીકીથી અવલોકન કરીને જેમ ઘટિત લાગશે-યોગ્ય લાગશે તેમ હું કરીશ. આ પ્રમાણે વિચાર કરીને અંતરંગ રાજા કર્મવિલાસે કહ્યું "વત્સો! આ સ્પર્શન પોતાનો પ્રાણત્યાગ કરતો હતો તેની સાથે દોસ્તી કરીને તેના પ્રાણો તમે બચાવ્યા તે બહુ સારૂં કર્યું. તમારો અને આ સ્પર્શનનો સંબંધ દૂધ અને ખાંડના મેળાપ જેવો છે."[2]

---

૧ આ અંતરંગ રાજસભા સમજવી. બહિરંગ પ્રદેશમાં રાજા રાણી શત્રુમર્દન અને મદનકંદળી છે તે કથામાં આગળ આવશે. અંતર પ્રદેશમાં રાજા કર્મવિલાસ છે. આ સંબંધમાં ખુલાસો પ્રકરણ ૧૪ મામાં આજ પ્રસ્તાવમાં આવશે. ત્યાં શત્રુમર્દન રાજા પ્રબોધનરતિ આચાર્યને ખુલાસાવાર હકીકત પૂછશે એટલે સર્વ વાત સ્પષ્ટ થશે.

૨ કર્મપરિણામ રાજાના મુખમાં જે વચનો મૂક્યાં છે તે તેને યોગ્ય છે, વિચારો પણ બરાબર છે. સ્પર્શનને વશ પડનાર વિશેષ કર્મ ઉપાર્જન કરે છે, વશ નહિ પડનાર અલ્પ કર્મ ઉપાર્જન કરે છે, અને સર્વથા ત્યાગ કરનાર મોક્ષ જાય છે. અકુશળમાળા અને શુભસુન્દરી પણ પોતાની ઉત્ક્રાન્તિ પ્રમાણે વિચાર કરે છે.

સ્પર્શનસંબંધપર અકુશળમાળા.

બાળની માતા અકુશળમાળાએ વિચાર કર્યો કે આ બાળનો સ્પર્શન સાથેનો સંબંધ બહુ સારો જોડાયો. હું ખરેખર ભાગ્યશાળી છું. મારા પુત્રની આ નવીન દોસ્તીથી મારૂં પણ નામ નીકળશે. સ્પર્શનને જે અનુકૂળ રહીને વર્તે છે તે મને બહુ પ્રિય લાગે છે, તેજ મને પાળે છે, પોષે છે અને મારો સ્નેહ મેળવી તેનું સુખ અનુભવી શકે છે. મેં અગાઉ પણ એ પ્રમાણે હકીકત અનુભવથી બરાબર જોઇ લીધી છે. વળી મારા પુત્રના મુખ ઉપરના રંગથી એમ જણાય છે કે એને સ્પર્શન ઉપર બહુ રાગ થયો છે અને ભવિષ્યમાં પરસ્પર બહુ અનુકૂળપણે વર્તે એવો સંભવ જણાય છે. આ પ્રમાણે હોવાથી મારા મનની બધી હોંશ પૂરી થશે. આ પ્રમાણે મનમાં વિચાર કરી અકુશળમાળાએ બાળને કહ્યું, "ભાઇ બાળ! બહુ સારૂ કર્યું! તારો તારા મિત્ર સાથે વિયોગ ન થાઓ!"

સ્પર્શનસંબંધપર શુભસુંદરી.


મનીષીની માતા શુભસુંદરીએ વિચાર કર્યો કે મારા પુત્રને આવા પાપી મિત્ર સાથે સંબંધ થયો તે જરા પણ યોગ્ય થયું નહિ. એ સ્પર્શન વાસ્તવિક રીતે મિત્ર નથી, પણ દુશ્મન છે અને અનેક અનર્થપરંપરાનું કારણ છે અને મારો તો તે સહજ (સ્વાભાવિક રીતે) શત્રુ હોય તેમ વર્તે છે. એણે મને અગાઉ પણ અનેક વાર ઘણા પ્રકારની હેરાનગતિઓ કરી છે, તેથી તેની સાથે આપણો કોઇ રીતે મેળ ખાય એમ લાગતું નથી. મારા પુત્રના ચ્હેરાપરથી તથા આંખોના વિકારથી તેના આ નવા મિત્રપર વિરક્તભાવ હશે એમ જણાય છે અને તેટલી હકીકતથીજ મારા મનમાં કાંઇક નિરાંત રહે છે. આ પ્રમાણે હોવાથી આ પાપી મારા પુત્ર ઉપર પોતાનું જોર વાપરી શકશે નહિ એમ લાગે છે, અથવા તો શું થશે એ કાંઇ કહી શકાય નહિ, કારણ કે એ પાપી દુરાત્મા સ્પર્શન બહુ કર્કશ છે. આવા અનેક વિકલ્પો શુભસુંદરીના મનમાં થવા લાગ્યા અને તેથી તેને કાંઇક વ્યાકુળતા પણ થઇ, પણ તે ગંભીર હોવાથી મૌન ધારણ કરીને બેસી રહી.

આ વખતે મધ્યાહ્ન થયો, સભા વિસર્જન કરવામાં આવી અને સર્વે પોતપોતાને સ્થાનકે ગયા.



પ્રકરણ ૪ થું.

સ્પર્શનમૂળશુદ્ધિ.



તે દિવસથી માંડીને બાળનો સ્પર્શન સાથે સ્નેહસંબંધ વધવા લાગ્યો. મનીષી તો આશ્ચર્ય પામીને સર્વ હકીકત જોયા કરે છે, પરંતુ સ્પર્શનનો કોઇ પણ પ્રકારે વિશ્વાસ કરતો નથી. પેલો સ્પર્શન પણ બન્ને રાજકુમારોની પાસે ને પાસે રહેતો હોવાથી આખો વખત અંદર તેમજ બહાર તેઓનો પલ્લો છોડતો નથી, બન્ને રાજકુમારોસાથે જૂદી જૂદી જગાએ તે રખડે છે અને અનેક પ્રકારની ક્રીડાઓ કરે છે.

મનીષીની વિચારણા અને નિર્ણય.

ત્યાર પછી એક વખત મનીષીએ પોતાના મનમાં વિચાર કર્યો કે આ સ્પર્શનના પ્રસંગથી તો ચિત્ત એક ઠેકાણે સ્થિર રહેતું નથી તો પછી એનો પરિચય કરનારને જ્યાં ત્યાં મન રખડ્યા કરે એમાં સુખ કેમ મળી શકે ? એ ભાઇસાહેબનું (સ્પર્શનનું) ખરેખરૂં સ્વરૂપ શું છે? કેવું છે ? તે પણ હજુ બરાબર સમજાતું નથી. જ્યાંસુધી આ બાબતનો પરમાર્થ સમજવામાં આવે નહિ ત્યાં સુધી એની સાથે પરિચય વધારવો કે ન વધારવો એ બાબતનો નિર્ણય પણ થઇ શકતો નથી. માટે હવે તો એનું ખરેખરૂં મૂળ શું છે તેની (એ કોણ છે? કોનો સંબંધી છે? ક્યાંનો છે? વિગેરે બાબતની) બરાબર શોધ કરવાની ખાસ જરૂર લાગે છે, અને એના સંબંધી બધી હકીકત જાણીને પછી યોગ્ય લાગે તેમ તેના સંબંધમાં આચરણ કરવું ઘટે છે. આ પ્રમાણે પોતાના મનમાં મનીષીએ નિર્ણય કર્યો.

ત્યાર પછી સ્પર્શનના મૂળની શોધ કરવા માટે પોતાના બોધ નામના અંગરક્ષક[1]ને ખાનગીમાં બોલાવ્યો અને તેને કહ્યું "ભદ્ર ! મને

---

૧ **બોધ**–બોધ 'ઉપદેશ' છે. તેની પાસે વિવેચક બુદ્ધિથી સવાલ થાય ત્યારે તેનામાં **પ્રભાવ**–શક્તિ હોય તો તે સર્વ બાબતની શોધ કરી લાવે છે અને પૂછનારને સંતોષ આપે છે. Aides de Camp-એડીકાંપ–અંગરક્ષક તરીકેનું **બોધ**નું કાર્ય બરાબર છે.

બોધને શોધાદેશ, પ્રભાવને સોંપણી.

આ સ્પર્શન ઉપર ઘણો અવિશ્વાસ આવ્યા કરે છે, માટે એ કોણ છે વિગેરે બાબતની તજવીજ કરીને મને બરાબર હકીકત જણાવ." બોધે જવાબમાં કહ્યું "જેવો રાજકુમારનો હુકમ!" બોધ ત્યાર પછી તુરત ત્યાંથી બહાર નીકળી પડ્યો, બોધની પાસે એક પ્રભાવ નામનો સુદામ બાહુસ દૂત તરીકે કાર્ય કરે તેવો હતો. એ પ્રભાવે દેશ દેશાવરની અનેક ભાષાઓનો અભ્યાસ કર્યો હતો, જૂદા જૂદા પ્રકારના વેશો ધારણ કરવામાં અને ફેરવવામાં તે બહુ કુશળ હતો, પોતાના શેઠનું કાર્ય કરવામાં કેડ બાંધીને મંડી પડે તેવો હતો, પોતાનું કામ બરાબર સમજનારો અને અન્ય તેને પકડી ન શકે તેવી કુશળતાથી કામ આટોપનાર હતો. આ પ્રભાવ નામના દૂતને બોધે પોતાની પાસે બોલાવ્યો અને તેને જે કાર્ય માટે બોલાવ્યો હતો તે તેને જણાવી દીધું. પ્રભાવ ત્યાર પછી સ્પર્શનની મૂળશુદ્ધિ કરવા માટે અનેક દેશમાં ઘણો વખત રખડ્યો અને ઘણી હકીકત એકઠી કરી. એક દિવસ બોધ પાસે પાછો આવી પહોંચ્યો અને તેની સમીપ દાખલ થઇ પ્રણામ કરી જમીનપર બેસી ગયો. બોધે પણ તેને સામા યોગ્ય નમસ્કાર આદિ કર્યા પછી સ્પર્શનના મૂળની શોધ કરતાં તેણે શું શું જોયું તેનું વર્ણન કરવા જણાવ્યું. પ્રભાવે આજ્ઞા માથે ચઢાવી પોતાનો અહેવાલ કહેવો શરૂ કર્યો*—

[1]સ્પર્શનના મૂળની શોધ કરવા ગયેલ પ્રભાવનો અહેવાલ.

"હું અહીંથી નીકળીને જૂદા જૂદા અનેક બાહ્ય પ્રદેશોમાં ગયો; પરંતુ ત્યાં તો મને સ્પર્શનની પ્રવૃત્તિનું મૂળ કારણ જરા પણ સમજાયું નહિ. ત્યાર પછી હું અંતરંગ પ્રદેશમાં ગયો. ત્યાં મેં રાજસચિત્ત[2]

---

* અહીં બેંગોલ રોયલ એ. સોસાયટિવાળી મૂળ બુક (નવીન ભાગ) નું પૃ. ૨૨૬ શરૂ થાય છે.

૧ આ પ્રમાણે બોધની સમક્ષ પ્રભાવ સ્પર્શનની મૂળશુદ્ધિ સંબંધી હકીકત રજુ કરે છે; એ સર્વ હકીકત નંદિવર્ધનના બોધ માટે વિદુર તેની પાસે કહે છે; અને આ આખી વાર્તા સંસારીજીવ પોતાના અનુભવ પ્રમાણે અગૃહીતસંકેતાને ઉદ્દેશીને સદાગમ સમક્ષ કહે છે. સ્પર્શેન્દ્રિયની મૂળશુદ્ધિનું વર્ણન અહીં સામાન્ય છે; પરંતુ ચોથા અધિકારમાં રસેન્દ્રિયની મૂળશુદ્ધિને અંગે પ્રકર્ષ અને વિમર્શનો અધિકાર આવશે ત્યાં બહુ અદ્ભુત હકીકત રસમય વિસ્તારયુક્ત ભાષામાં આવશે. બન્ને વર્ણન ખાસ સરખાવવા યોગ્ય છે.

૨ રાજસચિત્ત-એનું વિશેષ વર્ણન ચોથા પ્રસ્તાવમાં આવશે.

સાથે મિથ્યાઅભિનિવેશ[1] વિગેરે અનેક રથો બહાર નીકળી પડતા જણાયા; તે રથની આગળ ભાટ લોકો મોટેથી બિરૂદાવળી બોલી યોદ્ધાઓનું માહાત્મ્ય વધારતા હતા; તે રથોમાં લૌલ્ય (લોલુપતા–ગૃદ્ધિ) વિગેરે અનેક રાજાઓ બેઠા હતા; ત્યાંથી વળી આગળ જોઉં છું તો પોતાના ગર્જારવથી દિશાઓને ગજાવી નાખનાર મમત્વ વિગેરે હાથીઓ રાજમાર્ગે નીકળતા દેખાયા. બીજી બાજુએ હેષારવથી–ખોંખારાથી દિશાઓને બહેરી કરી મૂકતા અજ્ઞાન વિગેરે ઘોડાઓ ચાલતા દેખાયા; વળી તેઓની પાછળ રણયોદ્ધાના ગુમાનથી ચાલતા અને હાથમાં નાના પ્રકારનાં આયુધોને ધારણ કરતા ચાપલ્ય વિગેરે પાયદળ લશ્કરના અસંખ્ય માણસો જણાયા. તે વખતે કામદેવના પ્રયાણને સૂચવનાર ઢોલ તાંસાના અનેક શબ્દો સંભળાયા. તુરતજ જાણે ખરવા (તીક્ષ્ણ પવન)થી પ્રેરાઇને વાદળાંઓ ચઢી આવ્યાં હોય તેમ કામદેવની ધ્વજાઓથી ભરપૂર અને પ્રેમના નખરાં, શંખનો ધ્વનિ અને રણશીંગડાના અવાજથી ચારે દિશાને અવાજમય કરી દેતું મોટું લશ્કર એકઠું થવા લાગ્યું.

રાજસચિત્તમાં કોલાહલ.

ઉપર વર્ણવ્યું તેવું મોટું લશ્કર જોઇને હું મનમાં વિચાર કરવા લાગ્યો કે આ તે શું કોઇ મોટો રાજા બહાર ફરવા નીકળી પડ્યો છે કે છે શું? જો તે રાજા હોય તો તેને આવી રીતે બહાર ફરવા જવાનું કારણ શું હશે? આવી રીતે હું મનમાં વિચાર કરતો હતો તેવામાં મેં વિષયાભિલાષ મંત્રીના સંબંધી 'વિપાક[2] નામના એક પુરુષને જોયો. તે પરિણામે ઘણો કર્કશ–કઠોર, પોતાના સ્વરૂપથી સંસારની વિચિત્રતા બતાવનાર, અજ્ઞાની માણસોને પણ બોધ આપનાર, વિવેકી પ્રાણીઓને વૈરાગ્ય ઉત્પન્ન કરનાર અને વિવેક વગરના પ્રાણીઓને પોતાનું જરા પણ સ્વરૂપ સમજવા નહિ દેનાર હોય એવો મને તે તેના દેખાવ ઉપરથી લાગ્યો. મેં તેની સાથે મીઠી મીઠી વાત કરવાની શરૂઆત કરી તેને પૂછ્યું 'ભાઇ! આ રાજા અત્યારે પ્રયાણ કરે છે તેનું કારણ જાણવાનું મને કુતૂહળ થયું છે તેથી તે આપ જાણતા હો તો કહો.' વિપાકે કહ્યું 'ભાઇ! જો એમજ છે તો હું

વિપાક સાથે વાતચીત.

---

૧ સાચાને ખોટું–ખોટાને સાચું મનાવનાર અજ્ઞાન

૨ વિપાકઃ કર્મનું ફળ. કર્મના આગમે તેનું રૂપક બનાવનાર આ વિપાકની હકીકત સમજવા યોગ્ય છે

કહું છું તે સાંભળોઃ—... એક વખત આ નામદાર રાગકેશરી રાજાએ પોતાના વિષયાભિલાષ મંત્રીને પોતાની પાસે બોલાવીને કહ્યું કે 'આર્ય વિષયાભિલાષ! હવે તો તમે કાંઇ એવું કરો કે જેથી આખું જગત્ મારે વશ થઇ જાય અને બધા જાણે મારા નોકરો હોય એવી રીતે મારી સાથે વર્તે. એ પ્રમાણે થાય તો પછી આપણે વારંવાર મહેનત કરવી પડે છે તે સર્વ બંધ થઇ જાય.' વિષયાભિલાષ મંત્રીએ રાજાની એ આજ્ઞા પોતાના મસ્તકપર ચઢાવી. પછી રાજાનું આ કામ કરવાને કોણ સમર્થ છે તે વિષે પૂરતો વિચાર કરીને મંત્રીએ પોતાના મનમાં નિર્ણય કર્યો કે રાજાનું આવું આકરૂં કામ કરવાને બીજો તો કોઇ શક્તિમાન નથી, પરંતુ તે સંબંધમાં મનમાં બહુ કલેશ કરવાની પણ જરૂર નથી, કારણ કે પેલા પાંચ આપણા ખાસ અંગીત માણસો છે તેજ એ કામ સાધી શકશે એમ મારો તો પાકો ભરોસો છે. આ પ્રમાણે વિચાર કરીને એ સ્પર્શનવિગેરે પાંચ[1] અંગીત માણસોને વિષયાભિલાષે પોતાની પાસે બોલાવ્યા. એ પાંચે મનુષ્યો આ મંત્રીવર્યમાં અત્યંત રક્ત હતા, તેઓએ અત્યાર પહેલાં પોતાનું પરાક્રમ અનેક જગ્યાએ બતાવ્યું હતું, મંત્રીવર્યની ઊંચા પ્રકારની નોકરી કરવા માટે ઘણી વખત વિજયપતાકા (માન અકરામની નિશાનીઓ) પ્રાપ્ત કરી હતી, મનુષ્યનાં હૃદયને પોતાની તરફ આકર્ષણ કરવામાં તેઓ અત્યંત કુશળ હતા, શુરવીરને સાવધ કરનાર હતા, ચંચળ પ્રાણીઓને તેજસ્વી કરનાર હતા, અન્ય પ્રાણીઓને છેતરવાની કળામાં પારંગત થયેલા હતા, સાહસિક પ્રાણીઓમાં છેલ્લી હદ સુધીનાં સાહસો કરવામાં પાછા ન પડે તેવા હતા, અને બહુ દુઃખે કરીને વશ થઇ શકે તેવા કઠોર પ્રાણીઓના દૃષ્ટાંતરૂપ હતા. એ પાંચે અંગીત માણસોને બોલાવીને વિષયાભિલાષે આખા જગત્‌ને વશ કરવા માટે મોકલી આપ્યા.'

સંતોષ અને સ્પર્શન.

વિપાક પાસેથી આટલી હકીકત સાંભળતાં મેં (પ્રભાવે) મારા મનમાં વિચાર કર્યો કે આ પણ ઠીક વાત મળી આવી! આટલા ઉપરથી સ્પર્શનનું મૂળ સ્થાનક તો સમજવામાં આવ્યું. વિપાકે પોતાની વાત આગળ ચલાવીઃ 'ત્યાર પછી આ મોટા વિસ્તારવાળા જગ-

---

૧ આ પાંચ ખાસ માણસો તે પાંચ ઇંદ્રિયો સમજવીઃ સ્પર્શન, રસ, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર. આ પાંચને વિષયાભિલાષના પુત્રપણે અન્યત્ર કહેવામાં આવેલ છે. (જુઓ વૈરાગ્યકલ્પલતા.)

તમાં એ પાંચે મનુષ્યો વિચરે છે અને આખા જગતને પોતાને વશ કરીને તેદ્વારા રાગકેશરી રાજાને વશ રાખે છે અને તેઓ સર્વ જાણે તેના નોકરો હોય તેમ જગતના લોકો પાસેથી કામ લે છે. પરંતુ ધાન્યના સમુદાય પર ઉપદ્રવ કરનાર [1]ઇતિઓનીપેઠે તેઓના કામકાજ ઉપર ત્રાપ મારનાર સંતોષ નામનો એક ચોર તેઓને મોટો ઉપદ્રવ કરનાર હમણા ઉત્પન્ન થયો છે એમ સાંભળ્યું છે. એ સંતોષ તેઓની સામે થઇને-તેઓને હરાવીને-અત્યાર સુધીમાં કેટલાક લોકોને તો અહીંથી ઘસડી પણ ગયો છે અને રાગકેશરી મહારાજના અધિકારની બહાર આવેલી એક [2]નિર્વૃત્તિ નામની નગરી છે ત્યાં લઇ ગયો છે એમ સાંભળ્યું છે.'

વિપાકે કહેલી આટલી હકીકત સાંભળી મેં[3] મારા મનમાં વિચાર કર્યો કે આ વાતમાં અને આપણી સમક્ષ બાળ મનીષીની સાથે સ્પર્શને વાત કરી હતી તેમાં જરા ફેર પડ્યો તેનું કારણ શું? ત્યાં સ્પર્શને વાત કરી હતી ત્યારે તો એમ કહ્યું હતું કે ભવજંતુ સદાગમના બળથી મોક્ષે ગયો અને આ (વિપાક) તો એમ કહે છે કે સ્પર્શન વિગેરેને મારી હઠાવી સંતોષે અનેક લોકોને નિર્વૃત્તિ નગરીમાં સ્થાપન કર્યા છે. ત્યારે મોક્ષમાં સ્થાપન કરનાર તે સદાગમ હશે કે સંતોષ હશે? આ પ્રમાણે બન્ને વાતોમાં કાંઇક ફેરફાર મને લાગે છે; પરંતુ અત્યારે એવો નકામો વિચાર કરવાની શી જરૂર છે? હાલ તો આ વિપાક જે હકીકત કહે છે તે બરાબર ધ્યાન રાખીને સાંભળી લઉં, આગળ ઉપર અવકાશે પછી તેના ઉપર વિચાર કરી લઇશ.

રાગકેશરીને ક્ષોભ અને તેનું શાંત્વન.

વિપાકે ત્યાર પછી પોતાની વાત આગળ ચલાવી. 'આવી રીતે સ્પર્શન વિગેરેને સંતોષ તરફથી મોટો ઉપદ્રવ થાયછે એ હકીકત અમારા મહારાજ રાગકેશરીને આજે તેમના ખાસ સંબંધી માણસોએ જણાવી. પોતાના સેવકોને આટલું મોટું દુઃખ ઉત્પન્ન થયું છે એવી હકીકત તેઓએ અગાઉ કદિ પણ સાંભળેલી નહિ અને તે હકીકત

---

૧ ઇતિઃ ઉપદ્રવો. ઇતિઓ સાત પ્રકારની હોય છે તે બધી ધાન્યનો નાશ કરનારી છે. અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, તીડ, ઉંદર, શુક ઇત્યાદિ.

૨ મોક્ષ. અહીં રાગનું જોર ચાલતું નથી.

૩ આ પ્રમાણે પ્રભાવ નામનો દૂત બોધ પાસે વાત કરે છે. પ્રભાવ પોતાને માટે પહેલા પુરૂષમાં વાત કરે છે.

તેમનાથી કોઇ રીતે સહન થઇ શકે તેવી પણ હતી નહિ, તેથી જેવી તે વાત સાંભળી કે તરતજ મહારાજા રાગકેશરીની આંખો કોપથી લાલચોળ થઇ ગઇ, ગુસ્સાથી હોઠ ફરકવા લાગ્યા, ભયંકર ભવાંઓ ચઢવાથી કપાળ વાંકું ચુંકું થઇ ગયું, આખે શરીરે પરસેવો થઇ ગયો, જમીન ઉપર તાણી તાણીને પોતાના હાથને પછાડવા લાગ્યા, પ્રલયકાળના મહા ભયંકર અગ્નિ જેવું રૂપ ધારણ કરી અત્યંત ક્રોધાવિષ્ટ થઇ આડાં અવળાં વચનો બોલતા પોતાના માણસોને હુકમ કરવા લાગ્યા—અરે દોડો! પ્રયાણનો ડંકો વગડાવો, ચતુરંગ લશ્કર તૈયાર કરો વિગેરે. રાજાનો આ હુકમ સેવકોએ માથે ચઢાવ્યો. પોતાના રાજાને આટલા બધા ચિંતામાં પડી ગયેલા જોઇ વિષયાભિલાષ મંત્રીએ કહ્યું 'દેવ! મારા પ્રભુ! આટલા બધા આવેશમાં આવી જવાનું કાંઇ કારણ નથી. અરે એ બાપડો સંતોષ તે કોણ માત્ર છે! એને તે કોઇ પણ પ્રકારના આદરની જરૂર હોય? જે કેશરીસિંહ કપાળમાંથી મદના ઝરા નીકળતા હાથીઓના સમુદાયને લીલા માત્રમાં ચૂર્ણ કરી નાખે છે તે સિંહ શું હરણને મારી નાખવાની બાબતને અંગે પોતાના મનને કોઇ પણ પ્રકારની ચિંતા આપતો હશે? આપની પાસે એ બાપડાનું ગજું શું છે? એની તાકાત કેટલી છે? એના સંબંધમાં આપે જાતે જરા પણ તસ્દી શા માટે લેવી પડે છે?' મહારાજાએ કહ્યું—'મિત્ર! તારી વાત ખરી છે. પરંતુ આપણા માણસોને હેરાન કરીને એ પાપી સંતોષે મને ઘણો ઉશ્કેરી મૂક્યો છે તેથી જ્યાં સુધી એને મૂળમાંથી ઉખેડી મૂકીશ નહિ ત્યાં સુધી મારા મનમાં નિરાંત થશે નહિ.' મંત્રીએ કહ્યું—'દેવ! એ તો નજીવી બાબત છે. એમાં આપને આટલું બધું આવેશમાં આવી જવું જરૂરનું નથી. એ વાતમાંજ કાંઇ દમ નથી—' આટલી મંત્રીની વાત સાંભળી એટલે રાગકેશરી રાજા કાંઇક સ્વસ્થ થયા. પછી વિજય મેળવવા માટે બહાર નીકળતી વખતે કરવા યોગ્ય ઉચિત ક્રિયાઓ કરવામાં આવી. પોતાની સન્મુખ જાણે [illegible] કળશ સ્થાપન કર્યો, [illegible] જય જય શબ્દનો ઉદ્ઘોષ કરાવી [illegible]

[illegible]

કરવાને તૈયાર થયા ત્યાં તેઓને સાંભર્યું કે અરે ! આ બાબતમાં મેં પિતાશ્રીને તો હજુ કાંઇ પૂછ્યું પણ નથી ! અહો મારી કેટલી ભૂલ ! કેટલું આળસ ! અહો આ બાબત ઘણી સાધારણ અને નાની છે છતાં હું એમાં એટલો બધો વ્યાકુળ થઇ ગયો છું કે પિતાશ્રીને પગે પડવું જોઇએ એ વાત પણ હું વિસરી ગયો ! આ પ્રમાણે વિચાર કરીને પિતાને વંદન કરવા રાજા પાછો[1] ચાલ્યો '......

રાગકેશરીના પિતા-મહામોહ.

વિપાકે આટલી વાત મને કહી ત્યારે મેં તેને પૂછ્યું ' અરે ભાઇ વિપાક ! વળી આ રાગકેશરી રાજાનો બાપ પણ છે ? તે કોણ છે ? ' વિપાકે જવાબમાં કહ્યું ' અરે ભાઇ પ્રભાવ ! તું તો તદ્દન ભોળો જણાય છે ! આ મહારાજા રાગકેશરીનો પિતા અદ્ભુત કામોનો કરનાર અને ત્રણ જગતનો જાણીતો મહામોહ નામે છે તે વાતની તને ખબર પણ નથી એ તો ભારે નવાઇની વાત ! અરે સ્ત્રીઓ અને છોકરાઓ પણ એ વાત તો જાણે છે. જો સાંભળ.............
" એ મહામોહ આખા જગતને લીલા માત્રમાં ચકડોળે ચઢાવે છે.
" મોટા મોટા ચક્રવર્તી અને ઇંદ્રો જે જગતના રાજા ગણાય છે તે
" પણ તેના નોકર થઇને રહેલા છે. પોતાના ગુરાતન ઉપર મદાર
" બાંધીને પ્રાણીઓ બીજા સર્વની આજ્ઞાનું ઉલ્લંઘન કરે છે પરંતુ મહા
" મોહની આજ્ઞાનું ઉલ્લંઘન કોઇ જરા પણ કરી શકતું નથી. વેદાન્ત-
" વાદીઓના સિદ્ધાન્તમાં જેવી રીતે કહ્યું છે કે પરમાત્મા સ્થાવર અને
" જંગમ-આખા જગતમાં વ્યાપક થઇને રહેલા છે તેવી રીતે મહા-
" મોહ પોતાના વીર્યથી દ્વેષ વિગેરે રૂપોવડે સર્વ લોકોમાં વ્યાપક થઇને
" રહેલો છે. જેમ વેદાંતવાદીના મત પ્રમાણે દરેક વ્યક્તિ જેદ પ્ર-
" વર્તે છે અને પાછા પરમાત્મામાં લય પામી જાય છે તેવી રીતે એ
" મહામોહના પ્રતાપથી મદ વિગેરે બીજા સર્વ આ મહામોહની
" આજ્ઞાનુસારજ પ્રવર્તે છે અને તેની અંદરજ પાછા સર્વ સમાઇ
" જાય છે-આથી એ મહામોહ વેદાન્તવાદીઓના પરમાત્મા જેવોજ
" બરાબર જણાય છે, કારણ કે તે સર્વવ્યાપી છે. પરમાર્થને સમ-
" જનાર અને સંતોષથી થતું ખરું સુખ જાણનાર પ્રાણીઓ પણ
" ઇંદ્રિયોના સુખમાં લલચાઇ જાય છે તે સર્વ મહામોહને લઇનેજ
" થાય છે. સર્વ શાસ્ત્રો જાણીને જેઓ પોતાની જાતને પંડિત માનના

[1] ઉતાર સ્થળ: ખડે પાછો વળ્યું પછી તે અગત્યનું જણાય છે.

" હોય છે તેવા માણસો પણ વિષયોમાં આસક્ત થઇ જાય છે તે સર્વ " ચાળા કરાવનાર એ મહામોહ જ છે. સર્વ કર્મોને જીતનાર જિનેંદ્ર " ભગવાનના તત્ત્વને જાણનારા પ્રાણીઓ પણ કષાયને વશ થઇ જાયછે " તેનું કારણ મહામોહનું શાસન જ છે. આવો સુંદર મનુષ્યજન્મ " (ભવ) પામીને અને જૈન શાસન જેવું સુંદર શાસન પ્રાપ્ત કરીને " પણ પ્રાણીઓ પોતાના ગૃહમાં આસક્ત થઇ સંસારમાં રખડ્યા કરે છે " તેનું કારણ એ મહામોહ છે. એ મહામોહ કોઇથી આકુળવ્યાકુળ " થયા વગર પોતાના વીર્યથી સર્વને ઓળંગી જઇને [1]યતિભાવમાં " રહેલા કેટલાક સાધુઓને પણ મહા હેરાનગતી આપે છે. ગંધ- " હસ્તીની માફક તે મહામોહ મનુષ્ય લોકમાં, પાતાળમાં અને સ્વર્ગમાં " આનંદથી સર્વત્ર વિલાસ કરે છે.[2] ગાઢ મિત્રતાને યોગે પૂર્ણ વિશ્વા- " સમાં વર્તતા મિત્રોને જે મિત્ર છતાં ઠગે છે-વંચના કરે છે તેનું કારણ " મહામોહજ છે. કુળવાન સ્ત્રીઓ પોતાની ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખ- " નાર પતિને તજી દઇને પરપુરુષ સાથે રમણ કરે છે તેનું કારણ " આ મહામોહ છે. પોતાના ઉત્તમ કુળની વિશુદ્ધ મર્યાદા મૂકી દઇને " કેટલાક પ્રાણીઓ પરદારા સાથે રમણ કરે છે તેનું કારણ પણ એ " મહારાજા મહામોહ છે. જે ગુરુના પ્રતાપથી પોતે ગુણનું ભાજન " થયા હોય છે તેજ અધમ પ્રાણીઓ પાછા પોતાના ગુરુને પ્રતિકૂળ " થઇ બેસે છે તે આ મહામોહને વશ પડવાથી થાય છે.[3] વળી " કેટલાક પ્રાણીઓ ચોરી વિગેરે આર્ય પુરુષોને નહિ કરવા યોગ્ય કામો " કરે છે અને તેમ કરવામાં આનંદ લે છે તે સર્વનો પ્રવર્તક-ચાલક " એ મહામોહ છે. એ મહામોહ રાજા જેનો આવો લાંબો (ઉન્નત) અહેવાલ છે તેણે આખી દુનિયાનું પરિપાલન કર્યા પછી એક વખત વિચાર કર્યો કે પોતે તો હવે ઘણો વૃદ્ધ થયો છે તેથી પોતાના રાજ્યનો ભાર પોતાના પુત્રને આપવો તે ઠીક છે કારણ કે પોતે બાજુમાં રહ્યો રહ્યો પણ પોતાના બળથી રાજ્ય સંભાળવાને પૂરતી રીતે શક્તિમાન છે. આવો વિચાર કરીને મહામોહ રાજા પોતાનું સર્વ રાજ્ય પોતાના મોટા પુત્ર રાગકેશરીને આપીને પોતે હવે આરામ લે છે અને રાજ્યસંબંધી

---

૧ સાધુ દશામાં મોહનું જોર ઓછું હોવું જોઇએ, છતાં એ એટલો પ્રબળ છે કે કોઇ કોઇ સાધુઓને પણ હેરાન કરીને તેના ઉપર તે પોતાનું જોર ચલાવે છે.

૨ મોહનું જોર-દેવ, નારક, તીર્યંચ અને મનુષ્ય-સર્વપર ચાલે છે. ગંધહસ્તી જેમ સર્વત્ર વિલાસ કરે એમ તે ત્રણ લોકમાં ફર્યા કરે છે અને લહેર કરે છે.

૩ ગુરુના પ્રતાપથી દેશજ્ઞાન-સર્વજ્ઞાન કરે છે અને પાછા મલિન થઇ જાય છે તેઓનું આ વર્ણન છે.

બહુ ચિંતા કરતો નથી. એમ છતાં પણ આ આખી દુનિયા એ મહાત્માના પ્રભાવથીજ ચાલે છે. આવડા મોટા જગતને ચલાવનાર અને તેનું પરિપાલન કરનાર એના સિવાય બીજો કોણ હોઇ શકે? મહામોહ રાજા આવાં આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવાં અદ્ભુત કામો કરનારો છે અને ત્રણ લોકમાં સારી રીતે પ્રસિદ્ધિ પામેલો છે તેના સંબંધમાં તારે આટલું પણ પૂછવું પડ્યું એ ભારે નવાઇની વાત છે.'

મેં (પ્રભાવે) પૂછયું 'ભાઇ! તારે મારા ઉપર ગુસ્સો ન કરવો. હું તો મુસાફર છું, મેં અગાઉ મહામોહરાજાનું નામવિગેરે તો સાંભળ્યાં હતાં, પણ તે બધું સાધારણ રીતે જાણ્યું હતું, પરંતુ એ રાગકેસરીનો પિતા થાય છે એવી વાત તો જાણી નહોતી. આટલું બધું અંધારું હતું તે તારા ખુલાસાથી દૂર થયું. આ પ્રમાણે હકીકત છે તેથી તેં જે વાત શરૂ કરી હતી તેનો બાકીનો ભાગ પણ તારે મને કહેવો જોઇએ જેથી મારા સમજવામાં આખી હકીકત આવી જાય'......

મહામોહ વર્ણન.

વિપાકે પોતાની વાત આગળ ચલાવી 'ત્યાર પછી રાગકેસરી રાજા પોતાના પિતા મહામોહ નરેન્દ્રની સન્મુખ ગયા. ત્યાં તેણે પોતાના પિતા (મહામોહ)ને જોયા—તેને [1]તમસ્ નામની બે લાંબી ભમરો હતી, અવિદ્યા નામનું થર થર થતું સુકલ લકડી જેવું અને ઘડપણને લીધે તદ્દન જીર્ણ થયેલું શરીર દેખાતું હતું અને તે મહારાજા તૃષ્ણા નામની વેદિકા ઉપર નાખેલા વિપર્યાસ નામના સિંહાસન ઉપર બેઠા હતા.

મહામોહની હેયારી.

રાગકેસરી પોતાના હાથ અને મસ્તક ભૂમિ પર મૂકીને પિતાના પગમાં પડ્યો. મહામોહ પિતાએ પુત્રને બોલાવ્યો એટલે તે જમીન પર બેઠો. પિતાએ તેને આસન અપાવ્યું. પિતાના પ્રેમવચનથી તે આસન ઉપર રાગકેસરી બેઠો. રાગકેસરીએ પોતાના પિતાની તબિયતના કુશળ સમાચાર પૂછ્યા અને ત્યાર પછી પોતાને ત્યાં આવવાનું શું

---

૧ મહામોહનાં અત્ર ચારે લક્ષણો બતાવ્યાં છે. એના ભ્રમર **અજ્ઞાન-અંધકારમય** છે એ મિથ્યાત્વ સૂચવે છે; એનું શરીર **અવિદ્યામય** છે એ પણ જ્ઞાનાવરણીયની અધુરાશ બતાવે છે; એની વેદિ **તૃષ્ણાની** છે એ મોહનું ખાસ લક્ષણ છે અને **વિપર્યાસ**-રૂપાંતર જ્ઞાન, ઉલટું જ્ઞાન એ તેનું આસન છે. **અજ્ઞાન અવિદ્યા, તૃષ્ણા** અને **વિપર્યાસ** એ ચાર શબ્દમાં મહામોહનું સ્વરૂપ બરાબર સમજવા લાયક છે.

કારણું બન્યું હતું તે સર્વ કહી સંભળાવ્યું. મહામોહ પિતાએ સર્વ વાત સાંભળી પછી તેઓ બન્ને વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઈ.

મહામોહ—'પુત્ર! [illegible]

[illegible]

ત્યાર પછી રાગકેસરી મહારાજાએ પોતાની સાથે આવનારા બીજા રાજાઓને પણ ખબર આપી દીધા કે 'પિતાજી મહાનરેન્દ્ર રાજા મહામોહ પણ સાથેજ કુચ કરવાના છે.' આ હકીકત સાંભળીને એમનું આખું લશ્કર બહુ જુસ્સામાં આવી ગયું. પછી પોતે મહામોહ નરેન્દ્ર, રાગકેસરી રાજા, વિષયાભિલાષ વિગેરે સર્વ મંત્રી અને સામંતો સર્વે પ્રકારના લશ્કરને સાથે લઇને સંતોષ નામના ચોરનો નિગ્રહ કરવા માટે ચાલી નીકળ્યા છે એ હકીકતથી આખું રાજસચિત્ત નગર દોલાયમાન થઇ ગયું છે અને આ મોટા કોળાહળના શબ્દો સંભળાય છે તે એ લશ્કરના પ્રયાણ કરવાનો અવાજ છે. એ મહારાજા અને રાજા બહાર નીકળી પડ્યા છે તેનો આ હેતુ છે. તને એ હકીકત જાણવાનું બહુ કૌતુક હતું તેથી એ સર્વ વાત મેં તને કહી સંભળાવી. નહિ તો અમારે એકદમ પ્રયાણ કરવાનું હોવાથી મારે એક શબ્દ પણ બોલવા જેટલી ફુરસદ નથી, કારણ કે લશ્કરની પ્રથમ પંક્તિમાં સર્વની આગળ પ્રયાણ કરનારાઓના નાયક તરીકે મારી નીમણુક[1] થઇ છે.'

બોધની પાસે રિપોર્ટ રજુ કરતા પ્રભાવ કહે છે કે વિપાકની આટલી વિસ્તારયુક્ત હકીકત સાંભળી તેનો આભાર દર્શાવતા મેં (પ્રભાવે) કહ્યું 'આર્ય! મારે આ બાબતમાં તમારો શું બોલીને આભાર દર્શાવવો? સજ્જન પુરુષો હમેશાં પરોપકાર કરવામાંજ તત્પર હોય છે. જ્યારે એ સજ્જન પુરુષો પારકાનું ભલું કરવા તૈયાર થાય છે ત્યારે પોતાનું કામ ભૂલી જાય છે અથવા તેને ગૌણ કરી નાખે છે, પોતાને હાથે પેદા કરેલા પૈસાનો પારકાને માટે વ્યય કરે છે, અનેક પ્રકારનાં દુઃખો પારકાને માટે સહન કરે છે, પોતાની જાતને ગમે તેટલી આપત્તિઓ સહન કરવી પડે તેની દરકાર કરતા નથી, પોતાનું માથું પણ આપે છે અને પોતાનો જીવ પણ જોખમમાં મૂકે છે અને પારકાનું કામ તે ખુદ પોતાનુંજ કામ હોય એમ અંતઃકરણથી માનીને કામ કરે છે.' મારાં આવાં વચન સાંભળીને વિપાક રાજી થયો, મારી તરફ પોતાનું મસ્તક જરા નમાવ્યું અને પોતે જાય છે એમ બોલતો મને પ્રણામ કરીને વિપાક ત્યાંથી વિદાય થયો.

વિપાકનો આભાર.

પોતાની વાત બોધ સમક્ષ આગળ ચલાવતો પ્રભાવ કહે છે—


૧ આ હકીકત લક્ષ્ય યોગ્ય છે. વિપાકનો જ્યારે ઉદય થાય એટલે પરિપાક દશામાં કર્મો આવે ત્યારે તેનામાંથી કોઈને ઉદયમાં આવે છે તે હકીકતપર આ રચના છે. વિપાકને તેડવા માટે પ્રથમ દરોગાનાં જ રહેવું પડે છે

બોધનો રિપોર્ટ.

આપ સાહેબે મને જે કામ સોંપ્યું હતું તે લગભગ સિદ્ધ થઇ ચુક્યું હતું, કારણ કે આપનો હુકમ હતો કે મારે સ્પર્શનના મૂળની શોધ કરીને આપની પાસે સર્વ હકીકત નિવેદન કરવી. એ વિપાકે સ્પર્શન વિગેરેના જે ગુણો ગણાવ્યા હતા તે આપણા સ્પર્શનમાં સર્વ બંધબેસતા આવે છે, એ વાતનો મને પોતાને પણ બરાબર અનુભવ થઇ ગયો છે. તેટલા માટે વિપાકે જે પાંચ પુરુષ (સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર) એ સંતોષને જીતવાને મોકલવામાં આવ્યા હતા એમ કહ્યું હતું, તે પાંચ પૈકી આ સ્પર્શન પ્રથમ પુરુષ છે. આથી તેના મૂળની શોધ તો બરાબર મળી આવી; પરંતુ પેલા સંતોષની વાતમાં જે ગોટાળો થયો છે તેની હજુ સુધી મને બરાબર સમજણ પડી નથી. પરંતુ મને એમ લાગે છે કે એ સંતોષ તે પેલા સદાગમનોજ કોઇ નોકર હોવો જોઇએ. જો એમ ન હોય તો તો આગળ પાછળ વાતમાં જરૂર કાંઇ વિરોધ આવી જાય. પરંતુ મેં વિચાર્યું કે આટલો બધો વિચાર કરવાની શી જરૂર છે? મારા સ્વામી (શેઠ) બોધ પાસે જઇને આ સર્વ હકીકત નિવેદન કરીશ, એટલે તે સર્વ હકીકત યોગ્ય રીતે જાણી શકશે. મારા મનમાં જે ગોટાળો થયો છે તે એટલોજ છે કે અહીં ભવજંતુને સદાગમે નિર્વૃત્તિ નગરીમાં મોકલ્યો એમ વાત થઇ હતી અને ત્યાં રાગકેસરી રાજા પાસે એમ ફરિયાદ આવી કે સંતોષ નામનો ચોર બધા માણસોને નિર્વૃત્તિ નગરીમાં ઉપાડી જાય છે-આટલો ફેર પડ્યો છે. હવે આ હકીકત સાંભળીને આપસાહેબને યોગ્ય લાગે તેમ હુકમ ફરમાવો.[1] ”

પ્રભાવનો આભાર.

આ પ્રમાણે પ્રભાવે લંબાણ રિપોર્ટ કર્યો તે સાંભળી બોધ બહુ રાજી થયો. પછી તેઓ બન્ને એકસાથે રાજકુમાર મનીષી પાસે આવ્યા અને પ્રભાવે સ્પર્શન સંબંધી જે વિગતવાર હકીકત મેળવી હતી તે સર્વ તેઓએ કુમારને કહી સંભળાવી. રાજકુમાર મનીષિ આ સર્વ હકીકત સાંભળી બહુ રાજી થયો અને તેણે પ્રભાવનો આટલી બધી તસ્દી લેવા માટે સારી રીતે આદરસત્કાર કર્યો.



---

૧ આ પ્રમાણે પ્રભાવે જે રિપોર્ટ પૃ. ૩૮૫ પર આપવો શરૂ કર્યો હતો તે અહીં પૂરો થયો. આ સર્વ વાત વિદુર કુમાર નંદિવર્ધન પાસે કરે છે તે પૃ. ૩૭૩ થી શરૂ થઇ છે. આખી હકીકત સંસારીજીવ સદાગમ સમક્ષ કહે છે તે બીજા પ્રસ્તાવથી ચાલુ છે.



પ્રકરણ ૫ મું.

સ્પર્શનની યોગશક્તિ.



એક દિવસ મનીષિ અને સ્પર્શન સાથે બેઠા હતા તે વખતે લાગ જોઇને મનીષિ કુમારે સ્પર્શનને સીધો સવાલ કર્યો "અરે ભાઇ સ્પર્શન! તને તારા પરમ પ્રિય મિત્ર ભવજંતુની સાથે પેલા સદાગમેજ વિરહ કરાવ્યો કે તે વખતે બીજો કોઇ પણ તેની સાથે હતો?"

સ્પર્શનને સંતોષનો મોટો ભય

સંતોષ સંબંધી ખુલાસો.

સ્પર્શન—"ભાઇ મનીષિ! તેની સાથે એક બીજો પણ હતો, પણ હવે એ વાત જ જવા દો ને. મને તે પાપી ક્રૂર કર્મ કરનારની એટલી બધી બીક લાગે છે કે હું તેનું નામ પણ બોલી શકતો નથી. પેલો સદાગમ તો ભવજંતુને ઉપદેશજ માત્ર આપતો હતો પણ મને અનેક પ્રકારની કદર્થના કરનાર તો તે સદાગમનો જ એક સેવક (અનુચર) હતો જે મહાઘાતકી[1] કામ કરનાર હતો અને જે અનેક પ્રકારની પીડાઓ કરી મને દુઃખ દેતો હતો અને તે જ અનુચર ભવજંતુની પાસે મારાથી ઉલટું સર્વ કરાવતો હતો અને તેને મારી સાથે રૂસણાં લેવરાવતો હતો. એ પાપી અનુચરે મારા મિત્ર ભવજંતુને શરીર-પ્રાસાદમાંથી બહાર કાઢીને નિર્વૃત્તિ નગરીમાં પહોંચાડી દીધો. આવી સર્વ બાબતો બની તે સર્વનું કારણ એ અનુચરજ હતો, બાકી સદાગમ તો માત્ર ઉપદેશ દેવાનોજ ધંધો કરતો હતો."

મનીષી—"પણ ભાઇ! એ અનુચરનું નામ શું હતું તે તો કહે."

સ્પર્શન—"મેં આપને હમણાજ કહ્યું કે મને એ પાપીનો એટલો

---

૧ સંતોષનું આ ઘાતકીપણું સ્પર્શનની નજરથી સમજવું.

બોધનો રિપોર્ટ.

આપ સાહેબે મને જે કામ સોંપ્યું હતું તે લગભ સિદ્ધ થઇ ચુક્યું હતું, કારણ કે આપનો હુકમ હ કે મારે સ્પર્શનના મૂળની શોધ કરીને આપની પા સર્વ હકીકત નિવેદન કરવી. એ વિપાકે સ્પર્શન વિ રેના જે ગુણો ગણાવ્યા હતા તે આપણા સ્પર્શનમાં સર્વ બંધબેસતા આ છે, એ વાતનો મને પોતાને પણ બરાબર અનુભવ થઇ ગયો છે. તેટ માટે વિપાકે જે પાંચ પુરુષ (સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ અને શ્રોત્ર) સંતોષને જીતવાને મોકલવામાં આવ્યા હતા એમ કહ્યું હતું, તે પાં પૈકી આ સ્પર્શન પ્રથમ પુરુષ છે. આથી તેના મૂળની શોધ તો બ રાબર મળી આવી; પરંતુ પેલા સંતોષની વાતમાં જે ગોટાળો થયો તેની હજુ સુધી મને બરાબર સમજણ પડી નથી. પરંતુ મને એ લાગે છે કે એ સંતોષ તે પેલા સદાગમનોજ કોઇ નોકર હોવો જોઇએ જો એમ ન હોય તો તો આગળ પાછળ વાતમાં જરૂર કાંઇ વિરો આવી જાય. પરંતુ મેં વિચાર્યું કે આટલો બધો વિચાર કરવાની શ જરૂર છે? મારા સ્વામી (શેઠ) બોધ પાસે જઇને આ સર્વ હકીક નિવેદન કરીશ, એટલે તે સર્વ હકીકત યોગ્ય રીતે જાણી શકશે મારા મનમાં જે ગોટાળો થયો છે તે એટલોજ છે કે અહીં ભવજંત ને સદાગમે નિર્વૃત્તિ નગરીમાં મોકલ્યો એમ વાત થઇ હતી અને ત્ય રાગકેસરી રાજા પાસે એમ ફરિયાદ આવી કે સંતોષ નામનો ચો બધા માણસોને નિર્વૃત્તિ નગરીમાં ઉપાડી જાય છે-આટલો ફેર પડ્યો છે હવે આ હકીકત સાંભળીને આપસાહેબને યોગ્ય લાગે તેમ હુક ફરમાવો.[1] ”

પ્રભાવનો આભાર.

આ પ્રમાણે પ્રભાવે લંબાણ રિપોર્ટ કર્યો તે સાંભળી બોધ બ રાજી થયો. પછી તેઓ બન્ને એકસાથે રાજકુમાર મનીષી પાસે આવ્યા અને પ્રભાવે સ્પર્શન સંબંધી જે વિગતવાર હકીકત મેળવ હતી તે સર્વ તેઓએ કુમારને કહી સંભળાવી. રાજકુમાર મનીષિ અ સર્વ હકીકત સાંભળી બહુ રાજી થયો અને તેણે પ્રભાવનો આટલ બધી તસ્દી લેવા માટે સારી રીતે આદરસત્કાર કર્યો.

---

૧ આ પ્રમાણે પ્રભાવે જે રિપોર્ટ પૃ. ૩૮૫ પર આપવો શરૂ કર્યો હતો તે અહીં પૂરો થયો. આ સર્વ બાબત વિદુર કુમારે નંદિવર્ધનને [illegible] કરે છે તે પૃ. ૩૭૩ થી [illegible]
[illegible]



પ્રકરણ ૫ મું.

સ્પર્શનની યોગશક્તિ.



એક દિવસ મનીષિ અને સ્પર્શન સાથે બેઠા હતા તે વખતે લાગ જોઇને મનીષિ કુમારે સ્પર્શનને સીધો સવાલ કર્યો "અરે ભાઇ સ્પર્શન! તને તારા પરમ પ્રિય મિત્ર ભવજંતુની સાથે પેલા સદાગમેજ વિરહ કરાવ્યો કે તે વખતે બીજો કોઇ પણ તેની સાથે હતો?"

સ્પર્શનને સંતોષનો મોટો ભય

સ્પર્શન—"ભાઇ મનીષિ! તેની સાથે એક બીજો પણ હતો, પણ હવે એ વાત જ જવા દો ને. મને તે પાપી ક્રૂર કર્મ કરનારની એટલી બધી બીક લાગે છે કે હું તેનું નામ પણ બોલી શકતો નથી. પેલો સદાગમ તો ભવજંતુને ઉપદેશજ માત્ર આપતો હતો પણ મને અનેક પ્રકારની કદર્થના કરનાર તો તે સદાગમનો જ એક સેવક (અનુચર) હતો જે મહાઘાતકી[1] કામ કરનાર હતો અને જે અનેક પ્રકારની પીડાઓ કરી મને દુઃખ દેતો હતો અને તે જ અનુચર ભવજંતુની પાસે મારાથી ઊલટું સર્વ કરાવતો હતો અને તેને મારી સાથે રૂસણાં લેવરાવતો હતો. એ પાપી અનુચરે મારા મિત્ર ભવજંતુને શરીરપ્રાસાદમાંથી બહાર કાઢીને નિર્વૃત્તિ નગરીમાં પહોંચાડી દીધો. આવી સર્વ બાબતો બની તે સર્વેનું કારણ એ અનુચરજ હતો, બાકી સદાગમ તો માત્ર ઉપદેશ દેવાનોજ ધંધો કરતો હતો."

સંતોષ સંબંધી ખુલાસો.

મનીષી—"પણ ભાઇ! એ અનુચરનું નામ શું હતું તે તો કહે."

સ્પર્શન—"મેં આપને હમણાજ કહ્યું કે મને એ પાપીનો એટલો

---

૧ સંતોષનું આ ઘાતકીપણું સ્પર્શનની નજરથી સમજવું.

એવો ધાક લાગે છે કે હું તેનું નામ પણ હજુ સુધી બોલી શકતો નથી. વળી મેં તમને અગાઉ પણ કહ્યું હતું કે તે મહાપાપી માણસ છે તેથી એનું નામ લેવાનું શું કામ છે? પાપી માણસની કથા કરવાથી પાપ વૃદ્ધિ પામે છે, આબરૂને દૂષણ લાગે છે, લઘુતા પ્રાપ્ત થાય છે, મનમાં ઉલટા સુલટા વિચારો આવેછે અને ધર્મબુદ્ધિનો ક્ષય થાયછે.”

મનીષી—“તારી વાત તો ખરી છે, પણ મને તેનું નામ સાંભળવાનું મોટું કૌતુક થયું છે; વળી જ્યાં સુધી હું તારી પાસે છું ત્યાં સુધી તારે એ અનુચરનો કે બીજા કોઇનો ભય રાખવાનું જરા પણ કારણ નથી. વળી માત્ર કોઇનું નામ દેવામાં જ કાંઇ પાપ લાગતું નથી. ‘અગ્નિ’ એટલો શબ્દ બોલવાથી કાંઇ મ્હોંમાં દાહ-બળતરા થતી નથી; માટે તેનું નામતો તું મને જરૂર જણાવ.”

મનીષીનો આટલો સખ્ત આગ્રહ જોઇને સ્પર્શને બીકથી દશે દિશાઓમાં ગભરાટમાં પડીને જોવા માંડ્યું અને પછી ધીમે સાદે કહ્યું “ભાઇ! જો એમજ છે તો સાંભળ. એ પાપીનું નામ સંતોષ છે.”

મનીષીનો વિચાર પૂર્વક આત્મનિર્ણય.

મનીષીએ હવે પોતાના મનમાં વિચાર કર્યો-ખરેખર! સ્પર્શનની મૂળશોધ જે પ્રમાણે કરી હતી તે બરાબર જણાય છે. સંતોષ સંબંધી હકીકત તેણે કહેલી શોધ સાથે બરાબર મળતી આવતી નહોતી તે પણ હવે બંધબેસતી આવી ગઇ. આ સ્પર્શનનો પરિચય વધારે સારો નથી એમ પ્રથમથી જ મેં ધાર્યું હતું તે બહુ સારું થયું, કારણ કે તેને વિષયાભિલાષ મંત્રીએ લોકોને છેતરવા માટે જ મોકલ્યો છે અને તે કામ કરવા સારૂજ તે જ્યાં ત્યાં ફર્યા કરે છે. આ પ્રમાણે હોવાથી તે કોઇ પણ રીતે વિશ્વાસ કરવા યોગ્ય નથી એમ મનમાં નિશ્ચય થાય છે. એનાં લક્ષણો સારાં જણાતાં નથી તો પણ એને અત્યાર સુધી મિત્ર તરીકે ગ્રહણ કરીને તેના ઉપર મેં બહારથી-ઉપર ઉપરથી સ્નેહભાવ બતાવ્યો છે અને તેની સાથે [illegible] ક્રીડા પણ કરી છે તેથી તેને એકદમ [illegible] છોડી દેવો એ તો યોગ્ય નહિ [illegible] પણ હવે હું તેનું [illegible] બરાબર [illegible] તેથી મારે [illegible] જ નહિ, તેની [illegible] [illegible] નહિ, [illegible] [illegible] કારણ કે તે

ભાવે બહુ વિચિત્ર છે. તેની સાથે હાલ તો કાળક્ષેપ કરવો અને આગાઉ જેવું તેની સાથે વર્તન રાખતો હતો તેવુંજ બહારથી તો તેની થે વર્તન રાખવું. અગાઉની પેઠેજ તેની સાથે સંબંધ રાખીને રાત્રિ નું, તે જે જે કામ કરવાનું સૂચવે તેમાંથી આત્મિક પ્રયોજનને બગાડે ં ન હોય તે કરવું અને જ્યાં સુધી મારાથી તેનો સર્વથા ત્યાગ ન શકે ત્યાં સુધી તેની સાથે એ પ્રમાણે વર્તવું; પણ તેની સાથે તા પ્રેમથી અંતઃકરણપૂર્વક જોડાણ તો નજ કરવું. આ પ્રમાણે જો તેની સાથે વર્તીશ તો તે મને કોઇ પણ પ્રકારની બાધા-પીડા જાવી શકશે નહિ-મનીષીએ પોતાના મનમાં આવી રીતે નિર્ણય ં. ત્યાર પછી સ્પર્શન અને મનીષી ચિત્રવિચિત્ર સ્થાનોમાં અગા- ી માફકજ વિલાસ કરતા ફરવા હરવા લાગ્યા અને કાળ પસાર વા લાગ્યા.

સંસારમાં સારભૂતનો સવાલ; મનીષીનું કૌતુક, બાળની આસક્તિ; સ્પર્શને બતાવેલ યોગછળની અસર.

એક દિવસ પોતાના મિત્રમંડળમાં સ્પર્શને વાતચીત શરૂ કરી. ે કહ્યું "અરે ભાઇઓ! લોકોમાં સારભૂત શું છે? સર્વે પ્રાણીઓ ી અભિલાષા કરે છે?"

બાળ—"મિત્ર! એમાં સવાલ કરવા જેવું શું છે? એ તો બહુ ણીતી વાત છે અને બધા તે વાતને સારી રીતે સમજે છે."

સ્પર્શન—"ત્યારે કહોને, તે શું છે?"

બાળ—"મિત્ર! તે સુખ છે."

સ્પર્શન—"જો તેમજ છે તો પછી દરરોજ તેની સેવા શા માટે રામાં આવતી નથી?"

બાળ—"તેની સેવા કરવાનો ઉપાય શું છે અને કોની મારફત થાય તેમ છે?"

સ્પર્શન—"હું પોતેજ તેનો ઉપાય છું."

બાળ—"તે કેવી રીતે?"

સ્પર્શન—"મારામાં યોગશક્તિ છે તેના વડે હું પ્રાણીના શરી- ં પેસીને બહાર અથવા અંદર કોઇ જગ્યાએ ચામડીમાં છુપાઇને[1]

---

૧ આ સ્પર્શનનો વિષય છે.

બેસી જાઉંછું; ત્યાર પછી તે પ્રાણીઓ ભક્તિપૂર્વક મારૂં ધ્યાન કરે, કોમળ અને સુંદર સ્પર્શની સાથે સંબંધ કરે, તો તેથી તેઓને એવું સારૂં સુખ મળે છે કે જેને કોઇ અન્ય સુખની ઉપમા જ આપી શકાય નહિ. તેટલા માટે સુખસેવનનો ઉપાય હું પોતેજ છું. હવે તમે તે વાત બરાબર સમજ્યા ?"

આટલી હકીકત સાંભળીને મનીષીએ પોતાના મનમાં વિચાર કરી લીધો કે આ સ્પર્શને અમને છેતરવાનો પ્રપંચ અત્યારે બરાબર આદર્યો છે, પણ કાંઇ નહિ, જોવા તો દો, તે ભાઇશ્રી હવે શું કરેછે !

બાળ—"અરે મિત્ર ! જો એમ હતું તો પછી અમારે આટલા બધા વખતથી તારી સાથે સંબંધ છે છતાં તેં વાત તેં અમને આજ સુધી એક પણ વખત કેમ જણાવી નહિ ? તેં ખરેખર અમને અત્યાર સુધી છેતર્યા ! અમે તેટલે અંશે કમનશીબ રહ્યા ! કારણ કે સુખ પ્રાપ્ત કરવાનો આવો સારો ઉપાય હસ્તગત હોવા છતાં પણ અત્યાર સુધી અમે સુખ વગરના રહી ગયા. તારી પાસે આવી જબરી યોગશક્તિ છે છતાં તેને તું પ્રગટ કરતો નથી અને અમારી પાસે તે સંબંધી વાત પણ કરતો નથી તે તો તારી બહુ ગંભીરતા કહેવાય ! પણ હવે તો કૃપા કરીને અમને એ કુતૂહળ બતાવ, તારી યોગશક્તિને વિકસ્વર કર અને અમને સુખ પ્રાપ્ત કરવાના હેતુભૂત બરાબર થઇ જા. અમને તારી યોગશક્તિ જોવાનો અને તેનો અનુભવ કરવાનો પ્રસંગ મળ્યો છે તેનો ખરો લાભ અમને આપ."

"કેમ મારી શક્તિ હું બતાવું ?" એ પ્રમાણે મનમાં જરા સંદેહ પૂર્વક એક દૃષ્ટિબાણ મનીષી તરફ ફેંકીને સ્પર્શને મનીષીને સવાલ કર્યો. બાળે જેવી ઇચ્છા બતાવી તેવીજ ઇચ્છા મનીષીની પણ હશે કે નહિ તે જાણવાના ઇરાદાથી એ સવાલ સ્પર્શને કર્યો હતો. મનીષીને પણ શું થાય છે તે જોવાનું કુતૂહળ થયું, તેથી તેણે જવાબમાં જણાવ્યું "ભાઇ ! બાળે તમને જે પ્રમાણે કરવા કહ્યું છે તે પ્રમાણે કરો. એમાં વિચાર કરવા જેવું કે વિરોધ બતાવવા જેવું શું છે ?"

મનીષીનો આ પ્રમાણે જવાબ સાંભળીને સ્પર્શને [1]પદ્માસન

---

૧ યોગી ધ્યાન કરે છે ત્યારે આ પ્રમાણે આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા વિગેરે કરે છે. એવીજ રીતે સંસારી પ્રાણીઓ સ્પર્શન કે બીજી કોઇ પણ ઇંદ્રિયમાં આસક્ત થાય છે ત્યારે એવીજ એકાગ્રતા કરે છે. જરા બારીક અવલોકન કરવાથી એ વાત જણાઇ આવશે. વિષય સેવતી વખત યોગધ્યાનના જેવીજ એકતા થાય છે. માત્ર આશયમાંજ મોટો તફાવત હોય છે

યોગશક્તિનો પ્રભાવ.

કર્યું, શરીરને સ્થિર કર્યું, બહારની કોઇ પણ બાબત તરફ ખેંચાતા મનના વિક્ષેપને દૂર કર્યો, આંખને નિશ્ચળ કરી નાકના અગ્રભાગ તરફ બરાબર અનિમેષપણે સ્થાપન કરી, મનને હૃદયકમળ પર સ્થિર કર્યું, ધારણા બરાબર સ્થિર કરી, ધારણામાં જે વિષય ધાર્યો તેના તરફ બરાબર એકતાન લગાવ્યું, ધ્યાન લગાવ્યું, ઇંદ્રિયની સર્વ વૃત્તિઓને રૂંધી દીધી, પોતે તદ્દન સ્વરૂપશૂન્ય હોય એવો થઇ ગયો (આ સમાધિનું લક્ષણ છે), સમાધિ કરી, અંતર્ધાન કરવાના હેતુભૂત આત્મસંયમ બરાબર કર્યો, અંતર્ધાન બરાબર કર્યું (એટલે પોતે અદૃશ્ય થઇ ગયો), મનીષી અને બાળના શરીરમાં તે પેઠો, તેઓના શરીરમાં પોતાને જે પ્રદેશ બહુ પસંદ હતો ત્યાં સ્થાન કર્યું, તે વખતે બાળ અને મનીષીના મનમાં તેણે અત્યંત નવાઇ ઉપજાવી, અને બન્નેના મનમાં કોમળ સ્પર્શ પ્રાપ્ત કરવાની ઇચ્છા જાગૃત કરી.

સ્પર્શનની યોગશક્તિની જૂદી જૂદી અસર.

બાળકપર સ્પર્શનનું યોગબળ.

એવી રીતે સ્પર્શન પોતાની યોગશક્તિ બતાવી શરીરમાં દાખલ થયો એટલે બાળ સુંવાળી પથારીઓ, સુંદર આરામખુરશીઓ, કોમળ વસ્ત્રો, હાડ માંસ ત્વચા અને રોમને સુખ આપનાર મર્દનો, સુંદર લલિત લલનાઓ સાથે વારંવાર વિષયસુખનો ઉપભોગ, [1]ઋતુથી ઉલટાં વીર્યવાળાં વિલેપનો અને બીજા સર્વ પ્રકારનાં શરીરને પ્રિય લાગે તેવાં સ્નાન અને ઉદ્વર્તન[2] વિગેરેમાં આસક્ત થઇ ગયો. જેવી રીતે કોઇને ભસ્મક[3] વ્યાધિ થયો હોય તેને ગમે તેટલું ખાવાનું તથા પીવાનું આપવામાં આવે તે સર્વ તે ખાઇ પી જાય છે તેવી રીતે તે બાળ એ

---

૧ **ઉલટાં વીર્યવાળાં વિલેપનો**: શિયાળામાં ગરમ વિલેપનો કરવાં (ઉષ્ણવીર્ય), ઉન્હાળામાં ઠંડાં વિલેપનો કરવાં (શીતવીર્ય)–આ રિવાજ ઘણો જાણીતો છે. ઋતુની અસર શરીરપર ન થાય તે સારૂ તેમ કરવામાં આવે છે.

૨ **ઉદ્વર્તન**: શરીરપરથી તૈલાદિની અસર કાઢી નાખવા માટે લગાડવામાં આવતા લેપને ઉદ્વર્તન કહે છે.

૩ **ભસ્મકવ્યાધિ**: ગમે તેટલું ખાય પણ ભુખ મટે નહિ અને દસ્ત પણ ખોરાકના પ્રમાણમાં આવે નહી એ વ્યાધિને 'ભસ્મક' કહે છે. આ વ્યાધિવાળો ગમે તેટલું ખાય તે સર્વ ભસ્મ થઇ જાય છે અને નવું નવું ખાધા કરે છે, પણ ધરાતો નથી.

કોમળ શયન વિગેરે સર્વ વસ્તુને અતૃપ્તપણે ખૂબ ભોગવવા લાગ્યો. બિચારો બાળ તો એ કોમળ સ્પર્શના વિષયોમાં એટલો બધો ફસી ગયો કે તેના સંબંધમાં અનેક પ્રકારની તજવીજ કર્યા છતાં તેના મનમાં કિંચિત્ માત્ર પણ સંતોષ થયોજ નહિ અને તેને પરિણામે તેના મનની શાંતિ ઉલટી ચાલી ગઇ. જેમ કોઇ પ્રાણીને ખસ-ખુજલી થઇ હોય અને તેના પર ચળ આવવાથી ખણવામાં આવે ત્યારે જરા ઉપર ઉપરથી સુખ લાગે પણ આખરે શારીરિક દુઃખજ થાય તેવી તે બાપડાની સ્થિતિ થઇ ગઇ; છતાં પણ શુદ્ધ વિચારને અભાવે અને વસ્તુસ્થિતિના દુર્લક્ષ્યને લીધે જ્યારે જ્યારે સુંદર શય્યા વિગેરેનો ઉપભોગ કરે ત્યારે ત્યારે તેને વિચાર આવે કે અહો ! મને કેવું સુંદર સુખ છે ! અહો મને કેવો મજાનો આનંદ થાય છે ! આવી જાતના વિચારથી મનમાં ફુલાયા કરે અને એવી ખોટી ભાવના ભાવીને પોતે જાણે પરમ સુખ ભોગવતો હોય એમ માની લઇ નકામો રસાંતરમાં અવગાહન કરે અને તેવા સુખમાં[1] લીન થઇ જાય.

મનીષી ઉપર સ્પર્શનનું યોગબળ.

મનીષી એથી ઉલટી રીતે જ્યારે જ્યારે તેને કોમળ શય્યા વિગેરેની ઇચ્છા થઇ આવે ત્યારે ત્યારે પોતાના મનમાં વિચાર કરે કે અહો અત્યારે મને જે વિકાર થાય છે તે સ્પર્શને કરેલો વિકાર છે, તે કાંઇ સ્વાભાવિક ઇચ્છા નથી. એ સ્પર્શન મારો ખરેખરો કટ્ટો દુશ્મન છે અને એ બાબતનો મેં મારાં મનમાં પાકો નિર્ણય કર્યો છે, અને એ નિર્ણય જો બરાબર સાચો હોય તો પછી તે મારા સુખનું કારણ કેવી રીતે થઇ શકે? આવી રીતનો વિચાર કરીને સ્પર્શનને અનુકૂળ આવે એવું કોઇ પણ પ્રકારનું આચરણ કરે નહિ. વળી તેની સાથે દોસ્તી થયેલી છે તો તેને તદ્દન ખોટું લગાડવું ન જોઇએ અને તેની મિત્રતા છોડી દેવા માટે હજુ થોડો વખત રાહ જોવાની જરૂર છે એમ ધારી સ્પર્શનને અનુકૂળ કોઇ કોઇ પ્રવૃત્તિ જરા **મનીષી** કરી લે, પરંતુ તેમાં તે જરા પણ ગૃદ્ધિ રાખતો ન હોવાને લીધે તેમજ સંતોષામૃત વડે તેનું મન સ્વસ્થ થયેલું હોવાને લીધે, જેમ રોગરહિત શરીરવાળા સુંદર ભોજન પચી શકે તેવું અને તેટલું ખાય ત્યારે તેને જેમ સુખ થાય તેમ, પેલા શયન

---

૧ સંસારમાં પ્રાણીઓ આવીજ રીતે માનેલાં સુખના ઘરડકા ખોટી રીતે લીધા કરે છે. વસ્તુતઃ સુખ ન હોય તેમાં સુખ માની તેની પાછળ દોડ્યા કરે છે અને હેરાન થાય છે.

વિગેરેના ઉપભોગ તેને સુખ ઉપજાવનારા હતા. વળી એ સુજ્ઞ મનીષી બાળની માફક એ શયનાદિકસાથે પ્રેમપૂર્વક મૈત્રી કરતો નહોતો તેથી ભવિષ્યમાં તેને કોઇ પણ પ્રકારનું દુઃખ થાય તેવો [1]બંધ પણ તે કરતો નહોતો. આવી રીતે બાળ અને મનીષીની જુદી જુદી વર્તનુસાર સ્પર્શન પોતાના યોગબળની તેઓ ઉપર જુદી જુદી અસર કરતો હતો.

બાળની જીવનસાર્થકતા સંબંધી માન્યતા.

હવે એક દિવસ અંતર્ધાન થયેલ સ્પર્શન પ્રગટ થઇને બાળને કહેવા લાગ્યો, "મિત્ર! મારી મહેનતનું કાંઇ ફળ થયું? તને તેથી કોઇ પણ પ્રકારનું સુખ થયું કે નહિ અને તારા ઉપર કાંઇ ઉપકાર થયો કે નહિ? તે હવે તું મને જણાવ." બાળે જવાબ આપ્યો "ભાઇ! તેં ખરેખર મારા ઉપર મોટી મહેરબાની કરી છે. હું કલ્પના પણ કરી ન શકું તેવો આનંદ મને કરાવીને તેં મને સ્વર્ગનું—દેવલોકનું સુખ અનુભવાવ્યું છે અને વાસ્તવિક રીતે જોઇએ તો તેમાં નવાઇ જેવું પણ શું છે? તને વિધાતાએ બીજા પ્રાણીઓ ઉપર ઉપકાર કરવા માટેજ બનાવ્યો હોય એમ જણાય છે. ખરેખર, તારા જેવા દુનિયામાં પારકા ઉપર ઉપકાર કરવા માટેજ જન્મ પામે છે અને મારા જેવાનો જન્મ તારા જેવાથીજ સાર્થક[2] થાય છે. આ જન્મમાં જે સુખ લેવું જોઇએ તે ખરેખર તારાથીજ મળે તેમ છે. તારા જેવાની સજ્જનતા અતિ ઉચ્ચ પ્રકારની છે. તારા જેવા ઉત્તમ મનુષ્યો પોતાના સ્વભાવથીજ અન્ય માણસોને સુખના હેતુ રૂપ થયા કરે છે. મિત્રવર! તારી કૃપાથી હાલ તો હું પૂર્ણ આનંદ ભોગવું છું." બાળનો આવો ઉત્તર સાંભળી સ્પર્શને વિચાર કર્યો કે ચાલો! એક કામ તો થયું! આ બાળ તો હવે શંકા વગર આપણો નોકર થઇ ગયો અને તે એટલે સુધી કે હું તેને કાળી વસ્તુ ધોળી કહું કે ધોળી વસ્તુ કાળી કહું તો તે કોઇ પણ પ્રકારના વિચાર વગર તે કબૂલ કરી દે એટલી હદ સુધી તે મારે વશ થઇ ગયો છે. એને હવે હું

બાળનું સ્પર્શ-સાંપટ્ય.

---

૧ કર્મનો બંધ-કર્મ ગ્રહણ. પાપાનુબંધી પુણ્યનો ઉદય હોય ત્યારે સુખ ભોગવાય છે, પણ તેથી પાપનો બંધ થાય છે. સુજ્ઞ પ્રાણીઓને પુણ્યાનુબંધી પુણ્યનો ઉદય માત્ર ઇષ્ટ છે. તે સમજણ રાખી તેમાં ગૃદ્ધિ કરતા નથી, તેથી ભવિષ્યમાં કદિ દુઃખ પામતા નથી.

૨ બાળજીવો છંદગીનું સાર્થક ઇંદ્રિયભોગમાંજ માને છે.

જેમ નચાવવા ધારીશ તેમ તે નાચશે. આ પ્રમાણે મનમાં વિચાર કરીને સ્પર્શને કહ્યું "મિત્ર! મારૂં એટલુંજ કામ હતું! તારા ઉપર આટલો ઉપકાર થઇ શક્યો તેથી હું પણ મારી જાતને ભાગ્યશાળી સમજું છું."

મનીષીનો ગૂઢ સાક્ષીભાવ.

ત્યાર પછી સ્પર્શન મનીષી પાસે ગયો અને તેને કહ્યું "મિત્ર! તારી ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત કરી આપવાનો મારો પ્રયાસ સફળ થયો કે નહિ? તે તું સાચું કહે." મનીષીએ જવાબ આપ્યો "અરે ભાઇ! એની તે શી વાત કરવી! તારી તો બહુ જબરી શક્તિ જણાય છે અને તે એટલી બધી છે કે મ્હોંઢેથી તો તેનું પૂરતું વર્ણન પણ થઈ શકે નહિ!" આવો ગુઢ જવાબ સાંભળી સ્પર્શને પોતાના મનમાં વિચાર કર્યો કે આ ભાઇસાહેબ જે કાંઇ બોલે છે તેમાં કાંઇ ઊંડો ભેદ જણાય છે. આ મનીષી ખરેખરો પક્કો અને પહોંચેલો છે, મારા જેવા એના મનનું કોઇ રીતે રંજન કરી શકે એમ લાગતું નથી. ખરેખર, મારૂં સ્વરૂપ બરાબર કેવું છે તે એ ભાઇસાહેબ પામી ગયા હોય એમ મને લાગે છે; માટે ભારમાં ને ભારમાં અહીં બેસી રહેવું અને એ સંબંધમાં એની પાસે કાંઇ વધારે બોલવું નહિ એમાંજ માલ છે. એની પાસે વધારે વાત કરવામાં કાંઇ વળે તેમ લાગતું નથી. આવી રીતે મનમાં વિચાર કરીને તેણે ધૂર્ત માણસને છાજે તેવો અવાજ કર્યો, પોતાના ચ્હેરા પર જરા પણ વિકાર જણાવા ન દીધો અને મૌન ધારણ કરીને તે બેસી રહ્યો.

મનીષીનો જવાબ.

અકુશળમાળાની પ્રેરણા.

આ બાજુ બાળે પોતાની માતા અકુશળમાળા પાસે જઇને સ્પર્શને પોતાની યોગશક્તિ કેવી રીતે બતાવી તે સંબંધી સર્વ હકીકત અથથી માંડીને ઇતિ સુધી કહી સંભળાવીતે તેમાં સ્પર્શને પોતાની યોગશક્તિથી કેવી રીતે સુખ સંપાદન કરાવ્યું અને તેમ કરવાનું તેનામાં કેટલું સામર્થ્ય હતું એ વાત બહુ રસથી જણાવી. આ સર્વ હકીકત સાંભળીને અકુશળમાળા બોલી—"ભાઇ! મેં તો તને પ્રથમથીજ કહ્યું હતું કે તારે આ સ્પર્શન સાથે દોસ્તી થઇ છે તે બહુ સારી વાત થઇ છે અને તેથી પરંપરાએ તને બહુ સુખ થશે. ભાઇ! મારામાં પણ એવી યોગશક્તિ છે તેની મજા વળી તને કોઇ વખત બતાવી

આપીશ." બાળે આ નવી વાત સાંભળીને કહ્યું "જો એમ હોય તો, માતાજી! મહેરબાની કરીને હાલ તુરતજ એ કુતૂહળ બતાવવાની કૃપા કરો. એવી મારી વિનંતિ છે." અકુશળમાળાએ જવાબમાં કહ્યું "જ્યારે મારી યોગશક્તિનો પ્રયોગ અજમાવીશ ત્યારે તને તે સંબંધી સર્વ હકીકત કહીશ."

શુભસુંદરીની વિચક્ષણ સલાહ.

જેવી રીતે બાળે પોતાની માતા અકુશળમાળાને સ્પર્શન સંબંધી સર્વ હકીકત કહી સંભળાવી તેવી રીતે મનીષીએ પણ પોતાની માતા શુભસુંદરી પાસે સર્વ વૃત્તાંત કહી સંભળાવ્યો. સર્વ હકીકત સાંભળીને વિચક્ષણ શુભસુંદરીએ કહ્યું "વત્સ! એ પાપી મિત્ર સાથે તારે જરા પણ સંબંધ રાખવો તે કોઇ પણ રીતે મને ઉચિત લાગતું નથી, કારણ કે એ સ્પર્શનનો પરંપરાએ પણ પરિચય કરનારને અનેક દુઃખો પ્રાપ્ત થાય છે." મનીષીએ કહ્યું "માતાજી! આપ કહો છો તે બરાબર છે, પણ આપે એ સંબંધમાં જરા પણ ભય કરવાનું કારણ નથી. હું એ સ્પર્શનને એના ખરા સ્વરૂપમાં ઓળખી ગયો છું તેથી એ મને વશ કરવા માટે અનેક પ્રકારના પ્રયત્નો કરે છે તો પણ હું તેનાથી છેતરાઉં તેમ નથી. ફક્ત હાલ હું તેનો ત્યાગ કરતો નથી પરંતુ તેવા ત્યાગને માટે યોગ્ય અવસરની રાહ જોયા કરું છું; કારણ કે એને મેં મિત્ર તરીકે એક વખત સ્વીકાર્યો છે તો પછી અકાળે તેને એકદમ તરછોડી નાખવો એ મને ઠીક લાગતું નથી." શુભસુંદરીએ આ પ્રમાણે પુત્રનાં વચન સાંભળીને કહ્યું "વત્સ! એ વિચાર તેં ઘણો સારો કર્યો જણાય છે. ખરેખર તારું વ્યવહારકુશળપણું યોગ્યછે, તેમજ તારા વત્સળભાવને, નીતિમાર્ગે વર્તવાની તત્પરતાને, ગંભીરતાને, તેમજ સ્થિરતાને ધન્ય છે. વ્યવહારનો એક નિયમ છે કે જેને એક વખત ગ્રહણ કર્યાં હોય તેનામાં કાંઇ દોષ હોય તો પણ સજ્જન માણસો તેનો અકાળે ત્યાગ કરતા નથી, જેમકે તીર્થંકર મહારાજ ગૃહસ્થપણામાં હોય છે ત્યારે તે ગૃહસ્થપણાનો અકાળે ત્યાગ કરતા નથી (યોગ્ય અવસરેજ તજે છે)[1]. વળી જેને એકવાર ગ્રહણ કર્યું-સ્વીકાર્યું તેમાં કોઇ દોષો હોય તોપણ તેનો જો અકાળે ત્યાગ કરવામાં આવે તો સજ્જન પુરૂષોમાં એવી રીતે અકાળે ત્યાગ કરનાર પ્રાણી નિંદા પામે છે અને પોતાનો સ્વાર્થ સાધી શકતો નથી; પરંતુ

---

૧ તીર્થંકરો ઘરનો દોષ જાણે છે, છતાં અવસરેજ તેનો ત્યાગ કરે છે.

તેથી દોષવાળી વસ્તુને ત્યાગ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થાય—સમય આ[વી] પહોંચે તે વખતે પણ જો પ્રાણી મૂર્ખાઇને અંગે તેનો ત્યાગ કરી દે[તો] નથી તો પછી પરિણામે તેનો પોતાનોજ ક્ષય થાય છે એ બાબત[માં] જરા પણ શંકા જેવું નથી; તેટલા માટે બુદ્ધિમાન પ્રાણીએ જે વસ્[તુ] એક વાર ગ્રહણ કરી હોય અને પછી તે તજવા યોગ્ય છે એ[મ] માલુમ પડ્યું હોય તો તેણે તેના ત્યાગનો અવસર શોધ્યા કરવ[ો] એમાં સમજુ માણસની સમજણ રહેલી છે. ”

કર્મવિલાસનો નિર્ણય.

બાળનો વિલાસ—વૃથા ઉપદેશ.

મનીષીની સલાહને અંગે વિચારણા

કર્મવિલાસ રાજાએ પોતાની બન્ને રાણીઓ (શુભસુંદરી અ[ને] અકુશળમાળા) પાસેથી તે સર્વ હકીકત સાંભળી ત્યારે તે પોતા[ના] મનમાં મનીષી ઉપર પ્રસન્ન થયો અને બાળ ઉપર ગુસ્સે થયો.


હવે ત્યાર પછી બાળે તો કોમળ શય્યાઓ પર આરામ કરવ[ા] સુંદર સ્ત્રીઓ સાથે સ્પર્શેંદ્રિય સંબંધી સુખો ભોગવવા વિગેરે વિ[ષ]ય તે તે બાબતો સ્પર્શનના પ્રદેશની હતી તે સર્વ વધારે વધારે આસ[ક્ત] થઇને બહુ બહુ પ્રકારે સેવવા માંડી અને રાત દિવસ તે જ કામ[માં] આસક્ત રહેવા લાગ્યો, રાજકુમારને યોગ્ય બીજા સર્વે વ્યાપારો છો[ડી] દીધા. તે એટલે સુધી કે પોતાના દેવ અને ગુરુને પગે લાગવાનો દ[ર]રોજનો નિયમ હતો તે પણ છોડી દીધો. અભ્યાસ કરવાનો નિય[મ] પણ છોડી દીધો, કુળમર્યાદા ઓળંગવા માંડી, જનવરને યોગ્ય પશ[ુ] ધર્મનો સ્વીકાર કર્યો, આવા વર્તનને લઇને લોકો તેની નિંદા કરવ[ા] લાગ્યા તે બાબતની દરકાર પણ તેણે છોડી દીધી. પોતાના કુળ[ને] કલંક લાગે તેવું કોઇ કાર્ય કરવું ન જોઇએ એવો અત્યાર સુધી વિચા[ર] રહેલો હતો તે વિચાર પણ છોડી દીધો. પોતે બીજા પ્રાણીઓને દુ[ઃખ] વાળું—દુઃખ અનેકોનું કારણ થતો હતો તે વાત તેના જાણવામાં પ[ણ] આવી નહિ. પોતાના હિત કરનાર પક્ષ તરફ પણ તેણે તિરસ્કાર [illegible] [illegible] ને કોઇ સારો ઉપદેશ આપે તો તે ગ્રહણ કરવાનું પ[ણ] છોડી દીધું. [illegible] કોમળ આસન [illegible] [illegible] [illegible]

૧ [illegible]
[illegible]

ભોગનું પરિણામ શું થશે તે વિચાર્યા વગર આસક્તિ રાખીને તેમાં પ્રવર્ત્યા કરતો હતો. આવું તેનું ગાઢ આસક્તિવાળું વર્તન જોઇને મની-ષીને તેના ઉપર કરૂણા આવી જતી ત્યારે વળી કોઇ કોઇ વાર તે સ્પર્શનની મૂળ શુદ્ધિ કેવા પ્રકારની હતી તે સંબંધી પોતે (મનીષીએ) ચલાવેલી શોધખોળની સર્વ વાત તેની પાસે નિવેદન કરતો અને પાછો વધારામાં કહેતો કે "ભાઇ બાળ! એ સ્પર્શન મોટો ઠુંટારો છે, જરા પણ વિશ્વાસ કરવા યોગ્ય નથી, એ ખરેખરો મોટો દુશ્મન છે." આવી હકીકત તે બાળની પાસે કહેતો અને તેને સ્પ-ર્શન વિરૂદ્ધ ઉશ્કેરતો ત્યારે બાળ જવાબમાં કહેતો કે "ભાઇ મનીષી! આવી નહીં અનુભવેલી બાબતના સંબંધમાં વાત કરવાનો અર્થ શો? જે મારો પરમ મિત્ર છે, અનંત સુખસાગરમાં અવગાહન કરાવવામાં હેતુભૂત છે, તેને તું મારો પરમ શત્રુ-મોટો દુશ્મન કહે છે એ કેવી વાત!" આવા વિચિત્ર જવાબો સાંભળી મનીષી પોતાના મનમાં વિચાર કરતો કે ખરેખર, આ બાળ મૂર્ખજ જણાય છે! એને અટ-કાવવાનું કામ હાલતો તદ્દન અશક્ય લાગે છે તેથી તેને રોકવો નકામો છે; માટે હાલ તો મારી જાતને બચાવી લેવાનો યત્ન કરવો એજ શ્રેયસ્કર છે. નીતિશાસ્ત્રમાં પણ કહ્યુ છે કે કોઇ મૂર્ખ માણસ અકાર્ય કરવા તૈયાર થયો હોય ત્યારે તેને તેમ કરતો અટકાવવા માટે જે મહેનત લઇને કહેવામાં આવે છે તે વાણીનો વિસ્તાર [1]રાખના ઢગલામાં ઘીની આહુતિ પેઠે નકામો થાય છે. એવા મૂર્ખને હજારો ઉપદેશ આપવામાં આવે તો પણ તે અકાર્ય કરવાથી કદિ પાછો હઠતોજ નથી. રાહુને ગમે તેટલાં વાકયો કહેવામાં આવે તો પણ ચંદ્રને ગળી જવાના કામથી તેને કોઈ વારી શકતું જ નથી. દુર્વિનીત પ્રાણીઓ (હલકા માણસો) જ્યારે અકાર્ય કરવામાં તત્પર થયા હોય ત્યારે સમજુ પ્રાણીએ તેવા પ્રાણીને વારવા નહિ, પણ તેઓનો તિરસ્કાર કરવો. આવી રીતે પોતાના મનમાં વિચાર કરીને બાળને સ્પર્શનના સંબંધમાં શિક્ષણ આપવાની કે કહેવાની જે પદ્ધતિ મનીષીએ સ્વીકારી હતી તે છોડી દીધી અને (મનીષી) મૌન ધારણ કરીને બેસી રહ્યો.

---

૧ રાખના ઢગલામાં ઘી ગમે તેટલું નાખવામાં આવે તો તેથી કોઇ પણ પ્રકારનો લાભ થતો નથી, ઘી જાય છે અને મહેનત નકામી થાય છે; તેમ મૂર્ખને આપેલો ઉપદેશ નકામો થાય છે અને મહેનત પણ માથે પડે છે.



પ્રકરણ ૬ ઠું.

મધ્યમબુદ્ધિ.

મિથુનદ્વય—અંતરકથા.



હવે[1] એજ કર્મવિલાસ રાજાને ઉપર જણાવેલી શુભસુંદરી અને અકુશળમાળા ઉપરાંત એક ત્રીજી સામાન્યરૂપા નામની રાણી હતી. એ રાણીથી રાજાને મધ્યમબુદ્ધિ નામનો પુત્ર થયો હતો. આ મધ્યમબુદ્ધિ ઉપર બાળ અને મનીષીનો બહુ પ્રેમ હતો અને તેની સાથે બન્નેએ ઘણા કાળ સુધી ક્રીડા કરી હતી. કાંઇ રાજ્યસંબંધી કામકાજ હોવાને લીધે મહારાજાના હુકમથી તે દેશાવર ગયો હતો તે હમણા ક્ષિતિપ્રતિષ્ઠિત નગરે આવી પહોંચ્યો.

સામાન્યરૂપાનો મધ્યમબુદ્ધિ.

તેણે આવીને તુરતજ બાળ અને મનીષીને સ્પર્શનની સાથે જોયા. તે બન્નેને ભેટ્યો અને સ્પર્શનને મળ્યો. પછી મધ્યમબુદ્ધિને જરા કૌતુક થયું તેથી પોતાનું મ્હોઢું બાળના કાન સુધી લંબાવીને તેને ખાનગી રીતે પૂછ્યું "અરે ભાઇ! આ નવો માણસ કોણ છે?" બાળે જવાબમાં કહ્યું "બંધુ! એ તો ન કલ્પી શકાય તેવા પ્રભાવવાળો સ્પર્શન નામનો આપણો મિત્ર છે." મધ્યમબુદ્ધિએ તેનું વિશેષ સ્વરૂપ પૂછવાથી બાળે સ્પર્શન

---

૧ વાંચનારને યાદ આપવાની જરૂર નથી કે વિદુર આ સર્વ વાર્તા નંદિવર્ધનકુમાર પાસે કહે છે. વિદુરે જે કથા કહેવા માંડી હતી તેમાં કર્મવિલાસ રાજાના બે પુત્રો બાળ અને મનીષીની વાત અત્યાર સુધીમાં આવી છે. એ ઉપરાંત હવે કર્મવિલાસ રાજાનો ત્રીજો પુત્ર હિસાબમાં આવે છે. આ સર્વ હકીકત અગૃહીતસંકેતા પાસે તેમ ભવ્યપુરુષ, સદાગમ સમક્ષ કહે છે.

મનીષી શુભસુંદરીનો પુત્ર છે તે શુભ વિપાકથી થયેલ ઉત્કૃષ્ટ બુદ્ધિ બતાવે છે. બાળ અકુશળમાળાનો પુત્ર છે તે અશુભ વિપાકથી થયેલ અધમ કર્મ-સંસાર-બુદ્ધિને બતાવે છે. મધ્યમબુદ્ધિ—આવું પ્રભાવવાળો મધ્યમ બુદ્ધિને બતાવે છે. [illegible]

સંબંધી સર્વ હકીકત જણાવી દીધી, જે સાંભળીને મધ્યમબુદ્ધિને સ્પર્શન ઉપર ઘણો રાગ થયો. પછી બાળના કહેવાથી સ્પર્શને પોતાની શક્તિ મધ્યમબુદ્ધિ ઉપર પણ ચલાવવા માંડી. સ્પર્શને પોતાનું માહાત્મ્ય તેને બતાવવા માટે યોગશક્તિનો પ્રયોગ કર્યો, પોતે અંતર્ધાન થઇ ગયો, મધ્યમબુદ્ધિના શરીરમાં દાખલ થયો, તેને મોટું આશ્ચર્ય ઉત્પન્ન થાય તેમ કર્યું, તેનામાં કોમળ સ્પર્શ પ્રાપ્ત કરવાની ઇચ્છા જાગૃત કરી, તેની પાસે સુંદર કોમળ શય્યા, લલિત લલનાઓ વિગેરે સાથે સ્પર્શનો આનંદ કરાવ્યો અને તેમ કરીને મધ્યમબુદ્ધિના મનમાં પોતાની ઉપર પ્રેમ ઉત્પન્ન કર્યો. મધ્યમબુદ્ધિ આવો તેના યોગનો પ્રયોગ જોઇ-અનુભવી રાજી રાજી થઇ ગયો. આ પ્રમાણે પોતાનું સામર્થ્ય બતાવીને અંતર્ધાન થઇ ગયેલ સ્પર્શન પાછો પ્રગટ થયો અને પોતાનો પ્રયાસ સફળ થયો છે કે નહિ? એવો મધ્યમબુદ્ધિને સવાલ કર્યો. એ સવાલનો જવાબ આપતાં મધ્યમબુદ્ધિએ તેનો આભાર માન્યો. સ્પર્શને પણ પોતાના મનમાં વિચાર કર્યો કે ઠીક૨ નહિ! આ ભાઇ સાહેબ પણ મારા સપાટામાં આવી ગયાછે!

મધ્યમબુદ્ધિને સંશય, મનીષીની ચેતવણી.

આ સર્વે બનાવ પ્રત્યક્ષ બનતો જોઇને મનીષી પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે અહો! પાપી સ્પર્શને તો આ મધ્યમબુદ્ધિને પણ લગભગ પોતાને વશ કરી લીધો; પણ એ બાપડો તદ્દન અજાણ્યો છે અને જરૂર સ્પર્શનથી છેતરાઇ ગયો જણાય છે તેથી જો હજુ પણ તે ઉપદેશ ગ્રહણ કરે તો તેને ખરી હકીકત સમજાવું-આ પ્રમાણે વિચારીને મનીષીએ મધ્યમબુદ્ધિને એકાંત પ્રદેશમાં લઇ જઇને ખાનગી રીતે કહ્યું "ભાઇ! આ સ્પર્શન સારો માણસ નથી, એને તો વિષયાભિલાષે લોકોને છેતરવા માટે અહીં મોકલેલો છે અને આખો વખત તે લોકોને છેતરવાનોજ ધંધો કર્યા કરે છે." મધ્યમબુદ્ધિએ આ સંબંધમાં વિસ્તારથી બધી હકીકત પૂછવાથી મનીષીએ સ્પર્શનની મૂળશુદ્ધિ સંબંધી સર્વ વાર્તા પ્રથમથી છેડે સુધી પોતે જે પ્રમાણે બોધ અને પ્રભાવ પાસેથી મેળવી હતી તે સર્વે કહી સંભળાવી. આ સર્વે હકીકત સાંભળીને મધ્યમબુદ્ધિએ પોતાના મનમાં વિચાર કર્યો કે સ્પર્શનનો મારા ઉપર આટલો બધો પ્રેમભાવ છે એ મેં અનુભવ્યું છે, વળી એની શક્તિ પણ અચિંત્ય છે અને એ સુખનો હેતુ પણ છે એ સર્વે મેં તાદૃશ જોઇ લીધું છે. બીજી બાજુએ જોઇએ તો આ મનીષી પણ કદિ અયોગ્ય વચન બોલે તેવો નથી. ત્યારે હવે

આમાં તત્ત્વ શું છે અને મારે શું કરવું યોગ્ય ગણાય? અથવા આ પ્રમાણે સંકલ્પ વિકલ્પ કરવાથી શો લાભ મળવાનો છે? માતાજી પાસે જઇને તેમનેજ સર્વ હકીકત પૂછવી એ વધારે ઠીક છે અને પછી તે જે પ્રમાણે હુકમ કરે તે પ્રમાણે આચરણા કરવી.[1]

માતાપાસે સવાલ;
સંશયમાં કાળક્ષેપ;
માતૃકથિત અંતરકથા.

આ પ્રમાણે વિચાર કરીને મધ્યમબુદ્ધિ પોતાની માતા સામાન્યરૂપા પાસે ગયો, તેને પગે પડ્યો; તેણીએ તેનાં ઓવારણાં લીધાં, મધ્યમબુદ્ધિ જમીન પર બેઠો, પછી તેણે બધી હકીકત પોતાની માતુશ્રીને કહી સંભળાવી. સર્વ હકીકત સાંભળી લીધા પછી સામાન્યરૂપાએ કહ્યું "વત્સ! હાલ તો તારે સ્પર્શન અને મનીષી બન્નેનાં વચનને અનુકૂળ રહીને વર્તવું જેથી તું મધ્યસ્થપણે રહીશ એટલે તને કોઇ પણ પ્રકારના ભયનું કારણ રહેશે નહિ. કાળાન્તરે પછી વધારે હકીકતની માહીતગારી તને મળે ત્યારે જે પક્ષ વધારે બળવાન્ છે એવું જણવામાં આવે તેને આદરવો અને જે ઓછો બળવાન્ જણાય તેને છોડી દેવો. વ્યવહારશાસ્ત્રમાં કહ્યું છે કે-એ જુદાં જુદાં કામોના સંબંધમાં જ્યારે મનમાં શંકા ઉત્પન્ન થાય ત્યારે હંમેશા કાળક્ષેપ કરવો તેના સંબંધમાં બે લોકોનું દૃષ્ટાન્ત ધ્યાનમાં રાખવું." મધ્યમબુદ્ધિએ તે બે લોકો કોણ હતાં તે પૂછવાથી સામાન્યરૂપાએ મિથુનદ્વયની વાત કહેવા માંડી.

* * * *

* * * * *

---

૧ જુદી જુદી બાબતમાં નિર્ણય કરવા આવી જવાની બાબત, મનીષી અને મધ્યમબુદ્ધિની પ્રકૃતિ [illegible]

મિથુનદ્વય અંતરકથા.

મુગ્ધ અને અકુટિલા

[1]એક તથાવિધ નામનું નગર છે. ત્યાં ઋજુ નામનો રાજા રાજ્ય કરે છે. તેને પ્રગુણા નામની રાણી છે. આ રાજા રાણીને કામદેવ જેવા રૂપ અને આકારવાળો મુગ્ધ નામનો પુત્ર છે અને એ રાજકુમારને રતિના જેવા લાવણ્યવાળી સુંદર અકુટિલા નામની સ્ત્રી છે. આ મુગ્ધકુમાર અને અકુટિલાને અરસ્પરસ બહુ પ્રેમ હતો. તેઓ દ્વિંદ્વના સુખો અનેક પ્રકારે ભોગવતાં વખત પસાર કરતા હતા. વસંત ઋતુના એક સુંદર પ્રભાતે મુગ્ધ કુમાર પોતાના મહેલની અગાશીમાં આનંદથી સૃષ્ટિસૌંદર્ય જોતો ઊભો હતો તે વખતે દૂરથી મનોહર, વિકાશ પામેલા અને વિધવિધ પ્રકારના પુષ્પો અને લીલોતરીથી છવાયલા બગીચાને જોઇને તેમાં (બગીચામાં) ક્રીડા કરવાની તેને ઇચ્છા થઇ, તેથી તે પોતાની સ્ત્રી અકુટિલાને કહેવા લાગ્યો "દેવિ! આજે આ બગીચાની શોભા તો કાંઇ ઓરજ જણાય છે, માટે ચાલો, આપણે ફુલો એકઠા કરવાને નિમિત્તે ત્યાં જઇને આનંદક્રીડા કરીએ." અકુટિલાએ જવાબ આપ્યો "જેવી પ્રાણેશની આજ્ઞા!" આવો વિચાર કરીને હીરાજડિત સુવર્ણની પુષ્પછાબડીઓ લઇને તેઓ બન્ને બગીચામાં ગયા અને ફુલ વીણવા લાગ્યા. ફુલ વીણતાં વીણતાં મુગ્ધ કુમાર બોલ્યો "વ્હાલી! જોઇએ કે આપણા બેમાં છાબડી પહેલ વહેલી ફુલોથી કોણ ભરી દે છે? તું બીજી દિશામાં જા! હું આ દિશામાં જાઉં છું." અકુટિલાએ તે વાત કબૂલ કરી. પુષ્પસંચય કરતાં કરતાં તેઓ એક બીજાથી બહુ દૂર નીકળી ગયાં અને વચ્ચે ઝાડી હોવાથી એક બીજાને દેખાતાં બંધ થઇ ગયાં.

કાળજ્ઞ અને વિચક્ષણા;
વ્યંતરે કરેલો ગોટાળો;
વિચક્ષણાનો ગોટાળામાં વધારો.

હવે તેજ વખતે તે પ્રદેશ ઉપર એક વ્યંતર જોડલું ફરતું ફરતું

---

૧ સામાન્યરૂપા પોતાના પુત્ર મધ્યમબુદ્ધિને વાત કહે છે. આ કથા કુમાર નંદિવર્ધન પાસે વિદુર કહી સંભળાવે છે તેના પેટામાં છે. આખી વાર્તા સંસારીજીવનો અનુભવ સદાગમ સમક્ષ ચાલે છે તેને અનુસંધે છે. આ વાર્તા પ્રકરણ ૭ માની આખરે પૂરી થાય છે.

આવી પહોંચ્યું. તેમાં જે પુરુષ હતો તેનું નામ કાળજ્ઞ હતું અને સ્ત્રી હતી તેનું નામ વિચક્ષણા હતું. તેઓ બન્ને આકાશમાં ફરતા હતા, તે વખતે બન્નેએ આ મનુષ્યજોડલાને બગીચામાં ફુલો વીણતાં જોયાં. કર્મનાં પરિણામ અચિંત્ય હોવાને લીધે, તે બન્ને મનુષ્યદંપતી અતિ સુંદર હોવાને લીધે, કામદેવ હમેશાં પરિણામનો વિચાર કર્યા વગર કામ કરતો હોવાને લીધે, વસંતનો સમય કામદેવને ઉદ્દીપન કરનાર હોવાને લીધે, તે પ્રદેશ ઘણો સુંદર રમણીય અને આકર્ષક હોવાને લીધે, વ્યંતર દેવોને રમત ગમત કરવાનો અને ટીખળ કરવાનો સ્વભાવ–શોખ હોવાને લીધે, ઇંદ્રિયો સ્વાભાવિક રીતે ચપળ હોવાને લીધે, વિષયાભિલાષને દૂર કરવો અતિ મુશ્કેલ હોવાને લીધે, મનોવૃત્તિ અતિ ચપળ હોવાને લીધે અને તે બનાવો તેજ પ્રકારે બનનારા હોવાને લીધે તે વ્યંતરદંપતીમાંથી કાળજ્ઞને અકુટિલા ઉપર તીવ્ર પ્રેમ થયો અને વિચક્ષણાને મુગ્ધકુમાર ઉપર બહુ રાગ થયો.

કાળજ્ઞની યુક્તિ.

હવે જો આ વાતની અરસપરસ ખબર પડે તો પંચાત થાય તેથી કાળજ્ઞ વ્યંતરે પોતાની સ્ત્રીથી એ હકીકત છુપાવવા માટે યુક્તિઓ કરવા માંડી અને તેમ કરતાં વિચક્ષણાને કહ્યું "દેવિ! તમે આગળ ચાલો! પ્રભુભક્તિ માટે થોડાં પુષ્પો આ રાજબગીચામાંથી વીણીને હું તમારી પાછળ આવું છું." વિચક્ષણાનું મન તે વખતે મુગ્ધકુમારે હરણ કર્યું હતું તેથી તે પણ ચુપચાપ મૌનપણે આગળ ચાલી. કાળજ્ઞ વ્યંતર અકુટિલા બગીચામાં પુષ્પ વીણતી હતી તે દિશા તરફ ચાલ્યો અને ખૂબ ઝાડીવાળા પ્રદેશમાં નીચે ઉતર્યો તેથી વિચક્ષણા વ્યંતરીને દેખાતો બંધ થઇ ગયો. પછી કાળજ્ઞ વ્યંતરે વિચાર કર્યો કે અરે! આ મનુષ્યદંપતી શા માટે એક બીજાથી દૂર ફર્યા કરે છે અને એક બીજાથી વધારે વધારે દૂર શા માટે જતા જાય છે એ સંબંધી તપાસ કરવી જોઇએ. પછી તે વ્યંતરે [1]વિભંગજ્ઞાનનો ઉપયોગ મૂક્યો તેથી તેઓ એક બીજાથી દૂર શા માટે વિચરે છે તેનું કારણ તેના જાણવામાં આવી ગયું. હવે અકુટિલાને પોતાને વશ કરવાનો ઉપાય તેણે પોતાના મનમાં તુરતજ વિચારી લીધો અને પોતે (કાળજ્ઞવ્યંતરે) મુગ્ધકુમારનું વૈક્રિય રૂપ ધારણ કરી લીધું, હાથમાં સોનાની

[1] વિભંગજ્ઞાનઃ અવધિજ્ઞાનથી દૂરની વસ્તુનું જ્ઞાન થાય છે. અજ્ઞાન કર્માથી વિપરીત જ્ઞાન જેને હોય તેને વિભંગજ્ઞાન કહેવામાં આવે છે. મિથ્યાત્વી દેવોને અને મનુષ્યોને એ જ્ઞાન હોય છે.

છાબડી બનાવીને લઇ લીધી, તેને ફુલથી ભરી દીધી, પોતે અકુટિલા તરફ ગયો અને એકદમ બોલ્યો "પ્રિયા ! મેં તારા ઉપર જીત મેળવી છે ! તું હારી ગઇ ! હારી ગઇ !" 'અહો ! આર્યપુત્ર તો બહુ જલદી આવી પહોંચ્યા અને મને આટલી ઉતાવળથી જીતી પણ લીધી' એવા વિચારથી અકુટિલા જરા ઝાંખી પડી ગઇ. તેની તે અવસ્થા જોઇ કાળજ્ઞવ્યંતર જેણે મુગ્ધકુમારનું રૂપ લીધું હતું તે બોલ્યો "પ્રિયા ! દીલગીર થવાની જરૂર નથી. આ તો સાધારણ બાબત છે. હવે આપણે ઘણાં પુષ્પો એકઠાં કરી લીધાં છે તેથી ચાલો ! આપણે આ બાજુના કેળના ગૃહમાં જઇએ. વહાલી ! જો, એ કેળનું ઘર કેવું સુંદર છે ! એ આખા બગીચાના આભૂષણ જેવું છે." ભોળી અકુટિલા બાપડી કાંઇ વિશેષ હકીકત જાણતી ન હોવાને લીધે ખરી હકીકતના અજાણપણામાં તેણે સર્વ વાત સ્વીકારી લીધી. ત્યાંથી મુગ્ધકુમારનું રૂપ ધારણ કરનાર કાળજ્ઞ વ્યંતર અને અકુટિલા કેળના ગૃહમાં ગયા અને ત્યાં પાંદડાંઓની સુંદર પથારી બનાવી તેપર આરામ કર્યો.

વિચક્ષણાનું રૂપ.

હવે આ બાજુએ વિચક્ષણા વ્યંતરીએ આકાશમાં રહીને વિચાર કર્યો કે કાળજ્ઞ વ્યંતર (પોતાનો પતિ) હજુ પૃથ્વી પર ફરે છે, તે પાછો ન આવે અને પેલી મનુષ્યસ્ત્રી દૂર રહે તેટલા વખતમાં પેલા રતિરહિત થયેલા કામદેવના આકારને ધારણ કરનાર તરણ પુરુષને (મુગ્ધ કુમારને) મનાવી સમજાવી માન આપી જન્મની સફળતા કરૂં ! એ મનુષ્યદંપતી (મુગ્ધ અને અકુટિલા) એક બીજાથી દૂર શા માટે રહ્યા છે તેનું કારણ તે વ્યંતરીએ વિભંગજ્ઞાનથી જોઇ લીધું અને તુરતજ પોતે અકુટિલાનું વૈક્રિય રૂપ ધારણ કરી હાથમાં સુવર્ણની છાબડી ફુલથી ભરેલી લઇને મુગ્ધ કુમારની પાસે ગઇ અને મોટેથી હસીને બોલવા લાગી "આર્યપુત્ર ! તમને જીતી છું, જીતી છું, તમે હારી ગયા !" કુમાર જરા સંભ્રમમાં પડીને તેના સામું જોઇ રહ્યો અને પછી બોલ્યો "વ્હાલી ! ખરેખર, આજ તો તેં મને જીત્યો ! બોલ, ત્યારે હવે શું કરશું ?" વિચક્ષણા વ્યંતરી જેણે અકુટિલાનું રૂપ લીધું હતું તે બોલી "જે હું કહું તે આજ તો તમારે કરવું પડશે." કુમારે કહ્યું કે "તે શું છે તે તો મને જણાવ." વિચક્ષણાએ જવાબમાં કહ્યું "ચાલો ! આપણે લતામંડપમાં-કેળના ગ્રહમાં જઇએ અને ત્યાં જઇને બગીચાની સુંદર વનરાજી ખીલી છે તેનો આનંદઉપભોગ મજાથી કરીએ."

મુગ્ધકુમારે એ વાત કબૂલ કરી અને જે કદળીલતામાં કાળજ્ઞ-વ્યંતર અને અકુટિલા ગયાં હતાં તેજ મંડપમાં આ બન્ને પણ દાખલ થયાં. ત્યાં તેઓએ એક જોડલાને જોયું. વધારે વધારે ધારી ધારીને જોતાં તેઓ વધારે આશ્ચર્ય પામતાં પામતાં એક બીજાને વધારે દીર્ઘ [illegible] લાગ્યા. એમાં તલના ત્રીજા ભાગ જેટલો પણ તફાવત [illegible] જોડકામાં અને બીજા જોડકામાં તેઓને જણાયો નહિ; ગમે તે [illegible] મુગ્ધકુમારને તો એક સરખાજ લાગે. હવે ખરેખરો મુગ્ધ-કુમારે [illegible] વિચાર કર્યો—અહો! ભગવતી વનદેવતાના પ્રભાવથી [illegible] હું અને મારી રાણી બન્ને બેવડા થઇ ગયા! એ તો અમારો [illegible]! અહો ભાગ્ય! જઇને પિતાશ્રીને પણ આ [illegible] આપીએ! તેણે પોતાની સાથેના બાકીના [illegible] કે આપણે આ હકીકત પિતાજીને જણાવીએ. [illegible] (મુગ્ધ અને અકુટિલા તથા [illegible] કાળજ્ઞ અને વિચક્ષણા) સહુ રાજા પાસે [illegible].

ઋજુ રાજા તો તે સર્વને જોઇને બહુ આશ્ચર્ય પામ્યો તેમજ પ્રગુણા રાણી અને બીજા રાજ્યાધિકારીઓ પણ ઘણી નવાઇ પામ્યા. તેઓએ મુગ્ધ કુમારને પૂછ્યું કે 'ભાઇ! આ તે શું છે કે તું અમને [illegible] તો બધો!'

મુગ્ધ કુમાર—'પિતાજી! એ તો વનદેવતાનો પ્રભાવ છે.'

ઋજુ રાજા—'તે કેવી રીતે?'

મુગ્ધ કુમારે સર્વ હકીકત કહી સંભળાવી. એ હકીકત સાંભળીને [illegible]

નાચો અને લહેર કરો !' પ્રગુણા રાણી પણ રાજાને અનુસરીને આનંદ મંગળના વાજિંત્રો વગાડીને કાનને પણ બહેરા કરી નાખવા લાગી અને ઊંચા હાથ કરીને નાચવા લાગી અને પોતે હતી તેથી બેવડી થઇ ગઇ છે એવા વિચારથી બહુ આનંદ પામી. અંતઃપુરની સર્વે સ્ત્રીઓએ પણ નાચવા માંડ્યું. આખું નગર રાજી રાજી થઇ ગયું અને સર્વત્ર આનંદ આનંદ પસરી રહ્યો.

કાળજ્ઞને શંકા અને વિચારણા.
પોતાના વર્તનપર વિચાર અને ચુપકીદી.
વિચક્ષણાએ લીધેલો તેવોજ માર્ગ.

વ્યંતર જાતિના દેવતાઓને રમત ગમત અને ખાસ કરીને ટીખળ બહુ પ્રિય હોય છે તેથી કાળજ્ઞ વ્યંતર આ બધી લીલા જોઇને બહુ રાજી થયો. માત્ર તેના મનમાં એક વિચાર આવ્યાં કરતો હતો કે આ બીજી સ્ત્રી કોણ આવી છે? એ સંબંધમાં તેણે પોતાના વિભંગજ્ઞાનનો ઉપયોગ મૂક્યો ત્યારે તેને જણાયું કે એ તો પોતાની જ સ્ત્રી વિચક્ષણા છે! એ હકીકત તેને જણાતાં મનમાં ક્રોધ ભરાયો અને વિચાર થયો કે એ તો વ્યન્તર જાતિના દેવોની સ્ત્રી છે તેથી તેને તો મારી શકાશે નહિ પણ આ દુરાચારી પુરુષને (સાચા મુગ્ધ કુમારને) મારી નાખું. વળી તે વિચક્ષણાને મારી નાખી શકાશે તો નહિ પણ તેને એવી સખ્ત પીડા કરૂં કે તે હવે પછી પારકા પુરુષની ગંધ લેવાનો કદિ વિચાર પણ કરે નહિ. આવો કાળજ્ઞ વ્યંતરે પોતાના મનમાં નિશ્ચય કર્યો પણ તેજ વખતે વળી ભવિતવ્યતાની પ્રેરણા થવાથી તેના મનમાં વિચાર થયો કે મેં જે વિચાર કર્યો છે તે બરાબર નથી, હું પોતે પણ શુદ્ધ આચારવાળો નથી તો પછી વિચક્ષણાને મારે પીડા કરવી ન જોઇએ. જેવો તેનો દોષ છે તેવો જ મારો પણ એકસરખો દોષ છે. મુગ્ધકુમારને મારી નાખવો તે તો વળી કોઇ પણ રીતે યોગ્ય નથી, કારણ કે એને મારીશ તો આ બાબતમાં કાંઇ ગોટાળો છે એમ ધારીને અકુટિલા મને સેવશે નહિ અને વિચક્ષણા મારા ઉપર હમેશને માટે ખેદ રાખશે. ત્યારે હવે શું કરવું? મારી સ્ત્રીની ચપળવૃત્તિ જોઇ જ નથી એમ આંખ આડા કાન કરીને અકુટિલાને લઇને અહીંથી બીજે ચાલ્યો જાઉં? ના, પણ એમ કરવું તે પણ ઉચિત નથી, કારણ કે આ સર્વે સ્વાભાવિક હશે કે આમાં કાંઇ ગડ-

બડ હશે એવો જો અકુટિલાને વહેમ પડી જશે તો પછી તે પણ મને ભજશે નહિ-મારી સાથે આનંદ ભોગવશે નહિ અને તેના વગર અહીંથી ચાલ્યા જવું તે તો નકામું અને અનર્થ કરનારૂં થાય. તેટલા માટે બીજા કોઇની ઇર્ષ્યા-અદેખાઇ ન કરતાં અહીં રહેવું અને વખત કાઢવો એજ વાત વધારે ઠીક લાગે છે.'

વિલાસી વિચક્ષણા.

વિચક્ષણાએ પણ એવોજ વિચાર કર્યો કે અહો ! આતો મુગ્ધ કુમારનું રૂપ લઇને મારા પતિ કાળજ્ઞ વ્યંતર જ આવ્યા જણાય છે! એના સિવાય બીજો કોણ એવી રીતે અહીં આવે ? અરેરે ! એમનાં દેખતાં હું પરપુરુષની સાથે કેવી રીતે રહી શકું ? આવા વિચારથી વિચક્ષણાના મનમાં ઘણી શરમ આવી. વળી પોતાની દેખતાં પોતાનો પતિ અન્ય સ્ત્રી સાથે સંબંધ કરે છે તે જોઇને તેને ઇર્ષ્યા પણ ઘણી આવી. અહો ! આવા સંયોગોમાં અહીં રહેવું તે કેવી રીતે બની શકે એવો તેને ખ્યાલ આવવા માંડ્યો પણ હવે ત્યાંથી ચાલ્યા જવાથી પણ શું અર્થસિદ્ધિ થાય એવી તેના મનમાં ઘુંચ આવવા લાગી. હવે તો અહીં રહેવા સિવાય બીજો કાંઇ ઉપાય જ નથી એવો વિચાર કરીને બીજો કાંઇ રસ્તો ન સુજવાથી પોતાના મનને ગમે તેમ કરી ધીરજ દેતી તે પણ ત્યાંજ રહી ગઇ. હવે તે બન્નેએ (કાળજ્ઞે અને વિચક્ષણાએ) વૈક્રિય રૂપ બતાવવું બંધ કર્યું, (નવી વિક્રિયા બતાવવી બંધ કરી,) એક બીજા પર ઇર્ષા કરવી મૂકી દીધી, દેવતાની માયાથી મનુષ્યોનાં સર્વ ધર્મો બજાવવાનું જારી રાખ્યું અને દરેક બે બે આકારમાં દેખાતાં અને બેને ભોગવતાં કાળજ્ઞ અને વિચક્ષણા ત્યાં લાંબો વખત એજ સ્થિતિમાં રહ્યાં.[1]



૧ કાળજ્ઞ વખત જાણનાર છે. વિચક્ષણા ડાહી છે. કુમાર હજુ મુગ્ધ છે, રૂચિવંત થયો છે, પણ સંપૂર્ણ સન્મુખ થયો નથી, તેથી તેને વખતોવખત બેવડું રૂપ ધારણ કરવું પડે છે, સંસારના ભોગો ભોગવે છે અને વળી વખત આવતાં પ્રસંગ શોધી તેમાંથી નીકળી જવાની રાહ જુએ છે. કુમારની સ્ત્રી પણ કપટ વગરની-અકુટિલા છે. એ નાની વાર્તાનું રહસ્ય ખાસ વિચારીને લક્ષ્યમાં લેવા યોગ્ય છે. આ વાર્તામાં ઘણા ઊંડા ભાવો છે.



પ્રકરણ ૭ મું.

અંતરકથા ચાલુ–પ્રતિબોધકાચાર્ય.



વે તે તથાવિધ નગરની બહાર મોહવિલય નામનું ઉ-ધાન છે. ત્યાં અનેક સારા શિષ્યોના પરિવારથી પરવ-રેલા અને કેવળજ્ઞાનલક્ષ્મીના રાખુદ પ્રતિબોધક નામના આચાર્ય પધાર્યા. આવા મહાન્ આચાર્ય મહારાજ પધાર્યાના સમાચાર વનપાળે મહારાજા ઋજુરાજને કહ્યા. તેઓશ્રીને વંદન કરવાને માટે રાજા આખા નગરના લોકોને સાથે લઇને નગરની બહાર આવ્યો. આ આચાર્યશ્રીને માટે દેવતાઓએ એક સુંદર મોટું કમળ[1] બનાવ્યું હતું, તે કમળપર બેસીને આચાર્ય ભગવાન્ દેશના આપતા હતા. એ સ્થિતિ દૂરથી જોઇને શિલાતળ (જમીન) સુધી પોતાનું મસ્તક નમાવીને રાજા આચાર્યના ચરણ કમળમાં પડ્યો, બીજા સર્વે મુનિ મહારાજાઓને વંદન કર્યું, કર્મવૃક્ષને તોડી પાડવામાં તીક્ષ્ણ કુહાર જેવા [2]ધર્મલાભ રૂપ આશિર્વાદથી ભગવાન્ આચાર્ય મહારાજે રાજાને અભિનંદન કર્યું, તેમજ બીજા મુનિઓએ પણ તેને ધર્મલાભ આપ્યો. ઋજુ રાજા જમીનપર બેઠો. કાળજ્ઞ વ્યંતર વિગેરે સર્વે સાથે આવ્યા હતા તેઓ વંદન વિગેરેનો યોગ્ય વિનય કરીને પોતપોતાને યોગ્ય સ્થાને બેસી ગયા.

કેવળી માટે કમળરચના.

આચાર્ય મહારાજની દેશના.

વ્યંતરોના શરીરમાંથી નીકળેલી સ્ત્રી.

પશ્ચાત્તાપ અને સ્વરૂપ દર્શન.

---

૧ કમળરચના: તીર્થંકર માટે સમવસરણ દેવો બનાવે છે. કેટલાક સામાન્ય કેવળી માટે નાના પ્રકારની રચના કરે છે. કમળ: દેશના દેવા માટે કરેલી એક પ્રકારની રચના છે.

૨ ધર્મલાભ: વંદનના જવાબમાં 'ધર્મલાભ' આપવો એ જૈન મુનિનો આચાર છે. તેઓ સામે પ્રણામ કરતા નથી, બીજો આશીર્વાદ આપતા નથી, માત્ર સંસારથી પાર ઉતારનાર 'ધર્મ તમને મળો' એ સૂચવનાર ધર્મલાભ શબ્દ બોલે છે.

આચાર્ય મહારાજ દેશના આપવાનું કાર્ય કરી રહ્યા હતા. તેમણે હવે દેશનાનો વિષય આગળ ચલાવ્યો. તેઓએ દેશના દરમ્યાન સંસારની નિર્ગુણતા કેટલી બધી છે તે હકીકત ખાસ બતાવી, કર્મબંધન કરવાના ક્યા ક્યા [1]હેતુઓ છે તેનું વિસ્તારથી વર્ણન કર્યું, સંસારરૂપ બંદીખાનામાં પડી રહેવાની સ્થિતિની નિંદા કરી, મોક્ષમાર્ગના વખાણ કર્યા, મોક્ષ સુખમાં કેટલી વિશેષતા છે તે વધારે સ્પષ્ટ આકારમાં કહી સંભળાવી, વિષયસુખની લાલચમાં પડી રહેવાથી કેવી રીતે સંસારમાં પરિભ્રમણ થાય છે તે હકીકત પર ભાર મૂક્યો અને તેવા પ્રકારના સુખથી શિવસુખ પ્રાપ્ત કરવામાં વિઘ્ન કરનાર અનંત કાળપર્યંત રખડપટ્ટી કેવી રીતે થાય છે તે હકીકત બતાવી આપી.

ભગવાનની આવી વાણી સાંભળીને પેલા કાળજ્ઞ વ્યંતર અને વિચક્ષણા વ્યન્તરી ઉપર જે મોહરાજાનું જાળું પથરાઇ ગયું હતું તે ખસી ગયું, દૂર થઇ ગયું, તેઓ બન્નેમાં સમ્યગ્ દર્શનના પરિણામ જાગૃત થયા અને તેઓના મનમાં કર્મઇંધનને બાળી નાખવાને શક્તિવાન્ પ્રબળ પશ્ચાત્તાપ રૂપ અગ્નિ જાગૃત થયો, તેથી તેજ ક્ષણે તેઓ

કદરૂપી સ્ત્રી દૂર ખસી ગઇ.

પોતાના ખરાબ વર્તન માટે પશ્ચાત્તાપ કરવા લાગ્યા આ વખતે તેઓના શરીરમાંથી એક સ્ત્રી બહાર નીકળી આવી. તે સ્ત્રીનું શરીર એ વ્યન્તર અને વ્યન્તરીના શરીરમાંથી નીકળતાં લાલ અને કાળાં પરમાણુઓનું બનેલું જણાતું હતું, તે દેખાવમાં તદ્દન કદરૂપી લાગતી હતી અને વિવેકી પ્રાણીઓને બહુ ઉદ્વેગ કરાવે તેવી જણાતી હતી. તે સ્ત્રી બન્ને વ્યન્તરોના શરીરમાંથી બહાર નીકળ્યા પછી તુરતજ ભગવાનના શરીરનું તેજ સહન ન કરી શકવાથી પર્ષદા (સભા) ની બહાર ચાલી ગઇ અને અવળું મુખ રાખી સભાની બહાર દૂર પ્રદેશમાં જઇને જમીન ઉપર બેઠી.

અદ્ભુત સ્વરૂપે.

પેલા કાળજ્ઞ અને વિચક્ષણાનાં હૃદયતો પશ્ચાત્તાપથી એટલાં બધાં પાણી પાણી થઇ ગયાં કે તેઓની આંખોમાં પણ આંસુ આવી ગયાં અને તેઓ બન્ને એક સાથે ભગવાનના પગમાં પડ્યા. ત્યાર પછી કાળજ્ઞ વ્યન્તરે કહ્યું "ભગવન્! હું તો અધમમાં પણ મહા અધમ છું.

---

1 હેતુ: મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગપ્રવૃત્તિ એ ચારથીજ કર્મબંધન થાય છે. कीरइ जीएण हेउहिं, जेणं तो भन्नए कम्मं । બંધહેતુને પામીને જે બંધાય તે "કર્મ" કહેવાય છે.

પ્રભુ ! મેં મારી સ્ત્રીને પણ છેતરી અને પરસ્ત્રીની સાથે વિષયસેવન કર્યું, સરળ હૃદયવાળા મુગ્ધ કુમારને છેતર્યો, ઋજુ રાજા અને પ્રગુણા રાણીને ખોટા પુત્રનો મોહ ઉત્પન્ન કર્યો અને આ પ્રમાણે કરીને ખરી રીતે તો મારા પોતાના આત્માનેજ છેતર્યો ! પ્રભુ ! હું આવો પાપી છું, તો મારી શુદ્ધિ કેવી રીતે થશે તે હવે આપ મને કૃપા કરીને સમજાવો !"

વિચક્ષણા—"ભગવન્ ! મારી શુદ્ધિ પણ કેવી રીતે થશે તે મને જણાવવા કૃપા કરશો, કારણ કે મેં પાપીએ પણ એવાં અનેક કામો કર્યાં છે. એ સર્વે અત્ર નિવેદન કરવાની શી જરૂર છે ? આપશ્રીને દિવ્ય જ્ઞાન[1] છે તેથી આપ એ સર્વે હકીકત જાણી રહ્યા છો અને આપને તો તે સર્વે હકીકત પ્રત્યક્ષજ છે, તેથી મારે તે કહી બતાવવાની જરૂર નથી. પ્રભુ ! મારે શું કરવું તે પણ જણાવવા કૃપા કરશો."

આચાર્ય—"તમારે એ બાબતમાં ખેદ કરવાની જરૂર નથી. એમાં તમારો બન્નેનો કાંઇ દોષ નથી, તમારૂં અસલ સ્વરૂપ તદ્દન મેલ વગરનું છે."

કાળજ્ઞ-વિચક્ષણા—"ભગવન્ ! ત્યારે એ કોનો દોષ છે ?"

આચાર્ય—"આ તમારા શરીરમાંથી બહાર નીકળી પેલી દૂર જે સ્ત્રી બેઠી છે તેનો એ સર્વે દોષ છે."

કાળજ્ઞ-વિચક્ષણા—"ભગવન્ ! એ સ્ત્રીનું નામ શું છે ?"

આચાર્ય—"ભદ્ર ! એનું નામ ભોગતૃષ્ણા કહેવાય છે."

કાળજ્ઞ-વિચક્ષણા—"એવા પ્રકારના અનેક દોષોનું કારણ તે કેવી રીતે થાય છે તે અમને જણાવવા કૃપા કરો !"

આચાર્ય—"એ ભોગતૃષ્ણાનું સ્વરૂપ તમે સાંભળોઃ—

ભોગતૃષ્ણાનું સ્વરૂપ.

"જેવી રીતે રાત્રી અંધકારને ચોતરફ ફેલાવે છે તે પ્રમાણે એ "ભોગતૃષ્ણા રાગ વિગેરે દોષોના સમૂહને ચોતરફ ફેલાવે છે. એ "મહા નીચ કાર્યો કરનારી અને અયોગ્ય ચેષ્ટાઓ આચરનારી હોવાથી "તે જેના શરીરમાં દાખલ થાય છે તેને ન કરવા યોગ્ય કામો કર"વાની બુદ્ધિ એકદમ ઉત્પન્ન થાય છે. જેમ ઘાસ કે કાષ્ટથી અગ્નિ

---

૧ દિવ્યજ્ઞાનઃ કેવળજ્ઞાન-સર્વજ્ઞપણું. એથી અતીત, અનાગત અને વર્તમાન કાળના સર્વે ભાવો એક કાળે જાણી દેખી શકાય છે.

"કદિ ધરાતો નથી અને ગમે તેટલા જળથી પણ સમુદ્ર તૃપ્ત થતો
"નથી તેવી રીતે ગમે તેટલા ભોગો ભોગવવામાં આવે તોપણ
"તેથી એ તૃષ્ણા કદિ ધરાતી નથી. જે મૂર્ખ પ્રાણી એમ સમજે છે
"કે એને શબ્દ વિગેરે ઇંદ્રિયોનાં વિષયસુખોનું ભોજન આપીને શાંત
"રાખ્યા કરવી એ સારૂં છે અને તેટલા માટે જે તેને ભોગ આપ્યા
"કરે છે તે બાપડા પોતાને હાથેજ પાણીમાં કપૂરને નાખે છે.[1] જે
"પ્રાણીઓ મોહને વશ થઇને એ ભોગતૃષ્ણાને પોતાની વહાલી સ્ત્રી
"બનાવે છે તે મહા ભયંકર અને અંત વગરના સંસારસમુદ્રમાં
"રખડ્યા કરે છે. જે ઉત્તમ પ્રાણીઓ એ ભોગતૃષ્ણા (સ્ત્રી) ને
"દોષવાળી જાણીને પોતાના શરીરરૂપ ઘરમાંથી બહાર હાંકી મૂકે છે
"અને તેની સામે પોતાના મનનાં (ચિત્તનાં) દ્વાર બંધ કરી દે છે
"તે સર્વ પ્રકારના ઉપદ્રવોથી મુક્ત થઇને અને પોતાનાં સર્વ પાપો
"ધોઇ નાંખીને આત્માને નિર્મળ-મેલ વગરનો કરી મહા ઉત્તમ પ-
"દને પ્રાપ્ત કરે છે. જે સંત પુરૂષો-સજ્જન પુરૂષો આ ભોગતૃષ્ણાથી
"રહિત હોય છે તેઓ સ્વર્ગ મર્ત્ય અને પાતાળ લોકમાં સર્વ પ્રાણીને
"વંદન કરવા યોગ્ય ગણાય છે અને જે પ્રાણીઓ એ ભોગતૃષ્ણાને
"વશ પડી જાય છે તેઓ સાધુપુરૂષોની નિંદાને પાત્ર થાય છે. જે
"અધમ પ્રાણીઓ મોહને વશ પડી જઇને એ ભોગતૃષ્ણાને અનુકૂળ-
"પણે વર્તે છે, તેઓને એ સ્ત્રી પોતાની પ્રકૃતિ પ્રમાણે બહુ દુઃખ
"આપે છે અને જે ઉત્તમ પ્રાણીઓ એ સ્ત્રીથી પ્રતિકૂળપણે વર્તે છે,
"તેઓને પોતાના સ્વભાવથીજ એ સ્ત્રી સુખસમૂહ આપે છે. જ્યાં
"સુધી પ્રાણીનાં મનમાં એ પાપીષ્ટ ભોગતૃષ્ણા વર્તતી હોય છે, ત્યાં
"સુધી પ્રાણી મોક્ષ ઉપર દ્વેષ કરે છે અને સંસારને બહુ વહાલો
"માને છે. જ્યારે પુણ્યશાળી પ્રાણીઓને કોઇપણ પ્રકારે એ ભોગ-
"તૃષ્ણા નાશ પામી જાય છે-દૂર જાય છે ત્યારે આ આખો સંસાર
"તે પ્રાણીને ધૂમ જેવો નિઃસાર લાગે છે. જ્યાં સુધી એ ભોગતૃષ્ણા
"શરીરમાં હોય છે, ત્યાં સુધી પ્રાણી સ્ત્રીનાં અંગો (અવયવો) જે
"અશુચિના ઢગલા છે તેને ડોલરનું પુષ્પ, કમળ, ચંદ્રમા વિગેરે સાથે

---

૧ પાણીમાં કપૂર નાખવાથી તે તુરત ગળી જાય છે. મતલબ એવી છે કે ક-
પૂરની જેમ પ્રાણી પોતાનો નાશ પોતાને હાથેજ શોધે છે.

"સરખાવે છે,' અને તે અંગો જાણે ખરેખર ગોલક, કમળ કે ચંદ્ર જ છે "એમ અંતઃકરણપૂર્વક માને છે અને એ ભોગતૃષ્ણા જેવી મનમાંથી "નીકળી ગઇ, ખરી ગઇ કે પછી સ્વપ્નમાં પણ તે અંગોને માટે "ઇચ્છા કે વાચ્છના તેને રહેતી નથી. પુરુષપણું કે મનુષ્યપણું સરખું "હોવા છતાં કેટલાક પ્રાણીઓ શેઠ થાય છે અને અન્ય પ્રાણુ ખરા બીજાના "નોકર થઇને જીવન ગાળે છે અને ગમે તેવાં અધમ કામો કરે છે "તેનું કારણ એ ભોગતૃષ્ણા છે. જે મહાત્મા પુરુષોનાં શરીરમાંથી તે "ભોગતૃષ્ણા બહાર નીકળી જાય છે તેઓ કદાચ સ્થૂળ ધન વગરના "હોય-દુનિયાની નજરમાં નિર્ધનીઆ દેખાતા હોય તો પણ તે "ધીર વીર પુરુષો ઇંદ્રના પણ ઇંદ્ર છે એમ સમજવું, કારણ કે ભો- "ગની તૃષ્ણા જવા પછી એને કોઇની અપેક્ષા કે દરકાર રહેતી નથી. "કેટલાક તામસી અને કેટલાક રાજસી પરમાણુથી એ ભોગતૃષ્ણાનું "શરીર બનેલું છે એમ તંત્રશાસ્ત્ર[2] અને બીજા ગ્રંથોમાં પણ કહ્યું છે."[3]

શત્રુ જેવી ભોગતૃષ્ણા.

આચાર્ય મહારાજ સભાને ઉદ્દેશીને અને ખાસ કરીને કાળજ્ઞ વ્યન્તર અને વિચક્ષણા વ્યન્તરીને ઉદ્દેશીને કહેવા લાગ્યા કે "આ પ્રમાણે હોવાથી તે પાપી સ્ત્રી (ભોગતૃષ્ણા) તમારાં પાપકર્મોમાં તમને પ્રવર્તાવનારી નીવડી છે અને તમને અત્યાર સુધી જે અધમ ઇચ્છાઓ થઇ

---

૧ ભર્તૃહરિનો આ સંબંધમાં નીચેનો પ્રસિદ્ધ શ્લોક છે તે વિચારવો:-

स्तनौ मांसग्रन्थी कनककलशावित्युपमितौ,
मुखं श्लेष्मागारं तदपि च शशाङ्केन तुलितम् ।
स्रवन्मूत्रक्लिन्नं करिवरकरस्पर्धि जघनम्,
मुहुर्निन्द्यं रूपं कविजनविशेषैर्गुरुकृतम् ॥

સ્ત્રીનાં સ્તનો માંસના લોચા છે તેને કવિઓ સોનાના કળશો સાથે સરખાવે છે; કફથી ભરેલા મ્હોઢાને ચંદ્ર સાથે સરખાવે છે; સરતા મુતરથી ખરાબ થતી જાંઘને હાથીની સુંઢ સાથે સરખાવે છે; વારંવાર નિંદવાયોગ્ય રૂપને મોટા કવિઓએ વિના-કારણ મહત્તા આપી દીધી છે. કર્તાનો આવા પ્રકારનો આશય છે તે બતાવે છે કે જે કવિઓએ આવું રૂપ આપ્યું છે અને ઉપમાઓ કલ્પી છે તેઓ ભોગતૃષ્ણાને આધીન હતા.

૨ તંત્રશાસ્ત્ર: એમાં જારણ, મારણ મોહનને એક વિદ્યાનું રૂપ આપવામાં આવ્યું છે. એ તાંત્રિકશાસ્ત્ર વેદની એક શાખા છે. એ સંબંધી કાંઇક હકીકત આનંદઘનપદરત્નાવળી પૃષ્ઠ ૪૦૦-૪૦૧ માં મળશે. હાલમાં ઓન. જસ્ટીસ જૉન વુડરોફનું 'Is India Civilised?' નામનું પુસ્તક બહાર પડ્યું છે તેમાં પણ આ મત સંબંધી ઉલ્લેખ છે.

૩ રો. એ. સોસાયટી (બેંગાલ) વાળી ખાસ નવી આવૃત્તિનું પૃ. ૨૫૦ અહીંથી શરૂ થાય છે.

હતી તેનું કારણ એ દૂર બેઠેલી પાપી સ્ત્રી (ભોગતૃષ્ણા) જ છે. તમારો બન્નેનો એમાં કાંઇ દોષ નહોતો. તમે બન્ને તો સ્વરૂપથી તદ્દન નિર્મળ છો, પણ તમારામાં જે દોષો દેખાયા હતા અથવા દેખાય છે તેનું કારણ એ સ્ત્રી છે. આ જગ્યાએ રહી શકવાને તે અશક્ત હોવાથી તે બહાર જઇ દૂર ઊભી રહીને તમારી રાહ જુએ છે અને તમે મારી પાસેથી બહાર ક્યારે નીકળો તેની તપાસ રાખ્યા કરે છે.”

વિચક્ષણા અને કાળજ્ઞ—“ભગવન્! ત્યારે એ પાપી ભોગતૃષ્ણાથી અમારો હંમેશને માટે છુટકારો ક્યારે થશે?”

તૃષ્ણામોચનની ચાવીઓ.

આચાર્ય—“હાલ આ ભવમાં તો તમારો તેનાથી સર્વથા છુટ-“કારો થઇ શકશે નહિ, કારણ કે તમે એને હાલ સર્વથા છોડી શકો “એમ જણાતું નથી; પણ એને સંપૂર્ણપણે દળી નાખે એવું સમ્યગ્-“દર્શન રૂપ[1] મુદ્દગર આજે તમને પ્રાપ્ત થયું છે; એ સમ્યગ્દર્શનને “તમારે સદ્દગુરૂ સાથે વધારે વધારે સંબંધ રાખીને વારંવાર વધારે ને “વધારે જાગૃત કર્યા કરવું, એ ભોગતૃષ્ણાને અનુકૂળ થાય એવું કોઇ “પણ કામ તમારે બનતા સુધી કરવું નહિ, એના સંબંધમાં આવ-“વાથી મનમાં વિકાર કેવા પ્રકારના થાય છે તેને બરાબર ઓળખી “લેવા, એવા પ્રકારના વિકારના પ્રસંગ આવે કે તુરત તેનાથી ઉલટી “ભાવનાઓ નિરંતર મનમાં તૈયાર રાખી એ વિકારોની સામે થવું-“આ પ્રમાણે જો તમે વારંવાર કર્યા કરશો તો તે (ભોગતૃષ્ણા) “તમારા શરીરમાં રહેશે તોપણ પાતળી પડતી જશે અને તમને “જરા પણ હેરાનગતી કરી શકશે નહિ, ત્રાસ આપી શકશે નહિ “અને અગવડમાં ઉતારી શકશે નહિ. આગળ ભવાંતરમાં તમે એ “પ્રમાણે કરવાથી એ ભોગતૃષ્ણાનો સર્વથા ત્યાગ કરવાને જરૂર “શક્તિમાન્ થશો.”

કાળજ્ઞ વ્યંતર અને વિચક્ષણા વ્યંતરી આ હકીકત સાંભળીને બહુ રાજી થયાં અને ‘ પ્રભુ ! આપે અમારી ઉપર બહુ કૃપા કરી ’ એમ બોલતાં આચાર્ય ભગવાનના પગમાં પડ્યાં. હવે આ બનાવ જોઇને અને આચાર્ય મહારાજનાં વચન સાંભળીને ઋજુ રાજા, પ્રગુણા રાણી,

---

૧ સમ્યગ્દર્શનઃ શુદ્ધ દેવ ગુરુ ધર્મ ઉપર શ્રદ્ધા. એ સમ્યગ્ દર્શનથી ઉત્ક્રાન્તિ ધીમે ધીમે વધતી જાય છે અને ભોગતૃષ્ણાના સ્વરૂપનું જ્ઞાન થવાથી ધીમે ધીમે તેનો ત્યાગ થતાં છેવટે તેનાથી સર્વથા મોક્ષ થાય છે, તેથી એ દર્શનને મુદ્દગર કહેવામાં આવ્યું. ભોગતૃષ્ણાના ત્યાગનો ઉપાય આચાર્યશ્રી બતાવે છે તે ખાસ વિચારવા યોગ્ય છે.

મુગ્ધ કુમાર અને અકુલિતા-એ ચારેને મનમાં ઘણુ પશ્ચાત્તાપ થયો અને તેની સાથેજ સારા અધ્યવસાય તેઓના આત્મામાં ઉગી નીકળ્યા. મદનુ રાજા અને મદનુ રાણીએ પોતાના મનમાં વિચાર કર્યો કે પુત્ર અને પુત્રવધૂ જેવા મદ જયા કરેલા અમને પરિણામે અમે નકામી વિડંબના ઉભી કરી અને તેમ કરીને છોકરાને અને છોકરાની વહુને ઉલટે માર્ગે ચાલવા દીધા એ કામ આપણાથી બહુ ખોટું થઇ ગયું. મુગ્ધ કુમારે પોતાના મનમાં વિચાર કર્યો કે અરેરે! મેં પરસ્ત્રી સાથે રમણ કરીને મારા કુળને મોટું કલંક લગાડ્યું. અકુલિતાએ પોતાના મનમાં વિચાર કર્યો કે અરે! મારૂં શીલ ખંડન થઇ ગયું, મારાથી મોટું અકાર્ય થઇ ગયું. ચારેના મનમાં તેજ વખતે એવો વિચાર થયો કે આપણે આ સર્વ હકીકત બની છે તે ભગવાનને બરાબર જણાવી દઇએ. એ મહાત્મા આપણે સર્વએ જે પાપો કર્યા છે તેનાથી શુદ્ધ થવાનો કાંઇ રસ્તો કાઢી આપશે અને તેઓ જે ઉપાય બતાવશે તે આપણે બરાબર કરશું.

આર્જવ બાળક પ્રકરન.

અજ્ઞાન બાળકનું રૂપ.

પાપના માથાપર લાત.

આર્જવ-
પ્રકરન.

આવી રીતે રાજા, રાણી, કુમાર અને કુમારવધૂ વિચાર કરતા હતા તે વખતે 'હું તમારૂં રક્ષણ કરીશ, હું તમારૂં રક્ષણ કરીશ' એમ બોલતું એક બાળક જેનું શરીર આ ચારે રાજપુરૂષોનાં શરીરમાંથી નીકળતાં શુદ્ધ પરમાણુઓનું બનેલું દેખાતું હતું તે બહાર નીકળી આવ્યું; તે બાળકનો રંગ ધોળો હતો, તેની આસપાસ આજુબાજુ પ્રકાશ માલૂમ પડતો હતો, તેનો આકાર એટલો બધો સુંદર લાગતો હતો કે તેની સામે નજર કરવાથી આંખો ઠરતી હતી અને મન પ્રસન્ન થતું હતું. આ નાનું બાળક ભગવાનના મુખ સામું જોઇ સર્વેની આગળ આવીને ભગવાનની સામે બેસી ગયું. એ બાળકની પછવાડે એક બીજું બાળક બહાર નીકળ્યું તેનો વર્ણ કાળો હતો, આકાર બેડોળ હતો અને સામું જોવાથી ઉદ્વેગ થાય તેવું તે બાળક હતું. આ બીજા શ્યામ વર્ણના બાળકમાંથી તેના જેવાજ ખરાબ આકાર અને બેડોળ રૂપને ધારણ કરનાર પણ સ્વભાવમાં વળી આ બીજા બાળકથી પણ વધારે ખરાબ એક ત્રીજું બાળક બહાર નીકળતું જણાયું અને બહાર નીકળવાની સાથે એકદમ વધારે મોટું મોટું થવા લાગ્યું. એને

વધતું જોઈને પહેલું બાળક જે શ્વેત રંગનું હતું તેણે પોતાની મુઠ્ઠી જોરથી પેલા વધતા બાળકના માથાપર લગાવીને તેને વધતું અટકાવી દીધું અને તેને અસલ સ્વરૂપમાં-પ્રકૃતિમાં આણી દીધું. આ પ્રમાણે બન્યું એટલે પેલા બે કાળા વર્ણના બાળકો હતાં તે ભગવાનના સભાસ્થાનમાંથી બહાર નીકળી ગયા. આ પ્રમાણે ત્રણે બાળકોનું આશ્ચર્યજનક ચરિત્ર ચાલી રહ્યું છે તે વખતે આચાર્ય ભગવાને ઋજુરાજ વિગેરેને ઉદ્દેશીને કહ્યું "ભદ્રો! તમે સર્વ વિચાર કરો છો કે તમે પોતે વિપરીત આચરણ કર્યું-પણ તમારે તે સંબંધમાં દિલગીર થવાની જરૂર નથી, કારણ કે એમાં તમારો પોતાનો કાંઇ દોષ નથી, તમે સર્વે તો સ્વરૂપથી નિર્મળ છો."

ઋજુરાજાદિ—"સાહેબ! ત્યારે એમાં કોનો દોષ છે તે અમને સમજાવો."

આચાર્ય—"આ ધોળા વર્ણનું બાળક તમારા શરીરમાંથી બહાર નીકળ્યું ત્યાર પછી જે કાળા વર્ણનું બાળક બહાર નીકળ્યું તેનો એ સર્વ દોષ છે."

ઋજુરાજાદિ—"સાહેબ! એ બાળકનું નામ શું છે?"

આચાર્ય—"એનું નામ અજ્ઞાન છે."

ઋજુરાજાદિ—"એ અજ્ઞાન બાળકમાંથી વળી એક બીજું કાળું બાળક ઉત્પન્ન થયું અને તેને પેલા ધોળા બાળકે મુઠ્ઠી મારીને વધતું અટકાવી દીધું તે બાળકનું નામ શું છે તે અમને કૃપા કરીને કહો."

આચાર્ય—"એનું નામ પાપ કહેવાય છે."

ઋજુ રાજાદિ—"ત્યારે સાહેબ! પેલા ધોળા રંગના બાળકનું નામ શું તે પણ અમને જણાવવા કૃપા કરો."

આચાર્ય—"એનું નામ આર્જવ[1] કહેવાય છે."

ઋજુ રાજાદિ—"આ અજ્ઞાન બાળક કેવું છે? એ અજ્ઞાનમાંથી પાપ કેવી રીતે ઉત્પન્ન થયું? એને વધતાં જતાં આર્જવે કેવી રીતે અટકાવ્યું? એ સર્વ હકીકત અમે વિસ્તારથી સમજવા ઇચ્છા રાખીએ છીએ અને અમને તે જાણવાની ઘણી આતુરતા છે માટે આપ સાહેબ અમારા ઉપર કૃપા કરીને એ સર્વ હકીકત કહી સંભળાવો."

આચાર્ય—"એ [illegible] છે તે સાંભળો:—

1 આર્જવ. [illegible] વિસ્તારથી [illegible]

<u>અજ્ઞાન સ્વરૂપ.</u>

" આ તમારા શરીરમાંથી અજ્ઞાન બાળક બહાર નીકળી પણ તેજ
" સર્વ દોષોનું કારણ છે. એ જ્યાંસુધી શરીરમાં હોય છે ત્યાંસુધી પ્રાણીઓ
" કરવા યોગ્ય અને ન કરવા યોગ્ય કાર્યોનો તફાવત સમજી શકતા નથી
" તેમજ પોતાને ગમન કરવા યોગ્ય શું છે અને શું નથી (ગમ્યાગમ્ય[1])
" તે પણ સમજી શકતા નથી. એ અજ્ઞાન શરીરમાં હોય છે ત્યાંસુધી
" અમુક ખાવા યોગ્ય છે કે નહિ (ભક્ષ્યાભક્ષ્ય), અમુક પીવા યોગ્ય
" છે કે નહિ (પેયાપેય) તેને પ્રાણી સમજી શકતો નથી અને અંધ
" માણસો જેમ કુવામાં પડે તેમ કુમાર્ગમાં તેઓ ઝંપલાવે છે. એવી
" રીતે આંધળીઆ કરીને પ્રવર્તનાર પ્રાણી ભયંકર કઠોર કર્મો બાંધે છે
" અને બીજું કોઇ પણ જાતનું ભાતું લીધા વગર પરભવમાં જઇને
" પાર વગરની સંસાર અટવીમાં અનેક પ્રકારનાં દુઃખો ખમતાં ભમ્યા
" કરે છે, રખડ્યા કરે છે, ભટક્યા કરે છે. (પ્રાણી નાની મુસાફરીએ
" જાય છે ત્યારે પણ ભાતું સાથે લઇ જાય છે પણ આવી સંસાર-
" અટવી જેનો છેડો પણ જોયો નથી તેની અંદર મોટી મુસાફરી
" માટે જરા પણ ભાતું રાખતો નથી તેથી બહુ ત્રાસ પામે છે,
" હેરાન થાય છે, દુઃખી થાય છે.) રાગ દ્વેષ વિગેરેને પ્રવર્તાવનાર પણ
" એ અજ્ઞાન જ છે. ભોગતૃષ્ણા જેનું સ્વરૂપ મેં તમને હમણાજ
" કહી બતાવ્યું અને જે હમણાજ બહાર જઇને દૂર બેઠી છે તેને પણ
" જ્યારે જ્યારે પ્રાણી ઉપર પોતાની અસર કરવી હોય છે ત્યારે તેને
" અજ્ઞાનની મદદની અપેક્ષા રહે છે. જો અજ્ઞાન ન હોય તો ભોગ-
" તૃષ્ણા પાછી ચાલી જાય છે અને કદાચ પોતાનું જોર થોડો વખત
" બતાવે તો પણ તુરતજ પાછી રસ્તે પડી જાય છે, કારણ કે અજ્ઞાન
" વગર તેનું જોર ચાલી શકતું નથી. એ અજ્ઞાનનું જોર કેટલું છે તે
" જુઓ: આ આત્મા સ્વરૂપથી સર્વજ્ઞ છે એટલે સર્વ ભાવો જાણી
" શકે તેવો છે, સર્વદર્શી છે એટલે સર્વ ભાવોને દેખી શકે તેવો છે
" અને નિર્મળ છે એટલે તદ્દન કર્મમેલ વગરનો છે; તેવા આત્માને
" એ અજ્ઞાનનો સંબંધ થવાથી એ એટલો બધો વિરૂપ થઇ જાય છે
" કે એક પથ્થરથી તે કાંઇ વધારે સારો રહેતો નથી, પથ્થરમાં અને
" તેનામાં જાણે કાંઇ તફાવત ન જ હોય તેવો તે જડ થઇ જાય છે.

---

૧ ગમ્યાગમ્યઃ—પરસ્ત્રી અગમ્ય-નહીં ગમન કરવા યોગ્ય છે, સ્વસ્ત્રી સંસારીને અમુક કાળે ગમન કરવા યોગ્ય છે, ઇત્યાદિ.

" અશ્રદ્ધા અને ક્રોધ, માન, માયા અને લોભ—એ ચાર કષાય પાપનાં
" કારણો છે. મોક્ષ પ્રાપ્ત કરવાની ઇચ્છા રાખનારે એ હિંસાદિ પાંચ,
" અશ્રદ્ધાન અને ચાર કષાયોને આચરવા નહિ, એટલુંજ નહિ પણ
" પ્રયત્ન કરીને એના પ્રસંગોને દૂર રાખવા, તેમ કરવાથી પાપ બંધાશે
" નહિ અને પાપ નહિ બંધાય તો પછી દુઃખનો સંભવ રહેશે નહિ.
" તમને પણ અજ્ઞાનને લીધેજ પાપ પ્રાપ્ત થયું, તેથી સમજવું કે એ
" હિંસા વિગેરે સર્વ દોષોને પ્રવર્તાવનાર મૂળ કારણ તરીકે પેલું
" અજ્ઞાન જ છે.

આર્જવ સ્વરૂપ.

" એ વધતા જતા પાપને આર્જવે અટકાવી દીધું એમ અગાઉ
" તમારા જોવામાં આવ્યું હતું તે આર્જવનું સ્વરૂપ હવે તમે સાંભળોઃ-
" આર્જવ પ્રાણીઓના આશયને અત્યંત શુદ્ધ કરનાર હોવાથી તેઓનાં
" વધી જતાં પાપોને તે અટકાવી શકે છે. સર્વ પ્રાણીઓના સંબંધમાં
" આર્જવ એજ કામ કરે છે અને તમારા સંબંધમાં પણ તેણે પો-
" તાની રીતિપ્રમાણે પાપને જીતવાનું કાર્ય કરી બતાવ્યું છે. બાળકનું રૂપ
" ધારણ કરનાર અને પ્રકૃતિથી હસતાં મુખડાવાળું એ આર્જવ બા-
" ળક 'હું તમારૂં રક્ષણ કરીશ, હું તમારૂં રક્ષણ કરીશ' એમ નિરં-
" તર બોલ્યા કરે છે. જે ભાગ્યશાળી પ્રાણીઓના ચિત્તમાં એ આર્જવ
" વર્તતું હોય છે તેઓ કદાચ અજ્ઞાનથી પાપાચરણ કરે તો પણ તે
" બહુ થોડું પાપ બાંધે છે, કારણ એ આર્જવ પાપને વધવા દેતું
" નથી; વળી એવા પ્રાણીઓ જ્યારે શુદ્ધ માર્ગને જાણી જાય છે ત્યારે
" કર્મને કાપી નાખીને મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ કરે છે અને એવી રીતે
" શુભ મનવાળા થયેલા ભાગ્યશાળી પ્રાણીઓ આખા જીવન પર્યંત
" નિર્મળ આચાર પાળીને સંસારનો પાર પામી જાય છે.

ધર્માચરણ-કર્તવ્ય.

" તમે સર્વે ભદ્રક જીવો એ ભાવને પામ્યા છો અને આર્જવ
" શું છે તે બરાબર સમજી ગયા છો તેથી હવે તમારે સમ્યગ્ ધર્મનું
" સેવન કરવું અને અજ્ઞાન તેમજ પાપને ધોઇ નાખવાં. જે હકીકત
" હું હવે તમને બતાવું છું તે બરાબર ધ્યાન રાખીને સમજો. સમજુ
" વિદ્વાન માણસે વિચારવું કે આ સંસારમાં વિશુદ્ધ ધર્મ જ એક ખાસ
" આદરવા લાયક વસ્તુ છે, કારણ કે એ ધર્મ વગર બીજું જે કાંઇ
" છે તે સર્વે દુઃખનું કારણ છે. પોતાને વહાલાં હોય તેઓ
" સાથેનો સંયોગ અનિત્ય છે, તેમજ ઇર્ષ્યા અને શોકથી ભરપૂર છે;

"જુવાની અસ્થિર–ચપળ છે અને હોય તેટલો વખત પણ ખરાબ "આચરણોનું નિવાસસ્થાન છે; જે સંપત્તિ અનેક પ્રકારના ક્લેશો ક- "રીને ઉત્પન્ન કરી હોય છે તે અનિત્ય છે અને જે જીંદગી ઉપર સર્વે "ભાવોની ધારણા કરી રાખેલી હોય છે તે પોતે પણ અનિત્ય છે, "નિરંતર ટકી રહે તેવી નથીજ. એક વાર જન્મ થાય છે, વળી મૃત્યુ "થાય છે, વળી જન્મ થાય છે, પાછું વળી મરવું પડે છે એમ ચા- "લ્યાજ કરે છે, તેમાં વળી અધમ સ્થાનોનો અનેક પ્રસંગે આશ્રય "લેવો પડે છે–આવી રીતે સર્વ વારંવાર થયા કરે છે, તેથી અહીં "કોઇ પણ પ્રકારનું સ્થિર સુખ મળતું નથી. આ સંસારમાં સર્વ વ- "સ્તુઓ સ્વભાવથીજ અસુંદર (ખરાબ) છે, સારી નથી, માટે એમાં "ડાહ્યા–વિવેકી પ્રાણીએ કોઇપણ ધારણા બાંધવી એ યુક્ત લાગતું નથી. "આ જગતમાં જો કોઇ વસ્તુ આધાર બાંધવા લાયક હોય તો માત્ર "એક કલંક વગરનો અને આખા જગતને વંદન કરવા યોગ્ય ધર્મ જ છે, "કારણ કે તે ઉત્કૃષ્ટ અર્થને સાધનાર છે; આ પ્રમાણે હોવાથી સુજ્ઞ "ચારિત્રવાન્ પ્રાણીએ એ ધર્મને સેવવો યુક્ત છે અને તે સિવાય "બીજી કોઇ પણ વસ્તુ ઉપર આધાર રાખવો એ તદ્દન નકામું છે."

રાજા, રાણી, કુમાર અને વધૂપર અસર.

ઋજુ રાજાદિનો પ્રવ્રજ્યાનિર્ણય.

શુભાચારને રાજ્ય અને ચારેની દીક્ષા.

[1]આચાર્ય મહારાજનું આવું અમૃત જેવું ભાષણ સાંભળીને તે સર્વ પ્રાણીઓનું ચિત્ત સંસારવાસથી નિવૃત્ત થયું. **ઋજુ** રાજાએ કહ્યું "સાહેબ! આપ જે ફરમાવો તે કરવા હું તૈયાર છું." **પ્રગુણા** રાણીએ **ઋજુ** રાજા સામે નજર કરી કહ્યું "મહારાજ! હવે શા માટે જરા પણ વિલંબ કરવો જોઇએ?" **મુગ્ધ** કુમારે કહ્યું "પિતાજી! આપનું કથન યુક્ત છે. માતાજી! આપે કહી તે વાત પણ બરાબર છે.

---

૧ **પ્રબોધનરતિ** આચાર્ય મહારાજ આ પ્રમાણે ઉપદેશ **ઋજુ** રાજા, **પ્રગુણા** રાણી, **મુગ્ધ** કુમાર, **અકુટિલા**, **કાળજ્ઞ**, અને **વિચક્ષણા** સન્મુખ આપે છે. સંદેહ પડતી બાબતમાં કાળક્ષેપ કરવો અને તપાસ કરવી તે ઉપર આ સર્વ વાર્તા **મધ્યમબુદ્ધિ** પાસે તેની માતા **સામાન્યરૂપા** કહે છે-**સ્પર્શેંદ્રિય** કેવી રીતે કાર્ય કરે છે તે બતાવવા આ **બાળ** અને **મનીષી**નું દૃષ્ટાન્ત કુમાર **નંદિવર્ધન** સમક્ષ **વિદુર** કહે છે અને પોતાનો આખા સંસારચક્રનો અનુભવ બતાવતાં **સંસારીજીવ** આ સર્વ વાત **સદાગમ** સમક્ષ કહી બતાવે છે. વાર્તાના રસમાં આ હકીકત ચાલી ન જાય તેથી યાદ આપવાની આટલી જરૂર છે.

એવા પ્રકારનું અનુષ્ઠાન કરવું તે તદ્દન યોગ્ય છે અને આપણે કરવા યોગ્ય છીએ." અકુટિલાની આંખો આનંદથી ફુલી ગઇ તોપણ વડીલોની સમક્ષ લજ્જાને લઇને તે કાંઇ બોલી શકી નહિ અને તેઓ જે બોલ્યા તેને માટે ઇંગિતથી સંપૂર્ણ સંમતિ દર્શાવતી મર્યાદાને લઇને તે મૌન ધારણ કરી બેસી રહી. તે વખતે તેઓ ચારે ભગવાનના ચરણમાં પડ્યા. મુજુ રાજાએ કહ્યું "ભગવાને જેની આજ્ઞા કરી છે તે હવે અમને આપો." તેને જવાબમાં આચાર્ય ભગવાને કહ્યું "તમારા જેવા ભવ્ય પ્રાણીઓએ તેમ કરવું તે તદ્દન યોગ્ય છે." પછી મહારાજા મુજુ રાજાએ સારો દિવસ ક્યારે આવશે તે સંબંધી સવાલ કર્યો તેના જવાબમાં આચાર્ય મહારાજે જણાવ્યું કે આજનો જ દિવસ બહુ ઉત્તમ છે; એટલે રાજાએ ત્યાં રહ્યા રહ્યાજ મોટાં દાનો આપ્યાં, દેવનું પૂજન કર્યું, પોતાનો એક બીજો શુભાચાર નામનો પુત્ર હતો તેને રાજ્યગાદી ઉપર બેસાડ્યો અને પોતાની પ્રજાના સર્વ માણસોને બહુ સારી રીતે અનેક પ્રકારે આનંદ આપ્યો. હવે એ ચારે મનુષ્યો (મુજુ રાજા, પ્રગુણા રાણી, મુગ્ધ કુમાર અને અકુટિલા) પોતાને દીક્ષા લેવા યોગ્ય સર્વ કર્તવ્યકર્મ કરીને પ્રવ્રજ્યા લેવા માટે તૈયાર થયા, ગુરુ મહારાજે તેમને સદ્‌ભાવ આપ્યો અને એ ચારે જણાએ તેજ વખતે દીક્ષા લીધી. તેજ સમયે પેલા અજ્ઞાન અને પાપ બાળકો બહાર ઊભાં રહ્યાં હતાં તેઓ દૂર ભાગી ગયાં-નાસી ગયાં અને પેલું સીધું બાળક (આર્જવ) હતું એણે ચારેના શરીરમાં પ્રવેશ કર્યો.

કાળજ્ઞ વિચક્ષણાની આત્મવિચારણા.

ચારિત્રની અશક્તિ પણ સમ્યક્ત્વ પ્રાપ્તિ.

ભોગતૃષ્ણાનો સ્વીકાર પણ જોરનો અભાવ.

તે વખતે કાળજ્ઞ વ્યન્તર પોતાની સ્ત્રી વિચક્ષણા સાથે વિચાર કરે છે કે ખરેખર, આ ચારે મનુષ્યોને ધન્ય છે, તેઓનો અવતાર તો બરાબર સફળ થયો, તેઓ ખરેખરા પુણ્યશાળી જણાય છે, અને તેમ હોવાને લીધેજ તેઓ ભગવાનની બતાવેલી દીક્ષા લેવાને ઉદ્યમવંત થયા છે. આ સંસારસમુદ્ર તરવો ઘણો મુશ્કેલ છે પણ મારા માનવા પ્રમાણે તેઓ તો એ ભવસમુદ્રને તરી ગયા! સંસારસમુદ્રને પાર પહોંચાડવા માટે પ્રબળ કારણભૂત એ ચારિત્રરત્ન છે, પણ આપણે [1]દેવભાવને લીધે કમનસીબે તે રત્નથી બેનસીબ રહ્યા છીએ;

1 દેવતાઓ હંમેશા અવિરતિજ હોય છે, તેઓ ચારિત્ર લઇ શકતા નથી એટલુંજ નહિ પણ એક સામાન્ય પચ્ચખ્ખાણ-નિયમ પણ લઇ શકતા નથી.

છતાં આપણને પણ થોડો થોડો તો લાભ મળ્યો છે અને તે આ છેઃ અનંત ભવે પણ પ્રાપ્ત થવું મુશ્કેલ સમ્યક્ત્વરૂપ રત્ન જે મિથ્યાત્વના ચૂરેચૂરા કરી નાખે છે તે આજે પ્રાપ્ત થયું છે તેથી આપણે પણ કાંઇક અંશે ભાગ્યશાળી છીએ. **દરિદ્રી પ્રાણીને રત્નનો ઢગલો કદિ પ્રાપ્ત થતો નથી.** આ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરીને તેઓ બન્ને પણ સૂરિ મહારાજનાં ચરણમાં પડ્યા અને પછી તેમની આજ્ઞા લઇને પોતાના સ્થાનપર જવા માટે નીકળ્યા. તેઓ જેવા સભાસ્થાનમાંથી બહાર નીકળ્યા કે તુરતજ **ભોગતૃષ્ણા** જે બહાર તેઓની રાહ જોઇને ઊભી રહી હતી તે પાછી તેઓના શરીરમાં દાખલ થઇ ગઇ, પણ હવે આ વ્યન્તર અને વ્યન્તરીને શુદ્ધ સમ્યક્ત્વ થયું હતું તેના જોરથી એ (ભોગતૃષ્ણા) તેઓને ભવિષ્યમાં કોઇપણ પ્રકારની અડચણ કે અગવડ કરી શકે તેવી સ્થિતિમાં રહી નહોતી.

વ્યંતર વ્યંતરીનો ખુલાસો

હવે એક દિવસ **વિચક્ષણા** અને **કાળજ્ઞ** એકાંતમાં બેઠા હતા તે વખતે વિચક્ષણાએ પૂછ્યું "પ્રાણનાથ! જ્યારે તમે જોયું કે હું આપને છેતરતી હતી અને પરપુરૂષ સાથે વિચરતી હતી ત્યારે આપે આપના મનમાં મારે માટે શું વિચાર કર્યો હતો?" આ પ્રશ્નના જવાબમાં કાળજ્ઞને તે વખતે પોતાના મનમાં મુગ્ધને મારી નાખવાના અને છેવટે વખત કાઢવાના જે જે વિચાર અને નિર્ણયો થયા હતા તે સર્વ તેણે કહી સંભળાવ્યા. આવો વિચારશીળ જવાબ સાંભળી વિચક્ષણા બોલી "આર્યપુત્ર! આપનું નામ [1]કાળજ્ઞ છે તે તદ્દન યોગ્ય છે. તમે તમારા નામ પ્રમાણે વખત જાણનાર અને શોધનાર છો, એમાં જરા પણ શંકા જેવું નથી. તમે તે વખતે ઉતાવળા ન થઇ જતાં વખત કાઢ્યો તેથી તમે તમારૂં નામ સાર્થક કરી બતાવ્યું છે."

પછી કાળજ્ઞે વિચક્ષણાને પૂછ્યું "વ્હાલી! મને પરસ્ત્રી સાથે રમણ કરતો જોઇ તારા મનમાં શા શા વિચારો થયા હતા?" તેના જવાબમાં વિચક્ષણાને જે જે લાગણીઓ થઇ હતી તે સર્વ તેણે કહી બતાવી. ત્યારે કાળજ્ઞે કહ્યું "ખરેખર! તારા મનમાં ઇર્ષ્યા-અસૂયા થવા છતાં તેં વખત કાઢી નાખી ઉતાવળ ન કરી તેથી તારૂં વિચક્ષણા (ડાહી, સમજુ) નામ છે તે તેં સાર્થક કર્યું છે. વ્હાલી! જો આપણે કાળવિલંબ કર્યો તો ભોગો પણ ભોગવ્યાં, પ્રીતિ પણ બની રહી અને અકાળે આપણો વિરહ ન થયો, તેમજ છેવટે આપણને

---

1 કાલં જાનાતિ ઇતિ કાળજ્ઞઃ-સમયને જાણે તેને 'કાળજ્ઞ' કહેવામાં આવે છે.

ધર્મ પણ પ્રાપ્ત થયો અને ઋજુ રાજા વિગેરે ઉપર આપણે મોટો ઉપકાર કર્યો. તેટલા માટે આપણે જે કાળવિલંબ કર્યો તે આપણને તો બહુ સફળ થયો." વિચક્ષણાએ જવાબમાં કહ્યું "નાથ! એ બાબતમાં શું સંદેહ છે? વિચાર કરીને જે કાંઇ કરવામાં આવે છે તે સારૂંજ થાય છે."

પછી તે દંપતીને પરસ્પર બહુ સારી પ્રીતિ થઇ અને શુદ્ધ ધર્મપ્રાપ્તિથી આત્માને કૃતાર્થ માનતાં તેઓ આનંદથી રહેવા લાગ્યા...



કથાનો સાર-સામાન્યરૂપાનો ઉદ્દેશ.

[1]સામાન્યરૂપા મધ્યમબુદ્ધિને ઉપર પ્રમાણે મિથુનદ્વયનું દૃષ્ટાન્ત આપીને કહે છે "હે પુત્ર! મેં તને આ મિથુનદ્વયનું દૃષ્ટાન્ત આપ્યું તે ઉપરથી તારા સમજવામાં આવ્યું હશે કે જ્યારે કોઇ પણ બાબતમાં સંદેહ પડી જાય અથવા એક નિર્ણય પર આવવાનું બની શકે તેમ ન હોય ત્યારે સારો રસ્તો એ છે કે થોડો વખત કાઢી નાખવો અને હકીકત કઇ દિશામાં વલણ લે છે તે તપાસવું, જોવું, અવલોકવું અને પછી જે બાબત ગ્રહણ કરવાથી લાભ વધારે જણાતો હોય તે બાબત આદરવી." મધ્યમબુદ્ધિએ પોતાની માતાની આ આજ્ઞા માથા ઉપર ચઢાવી. હવે સ્પર્શન જે ભાવથી સર્વનો ખરેખરો દુશ્મન છે તેના ઉપર મધ્યમબુદ્ધિ મનીષીના કહેવાથી બહુ પ્રીતિ કરતો નથી અને વળી કોઇ વખત બાળના કહેવાથી તેના ઉપર જરા જરા સ્નેહ કરે છે તોપણ પોતે ચેતતો રહે છે. એવી રીતે મધ્યમબુદ્ધિ ત્યાગ અને સ્નેહ વચ્ચે હીંચોળા ખાતો વખત કાઢ્યા કરે છે.



---

૧ આ કથા પૃ. ૪૧૧ થી શરૂ થાય છે અને તે મધ્યમબુદ્ધિની માતા સામાન્યરૂપાના મ્હોમાં મૂકવામાં આવી છે. એમાં બહુ ઉંડો આશય છે અને તે ખાસ વિચારવા યોગ્ય છે. ઉપર ઉપરનો સાર તો સામાન્યરૂપાજ કહે છે પણ તેના અંતરમાં ઋજુ અને અકુટિલ મનુષ્યોની ભોળાશ, ખાલી દેખાવમાં ફસી ન જવાનો અને બીજે બહુ બોધ છે તે વારંવાર વાંચવાથી સ્ફુરી આવશે.



પ્રકરણ ૮ મું.

મદનકંદળી.



બાળે એક દિવસ પોતાની માતા અકુશળમાળાને તેની [1]યોગશક્તિ બતાવવા માટે આગ્રહ કર્યો તેના જવાબમાં તેણે પુત્રને પોતાની બરાબર સન્મુખ રહેવા કહ્યું અને જણાવ્યું કે પોતે હવે યોગશક્તિ બતાવે છે તે બાળકુમારે ધ્યાનમાં રાખવી. ત્યાર પછી અકુશળમાળાએ ધ્યાન કર્યું અને પ્રાણને અંદર રોકીને પછી બાળના શરીરમાં પેઠી. અકુશળમાળા બાળના શરીરમાં પેઠી એટલે સ્પર્શન પણ અતિ સ્નેહથી તેની સાથે ગાઢ પ્રેમમાં પડી ગયો અને તે પણ બાળના શરીરમાં દાખલ થયો. એ અકુશળમાળા અને સ્પર્શન બન્ને બાળના શરીરમાં દાખલ થઇને કોમળ સ્પર્શવાળી વસ્તુઓ પ્રાપ્ત કરવાની બાળને અભિલાષા ઉત્પન્ન કરાવીને તેને વારંવાર હેરાન કર્યા કરે છે અને તેને પરિણામે બાળ બીજાં સર્વ કામકાજ છોડી દઇને તેઓના ઉપર એકતાન લગાવી રહ્યો છે, રાત દિવસ અનેક સ્ત્રીઓ સાથે ભોગ ભોગવવાના કામમાં વિચરી રહ્યો છે અને સાળવી, હુંબ અને ઢેઢ જાતની હલકી સ્ત્રીઓમાં પણ આસક્ત થઇને તેઓ ઉપર લોલુપતા રાખી તેને વશ થઇ તેઓ સાથે ભોગ ભોગવે છે. આવી રીતે અકાર્યમાં પ્રવૃત્ત થયેલા અને સત્કાર્યથી વિરૂદ્ધ ચાલનારા બાળને જોઇને એ પાપી છે એમ બોલી લોકો તેની નિંદા કરે છે અને ખુલ્લે ખુલ્લું કહે છે કે 'એ બાળ મૂર્ખ છે, અજ્ઞાની છે, લાજ વગરનો છે, નિર્ભાગી છે, કુળને કલંક લગાડનાર છે.' લોકો તેની આવી અનેક પ્રકારની

અકુશળમાળાની યોગશક્તિ.

લોક લાજ, નહિ કાજ.

---

૧ આ યોગશક્તિ બતાવી આપવાનું વચન અકુશળમાળાએ અગાઉ આપ્યું હતું. જુઓ પૃ. ૪૦૫.

નિંદા કરે છે છતાં એ બાળ પોતાના મનમાં માને છે કે આપણને તો માતાજી અને સ્પર્શનની કૃપાથી લીલા લહેર છે. લોકોને બોલવું હોય તે ભલે બોલો! એ લોકો શું બોલે છે તેની ચિંતા કરવાથી શું! તેમ કરવાની કાંઇ જરૂર પણ નથી. વળી અકુશળમાળાએ તેના શરીરમાં પ્રવેશ કર્યો હતો તે પણ વચ્ચે વચ્ચે કોઇ કોઇ વાર તેના શરીરમાંથી બહાર આવીને પોતાની અદ્‌ભુત યોગશક્તિનું કેવું સારૂં પરિણામ આવ્યું છે તે સંબંધી બાળને સવાલો કરે છે ત્યારે આપણા આ બાળસાહેબ પોતાના માતાજીને જવાબ આપે છે કે "માતાજી! મારા ઉપર તો તમે જણાવ્યું શંકા વગર મોટો ઉપકાર કર્યો છે અને આપે તો મને મોટા સુખસાગરમાં પ્રવેશ કરાવ્યો છે. હવે માતાજી! હું એક બીજી વિનતિ કરૂં છું કે મહેરબાની કરીને તમારે મારા આખા જીવનપર્યંત આ મારા શરીરનો ત્યાગ ન કરવો." અકુશળમાળાએ એ વાત અંગીકાર કરી અને તેને જણાવ્યું કે "બીજું સર્વ કામ મૂકી દઇને હું તારૂં કામ કરી આપીશ." આવી રીતે બાળે માતા પોતાને અનુકૂળ અને સ્વાધીન થયેલી જોઇને મનમાં વિચાર કર્યો કે સ્પર્શન મિત્ર તો મારે વશ છે જ, સામગ્રી પણ સર્વે અનુકૂળ થઇ ગઇ છે અને માતાજી પણ મને પોતાનું યોગબળ બતાવ્યા કરે છે, તેથી ખરેખર, આ દુનિયામાં હું મોટો ભાગ્યશાળી છું. મારા જેટલો અને જેવો સુખી આ દુનિયામાં બીજો કોઇ હોય એમ મને લાગતું નથી. આવા આવા વિચારો કરીને પોતાની કુટેવોમાં બાળ વધારે ચુસ્ત રહ્યા કરે છે.

માતાને વિજ્ઞપ્તિ.

મધ્યમબુદ્ધિની સલાહ.

બાળનું આવું વર્તન જોઇને લોકો તેની બહુ નિંદા કરે છે તેથી એહને લીધે મધ્યમબુદ્ધિ જેને લોકઅપવાદનો ઘણો ભય રહ્યા કરે છે તે એક દિવસ તેને કહેવા લાગ્યો "ભાઇ બાળ! તારે આવી રીતે લોકવિરૂદ્ધ કરવું તે કોઇ પણ રીતે ઉચિત નથી. તું જે કાર્ય કરે છે તેનું પરિણામ વિચારતો નથી. અગમ્ય વસ્તુ ત્યાગ કરવા યોગ્ય છે, તેના તરફ ગમન કરીને તું બહુ પાપ કરે છે, તેમ કરવું તે અતિ તિરસ્કાર-નિંદાને યોગ્ય છે, પાપથી ભરપૂર છે અને કુળને કલંક લગાડનાર છે." બાળે જવાબમાં કહ્યું "ભાઇ મધ્યમબુદ્ધિ! તને મનીષીએ છેતર્યો હોય એમ જણાય છે, નહિ તો સ્વર્ગમાં વસનાર જીવો જેવું સુખ ભોગવે છે તેવું સુખ ભોગવતાં મને તું આવી નજરથી કેમ

સલાહની અવગણના.

જુઓ ? જે મૂર્ખ પ્રાણીઓ [1]જાતિદોષથી સ્ત્રી વિગેરે કોમળ પદાર્થોની ઇચ્છા રાખતા નથી અને તેના તરફ પસંદગી બતાવતા નથી તેઓ [2]સ્થાન દોષને લીધે મહારત્નને છોડી દેનાર જેવું આચરણ કરે છે." તેનો આવો જવાબ સાંભળીને મધ્યમબુદ્ધિએ પોતાના મનમાં વિચાર કર્યો કે આ બાળને કાંઇ પણ શિખામણ આપવાનો પરિશ્રમ કરવો તે તદ્દન નકામો છે, કારણ કે એ હવે શિખામણને યોગ્ય રહ્યો નથી.

વસંત સમય.

લીલાધર ઉદ્યાન.

કામદેવ મંદિર.

આવી રીતે બાળ, મધ્યમબુદ્ધિ અને મનીષી વર્તન કરી રહ્યા છે તેવામાં [3]મન્મથને જાગૃત કરનાર વસંત ઋતુનો કાળ આવી પહોંચ્યો.

વસંત-વર્ણન.

તે વખતે વનના જૂદા જૂદા સર્વ વિભાગો સુંદર પુષ્પો (ફુલો) ના સમૂહથી ભરપૂર થઇ ગયા છે અને ગણગણાટ કરતા અને અહીંથી તહીં ઉડતા ભમરાઓના ઝંકાર સ્વરથી (ગણગણાટથી) અત્યંત મનોહર દેખાવા લાગ્યા છે; પતિ સાથે વિચરતી પ્રેમાળ પત્નીના હૃદયને આનંદ આપનાર મીઠી કોયલના ટહુકાથી વનના ભાગો ગાજી રહ્યા છે; ઉઘરેલા-વિકાસ પામેલા કેશુડાના અગ્રભાગમાં રહેલ લાલ પુષ્પોનો સમૂહ વિયોગથી દુઃખી થતી સ્ત્રીને જેવો માંસનો પિંડ દેખાય તેવો એકદમ લાલ વર્ણનો દેખાય છે; આંબાની માંજર ચારે દિશાને સુગંધિત બનાવી રહી છે અને વસંતના રાજ્યથી આનંદમાં આવીને ધૂળ સાથે ક્રીડા કરે છે (મતલબ કે વસંત ઋતુમાં આંબા પરથી માંજરો જમીનપર પડે છે); દેવતા અને કિન્નરનાં ટોળાંઓ વનમાં આવીને અનેક પ્રકારની ક્રીડાઓ અને આનંદ કરી રહ્યા છે તેથી મનુષ્યલોકનું વન જાણે સ્વર્ગનું નંદનવન હોય તેવી રમણીયતાની કથાને કહી રહ્યું જણાય છે; [4]ચર્ચરીની રમત સારી રીતે રમાઇ રહી છે; ઘેર ઘેર હીંડોળા

---

1 જાતિદોષઃ સ્ત્રી અમુક જાતિની છે તેવા જાતિના કારણે સ્ત્રીનો કેટલાક ત્યાગ કરે છે.

2 સ્થાનદોષઃ રત્ન ખારા દરિયામાં થાય છે માટે તજવા યોગ્ય છે એવી માન્યતા.

3 મન્મથઃ કામદેવ અનંગ.

4 ચર્ચરીઃ વસંત ઋતુની એક જાતની ક્રીડા છે. [illegible] રમત. [illegible] ટોળીઓ આનંદ કરી રહી છે.

ખારો બંધાઇ ગઇ છે અને કામદેવને ઉદ્દીપન કરે તેવી સુગંધ સાથે મલયાચળનો પવન મંદ મંદ વાઇ રહ્યો છે.

લીલાધર ઉદ્યાન.

આવા વસંતઋતુના સમયમાં કામદેવના કાળથી આનંદિત થઇને મધ્યમબુદ્ધિને સાથે લઇને બાળ ક્રીડા કરવા માટે એક દિવસ બહાર નીકળી પડ્યો. તે બહાર નીકળ્યો તે વખતે તેના અંતરંગ રાજ્યમાં વર્તનારી તેની માતા તેની સાથે હતી અને મિત્ર સ્પર્શન પણ તેના શરીરમાં દાખલ થઇ ગયેલો હતો. એવા વખતે અને એવા સંયોગોમાં કુમાર મધ્યમબુદ્ધિ સાથે નગરની બહાર નંદનવનની શોભાને દેખાડતું લીલાધર નામનું ઉદ્યાન છે ત્યાં તે આવી પહોંચ્યો. એ ઉદ્યાનના મધ્ય ભાગમાં એક મોટું મંદિર છે, તેના શિખરો બહુ ઊંચાં અને શ્વેત છે, તે મંદિર મનને અત્યંત આનંદ આપે તેવું છે અને એ મંદિરને મોટાં મોટાં તોરણો લટકાવી દઇને તેની શોભામાં વધારો કરવામાં આવ્યો છે. બગીચાના મધ્યભાગમાં આવી રહેલ તે મંદિરમાં લોકોએ

મન્મથ-મંદિર.

સ્ત્રીઓના હૃદયને અતિ આનંદ આપનાર રતિના પતિ શ્રી કામદેવની પ્રતિષ્ઠા કરીને દેવ તરીકે બેસાડેલ છે. એ દેવની લોકો તેરસને[1] દિવસે પૂજા કરે છે અને આજે તેજ તિથિ છે (તેરસ છે). કુમારિકાઓ ત્યાં સારો પતિ મેળવવાનો લાભ મળવા સારૂ પૂજા કરવા આવે છે, પરણેલી સ્ત્રીઓ પોતાના સૌભાગ્યમાં વધારો થવાનો લાભ મેળવવા સારૂ પૂજા કરવા આવે છે, કેટલીક સ્ત્રીઓ પોતાના પતિનો એહ ન હોય તે એહને પ્રાપ્ત કરવાનો લાભ મેળવવા સારૂ ત્યાં પૂજા કરવા આવે છે અને મોહથી અંધ થયેલા કામી પુરુષો પોતાને પસંદ આવે તેવી સ્ત્રીઓ સાથે સંબંધ કરવાની તક મેળવવાની લાલચે પૂજા કરવા સારૂ એ મંદિરમાં આવે છે.

કામદેવની શય્યાપર બાળકુમાર.

કામદેવના મંદિરમાં આજે મોટા અવાજો અને ગરબડ થતી સાંભળીને ત્યાં શું થતું હશે એ જોવાના કૌતુકથી બાળ કુમાર પોતાના ભાઇ મધ્યમબુદ્ધિ સાથે એ મંદિરમાં દાખલ થયો. રતિના નાથ કામદેવને કોઇ ભક્તિપૂર્વક પ્રણામ કરી રહ્યુ છે, કોઇ પ્રયત્ન પૂર્વક તેની

1 અનંગત્રયોદશી. આ તેરસને દિવસે કામદેવની પૂજા થાય છે. ઉત્તર હિંદમાં આ પર્વ હાલ પણ પ્રચલિત છે એમ સાંભળ્યું છે.

વાસભુવન-માં પ્રવેશ.

પૂજા કરી રહ્યું છે અને કોઇ ગુણુ કીર્તન વડે તેની સ્તુતિ કરી રહ્યું છે. બાળે તે દેવપ્રાસાદની પ્રદક્ષિણા દેવા માંડી તે વખતે તેણે દેવપ્રાસાદની બાજુમાં એક વાસભુવન[1] જોયું. એ વાસભુવન ગુપ્ત સ્થાનકે આવી રહેલું હતું, જોવાથી કૌતુક ઉપજાવે તેવું હતું, અતિ સુંદર હતું અને મંદ મંદ પ્રકાશયુક્ત હતું. એ વળી શું હશે એવું કૌતુક થવાથી મધ્યમબુદ્ધિને બારણા આગળ ઊભો રાખીને બાળ વાસભુવનમાં દાખલ થયો. ત્યાં તેણે એક મોટી શય્યા (બીછાવેલ પલંગ) જોઇ. એ શય્યા અતિ વિસ્તાર વાળી હતી, પલંગ ઉપર બીછાવેલી હતી, સુંદર તળાઇઓથી રચેલી હતી, અનેક કોમળ ઓશીકાઓથી આનંદ આપે તેવી હતી અને તદ્દન ડાઘ વગરની અને કોમળ ચાદરયુક્ત હતી. એ શય્યાના મધ્ય ભાગમાં રતિની સાથે કામદેવ સુતેલા હતા.[2] આવી દેવતાઓને પણ મળવી મુશ્કેલ સુંદર શય્યા બાળકુમારે જોઇ. વાસભુવનમાં પ્રકાશ ઘણો મંદ હતો તેથી તે શું હશે એમ વિચાર કરતાં કરતાં બાળકુમાર તે શય્યાને અડક્યો બે ચાર વખત હાથથી અડકતાં અડકતાં આખરે બાળકુમારને જણાયું કે એ કામદેવની શય્યા હોવી જોઇએ. એ શય્યાના કોમળ સ્પર્શથી તેનું મન એટલું બધું આનંદમાં આવી ગયું કે તેણે વિચાર કર્યો કે અહો! આવી કોમળ શય્યા તો બીજી જગ્યાએ હોવી પણ અસંભવિત છે. એ વખતે એના શરીરમાં રહેલ માતાજી અને સ્પર્શને તેને પ્રેરણા કરી અને પોતાની ચપળતા પણ જાગૃત થઇ તેથી બાળ વાસભુવનમાં એકલો એકલો વિચાર કરવા લાગ્યો કે આ શય્યા ઉપર જરા વખત મારી ઇચ્છા પ્રમાણે સુઇ લઇને હું તેને માન આપું. એ વખતે બાળે વિચાર ન કર્યો કે એ શય્યામાં તો કામદેવ પોતે રતિ મહાદેવી સાથે સુતેલા છે; દેવોની શય્યામાં સુનારને કેવાં દુઃખ વેઠવાં પડે છે તેનો પણ તેણે વિચાર ન કર્યો; વળી લોકો તે વાત જાણશે અથવા દેખશે તો તેથી પોતાની કેટલી હાંસી થશે તેનો પણ તેણે વિચાર ન કર્યો; મધ્યમબુદ્ધિ તેની રાહ જોઇને વાસભુવન બહાર ઊભો રહ્યો છે તે તેની મશ્કરી કરશે તેનો ખ્યાલ પણ તેને આવ્યો નહિ. ભવિષ્યમાં શું થશે તેનો જરા પણ વિચાર કર્યા વગર મોહથી તે

મદન-શય્યા.

---

૧ **વાસભુવનઃ** ઘર, સુવાનો ઓરડો.

૨ આ દેવ અને દેવી માનસિક છે, અંતરંગ રાજ્યમાં રહેનારા છે.

શય્યા ઉપર ચઢયો અને તેના ઉપર સુઇને બાળકની સર્વે ચેષ્ટાઓ કરવા મંડી ગયો. પોતાના અંગોને આમ તેમ મરડતો અને હલાવતો તે શય્યા ઉપર અપૂર્વ પ્રીતિવાળો થઇને તેના સ્પર્શના સુખને બહુ માનતો અને પોતાની જાતને ભાગ્યશાળી માનતો તે શય્યામાં આળોટવા લાગ્યો.

મદનકંદળીનો સ્પર્શ.

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં ઉપર જણાવેલાં બાળ, મનીષી, મધ્યમબુદ્ધિ વિગેરે જનો હતાં અને તેઓના પિતા કર્મવિલાસ અંતરંગ રાજ્યના રાજા હતા. તે ઉપરાંત [1]બહિરંગ નગરમાં બહુ વિખ્યાતિવાળો તેજસ્વી શત્રુમર્દન નામનો રાજા તે નગરનું રાજ્ય કરતો હતો. તે રાજાને ઉત્તમ કુળમાં જન્મેલી અને પોતાના પ્રાણથી પણ વધારે વહાલી મદનકંદળી નામે રાણી હતી. તે રાણી અદ્ભુત રૂપ સૌભાગ્યવાળી હતી અને કમળના જેવી આંખો વાળી હતી. એ મહારાણી પોતાના હાથમાં પૂજાની સામગ્રી લઇને પોતાના પરિવાર સાથે કામદેવની પૂજા કરવા માટે તે મંદિરમાં તે દિવસે આવી હતી. મંદિરના મધ્ય ભાગમાં રહેલ કામદેવની પૂજા કરીને તે મહારાણી પણ વાસભુવન તરફ આવી. તેને જોઇને તે સ્ત્રી છે એવો નિર્ણય કરીને લજ્જા અને ભયથી બાળ કુમાર થોડો વખત લાકડાની માફક હાલ્યા ચાલ્યા વગર પડી રહ્યો. એ વાસભુવનમાં અગાઉ જણાવ્યું તેમ પ્રકાશ ઘણો મંદ હતો તેથી આવનાર સ્ત્રી છે એમ નિર્ણય કરવાની જરૂર પડી હતી. એ વાસભુવનમાં આવી રહેલી શય્યા ઉપર રહેલા કામદેવની તે હરણ જેવા લોચનવાળી મદનકંદળી રાણી હાથનો સ્પર્શ કરી પૂજા કરવા લાગી અને તેમ કરતાં ચંદનવડે રતિ અને કામદેવને વિલેપન કર્યું. આવી રીતે કામદેવ અને રતિની પૂજા કરતાં કરતાં મદનકંદળીએ બાળ કુમારના આખા શરીરે પોતાના કોમળ હાથથી સ્પર્શ કર્યો. તે વખતે અકુશળમાળાની પ્રેરણાથી અને સ્પર્શનના વશવર્તિપણાથી મલીનબુદ્ધિવાળા બાળે પોતાના મનમાં વિચાર કર્યો કે જેવો આ કોમળાંગી સ્ત્રીનો હસ્તસ્પર્શ મને મૃદુ (કોમળ) લાગે છે તેવો સ્પર્શ મેં મારા જન્મમાં કદિ પણ અનુભવ્યો નથી. ખરેખર, અન્ય સ્પર્શની સુંદરતા મેં અત્યાર સુધી ખોટીજ કલ્પી હતી, હવે તો મને એમ લાગે છે કે ત્રણ લોકમાં આ સ્ત્રીથી વધારે કોમળ કોઇ પણ વસ્તુ નથીજ. હવે મદનકંદળી રાણી કામદેવની પૂજા કરીને વખત થયો એટલે પોતાના સ્થાન તરફ ચાલી ગઇ.

---

[1] બાહ્ય, સ્થૂળ, વ્યવહાર.

કામદેવવશ બાળની સ્થિતિ.

મદનકંદળી ત્યાંથી વિદાય થયા પછી બાળ કુમારની શી દશા થઇ તે જુઓ. એ સ્ત્રી પોતાને કેવી રીતે પ્રાપ્ત થાય તેના વિચારમાં અને ચિંતામાં બાળનું હૃદય શોકાતુર થઇ ગયું, તેના મનમાં વર્ણન કરી ન શકાય તેવો અંતઃતાપ થવા લાગ્યો, તે પોતાની જાતને પણ ભૂલી ગયો અને શય્યામાં પડ્યો પડ્યો ગરમ ઊંડા નિઃસાસા ઉપર નિઃસાસા મૂકતો જાણે મૂર્છા પામેલો હોય, જાણે મુંગો હોય, જાણે આંધળો હોય, જાણે પોતાનું સર્વસ્વ હરાઇ ગયેલો હોય, તપેલી શિલા ઉપર જાણે મત્સ્ય પડ્યો હોય તેની માફક આમથી તેમ અને તેમથી આમ આંટા મારતો આળોટતો લોટતો અને શય્યામાં પછાડા ખાતો તરફડવા લાગ્યો.

મધ્યમબુદ્ધિ વાસભુવનમાં

બાળ વાસભુવનમાં આવી સ્થિતિ અનુભવતો હતો તે વખતે તેનો ભાઇ મધ્યમબુદ્ધિ જે વાસભુવનમાં પ્રવેશદ્વાર આગળ તેની રાહ જોતો ઊભો હતો તેણે વિચાર કર્યો કે અરે! આટલો બધો વખત થયો તો પણ બાળ હજુ વાસભુવનમાંથી પાછો બહાર કેમ નીકળતો નથી? તે અંદર રહ્યો રહ્યો શું કરે છે તે જોઉં તો ખરો! આવો વિચાર કરીને મધ્યમબુદ્ધિ વાસભુવનમાં દાખલ થયો અને પોતાનો હાથ લગાડીને કામદેવની શય્યા જોઇ લીધી. એ શય્યા એટલી બધી કોમળ હતી કે તેને હાથ લગાડતાં જ મધ્યમબુદ્ધિનું મન પણ તેના તરફ ખેંચાઇ ગયું. (અંધારાને લીધે) તેણે ત્યાર પછી આંખો ચારે બાજુ ફેરવીને જોયું તો શય્યાના એક વિભાગ ઉપર જણાવેલી દશામાં આમ તેમ પછાડા મારતો બાળ તેના જોવામાં આવ્યો. ભાઇની એવી દશા જોઇને તેણે વિચાર કર્યો કે અહો! આ મારા ભાઇએ આ શું અકાર્ય આદર્યું? દેવની શય્યા ઉપર સૂવું યુક્ત નથી. [illegible] જેવી [illegible] ની સ્ત્રી હોય તેનો સજ્જન પુરુષે [illegible] કરવો નહિ. તેનો સંબંધ કરવાનો સંકલ્પ પણ [illegible] નહિ. [illegible] કહ્યું છે કે તે [illegible] યોગ્ય નહિ. [illegible]

[illegible]

દ્ધિએ બાળને જાગૃત કર્યો પણ તે કાંઇ પણ બોલ્યો નહિ. મધ્યમબુદ્ધિએ કહેવા માંડ્યું "અરે ભાઇ ! તેં આ ન કરવા યોગ્ય કામ કર્યું છે આ દેવની શય્યા ઉપર ચઢવું કે સુવું તે યોગ્ય નથી" વિગેરે વિગેરે. આવી રીતે બાળને તેણે ઘણી રીતે સમજાવવા પ્રયત્ન કર્યો, પણ બાળ કુમારે મધ્યમબુદ્ધિને કાંઇ પણ જવાબ આપ્યો નહિ.

વ્યંતર અને બાળ.

હવે તે વખતે એ મંદિરનો અધિષ્ઠાયક વ્યંતર ત્યાં દાખલ થયો. તેણે [1]આકાશ બંધનથી બાળને બાંધી લીધો, જમીનપર પછાડ્યો અને ફરીથી ઉપાડીને એટલા જોરથી તેને પડતો મૂક્યો કે તેના આખા શરીરે સખ્ત વેદના થવા લાગી. તેને આવી રીતે આરડતો જોઇને મધ્યમબુદ્ધિએ હાહારવ કર્યો એટલે એ શું હશે એ જોવાની ઇચ્છાથી કૌતુકને લીધે દેવમંદિર તરફથી અનેક લોકો વાસભુવન તરફ આવવા લાગ્યા. વ્યંતરે ધક્કા મારીને બાળને વાસભુવનમાંથી બહાર ધકેલી મૂક્યો અને મોટા ધડાકા સાથે જમીનપર પછાડ્યો, જેને પરિણામે તેની આંખ પરની ભમર ભાંગી ગઇ અને ગળે પ્રાણ આવી ગયા. આવી સ્થિતિમાં બાળને સર્વ લોકોએ જોયો. તેની પછવાડે મધ્યમબુદ્ધિ પણ વાસભુવનમાંથી બહાર નીકળ્યો પણ તેનું મન એકદમ દિલગીરીને લીધે નરમ પડી ગયું. મધ્યમબુદ્ધિ વાસભુવનમાંથી બહાર આવ્યો એટલે એ બધી શેની ગડબડ છે એમ લોકો તેને પૂછવા લાગ્યા; પણ લાજનો માર્યો તે લોકોને કાંઇ પણ જવાબ આપી શક્યો નહિ. તે વખતે પેલો વ્યંતર કોઇ પુરૂષના શરીરમાં દાખલ થયો અને તેણે સર્વ હકીકત બની હતી તે લોકોને કહી સંભળાવી. આ હકીકત સાંભળીને મકરધ્વજના ભક્ત લોકો ત્યાં હાજર હતા તેઓએ એ બાળને દેવનું અપમાન કરનારો

બાળ અને લોકો.

ગણી એ મહા પાપી છે એમ બોલીને તેનો ઘણો તિરસ્કાર કર્યો, તેની જાતવાળાઓ કહેવા લાગ્યા કે "એ તો આપણા કુળને કલંક લગાડનાર છે અને એક ખરેખર વિષ વૃક્ષ જેવો એ આપણામાં ઉત્પન્ન થયો છે." એમ બોલીને તેઓ સર્વ તેની નિંદા કરવા લાગ્યા. "હવે એ બાળ પોતાનાં પાપનાં ફળ બરાબર ભોગવશે અને તેમ થવાને તે સર્વ રીતે યોગ્ય છે" એમ બોલીને સામાન્ય લોકોએ તેની ટીકા કરી અને "જે પ્રાણીઓ વિચાર કર્યા વગર કામ કરે છે તેઓ

---

૧ સ્પર્શનને વશ પડેલા પ્રાણીઓ કલ્પનાના બંધનથીજ બંધાય છે; તેને માટે જાડા દોરડાનો ખપ પડતો નથી; કારણ કે કાચા સુતરના પ્રેમતંતુઓ તોડવાની તેનામાં તાકાત રહેતી નથી.

સર્વ અનર્થો અને દુઃખો સહન કરે છે તો આમાં શું નવાઇ?" એમ કહીને વિવેકી લોકોએ તેની ઉપેક્ષા કરી. હવે તે વખતે પેલા વ્યંતરે ભયંકર રૂપ ધારણ કરીને કહ્યું "આ દુરાત્મા બાળના તમારા સર્વેના દેખતાં ટુકડે ટુકડા કરીને હું તેને મારી નાખું છું." તે સાંભળી મધ્યમબુદ્ધિએ હાહારવ કરી મૂક્યો અને વ્યંતરને પગે પડીને બોલ્યો "અરે અરે! કૃપા કરો, કૃપા કરો; દયા કરો, દયા કરો. મારા ભાઇના પ્રાણની હું તમારી પાસે ભિક્ષા માગી લઉંછું; મહેરબાની કરીને તેને બચાવી લો." લોકોને પણ મધ્યમબુદ્ધિના કકળાટથી તેના ઉપર દયા આવી ગઇ તેથી તેઓ પણ બોલ્યા "અરે ભટ્ટારક! એને બાપડાને એક વાર જવા દો, ફરીવાર તે દેવને અપમાન કરવાનું કામ નહિ કરે." તે વખતે મધ્યમબુદ્ધિ ઉપર કરૂણા આવવાને લીધે અને લોકોના અતિ આગ્રહથી વ્યંતરે બાળને જતો કર્યો. બાળને થોડીવાર પછી શરીરમાં ચેતના આવી, શરીર ઉપર ઘા વાગવાથી કળ ચઢી ગઇ હતી તે નરમ પડવા લાગી અને જરા સ્ફુર્તિ આવી એટલે મધ્યમબુદ્ધિ તેને મંદિરમાંથી બહાર લઇ આવ્યો અને મુશ્કેલીથી તેને ઘરે (રાજમંદિરે) લઇ ગયો.

બાળ અને કર્મવિલાસ.

કર્મવિલાસ રાજાએ પોતાના પરિવાર પાસેથી આ સર્વ હકીકત સાંભળી ત્યારે પોતાના મનમાં તેણે વિચાર કર્યો કે અરે આ તો બાળને હજુ શું થયું છે? પણ હવે તો તેના આવા વર્તનથી હું તેને પ્રતિકૂળ થઇશ તેથી તેના હવે કેવા હાલ થશે તે તો આ લોકોના ખ્યાલમાં પણ નથી. આવા દુરાચારી અને દેવનું અપમાન કરનાર પુત્રને તો બરાબર [1]સજા કરવી જોઇએ. આ પ્રમાણે વિચાર કરીને કર્મવિલાસ રાજાએ પોતાના પરિવારને કહ્યું 'અરે! એવા અવિનયી તોફાની છોકરાની આપણે તે શા માટે ચિંતા કરવી જોઇએ? આપણા અનુશાસનને[2] પણ હવે તે યોગ્ય રહ્યો નથી. આપણા કોઇ પણ માણસે તેની સાથે જરૂર ઉપરાંત વ્યાપાર-સંબંધ કરવો નહિ-આ પ્રમાણે હું સર્વને હુકમ કરૂં છું.' કર્મપરિણામ મહારાજાની આ આજ્ઞા તેના આખા પરિવારે પોતાને માથે ચઢાવી.

---

૧ **કર્મવિલાસની સજાઃ** પોતાની ગેરવર્તણુક અનુસાર **બાળ** રાત્રીએ ફરવા નીકળશે ત્યારે તેના કેવા હાલહવાલ થશે તે હકીકત તુરતમાંજ વાંચવામાં આવશે અને ભવિષ્યમાં પણ તેને મોટી સજા કર્મના વિપાક તરીકે થશે. આ હકીકત પર અત્ર રૂપક છે.

૨ **અનુશાસનઃ** નિયંત્રણા, સમજાવવું તે.

બાળનો અંતસ્તાપ

હવે મધ્યમબુદ્ધિએ બાળકુમારને પૂછ્યું. "ભાઇ! તને હવે તો શરીરે કાંઇ પીડા નથી થતી ને?"

બાળ—"શરીરે તો પીડા નથી થતી, પણ મારા મનમાં સંતાપ થતો જાય છે અને વધતો જાય છે."

મધ્યમબુદ્ધિ—"પણ એ સંતાપ તને શા કારણથી થાય છે તેનું કારણ તું જાણે છે?"

કામદેવ હંમેશાં વક્ર હોય છે અને તેની પ્રવૃત્તિઓ વિપરીત હોય છે, તેથી બાળે સીધો ઉત્તર ન આપતાં કહ્યું "હું તે જાણતો નથી. પણ વારૂ, તું કામદેવના મંદિરમાં વાસભુવનના બારણા આગળ ઊભો હતો તે વખતે તે વાસભુવનમાં પ્રવેશ કરતી અથવા બહાર નીકળતી કોઇ સ્ત્રીને જોઇ હતી કે નહિ?"

મધ્યમબુદ્ધિ—"હા, એક સ્ત્રીને જોઇ હતી, પણ તેનું તારે શું છે?"

બાળ—"ત્યારે તે કોણ હતી એ પણ તેં જાણ્યું હશે?"

મધ્યમબુદ્ધિ—"હા, સારી રીતે જાણ્યું હતું: એ શત્રુમર્દન રાજાની રાણી મદનકંદળીના નામથી સારી રીતે પ્રસિદ્ધ છે."

મધ્યમબુદ્ધિનો આવો જવાબ સાંભળીને 'અરેરે! એવી સ્ત્રી મારા જેવાને ક્યાંથી હોય?' એવી ચિંતામાં પડી બાળે લાંબો નિઃશ્વાસ મૂક્યો. મધ્યમબુદ્ધિ વ્યવહારકુશળ હોવાથી પોતાના મનમાં સમજી ગયો કે આ ભાઇસાહેબ એ મદનકંદળીના અર્થી થઇ ગયા જણાય છે. પછી મધ્યમબુદ્ધિએ વિચાર કર્યો કે આ ભાઇસાહેબને એ મદનકંદળી ઉપર રાગ થયો છે તે એક રીતે નવાઇ જેવું ન ગણાય. એ મદનકંદળી સુંદર હોવાને લીધે માણસોને પોતાની તરફ આકર્ષણ કરી પોતાના સંબંધમાં અભિલાષા ઉત્પન્ન કરાવે છે. મંદિરનાં બારણાં સાંકડાં હોવાને લીધે તે સ્ત્રીનો સ્પર્શ તે મંદિરમાંથી બહાર નીકળતી હતી તે વખતે મને પણ થયો હતો અને ત્યારે મને પણ એમ લાગ્યું હતું કે એ વાસભુવનમાં બીજી કોઇ પણ વસ્તુનો સ્પર્શ એવો સારો નહિ હોય અને તે વખતે મારૂં મન પણ જરા ડોળાઇ ગયું હતું અને તેની પછવાડે જવાને લલચાઇ ગયું હતું, પણ કુલીન માણસોએ પરસ્ત્રી પાછળ ગમન કરવું ઉચિત નથી એવા વિચારથી હું તુરતજ તે વખતે પાછો હઠી ગયો હતો. આ ભાઇશ્રી પણ મારૂં વચન માને તો બરાબર હકીકત સમજાવીને તેને ખોટું કાર્ય કરવાથી વારૂં! આ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરીને મધ્યમબુદ્ધિ બોલ્યો "અરે ભાઇ

મધ્યમબુદ્ધિની સલાહ.

બાળ! હજુ પણ તું મૂર્ખ-અજ્ઞાન રહ્યો! આ તે કેટલું અંધેર! અવિનયનું કેવું ખરાબ પરિણામ આવે છે તે તેં જાતે હમણાજ નથી અનુભવ્યું? તારા પ્રાણ તો ગળે આવી ગયા હતા અને તારા દુર્વિનયને લીધે ભગવાન મકરધ્વજ (કામદેવ) તારા ઉપર ઘણા ગુસ્સે થઇ ગયા હતા તેના હાથમાંથી તને મહા મુશ્કેલીએ છોડાવ્યો એ વાત તું આટલી વારમાંજ ભૂલી ગયો? માટે ભાઇ! આવા ખોટા ખોટા વિચારો મૂકી દે. દૃષ્ટિવિષ સર્પના માથામાં રહેલ મણિને બતાવનાર-સૂચવનાર[1] એ મદનકંદળી છે એમ તું સમજ. એ સ્ત્રીની ઇચ્છા કરવાના પરિણામે તું પોતે બળીને ખાખ થઇ જઇશ અને તારો એક અર્થ પણ સિદ્ધ થશે નહિ એ તું ચોક્કસ માનજે." મધ્યમબુદ્ધિના આવા વિચાર સાંભળીને બાળ સમજી ગયો કે મધ્યમબુદ્ધિ પોતાને હવે બરાબર ઓળખી ગયો છે તેથી પોતાના મનમાં શું વિચાર ચાલે છે તે તેનાથી છુપાવવાની જરૂર રહી નથી. આ પ્રમાણે હોવાથી બાળે

બાળનો જવાબ.

તેને સ્પષ્ટ રીતે કહ્યું "અરે ભાઇ! એમ છે ત્યારે તેં મને છોડાવ્યો એમ તું શાનો કહે છે? એમજ કહેને કે તેં જ મને વધારે માર ખવરાવ્યો! કારણ કે તારા વચનથી કામદેવે મને છોડી દીધો તેથી મારા શરીરને જે વેદના થતી હતી તે ઓછી થઇ છે; પણ મારા ઉપર તર્કવિતર્ક (સંકલ્પ વિકલ્પ) ની પરંપરા રૂપ ખેરના અંગારાનો ઢગલો નાખી દીધો છે અને તેથી મારૂં આખું શરીર બળે છે, જળે છે અને ફડફડે છે. કામદેવે જ્યારે મને બંધન કરવા માંડ્યું તે વખતેજ જો હું મરી ગયો હોત તો મને આટલી બધી વેદના થાત નહિ; તેં મને છોડાવીને તો આ મોટો અનર્થ કરી મૂક્યો છે. મારા મનમાં આવડો મોટો સંતાપ થયો છે તેને ઓલવવા માટે પેલી મદનકંદળીના મેળાપ રૂપ અમૃતના વરસાદ વગર બીજો ઉપાય નથી. મારે હવે તને વધારે શું કહેવું?"

મધ્યમબુદ્ધિ તે વખતે પોતાના મનમાં સમજી ગયો કે આને ગુણને બદલે દોષ બેઠો; વળી તેને એ પણ જણાયું કે એને મદનકંદળી તરફ એટલું બધું આકર્ષણ થયું છે કે એ હાલ કોઇ પણ રીતે ઓછું થઇ શકે, કે એ બાબતમાંથી એ ભાઇ પાછા હઠે, એવું લાગતું નથી. આ બધી હકીકત જોઇને તે ચૂપ બેસી રહ્યો.

---

1 દૃષ્ટિવિષ સર્પની આંખમાં ઝેર હોય છે; એ દૂરથી નજર ફેંકે ત્યાં પ્રાણીને ઝેર ચઢવા માંડે છે. એવા સર્પના માથામાં મણિ હોય તે લેવા પ્રયત્ન કરવો એ મરણને મળવા જવા જેવું છે.



પ્રકરણ ૯ મું.

બાળમધ્યમમનીષી અને સ્પર્શન.

બાળ મદનકંદળીની શોધમાં.
રાત્રિચર્યા અને મયૂર બંધન.
બાળની શોધમાં મધ્યમબુદ્ધિ.



સૂર્ય અસ્ત પામ્યો. જાણે બાળના હૃદયમાંથીજ નીકળ્યું હોય તેમ ચારે તરફ અંધારૂં ફેલાયું. પહેલો પહોર પસાર થયો. રસ્તા ઉપર લોકોનું ગમનાગમન બંધ થઇ ગયું. રાત્રિના બીજા પહોરને વખતે પોતે જે કામ કરે છે તે કરવા યોગ્ય છે કે નહિ તેનો વિચાર કર્યા વગર બાળ ઊભો થયો અને પોતાના ભુવનમાંથી બહાર નીકળ્યો, રાજમાર્ગ તરફ ચાલ્યો અને જે બાજુએ શત્રુમર્દન રાજાનો મહેલ આવેલો હતો તે તરફ ચાલવા માંડ્યું અને એ માર્ગે કેટલેક દૂર ગયો. હવે આ બાજુ મધ્યમબુદ્ધિને એહને લીધે બાળનું શું થશે એવો વિચાર થવાથી તે પણ તેની પછવાડે ચાલ્યો. એવી રીતે બાળ ચાલ્યો જાય છે અને મધ્યમબુદ્ધિ તેની પછવાડે છુપાતો છુપાતો આવે છે તે વખતે બાળે એક પુરૂષને જોયો. તે પુરૂષે બાળને લાત મારીને તેને [1]મયૂરબંધ વડે મજબૂત બાંધ્યો. તે વખતે બાળે મોટેથી રાડો પાડવા માંડી. 'આવ્યો આવ્યો' એ પ્રમાણે મધ્યમબુદ્ધિ જોરથી બોલવા લાગ્યો. મધ્યમબુદ્ધિ તે વખતે દૂરથી જોઇ રહ્યો અને પેલા પુરૂષે બાળને ઉપાડીને આકાશમાં ઉડવા માંડ્યું. બાળ વધારે બુમો પાડવા લાગ્યો ત્યારે તે પુરૂષે બાળનું મ્હોઢું ઢાંકી દીધું

રાજ્ય મહેલને માર્ગે; રસ્તામાં મયૂરબંધ.

1 મયૂરબંધનઃ આકરૂં બંધન. એમાં આડો અને ઊભો બંધ ઘણો મજબૂત લેવામાં આવે છે.

અને પોતે બાળને ઉપાડીને પશ્ચિમ દિશા તરફ આકાશમાં ચાલવા માં
'અરે દુષ્ટ વિદ્યાધર! તું મારા ભાઇને લઇને ક્યાં જાય છે?' એ
માણે રાડો પાડતો પોતાની તરવાર ખેંચીને તે વિદ્યાધરને માર્ગે જમી
નપર મધ્યમબુદ્ધિ પણ ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં નગરની બહા
નીકળી ગયો. ત્યાં તો પેલો વિદ્યાધર આકાશમાં ઉડતો હોવાથી એટલે
દૂર નીકળી ગયો કે તે દેખાતો પણ બંધ થઇ ગયો.

તે વખતે મધ્યમબુદ્ધિ તદ્દન નિરાશ થઇ ગયો તો પણ પોતાન
બંધુ ઉપરના સ્નેહને લીધે પોતે દોડવાનું ચાલુજ રાખ્યું અને મનમ
ધાર્યું કે આગળ ઉપર કોઇપણ જગોએ બાળને પેલો વિદ્યાધર છોડ
મૂકશે. આવી રીતે દોડતાં દોડતાં મધ્યમબુદ્ધિએ રાત પૂરી કરી, તેના
પગમાં પાદરક્ષક (પગરખાં-જોડાં) નહિ હોવાથી અનેક કાંટા અને
ખીલા ખીલીઓ તેને વાગ્યાં, ચાલવાના શ્રમથી તે તદ્દન થાકી ગયો,
ક્ષુધાથી તે પીડાવા લાગ્યો, તૃષાથી તે હેરાન થવા લાગ્યો, શોકથી
તે વિહ્વળ થઇ ગયો, દીનતાથી તે લેવાઇ ગયો, છતાં પણ પશ્ચિમ
દિશા તરફ ચાલતાં, અને ગામેગામ પોતાના ખોવાયલા ભાઇની ખબર
પૂછતાં, તે સાત રાત અને સાત દિવસ રખડ્યો, ત્યારે આખરે તે કુશ-
સ્થળ નામના નગરે આવી પહોંચ્યો.

કુશસ્થળ નગરે કુવા કાંઠે.
નંદને આપેલો બાળનો પત્તો.
બાળ મધ્યમનો આખરે મેળાપ.

કુશસ્થળ નગરના બહારના ભાગમાં મધ્યમબુદ્ધિ જરા રોકાયો.
ત્યાં એક બીલકુલ વપરાશમાં નહિ આવતો જુનો ઊંડો કુવો તેના
જોવામાં આવ્યો. પછી પોતાના ભાઇ વગર આ જીવતરની શી જરૂર છે
એમ વિચાર કરીને તે કુવામાં ડૂબી મરવાના નિર્ણયથી તેણે ગળા
સાથે એક મોટો પથ્થર બાંધ્યો. તે વખતે તે બાજુએ એક નંદન
નામનો રાજપુરૂષ આવી ચઢ્યો. તેણે મોટેથી બુમ મારી કે-'સાહસ
ન કર, સાહસ ન કર!' આ પ્રમાણે બોલતો તે મધ્યમબુદ્ધિની
પાસે આવી પહોંચ્યો અને કુવાની પાળ ઉપર જે વખતે મધ્યમબુદ્ધિ
ઊભો રહી અંદર પડવાની તૈયારીમાં હતો તે વખતે એ નંદને તેને
થોભી રાખ્યો, તેને ગળેથી પથ્થર છોડાવી નાંખ્યો, તેને જમીનપર
બેસાડ્યો અને પછી આવું અધમ પુરૂષને યોગ્ય આપઘાતનું કામ કર-
વાનું કારણ મધ્યમબુદ્ધિને તેણે પૂછ્યું. તેના જવાબમાં મધ્યમબુદ્ધિ

એ પોતાને પોતાના ભાઇ બાળથી કેવી રીતે વિયોગ થયો હતો તે સંબંધી સર્વે હકીકત કહી સંભળાવી. આ હકીકત સાંભળીને પેલા નંદને કહ્યું 'ભાઇ! જો એમજ છે તો તારે હવે દીલગીર થવાની જરૂર નથી. તારા ભાઇ સાથે તારો મેળાપ જરૂર થઇ શકશે.' 'એ મેળાપ કેવી રીતે થશે?' એમ મધ્યમબુદ્ધિએ તેને પૂછતાં તેના જવાબમાં નંદને કહ્યું 'ભાઇ મધ્યમબુદ્ધિ! સાંભળ. આ નગરમાં અમારો સ્વામી હરિશ્ચન્દ્ર નામનો રાજા રહે છે. તેને વિજય માકર શંખ વિગેરે નજીકમાં રહેનાર માંડળીક રાજાઓ વારંવાર ત્રાસ આપ્યા કરતા હતા. એ હરિશ્ચન્દ્ર રાજાને એક રતિકેલિ નામનો વિદ્યાધર પરમ મિત્ર છે. એક વખત વિદ્યાધર અમારા રાજાપાસે આવ્યો હતો તે વખતે તેણે શત્રુઓ તરફથી અમારા રાજાને થતા ઉપદ્રવોની વાર્તા સાંભળીને રાજાને એક ભયંકર વિદ્યા આપવા જણાવ્યું અને કહ્યું કે એ વિદ્યાના પ્રભાવને લીધે તું એ તારા સીમાડાના રાજાઓથી કદિ પણ પરાભવ પામીશ નહિ. રાજાએ એ હકીકત સાંભળીને પોતાના વિદ્યાધર મિત્રનો આભાર માન્યો. ત્યાર પછી પેલા વિદ્યાધરે અમારા રાજા પાસે છ મહિના સુધી એ વિદ્યા સિદ્ધ કરવા માટે પૂર્વસેવા[1] કરાવી અને આજથી આઠમે દિવસે તે અમારા રાજાને કોઇ જગાપર લઇ ગયો, તેની પાસે વિદ્યાની સાધના કરાવી અને બીજા એક પુરૂષની સાથે રાજાને બીજે દિવસે પાછો નગરમાં લઇ આવ્યો. રાજાની સાથે આણેલા તે પુરૂષના માંસ અને લોહી વડે હોમક્રિયા કરવા માંડી. એ પ્રમાણે, વિદ્યાની સાત દિવસ સુધી પશ્ચાત્સેવા[2] કરી. તે પુરૂષ કે જેને વિદ્યાધર લઇ આવ્યો હતો અને જેના માંસ લોહીથી હોમ હવન કરવામાં આવ્યો હતો તેને આજે જ છોડ્યો છે અને મારૂં માનવું એમ છે કે એજ પુરૂષ તારો ભાઇ હોવો જોઇએ. હવે મારે તને કહેવું જોઇએ કે રાજાએ તે પુરૂષને હમણાંજ મને સોંપ્યો છે.' મધ્યમબુદ્ધિએ કહ્યું 'જો એમજ હોય તો મારા ઉપર મહેરબાની કરીને તે પુરૂષને હમણાંજ મને બતાવો કે જેથી તે મારો ભાઇ છે કે નહિ તેની બરાબર હું ખાત્રી કરૂં!' એમ કરવાની હા પાડીને નંદન (રાજપુરૂષ) તેને લાવવા માટે ગયો અને બાળને ઉપાડી લાવીને થોડા વખતમાં પાછો આવ્યો.

---

૧ પૂર્વસેવાઃ વિદ્યા સિદ્ધ કરવા પહેલાં સાધના કરવી પડે તે. તેમાં જપ, તપ, બ્રહ્મચર્ય વિગેરેનો સમાવેશ થાય છે.

૨ પશ્ચાત્સેવાઃ વિદ્યા પ્રાપ્ત થયા પછી કરવાની વિધિઓ.

[illegible]

[illegible]

એક મહા ભયંકર સ્મશાનમાં તે મને લઇ ગયો. ત્યાં સળગાવેલા અંગારાના અગ્નિકુંડ પાસે ઊભેલા એક પુરૂષને મેં જોયો. તે ઊભેલા પુરૂષને આકાશમાં ચાલનાર તે વિદ્યાધરે કહ્યું 'મહારાજ! તમારૂં ઇચ્છિત કામ આજે સિદ્ધ થયું. વિદ્યા સિદ્ધ કરવાને માટે જોઇએ તેવો લક્ષણવાળો પુરૂષ મને પ્રાપ્ત થયો છે.' તે ઊભેલા પુરૂષે જવાબ આપ્યો. ચાલો, બહુ કૃપા થઇ!' પછી પેલા વિદ્યાધરે કહ્યું 'એક વિદ્યાનો જાપ પૂરો થાય ત્યારે તમારા હાથમાં હું જે આહુતિ આપું તે તમારે અગ્નિમાં નાખવી.' આ હકીકત તે ઊભેલા પુરૂષે કબૂલ કરી. જાપ કરવાનો આરંભ થયો. ત્યાર પછી પેલા વિદ્યાધરે યમની જીભ જેવી અતિ તીક્ષ્ણ અણીવાળી અને સૂર્ય જેવી ચકચકતી ખંજર કાઢી અને તેના વડે મારી પીઠમાંથી તેણે એક માંસની પેશી (ટુકડો) કાપી કાઢી તેમજ તેજ ભાગને દાબીને તેમાંથી કેટલુંક લોહી કાઢ્યું અને તે વડે પોતાનો ખોબો ભર્યો. તે વખતે ત્યાં જે બીજો પુરૂષ હતો તેનો એક જાપ પૂરો થયો એટલે વિદ્યાધરે તેને લોહી અને માંસની આહુતિ આપી તે પોતાના હાથમાં લઇને તેણે અગ્નિકુંડમાં નાખી. વળી પાછો ફરીવાર જાપ શરૂ કર્યો. પરમાધામી રાક્ષસો જેમ નારકીના જીવોના શરીરને કાપે તેમ તે વિદ્યાધર મારા શરીરના જૂદા જૂદા ભાગોમાંથી માંસના કકડાઓ કાપીને અને તે ભાગને દાબીને તેમાંથી લોહી કાઢીને તેનો ખોબો ભરી પેલા જાપ કરનારને અગાઉની માફક આપતો હતો અને જાપ પૂરો થતાં તે લઇને બીજો પુરૂષ અગ્નિમાં તેની આહુતિ આપતો હતો. તે વખતે મને એટલી સખ્ત પીડા થતી હતી કે આખરે પીડાથી મુંઝાઇને મને મૂર્છા આવી ગઇ અને હું જમીન પર પડી ગયો; પરંતુ પેલો વિદ્યાધર તો મારૂં હૃષ્ટપુષ્ટ શરીર જોઇને બહુ આનંદ પામતો હતો અને મારી પીડાની જરા પણ દરકાર કર્યા વગર મને વધારે ને વધારે કાપતો હતો. તે વખતે અટ્ટહાસથી હસવાની પેઠે, પ્રલયકાળના મેઘના ગર્જારવ પેઠે, સમુદ્રથી ડોલતી પૃથ્વીની પેઠે, શિયાળીઆઓ પોતાની જીભ વડે લાળી કરવા મંડી ગયા, ભયંકર રૂપ ધારણ કરનાર વૈતાળો નાચવા લાગ્યા અને લોહીનો વરસાદ વરસવા લાગ્યો. આવા ભયંકર દેખાવોથી પણ રાજાનું ચિત્ત જરા પણ દોલાયમાન થયું નહિ–ચળ્યું નહિ એટલે આખરે પેલી ભયંકર વિદ્યા રાજાની પાસે આવી, આદર્શ જાપ પૂરા થયા, તે વખતે 'હું તને સિદ્ધ થઇ છું' એમ બોલતી વિદ્યા પ્રગટ થઇ, સાધના કરનારે (રાજાએ)

જાપ, હોમ; લોહી, માંસ.

વિદ્યાસિદ્ધિ. વીજ લેપ.

તેને નમસ્કાર કર્યો અને વિદ્યા તે સાધકના શરીરમાં દાખલ થઇ. મારા શરીરમાંથી માંસ તથા લોહી નીકળેલ હોવાને લીધે દયા આવે તેવી રીતે મને રડતો જોઇને રાજાને મારા ઉપર કરૂણા આવી અને અંદર શ્વાસ લેતા રાજાએ દાંતનો અવાજ કર્યો. રાજાને તેમ કરતો જોઇને વિદ્યાધરે વાર્યો અને કહ્યું 'રાજન્! આ વિદ્યાનો એવો કલ્પ (નિયમ) છે કે જે પ્રાણીની તે વિદ્યાને આહુતિ આપી હોય તેના ઉપર સાધના કરનારે દયા લાવવી ન જોઇએ.' એ પ્રમાણે બોલીને પેલા વિદ્યાધરે મારા શરીર ઉપર કોઇ જાતનો લેપ લગાડ્યો. તે વખતે જાણે ચારે તરફ લાગેલા અગ્નિથી બળી જતો હોઉં, વજ્રથી જાણે ચુરાઇ જતો હોઉં, ઘાણીથી જાણે પીલાઇ જતો હોઉં, તેમ હું ઘણી આકરી પીડા પામવા લાગ્યો, પણ મારૂં પાપી જીવન તે વખતે પણ પૂરૂં થયું નહિ, હું મરણ પામ્યો નહિ અને એક ક્ષણવારમાં દાવાનળથી બળેલા છાણા જેવું મારૂં શરીર થઇ ગયું. બન્ને જણા (વિદ્યાધર અને રાજા) મને ત્યાંથી ઉપાડીને નગરમાં લઇ ગયા. પછી મારા શરીર ઉપર સોજા લાવવા માટે મને ખાટી વસ્તુનું ખૂબ ભોજન કરાવ્યું, જે ખોરાકને પરિણામે મારૂં આખું શરીર તદ્દન બહેરૂં થઇ ગયું. તેવીજ રીતે તે રાજાએ મારા માંસ અને લોહીથી આહુતિ આપીને સાત દિવસ સુધી આઠસેં આઠસેં જાપ દરરોજ કર્યા. ત્યાર પછી તેં જે અવસ્થામાં મને જોયો તે ભાઇ! તું સારી રીતે જાણે છે. ભાઇ! આ મારા અનુભવની હકીકત છે. એ દુઃખનો હું જ્યારે અનુભવ કરતો હતો ત્યારે મનમાં એમ થતું હતું કે જેવાં દુઃખનો મેં અનુભવ કર્યો તેવું દુઃખ પ્રાયે (ઘણું કરીને) નરકમાં પણ હશે નહિ."

મધ્યમબુદ્ધિએ અત્યંત દીલગીરી સાથે આ બાળના દુઃખી અનુભવનો વૃત્તાંત સાંભળીને કહ્યું 'ભાઇ બાળ! ખરેખર, તારે માથે આવું દુઃખ ન ઘટે! અરેરે! એ પાપી વિદ્યાધર કેવો દયા વગરનો! અને તે વિદ્યા પણ કેવી ભયંકર!'

મનીષીએ આપેલો વ્યવહારૂ બોધ.

હવે તે વખતે લોકાચારને અનુસરીને બાળની ખબરઅંતર પૂછવા માટે મનીષી ત્યાં આવ્યો, તેણે બારણામાં ઊભા ઊભા ઉપર પ્રમાણે શોક કરતો મધ્યમબુદ્ધિને સાંભળ્યો. તેજ વખતે તે અંદર દાખલ થયો. તેને મધ્યમબુદ્ધિએ બેસવાનું આસન આપ્યું અને તેની સાથે વાતચીત કરવા માંડી. થોડી વાતચીત થયા પછી મનીષીએ પૂછ્યું—"અરે ભાઇ મધ્યમબુદ્ધિ! તું આ પ્રમાણે શોક શા માટે કરે છે?

મધ્યમબુદ્ધિ—'મારા શોકનું કારણ અલૌકિક છે, ભારે જબરૂં છે.'

મનીષી—'તેનું અસાધારણ કારણ શું છે?'

તે વખતે મધ્યમબુદ્ધિએ ઉપવનમાં પોતે બાળ સાથે ગયો ત્યાંરથી માંડીને બાળને વિદ્યાધરે ઉપાડ્યો, તેના શરીરમાંથી માંસ અને લોહી લીધાં વિગેરે સર્વ હકીકત કહી સંભળાવી. મનીષીએ આ સર્વ હકીકત અગાઉ જાણી હતી છતાં પણ અજાણ્યાની પેઠે દેખાવમાં આશ્ચર્ય બતાવીને સર્વ હકીકત મધ્યમબુદ્ધિ પાસેથી બરાબર સાંભળી. ત્યાર પછી મનીષી બોલ્યો "અરે! બાળને [1]આવું તે શું થયું? એ ઠીક તો ન થયું. જો કે મેં તો તને પ્રથમથીજ કહ્યું હતું કે બાળ પાપી સ્પર્શન સાથે સંબંધ કરે છે તે જરા પણ સારૂં નથી. આ બાળને જે અનર્થો પ્રાપ્ત થયા છે તે સર્વ મારા સમજવા પ્રમાણે એ સ્પર્શને કરેલા છે; કારણ કે એ પાપી સ્પર્શન આર્યપુરૂષને ઘટે નહિ તેવાં અકાર્ય કરવાના વિચારનું કારણ છે અને જ્યારે પ્રાણી આર્યપુરૂષને ન ઘટે તેવાં કામો કરવાનો એક વખત સંકલ્પ કરે છે ત્યારે અધમ ચિત્તવૃત્તિને લીધે અને પાપના ઉદયનું બહુ જોર થઇ ગયેલું હોવાને લીધે જેમ માછલું કાંટામાં રહેલ ગળપણવાળા અન્નનો ટુકડો ખાવા લલચાઇ જાય છે અને સપડાઇ જાય છે, તેમ એક પણ કાર્ય સિદ્ધ કર્યા વગર આપત્તિના ખાડામાં ઢળી પડે છે અને મરણ પણ પામે છે. ઊંધા અને ઉલટા રસ્તાથી કોઈ દિવસ કોઇ પણ પ્રાણીનું કાર્ય સિદ્ધ થયું નથી અને થવાનું નથી. સુખ મેળવવા માટે આર્યપુરૂષને ન ઘટે તેવાં કામો કરવાનો સંકલ્પ કરવો તે ઊંધો માર્ગ છે. એવા ખોટા સંકલ્પ કરવામાં આવે છે ત્યારે તે ધીરજનો નાશ કરે છે, વિવેકને વેચી દે છે, ચિત્તને મલિન કરે છે અને લાંબા વખત પૂર્વે જે પાપો કર્યાં હોય તેને ખેંચીને ઉદયમાં લાવી મૂકે છે અને છેવટે પ્રાણીને સર્વ અનર્થોના માર્ગ પર લાવી મૂકે છે. આ પ્રમાણે હોવાથી આર્યપુરૂષને ન ઘટે તેવાં કામનો સંકલ્પ કરવો તેમાં સુખની ગંધ પણ ક્યાંથી હોઇ શકે? બાળને આવી મહા ભયંકર પીડા ભોગવવી પડી તેનું કારણ માત્ર તેણે મારી શિખામણ ન માનતાં પોતાના મનમાં આવ્યું તેમ કબૂલ રાખી સ્પર્શન સાથે સંબંધ વધારતો ગયો તેજ છે. બાળે શિખામણ ન માની તેનો જવાબદાર તે પોતે છે, તેમાં તું શોક શા માટે કરે છે?"

---

૧ આ વ્યવહારવચન છે. પીડા થાય તે તો ઠીક નહિ, જો કે બાળ તો તેને સર્વથા યોગ્ય છે. આગળ મનીષીના વિચાર વાંચવાથી આ સ્પષ્ટ થશે.

બાળ—" ભાઇ મનીષી ! આવું સંબંધ વગરનું-ઠેકાણા વગરનું બોલવાથી શું લાભ છે ? મોટા માણસો મોટું કામ સાધવા તૈયાર થયા હોય તેઓને વચ્ચે વચ્ચે કદાચ દુઃખ આવી પડે તો તેથી તેઓનું મન દુઃખાતું નથી અને તેઓ પોતાના કામથી પાછા પણ હઠતા નથી. જો કમળની જેવી કોમળ કાયાવાળી પેલી મદનકંદળી મને પ્રાપ્ત થાય તો પછી આ દુઃખ તે શું બિસાતમાં છે ?"

મનીષીની વિચારશીળ સલાહ.
બાળના વર્તનપર જૂદી જૂદી ટીકાઓ.
મનીષી અને મધ્યમબુદ્ધિની વાતચીત.

જેમ કોઇ મનુષ્યને વિકરાળ સર્પે ડંસ માર્યો હોય તો પછી તેનો બચાવ કરવાનો કોઇ રસ્તો કે ઉપાય રહેતો નથી, તેવી રીતે એ બાળ હવે ઉપદેશ, મંત્ર કે તંત્રથી સાચા માર્ગ પર આવી શકે તેવું નથી, તેનો અંતર વ્યાધિ અસાધ્ય થઇ ગયો છે, એમ વિચારી મનીષીએ પોતાના જમણા હાથની આંગળીએ મધ્યમબુદ્ધિને વળગાડ્યો અને તે સ્થાનમાંથી ઊઠી જઇ મનીષી મધ્યમબુદ્ધિ સાથે બહાર આવ્યો અને પછી તે બન્ને ભાઇ (મધ્યમબુદ્ધિ અને મનીષી) બાજુના ઓરડામાં દાખલ થયા. ત્યાં ગયા પછી મનીષીએ મધ્યમબુદ્ધિને કહ્યું "ભાઇ મધ્યમબુદ્ધિ ! આ બાળ તો તેના નામ પ્રમાણે બાળ (અજ્ઞાન-મૂર્ખ) જ રહ્યો ! એ પોતાનું ખરૂં આત્મહિત ક્યાં છે તે જરાપણ સમજતો નથી તો તેની પીઠે વળગીને તારે પણ હેરાન થવાનો વિચાર છે ?"

મધ્યમબુદ્ધિ—" ભાઇ મનીષી ! તેં મને બરાબર બોધ આપ્યો એમાં જરા પણ શંકા જેવી વાત નથી. આ બાળ તારી સાચી સલાહ પણ સાંભળતો નથી તો હવે તેની સાથે સંબંધ રાખવાથી સર્યું ! વળી બાળના સંબંધમાં હાલ જે ઉપર જણાવેલો બનાવ બન્યો છે તે પણ અત્યંત શરમ ઉપજાવે તેવો છે. ત્યારે શું પિતાજીને હજુ તે વાતની ખબર પડી નહિ હોય ?"

મનીષી—" અરે પિતાજીએ એ હકીકત જાણી છે એટલું જ નહિ પણ આખા ગામે તે હકીકત જાણી છે અને કાલે સવારે પડદો (પટહ-દાંડી-બટાકી) વાગશે ત્યારે તને પણ ખબર પડશે કે આખું ગામ તે વાત જાણે છે."

મધ્યમબુદ્ધિ—" એ વાતની સર્વ માણસોને કેવી રીતે ખબર પડી ગઇ ?"

મનીષી—"ભાઇ મધ્યમબુદ્ધિ ! કામદેવના મંદિરમાં જે અનાચ બન્યો હતો તે તો ઘણા લોકોની દેખતાજ બન્યો હતો તેથી તેઓ તે જાણે તેમાં નવાઇ નથી. હવે વિદ્યાધરે બાળને ઉપાડ્યો તે હકીકત લોકોના જાણવામાં કેવી રીતે આવી એમ તું પૂછતો હો તો તેનો ખુલાસો એ છે કે તે રાત્રીએ જ્યારે વિદ્યાધરે બાળને ઉપાડ્યો ત્યારે તારા હાહારવથી અને 'હું આવ્યો, હું આવ્યો' એવા પોકારથી ઘણા માણસો ઉંઘમાંથી જાગી ગયા હતા. તેઓએ એ સર્વે હકીકત આખા નગરમાં ફેલાવી."

મધ્યમબુદ્ધિએ વિચાર કર્યો કે બાળ ગમે તેવો પણ પોતાનો ભાઇ છે એમ ધારીને પોતે તેની હકીકત છુપાવી રાખતો હતો, પણ એની વાત તો ઘણી જાહેર થઇ ગઇ હોય એમ જણાય છે. સારી રીતે છુપાવીને કોઇ કામ કર્યું હોય તો પણ તે લોકમાં ઘણે ભાગે પ્રગટ થયા વગર રહેતું નથી અને ખાસ કરીને પાપ તો તુરતમાં જરૂર પ્રસિદ્ધ થઇ જાય છે. તેટલા માટે પોતાનાં કરેલાં પાપાચરણો છુપાવવા માટે પ્રાણીઓ પ્રયાસ કરે છે તે તેમની મિથ્યા બુદ્ધિજ છે. આવા પ્રકારનો પ્રયત્ન કરવો તે મોહની એક પ્રકારની રમત જ છે. આ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરીને મધ્યમબુદ્ધિએ મનીષીને ાહ્યું "ભાઇ મનીષી ! આ હકીકત સાંભળીને તેં શું કર્યું? પિતાજીએ શું ધાર્યું ? માતાજી એ શું કર્યું ? અને નગરવાસી જનોએ શું વિચાર ાર્યો ? એ સર્વ હું તારી પાસેથી જાણવા ઇચ્છું છું."

ાળ તરફ બેદ્રી
બેદ્રી દીકાયો.

મનીષી—"ભાઇ મધ્યમબુદ્ધિ ! સાંભળ. સજ્જન પ્રાણીઓએ દુર્ગુણી પ્રાણી તરફ ઉપેક્ષા રાખવી જોઇએ એવી ભાવનાથી મને બાળ તરફ[1] માધ્યસ્થ્ય ભાવ રહ્યો તેમજ ક્લેશ પામતા પ્રાણી ઉપર સજ્જન પુરૂષોએ દયા રાખવી જોઇએ (કરૂણા ભાવ)[2] એ વિચારથી મને

---

૧ યોગની ચાર ભાવના છેઃ મૈત્રી, પ્રમોદ, કરૂણા, અને માધ્યસ્થ્ય. ાથી માધ્યસ્થ્ય ભાવનામાં-પ્રાણી કર્મને વશ છે, કોઇ પ્રાણી નિર્ગુણી હોય તો ના ઉપર ક્રોધ કરવો ઉચિત નથી, એમ વિચારી તેના સંબંધમાં મૌન રાખવું ાને દોષ તરફ બેદરકારી બતાવવી, તે દોષો ઓછા થઇ શકે તેવું હોય તો તેનો પાય કરવો, પણ અટકાવી ન શકાય તેવા દોષ હોય તો તેના તરફ ઉપેક્ષા રાખવી ા માધ્યસ્થ્ય ભાવનાનું લક્ષણ છે. (અ. કલ્પદ્રુમ-દ્વિ. આવૃત્તિ-પૃ. ૩૭ જુઓ)

૨ દીન, દુઃખી, પીડા પામતા પ્રાણીઓ ઉપર દયા તે કરૂણાભાવ-યોગની ીજી ભાવના.

તારા ઉપર બહુ કરૂણા આવી, વળી પેલા પાપી મિત્ર (સ્પર્શન) સોબતથી ઉત્પન્ન થતી આવા પ્રકારની પીડાઓથી હું મુક્ત રહ્યો એ

મનીષીનું વર્તન.

વિચારથી મને મારી જાતમાં–મારા આત્મામાં વિશે શ્રદ્ધા–પાકો ભરોસો આવતો ગયો. વળી મહાત્મ ઓ ગુણ ઉપર અને ગુણવાળા પ્રાણીઓ ઉપ વિશેષ [1]પ્રમોદવાળા થાય છે–તેઓ ગુણ જોઇને રા રાજી થઇ જાય છે એ વિચારથી આ પાપી મિત્ર સ્પર્શન જે સ અનર્થોનું મૂળ છે તેને પોતાના પાસેથી એકદમ દૂર હાંકી મૂકના મહાત્મા ભવજંતુ[2] ખરેખર પુણ્યશાળી અને ભાગ્યશાળી છે એ વિ ચારથી તેના તરફ પ્રમોદ થયો, તેના વિચારથી મનમાં આનંદ આ વવા લાગ્યો અને તેને માટે મનમાં મોટું માન ઉત્પન્ન થયું. પિતાશ્રીએ તો આ હકીકત જાણી ત્યારે તેઓ અટ્ટહાસ કરીને ખૂબ હસ્યા. મેં તેઓશ્રીને એ પ્રમાણે હસવાનું કારણ પૂછ્યું ત્યારે તેઓએ મને જ

માતા પિતા નો મત.

ણાવ્યું કે 'મને જ્યારે પ્રાણીઓ પ્રતિકૂળ થાય છે ત્યારે તેઓને જે પ્રમાણે સાધારણ રીતે થાય છે તેવું જ બાળને થયું છે તેથી મને તો એ હકીકતથી આનંદ થાય છે. [3]માતા સામાન્યરૂપાએ તો શોક કરીને રાડો પાડવા માંડી અને પોતાનો પુત્ર ક્યાં ગયો હશે એ વિ ચારથી બહુ દીલગીર થઇ ! પોતાના પુત્રને આવી કોઇ પણ પ્રકારની અડચણ થઇ નહિ એ વિચારથી મારી માતા (શુભસુંદરી) આનંદ પામી. બાળને કોઇ ઉપાડી ગયું છે એવી વાર્તા સાંભળીને નગરના

---

1 પારકાનું હિત ચિંતવન કરવું તે મૈત્રીભાવ, ગુણ અને ગુણવાન્ તરફ પક્ષપાત કરવો તે પ્રમોદભાવ, સંસારથી પીડા પામતા પ્રાણીઓ પર દયા કરવી તે કરૂણા ભાવ અને નિવારણ ન કરી શકાય તેવા દોષો તરફ ઉપેક્ષા રાખવી એ માધ્યસ્થ્યભાવ. અત્ર બીજી પ્રમોદ ભાવનાની વાત કરી તેમાં ગુણવાન્ તરફ રાગ થાય છે.

2 ભવજંતુના વિયોગથી સ્પર્શન આત્મઘાત કરતો હતો તે હકીકત યાદ કરવા માટે હકીકત આ પ્રસ્તાવનું પ્રકરણ ચોથું. એવા પ્રાણી તરફ પ્રમોદ આવવો તે મુમુક્ષુને માટે તદ્દન સ્વાભાવિક છે.

3 આવા વિચાર પ્રમાણે અહીં બાળની માતા અકુશળમાળાએ રાડો પાડી એમ હોવું જોઈએ તે વધારે ઠીક લાગે. મૂળમાં સામાન્યરૂપાનું નામ જણાવ્યું છે. આપણા [illegible] બુદ્ધિપૂર્વક [illegible] તે સમયમાં સામાન્યરૂપાએ નિઃસાસા મૂક્યા હશે અને [illegible] લખી દીધું છે. મો. ગિ.

સર્વે લોકો તો બહુ રાજી થઈ ગયા. તું બાળની પક્ષ-
લોક- પાતે એવા એ હકીકત સાંભળીને ગાઢ નગરવાસી જ-
મત. નોને તારા ઉપર દયા આવી અને મારી સ્વસ્થ વૃત્તિ
જોઈને સર્વે નગરવાસીઓને મારી તરફ પક્ષપાત થયો."

મધ્યમબુદ્ધિ—"આ સર્વે હકીકત તારા જાણવામાં કેવી રીતે આવી?"

મનીષી—"હું કુતૂહળને લીધે નગરમાં ફરવા નીકળી પડ્યો હતો ત્યારે મેં લોકોને અંદર અંદર વાત કરતાં સાંભળ્યા હતા. તેઓ બોલતા હતા કે—'અરે કુળને કલંક લગાડનાર, અંતઃકરણથી ગયા દુષ્ટ, મર્યાદાથી રહિત, સદાચારથી ઉખડી ગયેલો અને હમેશાં લજ્જાયોગ્ય માર્ગે ગમન કરનાર અને આખા નગરને અનેક રીતે હેરાન કરનાર એ બાળને કોઈ ઉપાડી ગયું એ તો બહુજ સારી વાત થઈ.' આ હકીકત સાંભળીને વળી બીજો માણસ ટોળામાંથી બોલી ઉઠ્યો. 'હા, એ તો બહુ ઠીક થયું, પણ એ બાળને કોઈએ છિન્નભિન્ન કરીને મારી નાખ્યો એવી વાત જો સંભળાય તો તે વાત વધારે સારી જણાય, કારણ કે એ પાપીનો તો કોઈ પણ રીતે નાશ થાય તોજ નગરવાસી સ્ત્રીઓનાં શિયળનું રક્ષણ થઈ શકે તેમ છે; તે સિવાય બીજો કોઈ પણ રસ્તો નથી.' તે વખતે ટોળામાંનો એક ત્રીજો માણસ બોલી ઉઠ્યો 'અરે હારે હા! એ તો ખરુ ધરમની વાત થઈ! પણ એની પછવાડે વળગીને પેલો મધ્યમબુદ્ધિ ખેદ પામે છે અને હેરાન થાય છે તે સારૂં નથી, એ આપણને તો સારો જણાય છે!' ત્યારે વળી ટોળામાંનો એક બીજો માણસ બોલી ઉઠ્યો 'અરે ભાઈ, જવા દેને! વળી જે પાપીઓના મિત્ર હોય તે કદિ સારા હોતા હશે? જો ખરેખરૂં [1]જાતીય સુવર્ણ હોય તે પથ્થરની સાથે સોબત કરેજ નહિ અને જો તેમ કરે તો પછી તેની જ મારફતે એવો સંબંધ કરનાર પ્રાણી અનેક દુઃખો પામે અને લોકોમાં તેની ગેરઆબરૂ થાય તેમાં જરા પણ ખોટું થતું નથી. જે પ્રાણીઓ શરૂઆતથીજ સારા માણસોના સંબંધમાં આવી પાપકાર્ય કરવામાં આસક્તિવાળા પ્રાણીઓના સંબંધનો જ ત્યાગ કરે છે તેઓને કોઈ પ્રકારનો દોષ લાગતો નથી અને લોકો તેઓના નામની સાથે દોષોને જોડતા નથી એટલે તેઓને દોષવાન ગણતા પણ નથી. તેના સંબંધમાં પેલો મનીષીજ દાખલો લેવા લાયક છે. તે પોતે મહાત્મા છે તો

---

1 સો ટચનું—અસ્સલ ખરું શુદ્ધ સોનું.

પાપી બાળની સાથે પોતાનો સર્વ સંબંધ છોડી દઇને કેવો કલંક વગરનો થઇને નિરાંતે સુખમાં રહે છે?' ભાઇ મધ્યમબુદ્ધિ! લોકોને અંદર અંદર આ પ્રમાણે વાત કરતાં સાંભળવાથી આ સર્વ હકીકત મારા જાણવામાં આવી છે અને તેથી બાળનો સંબંધ છોડી દેવાની મેં તને સૂચના કરી છે."

સાચી સલાહની અસર.
વિચાર અને નિર્ણય.
બાળ સમાગમ ત્યાગ.

મધ્યમબુદ્ધિએ વિચાર કર્યો કે ખરેખર, દોષમાં રચી પચી રહેલ પ્રાણીને આ ભવમાં પણ સુખની ગંધ આવતી નથી, તેને એક દુઃખ ઉપર બીજું એમ દુઃખને દુઃખ જ આવ્યાં કરે છે. વળી એવા પ્રાણીને દુઃખના ભારની પીડા થાય છે તેટલાથીજ તેનો છુટકો થતો નથી પણ લોકો તેના ઉપર આક્રોશ કરીને તેના દુશ્મનની ગરજ સારે છે. એક તો એવા પ્રકારનો પ્રાણી દુઃખથી બળી જતો હોય છે અને ઉપરાંત વધારામાં લોકોમાં તેની નિંદા થાય છે તેથી તેને તો બરાબર દુઃખ ઉપર ડામ લાગવા જેવું થાય છે. બાળને બરાબર એજ પ્રમાણે થયું છે અને તેની સાથે સંબંધ રાખવાથી હું પણ તેના જેવો જ હોઇશ એવા વિચારથી લોકોની દયાનું પાત્ર થયો અને કેટલાક વિચારવાન્ પ્રાણીઓએ તો મને બાળના જેવોજ ધાર્યો. એ પાપી બાળ સાથેનો સંબંધ દુઃખનું મૂળ અને સજ્જન માણસોને નિંદવા યોગ્ય છે એમ હવે જ્યારે મારા સમજવામાં ચોક્કસ આવ્યું ત્યારે તે સંબંધ જરૂર કરવા યોગ્ય નથી એવો નિર્ણય થાય છે. ગુણમાં રાચી માચી રહેલ પ્રાણીઓને સર્વ સંપત્તિ આ જ ભવમાં મળી જાય છે એ પણ બરાબર ચોક્કસ થયું અને તેના દાખલામાં આ ભાઇ મનીષી પોતે જ છે. એણે બાળ અને સ્પર્શનનો સંબંધ કરવાની મૂળથી ના પાડી તેથી અત્યાર સુધી તેના ઉપર કોઇ પણ પ્રકારનું કલંક પણ આવ્યું નહિ, તે તદ્દન સુખી રહ્યો અને પંડિત પુરૂષોના વખાણને પાત્ર થયો. આ પ્રમાણે નજરોનજર જોવાય છે છતાં પણ કેટલીક વાર વર્તન કરતી વખતે લોકો દોષ તરફ આદરભાવ બતાવે છે અને ગુણ તરફ મંદ ઉત્સાહ બતાવે છે તે પાપ કર્મના ઉદયથીજ હોય એમ મને તો લાગે છે.[1] મેં તો ગુણ અને દોષ

---

૧ અહીં મૂળ ગ્રંથ બૅ. રો. એ. સો. વાળા ખાસ ભાગની આવૃત્તિનું પૃષ્ઠ ૨૭૬ શરૂ થાય છે.

વચ્ચેનો તફાવત બરાબર જોઇ લીધો છે. મનીષીએ કહ્યું તેમ મારે તો ગુણ પ્રાપ્ત કરવામાટે જ પ્રયત્ન કરવો એ વધારે સારૂં છે.

આ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરીને પછી મનીષીને તેણે પ્રગટપણે કહ્યું—"હાલ તો હું લોકોમાં ઉઘાડી રીતે ફરીને મોઢું બતાવી શકું તેમ નથી, કારણ કે બાળની હકીકત પૂછીને લોકો વારંવાર મને કંટાળો આપ્યા કરે છે અને બાળની એ હકીકત અત્યંત શરમ ઉપજાવે તેવી હોવાથી તે વારંવાર બોલવાનું કે બીજાને કહેવાનું મને મન થતું નથી. વળી એ વાત જો હું લોકોને કહેવા બેસું તો બાળને કેવી કેવી હેરાનગતીઓ થઇ એ હકીકત મારી પાસેથી સાંભળી દુર્જન લોકો તેના ઉપર વધારેને વધારે હસશે; તેથી ભાઇ મનીષી! મારે હાલ તો રાજભુવનમાં જ રહેવું વધારે ઠીક છે એમ મને લાગે છે. લોકો બાળની હકીકત ભૂલી જાય નહિ ત્યાં સુધી જાહેરમાં દેખાવું તે મને ઉચિત લાગતું નથી."

મનીષી—"જેમ તારૂં મન વધે તેમ કર, તેમાં મને કાંઇ પણ વાંધા જેવું લાગતું નથી; મારૂં તો તને ખાસ કહેવાનું એ છે કે એ પાપી મિત્રનો સંબંધ તારે કોઇ પણ પ્રકારે કરવો નહિ."

તે દિવસથી મધ્યમબુદ્ધિ મહેલમાં જ રહેવા લાગ્યો, તેણે બહાર જવા આવવાનું તદ્દન બંધ કરી દીધું. વાતચીત પૂરી થયા પછી મનીષી ત્યાંથી પોતાના સ્થાનપર ગયો.





પ્રકરણ ૧૦ મું.

બાળના હાલહવાલ.



હવે આ બાજુએ બાળના શરીરમાંથી અકુશળમાળા અને સ્પર્શન બહાર નીકળ્યા, પ્રગટ થયા. અકુશળમાળા કહેવા લાગી "વાહરે વાહ! દીકરા! તેં બહુ સારૂં કર્યું! પેલા જુઠા વાચાળ મનીષીનો તિરસ્કાર કરીને મારાથી ઉત્પન્ન થયેલા પુત્રને ઘટે તેજ પ્રમાણે તેં વર્તન કર્યું તેથી તું મારો ખરેખરો દીકરો છે!"

સ્પર્શન—"માતાજી! આવા પુરૂષોએ એવા પ્રકારનું વર્તન કરવું તે યોગ્ય જ છે. એ પ્રમાણે આચરણ કરીને મારા વ્હાલા મિત્રે મારા તરફનો દૃઢ પ્રેમ બતાવી આપ્યો છે. અરે! આટલા સારા શબ્દો કહેવાની પણ શું જરૂર છે? હવે તો અરસ્પરસ એક બીજાના સુખ દુઃખમાં આપણે એક સરખો ભાગ લેવાનો સંબંધ જોડાયો. મોટું કામ કરવાને જે પ્રાણી તૈયાર થયો હોય તેને વચ્ચે વચ્ચે વિઘ્નો-અડચણો આવે, પણ તેની શું તે કદિ પણ દરકાર કરે છે?"

બાળ—"મારૂં પણ એજ કહેવું છે. માત્ર પેલો મનીષી તે વાત જાણતો નથી."

સ્પર્શન—"તારે એવાનું શું કામ છે? તારા સુખમાં એ પાપી વિઘ્ન કરનાર છે. હું પોતે અને તારી માતા જ માત્ર તારાં ખરાં સુખનાં કારણ રૂપ છીએ."

બાળ—"એ બાબતમાં શું શક છે? એ તો સંદેહ વગરની વાત છે!"

આટલી વાતચીત થયા પછી અકુશળમાળાએ અને સ્પર્શને પોતાની યોગશક્તિ ચલાવીને પાછો બાળના શરીરમાં પ્રવેશ કર્યો.

મદનકંદળીને પ્રાપ્ત કરવાના બાળના પ્રયાસ.
ફસાઇ જતાં આવી રાત્રી ભયંકર યાતના.
લોકોનો તિરસ્કાર. મૃત. દુઃખ અને ભય.

બાળના શરીરમાં જેવા તે બંને (માતા અને સ્પર્શન) દાખલ થયા કે તુરતજ મદનકંદળી સાથે વિષયસુખ ભોગવવાની અત્યંત ઉત્સુકતા બાળને થઇ પડી, તેના શરીરમાં દાહ થવા લાગ્યો. તેને બગાસાં આવવા લાગ્યાં, તે બિછાનાપર પડી ગયો અને આમથી તેમ અને તેમથી આમ શરીર પછાડવા લાગ્યો. આવા પ્રકારની તેની ચેષ્ટા મધ્યમબુદ્ધિએ દૂરથી જોઇ, તેને બાળ ઉપર દયા આવી, પણ મનીષીનું વચન સંભારીને તેણે બાળના સમાચાર પણ પૂછ્યા નહિ.

મદનકંદળીના વાસભુવનમાં.

આ વખતે સૂર્ય અસ્ત થયો. રાતના પહેલે પહોરે જ બાળ બહાર નીકળી પડ્યો. મધ્યમબુદ્ધિએ તેને બહાર નીકળતો જોઇને તેની તરફ તિરસ્કાર બતાવ્યો પણ આ વખતે તે તેની પછવાડે ગયો નહિ. પેલો બાળ શત્રુમર્દન રાજાના રાજભુવન પાસે આવી પહોંચ્યો, અને ક્રમે તે પ્રકારે રાજભુવનમાં દાખલ થયો. દૂરથી મદનકંદળીનું અંતઃપુર જોયું એટલે તે તરફ તેણે ચાલવા માંડ્યું. લોકોની હાજરી તે વખતે બહુ ગીચાગીચ હોવાને લીધે,[1] રાત્રીના અંધકારને લીધે, ચોકીદારો બીજા કામમાં ગુંથાઇ ગયેલા હોવાને લીધે, કોઇ પણ ન જુએ તેવી રીતે બાળ મદનકંદળીના વાસભુવનમાં દાખલ થઇ ગયો. તેના મધ્યભાગમાં જાજ્વલ્યમાન પ્રકાશ કરતા દીવાઓની નીચે મોટી કિંમતનો એક વિશાળ પલંગ તેના જોવામાં આવ્યો. તે વખતે મદનકંદળી રાણી શયનગૃહની નજીકમાં આવી રહેલી બાજુની [2]પ્રસાધનશાળામાં પોતાના શરીરપર કપડાં અલંકારો ધારણ કરતી હતી, શણગાર સજતી હતી. પેલી શય્યાને શૂન્ય જોઇને બાળપણાને લઇને બાળ તેના ઉપર ચઢ્યો; શય્યા બહુ કોમળ છે તે વિચારથી તેના મનમાં આનંદ થયો; શય્યાપર પાથરેલ પ્રાવરણ[3] ઉપાડીને બાજુપર મૂકી

૧ લોકોના ટોળામાં તે દાખલ થઇ ગયો એમ જણાય છે.

૨ Toilet room. કપડાં, આભૂષણો ધારણ કરવાં, કેશ ઓળવાં વિગેરે શણગાર સજવાનો ખાનગી ઓરડો.

૩ પ્રાવરણઃ પાથરેલ શય્યાપર ધૂળ ન લાગે તે માટે પાથરેલું ઓછાડ ઉપરનું ખાસ વસ્ત્ર. સુતી વખતે પ્રાવરણ ઉચકીને બાજુપર મૂકવાનો રિવાજ છે. એનો અર્થ 'પીછોડી' પણ થાય છે.

હજુ તો જરા આટો અવળો ન થાય ત્યાં તો શત્રુમર્દન રાજાએ સંધ્યાકાળને યોગ્ય સર્વ કાર્યો કરી, સભાને વિસર્જન કરી, થોડાક અંગત પુરૂષોને સાથે લઇને સભામંડપમાંથી શયનગૃહ તરફ આવવા માંડ્યું. તે વખતે હાથમાં બળતી મશાલો લઇને કેટલાક સેવકો મહારાજાને માર્ગ બતાવતા હતા. વાતચીત કરતા અને ધીમે ધીમે ચાલતા રાજા અનુક્રમે વાસભુવનના બારણા સુધી આવી પહોંચ્યા. રાજા પોતે આવે છે એમ દૂરથી બાળે જોયું. શત્રુમર્દન રાજાનું મહાન્ રાજતેજ હોવાને લીધે, બાળના હૃદયમાં સત્ત્વ બીલકુલ ન હોવાને લીધે, ખરાબ કામનું આચરણ નિરંતર ભય ઉત્પન્ન કરનાર હોવાને લીધે, કર્મવિલાસ રાજા એવા પ્રાણીઓથી હમેશા ઉલટો ચાલતો હોવાને લીધે અકુશળમાળા પોતાનું ફળ આપવાને ઘણી આતુર થયેલી હોવાને લીધે અને સ્પર્શન પોતાનો વિપાક (ફળપરિણામ) બતાવવાને તૈયાર થઇ ગયેલો હોવાને લીધે, બાળનાં અંગોપાંગો અત્યંત ભયથી ધ્રુજવા લાગ્યાં અને તેની સાથેજ બાળ પલંગ ઉપરથી પટકાઇને સ્વયમેવ જ ભૂમિ ઉપર પડ્યો. જમીનથી પલંગ ઘણો ઊંચો હોવાને લીધે, રત્નમય ફરસબંધી અતિ તેજસ્વી હોવા સાથે અવાજ કરે તેવી હોવાને લીધે અને બાળનું શરીર શિથિળ તથા અસ્તવ્યસ્ત થઇ ગયેલું હોવાને લીધે બાળના પડવાનો મોટો અવાજ થયો.

શત્રુમર્દન વાસભુવનમાં.

એ શું થયું? એ જોવાને–તપાસવાને રાજા એકદમ શયનગૃહમાં દાખલ થયા. ત્યાં તેણે બાળને જોયો. એ ત્યાં કેવી રીતે દાખલ થઇ ગયો હશે એ સંબંધમાં રાજાના મનમાં અનેક તર્કવિતર્ક થવા લાગ્યા. પલંગના ઓશીકા ઉપર રાજાએ બાળનો ઓવરકોટ (અંધારપીછોડો) જોયો[1] અને શય્યા અવ્યવસ્થિત થયેલી જોઇ. રાજાને ખાતરી થઇ કે એ અત્યંત દુષ્ટ માણસ છે અને રાણીની અભિલાષા કરનારો છે. આટલી પ્રતીતિ થતાં રાજાને તેના ઉપર ઘણો ક્રોધ આવ્યો. બાળની દીનતા તુરતજ તેના જાણવામાં આવી ગઇ, પણ એ મહા અધમ પુરૂષ છે તેથી તેના હેવાનીઅતપણાનો હવે છેડો લાવવો જ જોઇએ એવી બુદ્ધિથી રાજાએ તેની પીઠ ઉપર પગની લાત મારી, તેના બન્ને હાથને આડા વાળીને ભરડો દીધો અને તે બહુ બૂમો પાડતો

સપડાવું અને રાજ્ય હુકમ.

---

૧ આવરણઃ ઉપરનો જ શબ્દ છે. બાળે ઉપાડેલ ચાદર ઓશીકે હોય તે પણ સંભવિત છે અથવા બાળની અંધારપીછોડી પણ હોઇ શકે.

હતો તેની દરકાર કર્યા વિના તેના પોતાનાજ અંધારપીછોડાથી તેને મજબૂત બાંધ્યો.

રાત્રીમાં અસહ્ય યાતના.

પછી પોતાના વિભીષણ નામના સેવકને બોલાવીને રાજાએ કહ્યું "અરે વિભીષણ! આ મહા અધમ પુરુષ છે. એને આજ રાજમંદિરમાં રાખીને હું સાંભળી શકું તેવી રીતે આખી રાત સારી રીતે હેરાન કરો અને એનાં પાપનાં ફળ એને સારી રીતે ચખાડો. એને એટલી પીડા આપો કે એનો કરૂણસ્વર-રડવાનો અવાજ હું આખી રાત સાંભળ્યા કરું." વિભીષણે રાજ્યઆજ્ઞા માથે ચઢાવી. પછી મોટે સ્વરે બૂમો પાડીને રડતાં બાળને પકડીને વિભીષણ નજીકની રાજ્યભૂમિમાં લઈ ગયો, વજ્ર જેવા આકરા કાંટાથી ભરેલા લોઢાનાં થાંભલા સાથે તેને બાંધ્યો, કોરડાના સખત ફટકા તેને લગાવ્યા, તેના શરીર પર બળબળતું ગરમ તેલ રેડ્યું, તેની આંગળીઓમાં લોઢાની ખીલીઓ ઠોકી અને એવી એવી અનેક પ્રકારની કદર્થનાઓ કરી વિભીષણે બાળને આખી રાત નારકીના જીવો જેવી પીડા સહન કરે તેવી પીડા તેને ઉપજાવી. બાળે આખી રાત મોટેથી રડવામાં પસાર કરી.

લોકોનો તિરસ્કાર.

તેના રડવાના અવાજથી અને રડવાની હકીકત એક બીજાને કાને સાંભળવાથી રાજમંદિરમાં શું બન્યું છે તે જાણવાને આખું નગર પ્રભાતમાં રાજમંદિર નજીક એકઠું થયું. તેઓએ બાળને જોયો. "અરે હજુ પણ એ પાપી જીવે છે?"-એવાં એવાં કડવાં વચનો એના સંબંધમાં લોકો બોલવા લાગ્યા. તેવાં વચનો સાંભળવાથી બાળને હતું તે કરતાં પણ સોગણું વધારે દુઃખ લાગવા માંડ્યું. તે વખતે રાત્રે જે હકીકત બની હતી તે કેટલાક નગરવાસીઓને વિભીષણે કહી સંભળાવી, જે સાંભળી બાળની ધીઠતા તરફ સર્વને વધારે અણગમો આવ્યો અને તેને પરિણામે આખરે નગરના આગેવાન શહેરીઓએ રાજાને પ્રાર્થના કરી કે "મહારાજ! આપ નામદારશ્રી સાથે પણ જે આવી રીતે વર્તે છે તે ઘણો દુષ્ટ માણસ હોવો જ જોઇએ; તો હવે તેના સંબંધમાં એવો બંદોબસ્ત કરો કે જેથી બીજો કોઇ પણ મનુષ્ય તેના જેવું ખરાબ કામ કદિ કરે નહિ."

હવે તે શત્રુમર્દન રાજાને એક સુબુદ્ધિ[1] નામનો પ્રધાન હતો.

૧ આ જૈન હૃદય છે રાજા કરે તો પણ દષ્ટાંતરૂપના રાજા નહિ એમ આ હૃદય જણાવે છે. અત્યારે પણ ફાંસીની સજાના લાભાલાભ પર ઘણી ચર્ચા ચાલે છે.

એની બુદ્ધિ શ્રી અર્હત્પરમાત્માના આગમના બોધથી પવિત્ર થયેલી હ
તેણે એક દિવસ રાજાપાસે નમ્રતાપૂર્વક માગણી ક
હતી કે કોઇ પણ હિંસાના કામમાં તેના ઉપર મહે
બાની કરીને તેની સલાહ પૂછવી નહિ. રાજાએ
ધાનની તે માગણી કબૂલ રાખી હતી. આટલા મ
એ સુબુદ્ધિ પ્રધાન સાથે વિચાર કર્યા વગર જ રાજાએ પોતાના સે
કોને ફરમાન કર્યું કે 'એ અધમ પાપીને અનેક પ્રકારની પીડાઓ
નીપજાવીને પછી મારી નાખો.' બાળને દેહાંતદંડની આવી ભારે શિ
થતી જોઇને રાજ્ય તરફથી જાણે મોટો લાભ થયો હોય તેમ લો
બહુ રાજી થયા. ત્યાર પછી બાળને એક ગધેડા ઉપર બેસાડવા
આવ્યો, તેની ડોકમાં રામપાત્રનો હાર પહેરાવવામાં આવ્યો, લાક
મુઠ્ઠી અને લોઢાના સળીઆથી ચોતરફ તેના ઉપર પ્રહાર કરવા
આવ્યા અને તેવી સ્થિતિમાં આક્રંદ કરતાં અને બીજા માણસો
તાની તરફ અત્યંત કડવાં વચનો બોલે તે સાંભળતાં બાળને નગર
રાજ્યમાર્ગ, ત્રીભેટાઓ, ચોક અને બજારમાં સર્વ ઠેકાણે ફેરવવામ
આવ્યો. નગર ઘણું મોટું હોવાને લીધે સર્વત્ર ફેરવવામાં લગભ
આખો દિવસ નીકળી ગયો. સાંજ પડવા આવી ત્યારે તેને વધ ક
વાને સ્થાનકે રાજસેવકો લઇ આવ્યા. ત્યાં આગળ એક ઝાડની શાખ
સાથે તેને ગળાફાંસો દઇને લટકાવવામાં આવ્યો અને તેને એવ
રીતે લટકાવેલો જોઇને નગરવાસી જનો શહેરમાં પાછા ફર્યા.

દેહાંત દંડની આકરી સજા.

હવે ભવિતવ્યતાને લીધે બાળના ગળામાં જે દોરડું બાંધવામ
આવ્યું હતું તે તૂટી ગયું,[1] બાળ નીચે પટકાઇ પડ્યો
તેને મૂર્છા આવી ગઇ, મડદા જેવો ચેષ્ટા વગરનો થઇ
ગયો, બહારનો મંદ મંદ આવતો ઠંડો પવન તેના
શરીરને લાગ્યો તેથી ધીમે ધીમે તેને ચેતના આવી
એટલે જમીનને વળગતો વળગતો અને નિસાસાના અવાજ કરતો તે
પોતાના ઘર તરફ ગયો.

પાસ તુટ્યો; ઘરે ગયો.

એક ખુલાસો

કુમાર નંદિવર્ધન પાસે આ વાર્તા વિદુર કહે છે, આખી
વાર્તા સંસારીજીવ સદાગમ સમક્ષ કહે છે અને અગૃહીતસંકેતા

૧ અસલ ફાંસી એકવારજ મળતી, જો દોર તૂટે તો ગુન્હેગારનાં નશીબ ! હમણાં હુકમ હોય છે તેના જીવ જતા સુધી લટકાવી રાખી આપવી એમ ખાસ જણાવેલું; નહિ તો ફાંસીએ ચડાવ્યો એટલે સજા પૂરી થાય.

વિગેરે સર્વ સાંભળે છે—એ વાંચનારના ધ્યાનમાં હશે. આટલી વાત સાંભળીને વચ્ચે અગૃહીતસંકેતાએ પૂછ્યું "અરે સંસારીજીવ! તું જે વાર્તા કહે છે તેમાં ક્ષિતિપ્રતિષ્ઠિતપુર નગરમાં મોટી શક્તિ (વીર્ય) વાળો કર્મવિલાસ નામનો રાજા છે એમ તેં પ્રથમ કહ્યું હતું અને વાર્તા આગળ ચાલતાં અનેક પ્રકારના શાસન કરનાર-શત્રુમર્દન રાજા તેજ નગરમાં છે એમ કહ્યું! તો એ બન્ને વાત કેમ ઘટી શકે?"

સંસારીજીવ—"ભોળી બહેન! જ્યારે હું (મારો જીવ) નંદિવર્ધન હતો અને જે વખત વિદુર મારી પાસે એ વાર્તા કરતો હતો ત્યારે મેં પણ તેને એજ સવાલ પૂછ્યો હતો. જેના જવાબમાં વિદુરે મને જણાવ્યું હતું કે 'કર્મવિલાસને અંતરંગ રાજ્યનો રાજા સમજવો અને શત્રુમર્દનને બહિરંગ રાજ્યનો રાજા સમજવો. એ પ્રમાણે જ્યારે તમે વિચારશો ત્યારે આ વાતમાં જરા પણ વિરોધ જેવું લાગશે નહિ. વાત એમ છે કે બહિરંગ રાજાઓની આજ્ઞા અપરાધીઓ ઉપર ચાલે છે, બીજા કોઇની ચાલતી નથી અને અંતરંગ રાજાઓ તો ગુપ્ત રહીને લોકોને પોતાની શક્તિ વડે સારાં ખરાબ નિમિત્તો જોડી આપે છે (જેઓએ શુભ કર્મો કર્યા હોય તેઓની સાથે સારાં નિમિત્તો જોડી આપે છે અને જેઓએ અશુભ કર્મો કર્યા હોય તેઓની સાથે ખરાબ નિમિત્તો જોડી આપે છે); પછી નિમિત્તને લઇને સારાં ખરાબ ફળ પ્રાણી ભોગવે છે. બાળને જે જે દુઃખ થયાં તે પરમાર્થથી તો કર્મવિલાસ રાજાની પ્રતિકૂળતાને લીધે જ થયાં એમ તારે સમજવું.' આ પ્રમાણે વિદુરે કહ્યું ત્યારે મારા મનમાં જે શંકા થઇ હતી તે દૂર થઇ. હવે તું સમજી? ત્યાર પછી નંદિવર્ધન કુમાર પાસે વિદુરે વાર્તા આગળ કહી તે હવે સંભળાવું છું." }

મધ્યમબુદ્ધિની વ્યવહાર વિચારણા.

વિદુર કહે છેઃ—મહા મુશ્કેલીથી એક પહોર રાત ગઇ ત્યારે બાળ પોતાના ઘર નજીક આવી પહોંચ્યો. હવે બીજી બાજુએ તે દિવસે સવારમાંજ મધ્યમબુદ્ધિએ બાળનો આગલી રાતનો સર્વ હેવાલ[1] લોકો પાસેથી સાંભળ્યો હતો. બાળ ઉપર તેને હજુ પણ સ્નેહ હોવાને લીધે ઉપરની હકીકત સાંભળીને તેને ઘણો શોક થયો અને તે પોતાના મનમાં દીલગીર થવા લાગ્યો કે 'અહો! બાળને આટલું બધું દુઃખ કેમ થયું?' વળી વધારે વિચાર કરતાં તેના મનમાં આનંદ થયો અને ચિંતવન થયું કે 'અહો! મનીષીનાં વચન પ્રમાણે કરવાનું અને નહિ કરવાનું આ ભવમાંજ કેવું પરિણામ થાય છે તે ખરેખર વિચારવા

૧ શત્રુમર્દન રાજાએ બાળને કેવી કદર્થના કરી વિગેરે.

યોગ્ય છે. તેના ઉપદેશ પ્રમાણે વર્તવાથી મને હાલ જરા પણ [illegible] કે પશ્ચાત્તાપ ન થયો અને પૂર્વે બાળના પરિચયથી મારો અપજ[illegible] થયો હતો તે પણ વધારે ફેલાયો નહિ. અગાઉ મનીષીનું વચન [illegible] માન્યું નહોતું ત્યારે મને ક્લેશ પણ થયો હતો અને મારો અપજ[illegible] પણ સારી રીતે બોલાયો હતો.[1] બાળ તો જરા પણ અપવાદ વગ[illegible] મનીષીના વચનથી તદ્દન ઉલટી જ રીતે વર્તતો આવ્યો છે તેથી તે[illegible] માથે અનેક પ્રકારનાં દુઃખો પડ્યાં કરે, દુનિયામાં તેના અપજશનો ઢોલ વાગે અને છેવટે તેનું મરણ પણ થાય તો તેમાં નવાઇ જે[illegible] શું છે? ખરેખર, મનીષીનાં વચન ઉપર મને પ્રીતિ થઇ અને તે પ્ર[illegible] માણે ચાલવાનો મેં નિશ્ચય કર્યો તેથી હું ખરેખરો ભાગ્યશાળી છું. ડાહ્યા માણસોએ કહ્યું છે કે

नैवाभव्यो भवत्यत्र सतां वचनकारकः ।
पक्तिः काङ्कटुके नैव, जाता यत्नशतैरपि ॥

જે પ્રાણીનું ભવિષ્યમાં સારૂં થવાનું ન હોય (જે અભવ્ય હોય) તે કદિ સજ્જન પુરૂષોના વચનને અનુસરનાર થતોજ નથી: સેંકડો પ્રયત્ન કરવા છતાં કાંગડું મગ કદિ ચઢતો–પાકતો નથી. આવી રીતે વિચાર કરતાં બાળ ઉપર તેના મનમાં જરા જરા એક હતો તે પણ નાશ પામી ગયો અને પોતાના મનમાં એક પ્રકારની શાંતિ થઇ ગઇ. આવી જાતના વિચારોમાં તેનો તે આખો દિવસ પસાર થઇ ગયો. હવે રાતે જ્યારે બાળ ત્યાં આવી પહોંચ્યો ત્યારે લોકાચાર પ્રમાણે તેની સાથે મધ્યમબુદ્ધિએ સહજસાજ વાત કરી અને સમાચાર પૂછ્યા, ત્યારે બાળે જરા પણ વિષાદ આણ્યા વગર પોતાને જે જે પીડાઓ થઇ હતી તે સર્વ કહી સંભળાવી.[2] આવા પ્રાણીને શિખામણ આપવી નકામી છે એમ વિચારીને મધ્યમબુદ્ધિએ તેના તરફ બેદરકારી બતાવી. બાળનાં સર્વ અંગોનાં ચૂરેચૂરાં થઇ ગયાં હતાં અને મન દુઃખથી આકુળવ્યાકુળ થઇ ગયું હતું, તેમજ તેને રાજ્ય તરફથી મોટો ભય હતો તેથી ગુપ્ત રીતે તે મહેલમાંજ પડી રહ્યો. બીલકુલ બહાર ન નીકળતાં મહેલમાંજ રહેવા લાગ્યો અને એવી સ્થિતિમાં ઘણો વખત પસાર થયો.

૧ બાળની સાથે એક રાત [illegible] ત્યારે [illegible] દુઃખ થયું હતું અને [illegible] થઇ હતી [illegible] પરિણામ તે [illegible]

૨ [illegible] પ્રકારનું [illegible]



પ્રકરણ ૧૧ મું.

પ્રબોધનરતિ આચાર્ય.



હવે તે નગરની બહાર આવેલા નિજવિલસિત[1] નામના ઉદ્યાનમાં પ્રબોધનરતિ નામના આચાર્ય સમોસર્યા—જેમ પધાર્યા; ગંધહસ્તિને[2] વિંટળાઇને અનેક હાથીઓ અને બચ્ચાંઓ રહે છે તેમ તે મહાત્મા આચાર્યને ઘેરાઇને અનેક અતિશય ગુણવાળા મોટા નાના શિષ્યો રહેલા હતા, તેઓ પોતે કરૂણારસના સમુદ્ર હતા, સંસારસમુદ્ર તરવા માટે સેતુબંધ (પાજ—પુલ) હતા, તૃષ્ણાલતાનો છેદ કરવા માટે ફરશી હતા, માનપર્વતનો નાશ કરવા માટે વજ્ર[3] હતા, ઉપશમ (સમતા)વૃક્ષ (ઝાડ) ના મૂળ હતા, સંતોષઅમૃતના દરિયા હતા, સર્વ વિદ્યા અને જ્ઞાનવિજ્ઞાનના તીર્થ[4] હતા, વિશુદ્ધ આચારોના ઘર[5]

---

૧ નિજવિલસિતઃ આત્મગુણમાં વિલાસ કરવો-રમણતા કરવી-એ રૂપ ઉદ્યાન-બગીચો-અંતઃકરણનો નાજુક વિભાગ. એ અંતઃકરણમાં પ્રબોધ-જ્ઞાન શુદ્ધ દશામાં આવિર્ભાવ પામવા પર આ ઉપનય સમજવો. આ ઉદ્યાનનો બરાબર અર્થ આગળ સુબુદ્ધિ મંત્રી કરશે. એનો પ્રભાવ સોળમા પ્રકરણમાં જોવામાં આવશે.

૨ ગંધહસ્તિની આકર્ષક શક્તિથી અનેક હાથીઓનાં ટોળાં તેને અનુસરીને આવે છે; સર્વ હાથીઓના મદ તેની પાસે ગળી જાય છે.

૩ વજ્રઃ ઇંદ્રનું હથિયાર મોટા પર્વતને કાપી નાખે છે. માન, પર્વત જેવું છે; તેને કાપી નાખવા માટે આચાર્ય વજ્ર જેવું કામ કરતા હતા.

૪ તીર્થઃ તારી જેવા સેત્રો વિદ્યાવડાર તીર્થ કહેવાય છે. આ મહાત્મા પોતેજ વિદ્યાપીઠ હતા એમ કહેવાનો આશય છે

૫ આચારોના ઘરઃ તેઓમા જ્ઞાન હોવા સાથે વિશુદ્ધ આચારો-ક્રિયામાર્ગ પાળનારા તરફ-પણ હાજર હતા.

હતા, પ્રજ્ઞાચક્રની નાભિ[1] હતા, લોભસમુદ્રના વડવાનળ[2] હતા, ક્રોધ-સર્પને માટે મોટા મંત્ર[3] હતા, મહામોહના અંધકારને દૂર કરનાર સૂર્ય હતા, શાસ્ત્રરત્નો પર પાસા પાડવાને અને તેની પરીક્ષા કરવાને કસોટિના પથ્થર હતા, રાગવનનાં ઝાડોને બાળી નાખનાર દાવાનળ[4] હતા, નરકદ્વારની સામે મોટી [5]ભોગળ હતા, શુદ્ધ માર્ગના બતાવનાર હતા, અતિશયવાળા જ્ઞાનરત્નના ભંડાર હતા અને ટુંકામાં કહીએ તો એ મહાત્મા સર્વ ગુણોના મિલનસ્થાન[6] હતા.

મનીષી માટે કર્મવિલાસની અનુકૂળતા.

હવે પેલી બાજુએ કર્મવિલાસ રાજાએ જ્યારે જાણ્યું કે મનીષી

---

૧ **પ્રજ્ઞાચક્રની નાભિઃ** પ્રજ્ઞા–સમયસૂચકતા આદિ તાત્કાળિક બુદ્ધિ–તે રૂપ ચક્ર–વર્તુળના મધ્યબિંદુ રૂપ હતા; મતલબ તેઓમાં અનેક પ્રકારની બુદ્ધિ હતીઃ અથવા યોગમાં નાભિ સાથે જે અનેક ચક્રો બતાવ્યાં છે તે તેઓને સારી રીતે જ્ઞાત હતાં.

૨ **વડવાનળઃ** દરિયામાં એક પ્રકારનો અગ્નિ થાય છે તે મહા ભયંકર હોઇ સમુદ્રનાં પાણીનું શોષણ કરે છે. એ અગ્નિને 'વટવાનળ' કહેવામાં આવે છે. આ મહાત્મા લોભરૂપ સમુદ્રની સાથે વડવાનળનું કામ કરનારા હતા—મતલબ લોભનો નાશ કરનારા હતા.

૩ **મંત્રઃ** મહા ભયંકર અને ઝેરી સર્પને વશ કરવા જાંગુલી મંત્રનો ઉપયોગ કરવામાં આવે છે, એનાથી સર્પનું ઝેર ઉતરી જાય છે. ક્રોધ ભયંકરપણામાં સર્પ-એરૂ જેવો જ છે. એને વશ કરવામાં અને એનું ઝેર ઉતારવામાં આ મહાત્મા પાસે જાંગુલી મંત્ર જેટલું આત્મબળ હતું.

૪ **દાવાનળઃ** જંગલમાં જ્યારે દાવાનળ થાય છે ત્યારે એ ભયંકર અગ્નિથી સર્વ ઝાડોનો નાશ એક સાથે થઇ જાય છે. આ મહાત્મા રાગવનમાં ઉગેલાં સર્વ કષાયવૃક્ષોને બાળી નાખનાર દાવાનળ જેવા હતા.

૫ **ભોગળઃ** અર્ગલા. જુના જમાનાના ઘરના બારણાની બાજુમાં ભીંતમાં પ્રવેશ કરતી અને ખેંચવાથી બારણાની આડી આવી રહેતી ભોગળો રાખવામાં આવતી હતી. એ ભોગળ જ્યાં સુધી દ્વારની આડી હોય ત્યાં સુધી બારણું ઉઘડી શકતું નથી. નરકના બારણાની પાછળ તેઓ ભોગળ જેવા હતા તેથી નરકનાં બારણાં તેઓ માટે સર્વદા બંધજ રહેતા. બીજી રીતે બારણાને બહારથી બંધ કરી શકાય તેવી ગોઠવણવાળા અંદરના આગળીઆને પણ ભોગળ–અર્ગલા કહેવામાં આવે છે. બન્નેમાંથી એક પણ રીતે દ્વારની સામે ભોગળ લગાવવામાં આવી હોય તો પછી તેને–ભોગળને (અર્ગલાને) ખસેડ્યા વગર બારણાં ઉઘડી શકતાં નથી.

૬ **મિલનસ્થાનઃ** મળવાનું ઠેકાણું. એકત્ર થવાની જગા. એમનામાં સર્વ ગુણો એક સ્થાને એકઠા થઇને આવી રહ્યા હતા.

તો દરરોજ સ્પર્શનથી ઉલટોજ ચાલ્યા કરે છે ત્યારે રાજાને તેના ઉપર વધારે પક્ષપાત થયો અને તેણે શુભસુંદરીને કહ્યું "વહાલી! તું સારી રીતે જાણે છે કે અનાદિકાળથી મારી પ્રકૃતિ એક સરખી વર્તે છે: જે સ્પર્શનની સાથે અનુકૂળ થઇને રહે છે તેની સાથે મારે પ્રતિકૂળપણે વર્તવું પડે છે અને તેમ કરવું તે મારી પ્રકૃતિ જ થઇ ગઇ છે; જ્યાં હું પ્રતિકૂળપણે વર્તું છું ત્યાં અકુશળમાળા મારી નજીક રહે છે અને તેની મારફત હું કામ લઉં છું અને જ્યાં હું અનુકૂળપણે વર્તું છું ત્યાં તું પોતે મારી નજીક રહે છે અને તારી મારફત હું કામ લઉં છું. આ પ્રમાણે હકીકત હોવાથી બાળ, સ્પર્શનને અનુકૂળ રહેતો હતો તેથી મેં અકુશળમાળા દ્વારા મારૂં પ્રતિકૂળ ફળ તેને થોડું થોડું બતાવી આપ્યું છે તે તો તેં જોયું, પણ આ મનીષી સ્પર્શનને પ્રતિકૂળ રહે છે તેને મારૂં અનુકૂળ ફળ હજુ સુધી મેં બતાવ્યું નથી. એને સ્પર્શન ઉપર આસક્તિ ન હોવા છતાં કોમળ શય્યા સ્ત્રીસંભોગ વિગેરે અનેક પ્રકારનાં સુખ થાય છે અને આસક્તિ વગર તેને તે ભોગવે છે અને દુનિયામાં તેનો યશ બોલાય છે તેમજ તેને (મનીષીને) દુઃખની ગંધ પણ આવતી નથી તે સર્વનું કારણ તારી દ્વારા હું જ છું, છતાં મારી જ્યારે તેના ઉપર કૃપા થઇ છે ત્યારે તેને માત્ર એટલુંજ ફળ મળે તે ઠીક કહેવાય નહિ; તેને હજુ સુધી જે લાભ થયો છે તે તો ગેરલાભ ન થવા પૂરતોજ લાભ છે, પણ તેને વિશેષ ખાસ લાભ આપવો જોઇએ; માટે એ મનીષીને વિશેષ લાભ મળે તે માટે મારી મરજી પ્રમાણે તું પ્રયાસ કર, કારણ કે વિશેષ પ્રકારના ખાસ લાભને તે યોગ્ય છે."

શુભસુંદરીએ જવાબ આપ્યો "આર્યપુત્ર! આપ કહો છો તે બરાબર છે. મારા મનમાં પણ હતું કે એ **મનીષી** આપની કૃપાને ખાસ યોગ્ય છે. આપે ફરમાવ્યું તેમ તેના સંબંધમાં હું કરીશ."

નિજવિલસિત ઉદ્યાનમાં ત્રણે ભાઇઓ.

આ પ્રમાણે કહીને શુભસુંદરીએ પોતાની યોગશક્તિ પ્રગટ કરી, પોતે અંતર્ધાન થઇ મનીષીના શરીરમાં પ્રવેશ કર્યો, મનીષીના મનમાં ઘણોજ પ્રમોદ[1] થયો, આખું શરીર અમૃતના સિંચનથી તરબોળ થઇ ગયું, નિજવિલસિત ઉદ્યાનમાં જવાની ઇચ્છા તેને થઇ આવી, તે તરફ જવા સારૂ તે નીકળ્યો, પણ વળી મનમાં વિચાર થઇ આવ્યો કે ત્યાં એકલો કેવી રીતે જઉં? મધ્યમબુદ્ધિને

૧ પ્રમોદ: મનીષીનો આનંદ અવરન પ્રમોદમાત્ર છે એ ધ્યાનમાં રાખવું.

ઘરમાં ને ઘરમાં ભરાઇ રહ્યાને હવે તો ઘણો વખત થઇ ગયો છે, લોકો બાળની વાત પણ લગભગ ભૂલી જવા આવ્યા છે અને તેથી મધ્યમબુદ્ધિને જાહેરમાં દેખાવામાં શરમાવાનું કાંઇ કારણ રહ્યું નથી માટે તેને પણ [1]નિજવિલસિત ઉદ્યાનમાં સાથે લઇ લઉં—આ પ્રમાણે વિચાર કરી મનીષી મધ્યમબુદ્ધિ પાસે ગયો અને પોતાના મનમાં નિજવિલસિત ઉદ્યાનમાં જવાની ઇચ્છા થઇ આવી હતી તે તેને કહી સંભળાવી. પેલી બાજુએ કર્મવિલાસ રાજાએ પોતાની સ્ત્રી સામાન્યરૂપાને આજ્ઞા કરી કે તેણે પણ પોતાના પુત્રને તેનાં કર્મનું ફળ આપવું. એ સામાન્યરૂપા રાણી જે મધ્યમબુદ્ધિની માતા થતી હતી તે અકુશળમાળા અને શુભસુંદરીથી સાધારણ પ્રકારની (ઓછી) શક્તિવાળી અને ચિત્રવિચિત્ર ફળને આપનારી હતી. તેની પ્રેરણાથી મધ્યમબુદ્ધિની ઇચ્છા પણ નિજવિલસિત ઉદ્યાનમાં જવાની થઇ અને મધ્યમબુદ્ધિએ બાળને પણ એ ઉદ્યાનમાં અવશ્ય આવવાનું કહેવાથી પરાણે પરાણે તે પણ નિજવિલસિત ઉદ્યાનમાં આવવાને પ્રવર્ત્યો. એવી રીતે બાળ, મધ્યમબુદ્ધિ અને મનીષી ત્રણે નિજવિલસિત ઉદ્યાનમાં ગયા.

પ્રમોદશેખર મંદિર તરફ પ્રયાણ.

કુતૂહળથી નાના પ્રકારનાં વિલાસ કરતાં કરતાં તેઓ નિજવિલસિત ઉદ્યાનમાં આવી રહેલા એક પ્રમોદશેખર[2] નામના જિનમંદિરમાં આવી પહોંચ્યા. તે દેવમંદિર મેરૂપર્વતની પેઠે ઘણું ઊંચું[3] હતું, સાધુના હૃદયની પેઠે અતિ વિશાળ[4] હતું અને તેમાં

---

૧ **નિજવિલસિત** ઉદ્યાનમાં ત્રણે ભાઇઓ કેવી જુદા જુદા પ્રકારની પ્રેરણાથી જાય છે તે ખાસ લક્ષ્યમાં લેવા યોગ્ય છે.

૨ **પ્રમોદશેખર**- આત્મગુણવિલાસમાં જે પ્રમોદ-નિરતિશય આનંદ થાય છે તેના અંતરમાં સાક્ષાત્કાર—અનુભવ-તે પર અહીં રૂપક છે. એમાં આદિનાથનું મંદિર અને હૃદયમંદિર બન્નેનો ભાવ સાથે રાખ્યો છે. વિશેષાર્થ આગળ સુબુદ્ધિ મંત્રી સમજાવશે. (જુઓ પ્રકરણ ૧૬ મું-આજ પ્રસ્તાવનું.)

૩ **ઊંચું**: બેવડો અર્થ (૧) મેરૂપર્વત ઘણો ઊંચો—એક લાખ યોજન છે; (૨) મંદિરના શિખરો ઘણું ગગનચુંબી હોય છે.

૪ **વિશાળ**: બેવડો અર્થ (૧) મનની વિશાળતા સાધુ પક્ષે અને (૨) જગ્યાની વિશાળતા મંદિર પક્ષે.

સૌંદર્ય[1] અને ઔદાર્યનો યોગ થયેલો હોવાથી તે દેવલોકથી પણ વધારે મોટું જણાતું હતું. શ્રીમાન્ યુગાદિદેવ શ્રી આદીશ્વર ભગવાનનાં બિંબને તે મંદિરમાં બિરાજમાન કરવામાં આવ્યા હતા. એ મંદિરની ચારે તરફ ઊંચે વિશાળ ગઢ આવી રહેલો હતો. લોકનાથ શ્રી યુગાદિદેવની મધુર સ્વરથી સ્તુતિ કરતાં અને સ્તોત્રો બોલતાં શ્રાવકોનો કર્ણપ્રિય અવાજ સાંભળીને એ શું હશે એ જાણવાના કૌતુકથી ત્રણે કુમારો મંદિરમાં દાખલ થયા. તેઓએ ત્યાં મહા ભાગ્યવાન, શાંત, ધીર પ્રબોધનરતિ આચાર્ય મહારાજને જોયા. તેઓશ્રી દક્ષિણ દિશામાં બિરાજમાન થયેલા હતા, દેવભુવનના આંગણાના આભૂષણ જેવા દેખાતા હતા, અતિ વિનયી સાધુઓની વચ્ચે બેઠેલા હતા, મહા તપસ્વી હતા અને સંસારસમુદ્રથી પાર ઉતારનાર તીર્થંકર મહારાજનો કલંક વગરનો શુદ્ધ સનાતન[2] ધર્મ પ્રાણીઓને સંભળાવતા હતા. તે વખતે જાણે અનેક તારાઓવાળા આકાશમંડળમાં એક ચંદ્ર શોભતો હોય તેમ તેઓશ્રી શોભતા હતા.

ત્રણે ભાઇઓને આચાર્ય દર્શન.

મનીષી મહા નિર્મળ ચિત્તવાળો અને ભાવીભદ્રાત્મા[3] હોવાથી તેણે પ્રથમ જિનબિંબને પછી આચાર્ય મહારાજને નમસ્કાર કરીને છેવટે સર્વ મુનિઓને પાદવંદના કરી. કાંઇક શુદ્ધ મનથી તેની પછવાડે પછવાડે મધ્યમબુદ્ધિએ દેવ અને સાધુઓને નમસ્કાર કર્યા. પાપી માતા અકુશળમાળા અને મિત્ર સ્પર્શનની અસર નીચે મૂકાયેલો અધમ બાળ કોઇને પણ નમ્યો નહિ, તેણે કોઇને વંદના પણ કરી નહિ અને કોઇને પગે પણ લાગ્યો નહિ, માત્ર સ્તબ્ધ મનવાળો થઇને એક ગામડીઆ જેવો–બુડથલ જેવો દેખાતો મનીષી અને મધ્યમબુદ્ધિ ઊભા હતા ત્યાં જઇને તેઓની પાછળ ગોઠવાઇ ગયો. ગુરુ મહા-

૧ સૌંદર્ય અને ઔદાર્યઃ દેવલોકનાં ચૈત્યોમાં સૌંદર્ય ખરું હોય છે, કારણ કે દેવોને રત્ન મણિ માણેકની ખોટ હોતી નથી. આ હૃદયમંદિરમાં સૌંદર્ય સાથે વિશાલ હૃદયની અંદર રહેલી ઉદારતા પણ સ્પષ્ટ જણાતી હતી; તેથી તે દેવલોકન મંદિર કરતાં પણ વધારે ભવ્ય હતું. દેવલોકમાં સૌંદર્ય હોય છે પણ આ હૃદયમંદિરમાં ઔદાર્ય વધારામાં હતું તેથી પણ તેની વિશિષ્ટતા છે. સૌંદર્ય અને ઔદાર્ય (૧) દેવલોક પક્ષે સ્થૂળ અને (૨) મંદિર પક્ષે માનસિક સમજવાં. એ રીતે આ શ્લેષ ઘણો અર્થસૂચક છે.

૨ સનાતનઃ નિશ્ચિત, અનાદિ, જુનો.

૩ ભાવીભદ્રાત્માઃ જેનું નજીકના ભવિષ્યમાં સારું થવાનું છે તેને 'ભાવીભદ્રાત્મા' કહેવામાં આવે છે.

"બતાવનાર !) તમને નમસ્કાર છે. અહો પ્રક્ષીનઅશેષસંસાર-
"વિસ્તાર[1] ! હે પરમેશ્વર ! તમને નમસ્કાર છે. હે વાક્યાતીત[2]!
"ત્રણ લોકના શેખર[3] ! તમને નમસ્કાર છે. સંસાર સમુદ્રમાં ડૂબતા
"અનંત પ્રાણીઓને તારનાર[4] ! મહા ભયંકર સંસાર રૂપ અટવીમાં
"સાર્થવાહનું કામ કરનાર[5] ! તમને નમસ્કાર છે. હે પ્રભુ ! અનંત
"પરમાનંદપૂર્ણ ધામ (મોક્ષ) માં રહેલ આપ સાહેબને લોકો ભ-
"ક્તિથી[6] અહીં સાક્ષાત્ જુએ છે. જો એમ ન હોય તો હે પ્રભુ !
"તમારી મૂર્તિની સ્તુતિ કરનારા પ્રાણીઓનાં પોતાના મનમાં જેવો
"પ્રમોદ[7] આવે છે તેવો આનંદ ત્રણ ભુવનમાં બીજા કોઇ પણ
"પદાર્થમાં કેમ ન આવે? આપની મૂર્તિમાં મને તો આપનો
"સાક્ષાત્કાર જણાય છે. હે નાથ ! જ્યાં સુધી સંસારી પ્રાણીઓનાં
"ચિત્તના મધ્યભાગમાં આપ સાહેબ હોતા નથી ત્યાં સુધીજ

---

૧ **પ્રક્ષીનઅશેષસંસારવિસ્તારઃ** સંસારનો સર્વ વિસ્તાર-દેવ મનુષ્ય તિર્યંચ નારક ગતિનાં સર્વ દુઃખો જેઓનાં નાશ પામી ગયાં છે અને તેથી જે પરમ ઐશ્વર્યને પ્રાપ્ત થયા છે. ઐશ્વર્ય છતાં ઉપાધિનો નાશ થયો છે એ તેમની વિશેષતા છે.

૨ **વાક્યાતીતઃ** પ્રભુમાં એટલા બધા ગુણો છે કે વચનોથી તેનું વર્ણન કરવું અશક્ય છે. હજારો જીભથી કરોડો વર્ષ સુધી ગુણનું વર્ણન કરવામાં આવે તો પણ તેમના ગુણો પૂર્ણ કહેવાય નહિ તેથી તેઓને 'વાક્યથી અતીત' કહ્યા છે.

૩ **ત્રણ લોકના શેખરઃ** લોકોમાં તેમના જેવા કોઇ ન હોવાથી સર્વના મસ્તક પર જેમ મુગટ રહે તેમ તેઓ લોકોના શેખર તુલ્ય છે.

૪ **તારનારઃ** સમુદ્રમાં ડૂબતાં પ્રાણીઓને બચાવવાનું કામ ઘણું વિકટ છે. પ્રભુનું '**નિર્યામક**' વિશેષણ છે તેનો આ વિસ્તાર છે.

૫ **સાર્થવાહઃ** ભયંકર જંગલમાં ફાડી ખાનારા જનાવરો તેમજ લુંટારાનો મોટો ભય હોય છે. આવી અટવી સાર્થવાહના સથવારા વગર ઓળંઘી શકાતી નથી. સંસારઅટવીમાં વિકારોનો તેવોજ આકરો ભય છે. એ ભયંકર અટવીમાંથી પ્રાણીને પ્રભુ યોગ્ય માર્ગે દોરી જઇને અટવીને બીજે છેડે મૂકે છે. પ્રભુના '**સાર્થવાહ**' વિશેષણ પર આ વિસ્તાર છે.

૬ **ભક્તિથી સાક્ષાત્કારઃ** આપ તો મોક્ષમાં બિરાજમાન છો, પણ ભક્તિપૂર્વક આપને નમનારા લોકો અહીં-આ સંસારમાં પણ આપને જુએ છે. મૂર્તિપૂજાનો આ ચમત્કાર છે અને ભક્તિયોગનું માહાત્મ્ય સમજનારા તે બાબત પોતાના ખ્યાલમાં બરાબર લાવી શકે છે.

૭ **પ્રમોદઃ** દ્રવ્યના નિમિત્તથી ભાવ કેવા પ્રકારના થાય છે તે એક વખત અમૃતક્રિયાનો અનુભવ કરતી વખતે જ ખબર પડે. **મયણાસુંદરીનું** શાસ્ત્રપ્રસિદ્ધ દૃષ્ટાન્ત અહીં વિચારવા યોગ્ય છે.

"પાપના પરમાણુ (પાપ કર્મના ઉદય) થી તેઓને ઉકળાટ થાય "છે; જેવા આપથી પ્રાણીઓનાં ચિત્તમાં વાસ કરો છો કે તુરતજ "પ્રાણીનાં પાપપરમાણુઓ (પાપકર્મો) એકદમ નાશ પામી જાય "છે, તેઓનાં સર્વ પાપપંક[1] ધોવાઇ જાય છે અને તેઓ ઉપર "સદ્ભાવ અમૃતનું સિંચન થાય છે અને ત્યાર પછી તેઓને નિરંતર "અપૂર્વ આનંદ પ્રાપ્ત થાય છે. જે બીચારાઓને ઉકળાટમાં શાંતિ "કરનાર અને અનાથ દશામાં સનાથ બનાવનાર આપનો આશ્રય હોતો "નથી. જેમના હૃદયમાં આપ સ્થાન પામતા નથી, તેઓ બાપડા "રાગાદિ ચોરો વડે કેમ ન લુંટાય[2]? આપશ્રીને [3]શંકા વગરના મનથી "ગ્રહણ કરીને અને મદ મત્સર વિગેરે પરરિપુને ગળે પગ મૂકીને "(તેનો નાશ કરીને) પ્રાણીઓ મોક્ષ ચાલ્યા જાય છે. જો અહિંસા[4] "રૂપ હાથનો ટેકો આપીને આપ પ્રાણીઓને ઊંચા લાવત નહિ તો "આખું જગત્ નરક રૂપ અંધકારમય ભયંકર કુવામાં પડી ગયું હોત. "તમારૂં અત્યંત સુંદર શરીર સર્વ કલેશથી રહિત, વિકાર વગરનું અને "અત્યંત મનોહર છે, તેને જોતાં પ્રાણીને તુરત જણાઇ જાય છે કે "આપ પોતે અનંતવીર્યયુક્ત સર્વજ્ઞ છો, અને જાતે વીતરાગ છો, "આપને કોઇના ઉપર રાગ કે દ્વેષ નથી, અને એવા છો છતાં અ- "ભવ્ય પ્રાણીઓને તેવા લાગતા નથી, તેનું કારણ તેઓનું પોતાનું

---

૧ પાપપંકઃ પાપ રૂપ કચરો ભક્તિજળથી ધોવાઇ જાય છે, અને સારા પાણીનો છંટકાવ થાય છે. રસ્તો કે આંગણું સાફ કરવા માટે પ્રથમ કચરો કાઢવામાં આવે છે અને પછી પાણી છંટાય છે.

૨ રાગાદિ ચોરની લુંટઃ ચોર પાસેથી ચોરી મૂકાવવા માટે મજબૂત શાસન કરનાર રાજા હોવો જોઇએ, જેના ભયથી ચોરો નાસી જાય. રાગાદિ ચોર પર પ્રભુનો એવો ધાક બેસી ગયો છે કે તે જ્યાં હોય ત્યાં રાગ દ્વેષ વિગેરે ચોરટાઓ રહીજ શકે નહિ. મહાગોપ વિશેષણ અહીં સાર્થ થાય છે.

૩ શંકા વગરનું મન અને રિપુપર જયઃ મોક્ષ જવા માટે બે બાબત કરવાની બતાવીઃ (૧) શંકા વગર દેવપર શ્રદ્ધા રાખવી (૨) ષડ્‌રિપુપર પગ દેવો. દર્શન અને ચારિત્રનો ઉત્કૃષ્ટ વિષય અહીં બતાવી દીધો છે.

૪ અહિંસા હાથનો ટેકોઃ કુવામાં પડનારને પડતાં બચાવી લેવા માટે હાથના ટેકાની જરૂર છે. પાપમય જગત્ નરકમાં જાય તેને ટેકો અહિંસાના ઉપદેશ રૂપ હાથથી ભગવાને આપ્યો. अहिंसा परमो धर्मः। એ જૈન ધર્મનો મુદ્રાલેખ છે-તે વાત અહીં વધારે સ્પષ્ટ કરી છે. 'મહામાહણ' વિશેષણ અહીં સાર્થ થાય છે.

"પાપચરિત્ર છે[1]. પાપી માણસોની દૃષ્ટિમાં વિકાર હોવાથી તેઓ શુદ્ધ "રૂપને તથાસ્વરૂપે જોઇ શકતા નથી. હે પ્રભુ! [2]રાગ દ્વેષ અને મહામોહ "હને સૂચવનાર અનુક્રમે હાસ્ય, ક્રોધ, વિલાસથી વિયુક્ત અને અક્ષમાળા "રહિત હે પાપ વગરના નાથ! તમને નમસ્કાર છે. હે પ્રભુ! તમે "અનંત ગુણોથી ભરપૂર છો, તેથી તમારી સ્તુતિ હું શી રીતે કરી "શકું? હું તો મંદ બુદ્ધિવાળો છું, પરંતુ મારા મનમાં જે શુભ "ભાવનાઓ છે અને જેને હું બોલી શકતો નથી, તે તમે પોતે સારી "રીતે જાણો છો; તો હવે કૃપા કરીને ભવપરંપરાનો છેદ કરનારી તમારી "નિશ્ચયભક્તિ મારા ઉપર દયા કરીને મને ભવે ભવ જરૂર આપજો."

આવી રીતે ત્રિલોકનાથ શ્રી યુગાદિદેવની સ્તુતિ કરતી વખત સુબુદ્ધિ મંત્રીએ જિનમુદ્રા[3] ધારણ કરી હતી. વચ્ચે વચ્ચે વારંવાર તે પ્રભુને પગે લાગ્યા કરતા હતા. આખરે મુક્તાશુક્તિમુદ્રા[4] ધારણ કરીને અતિ સુંદર રીતે જયવિયરાય સ્તોત્રથી તેમણે પ્રભુની સ્તુતિ

---

૧ **પાપચરિત્રઃ** કોઇ અંધ માણસ સૂર્ય ન દેખી શકે તો તેમાં સૂર્યનો દોષ નથી તે નિયમ પ્રમાણે. **અભવ્યનું અધમ ચરિત્ર પ્રભુને સત્ય સ્વરૂપે જોઇ શકતું નથી.**

૨ **હાસ્ય ક્રોધ વિલાસ અક્ષમાળાઃ** રાગને સૂચવનાર હાસ્ય, દ્વેષને સૂચવનાર ક્રોધ અને મોહને સૂચવનાર વિલાસ પ્રભુને હોતા નથી. મતલબ તેઓ હાસ્ય ક્રોધ અને વિલાસ જેવા સ્થૂળ ભાવ વગરના છે, તેનાથી રહિત છે અને તેથી સ્થૂળ સાંસારિક પ્રાણીઓથી ઊંચી હદે ગયેલા છે. તેને જાપ કરવા લાયક અન્ય દેવ કોઇ નથી એ ભાવ અક્ષમાળાની ગેરહાજરી બતાવે છે એમ મને લાગે છે.

૩ **જિનમુદ્રાઃ** દેવવંદનભાષ્યમાં જિનમુદ્રાનું સ્વરૂપ નીચે પ્રમાણે આપ્યું છેઃ "ચાર આંગળ જેટલું અંતર બે પગના આગળના ભાગમાં અને તેથી કાંઇક ન્યૂન અંતર પાછળના ભાગમાં રાખી બન્ને પગે સીધા ઊભા રહેવું–એમ કરવાથી જિનમુદ્રા થાય છે. (દેવવંદનભાષ્ય–ગાથા ૧૬ મી.)

૪ **મુક્તાશુક્તિ મુદ્રાઃ** તેનું સ્વરૂપ આપતાં કહે છે કે "હાથની આંગળીને અન્યોન્ય આંતર્યા વગર બન્ને હાથ પોલા જોડી રાખીને લલાટસ્થળે (કપાળે) સ્થાપવા અથવા અન્ય આચાર્યોના મત પ્રમાણે લલાટથી દૂર રાખવા તેને મુક્તાશુક્તિ મુદ્રા કહે છે. (દેવવંદનભાષ્ય–ગાથા ૧૭ મી.) ભાષ્યકારના મત પ્રમાણે પંચાંગ પ્રણામ અને સ્તવપાઠ (નમુત્થુણં) વિગેરે 'જોગમુદ્રા'થી કરવામાં આવે છે. એમાં હાથની દશ આંગળીઓને માંહોમાંહે આંતરી કમળના ડોડવાની જેમ બન્ને હાથ રાખી હાથની કોણીઓ પેટ પર રાખવાનાં આવે છે (સદર ગાથા ૧૫ મી). કાઉસ્સગ્ગ વંદન વગેરે ઊભા રહીને જિનમુદ્રાથી કરાય છે અને ત્રણે પ્રણિધાન (જાવંત કેવી સાહૂ, જાવંતિ ચેઇઆઇં, અને જયવિયરાય) મુક્તાશુક્તિ મુદ્રાથી કરાય છે (સદર ગાથા ૧૮ મી). અત્રે સ્તુતિ ઊભા ઊભા જિનમુદ્રાએ કરી છે અને ત્યાર પછી યોગમુદ્રાએ શક્રસ્તવ કહ્યું છે તે વાત પ્રથમ કરી અને એ હિસાબે મુક્તાશુક્તિમુદ્રાએ જયવિયરાય [illegible]

કરીને નમસ્કાર કર્યા. આ શુકૂલથી તે મંત્રીશ્વર પોતાના આત્માને બહુ કૃતાર્થ-ધન્ય-ભાગ્યશાળી સમજવા લાગ્યો અને પછી આનંદના આંસુ વડે આચાર્ય મહારાજના પગને સીંચતો આચાર્યના પગમાં પડ્યો. ગુરૂમહારાજને તેણે દોષ માત્રનો નાશ કરનાર દ્વાદશાવર્ત વંદન[1] કર્યું, મનમાં સમતાભાવ લાવીને પ્રસંગને અનુરૂપ બાકીના સર્વ સાધુઓને તેણે ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા અને સૂરિ મહારાજે તથા સાધુઓએ તેને 'ધર્મલાભ' આપ્યો. ત્યાર પછી એ સુબુદ્ધિ મંત્રી શુદ્ધ-જીવરહિત-પોતાને યોગ્ય જમીનપર બેઠો અને તેણે તે વખતે સૂરિ મહારાજને સુખશાતા પૂછી.

સૂરિમહારાજનો ઉપદેશ.

હવે આચાર્ય મહારાજે વિશેષ પ્રકારે ધર્મદેશના દેવા માંડી. દેશના દરમ્યાન તેઓએ પ્રથમ આ સંસારનું નિર્ગુણપણું બતાવ્યું; તેમાં બતાવી આપ્યું કે આ સંસાર મહા કનિષ્ઠ છે, ખાસ તજવા યોગ્ય છે, તેમાં કોઇ પણ પ્રકારનો લાભ કે વાસ્તવિક આનંદ જરા પણ નથી અને તે એકંદર રીતે આત્માને ઘણું નુકશાન કરનાર છે. એ સંસારને વધારનાર અને તેનું ખરેખરૂં કારણ કર્મો છે. તે કર્મો મિથ્યાત્વ (અશ્રદ્ધા અને અજ્ઞાન), અવિરતિ (ત્યાગનો અભાવ), કષાય (ક્રોધ, માન, માયા અને લોભ વિગેરે) અને યોગ (મન, વચન, કાયાની પ્રવૃત્તિ) ને લઇને આત્મા સાથે બંધાય છે, તેથી ખરેખરી રીતે એ સંસારનું કારણ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ જ છે. વળી જો પ્રાણી બરાબર પુરૂષાર્થ કરે છે તો તે સર્વ કર્મથી મુક્તિ મેળવી નિર્વાણ પામી શકે છે અને ત્યાર પછી તેને એકસરખો અહર્નિશ આનંદ જ પ્રાપ્ત થાય છે અને ત્યાંથી ફરીને કદિ પણ સંસારમાં પાછા આવવાનું નથી. એ મોક્ષ પ્રાપ્ત કરવા માટે પ્રાણીએ કેવી પ્રવૃત્તિઓ આદરવી, તેમાં કેવાં કેવાં સાધનો યોજવાં તે પણ બતાવ્યું. આવી રીતે સંસારનું નિર્ગુણપણું, કર્મહેતુ પર વિચારણા-વિવેચનયુક્ત લંબાણ દેશના નિર્વાણની મહત્તા અને તેને પ્રાપ્ત કરવાનાં સાધનો પર આપી. મુનિ મહારાજ શ્રી પ્રબોધનરતિ આચાર્યની અમૃતના સિંચન જેવી આ મધુર દેશના સાંભળીને પ્રાણીઓ માનસિક સંતાપ રહિત થઇ ગયા અને તેઓનાં મનમાં આનંદ આનંદ વ્યાપી રહ્યો.

---

૧ ગુરૂમહારાજને ત્રણ પ્રકારના વંદન થાય છેઃ ફિટ્ટા વંદન, થોભ વંદન અને દ્વાદશાવર્ત વંદન. (જુઓ ગુરૂવંદન ભાષ્ય.) એ ત્રણે વંદનનું ટુંકામાં સ્વરૂપ નીચે પ્રમાણે છેઃ મસ્તક નમાવી બે હાથ જોડી પ્રણામ કરવાથી ફિટ્ટા વંદન થાય છે. બે હાથ, બે જાનુ અને મસ્તક એ પાંચે અંગોને સંપૂર્ણ નમાવી બે વખત પ્રણામ કરવાથી થોભ વંદન થાય છે. દ્વાદશાવર્ત વંદન બે વાંદણા દેવાથી થાય છે. (ગુરૂવંદન ભાષ્ય ગાથા ૧ અને ૪.)

"પાપચરિત્ર છે[1]. પાપી માણસોની દૃષ્ટિમાં વિકાર હોવાથી તેઓ શુદ્ધ "રૂપને તથાસ્વરૂપે જોઇ શકતા નથી. હે પ્રભુ! [2]રાગ દ્વેષ અને મહામો- "હને સૂચવનાર અનુક્રમે હાસ્ય, ક્રોધ, વિલાસથી વિયુક્ત અને અક્ષમાળા "રહિત હે પાપ વગરના નાથ! તમને નમસ્કાર છે. હે પ્રભુ! તમે "અનંત ગુણોથી ભરપૂર છો, તેથી તમારી સ્તુતિ હું શી રીતે કરી "શકું? હું તો મંદ બુદ્ધિવાળો છું, પરંતુ મારા મનમાં જે શુભ "ભાવનાઓ છે અને જેને હું બોલી શકતો નથી, તે તમે પોતે સારી "રીતે જાણો છો; તો હવે કૃપા કરીને ભવપરંપરાનો છેદ કરનારી તમારી "નિશ્ચયભક્તિ મારા ઉપર દયા કરીને મને ભવે ભવ જરૂર આપજો."

આવી રીતે ત્રિલોકનાથ શ્રી યુગાદિદેવની સ્તુતિ કરતી વખત સુબુદ્ધિ મંત્રીએ જિનમુદ્રા[3] ધારણ કરી હતી. વચ્ચે વચ્ચે વારંવાર તે પ્રભુને પગે લાગ્યા કરતા હતા. આખરે મુક્તાશુક્તિમુદ્રા[4] ધારણ કરીને અતિ સુંદર રીતે **જયવિયરાય** સ્તોત્રથી તેમણે પ્રભુની સ્તુતિ

---

૧ **પાપચરિત્રઃ** કોઇ અંધ માણસ સૂર્યને દેખી શકે તો તેમાં સૂર્યનો દોષ નથી તે નિયમ પ્રમાણે. **અભવ્યનું અધમ ચરિત્ર પ્રભુને સત્ય સ્વરૂપે જોઇ શકતું નથી.**

૨ **હાસ્ય ક્રોધ વિલાસ અક્ષમાળાઃ** રાગને સૂચવનાર હાસ્ય, દ્વેષને સૂચવનાર ક્રોધ અને મોહને સૂચવનાર વિલાસ પ્રભુને હોતા નથી. મતલબ તેઓ હાસ્ય ક્રોધ અને વિલાસ જેવા સ્થૂળ ભાવ વગરના છે, તેનાથી રહિત છે અને તેથી સ્થૂળ સાંસારિક પ્રાણીઓથી ઊંચી હદે ગયેલા છે. તેને જાપ કરવા લાયક અન્ય દેવ કોઇ નથી એ ભાવ અક્ષમાળાની ગેરહાજરી બતાવે છે એમ મને લાગે છે.

૩ **જિનમુદ્રાઃ** દેવવંદનભાષ્યમાં જિનમુદ્રાનું સ્વરૂપ નીચે પ્રમાણે આપ્યું છેઃ "ચાર આંગળ જેટલું અંતર બે પગના આગળના ભાગમાં અને તેથી કાંઇક ન્યૂન અંતર પાછળના ભાગમાં રાખી બન્ને પગે સીધા ઊભા રહેવું-એમ કરવાથી **જિનમુદ્રા** થાય છે. (દેવવંદનભાષ્ય-ગાથા ૧૬ મી.)

૪ **મુક્તાશુક્તિ મુદ્રાઃ** તેનું સ્વરૂપ આપતાં કહે છે કે "હાથની આંગળીને અન્યોન્ય આંતર્યા વગર બન્ને હાથ પોલા જોડી રાખીને લલાટસ્થળે (કપાળે) સ્થાપવા અથવા અન્ય આચાર્યોના મત પ્રમાણે લલાટથી દૂર રાખવા તેને **મુક્તાશુક્તિ મુદ્રા** કહે છે. (દેવવંદનભાષ્ય-ગાથા ૧૭ મી.) ભાષ્યકારના મત પ્રમાણે પંચાંગ પ્રણામ અને સ્તવપાઠ (નમુત્થુણં) વિગેરે 'જોગમુદ્રા' થી કરવામાં આવે છે. એમાં હાથની દશે આંગળીઓને માંહોમાંહે આંતરી કમળના ડોડવાની જેમ બન્ને હાથ રાખી હાથની કોણીઓ પેટ પર રાખવામાં આવે છે (સદર ગાથા ૧૫ મી). દ્વાદશાવર્ત વંદન અને કાઉસગ્ગ જિનમુદ્રાથી કરાય છે અને ત્રણે પ્રણિધાન (જાવંત કેવી સાહૂ, જાવંતિ ચેઇયાઇ અને જયવિયરાય) મુક્તાશુક્તિ મુદ્રાથી કરાય છે (સદર ગાથા ૧૮ મી). મંત્રીએ સ્તુતિ ઊભા ઊભા જિનમુદ્રાએ કરી છે અને ત્યાર પછી યોગમુદ્રાએ શક્રસ્તવ કહ્યું છે તે વાત પ્રથમ કરી ગયા છે; છેવટે મુક્તાશુક્તિમુદ્રાથી જયવિયરાય કહ્યા છે.

કરીને નમસ્કાર કર્યો. આ સુકૃત્યથી તે મંત્રીશ્વર પોતાના આત્માને બહુ કૃતાર્થ-ધન્ય-ભાગ્યશાળી સમજવા લાગ્યો અને પછી આનંદના આંસુ વડે આચાર્ય મહારાજના પગને સીંચતો આચાર્યના પગમાં પડ્યો. ગુરુમહારાજને તેણે દોષ માત્રનો નાશ કરનાર દ્વાદશાવર્ત વંદન[1] કર્યું. મનમાં સમતાભાવ લાવીને પ્રસંગને અનુરૂપ બાકીના સર્વ સાધુઓને તેણે ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા અને સૂરિ મહારાજે તથા સાધુઓએ તેને 'ધર્મલાભ' આપ્યો. ત્યાર પછી એ ગુણબુદ્ધિ મંત્રી શુદ્ધ-જીવરહિત-પોતાને યોગ્ય જમીનપર બેઠો અને તેણે તે વખતે સૂરિ મહારાજને સુખશાતા પૂછી.

સૂરિમહારાજનો ઉપદેશ.

હવે આચાર્ય મહારાજે વિશેષ પ્રકારે ધર્મદેશના દેવા માંડી. દેશના દરમ્યાન તેઓએ પ્રથમ આ સંસારનું નિર્ગુણપણું બતાવ્યું; તેમાં બતાવી આપ્યું કે આ સંસાર મહા કઠિણ છે, ખાસ તજવા યોગ્ય છે, તેમાં કોઇ પણ પ્રકારનો લાભ કે વાસ્તવિક આનંદ જરા પણ નથી અને તે એકંદર રીતે આત્માને ઘણું નુકશાન કરનાર છે. એ સંસારને વધારનાર અને તેનું ખરેખરૂં કારણ કર્મો છે. તે કર્મો મિથ્યાત્વ (અશ્રદ્ધા અને અજ્ઞાન), અવિરતિ (ત્યાગનો અભાવ), કષાય (ક્રોધ, માન, માયા અને લોભ વિગેરે) અને યોગ (મન, વચન, કાયાની પ્રવૃત્તિ) ને લઇને આત્મા સાથે બંધાય છે, તેથી ખરેખરી રીતે એ સંસારનું કારણ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ જ છે. વળી જો પ્રાણી બરાબર પુરૂષાર્થ કરે છે તો તે સર્વ કર્મથી મુક્તિ મેળવી નિર્વાણ પામી શકે છે અને ત્યાર પછી તેને એકસરખો અહર્નિશ આનંદ જ પ્રાપ્ત થાય છે અને ત્યાંથી ફરીને કદિ પણ સંસારમાં પાછા આવવાનું નથી. એ મોક્ષ પ્રાપ્ત કરવા માટે પ્રાણીએ કેવી પ્રવૃત્તિઓ આદરવી, તેમાં કેવાં કેવાં સાધનો યોજવાં તે પણ બતાવ્યું. આવી રીતે સંસારનું નિર્ગુણપણું, કર્મહેતુ પર વિચારણા-વિવેચનયુક્ત લંબાણ દેશના નિર્વાણની મહત્તા અને તેને પ્રાપ્ત કરવાનાં સાધનો પર આપી. મુનિ મહારાજ શ્રી પ્રબોધનરતિ આચાર્યની અમૃતના સિંચન જેવી આ મધુર દેશના સાંભળીને પ્રાણીઓ માનસિક સંતાપ રહિત થઇ ગયા અને તેઓનાં મનમાં આનંદ આનંદ વ્યાપી રહ્યો.

---

૧ ગુરૂમહારાજને ત્રણ પ્રકારના વંદન થાય છેઃ **ફિટ્ટા વંદન, થોભ વંદન અને દ્વાદશાવર્ત વંદન.** (જુઓ ગુરૂવંદન ભાષ્ય.) એ ત્રણે વંદનનું ટુંકામાં સ્વરૂપ નીચે પ્રમાણે છેઃ મસ્તક નમાવી બે હાથ જોડી પ્રણામ કરવાથી **ફિટ્ટા વંદન** થાય છે. બે હાથ, બે જાનુ અને મસ્તક એ પાંચે અંગોને સંપૂર્ણ નમાવી બે વખત પ્રણામ કરવાથી **થોભ વંદન** થાય છે. **દ્વાદશાવર્ત વંદન** બે વાંદણા દેવાથી થાય છે. (ગુરૂવંદન ભાષ્ય ગાથા ૧ અને ૪.)

" પાપચરિત્ર છે[1]. પાપી માણસોની દૃષ્ટિમાં વિકાર હોવાથી તેઓ શુદ્ધ
" રૂપને તથાસ્વરૂપે જોઇ શકતા નથી. હે પ્રભુ ! [2]રાગ દ્વેષ અને મોહમોહ
" હને સૂચવનાર અનુક્રમે હાસ્ય, ક્રોધ, વિલાસથી વિયુક્ત અને અક્ષમાળા
" રહિત હે પાપ વગરના નાથ ! તમને નમસ્કાર છે. હે પ્રભુ ! તમે
" અનંત ગુણોથી ભરપૂર છો, તેથી તમારી સ્તુતિ હું શી રીતે કરી
" શકું ? હું તો મંદ બુદ્ધિવાળો છું, પરંતુ મારા મનમાં જે શુભ
" ભાવનાઓ છે અને જેને હું બોલી શકતો નથી, તે તમે પોતે સારી
" રીતે જાણો છો; તો હવે કૃપા કરીને ભવપરંપરાનો છેદ કરનારી તમારી
" નિશ્ચયભક્તિ મારા ઉપર દયા કરીને મને ભવે ભવ જરૂર આપજો. "

આવી રીતે ત્રિલોકનાથ શ્રી યુગાદિદેવની સ્તુતિ કરતી વખત સુબુદ્ધિ મંત્રીએ જિનમુદ્રા[3] ધારણ કરી હતી. વચ્ચે વચ્ચે વારંવાર તે પ્રભુને પગે લાગ્યા કરતા હતા. આખરે મુક્તાશુક્તિમુદ્રા[4] ધારણ કરીને અતિ સુંદર રીતે જયવિયરાય સ્તોત્રથી તેમણે પ્રભુની સ્તુતિ

---

૧ **પાપચરિત્રઃ** કોઇ અંધ માણસ સૂર્ય ન દેખી શકે તો તેમાં સૂર્યનો દોષ નથી તે નિયમ પ્રમાણે. **અભવ્યનું અધમ ચરિત્ર પ્રભુને સત્ય સ્વરૂપે જોઇ શકતું નથી.**

૨ **હાસ્ય ક્રોધ વિલાસ અક્ષમાળાઃ** રાગને સૂચવનાર હાસ્ય, દ્વેષને સૂચવનાર ક્રોધ અને મોહને સૂચવનાર વિલાસ પ્રભુને હોતા નથી. મતલબ તેઓ હાસ્ય, ક્રોધ અને વિલાસ જેવા સ્થૂળ ભાવ વગરના છે, તેનાથી રહિત છે અને તેથી સ્થૂળ સાંસારિક પ્રાણીઓથી ઊંચી હદે ગયેલા છે. તેને જાપ કરવા લાયક અન્ય દેવ કોઇ નથી એ ભાવ અક્ષમાળાની ગેરહાજરી બતાવે છે એમ મને લાગે છે.

૩ **જિનમુદ્રાઃ** દેવવંદનભાષ્યમાં જિનમુદ્રાનું સ્વરૂપ નીચે પ્રમાણે આપ્યું છેઃ " ચાર આંગળ જેટલું અંતર બે પગના આગળના ભાગમાં અને તેથી કાંઇક ન્યૂન અંતર પાછળના ભાગમાં રાખી બન્ને પગે સીધા ઊભા રહેવું-એમ કરવાથી **જિનમુદ્રા** થાય છે. (દેવવંદનભાષ્ય-ગાથા ૧૬ મી.)

૪ **મુક્તાશુક્તિ મુદ્રાઃ** તેનું સ્વરૂપ આપતાં કહે છે કે " હાથની આંગળીને અન્યોન્ય આંતર્યા વગર બન્ને હાથ પોલા જોડી રાખીને લલાટસ્થળે (કપાળે) સ્થાપવા અથવા અન્ય આચાર્યોના મત પ્રમાણે લલાટથી દૂર રાખવા તેને **મુક્તાશુક્તિ મુદ્રા** કહે છે. (દેવવંદનભાષ્ય-ગાથા ૧૭ મી.) ભાષ્યકારના મત પ્રમાણે પંચાંગ પ્રણામ અને સ્તવપાઠ (નમુત્થુણં) વિગેરે ' યોગમુદ્રા ' થી કરવામાં આવે છે. એમાં હાથની દશે આંગળીઓને માંહોમાંહે આંતરી કમળના ડોડાની જેમ બન્ને હાથ રાખી હાથની કોણીઓ પેટ પર રાખવામાં આવે છે (સદર ગાથા ૧૫ મી). ચૈત્યવંદન વંદન અને કાઉસ્સગ્ગ જિનમુદ્રાથી કરાય છે અને ત્રણ પ્રણિધાન (જાવંત કેવી સાહૂ, જાવંતિ ચેઇઆઇં અને જયવિયરાય) મુક્તાશુક્તિ મુદ્રાથી કરાય છે (સદર ગાથા ૧૮ મી). મંત્રીએ સ્તુતિ ઊભા ઊભા જિનમુદ્રાથી કરી છે અને ત્યાર પછી યોગમુદ્રાએ શક્રસ્તવ કર્યું છે તે વાત પ્રથમ કરી અને છેવટે મુક્તાશુક્તિમુદ્રાએ જયવિયરાય કહ્યું છે.

કરીને નમસ્કાર કર્યા. આ સુકૃત્યથી તે મંત્રીશ્વર પોતાના આત્માને બહુ કૃતાર્થ-ધન્ય-ભાગ્યશાળી સમજવા લાગ્યો અને પછી આનંદના આંસુ વડે આચાર્ય મહારાજના પગને સીંચતો આચાર્યના પગમાં પડ્યો. ગુરૂમહારાજને તેણે દોષ માત્રનો નાશ કરનાર દ્વાદશાવર્ત વંદન[1] કર્યું, મનમાં સમતાભાવ લાવીને પ્રસંગને અનુરૂપ બાકીના સર્વ સાધુઓને તેણે ભક્તિપૂર્વક નમસ્કાર કર્યા અને સૂરિ મહારાજે તથા સાધુઓએ તેને 'ધર્મલાભ' આપ્યો. ત્યાર પછી એ સુબુદ્ધિ મંત્રી શુદ્ધ-જીવરહિત-પોતાને યોગ્ય જમીનપર બેઠો અને તેણે તે વખતે સૂરિ મહારાજને સુખશાતા પૂછી.

સૂરિમહારાજનો ઉપદેશ.

હવે આચાર્ય મહારાજે વિશેષ પ્રકારે ધર્મદેશના દેવા માંડી. દેશના દરમ્યાન તેઓએ પ્રથમ આ સંસારનું નિર્ગુણપણું બતાવ્યું; તેમાં બતાવી આપ્યું કે આ સંસાર મહા કનિષ્ટ છે, ખાસ તજવા યોગ્ય છે, તેમાં કોઇ પણ પ્રકારનો લાભ કે વાસ્તવિક આનંદ જરા પણ નથી અને તે એકંદર રીતે આત્માને ઘણું નુકશાન કરનાર છે. એ સંસારને વધારનાર અને તેનું ખરેખરૂં કારણ કર્મો છે. તે કર્મો મિથ્યાત્વ (અશ્રદ્ધા અને અજ્ઞાન), અવિરતિ (ત્યાગનો અભાવ), કષાય (ક્રોધ, માન, માયા અને લોભ વિગેરે) અને યોગ (મન, વચન, કાયાની પ્રવૃત્તિ) ને લઇને આત્મા સાથે બંધાય છે, તેથી ખરેખરી રીતે એ સંસારનું કારણ મિથ્યાત્વ, અવિરતિ, કષાય અને યોગ જ છે. વળી જો પ્રાણી બરાબર પુરૂષાર્થ કરે છે તો તે સર્વ કર્મથી મુક્તિ મેળવી નિર્વાણ પામી શકે છે અને ત્યાર પછી તેને એકસરખો અહર્નિશ આનંદ જ પ્રાપ્ત થાય છે અને ત્યાંથી ફરીને કદિ પણ સંસારમાં પાછા આવવાનું નથી. એ મોક્ષ પ્રાપ્ત કરવા માટે પ્રાણીએ કેવી પ્રવૃત્તિઓ આદરવી, તેમાં કેવાં કેવાં સાધનો યોજવાં તે પણ બતાવ્યું. આવી રીતે સંસારનું નિર્ગુણપણું, કર્મહેતુ પર વિચારણા-વિવેચનયુક્ત લંબાણ દેશના નિર્વાણની મહત્તા અને તેને પ્રાપ્ત કરવાનાં સાધનો પર આપી. મુનિ મહારાજ શ્રી પ્રબોધનરતિ આચાર્યની અમૃતના સિંચન જેવી આ મધુર દેશના સાંભળીને પ્રાણીઓ માનસિક સંતાપ રહિત થઇ ગયા અને તેઓનાં મનમાં આનંદ આનંદ વ્યાપી રહ્યો.

---

૧ ગુરૂમહારાજને ત્રણ પ્રકારના વંદન થાય છે: ફિટ્ટા વંદન, થોભ વંદન અને દ્વાદશાવર્ત વંદન. (જુઓ ગુરૂવંદન ભાષ્ય.) એ ત્રણે વંદનનું ટુંકામાં સ્વરૂપ નીચે પ્રમાણે છે: મસ્તક નમાવી બે હાથ જોડી પ્રણામ કરવાથી ફિટ્ટા વંદન થાય છે. બે હાથ, બે જાનુ અને મસ્તક એ પાંચે અંગોને સંપૂર્ણ નમાવી બે વખત પ્રણામ કરવાથી થોભ વંદન થાય છે. દ્વાદશાવર્ત વંદન બે વાંદણા દેવાથી થાય છે. (ગુરૂવંદન ભાષ્ય ગાથા ૧ અને ૪.)



પ્રકરણ ૧૨ મું.

ચાર પ્રકારના પુરૂષો.[1]



ત્રુમર્દન રાજાએ પોતાના બન્ને હાથો કમળના ડોડાની જેમ મેળવી પોતાના મસ્તક સુધી લાવીને (હાથ જોડી નમસ્કાર કરીને) પોતાના નખોને પવિત્ર બનાવ્યા અને પછી તેણે સૂરિ મહારાજને પૂછ્યું "હે ભગવન્! સુખની વાંચ્છા કરનાર પ્રાણીએ આ સંસારમાં સર્વ સંપત્તિને પ્રાપ્ત કરાવનાર કઇ વસ્તુ અતિ પ્રયત્નથી પણ મેળવવી જોઇએ?"

સુખ કેમ મળી શકે?

આચાર્ય—"હે રાજન્! આ સંસારમાં પ્રાણીએ ગમે તેટલો "પ્રયાસ કરીને સર્વજ્ઞ મહારાજે બતાવેલો ધર્મ આ"ચરવો જોઇએ, કારણ કે ધર્મ, દ્રવ્ય મેળવી આપે "છે, મનની સર્વ કામનાઓ પૂર્ણ કરે છે અને છેવટ "સંસારથી મુક્તિ પણ અપાવે છે–એવી રીતે ધર્મ "સર્વ પુરૂષાર્થને સાધનાર હોવાથી તે ખાસ આદરવા યોગ્ય છે. એ "ધર્મ અનંત સુખથી ભરપૂર મોક્ષમાં પણ પ્રાણીને લઇ જાય છે અને "પ્રાણી સંસારમાં હોય છે ત્યાં સુધી પ્રસંગવશાત્ તેને સુખ પણ "મેળવી આપે છે."

શત્રુમર્દન—"જો એમ છે તો સર્વ સુખના સાધનભૂત તે ધર્મને પ્રાણીઓ કેમ આચરતા નહિ હોય? અને તેમ છતાં વળી સુખ મેળવવાની ઇચ્છા રાખીને પ્રાણીઓ શા માટે કલેશ પામતા હશે?"

---

૧ આ પ્રકરણની દરેક વાત બહુજ વિચારી સમજવા યોગ્ય છે. આખું પ્રકરણ ડબલ ઇનવર્ટેડ કોમામાં અને બ્લાક ટાઇપમાં છે એમ ગણવું.

આચાર્યે બતાવેલું ઇંદ્રિયોનું સ્વરૂપ.
ઇંદ્રિયદમનથી સુખ અને તેની દુર્જયતા.
સુખસાધન હોવા છતાં ધર્મદૂરીકરણમાં કારણો.

આચાર્ય—"રાજન્! સુખ મેળવવાની ઇચ્છા જલદી થઇ શકે "તેવી છે પણ ધર્મસાધન જલદી થઇ શકે તેવું નથી, કારણ કે પ્રાણીઓ પોતાની પાંચે ઇંદ્રિયોના સમૂહને જીતી લેછે તેઓ જ તેને "(ધર્મને) સાધી શકે છે. હવે એ ઇંદ્રિયો અનાદિ ભવચક્રમાં પરિભ્રમણ કરતાં બહુ બળવાન થઇ ગયેલી હોય છે તેથી સામાન્ય "બુદ્ધિવાળા પ્રાણીઓ એને સાધારણ રીતે જીતી શકે તેમ નથી. આ "પ્રમાણે હોવાથી અજ્ઞાની પ્રાણીઓ માત્ર સુખ મેળવવાની ઇચ્છા "કરે છે પણ તેને પ્રાપ્ત કરી આપનાર ધર્મને આદરતા નથી, ઉલટા "ધર્મથી દૂર નાસતા ફરે છે."

શત્રુમર્દન—"સુખ મેળવવાની ઇચ્છાવાળા પ્રાણીઓ જે ઇંદ્રિયોનો જય કરવા અશક્ત થાય છે, જય કરવાથી સુખ થાય છે એમ સમજવા છતાં પણ જેનો જય કરી શકતા નથી અને ધર્મથી દૂર નાસે છે તે ઇંદ્રિયો કઇ કઇ છે અને કેવા સ્વરૂપવાળી છે? અને તે શા માટે દુર્જય (દુઃખે કરીને-મુશ્કેલીથી જીતી શકાય તેવી) છે? એ સર્વ હકીકત હું બરાબર સાંભળવા ઇચ્છું છું તો આપ કૃપા કરીને મને તે સર્વ સમજાવો."

આચાર્ય—"સ્પર્શન, જીવ્હા, નાક, આંખ અને કાન એ પાંચને "હે રાજેંદ્ર! ઇંદ્રિયો કહેવામાં આવે છે. જ્યારે પોતાને પસંદ આવે "તેવો સ્પર્શ થાય ત્યારે આનંદ આવે અને પોતાનાં મનને ન ગમે તેવો "સ્પર્શ થાય ત્યારે દુઃખ થાય, દ્વેષ થાય–એવી રીતે સારો સ્વાદ મળે "ત્યારે જીભને ગમે, કડવો સ્વાદ આવે ત્યારે થુંકવાનું મન થાય–એજ "પ્રકારે પાંચે ઇંદ્રિયોના સંબંધમાં સમજી લેવું. નાકનું કામ સુંઘવાનું છે, "આંખનું કામ જોવાનું છે અને કાનનું કામ સાંભળવાનું છે. તે પાંચે "ઇંદ્રિયોને ઇષ્ટ વિષય મળે ત્યારે આનંદ થાય છે અને અનિષ્ટ સંયોગે દરેક ઇંદ્રિયને દ્વેષ થાય છે. પાંચે ઇંદ્રિયનું આ સ્વરૂપ છે. "તમારા પ્રથમ પ્રશ્નનો એ ઉત્તર સમજવો. ત્યાર પછી તમે બીજો "સવાલ એ કર્યો છે કે એ ઇંદ્રિયો દુર્જય શા માટે છે તેના સંબંધમાં "તમને હકીકત કહું છું તે બરાબર ધ્યાન રાખીને સાંભળો. કેટલાક "માણસો એવા બળવાન હોય છે કે લડાઇમાં હજારો યોદ્ધાઓને ભારે "પડે અને મદ ઝરતા હાથીઓ સાથે પણ જોરથી લડી શકે–આવા

"બળવાળા પુરૂષોને પણ ઇંદ્રિયો જીતી લે છે. ઇંદ્ર વિગેરે મહા શ-
"ક્તિવાળા પ્રાણીઓ ત્રણે ભુવનને પોતાની શક્તિથી એક આંગળી
"ઉપર નચાવી શકે છે તેવા જોરાવર પ્રાણીઓને પણ ઇંદ્રિયો એક
"ક્ષણવારમાં પોતાને વશ કરી લે છે. મોટા દેવ તરીકે ઓળખાતા
"બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર (શિવ) જેવાને પણ એ ઇંદ્રિયો પો-
"તાને વશ કરી લે છે તે એટલે સુધી કે તેઓ ઇંદ્રિયોના દાસ થ-
"ઇને રહે છે.[1] સર્વ શાસ્ત્રોમાં પ્રવીણ હોય અને પરમાર્થના જાણકાર
"હોય એવા પ્રાણીઓ ઉપર પણ જ્યારે ઇંદ્રિયો પોતાનું સામ્રાજ્ય
"ચલાવે છે ત્યારે તેઓ નાના બાળકોની પેઠે વર્તે છે. એ ઇંદ્રિયો
"દેવતા, મનુષ્ય અને અસુરોથી ભરેલા ત્રણે લોકને પોતાના બળથી
"રાંક તુલ્ય માને છે, તેની જરાએ દરકાર કરતી નથી અને તેની તરફ
"તિરસ્કારની નજરથી જુએ છે. તેટલા માટે હે રાજન્! એ ઇંદ્રિયો
"દુર્જય છે એમ મેં કહ્યું છે, એ હવે તમારા સમજવામાં બરાબર
"આવ્યું હશે!"

ત્યાર પછી મનીષીની હકીકત જ્ઞાનથી જાણીને સૂરિ મહારાજ સર્વને બોધ આપવા સારૂ બોલવા લાગ્યા; તે વખતે તેઓની દંતપંક્તિમાંથી નીકળતાં કિરણો વડે જાણે તેઓના હોઠ રંગાઇ ગયા હોય નહિ તેવા લાગતા હતા. સૂરિ મહારાજ આગળ બોલ્યા કે "હે રાજન્!
"સર્વ ઇંદ્રિયોની તો શી વાત કરૂં? પણ એક સ્પર્શેંદ્રિય પણ લોકોમાં
"મહા બળવાળી થઇને રહે છે. તે એટલી બધી બળવાન્ છે કે તેને
"એકલીને જીતવાને જગતના અનંત જીવો સમર્થ થઇ શકતા નથી
"જ્યારે તે એકલી સ્થાવર અને જંગમ (સ્થિર અને ચાલતા) ત્રણે
"લોકને જીતીને પોતાના કબજામાં લઇ શકે છે અને તેઓને પોતાને
"વશ રાખે છે."

સ્પર્શેંદ્રિયનો જય કરનાર પુરૂષો

શત્રુમર્દન—"મહારાજ! એ સ્પર્શેંદ્રિયને જીતનાર કોઇ પણ મનુષ્ય હશે કે આ ત્રણ ભુવનમાં એ ઇંદ્રિયનો જય કરનાર કોઇ પણ પુરૂષ-પ્રાણી હયાત હશેજ નહિ?"

આચાર્ય—"હે રાજન્! સ્પર્શેંદ્રિય પર જય મેળવનાર પુરૂષો

---

૧ બ્રહ્માનો સરસ્વતી સાથેનો પ્રસંગ, કૃષ્ણનો અનેક સ્ત્રીઓ સાથેનો પ્રસંગ અને શંકરનો ભીલડી સાથેનો પ્રસંગ તેઓ ઇંદ્રિયનું દાસત્વ કેવી રીતે સ્વીકારી ચૂક્યા હતા તે બતાવી આપે છે

" દુનિયામાં છેજ નહિ એમ તો નજ કહેવાય, પણ તેના પર જય " મેળવનાર બહુ થોડા છે એમ કહી શકાય. એ સ્પર્શેદ્રિય પર જય " કરનારા પ્રાણીઓ બહુ થોડા હોય છે તેનું કારણ હું તને કહી સંભ- " ળાવું છું તે ધ્યાન રાખીને સાંભળ. આ ભુવનમાં [1]જઘન્ય, મધ્યમ, " ઉત્કૃષ્ટ અને ઉત્કૃષ્ટતમ-એમ ચાર પ્રકારના પુરુષો હોય છે. આ ચારે " પ્રકારના પુરુષોનું સ્વરૂપ તને કહું છું તે તમે બરાબર ધ્યાનમાં લો.

(૧) ઉત્તમોત્તમ પ્રાણીઓનું સ્વરૂપ.

" એ ચાર પ્રકારના પ્રાણીઓમાં જે ઉત્તમોત્તમ (ઉત્કૃષ્ટતમ) " પુરૂષો કહ્યા છે તેનું સ્વરૂપ પ્રથમ કહું છું તે સાંભળોઃ અનાદિ કા- " ળથી આ પ્રાણીનો ઇંદ્રિયો સાથે સંબંધ ચાલતો આવેલો છે. પ્રત્યેક " ભવમાં પ્રાણી ઇંદ્રિયની લાલનાપાલના કરતો આવ્યો છે અને તેથી " તેને તે બહુ વહાલી લાગતી આવી છે. તેનું બરાબર સ્વરૂપ જ્યારે " ઉત્તમોત્તમ પ્રાણીને સર્વજ્ઞ મહારાજના બતાવેલાં વિશુદ્ધ આગમોના " સંબંધથી જણાય છે ત્યારે તેવો પ્રાણી જેને આપણે 'ઉત્કૃષ્ટતમ' " વિભાગમાં જણાવ્યો છે તેના સમજવામાં આવે છે કે એ ઇંદ્રિયો " અને ખાસ કરીને પ્રસ્તુત સ્પર્શેદ્રિય બહુ દોષોનું સ્થાન છે અને " અનેક દોષોને ઉત્પન્ન કરનાર છે; એટલું જણાયા પછી વળી વધારે " તપાસ કરતાં તેમને માલૂમ પડે છે કે એ ઇંદ્રિયને મહાત્મા પુરુ- " ષોએ તિરસ્કારી કાઢેલ છે-આટલું જણાતાં પોતાનાં મનમાં સંતોષ " લાવીને પોતે ગૃહસ્થ અવસ્થામાં હોય તો પણ વસ્તુતત્ત્વ બરાબર " ઓળખીને સ્પર્શેન્દ્રિયની લોલુપતામાં પડી કોઇ પણ પ્રકારનું અણ- " ઘટતું આચરણ કરતા નથી. વળી આગળ ચાલતાં એવા પ્રાણીઓને " જિનાગમનો વિશેષ બોધ થાય છે અને શાસનમાં સ્થિરતા પ્રાપ્ત " થાય છે ત્યારે તેઓ સ્પર્શેદ્રિય સાથે પોતાને જે કાંઇ સંબંધ રહ્યો " હોય તે સર્વે તોડી નાખે છે અને ભાગવતી દીક્ષા લઇ મનને અ- " ત્યંત નિર્મળ કરી સંતોષભાવ ધારણ કરી તદ્દન સ્પૃહા વગરના- " ઇચ્છા વગરના થઇ જાય છે અને તેવી સ્થિતિમાં તેઓને સ્પર્શન " તરફ કાંઇ ઇચ્છા કે વલણ જરા પણ થતું નથી. ત્યાર પછી તેઓ " ભયંકર સંસાર અટવીથી ખેદ પામી પાપ વગરના થઇ મનમાં મહા " સત્ત્વ ધારણ કરી સ્પર્શનને જે પ્રતિકૂળ બાબતો હોય તેનીજ સે- " વના કરે છે, પણ સ્પર્શનને જે વાત ગમતી હોય-જે તેને અનુકૂળ " હોય તેની સેવના કરતા નથી, તેવી વસ્તુ આદરતા નથી અને તેની

---

૧ કનિષ્ઠ, મધ્યમ, ઉત્તમ અને ઉત્તમોત્તમ.

"સાથે સંબંધ રાખતા નથી. ત્યાર પછી તેઓ ભૂમિ ઉપર શયન "કરે છે પણ કોમળ શય્યાને શોધતા નથી. તેઓના પોતાના માથા-"પરના મુછના તથા દાઢીના વાળનો લોચ કરે છે પણ તેને સારી "રીતે ઓળતા નથી અને તેને દુઃખ ન થાય તેવી રીતે ક્ષૌર (હજા-"મત) કરાવતા નથી–આવી રીતે અનેક પ્રકારના શારીરિક ક્લેશો જે "સ્પર્શનને પ્રતિકૂળ હોય છે તેને તેઓ ખુશીથી આદરે છે અને "સ્પર્શેંદ્રિયને સુખ થાય તેવી બાબતોની જરા પણ ઇચ્છા રાખતા ન "હોવાથી તેઓને ક્લેશોથી જરા પણ આકુળતા થતી નથી. એ પ્ર-"માણે સર્વ કર્મોથી થતાં ક્લેશોનો નાશ કરીને સ્પર્શેંદ્રિય પર સંપૂર્ણ "જય મેળવી તેઓ આખરે **નિર્વૃત્તિ** નગરી (મોક્ષ) માં ચાલ્યા "જાય છે જ્યાં ગયા પછી તેઓને કોઇ પણ પ્રકારનો ક્લેશ કદિ "થઇ શકતો નથી–આવી રીતે તેઓ **સ્પર્શેંદ્રિયપર** સંપૂર્ણ જય મેળવે "છે. આવા પ્રકારના પ્રાણીઓને વિચક્ષણ મનુષ્યો '**ઉત્કૃષ્ટતમ**' "(ઉત્તમોત્તમ) વર્ગના મનુષ્યો કહે છે અને જેઓ એ પ્રમાણે વર્તે "છે તે મહા ભાગ્યવાન્ હોય છે–પણ એટલી વાત ખરી છે કે એવા "ઉત્કૃષ્ટતમ વર્ગના પ્રાણીઓ જગતમાં વિરલા (બહુ થોડા) હોય છે."

ઉપદેશની જૂદી જૂદી અસર.

મનીષીના વિ-શુદ્ધ વિચારો.

ભગવાન્ આચાર્ય મહારાજ શ્રી **પ્રબોધનરતિનાં** આવાં વચન સાંભળીને સુંદર મનવાળા **મનીષીના** મનમાં વિચાર[1] થયો કે આ ભગવાને જેવું સ્પર્શેંદ્રિયનું સ્વરૂપ હમણા કહી બતાવ્યું અને તેમાં જણાવ્યું કે એ સ્પર્શેદ્રિય અત્યંત આકરી છે તેવુંજ સ્વરૂપ બોધ અને પ્રભાવે મને અગાઉ [2]**સ્પર્શનનું** કહ્યું હતું. તે વખતે મને જણાવ્યું હતું એ મહા બળવાળો સેનાની **સ્પર્શન** અંતરંગ નગરમાં વસનાર છે. આટલા ઉપરથી એમ સમજાય છે કે હમણા આચાર્ય મહારાજે જે સ્પર્શેંદ્રિયનું વર્ણન કર્યું તે પુરૂષનું રૂપ ધારણ કરી **સ્પર્શનના** આકારમાં અમને સર્વને છેતરે છે. આ વાત બરાબર તેમજ હોવી જોઇએ, નહિ

---

૧ વિચારશીળ **મનીષી** પોતાના મનમાંજ વિચાર કરી સ્વયં બોધ પામે છે. સુજ્ઞ સરળ મહાત્માઓનો એજ માર્ગ છે. એને બળવાન નિમિત્ત મળે કે તુરત એ રસ્તાપર આવી જાય છે; બાહ્ય પ્રેરણાની એને જરૂર રહેતી નથી.

૨ બોધ અને પ્રભાવે કહેલા સ્પર્શનના સ્વરૂપ માટે જુઓ ઉપર–આ પ્રસ્તાવનું પ્રકરણ ૪ થું. અહીં તે હકીકતનો ઉપનય **મનીષી** પોતેજ બહુ સારી રીતે ઉતારે છે. વિદુરે બાળ અને મનીષીની વાર્તા કહેવા માંડી ત્યારથીજ આ વિષય શરૂ થાય છે. વિદુરની વાર્તા પ્રકરણ ત્રીજાથી શરૂ થાય છે.

તો આવી રીતે કેમ હોઇ શકે? વળી, ભગવાને જે 'ઉત્તમોત્તમ' પુરૂષોનું વર્ણન કર્યું તેવુંજ વર્ણન ભવજંતુનું મારીપાસે સ્પર્શને કર્યું હતું[1]; અને તેજ વખતે તેણે જણાવ્યું હતું કે સદાગમના બળથી એ સ્પર્શનનો પૂર્વનો મિત્ર ભવજંતુ પોતાના પ્રિય મિત્રનો (સ્પર્શનનો) તિરસ્કાર કરીને સંતોષની મદદ વડે નિર્વૃત્તિ નગરીએ ચાલ્યો ગયો હતો અને તેણે વધારે જણાવ્યું હતું કે પોતે (સ્પર્શન) તેના ખેદમાંજ ગળામાં ફાંસો નાખી આપઘાત કરતો હતો. બોધ અને પ્રભાવે મને અગાઉ જે હકીકત કહી હતી તે અને અત્યારે પ્રબોધનરતિ મહારાજ જે હકીકત કહે છે, તે એક બીજાની સાથે મેળવવાથી એમાં રહસ્ય શું છે તે બરાબર સમજાઇ જાય છે. આ સૂરિ મહારાજ પોતાની વિશાળ જ્ઞાનદૃષ્ટિથી સ્થાવર અને જંગમ ત્રણ લોકના સર્વ ભાવોને બરાબર જાણે છે અને તેઓ સર્વ પ્રકારની શંકાઓનું નિરાકરણ કરવાને સમર્થ છે.

આશ્ચર્યયુક્ત દૃષ્ટિથી અને મનનપૂર્વક મનીષી જ્યારે આ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરતો હતો ત્યારે મધ્યમબુદ્ધિએ તેના તરફ પોતાનું ચિત્ત આપીને પૂછ્યું "ભાઇ મનીષી! તું તારા મનમાં કાંઇ ઊંડો વિચાર કરતો હોય એમ જણાય છે. શું કાંઇ તારા સમજવામાં નવીન તત્ત્વની હકીકત આવી છે?"

મધ્યમબુદ્ધિની મનીષા.

મનીષી—"આ મહાત્મા મુનિ મહારાજ ચોખા શબ્દોમાં બધી વાત કરે છે તો પણ હે ભાઇ! શું તારા સમજવામાં હજુ મુદ્દાની વાત આવી નથી? મને તો જરા પણ શંકા વગર એમ લાગે છે કે આ મહાત્માએ જેનું સ્પર્શેંદ્રિયનું વર્ણન કર્યું તેવોજ સ્પર્શન પણ હતો."

આ પ્રમાણે વાત સાંભળી ત્યારે મધ્યમબુદ્ધિને આશ્ચર્ય લાગ્યું અને તેથી સ્પર્શન અને સ્પર્શેંદ્રિય એકસરખા કેવી રીતે હોઇ શકે? એવો સવાલ તેણે પૂછયો; તેના જવાબમાં મનીષીએ તેનું કારણ પોતાના મનમાં હતું તે સર્વ તેને કહી [2]સંભળાવ્યું અને તેમાં તેણે સ્પ-

---

૧ જુઓ પ્રકરણ ૩ જું. ત્યાં ભવજંતુના પ્રસંગની વાર્તા સાદેજ બાળકથાનક શરૂ થાય છે.

૨ મૂળ હકીકત તો એમ છે કે વ્યવહાર મધ્યમબુદ્ધિના મનમાં મનીષા (જાણવાની ઇચ્છા) થવાથી તે સ્વરૂપ તે સમજી ગયો અને બાળનું લક્ષ ત્યાં ન હોવાથી તે સમજ્યો નહિ. યાદ રાખવાનું છે કે બાળ, મનીષી અને મધ્યમબુદ્ધિ એ૦ રીતે અંતરંગ રાજ્યના પાત્રો છે. બાળનું લક્ષ ન હોવાથી તે કાંઇ સમજ્યો નહિ તે આપણે દરગુજર કરશું.

"સાથે સંબંધ રાખતા નથી. ત્યાર પછી તેઓ ભૂમિ ઉપર શયન "કરે છે પણ કોમળ શય્યાને શોધતા નથી. તેઓના પોતાના માથા-"પરના મુછના તથા દાઢીના વાળનો લોચ કરે છે પણ તેને સારી "રીતે ઓળતા નથી અને તેને દુઃખ ન થાય તેવી રીતે ક્ષૌર (હજા-"મત) કરાવતા નથી–આવી રીતે અનેક પ્રકારના શારીરિક ક્લેશો જે "સ્પર્શનને પ્રતિકૂળ હોય છે તેને તેઓ ખુશીથી આદરે છે અને "સ્પર્શેંદ્રિયને સુખ થાય તેવી બાબતોની જરા પણ ઇચ્છા રાખતા ન "હોવાથી તેઓને ક્લેશોથી જરા પણ આકુળતા થતી નથી. એ પ્ર-"માણે સર્વ કર્મોથી થતાં ક્લેશોનો નાશ કરીને સ્પર્શેંદ્રિય પર સંપૂર્ણ "જય મેળવી તેઓ આખરે **નિર્વૃત્તિ** નગરી (મોક્ષ) માં ચાલ્યા "જાય છે જ્યાં ગયા પછી તેઓને કોઇ પણ પ્રકારનો ક્લેશ કદિ "થઇ શકતો નથી–આવી રીતે તેઓ **સ્પર્શેંદ્રિયપર** સંપૂર્ણ જય મેળવે "છે. આવા પ્રકારના પ્રાણીઓને વિચક્ષણ મનુષ્યો 'ઉત્કૃષ્ટતમ' "(ઉત્તમોત્તમ) વર્ગના મનુષ્યો કહે છે અને જેઓ એ પ્રમાણે વર્તે "છે તે મહા ભાગ્યવાન્ હોય છે–પણ એટલી વાત ખરી છે કે એવા "ઉત્કૃષ્ટતમ વર્ગના પ્રાણીઓ જગતમાં વિરલા (બહુ થોડા) હોય છે."

ઉપદેશની જૂદી જૂદી અસર.

મનીષીના વિશુદ્ધ વિચારો.

ભગવાન્ આચાર્ય મહારાજ શ્રી **પ્રબોધનરતિ**નાં આવાં વચન સાંભળીને સુંદર મનવાળા **મનીષી**ના મનમાં વિચાર[1] થયો કે આ ભગવાને જેવું સ્પર્શેંદ્રિયનું સ્વરૂપ હમણા કહી બતાવ્યું અને તેમાં જણાવ્યું કે એ સ્પર્શેંદ્રિય અત્યંત આકરી છે તેવુંજ સ્વરૂપ બોધ અને પ્રભાવે મને અગાઉ [2]**સ્પર્શન**નું કહ્યું હતું. તે વખતે મને જણાવ્યું હતું એ મહા બળવાળો સેનાની **સ્પર્શન** અંતરંગ નગરમાં વસનાર છે. આટલા ઉપરથી એમ સમજાય છે કે હમણા આચાર્ય મહારાજે જે સ્પર્શેંદ્રિયનું વર્ણન કર્યું તે પુરૂષનું રૂપ ધારણ કરી **સ્પર્શન**ના આકારમાં અમને સર્વને છેતરે છે. આ વાત બરાબર તેમજ હોવી જોઇએ, નહિ

---

૧ વિચારશીળ **મનીષી** પોતાના મનમાંજ વિચાર કરી સ્વયં બોધ પામે છે. સુજ્ઞ સરળ મહાત્માઓનો એજ માર્ગ છે. એને બળવાન નિમિત્ત મળે કે તુરત એ રસ્તાપર આવી જાય છે; બાહ્ય પ્રેરણાની એને જરૂર રહેતી નથી.

૨ બોધ અને પ્રભાવે કહેલા સ્પર્શનના સ્વરૂપ માટે જુઓ ઉપર–આ પ્રસ્તાવનું પ્રકરણ ૪ થું. અહીં તે હકીકતનો ઉપનય **મનીષી** પોતેજ બહુ સારી રીતે ઉતારે છે. વિદુરે બાળ અને મનીષીની વાર્તા કહેવા માંડી ત્યારથીજ આ વિષય શરૂ થાય છે. વિદુરની વાર્તા પ્રકરણ ત્રીજાથી શરૂ થાય છે.

[1]એ નમણી સ્ત્રીની સુંદર કેડ ઉપરના ભારથી કૃશ ગઇ જણેલી અને [2]ત્રિવલયથી શોભતી તેમજ રોમરાજીને ધારણ કરતી અતિ સુંદર દેખાય છે. [3]સત્કામ રસની વાવડી જેવી તેની નાભિ (ડુંટી) અતિ મનોહર લાગે છે અને સજ્જન પુરૂષોના હૃદય જેવી અતિ ગંભીર[4] જણાય છે. એનાં સ્તનો દૂધના ભારથી વધેલાં, ગોળ, ભરેલાં, પાણીના કુંભનો[5] (ગાગરનો) આકાર ધારણ કરનારાં, ઉપસી આવેલાં, કઠણ અને અતિ સુંદર છે. અહાહા! સુકુમાર, મનોહર અને મહા પુણ્યથી મળી શકે તેવા સુંદર હાથ તે ધારણ કરે છે જે અતિ રમણીય [6]લતા જેવા દેખાય છે. સુંદર રૂપ ધારણ કરનારાં એ સુંદરીના કર (કાંડા) થી જાણે અશોકનાં નવીન, સુંદર [7]રાગવાળા પલ્લવો પણ જીતાઇ ગયા હોય એમ મને લાગે છે. તેની ડોક ગોળ હોવાને લીધે તેના પર [8]ત્રણ રેખાઓ બહુ સુંદર રીતે પડે છે. તે જાણે ત્રણ

---

૧ અથવા જંઘાયુગ્મ અને મન્મથહાથીને જૂદાં લેવાં. જંઘાયુગ્મ તોરણનો આકાર (આવો) ધારણ કરે છે. મેખલાના કલાપથી બાંધેલા હાથી જેવું તેનું નિતંબબિંબ અમૃત જેવું લાગેછે. કાનને, જીભને અથવા આંખને સાર લાગે તે સર્વ 'અમૃતાયતે' એમ કહેવાય છે. અહીં આંખને સારૂં લાગે છે એમ સમજવું. (આ નોટ પૃ. ૪૮૦ ના છેલ્લા વાક્યને અંગે છે.)

૨ ત્રિવલયઃ માંસ અને ચરબીને લીધે થતા પેટના વાટા ગોળાકાર હોય છે અને કામી જનોને બહુ સુંદર દેખાય છે. કૃશતામાં પણ સૌંદર્ય છે. ભાર-શરીરના ઉપરના ભાગનો અને વલયપણે માંસ ચરબીનો સમજવો. મોહદ્રષ્ટિએ સર્વ વસ્તુ સુંદર દેખાય છે.

૩ સત્કામ રસઃ (૧) કામદેવનો રસ. (૨) શુભ કાર્યે કરવાની પ્રીતિનો રસ.

૪ ગંભીરઃ (૧) ઊંડી; (૨) વિશાળ.

૫ પાણીના કુંભ સાથે બધા શ્લેષો છે. બરાબર મળતા આવી જશે, વાંચવાથી સ્પષ્ટ થાય તેવા સર્વ શબ્દો છે.

૬ લતા સાથે સર્વ વિશેષણો શ્લેષ છે. સુકુમારઃ (૧) નાજુક; (૨) લતા પક્ષે કુમળી. પુણ્યઃ (૧) શુભ કર્મ; (૨) ઉત્તમ કામ, મહેનત.

૭ અશોક વૃક્ષનાં પાંદડાં લાલ હોય છે. તેની સાથે શ્લેષ છે. નવીનઃ (૧) અપૂર્વ; (૨) વસંતમાં પ્રાપ્ત થયેલાં. રાગઃ (૧) મેંદી; (૨) રંગ. કર એટલે અહીં કાંડું સમજવું અને હાથ એટલે ખભાથી શરૂ કરીને આખો હાથ સમજવો. કર એટલે hand અને હાથ એટલે Arm સમજવા. આખા હાથને ઉપર લતા સાથે સરખાવ્યા અને કાંડાના રંગના વખાણ કર્યાં.

૮ ત્રણરેખાઃ સુંદર ગોળ ડોકની નીચે ત્રણ વલય-રેખાઓ કુદરતી રીતે પડે છે તે પુષ્ટ અને સરખા શરીરવાળાને જોવાથી જણાઇ આવશે. નમણી સ્ત્રીઓની ડોક બરાબર ગોળ હોય છે અને તેને જોઇને બાળ જેવા જીવો બહુ આનંદ પામે છે. રેખાઃ (૧) ત્રણ વલય; (૨) કિરતાર પક્ષે લેખની રેખાઓ. ગળામાં ત્રણ રેખા પડતી હોય તે બહુ સારી ગણાય છે અને જાણે કિરતારે સારા લેખ લખ્યા હોય તેને સૂચવે છે—આ વ્યવહારૂ શ્લેષ છે.

શેંદ્રિય અને સ્પર્શન એક કેવી રીતે છે તે ભવજંતુનો સંબંધ બતાવી સ્પષ્ટ કરી આપ્યું.

બાળના તુચ્છ વિચારો

તે વખતે બિચારો [1]બાળ તો પાપકર્મના જોરથી ચારે દિશામાં આમ તેમ જોયા કરતો હતો અને ગુરૂ મહારાજ હિતનાં વચન બોલતા હતા તે તરફ તદ્દન અનાદર બતાવતો હતો. હવે તે વખતે આચાર્ય મહારાજના સુખમાંથી નિકળતી અમૃત જેવી વાણીનું પાન કરતી મહા સ્વરૂપવાળી અને વિશાળ આંખોવાળી **મદનકંદળી** રાણી જે રાજાની સમીપે જ બેઠી હતી તેના ઉપર બાળની પાપી નજર ગઇ, એટલે તુરતજ તેના મનમાં વિચાર થયો કે મારી હૃદયવલ્લભા મદનકંદળી પણ અહીંજ આવેલી જણાય છે ને શું!

બાળની દૃષ્ટિએ મદનકંદળીના સૌંદર્યનું વર્ણન.

અહાહા! સોનાની જેવી કાંતિને ધારણ કરતું તેનું શુદ્ધ શરીર દેખવા માત્રથીજ તેની સંપૂર્ણ કોમળતા નાજુકતા બતાવી આપે છે! તેના બન્ને પગો જેની અંદરની શિરાઓ દેખાતી નથી, જે કાચબાની જેમ ઊંચા છે અને જે ઘણાજ ઉત્તમ પ્રકારના અને સરખા છે તે [2]રક્ત કમળની જેવી શોભા આપે છે. એ મદનકંદળીના બન્ને સાથળો કામદેવના મંદિરમાં જાણે [3]તોરણનો આકાર ધારણ કરતા હોય તેમ ઘણા સુંદર દેખાવાથી બહુ શોભા આપે છે. એ સુંદર સ્ત્રીના નિતંબ ઉપર આવી રહેલી [4]મેખલા વડે જાણે કામદેવ રૂપ હાથી બંધાઇ ગયો હોય એમ જણાય છે અને તે તેની સામું જોનારને અમૃતનું પાન કરાવે છે.

---

૧ મુનિ ઉપદેશ આપે છે ત્યારે **બાળ** કેવો ધંધો કરે છે તે વિચારવા યોગ્ય છે. ઉપદેશ વખતે આવી દશા બાળ જીવોની થઇ આવે છે તે પર ધ્યાન આપવા ઉપયોગ રાખવાથી આ બાબતો સુધરી શકે છે.

૨ રાતા કમળને **પદ્મ** કહેવામાં આવે છે-તેની શિરાઓ-નસો દેખાતી નથી, તેમજ **મદનકંદળી**ના પગની નસો દેખાતી નથી; તે કમળની પેઠે ઉપસી આવેલ અને ઘટ છે. આખું વાક્ય શ્લેષ છે. **શિરાઃ** (૧) નાડી (૨) નસ, રેસા.

૩ **તોરણઃ** એ સુંદરીના સાથળો કમાનની જેમ અર્ધચંદ્રાકાર છે તે જાણે કામદેવના મંદિરમાં તોરણ લટકાવી દીધું હોય તેવા લાગે છે. **તોરણઃ** (૧) કમાન (૨) તોરણ.

૪ **મેખલાઃ** કંદોરો-સ્ત્રીઓ કેડ ઉપર પહેરે છે. એ જાણે મન્મથમાતંગને (કામદેવ રૂપ હાથીને) બાંધવાની વિશાળ સાંકળ હોય તેવી શોભા આપે છે. **મેખલાઃ** (૧) કટિસૂત્ર, કંદોરો; (૨) હાથીને બાંધવાની સાંકળ.

વીણી વીણીને સારામાં સારા પરમાણુઓ એકઠા કરીને આ અતિ રમણીય પદ્મણીનું રૂપ બ્રહ્માએ ઘણું હોય એમ ચોક્ખું જણાય છે, કારણ કે જો તેમ ન હોય તો આવું સુંદર રૂપ ક્યાંથી હોઇ શકે? જેવું એનું રૂપ સુંદર છે તેવો એનો સ્પર્શ પણ કોમળ હોવો જ જોઇએ એમાં જરા પણ શંકા જેવું મને લાગતું નથી; અમૃતના કુંડમાં જરા પણ કડવાશ હોવાનો સંભવજ કેમ હોઇ શકે? એ અતિ ચપળ આંખોવાળી મારૂં મન હરણ કરનારી એલસરિતા મારી સામું આડી નજરે વારંવાર જુએ છે તેથી તે પણ મારી ઇચ્છા કરતી હશે એમ અનુમાન થાય છે—આવી જાતના સાચા ખોટા વિચારથી બાળનું મન આકુળવ્યાકુળ થઇ ગયું અને ભવિષ્યમાં પોતાને સુંદરીસંસર્ગથી થનારા (કલ્પિત) સુખના ખોટા ખ્યાલમાં તે તદ્દન મૂઢ જેવો થઇ ગયો.

ઉત્તમ પ્રાણીનું સ્વરૂપ.

સૂરિ મહારાજે પોતાનો ઉપદેશ આગળ ચલાવ્યો "રાજન્! "મેં તને ઉત્તમોત્તમ પુરૂષોનું સ્વરૂપ કહી સંભળાવ્યું તે તારા સમ- "જવામાં આવ્યું હશે. હવે હું બીજા ઉત્તમ વર્ગના મનુષ્યોનું તારી "પાસે વર્ણન કરી બતાવું છું તે બરાબર ધ્યાન રાખીને સાંભળ."

સૂરિ મહારાજે આ પ્રમાણે કહ્યું ત્યારે મનીષીએ વિચાર કર્યો કે અહો! આ વાત બહુ સારી થઇ. સૂરિ મહારાજથી આ હકીકત બરાબર સારી રીતે સમજાશે. તે વખતે તેણે મધ્યમબુદ્ધિને પણ સૂચના કરી કે સૂરિ મહારાજ જે કાંઇ કહે તે બરાબર ધ્યાન રાખીને સાંભળવું અને સમજવું. ત્યાર પછી સૂરિ મહારાજે આગળ ચલાવ્યું:—

"મનુષ્ય જન્મ પ્રાપ્ત કરીને જે પ્રાણીઓ સ્પર્શેન્દ્રિયને શત્રુ તરીકે "ઓળખી જાય છે તેને ઉત્તમ પ્રાણીઓ સમજવા. આ વર્ગના પ્રા- "ણીઓનું ભવિષ્યમાં સારૂં થવાનું હોવાથી તેઓનાં મનમાં નિર્ણય "થાય છે કે એ સ્પર્શેન્દ્રિય પ્રાણીઓને જરા પણ લાભ કરનારી નથી. "ત્યાર પછી તેઓ બોધ અને પ્રભાવદ્વારા જ્યારે એ સ્પર્શેન્દ્રિયના મૂળની "હકીકત સંબંધી બરાબર શોધખોળ કરે છે, તપાસ કરે છે, ત્યારે "અસલ સ્થિતિમાં એ ઇંદ્રિય કોણ છે તેની તેઓને બરાબર ખબર "પડે છે. આવી રીતે એ સ્પર્શેન્દ્રિયનું મૂળ શું છે એ જ્યારે તેઓના "જાણવામાં આવે છે ત્યારે તેઓ સમજે છે કે એ ઇંદ્રિય તો નિરં- "તર પ્રાણીઓને છેતરવાનુંજ કામ કરનારી છે. આ હકીકત તેઓના "જાણવામાં આવ્યા પછી તેઓ નિરંતર તેના સંબંધમાં શંકા રાખ્યા "કરે છે, તેનાથી ચેતતા રહે છે અને તેનો કદિ પણ વિશ્વાસ કરતા

લોકનો જય સૂચવનાર તરીકે કિરતારે કરી હોય તેના જેવી લાગે છે. અધર (નીચેનો હોઠ) અતિ કોમળ[1] હોવાને લીધે જાણે [2]પરવાળાનો ખંડ હોય તેવો જણાય છે. કોઇ પણ પ્રકારના ડાઘ વગરના તેના સુકોમળ ગાલમાંથી નીકળતો પ્રકાશ અતિ મનોહર જણાય છે. મોગરાની કળીઓનો આકાર ધારણ કરનારા તેના મ્હોઢામાં આવી રહેલા દાંતો વિલાસ કરતાં કિરણોનો જાણે ઢગલો હોય નહિ એવા સુંદર દેખાય છે[3] અને તેના જેવા સુંદર દાંતો ત્રણ ભુવનમાં કોઇ પણ જગોએ જોવામાં આવતા નથી. એની બન્ને આંખો કાંઇક ધોળી અને કાંઇક નહિ ધોળી, વિસ્તારવાળી લાલ પંક્તિ-રેષાથી શોભતી અને સૂક્ષ્મ પાપણવાળી હોવાથી અતિ આનંદ આપે છે. તે મધુર સ્ત્રીની નાકની ડાંડી ઊંચી છે. તેની બન્ને ભમરો લાંબી અને બાલવાળી છે. એના કપાળ પર સુંદર બાલ હોવાથી બહુ આકર્ષક લાગે છે. [4]પ્રજાપતિએ જ્યારે તેને બનાવી હશે ત્યારે પોતાની કૃતિનો સંપૂર્ણ શુદ્ધ નમુનો બનાવવાની ખાતર તેના કાનો પણ તેવાજ સુંદર તેણે બનાવ્યા હોય એમ બરાબર દેખાઇ આવે છે. સુંદર તેલથી ઓળેલો આ સૌંદર્યની નિધાન પદ્મણીનો ચોટલો (અંબોડો) ઘણો આકર્ષક જણાય છે અને તેમાં ભરેલાં માલતીનાં ફુલોની સુગંધથી ખેંચાયલા ભમરાઓ[5] તેની પાસે આવ્યા કરે છે તેથી તેની શોભામાં બહુ વધારો થાય છે. ખરેખર, કાનને પ્રિય લાગે અને મન્મથ (કામદેવ) ને જાગ્રત કરે તેવાં તેનાં વચન સાંભળીને પોતાનો સ્વર તેની પાસે કાંઇ નથી એવા વિચારથી કોયલ[6] શરમાઇ ગઇ હોય એમ મને તો લાગે છે. દુનિયામાંથી

---

૧ **કોમળને** માટે '**પેશલ**' શબ્દ વાપર્યો છે જે શ્લેષ છે: (૧) નાજુક હોઠ પક્ષે; (૨) સુંદર, નરમ-પરવાળા પક્ષે.

૨ **પરવાળાનો રંગ** ખુલતો રાતો (લાલ) હોય છે જે ચક્ષુને પ્રિય લાગે છે.

૩ મતલબ કહેવાની એ છે કે એના દાંતો તદ્દન સ્વચ્છ અને ખેરી વગરના હતા. કિરણ બન્ને જગોએ અલંકારિક રીતેજ વપરાએલ છે.

૪ **પ્રજાપતિ**: બ્રહ્મા. શરીરની રચના તે બનાવે છે એ લૌકિક માન્યતાપર આ રૂપક છે. આ હકીકત જૈન મતને અનુકૂળ નથી પણ બાળ જેવા જીવોનાં સુખમાં બરાબર બંધબેસતી આવે છે.

૫ **ભમરાઓ** માલતી-જાઇનાં ફુલો આસપાસ ઘણો ગણગણાટ કરે છે. એ જાતિનાં પુષ્પોની વેણી મદનકંદળીએ અંબોડામાં નાંખેલ હોવાને લીધે ત્યાં પણ ભમરાઓ ગણગણાટ કરી તેના સૌંદર્યમાં **બાળ**ની દૃષ્ટિએ વધારો કરે છે.

૬ સ્વરની મધુરતા **કોયલ**માં સવિશેષ હોય છે. તેનાથી પણ **મદનકંદળી**નો સ્વર વધારે મધુર છે એમ કહેવાનો અત્ર આશય છે.

મધ્યમ પ્રાણીનું સ્વરૂપ.

"શત્રુમર્દન રાજા ! તારી પાસે મેં ઉત્કૃષ્ટ વર્ગના મનુષ્યોનું વર્ણન "કરી બતાવ્યું. હવે ત્રીજા મધ્યમ વર્ગના પુરૂષોનું વર્ણન તને "કરી બતાવું છું તે તું ધ્યાન રાખીને સાંભળ. જેઓ આ મનુષ્ય "જન્મ પ્રાપ્ત કરીને સ્પર્શેંદ્રિયનું સ્વરૂપ મધ્યમબુદ્ધિ વડે-સામાન્ય "નજરથી લેઇ શકે છે તેઓને મધ્યમ પ્રાણીઓ સમજવા. આ વર્ગના "પ્રાણીઓ સ્પર્શેંદ્રિયને પ્રાપ્ત કરીને તેના સુખમાં આસક્ત થઇ જાય "છે; વળી કોઇ વિદ્વાન્ મનુષ્ય તેઓને તે ઇંદ્રિયોનું સ્વરૂપ કેવું છે "અને તેનાં ભોગનાં ફળ કેવાં છે તે સંબંધમાં ઉપદેશ આપે છે ત્યારે "તેઓનું મન ડોળાય છે. તેઓને વિચાર થાય છે કે-આ વિચિત્ર "સંસારમાં કરવું શું ? એક બાજુ જોઇએ છીએ તો અનેક પ્રાણીઓ "ઇંદ્રિયના ભોગોની પ્રશંસા કરે છે અને ઘણા પ્રાણીઓ બહુ આનંદ-"પૂર્વક તેની સેવના કરે છે; વળી કેટલાક શાંત જીવો સર્વ પ્રકા-"રની સ્પૃહાનો ત્યાગ કરીને આ ભોગોની નિંદા કરે છે; ત્યારે આવી "ઘુંચમાં આપણે કયો માર્ગ લેવો ? એ કાંઇ સમજાતું નથી. આવા "આવા વિચાર કરીને તેઓ સંદેહમાં પડી જાય છે અને બેમાંથી "એકે નિર્ણયપર આવી શકતા નથી. છેવટે જ્યારે તેઓને એકે "માર્ગ સુજતો નથી ત્યારે તેઓ એ સંબંધમાં કાળક્ષેપ કરે છે "(કાંઇ પણ નિર્ણય કર્યા વગર વખત કાઢે છે) અને વિચારે છે કે "આ બાજુએ કે પેલી બાજુએ ઢળી જવા પહેલાં જરા વખત પ-"સાર થવા દેવો, આગળ ઉપર થઇ રહેશે. મનુષ્યનાં જેવાં કર્મ "હોય છે તેવી તેઓને બુદ્ધિ થાય છે, કારણ કે સુજ્ઞ મનુષ્યો કહી "ગયા છે કે બુદ્ધિઃ કર્માનુસારિણી એટલે બુદ્ધિ જેવી કાર્યપરંપ-"રાની પદ્ધતિ હોય છે તે અનુસાર થાય છે. આવી દોલાયમાન સ્થિ-"તિમાં તેઓ સ્પર્શેંદ્રિયને અતિ સુખની હેતુભૂત તો સમજે છે અને "તેને અનુકૂળ સર્વ આચરણ કરે છે પણ તેમાં ઘણા આસક્ત બની "જતા નથી. સ્પર્શેંદ્રિયને વશ થઇ જઇને તેઓ લોકવિરુદ્ધ કોઇ પણ "આચરણ કરી નાખતા નથી તેથી તેઓને મોટું દુઃખ કે પીડા "આવી પડતી નથી. તેઓને ડાહ્યા મનુષ્યો જે જે શિખામણ આપે છે "તે સર્વ તેઓ બહુ સારી રીતે સાંભળે છે અને સમજે છે, પણ "તેઓએ કદિ દુઃખ જોયેલું ન હોવાને લીધે તેવા વિચક્ષણ પુરૂષોના "ઉપદેશ પ્રમાણે આચરણ કરતા નથી. વળી તેઓ બાળ જીવની "સાથે સ્નેહમાં પડી જઇને તેઓની દોસ્તી કરી બેસે છે અને તેવા "સબંધને પરિણામે કોઇ કોઇ વાર ભયંકર દુઃખ પણ

"આવા પ્રકારની ભાઇબંધીને લીધે લોકોમાં તેઓની નિંદા પણ "થાય છે, કારણ કે **પાપી મનુષ્યોની સંગત સર્વ પ્રકારના અનર્થો-"ને ઉપજાવનારી હોય છે.** વળી જ્યારે તેઓને વિદ્વાન્ પુરૂષો બોધ "આપે છે ત્યારે તેઓ પોતાનું વાસ્તવિક હિત ક્યાં છે અને શેમાં છે "તે બરાબર સમજે છે અને તદનુસાર વર્તન કરે છે. આ પ્રમાણે "થાય છે ત્યારે તેઓનું અજ્ઞાન ઉડી જાય છે અને તેઓ ખરેખરા "સુખી થાય છે અને મહાત્મા પુરૂષનો સંબંધ થવાથી તેઓ ઉત્તમ "માર્ગને પ્રાપ્ત કરે છે. પછી પંડિત પુરૂષોની પેઠે તેઓ પણ ગુરૂ-"મહારાજ, દેવ તેમજ તપસ્વીઓનું અર્ચન તથા પૂજન બહુમાન-"પૂર્વક કરે છે."

મધ્યમ જીવોનાં લક્ષણ પર વિચારણા.

આચાર્ય મહારાજની આવી વાણી સાંભળીને **મધ્યમબુદ્ધિએ** વિચાર કર્યો કે પોતાના જ્ઞાન અને અનુભવથી આચાર્ય મહારાજે **મધ્યમ** પુરૂષોનાં જે લક્ષણો બતાવ્યાં તે સર્વ મને પોતાને અનુભવસિદ્ધ છે, મારા મનની સ્થિતિ તે મહાત્માશ્રીએ કહી તેવી જ બરાબર થઇ છે.

મનીષીએ પણ પોતાના મનમાં તેજ પ્રમાણે વિચાર કર્યો કે મહાત્મા આચાર્યે મધ્યમ વર્ગના જીવોનાં જે લક્ષણ બતાવ્યાં છે તે સર્વ પોતાના ભાઇ **મધ્યમબુદ્ધિ**માં છે. સૂરિમહારાજે પોતાના ઉપદેશનો લય ત્યાર પછી આગળ વધાર્યો:-

જઘન્ય જીવોનું સ્વરૂપ.

"ભવ્ય પ્રાણીઓ ! એ પ્રમાણે મધ્યમ જીવોના ગુણો તથા અ-"વગુણો તમને બતાવવામાં આવ્યા તે તમારા સમજવામાં આવી "ગયા હશે. હવે **જઘન્ય** મનુષ્યોનું સ્વરૂપ કેવા પ્રકારનું હોય છે તે "તમને કહું છું તે બરાબર ધ્યાન દઇને સાંભળો. મનુષ્યજન્મ પા-"મીને જે પ્રાણીઓ એ સ્પર્શેંદ્રિયને પોતાના સગા જેવી ગણે છે, "તે પોતાની મોટામાં મોટી દુશ્મન છે એમ જે પોતે જાણતાં નથી "અને તેમને પોતાને હિત થાય તેવું કહેનારા પુરૂષો ઉપર જેઓ ઉ-"લટા ક્રોધ કરે છે તેવા પ્રાણીઓને **જઘન્ય** મનુષ્યો સમજવા. એ "વર્ગના મનુષ્યોને સ્પર્શેંદ્રિયનો યોગ મળી જાય છે ત્યારે ખસ[1] ઉપર "ચળ આવતી હોય એવી તેઓનાં મનની સ્થિતિ થઇ જાય છે અને "જેમ ખસ ઉપર ખણવાથી છેવટે દુઃખ થાય છે, છતાં ખરજવા-

૧ ખસ: પામા: હાથની આંગળીપર કે છેટે થાય છે તેનીપર ચળ-ખરજ બહુ આવે છે. એ ચામડીનો વ્યાધિ છે.

"જાને તે સંબંધી વિચાર રહેતો નથી તેવીજ રીતે પરમાર્થેથી મુક-
"શાન કરનાર સ્પર્શેંદ્રિય ઉપર એક વખત આસક્તિ લાગ્યા પછી
"પ્રાણીને ભવિષ્યનો વિચાર રહેતો નથી. તેના પરની આસક્તિથી
"એટલો બધો વિરુદ્ધ ભાવ (ખોટો ખ્યાલ) તેના મનમાં જડ ઘા-
"લીને બેસે છે કે પછી તે એમજ સમજે છે કે એ સ્પર્શેંદ્રિય જ
"પોતાનું સ્વર્ગ છે, એ જ પોતાનો પરમાર્થ છે, એ જ પોતાનો સુખ-
"સાગર છે. આવો વિચાર થવા માંડે છે કે પછી તેઓનાં હૃદયનો
"અંધકાર ચોતરફ ફેલાય છે અને પછી વિવેકનું શોષણ કરનારાં રા-
"ગનાં કિરણો ચિત્તમાં વધી જાય છે એટલે વિવેકવિચારશૂન્ય થઇ
"તે અંધકારમાં દોડ્યા કરે છે, સાચા માર્ગથી ભ્રષ્ટ થઇ જાય છે, સદ્-
"ભાવ તેનાં હૃદયમંદિરમાં આવી શકતો નથી અને તેવા વિચારમાં
"તેઓની બુદ્ધિ પણ અંધ બની જાય છે; વળી એટલે સુધી તેઓની
"સ્થિતિ બગડી જાય છે કે તેઓ જે કાર્ય કરે છે તે લોકથી અને
"ધર્મથી વિરુદ્ધ છે અને અનેક માણસો તેની વારંવાર નિંદા કરે છે
"એ હકીકત તેના લાભ ખાતર કોઇ તેમને કહેવા જાય અથવા
"એવાં અધમ કાર્યો ભવિષ્યમાં ન કરવાં બાબત તેમને કોઇ વારે તો
"આવા માણસો વારનારના દુશ્મન થઇને બેસે છે. આવા પાપી પ્રા-
"ણીઓ ચંદ્ર જેવા પોતાના વિશુદ્ધ કુળને મળી લગાડી મસી (આં-
"જણ) જેવું કાળું કરે છે અને પોતાનાં એવા અધમ ચરિત્રને લીધે
"લોકો તરફથી હાંસીને પાત્ર થાય છે. જે વસ્તુને કદિ મેળવવાની
"ઇચ્છા ન કરવી જોઇએ તેને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા અને કોઇ
"પણ પ્રકારની લાજ શરમ મર્યાદા વગરના આવા લોકો [1]આકડાના
"રૂથી પણ વધારે લઘુતાને પામે છે. સ્ત્રી સાથે વિષય સંજોગ અને
"તેવી બીજી અધમ બાબતો રૂપ મોહો ગ્રહ તેઓના હૃદયમાં પ્રવેશ
"કરે છે ત્યારે તેઓનાં મનમાં જે દુઃખ થાય છે અને લોકોમાં તે-
"ઓની જે વિડંબના થાય છે તે વાણી વડે વર્ણવી શકાય તેમ નથી.
"ટુંકામાં કહીએ તો એટલુંજ કહી શકાય તેમ છે કે લોકોમાં જે જે
"પ્રકારની પીડાઓ, હેરાનગતિઓ અને ત્રાસો થઇ શકવા શક્ય છે તે
"સર્વે આવા પ્રકારના પ્રાણીઓને થાય છે અને તે સર્વ તેઓને ખ-
"મવા—સહન કરવા પડે છે. આવા પ્રાણીઓ પોતાની પ્રકૃતિ વડે જ
"ગુરૂ, દેવ અને તપસ્વીઓના મહા દુશ્મન હોય છે, મહા પાપી
"આચરણ કરનારા હોય છે, અત્યંત નિર્ભાગી હોય છે અને ગુણને

૧ તોલમાં આકડાનું રૂ બહુ હલકું હોય છે, ફુંક મારવાથી ઉડી જાય છે. અધમ માણસોનો (અલંકારિક) તોલ એવા રૂથી પણ ઓછો થાય છે.

" કલંક લગાડનારા હોય છે. તેઓ મહામોહમાં પડી ગયેલા હોવાથી " તેઓનું હિત હૃદયમાં ધારણ કરીને કોઇ તેઓને સન્માર્ગનો ઉપદેશ " કરે છે તો તેઓ તે હકીકતને કદિ પણ સાંભળતા નથી અને કદી " સાંભળે છે તો તેને કબૂલ કરતા નથી."

જઘન્યનાં લક્ષણ પર વિચારણા.

મુનિ મહારાજ આચાર્ય શ્રી પ્રબોધનરતિનાં આ વાક્યો સાંભળીને મનીષી તથા મધ્યમબુદ્ધિએ પોતાના મનમાં વિચાર કર્યો કે સૂરિ મહારાજે અતિ વિદ્વત્તા ભરેલા શબ્દોમાં સ્પર્શેંદ્રિયમાં આસક્ત જીવો જેને જઘન્ય વર્ગના ગણવામાં આવ્યા છે તેનું જે વર્ણન કર્યું તે સર્વ સારી રીતે બાળમાં દેખાઇ આવે છે અને ખરેખર! આ સૂરિ મહારાજ જે કહે છે તે તદ્દન સાચું જણાય છે; કારણ કે પોતાના જ્ઞાનમાં બેઠું ન હોય-જે બરાબર તેઓએ જ્ઞાનદૃષ્ટિથી જોયું ન હોય તે કદિ તેઓ બોલતા નથી.

હવે પેલા બાળે તો સૂરિ મહારાજે જે ઉપદેશ આપ્યો અને હકીકત સમજાવી તેના તરફ જરા પણ ધ્યાન આપ્યું નહિ, તે તો રાણી મદનકંદલી ઉપર આસક્ત થઇને તેના તરફજ જોઇ રહ્યો હતો અને તેની સાથે વિલાસ કરવાના વિચારજ કરી રહ્યો હતો.

સૂરિ મહારાજે પોતાના ઉપદેશનો ઉપસંહાર કરતાં જણાવ્યું " રાજન્ શત્રુમર્દન! મેં તને અહીં જઘન્ય વર્ગના પ્રાણીઓનું વર્ણન " કરી બતાવ્યું તે તારા સમજવામાં આવ્યું હશે; તેના સંબંધમાં હવે " વિશેષ એટલું જણાવવાનું કે આવા પ્રકારના જઘન્ય વર્ગના પ્રાણીઓ " આ ભુવનમાં બહુ હોય છે અને બાકીના ત્રણ વર્ગના (ઉત્તમોત્તમ, " ઉત્તમ અને મધ્યમ) પ્રાણીઓ તો આ ભુવનમાં પણ બહુ થોડા " હોય છે. એમ કહેવાનું કારણ એ છે કે આ ભુવનમાં સ્પર્શેંદ્રિયને " જીતનાર પ્રાણીઓ બહુ વિરલ (થોડા) હોય છે."

શત્રુમર્દન—" [illegible] ધર્મ આચરી શકતો નહિ [illegible] તે સંબંધમાં [illegible] છે તે માટે હું [illegible] છું."

ચાર પ્રકારના પ્રાણીઓ પર વિવેચન.

[illegible] ! આપ સાહેબે [illegible] પ્રાણીઓનું

[illegible]

સ્વરૂપ પશ્ચાનુપૂર્વીથી[1] અમને હાલ બતાવ્યું તે સંબંધમાં મારે આપશ્રીને એટલું પૂછવાનું છે કે એ જૂદા જૂદા પ્રકારના સ્વરૂપવાળા પ્રાણીઓ પોતાની પ્રકૃતિથીજ એવા હોય છે કે[2] એ પ્રાણીઓનું એવા પ્રકારનું સ્વરૂપ કરનાર કોઇ બીજું કારણ છે તે આપશ્રી સમજાવો."

આચાર્ય—"મહામંત્રી! સાંભળ. પ્રાણીઓનું એવું જૂદા જૂદા પ્રકારનું સ્વરૂપ થાય છે તે તેઓની પ્રકૃતિથી થતું નથી પણ કારણને લઇને થાય છે. એ ચાર વિભાગમાં જે પ્રથમ ઉત્કૃષ્ટતમ વિભાગના પ્રાણીઓ કહ્યા તેઓ ઉત્કૃષ્ટ (ઉત્તમ) વિભાગના પ્રાણીઓ કરતાં એક બાબતમાંજ જૂદા પડી શકે છે અને તે બાબત એ છે કે તેઓને (ઉત્કૃષ્ટતમ વિભાગવાળા પ્રાણીઓને) પોતાનું કાર્ય સિદ્ધ થઇ ચૂકેલું હોય છે. બાકી ઉત્કૃષ્ટતમ અને ઉત્તમ વર્ગના પ્રાણીઓ વચ્ચે વસ્તુતઃ કાંઇ ભેદ નથી. ઉત્તમ વર્ગના પ્રાણીઓ મનુષ્ય ભવ પ્રાપ્ત કરી, ભવસ્વરૂપ જાણી, મોક્ષમાર્ગ ઓળખી તેનું સેવન કરે છે અને તે વડે કર્મજાળને કાપી નાખી, સ્પર્શેંદ્રિયનો ત્યાગ કરી, મોક્ષ પામે છે ત્યારે તેજ ઉત્કૃષ્ટ મનુષ્યોને ઉત્કૃષ્ટતમ વર્ગના પ્રાણીઓ કહેવામાં આવે છે. ત્યાર પછી એ વર્ગના પ્રાણીઓની સ્થિતિ સ્વાભાવિક રીતેજ મોક્ષમાં થાય છે. આ અવસ્થાની અપેક્ષાએ જોઇએ તો તેને ઉત્પન્ન કરનાર કોઇ નથી; તેટલા માટે ઉત્કૃષ્ટતમ વિભાગના પ્રાણીઓના કોઇ માતા પિતા હોતા નથી. બાકી સંસારમાં રહેલા પેલા જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ વર્ગના પ્રાણીઓ તેવા પ્રકારનાં પોતાનાં વિચિત્ર કર્મોને લીધે થાય છે, તેથી તેઓને ઉત્પન્ન કરનાર તેઓના પિતા તરીકે કર્મવિલાસ રાજા ગણાય છે. એ કર્મ ત્રણ પ્રકારનાં હોય છેઃ શુભ, અશુભ (અકુશળ) અને સામાન્ય પ્રકારનાં. તેમાં જે કર્મપદ્ધતિ શુભ હોવાથી સુંદર લાગે તે શુભસુન્દરી રૂપ માતા મનુષ્યવર્ગમાં ઉત્કૃષ્ટ વર્ગના લોકોને જન્મ આપે છે; જે કર્મપદ્ધતિ અકુશળ (અશુભ) હોવાથી અસુંદર-ખરાબ લાગે તે અકુશળમાળા રૂપ માતા મનુષ્ય વર્ગમાં જઘન્ય વર્ગના પુત્રોને જન્મ આપે છે અને જે કર્મપદ્ધતિ શુભ અશુભ મિશ્રિત હોવાથી સામાન્ય રૂપવાળી છે તે સામાન્યરૂપા માતા મધ્યમ વર્ગના પ્રાણીઓને મનુષ્ય તરીકે જન્મ આપે છે."

---

૧ પશ્ચાનુપૂર્વીઃ ઉલટા ક્રમમાં એટલે પ્રથમ ઉત્કૃષ્ટતમ વર્ગના પ્રાણીનું અને છેવટે જઘન્ય વર્ગના પ્રાણીનું સ્વરૂપ.

૨ અહીં જૈ. ધ. સો. વાળા નવા ખાસ ભાગનું પૃ. ૩૦૧ શરૂ થાય છે.

તે પર મનીષીએ કરેલી વિચારણા.

મનીષીએ આ અદ્દભુત હકીકત સાંભળીને તે પર વિચાર કરવા માંડ્યો-અહો ! આ આચાર્ય મહારાજે તો ઉત્કૃષ્ટ મધ્યમ અને જઘન્ય મનુષ્યો ગુણથી અમારી સમાન રૂપવાળા છે એટલુંજ નહિ પણ ચારિત્રથી પણ અમારી જેવાજ હોય છે એમ બરાબર બતાવી આપ્યું, તેથી આ વાત તો અમને ત્રણે ભાઇઓને બરાબર મળતી આવે છે વળી એ મહાત્માએ માતપિતા સંબંધી જે હકીકત કહી તે પણ અમને બરાબર બંધબેસતી આવે છે, તેથી ખરેખર, એ ત્રણે સ્વરૂપવાળા અમે ત્રણે બંધુઓજ હોઇશું એમ મને તો ચોક્કસ લાગે છે. સ્પર્શને મને અગાઉ જણાવ્યું હતું કે પેલો[1] ભવજંતુ તેનો તિરસ્કાર કરીને નિર્વૃત્તિ નગરીમાં ચાલ્યો ગયો, તે વખતે તેના કોઇ મા કે બાપ છે એમ તેણે મને કહ્યું ન હોતું. આટલા ઉપરથી મારા મનમાં એમ નિશ્ચય થાય છે કે તે ભવજંતુ હતો તેનેજ ઉત્કૃષ્ટતમ વિભાગમાં મૂકવો જોઇએ. અમારા ત્રણે ભાઇઓનો પિતા કર્મવિલાસ રાજા છે અને ભગવાને જણાવ્યું તેમ અમારી માતાઓ જૂદી જૂદી છે, તેથી મને એમ અનુમાન થાય છે કે જઘન્ય વર્ગનો પ્રાણી તે બાળ, મધ્યમવર્ગનો મધ્યમબુદ્ધિ અને ઉત્કૃષ્ટ વર્ગનો પ્રાણી તે હું પોતે. પણ હવે વધારે વાત સાંભળતાં ચોક્કસ નિર્ણયપર અવાશે.

ચાર વર્ગના પુરૂષોની વર્ગમાં સ્થિતિ

આવી રીતે મનીષી પોતાના મનમાં વિચાર કરતો હતો તે વખતે સુબુદ્ધિ મંત્રીશ્વરે[2] વળી બીજો પ્રશ્ન કર્યો-"ભગવન્ ! ચાર વર્ગના જૂદા જૂદા પ્રકારના પ્રાણીઓ આપશ્રીએ બતાવ્યા તે હમેશાં એવા ને એવા રહેવાના કે તેઓમાં કાંઇ રૂપપરાવર્તન થઇ શકે ખરૂં ! એટલે કે એક વર્ગના પ્રાણીઓ બીજા વર્ગમાં જઇ શકે એવું કાંઇ કારણ છે કે નહિ? તે આપ મને સમજાવો."

આચાર્ય—"ઉત્કૃષ્ટતમ વિભાગવાળા પ્રાણીઓનું સ્વરૂપ તો સ્થિત છે, તેઓ કદિ બીજી સ્થિતિ પામતા નથી અને જે વર્ગમાં અને

૧ જુઓ પૃષ્ઠ ૩૬૯.

૨ આ પ્રસંગે સુબુદ્ધિ પ્રશ્ન કરે છે વિગેરે હકીકત નંદિવર્ધન કુમારને સ્પર્શનનું બળ અને સોબતની અસર બતાવવા સારૂ વિદુર કહે છે અને તે આખી વાત સંસારીજીવ સદાગમ સન્મુખ કહી બતાવે છે, અગૃહીતસંકેતાને ઉદ્દેશીને તે કહે છે અને પાસે પ્રજ્ઞાવિશાળા અને ભવ્યપુરૂષ બેઠાં છે તે સાંભળે છે.

સુખમાં તેઓ છે તેમાંજ નિત્ય રહે છે. બાકી બીજા ત્રણ વર્ગનું રૂપ અનિત્ય છે, કારણ કે તેઓને કર્મવિલાસ રાજાને આધીન રહેવું પડે છે. એ કર્મવિલાસ રાજા બહુ આકરી પ્રકૃતિનો છે તેથી ઉત્કૃષ્ટ વર્ગના પ્રાણીઓને કોઇ વાર મધ્યમ બનાવી મૂકે છે અને કોઇવાર તો તદ્દન જઘન્ય પણ બનાવી મૂકે છે; વળી મધ્યમ વર્ગના પ્રાણીને તે કોઇવાર ઉત્કૃષ્ટ બનાવે છે અને કોઇવાર તદ્દન જઘન્ય બનાવી દે છે: તેમજ જઘન્ય વર્ગના પ્રાણીઓને કોઇવાર મધ્યમ બનાવે છે અને કોઇવાર ઉત્કૃષ્ટ પણ બનાવે છે. સ્થિતિ આ પ્રમાણે હોવાથી જેઓ કર્મવિલાસ રાજાના પંજામાંથી છૂટી ગયા હોય તેઓનું જ એકસરખું રૂપ હમેશા માટે રહે છે, બાકી બીજાઓનું તેમ રહી શકતું નથી."

મનીષીએ વિચાર કરવા માંડ્યો કે આ સર્વ હકીકત પણ અમારા (ત્રણ ભાઇઓના સંબંધમાં) અને ભવજંતુના સંબંધમાં બરાબર બંધબેસતી આવી જાય છે. એનું કારણ એ જણાય છે કે અમારો પિતા બહુ આકરી પ્રકૃતિવાળો અને ઘણોજ નિયંત્રણા કરનારો છે: એમણે પોતેજ મને એક વખત કહ્યું હતું કે તે પ્રતિકૂળ હોય ત્યારે પ્રાણીને જેવું બનેછે તેવુંજ બાળને બન્યું છે. પોતાનો છોકરો પણ ઉલટે માર્ગે ચાલતો હોય તો તેને પણ જે રાજા યોગ્ય રીતે દુઃખપરંપરા આપી યોગ્ય શિક્ષા કરે છે તે રાજા બીજા માણસો ઉપર કેમ આસક્તિ રાખે? તે બીજાને ન્યાલ કરી દે કે છોડી દે અથવા તેઓપર મમતા રાખે એમ ધારવું તદ્દન ભૂલભરેલું જ છે.

ઉત્કૃષ્ટતમ વર્ગની પ્રાપ્તિનો ઉપાય.

સુબુદ્ધિ—"ભગવન્! આપે જે ઉત્કૃષ્ટતમ વર્ગના પ્રાણીઓ કહ્યા તે કોના પ્રભાવથી તેવા થાય છે?"

આચાર્ય—"એ વર્ગના પ્રાણીઓ કોઇ બીજાના પ્રભાવથી તેવા થતા નથી પણ પોતાના જ વીર્યથી-પોતાની જ શક્તિથી તેવા થાય છે."

સુબુદ્ધિ—"એવા પ્રકારનું વીર્ય ઉત્પન્ન કરવાનો ઉપાય શો તે આપ કૃપા કરીને બતાવો."

આચાર્ય—"શ્રી જિનેશ્વર મહારાજે બતાવેલી દીક્ષા અંગીકાર કરવી અને તેને ભાવપૂર્વક પાળવી એ જ એવા પ્રકારની વીર્યપ્રાપ્તિનો ઉપાય છે."

મનીષીએ પોતાના મનમાં વિચાર કર્યો કે જો એમ જ હોય તો મારે પણ ઉત્કૃષ્ટતમ વિભાગના પ્રાણી થવું છે. સંસારની આવા પ્રકા-


રની વિડંબનાઓ અને પીડાઓ શા માટે સહન કરવી જોઇએ? એમાં લાભ શું છે? એથી અર્થ શું સરે છે? માટે મારે એ દીક્ષા લેવી તેજ ઉચિત છે. આ પ્રમાણે વિચાર કરતાં કરતાં મનીષીના મનમાં દીક્ષા લેવાના પરિણામ દૃઢ થતાં ગયા. આચાર્ય મહારાજ અને સુબુદ્ધિ મંત્રીની અરસપરસ વાત સાંભળીને મધ્યમબુદ્ધિને પણ દીક્ષા લેવાના પરિણામ થયા. માત્ર એવું નૈષ્ઠિક[1] અનુષ્ઠાન પોતે કરી શકશે કે નહિ તે સંબંધી પોતાના મનમાં વિચાર કરતો હતો.

સુબુદ્ધિ—"અમને જે ગૃહસ્થધર્મ અગાઉ આપે બતાવ્યો હતો તે એવા પ્રકારના વીર્યને પ્રકટ કરવાનું કારણ થાય કે નહિ?"

ગૃહસ્થ ધર્મ અને દીક્ષાની સરખામણી.

આચાર્ય—"પરંપરાએ ગૃહસ્થ ધર્મ પણ એવા પ્રકારના વીર્યને પ્રકટ કરવાનું કારણ થાય ખરો, પરંતુ સાક્ષાત્ કારણ તો ન થાય; કારણકે એ ગૃહસ્થ ધર્મ મધ્યમ પ્રકારના પ્રાણીઓને યોગ્ય છે. એ ધર્મનું સારી રીતે સેવન કરવામાં આવ્યું હોય તો તે મધ્યમ વર્ગના પ્રાણીને ઉત્કૃષ્ટ વર્ગનો બનાવવામાં ઘણોજ સાધનભૂત થાય છે અને તેથી પરંપરાએ તે ઉત્કૃષ્ટતમ વિભાગમાં પણ પ્રાણીને લઇ જાય છે. આટલા માટે એને પરંપરાએ કારણભૂત કહેવામાં આવ્યો છે. બાકી અત્યંત નિર્મળ તેમજ દુર્લભ દીક્ષા તો સર્વ ક્લેશોનો નાશ કરનારી અને સીધી રીતે સંસારને કાપી નાખનારી છે એ વાતમાં જરા પણ સંદેહ જેવું નથી. આ પ્રમાણે હકીકત છે છતાં મંત્રીશ્વર! ગૃહસ્થધર્મ પણ સંસારને ઘણો ઓછો કરી નાખનાર છે અને તેટલા માટે આ સંસારસમુદ્રમાં તેને પણ અતિ દુર્લભ સમજવો. આ સર્વ હકીકત કહેવાનો પરમાર્થ એ છે કે ભગવાનના મતની દીક્ષા પ્રાણીને અતિશય વીર્યના યોગ વડે ચોક્કસ ઉત્કૃષ્ટતમ વિભાગમાં લાવી મૂકે છે, જ્યારે ગૃહસ્થધર્મ લંબાણથી ધીમે ધીમે તે સ્થિતિ પ્રાપ્ત કરાવે છે."

આ હકીકત સાંભળીને [2]મધ્યમબુદ્ધિએ પોતાના મનમાં વિચાર કર્યો કે તીર્થંકર મહારાજે બતાવેલો આ ગૃહસ્થધર્મ મારે હાલ આદરવો એ ઠીક જણાય છે.



૧ નૈષ્ઠિક અનુષ્ઠાનઃ દૃઢ, નિયમસરનું. એક વખત આદર્યા પછી આખા જીવન પર્યંત તેવીજ સ્થિતિ રહે તેને નૈષ્ઠિક અનુષ્ઠાન કહે છે. બાળપણથી બ્રહ્મચારી હોય આખી જીંદગી બ્રહ્મચર્ય ધારણ કરે છે તેને નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવામાં આવે છે.

૨ મધ્યમબુદ્ધિ આવી રીતે કાળક્ષેપ કર્યા કરે છે. ત્રણેના વર્તનમાં અને નિશ્ચયમાં કેટલો ફેર પડે છે તે ધ્યાનમાં રાખવા યોગ્ય છે.



પ્રકરણ ૧૩ મું.

બાળનું અધમ વર્તન-તેપર વિચારણા.



આ જ આખી ઉપદેશશ્રેણી દરમ્યાન અકુશળમાળા અને સ્પર્શનના તાબામાં હતો, તેણે ઉપદેશનો એક પણ અક્ષર ધ્યાન રાખીને સાંભળ્યો નહિ, તેની ચિત્તવૃત્તિ વધારે વધારે અસ્થિર થતી ચાલી અને તેનાં મનમાં અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પો[1] ચાલવા લાગ્યા. એ તો રાણી મદનકંદળીના સામું જોતો જાય છે અને મનમાં વિચારતો જાય છે કે અહો ! આ સુંદર અંગવાળી સ્ત્રીનું શું મનોહર રૂપ છે ! અહો તેનું કેવું સુકુમારપણું છે ! વળી એ મદનકંદળી રાણી પણ મારા ઉપર ઘણો પ્રેમ રાખતી જણાય છે ! એનો મારા ઉપર રાગ ચોક્કસ જણાય છે, કારણકે તે વારંવાર આડી આંખે મારી તરફ જોયા કરે છે ! ખરેખર, એ ગૌરાંગીના નાજુક અંગોના સ્પર્શનું સુખ અનુભવવાથી હવે જરૂર મારો જન્મ સફળ થશે એમ મને લાગે છે ! આવા આવા વિચાર કરતાં છેવટે બાળ આત્મસ્વરૂપ ભૂલી ગયો અને ગમે તે ભોગે મદનકંદળીના સ્પર્શનું સુખ મેળવવાની તેને દૃઢ ઇચ્છા થઇ. અતિ નીચ માણસો જ્યારે અધમ માર્ગ ઉપર ઉતરી પડે છે ત્યારે પછી આંધળા માણસ પેઠે કાર્ય અકાર્યનો કાંઇ પણ વિચાર કરી શકતા નથી, એ તો જાણે તેઓને ભુત વળગ્યું હોય તેમ અંધારામાં ઝુકાવી દે છે. એવી સ્થિતિમાં વર્તતો બાળ હજારો લોકો જોઇ રહ્યા છે, રાજા પોતે હાજર છે, ગુરૂમહારાજ તેમજ

બાળનું અત્યંત અધમ વર્તન.

---

૧ આવી ગંભીર દેશના ચાલતી હોય, અતિ વિદ્વાન્ આચાર્ય સમીપમાં હોય, અનેક મનુષ્યો અને ખુદ રાજાની પણ હાજરી હોય, છતાં ઇંદ્રિયલુબ્ધ પ્રાણીઓનું વર્તન તેમજ તેમના વિચારો કેવા થાય છે તે લક્ષ્યમાં લઈ વિચારવા યોગ્ય છે.

રની વિડંબનાઓ અને પીડાઓ શા માટે સહન કરવી જોઇએ? એમાં લાભ શું છે? એથી અર્થ શું સરે છે? માટે મારે એ દીક્ષા લેવી તેજ ઉચિત છે. આ પ્રમાણે વિચાર કરતાં કરતાં મનીષીના મનમાં દીક્ષા લેવાના પરિણામ દૃઢ થતાં ગયા. આચાર્ય મહારાજ અને સુબુદ્ધિ મંત્રીની અરસપરસ વાત સાંભળીને મધ્યમબુદ્ધિને પણ દીક્ષા લેવાના પરિણામ થયા. માત્ર એવું નૈષ્ઠિક[1] અનુષ્ઠાન પોતે કરી શકશે કે નહિ તે સંબંધી પોતાના મનમાં વિચાર કરતો હતો.

સુબુદ્ધિ—"અમને જે ગૃહસ્થધર્મ અગાઉ આપે બતાવ્યો હતો તે એવા પ્રકારના વીર્યને પ્રકટ કરવાનું કારણ થાય કે નહિ?"

ગૃહસ્થ ધર્મ અને દીક્ષાની સરખામણી.

આચાર્ય—"પરંપરાએ ગૃહસ્થ ધર્મ પણ એવા પ્રકારના વીર્યને પ્રકટ કરવાનું કારણ થાય ખરો, પરંતુ સાક્ષાત કારણ તો ન થાય; કારણકે એ ગૃહસ્થ ધર્મ મધ્યમ પ્રકારના પ્રાણીઓને યોગ્ય છે. એ ધર્મનું સારી રીતે સેવન કરવામાં આવ્યું હોય તો તે મધ્યમ વર્ગના પ્રાણીને ઉત્કૃષ્ટ વર્ગનો બનાવવામાં ઘણોજ સાધનભૂત થાય છે અને તેથી પરંપરાએ તે ઉત્કૃષ્ટતમ વિભાગમાં પણ પ્રાણીને લઇ જાય છે. આટલા માટે એને પરંપરાએ કારણભૂત કહેવામાં આવ્યો છે. બાકી અત્યંત નિર્મળ તેમજ દુર્લભ દીક્ષા તો સર્વ ક્લેશોનો નાશ કરનારી અને સીધી રીતે સંસારને કાપી નાખનારી છે એ વાતમાં જરા પણ સંદેહ જેવું નથી. આ પ્રમાણે હકીકત છે છતાં મંત્રીશ્વર! ગૃહસ્થધર્મ પણ સંસારને ઘણો ઓછો કરી નાખનાર છે અને તેટલા માટે આ સંસારસમુદ્રમાં તેને પણ અતિ દુર્લભ સમજવો. આ સર્વ હકીકત કહેવાનો પરમાર્થ એ છે કે ભગવાનના મતની દીક્ષા પ્રાણીને અતિશય વીર્યના યોગ વડે ચોક્કસ ઉત્કૃષ્ટતમ વિભાગમાં લાવી મૂકે છે, જ્યારે ગૃહસ્થધર્મ લંબાણથી ધીમે ધીમે તે સ્થિતિ પ્રાપ્ત કરાવે છે."

આ હકીકત સાંભળીને [2]મધ્યમબુદ્ધિએ પોતાના મનમાં વિચાર કર્યો કે તીર્થંકર મહારાજે બતાવેલો આ ગૃહસ્થધર્મ મારે હાલ આદરવો એ ઠીક જણાય છે.

---

૧ નૈષ્ઠિક અનુષ્ઠાન: દૃઢ, નિયમસરનું. એક વખત આદર્યા પછી આખા જીવન પર્યંત જેનો નિર્વાહ થઈ તેને નૈષ્ઠિક અનુષ્ઠાન કહે છે. બાળપણથી બ્રહ્મચારી હોય ત્યારથી મરણ સુધી બ્રહ્મચર્ય પાળ્યા કરે છે તેને નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવામાં આવે છે.

૨ મધ્યમબુદ્ધિ આવી રીતે કલ્પના કર્યા કરે છે. તેના વર્તનમાં અને નિશ્ચયમાં કેટલો ફેર પડે છે તે ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.



પ્રકરણ ૧૩ મું.

બાળનું અધમ વર્તન–તેપર વિચારણા.



આ ળ આખી ઉપદેશશ્રેણી દરમ્યાન અકુશળમાળા અને સ્પર્શનના તાબામાં હતો, તેણે ઉપદેશનો એક પણ અક્ષર ધ્યાન રાખીને સાંભળ્યો નહિ, તેની ચિત્તવૃત્તિ વધારે વધારે અસ્થિર થતી ચાલી અને તેનાં મનમાં અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પો[1] ચાલવા લાગ્યા. એ તો રાણી મદનકંદળીના સામું જોતો જાય છે અને મનમાં વિચારતો જાય છે કે અહો! આ સુંદર અંગવાળી સ્ત્રીનું શું મનોહર રૂપ છે! અહો તેનું કેવું સુકુમારપણું છે! વળી એ મદનકંદળી રાણી પણ મારા ઉપર ઘણો પ્રેમ રાખતી જણાય છે! એનો મારા ઉપર રાગ ચોક્કસ જણાય છે, કારણકે તે વારંવાર આડી આંખે મારી તરફ જોયા કરે છે! ખરેખર, એ ગૌરાંગીના નાજુક અંગોના સ્પર્શનું સુખ અનુભવવાથી હવે જરૂર મારો જન્મ સફળ થશે એમ મને લાગે છે! આવા આવા વિચાર કરતાં છેવટે બાળ આત્મસ્વરૂપ ભૂલી ગયો અને ગમે તે ભોગે મદનકંદળીના સ્પર્શનું સુખ મેળવવાની તેને દૃઢ ઇચ્છા થઇ. અતિ નીચ માણસો જ્યારે અધમ માર્ગ ઉપર ઉતરી પડે છે ત્યારે પછી આંધળા માણસ પેઠે કાર્ય અકાર્યનો કાંઇ પણ વિચાર કરી શકતા નથી, એ તો જાણે તેઓને ભૂત વળગ્યું હોય તેમ અંધારામાં ઝુકાવી દે છે. એવી સ્થિતિમાં વર્તતો બાળ હજારો લોકો જોઇ રહ્યા છે, રાજા પોતે હાજર છે, ગુરૂમહારાજ તેમજ

બાળનું અત્યંત અધમ વર્તન.

---

૧ આવી ગંભીર દેશના ચાલતી હોય, અતિ વિદ્વાન્ આચાર્ય સમીપમાં હોય, અનેક મનુષ્યો અને ખુદ રાજાની પણ હાજરી હોય, છતાં દૃઢિવઝુબ્ધ પ્રાણીઓનું વર્તન તેમજ તેમના વિચારો કેવા થાય છે તે લક્ષ્યમાં લઈ વિચારવા યોગ્ય છે.

રની વિડંબનાઓ અને પીડાઓ શા માટે સહન કરવી જોઇએ? એમાં લાભ શું છે? એથી અર્થ શું સરે છે? માટે મારે એ દીક્ષા લેવી તેજ ઉચિત છે. આ પ્રમાણે વિચાર કરતાં કરતાં મનીષીના મનમાં દીક્ષા લેવાના પરિણામ દૃઢ થતાં ગયા. આચાર્ય મહારાજ અને સુબુદ્ધિ મંત્રીની અરસપરસ વાત સાંભળીને મધ્યમબુદ્ધિને પણ દીક્ષા લેવાના પરિણામ થયા. માત્ર એવું નૈષ્ઠિક[1] અનુષ્ઠાન પોતે કરી શકશે કે નહિ તે સંબંધી પોતાના મનમાં વિચાર કરતો હતો.

સુબુદ્ધિ—"અમને જે ગૃહસ્થધર્મ અગાઉ આપે બતાવ્યો હતો તે એવા પ્રકારના વીર્યને પ્રકટ કરવાનું કારણ થાય કે નહિ?"

ગૃહસ્થ ધર્મ અને દીક્ષાની સરખામણી.

આચાર્ય—"પરંપરાએ ગૃહસ્થ ધર્મ પણ એવા પ્રકારના વીર્યને પ્રકટ કરવાનું કારણ થાય ખરો, પરંતુ સાક્ષાત કારણ તો ન થાય; કારણકે એ ગૃહસ્થ ધર્મ મધ્યમ પ્રકારના પ્રાણીઓને યોગ્ય છે. એ ધર્મનું સારી રીતે સેવન કરવામાં આવ્યું હોય તો તે મધ્યમ વર્ગના પ્રાણીને ઉત્કૃષ્ટ વર્ગનો બનાવવામાં ઘણોજ સાધનભૂત થાય છે અને તેથી પરંપરાએ તે ઉત્કૃષ્ટતમ વિભાગમાં પણ પ્રાણીને લઇ જાય છે. આટલા માટે એને પરંપરાએ કારણભૂત કહેવામાં આવ્યો છે. બાકી અત્યંત નિર્મળ તેમજ દુર્લભ દીક્ષા તો સર્વ ક્લેશોનો નાશ કરનારી અને સીધી રીતે સંસારને કાપી નાખનારી છે એ વાતમાં જરા પણ સંદેહ જેવું નથી. આ પ્રમાણે હકીકત છે છતાં મંત્રીશ્વર! ગૃહસ્થધર્મ પણ સંસારને ઘણો ઓછો કરી નાખનાર છે અને તેટલા માટે આ સંસારસમુદ્રમાં તેને પણ અતિ દુર્લભ સમજવો. આ સર્વ હકીકત કહેવાનો પરમાર્થ એ છે કે ભગવાનના મતની દીક્ષા પ્રાણીને અતિશય વીર્યના યોગ વડે ચોક્કસ ઉત્કૃષ્ટતમ વિભાગમાં લાવી મૂકે છે, જ્યારે ગૃહસ્થધર્મ લંબાણથી ધીમે ધીમે તે સ્થિતિ પ્રાપ્ત કરાવે છે."

આ હકીકત સાંભળીને [2]મધ્યમબુદ્ધિએ પોતાના મનમાં વિચાર કર્યો કે તીર્થંકર મહારાજે બતાવેલો આ ગૃહસ્થધર્મ મારે હાલ આદરવો એ ઠીક જણાય છે.



---

૧ નૈષ્ઠિક અનુષ્ઠાનઃ દૃઢ, નિયમસરતું. એક વખત આદર્યા પછી આખા જીવન પર્યંત તેવીજ સ્થિતિ રહે તેને નૈષ્ઠિક અનુષ્ઠાન કહે છે. બાળપણથી બ્રહ્મચારી હોઇ આખી જીંદગી બ્રહ્મચર્ય ધારણ કરે છે તેને નૈષ્ઠિક બ્રહ્મચારી કહેવામાં આવે છે.

૨ મધ્યમબુદ્ધિ આવી રીતે કાળક્ષેપ કર્યા કરે છે. ત્રણેના વર્તનમાં અને નિશ્ચયમાં કેટલો ફેર પડે છે તે ધ્યાનમાં રાખવા યોગ્ય છે.



પ્રકરણ ૧૩ મું.

બાળનું અધમ વર્તન–તેપર વિચારણા.



બાળ આખી ઉપદેશધેલી દરમ્યાન અનુરાગમાળા અને
સ્પર્શનના તાબામાં હતો, તેણે ઉપદેશનો એક પણ
અક્ષર ધ્યાન રાખીને સાંભળ્યો નહિ, તેની ચિત્તવૃત્તિ
વધારે વધારે અસ્થિર થતી ચાલી અને તેનાં મનમાં
અનેક પ્રકારના સંકલ્પ વિકલ્પો[1] ચાલવા લાગ્યા.
...તો રાણી મદનકંદળીના સામું જોતો જાય છે અને મનમાં વિચા-
... જાય છે કે અહો ! આ સુંદર અંગવાળી સ્ત્રીનું શું મનોહર રૂપ
... અહો તેનું કેવું સુકુમારપણું છે! વળી એ મદનકંદળી રાણી
પણ મારા ઉપર ઘણો પ્રેમ રાખતી જણાય છે!
એનો મારા ઉપર રાગ ચોક્કસ જણાય છે, કારણકે
તે વારંવાર આડી આંખે મારી તરફ જોયા કરે છે!
ખરેખર, એ ગૌરાંગીના નાજુક અંગોના સ્પર્શનું
... અનુભવવાથી હવે જરૂર મારો જન્મ સફળ થશે એમ મને
... છે! આવા આવા વિચાર કરતાં છેવટે બાળ આત્મસ્વરૂપ ભૂલી
... અને ગમે તે ભોગે મદનકંદળીના સ્પર્શનું સુખ મેળવવાની
... દૃઢ ઇચ્છા થઇ. અતિ નીચ માણસો જ્યારે અધમ માર્ગ ઉપર
...રી પડે છે ત્યારે પછી આંધળા માણસ પેઠે કાર્ય અકાર્યનો કાંઇ
... વિચાર કરી શકતા નથી, એ તો જાણે તેઓને ભુત વળગ્યું
... તેમ અંધારામાં ઝુકાવી દે છે. એવી સ્થિતિમાં વર્તતો બાળ
...રો લોકો જોઇ રહ્યા છે, રાજા પોતે હાજર છે, ગુરૂમહારાજ તેમજ

...ળનું અત્યંત
...ધમ વર્તન.

---

૧ આવી ગંભીર દેશના ચાલતી હોય, અતિ વિદ્વાન્ આચાર્ય સમીપમાં હોય,
... મનુષ્યો અને ખુદ રાજાની પણ હાજરી હોય, છતાં ઇંદ્રિયલુબ્ધ પ્રાણીઓનું
તેમજ તેમના વિચારો કેવા થાય છે તે લક્ષ્યમાં લઈ વિચારવા યોગ્ય છે.

પોતાના મોટા ભાઇઓ વિગેરે બેઠા છે અને મોટો જનસમુદાય ઉપદેશધારા ઝીલી રહ્યો છે એ ન વિચારતાં મદનકંદળી ઉપર આંખો અને મન સ્થિર કરીને લથડતે પગે તેની તરફ દોડ્યો. લોકોમાં તો આ હકીકત જોઇને મોટો હાહારવ થઇ ગયો. 'અરે આ શું ? એ કોણ ? આવી પવિત્ર જગોએ અધમ આચરણ કરનાર એ દુષ્ટ પાપી કોણ છે ?' વિગેરે વિગેરે અવાજો હાજર રહેલા જનસમુદાયમાંથી થવા લાગ્યા. બાળ તો તે કોઇની દરકાર ન કરતાં મદનકંદળી રાણીની નજીક આવી પહોંચ્યો. શત્રુમર્દન રાજાએ એકદમ તેને જોઇ લીધો અને તેનો ઇરાદો કેવો છે તે તેની દૃષ્ટિના વિકારથી જાણી લીધો. પેલો પાપી બાળજ આ છે એમ રાજાએ તેને ઓળખી લીધો. રાજાની આંખો કોપથી લાલ થઇ ગઇ, મોઢું ભયંકર થઇ ગયું અને મુખમાંથી તેણે હુંકાર[1] કર્યો. તે વખતે બાળનાં કર્મોનો પરિપાક થઇ જવાને લીધે અને તેના મનમાં મોટો ભય ઉત્પન્ન થયેલો હોવાને લીધે તેનો મદનજ્વર[2] એકદમ ઉતરી ગયો, શરીરપર કાંઇક ચેતના આવી અને મુખપર દીનતા દેખાવા લાગી. તરતજ પાછે મ્હોંઢે તેણે નાસવા માંડ્યું પણ તેના સાંધાઓ તૂટી ગયા, શરીર ગારોગારો થઇ ગયું અને ગતિ અટકી પડી, તો પણ જેમ તેમ કરીને તે થોડાં પગલાં ચાલ્યો ત્યાં તેનું આખું શરીર ધ્રુજવા માંડ્યું અને તે જમીનપર પડી ગયો. તે વખતે સ્પર્શન (તેના શરીરમાંથી બહાર નીકળી) પ્રગટ થયો અને ભગવાનના અવગ્રહથી[3] બહાર નીકળી દૂર જઇ બેઠો અને ત્યાં રહીને શું થાય છે તે જોવા લાગ્યો. લોકોમાં જે હાહાકાર ઉઠ્યો હતો તે જરા શાંત થયો. બાળના આવા અત્યંત અધમ આચરણથી તેના બન્ને ભાઇઓ (મનીષી અને મધ્યમબુદ્ધિ) મનમાં શરમાયા. રાજાને વિચાર થયો કે આવા નિર્માલ્ય (માલ વગરના-દમવગરના-અધ પ્રાણી) ઉપર કોપ શું કરવો ! એવાને શિક્ષા કરવી એ મરેલાને મારવા બરાબર છે.

મદનકંદળી પર બાળનો ધસારો.

---

૧ હુંકારઃ 'હં હં' એવો અવાજ-કોઈ અન્ય માણસ ખરાબ કામ કરતો જોવામાં આવે ત્યારે જોનારથી થઇ જાય છે તે.

૨ મદનજ્વરઃ કામદેવનો તાપ-સ્પર્શેંદ્રિયનું સુખ ભોગવવાની ઇચ્છા. તાપની પેઠે ગરમી કરે છે અને ભય થતાં ઉતરી જાય છે.

૩ અવગ્રહઃ ગુરૂ સમક્ષ પુરૂષો સાડા ત્રણ હાથ દૂર બેસે તેને 'અવગ્રહ' કહે છે.

બાળના અધમવર્તનની વિચિત્રતાપર પ્રશ્ન.
તેનું અંતરંગ કારણ બતાવવાનો આચાર્યપ્રયત્ન.
બાળનું ભવિષ્ય અને ઉત્તરનો ભયંકર રખડપાટો.

રાજશંકા અને પ્રશ્ન.

હવે શત્રુમર્દન રાજાએ બાળના સંબંધમાં આચાર્ય મહારાજને સવાલ કર્યો "ભગવન્! આ પુરૂષનું ચરિત્ર તો ભારે વિચિત્ર જણાય છે! તેના પર વિચારણા કરવી પણ ઘણી મુશ્કેલ છે અને જેઓના અનુભવમાં દુનિયાના અનેક માણસોનાં ચરિત્રો આવેલાં છે તેવાઓને પણ એની હકીકત માનતાં આંચકો આવે તેવું તેનું વિચિત્ર વર્તન છે. આ પ્રાણીએ પૂર્વ કાળમાં કેવા પ્રકારનું આચરણ કર્યું હતું અને હાલ તેના મનમાં શું વિચારો ચાલે છે તે જ્ઞાનદૃષ્ટિથી આપ સાહેબ તો પ્રત્યક્ષ જાણી શકો છો, કારણ કે ત્રણ ભુવનના સર્વ બનાવો આપશ્રીને તો હસ્તામળક[1] જેવા છે, પણ મને તો એમાં બહુ આશ્ચર્ય લાગે છે. એણે અગાઉ જે વર્તન કર્યું હતું તે તો કદાચ વિચિત્રતાને યોગે સત્ત્વવાળા પ્રાણીઓને પણ સંભવે, પણ અત્યારે મેં એનું ચરિત્ર જોયું તેતો નજરોનજર જોવા છતાં પણ ઈંદ્રજાળની પેઠે માનવા લાયક લાગતું નથી અને નજરે જોયેલી હકીકતપર પણ શંકા આણે છે. એનું કારણ એમ છે કે રાગ વિગેરે સર્પોના સંહાર કરનાર આપ જેવા ગરૂડની[2] સમક્ષ અતિ અધમ પ્રાણીઓ પણ આવું આચરણ કરે એ અસંભવિત જણાય છે, તો પછી એવા પ્રકારનું કાર્ય કરવાનો અધ્યવસાય પણ કેવી રીતે સંભવી શકે તે મને સમજાવો."

આચાર્ય—"રાજન્! એ સંબંધમાં જરા પણ આશ્ચર્ય પામવા જેવું નથી, કારણ કે એ બાપડાનો એમાં કાંઇ દોષ નથી."

શત્રુમર્દન—"ત્યારે એમાં કોનો દોષ છે?"

આચાર્ય—"બાળના શરીરમાંથી નીકળીને દૂર જઇ પેલો પુરૂષ બેઠો છે તેને તમે બરાબર જોયો?"

શત્રુમર્દન—"હાજી! એ પુરૂષને બરાબર જોયો."

---

૧ હસ્તામળકઃ હાથમાં રહેલું આમળું જેમ બરાબર જોઇ શકાય છે, બરાબર દેખી શકાય છે-તેવા પ્રત્યક્ષ.

૨ રાગસર્પના ગરૂડઃ સર્પને ગરૂડ પક્ષી ચાંચમાં ઉપાડી મારી નાખે છે. રાગરૂપ સર્પને મુનિમહારાજ જ્ઞાનચંચુમાં ઉપાડી સંહારી નાખે છે, તેનો નાશ કરે છે.

આચાર્ય—" એ પુરૂષ જે દૂર બેઠો છે તેનો એ સર્વ દોષ છે. બાળે અગાઉ જે આચરણ કર્યું હતું તે પણ એનાજ પંજામાં સપડાઇ એને તાબે થઇને કર્યું હતું. એક વખત એ દૂર બેઠેલા પુરૂષના સપાટામાં આવી કોઇ પણ પ્રાણી એને વશ પડી જાય છે એટલે પછી એવું જગત્‌માં કોઇ પણ પાપ નથી કે જે તે ન આચરે. એને વશ પડનાર પ્રાણીની એવી પરાધીન સ્થિતિ થઇ જાય છે. તેથી બાળના સંબંધમાં કાંઇ અસાધારણ બન્યું હોય, સમજવામાં ન આવે તેવું બન્યું હોય, માની ન શકાય તેવું બન્યું હોય, એમ તમારે ધારવું નહિ. એ દૂર બેઠેલા પુરૂષને વશ પડવાનાં આ સર્વ સાધારણ પરિણામ છે."

શત્રુમર્દન—" જો તેમજ હોય તો શરીરની અંદર રહેલા અને પોતાના આત્માનેજ અનર્થ ઉપજાવનારા આવા અધમ પુરૂષને બાળ શામાટે પોતાના શરીરમાં ધારણ કરી રાખતો હશે ?"

આચાર્ય—" એ શરીરની અંદર રહેલો પુરૂષ એટલો બધો ખરાબ છે એમ એક તો આ (બાળ) બાપડો જાણતો નથી ! બીજું એ અંદર રહેલો પુરૂષ બાળનો મહા દુશ્મન છે છતાં એ તેને પોતાના ભાઇ જેવો ગણે છે અને તેના ઉપર બહુ પ્રેમ રાખે છે !"

શત્રુમર્દન—" આવી ખોટી માન્યતા થવાનું કારણ શું ?"

આચાર્ય—" એ બાળના શરીરમાં યોગશક્તિવડે એની માતા અ શળમાળાએ પ્રવેશ કર્યો છે. એ અકુશળમાળા આ સર્વ ખોટી માન્યતાનું કારણ છે. અમે હમણાં જે સ્પર્શેન્દ્રિયના સંબંધમાં તે ઘણી મુશ્કેલીથી જિતી શકાય તેવી છે એમ વિસ્તારથી વર્ણન કરી ગયા એના રૂપક તરીકે આ સ્પર્શન નામનો બાળનો પાપી મિત્ર છે અને એ સ્પર્શન કે જે સ્પર્શેન્દ્રિયનું મૂર્તિમાન્ રૂપ છે તે જ પેલો દૂર જઇ બેઠો છે. અમે જે ચાર પ્રકારના પ્રાણીઓનું ઉપર વર્ણન હમણા કરી બતાવ્યું તેમાંના જઘન્ય વર્ગનો પ્રાણી આ બાળ છે, અને અકુશળ (અશુભ) કર્મની માળા (હાર) રૂપ એજ નામની (અકુશળમાળા નામની) તેની માતા છે. આ પ્રમાણે હોવાથી હવે કઇ વાત એના સંબંધમાં સંભવી ન શકે? વળી રાજન્! તમે પૂછ્યું કે ભગવાનની સમક્ષ એવા અતિ દુષ્ટ અધ્યવસાય પ્રાણીને કેમ ઉદ્ભવી શકે? તેના સંબંધમાં કહેવાનું કે તમારે એમાં પણ જરાએ આશ્ચર્ય પામવા જેવું નથી;

બાળના મિત્ર અને માતા

કારણ કે પ્રાણીનાં કર્મ બે પ્રકારના હોય છે: [1]સોપક્રમ અને નિરૂપક્રમ. આમાં જે સોપક્રમ કર્મો છે તેનો કોઇ મહાત્મા પુરૂષના સંયોગથી કે તેવા બીજા કોઇ કારણથી ક્ષય થઇ શકે છે અથવા તે દબાઇ જાય છે (ઉપશમ ભાવને પામે છે), પણ જે નિરૂપક્રમ કર્મો છે તે તેવી રીતે નાશ પામતાં નથી કે દબાઇ જતાં નથી. એવાં નિરૂપક્રમ કર્મોને વશ પડેલા પ્રાણીઓ મહાત્માઓની સમક્ષ ગમે તેવાં ખરાબ કાર્યો કરે તેને કોણ વારી શકે છે? દાખલા તરીકે ભગવાન્ મહાત્મા શ્રી તીર્થંકર દેવ જેઓના પુણ્યસમૂહનો વિચાર કરવો પણ અત્યંત મુશ્કેલ છે તેઓ જ્યારે [2]ગંધહસ્તીની માફક આ પૃથ્વી તળપર વિચરતા હોય છે તે વખતે જેમ ગંધહસ્તીની ગંધથી બીજા હાથીઓ દૂર નાશી જાય છે તેમ સાધારણ હલકા પ્રકારના હાથીઓ જેવા દુષ્કાળ, ઉપદ્રવ, લડાઇ, મહામારી વૈર વિગેરે સર્વ [3]સો યોજનથી પણ દૂર ભાગી જાય છે; એવા મહાત્મા ભગવાનની પાસે પણ જે ક્ષુદ્ર પ્રાણીઓ નિરૂપક્રમ કર્મના પાશથી બંધાયલા હોય છે તેઓ શાંત તો થઇ શકતા નથી એટલુંજ નહિ પણ ઉલટા ભગવાનની જ ઉપર અતિ અધમ પ્રકારના ઉપદ્રવો કરવા તૈયાર થઇ જાય છે. શાસ્ત્રમાં આપણે ગોવાળીઆ,[4] સંગમ[5] વિગેરે અત્યંત પાપીઓનાં ચરિત્રો સાંભળીએ છીએ તે પરથી જણાય છે કે એવા પાપીઓ ભગવાનને પોતાને પણ મહાઉપસર્ગો પોતાનાં પાપ કર્મના જોરથી કરે છે. એવા મહાત્મા ભગવાન્ શ્રી તીર્થંકર દેવ જ્યાં વિચરતા હોય છે ત્યાં દેવતાઓ [6]સમવસ-

સોપક્રમ નિરૂપક્રમ કર્મો

---

૧ સોપક્રમ: ઉપક્રમ લાગવાથી-સંયોગો ફરવાથી જેને અસર થાય તેવાં કર્મો; અને નિરૂપક્રમ કર્મો: તે જેને અસર ન થઇ શકે, જે તે જ રૂપે ફળ આપે છે તેવાં કર્મો.

૨ ગંધહસ્તી જ્યારે પૃથ્વીપર ફરે છે ત્યારે તેની ગંધથી બીજા હાથીઓ નાસતા ફરે છે.

૩ ભગવાન્ વિચરતા હોય તેની આસપાસ સો યોજનમાં કોઇ પણ પ્રકારના કુદરતી ઉપદ્રવો થતા નથી એ તેમના અતિશયનું જોર છે.

૪ ગોવાળીઓ: કાનમાં ખીલા ઠોકનાર અને પ્રભુના પગપર ખીર રાંધનાર ગોવાળીઆનું દૃષ્ટાન્ત પ્રસિદ્ધ છે. (જુઓ મહાવીર ચરિત્ર-સર્ગ ચોથો. શ્લોક ૬૧૯-૬૪૯.)

૫ સંગમ: છ માસ સુધી વાંચવાં કે સાંભળતાં પણ આંસુ પડાવે તેવા સર્વથી ભારે ઉપદ્રવ-ઉપસર્ગ કરનાર. સંગમના પરીષહો બહુ ભયંકર હતા. (જુઓ ત્રિષષ્ટિ શલાકા પુરૂષ ચરિત્રના દશમા પર્વનો સર્ગ ચોથો. શ્લોક ૧૬૪-૩૨૬.)

૬ સમવસરણ: અત્યંત ઉંચા પ્રકારની દેશના દેવાની વ્યવસ્થા. એનું વર્ણન ખાસ વાંચવા યોગ્ય છે. (જુઓ ત્રિષષ્ટિ શ. પુ. ચરિત્ર. આદીશ્વર ચરિત્ર. સર્ગ ત્રીજો શ્લોક ૪૨૩-૪૫૮.)

રણ કરે છે, તેઓ ચાર સિંહાસનપર ચતુર્મુખે[1] બીરાજેલા દેખાય છે, તેઓની મૂર્ત્તિ માત્રના દેખવાથીજ (એટલે તેઓને જોવાથીજ) પ્રાણીઓનાં રાગદ્વેષ ગળી જાય છે, કર્મના જાળાંઓ તૂટી પડે છે, વૈર સંબંધ શાંત થઇ જાય છે, સ્નેહના પાસો કપાઇ જાય છે અને ખોટી બાબત સાચા તરીકે સમજાણી હોય તેવો ભ્રમ દૂર થઇ જાય છે; છતાં અભવ્ય હોવાને લીધે અથવા નિરૂપક્રમ કર્મોના આકરા આવરણને લીધે કેટલાક પ્રાણીઓના અંતઃકરણમાં વિવેકકિરણનો પ્રસાર થઇ શકતો નથી અને તેને લીધે તેવા પ્રાણીઓને ભગવાનની નજીકમાં રહેવા છતાં ઉપર જણાવ્યો તેવો કોઇ પણ પ્રકારના લાભનો એક અંશ પણ થતો નથી, એટલુંજ નહિ પણ ભગવાનને ઉદ્દેશીને તેઓનાં મનમાં એવા એવા ખ્યાલો થાય છે કે અહો! આની ઇંદ્રજાળ મહા અદ્‌ભુત દેખાય છે! અરે એનું લોકોને છેતરવાનું ચાતુર્ય તો જુઓ! અરે લોકોની અક્કલ તો જુઓ કે તેઓ ઇંદ્રજાળ રચવામાં કુશળ, લુચ્ચા અને વાચાળ મનુષ્યથી છેતરાઇ જાય છે! આ પ્રમાણે તીર્થંકર મહારાજના સંબંધમાં અને તેઓશ્રીની નજીકમાં પણ ખરાબ આચરણ કરનારા અધમ પ્રાણીઓ હોય છે; તેટલા માટે હે રાજન્! એ બાળે મારી સમક્ષ એવું આચરણ કર્યું અથવા તો ખરાબ આચરણ કરવાનો અધ્યવસાય (વિચાર) કર્યો તેમાં કાંઇ અત્યંત અદ્‌ભુત વાત બની નથી. એ બાળના શરીરમાં અકુશળમાળા નિરૂપક્રમપણે વર્તે છે અને તે તેની માતા થાય છે તે બ્હાને તેની તદ્દન નજીક રહે છે અને એ પોતાના પાપી મિત્ર સ્પર્શનને છાતીએ રાખીને ચાલે છે તેથી તેનું આવું પરિણામ આવે તેમાં તારે જરા પણ વિસ્મય પામવા જેવું નથી."

સુબુદ્ધિ—"ભગવાનના આગમના શ્રવણાદિકથી જે પ્રાણીઓની બુદ્ધિ નિર્મળ થયેલી છે તેઓને આ વાતમાં જરા પણ નવાઇ જેવું લાગતું નથી. નિરૂપક્રમ કર્મોનું એવાજ પ્રકારનું પરિણામ થાય છે: આ બાબતમાં જરા પણ શંકા જેવું નથી: પરંતુ અમારા મહારાજ (શત્રુમર્દન) તો આપશ્રીના પ્રભાવથી હવે એવી બાબતમાં માહિતગાર થયા છે, તેઓએ તો [illegible] બાબતો સમજવાની શરૂઆતજ કરી છે. તેથી તેઓ [illegible] આ પ્રમાણે પ્રશ્નવાર્તા કરી રહ્યા છે.

૧ [illegible]

શત્રુમર્દન—“ આહા બુદ્ધિશાળી મંત્રી ! તેં બરાબર અવસરને યોગ્ય સત્ય વાત કરી !” પછી આચાર્ય તરફ ફરી રાજાએ કહ્યું “સાહેબ ! એ બાળની પરિણામે શી સ્થિતિ થશે અને તેના કેવા હાલ થશે તે મને કરી બતાવવા કૃપા કરો.”

બાળ સંબંધી ભાવિનો પ્રશ્ન.


આચાર્ય—“ તમારા કોપનું પરિણામ તે સમજતો હોવાથી તેના હૃદયમાં ભય પેસી ગયેલો છે તેથી તે (બાળ) હાલ જરા પણ હાલતો ચાલતો નથી. અહીંથી હવે તે બહાર જશે અને તમે સર્વ એની પાસે નહિ હો કે પાછી તેને તેની અસલ સંજ્ઞા પ્રાપ્ત થશે અને એવી સ્થિતિ થતાં જ વળી પાછા પેલા સ્પર્શન અને અકુશળમાળા તેના ઉપર પોતાનું સામ્રાજ્ય સ્થાપન કરશે. ત્યાર પછી તમારા ભયને લીધે કોઇ પણ બીજા પ્રદેશમાં નાશી જવાના વિચારથી તે નાસતો નાસતો અનેક પ્રકારના ક્લેશો સહન કરીને કોલ્લાક નામના સંનિવેશ (ગામડા)માં જઇ પહોંચશે. ત્યાં કર્મપૂરક નામના નજીકના ગામમાં જ્યારે તે જઇ પહોંચશે ત્યારે રસ્તાના થાકને લીધે તેને પાણી તૃષા લાગશે. તે વખતે દૂરથી તે એક મોટું તળાવ જોશે. તળાવને જોઇને પાણી પીવાને માટે તથા ન્હાવાને માટે તે તરફ જશે. એ ત્યાં જઇ પહોંચશે તે પહેલાં એજ તળાવ પાસે એક ચંડાળ અને તેની સ્ત્રી આવી પહોંચેલા હશે. એ બેમાંથી ચંડાળ તે વખતે તળાવને કાંઠે આવેલા ઝાડોપર રહેલાં પક્ષીઓનો શિકાર કરવામાં રોકાઇ ગયેલો હશે અને ત્યાં કોઇ માણસ નથી એમ ધારી ચાંડાળણી તળાવમાં ન્હાવા માટે ઉતરશે. ચાંડાળણી હેવી તળાવમાં ઉતરી રહેશે તેજ વખતે બાળ તે તળાવની પાસે આવી પહોંચશે. તેને તળાવને કાંઠે આવી રહેલો જોઇ માતંગી (ચાંડાળણી) પોતાના મનમાં વિચાર કરશે કે આ તો કોઇ [1]સ્પર્શ્ય વર્ગનો પુરૂષ દેખાય છે તેથી સરોવરમાં ઉતરવાનો મેં મોટો અપરાધ કરેલો હોવાને લીધે જરૂર તે મારી સાથે કલેશ કરશે એવી બીકથી તે (ચાંડાળણી) પાણીમાં ડૂબકી મારી જશે. કમળના જથ્થામાં છુપાઇને તે પાણીમાં સ્થિર ઊભી રહેશે. પેલો બાળ પણ

આચાર્યે કહેલું બાળનું ભવિષ્ય.

---

૧ ચાંડાળને અસ્પર્શ્ય વર્ગના ગણવામાં આવતા હતા અને આજે છે. ઢેડ અને ચંડાળ સિવાય બાકીના હિંદુઓ સ્પર્શ્ય ગણાય છે. એ વાતની યોગ્યાયોગ્યતાપર અત્ર વિચાર કરવાનો પ્રસંગ નથી. અસ્પર્શ્ય વર્ગનો મનુષ્ય તળાવમાં ન્હાઇ શકે નહિ, કારણ કે એથી પાણી અપવિત્ર થાય છે એવી માન્યતા છે.

ન્હાવા માટે પાણીમાં પડશે અને અજાણતાંજ ચાંડાળણીની નજીક જઇ પહોંચશે, અને તેની સાથે તેનો ભેટો થઇ જશે. બાળ તે વખતે તેના અંગનો સ્પર્શ કરશે અને સ્પર્શ થતાંજ માતંગી ઉપર બાળનું લંપટપણું પ્રગટ થશે. પેલી સ્ત્રી તુરતજ તેને જણાવશે કે પોતે તો ચંડાળની સ્ત્રી છે, એમ છતાં પણ જોર વાપરીને-બળાત્કાર કરીને બાળ તેના શરીરપર તૂટી પડશે જે વખતે ચાંડાળ સ્ત્રી હાહારવ કરીને બુમો પાડવા લાગશે. તેની બુમ સાંભળીને ક્રોધમાં આવેલો ચંડાળ વૃક્ષોમાંથી બહાર આવી તેની તરફ દોડશે અને દૂરથીજ બાળને અને પોતાની સ્ત્રીને એવી અવસ્થામાં જોશે. તે વખતે તેઓને એવી અવસ્થામાં જોઇને બાળની ઉપર પેલા ચંડાળનો ક્રોધ સળગી ઉઠશે એટલે તુરતજ પોતાના ધનુષ્યમાં તે બાણ જોડશે. અને 'અરે અધમ પુરૂષ ! જરા માણસ થા માણસ ! આવું બાયલા જેવું કાર્ય કરતાં શરમ ન આવી ? એપ્રમાણે બોલતો ચંડાળ તેને બાણ મારશે. બાળ તો તેને જોઇનેજ ધ્રુજવા મંડી જશે અને તેના એકજ બાણથી તે પૂરો થઇ જશે. (મરણ પામશે.) અત્યંત ખરાબ રૌદ્ર ધ્યાનવડે મરીને તે નરકમાં જશે. ત્યાંથી નીકળીને અનેક કુયોનિમાં (ખરાબ જગોએ) જન્મ લેશે, વળી મરીને નરકમાં જશે અને એવું એવું તેના સંબંધમાં અનંત વાર થશે. એવી રીતે અનંત કાળ સુધી અત્યંત અધમ અવસ્થામાં રહી સંસારચક્રમાં તે રખડ્યા કરશે અને અનેક પ્રકારનાં દુઃખો ચિત્રવિચિત્ર આકારમાં તીવ્રપણે સહન કર્યા કરશે."





પ્રકરણ ૧૪ મું.

અપ્રમાદ યંત્ર-મનીષી.



આચાર્યે શ્રી પ્રબોધનરતિએ બાળનું ચરિત્ર તથા ભવિષ્ય વર્ણવ્યું અને તેનાં કારણો જણાવ્યાં તેને અંગે શત્રુમર્દન રાજાને ઘણા સવાલો થયા. નિજવિલસિત ઉદ્યાનમાં તેજ પ્રસંગે ત્યાર પછી રાજા આચાર્ય અને મંત્રી વચ્ચે નીચે પ્રમાણે પ્રશ્નોત્તર અને ખુલાસાઓ થયા. એ આખો પ્રસંગ બરાબર લક્ષ્યમાં રાખવા યોગ્ય છે. વિદુરે નંદિવર્ધનને કહેવા માંડેલી વાર્તા આગળ ચલાવતાં તે કહે છે કેઃ—

શત્રુમર્દન—"ભગવન્! અકુશળમાળા માતા અને સ્પર્શન મિત્ર તો ઘણા ભયંકર જણાય છે, કારણ કે બાળને જે જે દુઃખો પડ્યાં અને પડશે તે સર્વનું કારણ તેઓ બેજ છે."

આચાર્ય—"રાજન્! એની વાત શી કરવી? એના ભયંકરપણાની તો હદ આવી રહી છે!"

સુબુદ્ધિ—"ભગવન્! એ અકુશળમાળા અને સ્પર્શન એ બાળ ઉપરજ પોતાનો પ્રભાવ ચલાવતા હશે કે બીજા પ્રાણીઓ ઉપર પણ તેઓની શક્તિ ચાલતી હશે?"

આચાર્ય—"મહામંત્રી! એ બન્નેનું જોર પ્રત્યેક પ્રાણી ઉપર ચાલે છે. અહીં તફાવત માત્ર એટલો છે કે બાળ ઉપર તેઓનું એટલું બધું જોર ચાલતું હતું કે તેઓનું રૂપ તદ્દન ઉઘાડું જણાઇ આવતું હતું. બાકી પરમાર્થથી વિચાર કરવામાં આવે તો કર્મવાળા સર્વ સંસારી જીવો ઉપર તે બન્નેનો પ્રભાવ ચાલે છે. તેટલા માટે અકુશળમાળાને યોગિની (જોગણ) કહેવામાં આવી છે અને સ્પર્શનને યોગી કહેવામાં આવ્યો છે.[1] કોઇ વખત વ્યક્ત રૂપવાળા થવું અને કોઇ વખત અદૃશ્ય થઇ જવું એવી શક્તિ તો યોગીઓમાંજ હોય છે અને તેથી આ બન્નેને[2] યોગીના વર્ગમાં મૂકવામાં આવ્યા છે."

---

૧ અનેક પ્રસંગે પૂર્વે વાર્તામાં તેઓએ પોતાની યોગશક્તિ બતાવી છે, દાખલા તરીકે જુઓ આ પ્રસ્તાવનું પ્રકરણ ૫ મું. પૃષ્ઠ ૪૦૦-૪૦૩.

૨ આ કટાક્ષ વચન છે.

શત્રુમર્દન—"ત્યારે શું સાહેબ! આપણે દેખી શકીએ તેવી રીતે પણ તેઓનો પ્રભાવ હોઇ શકે છે? થઇ શકે છે? અમારા ઉપર પણ તેનું જોર ચાલે છે?"

આચાર્ય—"હા! તમારા ઉપર પણ તેનો પ્રભાવ હોઇ શકે છે અને જોર ચાલી શકે છે અને તે છે જ."

સ્પર્શન અકુશળમાળાને દેશનિકાલનો હુકમ.
રાજાએ કરેલા આદેશનું અવ્યવહારૂપણું.
અંતરંગ લોકો સાથે કામ લેવાનો માર્ગ.

શત્રુમર્દન—રાજા મંત્રી તરફ જોઇ બોલ્યો—"મંત્રી! જ્યાં સુધી આ બન્ને પાપીઓનું મર્દન કર્યું નથી (તેઓને હરાવી દીધા નથી-તેમનો નાશ કર્યો નથી) ત્યાં સુધી મારી શત્રુમર્દનતા[1] કેમ કહેવાય? તેટલામાટે જોકે ભગવાનની સમક્ષ એવું બોલવું યોગ્ય નથી છતાં દુષ્ટનો નિગ્રહ કરવો-પાપીઓને દાબી દેવા એ રાજાનો ધર્મ છે, તેથી હું તને કહું છું તે તું બરાબર સાંભળ."

સુબુદ્ધિ—"સાહેબ! ફરમાવો."

શત્રુમર્દન—"હમણાજ આચાર્ય મહારાજે જણાવ્યું કે એ સ્પર્શન અને અકુશળમાળા બન્ને પેલા બાળની સાથે જવાના છે. એ પ્રમાણે હોવાથી હવે આપણે તેઓનો વધ કરવાની કાંઇ જરૂર નથી. જ્યારે તેઓ પોતાથીજ ચાલ્યા જવાના છે ત્યારે આપણે તેઓને મારી નાખવાની શી જરૂર છે? માત્ર તું તેઓને ફરમાવી દે કે 'મારા રાજ્યની બહાર નીકળી જઇને તમારે દૂરથી પણ દૂર (બને તેટલું દૂર) ચાલ્યા જવું અને આ પુરૂષ (બાળ) મરી જાય ત્યારે પણ તમારે અમારા દેશમાં દાખલ થવું નહિ-પાછા આ તરફ કદિ પણ આવવું નહિ. જો તમે આ આજ્ઞાનો ભંગ કરશો તો પછી તમને દેહાન્તદંડની શિક્ષા કરવામાં આવશે.' આવા પ્રકારનો હુકમ કરવા છતાં પણ કદાચ તેઓ મારા દેશમાં પાછા પ્રવેશ કરે તો પછી તારે જરા પણ વિચાર કર્યા વગર તે બન્નેને ઘાણીમાં ઘાલીને પીલી નાખવા. તે બન્ને એટલા બધા ખરાબ છે કે ગમે તેટલું રડે-રાડો પાડે કે બૂમો પાડે તો પણ તેઓના ઉપર તારે કિંચિત્ પણ દયા લાવવી નહિ."

---

૧ **શત્રુમર્દનઃ** શત્રુનું મર્દન કરે-તેઓને ચોળી નાખે તે **શત્રુમર્દન.** રાજાના નામનો એ અર્થ છે અને તેને તે સાર્થ કરવા માગે છે.

સુબુદ્ધિ મંત્રીએ વિચાર કર્યો કે રાજાની એ બન્ને ઉપર ઘણીજ અવકૃપા થઇ છે અને તેના આવેશમાં આવીને રાજા આ પ્રમાણે હુકમ કરેછે. રાજા અત્યારે એટલા બધા આવેશમાં આવી ગયેલા છે કે જ્યારે મને પોતાની પાસે રાખ્યો ત્યારે મને વચન આપ્યું હતું કે 'કોઇ પણ હિંસાના કામમાં જોડાવાનું મને ફરમાવવામાં આવશે નહિ' એ વચન પણ તેઓ ભૂલી ગયા જણાય છે. વારૂ, પણ આચાર્ય મહારાજ આ જ હકીકત પરથી રાજાને પ્રતિબોધ કરવાનું કારણ શોધી કાઢશે, મારે તો રાજાની આજ્ઞા માથે ચઢાવવી એજ ઉચિત વાત છે. એ પ્રમાણે મનમાં વિચાર કરી સુબુદ્ધિ[1] મંત્રી બોલ્યો "જેવો મહારાજ સાહેબનો હુકમ!" આટલું બોલી સુબુદ્ધિ મંત્રી પેલા સ્પર્શન અને અકુશળમાળાને રાજાનો હુકમ નિવેદન કરવા સારૂ જવાની તૈયારી કરવા લાગ્યો.

તે વખતે આચાર્ય મહારાજ બોલ્યા "એ બન્નેના સંબંધમાં એવી આજ્ઞા કરવાથી સર્યું! તેઓને મૂળમાંથી ઉખેડી નાખવાનો આ ઉપાય નથી, કારણ કે સ્પર્શન અને અકુશળમાળા અંતરંગ જાતિના છે અને અંતરંગ લોક ઉપર ઘાણી કે ફાંસી કે બીજાં કોઇ પણ હથીઆરો ચાલતાં નથી. બહારનાં કોઇ પણ શસ્ત્રો-હથિયારો તેઓ સુધી પહોંચી જ શકતાં નથી."

શત્રુમર્દન—"ત્યારે સાહેબ! એ બન્નેનો નાશ કરવાનો શું ઉપાય છે તે કહો."

સ્પર્શનને ઉન્મૂલન કરવાનો સાચો ઉપાય.
અપ્રમાદ યંત્ર.

આચાર્ય—"અંતરંગમાં એક અપ્રમાદ[2] નામનું યંત્ર છે તે એ સ્પર્શન અને અકુશળમાળાનો નાશ કરે તેવું છે. આ અહીં જે સા-

---

૧ સુબુદ્ધિ મંત્રી-એ રાજાનુંજ Conscience છે એ વાત ધ્યાનમાં રાખવી.

૨ પ્રમાદઃ સમયમે ગોયમ મ કરે પ્રમાદ समयं गोयम मा पमाए એ સૂત્ર છે. (જુઓ પ્રથમ પ્રસ્તાવ-પરિશિષ્ટ અ. નં૦ ૪. પૃ. ૨૪૨-૨૪૫) ધર્મકાર્યમાં-આત્મજાગૃતિમાં એક સમય પણ પ્રમાદ ન કરવો. નિરંતર કર્મશત્રુનો નાશ કરવા તત્પર રહેવું એ રૂપ 'અપ્રમાદ'-પ્રમાદનો ત્યાગ નામનું યંત્ર અંતરંગમાં છે. પ્રમાદ આઠ પ્રકારના બતાવ્યા છેઃ (૧) અજ્ઞાન, (૨) સંશય, (૩) મિથ્યા જ્ઞાન, (૪) રાગ, (૫) દ્વેષ, (૬) સ્મૃતિભ્રંશ-વિસ્મરણ, (૭) ધર્મનો અનાદર, (૮) યોગોનું દુઃપ્રણિધાન-મનોયોગાદિને દુષ્ટપણે ધારણ કરવા તે.

ધુઓ મારી પાસે છે તેઓ પેલા બન્નેનો નાશ કરવા માટે અને તેનું ચૂર્ણ કરી નાખવા માટે તે યંત્રને નિરંતર વહન કરે છે."

શત્રુમર્દન—"એ અપ્રમાદ રૂપ યંત્ર આપે કહ્યું તેની સાથે બીજો કયા કયા પ્રકારનો સામાન હોય છે-એ યંત્રના ઉપકરણો[1] કેવાં કેવાં હોય છે?"

આચાર્ય—"એ ઉપકરણોને આ સાધુઓ નિરંતર પોતાની સાથેજ રાખે છે અને તેનું દરેક ક્ષણે અનુશીલન[2] કરે છે."

શત્રુમર્દન—"સાહેબ! સાધુઓ વળી એ ઉપકરણોનું કેવી રીતે અનુશીલન કરે છે?"

અપ્રમાદ યંત્રથી સ્પર્શનને દાબવાના કાર્યની ઘટના.

આચાર્ય—"આ મુનિઓ[3] જીવે ત્યાં સુધી (જીવિતપર્યંત) બીજા "પ્રાણીઓને જરા પણ પીડા ઉપજાવતા નથી, એક જરા પણ અસત્ય "વચન બોલતા નથી, એક દાંતને ખોતરવાની સળી જેટલી પણ પારકી વસ્તુ વગર દીધી લેતા નથી, નવગુપ્તિ[4] યુક્ત "બ્રહ્મચર્યને ધારણ કરે છે, સર્વથા પરિગ્રહનો ત્યાગ "કરે છે, ધર્મના ઉપકરણો ઉપર તથા પોતાના "ઉપર પણ જરાએ મમતા કરતા નથી, રાત્રીએ

---

૧ **ઉપકરણ**: વસ્તુઓ. જીનકલ્પી અને સ્થવીરકલ્પીના ઉપકરણમાટે જુઓ પ્રકરણ રત્નાકર ભાગ ત્રીજામાં છાપેલ પ્રવચનસારોદ્ધાર ગ્રંથના દ્વાર ૬૦ અને ૬૧ પૃષ્ઠ ૧૩૩ થી ૧૪૪.

૨ **અનુશીલન**: વારંવારનો અભ્યાસ, ક્ષણે ક્ષણનું આચરણ.

૩ આ **અપ્રમાદ યંત્રનું** સ્વરૂપ ગ્રંથકર્તાએ પોતેજ તૈયાર કર્યું છે, તે કોઈ ભેદો નથી, પણ સાધુચર્યાના નિયમો યુક્તિસર ગોઠવ્યા છે.

૪ **નવગુપ્તિ**: બ્રહ્મચર્યરૂપ કલ્પવૃક્ષના રક્ષણ માટે વાડ રૂપ નવગુપ્તિ શાસ્ત્રકારે બતાવી છે તે આ પ્રમાણે છે.

(આ પુરૂષ આશ્રયી લખેલ છે. સ્ત્રીએ સ્ત્રી જગાએ પુરૂષ શબ્દ સમજી લેવો.

૧ પશુ નપુંસક સ્ત્રી રહિત સ્થાનકે રહેવું.
૨ સ્ત્રી સંબંધી વાર્તા રાગ સહિત કરવી નહિ.
૩ સ્ત્રી જે આસને બેઠી હોય ત્યાં બે ઘડી સુધી બેસવું નહિ.
૪ સ્ત્રીનાં અંગોપાંગ રાગપૂર્વક ધારી ધારીને જોવાં નહિ.
૫ ભીંતને આંતરે સ્ત્રી પુરૂષ સુતાં હોય અથવા કામભોગની વાતો કરતાં હોય ત્યાં સુવું કે બેસવું નહિ.
૬ પૂર્વઅવસ્થામાં પોતે કામભોગ ભોગવ્યા હોય તે યાદ કરવાં નહિ.
૭ સરસ માદક આહાર લેવો નહિ.
૮ નિરસ આહાર પણ વધારે પડતો લેવો નહિ.
૯ શરીરની શોભા-વિભૂષા કરવી નહિ.

"[1]ચારે પ્રકારના આહારનો સર્વથા ત્યાગ કરે છે, દિવસના સર્વ "પ્રકારના [2]દોષ વગરનો અને શાસ્ત્રમાં વર્ણવેલો અને સંયમયાત્રા "બરાબર વહન કરવા માટે જોઇએ તેટલો જ શુદ્ધ આહાર લેઇ, "પોતાનું આચરણ પાંચસમિતિ[3] અને ત્રણ ગુપ્તિથી બરાબર યુક્ત "રાખે છે, અનેક પ્રકારના અભિગ્રહો[4] લઇને બહાદુરીથી આગળ "વધતા જાય છે, [5]અકલ્યાણ મિત્રનો જરા પણ સંબંધ કરતા

---

૧ ચાર આહારઃ અશન (રાંધેલી વસ્તુઓ), પાન (પાણી), ખાદીમ મીઠાઇ-ફળાદિ અને સ્વાદીમ (પાન સોપારી વિગેરે મુખવાસ). આ ચાર પ્રકારનો આહાર કહેવાય છે. ચઉવિહાર કરનાર એ ચારે પ્રકારના આહારનો રાત્રીએ ત્યાગ કરે છે.

૨ આહાર દોષઃ આહારને અંગે કેટલાક દોષો મુનિએ વર્જવા જોઇએ તેની વિગત માટે જુઓ પ્રવચનસારોદ્ધાર દ્વાર ૬૫-૬૬-૧૧૨

૩ પાંચસમિતિ ત્રણગુપ્તિઃ સાધુએ સદૈવ પાંચસમિતિ અને ત્રણગુપ્તિ પાળવી જોઇએ. એને આઠ પ્રવચનમાતા કહેવામાં આવે છે. એ નીચે પ્રમાણે છે.

ઇર્યાસમિતિ-ચાલતી વખત ચાર હાથ પ્રમાણ આગળ ભૂમિ જોઇને ચાલવું.
ભાષાસમિતિ-વિચારીને સત્ય-પ્રિય-હિત અને પથ્ય વચન બોલવું.
એષણાસમિતિ-આહાર પાણી વિગેરે નિરવદ્ય લેવાં. (૪૨ દોષરહિત લેવાં.)
આદાનભંડમતનિક્ષેપણાસમિતિ-કોઇપણ વસ્તુ લેતાં, મૂકતાં, ફેરવતાં પ્રમાર્જન કરી જીવોની યતના કરવી.
પારિષ્ઠાપનિકા સમિતિ-વસ્તુ નાખી દેતાં ભવિષ્યમાં જીવોત્પત્તિ ન થાય તેવી તેની સ્થિતિ કરી જીવરહિત ભૂમિએ તેનો નિક્ષેપ કરવો.
મનોગુપ્તિ-મનપર મજબૂત અંકુશ. વચનગુપ્તિ-વચનપર યોગ્ય અંકુશ.
કાયગુપ્તિ-શરીરની પ્રવૃત્તિપર શીવસારનો કાબુ.
એ આઠ પ્રવચનમાતા સાધુએ આખો વખત ધ્યાનમાં રાખી પાળવાની છે. બાહ્ય અને અંતરંગ સર્વ પ્રવૃત્તિ ઉપર તેથી ઘણો અંકુશ આવી જાય છે. (શ્રાવકને એ પ્રવચનમાતા સામાયક પોસહ વખતે તો જરૂર પાળવી એવો આદેશ છે.)

૪ અભિગ્રહઃ સાધુઓ જુદા જુદા પ્રકારના અભિગ્રહ (નિયમ) લે છે-અમુક વસ્તુ મળશે તોજ તે આહારમાં લઇશ-ત્યાં સુધી ઉપવાસ. વીર પરમાત્માનો વિગતવાર અભિગ્રહ વિચારવા યોગ્ય છેઃ રાજ્યબાળા, દાસી થયેલી, પગમાં બેડી, સુપડાના, ખુણામાં બાકળા લઇને આંખમાં આંસુ સાથે વહોરાવે તો ખપે-આનો અભિગ્રહ છ માસે પૂરો થયો. અનેક પ્રકારે એકદત્તી આદિ તથા વસ્તુના અભિગ્રહો હાલ પણ સાધુઓ કરતાં જોવામાં આવ્યા છે.

૫ અકલ્યાણમિત્રઃ-પોતાનું શ્રેય ન થાય-ખરાબ થાય તેવા કોઇપણ પ્રકારના સંબંધ સાધુઓ જોડતા નથી. સુંદર સંયોગો સાથે સુયોગ થાય તેને શાસ્ત્રકાર યોગાવંચકપણું કહે છે.

"નથી, સજ્જન પુરૂષો જાણે પોતા રૂપજ હોય તેવો મીઠો ભાવ "તેઓ તરફ બતાવે છે, પોતાને યોગ્ય જે [1]સ્થિતિ હોય તેનું જરા "પણ ઉલ્લંઘન કરતા નથી, [2]લોકમાર્ગની–વ્યવહાર પક્ષની અપેક્ષા નિ- "રંતર ધ્યાનમાં રાખ્યા કરે છે, ગુરૂમહારાજના વર્ગને–[3]વડીલ વર્ગને "સારી રીતે માન આપે છે, તેઓ (વડીલો) જેવા પ્રકારની આજ્ઞા "કરે તે અનુસાર ચાલે છે–વર્તે છે, ભગવાનના આગમનું સારી રીતે "શ્રવણ[4] કરે છે, મહાયત્ન પૂર્વક વ્રતોની ભાવના ભાવે છે, વ્યવહાર "ગમે તે પ્રકારની આપત્તિ આવી પડે ત્યારે ઘણીજ ધીરજ ધારણ "કરે છે, ભવિષ્યમાં પોતાને કોઇ પણ પ્રકારનાં દુઃખ પડવાનાં હોય "તેનો પ્રથમથી વિચાર કરીને તેનો ઉપાય સમજણ પહોંચે ત્યાં "સુધી કરી રાખે છે, પોતાને અનુકૂળ સંયોગો[5] દરમિયાન વારંવાર "બહુજ સંભાળ રાખે છે, પોતાના ચિત્તનો પ્રવાહ કઇ દિશાએ જાય "છે તે બહુ લક્ષ્યપૂર્વક ધ્યાનમાં રાખે છે, મનનું વલણ ગમે ત્યાં "જાય તે પહેલાં તેની સામેનો ઉપાય પોતે તૈયાર કરી મૂકે છે, અ- "સંગપણાના[6] અભ્યાસમાં જાગ્રત રહીને આખો વખત મનને નિર્મળ

---

૧ એટલે સાધુના ૨૭ ગુણો પાળવામાં અને વિકસાવવામાં અપ્રમાદી રહે છે અને પોતાની સ્થિતિને યોગ્ય ન હોય એવું જરા પણ આચરણ આચરતા નથી.

૨ **લોકમાર્ગ:** મતલબ એ છે કે એકદમ નિશ્ચયમાર્ગી થઇ જતા નથી; વ્યવહાર ઉપર પણ બરાબર નજર રાખે છે. સાધુ એકાંત નિશ્ચયમાર્ગી થઇ જાય તો તે પોતાની જાતને અને શાસનને ઘણું નુકસાન કરી નાખે. વ્યવહાર ન લોપવા માટે શાસ્ત્રમાં વારંવાર વિસ્તારથી કહેવામાં આવ્યું છે.

૩ **વડિલને માન:** વિનયના પર પ્રકાર પ્ર. સા. ગ્રંથના ૬૫ મા દ્વારમાં બતાવ્યા છે. તેમાં તીર્થંકરાદિક તેર પ્રકારના વડીલોની આશાતના ન કરવી, બની શકે તેટલી ભક્તિ કરવી, અંતરંગથી બહુમાન કરવું અને તેઓની કીર્તિનો પ્રસાર કરવો–એ ચાર બાબતપર ખાસ ધ્યાન આપવું. વિનયનો એ માર્ગ છે અને તે પ્રકારે ૧૩ ને ચાર ગુણા કરતા વિનયના પર ભેદ થાય છે. (પૃ. ૧૫૯–૧૬૦ સદર ગ્રંથ.)

૪ **શ્રવણ:** સાંભળવું તે. શ્રવણની મુખ્યતા કરવાનું કારણ સાંપ્રદાયિક જ્ઞાનની પ્રાપ્તિ તે દ્વારાજ થાય છે તે છે.

૫ વિરૂદ્ધ સંયોગોમાં તો પ્રાણી ધીરજ રાખે છે, પણ અનુકૂળ સંયોગો થાય ત્યારે તેમાં લુબ્ધ થઇ જાય છે. અનુકૂળ સંયોગોને માટે ખાસ ધ્યાન રાખવાની તેથી જરૂર રહે છે.

૬ **અસંગપણું:** ચિત્તને કોઇ પણ સાંસારિક વસ્તુમાં ચોંટવા ન દેવું તે અસંગપણું.

"રાખ્યા કરે છે, યોગમાર્ગનો અભ્યાસ કરે છે, પરમાત્માને પોતાના "ચિત્તમાં સ્થાપન કરે છે, તેના ઉપર પોતાની ધારણા[1] બરાબર "બાંધે છે, બહારની કોઇ પણ બાબતો પોતાને વિક્ષેપ કરે એમ કદિ "થવા દેતા નથી, પરમાત્મા ઉપર એકતાન લાગે તેવા પ્રકારનું પો-"તાના અંતઃકરણનું વલણ કરી દે છે, યોગની સિદ્ધિઓ પ્રાપ્ત કરવા "માટે યત્ન કરે છે, શુક્લ ધ્યાન આદરે છે, પોતાનો આત્મા શરીર "અને ઇંદ્રિયથી તદ્દન જૂદો છે એમ પ્રત્યક્ષ જુએ છે, ઉત્કૃષ્ટ પ્રકા-"રની સમાધિ પ્રાપ્ત કરે છે અને પોતાનું વર્તન એકંદરે એવું વિશુદ્ધ "કરી નાખે છે અને માનસિક નિર્મળતા એટલી ઉત્કૃષ્ટ પ્રકારની સાધે "છે કે શરીરમાં રહ્યા છતાં પણ મોક્ષના સુખને પોતે યોગ્ય છે એવી "સ્પષ્ટ પ્રતીતિ ઉપજાવે છે.

અંતરંગ શત્રુઓને દાબનાર કોણ.

"એવી રીતે હે રાજન્! ઉપર ગણાવ્યા તે પ્રમાણે પરપીડા-"વર્જનથી માંડીને છેલ્લા મોક્ષ સુખને યોગ્ય આત્મ-"સ્થિતિ સાધવા સુધીનાં અપ્રમાદયંત્રનાં સર્વ ઉપ-"કરણો મુનિઓ દરેક ક્ષણે ઉપયોગમાં લે છે અને "મુનિ જેમ જેમ એ ઉપકરણોનો વધારે ને વધારે "ઉપયોગ કરે છે તેમ તેમ અપ્રમાદયંત્ર વધારે મજબૂત થતું જાય છે. "તેઓ આવી રીતે અપ્રમાદયંત્રને મજબૂત બનાવે છે તેને લીધે પેલા "સ્પર્શન અને અકુશળમાળા તથા તેના જેવા બીજા જે અંતરંગના "દુષ્ટ લોકો હોય છે તેઓને દાબી દેવાને તેઓ પૂરતી શક્તિવાળા થાય છે "અને એ અપ્રમાદયંત્રથી જે દુષ્ટ અંતરંગ લોકોને એક વાર દાબી "દીધા હોય તો પછી તેઓ કદિ પણ ઊભા થઇ શકતા નથી. તેથી "હે રાજન્! તમારા મનમાં એ દુષ્ટ લોકોને દાબી દેવાનો ખરેખરો "વિચાર થયો હોય તો તમારે ઉપર જણાવ્યું તેવું અપ્રમાદયંત્ર ધા-"રણ કરવું અને તમારા પોતાના જોર (વીર્ય-શક્તિ) ઉપર આધાર "રાખી તમારે જાતે જ તેઓને દાબી દેવા. એ કામમાં તમારે મંત્રીને "હુકમ આપવો યોગ્ય નથી. કદાચ કોઇ બીજા માણસો એને દાબી "દે તો તેથી તેઓ પરમાર્થથી બરાબર દબાતા નથી. બીજો પ્રાણી "દાબે તો તેના સંબંધમાં તેઓ દબાય છે, પણ તેથી તમને તેનો "લાભ મળતો નથી. તમારે તેમને તમારા સંબંધમાં દબાવવા હોય "તો તમારા પોતાના બળનો જ ઉપયોગ કરવો જોઇએ."

---

૧ ધારણાઃ યોગનું છઠ્ઠું અંગ છે. વિસ્તાર માટે જુઓ જૈન. દ. યોગ પૃ. ૧૩૦.

અપ્રમાદયંત્ર અને ભાવદીક્ષાને સંબંધ.
મનીષીના દીક્ષા લેવાના પરિણામ.
ભગવાનનો જવાબ અને નિરધાર.

આચાર્ય મહારાજ પ્રબોધનરતિ આ પ્રમાણે રાજાને ઉપદેશ આપી રહ્યા હતા તે વખતે ભગવાનના વચન રૂપ પવનથી કર્મરૂપ કાષ્ટને બાળી નાખે તેવો શુભપરિણામ રૂપ અગ્નિ મનીષીના મનમાં વધારે સળગ્યો, પોતાની ઉન્નતિ કરવાના વિચારો વધારે દૃઢ થયા; પણ ભગવાને અગાઉ દીક્ષા લેવાની વાત કહી અને પછવાડે અપ્રમાદયંત્રની વાત કરી તે બન્નેનો સંબંધ તે બરાબર સમજ્યો નહિ, તેથી પોતાનો સંદેહ પૂછવા સારૂ હાથ જોડીને તેણે ભગવાનને આ પ્રમાણે વિજ્ઞપ્તિ કરી "ભગવન્! આપે પ્રથમ એમ કહ્યું કે ભાવદીક્ષા લેવાથી આત્મબળનો ઘણો વધારો થાય છે અને તેથી પુરૂષનું ઉત્કૃષ્ટપણું સધાય છે અને છેવટે આપે દુષ્ટ અંતરંગ લોકોને દાબી દેવાને સમર્થ અને પોતાના વીર્યપર આધાર રાખતું અપ્રમાદયંત્ર બતાવ્યું-ત્યારે એ ભાવદીક્ષા અને અપ્રમાદયંત્ર એ બન્નેમાં અરસ્પરસ શો તફાવત છે તે જણાવવા કૃપા કરો."

આચાર્ય—"તે બન્નેમાં જરા પણ તફાવત નથી, માત્ર શબ્દનોજ ભેદ છે. ટુંકામાં કહીએ તો **અપ્રમાદયંત્ર એજ** ભગવાનના **મતની ભાવદીક્ષા સમજવી.**"

મનીષી—"જો એમજ હોય તો ભગવન્! હું તે ભાવદીક્ષાને યોગ્ય હોઉં તો મને તે જરૂર આપવા કૃપા કરો."

આચાર્ય—"તું તેને સર્વ પ્રકારે યોગ્ય છે; તને તે સર્વ પ્રકારે અવશ્ય આપવામાં આવશે."

મનીષી સાથે શત્રુમર્દન રાજાની ઓળખાણ.
અંતરંગ રાજ્યને અંગે રાજાની નવી ચિંતા.
ગૃહસ્થ ધર્મની ઓળખાણ અને નિર્ણય.

શત્રુમર્દન—"ભગવન્! મેં અનેક મોટી લડાઇમાં સાહસ કરી મોટા પરાક્રમી તરીકે નામ મેળવ્યું છે તેવાને આપની પાસેથી સાંભળેલા અપ્રમાદયંત્રની હકીકત સાંભળીને તેનું અનુષ્ઠાન કરવાની મુશ્કેલીથી મનમાં ધ્રુજ ઉત્પન્ન થાય છે! ત્યારે આ મહાત્મા કોણ છે?

ક્યાંથી આવેલા છે? તેઓને તો જાણે મોટું મહારાજ્ય જીતવાની ઇચ્છા થઇ હોય તેમ આનંદથી તે અપ્રમાદયંત્રને આદરવા ઇચ્છા થઇ છે! એ મહાપુરૂષ કોણ છે?"

આચાર્ય—"એનું નામ મનીષી છે અને તે આ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરનો જ રહેનાર છે."

રાજા શત્રુમર્દને પોતાના મનમાં વિચાર કર્યો કે જ્યારે પેલા પાપી બાળને મેં મારી નાખવાનો હુકમ કર્યો હતો તે વખતે લોકોને મનીષી નામના તેના ભાઇની પ્રશંસા કરતાં સાંભળ્યા હતા. તેઓ એમ બોલતા હતા કે અહો એકજ બાપના બે દીકરા છે, છતાં આ બાળ અને મનીષી વચ્ચેનો તફાવત તો જુઓ! એકનું આવું ખરાબ વર્તન છે અને તે સર્વ પ્રકારે તિરસ્કારને યોગ્ય છે, ત્યારે બીજો મહાત્મા છે અને સર્વ રીતે પ્રશંસાને પાત્ર છે. આ તેજ મનીષી હોવો જોઇએ. તો સાથે સાથે એના સંબંધનો ખુલાસો પણ આચાર્ય મહારાજને પૂછી લઉં. આ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરીને રાજા શત્રુમર્દન બોલ્યા. "મહારાજ! આ નગરમાં એના માબાપ કોણ છે અને તેના બીજા સગા સંબંધીઓ કોણ છે?"

આચાર્ય—"આ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરનો સ્વામી કર્મવિલાસ નામનો મોટો રાજા છે તે આ મનીષીનો પિતા થાય છે અને તેને શુભસુંદરી નામની પટ્ટરાણી છે જે આ મનીષીની માતા થાય છે. વળી તેજ કર્મવિલાસ રાજાને એક બીજી અકુશળમાળા નામની સ્ત્રી છે તેનો પેલો બાળ નામનો પુત્ર છે. વળી મનીષીની પાસે એક બીજો પુરુષ ઊભો છે તે સદરહુ રાજાની એક ત્રીજી સામાન્યરૂપા નામની રાણી છે તેનો દીકરો મધ્યમબુદ્ધિ છે. એના સગાઓમાંથી આટલા હાલ તો અહીં છે. બાકીના એના ઘણા સગાઓ તો દેશાંતરમાં છે, તેની વાર્તા કરવાનું હાલ આપણને કાંઇ પ્રયોજન નથી."

શત્રુમર્દન—"[1]ત્યારે મહારાજ! શું આ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરનો ભોક્તા (સ્વામી) એ કર્મવિલાસ છે? હું નહિ?"

---

૧ પોતાની ઉપર વાત આવી ત્યાં મૂળ બાબતને મૂકી દઇ પ્રાણી કેવો બીજા સવાલપર ઉતરી જાય છે તેનું આ દૃષ્ટાન્ત છે. અહીં મનીષીની વાત પૂછતાં રાજ્યપર વાત આવી એટલે મનીષીની વાત અદ્ધર લટકી ગઈ અને રાજા કોણ છે તે વાત ચાલી. મનુષ્ય સ્વભાવ જ એવો છે. પગ નીચે રેલો આવે ત્યારે એનું અસલ સ્વરૂપ પ્રકાશે છે.

આચાર્ય—" તમે નહિ. "

શત્રુમર્દન—" તે કેવી રીતે ? "

આચાર્ય—" સાંભળો:—

અંતરંગ રાજ્યની પરિક્રિયા.
કર્મવિલાસનું અખંડ સામ્રાજ્ય;
બુદ્ધિદૃષ્ટિએ તેનું સૂક્ષ્મ નિરીક્ષણ.

" એનું કારણ એ છે કે એ **કર્મવિલાસ** મહારાજ જે જે હુકમો કરે છે તે તે સર્વ ભયથી કંપિત થઇ ગયેલા મનવાળા સર્વ નગરવાસીઓ કદિ પણ ઉલ્લંઘી શકતા નથી; જે જે હુકમ તે મહારાજા ફરમાવે છે તેમાં જરા પણ ફેરફાર કરવાની તેઓ હિંમત પણ કરી શકતા નથી. તારૂં પોતાનું રાજ્ય તારી પાસેથી હરણ કરી લેવું હોય, બીજા કોઇને આપી દેવું હોય કે તને પોતાને રાજા તરીકે ચાલુ રાખવો હોય તે સર્વ કાર્ય કરવાને તે **કર્મવિલાસ** રાજા સમર્થ છે. એ સર્વ બાબતમાં તારો હુકમ ચાલી શકતો નથી, પણ તે રાજાનો હુકમ ચાલે છે. તેટલા માટે આ નગરીનો પરમાર્થથી તે **કર્મવિલાસ** જ રાજા છે. રાજાઓની મોટાઇ તેઓ આજ્ઞા કરી શકે, હુકમ ફરમાવી શકે અને તેનો બરાબર અમલ થઇ શકે તેમાં છે. જો રાજા આજ્ઞા કરી શકતો ન હોય અથવા તેનો અમલ થતો ન હોય તો તેનામાં પ્રભુપણું રહી શકતું નથી."

પ્રભુત્વની વ્યાખ્યા.

શત્રુમર્દન—" ભગવન્! જો આપ કહો છો તેમ તે **કર્મવિલાસ** આ નગરનો રાજા હોય તો પછી તે અહીં દેખાતો કેમ નથી ? "

આચાર્ય—" એ **કર્મવિલાસ** રાજા અહીં દેખાતો નથી તેનું કારણ તું સાંભળ: એ **કર્મવિલાસ** અંતરંગનો મોટો રાજા હોવાથી તારા જેવાને તે કદિ દેખાતો નથી. જે અંતરંગ લોક છે તેમની પ્રકૃતિ એવા પ્રકારની હોય છે કે તેઓ ગુપ્ત રૂપે અંદર રહીને સર્વ કાર્યો કરે છે. ધીરજવાળા બહાદુર પ્રાણીઓ તેવા અંતરંગ લોકને બુદ્ધિદૃષ્ટિથી માત્ર જોઇ શકે છે અને બીજા પ્રાણીઓના સંબંધમાં પણ તેઓને પ્રકટ થયેલા તેઓ સ્પષ્ટ રીતે જોઇ શકે છે. તારે આ હકીકતને લઇને કાંઇ પણ ખેદ લાવવાની (દીલગીરી કરવાની) જરૂર નથી, કારણ કે એ રાજાએ તને એકલાનેજ હતેલો છે એમ

નથી, પણ આ સંસારના ઉદરમાં રહેનારા સર્વે રાજાઓને અને શેઠીઆઓને એ કર્મવિલાસ રાજાએ પોતાની શક્તિથી વશ કરી લીધેલા છે.”

વાતનું રહસ્ય સમજી જઇને સુબુદ્ધિમંત્રીએ રાજાને ઉદ્દેશીને કહ્યું “મહારાજ! આચાર્ય મહારાજે હમણા જે રાજાનું વર્ણન કર્યું તેને મેં પણ બરાબર ઓળખી લીધો છે. હું આપસાહેબને વધારે સારી રીતે તે રાજાનું સ્વરૂપ કહી સંભળાવીશ, અને ભગવાને (આચાર્યશ્રીએ) જ અગાઉ એ રાજાનું સ્વરૂપ સમજાવ્યું હતું. આપે એ સંબંધમાં ચિંતા કરવાની જરૂર નથી.”

ગૃહસ્થધર્મનું સ્વરૂપ અને આદર.

આ પ્રમાણે વાતચીત ચાલતી હતી તે વખતે અવસર જોઇને મધ્યમબુદ્ધિએ પોતાનું મસ્તક નમાવી આચાર્યશ્રીને વિજ્ઞપ્તિપૂર્વક પૂછ્યું “ભગવન્! આપે થોડા વખત પહેલાં વાત કરી હતી કે ગૃહસ્થનો ધર્મ સંસારને ઓછો કરનાર છે, તો તે ધર્મને જો હું યોગ્ય હોઉં તો મને તે આપો.”

આચાર્ય—“ભગવાનના મતની ભાવદીક્ષા સંબંધી હકીકત સાંભળીને તારા જેવા જે કોઇ તેને આદરવાને શક્તિમાન્ ન હોય તેઓએ ગૃહસ્થધર્મનો આદર કરવો એ બરાબર ઉચિત છે, યોગ્ય છે, કરવા લાયક છે.”

શત્રુમર્દન—“ભગવન્! એ ‘ગૃહસ્થધર્મ’ કેવા પ્રકારનો છે તે મને પણ કૃપા કરીને સમજાવો! મારે તે સમજવાની બહુ ઇચ્છા છે.”

આચાર્ય—“જો એમ છે તો રાજન્! ગૃહસ્થધર્મનું સ્વરૂપ સાંભળ.”

ત્યાર પછી આચાર્ય મહારાજે મોક્ષરૂપ કલ્પવૃક્ષને ઉગાડનાર સમ્યગ્દર્શનરૂપી[1] બીજ કેવા પ્રકારનું હોય છે તેનું પ્રથમ વર્ણન કર્યું. ત્યાર પછી સંસારવૃક્ષના મૂળનો થોડા વખતમાં છેદ કરનાર અને સ્વર્ગ અને મોક્ષના માર્ગ સાથે સંબંધ કરાવી આપનાર

૧ સમ્યગ્દર્શન: શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મ પર વિશુદ્ધ શ્રદ્ધા. મોક્ષ સુધી પ્રાણીને જરૂર લઇ જાય છે તેથી મોક્ષરૂપ ફળના નિષ્પાદક બીજ તરીકે તેને સમજાવામાં આવે છે. એ બીજ વાવ્યા પછી જરૂર ફળે છે.

[1]અણુવ્રત, ગુણુવ્રત અને શિક્ષાવ્રતનું વર્ણન કર્યું, અને તેને લીધે તે વખતે આવરણ કર્મોનો કાંઇક નાશ અને કાંઇક ઉપશમ થવાથી રાજાને પણ દેશવિરતિ[2] ગ્રહણ કરવાના ભાવ થયા. તેના મનમાં એમ આવ્યું કે આવો ગૃહસ્થધર્મ તો આપણા જેવાથી પણ થઇ શકે ખરો. પછી આ પ્રમાણે વિચાર કરીને શત્રુમર્દન રાજા બોલ્યા, "ભગવન્! આપે વર્ણન કર્યો તેવા પ્રકારનો ગૃહસ્થધર્મ મને પણ આપીને મારા ઉપર અનુગ્રહ કરો."

આચાર્ય મહારાજે ઉત્તરમાં કહ્યું "રાજન્! તે ધર્મ તમને સારી રીતે આપું છું." પછી આચાર્ય મહારાજે શત્રુમર્દન રાજાને અને મધ્યમબુદ્ધિને ગૃહસ્થ ધર્મ વિધિપૂર્વક આપ્યો.[3]



---

૧ **અણુવ્રતઃ** પાંચ **અણુવ્રત** છે. સ્થૂળપણે જીવવધ ન કરવો, પાંચ મોટાં જૂઠાં ન બોલવા, સ્થૂળ ચોરી ન કરવી, સ્વસ્ત્રીમાં સંતોષ રાખી પરસ્ત્રીનો ત્યાગ કરવો અને પરિગ્રહનું પ્રમાણ કરવું—હદ બાંધવી—એ પાંચને '**અણુવ્રત**' કહેવામાં આવે છે. સાધુના પાંચ મહાવ્રત કરતાં એ ઓછાં છે, પણ પગથીઆં જેવાં છે. જુદી જુદી દિશાઓમાં કેટલે દૂર જવું તેનું પ્રમાણ કરવું, (દિગ્વ્રત) ખાવાની વસ્તુઓમાં ત્યાગભાવ કરવો, રાત્રીભોજન કરવું નહિ અને કર્માદાનના વ્યાપાર કરવા નહિ (ભોગોપભોગ વ્રત) અને રાજકથા, સ્ત્રીકથા, નાટક, પ્રમાદાચરણ વિગેરે નકામાં પાપો સેવવાં નહિ (અનર્થદંડ)—એ ત્રણ **ગુણવ્રત** કહેવાય છે. બે ઘડિ સ્થીર ચિત્તે બેસી જ્ઞાન મેળવવું કે ધ્યાન કરવું (સામાયિકવ્રત), અમુક વખતમાટે સર્વ વસ્તુ તથા દિશાઓનો સંક્ષેપ કરવો (દેશાવગાસિકવ્રત), ચાર કે આઠ પહોર સાધુધર્મની ભાવના કરી સંસારથી દૂર રહેવું (પૌષધવ્રત) અને અતિથિ સાધુની યોગ્ય આદરપૂર્વક જરૂરીઆતો પૂરી પાડવી (અતિથિસંવિભાગવ્રત)-આ ચારને **શિક્ષાવ્રત** કહેવામાં આવે છે. વિસ્તાર માટે જુઓ બારવ્રતની ટીપ.

૨ **દેશવિરતિઃ** થોડો ત્યાગ કરવાનો નિયમ ધરવો તેને **દેશવિરતિ** કહે છે. સાધુ 'સર્વવિરતિ' હોય છે, કારણ તેઓ બાહ્ય સંસર્ગનો સર્વથા ત્યાગ કરવાનો નિયમ (પચ્ચખ્ખાણ) કરે છે. દેશવિરતિ અને સર્વવિરતિ વચ્ચેનો આ તફાવત બરાબર ધ્યાનમાં રાખવો.

૩ **વિધિઃ** ગૃહસ્થધર્મ આપવાનો વિધિ કર્યો એટલે **બારવ્રત** ઉચરાવ્યા એમ સમજાય છે. ગૃહસ્થધર્મનો વિષય કહાય છે, નિર્ણય થયા પછી તેનો વિધિપૂર્વક આદર થાય છે. ગુરૂસાક્ષીએ તે સર્વ થાય છે. તેનો વિધિ ચરણ ગ્રંથોમાં બતાવવામાં આવેલ છે. જુઓ શ્રાદ્ધવિધિ.



પ્રકરણ ૧૫ મું.

શત્રુમર્દનાદિનો આંતર પ્રમોદ.



આચાર્ય મહારાજ પ્રબોધનરતિ મનીષીને દીક્ષા દેવા તૈયાર થયા તે વખતે શત્રુમર્દન રાજાએ આચાર્યના પગમાં પડીને વિજ્ઞપ્તિ કરી "ભગવન્! આ મનીષીએ ભાવથી તો ભગવાનના મતની દીક્ષા લઇ જ લીધી છે તેથી તે ખરેખરો કૃતકૃત્ય થઇ ગયેલ છે. એ મનીષીને ઉદ્દેશીને અમારો સંતોષ જાહેર કરવાને માટે અમે કાંઇક જાહેર દેખાવ કરવાની (અર્થાત્ તેનો દીક્ષા મહોત્સવ કરવાની) ઇચ્છા રાખીએ છીએ તો તેમ કરવાની આપ અમને આજ્ઞા આપો!"

દ્રવ્યસ્તવ અને ગુરૂઓ.

શત્રુમર્દન રાજાની આવી માગણી સાંભળીને આચાર્ય મહારાજ મૌન રહ્યા. તે વખતે સુબુદ્ધિ મંત્રીએ રાજાને કહ્યું "જ્યારે તમારે [1]દ્રવ્યસ્તવમાં પ્રવૃત્તિ કરવાની હોય ત્યારે ગુરૂમહારાજને પૂછવું નહિ. એવી બાબતમાં આદેશ આપવાનો ભગવાનનો અધિકાર નથી. તમારા જેવાએ દ્રવ્યસ્તવ યોગ્ય અવસર જોઇને ઉચિત લાગે તે પ્રમાણે કરવું જોઇએ. તેઓશ્રી તો માત્ર દ્રવ્યસ્તવની અનુમોદના કરે છે એટલે બીજા કોઇ દ્રવ્યસ્તવ કરે તો તે હકીકતને તેના યથાસ્વરૂપમાં બતાવે છે, તેના વખાણ કરે છે, તેને યોગ્ય સ્થાન આપવાની સૂચના-ભલામણ કરે છે. એવા દ્રવ્યસ્તવને યોગ્ય ઉપદેશ તેઓ અવસરે આપે છે. દાખલા તરીકે તેઓ ઉપદેશના ગર્ભમાં જણાવે છે કે મોટા પાયા ઉપર દેવની પૂજા કરવા યોગ્ય છે. દેવની પૂજા સિવાય ધનનો

---

૧ દ્રવ્યસ્તવઃ સ્થૂળ વ્યવહાર ધર્મનું સ્વરૂપ. બાહ્ય ઉપકરણદ્વારા ધર્મનાં સાધનો કરવાનો પ્રચાર. દ્રવ્યપૂજા, ગુરૂને ઉપકરણદાન, આહારદાન, ઉજમણું વિગેરેનો 'દ્રવ્યસ્તવ'માં સમાવેશ થાય છે.

વ્યય કરવા માટે બીજું વધારે ઊંચું કોઇ પણ સ્થાન નથી. માટે બાબતમાં ઘટતું હોય-યોગ્ય લાગતું હોય તે આપ જાતેજ કરો મહારાજ એ સંબંધી આજ્ઞા આપે નહિ. આપણે મનીષીને વિનતિ કે દીક્ષા લેવામાં તે જરા ઢીલ કરે જેથી દ્રવ્યસ્તવ-મહોત્સવ કરી શકશો." શત્રુમર્દન રાજાએ તેમ કરવાની સંમતિ બતાવી.

ત્યાર પછી યોગ્ય માનપૂર્વક રાજમંત્રીએ મનીષીને વિજ્ઞપ્તિ 'રાજાનો વિચાર દીક્ષાનો મહોત્સવ કરવાનો છે તેથી જરા વખત સંસારમાં રહેવું.' મનીષીએ પોતાના મનમાં વિચાર કર્યો કે ધર્મની બાબતમાં વખત કાઢવો એ ઠીક નથી, છતાં મોટા માણસો બાબતમાં વિજ્ઞપ્તિ કરે તેમને ના પાડવી એ પણ અવિવેક અને અવિવેક કરવાનું પણ પોતાથી બને તેવું નથી એવા વિચ તેણે રાજા તથા મંત્રીની માગણી સ્વીકારી.[1]

અત્યંત ઉચ્ચ પ્રકારની દ્રવ્ય શુદ્ધિ. દેવવિમાન રચના.
પરમાત્માના બિંબનું સિંહાસનમાં સ્થાપન.
મનીષીને સ્નાન. પરમાત્માને અભિષેક.
અભિષેકમાં ચારિત્રને અગ્રસ્થાન.
ધન્ય નરોની પ્રભુકિંકરતા.

ત્યાર પછી રાજાએ પોતાના સર્વ મંત્રીઓને એકદમ કામે ગાડી દીધા અને કામ જલદી કરવા માટે સર્વને ઘણી સ્પષ્ટ રીતે કમો આપી દીધા. તે સર્વ મંત્રી સામંતોએ આખા જિનમંદિરની ચ તરફ અને ઉપર એવા સુંદર પડદાઓ (વસ્ત્રો) લટકાવી દીધાં કે મં રમાં કોઇ પણ પ્રકારે ગરમી થાય નહિ, તડકો લાગે નહિ અને તે શોભામાં હાની થાય નહિ. કસ્તુરી, કેશર, ચંદન અને કર્પૂરનું મિશ્ર કરી તે મંદિર અને આંગણાનું તળીઉં સુંદર લેપથી અતિ સુશોભિ કરી દીધું. ગુંજારવ કરતાં ભમરાઓથી સેવાતા સંગીતનો સુંદર સ્વ આપનાર પાંચ જાતિનાં અતિ સુગંધી ફુલો મંદિરમાં ઘુંટણ સુધી પાથરી દીધાં. અત્યંત કિમતી વસ્ત્રનો ચંદરવો બંધાવી દીધો જેને સોનાના થાં ભલા મૂકીને તેની ઉપર સ્થિત કર્યો, તે ચંદરવા નીચે મણિઓ અને નાના નાના કાચ લટકાવી દીધા અને તેની ચોતરફ વધારે શોભા માટે મોતીની માળાઓ લટકાવી દીધી. ચારે બાજુએ એટલાં રત્નો

---

૧ આમાં દ્રવ્યસ્તવને અંગે ગુરૂકર્તવ્ય અને મનીષીનું આંતર ઔદાર્ય અને દાક્ષિણ્ય અનુકરણીય છે, વિચારણીય છે, પ્રશસ્ય છે.

છંટકાવી દીધાં કે તેને લઈને અંધકાર આદિનો સંબંધ તો તદ્દન દૂર થઈ ગયો અને કૃષ્ણાગરૂનો ધૂપ એવો સુંદર અને સારી રીતે કરવામાં આવ્યો કે ત્યાં કોઈ પણ પ્રકારની દુર્ગંધની વાસ પણ રહી શકે નહિ. પટોપાંદડી જેવા સુગંધી દ્રવ્યના ફેલાવાથી તેમજ મુકેલા દેવદારની સુંદર સુગંધી તે જિનમંદિરની અંદર બહાર તથા આસપાસ સર્વત્ર દેવલોકથી પણ વધારે સુગંધ આવવા લાગી અને સુંદર સ્ત્રીઓ સ્નાન કરે તેવાં સર્વ યોગ્ય સાધનો ત્યાં તૈયાર કરીને દેવપૂજન માટે તે જિનમંદિરને સારી રીતે તૈયાર કરી દીધું. ત્યાર પછી તેઓએ (રાજમંત્રીઓએ) દેવવિમાનો[1] બનાવ્યાં તથા તેને પારિજાતક[2] મંદાર,[3] નમેરૂ,[4] હરિચંદન,[5] સંતાનક[6] દેવવૃક્ષોના સમૂહ[7] અને અનેક પ્રકારનાં કમળોથી ભરી દીધાં અને તે જાણે આકાશમાં ઉડતાં આકાશને શોભાવતાં હોય તેવી રીતે મંદિરની ઉપર ગોઠવી દીધાં અને પછી દુંદુભિ આદિ સ્વર્ગીય વાજિંત્રો વગાડતાં તેઓ જિનમંદિર તરફ વાજતે ગાજતે આવ્યા. તેઓને એવી સારી રીતે તૈયાર થયેલા જોઈ લોકો તેઓની સામે જોઈ રહ્યા અને તેઓ અત્યંત આનંદમાં
[8] આવી જગદ્ગુરૂ શ્રી જિનેશ્વર દેવની પૂજા કરવા માટે તૈયાર થઈ ગયા. તેઓએ વિચિત્ર પ્રકારના રંગરાગપૂર્વક એવી સુંદર રીતે પૂજા કરવાની ગોઠવણ કરી કે લોકો તેઓની સામું આંખ ફરકાવ્યા વગર લાંબા વખત સુધી જોઈજ રહ્યા અને તે એટલું બારીકીથી અનિમેષપણે જોવા લાગ્યા કે જાણે તેઓ ખરેખર દેવતાજ હોય તેમ શોભવા લાગ્યા.[8] ત્યાર પછી ભગવાનના અનંત ગુણરૂપ આનંદથી ચિત્તમાં ભરપૂર થઈ જઈને રાજાએ સર્વ લોકોની સાથે જિનેશ્વર દેવની સારી વાણી વડે સ્તુતિ કરી અને સુંદર સિંહાસન ઉપર એટલે મેરૂ પર્વત જેવા ઉંચા ભદ્રાસનમાં જિનેંદ્ર ભગવાનના બિંબને પધરાવ્યું. પછી મંત્રીઓને વિધિપૂર્વક સ્નાન કરાવવા માટે ગયા.

---

૧ મંદિરને શોભા કરવા ઉપરાંત અહીં મંત્રીઓએ દેવતાઓ વિમાનમાં બેસી પૂજન કરવા આવતા હોય તેવી રચના કરી તેનું આ વર્ણન છે.

૨ પારિજાતકઃ પારિજાત નામનું દેવલોકનું ઝાડ.

૩ મંદારઃ પારિભદ્ર નામનું દેવલોકનું ઝાડ.

૪ નમેરૂઃ સુરપુન્નાગ નામનું દેવલોકનું ઝાડ.

૫ હરિચંદનઃ કેશર. ૬ સંતાનકઃ કલ્પવૃક્ષ.

૭ રચના સંપૂર્ણ બનાવવાને વિમાનોમાં દેવોનાં રૂપને પણ ગોઠવવામાં આવ્યાં.

૮ દેવતાઓની આંખ ઉઘાડબંધ થતી નથી, તેઓ અનિમેષ ર

પણ અહીં આંખો મટકાવતા ન હોવાથી દેવતા જેવા લાગે એવી

મનીષીને ઉત્તમ પ્રકારે સ્નાન કરાવવામાં આવ્યું, સારાં વસ્ત્રો પહે-રાવવામાં આવ્યાં, મુગટ અને બાજુબંધ તેના અંગપર ધારણ કરાવ્યા, ગોરૂચંદનથી તેને વિલેપન કર્યું, તેના ગળામાં સુંદર મોટા મુક્તા-હાર નાખવામાં આવ્યો, કાનમાં કુંડળ એવા સુંદર નાંખવામાં આવ્યાં કે જેથી તેના ગાલ ઉપર પણ તેનો પ્રકાશ પડવા લાગ્યો અને જાણે ઇંદ્ર હોય તેવો સુંદર તેને મંત્રીઓએ વસ્ત્રાભૂષણ વિગેરેથી બનાવી દીધો. હવે મનીષિના બહારના સર્વ વિકારો તદ્દન શાંત થઈ ગયા હતા અને મન પણ તદ્દન પવિત્ર થઈ ગયું હતું. તેવા મનીષી-કુમારને રાજા શત્રુમર્દન 'એ મહાભાગ્યશાળી છે, પૂજન કરવાને યોગ્ય છે! એણે આર્હત [illegible] ભગવતી દીક્ષા લેવાને અંતઃકરણથી નિર્ણય કર્યો છે' એમ બોલતાં બોલતાં મનીષીને જિનસ્નાત્ર કરાવવા-માટે પ્રથમ સ્થાને[1] સ્થાપન કર્યો અને સુંદર તીર્થોના જળથી ભરેલા [illegible], મનને હરણ કરે તેવો, સુંદર ધર્મના સાર [illegible] જેવો નિર્મળ, ગોરૂચંદન અને સુગંધથી તથા દિવ્ય [illegible] ભરેલો [illegible] અને જેની ચોતરફ સુંદર ચંદનના [illegible] છે એવો સંસારનો છેદ કરનાર દિવ્ય કુંભ (કનક કળશ) રાજા શત્રુમર્દને પોતે મનીષીને આપ્યો. મનમાં અત્યંત આનંદ [illegible] શરીરે રોમાંચિત પૂર્વક ભક્તિ કરવા તૈયાર થયેલા શત્રુમર્દન [illegible] કનકકળશ પોતાના હાથમાં લીધો. તે વખતે [illegible] અને શત્રુમર્દન રાજાનો [illegible] સુલોચન પણ [illegible] કરવાને તૈયાર થઈ ગયા અને તેઓ પણ રાજાની [illegible]

[illegible]

---

1 [illegible]

અરેખર! આ સંસારમાં શક્ર પણ જેની ચાકર તરીકે સેવા કરે છે તેવા ભગવાનના મંદિરમાં જે પ્રાણીઓ ચાકરપણું-કિંકરતા સ્વીકારે છે તેઓ અરેખર ભાગ્યશાળી છે, તેઓનો જન્મ સફળ થયો છે, તેઓનું સમૃદ્ધ થયું પણ સાર્થક છે, તેઓ કળા, જ્ઞાન કે વિજ્ઞાનના સાચા અભ્યાસી છે, તેઓ અરેખર દ્રવ્યવાળા છે. તેઓ અરેખર રૂપવાળા છે, તેઓ સાચા શૂરવીર છે, તેઓ પોતાનાં કુળને ભૂષણ જેવા છે, તેઓ સર્વગુણસંપૂર્ણ છે, તેઓ ત્રણ ભુવનમાં પ્રશંસાને પાત્ર છે અને તેઓનું ભવિષ્યમાં શાશ્વત કલ્યાણ થવાનું છે!

અભિષેક વર્ણન.

ત્યાર પછી ભગવાનના અભિષેકનો મહોત્સવ શરૂ થયો. દેવતાઓનાં દુંદુભિનાદ જેવા વાજીંત્રોના અવાજો ચારે દિશાઓને પૂરવા લાગ્યા. પ્રૌઢ અવાજ કરતા ઢોલના પ્રતિઘોષ સાથે પડછંદા પાડનાર શરણાઈના વિવિધ પ્રકારના અવાજ મનુષ્યોના કાનને બહેરા કરી મૂકવા લાગ્યા. કાંસીનો અવાજ ઉચ્ચાર કરતા રવ (અવાજ)થી મિશ્ર અવ્યક્ત અને મધુર મોટા ઘોષ સાથે મોતરફ ફેલાઈ રહ્યો. શાંતિના અતિ સુંદર સુખરસનો અનુભવ કરાવે તેવાં, ભગવાનના અને સાધુઓના ઉત્તમ ગુણોનાં વર્ણનથી ભરેલાં અને સાંભળવાથી હૃદયમાં ઘણો આનંદ ઉત્પન્ન કરે તેવાં ગીતો વચ્ચે વચ્ચે ગવાવાં લાગ્યાં. સર્વજ્ઞ મહારાજે બતાવેલાં વચનોને ઉન્નત કરે તેવાં અને રાગદ્વેષ વિગેરે ભયંકર સર્પોને જાંગુલી મંત્ર જેવાં અર્થભાવયુક્ત મોટાં મોટાં સ્તોત્રો શુદ્ધ અને ગંભીર અવાજથી વચ્ચે વચ્ચે બોલાવાં લાગ્યાં. જુદી જુદી ઇંદ્રિયોના તેમજ હાથ પગના હલનચલન (લહેકા) પૂર્વક અનેક પ્રકારના નાચો અંતઃકરણના પ્રમોદને સૂચવતા નચાવા લાગ્યા. એવી રીતે મેરૂપર્વત ઉપર જેમ દેવતાઓ અને અસુરો ભગવાનનો અભિષેક અત્યંત ઠાઠ પૂર્વક કરે છે તેવી રીતે પ્રભુનો અભિષેક મહોત્સવ કરીને શત્રુમર્દન રાજાએ તથા બીજા સર્વેએ શ્રીઆદિનાથ પ્રભુ જેઓ મૂળ નાયક હતા તેમની વિશેષ પ્રકારે પૂજાભક્તિ કરી, તેમજ તે વખતે કરવા યોગ્ય બાકીનાં સર્વ યથોચિત કૃત્યો કરીને સર્વ સાધુઓને વંદન કર્યું, પુષ્કળ દાન આપવામાં આવ્યું, સાધર્મી બંધુઓને ખાસ કરીને વિશેષ સન્માન આપવામાં આવ્યું. ત્યાર પછી મનીષીને પોતાના મુકામપર લઇ જવાને માટે પોતાનો જયકુંજર નામનો હાથી મંગાવી તેના ઉપર મનીષીને બેસાડવામાં આવ્યો. રાજાએ પોતે તેની પછવાડે બેસી છત્ર ધારણ કર્યું અને તે વખતે આખા શરીરમાં હર્ષના રોમાંચ પૂર્વક રાજાએ મોટે સ્વરે આ પ્રમાણે ઉદ્ઘોષણા કરી “ અરે સામંતો અને મંત્રીઓ !

તમે સાંભળો: આ સંસારમાં પોતાના સત્ત્વને પ્રગટ કરવું એ વગર શંકે પ્રાણીની મોટામાં મોટી સંપત્તિ છે, આત્મિક મિલ્કત છે અને તે પ્રમાણે સર્વજ્ઞ મહારાજ વારંવાર કહી ગયા છે; તેથી આ સંસારમાં અહીં જે પ્રાણીનું સત્ત્વ સર્વથી વધારે પ્રકાશે છે તે સર્વનો રાજા થવાને અને સર્વપર પોતાની પ્રભુતા સ્થાપન કરવાને વાસ્તવિક રીતે હક્કદાર થાય છે. આ પ્રમાણે હોવાથી ઘણી પ્રગતિ કરાવે તેવા ઉત્કર્ષને સાધનાર આ મહાત્મા મનીષીનું માહાત્મ્ય કેટલું છે તે તમે સર્વેએ સારી રીતે સ્પષ્ટપણે જોઇ લીધું છે. જુઓ, જ્યારે ભગવાને પેલા અપ્રમાદયંત્રની વાત કરી ત્યારે તે મારા જેવાને પણ બહુ આકરૂં પડશે અને જાળવવું ઘણું મુશ્કેલ પડશે એ વિચારથી ઘણો ત્રાસ થયો હતો તે તમારા સર્વના ધ્યાનમાં છે. એવું યંત્ર પોતાને આપવા માટે આ મહાત્માએ તુરત જ ભગવાન પાસે વિનતિ કરી એ સર્વ તમારા લક્ષ્યમાં હશે. તેટલા માટે એનામાં અસાધારણ સત્ત્વ–આત્મીક વીર્ય–છે એમાં જરા પણ શંકા જેવું નથી. આપણા સર્વના આગ્રહથી જ્યાંસુધી તે ઘરમાં રહે, આપણી સાથે રહે, ત્યાંસુધી તે આપણો સ્વામી છે, તે આપણો દેવ છે, તે આપણો ગુરૂ છે, તે આપણો પિતા છે, એમ ધારીને એવા વડીલ તરીકે આપણે સર્વેએ તેની સાથે વર્તન કરવું. આપણે સર્વેએ તેની નોકરી સ્વીકારવી અને આપણા આત્માનાં પાપો ધોવા પ્રયત્ન કરવો. ઉત્તમનો–વિનય કરવાથી આત્માનાં પાપો ધોવાઇ જાય છે માટે તેમ કરવું આપણને સર્વને યોગ્ય છે."[2] રાજાના આવાં વચન સાંભળી અત્યંત પ્રમોદમાં આવી સર્વ સામંતો અને મોટા મંત્રીઓ બોલવા લાગ્યાં "આપ સાહેબ કહો છો તે તદ્દન યોગ્ય છે અને આપ સરખા રાજા કહે તે કોને પસંદ ન આવે? આપનું વચન અમને સર્વને પ્રમાણ છે."

રાજાએ કરેલી યોગ્ય ઉદ્ઘોષણા.

મનીષીના હૃદયમાં શુભ સુંદરી.
મનીષીનો નગર પ્રવેશ અને હર્ષ.
સભાસ્થાનપ્રવેશ, સ્નાન, પૂજન, ભોજન.

આ પ્રમાણે વાત ચાલતી હતી તે વખતે મનીષીના શરીરમાં યોગશક્તિદ્વારા રહેલી તેની માતા શુભસુંદરી વધારે વિકાસ પામી

૧ પોતાનું સત્ત્વ પ્રગટ કરવું એ સ્પષ્ટપણે–શંકા વગર–વિરોધ વગર આ સંસારમાં મોટી સંપત્તિ છે.

૨ રાજા આ સર્વ સમ્યક્ત્વ પ્રાપ્ત થવાના પ્રમોદથી બોલે છે તે ક્રમબાજ સ્પષ્ટ થશે.

અને પોતાની યોગ શક્તિ વધારે બતાવવા લાગી. તે વખતે મનીષીના મનમાં અત્યંત આનંદ થયો: સાધારણ મનુષ્યોને સંસારમાં કોઇ પણ જગોએ મળવી તદ્દન અશક્ય એવી આત્મિક તેમજ બહિર્ લક્ષ્મીને પ્રાપ્ત કરીને અને રાજાનો સામંતોથી તથા મંત્રીઓથી પરવરીને તે વખતે મનીષી વધારે શોભવા લાગ્યો. તે વખતે સુબુદ્ધિ મંત્રી તેની વધારે વધારે સ્તુતિ કરવા લાગ્યો. મધ્યમબુદ્ધિ પણ તે પ્રસંગે મનીષીની સાથેજ હતો. પછી હાથીઉપર આરૂઢ થયેલ અને રાજાથી છત્ર કરાયેલ મનીષી એવી રીતે નગરના દરવાજા સુધી આવી પહોંચ્યો.

નગરવાસી જનોએ આખા શહેરમાં મોટી ધ્વજાઓ બાંધી દીધી હતી, દુકાનોને અત્યંત સુંદર રીતે શણગારી હતી અને સર્વ મુખ્ય રસ્તાઓ પાણીના છંટકાવ કરીને તથા કચરો દૂર કરીને સુંદર કરી દીધા હતા. એવી રીતે નગરને શણગારીને શહેરીઓ મનીષીને લેવા માટે અત્યંત હર્ષપૂર્વક સામા આવ્યા. તેઓએ અનેક પ્રકારે સ્તુતિ કરીને તેને (મનીષીને) નગરમાં પ્રવેશ કરાવ્યો. તેઓ સર્વે બોલવા લાગ્યા કે "આ મનીષી ખરેખર ધન્ય છે, નસીબદાર છે, ભાગ્યશાળી છે, મહાત્મા છે, મનુષ્યોમાં અતિ ઉત્તમ છે; એનો જન્મ ખરેખરો સફળ છે, એણે પૃથ્વીને પણ શોભાવી છે, દિપાવી છે અને એના જેવા મહાત્માના અમારા નગરમાં આવવાથી અમે પણ ખરેખરા નસીબદાર થયા છીએ, કારણકે નસીબ વગરના પ્રાણીઓ કદિ રત્નપુંજના સંબંધમાં આવી શકતા નથી."

ત્યાર પછી પોતાના દેવ જેવા રૂપથી અનેક સ્ત્રીઓનાં નેત્રોને અત્યંત આનંદ આપતો અને દ્રવ્યાર્થી પ્રાણીઓને મોટું દાન આપતો તેમજ પોતાની સારી રીતભાતથી વિશુદ્ધ ધર્મમાં સ્થિત થયેલા મનુષ્યો તરફ વિશેષ પક્ષપાત દેખાડતો મનીષી કુમાર આખા નગરમાં ફર્યો. લોકોનાં મોટા સમૂહની વચ્ચે થઇને અનુક્રમે તે રાજમંદિરમાં આવી પહોંચ્યો. રાજમંદિરને પણ રત્નરાશિથી એવું સુંદર બનાવી દીધું હતું કે તેની છાયાથી (રત્નના તેજથી) જાણે આકાશમાં ઇંદ્રનું ધનુષ્ય બંધાઇ ગયું હોય નહિ! એવું સુંદર અને રંગબેરંગી તે દેખાતું હતું. રાજમંદિરમાં પ્રવેશ કરતાં રાજપરિવારના અનેક માણસોએ તેમજ ખુદ શત્રુમર્દન રાજાએ કુમારનું બહુ સન્માન કર્યું અને અનેક યુવાન રસીક લલનાઓએ પોતાની ચપળ આંખોથી તેને વધાવી લીધો. રાજમંદિરમાં તે વખતે ગીતો અને નાચો એટલાં ચાલતાં હતાં કે જાણે તે મંદિર દેવતાઓનું સ્થાન કે ઇંદ્રભુવન હોય તેવું શોભતું હતું.

પછી પ્રથમ રાજકચેરીમાં જઇ થોડો વખત બેસી થાક ઉતારી કુમારે સર્વને આનંદ આપ્યો. મનમાં જરા પણ અભિમાન લાવ્યા વગર જો કે પોતાને કોઇ પણ પ્રકારનો રાગ નહોતો તો પણ રાજાને સંતોષ આપવાના હેતુથી રાજસભામાંથી ઉઠીને મનીષી મજ્જનશાળા (સ્નાન ગૃહ)માં ગયો. સ્નાનગૃહમાં રાણી મદનકંદળીએ અત્યંત ગૌરવપૂર્વક જાણે કે તે પોતાનો અતિ વહાલો ભાઇ હોય અથવા દીકરો હોય તેમ તેના શરીરને ચોળીને સ્નાન કરાવ્યું. વળી અંતઃપુરની બીજી રાણીઓ તેમજ દાસીઓ જેઓ સ્નાન સંબંધી સર્વ કાર્યમાં ઘણી પ્રવીણ હતી તેઓ મીઠા મધુર અવાજ કરતી તેની ચોતરફ વીંટાઇ વળી. હીરા પાના રત્ન અને માણેકની કાંતિથી શોભી રહેલી સુંદર વાવડીના નિર્મળ પાણીમાં મનીષીએ ત્યાર પછી સ્નાન કર્યું.

પછી સર્પની કાંચળી જેવાં ઝીણાં અને તદ્દન સફેદ સુંદર વસ્ત્રો શરીરપર ધારણ કરીને મનીષી મનોહર દેવભુવનમાં ગયા. એ દેવમંદિરમાં સુબુદ્ધિ મંત્રીએ ચિત્તને અત્યંત આનંદ આપે તેવી રચના કરાવેલી હતી. મનીષી ઘણા વખતથી માર્ગપર તો આવી ગયેલ હતો, તેના હૃદયમાં જિનપરમાત્માનું સ્વરૂપ આલેખાઇ ગયું હતું, છતાં તે દિવસે પ્રબોધનરતિ આચાર્યના ઉપદેશથી વીતરાગનું સ્વરૂપ વિશેષે કરીને તેને પ્રાપ્ત થયું હતું, વધારે સ્પષ્ટ થયું હતું તેથી તે દિવસે રાગ દ્વેષ અને મોહના ઝેરનો નાશ કરનાર ભગવાનના દેહસ્થ અને પરબ્રહ્મ સ્વરૂપપર સ્થિર ચિત્તે તેણે વધારેને વધારે વિચાર કર્યો.

જિનમંદિરમાં એવી રીતે દ્રવ્ય અને ભાવ પૂજન કરીને બહાર નીકળ્યા પછી માણસો ઓછા થતા ગયા. મનીષી કુમારને ત્યાર પછી ભોજન મંડપમાં લઇ જવામાં આવ્યા. ત્યાં પ્રથમથીજ સુંદર ભોજનની સર્વ સામગ્રીઓ અને સાધનો તૈયાર કરવામાં આવ્યાં હતાં. અનેક પ્રકારનાં મનને અને જીભને આનંદ આપે તેવા ખાવાના તથા પીવાના પદાર્થોને ગોઠવીને પીરસી રાખ્યા હતા. રાજા મનીષીને તે બતાવતા ગયા અને મનીષી રાજાને સારૂં લાગે તેટલા ખાતર પોતાને ખપે તેવા આહારને તે વખતે વાપરવા લાગ્યા, પરંતુ તેમાં તેને રાગ તથા પ્રીતિ જરા પણ હતી નહિ. પોતાની તંદુરસ્તીને વધારે તેવો અને તેટલો આહાર લઇને મનીષી કુમાર ઊભા થયા.

ત્યાર પછી રાજાના અત્યંત આગ્રહથી તેણે પાંચ સુગન્ધી વસ્તુઓથી મિશ્ર તંબોળ લીધું. તેના શરીરપર ચંદનનું, કસ્તુરી ને કેશરનું વિલેપન કરવામાં આવ્યું, શરીરપર સુંદર અલંકારો અને ઊંચી જાતનાં વસ્ત્રો તેણે ધારણ કર્યાં, સુગંધીથી ભમરાઓને પણ પોતાની તરફ ખેંચે તેવી સુગંધી પુ-

પોની માળાઓ ગળામાં પહેરી અને તેવી રીતે તૈયાર થયા પછી
જાએ મનીષીને મહા મૂલ્યવાન સિંહાસનપર બેસાડ્યો.

ત્યાર પછી અનેક સામંતો આવીને તેના ચરણમાં નમન કરી
યા, તેમના મુકુટમાં રહેલ રત્નની પ્રભાથી મનીષીના પગ લાલ
ખાવા લાગ્યા. તે વખતે મોટા સ્વરથી બંદીજનો-ભાટચારણો
ની સ્તુતિ કરવા લાગ્યા. આવી રીતે ગુણવાનને યોગ્ય સ્થાન[1] મની-
ને આપીને રાજા શત્રુમર્દન પોતાના મનમાં બહુજ રાજી થયા અને
છી સુબુદ્ધિ મંત્રીને કહેવા લાગ્યા.

સુબુદ્ધિને અભિનંદન.

રાજા શત્રુમર્દન કહે છે—"મિત્ર[2]! આજે અમને આ કલ્યાણપરં-
રા પ્રાપ્ત થઇ છે તે સર્વ તારે લીધે છે. એમાં તારો ખરેખરો પ્રતાપ
. કારણ કે ભગવાનને વંદન કરવા માટે તેં જ અમને પ્રેરણા કરી
ી. જો! તારે લીધે મેં આજે ત્રણ જગતને આનંદ આપનાર નાથને
યા અને ભક્તિપૂર્વક અત્યંત આનંદ સાથે તે ત્રણ ભુવનના નાથ
ાદીશ્વર ભગવાનને વંદન કર્યું, તેમની પૂજા કરી, તેમનો સ્નાત્ર મ-
ત્સવ કર્યો, વળી કલ્પવૃક્ષ જેવા આચાર્ય પ્રબોધનરતિ મહારાજને
ઘુ આનંદ પૂર્વક જોયા અને વળી વધારામાં સંસારને કાપી નાખે
વો ભગવાનનો ધર્મ પણ મને પ્રાપ્ત થયો, વળી આવા મહા પુરૂષ
મનીષી) સાથે મારે મળવાનું પણ થયું અને એણે તો ખરેખર અ-
ારા હૃદયમાં ખરેખરો ઉત્સવ કરી દીધો છે. આ પ્રમાણે તું કરે
માં નવાઇ પણ શું છે? કારણકે મહાત્મા પુરૂષો તો પરમા-
ઓને હમેશા સંતોષના વધારનારજ થાય છે, તેઓનું પોતાનું
મ પણ બીજા માણસને પ્રીતિ ઉપજાવે તેવુંજ હોય છે. પુણ્ય-
ન પ્રાણીઓના સંબંધમાં તેમણે એમ કરવું એ તો તદ્દન યોગ્ય જ
પણ મારે માટે તે ઘણું નવાઇ જેવું છે! નહિ તો ક્યાં [3]ચંડાળ

1 રાજાએ મનીષીને પોતાથી પણ વધારે માન આપીને આવો માણસ રા-
રી પણ વધારે યોગ્ય છે એમ બતાવી આપ્યું.

2 રાજા મંત્રીને 'મિત્ર' કહે છે તે ખાસ વિચારણીય છે. યોગ્ય નોકર સાથે
વો સંબંધ રાખવો જોઇએ. સુબુદ્ધિ અંતરંગ રાજ્યે રાજાની સદસદ્વિવેકશક્તિ
Conscience) છે તેપણ ધ્યાનમાં રાખવું.

3 ચંડાળ તસના આઢક પ્રમાણ માપાને ઉપાડી શકે નહિ, કારણ કે તે જાતે
અસ્પર્શ્ય ગણાય છે. છતાં મારા જેવાને આવી વસ્તુ પ્રાપ્ત થઇ એ મોટી વાત
क राजा: क तिलाढकम् એ વાક્પ્રયોગ (idiom) છે. 'ક્યાં રાજા ભોજ અને
ાં ગાંગો તેલી' એવો તેનો અર્થ સંબંધ પરથી જણાય છે. ગરીબને ઘેર બેસવું
પણ હોય, ત્યાં વળી માલ મસાલા તે ક્યાંથી હોય? આવો ભાવ રહેલો છે.

અને ક્યાં તલનું મોટું માપું ? અહો મિત્ર ! તેં આ પ્રમાણે કરીને મને તો કલ્યાણપરંપરા પ્રાપ્ત કરાવી દીધી છે. લોકોમાં એમ કહેવાય છે કે મંત્રી હમેશા રાજાનું હિત કરે છે તે પ્રમાણે તારૂં મંત્રીપણું બરાબર સાર્થક થયું છે. વળી તારૂં નામ સુબુદ્ધિ છે તે પણ બરાબર નામ પ્રમાણે ગુણવાળું થયું છે. ખરેખર! તને આ બાબતમાં ઘણી સાબાશી ઘટે છે."

સુબુદ્ધિ મંત્રીએ જવાબમાં કહ્યું "મહારાજ! આપ એ પ્રમાણે કહો નહિ. અમારા જેવાનું જીવતર [1]તમારા પુણ્યના જોરથી ચાલે છે, તો તેવા નોકર માણસને માટે આપ આટલી બધી માનની લાગણી બતાવો છો તે યોગ્ય નથી. આવી આવી સુંદર બાબતો આપને મેળવી આપનાર અમે તે કોણ? એવી કલ્યાણપરંપરા પ્રાપ્ત કરવાને દેવ પોતેજ યોગ્ય છો. [2]નિર્મળ આકાશમાં પ્રકાશ કરતી સુંદર નક્ષત્રપદ્ધતિ જોઇને કોઇને આશ્ચર્યબુદ્ધિ ઉત્પન્ન થતીજ નથી, મતલબ આકાશ જો વાદળા વગરનું હોય છે તો તેમાં અનેક નક્ષત્રો અને તારાઓ સ્પષ્ટપણે દેખાય જ છે; નિર્મળ આકાશનો જ એ પ્રતાપ છે.[3]"

મનીષી—"મહારાજ! પ્રભુની તમારા ઉપર કૃપા થઇ છે તો અત્યારે તમને જે કલ્યાણ પ્રાપ્ત થયું છે તે તો કોણ માત્ર છે? તમારા હૃદયરૂપ નિર્મળ આકાશમાં અનન્ત જ્ઞાનરૂપ સૂર્યનો ઉદય થવાનો છે તેનો હજુ આ તો અરૂણોદય છે એમ સમજો. કેવળ-જ્ઞાનરૂપ સૂર્યના ઉદયને પરિણામે પરમ પદ (મોક્ષ)ના કલ્પનાતીત આનંદનો યોગ થશે તેની આગાહી કરનાર તરીકે હજુ તો તમને માત્ર શરૂઆતનો સમ્યગ્દર્શનની પ્રાપ્તિથી થયેલ આ તો પ્રમોદ માત્ર છે; બાકી જ્યારે તમારા નિર્મળ અંતઃકરણરૂપ આકાશમાં કેવળાલોક રૂપ સૂર્યનો પ્રકાશ થશે ત્યારે તો તમને અદ્ભુત કલ્યાણ પ્રાપ્ત થશે. હજુ તો તેની શરૂઆતજ થઇ છે."

શત્રુમર્દન—"ખરેખર, નાથ! મારાપર મોટી કૃપા થઇ છે! આપ કહો છો એમાં કશો સંદેહ નથી. તમને અનુસરનારાઓને કંઇ

---

૧ સુબુદ્ધિ મંત્રી એ રાજાની પોતાની જ સદ્અસદ્વિવેકશક્તિ (conscience) છે એમ ઉપર જણાવ્યું છે તે અહિ વધારે સ્પષ્ટ થાય છે.

૨ નિર્મળ આકાશપ્રદેશમાં સુંદર નક્ષત્રપદ્ધતિ સંભવિતજ છે, રાજાને નિર્મળ આકાશ સાથે અત્ર સરખાવેલ છે.

૩ આપનો આત્મા પવિત્ર છે તેથી તેમાં આ સર્વ કલ્યાણપરંપરા પ્રગટ થાય તે સ્વાભાવિક છે.

પરંતુ આમ થઈ શકે તેમ નથી ?" (આટલું બોલી [illegible] મંત્રી તરફ ફરી વાળ્યું મુખ) "મંત્રી ! આ [illegible] [illegible] તો આપે જ પહેલાં ઉપદેશ આપ્યો છે અને [illegible] છે. [illegible] [illegible] વિવેક અને [illegible] [illegible] આવી જાય છે તે તો શું છે !"

મંત્રી—"મહારાજ ! [illegible] [illegible] [illegible] શું છે ! [illegible] [illegible] જ [illegible] છે તે માટે [illegible] [illegible] છે. '[illegible]' [illegible] બુદ્ધિ [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] જ હોય છે. [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] છે, માટે [illegible] રીતે તો [illegible] [illegible] [illegible] [illegible] છે."





પ્રકરણ ૧૬ મું.

નિજવિલસિતઉદ્યાનપ્રભાવ.



મનીષીને મહોત્સવપૂર્વક અગાઉ જણાવ્યા પ્રમાણે રાજમંદિરમાં પ્રવેશ કરાવ્યો તેજ વખતે રાજાના હુકમથી સુબુદ્ધિ મંત્રીએ મધ્યમબુદ્ધિને પણ પોતાનો સાધર્મીભાઇ જાણીને આત્મીય સદનમાં (પોતાના ઘરમાં)[1] પ્રવેશ કરાવ્યો હતો. [2]મધ્યમબુદ્ધિ ત્યાં આવ્યો તે સંબંધમાં તેણે ઘણો આનંદ બતાવ્યો હતો અને ઉચિત દાનો પણ આપવામાં આવ્યાં હતાં. મંત્રીના આત્મસદનમાં આવ્યા પછી મધ્યમબુદ્ધિએ સ્નાન કરી લીધું, ભોજન કર્યું, પાનસોપારી ખાધાં, શરીરે વિલેપન કર્યું, શરીરપર અલંકારો ધારણ કર્યાં, યોગ્ય શરીરશોભા કરી, શરીરપર માળા ધારણ કરી. સુબુદ્ધિએ પોતાનાં માણસો તેને સોંપી દીધા હતા. તેઓનાં પ્રેમપૂર્વક મીઠાં સ્તુતિનાં વચનો સાંભળીને તેની ઇંદ્રિયોને તથા હૃદયને આનંદ થયો. એ પ્રમાણે બધું કામ પરવારીને તે પણ રાજસભામાં તે વખતે આવી પહોંચ્યો. તેણે આવતાની સાથે જ યોગ્ય માનપૂર્વક **મનીષીને** નમસ્કાર કર્યો અને તેના સિંહાસનની બાજુમાં એક મોટી બેઠક તેને આપવામાં આવી તેની ઉપર તે બેઠો.

મધ્યમબુદ્ધિ આગમન.

મધ્યમબુદ્ધિનો પણ ઉપકાર.
રાજાની મધ્યમ જનોમાં ગણના.
મનીષી મધ્યમ જનોની તુલના.

---

૧ સુબુદ્ધિ–આત્મીય સદન–વિગેરે શબ્દો બહુ ગૂઢ અર્થમાં અત્ર વપરાયલા છે તે વિચારતાં સમજાઈ જશે.

૨ સુબુદ્ધિ સદ્અસદ્ વિવેકશક્તિ છે અને મધ્યમ વર્તન રાજાનું છે તેનું રૂપક સ્વરૂપ મધ્યમબુદ્ધિ છે. આ વાત સાથે એ પણ ધ્યાનમાં રાખવું કે આ સર્વ વાર્તા વિદુર નંદિવર્ધન કુમાર પાસે સંગતિના પરિણામ બતાવવા સારૂ કહે છે અને સદાગમ પાસે સંસારીજીવ પોતાનો અનુભવ કહી બતાવે છે.

મધ્યમ બુદ્ધિને ઉદ્દેશીને શત્રુમર્દન રાજાએ સુબુદ્ધિ મંત્રીને કહ્યું "મિત્ર! આ મધ્યમબુદ્ધિએ પણ અમારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે!"

સુબુદ્ધિ—"તે કેવી રીતે?"

શત્રુમર્દન—"સાંભળ. આચાર્ય મહારાજે આજે જ્યારે અપ્રમાદ યંત્રના સંબંધમાં [1]ઉપદેશ આપ્યો ત્યારે ભયંકર લડાઇના મેદાનમાં બીકણ માણસને જેમ આકુળવ્યાકુળતા થઇ જાય તેવી વ્યાકુળતા મને થઇ આવી હતી, કારણ કે મને તે વખતે એમ લાગ્યું હતું કે એ અપ્રમાદયંત્રને ગ્રહણ કરીને તદનુસાર વર્તન કરવું તે મારા જેવા માટે ઘણું મુશ્કેલ હતું; તે વખતે આ મધ્યમબુદ્ધિ મહાત્માએ આચાર્ય ભગવાનને ગૃહસ્થધર્મ પોતાને આપવાની માગણી કરી અને તે મારાથી પણ ગ્રહણ થઇ શકે તેવા પ્રકારનો છે એવી બુદ્ધિ મારામાં ઉત્પન્ન કરીને મને આશ્વાસન આપ્યું અને મારી વ્યાકુળતા દૂર કરી. ગૃહસ્થધર્મ અંગીકાર કરવાથી મારા મનમાં પણ ઘણી ધીરજ આવી, મને મોટો ટેકો મળ્યો અને મારા ચિત્તમાં ઘણો આનંદ થયો. તે સર્વેનું કારણ એ મધ્યમબુદ્ધિની સૂચના અને પ્રશ્ન હતાં. એથી એણે પણ મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે."

સુબુદ્ધિ—"એ મધ્યમબુદ્ધિ યથાર્થ નામવાળો છે. લોકોમાં એવી કહેવત પણ છે કે સરખા ગુણ, વર્તન, સુખ અને દુઃખવાળાને જ પ્રાયે દોસ્તી થાય છે. જૈસાકુ તૈસા મિલે, તૈસાકુ મીલે તાઇ. એનું વર્તન મધ્યમ પ્રકારનું હોવાથી તે મધ્યમ સ્થિતિના માણસોને આશ્વાસન આપે તે ઉચિત છે."

રાજાએ પોતાના મનમાં વિચાર કર્યો કે અહો! મારા મનમાં અત્યારસુધી એવું મિથ્યા અભિમાન હતું કે હું રાજા છું તેથી સર્વ પુરૂષોમાં શ્રેષ્ઠ છું અને અત્યારે આ સુબુદ્ધિ મંત્રીએ યુક્તિપૂર્વક વાત કરીને [2]અર્થાપત્તિથી મને મધ્યમ જન (સામાન્ય માણસ-બહુ ઉંચો નહિ અને તદ્દન નિર્માલ્ય નહિ-વચલા વર્ગના મનુષ્ય)ની ગણનામાં મૂકી આપ્યો. ખરેખર મારા મિથ્યા અભિમાનને ધિક્કાર છે! અને એવું અભિમાન કરનાર મને પણ ધિક્કાર છે! અથવા તો ખરેખર વસ્તુસ્થિતિ એવી જ છે તો પછી મારે તેમાં દિલગીર થવા જેવું

---

૧ જુઓ પૃષ્ઠ ૫૧૨. ત્યાં મધ્યમબુદ્ધિએ ગૃહસ્થધર્મ સંબંધી પ્રશ્ન આચાર્યને કર્યો છે.

૨ By inference, અનુમાન પરંપરાથી.

નથી; કારણ કે મોટો હાથી ત્યાંસુધી જ શૂરવીર અને ત્રાસ આપનાર દેખાય છે કે જ્યાંસુધી વિકાળ દાઢવાળો સિંહ દેખાવ આપતો નથી; પણ જેવી હાથીને દૂરથી સિંહની ગંધ પણ આવે છે કે તુરત તે ધ્રૂજી ઉઠે છે અને પછી તે બીકણ બાયલા જેવો લાગે છે. આ પ્રમાણે હોવાથી મનીષીની અપેક્ષાએ તો મારી મધ્યમરૂપતા યોગ્યજ છે. એ મહાભાગ્યશાળી માણસ ખરેખરો સિંહ છે અને તેની અપેક્ષાએ મારા જેવા બીકણ હાથીઓજ છે. તેથી મારે આ બાબતમાં દિલગીરી કરવી યોગ્ય નથી; કારણ કે ઉત્તમ પુરૂષની ગણનામાં નહિ તો મધ્યમ પુરૂષોની ગણનામાં આવવું તે પણ મારા જેવા પ્રાણીઓ માટે તો મોટું સદ્ભાગ્ય ગણાય. મધ્યમવર્ગનો અશક્ત પ્રાણી હોય અને કદિ પોતાનાં કાર્યો પૂરાં કરે તો સર્વોત્તમ થઇ શકે, પણ જઘન્ય હોય તે તો કદિ એકદમ સર્વોત્તમ થઇ શકતો નથી. મારા મનમાં અગાઉ હું સર્વોત્તમ છું એવું એક જ મિથ્યા અભિમાન ન હોતું, પણ બીજી ઘણી બાબતોનાં મિથ્યા અભિમાનો હતાં. પણ હવે તેની ચિંતા કરવાથી ફળ શું?

ધર્માનુષ્ઠાનનિમિત્તકની ઉપકારિતા.
નિજવિલસિત ઉદ્યાનનો મહા પ્રભાવ.
વ્યક્તિભેદે વિચિત્ર પ્રકારનો ક્ષેત્રસ્વભાવ.

રાજા આ પ્રમાણે વિચાર કરતો હતો તે વખતે સુબુદ્ધિ મંત્રી બોલ્યો "આપના ઉપર એ મોટો ઉપકાર કરનાર છે એ વિચાર આપે બહુ સારો કર્યો: કારણ કે જૈન ધર્મના અનુષ્ઠાનની પ્રવૃત્તિ કરવામાં જે કોઇ જરા માત્ર પણ નિમિત્તભૂત થાય તેના જેવો મોટો ઉપકાર કરનાર આ દુનિયામાં બીજો કોઇ પ્રાણી નથી."

શત્રુમર્દન—"ખરેખર, એ બાબત તું કહે છે તેજ પ્રમાણે છે. હવે એક બીજી વાત કહું. મારા મનમાં એક વિચાર વારંવાર આવ્યા કરે છે. આચાર્ય મહારાજના વચનને વારંવાર સંભારી તેનું નિરાકરણ મારા મનમાં વારંવાર કર્યા કરૂં છું તો પણ ભિક્ષા માગનાર લાજ વગરના બ્રાહ્મણની પેઠે વારંવાર તે વિચાર મારા મનમાં આવ્યાજ કરે છે. હવે એ મારી શંકા તારે દૂર કરવી જોઇએ."

રાજાનો પ્રશ્ન, શંકા સમાધાન.

સુબુદ્ધિ—"તે વિચાર કેવા પ્રકારનો છે તે જણાવવા આપ કૃપા કરશો?"

શત્રુમર્દન—"સાંભળ! આપણે આજે સવારે જ્યારે પ્રમોદશેખર ચૈત્યમાં દાખલ થયા કે તરતજ મારા મનમાં જે કાંઇ કલહ કંકાસ વિગેરે હતા તે સર્વ દૂર થઇ ગયા, રાજ્યનાં કાર્યો કરવા રૂપ ચિંતાપિશાચીને જાણે કોઇએ ઉખેડી નાખી હોય તેમ અદૃશ્ય થઇ ગઇ, મોહની સર્વ જાળો તૂટી ગયા જેવી થઇ ગઇ, પ્રબળ રાગ રૂપ અગ્નિ જાણે ઓલવાઇ ગયો હોય તેવો થઇ ગયો, દ્વેષ રૂપ વૈતાળ નાશી ગયા જેવો થઇ ગયો, વસ્તુને ઉલટી સમજાવનાર દુરાગ્રહરૂપ ભૂત જાણે પલાયન કરી ગયો હોય તેમ થઇ ગયું, આખા શરીર ઉપર જાણે અમૃતનો વરસાદ વરસ્યો હોય એવી શાંતિ થઇ ગઇ અને હૃદય જાણે સુખસાગરમાં ડૂબી ગયું હોય તેમ એક ક્ષણ માત્રમાં અનુભવ થવા લાગ્યો. આ સર્વ હકીકત મેં જાતે અનુભવી હતી. ત્યાર પછી ભુવનગુરૂ આદિનાથને પ્રણામ કર્યા, ગુરૂ મહારાજને ચરણે નમસ્કાર કર્યા અને મુનિ મહારાજેને વંદના કરી તેમજ ભગવાનનાં વચન સાંભળ્યાં, તે વખતે જે આનંદનો મેં આજે સવારે અનુભવ કર્યો તે વાણીથી કહી શકાય તેવો નથી. આવા અપ્રતિમ જૈન મંદિરમાં, એવા અચિંત્ય પ્રભાવવાળા ગુરૂમહારાજ પાસે હોવા છતાં, તેઓ રાગનું ઝેર કેવી રીતે શમાવવું તેનો ઉપદેશ કરતા છતાં, શાંત ચિત્તવાળા તપસ્વી લોક પાસે હોવા છતાં અને માણસોનો એટલો મોટો સમુદાય હાજર હોવા છતાં પણ પેલા બાળને અત્યંત અધમ આચરણ કરવાનો અધ્યવસાય કેવી રીતે થયો હશે?"

સુબુદ્ધિ—"એ મંદિરમાં આપસાહેબે પ્રવેશ કર્યો કે તુરતજ આપને એક ક્ષણવારમાં ન કલ્પી શકાય તેવા ગુણોનો આવિર્ભાવ થયો એમ આપસાહેબે કહ્યું તેમાં કાંઇ નવાઇ જેવું નથી. એ ભગવાનના મંદિરનું નામ જ [1]પ્રમોદશેખર છે. એ મંદિરમાં પ્રવેશ કરતાં એવા ગુણો આવિર્ભાવ પામે તે સ્વાભાવિક છે તેથી આપને જે અનુભવ થયો છે તેમાં જરા પણ નવાઇ પામવા જેવું નથી. પણ આવા પ્રકારના સંયોગો છતાં બાળના મનમાં અતિ તુચ્છ અધ્યવસાય કેમ થયો એમ આપે પુછ્યું તેનું કારણ તો આચાર્ય ભગવાને અગાઉ જ જણાવી દીધું છે. તેના સંબંધનું (તેનું) નામ વિચારવાથીજ એ બાબતની શંકા તો દૂર થઇ જાય છે. તેનું નામ બાળ છે અને પાપને અટકાવવાની સર્વ સામગ્રી હાજર હોય છતાં બાળ જીવો પાપનું આચરણ કરે છે એ બાળપ્રકૃતિનો સ્વભાવ છે. વળી ભગવાનનાં

૧ જુઓ પૃષ્ઠ ૪૬૬.

કથનો વિચારતાં એ પણ સમજાય તેમ છે કે પ્રાણીને શુભ અથવા અશુભ પરિણામો થાય છે તેમાં તેને [1]દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ અને ભવની અપેક્ષા રહે છે, એટલે પ્રાણીને જે જે વિચારો, અધ્યવસાયો કે પરિણતિ થાય તેમાં એ પાંચે બાબતો ઉપયોગી ભાગ ભજવે છે. બાળને તે વખતે જે અધ્યવસાય થયો તે ક્ષેત્રને લઇને થયો હતો એમ મને લાગે છે."

શત્રુમર્દન—"જો ક્ષેત્રના ઉપર તું આટલો બધો ભાર મૂકતો હો તો એ જૈન મંદિર તો પવિત્રમાં પવિત્ર ક્ષેત્ર હતું! અને એજ ક્ષેત્રમાં એ બનાવ બન્યો, તો આવું સુંદર ક્ષેત્ર બાળના સંબંધમાં એવા અશુભ પરિણામ ઉત્પન્ન કરવાનું કારણ કેવી રીતે થઇ શકે?"

સુબુદ્ધિ—"મહારાજ! એમાં મંદિરનો દોષ નહોતો, પણ ઉદ્યાન (ઉપવન) નો દોષ હતો. દેવમંદિર પણ ઉદ્યાનમાં આવી રહેલું છે, તેથી ઉદ્યાન [2]સામાન્ય ક્ષેત્ર છે અને એ ઉદ્યાન બાળના અશુદ્ધ અધ્યવસાયનું કારણ છે."

શત્રુમર્દન—"જો એ ઉદ્યાન ખરાબ અધ્યવસાયનું કારણ હોય તો અમે પણ તેજ ઉદ્યાનમાં હતા તો અમને તે ખરાબ અધ્યવસાયનું કારણ કેમ ન થયું?"

સુબુદ્ધિ—"એ [3]ઉદ્યાન ઘણા વિચિત્ર સ્વભાવવાળું છે અને જૂદા જૂદા માણસોને અંગે તે અનેક પ્રકારનાં પરિણામો નિપજાવનારૂં-કામે કરાવનારૂં થઇ શકે છે. એ પ્રમાણે હોવાથીજ તેનું નામ [4]નિજવિલસિત પાડવામાં આવ્યું છે. તે જૂદા જૂદા પ્રકારનાં [5]સહકારી કારણો લઇને ભિન્નભિન્ન પ્રાણીમાં જુદી જુદી પ્રકારનાં [6]વિલસિત પ્રકટ કરે છે

---

૧ **દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ, ભવઃ** દ્રવ્ય એટલે વસ્તુ પોતે, ક્ષેત્ર એટલે સ્થાન કાળ એટલે સમય, ભાવ એટલે સંયોગો અને ભવ એટલે એક જન્મ અને મરણ વચ્ચેનો સમય (તેના સંયોગો સાથે એટલે ગતિ અને ત્યાં તદ્યોગ્ય નામકર્મો વિગેરે.)

૨ Common ground.

૩ એ ઉદ્યાનનું નામજ **નિજવિલસિત** છે. દરેક પ્રાણીનો વિલાસ જૂદા પ્રકારનો હોય છે તેથી આવિર્ભાવ પણ પ્રથક્ પ્રથક્ થાય છે. આજુબાજુની વસ્તુઓ વિલાસ અને વિકાસપણે પરિણમી જાય છે અને તેને સહકારી કારણ ગણવામાં આવે છે.

૪ તેના વર્ણનમાટે જુઓ પૃષ્ટ ૪૬૩.

૫ **સહકારીઃ** સાથેના, મદદ કરનાર.

૬ **વિલસિતઃ** લીલા, ગમ્મત.

સહકારી કારણો; સર્વેની જરૂરીઆત.

એના આપણે પ્રત્યક્ષ દાખલા જોઇએ. બાળની સાથે સ્પર્શન મિત્ર અને અકુશળમાળા હતા તેથી તેના જોવામાં જ્યારે મદનકંદળી આવી ત્યારે તે ઉદ્યાને તેના મનમાં મદનકંદળી સાથે વિષયભોગ ભોગવવાના અને એને લગતા બીજા વિચારો ઉત્પન્ન કર્યા. અહીં સ્પર્શન અને અકુશળમાળાનો સહયોગ અને મદનકંદળીનું દર્શન સહકારી કારણો સમજવાં. મનીષી, મધ્યમબુદ્ધિ અને આપના જેવા પુણ્યશાળી વિશિષ્ટ પુરૂષોને જ્યારે સૂરિ મહારાજના પાદપ્રણમનનો અવસર મળ્યો ત્યારે તેજ ક્ષેત્રે (ઉદ્યાને) તમારા મનમાં સર્વવિરતિ દેશવિરતિ અંગીકાર કરવાની અને એવી બીજી ઉત્તમ ભાવનાઓ ઉત્પન્ન કરી. અહીં સૂરિપાદપ્રણામ સહકારી કારણ સમજવું. જો કે કોઇ પણ કાર્ય થવામાં [1]દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, સ્વભાવ, કર્મ, નિયતિ, પુરૂષકાર વિગેરે કારણો કેટલાંક પ્રકટપણે અને કેટલાંક અપ્રકટપણે સર્વે એક સાથે મળીનેજ તે કાર્યના કારણપણાને પામે છે અને તેઓમાંનું માત્ર એકજ કારણ સ્વતંત્ર રીતે કોઇ દિવસ પણ કોઇ કાર્યનું કારણ થઇ શકતું નથી, સર્વે સાથે હોય ત્યારેજ એક કાર્યની નિષ્પત્તિ થાય છે, છતાં પણ

એક કારણની ઉપચારથી મુખ્યતા.

એકને અંગે વાત ચાલતી હોય અને તેની મુખ્યતા હોય તો સર્વમાંથી તેને એક મુખ્ય કારણ તરીકે કહી શકાય છે. ખરી રીતે તો સર્વે કારણો એકઠાં થાય ત્યારેજ કાર્ય થાય છે, પણ અમુક અમુક અપેક્ષાએ એક એકની મુખ્યતા દેખાઇ આવે છે. એ વખતે ઉદ્યાનના વિચિત્ર પ્રકારના ભાવો હૃદયપર વધારે અસર કરનાર હોવાથી ક્ષેત્રનું કારણ તરીકે મુખ્યપણે આપની પાસે નિવેદન કર્યું છે."

શત્રુમર્દન—"મિત્ર! એ વાત તો તેં બહુ સારી કરી. હવે એક બીજી વાત તને પૂછું! આચાર્ય મહારાજની પાસે પેલા કર્મવિલાસ રાજા સંબંધી વાત નીકળી ત્યારે તેં કહ્યું હતું [2]કે તું તેનું બધું સ્વરૂપ સારી

---

૧ કારણો: કોઇ પણ કાર્ય થવા માટે પાંચ કારણ એકઠાં મળવાં જોઇએ: કાળ પરિપક્વ થવો જોઇએ; વસ્તુનો તે સ્વભાવ જોઇએ; વસ્તુ તે પ્રકારે બનતી હોવી જોઇએ (નિયતિ); કર્મ તેવા પ્રકારનું હોવું જોઇએ અને તે માટેનો ઉદ્યોગ હોવો જોઇએ. એ પાંચમાંથી એક પણ કારણ મંદ હોય તો કોઇ કામ થઇ શકતું નથી. દ્રવ્ય અને ક્ષેત્રનો સમાવેશ સ્વભાવમાં થઇ જાય છે. મૂળ મુખ્ય કારણો પાંચ છે: કાળ, સ્વભાવ, નિયતિ (ભવિતવ્યતા), કર્મ અને ઉદ્યોગ.

૨ જુઓ પૃષ્ઠ ૫૧૨. ત્યાં સંક્ષેપમાં આચાર્યે કર્મવિલાસનું સ્વરૂપ કહ્યું હતું; પણ વધારે સ્વરૂપ જણાવવાનું સુબુદ્ધિ મંત્રીએ રાજાને વચન આપ્યું હતું.

રીતે જાણે છે અને આગળ ઉપર તે મને તું કહી સંભળાવીશ. તે સ્વરૂપ હવે તું મને જણાવ! મને તે સાંભળવાની ઘણીજ ઇચ્છા તે વખતથી થયેલી છે.”

સુબુદ્ધિ—“જો એમજ આપની ઇચ્છા હોય તો આપ એકાંતમાં બેસો એટલે આપની સાથે વાત કરૂં.”

કર્મવિલાસ રાજાનું વાસ્તવ સ્વરૂપ.
તેના આખા પરિવારપર વિચારણા.
સ્પર્શેંદ્રિય સંબંધ અને ગુરૂપદેશનું રહસ્ય.

ત્યાર પછી મનીષીની રજા લઇને રાજા તથા મંત્રી રાજસભામાંથી ઊઠીને બાજુના એકાંત ઓરડામાં ગયા, ત્યાં સુબુદ્ધિ મંત્રીએ કહેવા માંડ્યું “રાજન્! આચાર્યે મહારાજે જે વાત કરી તેનો પરમાર્થ-કહેવાનો ભાવાર્થ આ પ્રમાણે હતો જે આપ ધ્યાન રાખીને સાંભળો. તમને યાદ હશે કે ભગવાન્ આચાર્ય મહારાજે [2]ચાર પ્રકારના પુરૂષો બતાવ્યા હતા તેમાં જે પ્રથમ ઉત્કૃષ્ટતમ વર્ગના પુરૂષો છે તે સર્વ કર્મના પ્રપંચથી રહિત હોવાથી તેઓને સિદ્ધ અથવા 'મુક્ત' કહેવામાં આવે છે. ત્યાર પછી જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ જીવો કહ્યા તે અનુક્રમે બાળ મધ્યમબુદ્ધિ અને મનીષી (બુદ્ધિશાળી) સમજવા. હવે આચાર્યમહારાજે જે કર્મવિલાસ રાજાની વાત કરી હતી તે પ્રાણીઓનાં એવા પ્રકારનાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ રૂપનો જનક (ઉત્પન્ન કરનાર પિતા) પોતપોતાના કર્મનો ઉદય [3]સમજવો. એ કર્મોની બહુ જબરી શક્તિ છે અને તેજ સંબંધમાં આચાર્ય મહારાજ પાસે વાત થઇ હતી, બીજા કોઇના સંબંધમાં નહિ. એ રાજાની શુભ અશુભ અને મિશ્ર (શુભાશુભ) એવી ત્રણ પ્રકારની પરિણતિ છે. એ ત્રણે પ્રકારની વૃત્તિઓને અનુક્રમે શુભસુંદરી, અકુશળમાળા અને સામાન્યરૂપાનું નામ આપીને એને મનીષી બાળ અને મધ્યમબુદ્ધિની

---

૧ આવા ઉત્તમ વિચારો અને ખાસ કરીને સ્વરૂપ જ્ઞાન એકાંતમાંજ થાય છે. ચિત્તની એકાગ્રતા એકાંત વગર થવી લગભગ અશક્ય છે. રાજાને પોતાની સુબુદ્ધિ સાથે એકાગ્રતા કરી નિર્ણયપર આવવું છે.

૨ ચાર પ્રકારના પુરૂષોનો હેવાલ આ પ્રસ્તાવના પ્ર. ૧૨ મા માં પૃષ્ઠ ૪૭૭ થી શરૂ થાય છે અને તેનું વર્ણન પૃષ્ઠ ૪૮૮ સુધી ચાલેલ છે. તે ખાસ ધ્યાનમાં રાખવા લાયક છે.

૩ એટલે કર્મ એ ત્રણ વર્ગના પ્રાણીઓના પિતા થયા. બાળ, મધ્યમબુદ્ધિ અને મનીષીના પિતા કર્મવિલાસ છે એમ કહેવામાં આવ્યું છે. જુઓ પૃ. ૪૭૪.

માતાઓ તરીકે બતાવવામાં આવી છે, કારણ કે એ ત્રણ વર્ગના પુરૂષોને એવા સ્વરૂપમાં તેજ માતાઓ (પરિણુતિઓ) જન્મ આપે છે."

શત્રુમર્દન—"સારે બાળ જીવોનો મિત્ર કોણ છે? તે પણ તું મને જણાવ."

સુબુદ્ધિ—"સર્વ અનર્થને ઉત્પન્ન કરનાર પેલો દૂર ઊભો છે તે સ્પર્શેન્દ્રિય નામનો તેઓનો મિત્ર સમજવો."

આંતર વિચારણા.

શત્રુમર્દન રાજાએ આ હકીકત સાંભળી પોતાના મનમાં વિચાર કર્યો કે અહો! ભગવાને આ સર્વ વાત કહી તે મેં પણ સાંભળી હતી, પણ તે સંબંધમાં મેં સારી રીતે વિચાર કર્યો નહોતો. આ સુબુદ્ધિએ પોતાના મનમાં વિચાર કરીને હકીકતનો મેળ બરાબર મેળવ્યો છે. મને એમ લાગે છે કે એવા પ્રકારનો સારો માર્ગ બતાવનાર અને બોધ આપનાર ખરા સાધુઓ સાથે સુબુદ્ધિને લાંબા વખતથી પરિચય છે તે કારણને લઇને જ તે આ હકીકત બરાબર સમજી ગયો. અહાહા! એણે કેવી મજાની અને સારા શબ્દોમાં વાત કરી! ભગવાને પણ કેવી યુક્તિથી નામ આપ્યા વગર આ મનીષી વિગેરે સર્વનાં ચરિત્રો કહી દીધાં હતાં! તેઓએ પણ બહુ સુંદર રીતે દેશના દીધી હતી! પણ તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે? તેઓનું નામ જ પ્રબોધનરતિ છે એટલે તેઓને અન્ય પ્રાણીઓને બોધ આપવામાં જ આનંદ આવે તે તેઓના નામને બરાબર યોગ્ય છે.

મનીષીને વિલંબ કરવા રાજાની માગણી.
સુબુદ્ધિનો દીક્ષા સંબંધી વિચારણીય જવાબ.
ગુણ પક્ષપાત અને ખોટા સ્નેહનાં પરિણામો.

રાજાએ સુબુદ્ધિ મંત્રીને કહ્યું "મિત્ર! હવે વાત પૂરી કર, તારે વધારે તસ્દી લેવાની જરૂર નથી. એ હકીકત તો મારા સમજવામાં બરાબર આવી ગઇ. હવે હું તને એક બીજી વાત કરૂં! જો, સાંભળ! જો આ મનીષી થોડો વખત સંસારમાં રહી વિષયોની સાથે સંબંધ કરે તો ત્યાર પછી અમે પણ તેની સાથે દીક્ષા લઇએ. એવું કારણ એ છે કે જ્યારથી મેં એને જોયો છે ત્યારથી જ એના ઉપર મને ઘણો સ્નેહ ઉત્પન્ન થયો છે, તેથી તેનાથી છૂટા પડતાં જાણે તેનો વિરહ સહન જ નહિ થઇ શકે એમ ધારીને હૃદય તેની પાસેથી ખસતું જ નથી; એને જોતાં જોતાં અને એના વદનકમળને નિરખતાં નિરખતાં

નેત્ર પાછાં હઠી શકતાં નથી-આ પ્રમાણે હોવાથી એનો વિરહ એક ક્ષણવાર પણ સહન કરવાની મારામાં શક્તિ નથી. એને આવી રીતે છોડી શકાય તેમ નથી અને જે પ્રમાણે તે ચારિત્ર લેવા તૈયાર થઇ ગયો છે તે પ્રમાણે ચારિત્ર ગ્રહણ કરવાને અમને અત્યારે પરિણામ થતા નથી; માટે તેની પાસે તું પ્રેમથી માગણી કર, ઉત્તમ શબ્દ (સંગીત) વિગેરે વિશિષ્ટ ભોગોનું સ્વરૂપ તેની પાસે રજુ કર, તેને એમ જણાવી દે કે એ શબ્દ વિગેરે ભોગોનો હવે તેજ ખરેખરો સ્વામી છે. તેને વજ્ર (હીરો), ઇંદ્રનીલ (પન્નું), મહાનીલ (એક જાતનો મણિ), કર્કેતન (રત્ન), પદ્મરાગ (માણેક), મરકત (લીલો મણિ), વૈડૂર્ય (રત્ન), ચંદ્રકાન્ત (મણિ), પુષ્પરાગ (પોખરાજ) વિગેરે અમૂલ્ય રત્નો આપણી પાસે છે તે બતાવ, દેવતાઓની અપ્સરાઓને પણ ભૂલાવે તેવી સુંદર રૂપવંત કન્યાઓ તેને દેખાડ અને એવું એવું સર્વ તેના સંબંધમાં ગોઠવીને તેને સંસાર તરફ એવા પ્રકારનો લોભ લગાડી દે કે જેથી તે કાંઇ પણ વધારે વિચાર ન કરતાં કેટલોક કાળ સંસારમાં રહી આપણી હોંસ પૂરી કરે."

વિષયાનુકૂળતા કરવાની સૂચના.

સુબુદ્ધિ—"જેવો મહારાજાનો હુકમ! પણ આ બાબતમાં મારે આપ સાહેબને જરા પ્રાર્થના કરવાની છે તે યોગ્ય હોય કે અયોગ્ય હોય તો પણ તેને માટે આપે મને ક્ષમા આપવી પડશે."

શત્રુમર્દન—"તું તો હવે મને સારો અને સાચો ઉપદેશ આપનાર થયો છે, તેથી તને તો મારા ઉપર મોટો અધિકાર પ્રાપ્ત થયો છે એમ કહી શકાય; કારણ કે તું મારો ગુરૂ થયો અને હું તારો શિષ્ય થયો. હવે તારે મારા સંબંધમાં કાંઇ પણ સંભ્રમ (વિચાર-ઘુંચવણ) કરવાનો હોય જ નહિ. તારા મનમાં જે કાંઇ હોય તે જરા પણ ગભરાયા વગર તું વગર વિલંબે કહે."

સુબુદ્ધિ—"જો એમ છે તો સાંભળો. આપ સાહેબે પ્રથમ કહ્યું કે આપને મનીષી ઉપર ઘણો જ પ્રેમ આવે છે તે વાત તદ્દન યોગ્ય છે અને બનવા જોગ છે, કારણ કે મહાપુરૂષો હમેશા ગુણવાન્ તરફ જરૂર પક્ષપાત રાખે છે. એવા પ્રકારનો પક્ષપાત પાપના સમૂહને દળી નાખે છે, સારા આશયને વધારે પ્રકટ કરે છે, સજ્જનપણાને જન્મ આપે છે, આબરૂને વધારે છે, ધર્મને એકઠો કરે છે અને તેમ (એવો પક્ષપાત) કરનારની મોક્ષમાં જવાની યોગ્યતા છે એમ

બતાવી આપે છે. ત્યાર પછી આપશ્રીએ કહ્યું કે કોઇ પણ રીતે તેને (મનીષીને) લોભમાં નાખીને કેટલોક વખત સંસારમાં રાખવો તે વાત મને યોગ્ય લાગતી નથી. એમ કરવાથી તેના ઉપર તમે વાસ્તવિક સ્નેહ બતાવતા નથી; પણ તેના દુશ્મનની ગરજ સારો છો; કારણ કે [1]આ સંસાર મહા ભયંકર જંગલ-વન જેવો છે; તેમાંથી કોઇ બહાર નીકળી જવાની ઇચ્છાથી આખા જગતનું હિત કરનાર જૈન મતમાં વિશેષ પ્રવૃત્તિ કરવા મનથી, વચનથી અને કાયાથી ઉદ્યમ કરતો હોય તો તેને જે પ્રાણી વધારે ઉત્સાહ આપે તેજ સ્નેહ સંબંધથી પ્રેરાયલ તેનો ખરેખરો બંધુ છે એમ સમજવું; અને ખોટા સ્નેહના મોહથી જે પ્રાણી એવી રીતે સંસારમાંથી નીકળી જવાની ઇચ્છા કરનારને વારે-અટકાવે તે ખરેખરી રીતે તેનું અહિત કરનારો હોવાથી પરમાર્થથી તે તેનો શત્રુ છે-દુશ્મન છે એમ સમજવું. એ મનીષી પોતાનું હિત કરવા તૈયાર થયો છે તેને તમારે વારવો નહિ, અટકાવવો નહિ. એ પ્રમાણે કરશો (એને નહિ અટકાવો) તો જ આપે ખરો સ્નેહ કર્યો ગણાશે. વળી એક બીજી પણ વાત આપને કહું: મનીષીને લોભાવવા માટે તમે [2]પાર્થિવ તો શું પણ કદાચ મોટા [3]દૈવી વિષયો લાવો અને તે સંબંધમાં હજારો પ્રયત્ન કરો તો પણ તેને ચળાવવો અશક્યજ છે. એનો હેતુ એ છે કે એ મહાત્મા મનીષીને વિષયો રૂપ વિષ (ઝેર)ના વિષમ (ભયંકર) વિપાકને સમજાવનાર ભગવાનના વચન ઉપર સારી રીતે નિર્ણિત થયેલ વિશિષ્ટ બોધ થઇ ગયેલો છે, તેના હૃદયસરોવરમાં સર્વ પ્રકારની પાપરૂપ કલુષતાને ધોઇ નાખનાર વિવેકરત્ન સ્ફુરાયમાન થયું છે, વસ્તુઓના યથાયોગ્ય સ્વરૂપને જણાવનાર સમ્યગ્દર્શન તેના મનમાં વધારે ઉલ્લાસ પામ્યું છે અને સર્વ દોષોથી મુકાવે તેવા ચરણ (ચારિત્ર) ધર્મને ગ્રહણ કરવાના પરિણામ તેને થઇ ગયા છે. ભગવાનની કૃપાથી જ્યારે પ્રાણીમાં એવા મહાકલ્યાણ કરનાર ગુણસમૂહો જાગ્રત થાય છે ત્યારે પછી તેનું ચિત્ત વિષયમાં રમણ કરતું જ નથી, આખો સંસારનો પ્રપંચ તદ્દન ત્યાગ કરવા યોગ્ય તેને લાગે છે, આખા જગતના

(margin note: સુબુદ્ધિનો જવાબ, દીક્ષાની મહત્તા.)

---

૧ દીક્ષા લેવા ઉધુક્ત થયેલાની સામે પડનારે આ વાત ખાસ વિચારવા યોગ્ય છે.

૨ પાર્થિવ: આ પૃથ્વી પરના-સાદા.

૩ દૈવી: દેવલોકના-અસાધારણ.

વિલાસો ઇંદ્રજાળ જેવા ખોટા અને ટુંકો વખત રહેનારા દેખાય છે અને ઇષ્ટ (વહાલાઓ)નો સંબંધ થોડીવાર રહેનારો હોવાથી સ્વપ્ન જેવો તેને લાગે છે. તેને મોક્ષ માર્ગ સાધવાની જે પ્રબળ બુદ્ધિ થઇ હોય છે તે બીજા કોઇના કહેવાથી પ્રલયકાળે પણ નાશ પામતી નથી એ આપે ચોક્કસ સમજવું. આ પ્રમાણે હકીકત હોવાથી મહારાજ! જો આપના કહેવાથી કદિ અમે એને સંસારમાં રહેવા માટે લલચાવવા પ્રયત્ન કરશું તો તેની પાસે અમે અમારા ઉપર મોહની કેટલી સત્તા ચાલે છે તેનો પ્રકટ પુરાવો રજુ કરશું, બાકી તમે તેમાં જે ધારણા રાખી છે તે કદિ પણ સિદ્ધ થવાની જરા પણ આશા નથી. માટે આવા ખોટા પ્રયત્નથી સર્યું!"

શત્રુમર્દન—"જો એમજ હોય તો પછી અત્યારે અવસરને યોગ્ય આપણે શું કરવું જોઇએ તે તું મને જણાવ."

સુબુદ્ધિ—"એને માટે દીક્ષા લેવાનો સારો દિવસ જોવરાવીને દિવસને લગતા દિવસોએ વધારે પ્રમોદ થાય એવા ધાર્મિક મહોત્સવ કરો અને એ સંબંધમાં બને તેટલો આદર બતાવો."

શત્રુમર્દન—"તે તો સર્વ તું સારી રીતે જાણે છે, માટે જેમ યોગ્ય લાગે તેમ કર."





પ્રકરણ ૧૭ મું.

નિષ્ક્રમણોત્સવ-દીક્ષા-દેશના.



સિદ્ધાર્થ નામના જોશીને શત્રુમર્દન રાજાએ બોલાવ્યો. તે આવી પહોંચતાં રાજાએ તેને આસન આપ્યું; યોગ્ય ક્રિયા ઉપચાર કરવામાં આવ્યા અને પછી તેને બોલાવવાનું પ્રયોજન કહી સંભળાવ્યું.

નિમિત્તિયાએ આપેલ મુહૂર્ત.

જોશીએ ત્યાર પછી ગણતરી કરીને કહ્યું કે 'આજથી નવમે દિવસે ચાલુ માસના ચાલુ પખવાડીઆની શુદ તેરશ ને શુક્રવારે ચંદ્રમાનો ઉત્તરાભાદ્રપદ નક્ષત્ર સાથે યોગ થાય છે તે વખતે મહાકલ્યાણ કરનાર શિવયોગ થાય છે અને તે દિવસે સૂર્ય ઉગ્યા પછી [1]સવા બે પહોર ગયે વૃષલગ્ન સાત ગ્રહો ઉચ્ચ સ્થાને આવેલા હોય તેવું એકાન્ત નિરવદ્ય થાય છે-તે વખત બહુ સારો છે, શુભ કાર્ય કરવાનો તે બહુ સુંદર સમય છે, માટે તે વખતે તેને ચારિત્ર ગ્રહણ કરાવવું. રાજાને અને મંત્રીને તે હકીકત ઘણી પસંદ આવી અને તે મુહૂર્ત તેઓએ સ્વીકાર્યું. ત્યાર પછી તે જોશીની યોગ્ય પૂજા કરી તેનો સત્કાર કરી તેને વિદાય કરવામાં આવ્યો અને તે દિવસ આનંદમાં પસાર થઇ ગયો.

અઠ્ઠાઇ મહોત્સવ.

બીજા દિવસથી માંડીને રાજાએ પ્રમોદશેખર ચૈત્યમાં તેમજ નગરમાં આવેલાં બીજા વિશાળ જૈન દેરાસરોમાં ઇંદ્રના મહોત્સવને પણ ભૂલાવી દે તેવો મોટો મહોત્સવ મંડાવ્યો, તેમજ જેને જે જોઇએ તે લ્યો લ્યો-એવી મોટી ઘોષણા પૂર્વક મોટાં મોટાં દાન આપવામાં

---

૧ સૂર્યોદયથી ૬ાા કલાક બાદ, બપોરે લગભગ પોણાવાગે.

આવ્યાં. એ મહોત્સવના આઠે દિવસ મનીષીને મોટા જયકરિ‌ન્ન નામના હાથી પર બેસાડી નગરના ત્રીક, [1]ચોક અને ચત્વરમાં ફેરવવામાં આવ્યો. તે વખતે રાજા પોતે તેની આગળ મંત્રી સામંતોસહિત પગે ચાલતો હતો; તેથી જાણે ઇંદ્રમહારાજે ઐરાવત હાથીપર આરૂઢ કરેલ હોય એવી મનીષીની શોભા લાગતી હતી અને તે વખતે દેવતાનો આકાર ધારણ કરનારા શહેરીઓ અનેક પ્રકારે તેની સ્તુતિ કરતા હતા. આવી રીતે મનીષીને આખા નગરમાં ફેરવીને શત્રુમર્દન રાજાએ અપ્રતીમ વિલાસોનો તેને અનુભવ કરાવ્યો.

એ પ્રમાણે મહોત્સવ ચાલતાં આઠમો દિવસ આવી પહોંચ્યો. રાજસભામાં જૂદા જૂદા સર્વે માણસોને સન્માન આપતાં પ્રથમના બે પહોર પસાર થયાં. સૂર્યની ચા જાણે મનીષીનું ચરિત્રજ સૂચવતી હોય નહિ તેમ વખતે સમય જણાવનાર (ઘંટ વગાડનાર પહોરેગી દરવાને જણાવ્યું "લોકોમાં અંધકાર દૂર કરીને અને બુદ્ધિમા "પ્રાણીઓને આનંદ ઉપજાવીને આ સૂર્ય હવે સર્વને મસ્તકે આવ્ "છે તે એમ સ્પષ્ટપણે જણાવે છે કે જેમ વધતા વધતા [2]પ્રતાપથ "(વધારે તાપથી) હું સર્વની ઉપર આવી રહ્યો છું તેવી રીતે પોતાન "ગુણથી સર્વ પ્રાણીઓ લોકોની ઉપર આવી શકે છે-સર્વની ઉપ "પોતાનું આધિપત્ય સ્થાપન કરે છે."

ગુણપ્રતાપ.

નિષ્ક્રમણ મહોત્સવ.

સમય જણાવનારના આવા શબ્દો સાંભળી શત્રુમર્દન રાજાએ સુબુદ્ધિ મંત્રી વિગેરેને ઉદ્દેશીને કહ્યું, "અહો! મૂહુર્તનો વખત હવે નજીક પહોંચ્યો છે તેથી હવે આચાર્ય મહારાજ પાસે જવાની સર્વ સામગ્રી એકદમ તૈયાર કરો!" સુબુદ્ધિ મંત્રીએ કહ્યું "મહારાજ! જાણે મનીષીની પુણ્યપરિપાટિ હોય તેમ આપની સર્વ સામગ્રી તૈયાર જ છે. સોના જેવા ઉજ્જવળ રથો જેને ઘોડા જોડવામાં આવ્યાં છે તે ઘણઘણ અવાજ કરતા તૈયાર થઇને ચાલવા મંડી ગયા છે. એની

સુબુદ્ધિની બાહ્ય સામગ્રીની યોજના

૧ ત્રીક, ચત્વર, ચોકઃ ત્રણ રસ્તા મળે તેને ત્રીક અને ચાર એકઠાં મળે તેને ચત્વર કહે છે અને ઘણી જગાઓ હોય તેને ચોક કહે છે.

૨ પ્રતાપ બે છેઃ (૧) સૂર્ય સંબંધી ઉગ્ર તાપ અને (૨) મનીષી સંબંધી તેજ-કાંતિ.

પછવાડે રાજપુરૂષોથી બીરાજમાન સંખ્યાતીત હાથીઓ જાણે રાજદ્વાર પાસે આવીને ઘન ગર્જારવ કરતો હોય તેમ ગર્જારવ કરતા ઉભી રહ્યા છે. તેની પછવાડે જેના ઉપર સુંદર અસ્વારો બેસી ગયા છે અને જેઓના મોઢાં કાંઇક ચાલતા જણાય છે તેવા ગરેડવાળી ડોકવાળા સેંકડો ઘોડાઓ આકાશને જાણે પી જતાં હોય તેવો દેખાવ આપતા હેષારવ કરી રહ્યા છે. ત્યાર પછી આજના બનાવ સંબંધી હકીકત જાણી લઇને મદમસ્ત પાયદળ લશ્કર સુંદર વેશ પહેરીને આવેલું ચાલી રહ્યું છે તે જાણે ક્ષીરસમુદ્રનું જળ હોય તેના જેવું શોભે છે. સુંદર રત્નનાં આભૂષણો ધારણ કરીને તેમજ સુંદર દ્રવ્ય સમૂહ સાથે લઇ સુંદર લોચનવાળા સ્ત્રીપુરૂષોનાં ટોળાં ચાલી નીકળ્યાં છે. મહાત્મા મનીષીના મોટા પુણ્યથી ખેંચાઇને અનેક દેવતાઓ આકાશમાર્ગમાં આવી આકાશને શોભાવી રહ્યા છે, તે ઉંચે નજર કરવાથી જણાઇ આવે તેમ છે. આ બાજુએ નગરના લોકો કૌતુકથી અહીં મોટી સંખ્યામાં આવી પહોંચ્યા છે અને હર્ષના તરંગમાં એવા આવી ગયા છે કે જાણે સમુદ્રમાં મોટો ક્ષોભ થયો હોય તેવો દેખાવ તેઓ બતાવતા જણાય છે. અથવા તો મારી પાસેથી હકીકત સાંભળીને અને મનીષીના ગુણથી રીઝી જઇને તેમજ આપનો અભિપ્રાય જાણી જઇને પછી કોણ માણસ વાંકો રહે? આવી બાબતમાં તો સર્વેને હોંસથી ભાગ લેવાનું મન થાયજ, એમાં કાંઇ શક જેવું નથી. માટે હવે આપ સાહેબે પણ ઉઠવું જોઇએ."

નિજ વિલસિત ઉદ્યાનને માર્ગે.

સુબુદ્ધિ મંત્રીનાં આવાં વચન સાંભળી રાજા તેમજ મનીષી બન્ને ઉભા થયા અને દરવાજા પાસે આવી પહોંચ્યા. એક મુખ્ય રથ જેમાં ઘુઘરીઓના જાળ ચોતરફ વિસ્તારવામાં આવ્યાં હતાં તેની ઉપર મનીષી બેઠા. એવી રીતે સુંદર સુખરૂપ આસન ઉપર મનીષી કુમાર બીરાજમાન [1]થયા ત્યારે તેના માથા ઉપર પહેરાવેલાં મુકુટનાં કિરણોથી તેના મસ્તકનો ભાગ જરા લાલરંગવાળો જણાતો હતો, તેના કાનમાં પહેરેલાં કુંડળો ઉંચાં નીચાં થઇ રહ્યાં હતાં, તેની છાતી ઉપર ઘણાં મોટા ઉત્તમ મોતીઓની માળા શોભી રહી હતી, તેના હાથમાં કડાં અને બાજુબંધો સુંદર કાંતિને ધારણ કરી રહ્યાં હતાં, અતિ સુ-

૧ મૂળ ગ્રંથમાં આ વાક્ય ઘણું મોટું છે. તદ્દન વિચિત્ર રચના અને અદ્ભુત કાવ્ય ચાતુર્ય દર્શાવનાર વાક્ય છે. ઘણો વિચાર અભ્યાસ અને તપાસ કરી તેનું અવતરણ કર્યું છે. એનાપર વિશેષ પ્રકાશ પડશે તો ફેરફાર કરવામાં (પછીની આવૃત્તિમાં) આવશે. મો. ગિ. કા.

ગંધી તાંબુલ (પાન) અને અંગ વિલેપનથી તેની બાહ્ય ઇંદ્રિયોને પ્રસન્ન કરવામાં આવી હતી, તેના શરીરપર તદ્દન સ્વચ્છ અને મહા મુલ્યવાળાં વસ્ત્રો શોભી રહ્યાં હતાં, તેના શરીરપર ઊંચી નીચી થતી જૂદા જૂદા પ્રકારની ફુલોની માળા શોભી રહી હતી, દરેક પ્રેમી માણસના મનોરથને પૂરે તેવા પ્રકારનું તેનું રૂપ થયું હતું, મહારાજા શત્રુમર્દન તેના રથના સારથી થઇને રથને ચલાવી રહ્યા હતા, તેના માથા ઉપર તેના યશ જેવું શ્વેત છત્ર ધારણ કરવામાં આવ્યું હતું, સુંદર સ્ત્રીઓના હાથમાં ધારણ કરેલા ચંદ્રની નિર્મળ કૌમુદીનાં કિરણો જેવા તદ્દન સફેત ચામરો તેની બાજુમાં વીંઝાતા હતા, બંદીજનો મોટા સ્વરથી સ્તુતિ કરતા સાથે ચાલતા હતા, બીજી બાજુએ જરા દૂર આનંદ-રસથી ભરપૂર વિલાસ કરનારી નાયિકાઓ નૃત્ય કરતી સાથે ચાલતી હતી; સુંદર વાજિત્રોમાંથી નીકળતો મધુર સ્વર ચોતરફ ફેલાઇ સર્વ દિશાઓને બહેરી કરી મૂકતો હતો, કિન્નર (ગાયન કરનાર)નો મોટો સમૂહ ગાન કરતો સાથે ચાલતો હતો, તેની સાથે દેવતાઓ હર્ષા-તિરેકથી સિંહનાદ જેવા મોટા શબ્દો કરતા આકાશમાં ચાલતા હતા, નગરના અનેક લોકો વખાણ કરતા સાથે ચાલતા હતા, નગરવાસી સ્ત્રીઓ પોતાનાં મુખ બારીમાંથી બહાર કાઢીને તેની સામું જોઇ રહી હતી, કેટલીક તો તેને દેવકુમાર ધારીને કૌતુકથી તેની સામુંજ જોઇ રહી હતી અને તેને નીરખીનીરખીને જોવામાં પોતાની જાતને ભાગ્યશાળી માનતી હતી, કેટલીક એ પોતાની સામી નજર કરેછે તેવા ખ્યાલથી હર્ષમાં આવી ગઇ હતી, તે સ્ત્રીઓએ અનુપમ શૃંગાર ધારણ કર્યો હતો, તેઓ મદનના રસથી હૃદયને વશ કરે તેવી સુંદર હતી, નાના પ્રકારના વિલાસ કરવામાં કુશળ હતી અને એ જરૂર પોતાની તરફ છુપી રીતે પણ પોતાની મેળે જોશે એવો પોતાના રૂપનો ગર્વ ધરનારી છતાં એક બીજાતરફ રૂપના સંબંધમાં ઘણી ઇર્ષ્યા રાખ-નારી હતી અને પોતાના વડીલો પોતાને એવી રીતે બારીએથી જોતાં જોઇ જશે તે વિચારથી જરા શરમાઇ જતી દેખાતી હતી અને આવો રૂપસૌંદર્યવાળો મનુષ્ય સંસાર છોડી જશે એ વિચારથી દિલગીર થતી હતી અને જે સંસારમાંથી આના જેવો રૂપાળો પુરૂષ ચાલ્યો જાય છે તેવા સંસારનું કામ પણ શું છે એવા વૈરાગ્યના રસમાં આવી ગયેલી નગરવાસી સ્ત્રીઓ પોતાના હૃદયમાં રહેલા અનેક પ્રકારના રસોને અને ભાવોને બતાવતી બારીમાંથી તેને અભિનંદન દેતી હતી, આકાશમાં તેની સાથે દેવસુંદરીઓ અને અપ્સરાઓ ચાલતી હતી, તેની પછવાડેના બીજા રથમાં બેસીને તેના જેવાજ રૂપવાળો અને જાણે

પ્રમોદ શિખરને પગથિયે.

તેની છબી જ હોય તેવો મધ્યમબુદ્ધિ તેને અનુસરતો હતો. તેની સાથે અનેક રથ હાથીઓ અને ઘોડાના સમૂહો અત્યંત આનંદસાથે ઘણા હર્ષથી ચાલતા હતા. એવી રીતે ચાલતાં અનુક્રમે મનીષી નિજવિલસિત ઉદ્યાનમાં આવી પહોંચ્યો. રથમાંથી જેવો તે નીચે ઉતર્યો કે તુરત જ રાજપરિવાર તેની આજુ બાજુ વીંટવાઈ વળ્યો. ત્યાર પછી તે થોડો વખત [1]પ્રમોદશેખર ચૈત્યના દરવાજા પાસે ઊભો રહ્યો.

ઉદાત્ત અનુકરણ.
રાજાની દીક્ષેચ્છા.
સંબંધીઓના જવાબ.

મનીષી રથમાં બેઠો ત્યારથી માંડીને તેનામાં કેટલું આત્મબળ છે તેની પરીક્ષા કરવા સારૂ શત્રુમર્દન રાજા વધારે વધારે તેના સ્વરૂપનું લક્ષ્યપૂર્વક અવલોકન કરવા લાગ્યા હતા અને તેની હીલચાલપર ખાસ ધ્યાન આપતા હતા. રાજાએ જોયું કે ઘણા હર્ષમાં આવી જવાનાં કારણો મોજુદ હતાં છતાં અત્યંત વિશુદ્ધ અધ્યવસાયોથી મનીષીના મનનો મેલ ધોવાઇ ગયેલ હોવાને લીધે

રાજાનું અવલોકન. દીક્ષાના પરિણામ.

તેના મનમાં જરા પણ વિકાર જણાતો નહોતો એટલું જ નહિ પણ સંસારના ચિત્રવિચિત્ર વિલાસોના દર્શનથી જેમ [2]ક્ષાર માટી અને અગ્નિના પુટથી રત્ન (હીરા) વધારે નિર્મળ થાય તેમ તેનું ચિત્તરત્ન વધારે વધારે નિર્મળ[3] થતું હતું. રાજાએ વધારે બારીકીથી અવલોકન કરીને જોયું તો જણાયું કે જ્યારે સૂર્યનો ઉદય થાય ત્યારે જેમ તેનાં કિરણોનાં તેજથી તારાઓનો સમૂહ પ્રકાશતો નથી તેમ મનીષીના (આત્મિક) તેજ પાસે પોતાનું આખું રાજ્યમંડળ જરા પણ પ્રકાશ કરી શકતું નથી. આવી રીતે તેના ગુણનું બહુમાન કરતાં કરતાં રાજા તેમાં એટલો બધો લીન થઇ ગયો કે તેને પરિણામે સંસારમાં બંધન કરાવનાર

---

૧ નિજવિલાસમાં-આત્મરમણતા કરતી વખતે પ્રમોદ થાય છે તે પર આ આખું રૂપક છે.

૨ હીરા-રત્નને માટી અને ક્ષારથી અથવા દવામાં નાંખી ગરમ કરીને મેલ વગરના કરી શકાય છે તેમ સંસારના વિચિત્ર વિલાસોના દર્શન રૂપ ક્ષાર-માટી વિગેરેથી તેનું મન નિર્મળ થયું હતું.

૩ નિર્મળ: મેલ વગરનું. 'મેલ' રહેલ છે: (૧) હીરારત્ન પક્ષે-કચરો; (૨) મનીષી પક્ષે-પાપ.

કર્મનું જાળું હતું તે તુટી ગયું અને તેને પોતાને પણ ચારિત્ર (દીક્ષા) લેવાની ઇચ્છા ઉત્પન્ન થઇ. એ ઉત્તમ ઇચ્છા ઉદ્યાનમાં આવતાં તુરતજ તેણે સુબુદ્ધિ મંત્રીશ્વરને, મધ્યમબુદ્ધિને, રાણી મદનકંદળીને અને સર્વ સામંતોને કહી સંભળાવી. મહાત્મા પુરૂષોનાં પડખાં સેવવાનો અચિંત્ય પ્રભાવ હોવાને લીધે, કર્મનો ક્ષયોપશમ વિચિત્ર રીતે કામ કરતો હોવાને લીધે અને સર્વ મનીષીના અકૃત્રિમ ગુણો તરફ રંજિત થઇ ગયેલા હોવાને લીધે તે સર્વનું આત્મવીર્ય પણ ઉછળ્યું તેથી તેઓએ રાજાનો અભિપ્રાય જાણીને જવાબમાં કહ્યું કે "સાહેબ! આપે બહુ સારી વાત કરી, તમારા જેવાએ તેમ જ કરવું યોગ્ય છે કારણ કે વિવેકી પ્રાણીઓને સંસારમાં બીજું કાંઇ પણ શ્રેષ્ઠ જણાતું જ નથી. પ્રભુ! આ સંસારમાં જો કોઇ પણ વસ્તુ રમણીક હોય, વખાણ કરવા યોગ્ય હોય, સાર ભૂત હોય, ગ્રહણ કરવા યોગ્ય હોય કે સુંદર હોય તો તત્ત્વજ્ઞાનનું સ્વરૂપ બરાબર સમજનારા વિશાળ બુદ્ધિવાળા મહા પુરૂષો કે જે આપ જેવાને પણ પૂજ્ય છે તેઓ સંસારનો શામાટે ત્યાગ કરે?! આવા મોટા બુદ્ધિશાળી પુરૂષો કેદખાના જેવા સંસારનો ત્યાગ કરતા જણાયા છે તેથી એમ સહજ જણાઇ આવે છે કે આ સંસારમાં સાર જેવું કાંઇ પણ નથી. આવો સંસાર જે અનેક પ્રકારના મોટા ભયોને વારંવાર ઉત્પન્ન કર્યા કરે છે તેનો જ્યારે મનીષી પણ ત્યાગ કરે છે ત્યારે જાણી, વિચારી, સમજીને ડાહ્યા માણસોએ તેમાં પડી રહેવું યોગ્ય નથી. અમે સર્વેએ મનીષીનું ચિત્ત બરાબર અભ્યાસ કરીને હમણા હમણા જોયું છે તેથી હવે અમારૂં મન પણ સંસાર તરફ રમણ કરતું નથી. જેવી રીતે તેના પ્રભાવથી દીક્ષા લેવાના વિચારો કરવા અમે હોંસવાળા થયા છીએ તેવીજ રીતે તેના વડેજ અમે સર્વ કાર્ય સંપાદન કરશું અને તેના વડેજ પરિપૂર્ણતા પામશું એમ અમને લાગે છે. તેથી ભગવાન્ શ્રી જિનેશ્વર દેવના મતની અત્યંત નિર્મળ અને સંસારને કાપી નાખનાર દીક્ષા અમે પણ લેવા ઇચ્છીએ છીએ તેથી તેને માટે આપશ્રી અમને રજા આપો."

નિશ્ચય અને પ્રસંગાનુરૂપ સંભાષણ.

શત્રુમર્દન રાજા—"ધન્ય છે તમારા વિવેકને! અને ધન્ય છે તમારા ગંભીર ચિત્તને! તમારૂં વચન ચાતુર્ય તેમજ આત્મબળ ખરેખર વખાણને પાત્ર છે. તમે બહુ સારો વિચાર કર્યો છે અને અમને આવાં વચન બોલી આદરેલો ઉત્સાહ આપ્યો તે પણ બહુ સારૂં કર્યું છે.

સર્વે સામાન્ય ધન્ય વાદ.

તમે આમ એક ક્ષણવારમાં સંસારપીંજરાને કાપી નાખ્યું તે બહુ ઉત્તમ કર્યું છે."

સુબુદ્ધિને

એવી રીતે સર્વને સામાન્ય રીતે ઉદ્દેશીને ધન્યવાદ આપ્યા પછી શત્રુમર્દન રાજાએ વધારે હરખમાં આવી એક એકને ઉદ્દેશીને કહેવા માંડ્યું. પ્રથમ સુબુદ્ધિ મંત્રીને ઉદ્દેશીને કહ્યું, "અહો મારા મિત્ર! તને તો સંસારનો સ્વભાવ સારી રીતે જણાયલો હતો અને આટલો વખત તું સંસારમાં માત્ર મારી રાહ જોઇને જ રહ્યો હતો; તારે સંસારમાં પડ્યા રહેવાનું બીજું કારણ પણ શું હોઇ શકે? કેમકે એક પ્રાણીને રાજ્યનો લાભ મળવાનો સંભવ હોય તો તે કદિ ચંડાળપણું સ્વીકારે ખરો? ખરેખર, મિત્ર તેં બહુ સારૂં કર્યું છે, મારા ઉપર મોટી કૃપા કરી છે અને આ પ્રમાણે અત્યાર સુધી આચરણ કરીને અને હવે મારી સાથે દીક્ષા લેવાનો નિશ્ચય બતાવીને આપણી મૈત્રી સાચી હતી એમ બરાબર બતાવી આપ્યું છે."

મધ્યમબુદ્ધિને.

મધ્યમબુદ્ધિ તરફ નજર કરીને શત્રુમર્દન રાજાએ પોતાનું સંભાષણ આગળ ચલાવ્યું, "તારે તો પ્રથમથી જ મનીષી સાથે સોબત હોવાથી તું તો ખરેખરો ભાગ્યશાળી છે! જે પ્રાણીને કલ્પવૃક્ષની પ્રાપ્તિ થાય તેને પછી કોઇ જાતનું દુઃખ ખરેખર રહેતું જ નથી, હાલમાં વળી એના ચારિત્ર લેવાના વિષય ઉપર વધારે ધ્યાન આપવાથી તેને અનુસરવાનો વિચાર કરીને તું પણ તારા ભાઇ જેવો છે એમ તેં બતાવી આપ્યું છે તે ઘણું સારૂં કર્યું છે. આપણા વૃદ્ધો કહે છે કે 'સૌ સારૂં જેનું છેવટ સારૂં' એ કહેવત તને બરાબર લાગુ પડે છે."

મદનકંદળીને.

ત્યાર પછી રાણી મદનકંદળીને ઉદ્દેશીને રાજાએ કહેવા માંડ્યું "રાણી! સુવર્ણ અને પદ્મકમળ જેવું તમારૂં ચિત્ત ખરેખર અતિ સુંદર અને નાજુક છે. તેવા મનને લઇને જ તમે આ વાતનો સ્વીકાર કર્યો છે. લોકોમાં તમને મારી વહેવારૂ રીતે ધર્મપત્ની (સ્ત્રી) કહેવામાં આવતા હતા તે વાત ધર્મની બાબતમાં પણ મારી સાથે જોડાવાનો વિચાર કરીને ખરેખરૂં કર્તવ્ય કરી બતાવીને આજે તમે સત્ય કરી આપી છે. તેટલા માટે દેવી! તમે ઘણો સારો નિર્ણય કર્યો છે. સંસારકારાગ્રહમાં સપડાઇ ગયેલા જીવોને માટે એનાથી વધારે સારૂં બીજું કોઇ પણ કાર્ય નથી."

સર્વસામાન્યપ્રત્યે.

તે વખતે પોતાના સામન્તોમાંથી અને નગરવાસી વિગેરેમાંથી પણ જે જે દીક્ષા લેવા માટે ભાવથી તૈયાર થઇ ગયા હતા તે પ્રત્યેકને મધુર વાક્યથી રાજાએ સંતોષ આપવા અને ઉત્સાહ દેવા માંડ્યો. રાજા બોલ્યા “અહો! તમે જેઓ પરમાત્માના મતની દીક્ષા લેવા તૈયાર થયા છે તે સર્વે ખરેખરા ભાગ્યશાળીછો, મહાત્મા છો, ઉત્તમ મનુષ્યો છો અને કૃતકૃત્ય છો! (તમારૂં કાર્ય જરૂર સારૂં થવાનું છે એવા છો). તમે સર્વ બહુ સારૂં કરો છો, તમારા જેવાએ એમ કરવું તે તદ્દન યોગ્ય છે, તમે આ લોકમાં મારા ખરેખરા[1] ભાઇઓ છો.”

સુલોચનને રાજ્ય-સર્વની દીક્ષા.

તે વખતે પોતાના સુલોચન કુમારને પોતાનાં સર્વ રાજ્યચિહ્નો (દંડ, છત્ર, છડિ વિગેરે) સોંપી દઇને તેને રાજ્યગાદી ઉપર સ્થાપન કરવામાં આવ્યો, રાજ્યચિહ્નો સોંપવા એનેજ ગાદી સોંપ્યા બરાબર ગણવામાં આવ્યું અને તે સિવાય બીજાં પોતાને કરવાનાં કામો હતા તે સર્વ તુરતમાં આટોપી લઇને રાજા જિનમંદિરમાં આવ્યા. પછી બાકીનાં બીજાં સર્વ કાર્યો કરીને અને જગદ્‌ગુરૂ શ્રીજિનેશ્વર દેવની પૂજા કરીને સર્વેએ ગુરૂમહારાજ પાસે આવી પોતાના વિચાર ગુરૂ મહારાજશ્રી પ્રબોધનરતિ આચાર્યને જણાવ્યા. ગુરૂમહારાજે બહુ મધુર શબ્દોમાં મીઠાશથી કહ્યું કે “આ બાબતમાં હવે જરા પણ વિલંબ કરી સંસારમાં રહેવું ઠીક નથી.” પછી કેટલાક સુંદર શબ્દોવડે સર્વે ધન્યવાદ આપ્યો અને જેમનાં પાપો ધોવાઇ ગયેલાં હતાં એવા ગુરૂ મહારાજે જૈન આગમમાં બતાવેલી વિધિ પ્રમાણે સર્વને તુરતજ દીક્ષા આપી. તે વખતે સર્વનો વૈરાગ્ય વધારવા માટે અને તે પ્રમાણે કરવું [2]શાસ્ત્રાનુસાર હોવાથી આચાર્ય મહારાજે ટુંકી દેશના આપી.

આચાર્ય મહારાજની દેશના.

“આદિ અને અંત વગરનો આ સંસાર જેમાં જન્મમરણ વારં
“વાર થતાં હોવાથી જે ઘણો ભયંકર લાગે છે તેમાં તીર્થંકર મહા
“રાજના મતની દીક્ષા લેવી તે પ્રાણીને માટે ઘણું મુશ્કેલ છે. એ

---

૧ નિર્મિથ્યાઃ શબ્દ અત્ર મૂળમાં છે. જેનામાંથી મિથ્યાત્વનો ભાવ નાશ પામી ગયો છે તેવા.

૨ તે પ્રમાણે કરવાનો 'કલ્પ' હોવાથી. વૈરાગ્યમાં સ્થિર કરવા એ ગુરૂમહારાજની ફરજ છે.

"દીક્ષા અત્યંત નિર્મળ છે અને સર્વ સાવદ્ય (પાપ બંધાવનાર) મન
"વચન કાયાના યોગોપર અંકુશ આણનાર છે. એ અત્યંત દુર્લભ
"દીક્ષા જ્યાં સુધી પ્રાણીને ઉદયમાં આવતી નથી, જ્યાં સુધી પ્રાણી
"તેનો લાભ મેળવી શકતો નથી, ત્યાં સુધી તેને અનેક પ્રકારનાં પા-
"રાવાર દુઃખો થાય છે, ત્યાં સુધી રાગ દ્વેષ અને તેનાં ભયંકર પરિ-
"ણામો તેનાપર પોતાની અસર બતાવ્યાં કરે છે, ત્યાંસુધી કર્મો
"પોતાનો પ્રભાવ તેનાપર સ્પષ્ટ પણે દાખવ્યા કરે છે, ત્યાં સુધી
"જન્મ મરણના ફેરા થયા કરે છે, ત્યાં સુધી અનેક પ્રકારની આપ-
"ત્તિઓ આવ્યા કરે છે, ત્યાંસુધી અનેક પ્રકારની પીડાઓ અને
"ઉપાધિઓ થયા કરે છે, ત્યાં સુધી પ્રાણી બીજા માણસો પાસે ગરીબ
"રાંક-બાપડો-બીચારો થઇને બોલે છે, ત્યાં સુધી દુર્ગતિમાં જઇ
"અનેક દુઃખો સહન કરવાનો સંભવ રહે છે, ત્યાં સુધી અનેક પ્રકા-
"રના રોગો થાય છે અને ત્યાં સુધી અનેક પ્રકારના ક્લેશોથી ભરપૂર
"ભયંકર સંસાર સમુદ્રને અવકાશ મળ્યા કરે છે. જ્યારે કર્મ માર્ગ
"આપે અને લોકનાથ શ્રી ભગવાન દેવની કૃપા થાય ત્યારે તિર્થંકર
"મહારાજ શ્રી જિનેશ્વર દેવની બતાવેલી દીક્ષા પ્રાણીને પ્રાપ્ત થાય છે
"અને પછી પ્રાણીનાં સર્વે પાપો ધોવાઇ જતાં જાય છે. તેથી
"પ્રાણી છેવટે જ્યાં સર્વે પ્રકારનાં આનંદ નિરંતર વર્તી રહેલ છે અને
"દુનિયાંના સર્વે ક્લેશોની જ્યાં ગંધપણ નથી એવી ઉત્તમોત્તમ
"ગતિએ પહોંચી જાય છે અને ત્યાર પછી મેં જે ભયંકર ઉપદ્રવોનું
"અગાઉ વર્ણન કર્યું તેવી સંસાર સંબંધી સર્વે ઉપાધિઓ તેનાથી દૂર
"ચાલી જાય છે. આ સંસારમાં રહીને જે પ્રાણીઓ દીક્ષા ગ્રહણ
"કરે છે તેઓ ખરેખર અમૃતરસનું પાન કરે છે, તેઓને આ ભવમાં
"પણ કોઇ પ્રકારની અડચણ થતી નથી અને તેઓ સુખથી ભરપૂર
"રહે છે. ભગવાન શ્રી જિનેશ્વર દેવના મતની આવી દીક્ષા આજે
"તમને પ્રાપ્ત થઇ છે, તમે તે રાજીખુશીથી સ્વીકારી છે અને તેમ
"કરીને આ ભવસમુદ્રમાં પ્રાણીએ જે ખાસ પ્રાપ્ત કરવા યોગ્ય છે
"તે તમે પ્રાપ્ત કર્યું છે. મારે તમને ખાસ ભલામણ કરીને કહેવાનું
"એ જ છે કે હવે તમારે સર્વે પ્રમાદને છોડી દઇને એ દીક્ષા પાળવા
"માટે અને આત્માની પ્રગતિ કરવા માટે વારંવાર આખી જીંદગી
"સુધી પ્રયત્ન કર્યા કરવો, કારણ કે દીક્ષા લીધી હોય છતાં પણ કમ
"ભાગ્યવાળા અધમ પુરૂષો પ્રમાદ વશ થવાથી તેનો પાર પામી
"શકતા નથી. જે પ્રાણીઓ મનુષ્યોમાં ઉત્તમ હોય છે તેજ તેનો
"પાર પામે છે."

ગુરૂ મહારાજની આ પ્રમાણેની દેશના સાંભળ્યા પછી સર્વેએ એક સાથે ગુરૂમહારાજને કહ્યું "સાહેબ! આપ અમને આજ્ઞા આપો, આપનો હુકમ[1] ઉઠાવવા અમે તૈયાર છીએ."

રાજર્ષિ શત્રુમર્દનનું શંકા સમાધાન.
શુભસુંદરી અને અકુશળમાળાના પુત્રો.
સામાન્યરૂપાના વિચિત્ર બાળકોની મોટી સંખ્યા.
કર્મવિલાસના સર્વ પુત્રો અને તેના ત્રણ પ્રકાર.
સામાન્ય કર્તવ્ય પ્રેરણા અને યોગ્ય સ્પષ્ટીકરણ.

તે વખતે પોતાના મુખ ઉપર મુહુપત્તિ[2] રાખીને અત્યંત આનંદમાં આવી શત્રુમર્દન સાધુએ આચાર્ય મહારાજને સવાલ કર્યો "હે પ્રભુ! મનીષીનું ચિત્ત ઘણું વિશાળ, મેલ વગરનું, ધીર, ગંભીર, ઉદાર, દયા-તત્પર, ચિંતા વગરનું, દ્વેષના સંબંધ વગરનું, અચંચળ, જગતને આનંદ આપનાર અને ટુંકામાં કહીએ તો વાણીથી જેનું વર્ણન ન કરી શકાય તેવું છે. તો તેનું ચિત્ત શું બીજા કોઇનું હોય ખરૂં? અહો! એનું એવું સુંદર ચિત્ત જોઇને અને તેનું વર્તન વિલોકીને અમારાં સર્વ સાંસારિક બંધનો શિથિળ થઇ ગયાં અને આ ભયંકર સંસારકારાગ્રહમાંથી સર્વ મુક્ત થઇ ગયા! પ્રભુ! એવું ચિત્ત કોઇનું હોય ખરૂં કે નહિ તે અમને સમજાવો."

ગુરૂમહારાજ બોલ્યા "એ મનીષીની માતા શુભસુંદરીનું નામ તો તમે અગાઉ સાંભળ્યું છે. એ શુભસુંદરીના જેટલાં છોકરાં છે તે સર્વેનું એવાજ પ્રકારનું નિર્મળ મન હોય છે."

રાજા પોતે તો હવે તેનું તત્ત્વ કાંઇક કાંઇક સમજી ગયો હતો તો પણ ભોળા લોકોને બોધ થવા માટે મસ્તક નમાવીને શત્રુમર્દ

---

૧ દીક્ષા લીધા પછી કોઇ પણ કાર્ય પોતાની મરજીથી કરાતું નથી, ગુરુમહારાજની પ્રત્યેક કાર્ય માટે અને સામાન્ય ચાલુ બાબત માટે પણ આજ્ઞા લેવી પડે છે. એ સંપ્રદાય અનુસાર इच्छामो अणुसट्ठिं એટલે 'આપ આજ્ઞા કરો' 'હું આપનાથી અનુશાસન કરાવવા ઇચ્છું છું' એમ કહી શિષ્ય દરરોજ આદેશો માગે છે. નિયંત્રણા માટે આ રિવાજ બહુ ઉપયોગી છે.

૨ મુખવસ્ત્રિકાઃ મુખની પાસે હાથમાં નાનું વસ્ત્ર જીવદયા વિગેરે અને વિવાજ હેતુથી રાખવામાં આવે છે તેને 'મુહુપત્તિ' કહેવામાં આવે છે. વધારે અપભ્રંશ થતાં તેને 'મોમતી' પણ કહેવામાં આવે છે. તેનું પ્રમાણ ૧૬ આંગળનું ચોરસ હોય છે. તેને ઘડ વાળીને રાખવામાં આવે છે.

શુભસુંદરીનાપુત્રો. સાધુએ ફરીને સવાલ કર્યો "ત્યારે શું મહારાજ એ શુભસુંદરીને વળી ઘણાંએ છોકરાઓ છે? અમે તો એના આ એક જ છોકરાને (મનીષીને) ઓળખીએ છીએ અને તે તેને એકનો એક જ છોકરો છે એમ જાણીએ છીએ."

ગુરૂમહારાજ તેના જવાબમાં કહેવા લાગ્યા "એ શુભસુંદરીને તો ઘણાંએ છોકરાં છે. આ ત્રિભુવનમાં જે જે પ્રાણીઓ મનીષી જેવાં દેખાય છે તે સર્વ શુભસુંદરીનાં છોકરાંઓ છે એમાં જરાપણ શંકા જેવું નથી. આ દુનિયાંમાં જે પ્રાણીઓ ઉત્તમ છે-જેઓ મહા સત્ત્વવાળા પ્રાણીઓને માર્ગે ચાલનારાં છે, તેઓ-મનીષી જેવાં શુભ-સુંદરીનાં જ બચ્ચાંઓ છે એમ જાણવું."

શત્રુમર્દન રાજર્ષિ—"ત્યારે મહારાજ! આપે પેલા બાળની માતા અકુશળમાળાનું વર્ણન કર્યું તેને પણ બાળ સિવાય બીજા પુત્રો હશે?"

અકુશળમાળાના પુત્રો. ગુરૂમહારાજ—"હા, તેને પણ ઘણાં છોકરાં છે. આ ત્રિભુવનમાં અધમ ક્લિષ્ટ હલકા સ્વભાવના મનુષ્યો જે જે જણાય તે તે સર્વે અકુશળમાળાનાં છોકરાઓ છે એમ સમજવું. એ બાબત પણ શંકા વગરની છે. બાળના જેવું અધમ આચરણ કરે તેટલા ઉપરથી તેમને ઓળખી લેવાં કે તેઓ અકુશળમાળાનાં દીકરાઓ છે."

શત્રુમર્દન રાજર્ષિ—"સામાન્યરૂપાને પણ મધ્યમબુદ્ધિ જેવાં બીજાં છોકરાંઓ હશે?

સામાન્યરૂપાના પુત્રો. ગુરૂમહારાજ—"અરે, એ સામાન્યરૂપાને તો ઘણાંજ છોકરાઓ છે. આ દુનિયામાં કેટલાંક મનીષી જેવા અત્યુત્તમ ચરિત્રવાળાં હોય છે અને કેટલાંક બાળ જેવાં અત્યંત અધમ ચરિત્રવાળાં હોય છે, તે સિવાયના બીજાં બધાં પ્રાણીઓ એ મધ્યમબુદ્ધિનાજ ભાઇઓ છે એમ સમજવું. જેઓ મધ્યમબુદ્ધિ જેવાં હોઇ વિચિત્ર પ્રકારના આ ચારિત્રને અમલમાં મૂકનારાં હોય છે તેવાં આ ત્રિભુવનમાં રહેલાં પ્રાણીઓ સામાન્યરૂપાનાં બાળકો છે એમ સમજવું. મનીષી અને બાળ જેવાં જીવોની સાથે સરખાવતાં જો આવાં મધ્યમબુદ્ધિ જેવાં જીવોની ગણતરી કરવામાં આવી હોય તો તે અનંતગણી વધારે થાય તેમ છે; તેથી મેં તમને ઉપર જણાવ્યું કે એ સામાન્યરૂપાને તો ઘણાંજ છોકરાંઓ છે."

શત્રુમર્દન રાજર્ષિ—"જ્યારે એમ છે તો ભગવન! મારા મનમાં એક વિચાર સ્ફુરે છે. આપ કહો છો તે વાતનો સાર તો એ થયો કે કર્મવિલાસ રાજાએ ત્રણ સ્ત્રીઓથી જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ એમ ત્રણ પ્રકારનાં પ્રાણીઓ ઉત્પન્ન કર્યાં. તેવી રીતે તો આ આખું જગત્ કર્મવિલાસ મહારાજનું કુટુંબી જ થયું! એ વાત બરાબર છે?"

કર્મવિલાસનો પરિવાર.

ગુરૂમહારાજ—"તમે જે કહ્યું તે તદ્દન બરાબર છે. તમે તેનો ભાવ બરાબર સમજી ગયા છો. તમારા જેવાની બુદ્ધિ તુરત જ ખરા રસ્તાપર આવી જાય છે. એમાં હકીકત એમ છે કે સર્વ યોનિઓમાં જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ વર્ગનાં પ્રાણીઓ હોય છે તો ખરાં, પરંતુ તેઓ પોતાના ખરા રૂપમાં મનુષ્યપણામાંજ વ્યક્ત થાય છે. મનુષ્યપણામાં તો એ આખું કુટુંબ સર્વત્ર ફેલાઇને સ્પષ્ટ જણાઇ રહ્યું છે.

"હવે સમજુ માણસે શું કરવું જોઇએ તે સંબંધમાં સંક્ષેપથી મુદ્દાની હકીકત કહી બતાવું તે તમે સાંભળો. બાળનું ચરિત્ર તદ્દન ત્યાગ કરવા યોગ્ય છે, તેથી તેના જેવું આચરણ કોઇએ કરવું નહિ અને તેની સાથે વધારે સમાગમ પણ કરવો નહિ. જે પ્રાણી સુખ ઇચ્છતો હોય તેણે મનીષીના ચરિત્રનો આદર કરવો અને તેના જેવા થવા પ્રયત્ન કરવો. એમ કહેવાનો હેતુ એ છે કે ઘણા ખરા જીવો બહુધા **મધ્યમબુદ્ધિ** જેવા હોય છે અને તેઓ જો રીતસરનું વર્તન અને અનુષ્ઠાન કરે તો **મનીષી**-બુદ્ધિવંત (ઉત્તમ વર્ગના પ્રાણી) પ્રયત્નથી થઇ શકે છે. એટલા માટે જ હે ભવ્ય પ્રાણીઓ! તમને વારંવાર કહેવામાં આવ્યું હતું કે મારા વચનને અનુસરીને તમારે **મનીષીના ચરિત્રનું** અનુકરણ કરવું અને ખાસ પ્રયત્ન કરીને તમારે **પાપમિત્રનો** પરિચય છોડી દેવો; કારણ કે એ **સ્પર્શનની** સાથેના સંબંધને લીધે **બાળ** આખરે હેરાન હેરાન થઇ ગયો અને એનો ત્યાગ કરવાથી આ **મનીષી** લોકોમાં સુસ્પષ્ટ પ્રસિદ્ધ મોટાઇ મેળવીને આખરે મોક્ષને સાધનારો થયો. આ પ્રમાણે હોવાથી પોતાનું હિત ઇચ્છનાર પ્રાણીએ પવિત્ર મિત્રો સાથે સોબત કરવી. મનમાં અંતઃકરણ પૂર્વક સમજવું કે એવી પવિત્ર માણસો સાથેની મૈત્રી આ ભવમાં અને પરભવમાં સર્વ પ્રકારની સંપત્તિઓને પ્રાપ્ત કરવાના હેતુભૂત છે. કોઇ પણ ખરાબ આણસ સાથે સોબત કરવી તે આ ભવમાં પણ દુઃખને માટે થાય છે અને સારા માણસસાથે સોબત કરવી તે સુખને માટે થાય છે. એ બન્ને હકીકત તમે મધ્યમબુદ્ધિના સંબંધમાં બહુ સારી રીતે જોઇ છે. જુઓ, જ્યાં સુધી એણે બાળનો

કર્તવ્યોપદેશ.

પરિણામ હોવાથી આશાની [illegible] કરી [illegible] તે પ્રકટ [illegible] દુઃખો [illegible] કરવાને [illegible] અને [illegible] થયાથી અને તેની [illegible] કરી [illegible] અને આનંદ આનંદ થવા લાગ્યો. આ પ્રમાણે [illegible] નિશ્ચય કરવો [illegible] કે [illegible] ([illegible]) [illegible] કરી નહિ, અને [illegible] ભાગ [illegible] કરી.[2]

[illegible] જિનેશ્વર દેવના [illegible] અને [illegible] સાંભળીને [illegible] અને [illegible] [illegible] થયા, [illegible] કુમાર [illegible] ના [illegible] કરી [illegible].

વિચારણામાં બતાવેલા [illegible] જ્યારે [illegible] સમ્યગ્ [illegible] સર્વ વિગેરે જ્ઞાન અતિશય, [illegible] અતિશય, તપઅતિશય, બીજાના ઉપયોગ રૂપ અતિશય, [illegible] વિગેરે [illegible] ([illegible] નગર) [illegible] કર્યું. ભાવમુનિ અને તેના [illegible] નાથ રાજ વિગેરે આત્માઓ હતા તેમનાં [illegible] અને આડાં થઇ ગયાં અને તેમા સર્વ સાધુઓ દેવલોકે ગયા. (તે હવે પછી જોઇશું.) બાળના સંબંધમાં અમને પ્રથમથી ભવિષ્ય જાણ્યું હતું કે તે આસક્તિને લઇને મરીને નરકમાં પડશે એમજ બન્યું. મુનિમહારાજનું ભવિષ્ય વચન કદિ ખોટું પડતું નથી.

* * * * * *

સ્પર્શન કથાનક સંપૂર્ણ.

૧ આ પ્રમાણે આચાર્ય પ્રબોધનરતિ શત્રુમર્દન વિગેરેને ઉપદેશ આપે છે. ઉદ્યમ ન કરવાના દ્રષ્ટાન્ત તરીકે આ સર્વ વાર્તા વિદુર કુમાર નંદિવર્ધન પાસે કહી રહેલ છે—સંસારનું સ્વરૂપ બતાવનાં સંસારીજીવ પોતાની સર્વ હકીકત સદાગમ સમક્ષ અગૃહિતસંકેતા પ્રજ્ઞાવિશાલા અને ભવ્યપુરૂષની હાજરીમાં કહી બતાવે છે.

૨ આ સ્પર્શનની વાર્તા પૃ. ૬૩૪ થી શરૂ થઇ છે. વિદુરે તે વાર્તા કુમાર નંદિવર્ધન સમક્ષ કહેવા માંડી હતી તે અત્ર પૂર્ણ થાય છે. હવે સંબંધ પૃ. ૭૦૩ માં ચાલુ છે.



પ્રકરણ ૧૮ મું.

કનકશેખર.



સ્પર્શનની વાર્તા કુસંગથી થતા ગેરફાયદા બતાવવા માટે વિદુરે પ્રકરણ ત્રીજાથી શરૂ કરી હતી. જ્યારે વિદુરને રાજાએ નંદિવર્ધન કુમારની પાસે બીજીવાર મોકલ્યો ત્યારે તેને કુમારે પૂછયું હતું કે ગઇ કાલે કેમ દેખાયો નહિ? તેના જવાબમાં પોતે એક આશ્ચર્યકારક વાર્તા સાંભળવામાં રોકાઇ જવાનું કહ્યું એટલે કુમારે એ વાત કહેવાનું કહેવાથી વિદુરે સ્પર્શનની વાત શરૂ કરી હતી. તે વાત પૂરી થયા પછી વિદુર અને રાજકુમાર નંદિવર્ધન વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ:—

કથાનકની કુમારપર અસર.

વિદુર—"કુમારશ્રી! મેં ગઇ કાલે આ વાર્તા સાંભળી, તે જરા મોટી હોવાથી મારો તો આખો દિવસ તેમાંજ ચાલ્યો ગયો તેથી હું આપની પાસે આવી શક્યો નહીં તે ક્ષમા કરશો."

નંદિવર્ધન—"ભાઇ! બહુ સારૂં કર્યું, વાર્તા બહુ મજાની છે! સાંભળતાં તેમાં બહુ રસ જામે છે અને વળી સાથે બોધ પણ મળે છે. ખરેખર! પાપી મિત્રો સાથે સોબત કરવી એ બહુ ખરાબ છે. જુઓને! પેલા બાળે સ્પર્શન જેવા દુષ્ટ મિત્ર સાથે દોસ્તી કરી તો તેને આ ભવમાં અને પર ભવમાં અનેક પ્રકારની પીડાઓ-ઉપાધિઓ અને દુઃખપરંપરા પ્રાપ્ત થયાં! એ દુઃખોનું કારણ એવી ખરાબ દોસ્તી-સોબત જ હતું, બીજું કાંઇ પણ નહિ."

વિદુરે પોતાના મનમાં વિચાર કર્યો કે ચાલો! એક વાત તો

---

૧ હવે વાર્તા ચાલે છે તે સંસારીજીવ (નંદિવર્ધન)ની છે. સંસારીજીવ પોતાની તે કથી સંભળાવે છે અને હવે જ્યાં જ્યાં પહેલો પુરૂષ આવે ત્યાં ત્યાં તે તે વખતના સંસારીજીવના મનને અને તેને પોતાને ઉદ્દેશીને આવ્યો છે એમ સમજવું. આ પ્રસ્તાવમાં પ્રથમ પુરૂષનો હવે ઉપયોગ થાય ત્યારે તે નંદિવર્ધન માટે સમજવો.

ઠીક થઇ! આ કુમાર કથાનો હેતુ અને આશય તથા તેનો સાર બરાબર સમજ્યો તો જણાય છે! હવે મારે કદાચ તેને વધારે કહેવું પડશે તો તે સાંભળશે એમ લાગે છે. જોઇએ તો ખરા, શો રંગ થાય છે તે!

સમજ્યો તો ખરો, પણ પથ્થર ઉપર પાણી.
આવેશના કબજામાં, વૈશ્વાનરના તાબામાં.
વિદુરને તમાચો, વડાનો આહાર-અસર.

હવે તે વખતે મારી નજીકમાં જ (નંદિવર્ધનનો) પેલો વૈશ્વાનર મિત્ર ઊભો હતો તેણે મેં (નંદિવર્ધન કુમારે) વિદુરને જે વચન કહ્યું તે સાંભળ્યું અને સાંભળતાં જ તેને ઝટકો વાગ્યો હોય તેમ તે વિચારવા લાગ્યો કે અરે આ તો બહુ ઉંધી વાત બોલવા લાગ્યો જણાય છે! વિદુરે તો એને બરાબર પાક પડાવી દીધા! એ તો સારી વાત ન થઇ. એ બેનો વધારે પરિચય થાય તે પણ મારે માટે સારૂં નથી. એ વિદુર ઘણો બટકબોલો અને ઊંડી હકીકત સમજનારો છે અને તેથી મારૂં ખરૂં સ્વરૂપ કુમારને જરૂર જણાવી દેશે તો તો બહુ ભુંડું થશે.

વિદુરે મનમાં વિચાર કરીને કુમારને જવાબ આપ્યો "બરાબર છે! તમે વાત તો બરાબર સમજી ગયા જણાઓછો. વળી એક બીજી વાત તમને કહું તે સાંભળો. આ પ્રાણીની એવી ટેવ પડી ગયેલી હોય છે કે જ્યારે કોઇ પણ જગાએ તે કાંઇ જુએ છે અથવા સાંભળે છે ત્યારે તે બનતાં સુધી તે બાબતને પોતાની બાબતમાં જોડી દઇને વિચાર કરે છે, તેથી મેં પણ એ વાર્તા સાંભળીને મારા મનમાં વિચાર કર્યો હતો કે રાજકુમાર નંદિવર્ધનને પણ કોઇ પાપી મિત્રનો સંબંધ ન થાય તો બહુ જ સારૂં થાય."

નંદિવર્ધન—"એવી બાબતમાં ભદ્ર! તારે વિચાર શામાટે કરવો પડ્યો? મારી પાસે કોઇ પાપી મિત્રના સંબંધની ગંધ અત્યારે છે નહિ અને ભવિષ્યમાં કદિ થવાની પણ નથી."

વિદુર—"અમારી પણ આપની પાસે એજ વિજ્ઞપ્તિ છે"

આ પ્રમાણે કહીને પછી વિદુર મારા[1] કાનની નજીક આવ્યો અને જરા ધીમે ધીમે કોઇ બાજુમાં ન સાંભળે તેમ કહેવા લાગ્યો "જુઓ! ભાઇ! એક વાત તમને કહેવાની છે. પેલો વૈશ્વાનર છે તે લોકોના કહેવા

શુભ સૂચના.

૧ નંદિવર્ધનના. છેલ્લા પૃષ્ઠપરની નોટ જુઓ.

પ્રમાણે ઘણી ખરાબ પ્રકૃતિવાળો સંભળાય છે, માટે તમારે તેની ખ
ખર પરીક્ષા કરવી. જેવી રીતે સ્પર્શનની સોબતથી બાળને અ
અનર્થો પ્રાપ્ત થયા તેવી રીતે એ વૈશ્વાનર આપને અનર્થનું કારણ
થાય એ બાબત આપે ખાસ લક્ષ્યમાં રાખવા યોગ્ય છે."

આવેશમાં વિવેકનું ભાન ભૂલી ગયો.

આ હકીકત સાંભળીને તદ્દન નજીકમાં રહેલા વૈશ્વાનર મિ
મારી સામું ઇરાદા પૂર્વક જોયું. તેના મુખ ઉપર
હું સમજી ગયો કે વિદુરનાં વચનથી તેના મન
ઘણુંજ દુઃખ લાગ્યું છે. અગાઉ તેણે એક સં
(નિશાની) મને સમજાવી રાખી હતી તેવી નિશા
સૂચનારૂપે મને તેણે (વૈશ્વાનરે) કરી અને મને કૂરચિત્ત નામનું
વડું આપી દીધું; અને મેં પણ તેજ વખતે તે વડું ખાઇ લીધું. જે
એ વડું મેં ખાધું કે તુરતજ તેના પ્રભાવથી મારો અંતરનો તા
એકદમ વધવા લાગ્યો, આખા શરીરપર ગુસ્સાને લીધે પરસેવા
ઝરીઓ વળી ગઇ, આખું શરીર ક્રોધને લીધે ચણોઠી જેવું લાલચો
બની ગયું, દાંતો વડે હોઠ દબાઇને આવેશનો ભાવ બતાવવા લાગ
અને કપાળ ઉપર ક્રોધની કરચલીઓ અતિ ભયંકર દેખાવા લાગ
તે વખતે મારા મિત્ર વૈશ્વાનરે આપેલા પેલા વડાના પ્રભાવથી
એટલો બધો તેને વશ થઇ ગયો કે મેં પાપીએ વિદુરનો મારા
એટલો પ્રેમ અને એટલી વત્સળતા હતા તેને વિસારી દીધા, તેણે જે
હતું તે મારા હિત ખાતર જ કહ્યું હતું તે વાતને પણ ભૂલી ગયો, તે
સાથે ઘણા વખતનો સંબંધ હતો તેને ગણ્યો નહિ, તેની સાથે એ
ભાવ હતો તેનો ત્યાગ કરી દીધો, દુર્જનપણું સ્વીકારી લીધું અ
અત્યંત આકરા અને નિર્દય વચનો વડે વિદુરનો તિરસ્કાર કરતાં[2]
બોલ્યો—"અરે દુરાત્મા! લાજ વગરના! શું તું મને બાળ[3] જે
ગણે છે? અને શું પેલા ન કલ્પી શકાય તેવા પ્રભાવવાળા અને મા
ઉપર અનેક પ્રકારના ઉપકાર કરનાર અંતરંગમાં રહેલા મારા હૃદ
વત્સલ વૈશ્વાનરને તું પેલા દુષ્ટ પાપી સ્પર્શન જેવો ગણે છે?"

---

૧ જ્યારે ક્રોધ થાય છે ત્યારે શરીરનો આવોજ દેખાવ થાય છે. ક્રોધ
નારનું નિરીક્ષણ કરવાથી તે બરાબર જોઇ શકાશે.

૨ પ્રો. જેકોબીએ છપાવેલા રો. એ. સોનો ખાસ ભાગ અહીં પૂરો થ
છે. હવે પ્રથમના છાપેલા ભાગનું પૃ. ૩૪૨ અહીંથી શરૂ થાય છે.

૩ સ્પર્શનના દૃષ્ટાન્તનો અધમ પાત્ર. એની કથા હમણાજ પૂરી થઇ છે
ખ્યાલમાં હશે.

વિદુરે એનો કાંઈ જવાબ આપ્યો નહિ. મને તેથી એટલે બધો ગુસ્સો ચઢ્યો કે તેનો જાણે તોડી નાખે એવો એક તમાચો મેં તને લગાવી દીધો અને એક મોટું પાટિયું ઉપાડીને તેને મારવા દોડ્યો; એટલે બધથી તેનું આખું શરીર ધ્રુજવા લાગ્યું અને બીકમાંને બીકમાં તે નાસવા લાગ્યો; ભાગીને તે મારા પિતાશ્રી પાસે ગયો અને તેમને સર્વ હકીકત કહી સંભળાવી. તે વખતે અત્યંત દિલગીરી સાથે મારા પિતાશ્રીએ પોતાના મનમાં નિશ્ચય કર્યો કે હવે છોકરો (હું પોતે) વૈશ્વાનર (પાપી મિત્ર)ની સોબત છોડે એમ બનવું લગભગ તદ્દન બને તેવું લાગતું નથી. જે થાય તે ખરૂં, આપણે તો હવે એ બાબતમાં મૌન જ ધારણ કરવું-આવો નિર્ણય મારા પિતા મહારાજાએ પોતાના મનમાં કર્યો.

નંદિવર્ધનનું યૌવન.

હવે આ બાજુએ બાકીની કળાનો અભ્યાસ મેં થોડા વખતમાં પૂરો કર્યો, એટલે એક સારો દિવસ શોધી કાઢીને તે દિવસે મારા શિક્ષાગુરૂની કળાશાળામાંથી મારા પિતાશ્રી પદ્મ રાજા સમક્ષ મને લઇ જવામાં આવ્યો, મારા પિતાએ કળાચાર્યની પૂજા કરી, અનેક પ્રકારનાં મોટાં દાનો તેને આપ્યાં અને મેં અભ્યાસ પૂરો કર્યો. મારા પિતાએ માતાએ અને બાકીના સર્વ લોકોએ મને અભ્યાસ પૂરો કરવા માટે ધન્યવાદ આપ્યો. મારે માટે એક જૂદો રાજમહેલ તૈયાર કરવામાં આવ્યો હતો ત્યાં 'તને સુખ આવે તેમ રહેજે' એમ કહી મારે માટે જૂદા માણસોની નિમણુક કરી આપી અને મારા ભોગ ઉપભોગ માટે જે જે વસ્તુઓ જોઇએ તે તે સર્વ પૂરી પાડવાની વ્યવસ્થા કરવામાં આવી.

યૌવન વર્ણન.

દેવતાઓની પેઠે અનેક પ્રકારના આનંદનો અનુભવ કરતો હું રાજમંદિરમાં રહેવા લાગ્યો. અનુક્રમે ત્રણ ભુવનને [1]લોભમાં નાખે તેવો સમુદ્રનો જાણે અમૃતરસ હોય, સર્વ લોકની આંખોને [2]આનંદ આપનાર રાત્રીને સમયે થયેલ જાણે ચંદ્રનો ઉદય હોય, અનેક પ્રકારના રાગના[3] વિકારોથી વાંકુ થયેલ ચોમાસાના વખતનું જાણે મેઘધનુષ્ય

૧ લોભઃ શ્લેષ છે. (૧) સાગર પક્ષે-આકાંક્ષા, પ્રાપ્તિની ઇચ્છા; (૨) યૌવન પક્ષે-આસક્તિ.

૨ આનંદઃ શ્લેષ છે. (૧) ચંદ્રોદય પક્ષે-ખુશી; (૨) યૌવન પક્ષે-હર્ષ.

૩ રાગઃ શ્લેષ છે. (૧) મેઘધનુષ્ય પક્ષે-રંગ. મેઘધનુષ્યમાં ઘણા રંગો સ્પષ્ટ દેખાય છે; (૨) યૌવન પક્ષે-પ્રેમ.

હોય અને કામદેવના હથિયાર રૂપ થયેલા કલ્પવૃક્ષમાંથી જાણે [1]ફુલોનો સમૂહ બહાર પડેલો હોય તેવું, કમળના વનમાં સુંદર લાલ[2] રંગવાળો જાણે સૂર્યનો ઉદય થયો હોય તેવું દેખાતું, અને મોરના વિવિધ પ્રકારના નાચ અને વિલાસનો સમૂહ હોય તેવું [3]યૌવન મને પ્રાપ્ત થયું, મારી યુવાવસ્થાનો તે વખતે આરંભ થયો; મારૂં શરીર તેથી ઘણું સુંદર અને આકર્ષક થયું, મારી છાતીનો ભાગ વધારે પહોળો થયો, સાથળો બન્ને ભરાઇ ગયા, કેડનો ભાગ પાતળો થવા લાગ્યો, નિતંબનો ભાગ વધારે સ્થૂળ થવા લાગ્યો, જાણે મારો પોતાનો પ્રતાપ હોય તેમ શરીરપર રોમ-બાલની પંક્તિઓ ફુટી નીકળી, આંખોમાં નિર્મળપણું આવ્યું, બન્ને હાથો વધારે દીર્ઘ થયા અને એ જુવાનીના જોરથી કામદેવે પણ આવીને મારા અંતઃકરણમાં નિવાસ કર્યો.

હું મારા જૂદા રાજભુવનમાંથી બહાર નીકળીને દરરોજ સવારે બપોરે અને સાંજે વડીલોને વંદન કરવા રાજકુળમાં જતો હતો. એવી રીતે એક દિવસ હું મારા માતાપિતા પાસે સવારમાં ગયો અને તેમને બન્નેને પગે પડી નમસ્કાર કર્યા. તેઓએ મને આશીર્વાદ આપ્યો. તેમની પાસે હું થોડો વખત બેઠો. ત્યાર પછી તેઓની રજા લઇ હું મારા રાજભુવનમાં આવ્યો અને મારા સિંહાસન ઉપર બેઠો.

કનકશેખરનું જયસ્થળ નગરે આગમન.

તે વખતે રાજકુળમાંથી એકાએક મોટો અવાજ ઉઠ્યો. એ કોળાહળ શેનો હતો તેની મને ખબર ન હોવાથી એવા અકાળે થયેલા કોળાહળ માટે મારા મનમાં કાંઇક વિચાર થવા માંડ્યો અને તે કોળાહળ તરફ જવાની હું ઇચ્છા કરવા ગયો, તેવામાં તો ધવળ નામનો બળવાન્ સેનાપતિ રાજકુળમાંથી નીકળી મારી તરફ આવતો દેખાયો. તે મારી નજીક આવ્યો અને મને નમસ્કાર કરીને કહેવા લાગ્યો—

પિતાનો સંદેશો.

"કુમાર! દેવ (પદ્મરાજા) આપને આ પ્રમાણે સંદેશો કહેવરાવે છે તે સાંભળો: 'તું જેવો આજ સવારે (હમણાં) અમારી પાસેથી નીકળીને બહાર ગયો તેવો જ એક દૂત અમારી પાસે આવ્યો અને

---

૧ ફુલઃ શ્લેષ છે. (૧) કલ્પવૃક્ષ પક્ષે-પુષ્પ અને (૨) યૌવન પક્ષે-નાજુકતાનું રૂપક.

૨ રંગઃ શ્લેષ છે. જુઓ નોટ નં. ૩ અગાઉના પૃષ્ઠમાં.

૩ યૌવનઃ જુવાની, યુવાવસ્થા. સદુપયોગ થાય તો તેનું નામ 'જોબન' કહેવાય છે; દુરૂપયોગ થાય તો તેનું નામ 'ગદ્ધાપચ્ચીશી' કહેવાય છે.

તેણે જણાવ્યું કે રાજા કનકચુડનો પુત્ર કનકશેખર કુશાવર્તપુર નગરથી પોતાના પિતાએ કરેલા અપમાનને લીધે રીસાઇને નીકળ્યો છે તે અહીંથી માત્ર એક ગાઉ દૂર આવેલા ચંદનવનમાં આવી પહોંચ્યો છે. માટે હવે મને યોગ્ય લાગે તેમ મારે કરવું. તે આપણે ઘેર પરોણા તરીકે આવતો હોવાથી, નજીકનો સગો હોવાથી અને મોટો માણસ હોવાથી તેને સામા તેડવા જવું સર્વ રીતે યોગ્ય છે અને જરૂરનું છે. આ વિચાર સભામાં બેઠેલા સર્વ સભ્યોને જણાવી હું પોતે તેને તેડી લાવવામાટે તેની સામે જાઉંછું અને કુમારે પણ તુરતજ સામા આવવું.' આ પ્રમાણે કહીને મને આપને બોલાવવા માટે પિતાશ્રીએ મોકલ્યો છે. માટે આપ સાહેબ હવે જલ્દી પધારો."

'પિતાશ્રીનો જેવો હુકમ'–એમ કહીને હું પણ મારા પરિવારને લઇને ચાલ્યો અને પિતાશ્રીની સવારી ભેળો થઇ ગયો. પછી પેલા ધવળ સેનાપતિને મેં પૂછ્યું કે 'આ કનકશેખર અમારો સગો કેવી રીતે થાય છે?' ધવળે કહ્યું 'કુમાર સાહેબ! આપની માતા નંદા અને એ કુમારના પિતા કનકચૂડ સગા ભાઇ બહેન થાય, તેથી એ કનકશેખર આપના મામાનો દિકરો છે, તેથી તે તમારો ભાઇ થાય.'

મોસાળ સગપણ.

આ પ્રમાણે વાત કરતાં કરતાં અમે સર્વે કનકશેખરની નજીક આવી પહોંચ્યા. તે મારા પિતાશ્રીને પગે પડ્યો. પછી હું અને મારા પિતા બન્ને તેને પ્રેમથી ભેટ્યા. એક બીજાને યોગ્ય ગૌરવ અરસ્પરસ કર્યું. અને પછી બહુ આનંદ સાથે કનકશેખરને જયસ્થળ નગરમાં પ્રવેશ કરાવ્યો. મારા પિતાએ અને માતાએ કનકશેખરને કહ્યું– 'વત્સ! તારૂં મુખકમળ અમને બતાવીને કલ્પી પણ ન શકીએ એવો આનંદ અમને કરાવવામાં તે બહુ સારૂં કર્યું! આ રાજ્ય તારા પિતાનુંજ છે એમ સમજવું અને અહીં રહેવામાં તારે જરા પણ સંકલ્પ કરવો નહિ.' મારા પિતામાતાનાં આવાં વચન સાંભળી કનકશેખર બહુ રાજી થયો. મારા રાજ્યભુવનમાં એક સુંદર પ્રાસાદ ખાલી હતો તે કનકશેખરને રહેવા સારૂ પિતાશ્રીએ આપ્યો. તે ત્યાં આનંદથી રહ્યો. ધીમેધીમે તેને મારા ઉપર સ્નેહ વધતો ગયો અને તેને મારામાં વિશ્વાસ પણ બેસતો ગયો.

પ્રવેશ અને આદરાતિથ્ય.



પ્રકરણ ૧૯ મું.

ખાપરી કુટુંબ અને કનકશેખર.



[illegible] આનંદથી જયસ્થળ નગરમાં પાછી [illegible] [illegible]

[illegible]

કનકશેખરની પૂર્વ વાત.

[illegible]

[illegible]

દેખાતા હતા. તેમને જોઇને કુદરતી રીતે મને તેમના ઉપર ભક્તિ ઉત્પન્ન થઇ, એટલે હું તેમની નજીક ગયો, તેમને મેં વંદન કર્યું અને પછી જીવજંતુ વગરની શુદ્ધ જમીન જોઇને હું તેની ઉપર બેઠો. મારા મિત્રો મારી સાથે રમત કરવા આવ્યા હતા તેઓ પણ મુનિમહારાજને નમસ્કાર કરીને મારી બાજુમાં વિનય પૂર્વક મસ્તક નમાવીને બેઠા.

એ સાધુ મહારાજનું નામ દત્ત હતું. તેઓએ પોતાનું ધ્યાન પૂરૂં કરીને અમને સર્વને ધર્મલાભનો આશીર્વાદ આપ્યો અને બધાઓની સાથે યોગ્ય સંભાષણ કર્યું. તેઓનાં મધુર વચનપર પ્રીતિ ઉત્પન્ન થવાથી મેં નમ્રપણે તેઓશ્રીને કહ્યું 'ભગવન્! તમારા દર્શનમાં ધર્મ કેવા પ્રકારનો બતાવ્યો છે?' આવો મારો પ્રશ્ન સાંભળીને અત્યંત સુંદર સ્વરથી મારા અને સર્વના મનને આનંદ પમાડતાં તે મુનિમહારાજે જિનેશ્વર ભગવાનનો ધર્મ કાંઇક વિગત સાથે અમને સર્વને કહી સંભળાવ્યો. એમાં પણ તેઓશ્રીએ પ્રથમ સાધુધર્મનો ઉપદેશ આપ્યો અને ત્યાર પછી વિસ્તાર પૂર્વક શ્રાવકધર્મપર વિવેચન કર્યું. તેમણે કહ્યું કે 'શ્રાવકનો ધર્મ કલ્પવૃક્ષ જેવો છે, સમ્યગ્દર્શન[1] એ કલ્પવૃક્ષનું મૂળ છે, બાર વ્રત રૂપ એ વૃક્ષને ડાળીઓછે, શમ, સંવેગ, નિર્વેદ, આસ્તિક્ય અને અનુકંપા એ વૃક્ષની નાની શાખાઓ છે, મોક્ષ એ વૃક્ષનું ફળ છે-વિગેરે' તે સાંભળીને એવા પ્રકારનો ગૃહસ્થધર્મ મેં અને મારા મિત્રોએ તરતજ ગ્રહણ કર્યો. પછી મુનિમહારાજ અન્યત્ર વિહાર કરી ગયા. હું પણ ઘરે આવીને ગૃહસ્થધર્મનું પ્રતિપાલન કરવા લાગ્યો.

અતિ ઉપયોગી પ્રશ્ન.

તે દત્ત મુનિમહારાજ જેમણે મને ગૃહસ્થધર્મ આપ્યો હતો તેઓ થોડા વખત પછી ફરતા ફરતા પાછા અમારા નગરની નજીકમાં આવ્યા. ધર્મ મેળવવાની તીવ્ર ઇચ્છાથી અને અન્ય અન્ય શ્રાવકોની સોબતથી હું જરા ધર્મની બાબતમાં પ્રવીણ થઇ ગયો હતો. હું તુરતજ નગરની બહાર ઉદ્યાનમાં તેમની પાસે ગયો, તે મુનિમહારાજને વંદન કર્યું અને પછી ગુરૂમહારાજને પૂછ્યું કે 'સાહેબ! જૈન શાસ્ત્રનો સાર શો છે-તેનું ખરેખરૂં રહસ્ય શું છે તે મને સમજાવો.'

જૈન ધર્મનો સાર.

ગુરૂ મહારાજે ઉત્તરમાં કહ્યું—"(૧) અહિંસા (૨) ધ્યાનયોગ "(૩) રાગ વિગેરે દુશ્મનોપર અંકુશ અને (૪) સાધર્મી બંધુઓ- "પર પ્રેમ એ જૈન આગમનો સાર છે."

---

[1] સમ્યગ્દર્શનઃ શુદ્ધ દેવ ગુરૂ ધર્મપર અવિસ્ખલીત શ્રદ્ધા.

સારપર વિચારણા.

ગુરૂ મહારાજનો આવો જવાબ સાંભળીને (કનકશેખર કુમાર કહે છે કે) મેં મારા મનમાં વિચાર કર્યો કે મારા જેવો પ્રાણી સર્વ પ્રકારના આરંભ સમારંભમાં પ્રવૃત્તિ કરી રહેલો છે તેને પ્રાણીની સર્વથા **હિંસા** ન કરવી એ તો ઘણું મુશ્કેલ કામ છે, લગભગ અશક્ય જેવું છે. ત્યાર પછી ગુરૂ મહારાજે **ધ્યાનયોગ** માટે ભલામણ કરી, પણ મારી જેવા જીવો તો વિષયની લાલસામાં મુંઝાઇ રહેલા હોય છે અને ધ્યાનયોગ તો સ્થિર મન હોય તોજ સાધી શકાય તેવો છે તેથી મારા જેવા માટે તો તે પણ દૂરથી દૂર-વધારે દૂર જાય છે. ત્યાર પછી ગુરૂમહારાજે રાગ વિગેરે શત્રુઓનો **નિગ્રહ** કરવાની વાત કરી પણ એ તો જે પ્રાણીઓ તત્ત્વપરાયણ હોય અને જરા પણ પ્રમાદ કરનારા ન હોય તેઓથી જ સાધી શકાય છે, મારા જેવાથી રાગાદિ ઉપર વિજય મેળવવાનું પણ બની શકે તેમ મને લાગતું નથી. ત્યાર પછી **સ્વધર્મી** (સાધર્મી) બંધુઓપર **પ્રીતિ** રાખવી-પ્રેમ રાખવો અને તેઓનું વાત્સલ્ય કરવું એ છેલ્લી સૂચના મહાત્મા ગુરૂમહારાજે કરી તે કદાચ મારા જેવાથી બની શકે તેવું મને લાગ્યું. તેથી હવે મારે એ બાબતમાં મારી શક્તિ હોય તેટલો પ્રયત્ન જરૂર કરવો એમ મેં નિરધાર કર્યો; કારણ જે પ્રાણી પોતાનું હિત ઇચ્છતો હોય તેણે **સારભૂત બાબત સમજીને તેનું અનુષ્ઠાન કરવું જોઇએ.** આ નિશ્ચય કરીને તેમજ ગુરૂ મહારાજને વારંવાર વંદન કરીને મારા સંવેગને વધારી દેતો હું રાજમંદિરમાં આવ્યો.

વિચારણાનું પરિણામ.

[1]સાધર્મીવાત્સલ્ય (કનકશેખરકૃત).

મારા પિતાશ્રીને હું એકનો એક પુત્ર હોવાથી પોતાના જીવ કરતાં પણ મને તે વધારે ચાહતા હતા. મારા પિતાની મારા ઉપર ઘણી કૃપા હોવાને લીધે મારી જે ઇચ્છા થાય તે પૂરી પાડવાને તે શક્તિવાન હતા, છતાં પણ હું તો રાજ્યનીતિને અને વિનયને અનુ-

---

૧ **સાધર્મીવાત્સલ્યઃ** કોમના આગેવાન ધર્મીષ્ટ ભાવીભદ્રોએ આ વિભાગ બરાબર વિચારવા યોગ્ય છે. ખરૂં સાધર્મીવાત્સલ્ય કયાં છે તે સમજનાર અને બતાવનાર બહુ અલ્પ હોય છે તેથી આવા ગ્રંથોમાંથી તે સમજવું વિશેષ યોગ્ય થશે. યાદ રાખવું કે આ **ધર્મનો સાર** છે, અત્યારે ઘણાં ફાંફાં મારવામાં આવે છે, પણ રહસ્યને પકડવામાં ખેંચતાણ થાય છે. ઉપકારી પૂર્વપુરૂષો સાચી વાત લખી ગયા છે તે સમજવી જરૂરી છે. મો. ગિ. કા.

સહીનેજ કામ લેનારો હતો, કદિપણ ઉતાવળો થઇ જતો નહોતો. રાજ્યનિયમને અનુસરીને મેં એક દિવસ મારા પિતાને નમીને કહ્યું "પિતાજી! જૈનધર્મને અનુસરનારાઓનું બની શકે તેટલું વાત્સલ્ય કરવાની હું ઇચ્છા રાખું છું તો તેમ કરવા માટે આપ મને રજા આપશો." મારી સાથે પિતાજી પણ જૈનશાસન તરફ ભદ્રકભાવ[1] ધારણ કરનારા થયા હતા તેથી તેમને મારી એ પ્રાર્થના પસંદ આવી. તેઓએ જવાબમાં કહ્યું "વત્સ! આ રાજ્ય તારૂં છે, મારૂં જીવન પણ તને લઇનેજ છે, તેથી તને ઇચ્છા થઇ હોય તે ખુશીથી કર, એમાં તારે મને પૂછવાની જરૂર નથી." પિતાશ્રીનો આવો અનુકૂળ જવાબ સાંભળીને મને ઘણોજ આનંદ થયો અને હું તેઓશ્રીને પગે પડ્યો અને 'ઘણી કૃપા કરી' એમ બોલતો મનમાં રાજી થવા લાગ્યો. ત્યાર પછી નવકાર મંત્રના ધારણ કરનાર મારા આખા દેશમાં ગમે તે હોય, પછી તે [2]અંત્યજ હોય કે બીજો ગમે તેવો હોય તે મારો ભાઇ છે એમ હું માનવા લાગ્યો અને તેમના તરફ ઘણા પ્રેમથી જોવા લાગ્યો, તેમને જોઇએ તેટલું ખાનપાન[3] આપીને, વસ્ત્રો આપીને, આભૂષણો આપીને, જવાહીર આપીને અને દ્રવ્ય આપીને તેઓને રાજી રાખવા લાગ્યો. વળી તે ઉપરાંત મેં આખા દેશમાં દાંડી પીટાવી કે 'જે કોઇ જૈનધર્મનો પાળનાર હશે તેની પાસેથી કોઇ પણ પ્રકારનો કર લેવામાં આવશે નહિ, તેમને આથેથી કરનો બોજો માફ કરવામાં આવ્યો છે.' વળી મેં ઉદ્ઘોષણા કરાવી તેમાં વિશેષ એમ પણ જણાવ્યું કે 'સાધુઓ મારા પરમાત્મા છે, સાધ્વીઓ મારી પરમ દેવીઓ છે, શ્રાવકો મારા ગુરૂ છે.'—આવી રીતે મેં સ્પષ્ટપણે સર્વ હકીકત જાહેર કરી. ત્યાર પછી તીર્થંકર મહારાજના શાસન તરફ જે કોઇ ભક્તિભાવ બતાવે તેના તરફ આનંદજળથી ભરેલી આંખોએ જોઇ તે-

સાધર્મી પ્રેમ.

મની બહુ બહુ પ્રકારે હું સ્તુતિ કરવા લાગ્યો. તે વખત પછી જૈન ધર્મ પાળનારા સજ્જન પુરૂષો યાત્રા કરવામાં, સ્નાત્ર મહોત્સવ કરવામાં તથા આઠા

---

૧ ભદ્રકભાવ: તે ધર્મ સારો છે એવી મિત્ર ભાવના.

૨ અંત્યજ: શુદ્ર-હલકા વર્ણનો મનુષ્ય. આટલા ઉપરથી એમ માની શકાય છે કે નમસ્કાર મંત્રનો ધારણ કરનાર અને તે હલકા હોય તેના તરફ બંધુભાવ રાખવાનો છે. આ વાત ખાસ વિચારવા જેવી છે. મૂળ ગ્રંથમાં અંત્યજ શબ્દ વાપરેલો છે.

૩ ખાનપાન: સાધર્મીવાત્સલ્યમાં જમવાનો નિષેધ નથી જણાતો, કેમ કે સાધર્મીવાત્સલ્ય અનુપાન ... ન હોઇ વળી જરૂર હોય તો ખાનપાન આપાઈ—આ શબ્દ ખાસ ધ્યાનમાં રાખવા જેવા છે.

દાન દેવામાં વધારે પ્રમોદ (હર્ષ) લાવીને પ્રવૃત્તિ કરવા લાગ્યો. જેઓ નવા નવા જૈન ધર્મમાં આવ્યા તેમની ભાવના પૂર્વક મેં વિશેષ પ્રકારે પૂજા (સેવા) કરવા માંડી.[1] મને ધર્મમાં વિશેષ તત્પર જોઇને લોકો પણ ધર્મતત્પર વધારે વધારે થવા લાગ્યા. કહેવત છે કે 'યથા રાજા તથા પ્રજા' જેવા રાજા હોય છે તેવી રૈયત થાય છે-થતી જાય છે.

ખટપટીની જાળ;
ખળભુજંગનો ક્રમ;
રાજાના કાનમાં ઝેર.

કનકશેખર નંદિવર્ધનને પોતાની વાત આગળ ચલાવતાં કહે છે કે આવી રીતે કુમારને (મને) જૈન શાસન ઉપર અત્યંત રાગવાળો જોઇને અમારો દુર્મુખ નામનો કારભારી-અમાત્ય હતો તે કુમાર (મારી) ઉપર ઘણો દ્વેષ કરવા લાગ્યો. એ અત્યંત અહિત કરનાર દુરાત્મા જે ઘણો પક્કો અને લુચ્ચો હતો તેણે પિતાજી કનકચૂડને એકાંતમાં એક વખત કહ્યું 'સાહેબ! અમે તો આપના થકી છીએ.' આ પ્રમાણે રાજા સાથે પોતાનો એકીભાવ બતાવી તેણે પોતાના હૃદયની વાત કહેવા માંડી "સાહેબ! આવી રીતે રાજ્યને નભાવવું ઘણું મુશ્કેલ થઇ પડશે એમ જણાય છે; કારણ કે કુમાર સાહેબે તો પ્રજાલોકને તદ્દન ઉદ્ધત બનાવી દીધેલા છે. લોકોને માથે જ્યાં સુધી કર આપવાની બીક હોય છે ત્યાં સુધી તેઓ હદને ઓલંઘી જતા નથી; પણ જ્યારે એકવાર કર આપવાની બીકથી તેઓને મુક્ત કરવામાં આવે છે ત્યારે તેઓ તદ્દન છુટા થઇ જાય છે અને છુટો માણસ સર્વ અનર્થોને કરે છે. જેવી રીતે અંકુશ[2] વગરનો હાથી આડે અવળે રસ્તે ચાલ્યો જતો હોય તે [3]દંડના ભયથી ઠેકાણે આવે છે તેવી રીતે અંકુશ વગરના ખોટે રસ્તે જનારા લોકો દંડના ભયથી ઠેકાણે આવે છે. જ્યારે લોકો પોતાની મરજીમાં આવે તેમ આડાઅવળા વર્તે છે અને આર્ય પુરૂષોને યોગ્ય ન હોય તેવાં કામ કરે છે ત્યારે રાજાના પ્રતાપની હાનિ થાય છે અને તે તેને ઘણું હલકું લગાડનાર થઇ પડે છે. વળી એક બીજી પણ વાત કહું તે સાંભળો: હાલ જે ઘણા લોકો જૈન

---

૧ **સેવાધર્મ.** નવીન ધર્મ સ્વીકારનારને ખાસ સગવડ કરી આપવાની જરૂર છે જેથી નવીન આવનાર ધર્મમાં સ્થીર થઈ જાય. Missionary Spirit જૈનમાં કેટલો હતો તે અત્યારે ઘટતી વસ્તીના વખતમાં ખાસ વિચારવા જેવું છે.

૨ અંકુશ: શ્લેષ છે. (૧) હાથી પક્ષે-'આંકડી;' (૨) મનુષ્ય પક્ષે-'દબાણ.'

૩ દંડ: શ્લેષ છે. (૧) હાથી પક્ષે-અંકુશ-આંકડી; (૨) મનુષ્ય પક્ષે-'સજા.'

[illegible]

[illegible]

[illegible]

પિતાની [illegible] [illegible]
સાઓ "કેવી રીતે [illegible]
મેંથી લઈને તેમના [illegible]
ઉપર રહે છે તેવી રીતે [illegible]
નાર રાજા [illegible]
તાના પ્રતાપથી પૃથ્વી [illegible]
છે, [illegible]
કરે છે." જે રાજા [illegible]
પઓ રહે છે, તેનું તે વળી રાજ્ય કેવું! અને [illegible]
આશાથી ન્યાય પણ કેવા મળે! [illegible]

---

૧ [illegible] (૧) [illegible]
૨ [illegible] આ મુદ્દો (Principle of Taxation) [illegible]
[illegible]
૩ [illegible] માટે રાજા.

ભય લોકોને માથેથી નીકળી જાય છે એટલે પછી લોકો અંકુશ વગરના થઇ જાય છે અને પછી ખરાબ આચરણને માર્ગે પોતાની ઇચ્છા પ્રમાણે પ્રવૃત્તિ કરે છે. આ પ્રમાણે હોવાથી કર લઇને અને સજા કરીને લોકોને જે રાજા પ્રથમથી જ અનુશાસન કરી શકતો નથી, જે રાજા કર અને દંડદ્વારા રાજ્યનો નિભાવ કરી શકતો નથી તેણે પરમાર્થથી વાસ્તવીક રીતે ધર્મનો નાશ કર્યો છે એમ સમજવું. કુમાર! આપ અત્યારે જે રસ્તો લઇ બેઠા છો તેમાં રાજધર્મનો નાશ થાય છે માટે મેં તમને જે હકીકત કહી છે તે જાણી-વિચારી-સમજીને તમારા જેવાએ ખોટું સ્વામીવાત્સલ્ય કરવું યોગ્ય નથી."

દુર્મુખના આવા વિચારો સાંભળી કોપને લીધે મારૂં મન વિહ્વળ થઇ ગયું તો પણ ઉપર ઉપરથી મારો કોપ શમાવી દઇ આકાર ગોપવીને મેં[1] તેને જવાબ આપ્યો "આર્ય! જો હું કોઇ પાપી કે લુચ્ચા લોકો તરફ સન્માન બતાવતો હોઉં કે તેઓની પૂજા કરતો હોઉં તો તમે બોલો છો તે બોલવું યોગ્ય ગણાય, પરંતુ જે પ્રાણીઓમાં ગુણો એટલી હદ સુધી વૃદ્ધિ પામ્યા હોય છે કે જે તેને લીધે દેવતાઓને પણ પૂજનીય હોય, તેઓને જ્યારે યથેચ્છ દાનમાન વિગેરે આપવામાં આવે ત્યારે, તેઓના સંબંધમાં આવું વચન બોલવું ઘટતું નથી.

કુમારનું તંત્ર કરવાનું ધોરણ.

એ જિનમતને અનુસરનારા લોકો તો સ્વભાવથીજ ચોરી, પરદારગમન વિગેરે સર્વ દુષ્ટ વર્તનોથી પાછા હઠી જઇને વગર કહે પોતાની જ સારે રસ્તે ચાલે છે-એવા મહાત્મા પુરૂષોનો દંડ શામાટે કરવો? એવા મનુષ્યોને સજા કરવાની જેઓની બુદ્ધિ થાય તેઓજ ખરેખર સજાને પાત્ર છે. જે પ્રાણીઓનું રક્ષણ કરવાની જરૂર પડતી હોય, જેની ચોકી કરવી પડતી હોય, તેઓના માથા ઉપર કરનો બોજો નાખવો હોય તો ઉચિત ગણાય, પરંતુ જૈન લોકો તો પોતાના ગુણોથી રક્ષાયલા છે, તેથી તેઓના ઉપર કરનો બોજો પાડવો ઉચિત નથી. રાજાઓએ તેટલા માટે તેવા લોકોનું દાસત્વ છોડીને બીજું કાંઇ પણ કરવું ઉચિત નથી અને અમે પણ તેમજ કરીએ છીએ-મતલબ જૈન

---

૧ કનકશેખર કુમાર નંદિવર્ધન પાસે જયસ્થળ નગરે રીસાઇને આવવાનું કારણ કહે છે.

૨ કુમાર જવાબ દેવામાં ધીમે ધીમે કેવો પ્રક્રમ યતો જાવે છે તે વિચારવા યોગ્ય છે.

લોકો તરફ રાજાએ સેવા કરવી જ ઘટે છે અને તેવી રીતે હું તેઓની સેવા કરૂંછું. પણ ભુવનના નાથ શ્રીજગતનાથ જેમના નાથ હોય તેઓના જે નોકર થાય તે આ દુનિયામાં ખરેખરા રાજા છે અને બાકીના સર્વે નોકરો છે. આ પ્રમાણે હોવાથી મેં અત્યાર સુધીમાં જે આચરણ કર્યું છે તેમાં રાજનીતિનું શું ઉલ્લંઘન કર્યું છે કે જેથી તમે ઉપર જણાવ્યા તેવા આકરા શબ્દો મને કહેવા તૈયાર થઇ ગયા છો? હું જે ધર્મવાત્સલ્ય કરૂં છું તે ખોટું છે એમ કહીને તો સાચું કહું તો તમે તમારૂં નામ દુર્મુખ છે તે પ્રમાણે સાચેસાચું તમારા આત્માનું દુર્મુખપણું સ્પષ્ટ કર્યું છે !"

પ્રપંચી સરળતા.

આ પ્રમાણે મેં દુર્મુખને જવાબ આપ્યો એટલે તે મારો અભિપ્રાય સમજી ગયો; તેથી તેણે પોતાના મનમાં વિચાર કર્યો કે-જૈનદર્શન ઉપર આ કુમારને અત્યંત પ્રેમ લાગે છે. એના મનપર તે બાબતની ઘણીજ અસર થઇ ગઇ જણાય છે. અને મારા વચનથી તે મારા ઉપર ગુસ્સે થઇ ગયા જણાય છે, તેથી હાલ એ બાબત વધારે છેડવામાં કાંઇ માલ નથી. રાજાને મેં આ બાબતમાં પ્રથમથી જ સીધા કર્યા છે તો આને પણ આગળ જતાં અનુક્રમે બરાબર ઠેકાણે લાવીશ. હાલ તો એને પણ ફોસલાવું એટલે કામ કરવાની મજા આવશે-આ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરીને દુર્મુખ બોલ્યો "શાબાશ! કુમાર શાબાશ! તમારો જૈનધર્મ ઉપર પ્રેમ તો ખરેખરો છે એમાં શક નહિ! તમારી ધર્મની બાબતમાં સ્થીરતા વખાણવા લાયક છે. તમારા મનમાં ધર્મપર પ્રેમ અને સ્થીરતા કેવાં છે, કેટલાં છે, તેની પરીક્ષા કરવા માટે જ આ સર્વ વાત મેં ઉઠાવી હતી. અત્યારે મારા મનમાં બરાબર ખાતરી થઇ છે કે સ્થીરતાની બાબતમાં તમારૂં મન મેરૂ પર્વતને પણ હઠાવી દે તેવું છે; તો હવે મારી વિજ્ઞપ્તિ એટલીજ છે કે મેં જે વચનો આપને (કુમારને) સંભળાવ્યાં છે તે આપે મનપર લેવાં નહિ અને બીજા અર્થમાં સમજવાં નહિ." મેં પણ તેવો જ સુકો જવાબ આપ્યો 'આર્ય! એમાં તે શું કહેવું! તમારે માટે બીજું ધારવાનું અશક્ય જ છે.' આટલી વાતચીત કરીને દુર્મુખ મારી પાસેથી બહાર ગયો.

દુર્મુખના ગયા પછી મેં મારા મનમાં વિચાર કર્યો કે-દુર્મુખ લુચ્ચો છે અને પાપી છે, માટે એના આચરણમાં અને બોલવામાં

સાચું શું અને કેટલું છે તે કાંઇ કહી શકાય નહિ. એનું કારણ એમ છે કે પ્રથમ એણે મારી સાથે વાત કરી ત્યારે ઘણું વિચારીને બોલતી હોય તેવી રીતે સલાહ આપવા માંડી અને ત્યાર પછી જ્યારે તેણે મારો જવાબ સાંભળ્યો ત્યારે વાત ઉડાવવાનો પ્રયત્ન આદર્યો અને બાજી ફેરવી નાખી. તેથી તેનો આશય જાણવાની જરૂર છે-એ પ્રમાણે વિચારીને મારી પાસે એક ઘણો યુક્તિવાળો ચતુર નામનો આપ્ત હતો તેને આ સર્વ વાત સમજાવીને તપાસ કરવા સારૂ મેં મોકલ્યો. એ ચતુર કેટલાક દિવસ ગયા પછી મારી પાસે આવ્યો અને કહેવા લાગ્યો કે "સાહેબ! આપની પાસેથી નીકળીને હું કુમુખની પાસે ગયો, તેનો કેટલોક વિનય કરીને તેને રાજી કર્યો અને આખરે હું તેની નોકરીમાં જોડાઇ તેનો અંગરક્ષક[1] થયો. પછી ત્યાં શું થાય છે તે જોવા લાગ્યો. કુમુખે બધી જગોએથી મુખ્ય આગેવાન શ્રાવકોને પોતાની પાસે બોલાવીને તેઓને કહ્યું 'અરે! કનકશેખર કુમાર તો ખોટા ધર્મના ઝનુનમાં આવી જઇને જાણે કોઇ ભૂત તેને વળગ્યું હોય નહિ તેમ [illegible] નાશ કરવા ઊભા થયા છે. તેથી હવે પછી કુમાર તમને કાંઇ દાનમાં આપે અને રાજ્યભાગનો જે કાંઇ કર તમારી પાસે વસૂલ કરવાનો રાજ્યને હક થાય, તે બન્ને દાન અને કર તમારે ખાનગી રીતે મને આપી જવાં અને એ હકીકત તમારે ભૂલે ચૂકે પણ કુમારને જણાવવી નહિ. જો એમ કરવામાં તમે જરા પણ ગફલતી કરશો તો [illegible].' કુમુખની આ આજ્ઞા શ્રાવકોએ માથે ચડાવી અને તેઓ અમાત્યની પાસેથી બહાર નીકળ્યા."

કનકશેખર કુમાર નંદિવર્ધન પાસે આ જ વાત જણાવતાં કહેવા લાગ્યો કે ચતુરની આ હકીકત સાંભળીને મેં તે વખતે ચતુરને પૂછ્યું "વિમલાદિને આ હકીકતની ખબર પડી છે?" ચતુરે કહ્યું "હા જી! વિમલાદિને એ સર્વ હકીકતની ખબર પડી છે." ત્યારે વળી મેં પૂછ્યું "કોની પાસેથી એ સર્વ વાત વિમલાદિએ જાણી?" ચતુરે જવાબમાં મને કહ્યું "એ કુમુખની પાસેથી જ સર્વ હકીકત વિમલાદિએ જાણી." ત્યારે વળી મેં [illegible] પૂછ્યું "વિમલાદિએ એ હકીકત સાંભળીને શું કર્યું?" ચતુરે જવાબમાં [illegible] "વિમલાદિએ એ વાત સાંભળીને [illegible]

[illegible]

[illegible]

પોતાના જોરથી જ દુર્મુખ આવું વર્તન કરતો હોત તો તો તેની પુષ્ટતાનું ફળ બરાબર ચખાડી આપત; પણ કોઈ અન્ય માણસ કોઈ કાર્ય કરે અને તેનો નિષેધ કરવામાં ન આવે તો તેમાં સંમતિ જ ગણાય છે એવો નિયમ હોવાથી પિતાજીએ આ બાબતમાં આંખ આડા કાન કર્યા અને દુર્મુખને એવું કામ કરતાં વાર્યો નહિ તેથી પિતાજીની પણ એ બાબતમાં સંમતિ જ જણાય છે. ભગવાને કહ્યું છે કે માતા-પિતાના ઉપકારનો બદલો વળે તેમ નથી, માટે ભગવાનની આજ્ઞા પ્રમાણે પિતાજી સાથે લડવું યોગ્ય નથી અને વળી જે કામ ખાતર લાગ્યું છે–આક્ષેપ કર અને દંડની વસૂલાત કરી લેવાય છે તેને તેવા આકારમાં હું કોઈ રીતે જોઈ શકું તેમ નથી, તેથી અહીંથી ચાલ્યા જવું એજ સારૂં છે. આ પ્રમાણે વિચાર કરીને કોઈને પણ જણાવ્યા વગર માત્ર થોડા ખાસ મિત્રોને સાથે લઈને હું ત્યાંથી નીકળી ગયો અને અહીં આવ્યો. ભાઈ નંદિવર્ધન! આ પ્રમાણે પિતાએ મારૂં અપમાન કર્યું છે એ વાત તારા સમજવામાં આવી ગઈ હશે.[1]



૧ જયસ્થળ નગરમાં નંદિવર્ધન પાસે કનકશેખરે આ પ્રમાણે પોતાના અપમાનની કથા કહી સંભળાવી તે પૃ. ૫૫૪ થી શરૂ થયેલ છે. આ સર્વ હકીકત સંસારીજીવ સદાગમ આગળ કહે છે તે બીજા પ્રસ્તાવથી ચાલુ છે.



પ્રકરણ ૨૦ મું.

વિમલાનના અને રત્નવતી.



નંદિવર્ધન કુમારે કનકશેખરની પૂર્વવાર્તા સાંભળી સહાનુભુતિ દર્શાવતાં કહ્યું "ભાઇ! જણાવ્યું તેવા સંયોગોમાં તેં ત્યાંથી ચાલી નીકળવાનું કામ તો બહુ સારૂં કર્યું! જેઓ પોતાનું સ્વમાન શું છે તે સમજતા હોય તેવા પુરૂષોએ માનની હાનિ કરનારના સંબંધમાં વધારે વખત રહેવું કોઇ પણ રીતે યોગ્ય નથી. લોકોમાં કહેવાય છે કેઃ—

સ્વમાનના વિચાર.

> भास्करस्तावदेवास्ते गगने तेजसां निधिः,
> निर्धूय तिमिरं यावत्कुरुते स जनोत्सवम्।
> यदा तु लक्षयत्येष तमसोऽपि महोदयम्,
> तदा परसमुद्रादौ गत्वा कालं प्रतीक्षते।

"તેજનો ભંડાર સૂર્ય [1]અંધકારને દૂર કરીને લોકોનાં મનને ઉત્સવ કરી શકે છે ત્યાંસુધીજ તે આકાશમાં રહે છે, જ્યારે તે મોટા અંધકારનો ઉદય નજરે જુએ છે ત્યારે બીજા કોઇ સમુદ્રમાં પેસી જઇને રાહ જુએ છે (અને વળી લાગ આવે છે ત્યારે અંધકારનો નાશ કરીને પોતાના પૂર જોરમાં પ્રકાશે છે.)"

કનકશેખરને પાછા તેડવા આવેલા દૂતો.

મેં આવાં વચનો જ્યારે કનકશેખરને કહ્યા ત્યારે તે બહુ ખુશી થયો. આવી રીતે અમે સર્વ પ્રકારના આનંદ અને વાર્તાવિનોદ કરતા હતા. તેવી રીતે દશ રાતદિવસ પસાર થઇ ગયા.

પછી અગ્યારમે દિવસે મારા વાસભુવનમાં અમે બન્ને બેઠા હતા તે વખતે મારા પિતાશ્રી તરફથી સંદેશો લઇને એક માણસ આવ્યો અને અમને બન્નેને પ્રણામ કરીને તેણે કહ્યું "મહારાજા સાહેબે આપ બન્ને રાજકુમારોને આજ્ઞા કરી છે કે તમારે બન્નેએ મહારાજા

---

૧ આ આખી અન્યોક્તિ છે. અંધકારનો ઉદય થાય છે ત્યારે સૂર્ય સમુદ્રમાં પેસી જાય છે. અહીં અંધકાર સાથે દુર્મુખ, સૂર્ય સાથે કનકશેખર, પરસમુદ્ર સાથે જયસ્થળ નગર અને રાહ જોવાની વાત સામાન્ય સમજવી.

પાસે તુરત આવવું." "જેવો પિતાશ્રીનો હુકમ!" એમ કહી અમે બન્ને પિતાશ્રીની પાસે જવા સારૂ નીકળ્યા. અમે હજુ પિતાશ્રી સન્મુખ પહોંચીએ છીએ ત્યાં તો પિતાશ્રીના સભામંડપમાંથી ત્રણ પુરૂષો બહાર આવ્યા, તેઓની આંખોમાંથી એટલાં હર્ષનાં આસું નીકળતાં હતાં કે તેના પ્રવાહથી તેઓની આંખો ધોવાઇ ગઇ હતી. તેઓ કનકશેખરના પગમાં પડ્યા. તેઓ કનકશેખરને શોધવા નીકળેલા પ્રધાન પુરૂષો દેખાતા હતા. મને એ હકીકત જોઇને ઘણી નવાઇ લાગી તેથી મેં પૂછ્યું કે 'ભાઇ! આ પુરૂષો કોણ છે?' તેના જવાબમાં 'એ તો સુમતિ, વરાંગ અને કેશરી છે' એમ બોલતાં બોલતાં કનકશેખરે તેઓને સ્નેહપૂર્વક ઊભા કર્યા અને તેને ભેટી પડ્યો. વળી મેં ફરીને પૂછ્યું કે 'એ કોણ છે?' તેના જવાબમાં કનકશેખર કુમારે જણાવ્યું કે 'એતો મારા પિતાના મોટા પ્રધાનો છે.' અરસપરસ પ્રણામ થઇ ગયા પછી અમે સર્વે પિતાશ્રી પાસે રાજસભામાં આવ્યા અને ત્યાં બેઠા.

પદ્મરાજાએ કહેલો દૂતનો સંદેશો.

પછી મારા પિતાશ્રી પદ્મરાજાએ કનકશેખરને કહ્યું "ભાઇ કનકશેખર! આ તારા પિતાના મંત્રીઓએ મને જે વાત કરી છે તે સાંભળ. 'તેઓ જણાવે છે કે પિતાજીને (કનકચૂડરાજાને) કાંઇ પણ હકીકત જણાવ્યા વગર કુમાર (કનકશેખર) ઘરની બહાર નીકળી ગયા પછી તુરતમાં જ નોકર ચાકરો પાસેથી તેઓશ્રીને ખબર પડી કે રાજકુમાર મંદિરમાં કોઇ જગોએ દેખાતા નથી, એ હકીકત સાંભળતાંજ જાણે તેઓ ઉપર કોઇએ અકસ્માત્ વજ્રનો પ્રહાર કર્યો હોય, જાણે તેઓ દબાઇ ગયા હોય, જાણે તેઓ બીજા જ થઇ ગયા હોય, જાણે ગાંડા થઇ ગયા હોય, જાણે મૂર્છા પામી ગયા હોય, તેમ કાંઇ પણ ચેતના વગરના થઇ ગયા અને રાણી ચૂતમંજરી પણ અત્યંત મુંઝાઇ જઇને જાણે મરવા પડ્યા હોય અથવા તો મરીજ ગયા હોય એમ બે ઘડી તો સ્તબ્ધ થઇને પડી જ રહ્યા. ત્યાર પછી માણસોએ તેઓને કેટલોએ પવન નાંખ્યો, ચંદનનાં વિલેપન કર્યાં અને એવા એવા બીજા ઉપચારો કર્યા ત્યારે તેઓને કાંઇક ધીરજ આવી અને તેઓની મૂર્છા વળી. ત્યાર પછી 'અરેરે પુત્ર! તું ક્યાં ગયો? ક્યાં ગયો!' એમ મહારાજા અને દેવી રડીરડીને બોલવા લાગ્યા અને તેઓને રડતાં જોઇને નોકર ચાકર ભાયાતો તથા આખું રાજસ્થાન રડવા લાગ્યું, તેથી મોટી રડારોળ થઇ રહી. તે વખતે રાજાનું કારભારી-

કનકના જવાથી માતપિતાની દશા.

મંડળ મળ્યું અને તેઓએ રાજાને ધીરજ દેવા માંડી. તેઓએ કહ્યું કે 'આપ કરો છો તે કાંઇ કુમારને મળવાનો ઉપાય નથી, માટે દીલગીરી છોડી દો, ધીરજ રાખો અને કુમારને શોધવાનો પ્રયત્ન કરો.' રાજાએ તેઓનું તે વચન જરા પણ સાંભળ્યું જ નહિ અને પોતે વધારે વધારે દીલગીરી કરવા લાગ્યા.

કુમારનો પત્તો અને દુર્મુખને દેશવટો.

"'એવી હકીકત જોઇને કુમારના સેવક ચતુરે પોતાના મનમાં વિચાર કર્યો કે–રાજા એટલો બધો શોક અત્યારે કરે છે કે જો એમને એમ ચાલશે તો જરૂર એમના પ્રાણ જશે, માટે હવે એ બાબતમાં બેદરકારી રાખવી ઠીક નથી–એવો વિચાર કરીને તે તુરત જ રાજાને પગે પડ્યો અને 'કુમાર અહીંથી કારણસર બહાર ચાલ્યા ગયા છે.' એટલી હકીકત જણાવી. 'કુમાર હજુ ચોક્કસ જીવે છે'–એટલી ખાત્રી થતાંજ રાજાને ફરીવાર શુદ્ધિ આવી. પછી તેમણે ચતુરને પૂછ્યું કે 'કુમાર શા માટે અને ક્યાં ગયો છે?' ચતુરે ઉત્તરમાં જણાવ્યું કે 'અહીંથી ચાલ્યા જવાનું કારણ મને કુમારશ્રીએ જણાવ્યું નથી. બાકી જરા ચતુર (ડાહ્યો) હોવાથી મેં તે ક્યાં ગયા છે તે જાણી લીધું છે; તેટલા ઉપરથી અટકળ કરીને કહું છું કે એ જયસ્થળ નગરે પોતાની ફોઇ પાસે ગયેલા હશે. નંદા બા (નંદિવર્ધનની માતા)ને કુમાર ઉપર બહુ પ્રેમ છે અને પદ્મરાજા પણ તેમનાપર બહુ હેત રાખે છે. કુમારની સાથે મારે વધારે પરિચય હોવાથી આટલી હકીકત હું અટકળથી ધારૂં છું અને મને ખાતરી છે કે જો તે અહીંથી ચાલ્યા જાય તો તેના મનને સંતોષ મળે તેવું સ્થાન નંદાબાનું રાજ્ય જ છે, સિવાય બીજી કોઇ જગાએ કુમારશ્રી જાય એમ મને લાગતું નથી.' રાજાએ તે વખતે ચતુરના વખાણ કરીને તેને ઇનામમાં મોટું દાન આપ્યું. રાજાને તપાસ કરતાં જણાયું કે એ સર્વ અનર્થનું કારણ પેલો દુર્મુખ મંત્રી જ છે એટલે તેના આખા કુટુંબ સાથે તેને પોતાના દેશથી બહાર કાઢી મૂક્યો. વળી તેજ વખતે પિતાશ્રી કનકચૂડ રાજાએ તથા દેવી ચૂતમંજરીએ પ્રતિજ્ઞા કરી કે 'જ્યાં સુધી આપણે કુમારનું મ્હોડું જોઇએ નહિ ત્યાં સુધી આપણે આહાર લેવો નહિ અને શરીરે ન્હાવું ધોવું કે બીજા કાંઇ પણ સંસ્કાર કરવા નહિ.'

"'[1]હવે વળી તેજ દિવસે એક દૂત[2] ત્યાં (કુશાવર્તપુરમાં) આવી

---

૧ કનકચૂડના દૂતોએ પોતાને જણાવેલી હકીકત પદ્મરાજા કનકશેખર કુમાર પાસે કહી સંભળાવે છે અને નંદિવર્ધન બાજુમાં બેસી સાંભળે છે.

૨ આ દૂતનું નામ વિકટ છે તે પ્રકરણ ૨૩ માં જણાશે.

પહોંચ્યો. તેણે રીતસર નમસ્કારાદિનો વિવેક કરીને કનકચૂડ રાજાને વિજ્ઞપ્તિ કરી જણાવ્યું કે 'દેવ! વિશાળા નામની નગરી છે, ત્યાં નંદન નામના રાજા રાજ્ય કરે છે, તેમને પ્રભાવતી અને પદ્માવતી નામની બે રાણીઓ છે. તે બન્ને રાણીઓથી રાજાને બે પુત્રીઓ થઇ છે, તેઓનાં નામ અનુક્રમે વિમલાનના અને રત્નવતી છે. હવે એ રાજાની બે રાણીઓ પૈકી પ્રભાવતી રાણીનો ભાઇ પ્રભાકર નામનો કનકપુરનો રાજા છે, તેને બંધુસુંદરી નામની રાણી છે. તેનાથી તેને વિભાકર નામનો પુત્ર થયો છે. એ ભાઇ બહેન પ્રભાકર અને પ્રભાવતીને ત્યાં અનુક્રમે વિભાકર અને વિમલાનના જન્મ્યા તે પહેલાં તેઓ બન્નેએ એવો વિચાર કર્યો હતો કે જો આપણા બન્નેમાંથી કોઇને દીકરી થાય અને બીજાને દીકરો આવે તો એકે પોતાની દીકરી બીજાના દીકરાને દેવી. ત્યાર પછી રાણી પ્રભાવતી જેને વિશાળા નગરીના નંદનરાજા સાથે પરણાવ્યા હતા તેમને વિમલાનના નામની દીકરી થઇ અને તેના ભાઇ પ્રભાકરને વિભાકર નામનો પુત્ર થયો. તેથી ઉપર જણાવેલી શરત પ્રમાણે વિભાકર અને વિમલાનનાનું જન્મ પહેલા વેવિશાળ થઇ ચૂક્યું હતું અને વિમલાનના વિભાકરને દેવાઇ ગયેલી હતી. હવે એ વિમલાનનાએ એક વખતે બન્દી જનોના મુખેથી કુમાર કનકશેખરનું નામ સાંભળ્યું, તે સાથે બંદીજનો તેના અનેક ગુણો માટે બહુ મોટેથી વખાણ કરતા હતા તે તેણે સાંભળ્યા. કનકશેખર[1] કુમારના એવા વખાણ સાંભળીને વિમલાનનાને તેના ઉપર ઘણોજ રાગ ઉત્પન્ન થયો તેથી જાણે પોતાના ટોળાથી છૂટી પડી ગયેલી હરણી હોય, પોતાના સહચર (પતિ)થી વિયોગ પામેલી ચક્રવાકી[2] હોય, સ્વર્ગલોકમાંથી બહાર કાઢી મૂકેલી જાણે દેવાંગના હોય, માનસ સરોવરની પાળો મૂકી દઇને દૂર ગયેલી [3]કલહંસી હોય, જુગટું રમનારી સ્ત્રી જાણે તેના સાધન વગરની થઇ ગઇ હોય, તેવી રીતે તે તદ્દન શુન્ય હૃદય-

વિશાળાથી આવેલો દૂત.

---

૧ વિશાળા નગરીના દૂતો કનકશેખરના પિતા પાસે વાત કહે છે તે ચાલુ છે. કનકશેખરની પાસે તેના પિતાના દૂતોએ કહેલી વાત પદ્મરાજ કહી સંભળાવે છે. નંદિવર્ધન કુમાર હાજર છે—આખી વાત સંસારીજીવ સદાગમ સમક્ષ કહી સંભળાવે છે.

૨ ચક્રવાક અને તેની સ્ત્રી નિરંતર સાથેજ રહે છે અને વિયોગ થાય ત્યારે મોટેથી રડ્યા કરે છે.

૩ હંસો માનસ સરોવર પરજ રહે છે, ત્યાંથી દૂર જાય તે તેમને ગમતું નથી, તેઓ ત્યાંજ રહી ક્રીડા કરે.

વાળી થઇ ગઇ અને અત્યંત મુંઝવણમાં આવી પડી હોય તેવી જ ણાવા લાગી; પછી તો તે વીણા પણ વગાડે નહિ, દડો ઉછાળવાન રમત કરે નહિ, શરીરપર મેંદી કે ચંદનનાં ચિત્રો કાઢે નહિ, ચિત્રકળ તથા બીજી કળાઓ પર જરા પણ લક્ષ્ય આપે નહિ, શરીર ઉપ શણગાર સજે નહિ, કોઇ કાંઇ પૂછે તો તેને કાંઇ ઉત્તર આપે નહિ દિવસ છે કે રાત છે તેનો વિચાર પણ કરે નહિ; માત્ર જાણે પોતે જોગણ (યોગિની)[1] હોય તેમ આંખોને જરા પણ હલાવ્યા ચલાવ્ કે મટમટાવ્યા વગર કોઇને પણ અવલંબન કર્યા વગર નિશ્ચળ આંખે કોઇ વસ્તુનું ધ્યાન કરીને બેસી રહેવા લાગી. આવી હકીકત જોઇને

તેમણે વર્ણવેલી વિમલાનનાની સ્થિતિ અને તેનાં કારણો.

માણસો સર્વ ગભરાઇ ગયા, પણ આવો મોટો ફેર ફાર એકદમ શા કારણે થઇ ગયો તે સમજી શક્યા નહિ. તેઓ સર્વદા પ્રેમપૂર્વક તેની નજીક રહેનારા હોવાથી તેઓને વિચાર કરતાં કરતાં યાદ આવ્યું કે-કુમાર શ્રીકનકશેખરનું નામ સાંભળ્યા પછી બહેનની આવી સ્થિતિ એકાએક થઇ આવી છે-તેટલા ઉપરથી ચોક્કસ એમ જ લાગે છે કે એ કનકશેખરે આ બહેનનું મન ચોર્યું હશે. માટે આપણે વખત વિ- ચારીને આ હકીકત પિતાજી નંદન રાજાને જણાવવી કે જેથી બહેનના ચિત્તને ચોરવાનો[2] ગુન્હો કરનારને એ રાજા અવશ્ય પકડી પાડી બ- રાબર સપાટામાં લે-(કારણ ચોરને પકડવો એ રાજધર્મ છે)-એ પ્રમાણે વિચાર કરીને તેઓએ સર્વ હકીકત નંદન રાજાને જણાવી. પિતાએ વિચાર કર્યો કે-એની માએ (પોતાની સ્ત્રી પ્રભાવતીએ) તો એને જન્મ પહેલાં વિભાકર સાથે વેવિશાળ સંબંધથી જોડી દીધી છે, પણ જો હાલ હું એ દીકરીના સંબંધમાં કાંઇ નહિ કરૂં તો એના પ્રાણ

વ્યવહાર પિ તા.

રહેવા પણ મુશ્કેલ છે, માટે એને કનકશેખર પાસે મોકલાવી દઉં-એ એની મેળે કનકશેખરને વરશે (પરણશે); આવી અવસ્થામાં તેના સંબંધમાં વખત કાઢવો ઠીક નથી, પછવાડેથી વિભાકરને સંભાળી લેવાશે-આવો વિચાર કરી તેઓ તુરત જ વિમલાનના પાસે આવી કહેવા લાગ્યા 'દીકરી! જરા ધીરી થા, દીલગીર ન થા, તું કુશાવર્તનગરે કનકશેખર પાસે જા.' એ પ્રમાણે મધુર વચનથી દીકરીને વાત કરીને

---

૧ યોગિની સાલંબન કે નિરાલંબન ધ્યાન કરે છે ત્યારે આવી એકાગ્રવૃત્તિ કરે છે, સાધ્યમાં ફેર છે, પણ બાહ્ય વર્તન તો યોગની જેવું જ છે.

૨ અહીં ચોરી આલંકારિક અર્થમાં સમજવાની છે.

નંદન રાજાએ તેને કુશાવર્તપુરે મોકલવાનો હુકમ કર્યો. એ વખતે વિમલાનનાની બહેન રત્નવતીએ પણ પિતાને વિજ્ઞપ્તિ કરી કે 'પિતાજી! હું મારી બહેન વિમલાનના વગર એક ક્ષણ પણ રહી શકું તેમ નથી, માટે આપ રજા આપો તો હું પણ બહેનની સાથે જઉં. માત્ર વાત એટલી કે હું કનકશેખરને વરીને મારી બહેનની શૉક નહિ થાઉં! સ્ત્રીઓમાં અરસ્પરસ ગમે તેટલો પ્રેમ હોય પણ જો તેઓને શૉક તરીકે રહેવું પડે તો સ્નેહ જરૂર તુટી જાય છે. માટે વિમલાનનાના પતિના કોઇ વહાલા મિત્રની હું સ્ત્રી થઇશ.' રત્નવતીના આવા વિચારો સાંભળી નંદનરાજાએ કહ્યું–'દીકરી! તને ગમે તે કર. મને ખાતરી છે કે મારી દીકરી પોતાની જાતે કદિ પણ અનુચિત કામ કરશે જ નહિ.' રત્નવતીએ પિતાની હકીકત આરે ચઢાવી અને તે પણ વિમલાનનાની સાથે ચાલી નીકળી. [1]ત્યાંથી રાતદિવસ પ્રયાણ કરતાં, મહારાજ! વિમલાનના અને રત્નવતી આજે અહીં આવી પહોંચ્યા છે અને નગરની બહાર બગીચામાં રોકાયા છે. આ હકીકત આપ મહારાજાને નિવેદન કરવા તેમણે મને મોકલ્યો છે. હવે આપ તે બાબતમાં યોગ્ય લાગે તેમ ફરમાવો.'

રત્નવતીનો નિર્ણય.

"મહારાજા [2]કનકચૂડે આ હકીકત સાંભળી એટલે એમને એક તરફથી ઘણો હર્ષ થયો અને બીજી તરફથી અત્યંત ખેદ થયો. પછી ચાર પ્રધાનમાંના શૂરસેનને તેમણે આજ્ઞા કરી કે તેણે આવેલી કન્યાઓને સારો ઉતારો આપવો અને તેની યોગ્ય ખાતર બરદાસ્ત કરવી અને અમને સુમતિ વરાંગ અને કેશરીને બોલાવીને આ પ્રમાણે કહ્યું 'અરે પ્રધાનો! નંદન રાજાની એ દીકરીઓ આપણે ત્યાં આવી રીતે કુમારને અને તેના મિત્રને વરવા માટે આવી છે તે ઘણા આનંદની વાત થઇ છે, પણ અત્યારે કનકશેખર કુમારનો વિરહ હોવાથી તે વાત વિરહની અગ્નિમાં જાણે વધારે ઘી હોમાતું હોય તેવી અથવા ઘા ઉપર લુણ (મીઠું) મૂકવા જેવી લાગે છે. માટે તમે ત્રણે જયસ્થળ નગરે (પદ્મરાજાની રાજધાનીએ) જાઓ. મને ખાત્રી છે કે કુમાર ત્યાંજ ગયેલ છે. તમે

દૂતપ્રેષણ.

---

૧ નંદનરાજાના દૂતે કનકચૂડ રાજાને એ સર્વ વાત કહેલ છે તે કનકચૂડના પ્રધાનોએ પદ્મરાજાને કહેલ છે તે સર્વ વાત કનકશેખર અને નંદિવર્ધન પાસે પદ્મરાજા તેજ શબ્દોમાં કહી સંભળાવે છે.

૨ મહારાજા પદ્મરાજા કનકચૂડના દૂતોએ રજુ કરેલી હકીકત કનકશેખર કુમારને આગળ જણાવતાં કહે છે.

મારા બનેવી પદ્મરાજાને મારી અવસ્થા કેવી થઇ છે અને કન્યાએ (વિમલાનના અને રત્નવતી) અહીં આવેલી છે તે સંબંધી વિગતવાર સમાચાર નિવેદન કરો. મને ચોક્કસ ખાત્રી છે કે એ બન્ને કારણે સમજી જઇને પદ્મરાજા કનકશેખર કુમારને તુરતજ અહીં મોકલી આપશે. વળી તમારે પદ્મરાજાની રજા મેળવીને કુમાર નંદિવર્ધનને પણ અહીં સાથે તેડતા આવવો, કારણ કે મારા વિચાર પ્રમાણે રત્નવતીનો વર થવાને તે જ યોગ્ય છે'! કનકચૂડ રાજાનાં આવાં વચનો સાંભળી (દૂતો કહે છે કે) અમે તેની આજ્ઞા માથે ચઢાવી. આ હેતુથી અમે અત્રે આવ્યા છીએ,'[1]

"કુમાર કનકશેખર[2]! આ પ્રમાણે તારા પિતાના ત્રણે દૂતોએ અમને લંબાણથી હકીકત કહી સંભળાવી છે. આ પ્રમાણે હોવાથી હવે તું અહીંથી સત્વર જા. જોકે તેમ થવાથી તારો વિરહ અમને થશે તે અમારૂં હૃદય કબૂલ કરે તેમ નથી અને તેથી અમે મ્હોઢે બોલી શકીએ તેમ નથી, તોપણ જવાનું કારણ પ્રબળ હોવાથી અને હકીકત ગંભીર હોવાથી અમારે દીલગીરી સાથે કહેવું પડે છે કે તમારે હવે જરા પણ વખત અહીં કાઢવો નહિ. અહીંથી એકદમ કુશાવર્તનગરે જવું અને તમારે બન્નેએ સર્વ પ્રકારે કનકચૂડ રાજાના મનને આનંદ ઉપજાવવો."

બન્ને કુમારોનું પ્રયાણ.

પિતાશ્રીનો એવો હુકમ સાંભળીને એમ થવાથી અમારો બન્નેનો પરસ્પર વિયોગ થશે નહિ એટલે પિતાએ આજ્ઞા પણ બહુ સારી કરી-એવું વિચારતાં મેં અને કુમાર કનકશેખરે પિતાશ્રીને કહ્યું-'જેવી પિતાશ્રીની આજ્ઞા.' એ જ વખતે પિતાશ્રીએ આનંદમાં આવીને પ્રયાણ કરવા યોગ્ય ચતુરંગ સેનાને તૈયાર કરવાનો હુકમ આપ્યો અને તેના ઉપર પ્રધાન પુરૂષોની નીમણુક કરી આપી અને પ્રયાણ યોગ્ય ઉચિત મંગળો કરીને અમને બન્નેને વિદાય કર્યા. મેં જ્યારે પ્રયાણ કર્યું ત્યારે મારી સાથે મારા અંતરંગ રાજ્યમાં રહેલા વૈશ્વાનરે પણ મારી સાથે પ્રયાણ કર્યું. તેની સાથે વળી ગુપ્ત રૂપે પુણ્યોદય મિત્રે પણ સાથેજ પ્રયાણ કર્યું. આવી રીતે પ્રયાણ કરતાં કરતાં અમે કેટલોક રસ્તો કાપી નાખ્યો.

---

૧ દૂતોએ કહેલી હકીકત પદ્મરાજા કનકશેખર પાસે ફરી કહે છે. જુઓ પૃ. ૫૬૪

૨ દૂતોએ કહેલી વાત પૂરી કરીને હવે પદ્મરાજા પોતે કનકશેખર કુમારને કહે છે.



પ્રકરણ ૨૧ મું.

[1]રૌદ્રચિત્તે હિંસાલગ્ન.



આમે ચાલતાં ચાલતાં રૌદ્રચિત્ત નામના નગરમાં આવી પહોંચ્યા. તે નગરનું વર્ણન તેમજ તેના અધિરાજ અને તેના નજીકના પરિવારનું વર્ણન ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. બહુ વિચારણીય હોવાથી અત્ર વિસ્તારથી તે આપવામાં આવ્યું છે.

રૌદ્રચિત્ત નગર.

હવે એક ચોરની પલ્લી જેવું રૌદ્રચિત્ત નામનું નગર છે. તે દુષ્ટ લોકોને રહેવાનું સ્થાન છે, અનર્થ રૂપ વૈતાળોની જન્મભૂમિ છે, નરકનું દ્વાર છે અને આખા ભુવનને સંતાપનું કારણભૂત છે.

કોઇને ફેંસી નાખવા, કોઇનાં માથાં કાપી નાખવાં, કોઇને યંત્રમાં પીલીને દાબી દેવા, કોઇને મારી નાખવા—આવા આવા જે ભાવો પ્રાણીઓને ભયંકર સંતાપ ઉત્પન્ન કરનાર છે તે ભાવ રૂપ લોકો એ રૌદ્રચિત્ત નગરમાં સદાને માટે રહેતા હોવાથી એ નગરને 'દુષ્ટ લોકોને રહેવાનું સ્થાન' કહેવામાં આવ્યું છે.

કલહની વૃદ્ધિ, પ્રીતિનો છેદ, વૈરનું સાંધણ, માબાપને અને છોકરાં વિગેરેને મારવામાં નિષ્ઠુરતા વિગેરે વિગેરે અનેક અનર્થો જે લોકોમાં માનવા પણ મુશ્કેલ પડે તેવા હોય છે તે કોઇ પણ જાતના આંચકા વગર આ રૌદ્રચિત્ત નગરમાં પ્રાપ્ત થાય છે તેટલા માટે એ નગરને 'અનર્થ રૂપ વૈતાળોની જન્મભૂમિ' કહેવામાં આવ્યું છે.

હવે તે નગરને 'નરકનું દ્વાર' શામાટે કહેવામાં આવ્યું છે તેનું કારણ કહે છે: પોતાનાં પાપના ભારથી જે પ્રાણીઓ નર-

---

[1] આની સાથે ચિત્તવૃત્તિ નગર, શુભપરિણામ રાજા, નિષ્પ્રકંપતા દેવી અને ક્ષાંતિકુમારીનું વર્ણન સરખાવો જુઓ પૃ. ૩૬૦ થી ૩૬૭ (પ્ર. ૩-પ્ર ૨)

બાળી નાખે છે અને બીજા લોકો એને સંતાપ આપવાનો-એની ઇચ્છાઓ પૂરી પાડવાનો કાંઇ ઉપાય વેઠી પણ શકતા નથી તેટલા માટે તેને 'સ્વભાવથીજ ઊંધી પ્રકૃતિવાળો' કહેવામાં આવ્યો છે.

આ સંસારમાં જ્યાં સુધી દુષ્ટાભિસંધિ રાજા વચ્ચે પડી નીતિનો વિયોગ સદાને માટે કરાવતો નથી ત્યાં સુધી દુનિયામાં નીતિ ચાલે છે, પણ જ્યારે એ મહારાજા પ્રગટ થાય છે એટલે નીતિ અને ધર્મ કોઇ બીજી જગાએ જ પલાયન કરી જાય છે તેથી બુદ્ધિમાન અનુભવીઓએ તેને 'નીતિના રસ્તાઓના લોપ કરનાર' તરીકે વર્ણવેલો છે.]

નિષ્કરૂણતા રાણી.

પારકી પીડાઓને નહિ જાણનારી, પાપના રસ્તાઓમાં કુશળ, ચોર લોકો ઉપર પ્રેમ રાખનારી અને પોતાના પતિ ઉપર અનુરક્ત (આસક્ત) અને અગ્નિ જેવો પ્રજ્વલિત આકાર ધારણ કરનારી (તે દુષ્ટાભિસન્ધિ મહારાજાને) નિષ્કરૂણતા નામની મહાદેવી છે.

[સદરહુ દુષ્ટાભિસન્ધિ રાજા લોકોને જુદા જુદા પ્રકારની કદર્થનાઓ ઉપજાવ્યા કરે છે. તે વખતે તેવી રીતે પીડા પામતા લોકોને જોઇને તેઓની ઉપર દયા લાવવાને બદલે આ રાણી મોટેથી હસે છે અને લોકોને પીડા પામતાં જોઇને વધારે રાજી થાય છે અને તેમ કરીને તેઓને ઉલટી વધારે પીડા ઉપજાવે છે માટે તે મહાદેવીને 'પારકી પીડાઓને નહિ જાણનારી' તરીકે વર્ણવવામાં આવી છે.

આંખોનું કોરી નાંખવું, મસ્તકનો છેદ કરવો, નાક કાન કાપી નાખવાં, ચામડી ઉતારી નાખવી, અંગ તોડી નાખવા, ખેરના લાકડાની જેમ શરીરને કુટવું-એ અને એવા એવા પ્રાણીઓને પીડા આપવાના બીજા જે જે પ્રકારો છે તે સર્વમાં એ મહાદેવીએ ઘણી ઉસ્તાદી મેળવેલી હોવાથી તે દેવીને 'પાપના રસ્તાઓમાં કુશળ' તરીકે વર્ણવવામાં આવી છે.

આખા ભુવનને મોટો સંતાપ કરનારા અને પરદ્રોહ[1] વિગેરે અધમ ચેષ્ટાઓ કરનારા દુષ્ટ લોકો એ રૌદ્રચિત્ત નગરમાં રહે છે તે સર્વ ઉપર એ મહાદેવીનો ઘણો પ્રેમ છે અને તેને પોતે

---

૧ પરદ્રોહ: અનિષ્ટ ચિન્તન, વૈર પૂર્વક અપકાર.

પોતાના ખાસ જમાદારો બનાવે છે તેથી 'ચોર લોકો ઉપર પ્રેમ રાખનારી' તરીકે એ મહાદેવીને વર્ણવવામાં આવેલી છે.

પોતાના પતિમાં પરાયણ તે મહાદેવી દુષ્ટાભિસન્ધિ રાજાને પરમાત્મા જેવો ગણે છે અને તેની તેહનાતમાં રાતદિવસ હાજર રહે છે, તેનું શરીર કે તેનું પડખું કદિપણ છોડતી નથી અને તેના બળને એકઠું કરી આપે છે-તેટલા માટે તે મહાદેવીને 'પોતાના પતિ ઉપર અનુરક્ત' તરીકે ઉપર વર્ણવવામાં આવી છે.

હિંસા દીકરી.

એ નિષ્કરૂણતા મહાદેવીને એ રૌદ્રચિત્તપુરની હીન સમૃદ્ધિમાં ઘણો મોટો વધારો કરનારી, તે નગરમાં રહેનારા લોકોનો મોટો ચાહ મેળવનારી, માત પિતા તરફ વિનયવાળી અને રૂપમાં જાણે બીજી ભયંકર આકૃતિવાળી સાક્ષાત જાણે કાળકૂટ ઝેરનીજ બનાવેલી હોય તેવી એક હિંસા નામની દીકરી છે.

૧ જ્યારથી એ દીકરીનો જન્મ થયો છે ત્યારથી રૌદ્રચિત્તપુર નગર આગળ વધવા માંડ્યું, રાજા શરીરે રૂષ્ટ પુષ્ટ થયો, મહાદેવી પણ પુષ્ટ થયાં અને લોકો પોતાનાં નિંદ્ય કર્મોમાં વધારે વધારે પ્રવર્તવા લાગ્યા તેટલા માટે એ કન્યાને 'રૌદ્રચિત્તપુરની હીન સમૃદ્ધિમાં ઘણો મોટો વધારો કરનારી' તરીકે વર્ણવવામાં આવી છે.

ઈર્ષ્યા, દ્વેષ, મત્સરતા, ક્રોધીપણું, અશાંતિ વિગેરે વિગેરે એ રૌદ્રચિત્તપુરના મોટા મોટા શહેરીઓ પ્રસિદ્ધ કીર્તિવાળા અને [illegible] હતા તેઓને મહારાજાની આ હિંસા નામની દીકરી ઘણું આનંદ આપનારી જણાતી હતી; એકના ખોળામાંથી [illegible] બીજા શહેરીના ખોળામાં તે બેસી જતી હતી અને એક શહેરી તેને પોતાના હાથ પરથી બીજાના હાથપર આપતો હતો. આવી રીતે એક ખોળામાંથી બીજાનામાં અને એક હાથથી બીજા હાથમાં જ્યારે તે જતી ત્યારે તે લોકો તેને વહાલથી ચુંબન કરતા હતા અને તેવી રીતે નગરજનોના ચિત્તની [illegible] પ્રમાણે તે [illegible] હતી તેટલા માટે 'તે નગરમાં રહેનારા લોકોનો મોટો ચાહ મેળવનારી' તે [illegible] કહેવામાં આવ્યું છે.

૧ [illegible]

દુષ્ટાભિસન્ધિ રાજા તેને કાંઇ પણ હુકમ કરે તેનો તે દીકરી કદિ પણ અનાદર કરતી નહોતી અને નિષ્કરૂણતા માતા જે કાંઇ ફરમાવે તેને પણ બરાબર અનુસરતી હતી, પોતાના માબાપની બની શકે તેટલી ચાકરી કરવા તે નિરંતર તત્પર રહેતી હતી તેટલા માટે તેને 'માત પિતા તરફ વિનયવાળી' કહેવામાં આવી છે.

હવે તે હિંસા પુત્રીને 'રૂપમાં ઘણીજ ભયંકર આકૃતિવાળી' શામાટે કહેવામાં આવી છે તેનું કારણ કહું છું તે સાંભળો: એ દીકરીનું નામજ એટલું ભયંકર હતું કે તે સાંભળવાથી લોકોનાં મનમાં ત્રાસ થઇ જાય તો પછી તેને જ્યારે સાક્ષાત્ નજરે જુએ ત્યારે તો તે કેટલી ભયંકર લાગતી હશે તેનો ખ્યાલ તમેજ કરો. પોતાનું માથું નીચું કરીને તેનાવડે પ્રાણીને ધક્કો મારી નરકરૂપ મહા ઊંડા ભયંકર ખાડામાં તે નાખી દે છે અને ત્યાં પ્રાણીને અત્યંત સંતાપનું કારણ બને છે. એ સર્વ પ્રકારનાં પાપનું મૂળ છે, સર્વ ધર્મનો નાશ કરનારી છે, એ અંતરમાં તાપ લાવનારી છે અને એની શાસ્ત્રકારોએ વારંવાર નિંદા કરેલી છે–ઘણું શું કહેવું! ટુંકામાં કહીએ તો જેવી ભયંકર આકૃતિવાળી એ હિંસા દીકરી છે તેના જેટલી ભયંકર આ દુનિયામાં બીજી કોઇ સ્ત્રી નથી.

તામસચિત્ત નગરનો પરિવાર.

હવે એક તામસચિત્ત[1] નામનું નગર છે. ત્યાં મહામોહ નરપતિનો દ્વેષગજેંદ્ર નામનો છોકરો રહે છે. અગાઉ વાર્તામાં એમ કહેવામાં આવ્યું હતું કે મારો મિત્ર વૈશ્વાનર અવિવેકિતા નામની[2] બ્રાહ્મણીનો દીકરો છે. એ અવિવેકિતા બ્રાહ્મણી આ દ્વેષગજેન્દ્રની સ્ત્રી થાય છે; મતલબ મારો વૈશ્વાનર મિત્ર આ દ્વેષગજેન્દ્રનો દીકરો થાય છે. હવે વાત એમ બની હતી કે મારો મિત્ર વૈશ્વાનર જ્યારે એ અવિવેકિતાના પેટમાં હતો ત્યારે કોઇ કારણને લઇને એ અવિવેકિતા દેવી પોતાના તામસ-

---

૧ અહીં રૌદ્રચિત્તપુર અને તામસચિત્ત નગરની સ્પષ્ટતા વાંચનારે કરી લેવી. રૌદ્રચિત્ત નગરમાં હિંસાને લગતી વાતો આવશે. એનો દુષ્ટાભિસન્ધિ રાજા કર છે, કરૂણા વગરની નિષ્કરૂણતા રાણી છે અને હિંસા દીકરી છે. એ પ્રથમ પાપસ્થાનકને ઉદ્દેશે છે. તામસચિત્ત નગરમાં ક્રોધ-પ્રથમ કષાય મુખ્યપણે વર્ણવ અને તેની સર્વ હકીકત એ નગરને અંગે આવશે. વૈશ્વાનર એ ક્રોધ છે. અહીં હિંસા અને ક્રોધના વિષયને સાંધી લીધેલ છે એ ધ્યાનમાં રાખવું.

૨ જુઓ આગાઉ પૃ. ૩૪૬.

ચિત્ત નગરથી નીકળીને રૌદ્રચિત્ત નગરમાં આવી હતી. એ તામસ ચિત્ત નગર કેવું છે, એ દ્વેષગજેન્દ્ર રાજા કેવા છે, તેની અવિવેકિતા રાણી કેવી છે અને તામસચિત્ત નગરથી રૌદ્રચિત્તપુર નગરમાં એ અવિવેકિતાને જવાનું કારણ શું બન્યું હતું તે સર્વ અમે આગળ જતાં કહીશું.[1] ભદ્રે અગૃહિતસંકેતે[2]! આ બધી હકીકતની મને તે વખતે તો જરા ખબર પણ પડી નહોતી અને મને એ વાતની ગંધ પણ આવી નહોતી; આ સદાગમ મહાત્માની કૃપાથી હમણા એ સર્વ હકીકત મારા સમજવામાં આવી છે તે હું તને કહું છું. વાત ઘણી આશ્ચર્ય ઉપજાવે અને વિચારમાં નાખી દે તેવી છે તેથી તે બરાબર સાંભળજે અને પછી વિચારજે.

હિંસા સાથે નંદિવર્ધનનું લગ્ન.

એ અવિવેકિતા રૌદ્રચિત્ત નગરમાં આવીને કેટલોક વખત રહી. તેને દુષ્ટાભિસન્ધિ રાજા સાથે વધારે ગાઢ પરિચય થયો. અસલમાં વાત એમ હતી આ દુષ્ટાભિસન્ધિ રાજા જે પલ્લીપતિ હતો તે અવિવેકિતાના પતિ દ્વેષગજેંદ્રનો ખાસ સંબંધી હતો તેથી તે રાણી અવિવેકિતાનો દાસ હોય તેમ વર્તતો હતો. હું જ્યારે [3]મનુજગતિ નગરીમાં આવ્યો છું એમ એ અવિવેકિતા બ્રાહ્મણીને ખબર પડી ત્યારે તેને મારા ઉપર ઘણો પ્રેમ હોવાથી રૌદ્રચિત્ત નગરથી નીકળીને તે મારી પાસે મનુજગતિ નગરીમાં આવી પહોંચી અને જે દિવસે મારો જન્મ થયો તેજ દિવસે તેણે વૈશ્વાનર નામના પુત્રને જન્મ આપ્યો. જેમ હું વધતો ગયો તેમ તે વૈશ્વાનર પણ મોટો થવા લાગ્યો. જ્યારે વૈશ્વાનર સમજણો થયો ત્યારે પોતાના સ્નેહીઓ સંબંધીઓ કોણ કોણ હતા તે સર્વ હકીકત અવિવેકિતાએ તેને કહી બતાવી હતી. વૈશ્વાનર તો મારી સાથે જ રહેતો.

સંબંધ-દર્શન.

હવે અમે જ્યારે કુશાવર્તપુરે જવા માટે પ્રયાણ કરતા અરધેક રસ્તે આવ્યા ત્યારે મારા પ્રિય મિત્ર વૈશ્વાનરના મનમાં એવી બુદ્ધિ ઉત્પન્ન થઇ કે—આ નંદિવર્ધન કુમારને રૌદ્રચિત્ત નગરે લઇ જઉં અને મહેનત કરી દુષ્ટાભિસન્ધિને સમજાવી તેની હિંસા નામની

વૈશ્વાનરસાથે રૌદ્રચિત્તપુરે.

---

૧ જુઓ પ્રસ્તાવ ચોથો, પ્રકરણ ત્રીજું; ત્યાં દ્વેષગજેંદ્રનું પણ વર્ણન આવશે.

૨ સંસારીજીવ સદાગમ સમક્ષ પોતાની વાત અગૃહિતસંકેતાને ઉદ્દેશીને કહે છે.

૩ એટલે જ્યારે હું મનુષ્ય થયો ત્યારે અવિવેક અને ક્રોધ સાથે જ જન્મ્યા. જુઓ પૃ. ૩૪૬.

દીકરીનું લગ્ન મારા તે મિત્ર સાથે કરાવી આપું. જો એ બન્નેનાં લગ્ન થઇ જાય તો મારાં સર્વ (ધારેલાં) કાર્યો કરતાં કુમાર જરા પણ આંચકો ખાય નહિ અને મારૂં કામ બરાબર સિદ્ધ થઇ જાય-આ પ્રમાણે પોતાના મનમાં વિચાર કરીને તેણે મને કહ્યું કે 'ચાલો, આપણે રૌદ્રચિત્ત નગરે જઇએ.' મેં જવાબમાં કહ્યું કે 'ભલે! પણ કનકશેખર વિગેરેને પણ સાથે લઇએ.' વૈશ્વાનરે કહ્યું 'એ નગરમાં તેઓ પ્રવેશ કરી શકશે નહિ, કારણ કે રૌદ્રચિત્ત નગર અંતરંગમાં આવેલું છે, તેથી તારા સગા એવી કે. માણસો વગર. માત્ર મારી મદદથીજ ત્યાં તું એકલો જઇ શકીશ.' આવાં તેનાં વચન સાંભળીને કુમાર (હું પોતે) તેનું વચન ઉત્થાપી શકતો ન હોવાને લીધે, તેના ઉપર મારો ઘણો સ્નેહ હોવાને લીધે, મારૂં મન અજ્ઞાનમાં તરબોળ થયેલું હોવાને લીધે, તે માણસ મારો ખરેખરો દુશ્મન છે એ હકીકત હું તે વખતે સમજતો ન હોવાને લીધે, પોતાના આત્માનું ખરૂં હિત અને અહિત શેમાં અને કયાં રહ્યું છે તેનો મને તે વખતે વિચાર ન હોવાને લીધે અને ભવિષ્યમાં એથી કેટલા ત્રાસો અને હેરાનગતિઓ થશે તે પ્રથમથી જાણેલ ન હોવાને લીધે હે અગૃહીતસંકેતા! હું મારા મિત્ર વૈશ્વાનર સાથે રૌદ્રચિત્ત નગરે ગયો, ત્યાં મેં મહારાજા દુષ્ટાભિસન્ધિને જોયા, વૈશ્વાનરે તેની સાથે વાતચીત કરીને તેની કન્યા હિંસા સાથે મારા વિવાહનું નક્કી કર્યું અને અનુક્રમે અમારાં (મારાં અને હિંસાનાં) લગ્ન થયાં. લગ્નને યોગ્ય જે ઉચિત ક્રિયાઓ કરવી જોઇએ તે સર્વ તે વખતે કરવામાં આવી.

હિંસાપ્રેમી નંદિવર્ધન.
પ્રેમ વધારવાના ઉપાયો.
ઉપાયની સાધનાનાં પરિણામો.

આવી રીતે દુષ્ટાભિસન્ધિ રાજાએ અને પરણાવીને વિદાય કર્યાં. ત્યાંથી વૈશ્વાનર અને હિંસા બન્નેને સાથે લઇને હું કનકશેખર અને અમારા લશ્કર ભેગો થઇ ગયો. ત્યાં જતાં રસ્તામાં અત્યંત આનંદમાં આવી જઇ વૈશ્વાનરે મારી સાથે વાતો કરવા માંડી.

વૈશ્વાનર—"મિત્ર નંદિવર્ધન! હું આજે ખરેખરો ભાગ્યશાળી થયો!"

નંદિવર્ધન (હું પોતે)—"તે કેવી રીતે?"

વૈશ્વાનર—"તું આ હિંસા દેવીને પરણ્યો તે બહુ સારૂં કામ થઇ ગયું! હવે તને મારી એકજ વધારે પ્રાર્થના છે કે કોઇ પણ રીતે હવે તે તારા ઉપર ઘણી પ્રેમવાળી રહે અને તે પ્રેમ ચાલુ રહે તેવી રીતે તારે નિરંતર વર્તવું."

નંદિવર્ધન—"એ હિંસાદેવી મારા ઉપર ઘણી અનુરક્ત (પ્રેમવાળી) રહે તેનો ઉપાય શો છે?"

વૈશ્વાનર—"કોઇ પણ પ્રાણીએ અપરાધ કર્યો હોય કે ન કર્યો હોય પરંતુ તેને મારી નાખવામાં તારે જરા પણ વિચાર કરવો નહિ-આહું અવળું જોવું નહિ–એ હિંસા દેવીને પોતાપર આસક્ત કરવાનો પ્રથમ ઉપાય છે."

નંદિવર્ધન—"એમ ધારો કે હિંસાદેવીનો મારા પર ઘણોજ પ્રેમ થાય અને તે મારા ઉપર આસક્ત રહે તો પછી તેનું પરિણામ શું આવે?"

વૈશ્વાનર—"અરે ભાઇ નંદિવર્ધન! મારા કરતાંએ એનો પ્રભાવ તો ઘણો જબરો છે! વાત એમ છે કે જ્યારે હું પુરૂષના અંતરંગ રાજ્યમાં આવું છું ત્યારે તો પ્રાણીમાં એક લાલ રંગનું તેજ આવી જાય છે તેના જોરથી તે બીજા પ્રાણીઓ ઉપર ત્રાસ[1] બેસાડી શકે છે, પરંતુ આ હિંસા જો પ્રાણી ઉપર આસક્ત થઇ ખૂબ પ્રેમથી ભેટી પડે તો તેનો પ્રભાવ ઘણો વધારે હોવાથી દર્શન માત્રથી જ તે પ્રાણીના [2]પ્રાણનો નાશ કરે છે. તેટલા માટે ગમે તેમ કરીને એ (હિંસા) તારા ઉપર વધારે પ્રસન્ન થાય એમ વર્તવા મારી વિનતિ છે."

નંદિવર્ધન—"વારૂ, એમ વર્તીશ."

વૈશ્વાનર—"ઘણી મહેરબાની!"

શિકારમાં પ્રવૃત્તિ.

ત્યાર પછી રસ્તે ચાલતાં હરણ, સુવર, ઊંટ, સાબર (એક જાતના મૃગ), સારંગ (હરણની જાત) વિગેરે જંગલમાં રહેનારા અનેક જનાવરોને ઇચ્છા પ્રમાણે હું મારવા લાગ્યો. એ જનાવરોને એટલી મોટી સંખ્યામાં મારવા લાગ્યો કે કોઇવાર સેંકડો અને કોઇવાર હજારોનો નાશ કરવા લાગ્યો. તેમ કરવામાં મારો હેતુ મારા દોસતદાર વૈશ્વાનરની શિખામણ પ્રમાણે ચાલવાનો હતો. એ પ્રમાણે કરવાથી મારી નવપરિણિત સ્ત્રી હિંસાદેવી મારી ઉપર ઘણી રાજી થઇ અને મારાપર આસક્ત ચિત્તવાળી થઇ. છેવટે વાત એટલે સુધી વધી પડી કે મને જોઇને પ્રાણીમાત્ર ત્રાસથી ધ્રુજવા લાગ્યા અને કોઇ કોઇ જીવોના તો પ્રાણ મને જોઇને જ નીકળી જવા લાગ્યા. મારા મિત્ર વૈશ્વાનરે મને હિંસાનો પ્રભાવ કહ્યોજ હતો તે પ્રમાણે દર્શન માત્રથી તે અન્યના પ્રાણનો નાશ કરશે તે વાતમાં મને હવે બરાબર વિશ્વાસ પડ્યો.

---

૧ ક્રોધથી સામા પ્રાણી ઉપર ધાક બેસે છે.

૨ હિંસાના પરિણામે પ્રાણ ચાલ્યા જાય છે.



પ્રકરણ ૨૨ મું.

અંબરીષ બહારવટીઆનો નાશ અને લગ્ન.



નકશેખર અને હું (નંદિવર્ધન) લશ્કર સાથે આગળ ચાલતાં ચાલતાં કનકચૂડ (કનકશેખરના પિતા-કુશાવર્તપુરના રાજા)ના દેશના સિમાડા લગભગ આવી પહોંચ્યા. ત્યાં એક વિષમકૂટ નામનો પર્વત હતો. એ પર્વત ઉપર મહારાજ કનકચૂડના મંડળને મોટો ઉપદ્રવ કરનાર અંબરીષ[1] નામના બહારવટીઆ વસતા હતા. તે બહારવટીઆઓને અગાઉ કનકચૂડ રાજાએ ઘણા પ્રકારની પીડાઓ ઉત્પન્ન કરી હતી અને તેમને બહુ ત્રાસ આપ્યો હતો. તે બાબતનું તે બહારવટીઆ ઘણું વૈર રાખતા હતા અને તે તૃપ્ત કરવાનો પ્રસંગ શોધતા હતા. તેઓને ખબર પડી કે પોતાના દુશ્મન કનકચૂડ રાજાનો પાટવી કુમાર કનકશેખર એ રસ્તે થઈને કુશાવર્તપુરે જવાનો છે એટલે તુરતજ તેઓ રસ્તો રોકીને બેઠા. અમારૂં અને એ બહારવટીઆનું લશ્કર એક બીજાની નજીક થઇ ગયું એટલે તુરત જ કલકલ શબ્દ કરતાં બહારવટીઆ અમારા લશ્કર પર તૂટી પડ્યા. તે વખતે અમારા લશ્કર અને બહારવટીઆના મોટા ટોળા વચ્ચે લડાઇ શરૂ થઇ.

વિષમકૂટે અંબરીષો.

ભયંકર લડાઈ.

તે વખતે એક પછી એક આવી પડતાં તીરોના વરસાદથી વીંધાયલા હાથીઓના કુંભસ્થળમાંથી નીકળતાં શ્વેત મોતીઓના ઢગલાથી જમીનનો સર્વ ભાગ ઢંકાઇ ગયો.

તે યુદ્ધ મોટા તળાવ[2] જેવું લાગતું હતું-તે યુદ્ધરૂપ તળાવમાં

---

૧ અંબરીષનો અર્થ પસ્તાવો થાય છે. તે નામના પરમાધામી છે. મતલબ અધમ જાતના માણસોને આ શબ્દ લાગુ પડે છે.

૨ તળાવનું રૂપક બરાબર વિચારવા યોગ્ય છે. તેનાં કમળ, જળ અને હંસને બરાબર ઘટાવ્યાં છે.

લડનારા વીર યોદ્ધાનાં પડેલાં માથાંઓ રક્ત કમળની નકલ કરી રહ્યાં હતા, તેમાં લોહીરૂપ લાલ પાણી ભરેલું દેખાતું હતું અને તેમાં ઢાલો, અસ્ત્રો (ફેંકવાનાં હથિયારો) અને છત્રના સમૂહો હંસ જેવાં દેખાતાં હતાં-એવું એ તળાવ જેવું યુદ્ધ બન્ને પક્ષ વચ્ચે ચાલતું હતું.

પ્રવરસેન બહારવટીઆની હાર.

તે વખતે બહારવટીઆઓ બહુ મોટી સંખ્યામાં હોવાથી કનકશેખર વિગેરે લગભગ હારી જવાની અણીપર આવી ગયા. પરંતુ તુરતમાંજ એ બહારવટીઆઓના ઉપરી પ્રવરસેન નામના પલ્લીપતિ સાથે મારે[1] લડાઇ ચાલી. તે વખતે મારા મિત્ર વૈશ્વાનરે મને દૂરથી સંજ્ઞા (ઇસારત) કરી એટલે તેની સૂચના પ્રમાણે મેં ક્રૂરચિત્ત નામનું એક વડું ખાઇ લીધું;[2] તેને પરિણામે મારા ચિત્તમાં જે અંદરનો સંતાપ (ક્રોધ) હતો તેમાં ઘણો વધારો થઇ ગયો અને મારૂં કપાળ ભવાંઓથી ભરાઇ ગયું તેમજ આખા શરીરે પરસેવાસાથે જુસ્સો દેખાવા લાગ્યો. તે પ્રવરસેન તીરંબાજી (ધનુર્વેદ)માં ઘણોજ કુશળ હતો, તરવારથી પટ્ટાબાજી ખેલવામાં સુસંપન્ન સાહસવાળો હતો, સર્વ ફેંકવાનાં હથિયારો (અસ્ત્રો)નો ઉપયોગ કરવાની કળામાં ઘણો નિપુણ હતો, શસ્ત્રવિદ્યાના ગર્વવાળો હતો અને દેવતાની તેના ઉપર કૃપા હોવાથી સર્વ રીતે બળવાન ગણાતો હતો. પ્રવરસેનની આટલી બધી ખ્યાતિ છતાં મારી બાજુમાં મારો મિત્ર પુણ્યોદય રહેલો હોવાથી તે પલ્લીપતિ મારી તરફ જેમ તેટલાં તીરો મારે પણ તેમાંનું એક પણ મને લાગતું નહોતું, તેનાં મંત્રેલાં શસ્ત્રો મારા ઉપર કશો પ્રભાવ બતાવી શકતાં નહિ, તેની વિદ્યા મારા ઉપર કાંઇ અસર કરી શકતી નહિ અને તેના બોલાવેલા દેવતાઓ પણ મારા સંબંધમાં કાંઇ પણ કરી શકતા નહિ. આવો મારા પુણ્યોદય મિત્રનો પ્રભાવ[3] હોવા છતાં હું તો મારા મનમાં માનતો હતો કે અહો ! મિત્ર વૈશ્વાનરનો પ્રભાવ તો જુઓ ! તેની નજર માત્રથી આ મારા શત્રુઓ મારી સામે નજર નાખવાની પણ હિંમત કરી શકતા નથી. મારે

1 [illegible] કુમારે પોતાની વતી [illegible] [illegible] [illegible] [illegible] છે.

2 [illegible] હિંસા અને ક્રોધ [illegible] પોતાની અસર બતાવે છે. [illegible] છે.

3 [illegible] છે.

ઉપર તે વખતે વૈશ્વાનરનાં વધારે બરાબર અસર કરી તેના પરિણામે આખરે પ્રવરસેનનું ધનુષ્ય ભાંગી ગયું અને તેનાં બાણોનાં સર્વ શસ્ત્રો નાશ પામી ગયાં એટલે તે પોતાના હાથમાં ઝગમગતી તરવાર લઈને રથમાંથી નીચે ઉતર્યો અને મારી સામે આવ્યો.

તે વખતે મારી નવપરિણિત પત્ની શ્રીમતી હિંસાદેવી જે મારી બાજુમાં હતી તેણે મારી તરફ નજર કરી એટલે મારાં પરિણામો ઘણાંજ ભયંકર (રૌદ્ર) થઈ ગયાં અને મારા કાન સુધી ખેંચીને મેં અર્ધચન્દ્રાકૃતિનું બાણ પ્રવરસેનપર છોડ્યું, જે બાણે સામા આવતા પ્રવરસેનનું માથું ઉડાવી દીધું. તે વખતે અમારા લશ્કરમાં આનંદનો ધ્વનિ ફેલાઈ રહ્યો, દેવતાઓએ મારા ઉપર આકાશમાંથી ફુલની વૃષ્ટિ કરી, સુગંધી જળનો વરસાદ થયો અને દુંદુભિઓ વાગવા માંડી, તેમજ ચારે તરફ 'જય જય' શબ્દનો નાદ વ્યાપી રહ્યો. પોતાનો ઉપરી મરાઈ જતાં પ્રવરસેનનું લશ્કર નાઉમેદ થઈ ગયું. અને લડાઈ બંધ કરીને તે સર્વ લશ્કર મારે શરણે આવ્યું. મેં એ સર્વ ચોર લોકોનો સત્કાર કર્યો એટલે લડાઈ બંધ થઈ, સુલેહશાંતિ પ્રકટ થઈ અને સર્વ બહારવટીઆઓએ મારી નોકરીનો સ્વીકાર કર્યો.

હિંસાદેવીની અસર તળે.

પુણ્યોદયનું સર્વ માન દેવીને!

મેં મારા મનમાં તે વખતે વિચાર કર્યો કે અહો! હિંસાદેવીની શક્તિ તો ભારે જબરી જણાય છે! જુઓ તો ખરા! એણે હજુ મારી તરફ જરા નજર કરી ત્યાં તો આટલો બધો રસ્તો સરળ થઈ ગયો અને મારી આબરૂ આટલી બધી વધી પડી કે જેથી ચોર લોકો (દુશ્મન છતાં) પણ મારી નોકરીમાં રાજી ખુશીથી જોડાઈ ગયા! કનકશેખરે પણ એ મારા નવીન નોકરવર્ગને યોગ્ય સન્માન આપ્યું.

કનકચૂડનો આનંદ અને મહોત્સવ.
વિમલાનના-કનકશેખર લગ્ન.
નંદિવર્ધન-રત્નવતી લગ્ન.

અમે ત્યાર પછી તુરતજ વિષમકુટ પર્વતથી આગળ પ્રયાણ કર્યું અને અનુક્રમે સર્વ કુશાવર્તપુરે આવી પહોંચ્યા.

કનકચૂડ રાજા પોતાના પુત્ર કનકશેખરના આવી પહોંચવાની ખબર પડતાં ઘણાજ આનંદમાં આવી ગયા અને મને સાથે જોઇને બહુજ સંતોષ પામ્યા. આનંદને ઉજવવાને માટે રાજાએ મહોત્સવ કર્યો અને પોતાના સંબંધી વર્ગનું યોગ્ય સન્માન કર્યું.

વિમલાનના અને રત્નવતીના વિવાહ માટે એક દિવસ મુકરર કરવામાં આવ્યો. અનુક્રમે તે દિવસ આવી પહોંચ્યો. લગ્નને યોગ્ય સર્વ ક્રિયાઓ કરવામાં આવી: મોટાં મોટાં દાન દેવામાં આવ્યાં, લોકોનું યોગ્ય સન્માન કરવામાં આવ્યું, યોગ્ય પ્રકારના કુળાચારો કરવામાં આવ્યા, માન્યવર મહાપુરૂષોની યોગ્ય સેવા ચાકરી કરવામાં આવી, આખા શહેરમાં ખાવા, પીવા, ગાવા, બજાવવા અને લહેર કરવાની પ્રવૃત્તિઓ ચાલી રહી અને એવા આનંદની વચ્ચે કનકશેખર વિમલાનનાને પરણ્યો અને મારાં રત્નવતી સાથે લગ્ન થયાં.

પ્રકરણ ૨૩ મું.

વિભાકર સાથે મહાયુદ્ધ.



લગ્નને યોગ્ય કર્તવ્યો પૂરાં થઇ ગયાં, વિવાહનો આનંદ પસાર થઇ ગયો અને તે વાતને ત્રણ દિવસ થઇ ગયા પછી વિમલાનના અને રત્નવતીએ અમારું કુશાવર્તનગર જોયેલું ન હોવાને લીધે, તે પ્રદેશ ઘણો સુંદર અને આકર્ષક હોવાને લીધે, જુવાનીના ઉછાળામાં નવું જોવા જાણવાનું કુતૂહળ સાધારણ રીતે સર્વમાં વધારે થતું હોવાને લીધે, તેમણે અમારામાં ઘણો વિશ્વાસ ઉત્પન્ન કરેલો હોવાને લીધે, અમારી રજા લઇને નગર જોવા માટે માણસોને સાથે લઇને બન્ને સ્ત્રીઓ બહાર ફરવા માટે નીકળી પડી. તેઓએ ઘણી નવાઇ જેવી હકીકતો જોઇ તેથી તેઓનાં મનમાં ઘણો આનંદ થઇ ગયો. આખરે તેઓ ફરતાં ફરતાં ચૂતચૂચુક નામના બગીચામાં આવી પહોંચ્યા અને તેની અંદર દાખલ થઇ ક્રીડા કરવા લાગ્યા. હું અને કનકશેખર તે વખતે કનકચૂડ રાજાની રાજ્યસભામાં બેઠા હતા એવામાં એકદમ મોટો કોલાહલ [illegible] અને દાસીઓ મોટેથી પોકાર કરવા લાગી. રાજસભા આખી વિચારમાં પડી ગઇ. તરતજ રાજા [illegible] તે વખતે કોઇ વિમલાનના અને રત્નવતીને હરી જાય છે [illegible] એવી વાત સાંભળવા લાગી.

[illegible]

1 [illegible]

વિભાકરનું મોટું લશ્કર.
સમરસેન દ્રુમની સહાય.
મહાયુદ્ધનું અદ્ભૂત વર્ણન.

દરણ કરનારનો પત્તો.

જે લશ્કર વિમલાનના અને રત્નવતીને ઉપર જણાવ્યા પ્રમાણે હરી ગયું હતું તે ઘણા દિવસની કુચને લઇને થાકી ગયેલું હોવાને લીધે અને અમારું લશ્કર ઘણું તેજી અને ઉત્સાહવાળું હોવાને લીધે અમારા લશ્કરે દુશ્મનના લશ્કરની કેટલેક દૂર સુધી પુંઠ પકડી તેને (સામેના લશ્કરને) પકડી પાડ્યું. અમે દૂરથી વિભાકર રાજાના નામની બિરૂદાવળીઓ ભાટ લોકોને મુખે ઉંચેથી બોલાતી સાંભળી એટલે નિરધાર કર્યો કે અહો! આતો પ્રભાકર અને બંધુસુંદરીનો દીકરો વિભાકર હેની સાથે પ્રભાવતીએ વિમલાનનાને જન્મ અગાઉ વરાવી દીધી હતી તેજ આવી પહોંચ્યો જણાય છે.[1] પદ્મરાજા પાસે કનકચૂડના મંત્રીઓ આવ્યા ત્યારે તેમણે આ વાર્તા બહુ સારી રીતે વિગતવાર જણાવી હતી. 'એ પાપી આપણી અવજ્ઞા કરીને બન્ને કુળવધૂઓનું હરણ કરી જાય છે માટે ચાલો! એની તો બરાબર ખબર લેવી જોઇએ!' હું આવો વિચાર મારા મનમાં કરતો હતો તે વખતે મારા વૈશ્વાનર મિત્રે મને સંજ્ઞા કરી, એટલે તેની સૂચના અનુસાર મેં ક્રૂરચિત્ત નામનું એક વડું ખાઇ લીધું. એ વડાના પરિણામે મારી મનોવૃત્તિ ઘણી ભયંકર થઇ ગઇ તેની અસર તળે હું બોલ્યો "અરે અધમ નીચ લુચ્ચા વિભાકર! પારકી સ્ત્રીઓના ચોર! બાયલા! ક્યાં ભાગતો ફરે છે! જરા માણસ થા! અને હીચકારાપણું છોડી દઇ સામો આવ!"

ત્રિભેટો.

આવાં તિરસ્કારનાં વચન સાંભળીને ગંગાનો પ્રવાહ જેમ ત્રણ[2] બાજુએથી વહન કરે છે તેમ દુશ્મનનું લશ્કર અમારી તરફ ત્રણ બાજુએથી વ્યૂહરચનાના આકારમાં ફરી વળ્યું. એ ત્રણે લશ્કરના ત્રણ નાયકો પણ

---

૧ આ હકીકત નંદન રાજાના દૂતે (વિકટે) અગાઉ કનકચૂડને જણાવી હતી અને તે સર્વ વાત કનકચૂડ રાજાના ત્રણ મંત્રીઓએ પદ્મરાજાને જણાવી હતી અને પદ્મ રાજાએ તે સર્વ વાત નંદિવર્ધન અને કનકશેખર સન્મુખ કહી સંભળાવી હતી. જુઓ પૃ. ૫૬૫

૨ પ્રયાગ પાસે ત્રિવેણી સંગમ થાય છે: ત્યાં ઉત્તર તરફથી ગંગા, દક્ષિણથી યમુના અને વચ્ચે સરસ્વતી એમ ત્રણ પ્રવાહો એકઠા થાય છે. તેનાપર આ ઉત્પ્રેક્ષા છે.

જૂદા જૂદા જણાવા લાગ્યા. એટલે હું પોતે, મહારાજા કનકચૂડ અ
અને બંધુ કનકશેખર એ ત્રણે સામેના ત્રણે સૈન્યનાયકની સાથે લ
વાને તૈયાર થઇ ગયા.

અગાઉ કનકચૂડ રાજાને બન્ને કન્યાઓ આવી પહોંચી છે એ હકી
કત જાહેર કરવાને જે દૂત[1] આવ્યો હતો તે આ વખતે મારી બાજુ
માંજ હતો, તેને મેં પૂછ્યું "અરે વિકટ! આ ત્રણ સરદારો આપણ
સામે જૂદા જૂદા લડવા આવ્યા છે તે કોણ છે? તેમને તું ઓળ
છે?" વિકટે જવાબમાં કહ્યું "હાજી! હું બરાબર ઓળખું છું. આ આ

દુશ્મનના નાયકોની ઓળખાણ.

સાહેબની બરાબર સામે અને દુશ્મનના લશ્કર
ડાબી બાજુએ આવી રહેલ છે તે કલિંગ દેશનો રાજ
સમરસેન છે. એના જોર ઉપર જ આ મોટી લડા
વિભાકરે આદરી છે. એ સમરસેન પાસે લશ્કર
બળ ઘણું મોટું હોવાથી વિભાકરના પિતા પ્રભાકરનો જાણે તે સર
દાર હોય તેવી રીતે વર્તે છે. મહારાજા કનકચૂડની બરાબર સામે
અને દુશ્મનના લશ્કરની વચ્ચે આવી રહેલ છે તે વિભાકરનો મામો
વંગ દેશનો અધિપતિ મહારાજા દ્રુમ છે. ત્યાર પછી ત્રીજો જમણ
હાથપર આવી રહેલ કનકશેખરની સામે લડવા તૈયાર ઊભેલો જણાય
છે તે વિભાકર પોતે છે."

યુદ્ધ વર્ણન.

વિકટ આ પ્રમાણે ઓળખાણ આપતો હતો ત્યાં તો પરસ્પર
લડાઇ શરૂ થઇ ગઇ. તીરનાં જાળાંઓ દૃષ્ટિપથને
ઢાંકી દેવાં લાગ્યાં, પંથના રોકાણને લીધે લડવૈયાઓ
આકુળ વ્યાકુળ થવા લાગ્યા, કરોડો લડવૈયાઓ હાથી-
ઓના કુંભસ્થળોને તોડી નાખવા લાગ્યા, હાથી-
ઓનાં શરીરો તટનો વિભ્રમ ઉત્પન્ન કરવા લાગ્યાં, સુંદર હાથીઓની
હારો સુંદર રીતે રચાયલી દેખાવા લાગી, એ હાથીઓની હારમાં
વચ્ચે આવી ગયેલા બીકણ માણસોની ચીસો સંભળાવા લાગી, મોટા
કોળાહળના અવાજ પર્વતો અને દિશાઓના ખાલી ભાગોમાં ભરાઇ
જવા લાગ્યા, સુંદર શસ્ત્રોને સામેથી આવતાં અટકાવવાને રાજાઓ
પોતાની શક્તિનો ઉપયોગ કરવા લાગ્યા, રાજાઓના જૂદા જૂદા મદને
સારી રીતે અવકાશ આપે તેવો તેઓનો શત્રુસમુદાય દેખાવા લાગ્યો,
જૂદા જૂદા સમુદાયનો જય આકાશમાં ચાલનારા (દેવ અને વિદ્યાધરો)
દૂરથી પોકારવા લાગ્યા, પોતપોતાનો વિજય કરવાના કામમાં અત્યંત

1 આ દૂતની હકીકત પૃ. ૫૬૬ માં આવે છે.

આસક્ત થયેલા સેંકડો યોદ્ધાઓથી યુદ્ધ ચાલતું જણાવા લાગ્યું, સુંદર ચંપળ ઘોડાઓ મરણ શરણ થતા દેખાવા લાગ્યા, હાથમાંથી છોડેલાં તીરોના સમૂહથી રથો ભાંગવા લાગ્યા, દુશ્મનના રથો ભાંગવાથી અવાજમાં મોટો વધારો થવા લાગ્યો, બળવાન મહાયોદ્ધાઓ મોટેથી સિંહનાદ કરવા લાગ્યા અને તે વખતે મોટો લાલ રંગનો લોહીની નદીનો પ્રવાહ ચાલવા લાગ્યો.

આવી રીતે મોટી લડાઇ ચાલતી હતી તેવામાં મોટો અવાજ કરીને દુશ્મનો અમારા ઉપર મોટા જોરથી તૂટી પડ્યા અને તેને પરિણામે અમારા લશ્કરમાં ભંગાણ પડ્યું. એ ભંગાણ જોઇને દુશ્મનના લશ્કરે આનંદનો અવાજ કર્યો, છતાં અમે એક ડગલું

સમરસેન પડ્યો. પણ પાછા હઠ્યા નહિ. અમારી બાજુના ત્રણે નાયકો (કનકચૂડ, કનકશેખર અને હું પોતે-કુમાર નંદિવર્ધન) સામી બાજુના ત્રણે નાયકો (દ્રુમ, વિભાકર અને સમરસેન)ની સામે બરાબર તૈયાર થઇને લડવા લાગ્યા. વળી તે વખતે વૈશ્વાનરે મારી તરફ એકવાર ફરીને ઇસારત કરી એટલે ક્રૂરચિત્ત નામનું એક બીજું વડું-મેં ખાઇ લીધું જેને લઇને મારા પરિણામ ઘણા તીવ્ર થઇ ગયા. મારી સામે તે વખતે સમરસેન રાજા લડતો હતો તેને મેં મારી બરાબર સામે બોલાવ્યો અને આહ્વાન કરતાં તેણે મારી ઉપર ફેંકવાના હથિયારોનો વરસાદ વરસાવી મૂક્યો, પરંતુ મારો પુણ્યોદય મિત્ર મારી સાથે હોવાને લીધે તેનું એક અસ્ત્ર પણ મારી ઉપર પોતાનો પ્રભાવ બતાવી શક્યું નહિ. વળી તે વખતે રાણી હિંસાદેવીએ મારી તરફ નજર કરી તેથી મારા પરિણામ અને ભાવ ઘણાજ ભયંકર થઇ ગયા. તે વખતે દુશ્મનને મારી નાખે તેવી શક્તિને[1] મેં મારા હાથમાં લીધી અને તેના વડે સમરસેનને ઘાયલ કર્યો, જેના પરિણામે સમરસેન પંચત્વને પામી ગયો. સમરસેન પડ્યો એટલે તેના લશ્કરમાં મોટું ભંગાણ પડ્યું.

સમરસેનનું લશ્કર પાછું હઠતાંજ હું તુરત દ્રુમ તરફ વળ્યો. તે મહારાજ કનકચૂડ સાથે યુદ્ધ કરી રહ્યો હતો.

દ્રુમનો વધ. તેના તરફ ફરીને હું બોલ્યો "અરે! તને હણવા માટે પિતાજીને (વડીલને) તસ્દી આપવાની શી જરૂર છે? શિયાળ અને સિંહની લડાઇ સરખી ન કહેવાય! માટે તું મારી સામો આવી જા." મારાં આવાં વચન સાંભળીને દ્રુમ રાજા

૧ શક્તિ એક જાતનું હથીઆર છે.

મારી તરફ વધ્યો. તે વખતે વળી હિંસાદેવીએ મારી તરફ ન
કરી. તેજ વખતે દૂરથીજ તેના ઉપર મેં અર્ધચંદ્ર બાણ ફેંક્યું, જે
તે દ્રુમ રાજાનું માથું ઉડાવી દીધું એટલે. તેના લશ્કરમાં પણ ભંગ
પડ્યું. બબ્બે રાજાઓ ઉપર આવી રીતે મેં વિજય મેળવ્યો તેથી આ
કાશમાં રહેલા સિદ્ધો, વિદ્યાધરો અને બીજાઓએ જય જય શબ્દ
ઉચ્ચાર કર્યો.

હવે ત્રીજી બાજુ વિભાકર હતો તે બંધુ કનકશેખરની સા
લડતો હતો. શરૂઆતમાં અનેક પ્રકારનાં તીરોનો વરસાદ વરસાવ
પછી તેણે કનકશેખર ઉપર અગ્ન્યસ્ત્ર સર્પાસ્ત્ર વિગે
વિભાકરની હાર. મંત્રિત અસ્ત્રો મૂકવા માંડ્યાં, પણ તેની સામે વા
ણાસ્ત્ર, ગારૂડાસ્ત્ર વિગેરે મૂકીને કનકશેખરે એ સર્વ
યથાયોગ્ય નિવારણ કર્યું. તે વખતે પોતાના હાથમાં તરવાર લઇ
વિભાકર રથમાંથી નીચે ઉતર્યો. રથમાં બેઠેલો જમીનપર ચાલનાર સાથે
યુદ્ધ કરે તે વાજબી ન હોવાથી કનકશેખર પણ હાથમાં તરવાર લઇ
તુરત પોતાના રથમાંથી[1] જમીન પર ઉતરી આવ્યો. પછી અને
પ્રકારની કુશળ પટ્ટાબાજી ખેલતાં અને [2]મર્મભાગ ઉપર પ્રહાર કરવાની
અનુકૂળતા શોધતાં અને સામેના પ્રહારોથી પોતાની જાતને બચાવતાં
તેઓની તરવાર સાથેની પટ્ટાબાજી ઘણા વખત સુધી ચાલી, છેવટે કનક
શેખરે લાગ જોઇને એક ઝટકો વિભાકરના ખભા ઉપર લગાવી દીધો જેના
જોરથી વિભાકર જમીનપર પડી ગયો અને તેને મૂર્છા આવી ગઇ.
તે વખતે કનકશેખરના લશ્કરમાં આનંદનો ધ્વનિ થઇ રહ્યો, પરંતુ
મહાનુભાવ કનકશેખરે તેને[3] અટકાવી દઇને વિભાકરના શરીર ઉપર
પવન અને પાણી સીંચાવી મૂર્છા વાળવા પ્રયત્ન કર્યો અને કહ્યું "અહો!
રાજપુત્ર! ધન્ય છે તને! ખરેખર તેં પુરૂષપણાનો-નરપણાનો ત્યાગ
કર્યો જ નહિ, દીનતા અંગીકાર કરી નહિ, તારા વડીલો-પૂર્વ પુરૂષોની
સ્થિતિ વધારે ઉજ્જ્વળ કરી બતાવી અને તારૂં પોતાનું નામ ચંદ્રમાં
લખાવી દીધું![4] માટે ઉઠ અને લડવું હોય તો તૈયાર થા." વિભાકરે

૧ અગાઉ ધર્મયુદ્ધ જ ચાલતા હતા તે આ ઉપરથી જણાય છે. બેદરકારી કે બીજી કોઇ દુશ્મનની નબળાઇનો લાભ લેવો તેને હીચકારાપણું મનાતું હતું. અર્વાચીન કાળના યુદ્ધમાં આ સર્વ વિચારો ઉલટાઈ ગયા દેખાય છે.

૨ **મર્મભાગ:** શરીરનો નાજુક ભાગ.

૩ આ બીજી ધર્મભાવના પણ વિચારવા યોગ્ય છે. પડેલાપર પ્રહાર કરવો એ ધર્મયુદ્ધના નિયમોથી વિરૂદ્ધ છે.

૪ ચંદ્ર ઉપર નામ લખાવવું એટલે નામ અમર કરવું.

પોતાના મનમાં કનકશેખરના દીલની મોટાઈ માટે, ગંભીરપણા માટે, શુરાતન માટે અને સુંદર વચનોચ્ચાર માટે ઘણો ઉમદા ખ્યાલ કર્યો અને પછી મોટેથી બોલ્યો "આર્ય! હવે લડવાથી સર્યું! ખરેખર, તમે મને આજે તરવારથી તો જીત્યો છે એટલું જ નહિ પણ પોતાના સુંદર ચારિત્ર (વર્તન)થી પાકુ જીતી લીધો છે."

આનંદ વર્તન. આવાં સુંદર વચનો સાંભળીને કનકશેખરે વિભાકરને જાણે તે પોતાનો પરમ બંધુ હોય તેમ કરીને પોતાના રથમાં બેસાડ્યો અને સુંદર વચનોથી તેને બોલાવ્યો. આ પ્રમાણે યતાં લડાઇ પૂરી થઇ. દુશ્મનનું આખું લશ્કર કનકશેખરના સેવકરૂપ થઇ ગયું. લડાઇમાં શું થશે તેના વિચારથી આખા શરીરે ભયથી ધ્રુજતી વિમલાનના અને રત્નવતીને તે વખતે ત્યાં લાવવામાં આવ્યાં, તેઓને મધુર વાક્યોથી શાંત કરવામાં આવ્યાં અને

વિજયપતાકા. મહારાજા કનકચૂડે જાતેજ તે બન્નેને તેઓના પતિના રથોમાં બેસાડ્યા. આવી રીતે વિજયપતાકા મેળવીને અમે પાછા કુશાવર્તનગરમાં પ્રવેશ કરવા તૈયાર થયા.

જીત સાથે નગર પ્રવેશ.
વિજયનું માન નંદિવર્ધનને.
નંદિવર્ધનના મનની સ્થિતિ.

સર્વથી અગાડી ઇંદ્રનીપેઠે શોભતા રાજા કનકચૂડ હાથીની અંબાડીપર બેસી પુષ્કળ દાન આપતાં આપતાં પોતાના રાજમંદિરમાં દાખલ થયા. તેની પછવાડે બંધુ કનકશેખર આનંદમાં આવી ગયેલા લોકોની હર્ષમિશ્રિત નજર નીચે થઇને પોતાના મહેલમાં ગયો. તેની પછવાડે રત્નવતીની સાથે રથમાં બેસીને ધીમે ધીમે હું મારા ઉતારા તરફ જતો હતો તે વખતે નગરની સ્ત્રીઓમાં થતી વાતચીતના ધ્વનિ મારે કાને આવવા લાગ્યા. તેઓ આજની જયથી મારા ઉપર હોંસથી આવા શબ્દોમાં જાહેર કરતી હતી: "અહો! સમરસેન અને દ્રુમ જેવા મોટા રાજાઓ જેની સામે લડી શકે તેવા સામા મલ્લો આ દુનિયામાં કોઇ નથી, તેવાઓને પણ જીતનાર આ રાજકુમાર નંદિવર્ધનને ખરો ધન્યવાદ ઘટે છે. ધન્ય છે એના શૂરવીરપણાને! ધન્ય છે એની શક્તિને! શાબાશ છે એના કુશળપણાને અને ધન્ય છે તેના ગુણોને! ખરેખર, આ નંદિવર્ધન સાધારણ મનુષ્ય નથી પણ કોઇ દેવાંશી પુરૂષ જણાય છે! આ રત્નવતીને એની ભાર્યા (પત્ની) થવાનો વખત આવ્યો છે તે ખરેખર ભાગ્યશાળી છે અને આપણે તેને આજે આપણી નજરે જોઇએ છીએ તેથી આપણે પણ ખરેખરા ભાગ્યશાળી જ છીએ; અથવા તો આ

સાહસ કરનાર બળવાન પરાક્રમી મહાનુભાવ નંદિવર્ધને અહીં પ... રીને આપણા નગરને અલંકૃત કર્યું છે, શોભાવ્યું છે, તેથી આપણું આ નગર ભાગ્યશાળી થયું છે."

લોકોમાં આવી આવી વાતો ચાલતી હતી તે સાંભળતાં મા... મનમાં મહામોહને લઇને નીચે પ્રમાણે વિચારો વારંવાર આવવા લાગ... કે–અહો મારા મનને અત્યંત આનંદ આપનાર અને મારી ઉન્નતિ કરનારો સાધારણ રીતે મળવો મુશ્કેલ, આવો સારો પ્રવાદ (લોકવાયકા... સામાન્ય અભિપ્રાય) મારા સંબંધમાં લોકોમાં ચાલવા લાગ્યો છે તે... ખરેખરૂં કારણ મારૂં અનેક પ્રકારે હિત કરનાર મારો પરમ ઇ... મિત્ર વૈશ્વાનર જ છે તેમાં જરા પણ શંકા જેવું નથી, છતાં માં... એટલું તો માનવું જ જોઇએ કે મારી વહાલી પત્ની હિંસાએ માર... સામે જોઇને પ્રેરણા કરી તેને લઇને જ આ સર્વ મને મળ્યું છે. ધન... છે મારી હિંસાદેવીના પ્રભાવને! શાબાશ છે એના મારા ઉપર આ... સક્તપણાને! વાહવાહ છે એ મારી પ્રિયાના કલ્યાણ કરવાના ગુણને અને રંગછે એના સર્વત્ર ગુણગ્રાહીપણાને! ખરેખર! મારા સુજ્ઞ ઇ... પ્રિય મિત્ર વૈશ્વાનરે જેવું એ મારી વહાલી સ્ત્રીનું લગ્ન થયા પહેલા... વર્ણન કર્યું હતું તેવી જ તે ભલી અને ગુણ કરનારી નીવડી છે એમાં જરા પણ શંકા જેવું નથી—અહો અગૃહીતસંકેતા[1]! ખરેખરી વાત તો એમ હતી કે આ સર્વ અનુકૂળ પરિણામ નિપજાવનાર મારો ગુપ્ત... મિત્ર પુણ્યોદય હતો, પરંતુ તે વખતે પાપથી મારૂં મન ઘેરાઇ ગયેલું હોવાને લીધે પરમાર્થથી મને ખરૂં હિત કરનાર મારો મિત્ર પુણ્યોદય છે તે વાત મારા ધ્યાનમાં પણ ન આવી અને તે મેં જાણવાની તસ્દી પણ ન લીધી.

[2]આવી રીતે મિત્ર વૈશ્વાનર અને પ્રિયા હિંસામાં અત્યંત આસક્ત રહી ઉપર જણાવ્યા તેવા વિચારો કરતો તેઓ તરફ હું વધારે વધારે દોરાવા લાગ્યો અને તે સિવાય બીજી કોઇ પણ વાત જાણે જાણતો જ ન હોઉં તેમ દિનરાત પસાર કરવા લાગ્યો. આવી રીતે બજારમાં થઇને લોકોના દિલમાં થતા ચમત્કાર સાંભળતો મારો રથ દરબારગઢની નજીક આવી પહોંચ્યો.



૧ નંદિવર્ધન સંસારીજીવ તરીકે અગૃહીતસંકેતા પાસે વાત કરતાં અત્ર તેનું નામ લેછે. વાર્તા ચાલુ છે.

૨ નંદિવર્ધનકુમાર સંસારીજીવ તરીકે પોતાનું ચરિત્ર સદાગમ આગળ અગૃહીતસંકેતાને ઉદ્દેશીને કહેતાં આગળ ચલાવે છે.



પ્રકરણ ૨૪ મું.

કનકમંજરી.



સુહ્મ લોકોના રાજા[1] જયવર્માની દીકરી દેવી મલયમંજરી નામની મહારાજા કનકચૂડની વહાલી રાણી હતી. એ રાણીથી મહારાજા કનકચૂડને કામદેવની પેટી જેવી એક કનકમંજરી નામની પુત્રી થઇ હતી, તે ત્રણ ભુવનના સર્વ સૌંદર્યનું જાણે મંદીર હોય તેવી સુંદર દેખાતી હતી.

તારામૈત્રક.

મારો રથ જેવો રાજગઢ તરફ આવી પહોંચ્યો તેવોજ કનકમંજરીએ ગોખમાં ઊભા ઊભા મને દૂરથી જોયો અને મને જોતાંજ કામદેવના બાણથી તે વિંધાઇ ગઇ. હું પણ સાધારણ રીતે ચારે તરફ જોયા કરતો હતો તેથી કુતૂહળથી એ જ ગોખ તરફ મેં નજર કરી એટલે તે અતિ આકર્ષણીય કન્યા મારી નજરે પડી. બની ગયું એવું કે મારી અને કનકમંજરીની દૃષ્ટિ બરાબર મળી ગઇ, તારામૈત્રક થઇ ગયું અને ક્ષણવાર તો મારી નજર પણ ત્યાં એવી ચોંટી ગઇ કે જાણે તેને ખીલાવડે જડી લીધી હોય તેમ કનકમંજરીની આંખની કીકીઓ સાથે એકરૂપ થઇ ગઇ. તેણીએ પણ આંખનું મટકું માર્યા શિવાય મારી દૃષ્ટિ સાથે પોતાની નજર મેળવી અને જાણે તે મારી દૃષ્ટિને પી જતી હોય તેમ ઊભી જ રહી. તેના શરીર ઉપર આવતાં પરસેવાથી, અંગોમાં ઉપજતી ધ્રુજથી અને સ્પષ્ટ જણાતાં રોમાંચથી તેના શરીરમાં કામદેવ વ્યાપી ગયો હોય એમ ચોખ્ખું જણાવા લાગ્યું.

---

[1] સુહ્મ: એક દેશના લોકોનું નામ છે. કાલિદાસ સુહ્મ માટે કહે છે કે આત્મા સંરક્ષિતઃ સુહ્મૈર્વૃત્તિમાશ્રિત્ય વૈતસીં (ર. ૪. ૩૫.) આ સુહ્મ દેશ બંગની પશ્ચિમ આવેલો હતો, તેની રાજધાની તામ્રલિપ્ત. અત્યારે કાસે નદીના કાંઠાપર 'તમલુક' છે તે જ હોઈ શકે (આપ્ટે પૃ ૧૧૬૬.)

સારથિની અવલોકના.

આવી રીતે અમારી આંખો મળી અમારૂં તારામૈત્રક થયું તે હકીકતથી અમને આનંદ થયો તે સર્વ બહુ સારી રીતે મારો રથિ (રથ હાંકનાર) જોઇ ગયો અને તેનું રહસ્ય તેના સમજવા આવી ગયું. રથ હાંકનારે એ બનાવ પોતાની આંખોએ જોઇને મન વિચાર કર્યો કે–અહો ! મહારાજ નંદિવર્ધન અને કુંવરી કનકમંજરી આવી રીતે અરસપરસ પ્રેમ થાય તો તો તે ખરેખર રતિ અને કા દેવના સંબંધ જેવો યોગ્ય ગણાય તેમ છે, પરંતુ લોકોના દેખ આ નંદિવર્ધન જો તેની સામે વધારે વખત એકી નજરે જોઇ રહે તો લોકો હલકા હોવાથી તેની ખોટી વાતો કરશે અને તેને લઇ એની હલકાઇ થશે. વળી કદાચ રત્નવતીને[2] પણ એ કારણથી ઇ કરવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. માટે મારે આ બાબતમાં બેદરકારી ક મારા અન્નદાતાનું ખરાબ થાય તેમ થવા દેવું ન જોઇએ–આવા વિચાર પરિણામે સારથિએ ડચકારો કરી રથને એકદમ ચલાવ્યો.

સુરકેલીએ માર્ગ પૂરો કર્યો.

મદનમંજરીને ધારી ધારીને જોતાં જાણે હું લાવણ્યરૂપ અમૃતના કાદવમાં ચોંટી ગયો હોઉં અથવા તો મારી દૃષ્ટિ કામદેવના બાણની સળીઓથી વિંધાઇ ગઇ હો અથવા તો તેના સૌભાગ્યના ગુણોથી સીવાઇ ગઇ હોય એવું મને લાગતું હતું. એવા રસથી તેને જોઇ રહેલ મારી દૃષ્ટિને ગમે તેમ કરી મહા સુરકેલીએ પાછી ખેંચીને મહા મુશીબતે હું મારે મંદિરે તો આવી પહોંચ્યો પણ મારૂં હૃદય તો કનકમંજરીમાં જ મૂકતો આવ્યો.

નંદિવર્ધનની વિરહ સ્થિતિ.
મનની તીવ્ર વ્યાકુળતા.
ઉંઘ વગરની રાત્રિ.

---

૧ **સારથિ:** રથ હાંકનાર ઘણા કુશળ હોય છે. એનાં લક્ષણ બતાવતાં મત્સ્યપુરાણમાં કહ્યું છે કે નિમિત્ત અને શુકન જાણનાર, ઘોડાની શિક્ષામાં કુશળ, ઘોડાની દવામાં ઘણો પ્રવીણ, જમીન (topography)ના ભાગોથી માહિતગાર, સ્વામીભક્ત, ઘણો ઉત્સાહી, પ્રિય બોલનાર, શુરવીર અને વિદ્વાન–સારથિમાં એટલા ગુણો હોય છે. કૃષ્ણનું સારથિપણું સુપ્રસિદ્ધ છે. આ પ્રકરણમાં જ સારથિ પોતાની કુશળતા બતાવી આપશે.

૨ **નંદિવર્ધનની** ભાર્યા, જેની સાથે હમણાજ તેનાં લગ્ન થયાં છે અને જેને [illegible] થઇ ગઇ તે.

મારે મંદિરે આવીને મારું હ્રદય શૂન્ય હોવા છતાં દિવસ યોગ્ય સર્વ કાર્યો જેમ તેમ આરોપી લઇ હું મારા ઉતારાના મંદિરના ઉપરલે માળે ચઢ્યો. ત્યાં ગયા પછી મારા સર્વ નોકર ચાકરોને રજા આપી દીધી અને મારા પલંગમાં એકલો પડી રહ્યો. તે વખતે મને એક પછી એક વિચાર કનકમંજરીના સંબંધમાં આવવા લાગ્યા, અનેક તર્ક વિતર્ક થવા લાગ્યા, સંકલ્પજાળ ગુંથાવા લાગી અને તેવા કલ્પનાતરંગમાં એટલો બધો હું અટવાઇ ગયો કે મને ખબર પડી નહિ કે હું તે ગયેલું કે આવેલું ! હું તે ત્યાં બેઠેલું કે અહિ બેઠો છું ! એકલો છું કે મારા પરિવાર નોકર ચાકરો સાથે છું ! મને સમજાતું નહિ કે હું તે ઉંઘું છું કે જાગુંછું ! કે હું તે રહું છું કે હસું છું ! કે આ તે સુખ થાય છે કે દુઃખ થાય છે ! આ તે પ્રેમને માટે આતુરતા છે કે કોઇ જાતનો રોગ થયો છે ! કે આ તે મોટો ઓચ્છવ થઇ રહ્યો છે કે માથે કોઇ મોટી આપત્તિ આવી પડી છે ! અરે મને એટલી પણ ખબર ન પડી કે આતે રાત છે કે દિવસ છે ! કે હું તે ખરેખર જીવું છું કે મરણ પામી ગયો છું ! વળી મને સહજ ચેતના (consciousness) આવી ત્યારે હું વિચારવા લાગ્યો કે અરેરે ! હવે હું ક્યાં જાઉં ? શું કરૂં ? શું સાંભળું ? શું જોઉં ? શું બોલું ? અને કોને કહું ? આ મારા દુઃખનો ઉપાય શું કરૂં ?

આવી રીતે મારા મનમાં અત્યંત વ્યાકુળતા થતી હતી, મેં મારા સર્વ નોકરોને અંદર આવવા સખ્ત મનાઇ કરી હતી અને હું જરીકવાર એક પડખે અને જરીકવાર બીજે પડખે આળોટતો હતો અને મનમાં મુંઝાતો હતો. એમ નારકીની જેમ સખ્ત દુઃખને સહન કરતો હું આખી રાત શય્યામાં પડી રહ્યો પણ આખી રાતમાં મને એક ક્ષણવાર પણ ઉંઘ આવી નહિ, મેં આંખનું મટકું પણ માર્યું નહિ અને તેવા દુઃખમાં આખી રાત પસાર થઇ. પ્રભાત થતાં સૂર્યનો ઉદય થયો પણ રાત્રિ જેવા જ દુઃખમાં બીજા દિવસની સવારનો અડધો પહોર પણ પસાર થયો.

સારથિનો સીધો પ્રશ્ન.
કુમારનો ગોટાળીઓ જવાબ.
વ્યાધિનો સારથિદર્શિત ઉપાય.

તે વખતે મારો સારથિ મારા મંદિરમાં આવ્યો. તે મારો ઘણો માનીતો નોકર હોવાને લીધે કોઇએ તેને મારી પાસે આવતાં અટકાવ્યો નહિ. તે મારી પાસે આવ્યો, મારે પગે પડ્યો અને જમીનપર

બેઠો; પછી હાથ જોડીને કહેવા લાગ્યો—"આપ સાહેબ સારી
જાણો છો કે નીચ પુરૂષોમાં ચપળતા ઘણી હોય છે, તેવી ચપળ
અનુસરીને મારે આપને કાંઇ વિનંતિ કરવાની ઇચ્છા છે તે સ
હોય કે ખરાબ હોય પણ આપ સાહેબ જરૂર તે સાંભળવા મ
ઉપર મહેરબાની કરશો." નંદિવર્ધન કુમારે (મેં) જવાબ આપ્યો "ભ
સારથિ! તારે જે કહેવું હોય તે બહુ સુખેથી વિશ્વાસપૂર્વક ક
તારે માટે કોઇ જાતનો વાંધો હોય જ નહિ. આટલું સામાન્ય વિ
સરવું વચન[1] બોલવાની પણ તારે જરૂર નહોતી." ત્યાર પછી અમ
બન્નેની વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇઃ—

સારથિ—"જો એમ છે તો સાહેબ! બરાબર સાંભળો.
આપના બીજા નોકરો પાસેથી સાંભળ્યું કે આપ સાહેબ રથમાં
ગઇ કાલે ઉતર્યા ત્યારથી કોણ જાણે શા કારણથી ઘણા ઉદ્વેગમાં પ
ગયા છો, ઘણી ચિંતા કરો છો, નોકર ચાકરોને પોતાની પાસે આવવા
પણ આપે તદ્દન મનાઇ કરી છે અને આપ પલંગમાં પડી રહ્યા છે
કાલે તો આપે મોટો વિજય મેળવ્યો અને આજે આવી સ્થિતિ થ
તે તો ઘણું વિચિત્ર કહેવાય! મારે પણ સાહેબ! એવું થયું, રથ
ઘોડા છોડ્યા પછી તેની સારવાર કરવામાં કાલનો બાકીનો દિવસ પસા
થઇ ગયો. રાત્રી પડી ત્યારે મારા મનમાં ચિંતા થઇ કે મારા અન્ન
દાતાને આટલો બધો ઉદ્વેગ થઇ ગયો છે તેનું કારણ શું હોવું જોઇએ
આવા પ્રકારની ચિંતામાં ને ચિંતામાં મેં ઉદ્વેગના કારણ સંબંધી ઘણે
વિચાર કર્યો પણ મને કાંઇ સૂજ પડી નહિ. એ જ ચિંતામાં મેં આખી
રાત પસાર કરી. સવારે ઉઠીને હું અહીં આવતો હતો ત્યાં તો વળી
એક મોટું કારણ[2] આવી પડ્યું. તે કામ પતાવવામાં જરા વખત રો-
કાઇને હું આપસાહેબ સમક્ષ હાજર થયો છું. આપના શરીરની કુશ-
ળતા ઉપર અમારા જેવાનું તો જીવતર લટકેલું હોય છે તેથી આ
અધમ કિંકર (નોકર)ને મહેરબાની કરીને આપની આવી શરીરસ્થિતિ
થઇ જવાનું કારણ જણાવવાની કૃપા કરો."

આ પ્રમાણે બોલતો મારો સારથિ મારે પગે પડ્યો. તે વખતે
મેં મારા મનમાં વિચાર કર્યો કે—આનો (સારથિનો) મારા ઉપર ખરે-

---

૧ આકૂર્ચશોભા—એટલે દાઢીની શોભા. ઠરેલા દાઢીવાળા માણસો ડાહ્યું વિવેકસરતું બોલે તે. ઉપર ઉપરના વાણીના આડંબર માટે આ શબ્દ વપરાય છે. અંદર વાતમાં દમ ન હોય અને માણસ દાઢી જબરી રાખે તેવો ઉપર ઉપરનો દંભ હોય તે માટે આ શબ્દ વપરાય છે. 'વિવેકસરના વચન' માટે આ શબ્દ મૂળમાં વપરાયલો છે.

૨. આ કારણ શું હતું તે સારથિ પોતેજ આગળ જણાવશે.

[મ]ારો ભક્તિભાવ છે અને એની બોલવાની કુશળતા પણ ઘણી સારી [છે] માટે જે હકીકત વાસ્તવિક રીતે બની છે તે એને બરાબર જણા[વવ]ી જોઈએ-છતાં મદન (કામદેવ)નો વિકાર અને તેનો પ્રભાવ વિચિત્ર [હ]ોવાથી સીધો જવાબ આપવાને બદલે મેં તેને નીચે પ્રમાણે જવાબ [આ]પ્યો.

નંદિવર્ધન—"ભલા સારથિ! મારા શરીરની અને મનની આવી સ્થિતિ થવાનું કારણ શું છે તે મને બરાબર સમજાતું નથી. માત્ર મને એટલું યાદ છે કે બજારનો રસ્તો પૂરો કરીને રાજમાર્ગ તરફ જ્યારથી [તુ]ં રથને ગઇ કાલે લઇ આવ્યો અને ત્યાં તેં રથને કેટલોક વખત ઊભો [ર]ાખ્યો ત્યારથી મારા સર્વ અવયવો તૂટી જાય છે, અંદરનો તાપ (તાવ) [વ]ધારે વધારે જોર કરતો જાય છે, રાજ્યભુવન જાણે સળગી ઊઠયું [હ]ોય તેમ લાગે છે, લોકો બોલે છે તે જરા પણ ગમતું નથી, મનમાં [ચ]ટપટાય થયા કરે છે, નકામી ચિંતા થયા કરે છે અને હૃદય જાણે તદ્દન સૂનું પડી ગયું હોય તેમ લાગે છે. અત્યારે તો મારી સ્થિતિ એવી થઇ ગઇ છે કે આ દુઃખ શું છે તે મને સમજાતું નથી અને તેનો કોઇ ઉપાય પણ મને સુજતો નથી!"

સારથિ—"જો એમજ હોય તો તો આ દુઃખ શું છે અને તેનું ઔષધ શું છે તે બન્ને મારા સમજવામાં આવી ગયાં છે. આપસાહેબે હવે એ સંબંધમાં જરા પણ ચિંતા કરવી નહિ."

નંદિવર્ધન—"તે કેવી રીતે?"

સારથિ—"આપને જે દુઃખ થયું છે તેનું કારણ નજરબંધી છે, ચક્ષુદોષ છે."

નંદિવર્ધન—"મને કોની નજર લાગી છે?"

સારથિ—"આપે એને જ જોઇ છે કે નહિ તેની મને બરાબર ખબર નથી, પરંતુ રાજકુળના ઊંચા મહેલમાં એક મોટી[1] છોકરી અડધી આડી આંખે આપ સાહેબના તરફ ઇરાદાપૂર્વક ઘણા વખત સુધી જોઇ રહી હતી તેને મેં બરાબર જોઇ હતી. એ તો વાંકી નજરે આપનાં અંગ ઉપાંગ જોયાંજ કરતી હતી. તેથી જરૂર નિશ્ચય થાય છે કે આપને જે દુઃખ થયું છે તે એ છોકરીની દૃષ્ટિનો જ દોષ છે, સાહેબ! જેઓ હલકા સ્વભાવનાં હોય છે તેઓની નજર બહુ ભયંકર અને વક્ર હોય છે."

૧ સારથિ [illegible] છે. એ [illegible] એનો પ્રેમ અને વિનય વખાણવા યોગ્ય છે.

મેં મારા મનમાં વિચાર કર્યો કે– આ સારથિ ઘણો પક્કો (ત લીમબાજ) જણાય છે. એ મારા મનનો ભાવ બરાબર સમજી ગ છે. એણે મારી વહાલીને ઘણા વખત સુધી બરાબર જોઇ છે તેથી તો ખરો ભાગ્યશાળી ગણાય તેમ છે. વળી તેણે હમણા જ મ જણાવ્યું કે મારા દુઃખનું ઔષધ પણ એને મળી ગયું છે તેથી મા કામવિકારના તાવને દૂર કરનાર પેલી કન્યાને તે જરૂર મારે માટે મે ળવી આપશે એમાં મને સંદેહ લાગતો નથી. ખરેખર એણે આ મારો જીવ બચાવ્યો છે–આ પ્રમાણે વિચાર કરીને મેં (નંદિવર્ધને તેને મારા પલંગપર જોરથી બેસાડ્યો[1]. ત્યાર પછી મેં તેને નીચે પ્ર માણે કહ્યું.

નંદિવર્ધન—"વારૂ તેતલિ! તેં મારા રોગનું કારણ તો ભલુ શોધી કાઢ્યું! હવે તેનું ઔષધ શું કરવાનું ધાર્યું છે તે કહે."

સારથિ—"જ્યારે કોઇની નજર લાગી હોય ત્યારે તેના આ ઉપાય છે: એક તો વૃદ્ધ હુશિયાર ડોશીઓને બોલાવી તેમની પાસે મીઠું ઉતરાવવું,[2] મંત્રમાં કુશળ માણસો પાસે[3] અપ-માર્જન કરાવવું, રાખની રક્ષા કરવી,[4] કાંટાને શરીર-પર બાંધવા, અને બીજા આનંદ ઉજાણીના પ્રસંગો હાથ ધરવા. વળી લોકોમાં એવી વાત પણ કહેવાય છે કે ગમે તેવી સખ્ત ડાકણ વળગી હોય પણ જો તેને બરાબર ગાળ ગલોચથી ધમકાવી કાઢી હોય તો તેનું જોર એકદમ નરમ પડી જાય છે, માટે તે છોકરીની પાસે જઇને તેને ખૂબ આકરાં વચનો સંભળાવીને તેને સારી રીતે તુચ્છકારવી, તેને ગાળો આપવી અને તેને ધમકાવવી. તેને મારા જેવાએ કહેવું કે 'અરે અધમ પાપી સ્ત્રી! તેં અમારા પ્રભુ (શેઠ-દેવ) ઉપર વક્ર દૃષ્ટિ કરી છે અને અત્યારે ડાહી ડમરી થઇને બેસી ગઇ છે, પણ યાદ રાખજે કે અમારા પ્રભુનો એક વાળ પણ

સારથિનો આ-ડો જવાબ.

૧ કોઇ નોકર વર્ગના માણસને પોતાની શય્યાપર બેસાડવો તે તેને મોટામાં મોટું માન આપવા તુલ્ય ગણાતું હતું.

૨ **મીઠું ઉતારવું**: લવણ-લુણ અગ્નિમાં નાખીને ઉતારે છે તેથી દૃષ્ટિદોષ ચાલ્યો જાય છે એવી ઘરડાંઓની માન્યતા છે.

૩ **અપમાર્જન**: મંત્રથી અમુક બાબત દૂર ફેંકી દેવામાં આવે છે, તેને વાળી ઝુડીને સાફ કરવામાં આવે છે.

૪ **રાખની રક્ષા**: રાખ કાનની બાજુમાં લગાડવામાં આવે છે, તેથી લાગેલી નજર મટી જાય છે અને નવી નજર લાગતી નથી એવી વૃદ્ધોની માન્યતા હાલ પણ જોવામાં આવે છે.

વાંકો થયો તો તારી જીંદગી એક ઘડિ પણ ટકનાર નથી.' આ પ્રમાણે કરશો કરાવશો એટલે આપને જે એ છોકરીની નજર લાગી છે તેનો દોષ એકદમ દૂર થઇ જશે. આપના પૂછવાથી આપના વ્યાધિનું ઔ- ષધ મેં આપને જણાવ્યું છે."

નંદિવર્ધન (હસીને)—"હવે મશ્કરીની વાત જવા દે! ભાઇ તેતલિ! મારા દુઃખને દૂર કરવાનો ખરો ઉપાય તેં જે શોધી રાખ્યો હોય તે હવે મને બરાબર કહે.

સારથિ—"સાહેબ! આપના મનમાં આટલો બધો ઉદ્વેગ થતો હોય તે વખતે જો તે ઉદ્વેગનું ખરૂં ઔષધ અમને મળ્યું ન હોય તો આ- પની ચિંતાના વખતમાં આપની પાસે આનંદથી વાત કરવાની અમારા જેવામાં તાકાત પણ હોય ખરી! માટે આપ સાહેબ જરા પણ ચિંતા કરશો નહિ. આપની ઇચ્છા સર્વ પૂર્ણ થઇ ચૂકી છે. આપસાહેબના મનમાં જે ઉદ્વેગ થાય છે તે દૂર કરવા માટે જ આટલી મશ્કરી કરવાનું સાહસ વહોર્યું છે."

નંદિવર્ધન—"મારી ઇચ્છા કેવી રીતે પૂર્ણ થઇ ચૂકી છે તે મને તું હવે બરાબર જલ્દી કહે."

સારથિ—"પ્રભુ! મેં અહીં આવતાંવેંતજ આપને કહ્યું હતું કે હું અહીં આવતો હતો તે વખતે મને મોટું કારણ[1] આવી પડ્યું હતું તેને લઇને આજનો અડધો પહોર મારો તે કામમાં પસાર થઇ ગયો.

ઇષ્ટસિદ્ધિનો સાચો માર્ગ.

એ જે કારણ આવી પડ્યું હતું તે આપશ્રીની ઇચ્છાને પાર પાડવાને લગતુંજ હતું. નહિ તો એવા કામને મોટું કામ એમ મારાથી કહી જ કેમ શકાય? હકી- કત એમ છે કે રાણી મલયમંજરી (કનકચૂડ રાજાની રાણી)ની ખાસ સંબંધવાળી કપિંજલા નામની દાસી છે. તેને મારી સાથે ઓળખાણ છે. આજે સવારે હું હજુ તો મારી પથારીમાંથી ઊઠ્યો ન હોતો ત્યાં તો મારા ઘરમાં આવીને તે જોરથી પોકાર કરવા લાગી 'વત્સ! બચાવ બચાવ!!' એનાં ભયનું કારણ મારા સમજ- વામાં જરા પણ આવ્યું નહિ, તેથી મેં તેને (કપિંજલાને) પૂછ્યું 'બાઈ કપિંજલા! તને કોનાથી ભય પ્રાપ્ત થયો છે?' ત્યારે તેણે જવાબમાં કહ્યું કે 'મને કામદેવ તરફથી ભય થયો છે.' મેં તેને જવાબ આપ્યો 'અરે તારૂં શરીર તો ખરેખર સ્મશાનનો વિભ્રમ ઉત્પન્ન કરે તેવું છેઃ સ્મશાન જેમ શિયાળના રૂદનથી ભયંકર લાગે

૧ જુઓ પૃષ્ટ ૫૫૨.

છે તેમ તારૂં શરીર ખડખડતાં હાડકાંના અવાજથી ભયંકર લાગે સ્મશાન જેમ લપસી જવાય તેવા કાદવથી ભય લગાડે છે તેમ શરીરમાં એટલાં બધાં વળીઆં, કાળાં ચાઠાં અને જાળાંઓ છે કે તે સર્વને બીક લગાડે છે અને લાંબા માંસ વગરનાં મડદા જેવાં લટ જાડાં સ્તનથી તે જોનારને ચીડ ઉત્પન્ન કરે તેવું છે. એવું સ્મ જેવું તારૂં શરીર જોઇને મને તો ખાતરી છે કે ખૂદ કામદેવ પોતે બીકણુ માણસની પેઠે રાડ પાડીને તારાથી તો દૂર ભાગી જાય અને કહે છે કે કામદેવથી તને ભય થયો છે! અરે! તને તે કામદેવથી ભય થવાનો હતો? એ તો તારી નજીક પણ આવે નહિ!' ત્યાર પ કપિંજલા અને મારી વચ્ચે નીચે પ્રમાણે વાત થઇ:-

મદનમંજરીની કામવિહ્વલ સ્થિતિ.
મુંઝવણ-બાહ્ય ઉપાયની નિષ્ફળતા.
સાચો ઉપાય, મેળાપ અને ગોઠવણ.

"કપિંજલા—'અરે જુઠ્ઠા ભોળા! તું જાણી જોઇને મારા ક વાનો ભાવાર્થ સમજતો નથી અથવા નહિ સમજવાનો ઢોં કરે છે! ત્યારે મારે હવે તને ચોખ્ખે ચોખ્ખું સમજાવી દે પડશે. જો સાંભળ! મને કામદેવથી કેવી રીતે ભય થયો તે હું તને કહી સંભળાવું.'

"[1]સારથિ—'હા હા! તું મને બરાબર જણાવ.'

"કપિંજલા—'જો! તું સારી રીતે જાણે છે કે મલયમંજરી નામની મારી શેઠાણી છે જે મહારાજા કનકચૂડની રાણી છે. તેને એક કનકમંજરી નામની દીકરી છે.'

કનકમંજરીના નામપર ગાંડો થયેલો નંદિવર્ધન.

(સારથિએ કનકમંજરીનું નામ દીધું, એ સાંભળતાં નંદિવર્ધનની જમણી આંખ સ્ફુરવા લાગી, હોઠ ઊંચા નીચા થવા લાગ્યા, હૃદયમાં લોહી વધારે જોરથી ચાલવા લાગ્યું તેથી તે ધડક ધડક થવા લાગ્યું, આખા શરીરપર રોમાંચ ખડાં થઇ ગયાં અને મનમાં જે ઉદ્વેગ થતો હતો તે જાણે ચાલ્યો ગયો. નંદિવર્ધને પોતાના મનમાં વિચાર કર્યો કે પોતાના મનમાં જે પ્રિયતમાએ વાસ કર્યો છે તે ... કનકમંજરી જણાય છે; તેથી નંદિવર્ધને બહુ ઉત્સાહમાં આ ... કહી દીધું 'પછી પછી-વાત આગળ ચલાવ! કપિં...

---

૧ સારથિ આ સર્વ વાત નંદિવર્ધન પાસે ચવી. તે વાત આગળ ચાલે છે.

સારથિ નંદિવર્ધનનો ભાવ સમજી ગયો તેથી તેણે પોતાના મનમાં વિચાર કર્યો કે અહો! વહાલીના નામોચ્ચારરૂપ મંત્રનો મહિમા તો ભારે જણાય છે! ત્યાર પછી કપિંજલાએ પોતાને જે વાત કરી હતી તેનું અનુસંધાન મેળવતાં સારથિએ વાત આગળ ચલાવી.)

"કપિંજલા—'ભાઇ સારથિ! એ કનકમંજરી મારાં સ્તનનું પાન કરીને મોટી થઇ છે એટલે હું તેની ધાવમાતા છું. મને તેના ઉપર એટલો બધો પ્રેમ છે કે જાણે તે મારૂં હૃદય હોય, અરે જાણે મારૂં જીવિત જ હોય અને સ્વરૂપથી જાણે મારાથી કોઇ પણ પ્રકારે જૂદી ન હોય તેવી મને તે લાગે છે. અત્યારે એ બાપડી કામદેવથી પીડાય છે. હવે એ કનકમંજરીને જે ભય કામદેવથી થાય છે તે પરમાર્થથી મને પોતાને જ ભય છે તેથી મેં તને કહ્યું કે 'કામદેવથી મને ભય ગયો છે.' હવે મારા કહેવાનો આશય તું સમજ્યો?'

(કપિંજલા એ કહેલી કનકમંજરીની આવી સ્થિતિની હકીકત સાંભળતાં નંદિવર્ધન એકદમ ઊભો થયો, તરવાર મ્યાનમાંથી ખેંચી કાઢી અને મોટેથી બોલવા લાગ્યો 'અરે ખુની લુચ્ચા પાપી કામદેવ! હરામખોર! મારી વહાલીનો છેડો છોડી દે! જરા પુરૂષ થા! યાદ રાખજે કે હવે તારૂં જીવતર જરા વખત પણ ટકવાનું નથી.' આમ કહી તરવાર ફેરવતો નંદિવર્ધન આમ તેમ ફરવા લાગ્યો. તેને (મને-નંદિવર્ધનને) શાંત કરતો તેતલિ (સારથિ) કહેવા લાગ્યો "અરે સાહેબ! આપ દયાળુ દેવ જ્યાં સુધી વિદ્યમાન છો ત્યાં સુધી કુમારી કનકમંજરીને પાપી કામદેવ તરફથી કે બીજા કોઇ પણ તરફથી ભયની ગંધ પણ આવવાની નથી એ ચોક્કસ વાત છે. આ તો કથાનક-વાર્તા માત્ર છે તેથી પછવાડે શું બન્યું તે સર્વ આપ સાંભળો." તેતલિનાં આવાં વચન સાંભળીને, નંદિવર્ધન કહે છે કે, મને જરા શાંતિ થઇ, મારી ચેતના ઠેકાણે આવી અને હું જમીનપર બેઠો. પછી કપિંજલા અને તેતલિ વચ્ચે જે વધારે વાતચીત થઇ હતી તે આગળ ચલાવતાં સારથિ બોલ્યો.)

કામદેવપર નંદિવર્ધનનો કોપ.

"સારથિ—'અરે કપિંજલા! શું કારણને લઇને કનકમંજરી ઉપર ગેલો કામદેવ આટલું બધું જોર પછાડી રહ્યો છે?'

"કપિંજલા—હે તેતલિ! સાંભળ. ગઇ કાલે વિમલાનના અને રત્નવતીને હરણ કરવાનો બનાવ બન્યો તે તો તારા ધ્યાનમાં

હશે. ત્યાર પછી મહારાજા કનકચૂડ અને દુશ્મનો વચ્
લડાઇ થઇ. લડાઇમાં મહારાજા કનકચૂડ, કુમાર કન
અને નંદિવર્ધનનો જય થયો અને તેઓ જયધ્વજ સાથે
પ્રવેશ કરતા હતા તે વખતે મને કાંઇક કુતૂહળ થવ
બજારમાં તેમને જોવા ગઇ હતી. તેમનો નગરપ્રવેશ
ત્સવ થઇ રહ્યો એટલે હું પાછી કનકમંજરીના મંદિરે
અને ઉપરને માળે ગઇ. ત્યાં જઇને જોઉં છું તો કનકમ

કનકમંજરીની શરીર સ્થિતિ.

બારીમાં ઊભી હતી, રસ્તા ઉપર તેનું
આવી રહેલું હતું, તેની દૃષ્ટિની હીલ
તદ્દન બંધ થઇ ગઇ હતી, નજર શૂન્ય
ગઇ હતી અને જાણે તેને ચિત્રમાં ચિત
હોય, અથવા તો પત્થરની ઘડી કાઢેલી હોય અથવ
યોગ સાધેલી પરમ યોગિની હોય, તેમ તેનાં શરીરનાં સર્વ
ઉપાંગ અને અવયવોની ચેષ્ટા તદ્દન બંધ પડી ગયેલી જણ
હતી. આવી વિચિત્ર સ્થિતિમાં તદ્દન મંદ દશામાં બાર
ઊભી રહેલી કનકમંજરીને જોઇને આ તે એને શું થઇ
હશે? એમ વિચાર કરતાં ગભરાટમાં 'અરે પુત્રિ! કનકમંજર
[1]એમ વારંવાર મેં તેને બોલાવી, પરંતુ ઓછા નશીબવાળી
એ કુંવરીએ કાંઇ પણ ઉત્તર આપ્યો નહિ. તે વખતે
એક કદલિકા નામની દાસી ઊભી હતી તેને મેં પૂછ્યું '
કદલિકા! શા કારણથી કુંવરી કનકમંજરીની આવી અવસ
થઇ ગઇ છે?' કદલિકાએ જવાબમાં કહ્યું 'માજી! મને
કાંઇ બરાબર ખબર પડતી નથી. માત્ર જ્યારે રસ્તા ઉપ
થઇને કુમાર નંદિવર્ધન પસાર થયા અને એ કુંવરીસાહેબન
જોવામાં આવ્યા તે વખતે જાણે કુંવરીસાહેબ બહુ હરખા
ગયાં હોય, જાણે તેમને અનેક મહામૂલ્યવાન રત્નોની પ્રાપ્તિ
થઇ ગઇ હોય, જાણે તેમના શરીરપર અમૃતનું સિંચન થ
હોય, જાણે તેમને કોઇ મોટો ઉદય પ્રાપ્ત થઇ ગયો હોય, તેમ
વર્ણન ન થઇ શકે એવા રસમાં ન્હાતાં તેમને મેં જોયાં હતાં
અને જ્યારે તે કુમાર તેની નજરથી દૂર થઇ ગયા ત્યારથી
તેમની આવી અવસ્થા થઇ ગઇ છે.' આ હકીકત સાંભળીને
જો આનો બરાબર ઉપાય કરવામાં નહિ આવે તો શોકથી
વ્યાકુળ થઇને કુંવરી જરૂર મરી જશે એવા વિચારથી તુરતજ

1 બેંગાલ રો. એ. સો. વાળી બુકનું પૃ. ૩૭૬.

મેં[1] હાહારવ કરી મૂક્યો. મારો જબરો ગોકાર સાંભળીને કુંવરીની માતા મલયમંજરી ત્યાં તુરતજ આવી પહોંચ્યાં. તેમણે પણ 'અરે કપિંજલા! આ શું છે! શું છે?' એમ પૂછ્યું અને કનકમંજરીની સ્થિતિ જોઇને તે પણ રડવાં લાગ્યાં. ત્યાં [2]સુગંધીનો સારી રીતે વધારો થયેલો હોવાથી, કનકમંજરીના હૃદયમાં પોતાની માતા ઉપર ઘણો પ્રેમ હોવાથી તેમજ તેણે વિનયગુણનો સારી રીતે અભ્યાસ કરેલો હોવાથી તેને જરા ચેતના આવી, તેણે શરીરને જરા મરડ્યું, અને બગાસાં ખાવાં માંડ્યાં. પછી મલયમંજરીએ કુંવરીને પોતાના ખોળામાં બેસાડી અને પૂછવા માંડ્યું. 'દીકરી કનકમંજરી! તને શું થાય છે?' કનકમંજરીએ જવાબ આપ્યો 'માતાજી! મને બીજી કાંઇ પણ ખબર પડતી નથી. મારા શરીરને માત્ર દાહજ્વર[3] પીડા કરે છે.' અમે તો સર્વે આકુળવ્યાકુળ થઇ ગયાં હતાં તેથી તેના શરીર ઉપર ચંદનનું વિલેપન કરવા લાગ્યાં, કપૂરના ઠંડા પાણીના છાંટણાયુક્ત પંખાદ્વારા તેના અંગ અને અવયવપર ઠંડો પવન નાખવા લાગ્યાં, તેના શરીરપર ઠંડો તાડછાનો પંખો લઇને ઠંડક કરવા લાગ્યાં, નાગરવેલના પાનની બીડીઓમાં કપૂર નાંખીને વારંવાર તેને આપવા લાગ્યાં અને બીજી અનેક પ્રકારે તેને ટાઢક કરવા લાગ્યાં. તે વખતે સૂર્ય આથમી ગયો, રાત્રીનો પતિ ચન્દ્ર ઉદય પામ્યો અને ચાંદનીએ આકાશને છાઇ દીધું. તે વખતે મેં (કપિંજલાએ) માતા મલયમંજરીને કહ્યું 'બા! આ સ્થાન બંધીઆર હોઇને જરા ગરમ વધારે છે, માટે કુંવરીને જરા વધારે હવાવાળા ઉઘાડા સ્થાનમાં લઇ જઇએ તો વધારે સારૂં.' રાણીનો તેમ કરવાનો હુકમ થવાથી તે રાજમહેલની અગાશી જે વિશાળ હિમાચળ પર્વતની શિલાનો વિભ્રમ ઉત્પન્ન

બાહ્ય ઠંડા ઉપચારો.

---

૧ કપિંજલા દાસી આ વાત સારથિને કહે છે-સારથિ તે વાત નંદિવર્ધન કુમારને કહે છે અને સંસારી જીવ પોતાનો અનુભવ સદાગમ સમક્ષ કહે છે.

૨ કનકમંજરીને સાવધ કરવા ઘણાં સુગંધી દ્રવ્યો એકઠાં કરવામાં આવ્યાં હતાં, તેથી ચોપાસ સુગંધ પસરી રહી હતી. સુગંધથી સાવધાની આવે છે, એ એક સાવધ કરવાનો જાણીતો બાહ્ય ઉપચાર છે.

૩ દાહજ્વરઃ સખ્ત તાવ, તાપ.

કરે તેવી હતી અને જેમાં અમૃતના જેવો ધોળો ચાં
પ્રકાશ પડેલો શોભી રહ્યો હતો ત્યાં હાથનો ટેકો આ
કનકમંજરીને લઇ ગયા અને ત્યાં ઘણા ઠંડાં કમળનાં પ
ઓની શય્યા તેને માટે તૈયાર કરાવી. તેના ઉપર તેને
ડીને તેના બન્ને હાથ ઉપર કમળની નાળનાં વલયો બ
તેની છાતી ઉપર સિંદુવાર (નગોડ)[1] વૃક્ષના પુષ્પનો
બાંધ્યો, તેને સ્પર્શ કરવાને માટે એવા ઠંડા [2]મણિઓ
પાસે લાવવામાં આવ્યા કે જેને પાણીમાં મૂકવાથી સરો
જળ પણ ઠરી જાય. ઉપરાંત, એ પ્રદેશ જ એવો સુંદર હતો
ત્યાં બળવાન માણસોના પણ રોમાંચ ઊભા થાય અને
કચકચાવે તેવો તીક્ષ્ણ ઠંડો પવન સતત વાયા કરે.—આ
સુંદર શીતળ અગાશીમાં કનકમંજરીને લાવ્યા પછી મ
મંજરીએ તેને પૂછ્યું 'દીકરી કનકમંજરી! હવે તને ગરમ
જે પીડા થતી હતી અને દાહજ્વરની જે બળતરા થતી હ
તે કાંઇ મટી?'

કનકમંજરીને વધારે પીડા.

"કનકમંજરીએ માતાને જવાબ આપ્યો 'નહિ માતાજી! મ
નથી. હવે તો ઉલટું મને એમ લાગે
કે મને જેટલી બળતરા થતી હતી તેન
કરતાં અત્યંત વધારે થઇ ગઇ છે. આ
પેલો ચંદ્રમા આકાશમાં લટકી રહ્યો
તે જાણે ખેરના અંગારાનો મોટો ઢગલો હોય નહિ તેમ
મારી તરફ બળતી જ્વાળા ફેંકતો જણાય છે, ચંદ્રની ચંદ્રિક
મોટા ભડકા જેવી જણાય છે, આકાશમાં આવી રહેલા તા
રાઓ જાણે અગ્નિનાં છૂટા છૂટા હજારો અબજો તણખાઓ
હોય તેવાં જણાય છે, આ કમળના દાંડાઓનું બીછાનું જાણે
મને બાળી મૂકતું હોય એમ લાગે છે અને [1]સિંદુવારનો
હાર મને ઊભીને ઊભી સળગાવી મૂકતો જણાય છે. અરે!

---

૧ સિંદુવારઃ ભાષામાં નગોડના ઝાડ તરીકે પ્રસિદ્ધ છે. એનું નગોડીનું તેલ
થાય છે.

૨ ઠંડક મણિઃ એવાં રત્ન આવતાં હતાં કે જેને હાથમાં લેવાથી ઠંડક થઇ
જાય, જેને સરોવરમાં મૂકવાથી આખા સરોવરનું પાણી ઠરી જાય, થીજી જાય, બરફ
થઇ જાય. આવા ઠંડા મણિ હાલ જોવામાં આવતા નથી.

મા! હું તને શું કહું, મારૂં આખું શરીર જાણે અગ્નિનો પિંડ હોય નહિ તેવું સળગતું લાગે છે.'

કનકમંજરીનો આવો નહિ ધારેલો જવાબ સાંભળીને મલયમંજરીએ કહ્યું 'કપિંજલા! આ તે શું? મારી દીકરીને આવો સખ્ત દાહજ્વર એકદમ થઇ આવ્યો તેનું કારણ કાંઇ તારા ધારવામાં આવે છે?' તે વખતે મેં (કપિંજલાએ) મલયમંજરીની પાસે જઇ તેના કાનમાં કદલિકાએ મને જે વાત કરી હતી તે કહી સંભળાવી.

વ્યાધિનું કારણ.

એ વાત સાંભળીને મલયમંજરીએ જવાબમાં કહ્યું 'જો એમજ હોય તો પછી આ અવસરે આપણે શું કરવું યોગ્ય ગણાય?' એજ વખતે રસ્તામાં રાજમાર્ગ ઉપર કોઇએ શબ્દ કર્યો 'અરે! એ કામ તો સિદ્ધ થયું. હવે તો માત્ર જરા વખતની જ વાર છે.'

તે વખતે આનંદમાં આવીને મેં કહ્યું 'અરે બા સાહેબ! તમે રસ્તા ઉપરથી અચાનક પોતાની મેળે નીકળી પડેલો કોઇનો શબ્દ સાંભળ્યો?' મલયમંજરીએ કહ્યું 'હા બરાબર સાંભળ્યો!' મેં (કપિંજલાએ) કહ્યું 'જો એમજ હોય તો કુંવરી કનકમંજરીની ઇચ્છા જરૂર પૂરી થઇ જ એમ સમજવું.' વળી અત્યારે મારી ડાબી આંખ પણ ફરકેછે, માટે મને તો એ બાબતમાં જરા પણ શંકા લાગતી નથી.'

મલયમંજરીએ જવાબમાં કહ્યું 'એમાં શંકા લાવવા જેવું શું છે? એ કામ તો જરૂર સિદ્ધ થશે.'

હવે કનકમંજરીને મણિમંજરી નામની મોટી બહેન હતી, તે તે વખતે મહેલની અગાશીમાં આવીને અત્યંત આનંદમાં ગરકાવ થયેલી અમારી સામે બેઠી.

ભાવના સિદ્ધિનો વિષમ માર્ગ.

મેં (કપિંજલાએ) મણિમંજરીને કહ્યું 'બીજાના સુખદુઃખની તારા મનપર જરા પણ અસર થતી જણાતી નથી તેથી તું ઘણી કઠોર જણાય છે.' તેના જવાબમાં મણિમંજરીએ કહ્યું 'એમ શા

---

૧ 'શુકનથી શબ્દ સાંભળ્યા'-એનું આ ઉદાહરણ છે. બોલનાર આને ઉદ્દેશીને બોલેલ નથી, પણ આમની ધારણાને અનુકૂળ શબ્દો બોલાયા તે લાભ સૂચવે છે.

માટે કહે છે?' મેં કહ્યું 'અરે શું તું જાણતી નથી કે અમે આટલા બધા દિલગીર અવસ્થામાં છીએ અને તું આનંદમાં ગરકાવ થઇને બેઠી છે! તને કાંઇ લાગતું પણ નથી?'

મણિમંજરી—'અરેરે! શું કરૂં? મારા હર્ષનું કારણ એટલું મોટું છે કે હું ગમે તેટલો પ્રયત્ન કરૂંછું છતાં હું તેને કોઇ રીતે છુપાવી શકતી નથી.'

મેં પૂછ્યું 'ત્યારે વળી એવું તે શું આનંદનું કારણ છે તે તો કહે!'

મણિમંજરી—'હું આજે પિતાજીની પાસે ગઇ હતી. તેમણે મને લાડથી બોલાવીને પોતાના ખોળામાં બેસાડી. તે વખતે ભાઇ કનકશેખર[1] પણ પિતાજીની પાસેજ હતા, તેને પિતાશ્રીએ આ પ્રમાણે કહ્યું:—

'ભાઇ કનકશેખર! તું જાણે છે કે **સમરસેન** અને **દ્રુમ** બૂ મહાબળવાન હતા, છતાં તેમને કુમાર નંદિવર્ધને એક સપાટામાં મારી નાખ્યા તે કાંઇ સાધારણ વાત ન કહેવાય! એટલા ઉપરથી જણાય છે કે કુમાર **નંદિવર્ધન** કાંઇ સાધારણ પુરુષ નથી. એણે એથી આપણા ઉપર એટલો મોટો પાડ કર્યો છે કે આપણે કુમાર નંદિવર્ધનને તેના બદલામાં આપણી જીંદગી આપીએ તો પણ તેનો પૂરતો બદલો વળે નહિ. તેથી મારો આ પ્રમાણે વિચાર થાય છે કે **મણિમંજરી** અને **કનકમંજરી** મારી બન્ને પુત્રીઓ મને મારા જીવ કરતાં પણ વધારે વહાલી છે એમાંથી[2] આ **મણિમંજરી**ને તો સેનાપતિના ભાઇ **શીલવર્ધન** સાથે અગાઉથી આપણે આપી ચૂક્યા છીએ માટે **કનકમંજરી**ને આપણે **નંદિવર્ધન** સાથે પરણાવીએ.'

કનકમંજરીના વિવાહ માટે પિતાના વિચારો.

'કનકશેખરે પિતાશ્રીના યોગ્ય વિચારો સાંભળી જવાબમાં કહ્યું 'પિતાશ્રીએ ઘણો યોગ્ય વિચાર કર્યો છે. આપ અવસરે ઉચિત શું કરવું તે બરાબર સારી રીતે જાણો છો. માટે આપણે બહેનને નંદિવર્ધન સાથે જરૂર પર-

---

૧ આ **મણિમંજરી** તે કનકશેખરની બહેન થાય અને કનકચૂડ રાજાની દીકરી થાય.

૨ પોતાના ખોળામાં બેઠેલી (તે વખતે).

ધ્રુવણી.[1] આ પ્રમાણે વાતચીત કરી બાપ દીકરાએ-રાજા અને કુંવરે-પોતાના મનમાં નિર્ણય કર્યો કે બહેન કનકમંજરીનો લગ્ન કુંવર નંદિવર્ધન સાથે કરવો.

(મણિમંજરી કપિંજલાને આગળ કહે છે કે) 'આ પ્રમાણે પિતાજી અને ભાઈ કનકશેખર વાત કરતા હતા તે વખતે હું પિતાજીના ખોળામાંથી ઊઠી ઊભી થઇ અને અહીં આવવા લાગી. આવતાં આવતાં મેં (મણિમંજરીએ) મનમાં વિચાર કર્યો કે અહો હું ખરી ભાગ્યશાળી છું, મારે દૈવની અનુકૂળતા પણ સર્વ બહુ સારી થઇ ગઇ! પિતાશ્રીના વિચાર કરીને કાર્ય કરવાના નિર્ણયને પણ રંગ છે! અને ભાઇ કનકશેખરના વિનયગુણને પણ રંગ છે! હવે તો મારી બહેન કનકમંજરી અને મારે આખી જીંદગી સુધી સાથે રહેવાનું થયો' અને અમે બન્ને સાથે રહીને અનેક પ્રકારની આનંદની લહેરો કરશું. આવા આવા વિચારોને પરિણામે મને એટલો બધો આનંદ થઇ ગયો છે કે તે બહાર પણ જણાઇ આવે છે. મને અત્યારે મનમાં જે બહુ આનંદ થઇ આવે છે તેનું કારણ કપિંજલા! હવે તારા સમજવામાં બરાબર આવ્યું હશે.!

મણિમંજરીની આ વાત સાંભળીને માતા મલયમંજરીએ કહ્યું 'અરે કપિંજલા! નિમિત્ત શબ્દ આપણે હમણા સાંભળ્યો તેમાં કાર્યસિદ્ધિ બતાવી હતી, માત્ર વખત જરા બાકી છે એમ કહ્યું હતું તે તું યાદ કર.'

મેં (કપિંજલાએ) જવાબમાં કહ્યું 'એમાં શું શક છે? એવી દૈવી વાણી જરૂર ભવિષ્ય સૂચવનારીજ હોય છે. હવે દીકરી કનકમંજરી! તું દીલગીરી છોડી દે, અને ધીરજ ધારણ કર. તારી ઇચ્છા છે તે બરાબર હવે સિદ્ધ થઇ ચૂકી છે એમ સમજ. તને જે દાહજ્વરની બળતરા થઇ આવી છે તેનું કારણ હવે દૂર થઇ ગયું છે. પુત્રીવત્સલ પિતા કનકચૂડે તને અત્યાર અગાઉ જ તારા

---

1 શીલવર્ધન એ નંદિવર્ધનના સેનાપતિનો ભાઇ હોવો જોઇએ. તેનું નામ આગળ આવતું નથી પણ જો નંદિવર્ધનના સૈન્યમા તે હોય તો જ મણિમંજરી અને કનકમંજરીનો અવિયોગ રહી શકે.

હૃદયને આનંદ કરનાર તારા હૃદયના નાથ કુમાર નંદિવર્ધનને આપી દીધી છે.'

આ હકીકત સાંભળીને હે તેતલિ![1] કનકમંજરીને પોતાના હૃદયમાં કાંઇક વિશ્વાસ પણ આવ્યો અને નિરાંત વળી ગઇ, તો પણ કામદેવની રીતભાત હમેશા આડી અવળી હોવાથી મારા સામું જોઇ ભવાં ચઢાવીને મને ઠપકો આપતી હોય તેમ કહેવા લાગી, 'અરેરે માડી! આવાં ખોટાં ખોટાં વચનો બોલીને મારા ઉપર ખોટું આળ શા માટે ચઢાવો છો? આવું ઢંગ ધડા વગરનું-ઠેકાણા વગરનું બોલીને તમે બધાએ તો મારૂં માથું ફેરવી નાંખ્યું!' મલયમંજરીની માતાએ કહ્યું 'દીકરી! એવું બોલ નહિ! વાત તદ્દન સાચી છે, બાપુ! તારે [2]એથી જૂદી હકીકતનો ખ્યાલ પણ કરવો નહિ.'

કનકમંજરીનો અવિશ્વાસ.

'અરે મારાં એવાં નશીબ તે ક્યાંથી હોય?' એમ ધીમે ધીમે મનમાં બોલતી કનકમંજરી નીચું મોઢું કરીને ઊભી રહી. અમે આખી રાત કનકમંજરી પાસે પોતાના પતિમાં અત્યંત આસક્ત સતી સ્ત્રીઓનાં ચરિત્ર કહેવામાં પસાર કરી અને તેમ કરીને તેને વિનોદ ઉત્પન્ન કરવાનો ઘણો પ્રયત્ન કર્યો. અરે ભાઇ તેતલિ! અત્યારે સવાર પડી છે તો પણ હજુ કનકમંજરીનો દાહજ્વર શાંત થતો નથી. આથી મેં (કપિંજલાએ) મારા મનમાં વિચાર કર્યો કે-આને રીતસર (પાણીગ્રહણ પ્રસંગે) નંદિવર્ધનનાં દર્શન થશે તેટલા વખતમાં તો કદાચ આ કુંવરી જરૂર મરવા પડશે અથવા મરી જશે, માટે વાત તેતલિને જ ભણું! કુમારને તેના ઉપર સારો પ્રેમ છે તેથી તે કુમારને વિજ્ઞપ્તિ કરી શકશે અને કોઇ રીતે તેને કુમારનાં આજ જ દર્શન થાય તો તેનો બચાવ થઇ શકશે-આ પ્રમાણે વિચાર કરીને હે સારથિ[3]! હું તારી

1 સારથિ આગળ આ સર્વ વાત કપિંજલા કહે છે અને તે વાત સારથિ કુમાર નંદિવર્ધન પાસે કહી સંભળાવે છે.

2 માતાની ભાષા મિશ્ર છે. કહેવાનો આશય બેવડો છે. ભોળું વચન છે.

3 કપિંજલાએ ઉ. ૬૦૬ થી કનકમંજરીની શારીરિક સ્થિતિ સંબંધી હકીકત સારથિને કહેવા માંડી હતી તે ટૂંકામાં પૂર્ણ થઈ. સારથિએ તે સર્વ વાત કુમાર નંદિવર્ધનને કહેવા માંડી હતી તે ધ્યાનમાં રાખવું.

સમીપે સવારના પહોરમાં આવી છું. આ પ્રમાણે હોવાથી હે તેતલિ ! મેં તને કહ્યું કે કામદેવ અને મોટો ભય ઉત્પન્ન કરે છે. તેં મારી વાત તો બરાબર જાણી, હવે તું કહે તેમ કરીએ.'

મેં તેને (કપિંજલાને) જવાબ આપ્યો 'અરે ! કપિંજલા ! જો કે અમારા કુમારસાહેબને ઇંદ્રિયો [1]સર્વે વશ છે અને જો કે તેઓ સ્ત્રીને તૃણતુલ્ય ગણે છે કારણ કે પોતે મહા પુરૂષ છે, છતાં હું તારી ખાતર તેમને વિજ્ઞપ્તિ કરીશ કે તેમણે પોતાનું દર્શન આપીને રાજકુંવરીના પ્રાણ બચાવવા. તારે અને કુંવરીએ રતિમન્મથ નામના બગીચામાં અમારા કુમારને મળવા માટે આવવું.'

વરવધૂના મેળાપ-સ્થાનનો સંકેત.

કપિંજલા મારી આ હકીકત સાંભળીને બોલી 'ઘણો ઉપકાર થયો, આપનો અંતઃકરણથી આભાર માનું છું.'

"મહારાજ નંદિવર્ધન ![2] આ પ્રમાણે કહી તે કપિંજલા મારે પગે પડી, મારો ઘણો ઘણો આભાર માન્યો અને કુંવરીના મંદિર તરફથી હું અહીં આવ્યો. તેથી આપશ્રીને જે વ્યાધિ થયો છે તેનું આ ઓસડ પણ હું સાથે લેતો આવ્યો છું.[3]"

નંદિવર્ધન (હું)—"ભલે તેતલિ ! ભલે ! તેં બહુ સારૂં કર્યું ! કેવી રીતે બોલવું તે પણ તું સારી રીતે જાણે છે."

ચતુર સારથિને યોગ્ય ઇનામ.

આ પ્રમાણે કહીને તેના ગળામાં મેં મારો હાર કાઢી પહેરાવી દીધો અને તેના હાથમાં મારાં કડાં અને બાજુબંધ પહેરાવી દીધાં. તેતલિએ કહ્યું "સાહેબ ! આ તુચ્છ દાસ ઉપર આટલી બધી કૃપા આપ સાહેબે કરી તે ઉચિત લાગતું નથી." મેં જવાબમાં કહ્યું કે "ભાઇ

---

૧ અન્યની પાસે પોતાના શેઠની આબરૂ નોકર કેવી વધારે છે તે સારથિના દૃષ્ટાન્તથી સમજવા યોગ્ય છે. ખરી વાત તે જાણતો હતો કે શેઠને પણ પરણવાની એટલી જ ગરજ છે.

૨ વાત આગળ ચલાવતાં રથકાર નંદિવર્ધન કુમારને કહે છે.

૩ જુઓ પૃ. ૫૯૩ માં રથકારે કહ્યું છે કે તેને વ્યાધિનિદાન અને ઓસડ બન્ને મળી ગયા છે. અહીં તે વાત બરાબર સ્પષ્ટ થઇ.

તેતલિ ! પ્રાણ બચાવનાર હુંશિયાર વૈદને તો જે આપીએ તે [illegible] ગણાય ! એમાં વળી ઉચિત નથી એમ કહેવાનું તે પ્રયોજન [illegible] શકે ખરૂં? માટે તારે જરા પણ બોલવું નહિ. હવે તું મારા [illegible] તરથી-મારા પ્રાણથી જરા પણ જુદો નથી એમ તારે સમજવું [illegible]

કનકમંજરીનું પાણિગ્રહણ.

આ પ્રમાણે તેતલિ સાથે હું વાત કરતો હતો ત્યાં વિમલ [illegible] મનો કનકચૂડ રાજાનો અમાત્ય મારા મંદિરના દરવાજા પાસે આ[illegible] પહોંચ્યો. પ્રતિહારીએ ખબર આપ્યા કે અમાત્ય વિમળ આવેલા છે [illegible] તુરત જ સારથિને મેં બાજુના આસન ઉપર બેસાડ્યો. દ્વારપાળે [illegible] અમાત્યને મારી પાસે રજુ કર્યો, તેણે મને યોગ્ય પ્રણામ કર્યા [illegible] કહ્યું "કુમારશ્રી ! મહારાજા કનકચૂડે મને એક કામ માટે આપ[illegible] સ્વરૂપે અત્યારે મોકલ્યો છે. મારી સાથે કહેવરાવ્યું છે કે 'મારે મ[illegible] [illegible]થી જન્મ પામેલી મારી કનકમંજરી નામની દીકરી છે; તો [illegible] કૃપા કરીને કુમારે તેની સાથે પોતાનું વેવિશાળ સ્વીકારવું અ[illegible] તેમ કરીને તેને રાજી કરવી.'"

[illegible] તરફનાં આવાં વચન સાંભળીને મેં તેતલિ[illegible] સામું જોયું. તેણે કહ્યું "આપ સાહેબે મહારાજા કનકચૂડની આજ્ઞા [illegible] ઉપાડી લેવી જોઈએ; માટે આવી [illegible] કરી છે તેનો આપે અવશ્ય સ્વીકાર કરવો."

મેં જવાબ આપ્યો "તું જે કહે છે તે મારે કબૂલ મંજુર છે." [illegible] ઉપકાર માનીને વિમળ અમાત્ય [illegible] વિદા[illegible] [illegible] પછી તેતલિએ મને કહ્યું "હવે આપ સાહેબ [illegible] [illegible] રાજકુંવરી કનકમંજરી[illegible] [illegible]" હું (નંદિવર્ધન) તેની [illegible] [illegible]

[illegible] અગાસીમાં સુંદરીની દશા.

[illegible]

ઊંડા ભાગોમાં, નાગરવેલનાં આરામગૃહોમાં, કમળનાં સરોવરોની પાળ ઉપર અને બીજી ઘણી સુંદર જગોએ ફર્યો, વારંવાર તેની તે જગોએ ગયો, પરંતુ એ મૃગનયનાને મેં કોઇ પણ જગોએ જોઇ નહિ. તે વખતે મારા મનમાં વિચાર આવ્યો કે-જરૂર તેતલિએ મને છેતર્યો જણાય છે! અમારો વિમળ મારી પાસે આવીને કન્યાનું પાણિગ્રહણ કરવાનું કહી ગયો તે પણ તેનો માયાપ્રપંચ હોવો જોઇએ. એવી અદ્દભુત નવયૌવનાના દર્શન કરવા જેટલું પણ નશીબ મારા જેવાને ક્યાંથી હોય!

શોકગ્રસ્ત સુંદરી.

આવા આવા અસ્વસ્થ વિચારો હું કરતો હતો તેવામાં બગીચાના ઊંડા ભાગમાંથી સુંદર પગનાં ઝાંઝરનો અવાજ મારા સાંભળવામાં આવ્યો. એ વખતે હું તેતલિની આજુએથી ખસી જઇને જે ઉંડાણમાંથી તે અવાજ આવતો હતો ત્યાં ગયો તો દૂરથી વાંસના ઝાડની નીચે જાણે સ્વર્ગથી ભ્રષ્ટ થઇને આવી પહોંચેલી કોઇ દેવાંગના હોય, અથવા તો પોતાના ઘરમાંથી બહાર કાઢી મૂકેલી મહા રૂપવંત નાગકન્યા હોય, અથવા કામદેવના વિરહથી ભયમાં આવી પડેલી સાક્ષાત્ રતિ હોય તેવી શોકમાં પડેલી કનકમંજરીને મેં ઊભેલી જોઇ.

સુંદરીના ઉદ્ગારો.

દૂરથી જોતાં મને જણાયું કે તે ચપળ નજરે ચાર દિશાઓ તરફ જોઇ રહી છે પણ તેના જોવામાં કોઇ મનુષ્ય આવતું નથી. આખરે બોલતી સંભળાઇ. "અહો વનદેવતાઓ! તમે સાક્ષી રહેજો. તેતલિએ મારી ધાવમાતા પાસે કબૂલ કર્યું હતું કે મારા ઇષ્ટ હૃદયનાથને તુરત તે મારી પાસે લઇ આવશે, વળી આ રતિમન્મથ બગીચામાં મળવાનો સંકેત પણ તેણેજ કર્યો હતો. એ [1]ઘરડી બિલાડીએ (કપિંજલાએ) મને ઠગીને અહીં આણી છે. હવે અહીં તો તે બાબુરા (મારા હૃદયનાથ) મળતા નથી એટલે પોતે તેને શોધવા જવાનું બ્હાનું કાઢીને તે ડોકરી અહીંથી છટકી ગઇ છે અને મને એકલીને અહીં મૂકીને ક્યાંક ચાલી ગઇ છે તેનો પત્તો પણ લાગતો નથી. મોટી ઇંદ્રજાળની રચના કરવામાં ચતુર એ કપિંજલાએ મને આજે આવી રીતે ઠગી

---

૧ 'દળવું ઘોડી દવાવવાનું' એ કહેવત વિચારવા યોગ્ય છે. નંદિવર્ધને પણ વ્યવહારનો વાક કાઢ્યો હતો, કનકમંજરી તો ધાવમાતા ઉપર આકરા શબ્દોની પુષ્પવૃષ્ટિ પણ કરે છે. સાધનસંપન્ન અને આશ્રિતોનો આ સંબંધ દરરોજના અનુભવનો વિષય છે.

છે. અરેરે! હું એક તો મારા હૃદયનાથ પ્રેમમૂર્ત્તિના વિરહથી ગયેલી છું અને વળી મારા સ્નેહી સંબંધીઓ મને છેતરે છે! મંદભાગ્યવાળી સ્ત્રીએ જીવતર ધારણ કરવાનું શું પ્રયોજન છે? વનદેવતાઓની કૃપાથી હું એટલું માગુંછું કે આવતા ભવમાં પણ હૃદયનાથ મારા પતિ થાઓ!!" આ પ્રમાણે બોલતી તે કનકમં એક રાફડા ઉપર ચઢી અને વાંસના ઝાડ સાથે દોરડુ બાંધ્યું. તેની ઉપર પોતાની ડોકને બાંધીને લટકાવી, પછી જેવું પોતાનું શ લટકાવવા જાય છે ત્યાં તો 'અરે સુંદરિ! સાહસ કર નહિ' બોલતો હું તેની પાસે પહોંચી ગયો અને ડાબા હાથથી તેની ભાગ પકડીને તેના પડતા શરીરને મેં થોભાવી રાખ્યું અને જમ હાથે છરીવડે પાસ તોડી નાંખ્યો. મારી વહાલીને પછી મેં પ નાંખ્યો અને તેને જ્યારે જરા આશ્વાસન મ ત્યારે હું બોલ્યો 'અરે દેવિ! આવું અઘટિત આદરી બેઠાં છો? આ મનુષ્ય તમારે આધીન માટે સર્વ પ્રકારના કલેશ દુઃખ કે વિષાદ છોડી દે

કનકમંજરીને જીવિત દાન.

આખરે દંપતી મેળાપ.
યોગ્ય લજ્જા અને પ્રેમ.
આશ્વાસન અને શાંતિ.

તે વખતે કનકમંજરીની આંખો કાંઇક મીંચાતી અને કાંઇ ચપળ મારા જોવામાં આવી. તે મારા સામું જોઇ રહી હતી અ તેનું સ્વરૂપ જોઇએ તો જાણે તે અનેક પ્રકારના રસોને[1] એક સા અનુભવતી હોય, અને જાણે મહારાજ કામદેવનાં ચિહ્નો વ્યક્ત કરતી હોય તેવું લાગતું હતું અને એકંદર તેનું સ્વરૂપ એવું અગા જણાતું હતું કે જાણે કવિઓથી વાણીવડે તેનું વર્ણન થવું અશક હતું. પોતે તદ્દન એકલી હોવાથી કાંઇક તેને બીક લાગતી હત અને તે જ પુરૂષ છે એવા વિચારથી તેને આનં થતો હતો; એ અહીં આવી જગોએ પોતાન મેળે કેવી રીતે આવી પહોંચ્યા હશે તે બાબતની તેના મનમાં શંકા થયા કરતી હતી; એ ઘણા સ્વરૂ પવાન છે એ વિચારથી તેના મનમાં જરા ગભરાટ થતો હતો; પોતેજ ચાલી ચલવીને અહીં આવી પહોંચી હતી તે વિચારથી તેના મનમાં

અનેક રસોમાં અવગાહન.

---

૧ અનેક પ્રકારના રસોનો અહેવાલ આની પછીના વાકયમાં જોઇ શકાશે. કેટલા રસો મિશ્ર થાય છે તે ખાસ વિચારવા જેવું છે.

સજ્જ થતી હતી; પોતે અહીં એકાંતમાં આવી રહી છે તેના ખ્યાલથી ચારે દિશાઓમાં આંખો ફેરવતી હતી; પોતાને આ જ જંગલમાં મળવાનો સંકેત કર્યો હતો એ વિચારથી તેના મનમાં કાંઈક વિશ્વાસ પણ આવતો હતો; પોતે ફાંસો ખાઈને આપઘાત કરતી હતી તે એ જોઈ ગયા છે એ ખ્યાલથી તે મનમાં ઘણી મુંઝાતી હતી; તેના આખા શરીરપર થયેલા સુંદર પરસેવાના જળથી તે ન્હાઈ ગઈ હતી તેથી સમુદ્રનું મન્થન કરીને હમણાં તુરતમાંજ બહાર કાઢેલી [1]લક્ષ્મી હોય તેવી તે દેખાતી હતી;[2] તેના શરીર ઉપર વારંવાર રોમાંચ ખડાં થતાં હતાં તેથી તે કદંબના પુષ્પસમૂહનું આચરણ કરતી હોય તેવી સુંદર દેખાતી હતી; પ્રથમ મેળાપના સ્વાભાવિક ગભરાટને લીધે તેનાં સર્વ અવયવો એટલાં બધાં ધ્રુજતાં હતાં કે જાણે પવનના જોરથી ઝાડની માંજર જેમ ડોલતી હોય તેમ તેનું આખું શરીર બીકથી થરથર કંપતું હતું અને તેની આંખો બંધ થઈ ગઈ હતી, તે જરા પણ હાલતી ચાલતી ન હોતી તેથી જાણે તે આનંદના દરિયામાં ડૂબી ગઈ હોય એમ લાગતું હતું.

નંદિવર્ધનનાં પ્રેમવચન.

આવી સ્થિતિમાં કનકમંજરી લજ્જાના જોરથી ન સમજાય તેવા અસ્પષ્ટ અક્ષરો બોલતી દેખાઈ 'અરે! કઠોર હૃદયવાળા! મને છોડ, છોડ! તારે મારૂં કશું પણ કામ નથી.' આ પ્રમાણે બોલીને મારા હાથમાંથી છટકી જવાનો તેણે પ્રયત્ન કરવા માંડ્યો. તેનો એવો પ્રયત્ન જોઈને મેં તેને દુર્વા (ધરો) એકઠી થયેલી હતી તેના તકીઆ પર બેસાડી. હું તેની નજીકમાં બરાબર તેની સામે બેઠો અને પછી બોલવા લાગ્યો 'અરે સુંદરિ! હવે શરમ છોડી દે, ક્રોધને શાન્ત કર, હું તો તારા હુકમને તાબે છું, તેના ઉપર તારે આટલો બધો ક્રોધ કરવો યોગ્ય નથી.' હું એવી રીતે બોલતો હતો તે વખતે તેને કાંઈક બોલવાનો વિચાર તો થયો પણ ઘણો માનસિક પ્રયત્ન કરવા છતાં શરમને લઈને તે મારી સાથે કાંઈ બોલી શકી નહિ; માત્ર તેના ગાલ જરા જરા હાલતા ચાલતા હતા તેથી મનમાં જરા તે મંદહાસ્ય કરતી હોય એમ લાગતું હતું, પણ બાહ્ય રીતે તો ડાબા હાથના અંગુઠાથી જમીનને ખણતી નીચું મોઢું કરીને તે બેસી જ રહી. પછી મેં ભાષણ આગળ ચલાવ્યું:—

૧ દરીઆમાંથી ચૌદ રત્નો દેવોએ દંતકથા પ્રમાણે કાઢ્યા તેમાં પ્રથમ રત્ન લક્ષ્મી હતી.

૨ દરીઆમાંથી તરતની કાઢેલી લક્ષ્મીના આખા શરીરપર જળ હોય તે સ્વાભાવિક છે.

“ અરે સુંદરી ! હું તારા મનના [illegible] ચકોરિ ! તારા રૂપથી, તારા [illegible]થી, તારા ગુણથી તું મને ઘણી જ વહાલી છે. આ ત્રણ ભુવનમાં તારા [illegible] તારા સિવાય બીજો કોઈ આધાર નથી. અહો કમળ[illegible] આંખોવાળી ! તેં તારા અંતરંગના પ્રેમ રૂપ મૂલ્ય આ[illegible] આજથી મને વેચાતો લઈ લીધો છે તેથી આજથી હું [illegible] તારો નોકર છું એમ સમજજે. હું તને [illegible] જણાવું છું કે તું કોઈ [illegible] નથી, માત્ર આપણી [illegible] [illegible] ([illegible]) જ છે કે જે હે સુભગા ! મને તારા હૃદ[illegible] અનુભવ કરાવ્યા કરે છે. ”

પોતાના અંતઃકરણમાં અત્યંત પ્રીતિ હોવાથી જ્યારે રાજ[illegible] [illegible] મારાં આ વાક્યો સાંભળ્યાં ત્યારે તે જાણે કોઈ અતિ સુંદર [illegible] રસના સમુદ્રમાં ડૂબી ગઈ હોય એમ જણાવા લાગ્યું. એ કુંવરી [illegible] તદ્દન નીરોગ હોય-ત્રાહીજ હોય તેવી થઈ ગઈ: ઘડીકમાં જાણે [illegible] પર અમૃતનો વરસાદ વરસ્યો હોય તેની અસર તે બતાવવા લા[illegible] ઘડીકમાં જાણે તેને કોઈએ સુખસાગરમાં ડૂબાડી દીધી હોય [illegible] અસર બતાવવા લાગી અને ઘડીકમાં જાણે તેને મોટું રાજ્ય [illegible] ગયું હોય તેવો આનંદ તેના ચહેરા પર બતાવવા લાગી.

મંજરીના પિતાનું આહ્વાન.
રંગમાં ભંગ અને ગમન.
મદનવિચારમાં માનેલી શાંતિ.

આવી રસાવગાહતા ચાલતી હતી ત્યાં મને શોધવા નીકળી પડે[illegible] કપિંજલા જૂદા જૂદા બગીચાના વિભાગમાં શોધીને અમે હતા [illegible] વિભાગની નજીક આવી પહોંચી.

સારથિ અને કપિંજલા.

પહેલાં તેણે તેતલિ (સારથિ) ને જોયો એટલે તુરત જ બોલ[illegible] ઉઠી “ મિત્ર ! ભલે પધાર્યા ! પણ આપણા કુમા[illegible] ક્યાં છે ? ” તેતલિએ જવાબમાં જણાવ્યું કે કુમા[illegible] (નંદિવર્ધન-હું પોતે) વનના ગહન ભાગમાં આવેલ[illegible] બગીચામાં ગયા છે. આવી વાતચીત થયા પછી [illegible] બન્ને અમે જે જગોએ હતા તે તરફ આવવા ચાલ્યા. અમારું જોડ[illegible] તેઓએ દૂરથી જોયું એટલે તેમને બહુ જ આનંદ થયો. કપિંજલા બોલ[illegible] “ અહો ! જે દેવે આવું સુંદર યોગ્ય અનુરૂપ જોડલું મેળવી આપ[illegible]

તેને નમસ્કાર છે!" તેતલિ બોલ્યો "અરે કપિંજલા! કામદેવ (મન્મથ) અને રતિ એ બન્નેના જેવો આ બન્નેનો (નંદિવર્ધન અને કનકમંજરીનો) અહીં આ બગીચામાં આજે યોગ થયો તેથી આ ઉદ્યાનનું રતિમન્મથ નામ છે તે આજે બરાબર સાચા અર્થવાળું થયું. અત્યાર સુધી એનું નામ હતું તે તો નકામું હતું, અર્થ વગરનું હતું, જૂઠું હતું." આ પ્રમાણે વાત કરતાં કરતાં કપિંજલા અને તેતલિ અમે હતા તે બગીચાના વિભાગની નજીક આવી પહોંચ્યા.

એમને જોઇને કનકમંજરી એકદમ ઊભી થઇ ગઇ એટલે કપિંજલાએ કહ્યું 'દીકરી! બહેન! બેસી જા, ગભરાવાનું કાંઇ પણ કારણ નથી.' પછી અમે ચારે સ્નેહથી ભરપૂર અને હાસ્ય ઉત્પન્ન કરે તેવી વિશ્વાસની વાતો કરતાં અમૃતના સમૂહ જેવા દુર્વાના ઘાસના તળીઆપર થોડી વાર બેઠા.

કંચુકી યોગન્ધર.

એ પ્રમાણે અમારી આનંદની વાતો ચાલતી હતી તેવામાં યોગન્ધર નામનો કન્યાના અંતઃપુરનો દ્વારપાળ (કંચુકી) ત્યાં આવી પહોંચ્યો. તેણે મને પ્રણામ કરીને કનકમંજરીને બોલાવી. એટલે કપિંજલાએ કંચુકીને પૂછ્યું 'ભાઇ યોગન્ધર! આવી રીતે એકદમ કુંવરીને બોલાવવાનું શું કારણ છે?' જવાબમાં કંચુકીએ કહ્યું "મહારાજા સાહેબે (કનકચૂડે) સાંભળ્યું કે બહેનને શરીરે રાત્રે સારૂં નહોતું, તેથી પ્રભાતમાંજ કુંવરીને જોવા માટે તેઓ શ્રી પધાર્યા હતા. કુંવરીના મંદીરમાં જોતાં ત્યાં કુંવરીસાહેબ તેઓશ્રીને મળ્યાં નહિ, તેથી મહારાજા સાહેબ જરા ગુંચવાયા અને મને બોલાવીને હુકમ કર્યો કે 'અરે કંચુકી! તું જા અને કુંવરી જ્યાં હોય ત્યાંથી તેનો પત્તો મેળવીને તેને મારી પાસે લઇ આવ.' આટલા માટે હું કુંવરીસાહેબને બોલાવવા આવ્યો છું." પિતાનું વચન કદિ પણ ઉલ્લંઘી શકાય નહિ તેમ કનકમંજરી માનતી હોવાથી મારા તરફ વારંવાર વાંકી નજરે જોતી અને આળસ મરડતી વગરમને કપિંજલાની સાથે ત્યાંથી નીકળી અને મારી નજરથી દૂર થઇ.

ખેદ-સ્મરણો.

કનકમંજરી ત્યાંથી વિદાય થયા પછી સારથિએ મને કહ્યું "પ્રભુ! અહીં હવે વધારે વખત રહેવાની જરૂર નથી." ત્યાર પછી કનકમંજરીનો બનાવટી કોપવાળો ચહેરો, "અરે કઠોર હૃદયવાળા! મને છોડ છોડ!" એવાં તેનાં વચનો, વિલાસ કરતા દાંતોનાં કિર-

ણુથી રંગાયલા તેના હોઠો, અંતરંગમાં રહેલ હર્ષને બતાવતું સ્મિત હાસ્ય કરતું તેનું આનંદી મુખ, અંતરંગના પ્રેમને સૂચવનારૂં લજ્જાપૂર્વક પગના અંગુઠાથી તેનું જમીનનું ખણવું, આડું અવળું જોવાના બહાને અંતઃકરણની અભિલાષાને બતાવનાર તેનું મારી સામું જોઇ લેવું અને એવી એવી બીજી **મદનમંજરી** સંબંધી બનેલી અનેક વાતો જોકે મદનના તીવ્ર દાહને વધારનાર હતી તોપણ મોહને લઇને હું તેને દાહને શમાવનાર અમૃત જેવી માનતો હોઇને તેને વારંવાર મનમાં યાદ કરતો મારા મંદિરે પહોંચ્યો. દિવસને યોગ્ય મેં સર્વ કામ ત્યાર પછી પતાવી દીધું.

લગ્ન.

રાજાનો સંદેશો અને તેજ દિવસે લગ્ન.

બરાબર મધ્યાહ્ને દાસી કદલિકા મારી પાસે મારે મંદિરે આવી અને મને કહેવા લાગી "પ્રભુ! મહારાજા સાહેબ કનકચૂડે મારી સાથે કહેવરાવ્યું છે કે 'મેં આજે જોશીને બોલાવી લગ્નનો દિવસ પૂછ્યો તો જણાય છે કે આજ સાંજે લગ્ન બહુ સારૂં આવે છે.'" આવાં કદલિકાનાં વચન સાંભળીને હું રતિસમુદ્રમાં ડૂબી ગયો અને આવા વધામણીના સમાચાર લાવવા માટે મેં કદલિકાને મોટું ઇનામ આપ્યું. થોડો વખત થયો ત્યાં તો હાથમાં કળશ લઇને સ્ત્રીઓ આવી પહોંચી અને તેમણે મને સ્નાન કરાવ્યું. પછી મંગળ માટે મારે હાથે હસ્તસૂત્ર[1] બાંધ્યું. ત્યાર પછી મોટાં મોટાં દાન આપવામાં આવ્યાં, બંદીખાનામાંથી કેદીઓને છોડી દેવામાં આવ્યાં, નગરદેવતાનું પૂજન કરવામાં આવ્યું, વૃદ્ધ-વડીલ પુરૂષોનું યોગ્ય સન્માન કરવામાં આવ્યું, બજારમાં ખાસ શોભા કરવામાં આવી, મોટા રસ્તાઓ વાળી ઝુડીને સાફ કરવામાં આવ્યા, પ્રેમી પુરૂષોને પૂરતો સંતોષ આપવામાં આવ્યો. વળી તે પ્રસંગે રાજમાતાઓ ગીતો ગાવા લાગી, અંતઃપુરની દાસીઓ નાચવા લાગી, રાજ્યવલ્લભ પુરુષો વિલાસ કરવા લાગ્યા. આવા વાતાવરણમાં તે વખતે અત્યંત આનંદ સાથે હું રાજ્યભુવનમાં દાખલ થયો. કનકચૂડ મહારાજાના કુટુંબમાં મુસલતાડના[2] (સાંબેલું મારવું-અથડાવવું) વિગેરે જે જે આચારો થતા હતા તે તે સર્વે કરવામાં આવ્યા.

---

૧ હાલ મીંઢોળ બાંધવામાં આવે છે તેને **મંગળસૂત્ર** કહેવામાં આવે છે.

૨ **મુસલતાડના:** વર તથા કન્યાના કુટુંબના રિવાજ પ્રમાણે આવા અનેક આચારો કરવા પ્રચલિત છે. મુસલ તાડનામાં કન્યા તથા વર પરસ્પર મુસલ (સાંબેલું) મારવાનો દેખાવ કરે છે. એવીજ રીતે કોરડા મારવાનો રિવાજ પણ અન્યત્ર સાંભળ્યો છે.

ત્યાર પછી મને લગ્નમંડપમાં ખાસ રચેલા માતૃગૃહ (માયરા) માં દાખલ કરવામાં આવ્યો. ત્યાં મેં કનકમંજરીને જોઇ. તેના અતિશય રૂપને લીધે તે-ચામર ઉપાડનાર[1] સ્ત્રીઓને પણ ઝાંખી પાડી દેતી હતી, ઇન્દ્રિયજન્ય વિલાસોની બાબતમાં મદનપ્રિયા રતિથી પણ વધી જાય તેવી દેખાતી હતી, તેના કેશના ગુચ્છા લાંબા જણાતા હતા, તેના બન્ને સુપક્વ યોગ્ય મરોળ સ્તનો ચક્રવાક-ચક્રવાકીના જોડલાનો ભ્રમ ઉત્પન્ન કરતા હતા, તેના નાકની દાંડી બરાબર ધારસર આપવાળી અને યોગ્ય આકારમાં આવી રહેલી જણાતી હતી, રાતા અશોકની નવીન ફુટેલી ડાંડી જેવા આકારવાળા તેના હાથો અત્યંત દીપતા હતા, તેની આંખો રાતા કમળનાં પાંદડાં જેવી સુંદર દેખાતી હતી, હાથીની સુંઢના આકારને ધારણ કરનાર તેની જાંઘો અત્યંત ખેંચાણકારક લાગતી હતી, તેના નિતંબો અત્યંત વિસ્તારવાળા જણાતા દેખાતા હતા, તેની કેડના ભાગમાં પેટ ઉપર વાટા પડતા હતા, તેના અંબોડાનાં વાળ તદ્દન કાળા, ચીકાશદાર અને ગુચ્છાદાર હતા, તેના બન્ને પગો જાણે જમીનપર ઉગેલ કમળનું જોડલું હોય તેવા શોભતા હતા; આવું તેનું રૂપ જોઇને મારાં વિવેકનેત્રો બંધ થઇ ગયાં; તેને લીધે મને એમ લાગ્યું કે જાણે તે કામદેવના રસની તળાવડી છે, જાણે સુખની મોટી રાશિ છે, જાણે રતિનો નિધાન (ભંડાર) છે, અને રૂપ અને આનંદની ખાણ છે-આવી મુનિઓનાં મનને પણ પોતાની તરફ આકર્ષી શકે તેવી સુંદર અવસ્થાનો અનુભવ કરાવતી કનકમંજરી મારા જોવામાં આવી. પછી અત્યંત આનંદ પૂર્વક મુખ્ય જ્યોતિષી (જોશી) ના કહેવા પ્રમાણે અમારો હસ્તમેળાપ કરવામાં આવ્યો, ચક્રો ફેરવવામાં આવ્યાં, વિધિ પ્રમાણે આચારો કરવામાં આવ્યાં, લોકોના ઉપચાર-ઉજાણી વિગેરે કરવામાં આવ્યા. એમ અત્યંત આનંદપૂર્વક અમારો લગ્નનો યજ્ઞ પૂર્ણ થયો. પછી ખાસ વાસભુવન કે જે શોભામાં દેવભુવનને પણ હસી કાઢે તેવું હતું અને જ્યાં કનકમંજરી રહેતી હતી ત્યાં પ્રેમરૂપ અમૃતસમુદ્રમાં ડૂબકી મારતો હું દાખલ થયો. અમારો અરસપરસનો પ્રેમ વધતો ગયો અને તેવી રીતે અમે કેટલાક દિવસો એ વાસભુવનમાં અત્યંત આનંદમાં વીતાવ્યા.

કનકમંજરીનો હસ્તમેળાપ.

---

૧ ચામર વીંજનાર સ્ત્રીઓ હંમેશા ઘણી સુન્દર હોય છે. વેશ્યા જાતિમાંથી સુન્દર સ્ત્રીઓને તે કામ માટે પગાર દઇને રાખવામાં આવે છે.



પ્રકરણ ૨૫ મું.

હિંસાની અસર તળે.



આ મારી સાથે લડનાર વિભાકર[1]ને લડાઇમાં ઘા વાગ્ હતા તે હવે રૂઝાઇ ગયા હતા, તેનું શરીર પણ ફરી ગયું હતું, તેને મારા ઉપર સારો સ્નેહ બંધા ગયો હતો અને મારામાં વિશ્વાસ પણ ઉત્પન્ન થયે હતો. તેને થોડા દિવસ રાખીને ઘણા માનપૂર્વ તેના પરિવાર સાથે તેના દેશ તરફ મહારાજા કનકચૂડે વિદાય કર્યો બીજા **વીરસેન**[2] વિગેરે અંબરીષ જાતિના ચોરો હતા તેઓ તેઓના નાયક પ્રવરસેનના મરવાથી મારા દાસ થઇને મારી સાથે રહ્યા હતા તેઓને પણ યોગ્ય સન્માન આપીને તેઓનાં સ્થાન તરફ વિદાય કરી દીધા. હવે મારા મનમાં કોઇ પણ પ્રકારની ચિંતા રહી ન હોતી, મને કોઇ તરફથી સંતાપ થાય એવો ભય પણ ન હોતો–એવા સર્વથા અ-નુકૂળ સંયોગોમાં મારી પ્રેમાળ ભાર્યાઓ–**રત્નવતી** અને **કનકમંજરી**ની સાથે આનંદસમુદ્રમાં કલ્લોલ કરતો કનકચૂડ રાજાના કુશાવર્તપુર નગ-રમાં હું કેટલોક વખત રહ્યો.

શત્રુઓને યોગ્ય માન.

નંદિવર્ધનની ખોટી સમજણ.
હિંસાદેવીના ખોટાં માનપાન.
પુણ્યોદયનું તદ્દન વિસ્મરણ.

આવી રીતે મને સર્વ પ્રકારે આનંદ થતો હતો તેનું ખરેખરૂં કારણ તો મારો મિત્ર **પુણ્યોદય** જ હતો, પરંતુ મહામોહને લઇને મારૂં મન તદ્દન અંધકારમય દશામાં આથડતું હોવાને લીધે મને તો હમેશાં એમજ લાગતું હતું કે અહો ! હિંસા ભાર્યા અને મિત્ર વૈશ્વાનરનો પ્રભાવ તો જુઓ ! એ બન્નેના પ્રભાવથી આવી **કનકમંજરી** જેવી

---

૧ જુઓ આ પ્રસ્તાવનું પ્રકરણ ૨૩ મું.

૨ **પ્રવરસેન**ને લડાઇમાં નંદિવર્ધને માર્યો હતો. જુઓ આ પ્રસ્તાવનું પ્રકરણ ૨૨ મું. ત્યાર પછી અંબરીષ ચોરોનો નાયક **વીરસેન** થયો હશે એમ જણાય છે.

સુંદર ભાર્યા જે ખરેખર ઉપમા ન આપી શકાય તેવા આનંદ અમૃત રસના કૂપ જેવી છે તેની પ્રાપ્તિ થઇ.[1] મહારાજા કનકચૂડે મણિમંજરીને પોતે જ કહ્યું હતું કે કુમ અને સમરસેન બન્ને ઘણા બળવાન યોદ્ધાઓ હતા છતાં તેઓને રમતમાત્રમાં કુમાર નંદિવર્ધને (મેં) પાડી દીધા તેટલા માટે તેની સાથે કુંવરી કનકમંજરીનાં લગ્ન કરવાં જોઇએ—આ વાત મણિમંજરીએ કપિંજલાને કહી હતી, કપિંજલાએ સારથિને કહી હતી અને સારથિએ મને કહી હતી. હવે એ કુમ અને સમરસેન જેવા મહારથીઓને મેં હિંસાદેવી અને વૈશ્વાનર મિત્રના પ્રભાવથીજ મારી હઠાવ્યા એમાં જરા પણ શક નથી. તેટલા માટે મને આ કનકમંજરી અપાવનાર ખરેખરા તો એ હિંસા અને વૈશ્વાનર જ છે. તેઓનો મારા ઉપર મોટો ઉપકાર છે. આવા આવા વિચાર કરતાં મારા મનમાં હિંસા અને વૈશ્વાનર ઉપર સ્નેહ વધારે વધારે વધતો ગયો.

પ્રથમ વૈશ્વાનરે શરૂઆત કરી.

વૈશ્વાનર મિત્ર પર અત્યંત પ્રેમ હોવાને લીધે તે મને નિરંતર ક્રૂરચિત્ત નામનાં વડાં ખાવા માટે આપતો હતો અને હું તે દરરોજ ખાતો હતો, તેને લઇને મારામાં ચંડપણાનો—કઠોરતાનો ભાવ આવવા લાગ્યો, અસહિષ્ણુતા દેખાવા લાગી, ભયંકરતા જણાવા લાગી, પ્રકાશભાવ હતો તે દૂર થઇ ગયો અને ક્રૂરતા તો મને હાડોહાડ વ્યાપી ગઇ. ટુંકામાં કહું તો મારૂં પોતાનું સ્વરૂપ[2] તે વખતે લય પામી ગયું અને હું ખરેખરો વૈશ્વાનરરૂપ થઇ ગયો. વાત આગળ જતાં તો એટલી વધી ગઇ કે પછી મારે પેલાં વડાં ખાવાની પણ જરૂર રહી નહિ. હું તો સર્વદા ક્રોધથી ધમધમતો રહી જો કોઇ મારી સાથે હિતની વાતો કરે તો તેને પણ ઉધડો લઇ લઉં, અને મારા નોકર ચાકરોને પણ વાંકવગર મારવા મંડી જાઉં. વૈશ્વાનરે મારી આવી સ્થિતિ કરી મુકી.

શિકારનું વ્યસન

પછી હિંસાદેવીનો પ્રભાવ.

અનુક્રમે હિંસાદેવીએ પોતાનો વધારે પ્રભાવ દેખાડવા માંડ્યો. મને વારંવાર બેટી બેટીને તેણે મને શિકારનો શોખ લગાડ્યો. અને પરિણામે દરરોજ અનેક જીવોનો હું વધ કરવા લાગ્યો. મને શિકારનું વ્યસન[3] પડ્યું છે એ વાતની ભાઇ કનકશેખરને ખબર પડી એટલે

૧ જુઓ પૃ ૫૬૯-૫૭૦.

૨ આત્મ સ્વરૂપે જીવ જ્ઞાન દર્શન ચારિત્રાદિ ગુણ રૂપ છે.

૩ વ્યસનઃ આદી ટેવ.

તેને વિચાર થયો કે અહો ! આ નંદિવર્ધનનું વર્તન તો ભારે ગોટાળીયું જણાય છે ! એમ કેમ થયું હશે ! એ નંદિવર્ધન સુંદર છે, ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલો છે, મહા શૂરવીર છે, ભણેલો ગણેલો છે, મહારથી છે, છતાં તે મારા આનંદમાં જરા પણ વધારો કરતો નથી, કારણ કે હિંસાદેવીએ એની સાથે આલિંગન કર્યું છે અને વૈશ્વાનરના પ્રેમમાં એ પડ્યો છે, તેથી બીજા પ્રાણીઓને નિરંતર હેરાન કર્યા કરે છે અને ધર્મથી તો દૂરનો દૂર થતો જાય છે; પરંતુ મારો એ બંધુ છે તેથી મારે તેની ઉપેક્ષા કરવી ઉચિત નથી. તેના હિતનું વચન તેને કહું અને તે પ્રમાણે જો તે વર્તન કરે તો તેનું બહુ સારૂં થાય; પણ વખ[illegible] છે ને એકલા કહેવાથી એ મારી શિખામણ માન્ય ન કરે, માટે મારે એ[illegible]ર કાંઇ કહેવું તે પિતાશ્રીની સમક્ષ જ કહેવું જેથી તે કાંઇ નહિ તે[illegible]શ્રીની લજ્જા ખાતર પણ સીધે રસ્તે આવી જશે. માટે [illegible]ની સમક્ષ તેને એવી રીતે કહું કે જેને પરિણામે તે હિંસા અને વૈશ્વાનરનો ત્યાગ કરી ગુણનો આદર કરે.

કનકશેખરના યોગ્ય વિચારો.

રાજસભામાં નંદિવર્ધન.
ક્રોધથી છરી ખેંચી કાઢવી;
અવગણના અને તિરસ્કાર.

કનકશેખરે ત્યાર પછી પોતાના પિતા મહારાજા કનકચૂડને એ વાત જણાવી દીધી. ત્યાર પછી એક દિવસ હું રાજસભામાં ગયો. કનકચૂડ રાજાએ વખત જોઇને મારાં વખાણ કર્યાં. તે વખતે કનકશેખર બોલ્યો "પિતાજી ! આપ કહો છો તેમ સર્વ રીતે [1]સ્વરૂપથી તો આ નંદિવર્ધન ભાઇ વખાણને યોગ્ય છે; માત્ર તેના સુંદર રૂપમાં મને તો એક જ વાતનો વાંધો લાગે છે અને તે એ છે કે તે સજ્જન પુરુષો નિંદા કરે તેવાઓની સોબત કરે છે" મહારાજા કનકચૂડે પૂછ્યું "વળી એવી તે કોની કુસોબત તેને લાગેલી છે ?" તેના જવાબમાં કનકશેખરે કહ્યું "તાત ! સ્વરૂપથી એકંદરે સર્વ પ્રકારના ઉપતાપને ઉત્પન્ન કરનાર અનેક અનર્થોનો હેતુભૂત એક વૈશ્વાનર નામનો તેને મિત્ર છે. વળી મેં એમ પણ સાંભળ્યું છે કે આખી દુનિયાને મોટો ત્રાસ ઉત્પન્ન કરનાર અને મોટું પાપ બંધાવનાર હિંસા નામની અંતરંગ પત્ની સાથે પણ તેને ઘણો સંબંધ છે. આ બન્નેની સાથે તે

કનકશેખરની સાચી શિખામણ.

[1] [illegible] સ્વરૂપનું [illegible]

જ્યાં સુધી દોષ ત્યાં સુધી તેનામાં ગમે તેટલા ગુણો હોય તો પણ કાસકુસુમ[1] (શેરડીના ફુલ)ની પેઠે તે સર્વ ગુણો નકામા છે." કનકચૂડ મહારાજ બોલ્યા "જો એમ હોય તો તો એ બન્ને પાપીઓનો ત્યાગ કરવો એ જ સારૂં છું. તેવા સાથે સંબંધ રાખવામાં લાભ નથી, કારણ કે જે માણસ પોતાનું હિત ઇચ્છતો હોય તેણે સંબંધ એવા સાથે કરવો જોઇએ કે જે આ ભવમાં અને પરભવમાં હિત કરે અને બન્ને લોકને સુધારે. વળી સ્વહિતેચ્છુ માણસે એવી જ સ્ત્રીસાથે લગ્ન કરવું જોઇએ કે જે લોકોને આનંદ આપે અને ધર્મસાધન કરવામાં વધારે કારણભૂત બને; પરંતુ જે સ્ત્રીની ચેષ્ટા મૂળથી ખરાબ હોય તેની સાથે કદિ સંબંધ કરવો ન જોઇએ."

હું તો હમેશાં ક્રોધાગ્નિથી ધમધમેલો રહેતો હતો, તે અગ્નિમાં મહારાજ કનકચૂડ અને કુમાર કનકશેખરના વચનથી ઘી હોમાણું, એટલે મારો ક્રોધાગ્નિ વધારે સળગી ઉઠ્યો. તેના જોસથી મેં મારૂં માથું હલાવ્યું, જમીનપર હાથ પછાડ્યા, પ્રલયકાલ વખતે થાય તેવો મોટો હુંકાર કર્યો અને ભયંકર ચકળ વકળ થતી નજરે રાજા અને રાજકુંવર તરફ જોયા પછી રાજા કનકચૂડને ઉદ્દેશીને મોટેથી કહ્યું "અરે મૃતક[2]! મારા જીવતર જેવા વૈશ્વાનર અને હિંસાને તું પાપી કહેનાર કોણ થાય છે? તને એટલું પણ ભાન નથી કે કોની કૃપાથી આ રાજ તને પાછું મળ્યું છે? જો આ મારો મિત્ર વૈશ્વાનર ન હોત તો તારો બાપ પણ મહા સમર્થ બળવાન સમરસેનને અને દ્રુમને મારી નાખવાને કદિ પણ શક્તિવાન થાત ખરો? અરે તેઓમાંથી એકને પણ મારી હઠાવે તેવો તારી પાસે કોણ છે? તે તો તું મને બતાવ." પછી કુમાર કનકશેખરને ઉદ્દેશીને મેં કહ્યું "અરે નીચ ચંડાળ! શું તું આટલી પણ મોટો પંડિત થઇ ગયો છે કે અત્યારે મને શિખામણ દેવાને નીકળી આવ્યો છે?

શીખામણ આપનાર પર ઉગ્ર ક્રોધ.

આ બનાવ નજરે જોઇને અને મારાં વચન સાંભળીને રાજા કનકચૂડને તો મોટું આશ્ચર્ય થઇ આવ્યું અને કુમાર કનકશેખરે કાંઇક પોતાનું મોઢું મલકાવ્યું. તેઓના મુખ પર આવો રંગ જોઇને મેં મારા મનમાં વિચાર કર્યો કે—અહો! આ તો મને ગાંઠતા પણ નથી! તેજ

---

1 કાસકુસુમઃ શેરડીના ફુલ ધોળા હોય છે પણ કાંઇ પણ ઉપયોગમાં આવતાં નથી, તદ્દન નકામા હોય છે.

2 મૃતકઃ મડદું. બાવલાને ઉદ્દેશીને કહેવાતો શબ્દ.

કનકશેખર પર ધસારો.


વખતે મેં ચકમકતી છરી ખેંચી કાઢી અને મ્હોટેથી કહ્યું "અરે ઘરમાં બેસીને વાતો કરનારા બાયલાઓ! તમે જુઓ! જરાક વારમાં મારો અને મારા મિત્ર વૈશ્વાનરનો કેવો ચમત્કાર છે તેની વાનકી તમને હમણાજ બતાવું છું. તમારા હાથમાં તમારે જોઇએ તે હથિયાર લઇ તૈયાર થાઓ."

તે વખતે હાથમાં ઉઘાડી છરી અને મોટેથી બોલવાને લીધે ફાટી જતી જીભવાળો મને જોઇને રાજસભાના સભ્યો તો સર્વ દૂર થઇ ગયા, આઘાપાછા થઇ ગયા. મહારાજા કનકચૂડ અને કુમાર કનકશેખર તો પોતાના સ્થાનથી જરા પણ હાલ્યા ચાલ્યા નહિ. તે વખતે પુણ્યોદય હજુ મારી સાથે હોવાને લીધે અને મહારાજા કનકચૂડ તથા કુમાર કનકશેખરનો પ્રતાપ ઘણો હોવાને લીધે તેમજ ભવિતવ્યતાનો યોગ પણ તેવા પ્રકારનો હોવાને લીધે કોઇના ઉપર ઘા કર્યા વગર હું રાજસભાસ્થાનમાંથી બહાર નીકળી ગયો અને મારે મંદિરે આવ્યો. ત્યાર પછી મહારાજા કનકચૂડે અને તેના કુમારે મારા વિષે અવગણના કરી દીધી અને હું પણ તે બન્નેને મારા દુશ્મન જેવા લેખવા લાગ્યો. અમારા વચ્ચે જે સાધારણ લોકવ્યવહાર હોવો જોઇએ તે પણ તુટી ગયો.

કનકચૂડ કનકશેખર સાથે શત્રુતા.

પ્રકરણ ૨૬ મું.

પુણ્યોદયથી વંગાધિપતિપર વિજય.



કનકચૂડ મહારાજા અને કનકશેખર સાથે મારે લગભગ અબોલા થયા, કોઇ પણ પ્રકારનો વ્યવહાર રહ્યો નહિ અને હું તે નગર છોડી જવાનો વિચાર કરતો હતો તે દરમ્યાન તુરતમાંજ મારા પિતાના નગર જયસ્થળથી દારુક નામનો દૂત આવ્યો. મેં તેને બરાબર ઓળખ્યા પછી તેણે મને વાત કહેવા માંડી. અમારી વચ્ચે નીચે પ્રમાણે વાતચીત થઇ.

જયસ્થળના સમાચાર

દૂત—"કુમારશ્રી! મને પ્રધાનોએ તમારી પાસે મોકલ્યો છે."

મારા મનમાં તે વખતે શંકા થઇ કે અરે! આ દૂતને પિતાશ્રીએ ન મોકલ્યો અને પ્રધાનોએ મારી પાસે મોકલ્યો તેનું શું કારણ હશે? આવી શંકા મારા મનમાં થવાથી મેં તેને પૂછ્યું—"અરે! દારુક! પિતાજી તો ક્ષેમકુશળ છે ને?"

દૂત—"હાજી! પિતાજી તો કુશળ છે! વાત એમ છે કે વંગ-[1] દેશનો યવન નામનો રાજા છે જે આપના ધ્યાનમાં હશે. તેણે આવીને પોતાના મોટા બળથી આપણા નગરની ચારે તરફ મોટો ઘેરો ઘાલ્યો છે, આપણા ગઢની બહારનો આપણો આખો પ્રદેશ તેણે જીતી લીધો છે, આપણાં અનેક સ્થાનકો સર કર્યાં છે અને આપણે ઘાસ અને ખોરાકનો જ્યાં સંગ્રહ કર્યો હતો તે સ્થાનો પણ તેણે તોડી નાખ્યાં છે. એ યવનરાજને હઠાવવાનો ઉપાય કોઇ પણ હાથમાં રહ્યો નહિ તેથી તમારા પિતાજી (પદ્મરાજા) ક્ષીર સમુદ્રના જેવા ગંભીર હૃદયવાળા હોવા છતાં પણ મોટા ઘાણા વિહ્વળ થઇ ગયા, મંત્રીઓ બધા વિષાદ પામી ગયા, પ્રધાનોનાં મન ઊંચાં થઇ ગયાં, નગરલોકો સર્વે ત્રાસ પામી ગયા; અરે સાહેબ! કેટલી વાત કહું? હવે શું થશે એ વિચારમાં આખું નગર દૈવને શરણે પડી ગયું. બધા લોકો નસીબ જે કરે તે જોવાશે એવો વિચાર કરવા લાગ્યા. તે વખતે મંત્રીએ અને પ્રધાનોએ[2] મળીને ઘણો વિચાર કર્યા પછી નિશ્ચય કર્યો કે આ યવનરાજ જેવા મોટા શત્રુને તો કુમાર નંદિવર્ધન જ ઉખેડીને ફેંકી દઇ શકે, બીજા કોઇનામાં એવા પ્રકારની શક્તિ જોવામાં આવતી નથી. મંત્રીઓમાં પછી નીચે પ્રમાણે સલાહ[3] થઇ:—

મતિધન—'હાલ જે વિચાર (નિર્ણય) ઉપર આપણે આવ્યા છીએ તે મહારાજા પદ્મરાજાને જણાવવો.'

બુદ્ધિવિશાળ—'નહિ! નહિ! આ વાત મહારાજાને તો જણાવવી જ નહિ.'

મતિધન—'કેમ! એમ કરવાનાં શું વાંધા છે?'

બુદ્ધિવિશાળ—'પદ્મરાજાને પોતાના પુત્ર ઉપર ઘણો પ્રેમ છે તેથી આવા સંકટના વખતના પોતાના પુત્ર અહીં આવે તે વાત સ્નેહને લીધે કદાચ તેમને (મહારાજાને) પસંદ નહિ આવે,

૧ પૂર્વે બંગાળાનો પ્રદેશ

૨ પદ્મરાજાના ચાર કાઉન્સીલરો હતા. તેઓનાં નામ અનુક્રમે મતિધન, બુદ્ધિવિશાળ, પ્રજ્ઞાકર અને સર્વરક્ષક હતા

૩ Pourparler

તેટલા માટે આ હકીકત મહારાજાને ન જણાવવી એજ વધારે સારૂં છે.'

પ્રજ્ઞાકર—'અરે મતિધન! આ બુદ્ધિવિશાળે જે વાત કરી છે તે બહુ વિચારવા યોગ્ય છે અને તે વાત મને તો ખરેખરી જણાય છે. એ બાબતમાં ઘણા વિકલ્પો કરવામાં શું ફળ છે? મારા વિચાર પ્રમાણે તો મહારાજાને કાંઇ પણ ખબર આપ્યા વગર ખાનગી રીતે જ દૂતને કુમારની પાસે મોકલી આપવો અને તેને સર્વ સમાચાર જણાવી તેઓશ્રીને અહીં જલ્દી તેડાવી મંગાવવા, જેથી સર્વ જગોએ એકદમ શાંતિ ફેલાઇ જાય.'

મતિધન—'ભલે; એમ કરવું તે મને પણ ઠીક લાગે છે.'

મહારાજ નંદિવર્ધન! આ પ્રમાણે પ્રધાનવર્ગમાં વાતચીત થયા પછી સર્વરોચક પ્રધાને મને આપની પાસે મોકલ્યો છે."

નંદિવર્ધનનું જયસ્થળ તરફ પ્રયાણ.
વૈશ્વાનરની સતત બળવાન્ અસર.
વડાંના પ્રયોગની જરૂર ન રહી.

દૂતની આટલી વાત સાંભળી એટલે મારા શરીરમાં રહેલ વૈશ્વાનર મિત્ર જાગૃત થઇ ગયો. વળી પોતાને ઘણી સારી તક મળશે એ વિચારથી મારી હિંસાદેવી પણ ખૂબ હસી. મેં મોટેથી કહ્યું "અરે લશ્કરને ઉપડવાની ભેરી વગાડો! કુચ કરવા માટે રણશીંગડું ફુંકો! [1]ચારે પ્રકારની મારી સેનાને તૈયાર કરો!" મારી આવી ઇચ્છા જાણીને મારા અધિકારીઓએ એકદમ સર્વ તૈયારી કરી દીધી. મારા તમામ લશ્કરને તૈયાર કરીને હું તેની સાથે ચાલી નીકળ્યો. મેં ક્રોધને વશ થઇને મહારાજા કનકચૂડને કે કુમાર કનકશેખરને એક શબ્દ પણ કહેવરાવ્યો નહિ. માત્ર કનકમંજરી ઉપર પ્રેમ હોવાને લીધે મણિમંજરી અમારી સાથે આવવા તૈયાર થઇ. અમે તો દરમંજલે કુચમુકામ કરતાં ઘણા જલ્દી જયસ્થળનગરની સમીપ બહુ થોડા દિવસોમાં આવી પહોંચ્યા.

ત્યાર પછી મેં વૈશ્વાનર મિત્રને કહ્યું "મિત્ર! મારામાં હવે તો આખો વખત તેજ[2] રહ્યા જ કરે છે તેથી વડાંનો પ્રયોગ કરવાની તો

૧ ચાર પ્રકારની સેનાને ચતુરંગ સેના કહે છે. તેમાં હાથી, (Cavalry) અને પાયદળ (Infantry) નો સમાવેશ થાય છે.

૨ ક્રોધ-રોષ.

તને કાંઇ જરૂર પણ પડતી નથી. અગાઉ તેજ લાવવા માટે વડું લેવું પડતું હતું. આટલો બધો ફેરફાર થઇ જવાનું શું કારણ હશે ?" વૈશ્વાનરે મને જવાબ આપ્યો "મિત્ર! કૃત્રિમતા વગરની ભક્તિને અમે તાબે થઇ જઇએ છીએ અને ખોટી ભક્તિની અમે બહુ થોડી દરકાર કરીએ છીએ. કુમારની અમારા ઉપર અંતઃકરણની ઉંડી ભક્તિ છે. મારા વીર્યથી થયેલા એ ક્રૂરચિત્ત નામનાં વડાં જે પ્રાણીની અમારા પર ભક્તિ હોય છે તેઓનાંજ ચિત્તમાં પ્રવેશ કરે છે. આવી રીતે તારા ચિત્તમાં ગયેલાં વડાં હવે તો તારામય થઇ ગયાં છે, તું અને વડાં એકરૂપ થઇ ગયાં છો, તેથી ટુંકામાં કહું તો હવે તો મિત્ર! તું વડાના પ્રતાપથી વીર્યની બાબતમાં લગભગ તદ્દન મારા જેવો જ થઇ ગયો છે. વળી મારાં વચનને અનુસરીને આ હિંસાદેવી પણ તને સાક્ષાત્ મળી ગઇ છે અને તારા જેવી જ થઇ ગઇ છે. તારૂં શરીર વૈશ્વાનરમય અને તું પોતે હિંસામય થઇ ગયો છે. તારે હવે કોઇ પણ પ્રકારનો સંદેહ રાખવો નહિ." મેં તેને જવાબ આપ્યો "એક સંદેહ હજુ પણ છે......"

વંગરાજ સાથે મહાયુદ્ધ—વર્ણન.

અમારી બે વચ્ચે આવી વાતચીત ચાલતી હતી ત્યાં તો દુશ્મનનું લશ્કર અમારી નજરે દેખાવા લાગ્યું. એ લશ્કરે પણ અમારૂં લશ્કર દૂરથી જોઇ લીધું. તુરત જ દુશ્મનનું લશ્કર વ્યૂહના આકારમાં ગોઠવાઇ ગયું અને અમારી સામે લડવા માટે સામે આવવા લાગ્યું. અમારા લશ્કરની અને દુશ્મનના લશ્કરની વચ્ચે તે વખતે જ મોટું તુમુળ યુદ્ધ શરૂ થયું: રથના ઘુઘરાના મોટા અવાજોથી તે ગાજવા લાગ્યું, હાથીઓની મોટી ગર્જનાથી વિકાળ દેખાવા લાગ્યું, મોટા ઘોડાઓના હેષારવથી (ખોંખારાથી) ધમાધમવાળું દેખાવા લાગ્યું અને પાયદળના અવાજથી તે ભયંકર દેખાવા લાગ્યું. થોડી વારમાં તો [1]રથ નીચેના ચક્રો તેમજ ધોંસરાઓ ભાંગી જવા લાગ્યા, મોટા મોટા મદોન્મત્ત હાથીઓ ભેદાઇ જવા લાગ્યા, ઘોડાની પંક્તિઓ [2]નાથ વગરની થઇ જવા લાગી, પાયદળ લશ્કરનાં માથાંઓ ધડોધડ પડવા લાગ્યાં, લશ્કર ઓછું અને આછું થવા લાગ્યું, આકાશમાં દેવ અને દાનવો પણ નાસભાગ કરવા મંડી ગયા, માથાં પડ્યાં છતાં ધડો હાથમાં તરવાર લઇને અહીં તહીં રણક્ષેત્રમાં નાચવાં લાગ્યાં. આવી રીતે લ-

---

૧ ચક્રકુબ્બરઃ શબ્દ મૂળમાં છે. ચક્રના નાભિ, પૈડાની વચ્ચેનો ભાગ.
૨ તેની ઉપર બેસનાર ઘોડેસ્વાર રણમાં મરવાને લીધે અનાથ.

લડતાં લડતાં યવનરાજે અમારી સેનાને હઠાવી દીધી. તે વખતે તેના લશ્કરમાં જય શબ્દનો કોળાહળ થયો; એટલે હું એકલો તેની સામે ગયો. યવનરાજ પણ એકલો જ મારી સામે લડવાને આવ્યો. લડવાની ગડમથલમાં અમારા બન્નેના રથો એકદમ ઘણા નજીક આવી ગયા. તે વખતે ધોંસરાના આગળના ભાગ ઉપર ઊભા રહીને મેં એક મોટો કુદકો માર્યો અને હું તેના રથમાં પડ્યો-પડતાની સાથેજ યવનરાજનું માથું મારે હાથેજ મેં કાપી નાખ્યું. તે વખતે અમારૂં લશ્કર જે પાછું હઠતું જતું હતું તેણે મોટો સંતોષસૂચક જયશબ્દ કર્યો અને મારી તરફ પાછું ફર્યું.

માતાપિતા અને નાગરિકો સાથે હર્ષમેળાપ.

તે વખતે દેવતાઓ, ગાંધર્વો અને રાક્ષસો મારા પરાક્રમનું વર્ણન કરતાં સુગન્ધી જળ અને ફુલનો મારા ઉપર વરસાદ વરસાવવા લાગ્યા. સામી બાજુના લશ્કરના નાયકનો નાશ થયેલો હોવાને લીધે તે આખું લશ્કર જરા પણ મુશ્કેલી વગર મારા હુકમને ઉઠાવનાર દાસપણાને પામી ગયું. મારા પિતા તથા માતા આ સમાચાર સાંભળીને નગર બહાર નીકળીને મને મળવા આવ્યા, સાથે પોતાના આખા બંધુવર્ગને પણ તેડતા આવ્યા અને નગરવાસી જનો પોતાના બાળકોને લઇને મને ધન્યવાદ આપવા ત્યાં હાજર થઇ ગયા.

તે વખતે રથમાંથી ઉતરીને હું પિતાજીને પગે પડ્યો. પિતાએ મારે ખભે હાથ મૂકીને મને ઊભો કર્યો અને હર્ષનાં આંસું વર્ષાવતાં મને પિતાજી ભેટી પડ્યા અને મારા મસ્તકને વારંવાર ચુંબન કરવા લાગ્યા.[1] તે વખતે મેં દૂરથી મારા માતાજીને જોયા એટલે તુરત જ હું તેમને પગે પડ્યો: તેઓ મને ભેટ્યા અને મારા મસ્તકને ચુંબન કર્યું અને આંખમાં હર્ષના અશ્રુ લાવતાં તેઓ ગદ્‌ગદ્ વાણીથી મને કહેવા લાગ્યા 'ભાઇ ! તારી માતાનું હૃદય તો ખરેખર વજ્રની શિલાના કટકાથી ઘડાયલું હોય એમ જણાય છે કારણ કે તારો આટલા બધા વખતથી વિયોગ થયો છતાં હજુ સુધી તે સોવાર ફાટી ગયું નથી. અહોહો ! અહિં તો પ્રાણી જેમ ગર્ભાવાસમાં સપડાઇ જાય તેમ અમે

---

૧ પુત્ર અથવા નાની વયના માણસ ઉપર વાત્સલ્ય દર્શાવવા માટે તેનું મસ્તક સુંઘવાની રીત અત્યારે પણ બંગાળામાં પ્રવર્તે છે. આ રિવાજ પહેલાં સર્વત્ર પ્રચલિત હતો એમ ઘણા કથાપ્રસંગોમાં જોવામાં આવ્યું છે. એવીજ રીતે મસ્તકને ચુંબન કરવાનો રિવાજ પણ માન આપવાને અંગે વાત્સલ્યભાવ બતાવે છે.'

હવે નગરશેઠમાં આપણે જવા દ્યો તેમાંથી અમને સર્વને તે આશિ ઉચ્ચારવા, અહો ! આપ આયુષ્યથી[1] પણ તું વધારે જીવ !'

મારી આનુશીના આવા લાગણીના શબ્દો સાંભળીને હું જરા શરમાઇ ગયો અને મેં જમીન તરફ જોયું અને ત્યાર પછી રથમાં આરૂઢ થયા.

શત્રુ સાથે નગરપ્રવેશમાં પ્રવેશ.

શત્રુને એવી રીતે મારી નાખવાથી અને મારો મેળાપ થવાથી રાજપુરુષો ઘણા હર્ષમાં આવી ગયા અને શત્રુનાશથી પોતાને થયેલો આનંદ અનેક રીતે બતાવવા લાગ્યા: કોઇ દાન આપવા લાગ્યા, કોઇ અંતરની ઉમંગથી વાજન કરવા લાગ્યા, કોઇ બંદીના મોટા અવાજ સાથે આનંદપૂર્વક નાચવા લાગ્યા, કેટલાક મધુર કલનાદ કરવા લાગ્યા, કેટલાક મોટેથી જય જય શબ્દ કરવા લાગ્યા, કેટલાક કેસર અને સુખડનું ચૂર્ણ હાથમાં લઇને ઉડાડવા લાગ્યા, કેટલાક રત્નોનો વરસાદ વરસાવવા લાગ્યા, કેટલાક અરસપરસ પ્રેમથી ભેટીને 'પૂર્ણપાત્રો'[2] લૂંટી લઇ જવા લાગ્યા, નગરના ચોકો સર્વ રાઠ રાઠ થઇ ગયા, કુબડા અને વામન ચોકો નાચવા કુદવા લાગ્યા અને અંતઃપુરના સુંદરીઓ હાથ તાળી ઠોકી ઠોકીને નૃત્ય કરવા લાગ્યા—આવી રીતે અત્યંત આનંદપૂર્વક પિતાના રાજનગરમાં (જયસ્થળ નગરમાં) મારો પ્રવેશ થયો. હું ત્યાર પછી થોડો વખત રાજસ્થાનમાં રોકાઇને પછી મારે મંદિરે ગયો.

વૈશ્વાનર હિંસામાં વધારે આસક્તિ.
મનોવિકાર તજો શત્રુ મિત્રનો નિર્ણય.
પુણ્યોદય તરફ ગંભીર બેદરકારી.

મારા મંદિરમાં ગયા પછી ત્યાં દિવસને યોગ્ય સર્વ કર્તવ્યો કર્યાં. અનેક પ્રકારના અદ્ભુત બનાવો ઘણા મોટા પાયા ઉપર બનેલા હોવાથી મારા મનમાં ઘણો આનંદ થયો. ત્યાર પછી આનંદમાં ને આનંદમાં કનકમંજરી સાથે રાત્રીએ શય્યામાં સુતો સુતો મહામોહને વશ

૧ મારે બાકીનુ આયુષ્ય તને આપી દઉં જેથી તારા આયુષ્ય કરતાં પણ તેટલા વધારે જીવ-આવો ભાવ છે.

૨ અત્યંત આનંદને પ્રસંગે સારા સમાચાર લાવનારને સુંદર વસ્તુઓ એક પાત્રમાં ભરી ભેટ આપવામાં આવે છે તેને 'પૂર્ણપાત્ર' કહેવામાં આવે છે આ રીતે.

થઇને હું મારા મનમાં વિચાર કરવા લાગ્યો કે અહો મારા મિત્ર મહા-
ત્મા વૈશ્વાનરનો પ્રભાવ તો કાંઇ અલૌકિક જણાય છે! તેણે મ
ઉત્સાહ આપ્યો અને પ્રેરણા કરી તેને લઇને મારા સંબંધમાં આટલ
કલ્યાણપરંપરા થઇ આવી: તેને લઇને અને તેની પ્રેરણાથી હું અ
આવ્યો, મારામાં આટલું બધું તેજ પ્રગટ થયું, મારા પિતા માતા
આટલો બધો સંતોષ થયો અને મેં વિજયપતાકા પ્રાપ્ત કરી! અ
વળી મહાદેવી હિંસાનો પ્રભાવ પણ અજબ છે! તે તો એક નજ
માત્ર કરીને ઘણી ઉતાવળથી શત્રુઓનો કચ્ચરઘાણ કરી નાખે છે.
આ મહાદેવી હિંસા જેટલું પ્રત્યક્ષ ફળ આપે છે તેનાથી વધારે પ્ર
ભાવવાળી વૃદ્ધિનું કોઇ કારણ હોય એમ મને લાગતું નથી. આવી
રીતે વિચાર કરીને હું વૈશ્વાનર અને હિંસાદેવીમાં વધારે વધારે આ
સક્ત થવા લાગ્યો-અને તે વખતે મેં મારા મનમાં નિર્ણય કર્યો કે-એ
બન્ને (મિત્ર વૈશ્વાનર અને દેવી હિંસા) મારા ખરેખરા સગાં છે, એ
મારા મોટા દેવતા છે અને તે બન્ને મારૂં ખરેખરૂં હિત કરનારા છે
એ બાબત મારા મનમાં હવે વધારે ચોક્કસ થઇ. તેથી વળી વધારે
નિશ્ચય એ પણ થયો કે જે કોઇ પ્રાણી એ બન્નેની પ્રશંસા કરે તેને જ
મારો ખરો બંધુ સમજવો અને તેજ મારો ખરો મિત્ર થઇ શકે
અને જે મૂર્ખ પ્રાણી એ બન્ને ઉપર દ્વેષ રાખે તેને મારો ખરેખરો
દુશ્મન સમજવો. કમનસીબે મહામોહને વશ થઇને હું તે વખતે જા-
ણતો નહોતો કે સર્વ પ્રકારનો મને જે જે લાભ મળ્યો છે તે તે મારા
પુણ્યોદય મિત્રના યોગને લીધે મળ્યો છે. આવી રીતે હિંસા અને
વૈશ્વાનરમાં આસક્ત થઇને અને પુણ્યોદયથી ઉલટી દિશાએ કામ ક-
રવા માંડીને હું ધર્મમાર્ગથી-સાચા-શુદ્ધ-સરળ માર્ગથી વધારે ને વધારે
દૂર થવા લાગ્યો.





પ્રકરણ ૨૭ મું.

દયાકુમારી.



માતપિતાના સન્માન સાથે અને નાગરિકોના પ્રેમ વચ્ચે નગરમાં પ્રવેશ કરી દિવસ આનંદમાં અને વહાલી હિંસાના વિચારમાં પૂરો કર્યો. તેજ રાત્રિએ થોડું ઉંઘ્યા પછી રાત જ્યારે થોડી બાકી રહી ત્યારે મારા મનમાં પાછું પાપ પ્રગટ થયું એટલે મારા પિતાશ્રીને અને માતુશ્રીને રીતસર પ્રભાતવંદન કર્યા વગર જ હું અટવી (જંગલ) માં ચાલ્યો ગયો. આખા દિવસમાં મેં અનેક નાના મોટા પ્રાણીઓનો શિકાર કર્યો અને સંધ્યાનો વખત થયો એટલે હું મારે મંદિરે પાછો ફર્યો.

શિકારશોખ.

પિતાના વિચારો.
વિદુરની સૂચના.
નિમિત્તકનો જોસ.

લગભગ સાંજને વખતે પિતાજીએ વિદુરને પૂછ્યું કે "ભાઇ વિદુર! આજે કુમાર આખો દિવસ કેમ દેખાયો જ નહિ? જરા તપાસ તો કર." જવાબમાં વિદુરે કહ્યુ "પ્રભુ! હું મારી કુમારશ્રી સાથેની જુની દોસ્તી[1] યાદ કરીને આજે સવારે જ કુમારને મળવા ગયો હતો. ત્યાં કુમારશ્રીના નોકરવર્ગે મને જણાવ્યું કે કુમાર તો થોડી રાત્રી બાકી હતી ત્યારના શિકાર કરવા માટે અટવીમાં ચાલ્યા ગયા હતા. ત્યારે મેં કુમારના હજુરીઆઓને પૂછ્યું કે 'મૃગયા કરવાને કુમારશ્રી આજે જ ગયા છે કે દરરોજ તેવી જ રીતે જંગલમાં તેઓશ્રી જાય છે?' તેના જવાબમાં મને નોકરે જણાવ્યું કે 'જે દિવસથી કુમાર અહીંથી વિદાય થઇને રસ્તામાં હિંસા દેવીને પરણ્યા ત્યારથી દરરોજ શિકાર કરવા જાય છે. જો શિકાર કરવા જતા નથી તો તેઓને જરા પણ

૧ વાંચનારને યાદ હશે કે સ્પર્શનની આખી કથા કુમાર નંદિવર્ધન પાસે કહેનાર આ વિદુરજ હતો.

ચેન પડતું નથી અને વાત એટલે સુધી વધી ગઇ છે કે આ મૃગય કરવાનો શોખ કુમારને પોતાના પ્રાણથી પણ વધારે વહાલો થઇ પડ્યો છે.' મહારાજ[1]! આ પ્રમાણે હકીકત સાંભળીને મેં મારા મનમાં વિચાર કર્યો કે અહો! આ તો દેવે અમને સજ્જ ફટકો માર્યો! મારા મનમાં તે વખતે આ કહેવત યાદ આવી ગઇ: ઊંટની પીઠ ઉપર જે સમાઇ ન શકે તે તેને ગળે બંધાવવામાં આવે છે.[2] અરેરે! કુમારને પેલા પાપી મિત્ર વૈશ્વાનર સાથે યોગ થયો તેને પરિણામે અમે તો ઠાર થઇ ગયા! કારણ કે એ પાપીની દોસ્તીને પરિણામે વળી હિંસા દેવી કુમારશ્રીની ભાર્યા થઇ પડી! આ બાબતના વિચારમાં જ આજનો મારો આખો દિવસ પસાર થઇ ગયો. મહારાજ! આ કારણથી કુમાર આપની પાસે આજે આવ્યા નથી એમ જણાય છે."

વૈશ્વાનરનો ફટકો.

મહારાજ પદ્મરાજાએ વિદુરનો આવો જવાબ સાંભળી વિચારમાં પડી જઇ કહ્યું "વિદુર! આ શિકારનો શોખ મહા પાપનું કારણ છે અને તેમ હોવાથી જ અમારા વંશના કોઇ પણ રાજાએ તેવો શોખ અત્યાર સુધી કર્યો નથી. માટે જો કોઇ પણ પ્રકારે કરીને એ શિકારના શોખના કારણ તરીકે રહેલી પેલી તેની હિંસા નામની સ્ત્રી છે તેને કુમારથી દૂર કરાય તો બહુ સારૂ થાય!"

વિદુરે જવાબમાં મારા પિતાજીને કહ્યું "સાહેબ! પેલા વૈશ્વાનરની પેઠે એ હિંસા દેવી પણ અંતરંગ રાજ્યમાં રહેતી હોવાને લીધે એકદમ આપણાથી પહોંચી શકાય તેવી નથી એ મોટી પંચાતની બાબત છે. પરંતુ સાહેબ! આજે એમ સાંભળ્યું છે કે પેલો[3] જિનમતજ્ઞ નિમિત્તીઓ હતો તે અહીં ફરીવાર આવેલ છે. જો આપની ઇચ્છા હોય તો તેનેજ બોલાવીને પૂછીએ કે હવે આ બાબતમાં આપણે શું કરવું ઉચિત છે." રાજાએ જણાવ્યું કે "ત્યારે તો તે નિમિત્તીઆને અહીંજ બોલાવો."

---

૧ વિદુર પદ્મરાજા પાસે વાત કરે છે.

૨ જેટલો બોજો ઊંટની પીઠપર નખાય તેટલો નાંખવો, પછી વધે તો તેને ગળે લટકાવી દેવો; વૈશ્વાનરે પણ આજ રસ્તો લીધો જણાય છે. પોતે ઘણું નુકસાન કર્યું અને વધારામાં વળી આ હિંસા દેવીને કુમારને ગળે વળગાડ્યાં (પરણાવ્યા)-આવો ભાવાર્થ છે. यत्करभस्य पृष्ठे न माति तत्कण्ठे निबध्यते? એને મળતી ગુજરાતી કહેવત ધ્યાનમાં આવતી નથી.

૩ જિનમતજ્ઞ નિમિત્તીઆના પૂર્વવૃત્તાંત માટે જુઓ પૃષ્ઠ ૩૬૧.

નિમિત્તીઆએ શિકારનો બતાવેલ ઉપાય.

રાજાના હુકમ પ્રમાણે વિદુર જિનમતજ્ઞ નિમિત્તીઆને બોલાવવા ગયો અને થોડા વખતમાં તેને બોલાવીને પાછો આવ્યો. રાજાએ (મારા પિતાએ) નિમિત્તીઆને યોગ્ય પ્રણામ કરી, યથોચિત માન આપીને તેને બોલાવવાનું કારણ કહી સંભળાવ્યું. નિમિત્તીઆએ બુદ્ધિનાડીનો સંચાર બરાબર તપાસીને પછી વિચારપૂર્વક તાતને કહ્યું "મહારાજ! આ બાબતમાં એક ઘણો સારો ઉપાય છે. જો એ પ્રમાણે બની આવે તો કુમારને જે સ્ત્રી ઉપર આટલો બધો પ્રેમ લાગ્યો છે તે મહા અનર્થ કરનાર હિંસા દેવી પોતાની મેળે જ દૂર નાસી જાય."

પદ્મરાજા–"એ ઉપાય શું છે તે આર્ય! આપ અમને સમજાવો."

નિમિત્તીઓ—"મેં આપની સમક્ષ અગાઉજ કહ્યું હતું કે સર્વ ઉપદ્રવથી રહિત, સર્વ ગુણોનું નિવાસસ્થાન, કલ્યાણપરંપરાનું કારણ અને મંદભાગીઓને મળવું મુશ્કેલ એક ચિત્તસૌંદર્ય[1] નામનું નગર છે. તે નગરમાં લોકોનું હિત કરનાર, દુષ્ટોનો નિગ્રહ કરવામાં મહા ઉદ્યોગી, સારા માણસોનું પરિપાલન કરવામાં ખાસ ધ્યાન આપનાર અને કોશ તથા દંડથી સમૃદ્ધ થયેલ શુભપરિણામ[2] નામનો રાજા છે. એ રાજાને ક્ષાન્તિ નામની પુત્રીને જન્મ આપનાર નિષ્પ્રકંપતા[3] નામની દેવીનું પ્રથમ વર્ણન કર્યું હતું તેવીજ તે મહારાજાને એક બીજી ચારૂતા નામની રાણી છે. તે લોકોના હિતને કરનારી, સર્વ શાસ્ત્રના અર્થની કસોટિ જેવી, સારાં અનુષ્ઠાનોને પ્રવર્તાવનારી અને પાપથી દૂર રહેનારી છે.

ચારૂતા રાણી.

{ જ્યાં સુધી પ્રાણી એ ચારૂતા દેવીનું સમ્યગ્ પ્રકારે સેવન કરતા નથી ત્યાં સુધી જ આ સંસારમાં તેઓ સર્વ પ્રકારનાં દુઃખો ભોગવે છે અને ત્યાં સુધીજ તેઓ સ્વર્ગ અને મોક્ષનો સુંદર માર્ગ લઇ શકતા નથી–પ્રાપ્ત કરી શકતા નથી. જ્યારે પ્રાણીઓ એ મહાદેવીની વિધાનપૂર્વક સારી રીતે સેવના કરે છે ત્યારે

---

૧ ચિત્તસૌંદર્યના વર્ણન માટે જુઓ પૃ. ૩૬૧-૨

૨ શુભપરિણામ રાજાના વિસ્તાર વર્ણન માટે જુઓ પૃ. ૩૬૨-૩.

૩ ક્ષાન્તિના વર્ણન માટે જુઓ પૃ. ૩૬૫-૭, નિષ્પ્રકંપતાના વર્ણન માટે જુઓ પૃ. ૩૬૩-૫

તેઓ અનેક પ્રકારના કલ્યાણસમૂહને પ્રાપ્ત કરીને આખરે જરૂર મોક્ષને પ્રાપ્ત કરે છે–આટલા માટે એ ચારૂતા દેવી '**લોકોના હિતને કરનારી**' છે એમ ઉપર જણાવવામાં આવ્યું છે.

આ લોકમાં અને પરલોકમાં મહાત્મા પુરૂષોને સંસારસાગરથી પાર ઉતારનાર જે જે મોટાં શાસ્ત્રો છે તે સર્વમાં બુદ્ધિશાળી તત્ત્વ વિચારકોએ આ મહાદેવીને આદરવા યોગ્ય વ્યક્તિ તરીકે વારંવાર વર્ણવેલી છે–એટલે તત્ત્વજ્ઞ સર્વ શાસ્ત્રકારો ભલામણ કરે છે કે એ દેવીનો આદર કરો. તેટલા માટે જ તે ચારૂતા દેવીને સર્વ શાસ્ત્રના અર્થની કસોટિ કરાવે તેવી કહેવામાં આવી છે, મતલબ કહેવાની એ છે કે એ દેવીની ગેરહાજરી હોય તો શાસ્ત્રની સર્વ બાબત અસદ્બુદ્ધિના સમૂહ જેવી લાગે છે. અમુક શાસ્ત્ર તત્ત્વને બરાબર બતાવે છે કે નહિ તેની કસોટિ એ દેવીની બાબતમાં તે શાસ્ત્રે શું કહ્યું છે તે પરથી થાય છે. આથી તે દેવીને '**સર્વ શાસ્ત્રના અર્થની કસોટિ જેવી**' કહેવામાં આવી છે.

લોકોમાં દાન, શીલ, તપ, ધ્યાન, ગુરૂપૂજા, શમ, દમ વિગેરે સારાં અનુષ્ઠાનો–શુભ કાર્યો ગણાય છે તે સર્વને એ મહાદેવી પોતાના બળથી પ્રગટ કરાવે છે–પ્રવર્તાવે છે; તેટલા માટે તેને '**સારાં અનુષ્ઠાનોને પ્રવર્તાવનારી**' કહેવામાં આવી છે.

આ લોકમાં કામ (વિષયેચ્છા), ક્રોધ, ભય, દ્રોહ (વિશ્વાસઘાત), મોહ, મત્સર (અદેખાઇ), વિભ્રમ (ભ્રાંતિ), શઠતા (લુચ્ચાઇ), ચાડીઆપણું, રાગ વિગેરે જે જે પાપના હેતુઓ છે એટલે જે સર્વથી પાપ બંધાય છે તે અને આ ચારૂતાદેવી કદિ એક સાથે ત્રણ ભુવનમાં પણ રહેતા નથી તેથી એ ચારૂતાદેવીને '**પાપથી દૂર રહેનારી**' કહેવામાં આવી છે.}

દયાકુમારી.

એ શુભપરિણામ રાજાને સદરહુ ચારૂતા દેવીથી એક દયા નામની પુત્રી થયેલી છે; જે દુનિયાને આનંદનું કારણ છે, રૂપથી ઘણી જ સુંદર છે, સગા સંબંધીઓને ઘણી વહાલી છે અને આનંદપરંપરાનું કારણ હોઇને સ્ત્રી છતાં મુનિઓના હૃદયમાં પણ નિરંતર રહેનારી છે.

{ આ સંસારજંગલમાં સર્વે ચરાચર પ્રાણીઓ હંમેશા દુઃખને અને મરણને કદિ પણ ઇચ્છતા નથી, દરેક પ્રાણી અંતઃકરણથી-

ઇચ્છે છે કે તેને કોઇ પણ પ્રકારનું સ્થૂળ કે માનસિક દુઃખ ન થાઓ અને મરણ ન થાઓ. આ દયાકુમારી પ્રાણીઓનાં દુઃખ અને મરણને અટકાવે છે તેથી અનિષ્ટને અટકાવનાર હોવાથી તે 'દુનિયાને આનંદનું કારણ છે' એવું વિશેષણ તેને આપવામાં આવ્યું છે.

એ દયાના મુખમાંથી વારંવાર 'ભય પામો નહિ-ભય પામો નહિ' એવા શબ્દો નિરંતર નીકળ્યા કરે છે, તેનું મુખ અત્યંત ઉત્તમ અને ચંદ્રના આકારને ધારણ કરનારૂં છે, વળી તેને સદ્દાન[1] અને દુઃખત્રાણ[2] નામના ગોળમટોળ સુંદર સ્તનો છે, ખૂબ વિસ્તીર્ણ અને જનતને આનંદ આપે તેવો શમ[3] નામનો કેડની નીચેનો ભાગ છે અથવા ટુંકામાં કહીએ તો સામા પ્રાણીને પસંદ ન પડે તેવો તેના શરીરનો કોઇ પણ ભાગ નથી તેટલા માટે મહાત્મા પુરૂષોએ તેને 'રૂપથી ઘણી જ સુંદર છે' એમ કહીને વર્ણવી છે.

ત્યાર પછી તે દયાકુમારી 'સગા સંબંધીઓને ઘણી વહાલી છે' એમ કહેવામાં આવ્યું તેનું કારણ સાંભળો. એ દયાના સગા સંબંધીઓમાં ક્ષાંતિ[4] છે, શુભપરિણામ છે, ચારૂતા છે, નિષ્પ્રકંપતા છે, શૌચ છે, સંતોષ છે અને ધૈર્ય વિગેરે મહા ગુણો છે; તેઓને એ હૃદયમાં રહીને બહુ જ આનંદ આપ્યા કરે છે. તેટલા માટે પોતાના બંધુવર્ગને એ ઘણી આહ્લાદ કરનારી છે એમ કહેવામાં આવ્યું છે.

સ્વર્ગલોકમાં મનુષ્યલોકમાં અને છેવટે મોક્ષમાં જે કાંઇ સુખની શ્રેણી છે તે સર્વ દયાતત્પર પ્રાણીઓના હાથમાં જ હોય છે તેટલા માટે તે કન્યા 'આનંદ પરંપરાનું કારણ છે' એમ કહેવામાં આવ્યું છે અને તે પ્રમાણે હોવાથી તે સ્ત્રી છતાં પણ મહામુનિઓનાં હૃદયમાં નિરંતર રહેનારી છે એમ સમજવું.}

---

૧ સદ્દાનઃ સુંદર દાનો આપવા તે

૨ દુઃખત્રાણઃ દુઃખથી બચાવ.

૩ શમઃ શાંતિ, પ્રશમ.

૪ ક્ષાંતિ દયાની બહેન થાય છે, 'શુભપરિણામ' રાજા એના પિતા થાય છે, 'ચારૂતા' એની સગી માતા છે, 'નિષ્પ્રકંપતા' એની ઓરમાન માતા છે-આ સર્વ દયાના બંધુવર્ગ છે. સંતોષ વિગેરે સાથેનું તેનું સગપણ ચોથા પ્રસ્તાવમાં જણાશે.

દયાની ઉપાદેયતા

જિનમતજ્ઞ નિમિત્તીઓ આગળ કહે છે કે "લોકમાં દયા ખરેખરૂં હિત કરનારી છે, દયા સર્વ ગુણોને ખેંચી લાવનારી છે, દયા ધર્મનું સર્વસ્વ છે, દયા દોષોને કાપી નાખનારી છે, હૃદયમાં થતાં સર્વ સંતાપને શાંત કરવાની શક્તિને ધારણ કરનારી છે અને એ જેનામાં હોય છે તેને અનેક પ્રકારની દુશ્મનાવટની પરંપરા કદિ પ્રાપ્ત થતી નથી. એનું કેટલું વર્ણન કરવું? એ કમળની જેવી આંખોવાળી દયાકુમારી એટલા ગુણો ધારણ કરે છે કે તેનું સંપૂર્ણ વર્ણન કોણ કરી શકે? મહારાજ! મારે તમને કહેવાની મતલબ એ છે કે આ દુનિયામાં હિંસાને નાશ કરવાનો એક સિવાય બીજો કોઇ પણ અન્ય ઉપાય નથી અને તે એ જ છે કે જ્યારે ધીરવીર કુમાર એ દયાકુમારી સાથે લગ્ન કરશે એટલે તુરત જ તેની પેલી દુષ્ટ ભાર્યા હિંસા નાશ પામી જશે-ભાગી જશે. જુઓ, મહારાજ! એ હિંસા તો મહાપાપી છે અને બળું બળું થઇ રહેલી છે ત્યારે પેલી દયાકુમારી તો મહાશુદ્ધ છે અને બરફના જેવી ઠંડી છે. એ હિંસા અને દયામાં અગ્નિ અને જળ તેટલો તફાવત છે."

દયા સાથે લગ્નની ચિંતા.

જિનમતજ્ઞ નિમિત્તીઆનાં આવાં વચન સાંભળીને રાજાએ પૂછયું "આર્ય! ત્યારે કુમાર નંદિવર્ધન એ કન્યા સાથે ક્યારે પરણશે?"

નિમિત્તીઓ—"મહારાજ! જ્યારે શુભપરિણામ રાજા પોતાની દીકરીને તમારા છોકરા સાથે પરણાવવા ઇચ્છશે ત્યારે."

પદ્મરાજા—"ત્યારે એ શુભપરિણામ રાજા ક્યારે પોતાની દીકરી તેને આપશે?"

નિમિત્તીઓ—"જ્યારે તે રાજા કુમાર તરફ સીધો ચાલશે ત્યારે અથવા કુમારને તે શુભપરિણામ રાજા અનુકૂળ થશે ત્યારે."

પદ્મરાજા—"ત્યારે એ શુભપરિણામ રાજા કુમારને અનુકૂળ થાય એનો કાંઇ ઉપાય ખરો કે નહિ?"

નિમિત્તીઓ—"મેં તમને અગાઉ જ જણાવ્યું છે કે એ શુભપરિણામ રાજાને અનુકૂળ કરી શકે તેવો કોઇ હોય તો તેનો ઉપરી

કર્મપરિણામ રાજા જ છે, બીજો કોઇ તે કામ કરી શકે તેમ નથી[1]; કારણ કે આ શુભપરિણામ રાજા પેલા કર્મપરિણામ રાજા ઉપર જ આધાર રાખીને રહેલો છે. માટે હાલ વિશેષ પ્રયત્ન શું કામ કરવો? જુઓ વાત એમ છે કે જ્યારે એ કર્મપરિણામ રાજાની મહેરબાની કુમાર નંદિવર્ધન પર થશે ત્યારે એના હાથ નીચેના શુભપરિણામ રાજા પોતાની કુંવરી દયાકુમારીને પોતાને હાથે જ કુમારને પરણાવશે. માટે હવે એ બાબતમાં ચિંતા કરવામાં ફળ નથી. વળી કુમારની ભવ્યતા[2] ધ્યાનમાં રાખીને નિમિત્તને જોરે અને યુક્તિના યોગથી હું એટલું પણ કહી શકું છું કે ભવિષ્યમાં કોઇ વખતે પણ જરૂર કુમાર ઉપર કર્મપરિણામ રાજાની કૃપા થશે એમાં જરા પણ સંદેહ જેવું નથી. એવો જ્યારે વખત આવશે ત્યારે કર્મપરિણામ રાજા પોતાની મોટી બહેન લોકસ્થિતિને પૂછી જોશે, પોતાની સ્ત્રી કાળપરિણતિની સાથે વિચાર કરશે, પોતાના મુખ્ય સરદાર [3]સ્વભાવને તે વાત કહી જોશે, આ નંદિવર્ધન કુમારની પાસે જ રહેલી તેના સર્વ ભાવોના અંતરમાં ગુપ્તપણે વાસો કરનારી અંતરંગ ભાર્યા ભવિતવ્યતા છે તેને એ વાતની ખબર કરશે, નિયતિ (આ વસ્તુ આમ જ થવી જોઇએ એવો કુદરતી નિયમ) યદૃચ્છા વિગેરેને પૂછીને કુમારમાં વીર્ય કેટલું છે તેની ખાત્રી કરશે, એ પ્રમાણે સર્વને પૂછીને સર્વની સાથે સલાહ મેળવીને એ મહારાજા નિર્ણય કરશે કે કુમાર હવે દયાકુમારીને યોગ્ય થયો છે, અને એવો નિર્ણય કરીને પછી એ પોતે જ દયાકુમારીના કુમાર સાથે લગ્ન કરશે: આ હકીકતમાં જરા પણ સંદેહ જેવું નથી માટે વ્યાકુળતા છોડી દો."

મૌન રહેવાની સલાહ.

પદ્મરાજા—"ત્યારે હાલ અમારે શું કરવું?"

---

૧ જુઓ પૃ. ૩૬૯-૭૦. ત્યાં કર્મપરિણામ રાજા અને કાળપરિણતિ બન્ને પોતાના તાબામાં રહેનાર આ શુભપરિણામ રાજાના સંબંધમાં કેવી રીતે કામ લે છે તે વિગતવાર સમજાવ્યું છે.

૨ ભવ્ય પ્રાણીની મોક્ષમાં જવાની યોગ્યતા છે તેને અંગે આ વાત છે. અપેક્ષિત વચન છે. વ્યવહાર રાશિમાં આવેલા ભવ્ય પ્રાણીને એવી હતાવાઇ થોકડ જ મળે એમ સમજવું. નિમિત્તીઓ ભવ્યતાના જોરથીજ જવાબ આપે છે.

૩ કોઇ પણ કાર્ય થવા માટે પાંચ સમવાયી કારણો જોઇએ: પુરુષાર્થ, કર્મ, ભવિતવ્યતા, કાળ અને સ્વભાવ. આ દૃષ્ટાંત પર અહીં રૂપક છે. લોકસ્થિતિ એ સામાન્ય વચન છે-આખું બાબતના સર્વ સંયોગોનો સરવાળો છે. પાંચ કારણ માટે જુઓ પૃ ૩૦૮ ની નોટ ન. ૩.


નિમિત્તીઓ—"મૌન ધારણ કરવું અને તેની (નંદિવર્ધન) તરફ ઉપેક્ષા રાખવી."

પદ્મરાજા—"એ વાત ખરી, પણ પોતાના દિકરા તરફ કાંઇ બેદરકારી રાખી શકાય? અને તે રહી શકે પણ ખરી?"

નિમિત્તીઓ—"તો તમે બીજું કરી પણ શું શકશો? જો કુમારને હાલ ઉપદ્રવ થાય છે તે બહારના–સ્થૂળ દેશમાં થતો હોત–આપણે તેને સ્પર્શ કરી શકીએ કે પકડી શકીએ તેવા કોઇ બહારના પ્રાણી તરફથી તેને હેરાનગતિ થતી હોત તો તો તમે તે સંબંધમાં બેદરકારી ન કરો તે ચાલી શકે, પણ આ તો અંતરંગનો ઉપદ્રવ છે; માટે તમે હાલ એ સંબંધમાં ઉપેક્ષા રાખશો તો પણ તમને કોઇ પણ પ્રકારનો ઠપકો રહેશે નહિ. અને તે સંબંધમાં દરકાર કરીને તમે કાંઇ કરી શકો તેમ પણ નથી."

પદ્મરાજા—"જેવી આપની આજ્ઞા!"

ત્યાર પછી રાજાએ જિનમતજ્ઞ નિમિત્તીઆની પૂજા કરી તેને ત્યાંથી વિદાય કર્યો.





પ્રકરણ ૨૮ મું.

વૈશ્વાનરહિંસાની ભયંકર અસર તળે.



ઉપરની[1] વાતચીત થયાને કેટલાક દિવસો વ્યતીત થયા. એક વખત રાજાના મનમાં વિચાર થયો કે કુમાર નંદિવર્ધનને [2]યુવરાજપદે સ્થાપન કરવો; તે વાત તેણે પોતાના સરદારોને કરી એટલે તેઓએ સ્વીકારી લીધી. ત્યાર પછી તેને માટે સારો દિવસ મુકરર કરવામાં આવ્યો અને તે દિવસ માટે યુવરાજપદે સ્થાપન કરવાની સર્વ સામગ્રી તૈયાર કરવામાં આવી. (નંદિવર્ધન કહે છે કે) મને તે માટે રાજસભામાં બોલાવવામાં આવ્યો. મારે માટે એક સુંદર ભદ્રાસન તૈયાર કરવામાં આવ્યું હતું. તે દિવસે ત્યાં સર્વ સામંતો એકઠા થયા, નગરના આગેવાન શહેરીઓ પણ સર્વ હાજર થઇ ગયા, સર્વ પ્રકારના મંગળોપચાર કરવામાં આવ્યા, દરેક જાતની સારામાં સારી ચીજો વાપરવા માટે કાઢવામાં આવી અને અંતઃપુરની સર્વ સ્ત્રીઓ વિગેરે પણ ત્યાં હાજર થઇ ગઇ.

યુવરાજપદની તૈયારી.

---

૧ અહીંથી નંદિવર્ધનના ચરિત્રમાં મોટો ફેરફાર થાય છે. પુણ્યોદયનું જોર ખલાસ થાય છે, તેની શક્તિ મંદ પડતી જાય છે. પાપમાં પડેલો માણસ એક પછી એક કેટલાં પાપો કરે છે તે હવે જોવાનું છે. શેક્સપીયરના Macbeth ના નાટકમાં આવોજ પ્રસ્તાવ બને છે. એક ખૂન કર્યા પછી પછી ખૂનો કરવા વાળું મેકબેથ દોરવાય છે. આગળ ચરિત્ર વાંચતાં મનોવિકારનું જોર કેવું છે તે બરાબર જણાશે અને ત્યાં બરાબર જોવાશે કે વિવેકભ્રષ્ટાનાં ભવતિ વિનિપાતઃ શતમુખઃ। નીચે પડવા માંડ્યા પછી પાર વિનાનું પડવાનું થાય છે. ચરિત્ર બરાબર સમજીને ધ્યાનમાં લેવાનું છે.

૨ યુવરાજપદઃ રાજાની પછી ગાદીએ બેસનાર (પ્રીન્સ ઓફ વેલ્સ) નું પદ ઘણા મહોત્સવપૂર્વક આપવામાં આવતું હતું. યુવરાજ નિમાયા બાદ ઘણી વખત રાજાના મરણ બાદ અભિષેક કરવામાં આવતો હશે. ઘણા રાજાઓ વાનપ્રસ્થ થતા યુવરાજને રાજપદ આપી દેતા હતા.

મદનમંજૂષાના વેવિશાળ માટે કહેણ.
નજીવી બાબતમાં ક્રોધ, પ્રધાનનું ખૂન.
પુણ્યોદયનું પલાયન, અનર્થપરંપરા.

એ વખતે[1] પ્રતિહારી અંદર દાખલ થઇ અને મારા પિતા મહારાજ પદ્મરાજને પગે પડી અને બન્ને હાથનો સંપુટ બનાવી પોતાના કપાળે લગાડ્યો–મતલબ રાજાને પગે લાગી પ્રણામ કરી બોલી "દેવ! **અરિદમન** રાજાનો **સ્ફુટવચન** નામનો મોટો પ્રધાન આપશ્રીને મળવા માગે છે અને હાલ તે બહારના દરવાજા પર ઊભેલ છે, તેના સંબંધમાં દેવનો જેવો હુકમ !" રાજાએ તેને સભાસ્થાનમાં પ્રવેશ કરાવવાનો હુકમ આપ્યો એટલે સ્ફુટવચનને લઇને પ્રતિહારી અંદર આવી. દૂતે મારા પિતાને નમસ્કાર કરીને આ પ્રમાણે કહ્યું "મહારાજ ! મેં હમણાજ સાંભળ્યું કે આજે અત્યારે રાજકુમાર નંદિવર્ધનને યુવરાજપદે સ્થાપન કરવાનો મહોત્સવ ચાલે છે, તેથી અત્યારે બહુ સારૂં મુહૂર્ત છે એમ ધારીને જે કામ માટે હું અહીં આવ્યો છું તેને માટે એકદમ ઉતાવળથી રાજસભામાં હું દાખલ થયો છું."

પાણિગ્રહણ માટે કહેણ.

પદ્મરાજા—"એ તો બહુ સારૂં કર્યું; હવે તમારૂં અહીં આવવાનું પ્રયોજન શું છે તે જણાવો."

સ્ફુટવચન દૂત—"આપશ્રીના સારી રીતે જાણવામાં છે કે **શાર્દૂલપુર**માં પ્રભાતસ્મરણીય **અરિદમન** નામના રાજા છે, તેમને કામદેવની સ્ત્રી રતિના રૂપને પણ જીતી લે તેવી રતિચૂલા નામની મહારાણી છે, તે રાણીથી રાજાને એક **મદનમંજૂષા** નામની પુત્રી થઇ છે જે ન ચીંતવી શકાય તેવા અનેક ગુણોની પેટી હોય તેવી શોભી રહી છે. એ મદનમંજૂષાએ લોકોમાં ચાલતી નંદિવર્ધન કુમારનાં પરાક્રમની ઘણી વાતો સાંભળી તેથી તેને કુમારશ્રી ઉપર ઘણો જ પ્રેમ ઉત્પન્ન થયો એટલે તેને પરણવાનો પોતાના મનમાં કુંવરીએ નિશ્ચય કર્યો. ત્યાર પછી પોતાનો જે અભિપ્રાય થયો તે તેણે પોતાની માતા રતિચૂલાને જણાવ્યો અને તેની માએ તે મહારાજ અરિદમનને જણાવ્યો. આ પ્રમાણે હકીકત બન્યા પછી પોતાની કું-

---

૧ 'આદર્શો અધવચ રહે' લીધેલો કોળીઓ હાથમાંજ રહી જાય એવો આ નાટકમાં દાખલો છે. સર્વ સામગ્રી યુવરાજપદની હાજર હતી તે પાર પડી નથી ને એને નકામા કારણના જુનો ભાવ છે તે હવે જોઈશું.

વેવિશાળની માગણીનો સ્વીકાર. વળી મદનમંજૂષા કુમારશ્રી નંદિવર્ધનને વેરે આપવાના ઉદ્દેશથી મહારાજા અરિદમને મને આપની પાસે મોકલ્યો છે. હવે આ પ્રમાણેની મારી વિનતી સાંભળીને આપશ્રી તે સંબંધી યોગ્ય હુકમ ફરમાવો!"

સ્ફુટવચનનાં આવાં વચન સાંભળી મારા પિતા પદ્મરાજાએ મતિધન મંત્રીની સામું જોયું. મતિધન મંત્રીએ કહ્યું 'મહારાજ! અરિદમન તો ખરેખર એક પ્રભાવશાળી મહાન્ વ્યક્તિ છે! આપશ્રીનો અને તેમનો સંબંધ થાય તે સર્વ રીતે યોગ્ય છે; માટે જે માગણી સ્ફુટવચને કરી છે તેનો આપ સ્વીકાર કરો એમ મારી પણ વિનતિ છે.' મંત્રીની આ પ્રમાણે સલાહ મળવાથી મારા પિતાશ્રીએ તેમ કરવાની હા પાડી. અર્થાત્ વેવિશાળ કબુલ કર્યું.

રંગમાં ભંગ.

*તે વખતે †મેં કહ્યું "અરે સ્ફુટવચન! અહીંથી તમારૂં શાર્દૂલપુર કેટલું દૂર!"

સ્ફુટવચન—"સાહેબ! અમારૂં શાર્દૂલપુર ૨૫૦ યોજન દૂર છે."

નંદિવર્ધન (હું પોતે)—"એ વાત ખોટી છે. તમારે એમ ન કહેવું જોઇએ."

સ્ફુટવચન—"ત્યારે કેટલું દૂર છે તે આપ સાહેબ પોતે જ કહો."

નંદિવર્ધન—"અઢીસો યોજનમાં એક ગાઉ[૧] ઓછું."

સ્ફુટવચન—"એમ ધારવાનું આપ પાસે શું કારણ છે?"

નંદિવર્ધન—"હું જ્યારે નાનો હતો ત્યારે મેં સાંભળ્યું હતું."

સ્ફુટવચન—"આપે એ હકીકત બરાબર જાણી નથી."

નંદિવર્ધન—"ત્યારે તું કહેછે તે સાચું અને હું કહું છું તે ખોટું એમ માનવાનું તારી પાસે શું કારણ છે?"

સ્ફુટવચન—"મેં મારા પગલાથી બરાબર ગણતરી કાઢેલી છે."

નંદિવર્ધન—"મોટા આધાર રાખવા યોગ્ય માણસો હતા તેની પાસેથી મેં પણ નિશ્ચય કર્યો છે કે તું જે કહે છે તે તદ્દન ખોટું છે અને મારૂં કહેવું તે સંબંધમાં છે તે બરાબર સાચું છે."

---

* અહીં બ. રો. એ. સોસાયટીવાળી બુકનું પૃ. ૬૦૧ શરૂ થાય છે.

† નંદિવર્ધને-આખી વાર્તા નંદિવર્ધન કહે છે તે ધ્યાનમાં રાખવું.

૧ ગાઉને માટે ગવ્યુત શબ્દ છે. બે કોસનો એક ગવ્યુત થાય છે. આઠ હજાર દંડના અથવા ૨૦૦૦ ધનુષ્યનો એક કોસ, ચાર કોસનો એક યોજન. યોજન લગભગ આઠથી નવ માઇલ થવા જાય છે.

સ્ફુટવચન—"કુમારશ્રી ! આપને કોઇએ બરાબર છેતર્યા જ ણાય છે. મેં જે માપ કર્યું છે તેમાં તલનો ત્રીજો ભાગ પણ વધારે કે ઘટાડે થઇ શકે તેવું નથી એવું એ ચોક્કસ માન છે અને મેં તે બરાબર કર્યું છે. એમાં જરા પણ ફેરફાર કદિ થવો સંભવિત નથી."

__પુણ્યોદય રીસાયો.__

આ તો હરામખોર રાજસભામાં લોકોના દેખતાં મને જૂઠો પાડે છે–એવો મારા મનમાં વિચાર આવતાં અંતરંગમાં રહેલ વૈશ્વાનરે ઝણઝણાટી કરી, હિંસાદેવી જરા હસી અને પોતાની યોગશક્તિ મારાપર ચલાવી અને તુરતજ એ બન્નેએ મારા શરીરમાં પ્રવેશ કર્યો; તેથી જાણે પ્રલયકાળનો સાક્ષાત્ અગ્નિ જ હોઉં તેવો થઇ ગયો, મારૂં શરીર લાલચોળ થઇ ગયું, આંખોમાંથી અંગારા નીકળવા લાગ્યા, શરીર ધ્રુજવા લાગ્યું અને મ્યાનમાંથી સૂર્યકિરણના સમૂહ જેવી ભયંકર તરવાર મેં ખેંચી કાઢી. તે વખતે પુણ્યોદયે વિચાર કર્યો કે હવે આપણો વખત પૂરો થઈ ગયો, ભવિતવ્યતાના હુકમથી અત્યાર સુધી તો હું અહીં રહ્યો અને તેના હુકમનું પાલન કર્યું, પરંતુ હવે નંદિવર્ધન કુમાર મારા સંબંધને જરા પણ યોગ્ય[1] રહ્યો નથી, માટે હવે તો અહીંથી ચાલ્યા જવું સારૂં છે. આ પ્રમાણે વિચાર કરીને પુણ્યોદય નામનો મારો ખાસ મિત્ર મારી પાસેથી તે વખતે ચાલ્યો ગયો.

__ખુનપર ચઢેલો નંદિવર્ધન.__

મેં તો આવેશમાં આવી જઇને એક મોટી રાડ પાડી–હોકારો કર્યો અને સભાજનોની દેખતાંજ આ કર્તવ્ય છે કે નહિ તેનો જરા પણ વિચાર કર્યા વગર તરવારના એક ઝટકાથી સ્ફુટવચનના શરીરના બે ટુકડા કરી નાંખ્યા જેથી આખી સભામાં હાહાકાર થઇ રહ્યો.

સ્ફુટવચનનું રાજસભામાં ખૂન.

તે વખતે મારા પિતાશ્રી પદ્મરાજા જેઓ રાજ્યાસનપર બીરાજમાન થયા હતા તેઓ "અરે અરે ! પુત્ર ! તું આ શું કાર્ય કરી રહ્યો છે? અરે તેં બહુ ભુંડું કર્યું !" એમ બોલતા સિંહાસન પરથી ઊભા થઇ ગયા અને એકદમ મારી તરફ આવવા લાગ્યા. પિતાશ્રીને મારી તરફ

૧ પૂર્વ પુણ્ય હતું તે વાપરી ખાધું, તેમાં વધારો કર્યો નહિ, તેથી તે પૂરું થયું એટલે સર્વ રાજસત્તા, અધિકાર અને અનુકૂળતાઓ એક પછી એક જવા લાગ્યા. પાપનો અનુબંધ કરાવે તેવા '**પાપાનુબંધી પુણ્ય**' નો ઉદય હોય ત્યારે આ પ્રમાણે જ થાય છે.

પિતાનું ખૂન.

આવતા ક્રોધને મેં વિચાર કર્યો કે આ (મારા પિતા) પણ એના જેવા જ દુશ્મન જણાય છે! અને તે જ કારણને લીધે તેઓ મારા કાર્યને અકાર્ય તરીકે જણાવે છે! તેઓ જો એના પક્ષકાર ન હોત તો મારા કામને કોઇ પ્રકારે પણ વખોડત નહિ—આમ વિચારીને ઉપાડી તરવાર લઇને હું મારા પિતા તરફ દોડ્યો. રાજસભામાં મારા અભિષેક માટે હાજર રહેલા સંખ્યાબંધ રાજપુત્રો અને નાગરીક લોકોએ તો ચારે તરફથી હાહાકાર કરી મૂક્યો અને ચોતરફ મોટી ગડબડ થઇ ગઇ, તેમજ તેઓ સર્વે એકદમ સ્તબ્ધ થઇ ગયા. મેં પણ તે વખતે મારો પુત્રધર્મ* વિસારી દીધો, પદ્મરાજ મારા પિતા થાય છે તે વાત ભૂલી ગયો, તેઓનો મારા ઉપર કેટલો બધો સ્નેહ હતો તેની પણ ગણના કરી નહિ, તેઓનો મારા ઉપર મોટો ઉપકાર હતો તે વાત પણ લક્ષ્યમાં લીધી નહિ અને હું જે અકાર્ય કરવા મંડ્યો છું તેથી મને મોટું પાપ બંધાશે તેનો પણ વિચાર કર્યો નહિ. હું તો તે વખતે વૈશ્વાનર મિત્ર અને હિંસાદેવીને એટલો બધો વશ થઇ ગયો કે જાણે હું [1]કર્મચંડાળ હોઉં તેવો બની ગયો અને પિતાજી હજુ તો કાંઇક તેવા જ પ્રકારનું વધારે બોલવા જતા હતા તેવામાં તો તરવારના એક ઝાટકાથી મેં તેઓનું મસ્તક પણ ઉડાડી દીધું.

માતાની ઉપર તરવારનો પ્રહાર.

તે વખતે "અરે દીકરા! દીકરા! સાહસ કરી નહિ! સાહસ કર નહિ! અરે લોકો! રક્ષણ કરો, રક્ષણ કરો!!" એ પ્રમાણે ઘણા ઊંચા સ્વરથી કરૂણસ્વરે બોલતી મારી માતા મારા હાથમાંથી તરવાર છોડાવવા સારૂ ઉતાવળથી આવીને મારે હાથે વળગી પડી. મેં તે વખતે વિચાર કર્યો કે મારા શત્રુને મારવા તત્પર થયેલા મારી ઉપર આવી મૂર્ખાઇ ભરેલી રીતે લપ્પન છપ્પન કરનાર મારી માતા પણ ખરેખર મારી દુશ્મન જ છે. આવો સાહસ ભરેલો વિચાર કરીને મારી માતાના શરીરના પણ તરવારથી બે ટુકડા મેં તે જ વખતે કરી નાખ્યા.

તે વખતે મારો સામંત શીલવર્ધન જેની સાથે મારી સાળી

---

* પુત્રધર્મ: પુત્રની પિતા તરફની ફરજો.

૧ કર્મચંડાળ: ચંડાળને ઘરે જન્મે તે જાતિચંડાળ કહેવાય છે, અધમ કાર્ય કરે તે કર્મચંડાળ કહેવાય છે.

રતિલલિત, મણિમંજરી અને કનકચૂડનું ખૂન.

મણિમંજરી[1] નું દાન કરવામાં આવ્યું હતું તે; તથા મણિમંજરી અને મારી બાકીની સ્ત્રીઓ અનુક્રમે મને કહેવા લાગ્યાં 'હે નાથ! હે કુમાર! હે આર્યપુત્ર! આ તમે શું આદરી બેઠા છો?' આ પ્રમાણે બોલતાં મને અટકાવ કરવાથી અટકાવવાને માટે તે સર્વે એક સાથે મારી સામે વળગી પડ્યા. મેં મારા મનમાં વિચાર કર્યો કે આ સર્વે દુરાત્મા (પાપી) ઓએ મારી વિરૂદ્ધ એકસરખો મોટો વિચાર કરી રાખ્યો છે. એ વિચારથી મારો ક્રોધ વધારે ઉછળ્યો, હું વધારે બહેર ગયો અને તે સર્વેને એક એક તરવારના ઘાથી એક સાથે જમરાજના મંદિરે પહોંચાડી દીધા.

કનકમંજરીનું ખૂન.

તે વખતે આવો અઘટિત બનાવ જોઇને 'અરે આર્યપુત્ર! આ શું? આ શું?' એ પ્રમાણે વિલાપ કરતી મારી રાણીથી વધારે વહાલી ગણી કનકમંજરી ત્યાં આવી પહોંચી. મેં મારા મનમાં વિચાર કર્યો કે આ અધમ સ્ત્રી આવા શબ્દો બોલે છે તેથી જરૂર તે પણ શત્રુને જ મળી ગયેલી હોવી જોઇએ. અહો! મારૂં હૃદય[2] પણ અત્યારે તો મારૂં શત્રુ થઇ ગયેલ જણાય છે! એ પણ કોઇકાણે વાત્સલ્યભાવ કરવા દોરવાઇ ગઇ છે તો તેના એવા મૂર્ખાઇ ભરેલા વત્સળભાવને દૂર કરવો જ જોઇએ. આ વિચારને પરિણામે કનકમંજરી ઉપર પ્રેમ હતો તે ગળી ગયો, તેનો વિરહ સહન થઇ શકશે કે નહિ તે વાત સ્મૃતિમાંથી નીકળી ગઇ, તેની સાથે એકાંતમાં કેવી કેવી મીઠી વાતો કરી હતી અને તેને કેવાં કેવાં વચનો આપ્યાં હતાં તેની હૃદયમાં સ્ફુરણા પણ થઇ નહિ, તેની સાથે અનેક પ્રકારનાં કામભોગનાં સુખો ભોગવ્યાં હતાં તે સર્વ ભૂલી ગયો અને તેની ઉપર ઉપમા ન આપી શકાય તેવો પ્રેમનો બંધ હતો તે સંબંધી જરા પણ વિચાર ન કર્યો. વૈશ્વાનરે મારી બુદ્ધિને તે વખતે એટલી અંધ બનાવી દીધી હતી અને મારા હૃદયમાં હિંસાદેવીએ એવું પ્રબળ સ્થાન લીધું હતું કે

---

૧ કુશાવર્તપુરના કનકચૂડ રાજાની મોટી દીકરી, કનકમંજરીની મોટી બહેન.

૨ નંદિવર્ધને હૃદયને સ્થાને કનકમંજરીને ગણી હતી અને તેનાપર તેને સર્વથી વધારે પ્રેમ હતો. યોગ એવો બન્યો કે સર્વ સંબંધીઓ એક સાથે સભામાં હાજર હતા અને આવેશપર ચઢેલા નંદિવર્ધનને વિચાર કરવાનો અવકાશ હતો નહિ. વૈશ્વાનરની આ અસરમાં જરા પણ અતિશયોક્તિ નથી; અવલોકન કરવાથી અથવા વિચારણાથી આ વાત ચોક્કસ જણાઇ આવે તેમ છે.

આગળ પાછળનો જરા પણ વિચાર ન કરતાં આપડી કનકમંજરીને પણ તેજ વખતે મેં તરવારના ઘાથી મારી નાખી.

બીજાં અનેક ભયંકર ખૂનો.

એ વખતે ધમાધમમાં મારી કેડ ઉપર બાંધેલું વસ્ત્ર છૂટી ગયું અને જમીન પર પડ્યું. વળી મારૂં ઉત્તરીય વસ્ત્ર (ઓઢવાનું વસ્ત્ર) હતું તેપણ જમીનપર પડી ગયું. એને પરિણામે હું જન્મ્યો ત્યારે હતો તેવો થઇ ગયો—મતલબ તદ્દન નાગો થઇ ગયો. વળી મારા બાલ પણ છુટા થઇ ગયા તેથી જાણે સાક્ષાત્ વૈતાળ જ હોઉ તેવો હું દેખાવા લાગ્યો. મને આવો રાક્ષસ જેવો વિચિત્ર પ્રકારનો જોઇને દૂર રમત કરતા છોકરાંઓ તાળી તાળીને મશ્કરી કરતાં ખડ ખડ હસવા લાગ્યા અને તેઓએ કલકલ અવાજ કરી મૂક્યો. આથી વળી હું વધારે ગુસ્સે થયો અને એ છોકરાઓને મારવા માટે તેના તરફ દોડ્યો તે વખતે મારા ભાઇઓ બહેનો સગાસંબંધીઓ અને સામંતો સર્વે મને એકીસાથે અટકાવવા માટે વળગી પડ્યા. પરંતુ યમરાજા જેમ સર્વની ઉપર એક સરખી રીતે જુએ તેમ તે સર્વેને હણતો હણતો હું કેટલેક દૂર નીકળી ગયો અને રસ્તે જતાં જરા પણ સામે થવાની નિશાની બતાવે તેને મારી નાખતો ગયો. છેવટે મારી સામે લોકો ઘણા થયેલા હોવાથી [1]જંગલી હાથીની પેઠે મને ઘણા પ્રકારે મુંઝવીને મહા મુશ્કેલીએ આખરે પકડી લીધો, મારી પાસેથી ભયંકર તરવાર ખુંચવી લીધી અને મારા હાથોને પછવાડે લઇને મને પાંચમોડીએ બાંધ્યો. પછી મારા તરફ નહિ બોલવા જેવાં ખરાબ વચનો બોલીને મને કેદખાનામાં નાખ્યો.

એક માસ કેદખાનામાં.

અકસ્માત છુટકારો.

નગરદાહ, નાસભાગ.

લોકોને મને સખ્ત બંધને બાંધી કેદખાનામાં પૂર્યો અને તેનાં બારણાં મજબૂત બંધ કરી દીધાં. પછી લોકો મને અનેક પ્રકારનાં દુર્વચનો સંભળાવવા લાગ્યા તેનાથી સળગી જતો, ન સાંભળી શકાય તેવી

૧ જંગલી હાથીને પકડ્યો હોય ત્યારે તેને ખુબ રખડાવે છે, ઘણા પ્રકારે ફંદાઓ આપે છે અને પછી તેને યુક્તિથી ખાડામાં નાખીને કે સીપીઆઓ પગમાં નાંખીને પકડી લે છે.

સંતાપમાં ગરકાવ.

ભાષામાં આડું અવળું બોલતો, કેદખાનાનાં બારણ સાથે માથું અફાળતો, ક્ષુધાથી પીડાતો, તૃષાથી હે રાન થતો, અંતરના સંતાપથી બળી જતો, નારકીને પેઠે અનેક પ્રકારના દુઃખ ખમતો-એજ સ્થિતિમ એક માસ સુધી કેદખાનામાં રહ્યો. ત્યાં મને તેટલો વખત જરા પણ ઉંઘ આવી નહિ, કોઇએ મારાં બંધન જરા પણ છોડ્યાં નહિ અને મારી તરફ નજર પણ કરી નહિ. મહા દુઃખમાં એ સર્વ કાળ મેં ત્યા પસાર કર્યો.

ભુખ્યો અને તરસ્યો.

આવી રીતે ભુખ્યો અને તરસ્યો એક માસ સુધી કેદખાનામાં રહેવાથી હું તદ્દન ક્ષીણ થઇ ગયો. એક દિવસ લગભગ મધ્યરાત્રીએ મને એક વાર અત્યંત ક્ષીણતાને પરિણામે જરા ઉંઘ આવી. તે વખતે ઉંદરે આવીને મારે હાથે તથા પગે બાંધેલાં બંધનને તોડી નાંખ્યું તેથી હું છુટો થઇ ગયો. મેં તુરત જ કેદખાનાનાં બારણાં ઉઘાડ્યાં અને બહાર નીકળી આવ્યો. તે વખતે ખબર પડી કે મને રાજમહેલમાં જ કેદ કરવામાં આવ્યો હતો.

ક્રોધીએ આવેશમાં નગર સળગાવ્યું.

મધ્યરાત્રી હોવાથી ચોકીદાર વિગેરે સર્વ સુઇ ગયા હતા. કોઇ હાલતું ચાલતું પણ ન હોતું. મેં તે વખતે વિચાર કર્યો કે-આ આખું રાજકુળ અને આખું નગર અત્યારે મારૂં ખરેખરૂં દુસ્મન થઇ ગયું છે. એ સર્વ લોકોએ મને અનેક પ્રકારનાં દુઃખો દેવામાં કાંઇ બાકી રાખી નથી-આમ વિચારૂં છું તેવામાં મારા અંતરમાં રહેલા મારા વૈશ્વાનર મિત્રે ઝણઝણાટી કરી અને હિંસાએ આનંદમાં આવી જઇ ખોંખારો ખાધો; એટલે એ બન્નેનું મારામાં જોર વધી ગયું. તે વખતે નજીકમાં એક અગ્નિનો કુંડ સળગી રહ્યો હતો તે મારા જોવામાં આવ્યો; એટલે મેં વિચાર કર્યો કે-અહો! શત્રુને મારવાનો ઉપાય તો અહીં હાજર છે! હવે એટલું જ કરવાનું છે કે એક શંકોરૂં લઇને તેમાં અંગારા ભરી લઉં અને પછી તેમાંથી થોડા રાજમહેલમાં અને થોડા નગરના બીજા ભાગોમાં મૂકી દઉં; ખાસ કરીને જલદી સળગી ઉઠે તેવાં સ્થાનકો શોધીને તેમાં જ અગ્નિ લગાવી દઉં કે જેથી થોડા અંગારાથી પણ ધારેલ કામ થઇ જાય. આમ કરવાથી આખું રાજકુળ અને આખું નગર બન્ને પોતાની મેળે જ નાશ પામી જશે—આવો અધમ વિચાર કરીને મેં તે જ પ્રમાણે કર્યું. એક

દમ સળગી ઉઠે તેવાં સ્થાનો રાજકુળમાં તથા આખા નગરમાં હું જાણતો હતો, તેને ચારે બાજુએથી મેં સળગાવી મુક્યાં તેથી એટલી મોટી અગ્નિ સળગી ઉઠી કે હું પણ નગરમાંથી બળતો બળતો માત્ર ભવિતવ્યતાના યોગથી જ બહાર નીકળી શક્યો. હું બહાર નીકળતો હતો તે વખતે નગરના લોકોનો મોટો અરેરાટીનો અવાજ મારા સાંભળવામાં આવ્યો. સુભટ લોકો બોલવા લાગ્યા કે 'અરે દોડો, દોડો!' તેઓના મનમાં કાંઇક એવી પણ શંકા આવી કે દુશ્મનના લશ્કરે એ અતિ અધમ કાર્ય કર્યું છે. એ વખતે મારૂં શરીર તદ્દન ક્ષીણ થઇ ગયેલ હોવાને લીધે અને શરીરની ક્ષીણતાની અસર મનપર પણ થતી હોવાને લીધે આખરે હું મારી સર્વ ધીરજ ખોઇ બેઠો.[1]

પ્રકરણ ૨૯ મું.

ખૂનીક્રોધીનો રખડપાટો.



આખા જયસ્થળ નગરને સળગાવી મૂક્યું તેથી મારા મનમાં પણ ભય ઉત્પન્ન થયો અને જંગલ તરફ મેં નાસવા માંડ્યું. નાસતાં નાસતાં મેં મોટા જંગલમાં પ્રવેશ કર્યો. પછી મને બહુ પીડાઓ થઇ: કાંટાઓથી હું વીંધાણો, ખીલાઓથી ઘાયલ થયો, રસ્તો ભૂલી ગયો, ખોટે રસ્તે ચઢી ગયો, ઉંચા ઢોળાવપરથી લટકી પડ્યો, ઉંધે માથે નીચા પ્રદેશમાં પડ્યો, મારાં અંગોપાંગ ભાંગીને ચૂરેચૂરાં થઇ ગયાં અને મને એટલું સખત વાગ્યું કે પડ્યા પછી ઉઠવાની શક્તિપણ મારામાં રહી નહિ.

અટવીનો ત્રાસ.

<u>ચોરની પલ્લીમાં.</u>

એવી રીતે હું મહા અટવીમાં પડેલો હતો તે વખતે ત્યાં ચોરો આવ્યા. તેઓએ મને એવી અવસ્થામાં પડેલો દીઠો. તેઓ મને જોઇને બોલવા લાગ્યા કે—'અરે! આ તો જાડા પાડા જેવી કાયાવાળો માણસ જણાય છે, માટે એને લઇ જઇને કોઇ સારી જગ્યાએ વેચશું

[1] નંદિવર્ધને આખું ગામ સળગાવ્યું ન બાળી ખાખ થઇ ગયું હતું, એક માણસ પણ બચવા પામ્યો ન હોતો તે આગળ કથા પરથી જણાશે.

તો એનું ઘણું મૂલ્ય આવશે; માટે ચાલો એને ઉપાડીને આપણા સ્વામી (પલ્લીપતિ) પાસે લઇ જઇએ!' ચોરોને આ પ્રમાણે બોલતાં સાંભળીને મારા મનમાં કાંઇક ઠંડો પડેલો વૈશ્વાનર (મિત્ર) એકદમ સળગી ઉઠ્યો અને હું ગુસ્સે થઇ ગયો. એટલે ચોરોમાંના એકે કહ્યું 'અરે ભાઇઓ! આનો વિચાર ખરાબ જણાય છે, તે આપણી સાથે લડવા માગે છે અથવા ભાગી જવા માગે છે, માટે એ હરામખોર પાપીને એકદમ બાંધી લો, નહિ તો એને પકડવો મુશ્કેલ થઇ પડશે.' પછી ચોરોએ મને ધનુષ્યવડે સારી પેઠે કુટ્યો, ખૂબ માર માર્યો અને પછી ચારે હાથ કરીને મને પાંચમોડીએ બાંધી લીધો; હું મ્હોઢામાંથી ગાળો દીધા કરતો હતો તેથી મારૂં મ્હોઢું પણ બાંધી લીધું. પછી ત્યાંથી મને ઉપાડ્યો, મારા શરીર પર તદ્દન ફાટેલું તૂટેલું જીરણ કપડું ઓઢાડ્યું અને વારંવાર ગોદા મારતાં, ધમકી આપતાં અને દમ દેતાં

કનકપુરના સીમાડામાં.

તેઓ મને કનકપુર[1] નગરની નજીકમાં આવેલી ભીમનિકેતન નામની ચોરની પલ્લીમાં લઇ ગયા. ત્યાં મને રણવીર નામના પલ્લીપતિની પાસે રજુ કરવામાં આવ્યો. પલ્લીપતિએ હુકમ આપ્યો કે–"અરે! આ માણસને બહુ સારી રીતે ખવરાવો પીવરાવો, તેમ કરવાથી જો તે પાડા જેવો જાડો થશે તો તેના પૈસા બહુ વધારે આવશે." ચોરના સ્વામીની આવી આજ્ઞા માથે ચઢાવીને એક ચોર મને પોતાને ઘરે લઇ ગયો.

તે ચોરે મને પોતાને ઘરે લઇ જઇને મારે મ્હોઢેથી બંધ છોડ્યા

ક્રોધીની કડવી જીભ.

અને મને મોકળો કર્યો એટલે હું તો મ્હોઢામાંથી ભમો ચચો બોલવા મંડી પડ્યો, તેથી તે ચોર મારા ઉપર ઘણો જ ગુસ્સે થયો, તેણે મને લાકડીઓથી ખૂબ ઠોક્યો, માત્ર પોતાના સ્વામીએ મને સોંપેલો હોવાથી જ મારી નાખ્યો નહિ. મારી બોલીમાં કડવાશ તો એટલી હતી કે તે સાંભળીને મને કોઇ પણ માણસ જરૂર મારી જ નાખે. માત્ર મારી કડવી બોલીને લઇને તેણે મને તદ્દન તુચ્છ ભોજન આપવા માંડ્યું. આથી હું વધારે ને વધારે ભૂખ્યો રહેતો હોવાથી તદ્દન લેવાઇ ગયો અને મારા મ્હોં ઉપર પણ દીનતા આવી ગઇ. પહેલાં

---

૧ કનકપુરઃ અગાઉ આ નગરનો રાજા પ્રભાકર હતો. વિભાકર આ નગરના રાજાનો તે વખતે વારસ હતો. વિભાકરની સાથે વિમલાનનાના સંબંધમાં મોટું યુદ્ધ થયું હતું તે માટે જુઓ આ પ્રસ્તાવ પ્રકરણ ૨૩ મું. પૃ. ૫૮૩ થી.

તો તે તુચ્છ ભોજન[1] આપતો તે ખાવાની મેં ચોખી ના પાડી, પણ અંતે ભુખને લીધે તે પણ મેં ખાવા માંડ્યું. પણ એવા કળથી વિગેરે તુચ્છ અન્નથી મારૂં પેટ કાંઇ ભરાયું નહિ તેથી નિરંતર મનનો ઉદ્વેગ પણ વધવા લાગ્યો.

ભુખનાં દુઃખમાં. આવી રીતે ભુખમાં અને દુઃખમાં મારા કેટલાક દિવસો પસાર થઇ ગયા અને હું દુબળો થતો ગયો. એક દિવસે પલ્લીપતિ રણવીરે હું કેટલો જાડો થયો છું? વિગેરે પ્રશ્ન મારા પાલન કરનારા ચોરને પૂછ્યા. તેના જવાબમાં તેણે જણાવ્યું કે "સાહેબ, એનાપર મહેનત તો ઘણી કરવામાં આવે છે, પણ કોઇ રીતે એનામાં બળ વધતું નથી." ત્યાર પછી ભુખમાં અને દુઃખમાં તે ચોરને ઘેર એ જ રીતે હું ઘણો વખત રહ્યો.

રાજ્યદંડ. એક વખત ચોરો ઉપર કનકપુર નગરથી પલ્લી છોડી જવાનો હુકમ આવ્યો, જેની ખબર ચોરોને પડતાં તેઓ પલ્લીમાંથી ભાગી ગયા. કનકપુરના રાજાના હુકમથી તે પલ્લીને લુંટી લેવામાં આવી–કબજે કરવામાં આવી અને જેટલાને પકડી શકાયા તેટલા ચોરોને પકડી લેવામાં આવ્યા. પકડાયલા સર્વને કનકપુર લઇ જવામાં આવ્યા. હું પણ પકડાઇ જનારાઓમાંનો એક હતો.

વિભાકર સમક્ષ નંદિવર્ધન.
માન આપનાર પર ક્રોધ.
ઉપકાર કરનારનું ખૂન.

<u>કનકપુરે.</u>

મને એક ચોર તરીકે મહારાજા વિભાકર પાસે કનકપુર નગરમાં રજુ કરવામાં આવ્યો. વિભાકર મને જોતાંજ કાંઇક ઓળખી ગયો અને પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે અરે આ તે શું નવાઇ! આ પુરૂષ બળેલા છાણાના ભાઠા જેવો થઇ ગયો છે અને તેના શરીરપર માત્ર હાડકાં અને ચામડી જ રહ્યાં છે તોપણ તે બરાબર કુમાર નંદિવર્ધનનો આકાર ધારણ કરે છે અને જાણે તે જ હોય તેવો દે-

1 કળથી તુચ્છ ભોજન તરીકે ઓળખાય છે, ઢોરનો અધમ દાણો છે અને માણસો દુકાળ જેવા પ્રસંગ વગર ખુશીથી તે ખાતા નથી.

ખાય છે તેનું કારણુ શું હશે! આવો વિચાર કરીને પછી તેણે નખ માંડીને શિખા પર્યંત મને ધારી ધારીને જોયો. એમ કરતાં તેના મ-

આખરે ઓળખ્યો.

નમાં ખાત્રી થઇ ગઇ કે આ તો કુમાર નંદિવર્ધન જ છે. વળી તેણે વિચાર કર્યો કે—અહીં નંદિવર્ધન કુમાર આવા આકારમાં આવે એવો સંભવ પણ જણાતો નથી. પણ ખરેખર નસીબની રીતો કાંઇ ઓરજ પ્રકારની છે! એને (કર્મને–વિધિને–નસીબને) વશ પડેલા પ્રાણીઓના સંબંધમાં શું શું નથી બનતું? જે મોટા રાજાને પગે અનેક મુગટ-

વિધાત્રીના લેખ.

ધારી રાજાઓ નમસ્કાર કરી તેના પગની પૂજા કરે છે અને જે કાંઇપણ વચન બોલે તે પ્રત્યેકને લોકો 'જય દેવ, જય દેવ!' એવા શબ્દોથી વ-ધાવી લે છે, તે જ રાજા તે જ ભવમાં નસીબને લઇને ભીખારીનો આકાર ધારણ કરીને અનેક પ્રકારના દુઃખ પામતો જોવામાં આવેછે—માટે આ હાડપિંજર થઇ ગયેલો પુરૂષ મને તો કુમાર નંદિવર્ધન જ લાગે છે તેમાં જરા પણ શક નથી—એવો વિચાર કર્યા પછી પોતે મારી સાથે અગાઉ જે સ્નેહભાવ[1] કર્યો હતો તે યાદ કર્યો અને તેથી આંખમાંથી ગાલ પર ઝરતાં આસુના પ્રવાહ સાથે વિભાકર સિંહાસન પરથી ઉઠીને મને ભેટી પડયો. તે વખતે એ બ-નાવની વિચિત્રતા જોઇને આખું રાજકુળ આશ્ચર્યમાં ગરકાવ થઇ ગયું.

વિભાકર નરપતિએ તો મને પોતાના સિંહાસનપર અરધું આ-સન આપીને પોતાની સાથે બેસાડ્યો અને પછી મને પૂછ્યું[2] "મિત્ર! આ તે શું?" વિભાકરના પૂછવાથી મેં તેને મારૂં સર્વ ચરિત્ર કહી સંભળાવ્યું તે સાંભળીને વિભાકર બોલ્યો "અરે ભાઇ! તેં આ તારા માતા પિતા વિગેરેને મારી નાખવાનું તદ્દન દયા વગરનું કામ કર્યું તે

---

૧ વિભાકરે લડાઇનો પ્રસંગ યાદ ન કરતાં સ્નેહભાવ યાદ કર્યો તે તેની મો-ટાઇ બતાવે છે. તેના મલમપટ્ટા નંદિવર્ધને કર્યાં હતા અને તેથી તેઓ વચ્ચે સ્નેહ-ભાવ થયો હતો. જુઓ પૃ. ૬૧૪. વળી નંદિવર્ધને તેને માનપૂર્વક કુશાવર્ત નગ-રથી વિદાય કર્યો હતો. વિભાકર સારી પ્રકૃતિનો રાજા જણાય છે. લડાઇ પ્રસંગે વિભાકર રાજ્યવારસ હતો! તેના પિતા પ્રભાકર રાજા તે વખતે રાજ્ય કરતા હતા તે ધ્યાનમાં રાખવું.

૨ પાપી માણસને કોઇ તેના પાપની કથા પૂછે તો તેને પોતાની ઉપર ક્રોધ આવતો નથી પણ પૂછનારપર ક્રોધ આવે છે. નંદિવર્ધનને આવા પ્રકારનો ક્રોધ હવે સર્વ પૂછનાર પર આવશે તે કથામાં જોઇશું. પાપીઓના સંબંધમાં એવું જ થાય છે.

ા કાંઇ ઠીક કર્યું નહિ. હે ભાઇ! એ ભયંકર કામને પરિણામે તને
ા ભવમાં જ આટલો તો કલેશ પ્રાપ્ત થયો (અને પરભવમાં શું
શે તેની તો તને ખબર પણ નથી.) એ સર્વે એ અકાર્યનું ફળ છે."
ભાકરનાં આવાં હિતવચન સાંભળતાં જ મારા મનમાં રહેલા વૈશ્વા-
નર અને હિંસા જાગ્રત થઇ ગયા અને મેં વિચાર
કર્યો કે ખરેખર આ વિભાકર પણ મારા શત્રુના-
શના કાર્યને અકાર્ય માને છે તેથી તે પણ મારો દુ-
શ્મન જ જણાય છે. એટલે તુરત જ તેને મારી નાખ-
નો મારા મનમાં નિર્ણય થઇ ગયો. પરંતુ મારૂં શરીર ઘણું દુબળું
ઇ ગયેલું હોવાને લીધે, વિભાકરનો રાજ્યપ્રતાપ ઘણો મોટો હોવાને
ધે, નજીકમાં રાજપુરૂષોનો મોટો સમૂહ હાજર હોવાને લીધે, તેમજ
જાના પહેરેગીરો અતિ નજીક હોવાને લીધે મેં વિભાકર રાજાપર
હાર કર્યો નહિ, પરંતુ મારૂં મ્હોઢું તદ્દન [1]બગાડી દીધું. વિભાકર
રો અભિપ્રાય સમજી ગયો. તેના ધ્યાનમાં આવી ગયું કે જે વાત
ાકે છે તે મને જરા પણ પસંદ આવતી નથી તો પછી એ વાત
ીવાર યાદ કરીને કુમાર નંદિવર્ધનને શા માટે સંતાપ આપવો? એ
ચારને પરિણામે એ બાબતની વાતચીત વિભાકર રાજાએ બંધ
ી દીધી.

દ્વેષ કરનાર
...ર ક્રોધ.

ત્યાર પછી તેજ વખતે વિભાકર રાજાએ પોતાના સામંત અને
સરદારોને આજ્ઞા કરી 'આ નંદિવર્ધન કુમાર મારૂં
પોતાનું શરીર જ છે, મારૂં જીવતર છે, મારૂં સર્વસ્વ છે,
તે મારો સગો છે, મારો ભાઇ છે, મારે પૂજવા
યોગ્ય છે, એના દર્શનથી આજે મને ઘણો આનંદ
ઇ ગયો છે, માટે એહીજન મળે ત્યારે આપણે જે પ્રમાણે મોટા
હોત્સવ કરીએ છીએ તે પ્રમાણે સર્વ કરાવો.' તેઓએ રાજ્ય-
જ્ઞા માથે ચઢાવી. ત્યાર પછી રાજકુળમાં મોટો આનંદ પ્રસરી રહ્યો,
ા વિધિપૂર્વક ન્હવરાવવામાં આવ્યો, મને દિવ્ય વસ્ત્રાભરણો પહે-
રાવવામાં આવ્યાં, અત્યંત સુંદર ભોજન મને જમાડવામાં આવ્યું,
રા આખા શરીરપર સુગંધી પદાર્થોનું વિલેપન કરવામાં આવ્યું,
રા શરીર પર મહા મૂલ્યવાળાં અલંકારો ધારણ કરાવવામાં આવ્યાં

નંદિવર્ધનને
મોટું સન્માન.

---

1 કોઇ વાત ન ગમે ત્યારે મ્હોઢાને 'બગાડું' કરવામાં આવે છે તેવું. સુખ
ી જ કોઇ જાણી શકે કે આ ભાઇને આ વાત ગમતી નથી, એવી મ્હોની આકૃતિ
પ્રસંગે થઈ જાય છે.

અને છેવટે [1]વિભાકર રાજાએ પોતે પોતાને હાથે મને મનોહર મુખ પાન આપ્યું. વિભાકર રાજાએ આટલું આટલું મારે માટે કર્યું, પરં મારા મનમાં તો એમજ લાગ્યા કરતું હતું કે અહો! આણે મને એ કહ્યું કે મારા માતાપિતા વિગેરેને મેં મારી નાખ્યા તે વાત ઠીક કરી નહિ; માટે લાગ આવે તો એ પાપીને મારી નાખું! આવા ભયંકર વિ ચારને લીધે મારૂં મન એટલું ડોળાઇ ગયું હતું કે મને તે રાજા જો આટલું બધું માન આપતો હતો તેના તરફ મારૂં મન પણ ગયું નહિ ત્યાર પછી ભોજનશાળામાંથી બહાર નીકળીને અમે સર્વે બેસવાના દિવાનખાનામાં આવ્યા. ત્યાં વિભાકર રાજાના મંત્રી મતિશેખરે વાત ઉપાડી: "અરે પ્રભાતમાં નામ લેવા યોગ્ય મહારાજા પ્રભાકર દેવ લોક ગયા તેની તો આપને ખબર પડી હશે?" મેં જવાબમાં માથું ધુણાવ્યું (જણાવ્યું કે હા, એ સમાચાર થોડા વખત પહેલાં જાણ્યા હતા). તે વખતે વિભાકરની આંખમાં આંસુ આવી ગયા અને ગ

ઉદાત્ત ઉદારતા.

બેથી બોલ્યો "મિત્ર! પિતા તો પરલોકમાં ગયા હવે તારે પિતાનું સ્થાન લેવું જોઇએ. તેથી આ રાજ્ય અમે સર્વે અને આ સર્વ પ્રધાનમંડળ જે પિતાની કૃપામાં લહેર કરતું હતું તે સર્વ તારા નોકર છે અને તારી સેવામાં હાજર છે એમ સમજજે. તારી મરજીમાં આવે તેવી રીતે સર્વેની સાથે તું કામ લેજે!" આટલી સુંદર અને ઉદાર પ્રાર્થના વિભાકરે મને કરી, પરંતુ વૈશ્વાનરને હમેશાં કોઇ પણ મરજ રનો ગુણ હોતો જ નથી તેથી હું તો જરા પણ આભાર માનતો ન હતો મૌન ધારણ કરીને ચુપ બેસી રહ્યો.

હવે એવી રીતે આનંદ વિલાસમાં તે દિવસ આખો પસાર થઈ

વિભાકર નું ખૂન.

ગયો. રાત્રીની શરૂઆતમાં રાજમંડળ [illegible] તે પ્રમાણે બરાબર વિસર્જન થયું. ત્યાર પછી [illegible] તાની પ્રેમી સ્ત્રીઓને પોતાની સાથે [illegible] નિષેધ કરીને મારા ઉપર અત્યંત પ્રેમ [illegible] [illegible] આવેલી [illegible] એકજ [illegible] વિભાકર [illegible]

1 [illegible]

2 [illegible] વિભાકર [illegible] વિભાકર [illegible]

3 [illegible]

મારી સાથે સુતો. અરે અગૃહિતસંકેતા ! તે વખતે હિંસા અને વૈશ્વાનરે મારા મનને એટલું ચકડોળે ચઢાવ્યું હતું કે વિભાકર રાજા જેને મારા ઉપર આટલો બધો પ્રેમ અને વિશ્વાસ હતા તેને મેં પાપીએ રાત્રીમાં ઉઠીને નીચે પટકી પાડ્યો અને મારી નાખ્યો. ત્યાર પછી માત્ર શરીરપર એક જ વસ્ત્ર પહેરીને હું કનકપુર નગરથી બહાર નીકળી ગયો.

કનકચૂડનો આદર.
કનકશેખરનો પ્રશ્ન.
ખૂનનો પ્રપંચ-બચાવ.

કુશાવર્તપુરે.

ભયંકર રાત્રીમાં એકલો બહાર નીકળી હું મોટી અટવીમાં આવી ચઢ્યો. ત્યાં મેં અનેક પ્રકારનાં દુઃખો સહન કર્યાં. અનેક પ્રકારના ક્લેશો ખમતો છેવટે હું [1]કુશાવર્તપુરે આવી પહોંચ્યો. બહાર ઉદ્યાનમાં રહ્યો ત્યાં મને કનકશેખરના નોકર ચાકરોએ જોઇ લીધો તેથી તેણે મારા આવવાના સમાચાર મહારાજા કનકચૂડને અને યુવરાજ કનકશેખરને આપ્યા. તેઓએ મનમાં વિચાર કર્યો કે નંદિવર્ધન કુમાર એકલો જ અહીં આવ્યો છે તેનું કાંઇ પણ કારણ હોવું જોઇએ. તેઓ પોતાનાં ખાસ માણસના પરિવારને સાથે લઇને બન્ને મારી પાસે આવ્યા. ઉચિત માન અરસપરસ આપ્યું લીધું. ત્યાર પછી હું અને કનકશેખર ઉત્સારકમાં[2] સાથે બેઠા પછી તેણે મને એકલા[3] આવવાનું કારણ પૂછ્યું. મને વિચાર થયો કે આને પણ મારૂં ચરિત્ર પસંદ આવતું હોય એમ જણાતું નથી, માટે એવાને તે પોતાની વાત શું કામ કરવી જોઇએ? તેથી મેં કનકશેખરને કહ્યું 'એ વાત જવા દે ! એમાં કાંઇ દમ નથી.' કનકશેખરને આવો જવાબ જરા વિચિત્ર લાગ્યો તેથી વળી બોલ્યો 'અરે ભાઇ ! મને પણ તારી વાત ન કહેવાય? તું શું મારાથી આટલી બધી જૂદાઇ રાખે છે?' મેં જવાબમાં કહ્યું 'ના ! એ વાત તો

---

૧ કુશાવર્તપુરઃ કનકચૂડ રાજાની રાજધાની, કનકશેખરનું ગામ—અહીં રહી નંદિવર્ધને લડાઇમાં જીત મેળવી હતી અને કનકશેખરની બહેન કનકમંજરીને પરણ્યો હતો તે તેના મામાનું શહેર

૨ ઉત્સારકઃ એકાંત ઓરડો. હવેલીની બહાર રવેશ મુકતો હોય તેમાં ચાકીઓ નાખી Balcony જેવી બેસવાની જગ્યા.

૩ હજી સુધી જયસ્થળ નગરનો દાહ, કનકમંજરી તથા વેશ્યાઓનાં ખૂનોની વાત કુશાવર્તપુરે પહોંચી નથી એમ જણાય છે.

કહેવાનો જ નથી.' ત્યારે વળી વધારે આગ્રહ કરીને કનકશેખરે [illegible] 'ભાઇ! ત્યારે એ વાત તો મને કરવી જ પડશે, જ્યાંસુધી એ [illegible] તું મને નહિ કહે ત્યાં સુધી મારા મનને ચેન પડે તેમ નથી.' [illegible] વાત કહેવાની ના કહી તો પણ આ કહ્યું સાંભળતો નથી અને [illegible] ગુરુજનને માન આપતો નથી' એ વિચારથી વૈશ્વાનર અને હિંસા [illegible] મનમાં [illegible] કરવા મંડી ગયા. તે વખતે કનકશેખર [illegible] કેડમાંથી જમની જીભ જેવી ચમકતી તરવાર મેં ખેંચી. શીઘ્ર [illegible] કનકશેખરને મારવા માટે તે ઉગામી. તે વખતે 'અરે આ શું [illegible] એમ બોલતા કનકચૂડ મહારાજા વિગેરે સર્વે દોડતા આવી [illegible] અને મોટો કોલાહલ થઇ ગયો. તે વખતે કનકશેખરના [illegible] [illegible]

[illegible]

[illegible]

પ્રેમીના પ્રશ્ન પશ્ચાત્તાપ.

તેઓએ પછી મને આસનપર બેસાડ્યો અને આ સર્વ હકીકત કેમ બની આવી તે સંબંધી પ્રેમપૂર્વક પૂછવા લાગ્યા. મેં મારા મનમાં વિચાર કર્યો કે આતો ભારે પંચાત થઇ! જ્યાં જઇએ છીએ ત્યાં આવા પારકી ચિંતામાં બળનારા અને ઉપર ઉપરથી હિત-વત્સળતા બતાવનારા લોકો મળે છે અને જરા પણ સુખે બેસવા દેતા નથી. ચોરોને ફરીવાર પણ મેં જવાબ ન આપ્યો તો પણ તેઓ ફરી ફરીને તે જ હકીકત પૂછવા લાગ્યા. આથી મને ઘણો કંટાળો આવ્યો. અંદર રહેલ હિંસા અને વૈશ્વાનર તે વખતે તૈયાર થઇ ગયા એટલે કેટલાક ચોરોને મેં ઠાર કરી નાખ્યા. આવો પ્રત્યક્ષ અણુઘટતો બનાવ જોઇને ત્યાં તો મોટો કોળાહળ થઇ ગયો. ચોરો મારી સામે ઘણી મોટી સંખ્યામાં હોવાથી તેઓએ મારા હાથમાંથી તરવાર લઇ લીધી. પોતાની જાતનો ભય લાગતો હોવાથી તેઓએ મને બાંધી લીધો.

શત્રુત્વની આશંકા.

હવે તે વખતે સૂર્ય અસ્ત થયો, સર્વ જગ્યાએ અંધારૂં પસર્યું. ચોરોએ એકઠા મળીને વિચાર કર્યો કે આ નંદિવર્ધને અગાઉ આપણા ઉપરી નાયક [1]પ્રવરસેનને મારી નાખ્યો હતો અને હાલમાં આપણા કેટલાક આગેવાન મુખ્ય ચોરોને મારી નાખ્યા છે તેથી જણાય છે કે તે હજુ આપણો પૂર્વ કાળનો (જુનો) દુશ્મન જ છે. આપણે તેની સર્વ હકીકત સારી છે એમ ગણીને તેના દાસ થઇને રહ્યા હતા, લોકોમાં એને આપણા સ્વામી તરીકે જણાવ્યો હતો અને એ વાત દૂર દેશાંતરમાં પણ પહોંચાડી દીધી હતી, તેથી જો હવે તેને આપણે મારી નાખશું તો દુનિયામાં આપણો ઘણો અવર્ણવાદ બોલાશે, અને જેમ અગ્નિને પોટલામાં બાંધી-ભારી શકાય નહિ તેમ તેને રાખવો પણ અશક્ય છે;[2] વળી અહીં રાખીને એને ગમે એટલો મારવામાં આવશે તો પણ તે અટકે તેવો તો છે જ નહિ; માટે દૂર પ્રદેશમાં લઇ જઇને એને છોડી દેવો એજ વધારે સારૂં છે એમ તેઓએ અંદર અંદર વિચાર કરીને નિર્ણય કર્યો. પછી તેઓએ મને ગાડામાં નાખી

---

૧ વિષમકૂટ પર લડાઇમા પ્રવરસેન નાયકને નંદિવર્ધને માર્યો હતો. જુઓ પૃ. ૫૮૧. પ્રવરસેન પછી વીરસેન નાયકસ્થાને આવ્યો હતો.

૨ અગ્નિનું પોટલુ બાંધી શકાતું નથી, તે તો પોટલામાં હોય તો પણ વધતો જ જાય છે; તેમ નંદિવર્ધનને ચારે બાજુથી બાંધીને રાખવો એ પણ બને તેવું નથી એવો ભાવ જણાય છે.

ગાડાં સાથે જ જકડીને બાંધ્યો અને મારા મ્હોઢા ઉપર સખ્ત વસ્ત્ર બાંધવામાં આવ્યું. એ ગાડાની સાથે મનોવેગી અને પવનવેગી બળદ જોડવામાં આવ્યા અને ગાડા સાથે કેટલાક માણસોને પણ મોકલ્યા. અમારૂં ગાડું ચાલ્યું અને રાત્રીમાં જ અમે બાર જોજન ભૂમિને ઉલ્લંઘી ગયા. એવી રીતે મંજલ દરમંજલ કુચ કરતા અમે સર્વે શાર્દૂળપુર નગરી નજીક આવી પહોંચ્યા. તે નગરની બહાર એક મલવિલય નામનું ઉદ્યાન હતું ત્યાં ચોરોએ મને મૂકી દીધો અને ગાડું લઇને તેઓ સર્વે પોતાના પલ્લી તરફ પાછા વિદાય થયા.

શાર્દૂલપુરને પાદરે.

[3]થોડા વખતમાં ત્યાં ઠંડો પવન વાવા લાગ્યો, જે પ્રાણીઓમાં જન્મથી સહજ વૈર હતું તે પણ તેઓએ છોડી દીધું, આખા જંગલમાં (ઉદ્યાનમાં) વિશાળ પૃથ્વીની લક્ષ્મી જાણે આવીને વસી હોય તેવું વિકસ્વર તે થઇ ગયું, સર્વે ઋતુઓ જાણે એક કાળે ત્યાં સાથે જ ઉતરી આવી હોય તેવો સુંદર દેખાવ વર્તી રહ્યો, પક્ષીના ટોળેટોળાં આનંદકલ્લોલ કરવા લાગ્યાં, ભમરાઓ સરલ તાલમાં મનને હરણ કરે તેવો અવાજ કરવા લાગ્યા, તે પ્રદેશમાં બહુ તાપ ન લાગે અને પ્રકાશ ઘણો થાય તેવી રીતે સૂર્ય ઉદ્યોત કરવા લાગ્યો. આવી રીતે આખી કુદરત એવી અનુકૂળ થતી જણાઇ કે મારૂં મન પણ જરા એ બાબત તરફ ખેંચાયું અને મારા મનમાં થતો સંતાપ કાંઇક ઓછો થયો.



૧ જે શાર્દુલપુરના અરિદમન રાજાએ સ્ફુટવચન પ્રધાનને પોતાની પુત્રી નંદિવર્ધનને આપવા સારૂ જયસ્થળ નગરે મોકલ્યો હતો તેજ આ નગર છે. જુઓ પૃ. ૬૩૪.

૨ મલવિલયઃ મલ એટલે અજ્ઞાનનો મેલ તેનો વિલય એટલે નાશ. સ્થાનની પવિત્રતાથી જ જ્યાં અજ્ઞાનમેલનો નાશ થાય તેવી જગ્યા.

૩ મહાત્મા પુરૂષોના પગલાં થાય ત્યાં કુદરત આવી રીતે અનુકૂળ થઇ જાય છે. આ મહાત્મા કોણ છે તે હાલ તુરતમાં જ જોવામાં આવશે.



પ્રકરણ ૩૦ મું.*

મલવિલય ઉદ્યાનમાં વિવેક કેવળી.



મલવિલય ઉદ્યાનમાં તે વખતે અનેક દેવો આવી પહોંચ્યા. તેઓએ શરીરપર ધારણ કરેલા આભૂષણોની પ્રભાના પ્રવાહ વડે દિશાઓમાં પ્રકાશ પડતો હતો. તેઓએ ઉદ્યાનની જમીન સાફ કરી નાખી, સુગંધી જળનો ચારે તરફ છંટકાવ કર્યો, પાંચે વર્ણનાં સુંદર મનોહર ફૂલો ચારે તરફ પાથરી દીધાં, એક મોટી વિશાળ અને રમણીય ભૂમિકાને રત્નોથી વિભૂષિત કરી દીધી, તેના ઉપર [1]સુવર્ણકમળની રચના કરી, તેના ઉપર દેવદુષ્ય (વસ્ત્ર) નો અતિ સુંદર ચંદરવો બાંધ્યો, તે ચંદરવાને મોતીઓની શેરો ચારે તરફ લટકાવી દીધી. એવી રીતે સર્વ સુંદર રચનાઓ દેવતાએ તૈયાર કરી દીધી. પછી જાણે યથેષ્ટ [2]ફળ આપનાર હોવાથી સાક્ષાત્ કલ્પવૃક્ષ જ હોય નહિ, [3]સ્થિરતા ગુણે કરીને જાણે સાક્ષાત્ મેરૂ પર્વત જ હોય નહિ, અનેક ગુણરત્નોની[4] ખાણ હોવાથી જાણે સાક્ષાત્ ક્ષીર સમુદ્ર જ હોય નહિ, શીતલેશ્ય[5] હોવાથી જાણે સાક્ષાત્ ચંદ્ર જ હોય નહિ, ઘણો

વિવેક કેવળીનું આગમન.

---

* આ અને આવતાં બે પ્રકરણો સાથેજ વાંચવાનાં છે, માત્ર સગવડ ખાતર આ પ્રકરણ પાડવામાં આવ્યા છે.

૧ તીર્થંકર મહારાજને માટે દેવો સમવસરણની રચના કરે છે. સામાન્ય કેવળી માટે ઇચ્છા થાય તો ભક્તિભાવથી દેવો કમળની રચના કરે છે. સામાન્ય કેવળીને સમવસરણ હોય નહિ એવો કલ્પ છે.

૨ ફળઃ શ્લેષ છેઃ (૧) કલ્પવૃક્ષ પક્ષે સ્થૂળ વસ્તુ; (૨) આચાર્ય પક્ષે મોક્ષ-સ્વર્ગ વિગેરે ફળ.

૩ સ્થિરતાઃ શ્લેષ છેઃ (૧) મેરૂપર્વત પક્ષે-હાલે ચાલે નહિ તે ભાવ; (૨) આચાર્ય પક્ષે-ડગે નહિ તેવો નિશ્ચલ ગુણ.

૪ રત્ન શ્લેષ છેઃ (૧) સમુદ્રમાં રત્ન હોય છે. (૨) કેવળીમાં અનેક ગુણો સુપ્રસિદ્ધ છે.

૫ શીતલેશ્ય શ્લેષ છેઃ (૧) ચંદ્ર પક્ષે-ઠંડકપણાનો સ્વભાવ છે એવો; (૨) આચાર્ય પક્ષે-શીતલેશ્યા-શાંત સ્વભાવવાળા.

[illegible] કરવાની શરૂઆત કરી.

[illegible] સહન નહિ કરી શકવાથી મારા [illegible] બહાર નીકળી ગયા અને મારાથી દૂર [illegible] લાગ્યા.

---

૧ અગાધ શ્લેષ છે: (૧) [illegible] (૨) [illegible].

૨ ચિંતામણિ રત્ન મળવું મુશ્કેલ છે; આવા મહાત્માનો યોગ થવો પણ ઘણો મુશ્કેલ છે.

૩ નિર્મળ શ્લેષ છે: (૧) સ્ફટિક પક્ષે-જેની આરપાર જોઇ શકાય તેવું; (૨) આચાર્ય પક્ષે-મેલ-દોષ વગરના.

૪ સર્વસહિષ્ણુતા શ્લેષ છે: (૧) જમીનપર ગમે તેવો બોજો મૂકવામાં આવે તે તે સહન કરે છે; તેને ખોદે, કાપે, તોડે, ફોડે તો પણ તે ગુસ્સે થતી નથી; (૨) આચાર્ય સર્વ પ્રકારના પરિસહો-ઉપસર્ગો સહન કરે છે તેથી જમીન પેઠે તેમનામાં પણ સર્વસહિષ્ણુતાનો ભાવ છે.

૫ અનવલંબન શ્લેષ છે: (૧) આકાશને કોઇના ટેકાનો ખપ નથી; (૨) આચાર્ય નિરાલંબન ધ્યાન કરે છે; પોતાના જોરથી જ મોક્ષ પ્રાપ્ત કરે છે; કોઇના આલંબનની-ટેકાની અપેક્ષા રાખતા નથી.

૬ વિવેક આચાર્યને અહીં લઇ આવવામાં ગ્રંથકર્તાએ ઘણી ખૂબિ કરી છે. સારા ખરાબનું જ્ઞાન એટલે વિવેક. એ જ્ઞાનની પ્રાણીને ઘણી જ જરૂર છે અને તેના વગર સર્વ પ્રયાસ લગભગ નકામા જેવા જ થાય છે.

૭ ગંધહસ્તી એવો આકર્ષક હોય છે કે તેની પછવાડે સેંકડો હાથણીઓ પ્રેમથી ફર્યા જ કરે છે. ટોળાબંધ હાથણીઓનો તે પતિ હોય છે.

અરિદમન રાજાની સ્તુતિ.

હવે એ શાર્દૂલપુર નગરમાં અરિદમન નામનો રાજા હતો, તેણે લોકોને મુખેથી વિવેકાચાર્ય બહાર ઉદ્યાનમાં પધાર્યા છે એવા સમાચાર સાંભળ્યા એટલે કેવળી મહારાજને વંદન કરવા સારૂ તે નગર બહાર નીકળ્યો. પૂર્વે તેની જે દીકરી મદનમંજૂષાનું પાણિગ્રહણ કરવા સારૂ તેણે પોતાના પ્રધાન પુરૂષ સ્ફુટવચનને મારી પાસે મોકલ્યો હતો[1] તે કન્યા પણ તેની સાથે ત્યાં આવી હતી અને અરિદમન રાજાની રાણી અને મદનમંજૂષાની માતા રતિચૂલા પણ સાથે જ આવી હતી. અરિદમન રાજાએ રાજ્યનાં પાંચ ચિહ્નો[2] બહાર છોડી દીધાં, કેવળી ઉપર મનમાં અત્યંત ભક્તિ દેખાડી અને ઉત્તરાસંગ[3] ધારણ કરી સૂરિમહારાજના અવગ્રહમાં તે દાખલ થયો. ત્યાર પછી સૂરિમહારાજના ચરણમાં પંચાંગ પ્રણામ પૂર્વક નમસ્કાર કરીને પોતાના હાથ જોડી કપાળે લગાડી મુખેથી આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.

"અજ્ઞાન રૂપ અંધકારનો નાશ કરનાર હે [4]સૂર્ય! રાગ રૂપ સંતાપનો નાશ કરનાર હે ચંદ્ર[5]! તમને નમસ્કાર છે. હે કરૂણાસમુદ્ર! તમારા પવિત્ર પગલાનું આજે દર્શન કરાવી, સંસારનો નાશ કરાવીને અમને પાપથી મુક્ત કરી દીધા છે. આજે જ ખરેખર મારો જન્મ થયો છે, આજે જ ખરેખરૂં રાજ્ય મને પ્રાપ્ત થયું છે, મારી શ્રવણેન્દ્રિય આજે જ કૃતાર્થ થઇ છે અને આંખોવડે આજે જ હું દેખતો થયો છું! કારણ કે સર્વ પ્રકારના સંતાપો, પાપો અને અજ્ઞાનને રેચ આપનાર અને મારા મહાભાગ્યને સૂચવનાર આજે આપશ્રીનું દર્શન મને થયું છે." સર્વ પાપોનો નાશ કરનાર મહાત્મા આચાર્ય મહારાજની આવા સુંદર શબ્દોમાં સ્તુતિ કર્યા પછી અરિદમન રાજાએ બીજા સર્વ સાધુઓને વંદના કરી અને ત્યાર પછી નિર્જીવ ભૂમિને જોઇને પોતે જમીનપર બેઠો. તે વખતે સ્વર્ગ અને મોક્ષ રૂપ વસ્તુઓને પ્ર-

---

૧ જુઓ પૃષ્ઠ ૬૩૪.

૨ છત્ર, ચામર, પાદુકા, છડી અને તરવાર આ પાંચ **રાજ્યચિહ્નો** છે. દેવવંદનભાષ્ય ગાથા ૨૧ મીમાં છડીને સ્થાને મુગટ કહેલ છે.

૩ **ઉત્તરાસંગ**: ખેસ જેવું વસ્ત્ર. મોટા માણસ પાસે જતી વખતે ઉત્તરાસંગ ધારણ કરવું જોઇએ એવો શિષ્ટાચાર છે.

૪ **સૂર્ય** અંધકારનો નાશ કરે છે; આચાર્ય અજ્ઞાન રૂપ અંધકારનો નાશ કરે છે.

૫ **ચંદ્ર** તાપનો નાશ કરે છે; આચાર્ય રાગદ્વેષરૂપ સખ્ત તાપનો નાશ કરે છે.

ત્યક્ષ કરાવતા હોય તેવી રીતે આચાર્ય મહારાજે તેમજ સર્વ સાધુએ રાજાને ધર્મલાભ દીધો. ત્યાર પછી બીજા સર્વ લોકોએ આચાર્ય મહારાજને અને મુનિઓને વંદના કરી. સર્વ બેસી ગયા પછી લોકોપકાર કરવા ઉદ્યુક્ત ગયેલા આચાર્ય મહારાજે દેશના દેવા માંડી.

વિવેક કેવળીની દેશના.

"અહો ભવ્ય પ્રાણીઓ! કોઈ પણ પ્રકારનો થાક ખાધા વગર "પ્રાણી આ સંસારઅટવિમાં ભટક્યા કરે છે. તેને સર્વજ્ઞ મહારાજે "બતાવેલ ધર્મની પ્રાપ્તિ થવી ઘણી જ મુશ્કેલ છે. એમ કહેવાનું "કારણ એ છે કે જ્ઞાનચક્ષુથી જોતાં આ સંસાર અનાદિ કાળથી "આવોને આવો વર્તે છે, લોક પણ [1]પ્રવાહથી અનાદિ છે અને જીવો "પણ અનાદિ કાળથી છે. હવે એ પ્રાણીઓને અનાદિ કાળની "રખડપટ્ટીમાં કોઈ પણ વખત સર્વજ્ઞે બતાવેલા ધર્મની પ્રાપ્તિ થઈ "હોતી નથી અને તેને લઈને તેઓ બાપડા સંસારમાં રખડ્યા જ "કરે છે અને તેમની રખડપટ્ટીનો છેડો કદિ આવતો નથી. જો તે"ઓને કદિ પણ ધર્મની પ્રાપ્તિ થઈ હોય તો પછી તેઓને સંસારમાં "રહેવાનું જ શેનું હોય? અગ્નિના મેળાપમાં તરખલાનો સંભવ કે "અસ્તિત્વ ક્યાંથી હોઈ શકે? તેટલા માટે હે રાજન! તીર્થંકર મ"હારાજે બતાવેલ ધર્મ આ પ્રાણીએ પૂર્વે કદિ પણ પ્રાપ્ત કર્યો નથી "એવો ચોક્કસ નિર્ણય થાય છે અને તે સંબંધમાં જરા પણ શંકા "રહેતી નથી. જેવી રીતે મત્સ્યો સમુદ્રમાં ડોળાયા કરે છે તેમ પ્રા"ણીઓ આ અનાદિ સંસારરૂપ સમુદ્ર જે નિરંતર દુઃખથી ભરેલો છે "તેમાં ડોળાયા કરે છે, અહીંથી તહીં મત્સ્યની પેઠે ઘસડાયા કરે છે "અને નિરંતર અટવાયા કરે છે; એવી રીતે ભટકતાં જ્યારે સ્વકર્મો "અને ભવ્યત્વનો પરિપાક થાય, મનુષ્યભવાદિ સામગ્રી મળી "આવે, સ્વભાવ (કાળ)ની અનુકૂળતા થાય ત્યારે તેના ઉપર મહેર"બાની કરનાર અચિંત્ય શક્તિવાળા પ્રભુની કૃપા થાય છે અને તેથી "પરિપૂર્ણ [illegible] [2]ગ્રંથીનો ભેદ કરીને "(ગાંઠને કાપી નાખીને) સર્વ કલેશોનો નાશ કરનાર જિનેન્દ્ર ભગવાન

1 [illegible]

2 [illegible]

"નના તત્ત્વનું દર્શન પ્રાણી પ્રાપ્ત કરે છે. ત્યાર બાદ પ્રાણી તી-
"ર્થંકર મહારાજે બતાવેલ સર્વ દુઃખનો નાશ કરનાર ગૃહસ્થધર્મનો
"અથવા સાધુધર્મનો સ્વીકાર કરે છે. આવા પ્રકારની સામગ્રી પ્રા-
"ણીને મળવી ઘણી મુશ્કેલ છે અને તેટલા માટે [1]રાધાવેધનું સાધવું
"જેમ ઘણું જ મુશ્કેલ છે તેમ ધર્મની પ્રાપ્તિ થવી તે પણ ઘણી જ
"મુશ્કેલ છે એમ વારંવાર કહેવામાં આવ્યું છે. હવે જો તમને શુદ્ધ
"ધર્મની પ્રાપ્તિ થઇ છે તો તેને પાળવામાં બને તેટલો ઉદ્યમ કરો
"અને એ ધર્મની જેટલે અંશે પ્રાપ્તિ ન થઇ હોય તેટલે અંશે મેળ-
"વવાને માટે હે ભદ્ર જીવો! તમે પ્રયાસ કરો."

અરિદમને પૂછેલા નંદિવર્ધનસંબંધી સવાલો.

એ વખતે અરિદમન રાજાએ વિચાર કર્યો કે-આ આચાર્ય ભગવાન તો કેવળજ્ઞાનરૂપ સાક્ષાત્ સૂર્ય છે, તેઓથી તો કોઇ પણ વાત અજાણી હોય જ નહિ, માટે આ ભગવાનને મારા મનમાં જે સંશય છે તે પૂછી લેઉં. અથવા તો આચાર્યમહારાજને કેવળજ્ઞાન છે તો તેઓ મારા મનમાં રહેલો સંશય પોતે પોતાથી જ જાણી શકશે અને મને જે હકીકત જાણવાની ઇચ્છા થઇ છે તે સમજી જશે અને મારા ઉપર કૃપા કરીને સર્વ હકીકત પોતે જ કહી બતાવશે. રાજા આ પ્રમાણે વિચારે છે તેવામાં ભવ્ય પ્રાણીઓને વિશુદ્ધ બોધ કરવાના ઉદ્દેશથી રાજાને સંબોધીને કેવળી ભગવાને કહ્યું:—

વિવેકાચાર્ય—"અરિદમન મહારાજ! તમારા મનમાં જે સંદેહ છે તે વાણીથી પૂછો."

અરિદમન—"ભગવન્! હકીકત એમ છે કે આ નજીકમાં બેઠેલી મદનમંજૂષા નામની મારી દીકરી છે. તેનો સંબંધ પદ્મરાજાના કુમાર નંદિવર્ધન સાથે કરવા માટે થોડા વખત પહેલાં અહીંથી મારા એક સ્ફુટવચન નામના અધિકારીને જયસ્થળ નગરે મોકલ્યો હતો. તેને ગયાને ઘણો વખત થયા છતાં જ્યારે તે પાછો આવ્યો નહિ ત્યારે તેનું શું થયું તે સંબંધી તપાસ કરવાને અહીંથી મેં કેટલાક માણસોને જયસ્થળ નગરે મોકલ્યા. થોડા વખત પછી એ પ્રમાણે તપાસ કરવા મોકલેલા પુરૂષોએ પાછા આવીને જણાવ્યું કે 'એ જયસ્થળ નગર તો બળીને ભસ્મ થઇને ગયું છે અને જાણે જંગલને જેમ દવ લાગ્યો

જયસ્થળ નગરના સમાચાર.

---

[1] રાધાવેધ: આઠ અવળાં સવળાં ફરતાં ચાર ચાર ચક્રની વચ્ચે રહીને નીચે તેલની કઢાઇમાં જોઇ બાણને એવી રીતે પ્રહાર કરવું કે ચક્ર ઉપર રહેલ રાધા નામની પુતળીની ડાબી આંખને તે વીંધી નાખે. આ પ્રયાસ ઘણો જ મુશ્કેલ છે

હોય તેમ આખું ભાઠો થઇ ગયું છે.[1] વળી જંગલને દવ લાગે
જેમ તેની આસપાસનું મંડળ (ચારે બાજુનો પ્રદેશ) પણ બળી
તેમ તે જયસ્થળ નગરની નજીકનાં નાનાં ગામો અને શહેરો
બળીને નાશ પામી ગયાં છે. તે સર્વ બળીને એનો એવો ભાઠો
ગયેલ છે કે હાલ તે જાણે એક જંગલ હોય તેવુંજ દેખાય છે.
તપાસ કરવા ગયેલા મારા માણસોને એક પણ એવો માણસ ન મ
કે જેને એ સર્વ હકીકત કેમ બની કે શું થઇ ગયું તે સંબંધી સમ
ચાર પણ પૂછી શકાય! આ પ્રમાણે હકીકત સાંભળીને મેં મા
મનમાં વિચાર કર્યો કે અહો અહો! આ તો મોટી ઉપાધિ ઉત્પન્ન થઇ
અરે પણ આ પ્રમાણે થવાનું કારણ શું હશે? અરે શું ત્યાં તે એક
દમ અચાનક ઉત્પાત થયો હશે અને તેને પરિણામે અંગારાનો વરસા
થયો હશે! અથવા તો અગાઉ ગુસ્સે થયેલા કોઇ દેવતાએ એ નગરને
બાળીને ભાઠો કરી નાંખ્યું હશે! અથવા તો કોઇ તાપસાદિકે ક્રોધમા
આવી જઇને શાપ દઇને એ નગરને બાળી મૂક્યું હશે! અથવા તો
[2]ક્ષેમ અગ્નિવડે અથવા ચોરોએ તેને બાળી મૂક્યું હશે! આ હકીકતનું
ખરેખરૂં સ્વરૂપ ન સમજવાથી મનમાં શોક પામતો ઘણા વખતથી હું
તે સંબંધી મુંઝવણમાં પડેલો હતો. હવે આપશ્રીના દર્શન થવાથી મારા
શોકનો આજે નાશ થયો છે, પરંતુ મારા મનમાં જે સંદેહ ઉત્પન્ન
થયો હતો તેનું હજી પણ નિવારણ થયું નથી; હવે આપસાહેબ મારો
તે સંશય દૂર કરવા કૃપા કરો."

વિવેકાચાર્ય—"રાજન્! આ પર્ષદાની નજીક એક પુરૂષ બેઠેલો
છે જેના હાથપગ પછવાડેથી મજબૂત બાંધેલા છે, જેના મોઢા ઉપર
મોટો કૂચો મારવામાં આવેલો છે અને જે વાંકો વળી ગયેલો છે તેને
તમે જુઓ છો?"

અરિદમન—"હા સાહેબ! એ પુરૂષને હું બરાબર જોઉં છું."

વિવેકાચાર્ય—"મહારાજ! જયસ્થળનગર એ પુરૂષે બાળી
નાખ્યું છે."

---

૧ નંદિવર્ધને જયસ્થળમાંથી નીકળતી વખતે આગ મૂકી હતી તેનું આ પરિણામ આવ્યું હતું. જુઓ પૃ. ૬૪૧.

૨ ક્ષેમ અગ્નિઃ કેટલાક લોકો દાવાનળ સળગાવવાને 'ધર્મદીપ' કહે છે. [illegible] વખત માને છે કે અમુક ધર્મદીપ કરવું. ધર્મદીપથી મરનાર [illegible] થાય એમ તેઓ માને છે. આને ક્ષેમ અગ્નિ-ધર્મદીપ કહે છે. ચોરો ચોરી કરી આગ મૂકે છે અને લોકોનું આગમાં ધ્યાન રહે ત્યાં ચોરી ફતેહ કરી જાય છે તેવા પ્રકારનો અગ્નિ પણ [illegible] કહેવાય છે.

અરિદમન—"અહો ! સાહેબ ! એજ પુરૂષે જયસ્થળને સળગાવી દીધું ? ત્યારે મહારાજ ! એ પુરૂષ કોણ છે ?"

વિવેકાચાર્ય—"રાજન્ ! તમે જેને જમાઇ કરવા ધાર્યો હતો તે જ આ કુમાર નંદિવર્ધન છે."

અરિદમન—"અરે સાહેબ ! એ તે શું વાત ! શું નંદિવર્ધને પોતે જ એ કામ કર્યું ? આવા પ્રકારનું કામ એણે શા માટે કર્યું ? વળી અત્યારે તે આવી અત્યંત માઠી અવસ્થામાં શા કારણે આવી ગયેલો જણાય છે ?"

નંદિવર્ધનની કર્મકથા.

ત્યાર પછી આચાર્ય ભગવાને સ્ફુટવચન પ્રધાન જયસ્થળનગરે પદ્મરાજાની સભામાં ગયો અને ત્યાં નંદિવર્ધન સાથે નજીવી બાબતમાં હોંસાતોંસી થઇ ત્યારથી માંડીને ચોરોએ બાંધી ઉપાડી શાર્દૂલપુર નગરની બહારના જંગલમાં (મને) છોડી દીધો ત્યાં સુધીની સર્વ વાર્તા વિગતવાર કહી સંભળાવી. મારૂં આવું ચિત્ર વિચિત્ર સ્વરૂપ સાંભળીને રાજાને તેમજ આખી મંડળીને ઘણી નવાઇ લાગી. અરિદમન રાજાએ વિચાર કર્યો કે તેનું (નંદિવર્ધનનું) મ્હોઢું બાંધેલું છે તે છોડી નાંખું? અથવા તો એના હાથો છૂટા કરૂં? અથવા તો નહિ નહિ ! હમણાજ આચાર્ય મહારાજે એનું ચરિત્ર નિવેદન કર્યું છે, તે જોતાં એને હમણાજ છૂટો કરીશ તો અત્યારે જ તે કાંઇક નકામી ધમાધમ ઊભી કરીને કેવળી ભગવાન પાસે અમને આવી મજાની ધર્મકથા સાંભળવાનો પ્રસંગ પ્રાપ્ત થયો છે તેમાં કાંઇ વિઘ્ન ઊભું કરશે. માટે હાલ તો તે જેમ પડેલો છે તેમજ ગુરૂ મહારાજની કથા ચાલે ત્યાં સુધી તેને રહેવા દેવો એ વધારે સારૂં છે. ધર્મકથાનું શ્રવણ પૂર્ણ થયા પછી તેના સંબંધમાં ઘટતું કરવામાં આવશે. જે પ્રાણીનું આવું અઘોર પાપચરિત્ર છે તેના ઉપર એકદમ વધારે પડતી દયા કરી દેવી તે પણ એક રીતે તદ્દન અયોગ્ય છે. હવે તો કેવળી ભગવાનને એક બીજો પણ સવાલ પૂછી લઉં.

અરિદમનના નંદિવર્ધન સંબંધી વધારે પ્રશ્નો.

અરિદમન—"મહારાજ ! અમે તો અગાઉ કુમાર નંદિવર્ધન માટે ઘણી સારી અને મોટી મોટી વાતો સાંભળી હતી અને તે મહા ગુણવાન છે એમ જાણવામાં આવ્યું હતું. અમે તો સાંભળ્યું હતું કે તે ઘણો બહાદુર છે, કાબેલ છે, ડરેલ છે, સમજણવાળો છે, મહાસત્ત્વવાન છે, દઢ પ્રતિજ્ઞાવાળો છે, રૂપવત છે, રાજનીતિનો જાણનાર છે,

સર્વ શાસ્ત્રોમાં પ્રવીણ છે, સર્વ ગુણોની લગભગ કસોટિ જેવો છે અ બહુ મોટી વિખ્યાતિ પામેલ અસાધારણ પુરૂષ છે-આવી આવી વ વાતો તેના સંબંધમાં અમે સાંભળી હતી, છતાં એણે આવી અતિ પાપયુક્ત ચેષ્ટા શામાટે કરી હશે તે કાંઇ સમજાતું નથી!"

વિવેકાચાર્ય—"રાજન્! એ બાપડાનો એમાં કાંઇ પણ દો નથી, તમે એના જે જે ગુણોનું વર્ણન કર્યું તે સર્વ ગુણોથી યુક્ત તે પોતાના [1]સ્વરૂપમાં હોય ત્યારે બરાબર વર્તે છે."

અરિદમન—"ત્યારે સાહેબ! એવા ચરિત્ર માટે જો એનો કાંઇ દોષ નથી તો તે સર્વ દોષ કોનો છે તે આપ મને કૃપા કરીને સમજાવો."

વિવેકાચાર્ય—"પેલા તેનાથી થોડે છેટે બે તદ્દન કાળા રૂપવાળા મનુષ્યો બેઠેલા છે તેનો એ સર્વ દોષ છે."

રાજાએ પોતાની આંખો વિકસ્વર કરીને આચાર્ય તરફ પુંઠ કરીને બેઠેલા પેલા બે કાળા મનુષ્યો તરફ નજર કરી અને પછી તે બન્ને મનુષ્યોને ધારી ધારીને વારંવાર જોયા.

અરિદમન—"મહારાજ! દૂરથી જોતાં તો એ બે કાળા વર્ણના મનુષ્યોમાં એક પુરૂષ દેખાય છે અને બીજી સ્ત્રી દેખાય છે."

વિવેકાચાર્ય—"તેં જોયું તે તદ્દન બરાબર છે."

અરિદમન—"મહારાજ! એ પુરૂષ કોણ છે?"

વિવેકાચાર્ય—"રાજન્! એ પુરૂષ મહામોહ રાજાનો પૌત્ર (દીકરાનો દીકરો) થાય છે, અને દ્વેષગજેંદ્રનો પુત્ર (દીકરો) થાય છે, એની માતાનું નામ અવિવેકિતા છે અને એનું પોતાનું નામ વૈશ્વાનર કહેવાય છે. એનો જ્યારે દ્વેષગજેંદ્રને ઘરે અવિવેકિતાની કુક્ષીએ જન્મ થયો ત્યારે તો પ્રથમ તેનું ક્રોધ એવું નામ આપવામાં આવ્યું હતું પણ ત્યાર પછી એનામાં જેમ જેમ ગુણો (?) વધતા ગયા તેમ તેમ તેના માબાપે જ સગા સંબંધીઓને બોલાવીને તેઓને સર્વને પસંદ આવે તેવું [2]ગુણાનુરૂપ "વૈશ્વાનર" નામ સ્થાપન કર્યું."

વૈશ્વાનર હિંસાનું તાત્ત્વિક સ્વરૂપ.

અરિદમન—"ત્યારે સાહેબ! એ પુરૂષ સાથે બીજી સ્ત્રી બેઠેલી છે તે કોણ છે?"

---

૧ પોતાના સ્વરૂપે ચેતનમાં અનંત ગુણો છે. કર્મને લીધે ગુણપર આવરણ થાય છે.

૨ **વૈશ્વાનર** એટલે અગ્નિ. ક્રોધી માણસ નિરંતર બળ્યાજ કરે છે, ક્રોધના ધમધમાટમાં જ રહે છે અને તેનો મગજ સર્વથા તેજી જ રહે છે.

વિવેકાચાર્ય—"દુષ્ટગજેંદ્રનો સંબંધી એક ક્રુરાભિસંધિ રાજા છે, તેની રાણી નિષ્કરૂણતા નામે છે, તેની એ દીકરી છે. તેનું નામ હિંસા છે."

અરિદમન—"આ નંદિવર્ધન કુમાર સાથે એ બન્નેનો (વૈશ્વાનર અને હિંસાનો) સંબંધ ક્યાંથી અને કેવી રીતે થયો?"

વિવેકાચાર્ય—"અરે એ બન્ને કુમાર નંદિવર્ધનના અંતરંગ રાજ્યમાં મિત્ર અને સ્ત્રીપણે રહેલ છે-વૈશ્વાનર પોતાને તેના મિત્ર તરીકે જણાવે છે અને હિંસા તેની સ્ત્રી થઇને રહી છે. નંદિવર્ધને પણ પોતાનું હૃદય એ બન્નેને એટલું બધું આપી દીધું છે કે તેનો સંબંધ થયા પછી અમુક બાબતમાં પોતાનો અર્થ સરે છે કે સરતો નથી તે વિચારતો નથી, અમુક બાબતમાં ધર્મ થાય છે કે અધર્મ થાય છે તેની દરકાર કરતો નથી, અમુક પદાર્થ ખાવા યોગ્ય છે કે નહિ તેનું લક્ષ્ય રાખતો નથી, અમુક પદાર્થ પીવા યોગ્ય છે કે નહિ તેની વિચારણા કરતો નથી, અમુક બાબત બોલવા યોગ્ય છે કે નહિ તે જાણતો નથી, અમુક પદાર્થ કે સ્ત્રી તરફ જવા યોગ્ય છે કે નહિ તેની તુલના કરતો નથી અને અમુક કાર્ય કરવાથી પરિણામે પોતાને કેટલું હિત થશે અથવા કેટલું નુકસાન થશે તેનો વિવેક કરતો નથી-આવી સ્થિતિ થયા પછી પોતામાં કેટલાક ગુણોને અમલમાં મૂકવાની ટેવ તેણે પાડેલી હતી તેને પણ તે ભૂલી ગયો છે, અને તેનો આત્મા જાણે સર્વ દોષોનો ઢગલોજ હોય તેવો થઇ ગયો છે. એ બન્નેને હૃદયમાં ધારણ કરવાથી નંદિવર્ધન પોતાની નાની વયમાં સાથે અભ્યાસ કરનાર નિરપરાધી[1] બાળકોને અનેક પ્રકારના ત્રાસ આપતો હતો, અભ્યાસ કરાવનાર [2]કળાચાર્યને વારંવાર દમ દેતો હતો અને હિતોપદેશ આપનાર [3]વિદુરને પણ તેણે એક વખત લાત મારી દીધી હતી. ખરાબ સંગતમાં પડવાથી બાળકાળમાં આવા ધંધા કર્યા પછી જ્યારે તે જુવાનીમાં આવ્યો ત્યારે તો એ બન્નેની સોબતથી અનેક પ્રાણીઓનો [4]ઘાણ કાઢી નાખતો હતો, મોટી મોટી [5]લડાઇઓ કરીને આખી દુનિયાને

૧ જુઓ પૃ. ૬૫૧ ([illegible])
૨ જુઓ પૃ. ૬૫૨.
૩ જુઓ પૃ. ૬૬૧.
૪ જુઓ પૃ. ૬૬૮
૫ [illegible] માટે જુઓ પૃ. ૬૭૩. [illegible] માટે જુઓ પૃ. ૬૮૨-૬.

મોટો સંતાપ ઉત્પન્ન કરતો હતો. એ બંનેને વશ થવાથી તેણે પોતાની ઉપર અત્યંત ઉપકાર કરનાર પોતાના તદ્દન નજીકના સગા સંબંધીઓને પણ મારી નાખ્યા, પોતાના ઉપર પ્રેમ રાખનાર મહારાજા કનકચૂડ[1] અને કુમારશ્રી કનકશેખરની અવગણના કરી, એણે સ્ફુટવચનની સાથે અકાળે મિથ્યા વિવાદ કર્યો, કારણ વગર તેને મારી નાખ્યો, તેમજ પોતાના માતા પિતા ભાઈ બહેન[2] અને છેવટે પોતાની અત્યંત પ્રિય સ્ત્રીનાં ખૂન કર્યાં, આખા નગરને સળગાવી મૂક્યું અને સ્નેહથી ભરપૂર મિત્ર[3] અને નોકરને[4] મારી નાખ્યા. આ સર્વ હકીકત તો તમે હમણાજ જાણી છે. આ સર્વ દોષસમૂહ જે અત્યારે નંદિવર્ધનમાં દેખાય છે તે સર્વનું કારણ તેનો પેલો વૈશ્વાનર જે મિત્ર થઈને રહ્યો છે અને હિંસા જે તેની સ્ત્રી થઈને રહેલી છે તે બે જ છે. એમાં આ બાપડા નંદિવર્ધન કુમારનો કાંઈ દોષ નથી; એ તો પોતાનાં અસલ સ્વરૂપે અનંત જ્ઞાનનું સ્થાન છે, અનંત દર્શનનું ભાજન છે, અનંત વીર્યનું પાત્ર છે, અનંત સુખનું ઠેકાણું છે અને ન ગણી શકાય તેટલા ગુણોનું વાસભુવન છે! એ બાપડો પોતાનું આવું સુંદર આત્મસ્વરૂપ છે તેને અત્યારે જાણતો નથી અને તેને લઈને જ આવા અત્યંત પાપી મિત્ર અને સ્ત્રી જેણે તેના સ્વરૂપમાં આટલો મોટો ફેરફાર કરી નાખ્યો છે તેની સોબતમાં પડી જઈને તેઓને તાબે રહે છે અને તેવી અવસ્થામાં રહીને અનેક દુઃખપરંપરાનો અનુભવ કરે છે."

મિત્ર ભાર્યા સોબતનો સમય.

અરિદમન—"મહારાજ! અમે સ્ફુટવચન પ્રધાનને અહીંથી અમારી દીકરીને આપવા સારૂ જયસ્થળ નગરે મોકલ્યો તે પહેલાં અમે ઘણા મનુષ્યોની પાસે સાંભળ્યું હતું કે જ્યારે એ નંદિવર્ધન કુમારનો જન્મ થયો ત્યારે પદ્મરાજાના આખા રાજકુળમાં ઘણો જ આનંદ થઈ રહ્યો હતો, રાજાના ભંડારમાં અને સમૃદ્ધિમાં ઘણો વધારો થયો હતો અને આખા નગરને ઘણો આનંદ થયો હતો. ત્યાર પછી તેમાં

૧ જુઓ પૃ. ૬૧૭. રાજસભામાં કનકશેખરનું મોઢે અપમાન કર્યું અને પૃ. ૬૨૭ માં કુશાવર્તપુર છોડતી વખતે તેમની રજા પણ ન લીધી. બીજી વખત આવ્યો ત્યારે દરકાર [illegible]. જુઓ પૃ. ૬૪૮.

૨ ભાઈ બહેન નંદિવર્ધનને હતાં એવી મૂળ કથામાં હકીકત આવતી નથી.

૩ આ [illegible] રાજાના પ્રસંગને લઈને છે. જુઓ પૃ. ૬૪૬.

૪ [illegible] કરેલ આક્રમણને સૂચવે છે. જુઓ પૃ. ૬[illegible] [illegible] ત્યારે [illegible] છે. જુઓ પૃ. ૬૪૬–૪૭.

દિવર્ધન કુમાર મોટો થયો ત્યારે તે રાજ્યના પ્રધાન પુરૂષોને ઘણો આનંદ આપતો હતો, તેના ગુણોની વાતો ચારે તરફ ઘણી ફેલાણી હતી અને પોતાના પ્રતાપથી તેણે આખી દુનિયાને વશ કરી લીધી હતી, શત્રુઓપર ઘણી જીતો મેળવી હતી, વિજયપતાકા પ્રાપ્ત કરી હતી, યશનો ડંકો વગડાવ્યો હતો અને તેને લઇને આ પૃથ્વીતળપર એક સિંહની જેવું પરાક્રમ તેણે કરી બતાવ્યું હતું. છેવટે તેને સુખ-સમુદ્રમાં આનંદ કરતો સાંભળ્યો હતો. આવી આવી અનેક સુંદર વાતો કુમાર નંદિવર્ધનના સંબંધમાં અમે અગાઉ સાંભળી હતી. તેથી મહારાજ! આ તેનો પાપી મિત્ર અને ક્રૂર ભાર્યા જે અત્યારે તેને આટલું બધું દુઃખ આપે છે તે તે વખતે તેની સાથે ન હોતા? શું તેઓ હમણાજ તેના સંબંધમાં આવ્યા છે?"

વિવેકાચાર્ય—"રાજન્! તે વખતે પણ આ મિત્ર અને ભાર્યા તો તેની સાથેજ હતા, પણ વળી તે વખતે તેનું એટલું બધું ઠીક કહેવાતું હતું અને દેખાતું હતું તેનું એક બીજું કારણ હતું."

અરિદમન—"સાહેબ! તે શું કારણ હતું?"

વિવેકાચાર્ય—"તે વખતે તેની સાથે એક પુણ્યોદય નામનો મિત્ર હતો જે નિરંતર કુમારની સાથે રહેતો હતો. પદ્મરાજાના આખા કુટુંબને આનંદ થયો અને બીજું જે જે સર્વ થયું, જેની તમે હમણા વાત કરી તે સર્વેનું કારણ એ પુણ્યોદય મિત્ર હતો. જ્યાં તે હોય છે ત્યાં તે પોતાના પ્રભાવથી આનંદ આનંદ કરી મૂકે છે અને યશવિસ્તાર ચારે તરફ ફેલાવે છે; પણ કમનશીબે વાત એવી બની કે પુણ્યોદયથી એ સર્વ સારાં વાનાં થતાં હતાં છતાં મોહને વશ પડેલ હોવાથી કુમારને તે વાતની ખબર પડતી ન હોતી, એટલુંજ નહિ પણ વાત એવી ઉંધી થતી હતી કે પુણ્યોદયના પ્રતાપથી તેને જે જે લાભ થાય, તેનું સારૂં થાય, તેની આબરૂ વધે, તે સર્વે તેના વૈશ્વાનર મિત્ર અને ભાર્યા હિંસાના પ્રતાપથી થયેલ છે એમ જ તે માનતો હતો. આથી પુણ્યોદય મિત્રને ધીમે ધીમે જણાયું કે આ ભાઇથી કાંઇ તેનો ગુણ માને તેવા કે વધારે સમજણવાળા છે જ નહિ. આવા વિચારથી ધીમે ધીમે તે કુમાર ઉપરનો પ્રેમ ઓછો કરતો ગયો, તેનાથી ધીમે ધીમે દૂર થવા લાગ્યો અને જ્યારે આ નંદિવર્ધને વિનાકારણે રાજસભામાં સ્ફુટવચનનું માથું ઉડાવી દીધું ત્યારે તે એક દિશાએ રસ્તો માપી

પુણ્યોદયનું સદ્વર્તન.

1 જુઓ પૃ. ૬૩૬-૭; ત્યાં પુણ્યોદય ચાલ્યો જાય છે તેનું વર્ણન આપ્યું છે.

ગયો અર્થાત્ તેનાથી તદ્દન છૂટો પડી ગયો. ત્યાર પછી તે પુણ્યોદય વગરનો થઇ પડ્યો, એટલે તો હિંસા અને વૈશ્વાનરે પોતાનો દોર એના ઉપર વધારે ચલાવવા માંડ્યો અને તેથી અનેક પ્રકારનાં પાપ કરાવીને તેના ઉપર અનેક અનર્થોના પ્રસંગો આણ્યા."

અરિદમન—"મહારાજ! ત્યારે આ નંદિવર્ધનને એ હિંસા અને વૈશ્વાનરની સાથે કેટલા વખતથી સંબંધ થયેલો છે?"

વિવેકાચાર્ય—"એ નંદિવર્ધન કુમારને હિંસા અને વૈશ્વાનર સાથે અનાદિકાળથી પરિચય છે. માત્ર પદ્મરાજાને ઘરે જ્યારે એનો જન્મ થયો ત્યારે પેલા બન્ને વધારે સ્પષ્ટ રીતે તેનામાં પ્રગટ થયાં. અગાઉ તે બન્ને છુપાઇને રહ્યા હતાં."

નંદિવર્ધનનું અનાદિ સ્વરૂપ.

અરિદમન—"ત્યારે સાહેબ! આ નંદિવર્ધન કુમાર અનાદિ[1] કાળનો છે?"

વિવેકાચાર્ય—"હા, તેમજ છે."

અરિદમન—"ત્યારે એ પદ્મરાજાના પુત્ર તરીકે શામાટે પ્રસિદ્ધ થયો છે? અનાદિકાળનો હોય તો પછી તે છે જ એમ કહેવું જોઇએ."

વિવેકાચાર્ય—"હું પદ્મરાજાનો પુત્ર છું એવું તેને મિથ્યા અભિમાન (ખોટું આત્મજ્ઞાન) થયું છે. એવા ખોટા અભિમાન ઉપર કોઇ પણ પ્રકારનો મદાર બાંધવો નહિ."

અરિદમન—"ત્યારે પરમાર્થથી આ નંદિવર્ધન કુમાર કોણ છે અને કોનો પુત્ર છે? તે આપ બરાબર સમજાવો."

વિવેકાચાર્ય—"અસલમાં આ નંદિવર્ધન કુમાર [2]અસંવ્યવહારે નગરનો રહેનારો છે અને તેથી તે અસંવ્યવહારી કુટુંબનો ગણાય છે. એનું [3]સંસારીજીવ નામ છે. કર્મપરિણામ મહારાજાના હુકમથી લોકસ્થિતિ[4] અને તન્નિયોગને અનુસરીને તેને પોતાની ભાર્યા ભવિતવ્યતા[5]

---

૧ પ્રશ્ન બે પ્રકારનો છે. આત્મા તરીકે અથવા નંદિવર્ધન તરીકે. રાજાએ તો સામાન્ય પ્રશ્ન પૂછ્યો છે કે શું અનાદિકાળથી આ નંદિકુમાર છે?

૨ જુઓ પૃ. ૩૦૦.

૩ જુઓ પૃ. ૨૯૮.

૪ લોકસ્થિતિ અને તન્નિયોગ દૂતના કર્તવ્યપર પૃ. ૩૦૩ પર વિવેચન થઇ ગયું. ત્યાં આપેલી નોટ પણ જુઓ પૃ. ૩૦૪.

૫ જુઓ પૃ. ૩૦૮. ત્યાં તેનું વર્ણન કરવામાં આવ્યું છે.

તાથે અસંવ્યવહાર નગરથી બહાર કાઢવામાં આવ્યો છે[1] ત્યારથી એ એક ઠેકાણેથી બીજે અને બીજેથી ત્રીજે રખડ્યા કરે છે. આ પ્રમાણે ત્યારે તેના સંબંધમાં સમજવું."

અરિદમન—"સાહેબ! એ સર્વ કેવી રીતે થતું હશે અને એના સંબંધમાં કેવી રીતે થયું છે તે સર્વ વિસ્તારથી સાંભળવાની મને ઇચ્છા છે તો આપ કૃપા કરીને મને તે સર્વ કહો."

વિવેકાચાર્ય—"જો તારી ઇચ્છા છે તો બરાબર સાંભળ."

ભવપ્રપંચ.

પછી આચાર્ય મહારાજે મારો સર્વ હેવાલ વિસ્તારથી અરિદમન રાજા સમક્ષ કહી સંભળાવ્યો. અરિદમનરાજા કેવળી આચાર્ય ભગવાનના દર્શનથી ગળી ગયેલ હોવાને લીધે, બોધ ઘણો સ્પષ્ટ અને શુદ્ધ હોવાને લીધે, ભગવાનનાં વચન વિશ્વાસ ઉપજાવે તેવાં હોવાને લીધે, તેનો આત્મા લઘુકર્મી હોવાને લીધે તથા થોડા વખતમાં તેનું કલ્યાણ થવાનું હોવાને લીધે તેને (રાજા અરિદમનને) મનમાં સ્ફુરણા થઇ આવી કે 'આચાર્ય મહારાજે કેવળજ્ઞાનથી નંદિવર્ધન સંબંધી અને તેના સંસાર પરિભ્રમણ સંબંધી સર્વ હકીકત જાણી છે તે પ્રસંગને લઇને તે બહાને સર્વ ભવપ્રપંચ મને બતાવવા ઇચ્છા રાખી હોય એમ જણાય છે. આ પ્રમાણે વિશુદ્ધ આત્માને લીધે વિચાર કરી પછી તેણે ભગવાનને પૂછ્યું "સાહેબ! એ હકીકત જે પ્રમાણે મેં મારા મનમાં ધારી છે તે પ્રમાણે જ છે કે બીજી કોઇ રીતે છે?"

વિવેકાચાર્ય—"રાજન્! તે તેજ પ્રમાણે છે. તમારી બુદ્ધિ બરાબર રસ્તાપર આવી ગયેલી છે (માર્ગાનુસારિણી[2] થઇ ગઇ છે) તેથી હવે તમારી ધારણામાં ખોટી હકીકત આવવાનો સંભવ નથી."

---

૧ પૃષ્ઠ ૩૧૩ માં સંસારીજીવને અસંવ્યવહાર નગરથી બહાર કાઢવામાં આવે છે તેનું વર્ણન વિસ્તારથી આપવામાં આવ્યું છે.

૨ 'માર્ગાનુસારી' એ જૈનનો પારિભાષિક શબ્દ છે. સમ્યક્ત્વપ્રાપ્તિ પહેલાં ખોટા રસ્તાપરથી સાચા રસ્તાપર આવે અને નીતિનિયમોનું પાલન કરે તેને માર્ગાનુસારી કહેવામાં આવે છે. તેના ગુણો માટે જુઓ યોગશાસ્ત્ર-કર્તા શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય.

પ્રકરણ ૩૧ મું.

ભવપ્રપંચ અને માનુષ્યધર્મદુર્લભતા.



આચાર્યશ્રી વિવેક કેવળીએ જ્યારે અરિદમનરાજાને જણાવ્યું કે તેની બુદ્ધિ માર્ગાનુસારિણી થઇ છે એટલે રાજાને ઘણો આનંદ થયો, તત્ત્વ સમજવાની વિશેષ જિજ્ઞાસા થઇ અને સન્મુખભાવમાં મોટો વધારો થયો. પછી રાજાએ સવાલ કર્યો "સાહેબ! આપશ્રીએ હમણા જે વાત જણાવી તે નંદિવર્ધનની ખાસ છે કે બીજા કોઇ પ્રાણીના સંબંધમાં પણ તેવુંજ બને છે." સવાલ પૂછવા પહેલાં જ રાજાના મનમાં ભવપ્રપંચનો ખ્યાલ થઇ ગયો હતો, જવાબ શું મળશે તેનું સહજ દર્શન થઇ ગયું હતું અને વિશેષ સ્પષ્ટતાની જરૂર હતી. આ અતિ મહત્વની બાબતપર આચાર્યશ્રીએ ત્યાર પછી નીચે પ્રમાણે ખુલાસો કર્યો:—

પ્રાણીઓનો ઉત્ક્રાન્તિક્રમ.
મનુષ્યપણાની દુર્લભતા.
ભવપ્રપંચની વિચિત્રતા.
શુદ્ધ ધર્મપ્રાપ્તિની દુર્લભતા.

વિવેકાચાર્ય—"રાજન્! આ સંસારમાં રહેલા સર્વ પ્રાણીઓના "સંબંધમાં એવાજ પ્રકારનો હેવાલ ઘણું ખરૂં બને છે. તે આ પ્રમાણે "છે: સર્વ પ્રાણીઓ અસંવ્યવહારિક રાશિમાં પ્રાયે અનાદિકાળથી "રહેતા હોય છે. પ્રાણી જ્યારે ત્યાં વસતા હોય છે ત્યારે ક્રોધ, માન, "માયા, લોભ વિગેરે આશ્રવદ્વારો[1] તેના અંતરંગના સગા સંબંધીઓ "હોય છે. વિશુદ્ધ જૈન આગમ ગ્રંથોમાં બતાવેલાં અનુષ્ઠાન કરીને "વિશુદ્ધ માર્ગપર આવી જેટલા પ્રાણીઓ કર્મથી મુક્તિ પામે છે-"સિદ્ધ થાય છે તેટલાજ પ્રાણીઓ એ અસંવ્યવહાર જીવરાશિમાંથી "બહાર નીકળે છે (વ્યવહાર રાશિમાં આવે છે) એ પ્રમાણે કેવ-"ળજ્ઞાનથી સર્વ વસ્તુઓ દેખી શકનારનું વચન છે. એ અસંવ્યવહાર "રાશિમાંથી બહાર નીકળેલા જીવો એકેંદ્રિય જાતિમાં અનેક પ્રકારની "વિભાગોએ ઘણાજ હેરાનગતી ભોગવે છે, વિકલેંદ્રિયમાં[2] નાખ અ-

૧ જે દ્વારા કર્મ આવે તે 'આશ્રવદ્વાર' કહેવાય છે.
૨ બેઇંદ્રિય, તેઇંદ્રિય અને ચૌરિંદ્રિય જીવોનું સામુદાયિક નામ "વિકલેંદ્રિય" છે.

" કારનાં નાટકો કરેછે અને પાંચ ઇંદ્રિયવાળો [illegible]
" ભ્રમણ કરે છે, ત્યાં સર્વત્ર તે અનેક પ્રકારનાં દુઃખો [illegible]
" જુદા જુદા ભવમાં સહન કરવા માટે [illegible]
" એનાં પરિણામો ભોગવતાં વારંવાર નવાં નવાં [illegible]
" યોગે ધારણ કરે છે, અરઘટ્ટઘટી (રેંટ)ના [illegible]
" કરે છે અને ત્યાં તેઓનાં સહન અને [illegible]
" પોતા ઘણાં રૂપો થાય છે અને વળી [illegible]
" રૂપ લે છે, કોઇ વખત પાણીનું (અપ્કાયનું)-રૂપ [illegible]
" ગ્નિનું રૂપ લે છે, કોઇ વાર વાયુનો દેહ ધારણ કરે [illegible]
" સ્પતિનું શરીર ધારણ કરેછે. કોઇ વાર બેઇંદ્રિય [illegible]
" ત્રણ ઇંદ્રિય ધારણ કરે છે, કોઇ વાર ચાર ઇંદ્રિય [illegible]
" કોઇ વાર અસંજ્ઞી પંચેંદ્રિય તિર્યંચ થાય છે, [illegible]
" પંચેંદ્રિય તિર્યંચ થાય છે, તિર્યંચ પંચેંદ્રિયમાં [illegible]
" (મત્સ્યાદિક) થાય છે, કોઇ વાર જમીનપર [illegible]
" કોઇ વાર આકાશચારી (પક્ષી)નું રૂપ લે [illegible]
" રૂપો લઇને પ્રત્યેક સ્થાનમાં અનંતી વાર ભટકે [illegible]
" જગ્યાએ વિચિત્ર રૂપોવડે ભટકતાં ભટકતાં, [illegible]
" જેમ કદાચ રત્નદ્વીપની પ્રાપ્તિ થઇ જાય, [illegible]
" ગયા પછી જેમ કોઇને મહા ઔષધ [illegible]
" જાય, ઝેરથી મોટી મૂર્છા આવી [illegible]
" ગારૂડીનો જેમ યોગ થઇ જાય અથવા તો [illegible]
" રાઇ ગયેલા પ્રાણીને જેમ અચાનક [illegible]
" તે પ્રમાણે ઘણી મુશ્કેલીએ મળી [illegible]
" જાય છે. ત્યાં પણ મોટા ધનના ભંડાર [illegible] જાય
" જાય છે તેમ મનુષ્યભવમાં [illegible]
" બહુ બહુ પ્રકારની દેશનગરિઓ [illegible] પડી
" મહાનિદ્રામાં પડી ગયેલા મનવાળા [illegible] આ પ્રાણીને [illegible]

૧ અહીં ઉપર નીચે [illegible] પ્રા-
[illegible]

૨ [illegible] અવિઆ, [illegible]
[illegible] પર્યાપ્તિ [illegible]

૩ [illegible] કરનાર [illegible]
[illegible]

"ણીઓ તો તદ્દન હેરાન થઇ ભવ હારી જવા જેવા થઇ [illegible]
"એટલુંજ નહિ પણ કેટલાક ઊંચી હદના પ્રાણીઓ કે જેઓ [illegible]
"મહારાજે બતાવેલ આ ભવપ્રપંચ સારી રીતે સમજેલા [illegible]
"છે. જેઓનાં હૃદયમંદિરમાં જિનવચનરૂપ દીપકનો પ્રકાશ [illegible]
"હોય છે, જેઓ તેને લઇને મનુષ્યભવ પ્રાપ્ત થવો કેટલો મુશ્કેલ [illegible]
"સમજતા હોય છે, જેઓ સંસારસાગરને તારનાર એક [illegible]
"એમ બરાબર જાણતા હોય છે અને જેઓ કાંઇક સંવેદન [illegible]
"(સમ્યગ્જ્ઞાન યોગે) ભગવાને બતાવેલ ઉપદેશનો અર્થ પોતાના આત્મ[illegible]
"જાણતા હોય છે અને જેઓએ પોતાના પરમ આનંદનું સ્થાન [illegible]
"દશા છે એમ નિર્ણય કરેલો હોય છે તેવાઓ પણ નાના [illegible]
"પડે બીજાઓને ત્રાસ આપવા મંડી જાય છે, ગર્વથી [illegible]
"બીજા પ્રાણીઓને છેતરવા મંડી જાય છે, પૈસા પેદા કરવા[illegible]
"પ્રસંગ આવે ત્યારે રાજી રાજી થઇ જાય છે, અનેક પ્રાણીઓને [illegible]
"નાખે છે (મારવા પડે તેવો ધંધો કરે છે અથવા લડાઇ કરે છે [illegible]
"ખોટું બોલે છે, પારકા પૈસા ઉચાપત કરે છે, ઇંદ્રિયના વિષયો [illegible]
"ઉપભોગ કરવામાં આસક્ત બની જાય છે, મોટો સંગ્રહ (પરિગ્રહ [illegible]
"એકઠો કરે છે, રાત્રિભોજન કરે છે; તેમજ વળી તેવા [illegible]
"શુદ્ધ હોવા છતાં સારા શબ્દ સાંભળવામાં મોહ પામી જાય [illegible]
"સુંદર રૂપ જોવામાં મુંઝાઇ જાય છે, સારા રસવાળા પદાર્થો [illegible]

[illegible]

"મતલબ એ છે કે આ દુર્લભ મનુષ્યભવ એવા પ્રાણીઓને કાંઇ પણ "લાભ કરતો નથી એટલું જ નહિ પણ ઉલટો વધારે નુકસાન કરે છે. આ "પ્રાણીએ મનુષ્યનો ભવ સંસારપરિભ્રમણમાં રખડતાં અનેક વાર પ્રાપ્ત "કર્યો પરંતુ તે તે ભવોમાં વિશુદ્ધધર્મનું આરાધન ન કરવાથી તેણે કાંઇ "પણ સાધન સિદ્ધ કર્યું નહિ. આ પ્રમાણે હોવાથી ભગવાનના ધર્મની "પ્રાપ્તિ થવી ઘણી મુશ્કેલ છે એમ અગાઉ પણ અમે જણાવ્યું હતું.' "એ હકીકત આ પ્રમાણે છે તે સાંભળો-રાજન્! પદ્મરાગ, ઇંદ્ર-"નીલ અને બીજા અનેક રત્નોથી ભરપૂર રાજ્યભુવન પ્રાપ્ત થવું સહેલું "છે પણ જૈનેંદ્ર શાસનની પ્રાપ્તિ થવી તેથી પણ ઘણી મુશ્કેલ છે. "રાજ્યઋદ્ધિ અને ખજાનાથી સમૃદ્ધિ (રાજલક્ષ્મી) પામવું અને આખી "દુનિયાપર નિષ્કંટક એકછત્ર રાજ્ય પ્રાપ્ત થવું સહેલું છે પરંતુ તીર્થંકર "મહારાજે બતાવેલ જૈનધર્મ પ્રાપ્ત થવો તેટલો સહેલો નથી. રાજન્! "દેવગતિમાં સર્વ પ્રકારની ભોગઉપભોગની [illegible] અને કોટીએ "તેટલી મળી શકે છે તે એટલી બધી હોય છે કે જેનાથી ઇંદ્રિયો "પ્રસન્ન થાય-એવી જાત જાતની સામગ્રીથી ભરપૂર દેવપણું પ્રાપ્ત થવું સહેલું "છે. પરંતુ પરમાત્માનો વિશુદ્ધ ધર્મ પ્રાપ્ત થવો ઘણો મુશ્કેલ છે. "આ દુનિયામાં સર્વથી વધારે [illegible] "[illegible] "[illegible] "[illegible] "વળી હે રાજન્! [illegible] "[illegible] "વિશુદ્ધ જ્ઞાનપૂર્વક [illegible] [illegible]



પ્રકરણ ૩૨ મું.

ત્રણ કુટુંબો.



અરિદમન રાજાનો સવાલ ઘણો મુદ્દાસરનો હતો, આખી પર્ષદા સવાલનો જવાબ સાંભળવા આતુર થઇ રહી હતી, વિવેક કેવળી મહારાજ પણ અત્યારે સર્વ હકીકત સ્ફુટ કરી સમજાવવા ઉદ્યુક્ત થયા હતા અને ચારે બાજુએથી જમાવટ બરાબર થઇ હતી. વિવેક કેવળીએ તે વખતે મધુર સ્વરે ત્રણ કુટુંબની હકીકત કહી સંભળાવી અને રાજાએ તે પર પ્રશ્નાવળિ કરી તેનો વિગતવાર હેવાલ નીચે પ્રમાણે છેઃ—

<u>ત્રણ કુટુંબ વર્ણન.</u>

ક્ષાંતિમાર્દવાદિ (અંતરંગ.)

ક્રોધ રાગદ્વેષાદિ (અંતરંગ.)

માતાપિતા શરીરાદિ (બાહ્ય.)

વિવેકાચાર્ય—" રાજન્! દરેક પ્રાણીને ત્રણ ત્રણ કુટુંબો હોય " છે તે આ પ્રમાણેઃ **પ્રથમ** કુટુંબમાં ક્ષાન્તિ, માર્દવ (માનનો ત્યાગ), " આર્જવ (સરળતા–માયાનો ત્યાગ), મુક્તિ (લોભનો ત્યાગ), જ્ઞાન, " દર્શન, વીર્ય, સુખ, સત્ય, શૌચ (પવિત્રતા–બાહ્ય અને અભ્યંતર), " તપ અને સંતોષ વિગેરે કુટુંબીઓ (ઘરના માણસો) હોય છે; બીજા " કુટુંબમાં ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, મોહ, અજ્ઞાન, શોક " ભય, અવિરતિ (વ્રત નિયમનો અભાવ) વિગેરે કુટુંબીઓ (ઘરનાં " માણસો) હોય છે; અને આ શરીર, તેને ઉત્પન્ન કરનાર સ્ત્રીપુરૂષ " (માતાપિતા) અને બીજા તેવાજ પ્રકારના લોકો (ભાઇ બહેન વિગેરે) " સંબંધી તરીકે હોય છે તે ત્રીજું કુટુંબ કહેવાય છે. આ ત્રણ કુટું" બદ્વારા દરેક પ્રાણીનાં સંખ્યાવગરનાં સગાં સંબંધીઓ થાય છે.

" આમાં જે ક્ષાંતિ માર્દવ આર્જવ વિગેરે **પ્રથમ** કુટુંબ કહેવામાં " આવ્યું તે આ પ્રાણીનું સ્વાભાવિક કુટુંબ છે, અનાદિકાળથી તેની " સાથે રહેલું હોય છે, તેનો કદિ છેડો આવતો નથી, સર્વથા તારા

"થતો નથી; તે નિરંતર પ્રાણીનું હિત કરવામાં તત્પર રહે છે, તે "કોઇ વખત છુપાઇ જાય છે અને કોઇ વખત બહાર પ્રગટપણે નીકળી "આવે છે-તેવો તેનો સ્વભાવ છે, તે અંતરંગમાં રહે છે અને પ્રાણીને "તે મોક્ષપ્રાપ્તિ કરાવી આપે તેવી શક્તિવાળું છે, તેનું કારણ એ છે "કે તે પોતાની પ્રકૃતિથી જ પ્રાણીને ઊંચે[1] લઈ જાય છે.

"ત્યાર પછી ક્રોધ માન વિગેરે **બીજું** કુટુંબ પ્રાણીના સંબંધમાં "કહેવામાં આવ્યું તે તદ્દન અસ્વાભાવિક છે, પરંતુ કમનસીબે હકી-"કત એવી બને છે કે વસ્તુસ્વરૂપ નહિ સમજનાર પ્રાણી તેને જાણે "પોતાનું સ્વાભાવિક કુટુંબ હોય તેમ માનીને તેના ઉપર ઘણો જ "પ્રેમ રાખે છે; આ બીજા પ્રકારનું (ક્રોધ માન રાગ દ્વેષ રૂપ) કુટુંબ "અભવ્યોના સંબંધમાં અનાદિકાળથી છે અને તેનો છેડો તેને કદિ-"પણ આવે તેમ નથી તેથી અનંત છે. [2]કેટલાક ભવ્ય પ્રાણીઓને "(આસન્નસિદ્ધિ જીવોને) તે અનાદિકાળથી છે પણ તેનો છેડો "નજીકમાં આવે તેવા સ્વભાવવાળું હોય છે; એ કુટુંબ કોઇ પણ અ-"પવાદ વગર એકાંતે પ્રાણીનું ઘણું જ અહિત કરનાર છે, પ્રથમ કુટું-"બની પેઠે તે પણ કોઇ વખત છુપાઇ જાય અને કોઇ વખત બહાર "નીકળી પડે તેવા સ્વભાવવાળું છે અને અંતરંગમાં રહે છે; પ્રાણીને "જેટલો બને તેટલો સંસારવૃદ્ધિનો લાભ કરાવી સંસારને વધારી "આપવો તે તેનો ધર્મ છે, કારણ કે પ્રાણીને ઉચકીને ઉપરથી નીચે "(ઊંધા) પટકવા એ તેનો સ્વભાવ છે.

"ત્યાર પછી પ્રાણીનું [3]ત્રીજું કુટુંબ જે ઉપર કહેવામાં આવ્યું તે "તો તદ્દન દેખીતી રીતે જ અસ્વભાવિક છે, તે તો થોડા વખત પહેલાં "શરૂ થયેલું હોય છે અને થોડા વખત પછી તેની સાથેના સંબંધનો "છેડો આવનાર હોય છે અને તેથી તેનું અસ્તિત્વ તદ્દન અસ્થિર "હોય છે, તે કોઇ પણ રીતે ચોક્કસ કે સ્થિર રહી શકતું નથી; ભવ્ય "પ્રાણીને કોઇ વખત તે કુટુંબ હિત કરે છે અને કોઇ વખત અહિત

૧ ઉચ્ચગતિમાં, ઉચ્ચ ભાવમાં, આત્માના શુદ્ધ સ્વરૂપમાં.

૨ સર્વ ભવ્યો મોક્ષ જવાના નથી, જેમને સામગ્રીનો સદ્ભાવજ થવાનો નથી, એવા અભવ્યની કોટિ વળગેલાને જાતિભવ્ય કહેવામાં આવે છે. આથી અહીં 'કેટલાક ભવ્ય' એવા શબ્દ વાપર્યા છે

૩ આ ત્રીજા કુટુંબમાં પ્રાણીનું શરીર માબાપ તથા સગાસંબંધી અને કુટુંબી અન્ય માણસોનો સમાવેશ થાય છે. તેમાં તો ઘટવધ થયા કરે છે અને મરણ વખતે સંબંધનો એકદમ છેડો આવે છે.

"પણ કરે છે. તેનો ઉત્પત્તિ અને વિનાશ ધર્મ છે અને તે અં[illegible]
"પ્રદેશમાં જ વર્તતું હોય છે. ભવ્ય પ્રાણીને તે સંસાર અથવા મો[illegible]
"કારણ થાય છે ત્યારે અભવ્ય પ્રાણીને માત્ર સંસારનું જ કારણ [illegible]
"છે. આ બાહ્ય કુટુંબ ઘણે ભાગે ઉપર જણાવેલા ક્રોધ માનાદિ [illegible]
"બીજા કુટુંબને પોષનાર અને ટેકો આપનાર હોવાથી ઘણે ભાગે [illegible]
"સંસારવૃદ્ધિનું જ કારણ બને છે; કદાચ કોઈ ભાગ્યવાન્ પ્રાણી ક્ષ[illegible]
"માર્દવ વિગેરે પ્રથમના કુટુંબને અનુસરે છે તો ત્રીજું બાહ્ય કુ[illegible]
"તેને સહાય પણ કરે છે. એ પ્રમાણે બને છે ત્યારે આ ત્રીજું બા[illegible]
"કુટુંબ મોક્ષનું કારણ પણ કહેવાય છે. રાજન્! આ પ્રમાણે હોવા[illegible]
"બીજા પ્રકારના કુટુંબના એક અંગભૂત તરીકે રહેલો વૈશ્વાનર [illegible]
"સંસારીજીવોનો મિત્ર થઈને રહે છે અને તે જ કારણથી હિંસા [illegible]
"સંસારીજીવોની સ્ત્રી થાય છે. આ બાબતમાં જરા પણ સંદેહ કર[illegible]
"જેવું નથી."

પ્રથમ કુટુંબજ દબાયલી સ્થિતિમાં.
તેના અનાદરનાં કારણોપર વિવેચન.
બીજા કુટુંબનો સહચાર સ્નેહ સંબંધ.

અરિદમન—"મહારાજ! આપે ક્ષાંતિ માર્દવાદિ પ્રથમ કુટુંબ[illegible] સંબંધમાં કહ્યું કે તે પ્રાણીને સ્વાભાવિક કુટુંબ છે, પ્રાણીનું હિત કર[illegible]નાર છે અને તેને મોક્ષમાં લઈ જવાનું કારણ બ[illegible] છે; એમ છે ત્યારે પ્રાણીઓ એ કુટુંબનો બહુ પ્રેમ[illegible]પૂર્વક કેમ આદર કરતા નહિ હોય? વળી મહારાજ[illegible] પેલું ક્રોધમાન રાગદ્વેષ વિગેરે બીજું કુટુંબ જેના[illegible] સંબંધમાં આપે જણાવ્યું કે તે પ્રાણીને તદ્દન અસ્વાભાવિક છે, એકાં[illegible] તેનું અહિત કરનાર છે અને સંસારની વૃદ્ધિનું કારણ છે—એ પ્રમાણે છે, છતાં પ્રાણીઓ ઘણા પ્રેમપૂર્વક એવા અધમ કુટુંબની પાળણ [illegible] માટે કરતાં હશે?"

અંતરંગ કુટુંબ અનાદર પોષણનાં કારણો.

વિવેકાચાર્ય—"રાજન્! પ્રાણીઓ હિત કરનાર કુટુંબનો જે[illegible]
"બરાબર આદરતા નથી અને અહિત કરનારની વિશેષ [illegible]
"માટે કરે છે તેનું કારણ તું બરાબર સાંભળ. હકીકત એવી છે કે [illegible]
"ક્ષાન્ત્યાદિવિગેરે પ્રથમ કુટુંબ અને ક્રોધરાગાદિ બીજા કુટુંબ [illegible]
"વચ્ચે અનાદિકાળથી વેર ચાલ્યા કરે છે. બન્ને કુટુંબો અન્તરંગ [illegible]
"પ્રદેશમાં રહેલાં છે. પણ એ કાળમાં બીજા પ્રધાન કુટુંબે [illegible]
"[illegible] કુટુંબ [illegible] દબેલું જ રહે છે. આવી રીતે [illegible]

"અનાદિ સંસારમાં બીજું કુટુંબ વધારે જોર મેળવી જાય છે અને
"પ્રથમનું કુટુંબ દબાઇ ગયેલી સ્થિતિમાં રહે છે; એને લઇને એ
"પ્રથમનું કુટુંબ એટલું છુપાઇ જાય છે કે જાણથી તે પોતાનું દર્શન
"પણ પ્રાણીને કરાવી શકતું નથી; આથી તેનું સ્પષ્ટ દર્શન પ્રાણીને
"થતું નથી. હવે એવી રીતે એ અદ્‌ભુત અંતરંગ કુટુંબનાં દર્શન પણ
"ન થવાને લીધે તેનામાં કેટલા અને કેવા ગુણો છે તે આ પ્રાણીના
"જાણવામાં પણ આવતું નથી. અને એ પ્રમાણે થવાથી પ્રાણીનો તેના
"ઉપર પૂરતું આદરભાવ થતો નથી. આવું કુટુંબ પોતાના અંતરંગ
"રાજ્યમાં વર્તતું હોય છે, છતાં જાણે તેવું કોઇ કુટુંબ પોતામાં વસતું
"જ નથી એમ પ્રાણી માને છે. વાત એટલે સુધી વધી પડે છે કે
"અમારા જેવા અંતરંગમાં રહેલા વિશુદ્ધ કુટુંબના ગુણોનું વર્ણન કરે
"છે તો તેની પણ કાંઇ ગણના કરવામાં આવતી નથી. આની સાથે
"વળી એવું બને છે કે તે બીજા પ્રકારનું અધમ કુટુંબ પેલા પ્રથમ
"પ્રકારના વિશુદ્ધ અંતરંગ કુટુંબને અનાદિ સંસારમાં મારી હઠાવી
"તેના ઉપર વિજયપતાકા મેળવે છે અને તેને પરિણામે પોતાનો
"દોર વધારે મજબૂતપણે ચલાવી પ્રાણીને દઢપણે વળગી રહે છે
"અને પ્રગટપણે પ્રત્યક્ષ થઇ તેનું ધણીરણી થઇ પડે છે-તેવી
"સ્થિતિમાં સ્પષ્ટ થાય છે. આથી પ્રાણીનાં. દર્શન એ બીજા અધમ
"કુટુંબની સાથે દરરોજ થાય છે. દરરોજ સાથે રહેવાથી પ્રાણીને
"તેના ઉપર પ્રેમસંબંધ વધારે વધારે થતો જાય છે, તેને જોઇને
"પ્રાણીને મનમાં સંતોષ-આનંદ થાય છે, તેના ઉપર ઘણો વિશ્વાસ
"ઉત્પન્ન થાય છે અને તેની સાથે ગાઢ દોસ્તી સંબંધ ઉત્પન્ન થાય
"છે. આવી રીતે એ ક્રોધ તથા રાગ દ્વેષના સમૂહવાળા બીજા.અધમ
"કુટુંબ ઉપર પ્રાણીની નિરંતર આસક્તિ વધતી જતી હોવાને પરિ-
"ણામે એનામાં જે અનેક દોષો હોય છે તે પ્રાણી જોઇ શકતો નથી
"અને પ્રેમને લઇને તેનામાં જે ગુણો નથી હોતા તે પણ તેનામાં
"છે એવો મિથ્યા આરોપ કરે છે. આ કારણને લઇને ખોટા પ્રેમને
"પરિણામે પ્રાણી એ દ્વિતીય અધમ કુટુંબની પોષણા વધારે ને
"વધારે કરતો જાય છે. વળી તે અંતઃકરણપૂર્વક માને છે કે આ
"અધમ કુટુંબ જ પોતાનું ખરેખરૂં સગું છે, તેથી તેના ઉપર
"પરમ પ્રેમપૂર્વક બંધુબુદ્ધિ તે પ્રગટ કરે છે અને અમારા જેવા (સા-
"ધુઓ-વિશુદ્ધ ઉપદેશકો) જો કદિ તે કુટુંબના દોષો તેની પાસે
"પ્રકાશમાં મૂકે છે તો ઉલટો અમારા જેવાને તે પોતાના દુશ્મન
"ગણે છે."

અંતરંગ કુટુંબ ગુણદોષજ્ઞાનની જરૂર.

અરિદમન—"ક્ષાંતિ માર્દવાદિ વિશુદ્ધ અંતરંગ કુટુંબ અને રાગાદિ અંતરંગ અધમ કુટુંબમાં રહેલા ગુણદોષોને બીચારા પ્રાણ સ્પષ્ટરીતે જાણે તો બહુ સારૂં થાય! એથી એ બન્ને કુટુંબમાં ર તફાવત પણ તેઓના ધ્યાનમાં આવે."

વિવેકાચાર્ય—"એથી વધારે સારૂં બીજું શું હોઇ શકે? જે પ્ર પોતાનું સર્વથા કલ્યાણ કરવાની ઇચ્છા રાખતો હોય તેણે અવશ્ય પહેલા અને બીજા પ્રકારના કુટુંબના ગુણદોષનું સવિશેષ જ્ઞાન કરવું જોઇએ. અમે પ્રાણીને ધર્મકથા કરવામાં-ઉપદેશ આપવામાં આ મુદ્દો ધ્યાનમાં રાખીએ છીએ.[1] જુદી જુદી ઉપદેશ પદ્ધતિથી પ્રા બન્ને અંતરંગ કુટુંબોને ઓળખે એ જ અમારા જેવા ઉપદેશકોનું સા હોય છે. વાત એવી છે કે જ્યાં સુધી પ્રાણીમાં બરાબર યોગ્ય આવતી નથી ત્યાં સુધી એ બન્ને કુટુંબ વચ્ચેનો તફાવત પ્રાણી કો પણ રીતે જાણી શકતો નથી; અને જે પ્રાણીઓ અયોગ્ય હોય છે તેન સંબંધમાં અમે પણ ઉપેક્ષા કરીએ છીએ. વળી જો સર્વ પ્રાણીઓ અ અંતરંગમાં રહેલા બન્ને કુટુંબોનાં ગુણદોષો જાણી શકે-જાણી જાય તે આ સંસારનો મૂળથીજ ઉચ્છેદ થઇ જાય, કારણકે બન્ને કુટુંબના ગુણ-દોષજ્ઞાનને પરિણામે બીજા અધમ કુટુંબનો તિરસ્કાર કરી તેને મારી હઠાવી સર્વ પ્રાણીઓ મોક્ષે જ ચાલ્યા જાય."

અરિદમન—"સર્વ પ્રાણીઓને એ બન્ને અંતરંગ કુટુંબોના ગુણ-દોષનું જ્ઞાન થવું અથવા કરાવવું એ ન થઇ શકે તેવી બાબત છે તેથી એ ચિંતા આપણે શું કામ કરવી જોઇએ? અમે તો આપ સાહેબની કૃપાથી એ બન્ને અંતરંગ કુટુંબના ગુણદોષો જાણી ગયા છીએ, સમજી ગયા છીએ, તેથી અમારૂં કાર્ય તો સિદ્ધ[2] થઇ ગયું છે. વ્યવહારમાં કહે છે કે **બુદ્ધિમાન માણસમાં જેટલી શક્તિ હોય તેટલા પ્રમાણમાં તેણે બનતો પર ઉપકાર કરવો જોઇએ અને પરોપકાર કરવાની પોતામાં જો શક્તિ ન હોય તો પોતાનો સ્વાર્થ સાધવામાં બનતો આ-દર કરવો જોઇએ.**"

---

૧ આ કથા પણ એ જ ઉદ્દેશથી રચાયલી છે અને આખા જૈનશાસનનું રહસ્ય પણ એજ છે કે **સ્વને ઓળખો અને પરનો ત્યાગ કરો.** એના વિવેચનમાં શાસ્ત્રવિસ્તાર છે. ભા. ક.

૨ રાજા એમ સમજે છે કે જે જ્ઞાન બીજાને અશક્ય છે તે તેને થઇ ગયું તેથી હવે તે તો જરૂર મોક્ષ જવાનો છે. આટલી વાત પરથી રાજાના મનમાં નિર્ણય થઇ ગયો જણાય છે.

જ્ઞાન સાથે વર્તનની જરૂરીઆત.

વિવેકાચાર્ય—"રાજન્! એકલું જ્ઞાન કાર્યસિદ્ધિ માટે પૂરતું નથી."

અરિદમન—"જો બીજી પણ કોઇ બાબતની જરૂરીઆત હોય તો આપસાહેબ તે ફરમાવો."

વિવેકાચાર્ય—"તે ઉપરાંત (જ્ઞાન ઉપરાંત) બીજી બે બાબત કરવાની છે, અને તે શ્રદ્ધાન (આસ્થા) અને અનુષ્ઠાન (ક્રિયા–વર્તન–ચારિત્ર) છે. આ બેમાંથી તમારામાં શ્રદ્ધાન તો છે, એટલે જે વાર્તા કહી તે સત્ય છે એવી પ્રતીતિ તમારા મનમાં છે. હવે તમારે તે પ્રમાણે અનુષ્ઠાન કરવાની જરૂર છે. એ જ્ઞાનના વિષયને વ્યવહારૂ વર્તનમાં મૂકવાની જરૂર છે. એમ કરશો એટલે તમારાં સર્વ મનોવાંછિત સિદ્ધ થશે એમાં જરા પણ સંદેહ જેવું નથી. રાજન્! તમારે એટલું ધ્યાનમાં રાખવું કે અનુષ્ઠાન કરવામાં તમારે ઘણાં નિર્દય[1] કામ કરવા પડશે."

અનાદિ કુટુંબો વચ્ચે તુમુલ યુદ્ધ.
સામસામે લગાડેલા યોધાઓ અને શસ્ત્રો.
યુદ્ધમાં નિર્દય સંહાર અને પરિણામ.

અરિદમન—"મહારાજ! એ કામ કેવા પ્રકારનાં છે?"

વિવેકાચાર્ય—"એ કામ એવા પ્રકારનાં છે કે જેવાં કામ અમારા સર્વે સાધુઓ નિરંતર કર્યાજ કરે છે."

અરિદમન—"સાધુઓ જે કામ નિરંતર કરે છે તે સાંભળવાની મને ઇચ્છા છે તો આપ કૃપા કરીને મને સર્વ કહો."

વિવેકાચાર્ય—"રાજન્! સાંભળો! આ સાધુઓને બીજા "અધમ કુટુંબ સાથે ઘણા વખતથી–અનાદિકાળથી સ્નેહ સંબંધ "લાગેલો હોય છે; તેઓ તેની અધમતા સમજ્યા પછી જાતે અત્યંત "ભયંકરપણું ધારણ કરી એ અધમ કુટુંબને પહેલા વિશુદ્ધ કુટુંબ "સાથે રાત દિવસ સંઘટ્ટ કરાવે છે, લડાવે છે અને બન્ને વચ્ચે મોટો "સંહાર જમાવે છે. એ બીજા પ્રકારનું કુટુંબ જેનો દાદો મહામોહ "નામનો છે અને જેનાથી એ કુટુંબ જન્મ્યું છે, પ્રગટ થયું છે, તેને "આ સાધુઓ જ્ઞાનને પરિણામે જ્ઞાનવડે જ હણે છે, તેથી તેઓ ખરે-"ખરા નિર્દય[2] જણાય છે. એ અધમ કુટુંબના સર્વ તંત્ર ચલાવનાર "મહા બળવાન રાગ નામનો સરદાર છે તેના આ સાધુઓ 'વૈરાગ્ય'

---

૧ આ નિર્દય શબ્દ બીજા અંતરંગ કુટુંબના વિનાશને અંગે વાપર્યો છે.

૨ મહામોહની નજરે.

" થઇ ગયા છે, સર્વ વિરોધી ભાવોથી દૂર થઇ ગયા છે અને પોતા-
" સ્વાભાવિક રૂપમાં આવી જઇ મોક્ષમાં રહ્યા રહ્યા આનંદ કરે
" આ પ્રમાણે હોવાથી રાજન્ ! જે કર્મની અહીં વ્યાખ્યા કરી
" જેને માટે ઉપદેશ આપ્યો તે કરવામાં જરા કઠણ તો છે પ
" પરિણામે ઘણાં સુંદર છે. આ પ્રમાણે હકીકત છે. હવે તમને યો
" લાગે તેમ કરો."

અનંત બાહ્યકુટુંબ સંબંધ.
મહા મોહની રમત.
ત્યાગ પહેલાં તૈયારી.

અરિદમન—" સાહેબ ! આપે જણાવ્યું કે પ્રથમના બન્ને અંતરંગ કુટુંબો આ અનાદિ સંસારમાં અવિચ્છિન્ન પ્રવાહવાળા છે એટલે જેનો પ્રવાહ કદિ અટકતો નથી તેવા છે અને બીજા કુટુંબને માટે આપ શ્રીએ જણાવ્યું કે તેનો તો ઉત્પત્તિ અને વિનાશ વખતોવખત થયા કરે છે; ત્યારે સાહેબ ! આ જે બીજું કુટુંબ છે તે તો દરેક ભવે નવું નવું થયા કરતું હશે ?"

વિવેકાચાર્ય—" રાજન્ ! એ બીજું બાહ્ય કુટુંબ છે તે દરેક ભવમાં પ્રાણીને નવું નવું થયા જ કરે છે."

અરિદમન—" મહારાજ ! જો એમ હોય તો આ અનાદિ સંસારમાં પ્રાણીએ અનંતાં કુટુંબોને અત્યાર અગાઉ પ્રાપ્ત કરીને છોડી દીધેલાં હોવાં જોઇએ."

વિવેકાચાર્ય—" રાજન્ ! તું કહે છે તેમજ છે. આ પ્રાણીએ બાહ્ય કુટુંબી તો અનંતાં કર્યાં અને છોડી દીધાં એ બાબતમાં જરા પણ શંકા જેવું નથી. હકીકત એવી છે કે આ સંસારમાં રખડપાટો કરનાર પ્રાણીઓ લગભગ મુસાફર જેવા છે. મુસાફરની જેમ દરેક ભવમાં આ પ્રાણી નવાં નવાં કુટુંબો સાથે સંબંધ જોડે છે અને પાછો જેમ જેમ ભવ બદલે તેમ તેમને છોડી દઇને બીજા બીજા દેહોમાં–શરીરોમાં હરી ફરીને સંચાર કરે છે."

અરિદમન—" જો સાહેબ ! એમ છે ત્યારે તો એ બીજા કુટુંબ [illegible] રમત જેવું છે. [illegible]

વિવેકાચાર્ય—"રાજન્! તમે બરાબર હકીકત જાણી છે. મહા-મોહ (અત્યંત અજ્ઞાન) વગર કોણ ડાહ્યો માણસ એવા પ્રકારની ચેષ્ટા કરે?"

અરિદમન—"મારે આપને એક બીજો પણ સવાલ પૂછવાનો છેઃ ધારો કે કોઇ પ્રાણી પોતાનામાં બીજા અધમ અંતરંગ કુટુંબને મારી હઠાવવાની શક્તિ છે કે નહિ એ સંબંધના ગોટાળામાં પડી જાય અને તેથી કરીને તે અધમ કુટુંબનો નાશ કરવાને શક્તિમાન થાય નહિ તેવો પ્રાણી કદાચ ત્રીજા બાહ્ય કુટુંબનો ત્યાગ કરે તો તેને તેથી શું ફળ થાય? આપે ઉપર જણાવ્યો તેવો મુક્તિપ્રાપ્તિનો લાભ તેને થાય કે નહિ તે આપ મને વિવેચનપૂર્વક જણાવો."

વિવેકાચાર્ય—"રાજન્! જે પ્રાણી બીજા અધમ અંતરંગ કુટુંબને મારી હઠાવતો નથી તે કદિ ત્રીજા સંસારી બાહ્ય કુટુંબનો ત્યાગ કરે તો તેથી તેને માત્ર આત્મવિડંબના જ થાય છે. ત્રીજા કુટુંબનો ત્યાગ કરી આકુળવ્યાકુળપણું છોડી દઇ જે પ્રાણી બીજા અધમ કુટુંબને મારી હઠાવે છે તેનોજ ત્રીજા બાહ્ય કુટુંબનો ત્યાગ સફળ છે અને જો તેમ ન થાય તો તે તદ્દન નકામો અને નિષ્ફળ છે એ ધ્યાનમાં રાખવું."



૧ સંસાર ત્યાગ કરી પાછા બીજા આકારના કષાય કે નોકષાયો કરવા તે ગ્રંથકારની વિવેકદૃષ્ટિએ આત્મવિડંબના છે એ બાબત બહુ સમજવા યોગ્ય છે. ઘણીવાર માત્ર બાહ્યત્યાગમાં જ પરિપૂર્ણતા માનવામાં આવે છે તેમણે આ વિવેક ધ્યાનમાં રાખવો. ત્યાગ વગર મુક્તિ નથી પણ આત્માને છેતરવા જેવું પાપ નથી. ત્યાગભાવનો દાવો કરનાર પાસેથી થોડો વિશુદ્ધ અંતરંગ આચરણની અપેક્ષા રાખે તે તદ્દન સ્વાભાવિક

"થઇ ગયા છે, સર્વ વિરોધી ભાવોથી દૂર થઇ ગયા છે અને પોતાના "સ્વાભાવિક રૂપમાં આવી જઇ મોક્ષમાં રહ્યા રહ્યા આનંદ કરે "આ પ્રમાણે હોવાથી રાજન્! જે કર્મની અહીં વ્યાખ્યા કરી "જેને માટે ઉપદેશ આપ્યો તે કરવામાં જરા કડણુ તો છે "પરિણામે ઘણાં સુંદર છે. આ પ્રમાણે હકીકત છે. હવે તમને "લાગે તેમ કરો."

અનંત બાહ્યકુટુંબ સંબંધ.
મહા મોહની રમત.
ત્યાગ પહેલાં તૈયારી.

અરિદમન—"સાહેબ! આપે જણાવ્યું કે પ્રથમના બન્ને અંતરંગ કુટુંબો આ અનાદિ સંસારમાં અવિચ્છિન્ન પ્રવાહવાળા છે એટલે તેનો પ્રવાહ કદિ અટકતો નથી તેવા છે અને બીજા કુટુંબને માટે આપ શ્રીએ જણાવ્યું કે તેનો તો ઉત્પત્તિ અને વિનાશ વખતોવખત થયા કરે છે; ત્યારે સાહેબ! આ જે બીજું કુટુંબ છે તે તો દરેક ભવે નવું નવું થયા કરતું હશે?"

વિવેકાચાર્ય—"રાજન! એ બીજું બાહ્ય કુટુંબ છે તે દરેક ભવમાં પ્રાણીને નવું નવું થયા જ કરે છે."

અરિદમન—"મહારાજ! જો એમ હોય તો આ અનાદિ સંસારમાં પ્રાણીએ અનંતાં કુટુંબોને અત્યાર અગાઉ પ્રાપ્ત કરીને છોડી દીધેલાં હોવા જોઇએ."

વિવેકાચાર્ય—"રાજન્! તું કહે છે તેમજ છે. આ પ્રાણીએ બાહ્ય કુટુંબો તો અનંતાં કર્યાં અને છોડી દીધાં એ બાબતમાં જરા પણ સંદેહ જેવું નથી. હકીકત એવી છે કે આ સંસારમાં રખડપાટો કરનારા સર્વ જીવો ધર્મશાળાના મુસાફર જેવા છે, મુસાફરની જેમ દરેક ભવમાં આ પ્રાણી નવાં નવાં કુટુંબો સાથે સંબંધ જોડે છે અને પાછો જેમ જેમ ભવ બદલે તેમ તેમ તેમને છોડી દઇને બીજા બીજા દેહોમાં-શરીરોમાં ફરી ફરીને સંચાર કરે છે."

અરિદમન—"તો સાહેબ! એમ જ હોય તો એ બીજા કુટુંબ ઉપર એવો સંબંધ કરવો તે મહામોહની રમત જેવું છે. [illegible]"

છે અને જેનો ત્યાગ ન કરવાથી દુઃખના દરિયા આવી પડે છે તેનો ત્યાગ કયો ડાહ્યો માણસ ન કરે?"

વિવેકાચાર્ય—"જે પ્રાણીને સંસારનો ભય લાગ્યો હોય અને જેના સમજવામાં સાચું તત્ત્વ આવી ગયું હોય તેણે તો બન્ને કામો અવશ્ય કરવા યોગ્ય છે: (પ્રથમ અંતરંગ કુટુંબનો સ્વીકાર-બીજા અંતરંગ કુટુંબપર વિજય અને બીજા બાહ્ય કુટુંબનો ત્યાગ.)"

અરિદમન—"ત્યારે સાહેબ! જેણે ખરું તત્ત્વ જાણ્યું ન હોય તેવા પ્રાણીને આપે કહ્યું તે પ્રમાણે પ્રવૃત્તિ કરવાનો કાંઇ અધિકાર આ સર્વજ્ઞશાસનમાં છે કે નહિ?"

વિવેકાચાર્ય—"નહિ, રાજન્! બીલકુલ નહિ."

રાજાએ પોતાના મનમાં વિચાર કર્યો કે-મેં તો ગુરુમહારાજ પાસેથી તત્ત્વ જાણ્યું છે અને તેના ઉપર મારી શ્રદ્ધા પણ બરાબર ચોંટી છે તેથી ગુરુમહારાજે જે કામ કરવાનો ઉપદેશ આપ્યો છે તે કરવાનો અધિકાર મને પ્રાપ્ત થયો જણાય છે-આમ વિચારતાં રાજાને તે વખતે વીર્યોલ્લાસ થયો, અંતરાત્માની પ્રસન્નતા થઇ અને તેથી તે ગુરુમહારાજ કેવળી ભગવાન વિવેકાચાર્યને પગે પડ્યો અને હાથ જોડી આ પ્રમાણે કહેવા લાગ્યો: "મહારાજ! આપસાહેબની આજ્ઞા હોય તો આપશ્રીએ હમણા જે અત્યંત નિર્દય કામ કરવાની વાત કહી છે તે કામ કરવાની મારી ઇચ્છા છે!"

વિવેકાચાર્ય—"મહાવીર્ય[1]! તમારા જેવાએ તેમ કરવું યોગ્ય જ છે. તમે તત્ત્વ જાણ્યું છે અને તમને તેની ઉપર રૂચિ થઇ છે, તેથી તે બાબતમાં મારી પૂરેપૂરી સંમતિ છે."

તે વખતે રાજા અરિદમને પોતાની બાજુમાં રહેલ વિમળ મંત્રી ઉપર પોતાની નજર કરી[2]; એટલે વધારે નમ્રતા બતાવીને 'ફરમાવો સાહેબ' એમ મંત્રીશ્વર બોલ્યા.

અરિદમન—"આર્ય! મારે રાજ્ય, સગાસંબંધી અને શરીરનો સંગ છોડી દેવો છે, આ આચાર્ય મહારાજના ઉપદેશ પ્રમાણે રાગદ્વેષ વિગેરે કુટુંબીઓને મારી હઠાવવા છે, જ્ઞાન વિગેરે અંતરંગ વિશુદ્ધ કુટુંબની નિરંતર પોષણા કરવી છે અને સર્વજ્ઞશાસનની દીક્ષા લેવી છે તેથી આ વખતે જે કરવા યોગ્ય હોય તે સર્વ જલ્દી કરો."

---

૧ મહાવીર્યઃ પ્રબળ આત્મશક્તિને પ્રગટ કરી શકનાર.

૨ જાણે તેને કાંઇ કહેવું છે એવો ભાવ બતાવનારી મુખમુદ્રા.

વિમળમતિ—"જેવો દેવનો હુકમ! પરંતુ સાહેબ! મારે એ એજ આ વખતે જે ઉચિત કરવાનું હોય તે વાનું છે એમ નથી પણ આ આપનું અંતઃપુર તેની અંદર રહેનાર સર્વેએ (રાણીઓ તથા કાજ કરનાર માણસોએ), આ આપનો સામંત છે તેમણે, તેમજ આપનો બીજો રાજ્યવર્ગ છે તેમ અને સંક્ષેપમાં કહું તો આ આખી સભાએ આ વખતને ઉચિત ક કરવાનું છે."

બુદ્ધિશાળી પ્રધાનનો અર્થસૂચક પ્રેરક જવાબ.

રાજાએ પોતાના મનમાં વિચાર કર્યો કે મેં તો આ મંત્રીને એ હુકમ કર્યો હતો કે મારે દીક્ષા લેવાનો વિચાર છે તેથી તેને યોગ્ય જિનસ્નાત્ર, જિનપૂજા, દાન, મહોત્સવ વિગેરે જે કરવા યોગ્ય હો તે સર્વ કરો તેના જવાબમાં આ શું બોલે છે? એના બોલવામાં કો ઊંડો ભાવાર્થ હોય એમ જણાય છે. આમ વિચારીને રાજાએ મંત્રી કહ્યું "અત્યારે જે જે કામો કરવાનાં છે તે તે સર્વ તારેજ કરવાનાં છે, કરવાં તે તારા અધિકારનો વિષય છે અને તું તે સર્વ કરી શકે તેટલ શક્તિવાળો છે; ત્યારે પછી તેં ગણાવ્યાં તે સર્વ બીજા આ સમયને ઉચિત વળી બીજું તે શું કરવાનાં હતાં?"

વિમળમતિ—"સાહેબ! આપસાહેબે જે કરવાનો આરંભ કર્યો છે તેવું જ કાંઇ કરવું એ અમારે સર્વને પણ આ વખતે ઉચિત ગણાય તેથી તે અમારે સૌએ મળીને કરવું જોઇએ, બીજું કાંઇ નહિ. કારણ ન્યાય તો સર્વને માટે સરખો જ હોવો જોઇએ. ભગવાન આચાર્ય મહારાજે હમણા જ આપણને સર્વને સમજાવ્યું છે કે સર્વ જીવોના દરેકના ત્રણ ત્રણ કુટુંબ હોય છે. એ પ્રમાણે છે તેથી અમારે સર્વેએ પણ આ વખતને ઉચિત આપની ધારણા પ્રમાણે કરવું જોઇએ-એટલે કે પ્રથમ અંતરંગ કુટુંબ ક્ષમા માર્દવ આર્જવ વિગેરેની પોષણા કરવી જોઇએ, બીજા અંતરંગ કુટુંબ રાગદ્વેષનો વિનાશ કરવો જોઇએ અને ત્રીજા બાહ્ય કુટુંબનો ત્યાગ કરવો જોઇએ."

અરિદમન—"જો તમે કહો છો તે સર્વ પણ એ વાતને અંગીકાર કરતા હોય તો ઘણું સારૂં!"

વિમળમતિ—"આપ જે કર્તવ્ય કરવાના છો તે સર્વને શાંતિ આપનાર છે તેથી તેઓ સર્વ તે આદરે તેમાં સવાલ જ શો છે?"

પ્રધાનનો આવો જવાબ સાંભળીને તે સભામાં જે આરેકમાં

લઘુકર્મી જીવોનો રાજા સાથે લાગ.

જીવો હતા તેઓ પોતાના મનમાં ભયથી કંપવા લાગ્યા કે રખેને આ મંત્રી તેમને પરાણે દીક્ષા અપાવી દેશે; આથી બાયલા જેવા નિર્બળ પ્રાણીઓ ભયથી થરથરવા લાગ્યા, નીચ પ્રકૃતિના જીવો હતા તે ત્યાંથી નાસી જવા લાગ્યા, વિષયમાં અત્યંત આસક્ત પ્રાણીઓ હતા તે મુંઝાઇ ગયા, જેઓ પોતાના મોટા કુટુંબની જાળમાં ફસાઇ ગયેલા હતા તેને પરસેવાની ઝરીઓ આવી ગઇ, પણ જેઓ લઘુકર્મી હતા તેઓ બહુ રાજી થયા અને જેઓ ધીર અને શાંત પ્રકૃતિવાળા સમજુ પ્રાણીઓ હતા તે પ્રધાનના વચનપર વિચાર કરી તેને અનુસરવા સંબંધી યોગ્યાયોગ્યતાનો ખ્યાલ કરવા લાગ્યા. એવા લઘુકર્મી ધીર પ્રકૃતિવાળા પ્રાણીઓએ પ્રગટપણે કહ્યું કે "જે પ્રમાણે મહારાજાનો હુકમ થાય તે પ્રમાણે કરવા અમે સૌ તૈયાર છીએ. આવો સર્વ પ્રકારની સામગ્રીનો સંપૂર્ણ લાભ મળ્યા છતાં એવો કોણ મૂર્ખ હોય કે જે આવો સારો સથવારો છોડી દે?" રાજા આવાં વચનો સાંભળી પોતાના મનમાં ઘણો રાજી થયો.

પ્રમોદવર્ધનમાં મહોત્સવ.

પછી ત્યાં નજીકમાં પ્રમોદવર્ધન નામનું જિનમંદિર હતું ત્યાં રાજા અને બીજા સર્વ ગયા. ત્યાં એ અત્યંત વિશાળ દેરાસરમાં રહેલાં જિનબિંબોને સ્નાન કરાવવા આવ્યું એટલે પ્રભુનો જન્માભિષેક કરવામાં આવ્યો, પછી પ્રભુની સુંદર પૂજા કરવામાં આવી, અનેક પ્રકારનાં સુંદર દાન આપવામાં આવ્યાં, કેદીઓને કેદખાનામાંથી છોડાવ્યા અને એવાં એવાં સમયોચિત સર્વ કામો કરવામાં આવ્યાં. એ અરિદમન રાજાને શ્રીધર નામનો પુત્ર હતો તેને નગરમાંથી ત્યાં બોલાવવામાં આવ્યો

દીક્ષા.

અને રાજાએ પોતાનું રાજ્ય તેને સોંપી દીધું. જૈન શાસ્ત્રમાં બતાવેલી વિધિ પ્રમાણે વિવેકાચાર્યે સર્વેને (રાજા અને તેના સાથવાળાને) દીક્ષા આપી. ત્યાર પછી આ સંસારના પ્રપંચપર વિશેષ ખેદ આવે અને મોક્ષપ્રાપ્તિ કરવાની ઇચ્છામાં વધારો થાય તેવા પ્રકારની દેશના આચાર્યે મહારાજે આપી. પછી દેવતાઓ વિગેરે દેશના સાંભળવા માટે અને જ્ઞાની આચાર્યને વંદન કરવા માટે આવ્યા હતા તે સર્વ પોતપોતાને સ્થાનકે ગયા.



પ્રકરણ ૩૪ મું.

નંદિવર્ધન મરણ—ઉપસંહાર.



ઉપર જણાવેલ રીતે અરિદમન રાજાનો સંસારત્યાગ થઇ ગયો; તેનો પ્રકૃતિવર્ગ અને અંતઃપુર તેમાં સામેલ થયા, સ્વરૂપદર્શન પ્રત્યક્ષ થયું, અનુકરણ કરવા યોગ્ય બનાવો મારી સામે બન્યા અને અગૃહીતસંકેતા ![1] વિવેકાચાર્યે જ્ઞાની મહારાજે અમૃત જેવાં વચનો કહ્યાં તેની એક જરા પણ અસર મારા ઉપર થઇ નહિ. થોડા વખતમાં જ પેલો વૈશ્વાનર મિત્ર અને હિંસાદેવી દૂર ગયા હતા તે પાછા મારી નજીકમાં આવ્યા અને બન્નેએ મારા શરીરમાં પ્રવેશ કર્યો. અરિદમન રાજા દીક્ષા લેવાના હતા તેથી સર્વ મનુષ્યોને બંધનથી છૂટા કરવાનો હુકમ તેમણે રાજપુરૂષોને આપ્યો હતો તેથી તેઓએ મને પણ બંધનથી મુક્ત કર્યો. મેં મારા મનમાં વિચાર કર્યો કે આ સાધુએ (વિવેકાચાર્યે) મને લોક મધ્યે નાહક વગોવ્યો. એવા વિચારથી મારા મનમાં તેમના ઉપર ઘણો ધમધમાટ થયો અને આવી રીતે જે સ્થાને લોકમાં વગોવણી થઇ હોય ત્યાં રહેવામાં લાભ શું એમ માનતો હું ત્યાંથી વિજયપુર નગર તરફ જવાને ચાલી નીકળ્યો અને તે નગર તરફનો કેટલોક રસ્તો ઓળંગી પણ ગયો.

ભારેકર્મી નંદિવર્ધન.

ધરાધર સાથે લડાઇ—નંદિવર્ધનનું મરણ.

હવે એ વિજયપુર નગરના શિખરી નામના રાજાનો એક ધરાધર નામનો પુત્ર હતો. તેના ઉપર પણ વૈશ્વાનર અને હિંસાએ મારી પેઠે ઘણો જ દોર ચલાવેલો હોવાથી પિતાએ તે ધરાધરને પોતાના દેશથી બહાર કાઢી મૂક્યો હતો. એ ધરાધર પણ મને મુસાફરીમાં એક જંગલમાં બરાબર સામે મળ્યો. મેં તેને વિજયપુર નગરનો રસ્તો પૂછ્યો પરંતુ તે વખતે તેના મનમાં ઘણી વ્યાકુળતા હોવાથી મારે

---

૧ સંસારીજીવ પોતાપર વીતેલી સર્વ વાર્તા સદાગમ સમક્ષ અગૃહીતસંકેતાને ઉદ્દેશીને કહે છે.

વચન તેના સાંભળવામાં આવ્યું નહિ. મેં મારા મનમાં વિચાર કર્યો કે આ બાઇઆદેશ મારી તરફ કાંઇક અવગણનાની-બેદરકારીની નજરથી જુએછે. એ વિચારની સાથે જ મારા શરીરમાં રહેલ હિંસા અને વૈશ્વાનર ઉછળી પડ્યા એટલે તેની કેડમાંથી મેં છરી (જામૈયો) ખેંચી લીધી. તેનામાં રહેલ વૈશ્વાનર પણ એકદમ જાગૃત થઇ જતા તેણે પણ પોતાની તરવાર ખેંચી. અમે બન્નેએ એક બીજાને એક જ વખતે સખ્ત ઝટકા માર્યા અને બન્નેનાં શરીરો ઘાયલ થયાં.

એ વખતે એક ભવમાં વેદી શકાય તેવી જે ગોળી મારી અને તેની પાસે હતી તે બન્નેની એકસાથે ઝટ થઇ ગઇ-પૂરી થઇ ગઇ. તે વખતે ભવિતવ્યતાએ અમને બન્નેને એકેક નવી નવી ગોળી આપી.

છઠ્ઠી નારકીએ નંદિવર્ધન.

હવે એક પાપિષ્ઠનિવાસ[1] નામની નગરી છે તેમાં એક બીજાની ઉપરાઉપર સાત પરાઓ છે. એ નગરમાં પાપિષ્ઠ નામના કુળપુત્રો જ રહેછે, બીજા કોઇનો તે નગરીમાં નિવાસ થતો નથી. ભવિતવ્યતાએ આપેલી ગોળીની શક્તિથી મને અને ધરાધરને એ પાપિષ્ઠનિવાસ નગરીના તમસ્[2] નામના છઠ્ઠા પાડામાં લઇ જવામાં આવ્યો અને ત્યાં રહેનાર કુળપુત્રનું રૂપ આપીને ત્યાંના રહેનાર તરીકે અમને સ્થાપન કર્યા. ત્યાં ગયા પછી અમારી બેની વચ્ચે વૈર ઘણું જ વધી ગયું: એક બીજાને અનેક પ્રકારે પીડા ઉપજાવતા વારંવાર માર ખાતા અમે ત્યાં બાવીશ સાગરોપમ[3] સુધી રહ્યા અને મોટા દુઃખના દરિયામાં ડૂબી ગયા.

સંસારપરિભ્રમણ.

એટલો વખત પૂરો થયો ત્યારે વળી ભવિતવ્યતાએ અમને બન્નેને એક નવી ગોળી આપી અમને [4]પંચાક્ષનિવાસ નગરમાં પાછી લઇ

---

૧ પાપિષ્ઠનિવાસ: સાત નરકનું સમુચ્ચય નામ છે. એનું વર્ણન ચોથા પ્રસ્તાવમાં આવશે.

૨ તમસ્: સાત નારકીને સાત પાડા-મોહોલ્લાનું રૂપ આપવામાં આવ્યું છે. તમસ્ નામની છઠ્ઠી નારકી છે.

૩ સાગરોપમમાં અસંખ્ય વરસો આવે છે. એના સમયના માન માટે જુઓ કર્મગ્રંથ ચોથો. આ ગ્રંથની પૃ. ૮૨ ની નોટમાં પણ કાંઇક હકીકત આપી છે.

૪ નારકી મરીને તરતજ ભવે નારકી થાય નહિ, અન્યગતિમાં જઇ આવી પાછો નારકી થઇ શકે એવો નિયમ છે.

આવી અને ત્યાં ગોળીના પ્રભાવથી અમારું બન્નેનું ગર્ભજ સર્પ (એ
નું રૂપ થયું. ત્યાં પણ પૂર્વના વૈરને લીધે પરસ્પર અમારે બન્નેને મે
વૈર ચાલ્યા કર્યું.

એવી રીતે લડતાં લડતાં અમને આપેલી ગોળી જીર્ણ થઇ ગ
એટલે પાછો નવી ગોળીનો પ્રયોગ કરીને ભવિતવ્યતા અમને બન્ને
એ પાપિષ્ઠનિવાસ નગરના ધુમ્રપ્રભા[1] નામના પાંચમા પાડામાં લ
ગઇ. અમે ત્યાં પણ અરસ્પરસ ખૂબ લડ્યા અને મહા દુઃખમાં અ
મારા સત્તર સાગરોપમ પસાર થયા. ત્યાં અનેક પ્રકારની પીડાઓનો
મારે અનુભવ કરવો પડ્યો.

ત્યાંથી વળી ભવિતવ્યતા અમને પંચાક્ષનિવાસ નગરમાં લઇ
આવી અને ગોળીના પ્રયોગથી અમારું બન્નેનું સિંહનું રૂપ બનાવ્યું. સિંહ
તરીકે પણ અમે ઘણું લડ્યા.

એવી રીતે લડતાં લડતાં આખરે અમે જ્યારે સિંહનું રૂપ છોડી
દીધું (મરણ પામ્યા) એટલે વળી પાપિષ્ઠનિવાસ નગરીના પંકપ્રભા[2]
નામના ચોથા પાડામાં અમને ભવિતવ્યતા લઇ આવી. ત્યાં અમે બન્ને
ક્રોધને સારી રીતે માર્ગ આપવા લાગ્યા. એવી રીતે અરસ્પરસ કુટાતાં
ટીપાતાં અમારા દશ સાગરોપમ ત્યાં પસાર થયા જે દરમ્યાન વાણીથી
કહેવું પણ મુશ્કેલ પડે તેવું દુઃખ અમે હાથે કરીને સહન કર્યું.

વળી ત્યાંથી ઉપાડીને અમને બન્નેને ભવિતવ્યતાએ બાજપક્ષીનું
રૂપ આપ્યું. અમારા બન્નેમાં રહેલો વૈશ્વાનર તે વખતે એટલો બધો
ઉછળી પડ્યો કે અમારે મોટી મોટી લડાઇઓ થઇ.

વળી ભવિતવ્યતા નવીન ગોળીનો પ્રયોગ કરીને પાપિષ્ઠનિવાસ
નગરીના વાલુકાપ્રભા[3] નામના ત્રીજા પાડામાં અમને લઇ આવી. ત્યાં
પણ અમે અનેક પ્રકારે એક બીજાને તાડના તર્જના કરતા હતા; એ
ઉપરાંત ત્યાં ક્ષેત્રની પણ ઘણી પીડાઓ થઇ, વળી પરમાધામી[4] દેવ-
તાઓએ ત્યાં અમને ઘણો ત્રાસ આપ્યો. એવી અનેક પીડાઓ ખમતાં
અમારા સાત સાગરોપમ ત્યાં પસાર થયા.

---

૧ સર્પ પાંચમી નરક સુધી જ જાય છે. ધુમ્રપ્રભા પાંચ[illegible]
૨ સિંહ ચોથી નરક સુધી જ જાય છે. પંકપ્રભા [illegible]
૩ પક્ષી ત્રીજી નરક સુધી જ જાય છે. વાલુકાપ્ર[illegible]
૪ પ્રથમની ત્રણ નારકીમાં એક અધમ જાતના અ[illegible]
કહેવામાં આવે છે તેઓ નારકોને બહુ દુઃખ આપે છે, [illegible]
તેમાં બહુ આનંદ આવે છે. એ દેવો ચોથી નારકીથી [illegible]
[illegible] ક્ષેત્રવેદના અને અન્યોન્ય[illegible] [illegible]

ત્યાર પછી વળી એક નવીન ગોળી આપીને ભવિતવ્યતા અમને પંચાક્ષનિવાસ નગરમાં લઇ આવી અને અમને તેણે નોળીઆનું રૂપ આપ્યું. આટલા અમે હેરાન થયા તો પણ એક બીજા પરનો અમારો ક્રોધ અને ઇર્ષ્યા જરા પણ ઓછા થયા નહિ. નોળીઆ તરીકે પણ એક બીજાને પરસ્પર લાતો મારતા અને પ્રહાર કરતા અમે અમારા શરીરને લોહીલોહાણ બનાવી દેતા હતા.

એમ કરતાં કરતાં અમને આપેલી ગોળીઓ જીર્ણ થઇ એટલે વળી નવીન ગોળી તેણે (ભવિતવ્યતાએ) અમને આપી. વળી ત્યાંથી તે ગોળીના પ્રભાવથી પાપિષ્ઠનિવાસ નગરના શર્કરાપ્રભા[1] નામના બીજા પાડામાં ભવિતવ્યતા અમને લઇ આવી. ત્યાં વળી અમારૂં બન્નેનું ઘણું ભયંકર રૂપ કરવામાં આવ્યું, અમે પણ એક બીજાનો ટોટો પીસતા હતા અને પરમાધામી દેવતાઓ પણ અમને અનેક પ્રકારના ત્રાસ આપતા હતા તેમજ ક્ષેત્રની વેદના પણ પારાવાર હતી; તેને અનુભવતાં અમે મહા મુશ્કીબતે ત્રણ સાગરોપમનો કાળ ત્યાં પૂર્ણ કર્યો.

આવી રીતે એક વખત પંચાક્ષનિવાસ નગરમાં અને એક વખત પાપિષ્ઠનિવાસ નગરમાં અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં ધકેલા ખાતા અને પેલા ધરાધર સાથે વેર બાંધતાં ભવિતવ્યતાના યોગે મેં અનેક નવાં નવાં રૂપો ધારણ કર્યા. અહો ભદ્રે અગૃહીતસંકેતે! એક ગોળી પૂરી થાય કે વળી કુતૂહળથી એક બીજી ગોળી કર્મપરિણામ રાજા તરફથી મને આપવામાં આવે અને ભવિતવ્યતા પણ એ ગોળી માટે એવી યોજના કરે કે મને [2]અસંવ્યવહાર નગર સિવાય બીજા સર્વ નગરોમાં વારંવાર રખડવું પડે. આવી રીતે થાળીમાં જેમ તલ અહીંથી તહીં અને તહીંથી અહીં કુટાયા કરીને પીલાયા કરે તેમ એક (અસંવ્યવહાર) નગર સિવાય સર્વત્ર રખડતાં પછડાતાં મારો અનંત કાળ ગયો.

* * * * *

---

૧ ભુજપરિસર્પ બીજી નારકી સુધી જાય છે. શર્કરાપ્રભા બીજી નારકી છે. સાત નારકીઓના નામ નીચે પ્રમાણે છેઃ ઘમા, વંશા, શૈલા, અંજના, રિષ્ટા, મઘા અને માઘવતી. તેઓના ગોત્રના નામ નીચે પ્રમાણે અનુક્રમે છેઃ (૧) રત્નપ્રભા. (૨) શર્કરાપ્રભા. (૩) વાલુકાપ્રભા. (૪) પંકપ્રભા. (૫) ધૂમપ્રભા (૬) તમઃપ્રભા. (૭) તમસ્તમઃ પ્રભા.

૨ પ્રાણી અસંવ્યવહાર નગરથી નીકળ્યા પછી પાછો નિગોદમાં જાય તો પણ તે વ્યવહારી કહેવાય છે, કારણ કે તેનો વ્યવહાર થયો છે.



પ્રજ્ઞાવિશાલાની ચિંતવના

આ પ્રમાણે **સંસારીજીવ** બોલતો હતો ત્યારે **પ્રજ્ઞાવિશાલા** વિચાર કર્યો કે એ ક્રોધ (વૈશ્વાનર) તો ઘણો ભયંકર (આકરા) ર વાળો જણાય છે! અને હિંસા તો વળી તેનાથી પણ વધારે ભયંક જણાય છે! દાખલા તરીકે આ મહા ભયંકર સંસારસમુદ્ર એ **સંસારીજીવે**[1] ઘણી મુશ્કેલીએ પાર ઉતરીને મનુષ્યભવ પ્રાપ્ત કર્યો તોપણ પાછા એ વૈશ્વાનર હિંસાને તાબે પડી જઇને તેણે સ્વતઃ જણાવ્ય તેવાં મહા ભયંકર કર્મો કર્યાં, ભગવાનના વચનને પણ યોગ્ય માન આપ્યું નહિ, મનુષ્યનો આખો ભવ હારી ગયો, ઉલટી મોટી વૈર (દુશ્મનાઇ) ની શ્રેણીઓ ઊભી કરી દીધી, પરિણામે સંસારસાગરમાં અનેક પ્રકારની વિડંબના પામ્યો, અનેક દુઃખસમૂહનો હાથે કરીને સ્વીકાર કર્યો. એ હિંસા અને વૈશ્વાનરની શત્રુતા અનુભવથી સિદ્ધ છે અને આગમ (શાસ્ત્ર) માં વારંવાર બતાવવામાં આવી છે એ બરાબર જણાયા છતાં પણ પ્રાણીઓ જાણે પોતાના જ શત્રુ હોય (આત્મવૈરી હોય) તેમ વળી પાછા તે જ ક્રોધ કરે છે અને તે જ હિંસા દેવીનું અનુવર્તન કરેછે. જેઓ આ પ્રમાણે જાણતાં છતાં એમ જ કર્યા કરે છે તે બાપડા જરૂર **નંદિવર્ધનના** જેવીજ અનર્થપરંપરા પામે છે અને પામશે. આ વિચારથી મારા મનમાં ઘણો ખેદ થાય છે.

* * * * *



---

૧ નંદિવર્ધને.



શ્વેતપુરમાં આહેર; પુણ્યોદયનું સહચરત્વ.

સંસારીજીવ અગૃહીતસંકેતાને ઉદ્દેશીને સદાગમ સમક્ષ ભવ્યપુરૂષ અને પ્રજ્ઞાવિશાલાની હાજરીમાં પોતાની વાર્તા આગળ ચલાવતાં બોલ્યોઃ ભદ્રે ! અગૃહીતસંકેતે ! એવી રીતે અનંત કાળ અનેક જન્મો રખડાવીને એક વખત ભવિતવ્યતા મને શ્વેતપુર નામના નગરમાં લઇ ગઇ અને મને આહેરનું રૂપ આપ્યું. એ રૂપ ધારણ કર્યું તે વખતે પેલો વૈશ્વાનર મિત્ર હતો તે[1] છુપાઇ ગયો અને હું કાંઇક શાંત રૂપવાળો થયો. તેથી મને કાંઇક દાન દેવાની બુદ્ધિ કુદરતી રીતે જ ઉત્પન્ન થઇ. જોકે વિશિષ્ટ પ્રકારના વર્તન (શીલ) ની પ્રક્રિયા ત્યાં કરવામાં આવી નહિ, ખાસ મોટા પ્રકારના સંયમનું અનુકરણ કરી શક્યો નહિ તો પણ [2]ઘર્ષણઘૂર્ણન ન્યાયથી હું ત્યાં કાંઇક મધ્યમ ગુણવાળો થયો. મને આવી રીતે સુધરેલો જોઇ ભવિતવ્યતા મારી ઉપર પ્રસન્ન થઇ. તેથી તેણે મારા પૂર્વના દોસ્તદાર પુણ્યોદયને પાછો જાગૃત કર્યો અને મને સહચર (મિત્ર) તરીકે આપ્યો. વળી તેણે મને ઉઘાડી રીતે કહ્યું "આર્યપુત્ર ! તમે હવે સિદ્ધાર્થપુર નગરે સીધાવો અને ત્યાં આનંદથી રહેજો. આ પુણ્યોદય તમારી સાથે ત્યાં આવશે અને તમારા મિત્ર અને સેવક તરીકે કામ કરશે." મેં મારી મક્કમ વિચારની ભાર્યાનું વચન સ્વીકાર્યું. તે વખતે એક ભવમાં ચાલે તેવી ગોળી[3] જીર્ણ થઇ જવાથી ભવિતવ્યતાએ મને એક બીજી આખા ભવ સુધી ચાલે તેવી નવીન ગોળી આપી.

* * * * *

---

૧ વૈશ્વાનરનું છુપાવુંઃ અહીં ક્રોધનો નાશ થયો નથી પણ ઉદયમાં બંધ થયો, સત્તામાં પડ્યો રહ્યો તેથી તે છુપાઈ ગયો એમ કહ્યું. ક્રોધનો સર્વથા ઉદયમાંથી નાશ દશમે ગુણસ્થાનકે થાય છે અને સત્તામાંથી બારમે નાશ થાયછે.

૨ ઘર્ષણઘૂર્ણન ન્યાયઃ નદિમાં પડાવા પીટાવા પથ્થર જેમ ગોળ થઇ જાય છે, કોઇ નદીના ગોળમટોળ પથ્થરને ઘડવા જતું નથી—તેને 'ઘર્ષણઘૂર્ણન ન્યાય' કહે છે. એવી રીતે પ્રાણી પણ વિકાસક્રમમાં અથડાતાં પછડાતાં ઠેકાણે આવતો જાય છે. એવા વિકાસમાં વખત ઘણો જ (અનંતો) જાય છે.

૩ ગોળીઃ એક ભવમાં વેદવા યોગ્ય કર્મનો સમૂહ.



અંતિમ નિવેદન.

भो भव्याः प्रविहाय मोहललितं युष्माभिराकर्ण्यता-
मेकान्तेन हितं मदीयवचनं कृत्वा विशुद्धं मनः ।
राधावेधसमं कथञ्चिदतुलं लब्ध्वापि मानुष्यकं,
हिंसाक्रोधवशानुगैरिदमहो जीवैः पुरा हारितम् ॥

"અહો ભવ્ય પ્રાણીઓ! તમારૂં સર્વનું એકાન્તે હિત થાય તેવું "વચન કહું છું તે તમે મોહની ચેષ્ટાઓ છોડી દઇને મનને વિશુદ્ધ કરીને બરાબર સાંભળો. આ મનુષ્યપણું જેની પ્રાપ્તિ થવી રાધાવેધ "સાધવાની પેઠે ઘણી મુશ્કેલ છે તે અનેક મુશીબતોને પરિણામે "મેળવીને પ્રાણી હિંસા અને ક્રોધને વશ પડીને અગાઉ ઘણી વખત "હારી ગયો છે–મુશ્કેલીએ મેળવેલ મનુષ્યપણાનો કાંઇ પણ લાભ "મેળવી શક્યો નથી.

अनादिसंसारमहाप्रपञ्चे,
कश्चित्पुनः स्पर्शवशेन मूढैः ।
अनन्तवारान् परमार्थशून्यै-
र्विनाशितं मानुषजन्म जीवैः ॥

"વળી આ અનાદિ સંસારના મોટા પ્રપંચમાં કોઇ વાર પ્રાણીને "મનુષ્યપણું પ્રાપ્ત થયું હશે અને સરવાળે તો અનેકવાર મળ્યું હશે "તોપણ સ્પર્શનને વશ પડીને તેને મૂર્ખ અને રહસ્ય નહિ સમજનાર "પ્રાણીએ નકામું બનાવી દીધું છે.

एतन्निवेदितमिदं प्रकटं ततो भो-
स्तां स्पर्शकोपपरतापमतिं विहाय ।
शान्ताः कुरुध्वमधुना कुशलानुबन्ध-
मन्नाय लङ्घयथ येन भवप्रपञ्चम् ।

"ઉપર પ્રમાણે હકીકત સ્પષ્ટ રીતે બતાવવામાં આવી છે તેથી "સ્પર્શ (સુખ), કોપ (ક્રોધ) અને પરતાપ (હિંસા) ની બુદ્ધિ છોડી "દઇને હવે તમે શાંત થાઓ અને પુણ્યબંધ કરો કે જેથી તમે આ "સંસારનો પ્રપંચ શિઘ્ર ઓળંઘી શકો.

* * * *
* * * * * *



इत्युपमितभवप्रपञ्चायां कथायां क्रोधहिंसास्पर्शेन्द्रियविपाकवर्णनस्तृतीयः प्रस्तावः ।

ઉપમિતિ ભવપ્રપંચા કથામાં ત્રીજા પ્રસ્તાવમાં ક્રોધ, હિંસા અને સ્પર્શેંદ્રિયના વિપાકનું વર્ણન કર્યું.



इति तृतीयः प्रस्तावः ।





Printed by Ramchandra Yesu Shedge, at the Nirnaya-Sagar Press, 23, Kolbhat Lane, Bombay.

Published by Shah Kuverji Anandji, for Jain Dharmaprasarak Sabha, Bhavnagar.